# ગુજરાત

દીપોત્સવી અંક

વિક્રમ સંવત - ૨૦૮૦ • વર્ષ - ૨૦૨૪




કિંમત : ₹ ૪૦/-


જીવન જ્યોત જલે
ડૉ. અશોક જી. પટેલ
મો. ૯૪૨૮૮ ૧૧૦૦૩

# ગુજરાત

દીપોત્સવી અંક
વિક્રમ સંવત : ૨૦૮૦ | વર્ષ : ૨૦૨૪

તંત્રી : **કે. એલ. બચાણી**

સહતંત્રી : **અરવિંદ પટેલ**

સંપાદક : **જયેશ દવે**

ઉપસંપાદક : **ઉર્વિ રાવલ, શીરીન સૈયદ**

સહસંપાદક :
**શ્રેયા સાઠે, બેલા મહેતા**

વિતરણ વ્યવસ્થા
**પી. જી. ચંડીસરા, હિતેન્દ્રસિંહ પરમાર**
પ્રકાશન શાખા, ગાંધીનગર તથા જિલ્લા માહિતી કચેરીઓ

પ્રકાશક
**માહિતી નિયામકની કચેરી,**
ગુજરાત રાજ્ય, ગાંધીનગર


પ્રોસેસિંગ અને મુદ્રણ :
**સરકારી ફોટો લીથો પ્રેસ, અમદાવાદ**

વેબસાઈટ :
**www.gujaratinformation.gujarat.gov.in**

કિંમત : ₹ 40/-

આ અંકમાં પ્રસિદ્ધ થયેલી કૃતિઓમાં લેખકો દ્વારા વ્યક્ત થયેલા
વિચાર સાથે પ્રકાશક સંમત છે જ એમ માનવું નહીં.

# વિકસિત ભારત સાથે વિકસિત ગુજરાતના મંત્રને ચરિતાર્થ કરવા સંકલ્પબદ્ધ બનીએ



નવી આશા અને અભિલાષાઓનું આકાશ ખોલતું, મનના પ્રત્યેક ખૂણાને આનંદના અજવાસથી ભરતું પર્વ એટલે દીપોત્સવ. માનવહૃદયમાં નિરંતર ચેતના જગાવતો દીપાવલીનો ઉત્સવ આપણી આકાંક્ષાઓને સાકાર કરવાના પુનિત સંકલ્પ સાથે પથદર્શક બની રહે તેવી વિક્રમ સંવત-૨૦૮૧ના નૂતન વર્ષના પાવન અવસરે શુભેચ્છા પાઠવું છું.

પરિવર્તન અને વિકાસ એ સતત ચાલતી પ્રક્રિયા છે. આમ તો સરખામણી હંમેશાં ભૂતકાળ સાથે વર્તમાનની જ થાય છે, પરંતુ વર્તમાન સાથે ભવિષ્યની કલ્પના કરીએ તો વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતના સંકલ્પને સિદ્ધ કરવાની નવી દિશા અને નૂતન ઊર્જા મળી રહેશે. આવતા પાંચ વર્ષ પછી આપણે ક્યાં હોઈશું? જો એ દૃષ્ટિ કેળવીએ તો આજની આપણી કાર્યપદ્ધતિમાં સાનુકૂળ પરિવર્તન કરીને સર્વાંગીણ વિકાસના રોડમેપ મુજબ નિશ્ચિત લક્ષ્યાંક હાંસલ કરી શકાય. ભૂતકાળની સાથે ભવિષ્યનો ક્યાસ કાઢવો એ જ તો ગુજરાતીઓની આગવી ઓળખ છે.

ગુજરાત સરકારે ગુડ ગવર્નન્સ દ્વારા દેશભરમાં સુશાસનની એક નવી પરિભાષા અંકિત કરી છે. G-20નું સફળતાપૂર્વક આયોજન અને 'વસુધૈવ કુટુમ્બકમ્'ની વિભાવના વિશ્વ સમક્ષ ગુજરાતે સાર્થક કરી તેનો પ્રત્યેક ગુજરાતીને ગર્વ છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ બે દશક પહેલાં વાવેલું વાઇબ્રન્ટ સમિટનું વિચારબીજ આજે વિશાળ વટવૃક્ષ બન્યું છે. આ વર્ષે યોજાયેલી ૧૦મી વાઇબ્રન્ટ સમિટમાં ૧૪૦થી વધુ દેશોમાંથી ૬૧,૦૦૦થી વધુ પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. આજે વાઇબ્રન્ટ સમિટ બિઝનેસ નેટવર્કિંગ, નોલેજ શેરિંગ અને સામાજિક, આર્થિક વિકાસ માટેનું પ્લેટફોર્મ બની છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિકસિત ભારત@2047ના વિઝનને સાકાર કરવા અર્નિંગ વેલ, લિવિંગ વેલના કર્મમંત્ર સાથે વિકસિત ગુજરાત @2047નો રોડમેપ બનાવનારું દેશનું પ્રથમ રાજ્ય ગુજરાત બન્યું છે. ગુજરાતે દેશમાં સૌ પહેલાં સેમિકન્ડક્ટર પૉલિસી લાગુ કરી છે, જેના કારણે ગુજરાત દેશનું એક માત્ર રાજ્ય બનશે જ્યાં એક સાથે ૪ સેમિકન્ડક્ટર પ્લાન્ટ કાર્યરત થશે. આવી જ રીતે ગુજરાત ગ્રીન હાઇડ્રોજન પૉલિસી અને રિન્યુએબલ એનર્જી પૉલિસી દ્વારા આ ક્ષેત્રને પ્રોત્સાહન આપવા ગુજરાતે કમર કસી છે. દેશની કુલ રિન્યૂએબલ એનર્જી કેપેસિટીમાં ૧૫ ટકા હિસ્સો ગુજરાતનો છે. રૂફટોપ સોલાર સિસ્ટમની સ્થાપનામાં ગુજરાત દેશભરમાં પ્રથમ રહ્યું છે. તાજેતરમાં યોજાયેલી RE-INVEST-2024 સમિટમાં ગુજરાતે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના માર્ગદર્શનમાં સોલાર, વિન્ડ, ન્યૂક્લિયર અને હાઇડ્રો પાવર ઉપર આધારિત ભવિષ્ય નિર્માણનો સંકલ્પ કર્યો.

છેલ્લાં ત્રણ વર્ષમાં ગુજરાતે બાયોટેકનોલોજી, આઇટી, સ્ટુડન્ટ સ્ટાર્ટ-અપ એન્ડ ઇનોવેશન સહિત ૧૧ જેટલી મહત્ત્વપૂર્ણ પૉલિસી લોન્ચ કરી છે, જે ગુજરાતની પૉલિસી ડ્રિવન સ્ટેટ તરીકેની છબીને વધુ મજબૂત બનાવે છે. અમદાવાદ મેટ્રો ફેઝ-૧ બાદ તાજેતરમાં ગિફ્ટ સિટીને જોડતા મેટ્રોરૂટનું વડાપ્રધાનશ્રી દ્વારા લોકાર્પણ કરાયું. ગુજરાતને એ વાતનું ગૌરવ છે કે, વર્લ્ડ ટુરિઝમ ઓર્ગેનાઇઝેશન દ્વારા કચ્છના ધોરડોને બેસ્ટ ટુરિઝમ વિલેજ જાહેર કરાયું છે. યુનેસ્કો દ્વારા ગુજરાતના ગરબા અમૂર્ત સાંસ્કૃતિક ધરોહર તરીકે જાહેર કરવામાં આવ્યા છે.

ગુજરાતે વિકાસલક્ષી વિઝન ડોક્યુમેન્ટ તૈયાર કરીને તેના અમલીકરણ માટે પુરુષાર્થ કર્યો છે. આ વર્ષના બજેટમાં સરકારે GYAN આધારિત વિકાસની રૂપરેખા તૈયાર કરી સમાજના ચાર વર્ગો ગરીબ, યુવા, અન્નદાતા અને નારીશક્તિના ઉત્કર્ષ પર સવિશેષ ભાર મૂક્યો છે. ગરીબો, વંચિતો, આદિવાસીઓ અને શ્રમિકોની મુખ્ય જરૂરિયાત એવાં આરોગ્ય, શિક્ષણ, રોજગાર, આવાસ અને રસ્તા મળી રહે તે માટે સરકારે સતત પ્રયત્નો કર્યા છે. પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ રાજ્યમાં ૧૪ લાખથી વધુ આવાસોના નિર્માણ માટે ગુજરાતે પુરુષાર્થ કર્યો છે.

સફળ યુવા, સમર્થ ગુજરાતના ધ્યેય સાથે ગુજરાતે યુવાઓના સર્વાંગી વિકાસ માટે ચિંતન કર્યું છે. જેના પરિણામે ભારત સરકારના સ્ટાર્ટ અપ રેન્કિંગ મુજબ ગુજરાત છેલ્લાં ચાર વર્ષોથી દેશભરમાં સતત પ્રથમ સ્થાને રહ્યું છે. સ્વસ્થ ગુજરાત, સમૃદ્ધ ગુજરાતના ધ્યેય સાથે રાજ્યના ૨.૬ કરોડથી વધુ લોકોને આયુષ્માન કાર્ડ આપવામાં આવ્યાં છે. પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના દ્વારા નાગરિકોને મળતી ₹ ૫ લાખની સહાય વધારીને ₹ ૧૦ લાખની કરવામાં આવી છે. સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સ ઇન્ડેક્સમાં આરોગ્ય સુવિધા સુખાકારી ક્ષેત્રે ગુજરાત સતત બીજી વખત દેશમાં પ્રથમ સ્થાને રહ્યું છે.

સશક્ત ભારત માટે સશક્ત મહિલાનો મંત્ર ગુજરાતમાં ગુંજી રહ્યો છે. મહિલાઓના વિકાસ માટે રાજ્ય સરકાર એડવાન્સમેન્ટ, એમ્પાવરમેન્ટ અને ડેવલપમેન્ટના ત્રિપાંખીયા વ્યૂહ સાથે સેવારત છે. નારી સશક્તિકરણ માટે નારી ગૌરવ નીતિ-૨૦૨૪ ઘડવામાં આવી છે. ઉત્તરોત્તર વધતી મહિલા ઉદ્યોગકારોની સંખ્યા દેશના અડધા ભાગના સ્ટાર્ટઅપનું નેતૃત્વ કરે છે. 'ઝીરો ડિફેક્ટ-ઝીરો ઈફેક્ટ' મંત્ર સાથે પર્યાવરણ અનુકૂલન અને વિશ્વકક્ષાનાં ઉત્પાદનો મેક ઇન ઇન્ડિયાની વિશ્વસનીયતા બન્યાં છે. હસ્તકળાનાં સ્થાનિક કારીગરોને પ્રોત્સાહન આપવાના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના 'વોકલ ફોર લોકલ'ના અભિગમને સાકાર કરવા ગુજરાત કૃતનિશ્ચયી છે. રાજ્ય સરકારે અન્નદાતા એવા ધરતીપુત્રોની પણ સતત ચિંતા કરી છે. વિવિધ કૃષિ પેદાશોની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવી રહી છે. પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજના હેઠળ રાજ્યના ૫૮.૮ લાખ ખેડૂત પરિવારના ખાતામાં ₹ ૧૧,૦૫૮ કરોડથી વધુ ધનરાશી જમા થઈ છે.

આપણું ગુજરાત અગ્રેસર છે માનવ સેવા અને જીવદયાની પરંપરામાં... સહકારની સંઘ ભાવનામાં, વેપાર વાણિજ્યની વૈશ્વિક સાહસિકતામાં, ઔદ્યોગિક મૂડીરોકાણમાં, સાંસ્કૃતિક ધરોહરના સંસ્કાર સિંચનમાં, કાયદો - વ્યવસ્થાની જાળવણીમાં અને વિકાસલક્ષી પ્રજાકીય સહભાગિતામાં... પ્રત્યેક ગુજરાતીએ વિકાસની દિશામાં મક્કમ ડગ માંડવાના છે, જનશક્તિના સામર્થ્યથી 'વિકસિત ભારત માટે વિકસિત ગુજરાત'ના સંકલ્પને સહિયારા પ્રયાસથી સાકાર કરીશું. અંધકારને ઉજાસમાં ફેરવી જનમાનસમાં સકારાત્મકતાની ઊર્જાનો સંચાર કરનારા આ દીપાવલી પર્વમાં સૌના સાથથી સૌના વિકાસની વિભાવના આપણે ફળીભૂત કરવાની છે.

ગુજરાતી સાહિત્યનાં વિવિધ સ્વરૂપોને પ્રસ્તુત કરતા ગુજરાત દીપોત્સવી અંક - ૨૦૮૦માં સમાવવામાં આવેલા અભ્યાસલેખો, નવલિકા, નાટિકાઓ, કાવ્યો, વિનોદિકાઓ અને નયનરમ્ય તસવીરો, ચિત્રો જેવું વૈવિધ્ય સાહિત્યરસિકો, પ્રબુદ્ધ નાગરિકો અને સૌ કોઈ વાચકબંધુઓને રસતરબોળ કરી દેશે તેવી મને આશા છે.

સહુને દીપાવલીની શુભકામના અને નૂતન વર્ષના અભિનંદન...
જય જય ગરવી ગુજરાત .. વંદે માતરમ્

આપનો,

**ભૂપેન્દ્ર પટેલ**
મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય



# પરસ્પર સ્નેહના દીપ પ્રગટાવી,
# અંતરને અજવાળીએ...

**दीपो नाशयते ध्वांतं धनारोग्ये प्रयच्छति,**
**कल्याणाय भवति एव दीपज्योतिर्नमोऽस्तुते ।**

દીપજ્યોતિ... દીપક અંધકારનો નાશ કરે છે. તે આરોગ્ય અને સંપત્તિ લાવે છે. દીપક સર્વ મનુષ્યોના કલ્યાણ માટે છે. હું તને નમન કરું છું.

એકધારા જીવનની ઘટમાળમાં પર્વો આનંદ અને ઉલ્લાસની સાથે નવી ચેતનાનો પણ સંચાર કરે છે, આપણા તહેવારોમાં ભાતીગળ ભારતીય સંસ્કૃતિ અને ગરવા ગુજરાતની અસ્મિતા પ્રતિબિંબિત થતી રહી છે. એમાંય દિવાળીનો તહેવાર તો શિરમોર! વીજળીના નાનામોટા ગોળાઓની શૃંખલાથી ઈંટ-સિમેન્ટની ઈમારતોને રોશન કરવાની સાથે સાથે દિલના ગોખલે સ્નેહના દીવાઓ પ્રગટાવનારી પ્રજા, આપણે તો આંગણાંય ઉજાળીએ અને અંતર પણ અજવાળીએ. આવા સપરમા દિવસે અવનવી મીઠાઈઓથી આપણે એકબીજાના મોં મીઠાં કરાવીએ છીએ ત્યારે પરસ્પરના કલ્યાણની ભાવના પ્રગટ થતી હોય છે. આ જ રીતે ચાલો, અવનવાં શિષ્ટ વાચનથી મનનેય તરબતર કરી લઈએ.

ગુજરાતી લોકો તેની અસ્મિતાની જાળવણી માટે પ્રતિબદ્ધ છે. સામાજિક અને આર્થિક વિકાસનાં તમામ ક્ષેત્રોમાં દેશની સાથેસાથે ગુજરાત પણ તેજ ગતિથી આગેકૂચ કરી રહ્યું છે. વિકાસની વાત કરીએ તો ગુજરાત સમગ્ર દેશ માટે વિકાસનું મૉડેલ બની રહ્યું છે. પ્રત્યેક ગુર્જરવાસીને એ વાતનું ગૌરવ છે કે સુશાસનને પરિણામે સુખ, સમૃદ્ધિ અને સલામતીનાં સુફળ ઘરઘર સુધી પહોંચી રહ્યાં છે.

દીપોત્સવને નવીન રીતે ઊજવવાની માહિતી ખાતાની એક આગવી પરંપરા રહી છે. પ્રતિ વર્ષની માફક દિવાળીના પર્વે માહિતી ખાતું માતૃભાષામાં સંસ્કારસભર વાંચનરૂપી રસથાળ પીરસવાની તેની પરંપરા મુજબ સુજ્ઞ વાચકો માટે આ વર્ષે પણ ગરિમાપૂર્ણ અને વૈવિધ્યસભર દીપોત્સવી અંક લઈને આવ્યું છે. માહિતીસભર, પ્રેરણાત્મક, મનોરંજક અને મૌલિક વાંચનસામગ્રી સાહિત્ય રસિકોની વાંચનભૂખ સંતોષશે. આ વિશેષાંક ભાવકોને ગરવી ગુર્જર ભાષાના સાહિત્યસભર વાંચનરસથી તરબોળ કરશે તેવા વિશ્વાસ સાથે, અમારા આમંત્રણને માન આપીને આ વિશેષાંક માટે પોતાનું યોગદાન આપનારા સાહિત્યકારો, લેખકો, કવિઓ, ચિત્રકારો અને તસવીરકારોનો હું અંતઃકરણથી આભાર માનું છું. મને એ કહેતાં ગર્વ થાય છે કે ગુજરાત દીપોત્સવી અંકે રાજ્ય બહાર પણ લોકચાહના મેળવી છે. આ માટે અંકનિર્માણમાં સંકળાયેલા મારા સાથી અધિકારી મિત્રો અને કર્મયોગીઓને હું ધન્યવાદ આપું છું.

વિ.સં. ૨૦૮૦ વિદાય લઈ રહ્યું છે અને વિ.સં. ૨૦૮૧ને આવકારવા આપણે સહુ તત્પર છીએ. જ્યોતિગ્રામ યોજનાએ જેમ ગ્રામ્ય જીવનમાં અજવાળાં પાથર્યાં તેમ દીપોત્સવ આપણા સૌનાં જીવનને ઝળહળાટથી ભરી દે તેવી શુભેચ્છાઓ સાથે વિ.સં.૨૦૮૦ને "આવજો" અને વિ.સં. ૨૦૮૧ને "સ્વાગતમ્" કહીએ. 'સર્વે ભવન્તુ સુખિનઃ સર્વે સન્તુ નિરામયાઃ' રૂપે સર્વ કલ્યાણની ભાવના વ્યક્ત કરી નવા વર્ષની હાર્દિક શુભકામનાઓ સાથે ગુજરાતી બાંધવો - ભગિનીઓને મારા નૂતન વર્ષાભિનંદન.

જય જય ગરવી ગુજરાત...


**અવંતિકા સિંઘ,** **આઇ.એ.એસ.**
સચિવ, માહિતી અને પ્રસારણ વિભાગ
ગુજરાત સરકાર

# તમસો મા જ્યોતિર્ગમય...



દિવાળીનો તહેવાર એક એવો તહેવાર છે જે શુભ દિવસોનો એક ઉત્સવગુચ્છ લઈને આવે છે. આ દિવસો મિલન અને મોજમજાની સાથે ભાવિ પ્રગતિના મંથનનો અવસર આપે છે. આપણા ઉપનિષદના શ્લોકનું એક ચરણ છે, "તમસો મા જ્યોતિર્ગમય" અર્થાત્ અંધકારથી પ્રકાશ તરફ જાઓ. દીપોત્સવ અજ્ઞાનના અંધકારથી જ્ઞાનના સર્જન સાથે પ્રગતિના પ્રકાશ તરફ જવાનું પર્વ છે. ગુજરાત એક એવું રાજ્ય છે. જે અવિરત વિકાસના દીપકથી ઝળહળતું રહે છે અને આ વિકાસનું અજવાળું અવિરત પ્રેરિત કરતું રહે છે. ગુજરાતે વિકાસની એક નવી કેડી કંડારીને તેના થકી દેશ અને દુનિયાનું ધ્યાન પોતાની તરફ આકર્ષિત કરવામાં પણ નોંધનીય સફળતા હાંસલ કરી છે. જનહિતલક્ષી ગુજરાત મોડેલની તાસીર જ એવી છે કે સમગ્ર દેશ તેને અપનાવી રહ્યું છે. ગુજરાતે હાંસલ કરેલું આ ગૌરવ આપણે જાળવી રાખીએ અને આ વિકાસયાત્રાના સક્રિય ભાગીદાર બનીએ. નૂતન વર્ષના પાવન અવસરે ગુજરાતના મક્કમ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાતની વણથંભી વિકાસયાત્રાને વધુને વધુ આગળ ધપાવવાના દઢ સંકલ્પ સાથે આપણે સૌ કૃતનિશ્ચયી બની દીપોત્સવના વધામણાં કરીએ.

પ્રતિ વર્ષની ગૌરવભરી પરંપરા અનુસાર આ વર્ષે પણ રાજ્ય સરકારનું માહિતી ખાતું સાહિત્ય રસિકો માટે વાચનનો રસથાળ લઈને આવ્યું છે. આ ગુજરાત દીપોત્સવી અંકમાં સમાવિષ્ટ ગણમાન્ય સાહિત્યકારોના અભ્યાસલેખો વાચકના જ્ઞાનમાં વૃદ્ધિ કરે તેવા, વિનોદિકાઓ હૈયાને હળવાશથી ભરી દે તેવી, વિખ્યાત વાર્તાકારોની વાર્તાઓ તનમનને ઝંકૃત કરી દે તેવી, નાટિકા સંપુટ નવ્ય ઉલ્લાસથી અને કાવ્યો તેના લય - સ્પંદનથી મનને ભરી દે તેવાં લાગે તો અમારો આ પ્રયાસ લેખે લાગશે એમ મારું માનવું છે. રંગબેરંગી કલાત્મક ચિત્રો અને કૅમેરાની કમાલ તમને વચ્ચે વચ્ચે મંત્રમુગ્ધ કરી દે તો નવાઈ નહીં !

વાચન એ મનનો ખોરાક છે. મને શ્રદ્ધા સાથે વિશ્વાસ છે કે આ અંકની વાચનસામગ્રી આપને કેવળ નૂતનવર્ષના પ્રારંભે જ નહીં અપિતુ આવનારા સમગ્ર વર્ષમાં અવિરત નિજાનંદ આપે તેવો મનનો મિષ્ટ આહાર બની રહેશે. આપ સૌને દિવાળીની ઝળહળતી શુભકામનાઓ અને નૂતન વર્ષાભિનંદન પાઠવું છું.

સૌને ઊજળી આવતીકાલ મુબારક... સાલ મુબારક !

**કે. એલ. બચાણી,** આઇ.એ.એસ.

માહિતી નિયામક

# અનુક્રમણિકા

## અભ્યાસલેખ સંપુટ


| ક્રમ | કૃતિ | કર્તા | ક્યાં ? |
|---|---|---|---|
| ૧. | જટાયુવૃત્તિ વિના સમાજમાં સત્યાગ્રહ ન ટકી શકે | - ગુણવંત શાહ | ૧૭ |
| ૨. | આપણું “યોદ્ધા પત્રકારત્વ” | - ડૉ. વિષ્ણુ પંડ્યા | ૧૮ |
| ૩. | ગુજરાતી સાહિત્યની અનુપમ કાવ્યકૃતિ : શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર | - ડૉ. કુમારપાળ દેસાઈ | ૨૧ |
| ૪. | નિષ્કુળાનંદસ્વામી : વૈરાગ્યભાવ અને ભક્તિતત્વના તર્કપૂત ઉદ્‌ગાતા | - ડૉ. બળવંત જાની | ૨૩ |
| ૫. | રાઠવા આદિવાસીઓની આગવી ચિત્રણકલા : પિઠોરો | - જોરાવરસિંહ જાદવ | ૩૧ |
| ૬. | ભારતની ઝેન પ્રતિભાઓ | - ભદ્રાયુ વછરાજાની | ૩૪ |
| ૭. | વિચારશીલતાની વાર્તાઓ : જાતકકથાઓ | - યશવન્ત મહેતા | ૩૯ |
| ૮. | જિંદગી, સંબંધો, સ્ટેટસ, લાઇક્સ, કમેન્ટ્સ, ફ્રેન્ડસ અને ફોલોઅર્સ | - કૃષ્ણકાંત ઉનડકટ | ૪૫ |
| ૯. | દિવાળી: ડિલિટ, રિચાર્જ, રિફ્રેશ અને એન્ટી વાઇરસનું અજવાળું | - ભવેન કચ્છી | ૪૮ |
| ૧૦. | આદિવાસી સમાજનું પ્રથમ જીવન ચરિત્ર : જોરીયો પરમેશ્વર | - ભગવાનદાસ પટેલ | ૫૦ |
| ૧૧. | સાહિત્યિક સંશોધન : સ્વરૂપ, સવાલો, સમસ્યાઓ, સમાધાન | - ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ | ૫૪ |
| ૧૨. | ગુજરાતનાં વિશ્વ વિરાસત સ્થળો | - ડૉ. માણેક પટેલ ‘સેતુ’ | ૬૦ |
| ૧૩. | સૌમ્ય અને ખમીરવંતા સર્જક પિનુભાઇ | - પુલક ત્રિવેદી | ૬૩ |
| ૧૪. | તાપી - વિશ્વની એકમાત્ર નદી કે જેનો જન્મ દિવસ ઊજવાય છે | - અજય મો. નાયક | ૬૯ |
| ૧૫. | ‘ભારતીય બંધારણ’ રાષ્ટ્રની આધારશિલા | - કિશોર મકવાણા | ૭૨ |
| ૧૬. | પ્રતિબદ્ધ અને સંનિષ્ઠ સર્જક : ભી. ન. વણકર | - નટુભાઈ પરમાર | ૭૭ |
| ૧૭. | વનવગડાનાં ફૂલ : લોકગીત | - લક્ષ્મણ પિંગળશીભાઈ ગઢવી | ૮૫ |
| ૧૮. | દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ અને મહાત્મા ગાંધી | - વસંત ગઢવી | ૯૦ |
| ૧૯. | તત્ત્વજ્ઞાની સંતોનો પત્રવ્યવહાર | - કાકડિયા મનસુખ વી. | ૯૪ |
| ૨૦. | ગુજરાતનું ભોજન વૈવિધ્ય | - ભૂપેન્દ્ર મો. દવે | ૯૯ |
| ૨૧. | લૂંટી લીધો | - ડૉ. અશોક નારાયણ | ૧૦૨ |
| ૨૨. | લોકગીતોના તારલા ટમટમાવતી ‘રઢિયાળી રાત’ | - નીલેશ પંડ્યા | ૧૦૪ |
| ૨૩. | જૂલે વર્નનો ભારત પ્રેમ | - લલિત બી.ખંભાયતા | ૧૦૭ |
| ૨૪. | ગુજરાતની સાંસ્કૃતિક વિરાસત : ડાંગ દરબાર | - ડૉ. અરુણ વાઘેલા | ૧૧૩ |
| ૨૫. | ગુજરાતના વિદ્યમાન સંસ્કૃત કવિઓ, અભ્યાસીઓ અને તેમનું પ્રદાન | - મધુસૂદન વ્યાસ | ૧૧૮ |
| ૨૬. | વિરમગામ અને ધરાસણા સત્યાગ્રહ : ગુજરાતની પ્રજાના સીમાચિહ્નરૂપ શૌર્યના પ્રતિક | - શુભમ પી. અંબાણી | ૧૨૬ |
| ૨૭. | કર્મયોગ પંચામૃત | - અશોક શર્મા | ૧૨૯ |
| ૨૮. | વૈદિક પરંપરામાં ઋષિકાઓનું યોગદાન | - ડૉ. યોગિની હિમાંશુ વ્યાસ | ૧૩૨ |
| ૨૯. | બાળસાહિત્ય અને ચિત્રકલા | - સોમાભાઈ વી. પટેલ | ૧૩૫ |
| ૩૦. | સર પ્રભાશંકર દ. પટ્ટણી : એક વિરલ વ્યક્તિત્વ | - પીયૂષ મુકુન્દરાય પારાશર્ય | ૧૩૭ |

# અનુક્રમણિકા

## નવલિકા સંપુટ



| ક્રમ | કૃતિ | કર્તા | ક્યાં ? |
|---|---|---|---|
| ૧. | ચોકીદાર | - ડૉ. દિનકર જોષી | ૧૪૫ |
| ૨. | કોઈ રાહ જુએ છે | - વર્ષા અડાલજા | ૧૪૭ |
| ૩. | કડવા ગોળની સુખડી | - રજનીકુમાર પંડ્યા | ૧૫૧ |
| ૪. | મા | - કેશુભાઈ દેસાઈ | ૧૫૪ |
| ૫. | મમતા મંદિર | - ડૉ. ચંદ્રકાન્ત મહેતા | ૧૫૭ |
| ૬. | લેણદેણ | - રાઘવજી માધડ | ૧૬૦ |
| ૭. | પેસમેકર | - મધુ રાય | ૧૬૪ |
| ૮. | કાંધ | - નટવર ગોહેલ | ૧૬૬ |
| ૯. | શેરીનું નાક | - રમેશ ત્રિવેદી | ૧૭૩ |
| ૧૦. | મને મા આપો | - ભી. ન. વણકર | ૧૭૫ |
| ૧૧. | મંદબુદ્ધિ | - ડૉ. શરદ ઠાકર | ૧૭૭ |
| ૧૨. | આહ, તાજ! | - નીતિન ત્રિવેદી | ૧૭૯ |
| ૧૩. | સ્મરણવર્ષા | - દશરથ પરમાર | ૧૮૫ |
| ૧૪. | જાતરા | - નટવર પટેલ | ૧૮૯ |
| ૧૫. | જયા નામની છોકરી | - ગિરીશ ભટ્ટ | ૧૯૧ |
| ૧૬. | ફરજ | - કલ્પેશ પટેલ | ૧૯૫ |
| ૧૭. | અંતમાં તો... | - અવિનાશ પરીખ | ૧૯૮ |
| ૧૮. | પેટછૂટી વાત | - માવજી મહેશ્વરી | ૨૦૫ |
| ૧૯. | ઉપાલંભ | - ડૉ. સુરમ્યા જોષી | ૨૦૮ |
| ૨૦. | લવ-વૉક | - પરીક્ષિત જોશી | ૨૧૨ |
| ૨૧. | ઘર ઘર ગાંધી | - પ્રવીણ ગઢવી | ૨૧૬ |
| ૨૨. | સંજીવની | - રેખાબા સરવૈયા | ૨૨૦ |
| ૨૩. | મિસ મંજુ... મંજુલા... મંજરી | - દર્શના ભગલાણી | ૨૨૩ |
| ૨૪. | આફટર શોક | - પ્રફુલ્લ કાનાબાર | ૨૨૮ |
| ૨૫. | તડ | - પ્રેમજી પટેલ | ૨૩૦ |
| ૨૬. | સથવારો | - અન્નપૂર્ણા મેકવાન | ૨૩૨ |
| ૨૭. | ઓચ્છવચંદનો ટીંબો | - ડૉ. અનિલ ચૌહાણ | ૨૩૬ |
| ૨૮. | રામ રામ | - મનીષા રાઠોડ | ૨૪૨ |
| ૨૯. | દગો | - રાજેશ વણકર | ૨૪૬ |
| ૩૦. | સફારી ! | - સંજય થોરાત ‘સ્વજન’ | ૨૪૮ |
| ૩૧. | દીકરો | - જ્યોતીન સી. પંડ્યા | ૨૫૧ |
| ૩૨. | ગુરુજી પધાર્યા | - મહેન્દ્ર જે. પરમાર | ૨૫૫ |
| ૩૩. | કેસૂડાં | - દેવેન્દ્ર પટેલ | ૨૫૮ |
| ૩૪. | સંક્રાંત | - કિરણ વી. મહેતા | ૨૬૦ |
| ૩૫. | સફરજન | - અલતાફ પટેલ | ૨૬૩ |
| ૩૬. | હળવુંફૂલ | - ડૉ. અશ્વિન વસાવડા | ૨૬૪ |
| ૩૭. | મોટી બહેન | - સ્નેહલ નિમાવત કુબાવત | ૨૬૫ |
| ૩૮. | ભારેલો અગ્નિ | - ડૉ. નીલેશ રાણા | ૨૬૬ |

# અનુક્રમણિકા

## વિનોદિકા સંપુટ


| ક્રમ | કૃતિ | કર્તા | ક્યાં ? |
|---|---|---|---|
| ૧. | સુદામે દીઠી દ્વારામતી! | - રતિલાલ બોરીસાગર | ૨૭૩ |
| ૨. | આત્માનું સંગીત-હાસ્ય | - શાહબુદ્દીન રાઠોડ | ૨૭૮ |
| ૩. | લાઇન-ફાઇન | - પ્રવીણ દરજી | ૨૮૦ |
| ૪. | ટેન્શન ન હોવું, એ પણ એક ટેન્શન | - હર્ષદ પંડયા 'શબ્દપ્રીત' | ૨૮૨ |
| ૫. | ઈષ્ટદેવની અસીમ કૃપાથી | - ડૉ. નલિની ગણાત્રા | ૨૮૫ |
| ૬. | મરજી મુજબની મજા ! | - અધીર અમદાવાદી | ૨૮૭ |
| ૭. | વક્રકથા : 'અરવિંદિયાના એક્ટિંગ ક્લાસ' | - જિતેન્દ્ર ઠક્કર | ૨૯૦ |
| ૮. | વાનપ્રસ્થાશ્રમની વાટે | - નગીન દવે | ૨૯૨ |
| ૯. | વજન વધારવાની આહારસંહિતાની આચારસંહિતા આવી હોય! | - કિશોર અંધારિયા | ૨૯૫ |
| ૧૦. | ચલો કાશ્મિર | - અશોક દવે | ૨૯૮ |
| ૧૧. | કંઈ કામકાજ હોય તો કહેજો ! | - રમેશ પટેલ 'ક્ષ' | ૩૦૦ |
| ૧૨. | પુસ્તક વાંચી પંડિત થયા | - સુષમા શેઠ | ૩૦૨ |
| ૧૩. | સ્પીચ થેરપી | - દિલીપ આર શાહ (રસીલા) | ૩૦૯ |
| ૧૪. | સળીશાસ્ત્ર અને શસ્ત્ર | - હરદ્વાર ગોસ્વામી | ૩૧૨ |
| ૧૫. | ફોટાની ફટાફટી | - વિનય દવે | ૩૧૪ |


## નાટિકા સંપુટ


| ક્રમ | કૃતિ | કર્તા | ક્યાં ? |
|---|---|---|---|
| ૧. | આવ ભાઈ હરખા...! | - પ્રકાશ લાલા | ૩૨૧ |
| ૨. | કાચી માટીનો કુંભ | - વિનોદ સી. દવે | ૩૨૫ |
| ૩. | સત્ય એક અને એકનું જ નહીં ! | - રવીન્દ્ર પારેખ | ૩૩૫ |
| ૪. | એ ક્યાં જતા રહ્યા ? | - ડૉ. શૈલેષ ટેવાણી | ૩૪૧ |
| ૫. | કેશલેસ ક્રાંતિ | - દુર્ગેશ ઓઝા | ૩૪૬ |
| ૬. | ચતુર હોય ઈ ચેતી જાજો... | - નિરંજન રાજ્યગુરુ | ૩૫૨ |
| ૭. | માનવીય મનના આટાપાટા "હાથનાં કરેલાં લમણે વાગ્યાં" | - નમન મુનશી | ૩૫૭ |
| ૮. | આવશે | - યામિની વ્યાસ | ૩૬૩ |
| ૯. | ટ્રાયલ એન્ડ એરર | - ગિરિમા ઘારેખાન | ૩૬૮ |

# અનુક્રમણિકા

## કાવ્ય સંપુટ


| ક્રમ | કૃતિ | કર્તા | ક્યાં ? |
|---|---|---|---|
| ૧. | મને શીદ જગાડ્યો ? | - રઘુવીર ચૌધરી | ૩૮૧ |
| ૨. | સૌને હળવું મળવું | - ચંદ્રકાન્ત શેઠ | ૩૮૧ |
| ૩. | સંસ્થિતિ | - રાજેન્દ્ર શુક્લ | ૩૮૨ |
| ૪. | ઉત્તિષ્ઠ | - માધવ રામાનુજ | ૩૮૨ |
| ૫. | મૂકી દે તંત હવે... | - વિનોદ જોશી | ૩૮૩ |
| ૬. | હશે ને ? | - મનોહર ત્રિવેદી | ૩૮૩ |
| ૭. | ભીતર | - રાજેશ વ્યાસ મિસ્કીન | ૩૮૪ |
| ૮. | ગઝલ | - હરીશ મીનાશ્રુ | ૩૮૪ |
| ૯. | છાપું, છાપાવાળો અને અમે...! | - દલપત પઢિયાર | ૩૮૫ |
| ૧૦. | રસ્તાઓ | - મણિલાલ હ. પટેલ | ૩૮૫ |
| ૧૧. | અપરિચય | - ધીરેન્દ્ર મહેતા | ૩૮૬ |
| ૧૨. | પ્રસાદી ધરવી છે | - નીતિન વડગામા | ૩૮૬ |
| ૧૩. | રેડ એલર્ટ | - યોગેશ જોષી | ૩૮૭ |
| ૧૪. | ગીત | - રમણીક સોમેશ્વર | ૩૮૭ |
| ૧૫. | અજંપો નથી રહ્યો! | - મુસાફિર પાલનપુરી | ૩૮૮ |
| ૧૬. | રાજીપો છે | - શિવજી રૂખડા | ૩૮૮ |
| ૧૭. | હૈયાભિષેક | - બકુલેશ દેસાઈ | ૩૯૩ |
| ૧૮. | તું ગમે ? | - સંજુ વાળા | ૩૯૩ |
| ૧૯. | બંદૂકની ગોળી | - કૃષ્ણ દવે | ૩૯૪ |
| ૨૦. | થાક્યા નથી ? | - હર્ષ બ્રહ્મભટ્ટ | ૩૯૪ |
| ૨૧. | બકા, તકલીફ તો રહેવાની... | - ભાગ્યેશ જહા | ૩૯૫ |
| ૨૨. | જુદેરી હોવાની | - હર્ષદ ત્રિવેદી | ૩૯૫ |
| ૨૩. | કવિતા | - અંકિત ત્રિવેદી | ૩૯૬ |
| ૨૪. | પરોઢ | - દિલીપ જોશી | ૩૯૬ |
| ૨૫. | વૈભવી વર્ષા | - ગોવિંદ દરજી 'દેવાંશુ' | ૩૯૭ |
| ૨૬. | ગઝલ | - રઈશ મનીઆર | ૩૯૭ |
| ૨૭. | પ્રવાસી અજાણ્યા દેશનો | - અઝીઝ ટંકારવી | ૩૯૮ |
| ૨૮. | એક રચના | - ડૉ. ઉર્વીશ વસાવડા | ૩૯૮ |
| ૨૯. | ગઝલ | - એસ. એસ. રાહી | ૩૯૯ |
| ૩૦. | ઘડાયો છું | - અનંત પટેલ | ૩૯૯ |
| ૩૧. | બહુ થયું | - કિશોર જિકાદરા | ૪૦૦ |
| ૩૨. | ગઝલ | - અનિલ ચાવડા | ૪૦૦ |
| ૩૩. | ગઝલ | - ભાવેશ ભટ્ટ | ૪૦૧ |

# અનુક્રમણિકા

## કાવ્ય સંપુટ


| ક્રમ | કૃતિ | કર્તા | ક્યાં ? |
|---|---|---|---|
| ૩૪. | ગઝલ | - ચંદ્રેશ મકવાણા (નારાજ) | ૪૦૧ |
| ૩૫. | પીઠી | - અશોક ચાવડા 'બેદિલ' | ૪૦૨ |
| ૩૬. | છાતીએ જડત | - સ્નેહી પરમાર | ૪૦૨ |
| ૩૭. | હિમાળો | - પ્રશાંત કેદાર જાદવ | ૪૦૩ |
| ૩૮. | થયો | - મનીષ પરમાર | ૪૦૩ |
| ૩૯. | જીવતરની ઝૂલ | - રમેશ ઠક્કર | ૪૦૪ |
| ૪૦. | થઈને | - મનીષ પાઠક 'શ્વેત' | ૪૦૪ |
| ૪૧. | ધોશે ગંગા | - સતીન દેસાઈ 'પરવેઝ' | ૪૦૫ |
| ૪૨. | ફોગટ ફૂલે | - ભાનુપ્રસાદ પુરાણી | ૪૦૫ |
| ૪૩. | અશુભ પત્તું | - ડૉ. પ્રદીપ રાવલ | ૪૦૬ |
| ૪૪. | યાદો | - ભસ્માંગ માંકડ (સમ્રાટ) | ૪૦૬ |
| ૪૫. | ચોપાટ | - નટવર આહલપરા | ૪૦૭ |
| ૪૬. | મને શોધતો | - પ્રફુલ્લ રાવલ | ૪૦૭ |
| ૪૭. | દરિયો | - રમેશ પટેલ | ૪૦૮ |
| ૪૮. | ચડતી અને પડતી | - મનહર ઠાકર | ૪૦૮ |
| ૪૯. | તડકાને તાળી | - રક્ષા શુક્લ | ૪૧૩ |
| ૫૦. | ગીત | - વિવેક મનહર ટેલર | ૪૧૩ |
| ૫૧. | કવિતા | - ચંદ્રશેખર પંડ્યા | ૪૧૪ |
| ૫૨. | કાફિયા ગઝલ | - નીરવ વ્યાસ | ૪૧૪ |
| ૫૩. | ક્ષિતિજ હીંચે | - ડૉ. પ્રદીપ આઝાદ 'ઈશત્' | ૪૧૫ |
| ૫૪. | ઘમ્મર ઝાંઝરી રે... | - હર્ષિદા દીપક ત્રિવેદી | ૪૧૫ |
| ૫૫. | કંકુના કાગળ | - દીપક ત્રિવેદી | ૪૧૬ |
| ૫૬. | દરિયાદેવને... | - પ્રજ્ઞા પટેલ | ૪૧૬ |
| ૫૭. | ગઝલ | - ભાવિન ગોપાણી | ૪૧૭ |
| ૫૮. | કવિતા | - તેજસ દવે | ૪૧૭ |
| ૫૯. | ભજવાતા નાટકના ચલિતાર્થ | - રમણ વાઘેલા | ૪૧૮ |
| ૬૦. | ધૂળને ખંખેરવી હતી | - દર્શક આચાર્ય | ૪૧૮ |
| ૬૧. | આ તહેવારમાં ! | - ડૉ. મુકેશ જોષી | ૪૧૯ |
| ૬૨. | મને તો... | - જયંતિ ધોકાઈ | ૪૧૯ |
| ૬૩. | ગઝલ | - ડૉ. ધૈવત શુક્લ ''આનંદ'' | ૪૨૦ |
| ૬૪. | પ્રવાસો કરીને | - પારસ એસ. હેમાણી | ૪૨૦ |
| ૬૫. | ગઝલ | - દિનેશ દેસાઈ | ૪૨૫ |

# અનુક્રમણિકા

## કાવ્ય સંપુટ


| ક્રમ | કૃતિ | કર્તા | ક્યાં ? |
|---|---|---|---|
| ૬૬. | મહિમા | - પ્રશાંત સોમાણી | ૪૨૫ |
| ૬૭. | ગઝલ | - શૈલેષ પંડ્યા ‘ભીનાશ’ | ૪૨૬ |
| ૬૮. | ઝાડ | - રેણુકા દવે | ૪૨૬ |
| ૬૯. | અપરંપાર | - ભૂપેન્દ્ર ત્રિવેદી ‘સ્વયંભૂ’ | ૪૨૭ |
| ૭૦. | આવડે એટલું ઉકેલવું | - વિનોદ ગાંધી | ૪૨૭ |
| ૭૧. | એકલતા | - વિનુ બામણિયા | ૪૨૮ |
| ૭૨. | કવિતા | - વિપુલ માંગરોલિયા-વેદાંત | ૪૨૮ |
| ૭૩. | હરભમજીની ગોળીએ વલોવાવાનું ગીત | - પ્રતાપસિંહ ડાભી ‘હાકલ’ | ૪૨૯ |
| ૭૪. | ગઝલ | - જિગર ઠક્કર ‘ગઝલનાથ’ | ૪૨૯ |
| ૭૫. | અત્તર જેવા | - કિરણસિંહ ચૌહાણ | ૪૩૦ |
| ૭૬. | ગઝલ | - મધુસૂદન પટેલ ‘મધુ’ | ૪૩૦ |
| ૭૭. | આ ફેરે | - લલિત ત્રિવેદી | ૪૩૧ |
| ૭૮. | ખીલો તમે | - ઉમેશ જોષી | ૪૩૧ |
| ૭૯. | આપણી સહકારી સંસ્કૃતિ | - અમીચંદભાઈ શા. પટેલ (અ) | ૪૩૨ |
| ૮૦. | સરળ ક્યાં છે? | - ડૉ. પ્રણવ ઠાકર ‘પાગલ’ | ૪૩૨ |
| ૮૧. | ગઝલ | - જિગર જોષી ‘પ્રેમ’ | ૪૩૩ |
| ૮૨. | તારો એ પદચાપ | - લતા હિરાણી | ૪૩૩ |
| ૮૩. | ગઝલ | - હરીશ ધોબી | ૪૩૪ |
| ૮૪. | છેક જઈ પાછા વહી આવ્યા... | - નયના જાની | ૪૩૪ |
| ૮૫. | પંખી | - જિતેન્દ્ર પ્રજાપતિ | ૪૩૫ |
| ૮૬. | કીડી કાવ્યો | - મહેશ દેસાઈ | ૪૩૫ |
| ૮૭. | ખુલ્લાં કમાડ હોય | - વિજયસિંહ ચાવડા | ૪૩૬ |
| ૮૮. | તમારું કદ મજાનું છે | - હાર્દિક વ્યાસ | ૪૩૬ |
| ૮૯. | હતાશા થાય છે | - ભરત વિંઝુડા | ૪૩૭ |
| ૯૦. | અડધી રાતને ટાણે | - યોગેશ પંડ્યા | ૪૩૭ |
| ૯૧. | ગઝલ | - કુમાર જૈમિનિ શાસ્ત્રી | ૪૩૮ |
| ૯૨. | દીકરી દેશાવરિયે ચાલી | - રવજી ગાબાણી | ૪૩૮ |
| ૯૩. | જગનો રૂડો માળો | - પુષ્કરરાય જોષી | ૪૩૯ |
| ૯૪. | ગીત | - કેતન પી. જોષી | ૪૩૯ |
| ૯૫. | સાંકળી દીધો મને | - હરજીવન દાફડા | ૪૪૦ |
| ૯૬. | વિચારે | - મંગળ રાવળ ‘સ્નેહાતુર’ | ૪૪૦ |

# ફોટોગ્રાફ્સ અને ચિત્રો

| | | |
|---|---|---|
| ડૉ. અશોક જી. પટેલ | હસમુખ કે. રાવલ | પિનલ પંચાલ |
| બિપિન દવે | અંજલિ મહેતા | ભૂમિકા ભાવસાર |
| ગજુ પટેલ | આનંદ પ્રા. પટેલ | ફાલ્ગુની આર. પારેખ |
| કલ્પિત પંચાલ | મહેશ ઝાલા | હેતલ દવે |
| રમેશ હાલારી | સંજય પરમાર | નટુ મિસ્ત્રી |
| કૃપા શાહ | ધવલ પરમાર | જિજ્ઞેશ ઠાકર |
| જેસલબા જાડેજા | દુર્ગેશ ઉપાધ્યાય | જયદીપ એન. ઠાકર |
| મનહર કાપડિયા | રક્ષા ભટ્ટ | ગૌરાંગ પીઠડિયા |
| રમેશભાઈ ગોહિલ | વિનોદ એલ. નિમાવત | અમુલ પરમાર |
| અશોક ખાંટ | યામિની ભટ્ટ | પશાભાઈ મકવાણા |
| સોનલ સરવૈયા | વિક્રમ પગી | વિપુલ લહેરી |
| જયદીપ એ દવે | જયેશ જાદવ | અવની ઘનશ્યામભાઇ દવે |
| રાજન જોષી | શીતલ પી. સરવૈયા | જતીન ઘેલાણી |
| કૌશિક ઘેલાણી | જસ્મીન દવે | વિમલ હેમાણી |
| દર્શન પુરાણી | પ્રીતેષ એન. પટેલ | ડૉ. તેજસ દોશી |
| ભાર્ગવીબહેન ભટ્ટ | શોભના દવે | બિપિન ઉપાધ્યાય |
| ભાટી એન | ધાપા હર્ષદભાઈ ગોરધનભાઈ | વૈશાલી એસ. ભાવસાર |
| અજયસિંહ જાડેજા | કૌશિક પટેલ | દર્શન શાહ |
| જય પંચોલી | પ્રશાંત એમ. પટેલ | જગદીશ મેવા |

**: મુખપૃષ્ઠ - ૧ :**

**નિરૂપમા ટાંક**

**મો. ૯૯૭૪૫ ૨૬૮૨૦**

**: મુખપૃષ્ઠ - ૨ :**

**હેમાલી શાહ**

**મો. ૯૬૬૨૮ ૩૬૩૪૨**

**: રેખાંકન :**

**જસ્મીન દવે**

**૯૯૦૯૯ ૫૫૧૧૭**

**: રેખાંકન :**

**જય પંચોલી**

**૯૬૨૪૨ ૨૭૧૪૦**



બ્રહ્માંડદર્શન

ગજુ પટેલ
મો. ૯૭૧૨૮ ૩૨૯૨૮



ઓમ નમઃ શિવાય...

કલ્પિત પંચાલ

મો. ૯૮૨૫૦ ૦૫૧૧૭

# અભ્યાસલેખ સંપુટ

ગુણવંત શાહ
ડૉ. વિષ્ણુ પંડ્યા
ડૉ. કુમારપાળ દેસાઈ
ડૉ. બળવંત જાની
જોરાવરસિંહ જાદવ
ભદ્રાયુ વછરાજાની
યશવન્ત મહેતા
કૃષ્ણકાંત ઉનડકટ
ભવેન કચ્છી
ભગવાનદાસ પટેલ
પ્રસાદ બ્રહ્મભટ્ટ
ડૉ. માણેક પટેલ ‘સેતુ’
પુલક ત્રિવેદી
અજય મો. નાયક
કિશોર મકવાણા

નટુભાઈ પરમાર
લક્ષ્મણ પિંગળશીભાઈ ગઢવી
વસંત ગઢવી
કાકડિયા મનસુખ વી.
ભૂપેન્દ્ર મો. દવે
ડૉ. અશોક નારાયણ
નીલેશ પંડ્યા
લલિત બી.ખંભાયતા
ડૉ. અરુણ વાઘેલા
મધુસૂદન વ્યાસ
શુભમ્ પી. અંબાણી
અશોક શર્મા
ડૉ. યોગિની હિમાંશુ વ્યાસ
સોમાભાઈ વી. પટેલ
પીયૂષ મુકુન્દરાય પારાશર્ય



ગિરા ગૂર્જરી
રમેશ હાલારી
મો. ૯૯૯૮૦ ૩૫૨૦૦

# જટાયુવૃત્તિ વિના સમાજમાં સત્યાગ્રહ ન ટકી શકે

*- ગુણવંત શાહ*

જટાયુ જેવો ગીધ માનવ-ઈતિહાસમાં અમર થઈ ગયો કારણ જાણવું હોય, તો ઈ.સ. પૂર્વે પાંચમી સદીમાં ગ્રીસના શાણા માણસનું વિધાન સાંભળો. એ શાણા માણસનું નામ યુરિપિડીસ હતું. એણે કહ્યું હતુંઃ

**જ્યારે જ્યારે કોઈ સજ્જન વ્યક્તિ પીડા પામે ત્યારે,**
**જેઓ સારા ગણાય છે, તેવા સૌને**
**એ વ્યક્તિને થાય, તેવી પીડા થવી જોઈએ.**

જટાયુ બુદ્ધિવિહીન ન હતો. એનામાં એટલી તો સમજણ હતી કે પોતે રાવણ જેવા બળવાન રાક્ષસ સામે ટકી ન શકે અને લડાઈ થાય તો પોતાનું મૃત્યુ નક્કી છે. આમ છતાં એ રાવણ સામે લડ્યો અને મૃત્યુને ભેટ્યો! કારણ શું? સીતાની પીડા પોતાની પીડા બની ગઈ! આવી જટાયુતા વિનાના સમાજમાં દુર્જનો સબળા બને છે. રાવણત્વ અને દુર્યોધનત્વને બળ મળે છે અને સજ્જનતા ક્ષીણ થાય છે. વેદમાં મન્યુ શબ્દ પ્રયોજાયો છે. જટાયુનો મન્યુ રાવણને પડકારવા માટે પૂરતો હતો. સફળતાનું મહત્ત્વ નથી. મન્યુ એટલે પુણ્યપ્રકોપ. મન્યુ એટલે ઉચિત ક્રોધ. મન્યુ એટલે સત્યનો પક્ષ લેવાની અને જરૂર પડે ખપી જવાની તૈયારી! મોગલ સમયમાં કાયરતાને શરણે ગયેલી પ્રજામાંથી છત્રપતિ શિવાજીનો મન્યુ પ્રગટ થયો. કવિ ભૂષણે પંક્તિ લખી :

**'ગર શિવજી ન હોત તો, સુન્નત હોત સબ કી!**

આપણા પર ભગવાન પ્રસન્ન થાય અને કશુંક માગવાનું કહે, તો હું શું માગું? હું ભગવાનને હાથ જોડીને અરજ કરું.

**હે ભગવાન! હવે મહાવીર સ્વામી અને બુદ્ધ જેવા મહામાનવોને બદલે પૃથ્વી પર એક અબજ, સીધી લીટીના મનુષ્યો મોકલજો જેમની પાસે નવટાંક જટાયુવૃત્તિ બચી હોય!**

આવું બને તો સમાજની બાયોકેમિસ્ટ્રી બદલાઈ જશે અને સત્યાગ્રહનો યુગ શરૂ થશે. મહાત્મા ગાંધી સતત જટાયુવૃત્તિ સાથે જીવ્યા! જ્યાં પણ અન્યાય, શોષણ અને પરપીડન જોયું ત્યાં જ અટકી ગયા અને લડત ચલાવી. વેચાતી વહોરવાની ઉતાવળ જીવનની છેલ્લી ક્ષણ સુધી રહી. એમણે કદી ન કહ્યું : એમાં મારે શું ? સીધી લીટીનો માણસ એટલે કોણ? જેને કદી લેવડદેવડના ઝઘડા માટે કોર્ટમાં જવું ન પડે. આવા સજ્જનનો મહિમા બર્ટ્રાન્ડ રસેલે સુંદર શબ્દોમાં કર્યો છે. સાંભળોઃ

**જ્યારે પણ હું કોઈ ફિલસૂફ સાથે વાત કરું, ત્યારે મને ચોક્કસ સમજાય છે કે, સુખ પામવાની કોઈ જ શક્યતા નથી, એમ છતાં જ્યારે હું મારા માળી સાથે વાત કરું ત્યારે મને એનાથી વિપરીત પ્રતીતિ થાય છે!**

સીધી લીટીના માણસો સમાજમાં સારી એવી સંખ્યામાં હોય તો જેલમાં ભીડ નહીં હોય. સમાજની ગુણવત્તા નક્કી કરવાના બે સચોટ ઉપાય છેઃ

(૧) પોલીસની કક્ષા જાણી લેવી.

(૨) જેલની ગુણવત્તા તપાસી લેવી.

ગુનાનું પ્રમાણ વધી પડે, ત્યારે પોલીસ પર જબરો બોજ પડે છે. ગુનાનું પ્રમાણ ઘટે ત્યારે પોલીસની ખરબચડી ઉદ્દંડતા ઘટે અને એની સેવકવૃત્તિ જાગ્રત થાય. એક વાર હું અમેરિકન પોલીસ સાથે લાંબી વાતે ચડી ગયો, ત્યારે મને સમજાયું કે એ આપણા દેશના કોઈ કુલપતિ જેવો છે! ભ્રષ્ટાચારથી ખદબદતા સમાજમાં માણસની સંવેદનાનું અપૂજ શિવાલય ખતમ થઈ જાય એ આપણને પાલવે તેમ નથી. એમની જટાયુવૃત્તિનો જય હો!

અંતે જટાયુવૃત્તિનું એક અત્યંત ઉજ્જવલ ઉદાહરણ અહીં પ્રસ્તુત છે. પ્રહ્લાદ પિતા હિરણ્યકશિપુને પત્ર લખે, તો પત્રમાં શું લખે? ઔરંગઝેબનો દીકરો સારા વિચારો ધરાવનારો હતો. એનું નામ મુહમ્મદ અકબર હતું. પિતા ઔરંગઝેબ જ્યારે છેલ્લી માંદગીમાં પથારીવશ હતો, ત્યારે એણે પિતાને સંબોધીને જે પત્ર લખ્યો તે યાદગાર પત્ર અક્ષરશઃ અહીં પ્રસ્તુત છે. આવો પત્ર ઔરંગઝેબનો પુત્ર પિતાને લખે એ વાત જ માન્યામાં આવે તેવી નથી. હવે પત્રમાં પ્રગટ થતી જટાયુવૃત્તિનું સૌંદર્ય માણો. મરણાસન્ન પિતાને લખેલા ઐતિહાસિક પત્રમાં દીકરો મુહમ્મદ અકબર પિતાને કેટલીક રોકડી વાતો પરખાવે છે. સાંભળોઃ

**હિંદુઓ બેગણા ત્રાસ નીચે જીવી રહેલ છે. એક ત્રાસ આપે એમના પર જજિયાવેરો નાખ્યો તે છે અને બીજો ત્રાસ દેશના દુશ્મનો તરફનો છે. આપે આપના પૂજ્ય પિતા તથા આપના ઉમદા ભાઈઓ વિરુદ્ધ આપની યુવાન વયે જે અપકૃત્યો લોભવશ થઈ કરેલાં છે, તેનું પ્રાયશ્ચિત કરી નવું ભાથું બાંધવાનો સમય આવી લાગ્યો છે. અરે! ૮૦ વર્ષ પૂરાં થવા આવ્યાં તોય હજી ઊંઘી રહ્યા છો, હવે જીવનના થોડાક જ દિવસો બાકી રહ્યા છે!**

આ પત્રમાં કડવાશ અને વિવેકનું મિશ્રણ થયું છે.

"Studies in Mughal india" લેખક : જદુનાથ સરકાર

---

*ટહુકો, ૧૩૯, વિનાયક સોસાયટી, જૂના પાદરા રોડ, વડોદરા - ૩૯૦ ૦૨૦. ફોન-૦૨૬૫ ૨૩૪૦૬૭૩*

# આપણું "યોદ્ધા પત્રકારત્વ"

*- ડૉ. વિષ્ણુ પંડ્યા*

કોઈએ બર્નાર્ડ શોને પુછ્યું હતું કે પત્રકાર અને પત્રકારત્વના કેટલા પ્રકાર હોઈ શકે? શોએ જવાબ આપ્યો,''સારા પત્રકારો અને નઠારા પત્રકારો!'' એ જ રીતે સારું પત્રકારત્વ અને ખરાબ પત્રકારત્વ એવું વર્ગીકરણ પણ થાય છે. આગ્રામાં થોડાંક વર્ષ પૂર્વે યોજાયેલી આંતરરાષ્ટ્રીય પરિષદમાં લિઓનાર્ડ સિલ્કે પત્રકારત્વની જવાબદારી વિષય પર બોલતાં એક મહત્ત્વની વાત કરી હતી: વિશ્વવિદ્યાલયોમાં અભ્યાસનો એક હેતુ તો જરૂરી આર્થિક ઉપાર્જનનો હોય છે, પણ એક મૂળભૂત બાબત એ છે કે તે સત્યને જુએ અને સત્યને વ્યક્ત કરે. આજ વસ્તુ પત્રકારત્વને એટલી જ લાગુ પડે છે." જ્યોર્જ એની ગેયરે બદલાતા વૈશ્વિક પરિપ્રેક્ષમાં પત્રકારને માટે પ્રામાણિક્તા, ચોક્કસાઈ, જોશ અને જમીન પર રહીને અવલોકન અને ચિંતન આટલું અનિવાર્ય છે. It is relentless search for what can be known, not for what cannot be known.

ઈતિહાસપોથીમાં જ્યારથી પત્રકારત્વની શરૂઆત થઈ ત્યારથી જ આ વલણ સાથેના સાહસિક પત્રકારોની કોઈ ખોટ ના રહી. મિશન (સેવાવ્રત) તેનું લક્ષ્ય રહ્યું, પછી ઉદ્યોગ, ટૅક્નિક અને વિશ્વયુદ્ધોએ તેને વ્યાવસાયિક (પ્રોફેશનલ) બનાવ્યું, અને બજારવાદને લીધે તેને ઉદ્યોગ તરીકે અપનાવવામાં આવ્યું. પણ તેમાં રહેલા વિચાર અને હેતુ ધરમૂળથી બદલાતા નથી. પત્રકારત્વે જરૂર પડી ત્યાં અને ત્યારે સામાજિક, રાજકીય ગુલામીની વિરુદ્ધમાં શબ્દનો ઉપયોગ અને પ્રયોગ કર્યા. અમેરિકાના ગૃહયુદ્ધમાં, બ્રિટિશ અને ગ્રીક દેશોની લોકશાહી માટે, રશિયા-હંગેરી-પોલાંડ-ચેકોસ્લોવેકિયા- ક્યુબા-ચીનમાં સામ્યવાદી સરમુખત્યારી સામે "સેમીઝદાત" (ભૂગર્ભ પત્રકારત્વ, આપણે ત્યાં 1975-76માં આંતરિક કટોકટી અને સેન્સરશિપની સામે દેશવ્યાપી આવું ભૂગર્ભ પત્રકારત્વ) અસ્તિત્વમાં આવ્યું હતું. દક્ષિણ આફ્રિકામાં નિગ્રો પત્રકારત્વ અને ભારતમાં સ્વાધીનતા સંગ્રામમાં તેજસ્વી પત્રકારત્વ: આ તેનો ઈતિહાસ છે.



**સ્વાતંત્ર્ય જંગના પત્રકારોનું વર્ગીકરણ રહેતું, એક ગાંધીજીના અસહકાર, સત્યાગ્રહ અને અહિંસાને અનુસરતું પત્રકારત્વ. નવજીવન, હરિજનબંધુ અને યંગ ઇન્ડિયા તેનું પ્રતિનિધિત્વ કરતાં. તેનાથી વિપરીત હતું વિપ્લવી પત્રકારત્વ.**

સ્વાભાવિક રીતે જ આવી પત્રકારિતાને માટે સત્તા પરનું દમન અને જેલવાસ, જપ્તી અને જડતી, ભારતીય દંડસંહિતા અને સેન્સરશિપ જેવાં આકરાં પગલાં ભરવામાં આવ્યાં પણ ખમીર એવું કે તેજસ્વી યોદ્ધા પત્રકારોને શાસન દબાવી શક્યું નહીં. પ્રયાગરાજ અલ્હાબાદથી પ્રકાશિત 'સ્વરાજ્ય' નામે અખબારના તંત્રીઓને એક પછી એક, બ્રિટિશ ગુલામીની સામે તંત્રીલેખ લખવા માટે સજા થતી રહી. આ અખબારે એક જાહેરાત છાપી :

**જોઈએ છે એક તંત્રી સંપાદક**
**વેતન ઘી વિનાની બે સુક્કી રોટી.**
**એક ગ્લાસ પાણી**
**દરેક તંત્રીલેખ માટે દસ વર્ષ જેલની સજા.**

આમ છતાં આવું તંત્રીકાર્ય કરવા માટે ક્રમશ: ચાર તંત્રી આવ્યા, તંત્રીલેખ લખ્યા અને જેલોમાં ગયા.

સ્વાતંત્ર્ય જંગના પત્રકારોનું વર્ગીકરણ રહેતું, એક ગાંધીજીના અસહકાર, સત્યાગ્રહ અને અહિંસાને અનુસરતુ પત્રકારત્વ. નવજીવન, હરિજનબંધુ અને યંગ ઈન્ડિયા તેનું પ્રતિનિધિત્વ કરતાં. તેનાથી વિપરીત હતું વિપ્લવી પત્રકારત્વ. ૧૮૫૭માં નાનાસાહેબ પેશવાના સચિવ રહેલા અઝીમુલ્લાખાને "પયામે આઝાદી" અખબારની શરૂઆત કરેલી. ઝાંસી રાણી લક્ષ્મીબાઈએ ઝાંસીથી તેની વધુ એક આવૃત્તિ માટે બોલાવેલો. અલામા ઈકબાલે તો ઘણા વર્ષે "સારે જહાઁ સે અચ્છા, હિંદોસ્તા હમારા" લખ્યું, આજે પણ ઉત્સવોમાં તે ગવાય છે. પણ ઈકબાલ આ ગીત પછી તો પાકિસ્તાનનો પ્રણેતા બની ગયો હતો તેવું અઝીમુલ્લાખાનનું નહોતું. હાડોહાડ હિંદુસ્તાની વિપ્લવી રહ્યો, તેણે ૧૮૫૭માં એક ગીત રચ્યું હતું: "આજ શહીદોને તુમ કો, અહલે વતન લલકારા, તોડો ગુલામી કી ઝંઝીરે, બરસાઓ અંગારા. હિન્દુ-મુસ્લિમ-શીખ-હમારા, ભાઈભાઈ પ્યારા, પાક

વતન હૈ, જન્નત સે ભી પ્યારા.. સંશોધકોના જણાવ્યા પ્રમાણે ઈકબાલના પેલા ગીત પર આ ગીતની જ અસર હતી.

ભારતના બલિદાની પત્રકારત્વનો ઈતિહાસ ફાંસી, હદપારી, જેલ અને આંદામાનની યાતનાનો ઈતિહાસ છે. પંડિત શ્યામજી કૃષ્ણવર્માએ વીસમી સદીના પ્રારંભે લંડનમાં ઈન્ડિયન સોશિયોલોજિસ્ટ અખબાર શરૂ કર્યું તે ઈજિપ્ત, આયર્લેંડ, જાપાન, ફ્રાંસ, અમેરિકા અને જર્મની સુધી લોકપ્રિય બન્યું હતું. ૧૯૦૫થી તે શરૂ થયું, ૧૯૨૩ સુધી ચાલ્યું. બ્રિટિશ કાનૂનથી બચવા તે ઈંગ્લેન્ડ, પેરિસ અને જીનીવા સુધી સ્થળાંતર કરતું રહ્યું. તેના લેખોએ ઈંગ્લેન્ડમાં તો સ્વાતંત્ર્યની અગ્નિ ચેતના જગાવી. શ્યામજીએ સ્થાપેલાં ઈન્ડિયા હાઉસના જલદ ક્રાંતિકારોની યાદીથી જ અંદાજ આવી જાય છે કે કેવા વીરલ ક્રાંતિકારોનું એ તીર્થ હતું. લાલા લજપતરાય, સરદાર અજિત સિંહ (ભગતસિંહના કાકા, જેને સરકારે હદપાર કર્યા હતા). વીરેન્દ્રનાથ ચટ્ટોપાધ્યાય (સરોજિની નાયડુના ભાઈ, બર્લિન કમિટીના સૂત્રધાર, લેનિનને પણ પોતાના અભ્યાસથી પ્રભાવિત કરનાર અને રશિયામાં જ તેને સામ્યવાદી સરકારે ગોળીથી ઊડાવી દીધા હતા), લાલા હરદયાલ (જેણે સાનફ્રાન્સિસ્કોમાં ક્રાંતિભવન ખોલ્યું, ગદર અખબારો બહાર પાડ્યા, અને વિદેશમાં જ રહસ્યમય મૃત્યુ થયું,) બેરિસ્ટર સરદારસિંહ રાણા (પેરિસના નિવાસી સુભાષચંદ્ર બોઝથી રવીન્દ્રનાથ સુધીના મિત્ર, શ્યામજીના સાથીદાર, ક્રાંતિકારોને છાત્રવૃત્તિ આપીને બોલાવનાર ગુજરાતી), વિનાયકરાવ સાવરકર (જેમણે લંડનમાં 1857ની ઉજવણી કરી, ઈતિહાસ લખ્યો, પકડાયા, મારસેલ્સ માં બંદી અવસ્થામાં યાદગાર સમુદ્ર ભૂસકો માર્યો, ભારતમાં બે આજન્મ કારાવાસ પામ્યા અને આંદામાનમાં યાતનાઓ સાથેની કેદી અવસ્થા ભોગવી) મદનલાલ ધિંગરા (લંડનમાં ભારતના બ્રિટિશ અધિકારી કર્ઝન વાયલીને જાહેર સમારંભમાં પિસ્ટલથી વધ કરીને જાતે પકડાયો, ફાંસીની સજા થઈ) મૅડમ કામા (જેમને આખું ફ્રાંસ ક્રાંતિની માતા તરીકે ઓળખતું, પ્રથમ રાષ્ટ્રધ્વજ સ્ટુટગાર્ટ પરિષદમાં ફરકાવ્યો) આ બધાએ એક યા બીજી રીતે પત્રકારત્વને અપનાવ્યું. વંદેમાતરમ્ અને મદન તલવાર આ બે અખબારો પેરિસથી પ્રકાશિત કરનારા આ ક્રાંતિકારો હતા. લાલા હરદયાલના ગદર અખબારોમાંથી ગુજરાતી આવૃત્તિનો તંત્રી છગન ખેરાજ વર્મા હતો. 1814ના મે મહિનાથી તે પ્રકાશિત થયું, તેમના તંત્રી લેખમાં છગન ખેરાજ વર્માએ લખ્યું હતું: કોઈ પણ સમાજ અને સત્તાનું પરિવર્તન કરવું હોય તો તે માત્ર દૂધભાષા માતૃભાષાથી જ થઈ શકે છે." કોણ હતો આપણો આ ગુજરાતી? તેના વિશેની માહિતી ઓછી મળે છે. ગદરના સંપૂર્ણ ઈતિહાસમાં તેના કેટલાક ઉલ્લેખ છે. ભારતમાં બ્રિટિશ ગુપ્તચર તંત્રના વડા જેમ્સ કેમ્પબેલે પુસ્તકમાં તેની કેટલીક વિગતો છે. તે મુજબ તેનો જન્મ પોરબંદરમાં 1865માં થયો હતો. મૂળ નામ ખેમચંદ દામજી. અંગ્રેજોને હંફાવવા ત્રીજું નામ હુસેન રહીમ. ત્રીસ વર્ષની વયે તેણે પોરબંદરથી વિદેશ પ્રવાસ કર્યો. સૌરાષ્ટ્રના અને કચ્છના વિશાળ દરિયાકિનારેથી આ સાહસિકો સમુદ્રયાત્રા કરતા. વ્યવસાયમાં ઉદ્યમી એટલે અનેક દેશોમાં સ્થાપિત થાય (આજે પણ એનઆરજી તરીકે તેઓ ૬૦ થી વધુ દેશોમાં વસેલા છે. તેમાંના કેન્યાથી સ્થળાંતર કરીને લંડન પહોંચેલા સી.બી. પટેલ તો લંડનમાં ગુજરાતી અને અંગ્રેજી એમ બે સાપ્તાહિકો ચલાવે છે!) કેનેડામાં શીખ , પંજાબી અને ગુજરાતીઓનો નિવાસ હતો, છગન ખેરાજ પણ વાનકુંવર પહોંચ્યો. વસાહતી કાયદાને લીધે કાનૂની લડાઈ કરી, જીત્યો. કેનેડાની સરકાર આવા "કાળા ભારતીયો"ને હાંકી કાઢવા તત્પર રહેતી. 1911માં તો કેનેડાની ભૂમિ પર ભારતીયોના ઉતરાણને જ પ્રતિબંધિત કરી દેવામાં આવ્યું. સાન ફ્રાન્સિસ્કોમાં દેખાવો થયા. છગન ખેરાજને મોંટ્રિયલના પ્રવાસની મંજૂરી પછી મુકદમો ચાલ્યો, તેમાં તે જીતી ગયો એટલે આખા દેશમાં તેની અસર થઈ. ઈમિગ્રેશન એક્ટ વિરોધી નેતા બની ગયો. બીજા કેસમાં પણ જીત મેળવી. આ દિવસોમાં સશસ્ત્ર ક્રાંતિના ભારતીય ક્રાંતિના નાયકો અમેરિકામાં પ્રવેશી ચૂક્યા હતા.

**પંડિત શ્યામજી કૃષ્ણવર્માએ વીસમી સદીના પ્રારંભે લંડનમાં ઇન્ડિયન સોશિયોલોજિસ્ટ અખબાર શરૂ કર્યું તે ઈજિપ્ત, આયર્લેંડ, જાપાન, ફ્રાંસ, અમેરિકા અને જર્મની સુધી લોકપ્રિય બન્યું હતું.**

તારકનાથ દાસ(પોતે નિષ્ણાત અધ્યાપક અને પત્રકાર પણ હતા.) સારંગધર દાસ, શૈલેંદ્ર ઘોષ, વસંતકુમાર રાય, ચંદ્ર ચક્રવર્તી, લાલા હરદયાલ અને તેની વચ્ચે આપણો ગરવો ગુજરાતી રઘુવંશી છગન ખેરાજ વર્મા! તારકનાથે અહીંથી એક અખબાર શરૂ કર્યું, "ફ્રી હિન્દુસ્તાન". ગુરુદત્ત કુમારે "સ્વદેશી



સેવક" અખબાર ચલાવ્યું. એક ગુપ્ત સમિતિ રચાઈ, તેના એક નેતા સુંદર સિંહે વાનકુંવરથી 'આર્યન' નામે સામયિક શરૂ કર્યું.

આવા અખબારો માટે સાન ફ્રાન્સિસ્કોની વેલેન્સિયા સ્ટ્રીટમાં એક મકાન ખરીદવામાં આવ્યું, અને નામ રખાયું "યુગાંતર આશ્રમ". બંગાળમાં આ નામે એક ક્રાંતિકારી મંડળી હતી. અહીંથી ગુજરાતી સહિત ચાર ભાષાના "ગદર" અખબારોનું પ્રકાશન થતું અને દુનિયાભરમાં તેનું વિતરણ થતું. ભારતમાં તેના પર પ્રતિબંધ હતો તો છૂપા રસ્તે આવતું. ઉર્દૂ આવૃત્તિ રામચંદ્ર પેશાવરી સંભાળતા. યુદ્ધ મોરચે બ્રિટિશ સેનામાં ભારતીય સૈનિકો સુધી તેનું વિતરણ થતું. તેનું વિતરણ વિનામૂલ્યે કરવામાં આવતું. કોમાગટા મારૂ, કોરિયા, તોશા મારૂ, મિશિમાં મારૂ, વગેરે શસ્ત્રો અને ક્રાંતિકારો સાથેનાં જહાજો ભારતમાં મોકલવામાં આવ્યાં. છગન ખેરાજનું શું થયું? ઈતિહાસ ખામોશ છે. ભારતના સંશોધકોને તેમાં રસ પડ્યો નહિ. તે હોનોલૂલુમાં પોતાના તમામ નાણા ક્રાંતિ પ્રવૃત્તિમાં ખર્ચી નાખતા દેવાદાર થઈ ગયો. ત્યાંથી તે જાપાન ગયા અને વાનકુંવર સાથે સંબંધ જારી રાખ્યો. જ્યારે તેને હદપારીની સજા થઈ ત્યારે કોર્ટને સાફ સાફ કહ્યું: "યુ ડ્રાઈવ અસ હિન્દુઝ આઉટ ઓફ કેનેડા એન્ડ વી વિલ ડ્રાઈવ એવરી વ્હાઈટ મેન આઉટ ઓફ હિંદુસ્તાન." એક બ્રિટિશ અફસર હોપકિન્સન ભારતીયોનો કટ્ટર દુશ્મન હતો. લંડનમાં જેમ કર્નલ વાયલીને ધિંગરાએ, જલિયાવાલાના ક્રૂર પોલીસ અફસર જનરલ ડાયરને સરદાર ઉધમ સિંહે પિસ્ટોલથી ઉડાવી દીધા હતા, તે રીતે કેનેડામાં હોપકિન્સનને મેવાસિંહે ઠાર માર્યો, તેને ફાંસી થઈ અને છગન ખેરાજને સખત કેદની સજા થઈ. તેને બર્મા લઈ જવામાં આવ્યો કે જાતે ચુપચાપ પહોંચ્યો હતો તેની વિગતો મળતી નથી. પણ સંશોધક ઈતિહાસકારોના મતે બ્રિટિશ સેનામાં ભારતીયોને સંગ્રામ ખેલવાના પ્રયાસો માટે ફાંસીની સજા કરવામાં આવી, તેની સાથે સુરતના વ્યાપારી ઈસ્માઈલ કાસીમ મન્સૂરને પણ ફાંસી મળી. પોરબંદર અને સુરતમાં છગન ખેરાજનું અને સુરતમાં મન્સૂરનું કોઈ સ્મારક હોવું જોઈએ કે નહિ? છગન તો ગુજરાતનો પહેલો અને એકમાત્ર વિપ્લવી પત્રકાર હતો, જેને ફાંસી મળી હતી.

**જનરલ ડાયરને સરદાર ઉધમ સિંહે પિસ્ટોલથી ઉડાવી દીધા હતા, તે રીતે કેનેડામાં હોપકિન્સનને મેવાસિંહે ઠાર માર્યો, તેને ફાંસી થઈ અને છગન ખેરાજને સખત કેદની સજા થઈ.**

સશસ્ત્ર ક્રાંતિ માટેનાં અખબારોની યાદી ઘણી મોટી છે. કેટલાંક તો સમયના પ્રવાહમાં નામશેષ થઈ ગયાં. બીજાં ઘણાંને સ્વાતંત્ર્ય સંગ્રામમાં અસહકાર અને અહિંસાના તરફદારોએ ભુલવી દીધાં. આઝાદી પછી પણ તેવો સિલસિલો ચાલુ રહ્યો. બારીન્દ્ર ઘોષ (અરવિંદ ઘોષના ભાઈ) , ભૂપેન્દ્રનાથ દત્ત (સ્વામી વિવેકાનંદના ભાઈ), અવિનાશ ચંદ્ર ભટ્ટાચાર્યની ત્રિપુટીએ બંગાળમાં "યુગાંતર" શરૂ કર્યું. બ્રહ્મ બાંધવ ઉપાધ્યાયને "સંધ્યા" અખબાર માટે કોર્ટમાં રજૂ કરવામાં આવ્યા તો તેમણે ગોરા ન્યાયાધીશને મોઢામોઢ સંભળાવ્યું કે તમે મારો શું ન્યાય કરવાના? મારો ન્યાયાધીશ અને અદાલત તો ઉપર ઈશ્વરની પાસે છે.! અને થયું તેવું જ. મુકદમો ચાલે તેની વચ્ચે તેમણે અંતિમ શ્વાસ લીધા. માનવેન્દ્રનાથ બેનર્જીએ અખબારને આગળ ચલાવ્યું તો તેના પર કેસ થયો. તેને સજા થઈ તો ત્રીજા તંત્રી જોગેન્દ્રનાથ સેન બન્યા. ત્યારે અખબાર જપ્ત થયું. અરવિંદ ઘોષનું અખબાર વંદે માતરમ્ હતું. તેના પ્રકાશકને સજા થઈ. અરવિંદ ઘોષનું ત્રીજું અખબાર હતું "કર્મયોગીન". કુમુદિની મિત્રનું "સુપ્રભાત પત્રિકા", ભાસ્કર બલવંત ભોપટકરનું "ભાલા", લોકમાન્ય તિલકના "કેસરી" અને "મરાઠા", હોતીલાલ વર્માનું "સ્વરાજ્ય". વગેરે ઝળહળતાં નક્ષત્રો હતાં.

ગુજરાતમાં મુખ્યત્વે સમાજ સુધાર અને બ્રિટિશ શાસન પ્રત્યે મૉડરેટ અખબારો રહ્યા. તેની વચ્ચે શારદા પૂજક મંડળી તરફથી પ્રકાશિત "સ્વતંત્રતા", ઈચ્છારામ દેસાઈનું "ગુજરાતી", ફરામજી કાવસજીનું "કયસરેહિન્દ", રણછોડ દાસ લોટવાળાના હિંદુસ્તાન પત્રો, અમૃતલાલ સેઠનું સૌરાષ્ટ્ર, જન્મભૂમિ, સન, શામળદાસ ગાંધીનું વંદે માતરમ્ વગેરે સ્વતંત્રતા પૂર્વેના અસહકાર અને સશસ્ત્ર સ્વાતંત્ર્ય એમ બંનેના આંશિક સમર્થન માટે જાણીતા ગણાય.

અહીં માત્ર સશસ્ત્ર સ્વાતંત્ર્યજંગના બલિદાની પત્રકારત્વ પૂરતી ચર્ચા કરી છે, પણ તે ઐતિહાસિક સ્થાન માટેના અધિકારી પત્રકારત્વની છે.

*૫૦૧-એ, કાસા વ્યોમા એપાર્ટમેન્ટ, સરકારી વસાહત રોડ,*
*ઔડા ગાર્ડનની સામે, વસ્ત્રાપુર, અમદાવાદ-૩૮૦ ૦૫૨*
*મો. ૯૪૨૭૮૦૪૭૨૨*



# ગુજરાતી સાહિત્યની અનુપમ કાવ્યકૃતિ : શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર

*- ડૉ. કુમારપાળ દેસાઈ*

પોતાની આધ્યાત્મિક ભીડ સમયે મહાત્મા ગાંધીજી જેમનું માર્ગદર્શન મેળવતા હતા એવા શ્રીમદ્ રાજચંદ્રને તેઓ "કવિ રાયચંદભાઈ' નામે સંબોધતા હતા. આવા શ્રીમદ્ રાજચંદ્રજી આજન્મ કવિ, જાતિસ્મૃતિ જ્ઞાન ધરાવનાર, શતાવધાન દ્વારા અલૌકિક આત્મશક્તિ દાખવનાર તરીકે કીર્તિની ટોચે પહોંચ્યા હતા, પરંતુ એમણે આ બધી બાબતો અધ્યાત્મબાધક ગણીને સાપ કાંચળી ઉતારે તેમ એનો સહજતાથી ત્યાગ કર્યો અને પોતાના જીવનમાં આધ્યાત્મિક્તાને સર્વોચ્ચ સ્થાને બિરાજમાન કરી.

એવા શ્રીમદ્ રાજચંદ્રજી નિવૃત્તિક્ષેત્રમાં એકાંતવાસમાં એકલા જંગલમાં વિચરતા હતા. એમણે એમના પરમ સખા "સમાન" સાયલાના અધ્યાત્મપુરુષ શ્રી સોભાગભાઈને છ પદનો પત્ર મોકલ્યો હતો. સાથે એનો વારંવાર મુખપાઠ કરીને એને વિશે વિચારવાનું કહ્યું હતું. સાયલાના શ્રી સોભાગભાઈને વૃદ્ધાવસ્થાને કારણે ગદ્યમાં લખાયેલો છ પદનો પત્ર કંઠસ્થ કરવામાં મુશ્કેલી પડતી હતી. આથી શ્રીમદ્‌ને પદ્યરૂપે લખી મોકલવા વિનંતી કરી, જેથી સરળતાથી યાદ રહે અને કંઠમાં રમ્યા કરે તેમજ હૃદયમાં વસી જાય.

શરદપૂર્ણિમાને દિવસે જે મધુબિંદુ છીપમાં પડે તે મોતી બને છે, તેમ આ વિનંતી એવા સમયે અને એવા પુરુષ દ્વારા થઈ કે તે શ્રીમદ્‌ના હૃદયમાં "આત્મસિદ્ધિ-શાસ્ત્ર' રૂપ અમૂલ્ય મોતી ઉત્પન્ન કરવા સમર્થ બની.

**'તેજથી દેદીપ્યમાન વીજળી પૃથ્વીતળ પરથી ઉત્પન્ન થતી નથી.' વીજળીનો ચમકાર જેમ આપોઆપ થાય છે, તે રીતે "શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર'નું આપોઆપ પ્રાગટ્ય થયું છે.**

નડિયાદમાં આ ઘટના બની. આસો વદ એકમના દિવસે શ્રીમદ સંધ્યા સમય પછી બહારથી આવ્યા અને શ્રીમદ્ રાજચંદ્રે પોતાની સાથે રહેલા અધ્યાત્મ પુરુષ મહામુમુક્ષુ શ્રી અંબાલાલભાઈને કહ્યું, "અંબાલાલ ! ફાનસ લે."

શ્રી અંબાલાલભાઈ ભક્તિપૂર્વક હાથમાં ફાનસ ધરીને ઊભા રહ્યા. શ્રીમદે મેજ પર રાખેલા કાગળો પર લખવા માંડ્યું. પ્રેરણાનો અદ્‌ભુત સ્રોત વહેવા લાગ્યો. ગહન જ્ઞાનનું ઝરણું અસ્ખલિતરૂપે વહેવા લાગ્યું. જાણે ઊર્ધ્વ આધ્યાત્મિક ભાવરૂપી કલમથી, ગહન ચિંતનના નવનીતરૂપ શાહીથી, આતમને જગાડનારી અને ઓળખાવનારી કાવ્યપંક્તિઓ પ્રગટવા લાગી. ટૂંકા સમયમાં ષડ્‌દર્શનના સાર સમી આત્મસિદ્ધિનું એક જ બેઠકે સર્જન થયું.

આવું એ સહજ સર્જિત શાસ્ત્ર છે. પોતાની પાસે સત્ત્વ અને સત્યની ગુલાબી સુવાસ હોય ત્યારે ગુલાબનું અત્તર લગાડવું શા માટે ? કવિ કાલિદાસે એના નાટક 'અભિજ્ઞાન શાકુન્તલમ્'માં કહ્યું છે, 'न प्रभा तरलं ज्योतिंरुदेति वसुधातलात्।' અર્થાત્ 'તેજથી દેદીપ્યમાન વીજળી પૃથ્વીતળ પરથી ઉત્પન્ન થતી નથી.' વીજળીનો ચમકાર જેમ આપોઆપ થાય છે, તે રીતે "શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર'નું આપોઆપ પ્રાગટ્ય થયું છે.

આથી જ આ શાસ્ત્રને "અનાદિ મોહનિદ્રામાંથી જગાડનાર, વિસારી મૂકેલાનું સ્મરણ કરાવનાર, અંતર્ધાન થઈ ગયેલા આત્માને પ્રગટ કરનાર અને મોહાસ્ત્રને બ્રહ્માસ્ત્રથી પરાજિત કરવાનું રહસ્ય દર્શાવનાર પરમ પવિત્ર, નિર્મળ, નિર્દોષ શાસ્ત્ર કહેવાય છે.'

'શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર' વિશેનાં આ વચનો એ માત્ર વાક્યો નથી, પરંતુ સાધકના શ્વાસરૂપ અનુભૂતિ એમાં છે. આ આત્મસિદ્ધિશાસ્ત્ર એ "ત્રીજા નેત્રની પ્રસાદી' છે. કોઈ શાસ્ત્રગ્રંથમાં રજૂ થયેલા તર્કને ટેકાની જરૂર પડે, જ્યારે આ ગ્રંથમાં પ્રગટેલા આત્માનુભવને કોઈ આધારની જરૂર નથી. કવિતા અને અધ્યાત્મ બંને અહીં એકરૂપ થઈ ગયાં છે અને તેથી અંતરની ઊર્ધ્વ ઊર્મિ આત્મજ્ઞાનના શિખર પર પલાંઠી લગાવીને અહીં અધ્યાત્મનો અર્ક આપે છે.

**જબ જાન્યો નિજરૂપકો, તબ જાન્યો સબ લોક;**
**નહિ જાન્યો નિજરૂપકો, સબ જાન્યો સો ફોક.**

આમ "શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર'નું સર્જન નથી થયું, શ્રવણ થયું છે. અહીં કોઈ વક્તા કે આલેખક નથી, માત્ર શ્રોતા છે એટલે કે વક્તા હોય તો એ શબ્દો ગોઠવે, લેખક હોય તો શબ્દો રચે, જ્યારે આત્મસિદ્ધિ એ લખાઈ નથી, પણ પ્રગટ થઈ છે. જેમ ભગીરથના કલ્યાણ માટે ભાગીરથી એટલે ગંગાનું અવતરણ થયું હતું એવું એનું અવતરણ થયું છે. જરા એ અવતરણ પૂર્વની શ્રીમદ્ રાજચંદ્રજીની જીવનચર્યા જોઈ લઈએ.

'આત્મસિદ્ધિશાસ્ત્ર'ની રચનામાં આત્મપ્રતીતિ, આત્માનુભવ અને આત્માનંદ એ ત્રણેયનો સુભગ સમન્વય થયો છે. જે દિવસે નડિયાદમાં આત્મસિદ્ધિ શાસ્ત્રની રચના થઈ, એ જ નડિયાદમાં નવેક દિવસ બાદ શ્રી લઘુરાજ સ્વામીને લખેલા પત્રમાં શ્રીમદ્ રાજચંદ્ર જાણે એનો મર્મ સંક્ષેપમાં આલેખે

છે. તેઓ લખે છે, "અનંત વાર દેહને અર્થે આત્મા ગાળ્યો છે. જે દેહ આત્માને અર્થે ગળાશે તે દેહે આત્મવિચાર જન્મ પામવા યોગ્ય જાણી, સર્વ દેહાર્થની કલ્પના છોડી દઈ, એક માત્ર આત્માર્થમાં જ તેનો ઉપયોગ કરવો, એવો મુમુક્ષુ જીવને અવશ્ય નિશ્ચય જોઈએ." આથી જ છ પદના પત્રમાં આત્મા અને મોક્ષ વિશે લખ્યું છે તે સહજોદ્ગારરૂપે શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રમાં કાવ્યસ્વરૂપે સૂચવે છે.

એમાં સરળતાની સાથે અર્થગહનતા છે, સંક્ષેપની સાથે સચોટતા છે, ગહન જ્ઞાનની સાથે સુગમ અભિવ્યક્તિ છે અને ગંભીર અધ્યાત્મ આલેખન સાથે હૃદયસ્પર્શી મધુરતા છે. એની એક એક ગાથા આજના સમયને લક્ષનારી છે અને વધુ તો આત્માર્થીના લક્ષણને બતાવનારી છે. આ ગ્રંથ જ્ઞાનનો પ્રકાશ પાથરે છે અને મોક્ષમાર્ગની દીવાદાંડી દર્શાવે છે . શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રની પ્રત્યેક ગાથા આત્માર્થીના લક્ષને દર્શાવવાની સાથોસાથ આત્મસિદ્ધિનો પથ સર્જે છે. જગતને રૂડું દેખાડવાની વાત નથી, પરંતુ આત્માને રૂડું દેખાડવા માટેનું અનુભવજ્ઞાન આપે છે. એની સુખધામની શોધ પણ પદાર્થ કે બાહ્ય જગતમાં નહીં, પરંતુ પોતાના આત્મામાંથી આવે છે અને આ સુખધામ એવું છે કે જેમાં ક્ષણેક્ષણે સુખની અનુભૂતિ થતી રહે છે.

શ્રીમદ્ રાજચંદ્રજીએ સાધકને મતાર્થીપણું છોડીને આત્માર્થીપણું પ્રગટ કરવા માટે કહ્યું છે. આ ગ્રંથની પ્રશ્નોત્તરીનો પણ એક આગવો મહિમા છે. "શ્રીમદ્ ભગવદ્ગીતા'માં કુરુક્ષેત્રના રણમેદાન પર અર્જુન એનો સંશય પ્રગટ કરે છે અને શ્રીકૃષ્ણ એનો ઉત્તર આપે છે. એવી જ રીતે બૌદ્ધ ધર્મમાં ભિખ્ખુ આનંદ પ્રશ્ન કરે છે અને ભગવાન બુદ્ધ એનો ઉત્તર આપે છે. 'બાઈબલ'માં ઈસુ ખ્રિસ્તને એમના શિષ્યો દ્વારા પુછાતા પ્રશ્નો અને ઉત્તરો મળે છે, જ્યારે શ્રી આત્મસિદ્ધિશાસ્ત્રમાં પ્રશ્નો અને ઉત્તર બંને શ્રીમદ્ રાજચંદ્રજી પાસેથી પ્રાપ્ત થાય છે.

'શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર'માં છ શંકા દર્શાવી છે અને એની સાથોસાથ એ શંકાઓનું સમાધાન આપ્યું છે. એક અર્થમાં કહીએ તો, આ ગ્રંથિઓને છોડનારો ગ્રંથ છે. મનની ઘણી ગાંઠોને અધ્યાત્મથી ઉકેલી આપે છે અને એ અર્થમાં કરુણા, કવિતા અને કલ્યાણનો ત્રિવેણીસંગમ અહીં સધાયો છે. કરુણા એટલે સમગ્ર માનવજાતિ અને પૃથ્વી પરની અન્ય જાતિઓ પ્રત્યેની કરુણા. કલ્યાણ એટલે સર્વધર્મ સમભાવ નહીં, પણ સર્વ જીવ સમભાવ અને કવિતા એટલે હોઠ પર રમે, હૃદયમાં એનો ગુંજારવ થાય અને આત્મામાં એ ખીલવા લાગે. "શ્રી આત્મસિદ્ધિશાસ્ત્ર' એ અર્થમાં આત્માની અમૃત કલા છે.

અહીં કોઈ મતાગ્રહ, પક્ષપાત કે કશાયનું ખંડન-મંડન નથી, પરંતુ આત્માના માર્ગ પર પથરાયેલું સત્યનું અજવાળું જોવા મળે છે. વળી અન્ય ગ્રંથોની માફક અહીં વર્ણનો કે દૃષ્ટાંતો જોવા મળતાં નથી, તો બીજી બાજુ સૈદ્ધાંતિક તાત્ત્વિક ગ્રંથ જેવી કઠિનતા પણ જોવા મળતી નથી. બલ્કે એક સહજતાનો અનુભવ થાય છે. એની પ્રથમ પંક્તિ જ માનવીને જાગૃત કરે છે અને એની સામે સવાલ કરે છે કે, 'તારો અસલી ચહેરો કયો ? તારી સ્થિતિ કઈ ? તું હજી તારા સ્વરૂપને એટલે કે આત્મસિદ્ધ સ્વરૂપને સમજ્યો નથી.' જીભે પરમાત્માનું નામ લે છે અને જીવનમાં પ્રપંચ કરે છે. બહારના કોલાહલમાં જીવનારને ભીતરનો અવાજ ક્યાંથી સંભળાય ! એની આંખોમાં એક તરસ છે, પરંતુ એ મૃગજળની તૃષ્ણાની જ તરસ છે. અધ્યાત્મ માટેનો તલસાટ નથી. એનું આખું જીવન કોઈ બીજાના હાથમાં છે અને માણસ જેટલો પોતાના આત્માથી દૂર એટલો વધુ પરાધીન.'

એનો જીવ સત્તા, સંપત્તિ કે સૌંદર્યની મૂર્છામાં ડૂબેલો છે, ત્યારે આત્મા પોતે કોણ છે તે જાણ્યા વિના બધી કળા, બધી ક્રિયા કે બધી વિદ્યા ગાર પર લીંપણ કરવા જેવી છે. સાચું તત્ત્વ સમજ્યા વિના, જાતને જાણ્યા વિના અનંત દુ:ખ પામ્યો છે.

આત્મસિદ્ધિશાસ્ત્ર એટલે આત્માની સિદ્ધિનો સનાતન માર્ગ અને એ માર્ગ એવો છે કે જે સર્વથી રહિત શુદ્ધાત્માનું પ્રાગટ્ય અને પરમપદમાં સિદ્ધલોકમાં અનંતકાળ સુધી સુસ્થિતતા દર્શાવે છે. અહીં અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતસુખ અને અનંતવીર્ય એવું અનંતચતુષ્ટય પ્રગટ થયું છે. જેનું વાણી દ્વારા વર્ણન ન થઈ શકે, કારણ કે તે વાણીનો વિષય નથી. આત્મસિદ્ધિશાસ્ત્રમાં આત્મા વિષયક છ શંકાઓ અને એના સમાધાનની વાત કરી છે.

આથી જ તત્ત્વચિંતક પ્રજ્ઞાચક્ષુ પંડિત સુખલાલજીએ કહ્યું, "આત્મસિદ્ધિ વાંચતાં અને તેનો અર્થ પુનઃ પુનઃ વિચારતાં એમ લાગ્યા વિના નથી રહેતું કે શ્રીમદ્ રાજચંદ્રે આ એક નાનકડી કૃતિમાં આત્માને લગતું આવશ્યક પૂર્ણ રહસ્ય દર્શાવી આપ્યું છે. શ્રીમદ્‌ની આ સર્વશ્રેષ્ઠ રચનામાં એમની આત્મસ્વરૂપની પ્રાપ્તિ માટેની સાધનાનું નવનીત સાંપડે છે. આ એક અનુપમ અમર કૃતિથી જ શ્રીમદ્‌નું નામ સદાકાળને માટે અમર થવા પર્યાપ્ત છે.'

ગુજરાતી ભાષામાં પ્રવાહ રૂપે નીકળેલી આ સહજ મોક્ષલક્ષી વાણી સાધકોના કંઠમાં એના કાવ્યત્વને કારણે સદાય નિવાસ કરે છે અને મુમુક્ષુના હૃદયને સદૈવ પુલકિત કરે છે.

*૧૩-બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ,*
*પાલડી, અમદાવાદ- ૩૮૦ ૦૦૭*
*મો. ૯૮૨૪૦ ૧૯૯૨૫*

# નિષ્કુળાનંદસ્વામી : વૈરાગ્યભાવ અને ભક્તિતત્ત્વના તર્કપૂત ઉદ્ગાતા

*- બળવંત જાની*

સહજાનંદ સ્વામી દીક્ષિત અંત્ય નંદ સંજ્ઞાધારી સંતકવિઓમાં નિષ્કુળાનંદસ્વામી મને ત્રણ રીતે આગવા-અનોખા જણાયા છે. એક તો તેઓ શ્રીહરિના ગુરુ રામાનંદજીના ગુરુ આત્માનંદજીના ગુરુબંધુ રામભાઈ સુથારના સુપુત્ર અને રામાનંદજી પાસેથી વર્તમાન ધારણ કરનારા સત્સંગી હરિભક્ત રામાનંદજીની ઈચ્છાથી યથાસમયે શ્રીહરિ પાસેથી સહજ રીતે દીક્ષા પામનારા સંત. બીજું શ્રીહરિની આજ્ઞાથી જ સંપ્રદાયની સિદ્ધાંતધારાને વર્ણવતા સાહિત્યના સર્જક અને ત્રીજું તેઓ એવા સંત કે જેઓ કોઈ શિષ્યપરંપરાના વાહક ન બન્યા. માત્ર શ્રીહરિના શિષ્ય તરીકે જ અક્ષરધામ સિધાવ્યા.

ગૃહસ્થાશ્રમી, સ્થિતપ્રજ્ઞ, ખરા ત્યાગી-વૈરાગી અને આજીવન એકનિષ્ઠભાવે ગુરુભક્તિમાં લીન એવા શાસ્ત્રજ્ઞ, ભાવજ્ઞ અને કાવ્યતત્ત્વ સંતકવિ તરીકે તત્કાલીન સમયે અનવરત સંઘર્ષને સામનો કરતા રહીને પોતાની દૃઢ ભક્તિભાવનાને પ્રગટાવતા પ્રસંગોનું સત્યપૂત અધ્યયન મને ભારે પ્રેરક અને પથદર્શક જણાયું છે. એમના જીવન વિશેના દલપતરામના, હરજીવનદાસ શાસ્ત્રીનાં લખાણો તથા ડૉ. ચંદ્રકાન્ત ત્રિવેદીના પ્રકાશિત મહાનિબંધ, ડૉ. ધીરુ પરીખનાં નિષ્કુળાનંદજી વિશેનાં અભ્યાસપૂત લખાણોમાંથી પસાર થતાં અને એમની તમામ રચનાઓના અધ્યયનના અંતે મને એમની વૈરાગ્યસભર વ્યક્તિમત્તા અને શાસ્ત્રાનુભૂત સાહિત્યરાશિનો ખરો પરિચય પ્રાપ્ત થયો છે. એમનું સરળ અને સહજ પ્રજ્ઞાપૂત જીવન, સતત ભક્તિમાં જ વિલસતું રહ્યું. નિષ્કુળાનંદ, શ્રીહરિથી ઉંમરમાં મોટા હતા. શાસ્ત્રોના શ્રુતપરંપરિત જ્ઞાનથી પણ વડેરા હતા તેમ છતાં નિર્માની, નિર્મળ અને નિર્વ્યાજ સ્નેહથી સંપ્રદાયના સંતો હરિભક્તોને એમણે આર્દ્ર બનાવ્યા, એની શીકરોથી ભીંજવનારા કેટલાક પ્રસંગો તથા સાહિત્યગ્રંથોની અપૂર્વાત્મક વિગતોથી પરિચિત કરાવવાનો ઉપક્રમ આ અભ્યાસલેખમાં જાળવ્યો છે.

**નિષ્કુળાનંદ, શ્રીહરિથી ઉંમરમાં મોટા હતા. શાસ્ત્રોના શ્રુતપરંપરિત જ્ઞાનથી પણ વડેરા હતા તેમ છતાં નિર્માની, નિર્મળ અને નિર્વ્યાજ સ્નેહથી સંપ્રદાયના સંતો હરિભક્તોને એમણે આર્દ્ર બનાવ્યા**

॥૧॥

લાલજીભગતના પૂર્વાશ્રમના પિતાશ્રી રામભાઈ સુથારના ગુરુ આત્માનંદ સ્વામી હતા. એમનું આવનજાવન અને સત્સંગ રામભાઈ સુથારને ત્યાં જામનગર-હાલાર-નજીકના લતીપુર ગામે સતત રહેતાં. ગામના લોકધર્મી પરંપરાના અન્ય ભાવિકાને આ વેદાન્તી સંન્યાસીનો સત્સંગ ડોળઘાલું અને પ્રપંચી સમાન નાટકીય લાગતો, તેથી નિંદા કરે, વિઘ્ન નાખે અને કાનાફૂસી-ખટપટ કરે. રામભાઈ સુથારનું મન ખૂબ દુભાયું. ગુરુનિંદા અને પોતા તરફના પણ ગ્રામજનોના દુર્ભાવથી કંટાળી લતીપુર ગામ છોડીને બાજુના ગામ શેખપાટને નિવાસ બનાવ્યું. અહીં સુથારીકામ અને નકશીકામથી પ્રખ્યાત થયા. ગુરુવર્ય આત્માનંદજી મહારાજ અહીં પણ સત્સંગ માટે પધારતા રહ્યા. રામભાઈ સુથારની એકનિષ્ઠ ગુરુભક્તિ અને મૂલ્યનિષ્ઠ જીવનવ્યવહારથી પ્રસન્ન થઈને રૂડા આશીર્વાદ આપતાં કહ્યું કે 'તારે ત્યાં ભગવત્ ભક્ત મુક્ત પ્રતાપી પુરુષ જન્મ ધારણ કરીને વૈરાગ્યભક્તિમાં મોટપ પ્રાપ્ત કરશે અને કીર્તિ મેળવશે. તને પણ ખૂબ સુખશાંતિ પ્રાપ્ત થશે.' ગુરુજીના શુભાશિષથી રામભાઈને શેખપાટ ગરાસદારનું કારભારીપદ મળ્યું અને સંવત ૧૮૨૨, ઈ.સ. ૧૭૬૬માં પુત્ર જન્મ થયો. એનું નામ લાલજી. એનો લાડ-કોડથી ઉછેર થયો, અક્ષરજ્ઞાન મેળવ્યું. પિતાના વ્યવસાયમાં મન પરોવ્યું. માતા-પિતાના આગ્રહથી જ્ઞાતિની કંકુ નામની કન્યા સાથે લગ્ન કર્યાં. પિતાના નિધન પછી ઘરનો વ્યવસાયનો કારભાર સંભાળવાનું બન્યું. સાથે-સાથે રાજયનો કારભાર પણ એમને અપાયો. એમની નામના થવા લાગી. પોતાની સંપત્તિનું સદ્માર્ગે દાન કરતાં એ સમયે જામનગરના પ્રખ્યાત



અણદાબાવાના આશ્રમમાં પ્રત્યેક વર્ષે એક ગાડું અનાજનો ધર્માદો કરતા. આત્માનંદના નિર્વાણ પછી એમના પટ્ટશિષ્ય રામાનંદજીને ગુરુ માન્યા. બીજા એક ગુરુબંધુ મૂળજીભાઈ શર્મા નજીકના ભાદ્રા ગામના નિવાસી હતા. તેમની પાસે વેદાન્તનું જ્ઞાન મેળવવા અને સત્સંગ માટે નિયમિત રાત્રીના જતા. મોડી રાત્રીએ જ્ઞાનચર્ચા પછી પુનઃ શેખપાટ આવીને ગૃહસ્થાશ્રમ ધર્મ બજાવતા, મૂળજીભગત શર્માજી પાછળથી ગુણાતીતાનંદ તરીકે સ્વામિનારાયણ સંપ્રદાયમાં પ્રસિદ્ધિને પામ્યા. લાલજીભગતની ઇચ્છા દીક્ષા લેવાની હતી. અવારનવાર ગુરુજી રામાનંદજીના દર્શને જતા. એક વખત કચ્છના ભુજ મુકામે લાલજીભગત હતા ત્યારે લોજથી મુક્તાનંદ સ્વામીએ મોકલાવેલો નીલકંઠ વર્ણીજીની વિગતો આલેખતો પત્ર વાંચતા અને પછી બોલેલા કે 'જેની હું વાટ જોતો હતો એ આવી પહોંચ્યા.'

લાલજીભગતે પૃચ્છા કરેલી એ આવનાર આપણા સંપ્રદાયના સ્વામી રામદાસ જેવા છે ? પ્રત્યુત્તર આપતાં કહેલું કે 'એથી પણ મોટા' ફરીથી પૂછ્યું. મુક્તાનંદ સ્વામી જેવા છે ? જવાબ આપ્યો, 'એથી પણ ઘણા મોટા'. ત્યાર પછી પૂછ્યું કે 'તો પછી આપના જેવા હશે.' રામાનંદસ્વામીએ હસતાં-હસતાં કહેલું કે 'અમે પણ શું એમની આગળ?' આ પ્રકારનો લોજમાં બિરાજતા સંત નીલકંઠવર્ણીની વ્યક્તિમત્તાનો પરિચય જાણીને રામાનંદજીની અનુજ્ઞાથી ભુજથી શેખપાટ ખાતે જવાને બદલે લોજ જવા નીકળેલા. ત્યાં નીલકંઠ વર્ણીજીનાં દર્શન કર્યાં. અને લાલજીભગતને આશીર્વાદ આપતાં બોલેલા કે 'વૈરાગ્યમાં તમે શુકજી સમાન થશો.' પછીથી જ્યારે રામાનંદસ્વામીએ નીલકંઠવર્ણી-શ્રીહરિને ધર્મધુરા સોંપવાનો મહોત્સવ જેતપુરમાં યોજેલો ત્યારે લાલજીભગત પણ સેવા તથા સંત સમાગમ માટે પહોંચેલા અને પોતે કલા-કારીગરના ઉત્તમ નમૂનારૂપ બનાવેલ મજૂસ શ્રીહરિને અર્પણ કરેલ. શ્રીહરિએ એની પ્રશંસા કરેલી. રામાનંદ સ્વામી સ્વધામ પધાર્યા ત્યારે પણ લાલજીભગત બધી ક્રિયાવિધિ પ્રસંગે ઉપસ્થિત રહેલા.

**શેખપાટમાં ભક્તિમાં અને ગૃહસ્થાશ્રમ ધર્મમાં લીન રહેવા લાગ્યા. સંવત ૧૮૫૬માં ઈ.સ. ૧૮૦૦માં પુત્રનો જન્મ થયો. એમનું નામ માધવ રાખેલું. સંવત ૧૮૫૯માં ઈ.સ. ૧૮૦૩માં બીજા પુત્રનો જન્મ થયો**

શેખપાટમાં ભક્તિમાં અને ગૃહસ્થાશ્રમ ધર્મમાં લીન રહેવા લાગ્યા. સંવત ૧૮૫૬માં ઈ.સ. ૧૮૦૦માં પુત્રનો જન્મ થયો. એમનું નામ માધવ રાખેલું. સંવત ૧૮૫૯માં ઈ.સ. ૧૮૦૩માં બીજા પુત્રનો જન્મ થયો. સુખ-સંપત્તિ, વાડી-ખેતરની ઊપજ ખૂબ હતી. રાજદરબારમાં માન-સન્માન પણ ખૂબ હતું. ગ્રામજનોની તકરારમાં તેઓ ન્યાય કરી આપતા. રામાનંદજીએ સહજાનંદ નામકરણ અને પટ્ટશિષ્યપદે-ઉત્તરાધિકારી સ્વરૂપે નીલકંઠવર્ણીની વરણી કરી, એ પૂર્વે પણ ઉદ્ધવ સંપ્રદાયમાં અનેક ઉમેરણો સાધનાધારા અને સિદ્ધાન્તધારા લોજ મુકામે મુક્તાનંદજીના સહવાસમાં રહીને નીલકંઠવર્ણીએ સૂચવેલાં. વેદાન્ત-શાસ્ત્રીય મતને દૃઢપણે સ્થાપનારા આ શુદ્ધિ-વૃદ્ધિના મુદ્દાઓ સ્વામિનારાયણ સંપ્રદાયના પાયાના ઘટકો બન્યા.

*

રામાનંદ સ્વામીના નિર્વાણ પછી સહજાનંદ સ્વામીએ ઉત્તરાધિકારી રૂપે નિયુક્તિ પામીને વિચરણ આરંભેલું એના ભાગરૂપે સંવત ૧૮૬૦માં ઈ.સ. ૧૮૦૪માં હાલાર પ્રદેશમાં જામનગર તરફ વિચરણ કરતાં-કરતાં હરિભક્ત લાલજીભગતને ત્યાં શેખપાટ મુકામે ઉતારો કર્યો. વસંત પંચમીનો ઉત્સવ ભારે ધામધૂમથી ઊજવીને કચ્છ વિસ્તાર તરફ જવાનું પ્રયાણ કર્યું. કોઈ ભોમિયો સાથે રાખવા માટે શોધવાનું કહ્યું. લાલજી કહે કોઈ શા માટે હું જ આપની સાથે આવું.'

વિચરણની તૈયારી કરી. સાથે ખાદ્ય સામગ્રી, પાણીની બે બતક (ભંભલી) રાખી અને આવશ્યકતા ઊભી થાય ત્યારે કામ આવે એ માટે પગરખાના તળિયે સંતાડીને બાર કોરી પણ સાથે રાખી. સત્સંગ કરતાં-કરતાં બન્ને નીકળ્યા, કચ્છ રસ્તે ભીખારી મળ્યો. તેને શ્રીહરિના કહેવાથી ભાથું-ખાદ્યસામગ્રી-આપી દીધી. થોડે આગળ ચાલતાં એક મહાપુરુષ સાધુ મળ્યા એને બતકનું પાણી માગ્યું એટલે આપી દીધું. આગળ જતાં બે-ત્રણ ચોર સામા મળ્યા. એણે બન્નેની જડતી-ચકાસણી કરી પણ કશું હાથ ન લાગ્યું. શ્રીહરિ ચોરને ઉદ્દેશીને કહે કે 'તમે નવા લાગો છો. આના પગરખામાં સંતાડેલી કોરી કાઢી લ્યો' હવે ખરા અર્થમાં અકિંચન બનીને કચ્છ તરફની યાત્રા આરંભી. ભૂખ્યા અને તરસ્યા હતા. વચ્ચે તૃષા છિપાવવા માટે ખારા પાણીવાળી જગ્યાએ લાલજીને વીરડો ગાળવાનું કહ્યું. ત્યાંથી મીઠું પાણી નીકળ્યું. એનું પાન કર્યું. પછી શ્રીહરિએ જણાવેલું કે માર્ગમાં મળેલા મહાપુરુષ રામાનંદજી હતા અને તેમની કૃપાથી જળનો સ્વાદ મીઠો થયેલો. અધોઈ ગામ આવ્યું. ગામને પાદરે વૃક્ષ નીચે વિશ્રામ કરવા બેઠા. શ્રીહરિનાં ચરણોમાં થોડા કાંટા વાગેલા. એ કાઢવા માટે લાલજીએ શ્રીહરિનાં ચરણારવિંદ ખોળામાં લઈને કાંટા કાઢ્યા અને એ નિમિત્તે ચરણોમાં રહેલાં સોળ શુભ ચિહ્નોના સાક્ષાત્ દર્શન કર્યાં.

શ્રીહરિ લાલજીને કહે 'હવે ગામમાંથી ભિક્ષા માગી લાવો, એટલે ભોજન ભેગા થવાય.' લાલજી કહે 'પ્રભુ ! આ ગામ મારું સાસરું છે. મને બધાં ઓળખે છે, હું ભિક્ષા માગવા જાઉં તો મારી હાંસી થાય. લોક મજાક-મશ્કરી કરે.'

શ્રીહરિ કહે, 'તમને કોઈ ન ઓળખે એવા કરી દઉં' કહીને લાલજીના માથાના વાળ અને મૂછ કાતરી નાખ્યા. વસ્ત્રો પણ ઉતારવાનું કહીને પોતાની ભગવી અલ્ફી અને કોપીન આપ્યા. દીક્ષા આપીને નિષ્કુળાનંદ નામકરણ કર્યું. ભગવા વેશે ભિક્ષા માગવા પોતાના શ્વસુર ગૃહે જ ગયા. કુટુંબ-પરિવારે ઘણું કહ્યું. સમજાવ્યા પણ નિષ્કુળાનંદ અડગ રીતે ભિક્ષા માટેનો આગ્રહ કરીને ઊભા રહ્યા. ભિક્ષા લઈને પરત થયા. શ્રીહરિ અત્યંત પ્રસન્ન થયા. દૈવયોગે સાવ સહજ રીતે દીક્ષા પ્રસંગ પ્રગટ્યો એમ જણાય છે. એની પ્રસન્નતાનાં ચાર પદોની ચોસર એ શ્રીહરિકૃપાનું ફળ. પછી પણ માથે હસ્તકમળ મૂકી આશીર્વાદ આપીને 'યમદંડ' નામનો ગ્રંથ રચવાની આજ્ઞા કરી. અને અધોઈ ગામે રહીને ઉપદેશ આપવા તથા શબ્દસાધનાની આજ્ઞા આપી. ગુરુકૃપાના ફળસ્વરૂપે ૧૮૬૦માં જ ગરુડ પુરાણથી આગવો એવો 'યમદંડ' નામે દીર્ઘ ગ્રંથ પદ્યમાં રચ્યો. નિષ્કુળાનંદે પોતે એમના આત્મવૃત્તાંતમૂલક પદોમાં અને 'ભક્તચિંતામણિ' ગ્રંથમાં એ બધી પ્રસંગ-ઘટનાઓ આત્મચરિત્રાત્મક વિગતોને આલેખી છે. આ બધી વિગતો સંપ્રદાયના 'હરિલીલામૃત' ગ્રંથમાં પણ વર્ણવાઈ હોઈ ઘટનાઓને અધિકૃત માનવાની રહે. શ્રીહરિની આજ્ઞાથી પછી અનેક સ્થાને વિવિધ સંતોને સાથે રાખીને બોધ-ઉપદેશ માટે વિચરણની આજ્ઞા કરી હતી. હકીકતે મૂળભૂત રીતે રામાનંદસ્વામીથી સંપર્કિત એવા મુક્તાનંદ, પછીના મહત્ત્વના લાલજીભગત-નિષ્કુળાનંદ તથા એમના સખા મૂળજી શર્મા તે જ ગુણાતીતાનંદ. નિષ્કુળાનંદના એક સમકાલીન પાછળથી વિમુખ થયેલા રઘુનાથ નામના પૂર્વાશ્રમના ગુરુબંધુને પોતે અમદાવાદના દરિયાખાનની આખલીઓ નીચે ભજન-ધ્યાન અને સત્સંગમાં રત હતા ત્યારે એ સાધુવેશધારી રઘુનાથ એની શિષ્યમંડળી સાથે તેની પાસે આવીને નિષ્કુળાનંદ સાથે વડછડ કરેલી અને પ્રશ્ન કરેલો કે રામાનંદ પાસે નહીં પણ સહજાનંદ પાસે દીક્ષા લીધી, તમને પ્રભાવમાં ભૂરકી નાખીને કે આ દુષ્કાળમાંથી ભૂખમરાથી પાર ઊતરવા માટે ? ત્યારે એ સાધુવેશધારી રઘુનાથ અને એની મંડળી સમક્ષ સદ્ય પ્રતિભાવરૂપ પદગાન રજૂ કરેલું.

**'સંતો સાંભળો સાચી વારતા, નથી લીધો આ ભૂખ્યે ભેખ રે,**
**જનનીનો જાયો કહું છું, અવશ્ય હતો હું એક રે. સંતો સાંભળો... ૧**
**ગાડું બળદ ગાય ને ઘોડી, ડોબા હતાં દશ-બાર રે,**
**પાંચ મળીને પૂછતા મુંને, કરતો હું કારભાર રે... સંતો સાંભળો... ૨**
**અન્ન, ધન ગામ ધરણી, પરણી હતી પેર રે,**
**છોટાં મોટાં છોકરાં હતાં, હતી માતાજીની મેર રે... સંતો સાંભળો... ૩**
**ખાવા પીવાનું ખૂબ જ હતું, વસ્ત્રનો નહીં પાર રે,**
**જોઈએ તેવા જોડા જડતા, તકે-તકે તૈયાર રે... સંતો સાંભળો... ૪**
**ઓલું મેલી અહીં આવ્યો છું, ઉરમાં કરી વિચાર રે,**
**ભૂખે મરતાં ભેખ લીએ છે, ગણશો નહીં એની હાર રે... સંતો સાંભળો... ૫**
**જ્ઞાન વૈરાગ્યે ગળે ઝાલ્યો, ચોટ્યું નહીં ક્યાંય ચિત્ત રે,**
**નિષ્કુળાનંદ કે નહીં કહું તો, જોડશે મારું ગીત રે... સંતો સાંભળો... ૬**

શ્રીહરિના આશીર્વાદથી સાહિત્યસર્જન તરફ વળેલા નિષ્કુળાનંદને પૂર્વાશ્રમમાં શાસ્ત્રોના શ્રવણપાન તથા અભ્યાસ, સત્સંગ અને સ્વાધ્યાભિમુખપણું અને ઉદ્ધવપંથીમાંથી એમને નવ્યરૂપે નીખરેલા સંપ્રદાયના સિદ્ધાન્તો અને સાધનાને કાવ્યાભિવ્યક્તિનું રૂપ અર્પવામાં સહાયભૂત થયા જણાય છે. એનો પરિચય 'યમદંડ' રચનામાંથી મળી રહે છે. સાધુ સાથે વિચરણ, સંતસત્સંગ અને શ્રીહરિનું સાન્નિધ્ય તેમના વૈરાગી વ્યક્તિત્વને સાહિત્યસાધના અને ઉપાસનામાં રત રાખનારું પરિબળ છે. સમૂહ-પ્રશંસાની અને પદની કશી સ્પૃહા ન રાખતા. અધોઈમાં દીક્ષિત થયા એ તરત જ સ્વાધ્યાય-લેખન તરફ વળવાનું બન્યું. અધોઈથી શ્રીહરિ કચ્છ તરફ નીકળ્યા અને નિષ્કુળાનંદે શેખપાટ મુકામે રહીને પૂજા-પાઠ ગરુડપુરાણનો સ્વાધ્યાય અને 'યમદંડ'નું લેખન આરંભ્યું.

**એમની વૈરાગ્ય ભાવવૃત્તિ ગૃહસ્થજીવન દરમ્યાન અનેક પ્રસંગે પ્રગટેલી પણ દીક્ષિત થયા પછી પ્રબળપણે એમના જીવનનો એક ભાગ બની રહી.**

* * *

એમની વૈરાગ્ય ભાવવૃત્તિ ગૃહસ્થજીવન દરમ્યાન અનેક પ્રસંગે પ્રગટેલી પણ દીક્ષિત થયા પછી પ્રબળપણે એમના જીવનનો એક ભાગ બની રહી. શ્રીહરિએ શ્વસુરગૃહે ભીક્ષા માગવા મોકલ્યા. નિસ્પૃહી બન્યા. પછી પોતાને વતન શેખપાટમાં રહેવા મોકલ્યા એ બીજી કસોટી. અહીં એ સમયે એમનાં માતુશ્રીએ સ્નેહી-સંબંધીઓને અને દરબારીજનોને નિષ્કુળાનંદજીને સમજાવવા મનાવવા મોકલ્યા. આ સમયનું 'જનની જીવો રે ગોપીચંદની પુત્રને પ્રેર્યો વૈરાગ્યજી' પદ પછીથી ખૂબ જાણીતું થયું. અહીં નામજાપ, 'યમદંડ'


લેખન સ્વાધ્યાય અને સત્સંગમાં સમાજની સમક્ષ પોતાની વૈરાગ્યભાવની દૃઢ મનોભૂમિકાને સમજાવતાં પદો એમની આત્મવૃત્તની વિગતોના પરિચાયક છે. એમાંના થોડા અંશો અહીં ઉદ્ધૃત છે.

**'કહાં કાષ્ટ ને કહાં કુહાડા, કહો હૈ ઘડતર હારા**
**જબ સે મોયે સદ્‌ગુરુ મિલિયા, મીટ ગયા સર્વે ચાળા'.**
**'કોણ કુળ ને કોણ કુટુંબી, કોણ માત ને તાત**
**કોણ ભાઈ ને કોણ ભગિની, બ્રહ્મ હમારી જાત.'**
**મેં હું આદિ અનાદિ, આ તો સર્વે ઉપાધિ,**
**સદ્‌ગુરુ મિલિયા અનાદિ, મીટ ગઈ સર્વે ઉપાધિ.'**
**ખટરસ ખાવા નહીં ખોળીએ, જમશું જે મળશે અન્નજી,**
**નિર્માને દિન નિર્ગમશું, રહેશું મનમાં મગનજી.'**
**'જૂના પુરાણા પટ પહેરશું, નહીં ઈચ્છું નવીનજી,**
**શીત, ઉષ્ણ શિર અહીં રેશું, રાખી કંથા કોપીનજી.'**

એમની ભક્તિમાં સ્થાયી ભાવ વૈરાગ્યવૃત્તિના નિરૂપણનો જણાય છે. ખાન, પાન, પહેરવેશ રહેણીકરણી અને કૌટુંબિક સંબંધોમાંથી પણ છૂટકારો ઈચ્છે છે. કશો મોહ-માયાનો ભાવ ટકે નહીં એની કાળજી રાખી છે. એમણે એની પ્રતીતિ કરાવતું જડભરતનું દૃષ્ટાંત એક પદમાં ટાંક્યું છે :

**'અમે રે જડભરત જોગીઆ, ઈચ્છુ નહીં વૈજોગજી,**
**જગત પદારથ જીવને, રુચે નહીં જેમ રોગજી.'**

જીવનમાં સ્વાદેન્દ્રિયનો તો એમણે જાણે હ્રાસ કરી નાખેલો. એક વખત બોટાદના પાદરેથી પોતાના સાધુઓ સાથે પસાર થયા. ભગોદોશી નામનો સત્સંગી એમને જોઈ ગયો. ખૂબ આગ્રહ કરીને ગામમાં તેડી ગયો. બ્રાહ્મણો બોલાવીને રસોઈ બનાવડાવી. ઠાકોરજીને સ્વાદિષ્ટ-



મિષ્ટ બિરંજનો થાળ ધર્યો. નિષ્કુળાનંદજીની પાસે મૂકીને પોતાના પાત્રમાં બિરંજ લેવા આગ્રહ કર્યો. પ્રતિભાવ રૂપે મોટે સાદે બોલ્યા, 'જમ નિષ્કુળાનંદ જમ, તું મોટો મોબતી છો, તે મહોબત નહીં મેલાય માટે જમ, નિષ્કુળાનંદ જમ.' આ સાંભળીને ભગાશેઠે કહ્યું, 'સ્વામી આપ રાજી હો તેમ જમો.' એટલે પોતે સાધુ પાસે જુવારનો રોટલો ઘડાવેલો હતો. તે મંગાવીને જમ્યા.' નિષ્કુળાનંદજી હંમેશાં થોડી ભિક્ષા એક પાત્રમાં નાખીને એમાં એક ખોબો પાણી નાંખીને એ આરોગતા હતા.

* * *

આવા દૃઢ વૈરાગી નિષ્કુળાનંદની રહેણીકરણી પણ અત્યંત સામાન્ય હતી. નિષ્કુળાનંદનો સહૃદયી સ્નેહથી બધા હરિભક્તો સાથે ખપપૂર્વકનો વ્યવહાર રહેતો, ઓછું બોલવું, સતત નામજાપ અને સેવાભાવથી પ્રસન્ન શ્રીહરિએ એમને ગઢડા મંદિરના મહંતપદે નિયુક્તિ આપવાનું વિચારેલું. આ વિચારનો નિષ્કુળાનંદજીને ખ્યાલ આવી જતાં બ્રાહ્મમુહૂર્તમાં વહેલા ઊઠી પૂજા-પાઠ કરીને ગઢાળી ગામે જતા રહેવા નીકળી પડ્યા. શ્રીહરિને નિષ્કુળાનંદના નિસ્પૃહી ભાવનો ખ્યાલ આવી ગયો. મહંત બનાવવાની યોજના તેમણે બંધ રાખી ત્યારે જ નિષ્કુળાનંદ સ્વામી પરત થયેલા. પદની લાલસા ન હતી, એવી દ્રવ્યની પણ લાલસા-સ્પૃહા પણ ન હતી. શ્રીહરિએ એકાદ સંતો સાથે હરિભક્તોની રસોઈ પ્રેમપૂર્વક આરોગ્યા બાદ 'મુખવાસ લ્યો, મોઢું ખોલો ?' એમ નિષ્કુળાનંદને કહ્યું ત્યારે નિષ્કુળાનંદજીએ શ્રીહરિને મુઠ્ઠી ખોલવા કહ્યું. સ્વામીએ આગ્રહથી મુઠ્ઠી ખોલાવી તો એમાં સોનામહોર હતી. નિષ્કુળાનંદજીએ શ્રીહરિને લાકડિયા ગામનો ઘટના પ્રસંગ કહ્યો. તમે માયાને-દ્રવ્યને ધૂળમાં દાટીને અમારી પાસે એના ઉપર મળમૂત્ર ત્યાગ કરાવેલાં. ત્યારે માયાએ આપને કરબદ્ધ બનીને કહેલું, 'હે પ્રભુ તમે મારા ઉપર બહુ કરી. ત્યારે આપે માયાને કહેલું 'તારો લાગ આવે ત્યારે તું સંતોના મુખમાં મળત્યાગ કરજે.' નિષ્કુળાનંદની વાત સાંભળીને શ્રીહરિ બોલી ઊઠેલા, શાબાશ નિષ્કુળાનંદ શાબાશ.

**નિષ્કુળાનંદનો સહૃદયી સ્નેહથી બધા હરિભક્તો સાથે ખપપૂર્વકનો વ્યવહાર રહેતો, ઓછું બોલવું, સતત નામજાપ અને સેવાભાવથી પ્રસન્ન શ્રીહરિએ એમને ગઢડા મંદિરના મહંતપદે નિયુક્તિ આપવાનું વિચારેલું**

'બ્રહ્મસંહિતા'ના નિર્દેશને આધારે કહી શકાય કે 'તમારું પ્રારબ્ધ પણ તમને નહીં છેતરી શકે. દ્રવ્ય સારું તો ત્રિલોકમાં મોટા-મોટા દેવતાઓ, રાજા મહારાજાઓ અને જોગી જતિઓ પણ લડી મરે છે. તેનો ત્યાગ કરે એવા સાધુઓ તો આપણી પાસે જ છે.'આ ઘટના સંદર્ભે શ્રીહરિનો

ભાવ જાણીને પાસે રહેલા બ્રહ્માનંદ સ્વામીએ સદ્ય એક પદ રચીને સભામાં રજૂ કરેલું.

**વિત સારું વઢી મરે રાય રંકને નારી વર,**
**સ્વર્ગ, મૃત્યુ, પાતાળમાં જેહનો નિવાસ છે. ૧**
**જોગી, જતિ, તપસી, સંન્યાસીઓ ન તજે ધન,**
**વાસના છે વિતનીને, તેના તે તો દાસ છે. ૨**
**દ્રવ્ય પર મળમૂત્ર કરી તેનો ત્યાગ કરે,**
**એવા તો આ સમે સાધુ આપણી જ પાસ છે. ૩**
**કહત હૈ બ્રહ્માનંદ, શ્રીમુખે શ્રીહરિ કહે**
**નિષ્કુળાનંદજીને અધિક અધિક શાબાશ છે. ૪**

દ્રવ્ય પરત્વેની તુચ્છવૃત્તિ, ત્યાગવૃત્તિ અને તિરસ્કારભાવ એમની વૈરાગ્યમય અને અકિંચન વ્યક્તિમત્તાના ઉદાહરણ રૂપ આ પ્રસંગ મારી દૃષ્ટિએ નિષ્કુળાનંદની દૃઢ મનોબળથી પ્રગટેલી અને સ્થિર થયેલી ત્યાગવૃત્તિનો પરિચાયક છે.

* * *

નિષ્કુળાનંદ એમના વૈરાગ્યભાવનાં પદોથી એ સમયે સવિશેષ ખ્યાત હતા. એક વખત ધોલેરામાં હતા ત્યારે એક અમલદાર ગામમાં પધારેલા. એમને ખબર પડી કે 'જનની જીવો રે ગોપીચંદની' પદના રચયિતા અહીં મંદિરમાં છે. એટલે એક હરિભક્તને લઈને મંદિરમાં ગયા. નિષ્કુળાનંદ એ સમયે નામ-જાપ કરતાં-કરતાં મંદિરની કમાન ઘડતા હતા. આખું શરીર ધૂળથી રજોટાઈ ગયેલું. આ દૃશ્ય જોઈને અમલદારે કહ્યું કે કીર્તન રચયિતા આ ન હોય. નિષ્કુળાનંદે શ્રીજી મહારાજની જય કહીને કહ્યું કે 'મણિ તો સાચો છે પણ રજે ભીંજાણો છે' સ્વામીના આવા સહજ ત્યાગમય સરળ વ્યક્તિત્વનો અમલદાર પર ભારે પ્રભાવ પડેલો તેઓ અંતર્મુખી હતા. બહુ જમેલો, ભીડ એમને પસંદ ન હતી. ખરા અર્થમાં એકાન્તિક હતા. એમના 'પુરુષોત્તમપ્રકાશ'ના એક પદમાં એ ભાવને એમણે વાચા આપી છે, એ અંશ અવલોકીએ.

**'નાનો દેશ નીરસ અતિ, દેહાભિમાનીને દુઃખ રૂપ,**
**તિર્યા ત્યાગી હોય તે ટકે, બીજાને સંકટરૂપ.**
**માટે એ મંદિર પર, ઘણું-ઘણું રહે છે હેત,**
**ધન્ય ધન્ય એ સંતને, જે ઈંયા રહે કરી પ્રીત.'**

તપોમય જીવન અને સાધનાને અનુકૂળ વાતાવરણમાં તેઓએ ધોલેરા મંદિરનું મહંતપદ સ્વીકાર્યું. મંદિરના નિર્માણમાં, નકશીકામમાં અને નરવા પરિવેશમાં જ તેમણે આજીવન સાધના કરીને અહીંથી અક્ષરધામ પ્રયાણ કરેલું. મંદિરમાંના એ ઓટલે ક્યારેક દર્શને જજો, ત્યાં આસન વાળજો, ધ્યાનસ્થ અવસ્થામાં પહોંચાશે. મેં સન્મિત્ર હરિભક્ત હરેન્દ્ર ભટ્ટ સાથે એક વખત ત્યાં યાત્રા કરેલી. હેતથી ઠાકોરજી જમાડેલા.

* * *

સંત અને કવિ નિષ્કુળાનંદનું એક કટાક્ષમૂલક અભિવ્યક્તિકળા કૌશલ્યને પ્રગટાવતું પદ 'પાછી આપો, તમારો પાડ રે, મારી ધોરાજીની ધાબળી' ખરા વૈરાગ્યભાવમાં આસક્તિ ક્યારેય ન પ્રગટે, સંતોમાં બધુ છોડીને ભક્તિભાવને વરેલા થોડાં સાધુઓમાં તે સમયે વખણાતી ધોરાજીની ધાબળી સાધુઓ ખાસ ધારણ કરતા, એને છોડતા કે છેટી રાખતા નહીં. સાધુ-સંતોનું આવું વલણ અવલોકીને શ્રીજી મહારાજે સંતોને એમની પાસેની ધાબળી ત્યજી દેવાની આજ્ઞા કરેલી. નિષ્કુળાનંદજીએ તો ધાબળીને સ્પર્શ પણ નહીં કરેલો. પણ આ ધાબળી ત્યજવાથી કેટલાક સંતોનાં દિલ દુભાયેલાં. આથી ભારે વ્યંગમાં કટાક્ષથી સંતોના હૃદયની મમત્વભાવની વૃત્તિને પદમાં ઢાળીને સંતોને ખરા અર્થમાં ધાબળીના મોહમાંથી સહજ રીતે મુક્ત કરેલા. શ્રીહરિને નિષ્કુળાનંદનો આ અર્થપૂર્ણ ઉપક્રમ હૃદયસ્પર્શી જણાયેલો. વૈરાગ્યભાવનું તંતોતંત પાલન અને અન્યને પણ સહજ રીતે એ તરફ વાળવા પ્રવૃત્ત નિષ્કુળાનંદ અનન્ય અને અનોખા સંતકવિ જણાયા છે.

**શ્રીહરિને નિષ્કુળાનંદનો આ અર્થપૂર્ણ ઉપક્રમ હૃદયસ્પર્શી જણાયેલો. વૈરાગ્યભાવનું તંતોતંત પાલન અને અન્યને પણ સહજ રીતે એ તરફ વાળવા પ્રવૃત્ત નિષ્કુળાનંદ મને એ રીતે અનન્ય અને અનોખા સંતકવિ જણાયા છે**

વૈરાગ્યભાવ નિષ્કુળાનંદજીના જીવનમાં વણાઈ ગયો પણ સૌંદર્યભાવ પરત્વે અનુરાગ આજીવન રહ્યો. ગૃહસ્થી સુથાર કાર્ય વખતનું તેમનું પ્રદાન ગામમાં અને હાલાર પંથકમાં વખણાતું. શેખપાટ ગામ જ્યાં શ્રીહરિની આજ્ઞાથી પ્રારંભનું જીવન વ્યતીત કર્યું અને 'યમદંડ'નું સર્જન



આરંભેલ એ શેખપાટ ગામનો ચોરો પોતાની દેખરેખ હેઠળ ચણાવીને તેમાં કોતરણીકામવાળી થાંભલીઓ તથા એના બારસાખ અને કમાડોમાં પોતે દાખવેલી કારીગરી આજે પણ અવશેષ રૂપે અવલોકવા મળે છે.

વડતાલધામે સમૈયામાં પોતાના ઈષ્ટદેવ શ્રીહરિને ઝુલાવવા માટે સુંદર કોતરણીની જાણકારી અને કારીગરીના કૌશલ્યના પરિપાક રૂપે, જાતે બાર બારણાવાળો હિંડોળો ઘડીને-સર્જીને જ્ઞાનબાગમાં બે આંબા વચ્ચે બાંધેલો. ત્યાં ભગવાન સ્વામિનારાયણ મસ્તકે મુકુટ ધારણ કરીને તે હિંડોળા પર સ્થાન ગ્રહણ કરીને ઝૂલેલા. બાર બારણેથી જાણે કે બાર સ્વરૂપ ધારણ કરીને સહુ હરિભક્તોને બધી બાજુએથી દર્શનલાભ આપેલો. એ કલાત્મક હિંડોળો પછીથી સહજાનંદ સ્વામિના અગ્રજ બંધુ રામપ્રતાપભાઈના મહાલયે વડતાલમાં સચવાયેલ. મેં એની પ્રતિકૃતિના દર્શન જ્ઞાનબાગે પૂજ્યપાદ પાર્ષદ કાનજી ભગતના અપાર પ્રેમને કારણે સન્મિત્ર હરેન્દ્ર ભટ્ટ સાથે કરેલા આદરણીય પાર્ષદશ્રી લાલજી ભગત ઉપસ્થિત હતા. હિંડોળાનો પ્રભાવ અને પ્રખ્યાતિ ખૂબ થયેલી. 'ભક્તચિંતામણિ' ગ્રંથમાં નિષ્કુળાનંદ સ્વામીએ સ્વયં એનું યથાતથઃ વિગતે વર્ણન કરેલું.

**'પછી લખે કર્યો તો હિંડોળો,**
**સારો સુંદર શોભિત પ્હોળો**
**બાર બારણે ઓપે અનુપ**
**જોયા જેવું છે જાળીનું રૂપ**
**પાંચ શિખરે શોભે નિદાન**
**જાણિયે વૈકુંઠનું વિમાન**
**કાજુ કનકના કોટિના લેખે**
**બહુ ફૂલ ને હાર તે લેકે'**

* * *

નિષ્કુળાનંદ સ્વામીએ ધોલેરાના મહંતપદે રહીને પોતાની વ્યવસ્થાપન શક્તિ અને રમણીય-કમનીય મંદિર નિર્માણમાં પોતાની કલાદષ્ટિની પરખનો પરિચય કરાવેલો. ખાસ તો મંદિરના પ્રમુખ દ્વારની એક જ પથ્થરમાંથી પોતે કમાન આલેખેલી અને કોતરેલી. એમણે ઈષ્ટદેવના અખંડ નામ-જાપથી કોરેલી કમાનનો પણ ભક્તજનો સ્પર્શીને દર્શનલાભ મેળવે છે. આ કોતરણી એવી દિવ્યતેજ પાથરતી કે બ્રહ્માનંદ સ્વામીએ એની પ્રતિકૃતિને નમૂના તરીકે નિર્મિત કરાવીને મૂળીના સ્વામિનારાયણ મંદિરમાં કોતરાવીને સ્થાપિત કરેલી. એક વખત સુરેન્દ્રનગર સ્વામિનારાયણ ગુરુકુળના ગુરુવર્ય સાત્ત્વિક સંત નારાયણ સેવાદાસજી સાથે બ્રહ્માનંદ સ્વામીના સફળ પરિસંવાદના સમાપન પછી દિનાંક ૬-૫-૯૯ના દિવસે મૂળી મંદિરના દર્શનાર્થે જવાનું બનેલું. નારાયણસેવાદાસજીએ એ કમાનની વંદના કરેલી અને તે સમયના સાથી નાનાસ્વામીએ તો ત્યાં તેની સમક્ષ પણ દંડવત્ કરેલા. ત્યારે નારાયણસેવાદાસજીએ નિષ્કુળાનંદની શિલ્પકળાની આ વિગતો મને જણાવેલી. એ આજે પણ સ્મરણમાં અકબંધ છે.

ગઢડા અને જૂનાગઢના મંદિરોના રમણીય નિર્માણની પાર્શ્વભૂમાં પણ નિષ્કુળાનંદ સ્વામીએ દાખવેલો કલાત્મક દષ્ટિકોણ એ સંપ્રદાયમાં કંઠોપકંઠ જળવાયેલું સત્ય-તથ્ય છે :

એમનું પૂર્વાશ્રમનું પરંપરિત ગુજરાતી શૈલીનું તળપદું શિલ્પ-કોતરણી કૌશલ્ય સંતઅવસ્થા જીવનમાં પણ જળવાયું અને પરંપરાનું એ નિમિત્તે જતન-સંરક્ષણ થયું. ગુજરાતનાં સ્વામિનારાયણ મંદિરોમાંની કાષ્ટકોતરણી અને પથ્થર કોતરણીથી ઓપતાં મંદિરોનું સ્થાપત્ય ગુજરાતની મંદિર સુશોભિત કલામાં એક મહત્ત્વનું પ્રકરણ છે. જૈનમંદિરોની સમાન્તરે એનું સાત્ત્વિક અને સંયમિત ભાવને પ્રગટાવતા રૂપને હું નિષ્કુળાનંદની દૃષ્ટિ-સૃષ્ટિનું પરિણામ ગણું છું. ભવિષ્યમાં આર્કિટેક્ટ વિદ્યાના નિષ્ણાતો આનો અભ્યાસ કરશે ત્યારે એનું ખરું તથ્ય અભ્યાસીઓ સમક્ષ પ્રગટશે. નિષ્કુળાનંદનું શિલ્પકૌશલ્ય પણ શબ્દ-કાવ્ય કૌશલ્યની સમાન્તરે ભારે મહત્તા અને મૂલ્યવત્તા ધરાવનારું ઘટક છે. તેઓની સાત્વિક વ્યક્તિમત્તા જાણે કે શિલ્પ અને શબ્દના માધ્યમથી અનુપમ રૂપે પ્રગટી જણાય છે.

**નિષ્કુળાનંદ સ્વામીએ ધોલેરાના મહંતપદે રહીને પોતાની વ્યવસ્થાપન શક્તિ અને રમણીય-કમનીય મંદિર નિર્માણમાં પોતાની કલાદષ્ટિની પરખનો પરિચય કરાવેલો**

* * *

નિષ્કુળાનંદનો પૂર્વાશ્રમનો ઈ.સ. ૧૮૦૦માં જન્મેલો મોટો દીકરો માધવ અઢાર વર્ષની વયે ઈ.સ. ૧૮૧૮માં પિતાશ્રી નિષ્કુળાનંદજીના દર્શને ગઢડા આવેલ અને પછી ભગવાન સ્વામિનારાયણના દર્શને ગયો. શ્રીહરિ એમને જોઈને ખૂબ પ્રસન્ન થયા. આશીર્વાદ આપતાં કહેલું કે બ્રહ્મચારીજી એમને તમે નિત્યપ્રસાદનો થાળ જમાડજો. પછી માધવ એક મહિના જેટલો સમય રહ્યા. વિદાય પૂર્વે નિષ્કુળાનંદની પાસે દર્શને ગયા. નિષ્કુળાનંદજીએ સંસારની અસારતાનો અને માનવ સંબંધોની ક્ષણભંગુરતાનો બોધઉપદેશ આપેલો. મુક્તાવતાર હોવાથી ભાવબોધનો

મર્મ પામીને સીધા જ ગોપાળાનંદજી સ્વામી પાસે જઈ સાધુ થવાની મહેચ્છા જણાવી. સ્વામીએ અનુમતિ આપીને ભગવા ધારણ કરાવીને શ્રીહરિ પાસે દર્શનાર્થે લઈ ગયા. પરિચય પામીને પ્રસન્ન થઈને કહ્યું કે 'સિંહના તો સિંહ જ હોય ને' એમની વૈરાગ્યવૃત્તિ જાણી વિશેષ આનંદિત થયેલા. સાધુરૂપે ગોવિંદાનંદ નામકરણ કરાવીને ગોપાળાનંદ સ્વામી પાસે સાળંગપુર હનુમાનજીની સેવામાં સાથે રાખેલા. નૈષ્ઠિક બ્રહ્મચારી તરીકે, પ્રથમ આરતી ઉતારનારા અને બાદમાં હનુમંત સેવક તરીકે તેઓ ભારે ખ્યાત થયેલા.

નિષ્કુળાનંદના પુત્ર દીક્ષિત થયા પછી શ્રીહરિએ પુનઃ નિષ્કુળાનંદજીને ગૃહસ્થાશ્રમમાં જવાનું કહેલું એના પ્રત્યુત્તરરૂપે રજૂ કરેલા પદનો એક અંશ જુઓ :

**'મને સુખને ન ગમે રે સંસાર, કોને કેમ કીજીયે**
**વમન થયું મન ઊતર્યું, એવો જાણ્યો રે સંસાર.'**

બીજા એક પદમાં પણ ગાયું છે કે,

**'મુંને મળ્યા પુરુષોત્તમરાય, રોક્યો કેન્યો નહીં રહું.'**

પોતાને થયેલા સાક્ષાત્કારની દઢ મનોભિવ્યક્તિ એમાં અવલોકી શકાય છે.

**અશક્ત શરીર, ધ્રૂજતાં અંગો અને સતત ઉધરસ-ખાંસી વચ્ચે શ્રીહરિનું સ્મરણ કરતા રહીને લેખન મગ્ન રહેતા. ક્યારેક માથુ ઢાળિયા પર ઢાળીને વિશ્રામ કરી લેતા**

વિ.સં. ૧૯૦૨, ઈ.સ. ૧૮૪૬માં એમના આયુષ્યના અંતિમ ગાળામાં અનેક રોગથી, ખાસ તો ખાંસી, તાવ અને ક્ષયરોગથી ઘેરાયેલા રહેતા, છતાં પણ ભક્તિસંદર્ભના શાસ્ત્રમતને પદ્યમાં ઢાળીને ૪૪ કડવાં, અગિયાર પદ, એક ધોળ, બે-સોરઠા અને બે દોહરા મળીને કુલ ૫૦૮ ચરણનો એમના શાસ્ત્રોના સ્વાધ્યાયના, વ્યાપકરૂપના શાસ્ત્રીય અભ્યાસના અર્કરૂપ 'ભક્તનિધિ' ગ્રંથ રચનામાં ભારે નિષ્ઠાથી ધોલેરાના મંદિરમાં બેસીને સર્જન રત રહ્યા. અશક્ત શરીર, ધ્રૂજતાં અંગો અને સતત ઉધરસ-ખાંસી વચ્ચે શ્રીહરિનું સ્મરણ કરતા રહીને લેખન મગ્ન રહેતા. ક્યારેક માથું ઢાળિયા પર ઢાળીને વિશ્રામ કરી લેતા. સાથી સંતોએ આવી પીડામાંથી મુક્તિ માટે સ્વધામમાં લઈ જવાની શ્રીહરિને પ્રાર્થના કરેલી. નિષ્કુળાનંદજીને આનો ખ્યાલ આવી જતાં કહેલું કે 'મારા શરીરમાં દુઃખ થતું હોય તો ભલે થાય, પરંતુ મને ભક્તિ અને દર્શનાદિકનો દુર્લભ લાભ મળે છે. પ્રારબ્ધ કર્મ નિરવશેષ આ જન્મમાં જ કરવાના હોય. ભક્તવત્સલ ભગવાનને જેમ કરવું હોય તેમ કરશે.' નિષ્કુળાનંદની આવી અશેષ વૈરાગ્યભાવના એમની અધ્યાત્મક્ષેત્રની ભારે ઊંડાણ અને ઊંચાઈ ધરાવતી ભૂમિકાનો પરિચય કરાવે છે. 'ભક્તનિધિ' ગ્રંથ ચૈત્ર મહિનાની નવમીએ પૂર્ણ કર્યો, પછી નામજાપ અને ધોલેરા મંદિરે આરસનું કામ કરાવતા તેમાં દેખરેખ રાખતા અને સતત શ્રીહરિની મૂર્તિમાં જ ધ્યાનમગ્ન રહેતા. અષાઢ વદ ચોથની આગલી રાત્રીએ રામાનંદસ્વામીએ દિવ્યદર્શન આપીને કહ્યું કે ધામમાં તેડી જવા છે, નિષ્કુળાનંદને દઢભક્તિ ભગવાન સ્વામિનારાયણમાં જ હતી એટલે કહે કે બીજે દિવસે રાજભોગના દર્શન કરી સાધુ-સંતોને જ મોક્ષને ભગવાનની મૂર્તિમાં ધ્યાન ધરીને બાર વાગ્યે ભગવાનશ્રી સ્વામિનારાયણ સાથે અક્ષરધામમાં આવવું છે.' એમ જ થયું. ધોલેરામાં એમની સમાધિનો ઓટલો છે. આજે પણ ત્યાગમૂર્તિ, સંતભક્તકવિ અને સદાચારી નિષ્કુળાનંદની દિવ્યચેતના એમને સ્પર્શતાં જ આપણને ધ્યાનમગ્ન અવસ્થામાં મૂકી દે છે.

એંશી વર્ષના આયુષ્યમાંથી એકતાલીશ વર્ષ ગૃહસ્થાશ્રમ અને એટલાં જ વર્ષનો સંતજીવનકાળ. ચાલીસ વર્ષના સંતજીવનકાળમાં સતત સાહિત્ય ઉપાસના કરી અને શ્રીહરિની કૃપાએ અમરત્વ અર્પનારા વેદાંત, દર્શન, ધર્મશાસ્ત્રોનાં વ્રતોનું ઈષ્ટ અર્થઘટન, ઉપનિષદ અને પુરાણોના અભ્યાસનો અર્ક ઉપરાંત શ્રુતપરંપરા અને સત્સંગ દ્વારા અર્જિત કરેલ જ્ઞાનને સ્વામિનારાયણ સિદ્ધાન્તને દઢભાવ આપવા માટેનું સમુચિત સર્જન કર્યું, એ સંપ્રદાયમતને સમર્થિત કરતી મહત્ત્વની મુદ્રાઓ છે.

નિષ્કુળાનંદ સ્વામીને ભગવાન સ્વામિનારાયણે આશીર્વાદ આપીને સાંપ્રદાયિક સાહિત્યસર્જન તરફ વાળ્યા. પૂર્વાશ્રમનો શ્રુતજ્ઞાનનો અનુભવ, સત્સંગ અને શાસ્ત્રોની વિષયસામગ્રીનું ઊંડું જ્ઞાન એમના સાહિત્યમાંથી દ્રવે છે. એમણે એમના ચાર દાયકાના કવનકાળ દરમ્યાન ચોવીશ સાહિત્યકૃતિઓ અને ત્રણેક હજાર પદ પ્રકારની રચનાઓ રચી જણાય છે. એમના વિપુલ સાહિત્યને પાંચ વિભાગમાં વર્ગીકૃત કરીને એ તમામ સાહિત્યકૃતિઓના મેં કરેલા સ્વાધ્યાયનો સંક્ષિપ્ત પરિચય પ્રસ્તુત કરવાનો ઉપક્રમ અહીં જાળવ્યો છે.

૧. ચરિત્રમૂલક સાહિત્ય
૨. ભક્તિમૂલક સાહિત્ય
૩. તત્ત્વદર્શનમૂલક સાહિત્ય
૪. ઉપદેશમૂલક સાહિત્ય
૫. અનુવાદ અને પદમૂલક સાહિત્ય

આમ એક રીતે એમની પચીસ સાહિત્ય કૃતિઓને

આવા પાંચ વિભાગનાં વહેંચીને એનો અભ્યાસ અહીં રજૂ કર્યો છે. એમાંથી નિષ્કુળાનંદનું શાસ્ત્રજ્ઞાન એમની ભક્તિવિભાવના અને ઉપદેશના ઘટકોનો પરિચય મળી રહે છે. આ બધામાં ચરિત્રમૂલક વિગતોને નિરૂપતી કૃતિઓ દસ્તાવેજી આધારો, સામાજિક સંદર્ભો અને સાંસ્કૃતિક વલણોને કારણે ઘણી મહત્તા ધારણ કરે છે. એમની સંપ્રદાયની તાત્ત્વિકપીઠિકાની અભિજ્ઞતાનો પરિચય કરાવતી કૃતિઓ રૂપકના માધ્યમથી, યોગવિદ્યાના ઘટકોના માધ્યમથી અને કેટલીક વેદાન્તદર્શનના માધ્યમથી અભિવ્યક્તિ પામી છે. એમની વિવિધ પ્રસંગે રચાયેલી પદરાશિ તો સંપ્રદાયનું મહામૂલું ધન છે. એમાં વિવિધ ઉત્સવોનો સંદર્ભ પ્રગટાવતા પદોની સંખ્યા વિપુલ છે. એમની એ તમામ કૃતિઓની વર્ગીકૃત યાદી અવલોકીએ :

**નિષ્કુળાનંદ સ્વામીકૃત સાહિત્ય**

**૧. ચરિત્રમૂલક સાહિત્ય**

૧. 'હરિવિચરણ' ઈ.સ. ૧૮૩૦ પૂર્વે
૨. 'હરિસ્મૃતિ' ઈ.સ. ૧૮૩૦ પૂર્વે
૩. 'પુરુષોત્તમપ્રકાશ' ઈ.સ. ૧૮૩૧
૪. 'ભક્તચિંતામણિ' ઈ.સ. ૧૮૩૦ પછી
૫. 'અવતાર ચિંતામણિ' –

**૨. ભક્તિમૂલક સાહિત્ય**

૧. 'સ્નેહગીતા' ઈ.સ. ૧૮૧૬
૨. 'હરિબળગીતા' ઈ.સ. ૧૮૪૨
૩. 'ચોસઠ પદી' –
૪. 'પુષ્પચિંતામણિ' –
૫. 'ચિહ્ન ચિંતામણિ' –
૬. 'ભક્તનિધિ' ઈ.સ. ૧૮૪૬

**૩. તત્ત્વદર્શનમૂલક સાહિત્ય**

૧. 'મનગંજન' ઈ.સ. ૧૮૧૫
૨. 'હૃદયપ્રકાશ' ઈ.સ. ૧૮૪૦
૩. 'ધીરજાખ્યાન' ઈ.સ. ૧૮૪૩
૪. 'વૃત્તિવિવાહ' –
૫. 'ગુણગ્રાહક' –
૬. 'કલ્યાણનિર્ણય' –

**૪. ઉપદેશમૂલક સાહિત્ય**

૧. 'યમદંડ' ઈ.સ. ૧૮૦૪
૨. 'સારસિદ્ધિ' –
૩. 'વચનવિધિ' –
૪. 'અરજીવિનય' –
૫. 'લગ્ન શકુનાવળી' ઈ.સ. ૧૮૨૭


**૫. અનુવાદ અને પદમૂલકસાહિત્ય**

૧. 'શિક્ષાપત્રી ભાષા પદ્ય' ઈ.સ. ૧૮૨૬
૨. 'શ્રીકૃષ્ણજન્મચરિત્ર' (ગદ્ય)
૩. 'વિપુલ અને વૈવિધ્યપૂર્ણ પદરાશિ' ઈ.સ. ૧૮૦૪ થી ૧૮૪૬

સામાન્ય ગૃહસ્થી લાલજી, ઈશ્વરના-પ્રત્યક્ષરૂપના શક્તિપાતથી સાધના-ઉપાસના ઉપરાંત સાહિત્યના સર્જનમાં અનુરક્ત રહીને કેવું મહત્ત્વનું, મૂલ્યવાન અને મૌલિક પ્રદાન કરી શકાય તેનું ઊજળું ઉદાહરણ નિષ્કુળાનંદ સ્વામી છે. પૂર્વાશ્રમનો પુત્ર પણ સંતસમુદાયમાં છે એને મળવાનું, એના ભક્તિભાવના કે એની સાથે સત્સંગના કોઈ સંદર્ભો એમના સમગ્ર જીવનમાં ક્યાંય સાંપડતા નથી. અંતકાળે એમના આગમનની, મેળાપની પણ નોંધ કોઈ સમકાલીન સંતસંદર્ભે પ્રાપ્ત થતી નથી. આવા અડગ, અટલ, નિર્મોહી, નિષ્પાપ અને નિર્દંભ વ્યક્તિમત્તા ધરાવતા, સાહિત્યશાસ્ત્રના સીધા અભ્યાસ કે અનુભવ વગર પણ વિપુલ, વૈવિધ્યપૂર્ણ અને ગુણવત્તાપૂર્ણ સાહિત્યના સર્જક સંત નિષ્કુળાનંદ સ્વામીનું સાહિત્ય માત્ર સંપ્રદાય નહીં પણ સમગ્ર મધ્યકાલીન ગુજરાતી સાહિત્યક્ષેત્રે મોટી ઘટના છે. આવા ઘટનાપુરુષ, પ્રજ્ઞાવાન સંતની શબ્દસાધનાના અભ્યાસ તથા આસ્વાદના આનંદ સાથે નિષ્કુળાનંદ સ્વામીને દંડવત્ પ્રણામ.

---

*તીર્થ, ૨૬૪, જનકપુરી,*
*યુનિવર્સિટી રોડ, રાજકોટ-૫*
*મો. ૯૪૨૮૨૦૭૦૦૦*



# રાઠવા આદિવાસીઓની આગવી ચિત્રણકલા : પિઠોરો

*- જોરાવરસિંહ જાદવ*

ભારત ભાતીગળ સંસ્કૃતિઓની વિશિષ્ટ અને નીજી વિરાસત ધરાવતો દેશ છે. આ દેશની ધરતી પર અનેક જાતિઓએ આદિકાળથી પોતાની આગવી સંસ્કૃતિનું સર્જન કર્યું છે. ભારત વર્ષનાં વિવિધ રાજ્યોમાં પથરાયેલી આદિવાસી વસ્તીની સંખ્યાનો વિચાર કરીએ ત્યારે પ્રથમ નંબરે મધ્યપ્રદેશ, બીજા નંબરે ઓરિસ્સા, ત્રીજા નંબરે બિહાર અને ચોથા ક્રમે ગુજરાત આવે છે. ગુજરાતની સાડા છ કરોડ ઉપરાંતની વસ્તીમાં લગભગ ૧૫ ટકા જેટલી આદિવાસી પ્રજા છે. ઉત્તર ગુજરાતમાં અરવલ્લી પર્વતની ડુંગરમાળમાં અંબાજી, દાંતા(ભવાનગઢ)થી લઈને ડાંગ સુધીના ૨૦ હજાર માઈલના વિસ્તારમાં ભીલ, દૂબળા, ઘોડિયા, ચૌધરી, ધાનકા, કુંકણા, વારલી, નાયકડા, કોલચા, કોટવાળિયા, બામચા, પારઘી, પોમલા અને કાથોડી જેવા ૧૯ જેટલા સમુદાયો વસવાટ કરે છે. તેમના વસવાટનો વિસ્તાર સાબરકાંઠા, બનાસકાંઠા, વડોદરા, પંચમહાલ, ભરૂચ, સુરત અને વલસાડ સુધી વિસ્તરેલો જોઈ શકાય છે. ગુજરાતમાં વસતા આદિવાસીઓમાં સૌથી વધુ સંખ્યા ભીલોની છે, અને ભીલો પછી સંખ્યાની દૃષ્ટિએ બીજા ક્રમે રાઠવા આદિવાસીઓ આવે છે. રાઠવાઓની વસતી મુખ્યત્વે વડોદરા જિલ્લાના છોટાઉદેપુર, જબુગામ અને નસવાડી તાલુકાઓમાં અને પંચમહાલ જિલ્લાના દેવગઢબારિયા અને હાલોલ તાલુકામાં વિશેષ જોવા મળે છે.

રાઠવા આદિવાસીઓની પાસે ભીંતચિત્ર પિઠોરાની કલાપરંપરાએ આજે વિશ્વઆખાનું ધ્યાન ખેંચ્યું છે. પિઠોરાની કલામાં સાદગી અને તાજગીનું પ્રચ્છન્ન સૌંદર્ય જાણે કે સાદ પાડી ઊઠે છે. રાઠવા આદિવાસી પ્રજાનો દૃષ્ટિકોણ તદ્દન સાદો, સીધો અને સરળ હોય છે. પોતે જે કરી રહ્યા છે તેને કળા કહેવાય એનીય એ લોકોને ખબર નથી. આદિવાસીઓની ચિત્રકલામાં કે એમનાં ભીતચિંત્રોમાં એમનો ધર્મ, માન્યતાઓ, રીતરિવાજો અને રોજબરોજના જિવાતાં જીવનનું પ્રતિબિંબ પડતું જોઈ શકાય છે. રાઠવાઓના જીવનમાં ધર્મ એટલો બધો ઓતપ્રોત થઈ ગયો છે કે એને જીવનનાં બીજાં ક્ષેત્રોથી જુદો પાડી શકાય એમ નથી. તેઓની એક પણ ક્રિયા એવી નથી કે જે ધાર્મિક વિધિથી જુદી પાડી શકાય. રાઠવા દેવદેવીઓના સ્વરૂપો, ધાર્મિક સ્વરૂપને ''બાબા પિઠોરા''ની અને 'ઇન્દ્ર'ની પૂજા ખૂબ મહત્ત્વની મનાય છે, એના દ્વારા એમની સંસ્કૃતિનાં વિવિધ પાસાં પ્રતિબિંબિત થતાં જોવા મળે છે. ધર્મની સાથે લોકકલા ભળે ત્યારે તે કેવી પ્રસન્ન પાંગરે છે અને કેવાં રૂપો પ્રગટ કરે છે તેની મારે અહીં વાત કરવી છે.



ગુજરાતની રાઠવા જાતિનો સૌથી મોટો દેવ 'બાબો પિઠોરો' ગણાય છે. ખાસ કરીને કુંવારાં છોકરાં છોકરીઓની લાંબી કે જીવલેણ માંદગી હોય ત્યારે બડવો(ભૂવો) આ દેવની બાધા રાખે છે અને મા-બાપ છોકરાઓનાં લગ્ન થતાં પહેલાં અનુકૂળતા મુજબ માનતા પૂરી કરવા માટે દેવની પૂજા ઊજવે છે. ક્યારેક ઉપરાઉપરી દુષ્કાળ પડે, ખેતીમાં બરકત ન આવે કે કોઈ રોગચાળો ફાટી નીકળે ત્યારે આવી બાધા રાખવામાં આવે છે.

વરસ સારું આવે અને ખેતીમાં બે પૈસાની પેદાશ આવે એટલે 'બાબા પિઠોરા'ની પૂજાની ઉજવણી કરવામાં આવે છે. આ દૂબળા-પાતળા પંથકમાં ગરીબાઈ તો બહુ જ છે એટલે લાંબાગાળા સુધી ખેતીમાં સારી ઊપજ ન આવે ને છોકરાં પરણાવી દેવાનાં હોય તો અડધું પાણગું(અર્ધી પૂજા)' કરીને વ્યવહારુ રસ્તો કાઢે છે. પૂજાના ઉત્સવ પ્રસંગે સગાસંબંધીઓને નોતરાં

આપીને તેડાવવામાં આવે છે. એમને જમાડવાનો અને પૂજા તથા 'ભોગ'નો ખર્ચો મોટા પ્રમાણમાં આવે છે. માનતાવાળા કુટુંબની આર્થિક સ્થિતિ સારી ન હોય તો ઘણી વાર સહિયારા પાણગા ઊજવવાની પ્રથા પણ જોવા મળે છે. પિઠોરાની પૂજા સાથે ઘણી વાર ઇન્દ(ઇન્દ્ર)ની પૂજા પણ કરવામાં આવે છે. આ પૂજાપરંપરા રાઠવાઓને મન ધાર્મિક કાર્યનો મોટો અને મહત્ત્વનો પ્રસંગ મનાય છે.

રાઠવા આદિવાસી સંસ્કૃતિના અભ્યાસી ડૉ. અરવિંદ ભટ્ટ નોંધે છે કે 'પિઠોરો' ઘરની પરસાળની વચ્ચેની મુખ્ય દીવાલ પર ચીતરવામાં આવે છે. આ પિઠોરો ચીતરવા માટે વાંસની જૂની દીવાલ કાઢી નાખી તેના સ્થાને નવી દીવાલ બેસાડવામાં આવે છે. આ દીવાલને ઉત્સવના દિવસો દરમ્યાન દરરોજ એક વખત એમ સાત દિવસ સુધી છાણ, માટીથી લીંપવામાં આવે છે. તેની સાથે સાથે આજુબાજુની બધી દીવાલોને લીંપીગૂંપીને ઘરને ચોખ્ખુંચણાક બનાવવામાં આવે છે. આઠમે દિવસે ઘરની પરસાળની ત્રણે દીવાલોને સફેદ ચૂનાથી ધોળવામાં આવે છે. આ દીવાલો લીંપવાનું અને ધોળવાનું કામ માત્ર કુંવારી છોકરીઓ જ કરી શકે તેવો વણલખ્યો નિયમ છે.

નબળું વર્ષ હોય ને પિઠોરાની અર્ધી પૂજા કરવાની હોય તો 'પાણગા'માં પિઠોરાના મુખ્ય નકશામાં પિઠોરો, પિઠોરી, ઇન્દ અને બીજા ચાર પાંચ દેવદેવીઓની સવારીવાળાં અને કેટલાક સવારી વિનાના ઘોડાઓનાં ચિત્રો ચીતરવામાં આવે છે, અને ભોગ આપી માનતા પૂરી કરે છે. જ્યારે સહિયારા 'પાણગા' હોય ત્યારે કોઈ પણ એક ઘરની દીવાલ ઉપર પિઠોરાનાં બે જુદાં જુદાં ભીંતચિત્રો તૈયાર કરવામાં આવે છે અને બંનેની એકસાથે પૂજા કરવામાં આવે છે.

આમ પૂજાની ઉજવણી પ્રસંગે 'પિઠોરો' ભીંતચિંત્રની



**સામાન્ય રીતે ઘરના, બારણાની બહાર જમણા હાથની દીવાલ ઉપર 'લખારા' નામે ઓળખાતા નિષ્ણાત ચિતારાઓ આવીને નકશી કરી જાય છે. આ ચીતરક્રિયાને 'પિઠોરાના ઘોડા લખાવવા' એમ કહે છે**

નકશી પડાવવામાં આવે છે. સામાન્ય રીતે ઘરના, બારણાની બહાર જમણા હાથની દીવાલ ઉપર 'લખારા' નામે ઓળખાતા નિષ્ણાત ચીતારાઓ આવીને નકશી કરી જાય છે. આ ચીતરક્રિયાને 'પિઠોરાના ઘોડા લખાવવા' એમ કહે છે. રાઠવા આદિવાસીઓમાં 'પિઠોરા'ની લોકકથા ખૂબ જ જાણીતી છે.

'આકાશના દેવ ઇન્દ(ઇન્દ્ર). આ ઇન્દ રાજાને સાત બહેનો હતી. તેમાંની એક બહેન કાળી કોયલ કુંજુરાણા સાથેના અનૈતિક સંબંધથી ગર્ભવતી થઈ. આ પ્રકારના કાર્યથી ઇન્દરાજા ક્રોધે ભરાશે એવા ડરથી, પુત્રનો જન્મ થતાંની સાથે એને નદીના પાણીમાં વહેતો મૂકી દીધો. પાણીમાં વહેતું વહેતું આ બાળક ઇન્દ રાજાની બીજી બહેન રાણી કાજળના હાથમાં આવ્યું. એણે આ બાળકને ઉછેરીને મોટું કર્યું. એ ઉમરલાયક થતાં એના લગ્ન લેવાનો વખત આવ્યો, એટલે છોકરાના સાચાં માબાપને શોધવા ઇન્દ્રરાજાએ બધા દેવોની સભા બોલાવી. બાળકને આ બધામાંથી કોઈ પોતાનાં માતા-પિતા હોય તો શોધી કાઢવાનું કહેવામાં આવ્યું. બાળકે જઈને કુંજુરાણીનું નાક પકડ્યું. આ બાળક ભાણેજ બન્યો. તેથી ઇન્દ્રે પિઠોરી સાથે તેનું લગ્ન કરાવ્યું. આમ 'પિઠોરા'ના ભીંતચિત્રનું કથાવસ્તુ લગ્નના ઉત્સવનું અને જાનનું છે. જેમાં સર્વ સગાસંબંધી અને જીવમાત્રને બોલાવવામાં આવ્યા હોય છે. રાઠવાઓની માન્યતા મુજબ પૃથ્વી પરનાં તમામ પ્રાણીઓને અહીં બેસાડવામાં આવે છે. સર્વ દેવદેવીઓને તેમનાં વાહન સાથે ચીતરવામાં આવે છે. મુખ્ય નકશી અને ગૌણ નકશી એમ બે ભાગમાં વહેંચાયેલું પિઠોરાનું ભીંતચિત્ર આદિવાસીઓની સમગ્ર જીવનવ્યવસ્થાને આલેખતી રંગબેરંગી રૂપકડી કલાપૂર્ણ ધાર્મિક કલાકૃતિ છે, જે મુખ્યત્વે વડોદરા વિસ્તારના છોટાઉદેપુર, પાવીજેતપુર, પંચમહાલ જિલ્લાના હાલોલ, શિવરાજપુર, જાંબુઘોડા અને દેવગઢબારિયા વિસ્તારના રાઠવા અને મધ્યપ્રદેશના અલિરાજપુર તાલુકાના ભીલ આદિવાસીઓમાં જોવા મળે છે. ભીંત ઉપર થતાં આવડાં મોટાં રંગીન આદિવાસી ચિત્રો ગુજરાતના અન્ય કોઈ જિલ્લામાં જોવા મળતાં નથી.

રાઠવા આદિવાસીઓ સામાન્ય રીતે પોષ મહિનાથી પિઠોરો ચીતરવાનું કામ શરૂ કરે છે. પાવી-જેતપુરના બોરકંડા અને પંચમહાલ જિલ્લાનાં ગામોમાં ચૂના જેવી સફેદ માટી વપરાય છે. આ માટી કંડા ગામની સીમમાંથી મંગળવારના દિવસે પાંચ કોરી ટોપલીઓમાં લાવવામાં આવે છે. માટી ભર્યા પછી પાંચેય ટોપલીઓ પર વસ્ત્ર ઓઢાડીને લઈ આવે છે.

પિઠોરો ચીતરનારા 'લખારા' છોટાઉદેપુર વિસ્તારના સુરસી ગામમાં ૬ જેટલાં કુટુંબો છે. ગાંઠિયા, શિહાદા, પાલ્લા, ગીદલી, ઝોઝ, મોડ અને બોરકંઠા તરફ આવાં કેટલાંય કુટુંબો વસવાટ કરે છે. દેવગઢ વિસ્તારના મલાજા ગામમાં માનસિંગ રાઠવા આ લેખકના ઘેર દીવાલ ઉપર પિઠોરાના ચીતર થોડાં વરસ પૂર્વે કરી ગયા છે. 'પિઠોરા'ના ઉત્સવના દિવસે દસ પંદર શેર અડદની દાળના ઢેબરાં અને ખીચડી તૈયાર કરવામાં આવે છે. કુંવારા છોકરાં છોકરીયું જ દેવપૂજા માટેની પવિત્ર રસોઈ તૈયાર કરે છે. પૂજાના દિવસે સવારે ચિતારાઓને જમાડવામાં આવે છે. ખાખરાના પાંદડાંમાં ભાત અને ઘી પીરસાય. જમી લીધા પછી ત્રણેક ચિતારાઓ વાંસની કુમળી ડાળીઓ કાપી તેનો એક છેડો પથ્થરથી છૂંદીને પીંછી બનાવે છે. 'પિઠોરા' માટે લાલ-પીળા, લીલા-વાદળી, કાળા-પોપટી અને રૂપેરી રંગો શહેરમાં વોરાની દુકાનેથી વેચાતા લાવે છે. બજારમાંથી લાવેલા કોરા રંગોમાં દૂધ અને દારૂ નાખી લાંબા સમય સુધી ટકી રહે તેવા રંગો બનાવવામાં આવે છે.

'પિઠોરો' ચીતરવાનું કાર્ય ઠીકઠીક સમય માગી લે છે. સવારથી શરૂ કરીને મોડી રાત સુધી આ કામ ચાલે છે. 'પિઠોરા' નો પ્રારંભ ગળીવાળી સૂતરની દોરીથી ભીંત ઉપર છાંટ મારીને કરવામાં આવે છે. 'પિઠોરા'ની નકશીના ચાર ખૂણાને ધરતીમાતાના ચાર છેડા ગણવામાં આવે છે. 'પિઠોરા'ના ચિત્રની ત્રણ હાર પૈકી સૌથી ઉપરના છેડે સૂર્ય અને ચંદ્રનું સ્થાપન હોય છે. પહેલી અને બીજી હરોળ ઘોડાઓની હોય છે. છેલ્લી હરોળમાં વચ્ચે રાજા ભોજનો અંબાડીવાળો હાથી અને અન્ય આકૃતિઓવાળાં પ્રસંગ-ચિત્રો હોય છે.

પિઠોરાની ઉપરની પ્રથમ હરોળમાં દેવસૃષ્ટિ હોય છે. તે સર્વ દેવો લગ્નવિધિમાં આવ્યા હોય છે. વચલી હરોળમાં 'પિઠોરો' અને 'પિઠોરી' તથા તેમનાં અન્ય સગાંવહાલાં હોય છે. નીચેની આખી ત્રીજી હરોળ માનવસૃષ્ટિની હોય છે, જેમાં રાજા ભોજના પ્રતીકરૂપે અંબાડીવાળા હાથી, આભો કણબી, ભતારી(ભાતવાળી)કૂવો, વાવ, ખેતરો, સિપાઈ, કરોળિયો, કાચીંડો, તાડ ઉપર ચડતો માણસ, પશુ સંગમ તથા સ્ત્રીપુરુષના મૈથુનનાં એકાદ બે ચિત્રો જોવા મળે છે. આમ 'પિઠોરા'માં માનવજીવન વ્યવહારનાં અનેક પ્રતીકાત્મક ચિત્રો જોવા મળે છે. આ ચિત્રોનો ક્રમ નક્કી જ હોય છે. ચિત્રનો પ્રારંભ ભૌમિતિક આકૃતિની આઉટ લાઇન કરી નકશીની વચ્ચેની હારમાં જમણી બાજુથી શુભ શુકનરૂપે ગણેશના વાદળી રંગનાં ટપકાં કરેલાં એ પછી વરતણિયા દેવ તરીકે નોતરાં દેનાર હોઢળદેવનો વાદળી રંગનો અને ગ્રામદેવનો લાલ રંગનો ઘોડો આવે. પછી ચોરાશી ખંડના દેવનો ઘોડો આવે. ત્યારબાદ 'પિઠોરો' અને 'પિઠારી'ના લાલ રંગના ટપકાંવાળા ઘોડા પાડવામાં આવે છે. એ પછીથી ઈન્દ્રની બહેન રાણી કાજળ, રાણી મેખલા, ઈન્દરાજા બાળહળ, હાટણ અને હાદરદેવની સવારીવાળું ઊંટ, બે ઘોડાની બગી, તીરકામઠાં વડે સાબરનો શિકાર કરતાં ડામોરદેવ ચીતરવામાં આવે છે. 'પીઠોરા'ની ત્રીજી હરોળમાં કૂકડો, કૂકડી, તાડના વૃક્ષ પર ચડતો માણસ, ભેંસ અને ગાય દોહતો માણસ, હાથમાં બે સર્પ લઈને ઊભેલો બે માથાંનો ધણી, કયડો કુનબી, ભૂંડ, બકરી, બળદ, ભમરો, મધમાખી, ખજૂરીનું ઝાડ, સ્ત્રીપુરુષ અને મૈથુનના ચાલીસથી માંડીને એંશી જેટલાં ચિત્રો દોરવામાં આવે છે. આ પૂજા પ્રસંગે મૃતપિતૃઓને યાદ કરીને એમને દેવપૂજામાં બેસાડવામાં આવે છે.

**પિઠોરાની ઉપરની પ્રથમ હરોળમાં દેવસૃષ્ટિ હોય છે. તે સર્વ દેવો લગ્નવિધિમાં આવ્યા હોય છે. વચલી હરોળમાં 'પિઠોરો' અને 'પિઠોરી' તથા તેમના અન્ય સગાંવહાલાં હોય છે**

'પિઠોરા'નું ભીંતચિંત્ર ચીતરાઈ જતાં બડવો(ભૂવો) સ્નાન કરી 'પઠોરાદેવ' આગળ નવ માટલીઓ મૂકી તેના માથે કાણાં પાડેલા ત્રણ ત્રણ ઢેબરાં બાંધે છે. ભૂવો ડાક-(ડાકલું) વગાડે છે. ધૂણે છે અને દેવને નૈવેદ્ય સ્વીકારવા વીનવે છે. એ વખતે કોઈ ચિત્ર અધૂરું રહ્યું હોય તો તેને પૂરું કરાવે છે. આ ચિત્રકલાની સાથે ગાવા, વગાડવા અને નાચવાની કળા ભળે છે. દિવસે પિઠોરો ચીતરાય અને રાતે ઈન્દની બાધા ચાલે. ઈન્દ અને 'પિઠોરા'ની બાધા નિમિત્તે આખી રાત સ્ત્રીપુરુષોનું નાચવાનું ચાલે. આ ઉત્સવ પ્રસંગે લોકમેળો જામે, 'પિઠોરા'ના ગાયણાં (ગીતો) અને પૌરાણિક કથાઓનો તુલનાત્મક અભ્યાસ કરવાથી પૃથ્વીની ઉત્પત્તિ અને જીવસૃષ્ટિ અંગેની અદ્ભુત વાતો જાણવા મળે છે. 'પિઠોરા'ની એક વિશિષ્ટ આગવી ચિત્રશૈલી છે, જે અભણ રાઠવા આદિવાસીઓની નૈસર્ગિક કલાસૂઝના સુપેરે દર્શન કરાવે છે. 'પિઠોરા'ની પૂજામાં કુંવારી કન્યાઓને અપાતું મહત્ત્વ, લગ્નનું કથાવસ્તુ તથા રાઠવાઓની સામાજિક આર્થિક જીવનવ્યવસ્થાનું પ્રતિબિંબ જોવા મળે છે.

*'સજ્જન સ્મૃતિ' ૨, પ્રોફેસર્સ કોલોની,*
*નવરંગપુરા, અમદાવાદ-૯*
*મો. ૯૮૨૪૦૨૮૩૨૬*

# ભારતની ઝેન પ્રતિભાઓ

- *ભદ્રાયુ વછરાજાની*

" વિધવાનાં આંસુ લૂછી ન શકે અને ભૂખ્યા જનોનું પેટ ન ભરી શકે એવા ધર્મને હું ધર્મ કહેવા માટે તૈયાર નથી." સ્વામી શ્રી વિવેકાનંદ

ઝેન એક એવો પંથ છે કે જે ઈશ્વર સાથે સીધો સંપર્ક રાખે છે. ઝેન ગુરુઓની અનેક કથાઓ છે અને ઝેન પરંપરા અનેક દૃષ્ટિએ અદ્વિતીય છે. સરળતાથી સમજવું હોય તો એમ કહી શકાય કે કોઈ પામી ગયેલા બુદ્ધપુરુષોની એક વિશિષ્ટ જીવનયાત્રા એ ઝેન છે. જાપાનના ક્યોટો નગરને સૂફીઓના ઉદ્ભવસ્થાન તરીકે સ્વીકારવામાં આવે છે. અમેરિકાની ભૂમિ પર વિશ્વ સંસ્થા UNO ખાતે શ્રી રામકથા ગાઈને ભારતનું નામ રોશન કરનાર યુવાઓના પ્રેરકસંત શ્રી મોરારિબાપુએ જાપાનના ક્યોટો ખાતે "માનસ સહજ" કેન્દ્રબિંદુ રાખીને કથાગાન ૨૦૧૬માં કર્યું. તે નવદિવસીય કથાના પ્રેમયજ્ઞમાં સદેહે ઉપસ્થિત રહેવાનું સદ્ભાગ્ય સાંપડ્યું. કથા દરમિયાન સાંધ્ય ગોષ્ઠી યોજાય અને તેમાં મનગમતા વિષય પર વાત કરવાનું બાપુનું ઈજન સ્વીકારીને ભારતની ઝેન પ્રતિભા ગણવી હોય તો કોને ગણવી એવો વિચાર અભ્યાસપૂર્ણ રીતે વહેતો મૂક્યો. જેનો સાર ભાવ અહીં પ્રસ્તુત છે.

ઘણાં બધાં વ્યક્તિત્વ યાદ આવ્યાં અને એમાંથી કેટલાકને પસંદ કરીને અહીં રજૂ કરું. કોઈ ક્રમ નથી જાળવ્યો. સહજતાથી જેમ આવ્યું તેમ રાખ્યું છે. પ્રથમ તો શ્રી રામકૃષ્ણ પરમહંસ. કથા દરમિયાન બાપુએ બહુ જ સરસ શબ્દ આપ્યો 'સહજાનુભૂતિ' ! સ્વામી રામકૃષ્ણ પરમહંસની સાથે જોડાયેલા બે શબ્દો 'સહાનુભૂતિ' (Sympathy) અને 'સમાનુભૂતિ', (Empathy). એક બહુ જ મોટી ઝેન પ્રતિભા કે જેણે પોતે કાલી માતાજીની મૂર્તિ સામે ઊભા રહીને એમ કહ્યું કે, "આ બધું મને ફાવતું નથી. તારા પૂજા અર્ચન રોજ કર્યા કરવા એ મને બહુ ફાવતું નથી." 'મારા ગુરુદેવ' નામના પુસ્તકમાં સ્વામી વિવેકાનંદે લખ્યું છે કે, "પોતે માથું પછાડીને કાલીની મૂર્તિ પાસે રડ્યા છે કે આવું કેટલી વખત મારી પાસે કરાવીશ તું? આમાંથી કાંઈ નિચોડ બહાર આવશે કે મારે આ જ કરવાનું છે?" સહાનુભૂતિ તો સરળ છે. મને તમારા પ્રત્યે લાગણી છે એમ કહીએ એટલે સહાનુભૂતિ દર્શાવી ગણાય... કોઈકને ઘરે ખરાબ પ્રસંગ બન્યો ને આપણે હાજરી પુરાવીએ તે સહાનુભૂતિ, પણ સમાનુભૂતિ એટલે શું? આવો, શ્રી રામકૃષ્ણદેવના જીવનની એક ઘટના જાણીએ. શ્રી રામકૃષ્ણદેવ એક નદીમાંથી હોડીમાં બેસી પસાર થતા હતા અને હલેસાં મારીને એના શિષ્યો લઈ આવતા હતા ને અચાનક રામકૃષ્ણદેવ રાડો નાખવા લાગ્યા,, 'મને બચાવો... મને બચાવો... મને બચાવો' અને લોકોને એમ થયું કે, શું થયું છે? ગુરુદેવને શું થયું? કોઈ કળી ન શકે તેવી રીતે દેવની આંખમાંથી પાણી ચાલ્યા જાય, એમની પીઠ ઉપરથી લોહી નીકળતું હોય, બધાને આશ્ચર્ય થાય કે, થયું શું? એટલે બધા ગભરાઈને એક કિનારા ઉપર જ્યારે નાવને લઈ જાય છે ત્યારે જુએ છે કે નાવ પાસે એક ખલાસી ઉપર એનો મુકાદમ દોરડા વીંઝતો હતો અને ખલાસી તરફડતો હતો. એના વાંસામાં જેવી લોહીની ભરોળ ઊઠી છે, એવી જ ભરોળ શ્રી રામકૃષ્ણ પરમહંસના વાંસામાં પણ જોવા મળે છે !! સ્વામી વિવેકાનંદે લખ્યું છે કે આ છે 'સમાનુભૂતિ', 'What you feel, I also feel' જ્યાં હું અને તમે અલગ થઈ જઈએ છીએ અને જે અનુભૂતિ ચાલે છે એ સહાનુભૂતિ. પણ જ્યાં હું અને તમે બંને ભેગા જ છીએ, દ્વૈત નથી, ત્યાં સમાનુભૂતિ છે ! જ્યાં પોલ સાર્ત્ર નામનો અસ્તિત્વવાદી એમ કહે છે, 'The other is hell' તમે એમ કહ્યું કે, 'બીજો', એટલે તમારી હિંસા શરૂ થઈ. કારણ કે તમે એને 'બીજો' ગણ્યો એટલે તમે એને તમારાથી નોખો

**સહાનુભૂતિ તો સરળ છે. મને તમારા પ્રત્યે લાગણી છે એમ કહીએ એટલે સહાનુભૂતિ દર્શાવી ગણાય... કોઈકને ઘરે ખરાબ પ્રસંગ બન્યો ને આપણે હાજરી પુરાવીએ તે સહાનુભૂતિ, પણ સમાનુભૂતિ એટલે શું?**



ગણ્યો અને નોખો ગણ્યો એનો અર્થ જ એવો કે, તમે હિંસા શરૂ કરી.

મહાવીર સ્વામીને કોઈકે પૂછ્યું કે, તમે ચાલો ને અમે ચાલીએ તેમાં ફેર શો ? અમે બહુ કાળજી રાખીએ છીએ કે, અમારા પગ નીચે કોઈ જીવ ન કચડાય, પણ આપ તો સહજ રીતે ચાલો છો અને છતાં ખરેખર કોઈ કચડાતું નથી. અને અમારાથી કાળજી રાખ્યા છતાંય આવું કેમ થઈ જાય છે? મહાવીર સ્વામીએ કહ્યું કે, તમે યાદ રાખો છો કે કોઈ જીવ પગ નીચે ન કચડાય. હું યાદ રાખું છું કે, હું પોતે મારા પગ નીચે ન કચડાઉં. એ નાનકડા જીવમાં હું મારી જાતને જોઉં છું. આ સમાનુભૂતિ છે. શ્રી રામકૃષ્ણ પરમહંસના શિષ્ય સ્વામી શ્રી વિવેકાનંદ. વિશ્વના બધા જ ધર્મોને એક સૂત્રમાં બાંધી દેવા હોય તો એ સ્વામી વિવેકાનંદના એક વાક્યમાં બાંધી શકાય "વિધવાનાં આંસુ લૂછી ન શકે અને ભૂખ્યા જનોનું પેટ ન ભરી શકે એવા ધર્મને હું ધર્મ કહેવા માટે તૈયાર નથી." સ્વામી વિવેકાનંદે યુવાનોને કહ્યું, "તમારે અત્યારે ગીતા વાંચવાની જરૂર નથી, ઊભા થાઓ અને ફૂટબૉલ રમવા જાઓ. ફૂટબૉલનું ગ્રાઉન્ડ ખાલી પડ્યું છે. Go and play there, that is your right religion at this time."

આમ જુઓ તો, ભારતીય ઝેન પરંપરાની વાત કરવી હોય તો તે છેક નરસિંહ મહેતાથી શરૂ થાય. ભારત આવેલ કોઈ પણ વિદેશી એક વખત પોંડિચેરીની મુલાકાત લે અને એક નામ ગુંજતું સાંભળે અને તે The Mother. કોણ છે આ મધર? એક ફ્રેંચ લેડી જેમણે મહર્ષિ અરવિંદને મળ્યા પછી કાયમ માટે ફ્રાન્સ છોડી દીધું !! અને અહીં આવ્યા પછી પોંડિચેરીની

**વિશ્વના બધા જ ધર્મોને એક સૂત્રમાં બાંધી દેવા હોય તો એ સ્વામી વિવેકાનંદના એક વાક્યમાં બાંધી શકાયઃ " વિધવાનાં આંસુ લૂછી ન શકે અને ભૂખ્યા જનોનું પેટ ન ભરી શકે એવા ધર્મને હું ધર્મ કહેવા માટે તૈયાર નથી"**



બહાર તેણે ચાલીસ-ચાલીસ વર્ષ સુધી પગ ન મૂક્યો. શ્રી મધર પહેલી વખત શ્રી અરવિંદને મળવા આવ્યાં ત્યારે શ્રી અરવિંદનું નિવાસસ્થાન શોધવામાં તકલીફ પડી. થાકી હારીને શ્રી મધરે એક માળીને પૂછ્યું કે, 'મહર્ષિ ક્યાં રહે છે?' તે માળી કશું સમજ્યો નહિ પણ એણે આંગળી ચીંધી અને તેઓ ગુરુ પાસે પહોંચ્યા. શ્રી મધરનું બુદ્ધત્વ જોઈએ તો, તે દિવસની ઘડીથી એ માળી જ્યાં સુધી જીવ્યા ત્યાં સુધી દરેક મહિને છાના હાથો દ્વારા ધ મધરે એ માળીને એનું પોષણ મળતું રહે એવી વ્યવસ્થા ગોઠવી અને જ્યારે જ્યારે દર્શન ડે હોય ત્યારે બધી જ લાઇનને તોડીને એ માળી જેવો અલગારી માણસ બહાર આવે અને એને બધી જ લાઇનમાંથી આગળ લઈ જવામાં આવે અને તેને દર્શનનો પ્રથમ લાભ મળે ! કોઈકે પૂછ્યું કે, "આ કોણ છે આવો નકામો? (ઘણી વખત આપણે આઉટર સેલ્ફ ઉપરથી માણસનું ઈવેલ્યુએશન કરી લેતા હોઈએ છીએ અને એમાં બહુ ભૂલ ખાઈ જઈએ છીએ.) કોણ છે આ? અમે અડધી રાતથી લાઈનમાં ઊભા છીએ, અને આ માણસને આવો આવકાર મળે છે !?!" કોઈકે કહ્યું કે, એ પહેલો માણસ છે જેણે ધ મધરને મહર્ષિનું નિવાસસ્થાન બતાવ્યું. શ્રી માતાજીને કોઈએ પૂછ્યું કે, આવું કેમ ? શ્રી માતાજીએ કહ્યું કે, હું તો એટલું યાદ રાખું છું કે, "મારા ગુરુના ઘર તરફ આંગળી એણે મને ચીંધી છે." શ્રી માતાજીને કોઈકે પૂછ્યું કે, "ધ્યાનની વ્યાખ્યા શી?" શ્રી મધરે સરસ જવાબ આપ્યો, "એક ગરીબ માણસના ઘરનો રૂમ સાફ કરવાનું મને કહેવામાં આવે તો હું એટલી કાળજીથી રૂમ સાફ કરવાનું પસંદ કરું કે, હું કોઈ મોટી હૉસ્પિટલનું એક ઓપરેશન થિયેટર સાફ કરી રહી હોઉં "આ મારું ધ્યાન છે."

એક મહાપુરુષને દૂર-દૂર દેખાતા એવા એક પર્વત ઉપર રોજ જવાનું અને રોજ પાછા આવવાનું. એક લાકડાની પાટ ઉપર જેણે જિંદગી કાઢી નાખી, નહીં પ્રવચનો કર્યાં, નહીં કથાઓ કરી, કશું જ નહીં કર્યું. કોઈ પૂછે તો અડધો જવાબ આપે તે શ્રી રમણ મહર્ષિને કોઈએ પૂછ્યું કે, "આ પક્ષી, આ નદી, આ પર્વતો, એ ક્યાંથી આવે છે?", મહર્ષિએ થોડી વાર પછી જવાબ આપ્યો "તમારા પ્રશ્નો ક્યાંથી આવે છે ?" 'સાક્ષાત્કાર' નામનું પુસ્તક છે, ક્યારેક વાંચવા જેવું છે. હું માનું છું કે શ્રી રમણ મહર્ષિને કદાચ ભારતના 'ધ બેસ્ટ ઝેન માસ્ટર' કહી શકાય.


વિનાયક ભાવે તે આપણા સૂફી ફકીર વિનોબાજી.


વિનોબાજી પોતે સંસાર છોડી અને હિમાલય તરફ જવા નીકળી ગયા હતા અને ત્યાં એમણે એક ન્યૂઝ પેપરમાં વાંચ્યું કે, ગાંધીજીએ એની બેસન્ટની હાજરીમાં બેધડક જાહેરમાં કહ્યું કે, આ મારું ભારત છે અને જે કાંઈ અહીંયાં થશે એ હિન્દીમાં થશે અથવા તો માતૃભાષામાં થશે. એની બેસન્ટે એમ કીધું કે, This is international conference, you can't say like that. બાપુએ કહ્યું કે, You can maintain your stand, equally I have a right to maintain my stand. એ વાંચ્યું અને વિનોબાજીને થયું કે, આ કોણ છે? અને એને મળવા માટે ઊપડ્યા. અને વિનોબાજીને લાગ્યું કે, 'મારે હિમાલય જવાની જરૂર નથી કારણ મને બાપુમાં હિમાલયનાં દર્શન થાય છે.'

પોતાના પહેલા સત્યાગ્રહી તરીકે ગાંધીજીએ પસંદ કર્યા એ વિનોબા ભાવે. આ વિનોબા ભાવેના ઘરની અંદર મોટું ફણસનું ઝાડ, જેના મોટાં ફળ અને એની પેશી મોટી મોટી હોય. એ ફળ જોઈને રોજ બધાં બાળકો ચિંતા કરતાં હોય કે આ ફળ ક્યારે ખાવા મળે. હવે ફળ પાક્યું છે, રોજ સવારે ઊઠીને જુએ ત્યાં એક દિવસ જુએ તો પોતાની મા નીચે ફળ લઈને બેઠી છે અને પેશીઓ કાઢે છે. બધાં બાળકો માની ફરતે ગોઠવાઈ ગયાં. મા એક વાટકીની અંદર એક પેશી મૂકીને આપે કે, 'બેટા જા, પહેલો ભાગ તો પાડોશીનો હોય ને !. તું દેતો આવ એને. જા વિનીયા જા.. દેતો આવ બાજુમાં'. બીજી વાર આવ્યા ત્યારે કીધું, "બેટા જમણી બાજુ દેતો આવ. એણે ફળને રોજ જોયું છે. જોયું છે એટલે એનો અધિકાર છે." વિનોબાજીને કોઈએ ભૂદાન વખતે એવો પ્રશ્ન પૂછ્યો હતો કે તમને આ ભૂદાનનો વિચાર આવ્યો ક્યાંથી? એમાં એમણે આ વાત કરેલી કે, મારી માએ મને ત્યારે શીખવ્યું છે કે, બેટા યાદ રાખજે જે દે તે દેવ, અને રાખે તે રાક્ષસ. વિનોબાજીએ કહ્યું કે ત્યારથી નક્કી કર્યું કે, "મારી પાસે જે કંઈ છે તેમાંથી સમાજને અર્પણ કરવું..બસ, એમાંથી મને ભૂદાનનો પહેલો વિચાર આવ્યો."

**વિનોબાજીને લાગ્યું કે, 'મારે હિમાલય જવાની જરૂર નથી કારણ મને બાપુમાં હિમાલયનાં દર્શન થાય છે.' પોતાના પહેલા સત્યાગ્રહી તરીકે ગાંધીજીએ પસંદ કર્યા એ વિનોબા ભાવે.**

આચાર્ય રજનીશ તે ઓશો ઘણાં વર્ષ વહેલા જન્મ્યા એટલે આપણને ઓળખતાં બહુ વાર લાગી. હજી ઘણા લોકોને ઓળખાણા નથી. પણ ખરેખર એમ કહેવાય કે, ઓશો એટલે નિજાનંદમાં જીવનારો ભારતીય ઝેન ફકીર. ઇચ્છા થાય કે રોલ્સ રોય્સ ગાડીનો ખડકલો હોવો જોઈએ તો ખડકલો હોય, એમને ઇચ્છા થાય કે મારે કાંડે વિશ્વની મોંઘામાં મોંઘી બે ઘડિયાળ હોવી જોઈએ તો બે ઘડિયાળ હોય, અને એમને ઇચ્છા થાય કે આ ઘડિયાળનું કાંઈ નથી કરવું તો એ નાખીને ચાલતો પણ થઈ જઈ શકે... કેવો વિચાર કે જે વિચાર આજે વર્ષો પછી, 1991માં તેઓની વિદાય પછી પણ એટલો જ પ્રભાવક છે. તેઓ પોતાની જાતને ધર્મગુરુ માનતા ન હતા. કારણ એ પોતે જ બધાને રોબ પહેરાવે અને માળા પહેરાવે ને પછી અચાનક કહે કે, કાલથી બધા રોબ કાઢી નાખજો ને માળા કાઢી નાખજો ! પોતે પોતાનું નામ પાડે ને પોતે પોતાનું નામ ભૂંસી નાખે. 'કાલથી હું આચાર્ય રજનીશની બદલે ઓશો કહેવાઈશ' એમ તેઓ કહી દે ! તેમના આશ્રમ વિશે ઘણી બધી વાતો આવે અને કોઈએ ફરિયાદ કરતાં-કરતાં કીધું કે, "ઓશો, આ બધું શું ચાલે છે આશ્રમમાં? શું ચાલે છે આ બધું?" ઓશોએ જવાબ આપ્યો, "પણ એમાં મારે





શું ?", તરત જ પેલાએ કહ્યું, 'આ બધું તમારાં આશ્રમમાં ચાલે છે..' ઓશોએ તરત જવાબ આપ્યો, "તો પછી તમારે શું? જો મારો આશ્રમ હોય તો તમારે શું? અને જો કોઈકનો આશ્રમ હોય તો મારે શું?" ઓશો જેવો ચિંતક કે વિચારક કે જેના પ્રભાવમાંથી આજે કોઈ મુક્ત રહી શક્યું નથી.

पंखी पानी पीनेसे घटे न सरिता नीर, धरम किये धन ना खुटे, सहाय करे रघुवीर. આ નાનકડી પંક્તિમાં મોટો બોધ આપણને આપનાર શ્રી રણછોડદાસજી બાપા વારંવાર કહેતા: ''સેવા અને સ્મરણ કરવાનાં છે બે કામ, સેવા તો જનસેવા ને લેવું હરિનું નામ''. આ બે પંક્તિની અંદર બધાં ઝેન સૂત્રો આવી જાય કે નહીં ? છેલ્લી વાત, વિનોબાજીને જેણે પહેલા સત્યાગ્રહી તરીકે પસંદ કર્યા તે મારો બેસ્ટ ઝેન માસ્ટર મોહનદાસ કરમચંદ ગાંધી. સદીઓ સુધી આખું વિશ્વ જેને સેન્ચ્યૂરીના બેસ્ટ હ્યુમનબીઈંગ તરીકે મતદાન કરીને પસંદ કરે છે. સાચું એ છે કે, ક્યારેય આ ઝેન માસ્ટરોને સમજવાનો પ્રયત્ન ન કરવો, નહીં સમજાય એ બુદ્ધપુરુષો... ગાંધી ન જ સમજાય, કૃષ્ણ ન જ સમજાય, અને ન સમજાય એની જ મજા છે. મહાત્મા ગાંધી પાસે લુઇ પાશ્વર આવ્યા અને અઠવાડિયું રહ્યાં. એક નાનકડી પુસ્તિકા છે, વાંચવા જેવી છે. 'લુઇ પાશ્વર સાથે એક અઠવાડિયું ગાંધીનું' અક્ષર ભારતી, ભુજનું પ્રકાશન છે. લુઇ પાશ્વર દૂરથી આવે છે એ સાયન્ટિસ્ટ છે, એને મારા કસ્ટમ્સ નહીં ફાવે એવી ખબર છે ગાંધીજીને, એટલે બધા નીચે બેઠા હોય ત્યારે પહેલાં લુઇ પાશ્વરને નીચે બેસવા દે અને પછી બાપુ જુએ કે, He is not comfortable. એટલે બાપુ ઈશારો કરે કે, નાનું સ્ટૂલ આપો. અને પછી એણે ઊભા થઈને રિકવેસ્ટ કરી કે, You can sit on this small table, you will not be comfortable sitting on the ground. બાપુને જમવામાં બાફેલો કાંદો ખાવાની ટેવ હતી અને એ બાફેલો કાંદો લુઇ પાશ્વરની થાળીમાં મૂક્યો અને લુઇ પાશ્વરને થયું કે, આ શું છે બાફેલું? એટલે એ ભાંગવા ગયા એટલે ગાંધીજીએ કીધું કે If you don't, don't do it. It's a boiled onion you may not like but I feel that it is better for health. અને પછી હળવાશથી કહ્યું "ખાવાની ટેવ પાડો, અઠવાડિયું રહેશો તો કદાચ ફાવી જશે." આ ગાંધી.

**શ્રી રણછોડદાસજી બાપા વારંવાર કહેતા : ''સેવા અને સ્મરણ કરવાનાં છે બે કામ, સેવા તો જનસેવા ને લેવું હરિનું નામ''. આ બે પંક્તિની અંદર બધાં ઝેન સૂત્રો આવી જાય કે નહીં ?**

અરે, અહીં ક્યોટોમાં એક ગાંધી સમ વ્યક્તિની કથા છે. એક વાઈસ હોલી પર્સન અહીં ક્યોટોમાં રહે, અને એ હોલી પર્સનને જોવા માટે બધા વિઝિટર જાય. એક માણસને બહુ તકલીફ પડતી હતી, બહુ દુખી હતો એટલે એને કોઈએ કહ્યું, ઉપર એક હોલી પર્સન રહે છે, એમને જઈને મળો, અને એ ગયા. ગયા એટલે એક માણસે સ્વાગત કર્યું. એણે કીધું કે મારે પેલા પવિત્ર માનવને મળવું છે. જવાબ મળ્યો કે, આપનું સ્વાગત છે. અને એને એક રૂમમાંથી પસાર કર્યા અને બીજા રૂમમાં એને લઈ ગયા. એને એમ થયું હમણાં અહીંયાં મને બેસાડશે. પરંતુ બેસાડવાની બદલે કહ્યું: 'Have you seen all these things?' 'If Yes, let's go ahead. ત્રીજા રૂમમાં, ચોથા રૂમમાં, પાંચમા રૂમમાં, પૅલેસ જેવી મોટી જગ્યા. બધું જ ખાલી-ખાલી, કશું જ નહિ, અને છેવટે બહારનું બારણું આવ્યું ત્યાં એક્ઝિટ હતી. એક્ઝિટમાંથી બન્ને બહાર નીકળી ગયા. બહાર નીકળીને ફરીને પાછા મૂળ જગ્યાએ આવ્યા





અને પેલાએ હાથ જોડ્યા, Thank you very much for visiting the place. પેલાએ કહ્યું, I would like to meet that holy person, હજી તો હું એને મળ્યો નથી, મળવું છે. એમણે જે જવાબ આપ્યો એ જવાબ હું શબ્દશઃ મૂકું છું : ''Everyone you may meet in life, even if they appear insignificant see each of them as a wise holy man. If you do this, then whatever problem you brought here today, will be solved.'' તમને જીવનમાં જે કોઈ મળે છે, ભલે ને એ તમને નકામા લાગે, સાર્થક ન હોય એવા લાગે, તમને એમ લાગે કે, આની સાથે શું વાત કરવી, પણ એને જો તમે એક પવિત્ર માણસ તરીકે સ્વીકાર કરશો તો તમારા બધા જ પ્રશ્નો ત્યાં ને ત્યાં પૂરા થઈ જશે.


મહાત્મા ગાંધી પોતાના આશ્રમની અંદર હતા અને કોઈ જે. સી. કુમારપ્પા નામની એક બહુ મોટી વ્યક્તિ એનો સમય લઈને સાડા ત્રણ વાગ્યે એને મળવા આવી. અને સવા ત્રણ વાગ્યે એમણે એન્ટ્રી મારી અને એમણે ત્યાં કોઈ ભાઈ મોઢે બાંધીને ફળિયું સાફ કરતા હતા, એને જઈને કીધું કે, મને ગાંધીએ મુલાકાતનો સમય આપ્યો છે સાડા ત્રણ વાગ્યાનો, મેસેજ આવ્યો એટલે હું આવી ગયો છું . એટલે પેલાએ એમ કહ્યું કે, ગાંધીજીએ કહ્યું છે ને ? તો એ આવી જશે સાડા ત્રણે. અને એ પાછું વાળવા લાગ્યો. પેલા મુલાકાતીને એમ લાગ્યું કે He is neglecting me. એણે ફરી વાર ઊઠીને કહ્યું કે Go and give a message to Gandhi that I am here. એટલે એણે પાછું થોડી વાર પછી કહ્યું કે, Don't worry, ગાંધી આવી જશે. He is very particular. સાડા ત્રણ થયા એટલે પછી એ જ માણસ પોતાનો સાવરણો મૂકી, મોઢા ઉપરનો રૂમાલ છોડી અને પછી અંદર ગયો અને પેલાને કહ્યું આવો આપણે અંદર બેસીએ. એટલે પેલા મહાશયે કહ્યું, 'I would like to meet Gandhi.; એટલે સામે જવાબ મળ્યો કે, 'Yes Welcome. Meet, I am Gandhi.'.... મને એવું લાગે કે He is the holy man of Kyoto કે જેને શોધવા ગયો અને કોઈ ન મળ્યું. તમે ગાંધીને શોધવા ગયા હતા પણ ગાંધી તો હાથમાં સાવરણો લઈને સફાઈના કામમાં વ્યસ્ત હતા. આટલી સહજતા. એની નાની પેન્સિલ ખોવાઈ જાય તો આપણે નિંદા કરી શકીએ પણ સાહેબ પેન્સિલ વગર એને નીંદર ન આવે. એટલો બધો વિચિત્ર અને છતાં પવિત્ર પુરુષ આપણી વચ્ચે હોય અને આપણને ખ્યાલ નથી આવતો. વિચારવા જેવું એ છે કે, આ બધા લોકો તો જતા રહ્યા છે, તો આપણે કોને સ્વીકારવા? મને એવું લાગે છે કે ઝેન અત્યારે આપણી આજુબાજુ છે, ગાંધી આપણી આજુબાજુ છે, ઈશ્વર આપણી આજુબાજુ છે, ક્યાંય શોધવાની જરૂરિયાત નથી.


**એવું લાગે છે કે ઝેન અત્યારે આપણી આજુબાજુ છે, ગાંધી આપણી આજુબાજુ છે, ઈશ્વર આપણી આજુબાજુ છે, ક્યાંય શોધવાની જરૂરિયાત નથી**

બાઈબલનું એક વિધાન છે કે, "ખખડાવો અને ખૂલશે !!" બસ, આ શ્રદ્ધા આપણી ભૂમિના ઝેન ગુરુઓએ બંધાવેલી છે. તેના આધારે આપણી યાત્રા અવિરત કરતા રહીએ.

*પ્રેમમંદિર, નર્મદા પાર્ક-૪, બંધ શેરી,*
*અમીન માર્ગ, રાજકોટ.*
*મો. ૯૮૯૮૯૨૦૩૩૩*







# વિચારશીલતાની વાર્તાઓ : જાતકકથાઓ

*- યશવન્ત મહેતા*

ગૌતમ બુદ્ધ ઈસુ પૂર્વેની છઠ્ઠી સદીમાં થઈ ગયા, વિશ્વભરમાં ત્યારે વાસ્તવિક જીવન, તર્કમય વિચાર, સમતામય જીવન, હિંસારહિત આચારવિચાર પ્રેરનાર વિભૂતિઓ જન્મી હતી. ગ્રીસમાં સૉક્રેટિસ વગેરે, ચીનમાં કન્ફ્યુશિયસ, લાઓત્ઝુ વગેરે, ઈરાનમાં ઝરથુસ્ત્ર તેમ ભારતમાં ગૌતમ બુદ્ધ અને મહાવીર. આમાં બુદ્ધવિચારનો એશિયાભરમાં ખૂબ પ્રસાર થયો. જાપાન, ચીન, પૂર્વ એશિયા, શ્રીલંકા, મ્યાનમારમાં તો બુદ્ધને કેન્દ્રમાં રાખતા ધર્મ આજે પણ મુખ્ય રાષ્ટ્રધર્મ છે. ભારતમાં ઈસુ પૂર્વે ચોથી સદીથી ઈસુની આઠમી સદી સુધી બૌદ્ધ ધર્મ જ લગભગ સર્વવ્યાપક હતો.

આમ, લગભગ બારસો-તેરસો વર્ષ લગી પ્રવર્તમાન રહેવાને પરિણામે બૌદ્ધ સાહિત્ય પણ ખૂબ રચાયું. બુદ્ધનું જીવન, એમનો ઉપદેશ, એમ ઉપદેશની સમજૂતી, એ સમજૂતી લૌકિક રીતે આપવા માટેની વાર્તાઓ....આમ અનેક પ્રકારનું સાહિત્ય સર્જાયું. એમાં જાતકકથાઓ બહુ વિશિષ્ટ પ્રકારની વાર્તાઓ છે.

**જાતકકથાઓમાં 'જાતક' શબ્દનોઅર્થ છે 'જન્મસંબંધી' અથવા જન્મનાર. કેટલાક જ્યોતિષીઓ પોતાના અસીલને જાતક તરીકે ઉલ્લેખે છે. અહીં આ શબ્દનો અર્થ 'બુદ્ધના જન્મસંબંધી' એવો થાય છે**

વાર્તા દ્વારા સમજણ, જાણકારી, ચારિત્ર્ય ઘડતરની પરંપરા સર્વવ્યાપી છે. પંચતંત્ર, હિતોપદેશ, ઈસપકથાઓ, અહીં અરેબિયન નાઈટ્સ પણ મુખ્યત્વે નાનેરાં નાગરિકોને સાર્થક જીવનના પાઠ ભણાવવાનો ઉદ્દેશ ધરાવે છે. જાતકકથાઓમાં પણ ઉદ્દેશ એ જ છે. માત્ર એનો અભિગમ આગવો છે.(આ વાત જરા આગળ જોઈશું.)

જાતકકથાઓમાં 'જાતક' શબ્દનો અર્થ છે 'જન્મસંબંધી' અથવા જન્મનાર. કેટલાક જ્યોતિષીઓ પોતાના અસીલને જાતક તરીકે ઉલ્લેખે છે. અહીં આ શબ્દનો અર્થ 'બુદ્ધના જન્મસંબંધી' એવો થાય છે. સમજણ એવી છે કે કોઈ પણ માનવી માત્ર એક જીવનના એંશી-નેવું-સો વર્ષોના ગાળામાં સંપૂર્ણ જ્ઞાન પામી ન શકે. બુદ્ધ તો ન જ બની શકે. ગૌતમબુદ્ધને પણ પ્રજ્ઞા પ્રાપ્ત કરતાં પહેલાં અનેક અવતારો લેવા પડયા હશે. દરેક અવતારે એ કશુંક જ્ઞાન, કશીક સમજ સિદ્ધ કરતા કરતા બુદ્ધ બન્યા. આ અગાઉના અવતારોની કથાઓ તરીકે જે કથાઓ કહેવાઈ તે જાતકકથાઓ. 'બોધિ'નો અર્થ છે બુદ્ધત્વ અને સત્ત્વનો અર્થ છે પ્રાણી, આમ, બુદ્ધત્વ માટે પ્રયત્નશીલ પ્રાણી એટલે બોધિસત્ત્વ. એક પછી બીજા અને એ પછીના અને એ પછીના જન્મમાં કે અવતારમાં બોધિસત્ત્વ કેવા ક્રમશઃ વિકસતા ગયા, એની વાત કરવાને વિશે આ કથાઓ રચાઈ, ક્યાંક એ ન્યાય કરે છે, ક્યાંક કોઈ સમસ્યાનો નિકાલ આણે છે, ક્યાંક કોઈ પ્રાણીનો જીવ બચાવે છે, એમ અનેક અનેક સત્કાર્યોની કથાઓ એટલે જાતકકથાઓ, અલબત્ત, બુદ્ધવિચાર, અવતારવાદમાં માનતો નથી. માત્ર વાર્તાઓ માટે પૂર્વાવતારનો ખ્યાલ અહીં સ્વીકારાયો છે.

કુલ જાતકકથાઓ કેટલી છે ? બીજા અર્થમાં કહીએ તો, બોધિસત્ત્વે બુદ્ધ બનતાં અગાઉ કેટલી વાર જન્મ લઈને કામ કર્યાં? જવાબ છે : જાતકકથાઓનો ચોક્કસ આંકડો આપી શકાય એમ નથી. સંસ્કૃત ભાષામાં 'જાતક માલા' નામે એક ગ્રંથ મળે છે, જેના લેખક આર્યશૂર છે. એમની 'જાતક માલા'માં કુલ ૩૪ જાતકકથાઓ છે. એ જ રીતે, મહાવસ્તુ નામના પાલી ભાષાના ગ્રંથમાં ૮૦ કથાઓ છે પણ ઘણાખરા બૌદ્ધ જાણકારો માને છે કે કથાઓની કુલ સંખ્યા ૫૫૦ છે. વાસ્તવમાં, આપણા ગુજરાતના એક વિદ્વાન સંશોધક ભોગીલાલ સાંડેસરાએ પોતાના ગ્રંથમાં ૫૦૦ ઉપરાંત જાતકકથાઓ આપી છે. આ ગ્રંથ ગુજરાત વિદ્યાસભાએ પ્રગટ કરેલો છે.







અલબત્ત, ભોગીલાલ સાંડેસરાનો ગ્રંથ સંશોધકો અને અભ્યાસીઓ માટે છે. એ લોકભોગ્ય કે બાળવાચક સુલભ નથી. નાનેરાં વાચકો માટે કેટલીક જાતકકથાઓ આપણા પ્રખ્યાત વાર્તાકાર ધૂમકેતુએ લખી છે. વધારે (૫૦ જેટલી) ખૂબ સચિત્ર જાતકકથાઓ યશવંત મહેતાએ લખી છે જે નાનેરાં વાચકો માટે ખાસ લખાઈ છે.


અચ્છા, આ જાતકકથાઓ વિશે વિખ્યાત બૌદ્ધ વિદ્વાન ભદન્ત આનંદ કૌસલ્યાયનનું વિધાન છે કે બહુ જાણીતી પંચતંત્રની કથાઓમાંથી ઘણી ખરીનાં મૂળ આ જાતકકથાઓમાં છે. અરે, ભદન્ત કૌસલ્યાયન તો ત્યાં સુધી કહે છે કે ઈસપની કેટલીક કથાઓનાં મૂળ પણ જાતક કથાઓમાં છે આ માટે એ જાણીતા ભારતવિદ્ રહાઈસ ડેવિડસને ટાંકીને જણાવે છે કે ઈસપની ઘણી કથાઓનાં મૂળ આપણી જાતકકથાઓમાં છે.


જાતકકથાઓનો પ્રભાવ છેક આઠમી સદીમાંય બગદાદ સુધી કેવો પહોંચ્યો હતો એનું ઉદાહરણ એ કૃતિ છે, જેનું અંગ્રેજી નામ બરલામ એન્ડ જોસેફાત છે. એના કર્તા સેન્ટ જહોન દમાસ્ક્સ છે. એ મૂળે બગદાદના ખલીફા અલ મનસૂરના ઈસાઈ દરબારી હતા. પછી સંન્યાસી બન્યા અને સંત(સેન્ટ) કહેવાયા. એ કથાના જોસેફાત વિશે કહેવાય છે કે મૂળ શબ્દ 'બોધિસત્ત્વ'નો એ લૅટિન અપભ્રંશ છે. વળી, એ કૃતિમાં જોસેફાતનું જે ચરિત્ર નિરૂપાયું છે તે ઘણે અંશે ગૌતમ બુદ્ધના ચરિત્રને મળતું આવે છે.

**અરેબિયન નાઈટ્સની કેટલીક કથાઓ પણ જાતકકથાઓમાં મૂળ ધરાવે છે. ચોથી પાંચમી સદીમાં હુણો યુરોપ પર ચડી ગયા ત્યારે ત્યાંની આદિમ અવસ્થામાં જીવતી પ્રજાઓને એમણે જાતકકથાઓ આપી**

આ બરલામ એન્ડ જોસેફાતનો યુરોપની લગભગ તમામ ભાષાઓમાં અનુવાદ થયો છે. એથી સંત જોસેફાતનો મહિમા વ્યાપક બન્યો છે, અને બૌદ્ધો એ બાબતે ગૌરવ લઈ શકે છે કે આજે દુનિયાભરના રોમન કે કેથોલિક ઈસા બુદ્ધને પોતાના પૂજનીય સંત ગણે છે.

બીજી બાજુ, વિદ્વાનો માને છે કે અરેબિયન નાઈટ્સની કેટલીક કથાઓ પણ જાતકકથાઓમાં મૂળ ધરાવે છે. અરે ભદન્ત કૌસલ્યાયન ત્યાં સુધી માને છે કે ચોથી પાંચમી સદીમાં હૂણો યુરોપ પર ચડી ગયા ત્યારે ત્યાંની આદિમ અવસ્થામાં જીવતી પ્રજાઓને એમણે જાતકકથાઓ આપી. એ કથાઓને





પછી એ પ્રજાઓએ પોતાનાં પાત્રો અને પ્રકૃતિમાં ઢાળી. એટલે સ્કેન્ડિનેવ્યાની ઘણી લોકવાર્તાઓ જાતકકથાને મળતી આવે છે.

બૌદ્ધ દેશોમાં તો જાતકકથાઓ પ્રચલિત હોય જ.

જાતકકથાઓની અનેક વિશેષતાઓ છે. એક ખાસિયત એ છે કે દરેક કથા 'પૂર્વ કાળે જ્યારે વારાણસીમાં રાજા બ્રહ્મદત્ત રાજ્ય કરતા હતા ત્યારે', એમ શરૂ થાય છે. સેંકડો કથાઓનું પ્રારંભિક વાક્ય આ છે, એનો અર્થ એટલો જ થાય કે એ માત્ર શૈલીલક્ષણ છે. ગુજરાતી બાળવાર્તા આપણે 'એક વખતની વાત છે' થી શરૂ કરીએ છીએ. અંગ્રેજીમાં 'વન્સ અપોન એ ટાઈમ' (Once upon a time) કહીએ છીએ, તેમ અહીં રાજા બ્રહ્મદત્ત આવે છે.

બીજી મહત્ત્વની વિશેષતા એ છે કે ભારતના ઘણાખરા સાહિત્યમાં પરલોકની ચિંતા છે. ઇહલોકની એટલે આજુબાજુના જગતની વાત અહીં નહિવત્ થઈ છે. માત્ર બુદ્ધવિચાર, વાસ્તવવાદી છે. બુદ્ધને પરલોકની, મૃત્યુ પછીની જિંદગીની, ક્રિયાકાંડની, યજ્ઞો અને બલિદાનોની ચિંતા નથી. એ તો આ સંસારના માનવોના સુખ, શાંતિ, સમૃદ્ધિ, બંધુત્વ અને અહિંસા તાકે છે. પણ ગૌતમ બુદ્ધના સમગ્ર ઉપદેશનો એક સાર એ છે કે તમારી બુદ્ધિનો ઉપયોગ કરો. વિચારતા થાવ આગળથી ચાલી આવેલી પરંપરાઓને વગર વિચાર્યે અપનાવી ન લો. અગાઉ જે પૂજનીય કે ચમત્કારી ગણાતા એવા લોકોને નામે ચડેલી વાતો સાચી માની ન લો. દેવલોક, સ્વર્ગ-નરક, આત્મ હત્યા, મરણ પછીની ગતિ, ભૂતપ્રેત વગેરેમાં માનવાની જરૂર નથી. આ પક્ષી આસપાસનું જગત, જીવન અને સમાજ જ સાચાં છે. એ કેમ વધુ સુખી, સ્વસ્થ, શાંત અને સમૃદ્ધ બને એનો જ વિચાર કરો. ક્યાંક કોઈક કલ્પિત સ્વર્ગમાં મોજમજા કરવા મળશે એવી લાલચમાં ફસાઈને અને રક્તપાત ન કરો. પશુ, પંખી, વનસ્પતિ એ બધાનું જેટલા જતનથી રક્ષણ કરશો એટલા વધુ સુખી થશો. આપણે જે કાંઈ બોલીએ કે આચરીએ તે બહુજનહિતાય અને બહુજન સુખાય હોવું જોઈએ. આથી જ જાતકકથાઓમાં ઘણીખરી વાર્તાઓ વિચાર, તર્ક અને અનુમાનશક્તિ પર ભાર મૂકે છે. ચમત્કાર તત્ત્વ તો નહિવત્ છે.

ટૂંકમાં આપણા દેશના ઘણાખરા પ્રાચીન સાહિત્ય કરતાં આ કથાઓ વધુ વાસ્તવિક, જીવનકેન્દ્રી, ડાઉન ટુ અર્થ છે.

*'ઋત', ૪૭/એ, નારાયણનગર,*
*પાલડી, અમદાવાદ-૩૮૦ ૦૦૭*
*મો. ૯૪૨૮૦૪૬૦૪૩*



## વંદે પાર્વતી પરમેશ્વરૌ...


કૃપા શાહ
મો. ૯૪૦૮૪ ૫૨૯૮૪



# આભલા ટંકાવો રાજ...

જેસલબા જાડેજા
મો. ૮૮૬૬૧ ૦૩૫૩૬



# બાપુ...

મનહર કાપડિયા
મો. ૯૪૨૬૫ ૨૯૦૨૯



શુભ દીપાવલી
રમેશભાઈ ગોહિલ
મો. ૯૪૨૭૫ ૫૯૮૭૫

# જિંદગી, સંબંધો, સ્ટેટસ, લાઇક્સ, કમેન્ટ્સ, ફ્રેન્ડસ અને ફોલોઅર્સ

- *કૃષ્ણકાંત ઉનડકટ*

સમયનો સ્વભાવ બદલતા રહેવાનો છે. આપણે સમજણા થયા ત્યારથી સાંભળતા આવ્યા છીએ કે, પરિવર્તન સંસારનો નિયમ છે. સાચી વાત છે. આપણે ઇચ્છીએ કે ન ઇચ્છીએ, બધું ધીમે ધીમે બદલતું રહેવાનું છે. આપણે તેને રોકી શકવાના નથી. સવાલ એ છે કે આપણે આપણને કેટલા રોકી શકીએ છીએ? સમયની સાથે, બદલાવની સાથે અને વહેણની સાથે આપણે પણ વહેવું પડતું હોય છે. હમણાં થોડાક મોટી ઉંમરના લોકોને મળવાનું થયું. તેમને એક સવાલ કર્યો કે, અત્યારે સુખ અને શાંતિ વધુ છે કે તમે નાના હતા ત્યારે સુખ અને શાંતિ વધુ હતા? બધાએ એમ કહ્યું કે, અમારા સમયમાં શાંતિ હતી. આટલો બધો ઉચાટ નહોતો, આટલી બધી ઉતાવળ નહોતી. સંબંધો વધુ સારા અને સજીવન હતા. અત્યારે તો બધાના ચહેરાઓ તંગ છે. યુવાનોમાં થનગનાટ વર્તાવો જોઈએ પણ એ બધાના ચહેરા પણ ઊતરી ગયા હોય એવું લાગે છે. છેલ્લા પચાસ વર્ષમાં સગવડ, સુવિધાઓ અને સાધનોમાં કલ્પના બહારનો વધારો થયો છે. હવે દરેકના હાથમાં મોબાઇલ છે. ઍપ્લિકેશનની મદદથી તમે ધારો તે ઘરે બેઠાં મેળવી શકો છો, દરેકના ઘરમાં ટીવી છે, ફ્રીઝ છે, વોશિંગ મશીન છે, ટુ વ્હીલર છે, કાર છે, બધું જ છે. જો છેલ્લાં પચાસ વર્ષમાં સુવિધા અને સાધનો વધ્યાં તો સુખ પણ વધવું જોઈએ ને? આખરે તો જે કંઈ નવું આવે છે એ માણસના સુખ અને શાંતિ માટે જ છે ને? સુખ અને શાંતિ તો વધવાના બદલે ઘટતા જાય છે! આવું કેમ થાય છે? એનું કારણ કદાચ એ છે કે, આપણે જીવવાનો સાચો રસ્તો ચૂકી ગયા છીએ. આપણા સંબંધોનું પોત પાતળું પડી રહ્યું છે. એકલતા ઘેરી બનતી જાય છે.



જિંદગી ભરપૂર જીવો, જો ભી હૈ બસ યહી ઇક પલ હૈ, લાઇફ ઇઝ બ્યુટીફૂલ, બધું મળશે પણ જિંદગી પાછી નહીં મળે, જીવી લો, મજા કરી લો.... વૉટ્સએપ અને સોશિયલ મીડિયા પર જિંદગી વિશેની કેટલી બધી વાતો જોવા અને વાંચવા મળે છે. હમણાં એક સર્વે થયો હતો. જિંદગીની ફિલોસોફી વિશે જે લોકો જુદી જુદી વાતો સોશિયલ મીડિયા પર અપલોડ કરે છે એ લોકો એવું જીવે છે એટલે લખે છે કે પછી એવું જીવી શકતા નથી એટલે લખે છે? આ સર્વેમાં એવું બહાર આવ્યું હતું કે, જે કરવાનું મન હોય છે, જે રીતે જિંદગી જીવવી હોય છે એ રીતે નથી જીવી શકતા એટલે આવું બધું લખતા રહે છે. સ્ટેટસમાં સરસ શબ્દો વાપરવામાં આવે છે, એવા ફોટા અને રીલ્સ અપલોડ કરે છે જે જોઈને એમ જ લાગે કે, જિંદગી તો આ જ જીવે છે. મોબાઇલના સ્ક્રીન પર લોકોની જે જિંદગી ઝળકતી રહે છે એ કેટલી સાચી હોય છે? આપણે બધા સાચું હોય એ નહીં પણ સારું હોય એ જ લોકો સમક્ષ પેશ કરતા હોઈએ છીએ. અલબત્ત, એમાં કશું ખોટું નથી. માત્ર પોતાની જાતને સવાલ પૂછવાનો હોય છે કે, હું દિલથી જીવું છું? મને જીવવાની મજા આવે છે? મારી જે દોડ છે એ કઈ તરફની છે? જિંદગી પાસેથી આખરે મારે શું મેળવવું છે? એના જવાબ મેળવીને પોતાનું મૂલ્યાંકન કરવાની આજના સમયમાં તાતી જરૂર છે. આજે બધાને બધું જોઈએ છે અને બહુ ઝડપથી જોઈએ છે. બધાને પોપ્યુલર થઈ જવું છે અને છાકો પાડી દેવો છે. કોઈ સફળતા રાતોરાત મળતી નથી. એક સંઘર્ષ હોય છે. સતત પ્રયત્નો હોય છે. ઘણા ચડાવ-ઉતાર હોય છે. અસંખ્ય અનુભવો હોય છે. એમ ને એમ કંઈ મળતું નથી.

આજના સમયની સૌથી મોટી કોઈ સમસ્યા હોય તો એ રિલેશનશિપ ક્રાઇસિસ છે. મોટા ભાગના લોકો સંબંધોના સંકટમાંથી પસાર થઈ રહ્યા છે. ભરોસો, શ્રદ્ધા, વિશ્વાસ, આત્મીયતા અને સંવેદના જેવા શબ્દો બોદા વાગવા લાગ્યા છે. સોશિયલ મીડિયા પર આપણા ફ્રેન્ડ્સ અને ફોલોઅર્સ વધી રહ્યા છે. વર્ચ્યુઅલ રિલેશન્સ વધી રહ્યા છે અને રિઅલ રિલેશન્સ ઘટી રહ્યા છે. પાસે હોઈએ ત્યારે પણ આપણે સાથે નથી હોતા. બધા પોતપોતાના મોબાઇલમાં વ્યસ્ત અને મસ્ત હોય છે. કાનમાં ઇયરબડ ભરાવીને આપણે કંઈકને કંઈ સાંભળતા રહીએ છીએ અને આપણને આપણા માટે

જ ધબકતા દિલની ધડકનો સંભળાતી નથી. આપણે એટલા બિઝી થઈ ગયા છીએ કે ઇઝી રહી જ શકતા નથી. વેલ, તમે ક્યારેય એ વિચાર્યું છે કે, મારી જિંદગીમાં ખરેખર જેને મારા કહી શકાય એવા કેટલા લોકો છે? જરાક વિચારજો, તમારી લાઇફમાં એવું કોણ છે જેને તમારા વિશેની બધી જ ખબર છે? તમારી ખુશી, તમારા ગમ, તમારા પ્રોબ્લેમ, તમારાં સપના, તમારી આદત અને તમારી દાનતથી કોણ હન્ડ્રેડ પર્સન્ટ જાણકાર છે. તમે કેવી મેન્ટલ કન્ડિશનમાંથી પસાર થઈ રહ્યા છે એનો કોને અહેસાસ છે? બહુ ઓછા લોકો એવા હશે જેના પર આપણે પણ આંખો મીંચીને ભરોસો કરી શકીએ. હવે તો લોકો દિલ ખોલીને વાત કરતા પણ ડરે છે. ક્યાંક એ રેકૉર્ડ કરી લેશે તો? મેસેજ કરતા પણ ફફડે છે. ક્યાંક સ્ક્રીનશોટ ફરવા લાગશે તો? પારકાની વાત તો દૂર, પોતાના લાકો પરથી પણ ભરોસો ઊઠી રહ્યો છે.


આપણી જિંદગીમાં બધા મળીને કુલ કેટલા લોકો આપણા હોય છે? સંબંધો વિશેનો એક અભ્યાસ એવું કહે છે કે, દરેક માણસની લાઇફમાં મેક્સિમમ વીસ લોકો એવા હોય છે જે સાવ નજીક હોય છે. તમે આંગળીના વેઢે ગણી જોજો, વીસ તો માંડ થશે. આ વીસમાં પણ દસ લોકો એવા હોય છે જે સમયે સમયે બદલાતા રહે છે. દરેક મિત્ર પણ પરમેનન્ટ નથી હોતા. પ્રાઈમરી સ્કૂલમાં ભણતા હોઈએ ત્યારે જે મિત્રો હોય છે, એ હાઈસ્કૂલમાં બદલી જાય છે. કૉલેજમાં વળી નવા મિત્રો મળે છે. જોબ કરીએ ત્યારે નવા કલિગ અને ફ્રેન્ડસ મળે છે. એ બદલતા રહે છે. એ દસ લોકો જ્યારે આપણી જિંદગીમાં હોય ત્યારે ચોક્કસપણે ખૂબ જ મહત્ત્વના અને દિલથી નજીક હોય છે. ધીમે ધીમે દૂર થાય છે. માત્ર દસ જ લોકો એવા હોય છે જે પરમેનન્ટ હોય છે. મા-બાપ, ભાઈ-બહેન, પતિ-પત્ની, સંતાનો અને એક બે અંગત ફ્રેન્ડસનો તેમાં સમાવેશ થાય છે. પ્રોબ્લમ એ છે કે, આપણને એ દસ લોકો સાથે જ વાંધો પડે છે! આપણે આખી દુનિયાને જતું કરીશું પણ એ દસ વીસ લોકોનું જતું નહીં કરીએ. આખી દુનિયાને સારું લગાડશું પણ જેને આપણી પરવા છે તેની ક્યારેય કદર કરશું નહીં. આપણે ઘણી વખત જેને સૌથી વધુ ઇમ્પોર્ટન્સ આપવાનું હોય છે એને જ ટેકન ફોર ગ્રાન્ટેડ લેતા હોઈએ છીએ. જેને આપણી ચિંતા હોય છે, જે આપણી કેર કરતા હોય છે, જેને આપણાથી ફેર પડતો હોય છે, એની આપણને કેટલી પરવા હોય છે? જિંદગીને સરસ રીતે જીવવા ઇચ્છતા હોઈએ જે ખરેખર આપણા લોકો હોય એને જ સાચવી લેવાના હોય છે અને જાળવવાના હોય છે. એક યુવાને સવાલ કર્યો કે, વાત તો સાચી છે પણ એ કરવું કઈ રીતે? એના માટે એક સિમ્પલ રસ્તો છે. જે સાવ નજીક હોય એનું એક લિસ્ટ બનાવો. માંડ દસ પંદરનાં નામો થશે. કદાચ તો એટલાં પણ નહીં થાય. લિસ્ટ બનાવીને નીચે લખો કે, આ લોકો માટે કંઈ પણ! આ લોકો માટે મારાથી થઈ શકે એ બધું હું કરી છૂટીશ, એનું ક્યારેય ખરાબ નહીં લગાડું, એનાથી ક્યારેય નારાજ નહીં થાવ, મારી ભૂલ થશે તો માફી માંગી લઈશ અને એમાંથી કોઈની ભૂલ હશે તો માફ કરી દઈશ. ગમે તે સંજોગોમાં હું તેમને પ્રેમ કરીશ. પ્રેમ મેળવવાની પહેલી અને મુખ્ય શરત એ છે કે, પ્રેમ કરવો પડે. આપણે બધા પાસે પ્રેમ અને લાગણીની અપેક્ષા રાખીએ છીએ પણ આપણે જે કરવું જોઈએ એ કેટલું કરીએ છીએ? સંબંધની એક સૌથી મોટી ખાસિયત એ છે કે, તમને એ જ મળશે જે તમે આપતા હશો. તમે પ્રેમ કરતા હશો તો તમારે પ્રેમ માંગવો નહીં પડે, આપોઆપ મળશે. કોઈ આપણને પ્રેમ કરતું હોય, આપણું સતત ધ્યાન રાખતું હોય એને પણ એમ તો હોય જ કે, મારા પ્રેમનો પડઘો પડે. જો આપણા તરફથી તદ્દન શુષ્ક જ પ્રતિભાવ અને પ્રતિસાદ રહેતો હોય તો એ વ્યક્તિને પણ એક તબક્કે એવું થવાનું જ છે કે, હું એના માટે બધું જ કરી છૂટું છું પણ એને તો મારાથી કોઈ ફેર પડતો જ નથી. ડિસ્ટન્સ એક ઝાટકે આવતું નથી, અંતર ધીમે ધીમે વધતું હોય છે. સાચો માણસ એ જ છે જેને જરાકેય અંતર આવે તો અહેસાસ થઈ જાય છે કે સમથિંગ રોંગ છે. હાથ અને સાથ દૂર જાય એ પહેલાં જ એ નજીક જઇને હાથ પકડી લેશે અને સાથ નિભાવી લેશે.

માણસ હવે સંવેદનાઓ પણ ઇમોજીથી વ્યક્ત કરવા લાગ્યો છે. હસવા, રડવા, નાચવાથી માંડીને તમામ ઇમોશન વ્યક્ત કરવા માટે અનેક પ્રકારના ઇમોજીઓ અવેલેબલ છે. આપણે જ્યારે કોઈને રિપ્લાયમાં ઇમોજી મોકલીએ છીએ ત્યારે ખરેખર આપણા મનના ભાવ કેવા હોય છે? એક સંતે કહેલી વાત યાદ આવે છે અને તેને ઇમોજીને જોડવાનું મન થાય છે. ડૉક્ટરો જ્યારે પોતાના પેશન્ટને દવા લખી આપે છે ત્યારે પ્રિસ્ક્રિપ્શનમાં સૌથી પહેલા આરએક્સ લખે છે. આરએક્સ વિશે જાતજાતની વાતો થઈ છે. સંતે ડૉક્ટરોને સંબોધીને કહ્યું કે, જ્યારે તમે કોઈ દવા લખો ત્યારે એક ક્ષણ માટે એવો વિચાર કરજો કે, હે ઈશ્વર, હું જે દવા લખું છું એ મારા દર્દીને લાગુ પડી જાય અને ઝડપી અને સારી અસર કરે. ફેર પડશે. તમારામાં પણ અને દવા લેનારામાં પણ ફેર પડશે. શ્રદ્ધાની પોતાની એક અનોખી અને જબરજસ્ત તાકાત હોય છે. આ જ વાત ઇમોજી માટે પણ કહેવાનું મન થાય છે. હસવાનું ઇમોજી મોકલો ત્યારે જરાક હસજો, રડવાનું ઇમોજી

મોકલો તો થોડીક વેદના ફીલ કરજો, ડાન્સનું ઇમોજી મોકલો ત્યારે જરાક હાથ હલાવજો. એવું ન કરો તો પણ કંઈ નહીં, એટલિસ્ટ નેગેટિવ વિચાર ન કરતા. હવે લોકો સોશિયલ મીડિયા પર કોઈનો ફોટો લાઈક કરતી વખતે અંદરખાને એવું વિચારતા હોય છે કે, હાલી નીકળ્યા છે. આવા ફોટા થોડા મુકાતા હશે? આપણે વાહ, બ્યુટીફુલ કે બીજી કમેન્ટ્સ કરીએ ત્યારે ખરેખર કેટલા રાજી થતા હોઈએ છીએ? લાઈક અને કમેન્ટ્સ પણ હવે વ્યવહાર થઈ ગયો છે. એ મારી પોસ્ટ લાઈક કરે છે તો હું પણ કરીશ. એ મારી પોસ્ટ લાઈક નહીં કરે તો એની પોસ્ટ ગમે એટલી સારી હશે તો પણ હું લાઈક નહીં કરું. હવે દેખાદેખી સોશિયલ મીડિયાથી થવા લાગી છે. ફોટા કોઈને બાળવા માટે અપલોડ કરવામાં આવે છે અને કોઈના ફોટા જોઈને ઘણી વખત આપણને બળતરા પણ થાય છે. આને તો જલસા છે, મજા તો એ જ કરે છે. આવું થાય ત્યાં સુધી પણ વાંધો નથી, પ્રોબ્લેમ ત્યારે થાય છે જ્યારે આપણે આપણા વિશે જ એવું વિચારવા લાગીએ છીએ કે, બધા મજા કરે છે અને મારા નસીબમાં ઢસરડા જ લખ્યા છે. લાઈફ જેવું કંઈ લાગતું જ નથી. જિંદગી વિશે એક વાત સમજવા જેવી છે કે, રોજ જલસા હોવાના જ નહીં. આપણે કામ કરવું જ પડવાનું છે. બિઝનેસ હોય કે જોબ, અમુક ફરજો બજાવવી જ પડે છે. ઘરની જવાબદારીઓ પણ નિભાવવી જ પડે છે. કંઈક વિશેષ અચિવ કરવું હોય તો ઘણું બધું છોડવું પણ પડે છે. કોન્સન્ટ્રેશન કરવું દિવસે ને દિવસે વધુ ને વધુ અઘરું થતું જાય છે. એનું કારણ એ છે કે, આપણને લલચાવે એવું બધું સતત વધી જ રહ્યું છે. પહેલા એવું કંઈ હતું જ નહીં એટલે જે કરતા હોઈએ એમાં આસાનીથી ધ્યાન કેન્દ્રિત કરી શકાતું હતું. હવે એમ થાય છે કે, લાવ ને જરાક મોબાઇલ જોઈ લઉં, કોઈનો મેસેજ નથી ને? કોઈ પોસ્ટ મૂક્યા પછી એમ થાય છે કે, કેટલી લાઈક મળી? કોણે કેવી કમેન્ટ્સ કરી? રીલ્સ જોઈએ એ પછી એક પછી એક રીલ્સ આવ્યા રાખે છે અને આપણે જોતા રહીએ છીએ. અડધો કલાક, કલાક વીતી જાય પછી સમજાય છે કે ખોટો સમય બગડ્યો. સમજ પડે ત્યાં સુધીમાં બહુ મોડું થઈ જતું હોય છે. શું કરવું એ ક્લિયર હોય છે પણ શું ન કરવું એની ખબર પડતી નથી. હવે કંઈક એચિવ કરવા માટે નોટ ટુ ડૂ લિસ્ટ બનાવવું પડે એમ છે. આટલું તો મારે કરવાનું નથી જ. જે નથી કરવાનું એ નહીં કરું તો જ હું જે કરવાનું છે એ કરી શકીશ. મોટા ભાગના લોકો દરરોજ ચારથી પાંચ કલાક મોબાઇલમાં હોય છે. ચેક કરજો, તમારો સ્ક્રીન ટાઇમ કેટલો છે? લોકો રાતે સૂતાં પહેલાં સૌથી છેલ્લું કામ મોબાઇલ જોવાનું કરે છે. ઊઠીને પહેલું કામ મોબાઇલ જોવાનું કરે છે. કંઈક મિસ થઈ જવાનો સતત ભય સતાવવા લાગ્યો છે. માણસ પોતાની જાત સાથે રહેવાનું જ ભૂલતો જાય છે. ફરવા ગયા હોઈએ ત્યારે પણ ધ્યાન તો ફોટા પાડવામાં અને રીલ્સ ઉતારવામાં જ હોય છીએ. હવે લોકો પ્રકૃતિને ઓછી માણે છે અને સારો એંગલ શોધવાના ફાંફાં વધુ મારે છે.

ટૅક્નોલૉજીના અસંખ્ય ફાયદાઓ છે. તેનો રાઇટ ઉપયોગ થવો જોઈએ. આપણો સમય વેડફવા માટે નથી. એન્ટરટેઇનમેન્ટ વર્લ્ડમાં રોજે રોજ એટલું બધું ઠલવાતું રહે છે કે શું જોવું અને શું ન જોવું એ નક્કી કરવું અઘરું પડે છે. લેઝર મૂડ અને આરામના સમયનો પણ શ્રેષ્ઠ ઉપયોગ થવો જોઈએ. મજા કરવાનો સમય હોય ત્યારે મજા પણ આવવી જોઈએ. કચરો જોવાનો કોઈ અર્થ નથી હોતો. છેલ્લે એક વાત આપણો સંવાદ આપણા લોકો અને આપણી જાત સાથે કેવો અને કેટલો છે? માણસની વાતો કરવાની આદત જ ઘટતી જાય છે. માણસની વાતમાં ડેપ્થ ઓછી થતી જાય છે. સતત સ્ક્રીનમાં જ જોયે રાખતો યંગસ્ટર્સ આંખમાં આંખ મિલાવીને વાત કરવાનું ભૂલતો જાય છે. કોઈ વાત કરતું હોય ત્યારે આપણું ધ્યાન મોબાઇલમાં હોય છે. એટલિસ્ટ કોઈ સાથે વાત કરીએ ત્યારે મોબાઇલ સાઇડમાં રાખીએ તો પૂરતું છે. એમાંયે જ્યારે પોતાની વ્યક્તિ સાથે વાત કરતા હોઈએ ત્યારે આપણું ઇન્વોલ્વમેન્ટ હન્ડ્રેડ પર્સન્ટ હોવું જોઈએ. હવેનો સમય જિંદગી પર પણ નજર રાખવા જેવો છે. નજર ચૂકી તો જિંદગી પણ સરકી જાય એમ છે. પોતાને સમય આપો, પોતાની જાત સાથે રહો, પ્રકૃતિને માણો અને પોતાના લોકોની નજીક રહો. આપણી મજા અને સુખ પણ માત્ર ડિજિટલ ન થઈ જાય એની કાળજી રાખીએ. સંવેદના, લાગણી, પ્રેમ, કરૂણા અને આત્મીયતાને સજીવન રાખવા માટે સજાગ રહેવું પડે એવો અત્યારનો સમય છે. સાચું કે નહીં?

*સૂરીલ - ૩, ફ્લેટ નં. ૫૦૪,*
*પ્રેરણાતીર્થ દેરાસર પાસે, સેટેલાઇટ, અમદાવાદ.*
*મો. ૯૮૨૫૦૬૧૭૮૭*



# દિવાળીઃ ડિલિટ, રિચાર્જ, રિફ્રેશ અને એન્ટી વાઇરસનું અજવાળું

- ભવેન કચ્છી

દિવાળીના તહેવારમાં ઘર ચકાચક થયાં.. સાફસફાઈ પણ થઈ પણ હજુ એક કામ કરવાનું બાકી રહી ગયું

મોબાઇલમાં સ્ટોરેજની જગા માટે બિનજરૂરી ડિલિટ કરવું પડે છે... આપણે આપણાં દિલ અને દિમાગમાં કેટલું કેટલું જૂનું સંઘરીને બેઠા છીએ!

દિવાળીનો તહેવાર હોઈ બધાના ઘર ચકાચક થઈ ગયાં હશે. દર વર્ષની જેમ કબાટનાં ખાનાઓ અને માળિયાની પણ સાફસફાઈ થઈ ગઈ હશે. જે પણ જૂનું પુરાણું અને આઉટ ડેટેડ લાગ્યું તે બધું જ ભંગાર ભેગું કરી દેવાયું. ગયા વર્ષે જે ઉપયોગી થઈ શકે તેમ માનીને સંઘરી રાખ્યું હતું તેનું વર્ષ દરમિયાન જાણે અસ્તિત્વ જ ના હોય તેમ તેને ભૂલી ચૂક્યા હતા, સફાઈ કરતા એહસાસ થયો કે ''અરે આ પણ સંઘર્યું હતું ? કંઈ કામનું નથી હવે આને કચરાના ઢગ જોડે જવા દો.''

વીતી ચૂકેલા વિક્રમ સંવતનું કૅલેન્ડર પણ ભીંત પરથી ઉતારી નવું સ્થાન પામશે. મોબાઇલ પર શુભેચ્છા-સંદેશા અને ચિત્રાત્મક પોસ્ટની વર્ષા ઝીલવા સાથે જ સ્ક્રીન પર ચેતવણી આવશે કે હવે વધુ સંગ્રહક્ષમતા નહિ હોઈ તમારા માટે જે બિનજરૂરી પોસ્ટ હોય તે ડિલિટ કરશો.

આપણને મોબાઇલનો વ્યવહાર ક્ષણિક પણ ખોરવાય તે કલ્પના જ અપંગ બનાવી દેતી હોઈ આપણે મોબાઇલનું દિલ અને દિમાગ હળવાફૂલ બની જાય તે હદે ડિલિટની કવાયત કરીશું. આપણો મોબાઇલ તરોતાજા અને સજ્જ રહેવો જોઈએ. બસ એકમાત્ર આપણે જ એના એ વર્ષોથી જે આદતો, જે પૂર્વગ્રહો, અવગુણો અને સંકુચિત દૃષ્ટિ સંઘરીને બેઠા છીએ તેની સાફસફાઈ કે ડિલિટ નથી કરતા.

ઘરમાં થોડા દિવસો શાકભાજી કે ફળો પણ વપરાયા વગર પડયાં રહે, તોપણ તેની દુર્ગંધ ફેલાઈ જતા આપણે તેને ફેંકી દઈએ છીએ. પણ આપણે આપણાં દિમાગ અને દિલમાં નકારાત્મકતા જાણે ઘરેણાં હોય તેમ સેફ ડિપોઝિટ વોલ્ટમાં સાચવીને બેઠા છીએ. તકલીફ એ છે કે મોબાઇલ કે કોઈ પણ ગેઝેટ, પ્લાન્ટમાં ક્ષમતા કરતાં વધુ કંઈ પણ વધુ છે તેવી સિસ્ટિમ અનુભવે તો એલર્ટ મેસેજ આવે કે પછી બીપ બીપ સાઇરન વાગે, માપદંડ બહારનો આંકડો જાય તો તબીબ પણ ચેતવે.

**શાકભાજી કે ફળો પણ વપરાયા વગર પડયાં રહે, તો પણ તેની દુર્ગંધ ફેલાઈ જતા આપણે તેને ફેંકી દઈએ છીએ. પણ આપણે આપણા દિમાગ અને દિલમાં નકારાત્મકતા જાણે ઘરેણાં હોય તેમ સેફ ડિપોઝિટ વોલ્ટમાં સાચવીને બેઠા છીએ**

તરત જ નિષ્ણાતની સૂચનાનો અમલ કરવો પડે. ડિલિટનો દોર અપનાવવો પડે. પણ આપણા અંદર રહેલો મનનો કચરો ગટરમાં રૂપાંતરિત થઈ તેમાંથી પણ ઊભરાતો હોય તેમ છતાં તે ભયજનક સપાટી વટાવી ગઈ છે નિર્દેશ કરતી કોઈ સિસ્ટિમ નથી. આથી બાહ્ય રીતે ભૌતિક દુનિયામાં જેને ડિલિટ કે અપડેટ કર્યા વગર ચાલતું નથી તેને માટે આપણે સાબદા છીએ પણ આપણા માહ્યલાના ભંડકિયામાં ક્યારેય સાક્ષીભાવે દૃષ્ટિ કરીને ઊબ આવી જાય તેવો કચરો સાફ નથી કરતા .

વોટ્સએપ પર જુદી જુદી વ્યક્તિઓ શ્રેષ્ઠ જીવન, ઉમદા માનવ, વડીલોની માવજત, મિત્રતા અને પ્રેરણાત્મક પ્રસંગોની ટેક્સ્ટ કે વીડિયો મોકલે છે ત્યારે તેમાંની ઘણી વ્યક્તિઓને અંગત અને આંતરિક રીતે આપણે જાણતા હોઈએ છીએ વાસ્તવમાં તેઓ કેવા નિમ્ન પ્રકારનું જીવન જીવે છે, વડીલો જોડે વર્તાવ કરે છે, ઈર્ષાખોર અને મતલબી છે તે માત્ર આપણે જ નહિ સમાજમાં મહત્તમ તેવો અભિપ્રાય આપતા હોય છે.

આમ છતાં તેમના ફોરવર્ડેડ મેસેજ એવા હોય છે કે આ ભાઈ કે બહેન જાણે શ્રેષ્ઠ આચરણના પ્રેરણામૂર્તિ હોય તેમ તેની જાતને માનતા હશે. શક્ય છે કે અમે જે લખીએ કે વક્તવ્ય આપતા હોઈએ ત્યારે અમને નજીકથી ઓળખનાર મનોમન એમ પણ વ્યંગ કરતા હોય કે ''ભાઈ, પહેલા તારું જીવન અને કરણી-કથની તો આત્મદર્પણમાં જો.''

આવું થવાનું કારણ એ છે કે આપણે દિવાળી જેવા તહેવારે કે સમયાંતરે ટૅકનોલૉજીની ભાષામાં કહીએ તો બધું ડિલિટ, રિચાર્જ, રિલોડ અને રિફ્રેશ કરીએ છીએ. સિસ્ટિમમાં હવે તો તમે નિર્દોષ હો તો તોપણ તમારા મશીનને ખોરવી દેવા તમે કે તમારા મશીને જેનું કંઈ બગાડયું પણ નથી છતાં વાઇરસ હુમલો કરે છે. તે જ રીતે હવે માત્ર આપણે કોઈને ના નડીએ તે રીતે રહેવું પૂરતું નથી. તમારી શાંતિ અને સ્થિતિને ડહોળી નાંખે તેવું વાતાવરણ અને તત્ત્વો છે આવી વ્યક્તિઓ અને ઉચાટ સર્જતાં પરિબળો ''હેકર'' જેવાં છે.

આપણે નિમ્ન કે અનિષ્ટ તત્ત્વોની પ્રતિક્રિયા આપતા આપણી ઉમદા સ્થિતિથી વિચલિત થઈ તેમના જેવા બનશું

તો તે 'પાઈરેટેડ સોફ્ટવેર' આપણે આપણી સિસ્ટિમમાં ગ્રહણ કર્યું કહેવાય અને તમે જાણો છો કે આવા સોફ્ટવેર પછી થોડા અરસામાં વાઈરસનો હુમલો થશે. બસ આપણે પણ સ્થૂળ અને સૂક્ષ્મ રીતે હાઈટેક ગેજેટ કે સિસ્ટિમ જેવા છીએ. ખરેખર તો આપણી સૂક્ષ્મ અને સ્થૂળ દેહરચનાના સિદ્ધાંતોને નજરમાં રાખીને વિજ્ઞાનીઓએ ગેજેટ્સ બનાવ્યા છે. કમનસીબે આપણે મશીનને અપડેટ રાખીએ છીએ તેના એલાર્મને ત્વરિત અનુસરીએ છીએ પણ આપણી સિસ્ટિમને અવગણીએ છીએ.

ભલે ડિલિટ કે રિફ્રેશના સંકેતની કોઈ વ્યવસ્થા ન હોય આમ છતાં આપણે પોતે અશાંતિ, ઉચાટ-તનાવ અને કારણ વગરની વ્યગ્રતા મહેસૂસ કરીએ, અન્યની ખુશી કે સિદ્ધિથી ઈર્ષા અનુભવીએ, કોઈ વ્યક્તિ માટેની નફરત કે અણગમો અકબંધ રાખીએ તો આપણને જીવવાની મજા નહિ જ આવતી હોય. મજાની સાથે ક્યાંક જોડો ડંખતો હોય તેવી પીડા હશે જે આપણે કોઈને જણાવતા નહિ હોઈએ.

શક્ય છે બહારથી તે જ જોડાની બધા ઈર્ષા કરતા હોય. આપણી પાસે પાયાની સગવડો અને સુવિધા હોય, ખાધેપીધે સુખી હોઈએ અને ઘણી વખત તો આપણો પરિવાર પણ મજાનો હોય આમ છતાં જો આપણે ડિપ્રેશન, હતાશા કે કંઈ જામતું નથી તેવું અનુભવીએ તો માનવું કે આપણે કોઈ એવા નકારાત્મક બોજ અને સોચ લઈને જીવીએ છીએ જે આપણને હળવાફૂલ નથી રાખતી. બસ આ જંજીરો કે વર્ષો જૂના બાવા-જાળાની સફાઈ કરી દો.

**આપણી ઉમદા સ્થિતિથી વિચલિત થઈ તેમના જેવા બનશું તો તે 'પાઈરેટેડ સોફ્ટવેર' આપણે આપણી સિસ્ટિમમાં ગ્રહણ કર્યું કહેવાય અને તમે જાણો છો કે આવા સોફ્ટવેર પછી થોડા અરસામાં વાઇરસનો હુમલો થશે**

જો તમારા કરતાં પણ ઊતરતી સ્થિતિમાં બીજી વ્યક્તિ ખુશ રહી શકે છે અને તમે નથી રહેતા તો ''સમથિંગ ઇસ રોંગ વિથ યુ.'' આત્મમંથન અને આત્મદર્શન કરો. તત્ત્વજ્ઞાની બનો, પ્રેરણાદાયી વાંચો કે સાંભળો. જે વ્યક્તિ કે પરિવારની તમે ઈર્ષા કરતા હો તેના કરતાં તમે તેનું તે માટેનું રહસ્ય શું છે તે જ પામીને તેના જેવા બની જાઓને! પ્રેરણાલાયક વ્યક્તિ કે પરિવારની ફાઈલ જ 'ડાઉનલોડ' કરી લો ને!

ભગવાન દત્તાત્રેયે ૨૪ ગુરુઓમાં પશુ પંખી અને કીટકને પણ તેના ગુરુઓમાં સ્થાન આપ્યું હતું. સમડી પંખીનો પણ તેમાં સમાવેશ થાય છે. સમડી એક વખત માંસનો ટુકડો લઈ આકાશમાં ઊડી રહી હતી. તેને થયું કે દૂર સુધી ઊડી કોઈ સલામત સ્થળે માંસની મિજબાની લઈશ. તે આકાશમાં ઊંચાઈ પકડી રહી ત્યાં તો તેણે જોયું કે તેની પાછળ સમડી અને ગીધનાં ટોળા તેની પર આક્રમણ કરવાના મિજાજ સાથે નજીક ધસી રહ્યાં હતાં. સમડી ગભરાઈ ગઈ. તેણે ઊડવાની ઝડપ વધારી તો પીછો કરી રહેલ પંખીનાં ટોળાં સાવ નજીક આવતાં ગયાં...

સમડીને તેનું મોત નજીક દેખાયું. હમણા જ પંખીઓ ઘેરી લઈને મને પીંખી નાખશે તે વિચારથી તેની ઊડવાની ઝડપ પણ ફફડાટ સાથે ધીમી પડી ગઈ. તે પછી તેને ત્વરિત વિચાર ઝબૂક્યો કે 'અરે મારે ક્યા આ પંખીઓ જોડે દુશ્મનાવટ છે. તેઓ મને મારી એટલા માટે નાંખશે કે મારી ચાંચમાં માંસનો ટુકડો છે. મારા માટે મારાં મોતનું કારણ તો માંસનો ટુકડો છે? તેમ વિચારવા સાથે જ સમડીએ માંસનો ટુકડો ચાંચમાંથી છોડી દઈ જમીન તરફ ફેંકી દીધો.

બસ તે જોતાં જ તમામ શિકારી જેવાં પંખીઓનું ઝુંડ માંસના ટુકડા તરફ ફંટાઈ ગયું. સમડીને તેના જ્ઞાને બચાવી દીધી. આપણી અંદર પણ એવા કેટલાક ફેંકી દેવા જેવા, જીવનને બરબાદ કરી મૂકે તેવા અનિષ્ટો,વિચાર કે મહત્ત્વાકાંક્ષા હોય જે આપણી મુક્ત,મુગ્ધ અને ઊર્ધ્વ ઊડાન માટે બાધારૂપ હોય જેને વિશે વિચારી આપણે તેને મમત, મોહ અને જીદ કે પૂર્વગ્રહ સમજી ફેંકી દેવા જોઈએ.

દિવાળીનું પર્વ જ અંધકારને દૂર કરીને પ્રકાશ પાથરવાનો છે. કોડિયા કે રોશની તો પ્રતીકાત્મક છે. ખરેખર તો અંતરના અંધકારની અટારીએ કોડિયું પ્રગટાવવાનું છે. સ્વચ્છતા અભિયાનનો પ્રારંભ આપણા અંતરમનથી કરવાનો છે. જેમ અમુક દિવસે ધૂળ જામી જ જાય છે અને તેની સફાઈ કરવી જ પડે છે. મોબાઈલમાં પણ જગ્યા ભરાઈ જતા ડિલિટ કરીને સ્પેસ કરીએ જ છીએ તેમ આપણે આપણો પોતાનો આત્મ સેલ્ફી પણ ખેંચાણો છે અને જે બિનજરૂરી છે તે ડિલિટ કરવાનું છે. પછી જુઓ નવું વર્ષ જ નહીં જિંદગી પણ જીવવા જેવી લાગે છે કે નહિ!


*એમ-૭૦૪, સર્જન ટાવર, સુભાષ ચોક પાસે,*
*મેમનગર, અમદાવાદ-૫૨*
*મો. ૯૮૯૮૯૮૮૦૧૪*

# આદિવાસી સમાજનું પ્રથમ જીવન ચરિત્ર : જોરીયો પરમેશ્વર

*- ભગવાનદાસ પટેલ*

ગુજરાતના આદિવાસી ઈતિહાસના સંશોધનક્ષેત્રે ડૉ. અરુણ વાઘેલાનું નામ અજાણ્યું નથી. તેઓ ગુજરાતના આદિવાસી સમાજના ઈતિહાસના આ સમયના પ્રથમ પંક્તિના ઈતિહાસ-સંશોધક છે. તેમના દ્વારા લખાયેલા 'વિસરાયેલા શહીદો', 'આઝાદીના જંગનો આદિવાસી રંગ', 'ગુજરાતની આદિવાસી સંસ્કૃતિ', 'સાંસ્થાનિક ગુજરાતની આદિવાસી ચળવળો' વગેરે જેવા ૧૬ ગ્રંથોનો અભ્યાસ મારા આ વિધાનને આધાર આપે છે. તેઓ ફક્ત આદિવાસી ઈતિહાસગ્રંથો લખીને જ અટક્યા નથી. એમણે વિવિધ સામયિકોમાં આદિવાસી-ઈતિહાસ વિષયક ૩૦ લેખો પ્રગટ કર્યા છે. ઉપરાંત ઈતિહાસ અને સામાજિક વિજ્ઞાનો વિષય પર ૧૦૦થી વધુ પરિસંવાદોમાં સહભાગી થઈને ગુજરાતના આદિવાસી ઈતિહાસને સર્વાંગરૂપમાં સ્થાપવાનો પુરુષાર્થ કર્યો છે. એમણે આદિવાસી ઈતિહાસ સંશોધન સ્વયં પૂરતું મર્યાદિત રાખ્યું નથી. ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદના ઈતિહાસ વિભાગના અધ્યાપક અને વિભાગીય અધ્યક્ષ હોવાના લીધે એમણે એમ.ફિલ. અને પીએચ.ડી.ના ઉચ્ચ અભ્યાસ નિમિત્તે ઈતિહાસ સંશોધકોની એક યુવા પેઢી તૈયાર કરી છે. અહીં, આપણો વિષય છે, 'આદિવાસી સમાજનું પ્રથમ જીવનચરિત્ર' જોરીયો પરમેશ્વર.

ઈતિહાસ આલેખવાના ત્રણ આધાર-સ્રોત, લિખિત-મૌખિક અને ભૌતિક સામગ્રી- આ ત્રણે સ્રોતનો ઉપયોગ ડૉ. અરુણ વાઘેલાએ 'કોઈનો લાડકવાયો જોરીયો પરમેશ્વર'નું જીવનચરિત્ર આલેખવામાં કર્યો છે.




આભાર-દર્શન અને આધાર સામગ્રી તપાસતાં અભ્યાસીને સમજાય છે કે, એમણે દેશના અભિલેખાગારમાંના અંગ્રેજોના સમયના દસ્તાવેજો કે તે સમયના સામયિકોમાં પ્રગટ ઐતિહાસિક સામગ્રીને તપાસવા પૂરતું પોતાનું ઈતિહાસ-સંશોધન મર્યાદિત રાખ્યું નથી. પરંતુ ઘટનાસ્થળોનાં અનેક ગામો, વર્તમાન નાયકા, બારિયા માહિતીદાતાઓ અને આ ગામોમાં ગવાતા મૌખિક સાહિત્યનો અભ્યાસ કરી આ પછી આ સ્રોતોનો વિનિયોગ કરી જોરીયા પરમેશ્વરનું આધારભૂત જીવનચરિત્ર આલેખ્યું છે. અભ્યાસીઓ સમજી શકે માટે ઉપયોગમાં લીધેલાં નાયકીબોલીનાં ગીતો-ભજનો-દંતકથાની શબ્દાર્થ સૂચિ પણ આપી છે. આથી એક રસાત્મક સાહિત્યિક કૃતિની જેમ જોરીયા પરમેશ્વરનું જીવનચરિત્ર માણી શકાય છે. આમ છતાં એમણે ક્યાંયે ઈતિહાસને અળપાવા દીધો નથી. વીર અને કરુણરસ સભર આ જીવનચરિત્ર અરુણ વાઘેલાની યશોદાયી કૃતિ છે.

**ઘટનાસ્થળોનાં અનેક ગામો, વર્તમાન નાયકા, બારિયા માહિતીદાતાઓ અને આ ગામોમાં ગવાતા મૌખિક સાહિત્યનો અભ્યાસ કરી આ પછી આ સ્રોતોનો વિનિયોગ કરી જોરીયા પરમેશ્વરનું આધારભૂત જીવનચરિત્ર આલેખ્યું છે**

અહીં આપણે 'કોઈનો લાડકવાયો જોરીયો પરમેશ્વર'ના જીવનચરિત્રનું વિહંગાવલોકન કરીએ છીએ. જે ડૉ. અરુણ વાઘેલા દ્વારા આલેખાયેલું ગુજરાતના આદિવાસી સમાજનું પ્રથમ જીવનચરિત્ર છે. પ્રકરણ-૧ 'જોરીયા નાયકાથી જોરીયા પરમેશ્વર'(૧૮૩૮-૬૮)માં નાયકા સમાજમાં જોરીયાના વ્યક્તિત્વનો નાયક તરીકે થઈ રહેલો વિકાસ દર્શાવવામાં આવ્યો છે.

જોરીયા નાયકાના સમયમાં ગ્રામીણ અને આદિવાસી પ્રજા ત્રણ પ્રકારની ગુલામીના સકંજામાં તડપવા લાગી હતી. સૌથી ઉપર અંગ્રેજો હતા, જેમને પ્રસન્ન કરવા માટે રાજ્યોના સ્વામી રાજાઓ જાતજાતના નુસખા અજમાવી પ્રજાને રંજાડતા હતા. તેઓ તથા તેમનું પ્રશાસનિક માળખું કર, લાગો, અને પાશવી વેઠ વગેરે દ્વારા જનતાને ત્રાસ અને

દુઃખ આપતાં હતાં. સૌથી નીચેના સ્તરે જાગીરદાર હતા, જે પોતાનાથી ઉપરના બંને પ્રભુઓને પ્રસન્ન કરવા અને સ્વયંના સ્વાર્થ માટે, ગરીબ પ્રજા પર નૃશંસતાપૂર્વક અન્યાય અને અત્યાચાર કરતાં હતા. આ પ્રકારે રાજ્યની જનતા-વિશેષતઃ ગ્રામીણ અને આદિવાસી ગરીબ જનતા ત્રિસ્તરીય દાસતા અને અત્યાચારોથી પીડિત હતી.

પંચમહાલ જિલ્લા, જાંબુઘોડા તાલુકાના નાનકડા ગામ વડેકના યુવાન જોરીયા નાયકાથી પોતાની અને પોતાના સમાજની જનતાની આ યાતના જોઈ જતી ન હતી. આથી અન્યો દ્વારા થોપેલાં આ દારુણ દુઃખોમાંથી મુક્ત થવા મનમાં જાતજાતની યોજનાઓ ઘડતો હતો. આવી માનસિક પરિસ્થિતિમાં નવેમ્બર ૧૮૬૭માં એક રાતે તેને સપનું આવ્યું અને સપનામાં કુળદેવ કુંજરાદેવે જોરીયાને કહ્યું, 'જોરીયા, તું સામાન્ય માણસ નહિ, પરંતુ પરમેશ્વર છે.. અને મારામાં અલૌકિક શક્તિઓ પેદા થઈ અને હું જોરીયા કાલીયા નાયકામાંથી જોરીયો પરમેશ્વર બની ગયો,'(પૃ.૨૩) આ પછી એણે લોકોને પ્રામાણિક જીવન જીવવા, જંગલના હક્કોની પ્રાપ્તિ સાથે અન્યાય-અત્યાચારનો સામનો કરવા અને ધરમરાજની સ્થાપનામાં મદદરૂપ થવા માટે ઉપદેશ આપવાનું શરૂ કર્યું.(પૃ.૨૩)

**જોરીયો તેમના આદિવાસી-ધર્મની અનેક મૌખિક કથાઓનો જાણકાર હતો. આ કથાઓનું તે સમાજમાં ગાન કરતો. ઉપરાંત વન્ય-ઔષધિઓનો જાણકાર હતો**

જોરીયો તેમના આદિવાસી-ધર્મની અનેક મૌખિક કથાઓનો જાણકાર હતો. આ કથાઓનું તે સમાજમાં ગાન કરતો. ઉપરાંત વન્ય-ઔષધિઓનો જાણકાર હતો. આ વૈદકજ્ઞાન અને ધાર્મિક ભજનોનો જ્ઞાતા હોવાથી સમાજમાં લોકપ્રિય બનવા લાગ્યો. પરિણામે દિન-પ્રતિ-દિન તેના શિષ્યોની સંખ્યા વધવા લાગી. થોડાં વર્ષોમાં તો તેના શિષ્યોની સંખ્યા હજારોમાં થવા લાગી.

જોરીયો હંમેશાં પૂરાં વસ્ત્રો ધારણ કરીને ઘોડા પર સવાર રહેતો. લોકોની સામાજિક-ધાર્મિક સમસ્યાઓ દૂર કરતો. વૈદક જ્ઞાનથી બીમારીઓ પણ દૂર કરતો. આથી લોકોમાં જોરીયા તરફ ધાર્મિક શ્રદ્ધા પ્રબળ બનવા લાગી અને નાયકા પંથકમાં 'જોરીયા પરમેશ્વર' તરીકે ખ્યાત થઈ પૂજાવા લાગ્યો. જેથી દિન-પ્રતિ-દિન તેનું મનોબળ વધવા લાગ્યું. પરિણામે નાયકાઓનું મજબૂત સંગઠન રચી, અંગ્રેજો અને જાગીરદારોને પોતાના વિસ્તારમાંથી ખદેડીને 'નાયકીરાજ'ને સ્થાપવાનો નિર્ણય કર્યો.

'જોરીયાએ તેના વિશાળ શિષ્યમંડળમાંથી જોદ્ધા, કોટવાળ, હનુમાન, લક્ષ્મણજી, વઝીર અને ગોપીઓ જેવા હોદ્દાઓની રચના કરી. તે માત્ર ધાર્મિક મંડળી નહીં, પરંતુ લડાયક મંડળી પણ હતી. (પૃ.૨૭). તેણે નાયકાઓની સામૂહિક ધાર્મિક તાકાતને સ્વાતંત્ર્ય આંદોલનમાં પરિવર્તિત કરી.'

પ્રકરણ-૨ 'નાયકીરાજની યોજના'નું છે.

જોરીયો નાયકાઓ-બારિયાઓનું સ્વમાન, સ્વાભિમાન અને હક્ક પ્રાપ્ત કરવાની અભિલાષા જગાડી ચૂક્યો હતો. 'જોરીયાના નેતૃત્વમાં જાગ્રત થયેલા આદિવાસીઓને હવે શાહુકારી શોષણ, વેઠપ્રથા, લાગો વગેરે ડંખવા લાગ્યા.' 'જંગલ તો આદિવાસીઓનું જ' એવી સમજ પણ તેમનામાં ઊભી થવા લાગી.(૪૨).

ઈ.સ.૧૮૬૮ના વર્ષની શરૂમાં ડાંડિયાપુરાનો નાયકા જમીનદાર રૂપસિંહ ગોબર નાયક (૧૮૧૪-૧૮૬૮) જોરીયાનો સાથી બન્યો. તે પછી તો જોરીયાની શક્તિઓ બે ગણી બની ગઈ. જોરીયાનું નાયકીરાજનું સપનું અને રૂપસિંહની જાગીરી હક્કની લડાઈ એકાકાર થઈ અને બંને એક પંથના પથિક બન્યા. જોરીયાના નાયકીરાજ આંદોલનમાં નાયકા સમાજને નક્કર પરિણામની ખાતરી દેખાતી હતી. પરિણામે હજારો નાયકાઓ ઉપરાંત કોળી, બારિયા, ધાનકા જેવી એ સમયની વંચિત જ્ઞાતિઓ પણ જોડાઈ અને જોરીયાનું સ્વાતંત્ર્ય આંદોલન ઉગ્ર સ્વરૂપ ધારણ કરવા લાગ્યું.

જોરીયાનું નાયકીરાજ સ્થાપવાનું વ્યક્તિગત સપનું હવે પૂરા પંચમહાલ અને રેવાકાંઠા વિસ્તારના લોકનું સામૂહિક સ્વપ્નું બની ગયું.

પ્રકરણ-૩ 'સંઘર્ષના મોરચા' અંગેનું છે.

આદિવાસીઓ પ્રકૃતિએ શાંતિપ્રિય અને સ્વતંત્રતાપ્રિય પ્રજા છે. પરંતુ અંગ્રેજો દ્વારા તેમના પર સત્તા સ્થાપવા અને ધન પ્રાપ્ત કરવા અજમાવેલા જુદા જુદા નુસખા તથા જોહુકમીને લીધે સ્થાનિક દેશી રાજ્યો અને અંગ્રેજી સામ્રાજ્યવાદી વ્યવસ્થાને પડકારવા તેમને ઉત્તેજિત કર્યા. સામૂહિક, માનસિક સંઘર્ષ તીવ્ર બન્યો અને શારીરિક ક્રાન્તિ કરવાનાં બીજ રોપાયાં.

જોરીયાએ પંચમહાલ-રેવાકાંઠામાં અંગ્રેજો અને સ્થાનિક

રજવાડાઓને ખતમ કરી નાયકીરાજ સ્થાપવાનો જંગ શરૂ કર્યો.

અંગ્રેજ સરકાર હસ્તકના જાંબુઘોડા થાણા પરનો હુમલો દેશી રજવાડાઓ ઉપરાંત અંગ્રેજ સરકારને પણ ખુલ્લો પડકાર હતો. સમગ્ર નાયક મુલકમાં જોરીયા પરમેશ્વરનો જયજયકાર થઈ રહ્યો હતો. જેતપુર, રાજગઢ અને જાંબુઘોડાની જીતથી નાયકીરાજ સ્થપાઈ રહ્યું હોવાનું નાયક-મંડળી માનવા લાગી હતી. આદિવાસીઓને શાહુકારોનાં દેવાં નહીં ભરવાનો હુકમ કરવામાં આવ્યો. વન્ય પેદાશો એકઠી કરવાનો, વેઠ નહીં કરવાનો, શિકારમાં મદદ નહીં કરવાનો વગેરે આદિવાસીઓને આદેશ આપવામાં આવ્યો.(પૃ.૬૦)

વડેક જેવા નાનકડા ગામથી શરૂ કરી જોરીયાએ આણેલા બદલાવ પછી તો સ્થાનિક તંત્ર પણ એવું માનતું થઈ ગયેલું કે હવે અહીં અંગ્રેજોનું રાજ લાંબું નહીં ચાલે, જેની નોંધ બ્રિટિશ દસ્તાવેજોમાં પણ નોંધાઈ.(પૃ.૬૧)

પરંતુ ભારતમાં શક્તિમાન રાજા-મહારાજાઓને હરાવીને રાજ્ય સ્થાપનાર અંગ્રેજ સરકારે યુવાન જોરીયાનું નાયકીરાજ સ્થાપવાનું હિંસક આંદોલન વધુ સમય ચાલવા દીધું નહીં.

**અંગ્રેજ સરકાર હસ્તકના જાંબુઘોડા થાણા પરનો હુમલો દેશી રજવાડાઓ ઉપરાંત અંગ્રેજ સરકારને પણ ખુલ્લો પડકાર હતો. સમગ્ર નાયક મુલકમાં જોરીયા પરમેશ્વરનો જયજયકાર થઈ રહ્યો હતો**

પ્રકરણ-૪ 'આખરી જંગ : ઓપરેશન જોરીયા પરમેશ્વર'અંગેનું છે.

જોરીયાના નાયકીરાજ આંદોલનને નિષ્ફળ બનાવવામાં સામવેદ અને ચાણક્યની રાજનીતિની સામ, દામ, દંડ અને ભેદની કુટિલ વ્યૂહરચના કામ કરી ગઈ. મેજર બાર્ટને ભાઈઓની સામે ભાઈઓને ધરી દીધા. એણે નાયકાઓની સ્વાતંત્ર્ય ક્રાંતિને નાથવા મેવાડ ભીલ પલટન, ખાનદેશ ભીલ પલટન અને પંચમહાલ ભીલ પલટનને જોરીયા પરમેશ્વરની નાયકી સેનાની સામે ઉતારી, આ સેના નાયક પ્રદેશની ભૌગોલિક પરિસ્થિતિથી પૂર્ણરૂપમાં પરિચિત હતી. વળી નાયકી સેનાની બંદૂકો અને તોપગોળા વિરુદ્ધ તીરકામઠાં, તલવારો, ગોફણો વચ્ચેની લડાઈ હતી. નાયકીરાજના સૈનિકોમાં અપૂર્વ સાહસ અને જુસ્સો હોવા છતાં એમનાં પુરાણાં  શસ્ત્રો અંગ્રેજોનાં આધુનિક હથિયારો સામે ખાસ કારગત નીવડ્યાં નહીં. ઈતિહાસકાર અરુણ વાઘેલા નોંધે છે, 'જોરીયાએ પંચમહાલ-રેવાકાંઠામાં અંગ્રેજો અને સ્થાનિક રજવાડાઓને ખતમ કરી નાયકીરાજ સ્થાપવાનો જંગ શરૂ કર્યો. જે બીજી ફેબ્રુઆરીથી સોળમી ફેબ્રુઆરી સુધી એટલે કે માત્ર ચૌદ દિવસ ચાલ્યો હતો. નાયકાઓનો સંઘર્ષ ટૂંકાગાળાનો જરૂર હતો. પરંતુ ભારતવર્ષના આઝાદીના ઈતિહાસમાં ગૌરવભેર બિરાજે તેવો જંગ હતો.' (પૃ.૫૪). આને આદિવાસી સમાજનો બળવો કે વિદ્રોહ ન કહેતાં દેશી રજવાડાં અને અંગ્રેજરાજથી અલગ થઈ સ્વતંત્ર નાયકીરાજ સ્થાપવાની પ્રથમ સશસ્ત્ર ક્રાન્તિ કહી શકાય.

જોરીયા અને રૂપસિંહે પોતાની હાર નજરે જોતાં 'જીવતા રહેશું તો ફરી લડીશું' વિચારીને બંનેએ પલાયન કર્યું.

પ્રકરણ-૫ 'ફાંસીના માંચડે અને ઈતિહાસલોપ' અંગેનું છે.

નાયકાઓનો ખાસ દુશ્મન જગતના બારિયાનો પુત્ર દીપસિંહ જે દિવસથી જોરીયાનો શિષ્ય બન્યો ત્યારથી નાયકાઓ તેની તરફ શંકાની નજરે જોતા હતા. જોરીયાનો અંગત બનીને રહેતા દીપસિંહ બારિયાનો સંબંધ મેજર બાર્ટન સાથે જોડાયેલો હતો. આ પ્રદેશદ્રોહી નિયમિત જોરીયાની પળેપળની માહિતી મેજર બાર્ટનને પહોંચાડતો હતો.

સેનાવિહોણો, સાથીવિહોણો એકાકી, એક વાર પોતાનું વતન વડેક અને પોતાની નાયકીરાજની ગાદીનાં દર્શન કરવા ગયેલો જોરીયાની ગદ્દાર દીપસિંહના સહયોગથી થયેલી ધરપકડનું અત્યંત હૃદયદ્રાવક વર્ણન લેખકે કર્યું છે, 'વડેકની પહાડી પર ઘોડો ઊભો રાખીને જોરીયાએ નાયકીરાજની ભૂમિ પર નજર નાખી, પણ પખવાડિયા પહેલાંના વડેકનું નામોનિશાન ન હતું ધરમરાજની ગાદી સમાન પોતાના ઘરમાંથી હજીયે ધુમાડા નીકળી રહ્યા હતા. નાયકાઓનાં ઘર બળીને ખંડેર બની ચૂક્યાં હતાં. એક સમયે સેંકડો નાયકાઓથી હર્યાભર્યા વડેકમાં માણસોનો અણસાર પણ વર્તાતો ન હતો.(પૃ.૮૦)' હજારો નાયકાઓ બાળ બચ્ચાઓ સાથે ભૂખ્યા-તરસ્યા કયાં ભટકતા હશે તેની કલ્પના માત્રથી જોરીયો શારીરિક - માનસિક રીતે તૂટી રહ્યો હતો. વડેક તરફ છેલ્લી નજર નાખી પહાડી પર ફસડાઈ પડ્યો. 'અંગ્રેજોના વફાદાર શ્વાન જેવો દીપસિંહ પગેરું દબાવતો મેજર બાર્ટન અને સેનાને ઠેઠ જોરીયા સુધી દોરી લાવ્યો. ૧૦૦થી વધુ સૈનિકોની બંદૂકો અને તલવારોથી ઘેરાયેલા જોરીયા માટે પ્રતિકારની કોઈ જ તક ન રહી. એ

ગોઝારો દિવસ હતો ૧ માર્ચ ૧૮૬૮(પૃ.૮૦-૮૧)'. જોરીયાને તાત્કાલિક જાંબુઘોડાની જેલમાં લઈ જવામાં આવ્યો.

જોરીયાની ગિરફતારી સાથે નાયકીરાજ આંદોલનના એક મહત્ત્વપૂર્ણ અધ્યાયનો અંત આવ્યો.

જોરીયાની ગિરફતારી પછી રૂપસિંહ નાયક, ગલાલ નાયક, બાબર નાયક, ચીમન બારિયા અને વજીર બારિયા સમેત સેંકડો વિદ્રોહીઓને પકડીને જેલના હવાલે કર્યા. પકડાયેલા નાયકાઓ અને બારિયાઓમાંથી ૫૮ વ્યક્તિઓને મુખ્ય વિદ્રોહીઓ તરીકે જાહેર કરાયા.

આખરી ચુકાદાનો ગોઝારો દિવસ હતો, ૧૬ એપ્રિલ ૧૮૬૮. સિપાહીઓના જુલમથી ઘાયલ ૫૮ આંદોલનકારીઓને ખાસ કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવ્યા. કેદીઓમાં સૌથી આગળ હતો હાથે-પગે બેડીઓથી જકડાયેલો છતાં ખુમારીથી ચાલતો જોરીયો. 'કોર્ટમાં એણે નાયકીરાજ આંદોલનના અનુયાયીઓ ઉપર થોપાયેલા આરોપો પોતાના માથે લઈ લીધા.'(પૃ.૮૯)

**જોરીયા નાયક, રૂપસિંહ નાયક, ગલાલ નાયક, બાબર નાયક અને રાવજી બારિયાને ફાંસી આપવાનો કોર્ટે હુકમ કર્યો. ૨૩ ક્રાંતિકારીઓને જન્મટીપ, ૩૦ ક્રાંતિકારીઓને ૩થી લઈને ૭ વર્ષ સુધીની સખત કેદની સજા ફટકારી**

જોરીયા નાયક, રૂપસિંહ નાયક, ગલાલ નાયક, બાબર નાયક અને રાવજી બારિયાને ફાંસી આપવાનો કોર્ટે હુકમ કર્યો. ૨૩ ક્રાંતિકારીઓને જન્મટીપ, ૩૦ ક્રાંતિકારીઓને ૩થી લઈને ૭ વર્ષ સુધીની સખત કેદની સજા ફટકારી. ન્યાયાધીશ હતો ઘરના દેવ અને ઘરના પૂજારી જેવો વિલિયમ હેનરી પ્રોપર્ટ.

ક્રાંતિકારીઓને કોર્ટથી સીધા ફાંચીના માંચડે ઢસડી જતા જોઈને અનેક અનુયાયીઓએ પોતાના મહાનાયક 'જોરીયા પરમેશ્વર'નો બુલંદ જયઘોષ કર્યો.

નાયકા સમાજની સ્વાતંત્ર્ય ક્રાંતિના ઇતિહાસનું સોનેરી પાનું રચનાર 'જોરીયો પરમેશ્વર' અને તેના સાથીઓ શહીદ થયા. આ શહીદીને ઈ.સ.૨૦૧૮માં દોઢસો વર્ષ પૂરાં થયાં.

અંગ્રેજ-સત્તા અને દેશી રાજ્યો સામે સામાજિક અને આર્થિક ન્યાય માટે સ્વાતંત્ર્ય ક્રાંતિ સર્જનાર અને આ માટે આદિવાસી સમાજમાં અસ્મિતા જગાડનાર જોરીયા પરમેશ્વરની વિરલ ફળપ્રાપ્તિ લેખક આ રીતે નોંધે છે, 'જોરીયાના નાયકીરાજ આંદોલનની મજબૂત ઐતિહાસિક ભૂમિકા અને ઇતિહાસબોધનો તો ગુજરાતના વંચિતોના ઇતિહાસમાં જોટો જડે તેમ નથી. આટલી બધી ગૌરવવંતી વિરાસતનો સર્જક અખિલ હિન્દ કક્ષાનો ક્રાંતિકારી ગણવાની ક્ષમતા ધરાવતો હોવા છતાં જોરીયો ગુજરાતના ઇતિહાસનું પણ વિસરાયેલું પાત્ર રહ્યો છે. જોરીયા પરમેશ્વરના પ્રસ્તુત જીવનચરિત્ર થકી આદિવાસી મહાનાયકની માનસિક ખાંભી અહીં ગૌરવભેર રોપું છું. (પૃ.૯૫)'

મારી દૃષ્ટિએ આ જીવનચરિત્ર માનસિક ખાંભી જ નથી, પરંતુ વંચિત આદિવાસી સમાજનો સામાજિક-આર્થિક ન્યાય પ્રાપ્ત કરવા પ્રેરનાર પ્રકાશસ્તંભ છે.

લેખકને મળેલા ગુજરાત ઇતિહાસ પરિષદ, હરિઓમ આશ્રમ પ્રેરિત પૂજ્ય મોટા ઈન્ટર યુનિવર્સિટી સ્મારક પ્રાઇઝ, રસિકભાઈ આઝાદ સંસ્થાન અને અતુલ્ય વારસો સામયિક સન્માન જેવા પુરસ્કારોથી ગુજરાતનો ઇતિહાસ, આદિવાસી ઇતિહાસ વિભૂષિત થયો છે. આ માટે ડૉ. અરુણ વાઘેલાને જેટલાં અભિનંદન આપીએ એટલાં ઓછાં પડે.

**સંદર્ભ :**



૧. અહીં જોરીયો શબ્દની જોડણી પુસ્તક પ્રમાણે રાખી છે.

૨. કોઈનો લાડકવાયો જોરીયો પરમેશ્વર, અરુણ વાઘેલા, પ્રકાશકઃ પાર્શ્વ પબ્લિકેશન અમદાવાદ-૩૮૦ ૦૦૬, કિંમત રૂ. ૧૩૫-૦૦

૩. ભીલ ક્રાંતિ કે પ્રણેતા, મોતીલાલ તેજાવત, પ્રેમસિંહ કાંકરિયા, પૃ.૨૦-૨૧ પ્રથમ સંસ્કરણઃ ૧૯૮૫, રાજસ્થાન સાહિત્ય અકાદમી, ઉદયપુર.



*૩૦૪, મિથિલા એપાર્ટમેન્ટ, સવિતા એન્કલેવની સામે,*
*જજિઝ બંગલા ચાર રસ્તા, બોડકદેવ,*
*અમદાવાદ-૩૮૦ ૦૧૫ મો. ૯૪૨૮૧૦૯૫૭૯*

# સાહિત્યિક સંશોધન : સ્વરૂપ, સવાલો, સમસ્યાઓ, સમાધાન

- *પ્રસાદ બ્રહ્મભટ્ટ*

સંશોધન માનવઅસ્તિત્વની એક સહજવૃત્તિ છે, મનુષ્યની બૌદ્ધિક ચેતનાનું સહજ પરિણામ છે. સહજસ્ફુરણા કે ઇન્દ્રિયજન્ય અનુભવોની પ્રત્યક્ષતા, તર્કશક્તિ તથા તજન્ય વિભાવનાઓ, પદ્ધતિઓ વગેરે વૈજ્ઞાનિકતાનો તેમાં સમાવેશ થાય છે. જ્ઞાન પ્રાપ્તિ માટેની મથામણ, જ્ઞાનમીમાંસા સંશોધનના મૂળમાં છે. "The Advanced Learner's Dictionary of Current English (Oxford, 1952, p. 1069)માં 'સંશોધન' (Research)નો અર્થ 'a careful investigation or inquiry specially through search for new facts in any branch of knowledge' એવો આપવામાં આવ્યો છે. રેડમન અને મોરી તેને "નવું જ્ઞાન પ્રાપ્ત કરવાના પદ્ધતિસરના પ્રયાસ' તરીકે વ્યાખ્યાવિત કરે છે. કેટલાક વિચારકો તેને પરિચિતથી અપરિચિતની દિશાની શોધયાત્રા (voyage of discovery) પણ કહે છે. મનુષ્યની જિજ્ઞાસા (inquisitiveness) વૃત્તિ તેની જનની છે.

**સંશોધન માટે વૈજ્ઞાનિક પદ્ધતિ અતિ આવશ્યક છે. સંશોધકે સંશોધનના વ્યાકરણને સુપેરે સમજવું પડે. સંશોધકમાં નિરીક્ષણની સજતા જરૂરી છે; તાર્કિકતા તથા નિર્વૈયક્તિકતા સવિશેષ જરૂરી છે**

સંશોધન વિદ્યાકીય પ્રવૃત્તિ છે તેથી તેનો ઉપયોગ શાસ્ત્રીય રીતે કરવો પડે. સંશોધન માટે વૈજ્ઞાનિક પદ્ધતિ અતિ આવશ્યક છે. સંશોધકે સંશોધનના વ્યાકરણને સુપેરે સમજવું પડે. સંશોધકમાં નિરીક્ષણની સજ્જતા જરૂરી છે; તાર્કિકતા તથા નિર્વૈયક્તિકતા સવિશેષ જરૂરી છે. સંશોધન વૈયક્તિક ગમા-અણગમાથી મુક્ત હોવું જોઈએ. સંશોધનમાં ખંત, કાળજીપૂર્વકની તપાસ, વ્યવસ્થિત અભ્યાસ, પદ્ધતિસરની તપાસ તથા પ્રામાણિકપણે થયેલા વિવેચનાત્મક



સત્યાન્વેષણનો મહિમા સ્વયં સ્પષ્ટ છે. પ્રત્યેક તથ્યમાં એનું સત્ય સમાવિષ્ટ હોય છે. સંશોધન દ્વારા એ સત્ય શોધાય છે ત્યારે તેની પરીક્ષા થાય છે. હરિવલ્લભ ભાયાણીના શબ્દોમાં "સંશોધન એટલે સત્યની શોધ. આ સત્ય એટલે અધ્યયન વિષયની સાથે સંકળાવેલાં તથ્યો, તેમનો આંતરસંબંધ અને અર્થઘટન તથા તે ઉપરથી ફલિત થતા વ્યાપક નિર્ણયો; પણ મુશ્કેલી અહીંથી જ શરૂ થાય છે. આ સત્યને જોનાર, જાણનાર પરખનાર છે તે એક ચિત્ત છે અને ચિત્તની પ્રકૃતિ સત્યને યથાર્થ રૂપે આપોઆપ પ્રાપ્ત કરવાની હોતી નથી. અમુક ચિત્તાવસ્થામાં જ તટસ્થભાવે વસ્તુદર્શન ને વિચારણા કરી શકાતી હોય છે.

સાહિત્યિક સંશોધનને સંશોધન સાથે સંબંધ છે એ સાચું પણ સાહિત્ય લલિતકલાઓમાં આવે છે. કલાઓ માનવવિદ્યાઓ(હ્યુમેનિટિઝ) ના વર્ગમાં આવે. માનવવિદ્યાઓમાં સંશોધનનું જે સ્વરૂપ છે તે સમાજવિજ્ઞાનો (સોશિયલ સાયન્સીઝ) અને પ્રાકૃતિક વિજ્ઞાનો(નેચરલ સાયન્સીઝ)માં થતાં સંશોધનોથી થોડું ભિન્ન છે, એટલું જ નહિ, પ્રાકૃતિક વિજ્ઞાનોનાં સંશોધનો પણ ગણિત જેવાં શુદ્ધ વિજ્ઞાનોમાં થતાં સંશોધનોથી જુદાં છે. શુદ્ધ વિજ્ઞાનો સ્વયંસિદ્ધ સત્યોમાંથી નિષ્કર્ષો તારવે છે તથા ત્યાં સંશોધનની કોટી અમૂર્તતા(એબ્સ્ટ્રેકશન)ની ભૂમિકાએ ઘણી ઊંચી હોય છે. તેની તુલનામાં પ્રાકૃતિક વિજ્ઞાનોની સામગ્રી ભૌતિક મૂર્ત, કોન્ક્રિટ હોવાથી નિરીક્ષણ, પ્રયોગ અને અનુમાનિક તર્ક એનાં મુખ્ય ઉપકરણો બને છે. ગણિત કે તર્કમાં જે શુદ્ધિ શક્ય છે તે અહીં સંભવ નથી. અહીં તો વ્યાપ્તિઓ વડે સત્યની સમીપ પહોંચવાનું હોય છે.

શુદ્ધ વિજ્ઞાનો અને પ્રાકૃતિક વિજ્ઞાનોની સરખામણીમાં સમાજ વિજ્ઞાનોની સામગ્રી સાવ જુદી છે, મનુષ્ય છે. પરિણામે સામગ્રી સંચય (ડેટા કલેક્શન) પ્રમાણમાં મુશ્કેલ છે. અહીં સંશોધનમાં સંકુલતા (કોમ્પ્લેક્સિટી)ની માત્રા વધી જાય છે. માનવવિદ્યાઓ અને કલાઓમાં સંકુલતા આત્યન્તિક બને છે. એને કારણે કલા કે સાહિત્યમાં સંશોધન મહદંશે જટિલ અને કઠિન બને છે. સુમન શાહ કહે છે તેમ "સાહિત્યિક સંશોધનની સામગ્રીમાં કૃતિ, કર્તા વગેરે નિમિત્ત સ્વરૂપ

છે, એની ખરી સામગ્રી તો સાહિત્ય પ્રત્યેનો મનુષ્યનો પ્રતિભાવ છે. એ પ્રતિભાવ એની આસ્વાદ પ્રવૃત્તિમાં કે આનંદાનુભવમાં છતો થાય છે. એ પ્રતિભાવ આસ્વાદ, આનંદ ઉપરાંત જ્ઞાનનો પણ પોતાનામાં સમાવેશ કરીને જ વિસ્તર્યો હોય છે." (સાહિત્યિક સંશોધન વિશે', ત્રી. આ.. ૨૦૦૦,પૃ. ૪)

સાહિત્યનો સંશોધક મુખ્યત્વે સાહિત્યકલાનો આસ્વાદક અને અનુભાવક હોય છે, પરંતુ સંશોધક હોવાથી એની મુખ્ય જવાબદારી પોતાની વૈયક્તિકતાઓને વસ્તુલક્ષિતાઓમાં રૂપાંતરિત કરવાની છે. એનો કલાજન્ય આનંદાનુભવ કે જ્ઞાનલબ્ધિ અંગત છે. સંશોધક તરીકે તેનો પુરુષાર્થ એ અંગતતાનું વિજ્ઞાન રચવામાં છે. આ પરથી સ્પષ્ટ થશે કે તમામ વિજ્ઞાનોમાં પ્રવર્તતા સંશોધનથી સાહિત્યિક સંશોધન અનેક દૃષ્ટિએ જુદું છે. વિવિધ વિજ્ઞાનો વચ્ચે તેમની સામગ્રીને કારણે, પદ્ધતિઓને કારણે, જે ભિન્નતા છે તેવી ભિન્નતા સાહિત્યના વિજ્ઞાન વિશે પણ છે. વિજ્ઞાન સામાન્ય રીતે સંભાવ્ય વિધાનો રજૂ કરે છે, અર્થાત્ એના નિષ્કર્ષો હંમેશાં પરીક્ષાર્થે થયેલા હોય છે, ટેન્ટેટિવ હોય છે; પ્રત્યેક વિજ્ઞાની એવી સંભાવના સ્વીકારીને સંશોધન કરતો હોય છે કે નવાં અવલોકનો નિરીક્ષણો સાંપડતાં પોતાના નિષ્કર્ષો બદલાઈ શકે. સંશોધન અને વિજ્ઞાન એ રીતે સતત ચાલનારી પ્રક્રિયા છે.

**સાહિત્યનો સંશોધક મુખ્યત્વે સાહિત્યકલાનો આસ્વાદક અને અનુભાવક હોય છે, પરંતુ સંશોધક હોવાથી એની મુખ્ય જવાબદારી પોતાની વૈયક્તિકતાઓને વસ્તુલક્ષિતાઓમાં રૂપાંતરિત કરવાની છે**

પ્રત્યેક સાહિત્યકૃતિ એક લાક્ષણિક સંશ્લેષણ છે અને સંશોધક માટે એક પદાર્થ છે. પ્રશ્ન થાય કે આ પદાર્થ વિશેનું જ્ઞાન સંશોધકને કઈ રીતે થતું હશે ? પ્રથમ તબક્કે તો સંશોધક પણ અન્ય ભોક્તાઓ જેવો ભોક્તા છે, વધારે સારો ભોક્તા, સહૃદયી છે. સંશોધકે સાહિત્યકૃતિ સાથેના સન્નિષ્કર્ષો, પ્રતિભાવો અન્યોને - માટે સ્વીકાર્ય રૂપમાં, બુદ્ધિગમ્ય રૂપમાં પ્રસ્તુત કરવાના હોય છે. આ સંદર્ભમાં સંશોધન બૌદ્ધિક પ્રવૃત્તિ છે, કૃતિના આનન્દાનુભવ પછીની 'પોસ્ટ ફેક્ટો' પ્રવૃત્તિ છે. આત્મનેપદી કલાનુભવમાં નિર્વૈક્તિક વૈજ્ઞાનિકતાનો સૂત્રપાત કરવો અને એ રીતે વસ્તુલક્ષિતા કેળવવી એ સાહિત્યિક સંશોધનમાં આરંભિક આવશ્યકતા છે.

સાહિત્ય વિવેચનમાં પણ વિવેચકે વૈજ્ઞાનિક પદ્ધતિનો આશ્રય લેવો પડે છે. જો તે તેમ ન કરે તો કૃતિ વિશેનું તેનું મૂલ્યાંકન સ્વીકારાતું નથી અને વાદ-વિવાદ જન્માવે. છે. અંધાધૂંધી તથા તર્કપૂત શોધ વચ્ચે ઘણો ફર્ક છે. વ્યર્થ વિવાદ મોટાભાગે અંધાધૂંધીનું પરિણામ હોય છે. વૈજ્ઞાનિક પદ્ધતિનાં વિધાનો વધુ સંશોધન માટે હમેશાં ખુલ્લાં હોય છે. વિવેચન અને સંશોધન આ ભૂમિકાએ એકમેકને પૂરક છે. આ ભૂમિકાએ બંનેમાં કૃતિ અંતર્ગત સૂત્રો અને નિયમોની વ્યાખ્યાઓ થાય છે તથા તેમાં પ્રવર્તતી ભિન્ન ભિન્ન સંબંધભૂમિકાઓ પર પ્રકાશ પડે છે.

સાહિત્યના ઇતિહાસ પર દૃષ્ટિપાત કરીએ તો એરિસ્ટોટલે, મલ્લીનાથ, દંડી વગેરે સાહિત્યાચાર્યોએ પ્રાપ્ત કૃતિ-વિશેષો પરથી ટ્રેજેડી કે મહાકાવ્ય વિશેના અને સાહિત્યકલા વિશેના કેટલાક સામાન્ય સિદ્ધાંતો આપેલા છે. આજ સુધીનું સમગ્ર સાહિત્ય વિવેચન આ પરિપાટીની પ્રવૃત્તિ છે. તે આનુમાનિક તર્ક-પદ્ધતિએ વિકસેલું છે. પરંતુ સાહિત્યમાં તો પ્રત્યેક કૃતિને નવોન્મેષ લેખવામાં આવે છે, સ્વતંત્ર સૃષ્ટિ સમજવામાં આવે છે; એટલું જ નહીં અદ્વિતીય પણ ગણવામાં આવે છે.જો આ સાચું હોય તો કૃતિની પરીક્ષા પૂર્વે જન્મેલા સિદ્ધાંતો વડે શી રીતે કરી શકાય ? પ્રયોગોને પૂર્વેની પરંપરામાં સ્થિર થયેલા માનદંડો વડે શી રીતે માપી શકાય ? સાહિત્યકલામાં સાહિત્યિક મૂલ્યો કદી સનાતન હોઈ શકે ? ગમે તેટલું સંગીન વૈયક્તિક મૂલ્યાંકન સિદ્ધાંત બની શકે?

સિદ્ધાંત વિવેચન અને પ્રત્યક્ષ વિવેચન વચ્ચેના આ સવાલોનો સામનો સાહિત્યિક સંશોધનમાં પણ કરવો પડે, વાસ્તવમાં આ સવાલો, સિદ્ધાંત અને સંશોધન વચ્ચેના છે. આ પરિપ્રેક્ષ્યમાં એવું દૃષ્ટિબિંદુ ઊપસી આવ્યું છે કે સિદ્ધાંત સંશોધનને દોરે છે અને સંશોધન વડે સિદ્ધાંત વિકસે છે. વિજ્ઞાનમાં આ બાબત "બિલ્ડિંગ બ્લોક નોશન' તરીકે જાણીતી છે. એ અનુસાર નવું વિજ્ઞાન જન્મે છે તથા તે જૂનાનું સંશોધન- સંવર્ધન કરે છે. આ પરિપ્રેક્ષ્ય પરંપરાગત છે. બીજો પરિપ્રેક્ષ્ય આધુનિક છે. એ અનુસાર એવું દૃષ્ટિબિંદુ સ્થિર થયું છે કે સિદ્ધાંતો ગેરરસ્તે દોરનારા છે. પૂર્વવર્તી સિદ્ધાંતો કે વિજ્ઞાનો નવા સિદ્ધાંતો કે



નવાં વિજ્ઞાનો માટે કુણ્ઠા બની રહે છે. એટલે નવું વિજ્ઞાન જૂનાં બંધનો ફગાવીને એક સર્જનાત્મક વિજ્ઞાન બની રહે છે, જેના પ્રકાશમાં આપણી આપણા 'વાતાવરણ' વિશેની સમજ વધે છે. આ ઊહાપોહનું ફલિત એ છે કે સિદ્ધાંત અને સંશોધન પરસ્પરને પૂરક છે એવી સમજ કેળવવી.

ડ્રાયડને કહ્યું છે કે "Art is dynamic, not static force." ચૈતન્યથી સભર પ્રાણવાન વિશ્વ જેનો વિષય છે એવી કલા સદૈવ ગતિશીલ બળ છે, સ્થિર નહીં. ગતિશીલતા જીવંતતાની નિશાની છે. કલા-સાહિત્યે રમણીયતાનો અનુભવ કરાવવો હોય તો નિત્યનૂતનતા દાખવવી પડે. રમણીયતાનું તત્ત્વ ન ઝિલાય તો સાહિત્યકૃતિમાં ઊણપ અનુભવાય. સાહિત્યમાં રમણીયતા અને નવોન્મેષને ખેંચી લાવવાનું કામ પ્રયોગ કરે છે. પરંપરા જ્યારે સ્થિર મંદ ધારા બની જાય ત્યારે પ્રયોગોની અનિવાર્યતા ઊભી થાય છે. પ્રયોગશીલતા એ ફેશન નથી, કવિકર્મની અનિવાર્યતા છે. પરંપરાથી વિચ્છેદ સાધીને જ પ્રયોગ થઈ શકે એમ માનવું ભૂલભરેલું છે.

સાહિત્યિક સિદ્ધાંતો કશા ભંડારમાં ભરેલા નથી. તેમને હંમેશાં શોધવાના, સંશોધવાના હોય છે. વિજ્ઞાનનાં સંશોધનોની જેમ શાસ્ત્રનાં, સાહિત્યનાં સંશોધનો દ્વારા પણ પ્રજાજીવનની ભૌતિક અને બૌદ્ધિક, વૈચારિક સમૃદ્ધિ વિસ્તારી શકાય છે. સાહિત્યિક સંશોધન સ્થૂળ-ભૌતિક સમૃદ્ધિ વધારવામાં ઝાઝું ઉપકારક ન થાય, પરંતુ માનવજાતની, બૌદ્ધિક કે વૈચારિક સમૃદ્ધિ વધારવામાં અવશ્ય ઉપકારક થાય. માનવીય સંવેદનશીલતાની ઉચ્ચ ભૂમિકા પાછળ જે વિચાર, રુચિ, કક્ષા ઇત્યાદિની પ્રેરકતા કાર્ય કરે છે એનો વિસ્તાર સાધવામાં સાહિત્ય અને સાહિત્ય સંશોધન જરૂર ઉપયોગી નીવડી શકે.

**સાહિત્ય ક્ષેત્રે સાહિત્યકૃતિઓ ઉપરાંત કર્તાઓ એટલે કે સાહિત્યકારો પણ સ્પૃહણીય નીવડતા હોય છે તેથી તેમને વિશે પણ સંશોધનો થતાં હોય છે**

સાહિત્યક્ષેત્રે સાહિત્યકૃતિઓ ઉપરાંત કર્તાઓ એટલે કે સાહિત્યકારો પણ સ્પૃહણીય નીવડતા હોય છે, તેથી તેમને વિશે પણ સંશોધનો થતાં હોય છે. વળી સાહિત્યક્ષેત્રે કૃતિ, કર્તા પછી કેટલાક સાહિત્યિક યુગોની પણ કેટલીક લાક્ષણિકતાઓ આકર્ષક હોય છે. એવા યુગોને વિશે પણ સંશોધનો થતાં હોય છે. સાહિત્યક્ષેત્રે કેટલાક સાહિત્યપ્રકારો પણ નોંધપાત્ર હોવાથી તેમને વિશે પણ સંશોધનો થાય છે. આ ઉપરાંત કેટલાક સાહિત્યિક વિભાવો પણ ધ્યાનાર્હ બને છે. તેમને વિશે પણ સંશોધનો થઈ શકે. વિવેચનમાં આ વિભાવોનો વિનિયોગ થતો હોવાથી આ સંશોધન વિવેચનના સંશોધનનો પ્રકાર છે.

ગુજરાતી સાહિત્યમાં સંશોધન સંદર્ભે વાત કરીએ તો લગભગ નવસો વર્ષના ગુજરાતી સાહિત્ય પૈકી પ્રારંભિક સાતસો વર્ષના સાહિત્યને 'મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય' તરીકે ઓળખવામાં આવે છે. તેના ભક્તિમાર્ગી, જ્ઞાનમાર્ગી વગેરે પ્રવાહો છે, લોકસાહિત્યનો પ્રવાહ પણ સમાંતર વહ્યો છે. ફાગુ, આખ્યાન, પદ્યવાર્તા વગેરે સ્વરૂપો અને નરસિંહ, મીરાં, અખો, પ્રેમાનંદ, શામળ, દયારામ, વગેરે કવિઓ ઉલ્લેખનીય છે. જૈન સાહિત્યની સશક્ત ધારા મધ્યકાળમાં વહી છે. સ્વામિનારાયણ સંપ્રદાયના, મુસ્લિમ, ખ્રિસ્તી, પારસી કવિઓ અને સ્રી કવયિત્રીઓની ક્ષીણ ધારાઓ પણ સંશોધકોને આમંત્રે છે. મધ્યકાળનું સમગ્ર સાહિત્ય હસ્તપ્રતો રૂપે વેરવિખેર દટાયેલું પડ્યું છે. મધ્યકાળનું મોટાભાગનું સાહિત્ય હજુ પ્રકાશના ઉજાસ અર્થે મીટ માંડી રહ્યું છે. નવી પેઢીના સાહિત્યપ્રેમી સંશોધકો-સંપાદકો માટે ઘણી તકો રાહ જોઈ રહી છે.

દલપત-નર્મદથી પ્રારંભાયેલા અર્વાચીન ગુજરાતી સાહિત્યને તો હજુ બે સૈકા પણ પૂરા થયા નથી અને છતાંય એ મુદ્રિત-પ્રકાશિત સાહિત્ય પૈકી પણ અધઝાઝેરું સાહિત્ય કાળદેવતાની કઠોરતાને કારણે ઝડપથી અજ્ઞાતના અંધકારમાં ઓઝલ થઈ રહ્યું છે. સંશોધનની કોઈ પદવી માટે નહીં પણ સ્વાન્તઃસુખાય, સાચા અર્થમાં જેને સીમાચિહ્ન સંશોધનગ્રંથ કહેવો પડે એવો અપ્રતિમ આકરગ્રંથ 'અર્વાચીન કવિતા' આપનાર સુન્દરમે શતાબ્દીની કવિતાનો જે ઇતિહાસ હાથવગો કર્યો છે એમાંથી કેટકેટલા કવિઓ વિસ્મૃતિની ગર્તામાં ધકેલાઈ ગયા છે એ સંશોધનનો વિષય છે. એવું જ અસંખ્ય ગદ્યસર્જકોનું થયું છે. એટલે અર્વાચીન યુગમાં સંશોધન માટે ઝાઝો અવકાશ નથી એવી ભ્રમણામાં રહેવા જેવું નથી. મુદ્રણના આશીર્વાદથી માત્ર પોણા બસો વર્ષમાં એટલું વિપુલ સાહિત્ય સાંપડ્યું કે એને વર્ગીકૃત કરવા છ જેટલા યુગો (કહો કે પેટા યુગો) પાડવા પડ્યા ! આ દરેક યુગની લાક્ષણિકતાઓને રેખાંકિત કરવા માટે સંશોધનને પૂરતી મોકળાશ છે, ખાસ કરીને ગૌણ સર્જકોને સમુચિત ન્યાય આપવા માટે.

યુગ, પ્રકાર, વિભાગ, કર્તા વિશેનાં તમામ સંશોધનોના કેન્દ્રમાં કૃતિ છે એ યાદ રાખવું ઘટે. સાહિત્ય કૃતિની તપાસ કલાકીય ભૂમિકાએ કરવી પડે. કોઈ પણ કૃતિમાં સિદ્ધ થયેલું શબ્દસંયોજન જે સ્ફુરણો જન્માવે છે તે કલા સાથે સંબંધ્ય હોય છે. સહૃદય ભાવકના પ્રતિભાવનું કારણ કલામાં રહેલું

છે. કૃતિની અદ્વિતીયતામાં રહેલું છે. સુમન શાહ કહે છે તેમ "સાહિત્યિક સંશોધનમાં તર્ક, વૈજ્ઞાનિક પદ્ધતિ કે પદ્ધતિ-વિજ્ઞાનનો જેટલો અને જેવો મહિમા છે, તેટલો અને તેવો એ જે હેતુને માટે અસ્તિત્વ ધરાવે છે તે કલાનો અને કલામીમાંસાનો પણ છે જ. પરિણામે સાહિત્યિક સંશોધનમાં કૃતિગત અદ્વિતીયતાને વ્યાખ્યાબદ્ધ કરવા ઉપરાંત, કલામીમાંસાના કેટલાક કૂટપ્રશ્નોનો સામનો કરવાનો આવે છે; સવિશેષ તો, વિભાવો અને વિવેચનનું સંશોધન હાથ ધરાયું હોય ત્યારે, ચર્ચા ઠીક ઠીક પણે ફિલોસોફીમાં દાખલ થતી હોય છે. આ ચર્ચામાં મેટાક્રિટિસિઝમ'ની પરિપાટી ઉપકારક નીવડી આવે, એ ઘણું સંભવિત છે." (એજન પુ. ૧૪)


કોઈ પણ કૃતિ કલા જન્માવે છે, પણ તે ભાષા દ્વારા સર્જાઈ છે એ હકીકત છે. સર્જક સાહિત્ય નહીં પણ ભાષા સર્જે છે એવી માન્યતાને આધારે સર્જનાત્મક કૃતિને ભાષા કૃતિ તરીકે તપાસવાનો ઉદ્યમ શરૂ થયો. આપણે જાણીએ છીએ કે વ્યવહારની ભાષા કરતાં સાહિત્યની ભાષા શબ્દ પાસેથી વિશિષ્ટ કાર્ય કરાવે છે. ભારતીય કાવ્યાચાર્યોએ તો શબ્દ અને અર્થના સહિતત્ત્વનો સ્વીકાર કરીને સાહિત્યિક ભાષાનું મૂલ્ય પ્રગટ કરી વિશિષ્ટ પ્રદાન કર્યું જ છે. પરંતુ પાશ્ચાત્ય સમીક્ષકોએ ભાષા સંદર્ભે કરેલી વિશદ વિચારણાથી ભાષાવૈજ્ઞાનિક અધ્યયન દ્વારા કૃતિનાં રસસૌંદર્યને પામવાના પ્રયાસ રૂપે ધ્વનિ અને વર્ણથી માંડીને કૃતિની સંરચનાને પામવાની નવી દિશાઓ ઊઘડી છે. ભાષાવિજ્ઞાનની સાથે સાથે સંકેતવિજ્ઞાનનો આધાર લઈને કૃતિની સંરચનાને તપાસવાની પદ્ધતિ પણ વિકસી રહી છે. સામગ્રીના અભ્યાસ દ્વારા કૃતિની સાહિત્યિકતાને પામવાની દિશા સંકેતવિજ્ઞાને ખોલી આપી છે.

**સર્જક સાહિત્ય નહીં પણ ભાષા સર્જે છે એવી માન્યતાને આધારે સર્જનાત્મક કૃતિને ભાષા કૃતિ તરીકે તપાસવાનો ઉદ્યમ શરૂ થયો. આપણે જાણીએ છીએ કે વ્યવહારની ભાષા કરતાં સાહિત્યની ભાષા શબ્દ પાસેથી વિશિષ્ટ કાર્ય કરાવે છે**

સાહિત્યમાં આકૃતિ અને અંતસ્તત્ત્વનો વિવાદ પણ થાય છે. પશ્ચિમની સાહિત્યવિચારણામાં 'આકૃતિ' (Form)એ અત્યંત મહત્ત્વની બીજભૂત સંજ્ઞા રહી છે. વિશિષ્ટ કૃતિની વિશિષ્ટ આકૃતિ દ્વારા આપણો પ્રયાસ કૃતિની રચનાનો વિશેષ પકડવાનો હોય છે. આકૃતિ એટલે વિશિષ્ટ સાહિત્ય સ્વરૂપ નહીં. "આકૃતિ દ્વારા" સાહિત્યકૃતિના ગદ્ય કે પદ્યબંધનો આકાર, તેમાંનું વસ્તુ તથા તેની સંકલના સૂચવાય છે.

સુરેશ જોષીએ કહ્યું છે કે સાહિત્યમાં આકૃતિ માત્ર બાહ્ય ક્લેવર નથી કે રચનાનાં ભિન્ન ભિન્ન ઘટકતત્ત્વોની બાહ્ય ઉપસ્થિતિ નથી, એ તો સર્વ ઘટકતત્ત્વોને એક સૂત્રે બાંધનારી રચનાપ્રક્રિયાની મૂળભૂત શક્તિ સ્વયં છે એટલે કે રચનામાં રહેલો (actualizing principle) છે, રસનિષ્પત્તિની પ્રકિયા છે. આધુનિક વિવેચનમાં આકૃતિનિર્માણ એક મૂલ્યવાળી પ્રવૃત્તિ લેખે પ્રતિષ્ઠા પામી છે. નૂતન કલામીમાંસાની એક પાયાની સ્થાપના એ છે કે કલાનું મૂલ્ય પ્રાપ્ત કરતી પ્રત્યેક કૃતિ એક અખંડ અવિભાજ્ય અને એકકોષી પદાર્થ છે. એમાં સાહિત્યકારના મૂળ ભાવ, વિચાર કે સંવેદનને અલગ વસ્તુ રૂપે તારવી બતાવી શકાય નહીં. વસ્તુગત સહસંબંધ (objective correlative)ની પ્રાપ્તિ થતાં સાહિત્યકારના મૂળ ભાવ, વિચાર કે સંવેદનને નવું રહસ્ય મળે છે. પ્રતીક, કલ્પન અને પુરાકલ્પનના વિનિયોગ દ્વારા મૂળના ભાવની વ્યંજના વિસ્તરતી રહે છે. મૂર્ત કૃતિ રૂપે જે કંઈ રચાય છે તેથી પૂર્વકાલીન વસ્તુનો અલગ વિચાર કરવાનું કપરું બની જાય છે. માર્ક શોરર જેને achieved content કહે છે તેવી એ 'સંસિદ્ધ વસ્તુ' આપણને કેવળ આકૃતિ રૂપે મળે છે.

પ્રતીક, કલ્પન, પુરાકલ્પન(મીથ), આકૃતિ, રૂપનિર્મિતિ, વસ્તુગત સહસંબંધ, ઘટનાનું વિરોધાન, ટ્રેજેડી, કોમેડી, મેલૉડ્રામા, વસ્તુગૂંફન (પ્લોટ કન્સ્ટ્રકશન) વગેરે વિભાવો વડે, ઓજારો વડે વિવેચનાત્મક વિધાનો થતાં હોય છે. આ વિભાવોનું સંશોધન થવું જોઈએ. આ વિભાવો વડે તૈયાર થતી વિવેચનની પરિભાષાનું સંશોધન મેટાક્રિટિસિઝમની ઉલ્લેખનીય પ્રવૃત્તિ છે. આ પ્રકારનું સંશોધન કરનારે આવશ્યકતા અનુસાર તત્ત્વજ્ઞાન, મનોવિજ્ઞાન, સમાજશાસ્ત્ર, અર્થશાસ્ત્ર, રાજનીતિશાસ્ત્ર, ઇતિહાસ વગેરેની મદદ લઈ



આંતરવિદ્યાકીય ભૂમિકાએ આવી તપાસ કરવી પડે છે. વિવેચનાત્મક વિધાનોનું વર્ણન, અર્થઘટન, વિવરણ અને મૂલ્યાંકન એવાં ચાર શીર્ષક હેઠળ વર્ગીકરણ કરવાથી આ સંશોધનમાં સંતોષકારક પરિણામ પ્રાપ્ત કરી શકાય.

સાહિત્યક્ષેત્રમાં અવારનવાર કૃતિઓના મૂલ્યાંકન પરત્વે વિવાદ સર્જાતો હોય છે. એક જ કૃતિ વિશે નિતાન્ત વિરોધી એવાં મૂલ્યાંકનો રજૂ થતાં હોય છે. આવાં પરસ્પર વિરોધી મૂલ્યાંકનોમાંથી, કયા મૂલ્યાંકનને સ્વીકાર્ય લેખવું? અહીં મૂલ્યાંકનમાં પ્રયોજાયેલા માનદંડોની તપાસ કરવી પડે. ઉચ્ચ માત્રાની એકતા એક એવો. માનદંડ છે જે વડે કોઈ પણ કૃતિને માપી શકાય, મૂલવી શકાય. સાહિત્યિક સંશોધનમાં ઉપર્યુક્ત પ્રશ્નો-સમસ્યાઓ ઉપરાંત પણ કેટલીક સમસ્યાઓ સર્જાતી જોવા મળે છે, એનું મુખ્ય કારણ એ છે કે સાહિત્યના સ્પષ્ટ, સર્વસ્વીકૃત સિદ્ધાંતો નથી તેમ સંશોધનના પણ સર્વસ્વીકૃત સિદ્ધાંતો નથી, કોઈ સુનિશ્ચિત પદ્ધતિ નથી. પદ્ધતિવિજ્ઞાન (મેથડોલોજી) પણ પદ્ધતિ વિશેનું વ્યાપક માળખું પૂરું પાડી શકે. વાસ્તવમાં તો સંશોધકની ટૅક્નિક જે તે સંશોધનમાં સંશોધકની સજ્જતાને પરિણામે સ્વયં ઉત્ક્રાન્ત થતી હોય છે. પ્રત્યેક સંશોધનને પોતાનો હેતુ હોવાનો. કોઈ પણ સંશોધન કોઈ પ્રશ્નના ઉકેલની દિશામાં વિસ્તરતું હોય છે; પણ એની રીતિ વૈજ્ઞાનિક હોઈને તે અંતિમ ઉકેલ તો નહિ આપી શકે એ હકીકત છે. એનો અર્થ એ કે પ્રશ્નનું સ્વરૂપ સંશોધનના પરિણામે વિશદ થશે.

**સાહિત્ય ક્ષેત્રમાં અવારનવાર કૃતિઓના મૂલ્યાંકન પરત્વે વિવાદ સર્જાતો હોય છે. એક જ કૃતિ વિશે નિતાન્ત વિરોધી એવાં મૂલ્યાંકનો રજૂ થતાં હોય છે**

સમર્થ સંશોધક સમસ્યા-પ્રોબ્લેમ શોધતો નથી. સાહિત્યસૃષ્ટિમાં સમસ્યાઓની ખોટ નથી. હા, સમસ્યાની પસંદગી સંશોધકના પોતાના જ પરિશીલનનું પરિણામ હોય એ અપેક્ષિત છે. સાહિત્યિક સમસ્યાઓના ગુંચળામાંથી સંશોધકે તારતમ્યને આધારે પસંદગી કરવી જોઈએ. કઈ સમસ્યાનું સંશોધન સાહિત્યક્ષેત્રમાં સવિશેષ ઉપયોગી નીવડશે એનો વિવેક તેણે નિર્વૈયક્તિક ભાવે કરવો જોઈએ.

સમસ્યાની પસંદગી સીમિત કક્ષાની હોય તો પણ સંશોધનની પ્રક્રિયામાં અભ્યાસનું ક્ષેત્ર સીમિત રહી શકતું નથી. સંશોધનપાત્ર કોઈ પણ સમસ્યા(પ્રોબ્લેમ) સંશોધક પાસે સૂઝસમજ, અભ્યાસનિષ્ઠા અને જહેમત માગી લે છે. સાહિત્યિક સમસ્યાનું સંશોધન સમસ્યા વિના શક્ય બનતું નથી. સંશોધકની સમસ્યાઓ સામાન્ય રીતે ત્રણ પ્રકારની હોય છે : (૧) સંશોધન વિષયની પસંદગી પોતે જ એક સમસ્યા છે. સંશોધક માટે પોતાનાં રસ-રુચિ પારખવાં સરળ છે, પણ પોતાની સજ્જતા (ગુંજાશ) પારખવી સરળ નથી. વળી સંશોધન માટે જરૂરી સામગ્રી-સંદર્ભ વગેરે પ્રાપ્ત કરવાની શક્યતાઓ પણ વિચારી લેવી પડે. અધૂરી, અપર્યાપ્ત સામગ્રીથી કામ ચલાવવાથી સંગીન સંશોધન થઈ શકતું નથી. (૨) પોતાનું સંશોધન અન્ય અભ્યાસીઓને ઉપયોગી થઈ શકે એવી ક્ષમતાવાળું બને એનું ધ્યાન સંશોધકે રાખવું પડે. સાવ નવી દિશામાં સંશોધન કરનારે એવું નક્કર સક્ષમ સંશોધન કરવું જોઈએ જેના આધારે ભાવિ સંશોધકો આગળ કામ કરી શકે. સંશોધકે પોતાના અંગત ગમા-અણગમા, રાગદ્વેષ પર નિયંત્રણ કરી બિનંગત ભૂમિકાએ જ સંશોધન કરવું જોઈએ. જ્યાં આવું નથી થતું ત્યાં ઇચ્છનીય પરિણામ પ્રાપ્ત થતું નથી. (૩) સામાન્ય રીતે સાહિત્યની કોઈ સમસ્યાના સમાધાન માટે સંશોધન કાર્ય હાથ ધરવામાં આવે છે; પરંતુ સંશોધનની પ્રક્રિયા દરમિયાન કેટલીક અણધારી સમસ્યાઓ ફૂટી નીકળતી હોય છે; જેમકે પાઠ-સંશોધન કરતી વખતે જે હસ્તપ્રત પર મુખ્ય આધાર રાખ્યો હોય એ પ્રત ખામીવાળી જણાય કે તેમાં પ્રક્ષેપ જેવો પાઠ જોવા મળે. કોઈ કૃતિના મૂલ્યાંકન-અર્થઘટન દરમિયાન જો વિવેચનની એકાધિક પદ્ધતિઓ સાથે રાખીને સંશોધન કરતા હોઈએ તો પરસ્પર વિરોધી તારણો મળવાની સંભાવના રહે છે. એવી પરિસ્થિતિમાં નવેસરથી વિચારવું પડે અન્યથા સંશોધન આડે રસ્તે દોરાઈ જાય, ફંટાઈ જાય.

ઉપર્યુક્ત સમસ્યાઓના સમાધાન અર્થે જ સંશોધનમાં ઉપસ્થાપના (Hypothesis)નો સ્વીકાર કરવામાં આવ્યો છે. સંશોધનની શરૂઆતમાં ઉપસ્થાપનાનું જે સ્વરૂપ હોય તે સંશોધન દરમિયાન વિવિધ તબકકે અને અંતે પરિવર્તિત થઈ શકે. સંશોધકના ચિત્તમાં વિષયને અનુરૂપ કોઈ સિદ્ધાંતનો, વિચારનો, વિભાવનો ઝબકાર થતાં તે કોઈ ઉપસ્થાપનાને આધાર બનાવી સંશોધનનો આરંભ કરતો હોય છે. સંશોધકના નિજી પરિવેશનો પ્રભાવ ઉપસ્થાપના પર પડતો હોય છે. સંશોધનનો વિષય, સામગ્રી-સંદર્ભ સંકલન, પૂર્વ સજ્જતા નિમિત્તે થયેલો સ્વાધ્યાય વગેરેનો ઉપસ્થાપના સાથે નિકટનો નાતો છે.

સાહિત્યસંશોધક સાચા અર્થમાં સત્યશોધક હોય છે. તે જેનું પ્રતિપાદન કરવા ઇચ્છે છે તેને તમામ પુરાવાઓ સહિત સત્યની સાવ નજીક જઈને રજૂ કરે છે. અસરકારક


અભિવ્યક્તિથી સત્યને સહજપણે સંક્રાન્ત કરી શકાય છે. સાહિત્યસંશોધનની અભિવ્યક્તિનું સુવ્યવસ્થાપન આવશ્યક છે. એ માટે સમુચિત ભૂમિકા, પ્રસ્તાવ, વિષયની મહત્તા, તથ્યો તથા તારણોનું સંકલન અને ઉપસંહાર એવા પાંચેક વિભાગોનું આયોજન વિષયાનુરૂપ કરી શકાય.

તુલનાત્મક અધ્યયનમાં સંશોધકે તરતમ (તારતમ્ય)ની તપાસ કરતાં સ્વસ્થતા જાળવવી જરૂરી છે. તુલનાકાર (comparatist) જે જે સાહિત્યોને, સર્જકોને, સાહિત્યકૃતિઓને પોતાના અભ્યાસમાં આવરી લે છે એનું સમન્વયાત્મક અર્થઘટન, મૂલ્યાંકન કરવા તરફ વળે છે. પોતાના અભ્યાસમાં તે સાહિત્યો, સર્જકો કે સર્જનોને ઇતિહાસ, વિવેચન, તત્ત્વજ્ઞાન, ચિત્ર, વગેરે કલાઓના સંદર્ભમાં પણ તપાસે છે. કવિતા કે સાહિત્યનો સંગીત, શિલ્પ, સ્થાપત્ય, નૃત્ય, ચિત્ર, વગેરે અન્ય કલાઓ સાથેનો સંબંધ ખૂબ જ રસપ્રદ વિષય છે. હોલ્ડરલીન, રેમ્બો અને રિલ્કેની કેટલીક કાવ્યકૃતિઓ શિલ્પ અને સ્થાપત્યકલાઓ દ્વારા પ્રેરિત છે તેથી તેની તપાસ તુલનાત્મક સાહિત્યમાં કરીએ ત્યારે કવિતા અને અન્ય કલાઓની તુલનાને અવકાશ રહે. ગુજરાતી સાહિત્યમાં શ્રીધરાણીએ મોનાલીસાના ચિત્રને જોઈ કવિતા લખી છે. ગુલામ મોહમ્મદ શેખની અનેક કવિતાઓ પર ચિત્રકલાનો પ્રભાવ વરતાય છે. જયદેવ શુક્લનાં કેટલાંક કાવ્યો સંગીતકલા સાથે સંકળાયેલાં છે. તેથી આ પ્રકારની કવિતાની તપાસ ચિત્રસંગીત કલાઓના સંદર્ભમાં તુલનાત્મક રીતે થઈ શકે. યશવંત ત્રિવેદી સંપાદિત '...અને સાહિત્ય' સંચયના 'શિલ્પ અને સાહિત્ય' હરિપ્રસાદ સોમપુરા, "સંગીત અને સાહિત્ય' નિનુ મજુમદાર તથા 'થિયેટર અને સાહિત્ય' અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ વગેરે લેખો આ સંદર્ભમાં વિચારી શકાય. લેસિંગની 'લાઓકુન'ની ચર્ચાથી આ પ્રકારની વિચારણાનો પ્રારંભ થયો હતો. 'સાહિત્યની માનવીય અભિવ્યક્તિનાં અન્ય ક્ષેત્રો સાથે તુલના'ને તુલનાત્મક સાહિત્ય એમ કહીએ એટલે એક બાજુ સાહિત્યેતર કળાઓનું ક્ષેત્ર ખુલ્લું થાય છે તો બીજી બાજુ સાહિત્ય અને બુદ્ધિશક્તિ જેમાં પ્રયોજાયેલી હોય અને જેનો હેતુ જ્ઞાન સંપાદનનો હોય તે તમામ સમાજવિદ્યાની શાખાઓ તથા તત્ત્વચિંતનનો પણ એમાં સમાવેશ થાય. સાહિત્ય અને મનોવિજ્ઞાન, સાહિત્ય અને ભાષાવિજ્ઞાન, સાહિત્ય અને ફિનોમિનોલોજી, સાહિત્ય અને સમાજશાસ્ત્ર, સાહિત્ય અને ઇતિહાસ, સાહિત્ય અને શૈલીવિજ્ઞાન-એમ તુલનાત્મક સાહિત્યનું કાર્યક્ષેત્ર વિસ્તરતું જ જાય છે.

**તુલનાત્મક "અધ્યયનમાં સંશોધકે તરતમ (તારતમ્ય)ની તપાસ કરતાં સ્વસ્થતા જાળવવી જરૂરી છે. તુલનાકાર જે જે સાહિત્યોને, સર્જકોને, સાહિત્યકૃતિઓને પોતાના અભ્યાસમાં આવરી લે છે**

સાહિત્યનો વ્યાપ-વિસ્તાર વધતો જાય તેમ સંશોધનની સીમાઓ, પણ વિસ્તરતી જવાની. માત્ર ગુજરાતી સાહિત્યમાં જ નહીં, વિશ્વની વિવિધ ભાષાઓના સાહિત્યમાં જે સંશોધનો થયાં છે તેના પર વિહંગદષ્ટિ નાંખીએ તો સાહિત્યિક સંશોધનના વ્યાપ-વિસ્તારનો આછો અંદાજ આવે. એ સમગ્ર સંશોધનમાંથી સીમાસ્તંભરૂપ સંશોધનોને જુદાં તારવી સંશોધન ક્ષેત્રમાં પ્રવેશ કરવા ઇચ્છુક અભ્યાસીઓએ એનું ગહન પરિશીલન કરવું જોઈએ અને પછી જ આ પડકારરૂપ ક્ષેત્રમાં પદાર્પણ કરવું જોઈએ. એમ કરવાથી આ ક્ષેત્રમાં આવનારાં પડકારો, પ્રશ્નો, સમસ્યાઓના ઉકેલની ચાવી હસ્તગત થશે. ગુજરાતી સાહિત્યમાં જ આજ સુધી થયેલાં સંશોધનો પર દષ્ટિપાત કરતાં સ્પષ્ટ થાય છે કે આ સંશોધનો પૈકી અધઝાઝેરાં સંશોધનો તો ધૂળ પર કરેલા લીંપણ જેવાં છે; કાળપ્રવાહમાં એ ઝડપથી નષ્ટ થઈ જશે. આપણે જેમને નમૂનારૂપ, સીમાસ્તંભરૂપ સમજીએ છીએ એ મુઠ્ઠીભર સંશોધનો પણ સુભાષ શાહની હળવી શૈલીની લઘુનવલના શીર્ષક સમ "વેંત છેટી મહાનતા'નાં નિદર્શનો છે. આપણા શ્રદ્ધેય સંશોધકોને સલામ કરીને પણ કહેવું પડે છે કે સંપૂર્ણ સંતોષપ્રદ શ્રદ્ધેય સંશોધન તો હજી પણ અશક્ય આદર્શ છે; પરંતુ ભાવિ અનંત છે, સંભાવનાઓ અસીમ છે અને આશાઓ અપાર છે, આપણે કશાક ચમત્કારની પ્રતીક્ષા કરીએ, કાં પુરુષાર્થની કાંટાળી કેડી પકડીએ.

*આવાસ બ્લૉક, ૨૬/૧૦૩,*
*ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલૉજી,*
*ગાંધીનગર-૩૮૨ ૦૫૫ મો. ૯૯૨૫૧૫૯૭૫૧*



# ગુજરાતનાં વિશ્વ વિરાસત સ્થળો

*- ડૉ. માણેક પટેલ 'સેતુ'*

કોઈ સમાજવિશેષની ઐતિહાસિક દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ એવી ચિરકાલીન સાંસ્કૃતિક વિશેષતા એટલે 'હેરિટેજ'. ટૂંકમાં જે તે સમુદાયની વિરાસત એટલે હેરિટેજ. વિરાસત માટે હેરિટેજ શબ્દ ગુજરાતી ભાષામાં સ્વીકૃત થયેલો છે. વળી હાલમાં ઘણા વિરાસત માટે ધરોહર શબ્દપ્રયોગ કરી રહયા છે. અત્રે આ પ્રકરણમાં વિરાસતને મધ્યકેન્દ્રમાં રાખીને આગળ વધીશું. આ વિરાસતનું સંરક્ષણ અને તેની જાળવણી ખૂબ જરૂરી છે.

યુનેસ્કો (યુનાઈટેડ નેશન્સ એજ્યુકેશન સાયન્ટિફિક એન્ડ કલ્ચરલ ઓર્ગેનાઈઝેશન) દુનિયાભરનાં ઉત્તમકક્ષાનાં હેરિટેજ સ્થળોને 'વિશ્વ વિરાસત સ્થળ' (વર્લ્ડ હેરિટેજ સાઈટ) નો દરજ્જો એનાયત કરે છે. તે માટે જે તે દેશે નિયત માપદંડો મુજબ પદ્ધતિસરની અરજી સાથે જરૂરી દસ્તાવેજો સાથેનું ડોઝિયર (Dossier) આપવું પડે છે. યુનેસ્કોની અધિકૃત સમિતિ તેની બરાબર તપાસ કરીને 'વિશ્વ વિરાસત સ્થળ'નો દરજ્જો એનાયત કરે છે.

**પતાઈ રાજાનો મહેલ, કિલ્લાઓની દીવાલો, પાણીનો ટાંકો, કોઠાર, કમાનો વગેરે ખંડેર હાલતમાં અવશેષો રૂપે જોવા મળે છે. ટેકરી ઉપર હિન્દુ મંદિરોની સાથે જૈન દેરાસરો પણ આવેલાં છે**

વિરાસતને મૂર્ત (Tangible) અને અમૂર્ત (Intangible) - એ બે ભાગમાં વર્ગીકૃત કરવામાં આવે છે.

મૂર્ત સાંસ્કૃતિક વિરાસત:

કેટલીક વિરાસત ચલ (જંગમ - Movable) તો કેટલીક અચલ (સ્થાયી - Unmovable) હોય છે. ચલ સાંસ્કૃતિક વિરાસતમાં જૂનાં ભીંતચિત્રો અને ફર્નિચર તથા શિલ્પ (Sculpture) નો સમાવેશ થાય છે. અચલ સાંસ્કૃતિક વિરાસતમાં ઐતિહાસિક ઈમારતો, સ્મારકો (મૉન્યુમેન્ટ્સ) અને પુરાતત્ત્વવાળાં સ્થળો (આર્કિયોલોજિકલ સાઈટ) નો સમાવેશ થાય છે.



**અમૂર્ત સાંસ્કૃતિક વિરાસતઃ**

લોકગીતો, લોકકથા, લોકકલા, નૃત્ય, નાટક સાંસ્કૃતિક, ધાર્મિક અને સામાજિક પરંપરાઓનો આ વિભાગમાં સમાવેશ થાય છે. અત્રે એક ખાસ નોંધ લઈએ. ગુજરાતની નવરાત્રિના ગરબાને યુનેસ્કોએ વર્ષ ૨૦૨૩માં અમૂર્ત સાંસ્કૃતિક વિરાસતનો દરજ્જો એનાયત કર્યો છે.

યુનેસ્કો દ્વારા પ્રમાણિત ગુજરાતનાં વિશ્વ વિરાસત સ્થળો આપણા ગુજરાત રાજ્યમાં ચાર વિશ્વ વિરાસત સ્થળો છે.

**ચાંપાનેર-પાવાગઢ**

ચાંપાનેર - પાવાગઢ પંચમહાલ જિલ્લામાં આવેલું એક પૌરાણિક - ઐતિહાસિક શહેર છે. તેને યુનેસ્કો દ્વારા વર્ષ ૨૦૦૪માં વિશ્વ વિરાસત સ્થળનો દરજ્જો એનાયત થયો છે. ધાર્મિક કથાઓ મુજબ, પાવાગઢ ટેકરી ઉપર દેવી કાલિકાના જમણા પગના અંગૂઠાનું અવતરણ થયું હતું. આ સ્થાને આજે કાલિકામાતાનું મંદિર છે . ગુજરાતમાં આવેલાં શક્તિપીઠો પૈકી આ ત્રીજું શક્તિપીઠ છે. તેની સ્થાપના આઠમી સદીમાં રાજા વનરાજ ચાવડાએ કરી હતી. ચાંપાનેર નામ તેના સેનાપતિ ચાંપરાજ ઉપરથી આવ્યું છે.

પાવાગઢની ટેકરીઓ ઉપર અને નીચે વસેલા ચાંપાનેર શહેરમાં સુલતાનયુગ સુધીનાં સ્થાપત્યો આર્કિયોજિકલ પાર્કની જેમ જોવા મળે છે. પાવાગઢની ટેકરી ઉપર આઠ દરવાજા જોવા મળે છે. પતાઈ રાજાનો મહેલ, કિલ્લાઓની દીવાલો, પાણીનો ટાંકો, કોઠાર, કમાનો વગેરે ખંડેર હાલતમાં અવશેષો રૂપે જોવા મળે છે. ટેકરી ઉપર હિન્દુ મંદિરોની સાથે જૈન દેરાસરો પણ આવેલાં છે. રોપવેથી દર્શનાર્થીઓ સહેલાઈથી મંદિર સુધી પહોંચે છે.

મહમૂદ બેગડાએ પતાઈ રાજાના ચાંપાનેર-પાવાગઢ જીતીને એનું નામ 'મુહમ્મદાબાદ' પાડ્યું. વળી એણે

રાજધાની અમદાવાદથી ચાંપાનેર (મુહમ્મદાબાદ)માં ખસેડી હતી. ચાંપાનેરનાં મુસ્લિમ સ્થાપત્યો નયનરમ્ય છે. અત્રેનાં સ્મારકોની યાદી ઘણી મોટી છે. ઘણી બધી મસ્જિદોમાં 'જામી મસ્જિદ' સૌથી વધુ નોંધપાત્ર છે. બેગડાએ સરસ આયોજન કરીને મુહમ્મદાબાદને શણગાર્યું હતું. પાછળથી અહીંથી રાજધાની પાછી અમદાવાદ ખસેડાઈ હતી.

કાલિકામાતાના મંદિરને તાજેતરમાં નવું સ્વરૂપ આપવામાં આવ્યું છે. શ્રદ્ધાળુઓ માટે ચાંપાનેર - પાવાગઢની મુલાકાત આનંદમય બની રહે છે.

**રાણકીવાવ**

રાણકીવાવ ઉત્તર ગુજરાતમાં પાટણ જિલ્લાના પાટણ શહેરમાં આવેલી છે. આ ઐતિહાસિક વાવનું નિર્માણ અણહિલવાડ પાટણના સોલંકી વંશના રાજા મૂળરાજ સોલંકીના પુત્ર ભીમદેવ પહેલાની રાણી અને જૂનાગઢના રાજા રા'ખેંગારની પુત્રી ઉદયમતીએ ૧૧મી સદીના અંતભાગમાં કર્યું હતું. યુનેસ્કોએ ૨૦૧૪માં રાણકીવાવને વિશ્વ વિરાસત સ્થળનો દરજ્જો આપ્યો છે. આ વાવ જોવા દેશ-વિદેશથી હજારો પર્યટકો આવે છે.

**ઐતિહાસિક વાવનું નિર્માણ રાજા મૂળરાજ સોલંકીના પુત્ર ભીમદેવ પહેલાની રાણી અને જૂનાગઢના રાજા રા'ખેંગારની પુત્રી ઉદયમતીએ ૧૧મી સદીના અંતભાગમાં કર્યું હતું. યુનેસ્કોએ ૨૦૧૪માં રાણકીવાવને વિશ્વ વિરાસત સ્થળનો દરજ્જો આપ્યો છે**

એમ માનવામાં આવે છે કે રાણકીવાવ સદીઓ અગાઉ સરસ્વતી નદીમાં આવેલા પૂરમાં કે એવા અન્ય કોઈ ઘટનાક્રમથી જમીનમાં દટાઈ ગઈ હતી. ૧૯૮૬માં દેશના પુરાતત્ત્વ વિભાગ દ્વારા થયેલા ઉત્ખનનથી વાવમાં ભરાયેલી માટી કાઢવાનું કામ કરવામાં આવ્યું હતું.

રાણકીવાવ ૬૪ મીટર લાંબી, ૨૦ મીટર પહોળી અને ૨૭ મીટર ઊંડી છે. તેમાં સાત માળનું બાંધકામ જયા પ્રકારની વાવવાળું છે. વાવમાં અનેક દેવી-દેવતાઓની





સાથે આકર્ષક અપ્સરાઓ અને નાગ-કન્યાઓની કલાત્મક મૂર્તિઓ કંડારેલી જોવા મળે છે. વળી વાવમાં એક નાનો ભેદી દરવાજો પણ જોવા મળે છે.ભારતીય રિઝર્વ બેંકે વર્ષ ૨૦૧૮માં બહાર પાડેલી જાંબલી રંગની ૧૦૦ રૂપિયાની ચલણી નોટ ઉપર રાણકીવાવનો ફોટોગ્રાફ જોવા મળે છે. રાણકીવાવ ગુજરાતની ઉચ્ચ કક્ષાની જોવાલાયક વિરાસત છે. વિશેષમાં પાટણ ઐતિહાસિક શહેર હોવાથી, અત્રેનાં સહસ્રલિંગ તળાવ, કોટ અને દરવાજા, પંચાસરા જૈન દેરાસર, હેમચંદ્રાચાર્ય જ્ઞાન ભંડાર અને પરંપરાગત પટોળાં ઉદ્યોગ વિરાસત મૂલ્યો ધરાવે છે.

**ધોળાવીરા**

ધોળાવીરા કચ્છ જિલ્લાના ભચાઉ તાલુકાના ખદિર બેટમાં આવેલું ગામ છે. સ્થાનિક લોકો તેને 'કોટડો' કે 'કોટડા ટીંબો' કહે છે. આ ગામની બાજુમાં હડપ્પન સંસ્કૃતિનું લુપ્ત થયેલું પ્રાચીન મહાનગર મળી આવ્યું છે .૧૯૬૭ -૬૮ના સમયમાં ભારતીય પુરાતત્ત્વવિદ્ જગતપતિ જોષી દ્વારા આપણને આ વિરાસતની માહિતી મળી હતી. યુનેસ્કોએ ધોળાવીરાને વર્ષ ૨૦૨૧માં વિશ્વ વિરાસત સ્થળ તરીકે જાહેર કર્યું છે.આ નગરની બાંધણી, મુખ્યત્વે ચોરસ અને લંબચોરસ પથ્થરોથી થયેલી જોવા મળે છે. તેમાં શાસક રાજાના આવાસની ચાર દરવાજાવાળી કિલ્લાબંધ દીવાલ સ્પષ્ટ દેખાય છે. અધિકારીઓના ચાર-પાંચ ઓરડાવાળા આવાસોનો ખ્યાલ આવે છે. સામાન્ય નગરજનોનાં આવાસો હાથે ઘડેલી ઈંટોથી નિર્મિત થયેલાં છે આ લુપ્તનગર પાંચ હજાર વર્ષ જૂનું સિંધુ ખીણ સંસ્કૃતિવાળું હશે એમ માનવામાં આવે છે. આ નગર ૫૦ હજારની વસ્તીવાળું હોવાનું અનુમાન કરી શકાય છે.



**'અમદાવાદ' ભારતનું પ્રથમ વર્લ્ડ હેરિટેજ સિટી**

યુનેસ્કોએ વર્ષ ૨૦૧૭માં અમદાવાદના કોટ વિસ્તારને ધ્યાનમાં રાખીને ભારતના પ્રથમ હેરિટેજ વર્લ્ડ સિટીનો દરજ્જો એનાયત કર્યો છે. અમદાવાદનાં નગરજનો માટે જ નહીં, બધાં ગુજરાતીઓ માટે આ ગૌરવની વાત છે.

ગૂર્જરધરા ઉપર સાબરમતી નદીકિનારે વસેલું અમદાવાદ મૂળભૂત પ્રાચીન આશાવલ (આશાપલ્લી) હતું. ૧૧મી સદીમાં રાજા કર્ણદેવ સોલંકીએ કર્ણાવતી નામ આપીને લશ્કરી થાણું સ્થાપ્યું હતું. સુલતાન અહમદશાહે વર્ષ ૧૪૧૧માં પોતાનું પાટનગર વસાવવા માટે માણેક બુરજથી બાંધકામ શરૂ કરી, કિલ્લો બંધાવ્યો. આપણે તેને 'ભદ્રનો કિલ્લો' એ રીતે ઓળખીએ છીએ. તેના વંશજ સુલતાન મહમૂદ બેગડાએ શહેર સુરક્ષિત રાખવા કોટ અને દરવાજા બંધાવ્યા હતા. મુઘલોના શાસન દરમિયાન ફતેહબાગ પેલેસ, આઝમખાન પેલેસ, ચાંદા-સૂરજ મહેલ અને શાહીબાગ પેલેસ નિર્માણ પામ્યા હતા. આ કાળમાં શાંતિદાસ ઝવેરી શહેરના પ્રથમ નગરશેઠ થયા અને એમણે મહાજન પરંપરાની શરૂઆત કરી હતી. મરાઠાયુગમાં ગાયકવાડની હવેલી બંધાઈ હતી.


અંગ્રેજ શાસન શરૂ થતાં અમદાવાદ શહેરમાં સુવિધાઓ વધી અને ઔદ્યોગિક ક્રાંતિનાં પગરણ મંડાયાં. શાળાઓ બંધાઈ. મ્યુનિસિપાલિટીએ પ્રજાનાં કામો શરૂ કર્યાં. એ સમયે શહેરમાં આઝાદીની ચળવળનાં મૂળ નંખાઈ ચૂક્યાં હતાં. મહાત્મા ગાંધીજી અને વલ્લભભાઈ પટેલની જોડીથી આઝાદીની લડત વેગવાન બની અને અંતે ૧૫મી ઑગસ્ટ, ૧૯૪૭ના રોજ આપણા દેશને આઝાદી મળી. અમદાવાદમાં ભદ્રના કિલ્લે આઝાદીનો ઉત્સવ ઊજવાયો. અમદાવાદ શહેરનો ઇતિહાસ રોમાંચક છે. અમદાવાદમાં છેલ્લાં છસોથી વધુ વર્ષોનાં ઘણાં ઐતિહાસિક સ્થાપત્યો કોટ વિસ્તારમાં અસ્તિત્વ ધરાવે છે. વળી તેની સાથે શહેરમાં હિંદુ, જૈન, મુસ્લિમ અને અન્ય ધર્મોનાં સ્થાનકોનો વૈભવભર્યો વારસો પણ છે.

**ઘણાં ઐતિહાસિક સ્થાપત્યો કોટ વિસ્તારમાં અસ્તિત્વ ધરાવે છે. વળી તેની સાથે શહેરમાં હિંદુ, જૈન, મુસ્લિમ અને અન્ય ધર્મોના સ્થાનકોનો વૈભવભર્યો વારસો પણ છે**

અમદાવાદ શહેરનું ખુદનું પોતીકું પ્રણાલીગત સ્થાપત્ય પોળોમાં જોવા મળે છે. પોળો અને પોળોનાં ઘરોની બાંધણી જોવા લોકો દૂર દૂરથી આવે છે. ભૂતકાળમાં અમદાવાદમાં આવેલા મોટા ધરતીકંપ વચ્ચે આ ઘરો સલામત હતાં. ઘરો પડી ગયાં નહોતાં. વળી અત્રે આવેલી હવેલીઓની કાષ્ઠકલા ખૂબ નયનરમ્ય છે. અમદાવાદનું હવેલી સ્થાપત્ય માણવા કાલુપુર સ્વામિનારાયણ મંદિરની હવેલી, સારાભાઈ પરિવારની હવેલી, હરકુંવર શેઠાણીની હવેલી, શેઠ હઠીસિંહની હવેલી, દીવેટિયાની હવેલી, દોશીવાડાની પોળની વિશાળ લાંબી હવેલી, મંગળદાસ શેઠની હવેલી અને વૈષ્ણવ સંપ્રદાયનાં હવેલી મંદિરો વગેરે જોવાં રહ્યાં! વળી એ સમયે બંધાયેલા ધનિકોના બંગલાઓમાં શેઠ મંગળદાસ ગિરધરદાસનો બંગલો, શાંતિસદન બંગલો, માકુભાઈ શેઠનો બંગલો, દીવાન બંગલો વગેરે જોવાલાયક છે.

પર્યટકોએ ભદ્રનો કિલ્લો, સીદીસઈદની જાળી, જામા મસ્જિદ, ઝૂલતા મિનારા . હઠીસિંહનાં દહેરાં, સ્વામિનારાયણ મંદિર, જગન્નાથ મંદિર વગેરેની મુલાકાત લેવી જરૂરી છે. ગાંધીજીનો આશ્રમ જોવા દેશપરદેશથી ઘણા લોકો અમદાવાદ આવે છે. આજે ગાંધીઆશ્રમ ગ્લોબલ ડેસ્ટિનેશન છે.

*ડૉ. માણેક પટેલ 'સેતુ'*
*૮૪, શંકર સોસાયટી, વિભાગ-૨. અંકુર રોડ, નારણપુરા,*
*અમદાવાદ-૩૮૦ ૦૧૩ મો. ૯૮૨૫૦ ૪૨૨૩૧*




# સૌમ્ય અને ખમીરવંતા સર્જક પિનુભાઇ

*- પુલક ત્રિવેદી*

ગુજરાતી સાહિત્યના પ્રાચીન, મધ્યકાલીન અને અર્વાચીન તબક્કાઓ પૈકી થોડું મધ્યકાલીન અને થોડું અર્વાચીન તબક્કામાં યોગદાન આપ્યું છે એવા એક સર્જક એટલે પિનાકીનભાઈ ઉદયમલ ઠાકોર. આ સર્જકે ગુજરાતી સાહિત્યાકાશમાં અમીટ છાપ છોડી છે. પિનાકીનભાઈ ઠાકોર 'પિનુભાઈ'ના નામે સાહિત્ય સર્જકો અને વાંચકોના પ્રિયપાત્ર રહ્યા છે. ત્રણ સાડા ત્રણ દાયકા સુધી બુધસભામાં પિનુભાઈ સાતત્યપૂર્ણ રીતે હાજર રહ્યા. કવિ હર્ષદ ત્રિવેદી કહે છે કે, એ સમયે એમના (હર્ષદભાઈ) જેવા નવસર્જકો પિનુભાઈને 'પીઠાધિશ્વર' કહેતા. અત્યંત વિપરીત કારણો સિવાય પિનાકીનભાઈ કોઈ બુધવારની બુધસભામાં ન ગયા હોય એવું બન્યું જ નથી. ઠંડી હોય કે ધોધમાર વરસાદ, પિનાકીનભાઈ બુધસભામાં હોય જ. ગુજરાત સાહિત્ય પરિષદના મંત્રી અને કોષાધ્યક્ષ તરીકે પિનુભાઈએ અવિસ્મરણીય સેવા આપી છે.

ઑક્ટોબર તારીખ ૧૦, ૧૯૧૬માં બ્રહ્મદેશના મ્યોંગ્મ્યોમાં જન્મેલા આ સર્જક ગર્ભશ્રીમંત હતા. તેમના પિતા ઉદયમલનો જરઝવેરાતનો વેપાર હતો. બર્મામાં એમનું બાળપણ વીત્યું. એમનું વતન અમદાવાદ. માધ્યમિક શિક્ષણ એમણે વડોદરામાં લીધું હતું. ૧૯૩૪માં મેટ્રિક થયા બાદ ત્યાં એક વર્ષ કૉલેજનો અભ્યાસ કરીને પિનાકીનભાઈ પૂના જઈ ૧૯૩૮માં કૃષિવિદ્યામાં વિજ્ઞાન સ્નાતક થયા. માતા સરસ્વતીના ખોળામાં એમણે ભજનો સાંભળી મા સરસ્વતીના ખોળે એટલે કે કલમના ખોળે આજીવન સાહિત્ય સર્જન કર્યું. રંગૂનમાં પટેલ પરિવારોની બહેનોના કંઠે સાંભળેલાં અઢળક લોકગીતોના માધ્યમથી પિનાકીનભાઈના કવિત્વનું પોત ઘડાયું છે. વસુમતી કાકીના અવસાન વેળા પહેલી વાર એમણે મરશિયા સાંભળ્યા. આ ઘટના પિનાકીનભાઈના હૃદયમાં ખૂબ ઊંડે ઊતરી ગઈ હતી.



ત્યારબાદ તો યુવાન પિનાકીનભાઈના માનસપટ ઉપર જીવનનાં રહસ્યો અને મૃત્યુની વાસ્તવિકતાનું સતત ચિંતન રમ્યા કરતું. આ મનન અને ચિંતનના પરિણામ સ્વરૂપે એમના સાહિત્ય સર્જનમાં સ્નેહ અને પ્રેમના સૌંદર્યનું મેઘધનુષ રચાતું ગયું. પિનાકીનભાઈ અને કવિ રાજેન્દ્રભાઈ શાહની મઝાની મૈત્રી હતી. રાજેન્દ્રભાઈનો વર્ષ ૧૯૫૧માં પ્રથમ કાવ્યસંગ્રહ 'ધ્વનિ' આવ્યો અને પિનાકીનભાઈનો પ્રથમ કાવ્યસંગ્રહ 'આલાપ' વર્ષ ૧૯૫૨માં આવેલો. લગભગ એક જ વર્ષમાં બંને સર્જક મિત્રોના કાવ્ય સંગ્રહ પ્રગટ થયાં. અને મજાની વાત એ પણ છે કે, બન્ને સંગ્રહના શીર્ષકો સંગીતની પરિપાટીમાંથી ઉદભવ્યા 'ધ્વનિ' અને 'આલાપ'.

ખરેખર તો પિનુભાઈ સૌંદર્યાભિમુખ કવિ છે. એમના કવનના વિષયો મુખ્યત્વે અધ્યાત્મ, પ્રકૃતિ અને પ્રેમ રહ્યાં છે. મિલનમાં વિરહ અને વિરહમાં મિલનનો ભાવ આલેખવાની એમની વિશેષતા હૃદયસ્પર્શી છે. કવિ હર્ષદ ત્રિવેદીના શબ્દોમાં કહીએ તો 'પિનુભાઈની કવિતામાં જે સૌહાર્દસભર પ્રેમ છે, રાષ્ટ્ર પ્રત્યે અહોભાવ અને આશા છે, અદીઠ-અપાર્થિવ પ્રેમની અભિપ્સા છે, અંગત લાગણીઓની જે આર્જવાણી છે તેની સુન્દરમ્, ચં.ચી. મહેતા, અનંતરાય રાવળ, હીરાબહેન પાઠક, જયંત પાઠક તથા રઘુવીર ચૌધરી સહુ વિદ્વાન સર્જકોએ પણ નોંધ લીધી છે.'

પિનાકીનભાઈ ઠાકોરનું વ્યક્તિત્વ બહુમુખી અને બહુગુણી હતું. જ્યારે બહુમુખી પ્રતિભા કહીએ તો માનસપટ ઉપર એક ઉમદા સાહિત્ય સર્જક ઉપરાંત કૃષિ સ્નાતક, સંગીત વિશેષજ્ઞ, ચિત્રકાર, નૃત્યકાર, નાટ્યકાર, નાટ્ય સ્ક્રિપ્ટ રાઈટર, ડાયરેકટર તરીકે પિનાકીન ઠાકોરની છબી ઊભરી આવે. જ્યારે બહુગુણી પ્રતિભા કહીએ ત્યારે સદાચારી, પાક્કા ગાંધીયન, સરળ, મૃદુભાષી, વિવેકી, સદગુણી, સ્વાશ્રયી, નિરભિમાની પણ અટલ ખુમારીવાળું વિરાટ વ્યક્તિત્વ પિનાકીનભાઈમાં દેખાય.

જે સમયમાં ટેલિવિઝન હજુ એટલું પ્રચલિત અને હાથવગું ન હતું એ સમયમાં રેડિયો અને આકાશવાણીની ભારે બોલબાલા હતી એવા વખતમાં પિનાકીનભાઈએ દાયકાઓ સુધી આકાશવાણી ઉપર એમની સેવાઓ આપી હતી. આકાશવાણી ઉપર એમના નિર્દેશિત કરેલાં નાટકો અને કાર્યક્રમો એ જમાનામાં લોકો ખૂબ રસપૂર્વક સાંભળતા. પિનાકીનભાઈ આકાશવાણીના માધ્યમથી પણ ઘેર ઘેર જાણીતા બની ગયા હતા. એમણે ૧૯૫૬થી ૧૯૭૭ સુધી ઑલ ઈન્ડિયા રેડિયો, અમદાવાદના નાટ્યવિભાગમાં ઉલ્લેખનીય યોગદાન આપ્યું છે.

પિનાકીનભાઈ ગાંધીરંગે સંપૂર્ણ રીતે રંગાયા હતા. એમણે આજીવન ખાદીના વસ્ત્રો જ પહેર્યાં. અને ખાદી પણ કેવી કે જે હાથવણાટની જાડી ખદ્દડ હોય. આવી ખાદી એ પહેરતા. સ્વાશ્રયી એટલા કે એમણે જીવનભર કોઈની પાસે પીવા માટે પાણીનો ગ્લાસ સુધ્ધાં નહિ મંગાવ્યો હોય. પોતાનાં કપડાં આજીવન એમણે જાતે જ ધોયાં છે. એમના ત્રણેય પુત્રોને એમણે માધ્યમિક શાળા સુધી ખાદીનાં કપડાં પહેરાવ્યાં. કૉલેજમાં બાળકો આવતાં એમણે કહ્યું, 'હું તો ખાદી જ પહેરીશ, પરંતુ તમારે હવે જે પણ કપડાં પહેરવા હોય તે પહેરવાની છૂટ છે.' મજાની વાત એ છે કે, આજે તો દેશ વિદેશની અનેક બ્રાંડનાં કપડાં મોલમાં મળતાં થયાં છે એવા સમયમાં પણ એમના ત્રણેય પુત્રો દર્શિતભાઈ, અશેષભાઈ અને રાજદુલારભાઈ પિતાના નકશે કદમ ઉપર ચાલે છે અને આજે પણ ખાદી ભંડારમાંથી જ ખાદીનાં વસ્ત્રો ખરીદીને પહેરે છે.

સૌમ્ય અને સરળ સ્વભાવ ધરાવતા પિનાકીન ઠાકોરના આત્મબળ અને ખુમારીની પણ નોંધ લેવી ઘટે. સ્વાતંત્ર્ય સંગ્રામની વેળાનો એક કિસ્સો છે. સ્વાતંત્ર્ય ચળવળ દરમિયાન પિનાકીનભાઈના નિવાસસ્થાને નિયમિત રીતે મોડી રાત સુધી પત્રિકાઓનું મુદ્રણ થતું અને વહેલી સવારે એ વિતરિત થઈ જતી. બ્રિટિશ સરકારને આ અંગેની બાતમી મળી ગઈ. એક દિવસ પોલીસની રેડ પડી. સ્વાતંત્ર્ય વીરોએ એ સમયે અમુક વ્યક્તિઓનાં નામ સુનિશ્ચિત કરેલાં કે, એ લોકોએ ક્યારેય પોલીસના હાથમાં ન આવવું. પિનાકીનભાઈ એ પૈકીના એક હતા. પોલીસને આવતી જોઈને બારીમાંથી છલાંગ મારી બાજુવાળાના ઘરના છાપરે પિનાકીનભાઈ કૂદી ગયા. પોલીસ પણ એમની પાછળ પહોંચી ગઈ અને બારીમાંથી બંદૂક તાકીને પિનાકીનભાઈને ઊભા રહી જવા માટે આદેશ આપ્યો. પણ ખમીરવંતા આ સર્જકના માથે આઝાદીનું ભૂત સવાર હતું. પોલીસના હુકમની અને ગોળી ખાવાની પરવા કર્યા વગર બીજી એક વિરાટ છલાંગ મારીને એ ત્યાંથી ભાગી છૂટ્યા.

સ્વાતંત્ર્યવીર પિનાકીન ઠાકોર ઉપરથી સાહિત્ય સર્જક પિનુભાઈની વાત ઉપર પાછા આવીએ. એમના સાહિત્ય સર્જનની વાત નીકળે એટલે આલાપ (૧૯૫૨) રાગિણી (૧૯૬૬), ઝાંખી અને પડછાયા (૧૯૭૧) શ્રી લકુલીશ સ્મરણયાત્રા (૧૯૭૨) ફોરાં અને ફૂલ-બાળ કાવ્યો (૧૯૭૬), ભીના શબ્દો (૧૯૮૨), આશિષ મંગલ (૧૯૮૨), એક જ પલક અજંપ (૧૯૮૮) અને ઝલક (૨૦૦૦) માનસપટ ઉપર તરવરવા લાગે. મજબૂત બાંધાનું ભારે શરીર પણ હળવુંફૂલ વ્યક્તિત્વ ધરાવતા પિનુભાઈની ગીત રચનાઓ યાદગાર છે. શિખરિણી, વસંતતિલકા, અનુષ્ટુપ, ઇન્દ્રવજ્રા,મંદાક્રાંતા સહિત ઓછા પ્રચલિત છંદો અને એના સામંજસ્યમાં પિનાકીનભાઈની છાંદસ રચનાઓ વિહરતી જોવા મળી છે. હર્ષદભાઈ સાચું જ કહે છે કે, 'પિનાકીનભાઈની કવિતાઓ હૈયામાંથી જાગેલી છે ને અનેક લોકોના હૈયામાં એ હંમેશાં રહેવાની છે.'

એમની ૨૬મી પુણ્યતિથિ પ્રસંગે ઓમ કોમ્યુનિકેશન દ્વારા પિનાકીનભાઈની કાવ્ય સર્જનયાત્રા ઉપર કવિ હર્ષદભાઈ ત્રિવેદીના મનનીય વક્તવ્યનો કાર્યક્રમને સર્જકો અને ભાવકોએ મનભરીને માણ્યો. ઓમ કોમ્યુનિકેશનના સર્જક મિત્ર મનીષભાઈને આવા કાર્યક્રમો યોજવા માટે દાદ આપવી ઘટે. મનીષભાઇ પ્રતિમાસ ગુજરાતી સાહિત્યસર્જકો પૈકી એક સર્જકની વાત ઉજાગર કરી નવી પેઢીને અવગત કરે છે. સખેદ નોંધ લેવી ઘટે કે પિનુભાઈ જેવા મોટા ગજાના સર્જક વિશે આજે અત્યંત અલ્પ જાણકારીઓ ઉપલબ્ધ છે. ગુજરાતી સાહિત્ય જગતમાં આવા સર્જકો વિશે મનીષભાઈ જેવા જાગૃત સર્જક મિત્રોના પ્રયાસો જરૂર પ્રશંસનીય છે પણ એ એટલા પર્યાપ્ત પણ નથી.

પિનુભાઈ સુપેરે જાણતા હતા કે, સાહિત્યસર્જન એ સમાજ જીવન સાથે અભિન્ન રીતે સંકળાયેલી ઉમદા પ્રવૃત્તિ છે. એટલે જ એમનાં ગીતો અને કાવ્યસર્જનમાં લોકજીવનની લાગણીશીલતા, વિવિધ નવતર વિચારો, ભાવનાઓ, આંતર સંબંધો અને સંઘર્ષો જોવા મળે છે. એમના સર્જને ભાવકોના માનસપટ ઉપર અમીટ છાપ છોડી છે. પિનુભાઈની સર્જનયાત્રા જોતા સ્પષ્ટ લાગ્યા વગર ન રહે કે, એમના સાહિત્યસર્જનના એકેએક શબ્દની નિસ્બત એમના ભાવકો સાથે ઘનિષ્ટ રીતે સંકળાયેલી હોય છે. પિનુભાઈએ એમની પ્રત્યેક રચનાના કેન્દ્રમાં ભાવકો અને ભાવકના પથદર્શનને જ પ્રાધાન્ય આપ્યું છે. કવિતા સ્વયં એક અત્યંત રમણીયતા ધરાવતું મનમોહક ક્ષેત્ર છે. કાવ્યની રસાળતાના કારણે જ તેમાં ઈશ્વરના અદ્ભુત સૌંદર્ય, જીવનના નવ રસ અને અલૌકિક આનંદની ત્રિવેણી મળે છે. એ વાત તો નિર્વિવાદ છે કે, કાવ્ય માનવીના હૃદયની ઊર્મિઓને ઝંકૃત અને જાગૃત કરવાનું કામ કરે છે.કાવ્યસર્જન એ માત્ર શબ્દોની કરામત કરતાં ક્યાંય વધારે માનવીના જીવનના મર્મને દર્શાવતી ગંભીર જવાબદારીનું વહન કરવાની બાબત છે. આ વાત પિનાકીનભાઈ ઠાકોર સુપેરે સમજતા હતા અને એટલે જ એમની કલમમાં તેની અનુભૂતિ વર્તાય છે.

(સંદર્ભ : પિનાકીનભાઈ ઠાકોરનાં પુસ્તકો, કવિ હર્ષદ ત્રિવેદીનું તા. ૨૪-૧૧-૨૦૨૧નું વક્તવ્ય, પિનુભાઈના પુત્રો સર્વશ્રી દર્શિત, અશેષ અને રાજદુલાર ઠાકોરે તેમના સર્જક પિતા માટે તૈયાર કરેલી શબ્દાંજલીની હસ્તપ્રત)

---

*૫૩૩/૨, સૌરભ સોસાયટી, સેક્ટર-૨૩,*
*ગાંધીનગર. પિન - ૩૮૨ ૦૧૬*
*મો. ૯૯૭૮૪૦૫૮૩૫*



કાંઠે ઓવારે...
અશોક ખાંટ
મો. ૯૮૭૯૬ ૫૦૬૭૫



સ્વર્ણ મૃગ
સોનલ સરવૈયા
મો. ૯૨૭૫૦ ૬૫૨૮૮



સમી સાંજનો સંગાથ
જયદીપ એ દવે
મો. ૯૬૦૧૮ ૩૧૩૯૩



મૃગ છલાંગ
રાજન જોષી
મો. ૯૬૨૪૬ ૮૨૮૨૨

# તાપી - વિશ્વની એકમાત્ર નદી કે જેનો જન્મ દિવસ ઊજવાય છે

*- અજય મો. નાયક*

આપણો દેશ ઉત્સવપ્રિય છે. કદાચ એવું પણ કહી શકાય કે આપણે ઉજવણીનું બહાનું શોધીએ છીએ. દર મહિને કંઈ ને કંઈ ઉજવણી ચાલતી જ હોય છે અને હજારો લોકો જોડાતા હોય છે. કેટલીકવાર દુર્ઘટના પણ બનતી હોય છે પણ એકંદરે માહોલ ખુશીનો હોય છે. શહેર પોતાના સ્થાપના દિવસની કે સંસ્થા તેમના સ્થાપના દિવસની કે દેશ પોતાના સ્વતંત્રતા દિવસની ઉજવણી કરે એ સમજી શકાય એવી બાબત છે પણ કોઈ નદીના જન્મદિવસની ઉજવણી થતી હોય એવું માત્ર સુરત શહેરમાં જ જોવા મળે. સુરત શહેરને પોતાનો જન્મદિવસ નથી એટલે એની ઉજવણી થઈ શકતી નથી પણ તાપી નદીના જન્મદિવસની ઉજવણી સુરતીઓ હોંશભેર કરે છે. સુરતના જન્મ દિવસની શોધખોળ ચાલી રહી છે એ મળશે એટલે એની પણ ઉજવણી શરૂ થઈ જશે. પણ આપણે વાત કરવી છે તાપી નદીની, એની ઉત્પતિની, એના મહિમાની. તાપી નદી વિશે ગુજરાતી, હિન્દી, મરાઠીમાં પુસ્તકો લખાઈ ચૂક્યાં છે. તાપી પુરાણના નામે વિવિધ લેખકોએ વિવિધ ભાષામાં તેનો મહિમા ગાયો છે.

ગુજરાત વિશ્વકોશ મુજબ તાપી નદી પશ્ચિમ ભારત અને ગુજરાતની એક મોટી નદી છે. પુરાણકથા મુજબ



'તાપી' શબ્દ સૂર્યપુત્રી 'તપતી' પરથી ઊતરી આવ્યો છે. મધ્યપ્રદેશના બેતુલ જિલ્લામાં મહાદેવની ટેકરીઓમાં આવેલા એક સરોવરમાંથી તે નીકળે છે. તેની કુલ લંબાઈ ૭૫૨ કિમી તથા સ્રાવ વિસ્તાર ૭૫,૦૦૦ ચો.કિમી. છે. અતિવૃષ્ટિના સમયમાં દર કલાકે તે ૯,૧૨,૦૦,૦૦૦ ક્યૂબિક મીટર અને સૂકી ઋતુ દરમિયાન ૧૯,૦૦૦ ક્યૂબિક મીટર પાણી સમુદ્રમાં ઠાલવે છે.

વિશ્વકોશની માહિતી મુજબ ઉદ્ગમથી સમુદ્ર સુધી તેના પ્રવાહમાર્ગને ચાર વિભાગમાં વહેંચવામાં આવ્યો છે : (૧) ઉદગમથી મહારાષ્ટ્રના ખાનદેશમાં પ્રવેશે છે ત્યાં સુધીના ૨૫૦ કિમીનો વિસ્તાર. (૨) ખાનદેશમાં ૨૮૦ કિમી. સુધીનો વિસ્તાર. (૩) ખડકાળ પ્રદેશમાં થઈ તે ગુજરાતના નીચાણવાળા વિસ્તારમાં પ્રવેશે છે તે ૮૦ કિમી.નો વિસ્તાર તથા (૪) સૂરતના ફળદ્રુપ મેદાનમાં થઈ ૧૪૪ કિમી.ના પ્રવાસ બાદ સમુદ્રને મળે છે તે વિસ્તાર.

**ખાનદેશના વિસ્તારમાં નદીના મેદાનની રચના, સમુદ્ર સપાટીથી ૨૧૦થી ૨૨૫ મી.ની ઊંચાઈ પર થઈ છે. પૂર્ણા, વાઘુર, ગીરના, બોરી, પુનઝરા અને શિવા નામની ઉપનદીઓ અહીં તાપીને મળે છે**

ખાનદેશના વિસ્તારમાં નદીના મેદાનની રચના, સમુદ્ર સપાટીથી ૨૧૦થી ૨૨૫ મી.ની ઊંચાઈ પર થઈ છે. પૂર્ણા, વાઘુર, ગીરના, બોરી, પુનઝરા અને શિવા નામની ઉપનદીઓ અહીં તાપીને મળે છે. ખાનદેશમાં તાપીનો અંતિમ ૩૨ કિમી. નો પ્રવાહ સહ્યાદ્રિ-સાતપુડાની ટેકરીઓમાંથી પસાર થાય છે. અને પથરાળ વિસ્તારમાંથી માર્ગ કાઢી જળપ્રપાતની રચના કરતો તે આગળ વધે છે.

ગુજરાતમાં તે જ્યાં પ્રવેશે છે તે સ્થળ 'હરણફાળ' તરીકે ઓળખાય છે. કાકરાપાર સુધી પૂર્વના ડુંગરાળ પ્રદેશમાં વહી તે સમુદ્રને મળતાં પહેલાં દક્ષિણ ગુજરાતના મેદાનમાં પહોળા 'સર્પાકાર' વહનમાર્ગો બનાવે છે. તાપીના મુખથી ઉપરવાસમાં ૪૫ કિમી. સુધી દરિયાઈ ભરતીની અસરને લીધે તેના વહનમાર્ગમાં માટીના દળદાર સ્તરોનો નિક્ષેપ થયેલો જોવા મળે છે. લાવાયિક ખડકોને ઘસીને તે ખડક કણોને પોતાની સાથે ઘસડી લાવી, ગુજરાતના મેદાનમાં

નિક્ષેપ કરી કાળી કાંપની જમીનની રચના કરે છે. તેના માર્ગમાં વાધેચા જળપ્રપાત પાસે કાંપના નિક્ષેપથી નાના-નાના બેટની રચના થાય છે. જે ઝાડી-ઝાંખરાંથી છવાયેલા છે. અવારનવાર પૂરનાં પાણી તેના પર ફરી વળે છે. આવો એક મોટો બેટ સૂરતથી લગભગ ૮ કિમી. દૂર આવેલો છે. ભૂતકાળમાં તાપીના મુખમાં વહાણો પ્રવેશી શકતાં હોવાથી સૂરત ઐતિહાસિક રીતે એક પ્રખ્યાત બંદર બન્યું હતું. ચોમાસા દરમિયાન તાપીમાં આવતા પૂર પર નિયંત્રણ લાવવા અને સિંચાઈનાં સાધનો ઊભાં કરવાના હેતુથી કાકરાપાર અને ઉકાઈ બંધ બાંધવામાં આવ્યા છે. ઉકાઈ બંધ પાસે જળવિદ્યુતનું ઉત્પાદન પણ થાય છે. કાકરાપાર પર ઍટમિક ઍનર્જી સ્ટેશન પણ સ્થાપવામાં આવ્યું છે. આ તો વાત થઈ તાપી નદીની ભૌગોલિક બાબતની પણ જનમાનસમાં તાપી નદી એક માતા છે અને તેને અત્યંત પવિત્ર માનવામાં આવે છે. દક્ષિણ ગુજરાતના અભ્યાસી અને વિજ્ઞાન લેખક અશોક પટેલના જણાવ્યા મુજબ સ્મરણમાત્રથી પાપ ધોવાઈ જાય એવી તાપી માતા છે. તાપીનો જન્મદિવસ અષાઢ સુદ સાતમના રોજ આવે છે. આ દિવસે સુરતીઓ તાપી નદીની પૂજા-અર્ચના કરે છે, તેનું મહિમાગાન કરે છે.

તાપી નદીનું મહાત્મ્ય ઓછું નથી. એમ તો ભારતમાં ગંગા નદીને સૌથી પવિત્ર નદી માનવામાં આવે છે. ગંગા નદીમાં સ્નાન કરવાથી પાપ ધોવાઈ જાય છે, તો નર્મદા નદીના પાણી તો ફક્ત પગને સ્પર્શ કરે એટલે જ પાપ ધોવાઈ જાય. પરંતુ તાપી નદીનું તો સ્મરણ માત્ર કરો એટલે પાપ ધોવાઈ જાય, તમામ દુઃખ-દર્દનો નાશ થઈ જાય છે. તાપી નદી સૂર્ય પુત્રી હોવાને કારણે જ તેના કિનારે વસેલા સુરતને સૂર્યપુર પણ કહેવાય છે. તાપી માતાના પ્રાગટ્યને ૨૧ કલ્પ પૂરા થયા હોવાનું કહેવાય છે. એક કલ્પ એટલે ૪.૩૨ કરોડ વર્ષ ગણાય છે એટલે તાપી નદી દેશની સૌથી જૂની નદી કહી શકાય. પુરાણોની વાતો મુજબ તો રાજા ભગીરથ ગંગા નદીના પૃથ્વી પર અવતરણ માટે તપ કરતા હતા, ત્યારે શુદ્ધ થવા માટે તાપીમાં સ્નાન કરતા હતા. એ દૃષ્ટિએ જોઈએ તો ગંગા નદી કરતાં તાપી નદી જૂની ગણાય છે. એ કારણે જ તાપી નદીને આદિગંગા પણ કહેવામાં આવે છે.

અશોક પટેલ જણાવે છે કે તાપી માતાના પ્રાગટ્ય પાછળ પણ અનેક લોકવાયકા છે. એક વાયકા મુજબ તો સૂર્યદેવની આંખમાંથી આંસુનું ટીપું પડ્યું હતું અને તેમાંથી લોકમાતા તાપીનો જન્મ થયો હતો. બીજી એક વાયકા મુજબ બ્રહ્માજીના નાભિકમળમાંથી પૃથ્વીનો જન્મ થયા બાદ સૂર્યદેવની ગરમીથી દેવો અકળાયા હતા. સૂર્યદેવની ગરમીથી બચવા માટે ભગવાન સૂર્યદેવનું તપ દેવોએ કર્યું હતું. દેવોના તપથી ભગવાન સૂર્યનારાયણ પ્રસન્ન થયા હતા. એ પ્રસન્નતાથી સૂર્યદેવની જમણી આંખમાંથી આંસુનું એક ટીપું ધરતી પર પડ્યું હતું. એ આંસુમાંથી નદીનો પ્રવાહ વહેતો થયો હતો અને એ રીતે તાપીમાતાનું પ્રાગટ્ય થયું હતું.

**ગંગા નદીમાં સ્નાન કરવાથી પાપ ધોવાઇ જાય છે, તો નર્મદા નદીના પાણી તો ફક્ત પગને સ્પર્શ કરે એટલે જ પાપ ધોવાઇ જાય. પરંતુ તાપી નદીનું તો સ્મરણ માત્ર કરો એટલે પાપ ધોવાઇ જાય**

વાસ્તવિક પ્રાગટ્યની વાત કરીએ તો તાપી નદીનું ઉદગમ સ્થાન મધ્યપ્રદેશના મુલતાઇ જિલ્લા પાસે આવેલી સાતપુડા પર્વતમાળા છે. મુલતાઇ તાલુકાના એક નાદર કુંડમાંથી તેનો ઉદ્ભવ થયો છે. એ કારણે જ પહેલાના જમાનામાં મુલતાઇને મુલતાપી કહેવાઈ છે. એમાંથી જ તાપીનો જન્મ થયો છે. સાતપુડા પર્વતમાળામાંથી નીકળેલી તાપી નદી મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્ર થઈને ગુજરાતમાં પ્રવેશે છે. તાપી નદી ૭૨૪ કિલોમીટર વહીને આખરે સુરત પાસે સમુદ્રને મળે છે. તાપી નદીનું પાણી સુરત શહેર જ નહીં આખા જિલ્લા માટે જીવાદોરીનું કામ કરે છે. સુરત જિલ્લાની લગભગ એક કરોડથી વધુ વસ્તીને પીવાનું પાણી તાપી માતા જ પૂરું પાડે છે. તાપી નદી પર ઉકાઇ બંધની સિંચાઈ પરિયોજનાથી દક્ષિણ ગુજરાતના લગભગ ત્રણેક લાખ ખેડૂતોની ખેતીને પાણી મળે છે. આ સિંચાઈ યોજનાથી સુરત, ભરૂચ, તાપી,





નવસારી અને વલસાડ જિલ્લાના કેટલાય વિસ્તારોને સિંચાઈ તથા પીવાનું પાણી તો મળે જ છે એટલું જ નહીં, અહીંના ઉદ્યોગોને પણ વપરાશનું પાણી પૂરું પાડવામાં આવે છે. ઉકાઇ કાકરાપાર સિંચાઈ પરિયોજનાનો વિસ્તાર સૌથી મોટો છે. પાંચ જિલ્લાના ૨૧ તાલુકાના ૩૪૦૦ ગામોની ૩.૩૧ લાખ હેક્ટર જમીનને સિંચાઈનું પાણી મળે છે. આ સિંચાઈ યોજના અંતર્ગત ૫૫૦ સિંચાઈ પિયત સહકારી મંડળીઓ કાર્યરત છે.


અશોક પટેલના મતે તાપી નદીનો પ્રવાહ ફક્ત પીવાનું અને સિંચાઈનું પાણી આપવા પૂરતો નથી. એમ તો તાપી નદી તો એક તીર્થધામ પણ છે. તાપી મહાત્મ્યના પહેલા અધ્યાયમાં તાપીના બંને કિનારે એક બે નહીં ૧૦૮ તીર્થો આવ્યાં છે. તાપી નદીના ઉદ્ભવની સાથે સાથે ઘણી સહાયક નદીઓનો પણ પ્રવાહ પણ પટ પર વહેતો રહે છે. ખાસ કરીને પૂર્ણા નદી, ગિરના નદી, પાંજરા નદી, વાઘુર નદી, બોરી નદી અને અનાર નદીઓ તાપીની સહાયક નદીઓ તરીકે ઉદ્ભવ પામે છે. નદી હોય એટલે તેની સાથે કુંડ કે ધોધનું અનુપમ સૌંદર્ય નદીને મનોહારી બનાવતું હોય છે. તાપી નદીના ઉદ્ભવસ્થાન મુલતાઇમાં જ સૂર્ય કુંડ, તૃપ્તિ કુંડ, ધર્મ કુંડ, પપ કુંડ, નારદ કુંડ, શનિ કુંડ અને બાબા કુંડ આવેલા છે.

આવી અનોખી તાપી નદીનું ઋણ તો સુરતીઓ ઉતારી શકે એમ જ નથી. પરંતુ તાપીના જન્મદિવસને ઊજવીને તાપીમાતાના ઉપકારને માથે ચઢાવવાનું કામ કરવામાં આવે છે. તાપી નદીના ઓવારાઓ ઉપર અષાઢ સુદ સાતમના દિવસે તાપીમાતાના જન્મદિવસને ઉજવવા માટે પૂજા આરતી કરવામાં આવે છે. એ ઉપરાંત તાપીમાતાને ચુંદડી ઓઢાડવામાં આવે છે. દર વર્ષે જહાંગીરપુરા ઓવારા અને નાનપુરા નાવડી ઓવારા પરથી પૂજા અર્ચના કરીને તાપી માતાનું ઋણ ઉતારવાનો પ્રયાસ સુરતીઓ કરે છે. આ વર્ષે પણ પૂજા- આરતી કરીને ૧૦૦૦ મીટરની ચુંદડી તાપી માતાને ચઢાવવામાં આવી હતી.

**તાપી માતાને ચુંદડી ઓઢાવવામાં આવે છે. દર વર્ષે જહાંગીર પુરા ઓવારા અને નાનપુરા નાવડી ઓવારા પરથી પૂજા અર્ચના કરીને તાપી માતાનું ઋણ ઉતારવાનો પ્રયાસ સુરતીઓ કરે છે**

છેલ્લે અશોક પટેલ જણાવે છે કે સુરતમાં તાપી નદી જ નહીં, તેનાં મંદિરો પણ આવેલાં છે. ચોક બજારના ઘંટા ઓવારા પર એક તાપીમાતાનું મંદિર આવેલું છે. આ મંદિરમાં દરરોજ પૂજા કરીને તાપીમાતાને યાદ કરીને આભાર માનવામાં આવે છે. તાપી નદીના મહાત્મ્યની વાતો વણી લેતું તાપી પુરાણ પણ છે. ૧૯૩૨ અને ૧૬૦૪ વર્ષના બે તાપી પુરાણો અસ્તિત્વમાં છે. આ બે પુરાણોને આધારે સુરતના પત્રકાર ઐલેશ શુક્લે ૫૦૦ પાનાનું તાપી પુરાણ તૈયાર કર્યું છે. તેમણે ૬૫૦૦ કિલોમીટરની યાત્રા કરીને ૫૦૦ વ્યક્તિઓના ઇન્ટરવ્યૂઓ લઈને તાપી પુરાણ લખ્યું છે. તાપી પુરાણ માટે ૩ હજાર ફોટોગ્રાફ્સ પણ લીધા છે. જો કે આ તમામ વિધિવિધાનથી પર રહીને તાપી નદી તો સુરતીઓના અસ્તિત્વને પાણીથી ટકાવી રહી છે. એ ઋણ તો ક્યારેય ઉતારી શકાય એમ નથી. છતાં તેનું સ્મરણ માત્ર કરીને આજે પણ લોકો દુ:ખો દૂર કરતા રહે છે. એ કારણે જ દુનિયામાં તાપી એક માત્ર એવી નદી છે, જેનો જન્મદિવસ ઊજવાય છે.

*એચ-૫/૪૧, નિધિ એપાર્ટમેન્ટ,*
*પ્રગતિનગર બસસ્ટેન્ડ સામે,*
*નારણપુરા, અમદાવાદ-૩૮૦ ૦૬૩*
*મો. ૯૮૨૫૪૬૪૪૮૧*




# ‘ભારતીય બંધારણ’ રાષ્ટ્રની આધારશિલા

*- કિશોર મકવાણા*

આપણો દેશ ઘણો પ્રાચીન છે. ઈતિહાસકારો એને ૧૦ હજાર વર્ષ પ્રાચીન બતાવે છે. લોકશાહીની જનની ભારત છે. રાજાઓ લોકશાહી આધારિત વહીવટ કરતા હતા.

જોકે ભારતનો ઈતિહાસ અતિ પ્રાચીન હોવા છતાં સંપૂર્ણ ભારતમાં એક રાજકીય સંસ્થા જેને રાજનીતિશાસ્ત્રમાં ‘સ્ટેટ’ કહેવાય છે એવી વ્યવસ્થા અસ્તિત્વમાં નહોતી. ભારતીય ઈતિહાસમાં અનેક નાનાં નાનાં રાજ્યો હતાં, એ અંદરોઅંદર સમજદારીથી અથવા એકબીજા સાથે યુદ્ધ કરતા રહીને અસ્તિત્વ ધરાવતાં હતાં. તમામ પ્રકારની રાજ્ય વ્યવસ્થા આપણા દેશમાં હતી. ક્યાંક ગણરાજ્ય હતાં તો ક્યાંક રાજાશાહી હતી. રાજાશાહી હોવા છતાં એના પર ઘણા અંકુશ હતા. ભારતમાં લોકતંત્ર ધબકતું હતું. ડૉ. બાબાસાહેબે પણ બંધારણ સભામાં ૨૫ નવેમ્બર ૧૯૪૯ના દિવસે કહ્યું છે કે ‘લોકશાહી શું છે તે ભારત જાણતું નથી એવું નથી. એક એવો સમય હતો જ્યારે ભારત ગણરાજ્યોથી ભરેલું હતું અને રાજાશાહી પણ હતી. તે કાં તો પસંદ કરેલ અથવા મર્યાદિત હતી. તે કદી પણ નિરંકુશ ન હતી. ભારત સંસદ કે સંસદીય કાર્ય-પદ્ધતિ જાણતું ન હતું એવું નથી. બૌદ્ધ ભિક્ષુ સંઘોના અભ્યાસ પરથી જણાય છે કે સંસદો હતી. સંઘો-સંસદો સિવાય બીજું કાંઈ જ ન હતું. સંઘો, આધુનિક, યુગ જાણે છે એવાં સંસદીય કાર્ય-પદ્ધતિના તમામ નિયમો અને કાર્ય-પદ્ધતિઓ જાણતા હતા અને પાલન પણ કરતા હતા. તેમની પાસે દરખાસ્તો અંગેના નિયમો હતા. ઠરાવો, કોરમ, દંડક, મતગણતરી, મતપત્ર દ્વારા મતદાન, ઠપકા દરખાસ્ત, વિનિયમિત કરવું



વગેરે હતાં. જોકે બુદ્ધે સંસદીય કાર્ય-પદ્ધતિના આ નિયમો સંઘની સભાઓને લાગુ પાડ્યા હતા. આમ છતાં, દેશમાં એમના સમયમાં કાર્યરત રાજકીય સભાઓના નિયમોમાંથી એમણે એને લીધા હોવા જોઈએ.’

પરંતુ નાનાં રાજ્યોએ મળીને એક સંઘ બનાવવો જોઈએ અથવા આજની ભાષામાં કહીએ તો સંઘરાજ્ય બનાવવું જોઈએ (દા.ત. અમેરિકા એક સંઘરાજ્ય - ફેડરલ સ્ટેટ છે) એવો વિચાર કોઈએ પ્રકટ કર્યો નહીં. કદાચ એવી જરૂર નહીં લાગી હોય. નાના રાજ્યો હોવા છતાં ભારત સાંસ્કૃતિક રીતે એક રાષ્ટ્ર હતું. પહેલાં રાજ્યો અલગ અલગ હોવા છતાં બધાની સંસ્કૃતિ એક હતી. ભારત અંગ્રેજી દાસતામાંથી મુક્ત થાય તે સમયે ભારતનું બંધારણ હોય એ જરૂરી હતું.

૨૬, નવેમ્બર, ૧૯૪૯ના દિવસે આપણા રાષ્ટ્રના મહાન સપૂત અને શોષિતો - પીડિતોના મસીહા ડૉ. બાબાસાહેબ આંબેડકરની આગેવાની હેઠળ નિર્મિત એક અદ્વિતીય... અનુપમ અને અનોખું સંવિધાનનું નિર્માણ કરી ભારતીય બંધારણ સભાને સુપરત કર્યું હતું. જેની યાદમાં નરેન્દ્ર મોદી વડાપ્રધાન બન્યા પછી ૨૬ નવેમ્બરને ‘બંધારણ દિન’ તરીકે જાહેર કર્યો. આપણા વડાપ્રધાને ભારતીય બંધારણને રાષ્ટ્રનો ધર્મગ્રંથ કહી એનું યથોચિત સન્માન કર્યું છે. ભારતના આ એકમાત્ર વડાપ્રધાન એવા છે જેમણે ડૉ. બાબાસાહેબ આંબેડકર અને એમણે રચેલા બંધારણને યોગ્ય સન્માન આપી એનું ગૌરવગાન કર્યું છે. આઝાદી પછી પ્રથમ વાર આ રીતે બંધારણનું સન્માન કરવામાં આવી રહ્યું છે.

દેશની આઝાદીનાં નગારાં વાગી રહ્યાં હતાં એવા સમયે ૧૯૪૬માં પ્રથમ અસ્થાયી પ્રધાનમંડળ પંડિત નહેરુના નેતૃત્વ હેઠળ સપ્ટેમ્બર ૧૯૪૬માં રચાયું. તેમાં બિહારના બાબુ જગજીવનરામનો સમાવેશ થયો હતો. કૉંગ્રેસ ડૉ. બાબાસાહેબને પોતાના શત્રુ માનતી હતી. આથી કૉંગ્રેસે એમને એ મંત્રીમંડળમાં નહોતા લીધા. ડૉ. બાબાસાહેબ આંબેડકર માટે રાજકીય રીતે આ કપરો કાળ હતો. પાછળથી એ કાયદાપ્રધાન બન્યા.

પરંતુ તેમણે નક્કી કર્યું કે, અનુસૂચિત જાતિના ઉજ્જવળ ભાવિનો પાયો નાખવાનું યોગ્ય સ્થળ સંવિધાન

સભા જ છે. પરંતુ સંવિધાન સભામાં જવું સરળ નહોતું. બાબાસાહેબ કોઈ બંધારણસભામાં ન જાય એ માટે કૉંગ્રેસે પૂરતો બંદોબસ્ત કર્યો હતો. બંગાળ પ્રાંતિક સરકારના કાયદા પ્રધાન ઍડવોકેટ જોગેન્દ્રનાથ મંડલે બાબાસાહેબને બંધારણ સભામાં મોકલવાનું બીડું ઝડપ્યું. બંગાળના જેસ્સોર જિલ્લામાંની મતદાર યાદીમાં નામ દાખલ કરી વિમાન દ્વારા માણસ મોકલી તાત્કાલિક બંગાળ વિધાનસભા મતદાર વિસ્તારમાં સામાન્ય સત્તાવીસ બેઠકોમાંની એક માટે ઉમેદવારીપત્ર ભરાવી દીધું.

બંગાળ વિધાનસભામાં અનુસૂચિત જાતિના ૨૫ સદસ્યોમાંથી ૨૩ કૉંગ્રેસ પક્ષના હતા. એક સ્વતંત્ર અને એક શિડ્યુલ્ડ કાસ્ટ ફેડરેશનના જોગેન્દ્રનાથ મંડલ હતા, પરંતુ અસ્પૃશ્યોના હિતને પ્રાથમિકતા આપી, ચાર કૉંગ્રેસી અસ્પૃશ્ય સભ્યોએ પક્ષના 'વ્હીપ'ને અવગણી ડૉ. આંબેડકરને મત આપી તેમને વિજયી બનાવવામાં ઐતિહાસિક યોગદાન આપ્યું હતું. ૨૦ જુલાઈ ૧૯૪૬ના દિવસે સ્વતંત્ર ઉમેદવારોમાં સમગ્ર ભારતમાં સૌથી વધારે મતથી બાબાસાહેબનો જવલંત વિજય થયો હતો.

બંધારણસભાની પ્રથમ બેઠક ૯ ડિસેમ્બર, ૧૯૪૬ના દિવસે ડૉ. સચ્ચિદાનંદ સિંહાની અધ્યક્ષતામાં મળી. બંધારણ સભાનો મુસ્લિમ લીગે બહિષ્કાર કર્યો હતો.

૧૩ ડિસેમ્બરે સંવિધાન સભામાં પંડિત જવાહરલાલ નહેરુએ સંવિધાનના ઉદ્દેશ્ય તથા આઠ સૂત્રીય પ્રસ્તાવ પ્રસ્તુત કર્યો. જેમાં ભારતના સ્વાતંત્ર્ય, સાર્વભૌમત્વ અને પ્રજાસત્તાકની ઘોષણા કરવામાં આવી હતી. જેને પુરુષોત્તમ ટંડને ટેકો આપ્યો હતો. મીનુ મસાણી અને ઍંગ્લો ઇન્ડિયન પ્રતિનિધિ ફ્રેન્ક એન્થનીએ પણ પ્રસ્તાવનું સમર્થન કર્યું હતું.


બંધારણસભાની આ પ્રથમ બેઠકમાં ૧૭ ડિસેમ્બર, ૧૯૪૬ના દિવસે ડૉ. બાબાસાહેબનું પ્રવચન થયું હતું. ડૉ. આંબેડકરે પોતાના પહેલા જ પ્રવચનમાં ભવિષ્યમાં ભારત ફરી અખંડ બનશે એવી ભવિષ્યવાણી ઉચ્ચારી હતી. તેમણે કહ્યું, 'આ દેશનો સામાજિક, રાજકીય અને આર્થિક વિકાસ આજે નહીં તો કાલે થશે જ. યોગ્ય સમય અને પરિસ્થિતિ આવતાં આ વિશાળ દેશ એક થયા વગર નહીં રહે. દુનિયાની કોઈ પણ તાકાત તેની એકતા આડે નહીં આવી શકે.' આ પ્રવચન ડૉ. આંબેડકરની રાજકીય પરિપક્વતા, વ્યાપકતા અને એક રાષ્ટ્રીય નેતાના દર્શન કરાવનારું હતું. રાષ્ટ્રનાં અખબારોએ પ્રથમ પૃષ્ઠે સમાચારો ચમકાવતાં શીર્ષક મૂક્યું: 'અખંડ ભારતના હિમાયતી ડૉ. આંબેડકર...'

બાબાસાહેબના પ્રભાવી પ્રવચન પછી પંડિત નેહરુના બંધારણના ઉદ્દેશ અને આઠ સૂત્રીય પ્રસ્તાવ પરની ચર્ચા સ્થગિત રાખી અને ૨૦મી જાન્યુઆરી ૧૯૪૭ના રોજ આ પ્રસ્તાવ પસાર થયો હતો. ૧૫ ઑગસ્ટે ૧૯૪૭ના દિવસે દેશ સ્વતંત્ર થયો, સાથે-સાથે દેશના ભાગલા પણ થયા.

ભારતના ભાગલા પછી ડૉ. આંબેડકર માટે મુશ્કેલી એ ઊભી થઈ કે જ્યાંથી એ ચૂંટાઈને બંધારણસભામાં ગયા હતા એ વિસ્તાર ભારતના ભાગલા થતાં પૂર્વ પાકિસ્તાન (બાંગ્લાદેશ) માં જતો રહ્યો. એમણે ફરી ચૂંટાવું પડે. ડૉ. આંબેડકર મહાત્મા ગાંધી અને સરદાર પટેલના પ્રયત્નોથી મુંબઈ વિધાનસભામાંથી ચૂંટાયા અને ફરી બંધારણસભામાં ગયા.

૨૭ ઑગસ્ટ, ૧૯૪૭ના રોજ તો ફરી મળેલી બંધારણસભામાં બંધારણ તૈયાર કરનાર ડ્રાફ્ટિંગ કમિટીનું અધ્યક્ષ પદ તેમને સોંપવામાં આવ્યું. આ ઘટના ભારતનાં ઈતિહાસનો એક ચમત્કાર જ છે. ભારતે અનેક યુગોથી પોતાની અસ્પૃશ્યતાનાં પાપ ધોવા માટે નવો સ્મૃતિકાર, સદીઓથી માનવીય અધિકારોથી વંચિત રાખીને સત્ત્વહીન કરેલા સમાજમાંથી તેના બંધારણના ઘડવૈયાને પસંદ કર્યો એ પણ વિધાતાનો અજબ ખેલ છે.

૨૬, નવેમ્બર, ૧૯૪૯ના દિવસે આપણા રાષ્ટ્રના મહાનાયક અને બંધારણની ડ્રાફ્ટિંગ કમિટીના અધ્યક્ષ ડૉ. બાબાસાહેબ ભીમરાવ આંબેડકર દ્વારા બંધારણ રાષ્ટ્રને સુપરત કરવામાં આવ્યું. સંવિધાનસભાનું અંતિમ બારમું અધિવેશન માત્ર એક જ દિવસ માટે મંગળવાર તા. ૨૧ જાન્યુઆરી ૧૯૫૦ના દિવસે મળ્યું. સંવિધાનની સ્વીકૃતિ માટે દરેક સભ્યે બંધારણની ત્રણ નકલોમાં હસ્તાક્ષર કર્યા. ૨૬ જાન્યુઆરી ૧૯૫૦થી બંધારણ અમલી બન્યું, બંધારણની મર્યાદામાં દેશનો વહીવટ શરૂ થયો. એને



આપણે ગણતંત્ર દિવસ તરીકે પણ જાણીએ છીએ.

બંધારણ સભા દ્વારા બંધારણ ઘડવા માટે ૮ મોટી સમિતિઓ અને ૧૪ જેટલી નાની સમિતિઓની રચના કરવામાં આવી હતી. દા. ત. પંડિત નહેરુ સંઘીય બંધારણ સમિતિના અધ્યક્ષ હતા તો સરદાર પટેલ મૂળભૂત અધિકાર સમિતિના અધ્યક્ષ હતા. જે. બી. કૃપલાણી ઝંડા સમિતિના વડા હતા.

બંધારણના મુસદ્દાઓ ઘડવા માટે ૨૯ ઑગસ્ટ, ૧૯૪૭ના રોજ મુસદ્દા - પ્રારૂપ - ખરડા સમિતિની રચના કરવામાં આવી. ચર્ચા-વિચારણા દરમિયાન કાયદાકીય બાબતોમાં કાબેલિયતપૂર્ણ તેમજ દૂરંદેશી દલીલો દ્વારા ડૉ. બાબાસાહેબે પોતાની પ્રતિભાનો સૌને પરિચય આપ્યો, જેના કારણે ડૉ. બાબાસાહેબ આંબેડકરની બંધારણની મુસદ્દા સમિતિના અધ્યક્ષ તરીકે વરણી કરવામાં આવી.

બંધારણ ઘડવાની પ્રક્રિયા દરમિયાન ડૉ. બાબાસાહેબ આંબેડકરે આપેલા તેમના ઉત્કૃષ્ટ પ્રદાન બદલ તેમને બંધારણના પિતા અથવા તો ઘડવૈયા તરીકે ઓળખવામાં આવે છે.

મુસદ્દા સમિતિ દ્વારા ત્રણ તબક્કામાં મુસદ્દા ઘડવામાં આવ્યા. દરેક વખતે ચર્ચા-વિચારણા અભિપ્રાય માટે સમય આપવામાં આવ્યો. તેમાં પ્રથમ મુસદ્દો ફેબ્રુઆરી ૧૯૪૮, બીજો મુસદ્દો ઓક્ટોબર ૧૯૪૮ તથા ત્રીજો અને અંતિમ મુસદ્દો ૧૫ નવેમ્બર ૧૯૪૮ના રોજ તૈયાર કરવામાં આવ્યો. જેના ત્રણ વાચન કરવામાં આવ્યાં. એ જ દિવસે બંધારણસભાએ તેને પસાર કરી દીધું તથા ૨૬ નવેમ્બર ૧૯૪૯ના રોજ બંધારણ સભાએ તેને મંજૂર કરી ઉપસ્થિત ૨૮૪ સભ્યોએ તેમાં સહી કરી બંધારણ તરીકે સ્વીકાર કર્યો, જે સંવિધાન દિવસ તરીકે ઊજવાય છે.

બંધારણ નિર્માણની કથા તો ઘણી લાંબી છે. બંધારણ સર્જનમાં બે વર્ષ, અગિયાર માસ અને અઢાર દિવસ લાગ્યા હતા. સંવિધાન સભાના અધ્યક્ષ ડૉ. રાજેન્દ્ર પ્રસાદે સંવિધાન સર્જન માટે ડૉ. બાબાસાહેબે કરેલા કઠોર પરિશ્રમનો ઉલ્લેખ કરતાં ૨૬ નવેમ્બર ૧૯૪૯ની સંવિધાન સભામાં કહ્યું, 'અધ્યક્ષના આ આસને બેઠાં બેઠાં મેં હંમેશાં જોયું છે કે, મુસદ્દા સમિતિના અધ્યક્ષ ડૉ. આંબેડકરે અસ્વસ્થ તબિયત હોવા છતાં અન્ય કોઈ વ્યક્તિ કરતાં સુંદર રીતે અતિ ઉત્સાહ અને લગનથી કાર્ય કર્યું છે. બીજી વ્યક્તિઓ કરતાં આ બાબતે મેં વિશેષ નોંધ કરી છે.'

સંવિધાનની મુદ્રિત આવૃત્તિ તૈયાર કરવામાં બે માસ લાગ્યા. સંવિધાનની ત્રણ નકલો કરવામાં આવી હતી. એક હસ્તલિખિત નકલ ખાસ લહિયા-કલાકાર પાસે તૈયાર કરાવવામાં આવી હતી. બીજી અંગ્રેજી નકલ પ્રેસ દ્વારા મુદ્રિત કરવામાં આવી હતી. જ્યારે ત્રીજી હિન્દી ભાષામાં હસ્તલિખિત નકલ તૈયાર કરવામાં આવી હતી.

ખૂબ ઓછા લોકોની જાણમાં હશે કે સંવિધાનની મૂળ પ્રતમાં ખૂબ સુંદર ચિત્રો છે. એ ચિત્રો શાંતિનિકેતનના ચિત્રકાર આચાર્ય નંદલાલ બોઝે તૈયાર કર્યાં હતાં. ચિત્રોમાં ભગવાન પણ છે. જેવા કે રામ-લક્ષ્મણ-સીતા, કૃષ્ણ, રાજા ભગીરથ, હનુમાન, મહાવીર, બુદ્ધ વગેરે ઉપરાંત અન્ય ચિત્રોનો સમાવેશ કરવામાં આવ્યો છે, જેમાં એક પાના નંબર ૬ ઉપર ભાગ-૩ અંતર્ગત મૂળભૂત અધિકાર આપ્યા છે તેના ઉપરના ભાગમાં રામ-સીતા સહ લક્ષ્મણ પુષ્પક વિમાનમાં જઈ રહ્યાં છે તેવા એક દુર્લભ ચિત્રનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ભારતીય બંધારણની કેટલીક વિશેષતાઓ જોઈએ તો એ લેખિત અને નવરચિત બંધારણ છે. બંધારણ સભાએ નવનિર્મિત બંધારણને ૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ અધિનિયમિત, સ્વીકૃત અને અંગીકાર કર્યું. નાગરિકતા, ચૂંટણી અને વચગાળાની સંસદ સંબંધિત જોગવાઈઓ અને હંગામી તથા આકસ્મિક જોગવાઈઓને તરત ૨૬ નવેમ્બર, ૧૯૪૯ના રોજ લાગુ પાડી દીધી હતી. બાકીનું બંધારણ ૨૬મી જાન્યુઆરી, ૧૯૫૦ના રોજ લાગુ કરવામાં આવ્યું. બીજું એ વિશ્વનું સૌથી મોટું બંધારણ છે. આ બંધારણ કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર, વહીવટી સેવાઓ, ચૂંટણી વગેરે વ્યવસ્થા સંબંધિત તમામ વિષયો પર વિસ્તારથી લખાયેલું છે. શરૂઆતમાં મૂળ બંધારણમાં ૩૯૫ કલમો અને ૮ અનુસૂચિ હતી. બંધારણમાં સતત સુધારાઓ થતા રહેતા હોવાથી તેનું કદ મોટું થતું ગયું. ઘણા બધા પેટા વિભાગો તેમાં જોડી દેવામાં આવ્યા અને કેટલાક કાઢી પણ નાખવામાં આવ્યા.

૪૨માં બંધારણીય સુધારા (૧૯૭૬) દ્વારા તેના આકાર (કદ)માં વધારો થયો, તેમાં ભાગ ૪-એ, ભાગ ૧૪-એ જોડવામાં આવ્યા અને અનેક કલમોનું વિસ્તરણ થયું. પ્રથમ બંધારણીય સુધારા દ્વારા નવમી અને ૫૨ માં બંધારણીય સુધારા અધિનિયમ ૧૯૮૫ દ્વારા દસમી અનુસૂચિ જોડી દેવામાં આવી.

ત્રીજું, બંધારણની પ્રસ્તાવના (આમુખ) છે. એમાં ભારતીય પ્રજા સ્વયં આ બંધારણ અર્પણ કરે છે. 'અમે ભારતીયો....' એ શબ્દોથી આમુખ શરૂ થાય છે. બંધારણમાં એક પ્રેરણાદાયી અને પ્રભાવશાળી પ્રસ્તાવના છે. આ

પ્રસ્તાવના બંધારણના ઉદ્દેશ્ય અને લક્ષ્ય નિર્ધારિત કરે છે. બંધારણસભામાં ૧૩ ડિસેમ્બર ૧૯૪૬ના દિવસે પં. નહેરુએ આમુખ રજૂ કર્યું હતું. એમણે રજૂ કરેલા આમુખમાં 'બંધુત્વ' શબ્દ નહોતો, એ શબ્દ ડૉ. આંબેડકરે ઉમેરાવ્યો.

બંધારણને બદલવાનો પ્રયત્ન ૧૯૭૬માં તત્કાલીન વડાપ્રધાન ઈન્દિરા ગાંધીએ કર્યો. એમણે બંધારણનો આત્મા કહેવાય એવા આમુખમાં છેદ કર્યો અને ૪૨મા બંધારણીય સુધારા (૧૯૭૬) દ્વારા પ્રસ્તાવનામાં સુધારા કરીને તેમાં 'સમાજવાદી' અને 'ધર્મનિરપેક્ષ' જેવા શબ્દો જોડી દેવામાં આવ્યા. બંધારણ નિર્માતાઓને એ સમયે આ શબ્દો નિરર્થક લાગ્યા હશે?

આ બંધારણે આપણને સૌ પહેલાં જે આપ્યું છે એ ભારત નામની એક રાજકીય રચના, સાર્વભૌમ છે અને અભેદ્ય છે, ટુકડા ન થઈ શકે એવું સમર્થ ભારત આજે છે એનો પાયો ભારતીય બંધારણ છે.

ભારતીય બંધારણે આપણને આપણું સાર્વભૌમત્વ આપ્યું છે. એમાં સમતા, સ્વતંત્રતા અને જીવવાનો અધિકાર, કાયદાનું રાજ, ઉપાસનાની સ્વતંત્રતા, સ્ત્રી-પુરુષ સમાનતા વગેરે છે. એનો અર્થ અને શક્તિ આપણે ઓળખવી જોઈએ.

જેણે બંધારણનો થોડોક પણ અભ્યાસ કર્યો છે એને એટલું તો સમજાશે કે ભારતીય બંધારણમાં સંશોધન કરી શકાય છે જે સિત્તેર વર્ષમાં સોથી વધુ વખત થયાં છે પરંતુ બંધારણ કોઈ કાળે બદલી ન શકાય એવી વ્યવસ્થા છે. બે જ સ્થિતિમાં બંધારણ બદલાઈ શકે- એક, તો દેશ ફરી વિદેશી આક્રમણના કારણે ગુલામ બને અને બે, દેશમાં હિંસક ક્રાંતિ ફાટી નીકળે અને કોઈ સરમુખ્યત્યાર સત્તા પર આવે તો જ બંધારણનું અસ્તિત્વ ખતમ થાય. આ બંને સંભાવના ભારતમાં અસંભવ છે.

હા, બંધારણને પૂરી રીતે બદલવાનો પ્રયત્ન કટોકટી સમયે ૧૯૭૬માં લોકશાહીથી ભયભીત બનેલાં તત્કાલીન વડાપ્રધાન ઈન્દિરા ગાંધીએ કર્યો હતો.

ડૉ. આંબેડકરે બંધારણની વિશેષતા બાબતે પણ કહ્યું છે કે એ એટલું લચીલું છે કે એ કોઈ પણ પરિસ્થિતિમાં ટકી શકે એવું છે'

ભારતીય બંધારણનો આત્મા એના ખંડ ત્રણ અને ચારમાં છે. સમાનતાનો અધિકાર: કાયદા સમક્ષ સમાનતા તમામ નાગરિકોને કાયદાકીય રીતે સમાનતા આપવામાં આવી છે. જાહેર નોકરીની બાબતમાં તકની સમાનતા, અસ્પૃશ્યતા નાબૂદી, વાણી સ્વાતંત્ર્ય અને રક્ષણ, તમામ નાગરિકોને, અપરાધ માટે દોષિત ઠરાવવા સંબંધિત સલામતી, શિક્ષણ અધિકાર વગેરે ભાગ ત્રણમાં સમાવાયાં છે. તો ભાગ ચારમાં, માર્ગદર્શક તત્ત્વો છે. એમાં લોકકલ્યાણ અને સામાજિક વ્યવસ્થા, સમાન ન્યાય અને મફત કાનૂની સહાય, ગ્રામ પંચાયત રચના, ગૌરક્ષા, આરોગ્ય વગેરે બાબતે રાજ્યે અનુસરવાની બાબતો છે. જોકે ભાગ ત્રણ અને ચાર વચ્ચે અંતર છે. મૂળભૂત અધિકારોને અદાલતમાં પડકારી શકાય છે. મૂળભૂત અધિકારોના હનનના પ્રશ્ને કેસ થઈ શકે છે. આથી આ અધિકારોને 'જસ્ટિફાયબલ' કહે છે. આવી સ્થિતિ માર્ગદર્શક તત્ત્વો સાથે નથી. માર્ગદર્શક તત્ત્વોનો અમલ ન થયો અથવા નથી થઈ રહ્યો તોય અદાલતમાં ન જઈ શકાય. તો પ્રશ્ન થાય કે આ તત્ત્વોના અમલ પર કોઈ અંકુશ ન હોય તો પછી એને બંધારણમાં રાખવાની શું જરૂર હતી? માત્ર શોભા ખાતર છે? આવા સવાલ બંધારણ સભામાં પણ ઊઠ્યા હતા? એ વખતે ડૉ. આંબેડકરે ખૂબ સુંદર જવાબ આપેલો. એમણે કહ્યું: 'કોર્ટમાં ભલે એનો જવાબ ન આપવો પડે પરંતુ જનતાની કોર્ટમાં સત્તા પર બેઠેલી પાર્ટીએ એનો જવાબ આપવો જ પડશે...' માર્ગદર્શક તત્ત્વોની કલમો શાસને કેવું લોકહિત કરવું જોઈએ એ બતાવે છે.

બંધારણની ત્રણ બાબત સૌથી મહત્ત્વની છે, એક દેશની એકતા અને એકાત્મતા. બે, લોકતંત્રનું રક્ષણ અને એને વધુ મજબૂત કરનારી સંસ્થાઓનું નિર્માણ અને ત્રણ સામાજિક સુધારણા દ્વારા સમતા, બંધુતા અને સમરસતાની દિશામાં પ્રયાણ. સમરસતા એટલે જાતિમુક્ત ભારતીય સમાજ...

બંધારણ એ રાષ્ટ્રનો પાયો છે. એના પીલર પર ભારતનું ભવિષ્ય સુરક્ષિત છે, એ બંધારણ અમલમાં આવ્યું ત્યારથી આજ દિન સુધી જોઈ શકાય છે. 'ચૂંટાઈને આવતી



વ્યક્તિઓ યોગ્ય અને ઈમાનદાર હશે તો મર્યાદાવાળા બંધારણને પણ સર્વોત્તમ બનાવી દેશે...'

બંધારણની ડ્રાફ્ટિંગ કમિટીના ચેરમેન ડૉ. બાબાસાહેબે પણ બંધારણ ઘડતી વખતે અનેક બાબતો છોડી દીધી. કારણ એમના માટે દેશહિત પહેલું હતું. જોકે  ડૉ. આંબેડકરને બંધારણ સામે સૌથી મોટો ખતરો સામ્યવાદીઓથી લાગ્યો છે. એમણે બંધારણ સભામાં પણ કહ્યું છે: 'બંધારણનો સૌથી વધુ વિરોધ સામ્યવાદીઓ અને સમાજવાદીઓએ કર્યો છે.'

બંધારણ નિર્માણમાં ડૉ. આંબેડકરની ભૂમિકા દેશ માટે પ્રેરણારૂપ છે કે  દેશની વાત હોય ત્યારે બાકી બધું ગૌણ બની જવું જોઈએ.


એમણે બંધારણ સભામાં ભારતીય બંધારણના અંતિમ પ્રારૂપને રજૂ કરતાં ૨૫ નવેમ્બર ૧૯૪૯ના દિવસે આપેલું પ્રવચન શતાબ્દીઓ સુધી ભારતનું માર્ગદર્શન કરનારું છે. એમણે કહ્યું:

'શતાબ્દીઓથી ભારત આંતરિક આક્રમણનો સામનો કરતું રહ્યું છે. આ દેશવિરોધી માનસિકતાને ડૉ. બાબાસાહેબ આંબેડકર ખૂબ સારી રીતે ઓળખતા હતા. એમણે બંધારણ સભામાં ભારતીય બંધારણના અંતિમ પ્રારૂપને રજૂ કરતા ૨૫ નવેમ્બર ૧૯૪૯ના દિવસે આપેલા ભાષણના એક અંશથી વાત પૂરી કરીએ. ડૉ. બાબાસાહેબ આંબેડકર ભાષણમાં કહે છે: '૨૬ જાન્યુઆરી ૧૯૫૦ના દિવસથી ભારત એક લોકશાહી દેશ બનશે.(ખૂબ તાળીઓનો અવાજ)પરંતુ એની સ્વતંત્રતાનું શું થશે? શું તે તેની સ્વતંત્રતા જાળવી રાખશે કે ફરીથી ગુમાવશે? મારા મનમાં આવતો આ પ્રથમ વિચાર છે. ભારત કદી સ્વતંત્ર દેશ હતો જ નહીં એવું નથી. મુદ્દો એ છે કે એણે એક વાર પોતાની સ્વતંત્રતા ગુમાવી છે. શું તે ફરી વાર ગુમાવશે? આ જ વિચાર મને દેશના ભવિષ્ય માટે અત્યંત ચિંતાતુર બનાવે છે. ભારતે પહેલાં એકવાર પોતાની સ્વતંત્રતા ગુમાવી છે એટલું જ નહીં, પરંતુ એના પોતાના કેટલાક લોકોની ગદ્દારી અને વિશ્વાસઘાતને લીધે એણે સ્વતંત્રતા ગુમાવી એ હકીકત મને ખૂબ અસ્વસ્થ બનાવે છે. મહંમદ બીન કાસિમે સિંધ પર આક્રમણ કર્યુ ત્યારે રાજા દાહીરના સેનાપતિએ મહંમદ બીન કાસિમના એજન્ટો પાસેથી લાંચ લઈ પોતાના રાજાના પક્ષે લડવાની ના પાડી દીધી. ભારત પર આક્રમણ કરવા અને પૃથ્વીરાજ સામે લડવા જયચંદે મહંમદ ઘોરીને આમંત્રણ આપ્યું હતું. જ્યારે શિવાજી હિન્દુઓની મુક્તિ માટે લડતા હતા ત્યારે બીજા મરાઠા સરદારો અને રાજપૂત રાજાઓ મોગલ શહેનશાહને પક્ષે લડાઈ લડતા હતા. બ્રિટિશરો શીખ શાસકોનો નાશ કરવા પ્રયાસ કરતા હતા ત્યારે એમનો મુખ્ય સેનાપતિ ગુલાબસિંહ શાંત બેસી રહ્યો અને શીખ રાજ્યને બચાવવામાં મદદ ન કરી. ૧૮૫૭માં જ્યારે ભારતના મોટાભાગના વિસ્તારોમાં બ્રિટિશરો સામે સ્વતંત્રતા સંગ્રામ છેડાયો ત્યારે શીખો મૂકદર્શક બની રહ્યા. શું આ ઈતિહાસનું પુનરાવર્તન થશે? આ વિચાર મને ચિંતિત કરી દે છે. જ્ઞાતિઓ અને સંપ્રદાયો સ્વરૂપે આપણા જૂના દુશ્મનો ઉપરાંત, દેશમાં વિવિધ અને એકબીજાના વિરોધી વિચારધારાવાળા રાજકીય પક્ષો હોવાની હકીકત આ ચિંતાને વધુ ગંભીર બનાવી દે છે. શું ભારતીયો  દેશને પોતાના પંથોથી ઉપર રાખશે કે પોતાના પંથને દેશની ઉપર મૂકશે એ હું જાણતો નથી! પરંતુ એટલું તો નિશ્ચિત છે કે જો પક્ષો પંથને દેશની ઉપર મૂકશે તો આપણી સ્વતંત્રતા બીજીવાર જોખમમાં મુકાશે અને કાયમ માટે એ સ્વતંત્રતા ગુમાવશે. આવી કોઈ પણ સંભવિત ઘટના સામે દેશનું રક્ષણ દૃઢતાથી કરવું જોઈએ. આપણા લોહીના છેલ્લા ટીપાં સુધી આપણે આપણી સ્વતંત્રતાના રક્ષણ માટે કૃતસંકલ્પ કરવો જોઈએ.' - ડૉ. બાબાસાહેબ આંબેડકરના આ શબ્દો પછી મને નથી લાગતું કે વધુ કંઈ લખવું જોઈએ...

ડૉ. આંબેડકરના શબ્દો આજે પણ એટલા જ યથાર્થ છે. 'હું ભારત છું... અમે ભારતીયો...' આ શબ્દો ભારતીય બંધારણના આત્મામાં સમાયેલા છે, ત્યાં સુધી રાષ્ટ્રને જરાય આંચ નહીં આવે.

---

*આઈ-૭, મધુરમ કોમ્પ્લેક્ષ પેટ્રોલ પંપ પાછળ,*
*જીવરાજ પાર્ક, અમદાવાદ-૧૫*
*મો નં. ૯૮૨૫૦૪૪૭૩૪*



# પ્રતિબદ્ધ અને સંનિષ્ઠ સર્જક : ભી. ન. વણકર

*- નટુભાઈ પરમાર*

"તમારા નિર્વ્યાજ નેહનું લેખું નથી. તમારી સંન્નિધિમાં વીતેલ સમય મારી જિંદગીનું અમૂલ્ય સંભારણું બની રહ્યો છે. તમારી સૃજનતા, ઉદાત્તશીલ - ગાંભીર્યમઢી જિંદાદિલી અને નરવાઈ તમને ધીમંત અને ધૃતિશીલ ઠેરવે છે. તમે ગમો છો -પ્રિય છો, એની પડછે તમારું આંતરઐશ્વર્ય છે. તમને ભલી પેરે પારખનાર જ તમને પ્રમાણી શકે. એ પ્રમાણનારમાં હું એક છું એનું મને ગૌરવ છે. તમારી પ્રાંજલ ભાષાને અને શબ્દ પાસે ધાર્યું કામ પાડનારા તમારા દલિતાર્થ (પુરુષાર્થ)ને હું વધાવું છું."

ભારતીય સાહિત્ય અકાદમી ઍવૉર્ડથી પુરસ્કૃત, દલિત સાહિત્યના દાદા, સ્વનામધન્ય જૉસેફ મેકવાનના આ શબ્દો છે, ગુજરાતના પ્રસિદ્ધ દલિત સાહિત્યકાર ભીખાભાઈ નથવાભાઈ વણકર - ભી. ન. વણકર માટેના. ચાહકો-ભાવકો સૌ જેમને આજે 'ભીખુભાઈ'થી જાણે છે.

દલિત સાહિત્ય સર્જન સંદર્ભે એક જ Wavelength પરના બે મૂર્ધન્ય દલિત સર્જકો પૈકીના એક જૉસેફ મેકવાન, દલિત સાહિત્યયાત્રાના એમના સાથી માટે આમ કહે છે એમાં, ભી. ન. વણકર નામક પ્રતિભાની સાહિત્યિક ઊંચાઈની, એમના સંવેદનાસભર હૃદયની અને એમની આંતરિક સમૃદ્ધિની વાતને પણ આપણે સ્પષ્ટ વાંચી શકીએ છીએ.

**સુંદરપુર ગામે માતા સાંમીબેન -પિતા નથવાભાઈના ખોરડે જેમનો જન્મ એવા ભીખુભાઈએ પ્રાથમિક શિક્ષણ વતનના ગામે મેળવીને ધોરણ ૭થી ૯નો અભ્યાસ એ. વી. સ્કૂલમાં કર્યો હતો.**

૪ કવિતાસંગ્રહો (યાદ, ઓવરબ્રિજ, અનુબંધ, મૌનના મુકામ પર), ૨ વાર્તાસંગ્રહો (વિલોપન, અંતરાલ), ૨ લઘુકથાસંગ્રહો (ચીસ/ चीख ગુજરાતી/હિન્દી), ૬ વિવેચનસંગ્રહો (પ્રત્યાયન, અનુસંધાન, નવોન્મેષ, પર્યાય, દલિત સાહિત્ય, વિવૃત્તિ), ૨ કવિતા આસ્વાદસંગ્રહો (યથાર્થ, સૂર્યાયન),



ભી. ન. વણકર

૧ રેખાચિત્ર (રણદ્વીપ), ૧ સંતચરિત્ર (અનહદ), ૧ નિબંધસંગ્રહ (અનુચ્છેદ) અને ૨ સહસંપાદનો (નિસબત-૨૦૧૬- 'દલિત કવિતા અને કવિની કેફિયત' અને નિસબત ૨૦૧૮- 'ટૂંકી વાર્તા અને વાર્તાકારની કેફિયત') મળી તેમના ૨૧ જેટલાં પુસ્તકો પ્રકાશિત થઈ ચૂક્યાં છે અને હજી બીજાં ૧૩ (તેર) પુસ્તકો હસ્તપ્રતરૂપે યા તો કોમ્પ્યૂટર કંપોઝ થઈને પ્રકાશિત થવાની રાહ જોતાં ઊભાં છે. જેમાંના કેટલાકની તો પ્રસ્તાવનાઓ પણ લખાઈને આવી ચૂકી છે.

આ ૧૩ પ્રકાશ્ય પુસ્તકો પર એક નજર કરીએ તો તે છે : ૨ કવિતાસંગ્રહ (सूरज की ओर અને સૂર્યદૂત), ૧ વાર્તાસંગ્રહ (યક્ષ અને નિયતિ), ૩ વિવેચનસંગ્રહ (પ્રત્યય, અન્વય, સ્વાધ્યાય), ૩ કવિતા આસ્વાદ (સૂર્યક્રાન્તિ, સૂર્યાનુભૂતિ, સૂર્યોત્સવ) અને ૩ પ્રકીર્ણ પુસ્તકો (શબદ હમારા સાચા, अमृतस्य पुत्रा, મૃત્યુંજય). આત્મકથાનાત્મક ચરિત્રો (સૂરજ પંખીની વેદના).

આ લખી રહ્યો છું ત્યારે એમના સમગ્ર સાહિત્યનો પરિચય આપતો, પ્રતિષ્ઠિત સાહિત્ય સંસ્થા દ્વારા - એક વરિષ્ઠ સાહિત્યકારના સંપાદન હેઠળનો ૫૦૦ પાનાંનો દળદાર ગ્રંથ - "ભી. ન. વણકર અધ્યયન ગ્રંથ' પણ હવે પ્રકાશિત થવાની આખરી પ્રક્રિયામાંથી પસાર થઈ રહ્યો છે. આ પ્રકાશ્ય ગ્રંથમાંથી પસાર થવાની એક તક મને પણ મળી.

૧ મે ૧૯૪૨ના દિવસે મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના સુંદરપુર ગામે માતા સાંમીબેન -પિતા નથવાભાઈના ખોરડે જેમનો જન્મ એવા ભીખુભાઈએ પ્રાથમિક શિક્ષણ વતનના ગામે મેળવીને ધોરણ ૭થી ૯નો અભ્યાસ એ. વી. સ્કૂલમાં કર્યો હતો. વીસનગરની નૂતન હાઈસ્કૂલમાં ધોરણ ૧૦ અને ૧૧નો અભ્યાસ તેમણે હમણાં જ ૧૦૨ની ઉંમરે વિદાય લઈ ચૂકેલા લડાયક દલિત આગેવાન અને દલિત સાહિત્યકાર બબલદાસ ચાવડા સ્થાપિત સયાજી વિદ્યાર્થી આશ્રમ - વીસનગરમાં રહીને પૂર્ણ કર્યો હતો.

બી. એ. સુધીનો અભ્યાસ વીસનગરની એમ. એન. કૉલેજમાં કરીને, નડિયાદ કૉલેજ અને અમદાવાદ - ગુજરાત યુનિવર્સિટીમાં ભણી તેમણે એમ.એ.ની ઉપાધિ પ્રાપ્ત કરી હતી. ત્યારબાદ અમદાવાદની મોતીલાલ નહેરુ લૉ કૉલેજમાં એલ.એલ.બી.ની ડિગ્રી પ્રાપ્ત કરીને, અમદાવાદની ન્યૂ લૉ કૉલેજમાં એલ.એલ.એમ.ના અભ્યાસ માટે પ્રવેશ મેળવ્યો

હતો. અભ્યાસ દરમિયાન એમને અમદાવાદ જિલ્લા પંચાયતમાં ક્લાર્કની નોકરી મળી હતી અને અહીં જ એક રાજ્યપત્રિત અધિકારી તરીકે બઢતી મેળવીને તેઓ નિવૃત્ત થયા હતા. સરકારી સેવાઓમાંથી નિવૃત્ત થયા બાદ કાયદાના પોતાના ઉચ્ચ અભ્યાસને કારણે પ્રાપ્ત થયેલ વકીલાત કરવાની સનદનો સદુપયોગ કરી ગાંધીનગરની કોર્ટમાં તેમણે વકીલાત પણ કરી.

ઉચ્ચ અભ્યાસના, સરકારી નોકરીના અને નિવૃત્તિ પછી પ્રૅક્ટિસિંગ એડ્વોકેટ તરીકેના જીવનનાં આ અત્યંત વ્યસ્ત વર્ષોમાં પણ ભીખુભાઈએ ન માત્ર વિપુલ માત્રામાં દલિત સાહિત્યનું સર્જન કર્યું, સાહિત્યસેવાની સમાંતરે દલિત સમાજના એક બૌદ્ધિક અને જાણતલ આગેવાન રૂપે સમાજોત્થાન-સમાજજાગૃતિનું કાર્ય પણ પૂર્ણ પ્રતિબદ્ધતા અને જવાબદારીપૂર્વક નિભાવ્યું.

અમાનવીય જાતિગત ભેદભાવોને જેમણે જોયાં અને વેઠ્યા એવા મિલમજૂર - પછીથી ભાગિયા ખેડૂત બનેલાં - પિતા અને ખેતમજૂર માતાના અભાવગ્રસ્ત અને સંઘર્ષરત દલિત પરિવારના સંતાનથી શરૂ થયેલી પોતાની જીવનસફર આજે જો આ મુકામ પર પહોંચી છે તો તે દલિતોના ઉદ્ધારક મહામાનવ ડૉ. બાબાસાહેબ ભીમરાવ આંબેડકર અને એમના વિચારવારસાનો પ્રતાપ છે, એમ ભીખુભાઈ દૃઢપણે માને છે.

**ઉચ્ચ અભ્યાસના, સરકારી નોકરીના અને નિવૃત્તિ પછી પ્રેક્ટિસિંગ એડવોકેટ તરીકેના જીવનના આ અત્યંત વ્યસ્ત વર્ષોમાં પણ ભીખુભાઈએ વિપુલ માત્રાના દલિત સાહિત્યનું સર્જન કર્યું**

માતા-પિતા-પરિવાર ઉપરાંત પોતાની દલિત સાહિત્ય અને સામાજિક પ્રવૃત્તિઓની સુદીર્ઘ યાત્રા દરમિયાન મળેલા મિત્રો, ચાહકો, ભાવકો, પ્રોત્સાહિત કરતા રહેલા માર્ગદર્શકોની સાથે ડૉ. બાબાસાહેબના ક્રાંતિકારી વિચારોનો તેમના જીવનઘડતરમાં સિંહફાળો રહ્યો છે, એમ કહેતા ભીખુભાઈનો નિર્ધાર પોતાનું શેષ જીવન દલિત, દૂબળા, દરિદ્ર, ઉપેક્ષિત સમાજની સેવામાં શબ્દસાધના કરતા વિતાવવાનો છે.

સૂતર વેચવાનો ને વણવાનો વેપાર કરતા અને પંચ-પરગણામાં આગેવાન તરીકે ઓળખાતા, પ્રભાવશાળી વ્યક્તિત્વ ધરાવતા દાદા નરસિંહભાઈ રત્નાભાઈ વણકરના ઘરે ત્રણ-ત્રણ સાળ (કાપડ વણવાની સાળ) હતી અને તેઓ ગાયકવાડી સરકારના સ્ટેમ્પપેપર પર સગાંઓ અને સમાજબંધુઓને ચાંદીના રોકડા રૂપિયાની લેતી-દેતી કરતા. ચાંદીનો હોકો ગડગડાવતા.

દૂરંદેશ એવા દાદાના પ્રતાપે જ ભીખુભાઈના પિતા નથવાભાઈ અક્ષરજ્ઞાન મેળવી શકેલા. પિતાને તેઓ "ભા" કહેતા. એ સ્મરણમાં ભીખુભાઈ લખે છે: 'દાદાના અવસાન બાદ 'ભા' એ એમના થકી થયેલ લેવડ-દેવડના તમામ ચોપડા - દસ્તાવેજો સળગાવી નાખેલા. ભર્યાભર્યા ઘરમાંથી દાદા સહિત દાદી, કાકાઓની એક પછી એક વિદાય થતાં 'ભા' બહુ નિરાશ થઈ ગયા હતા. 'ભા' વણવાનું છોડી અમદાવાદ જઈ મિલમાં મજૂર તરીકે જોડાયા. તે રાષ્ટ્રીય ચળવળના દિવસો હતા અને મજૂર મહાજન સક્રિય હતું. 'ભા' તેના સભ્ય હતા કે કેમ તે તો મને નથી ખબર પણ ત્યારે ડૉ. બાબાસાહેબ આંબેડકર સ્થાપિત 'ઓલ ઈન્ડિયા સ્ટેટ શિડ્યુલ્ડ કાસ્ટ ફેડરેશન' (૧૯૪૨)ના ૧૩૫ સભ્યોમાં ૯૯મા ક્રમે મારા 'ભા' નાથાભાઈ નરસિંહભાઈ (સુંદરપોર - તા. વિજાપુર) પણ હતા, એના દસ્તાવેજી પુરાવા ઈતિહાસકાર ડૉ. પી. જી. જ્યોતિકરના પુસ્તકમાં છે."

ભીખુભાઈ જીવન પર્યંત આંબેડકરી વિચારધારાને સમર્પિત રહ્યા અને સ્વતંત્ર વિચાર સાથે એમના સાહિત્યમાં જીવનની વાસ્તવિકતાઓને આલેખતા રહ્યા તો એનો એક અનુબંધ આમ પિતા સાથે જોડાયેલો છે.

પિતાએ ટૂંકી માંદગીમાં વર્ષ ૧૯૫૧માં વિદાય લીધી ત્યારે ૮ (આઠ) વર્ષના બાળક ભીખુભાઈએ માતાની સોડમાં બેસી, પિતાના વિરહમાં ઝૂરતી માતાનાં આંસુઓને પોતાના ગાલ પર ઝીલ્યાં છે.

તેઓ કહે છે : 'મારા લેખનમાં વ્યક્ત થતા કરુણા, વેદના અને સંવેદનશીલતાના ભાવોને મારી માનાં આંસુઓ સાથે સીધો સંબંધ છે."

'માડી મને સાંભરે રે' (સં.: ચંદુ મહેરિયા) અને 'નયા માર્ગ' (સં.: સ્વ. ઈન્દુકુમાર જાની) માં 'વીરડી' હેઠળ માના રેખાચિત્રમાં ભીખુભાઈ લખે છે : "મા વિશે લખવું ખૂબ મુશ્કેલ છે, મા તો છે જીવન સાથે જડાયેલી જીવંત ઘટના. મારા પિતાના અવસાન પછી મારી માતાને મેં ક્યારેય હસતાં જોયાં નથી. હરહંમેશ ગમગીન અને ચિંતાતુર. પિતાજીના અવસાનથી આખું કુટુંબ નિરાધાર બની ગયેલું, પણ સમજુ મા અને મોટાભાઈએ હિંમતપૂર્વક બધું સંભાળી લીધેલું. પિતાજીની હયાતી વિનાનું ઘર કુટુંબની કમનસીબ અને કરુણ કથની સમું



હતું. કરુણામૂર્તિ માએ અમારા માટે વસાવ્યું હતું વેદનાનું ઘર- એક માત્ર શ્રદ્ધા તે શ્રમ અને આંસુ તે સુખ.”

એક આંખે જાગતી, એક આંખે ઊંઘતી અને પરિવારના ભવિષ્યની સતત ચિંતા કરતી માને સવારે વલોણા વખતે બાળક એવા ભીખુભાઈ સામે બેસીને નેતરું (દોરડું) પકડતા. મા કહેતી ‘નેતરું ઢીલું મૂકો તોયે ગોળી (વલોણા માટેનું માટલું) ફૂટે ને નેતરું ખેંચી રાખો તોયે. માટે બંને હાથે તે બરાબર ખેંચાવું જોઈએ.’

ભીખુભાઈ લખે છે : ‘એ વલોણું અને માના આ શબ્દો મને જીવનમંથનના પ્રતીક સમા લાગ્યા છે અને એને મેં મારા સાહિત્યસર્જનમાં એક સિદ્ધાંતરૂપે સ્વીકાર્યા છે.’

પરિશ્રમ જેનો પ્રાણ હતો અને જે કદી નિરાંત જીવે રહી નથી, એ માના જીવનની કરુણતા અને કઠણાઈ જ મારી કવિતાની પાઠશાળા બની રહી, એમ કહેતા ભીખુભાઈ લખે છે : ‘માએ ૨૬ સપ્ટેમ્બર ૧૯૬૫ના રોજ સ્થૂળ અર્થમાં વિદાય લીધી. પણ મા કોઈની મરતી નથી. હા, આજે મા નથી. માની સ્મૃતિ છે. મને કહેવા દો, મારી મા કવિ નહોતી, પણ કરુણામય જિંદગીમાં કવિતા જીવી ગઈ. વેદના અને વિષાદ; શ્રમ અને સમજ; આંસુ અને ઉજાગરો - જિંદગીની આ અમીરાત મેં મેળવી છે મા પાસેથી. એને જ્યારે શબ્દોમાં ઉતારું છું ત્યારે લોકો તેને કવિતા કહે છે.’

પિતાની વિદાય બાદ વિધવા માતાને સહારે દારુણ ગરીબી ભોગવતાં ભોગવતાં - અપાર સંઘર્ષ વચ્ચે ભીખુભાઈએ ભણવાનું ચાલુ રાખ્યું. તેમાં ભણવામાં તેજસ્વી મોટાભાઈએ પોતાનો અભ્યાસ છોડી દઈ ખેતમજૂરી કરતા રહીને - પોતાનાથી નાના બે ભાઈઓને ભણવા માટેની તક આપી તેનો ઋણસ્વીકાર ભીખુભાઈ અંતરમનથી કરે છે.

**પિતાની વિદાય બાદ વિધવા માતાને સહારે દારુણ ગરીબી ભોગવતાં ભોગવતાં - અપાર સંઘર્ષ વચ્ચે ભીખુભાઈએ ભણવાનું ચાલુ રાખ્યું. તેમાં ભણવામાં તેજસ્વી મોટાભાઈએ પોતાનો અભ્યાસ છોડી દઈ ખેતમજૂરી કરતા રહીને પોતાનાથી નાના બે ભાઈઓને ભણવા માટેની તક આપી**

શાળાજીવનના અસ્પૃશ્યતાના અનુભવોને વર્ણવતાં તેઓ કહે છે : ‘ધોરણ:૧માં આચાર્ય મને કાયમ અપમાનજનક શબ્દથી બોલાવે, છેલ્લે બેસાડે અને પાણી મારે દૂરથી ઊંચેથી પીવું પડતું. ગામના તળાવમાં અને હવાડામાં હું મારી ભેંસને પાણી પાવા લઈ જતો પણ તે પાણીમાં મારા પગ પલાળી શકતો નહોતો. મજૂરીએ જતો ત્યાં પણ આ જ અનુભવો થતા, એથી હું મારું પાણી સાથે લઈને જતો.’ સ્કૂલમાં મોટે ભાગે તરસ્યો જ રહેતો.’

લખે છે : ‘હું દસેક વરસનો હોઈશ ને વેઠપ્રથાના ઈન્કાર બદલ ગામના લોકોએ મારા કાકાના ઘર પર હુમલો કરેલો અને વાસમાં હાહાકાર મચી ગયેલો. કાકાએ ભાગી જઈને આ હુમલાખોરો પર પોલીસ કેસ કરેલો, ત્યારે વાસમાં થતી સામાજિક કાર્યકરોની અવરજવરને હું જોઈ રહેલો. આ ઘટના પછી છૂતાછૂતથી, અત્યાચારથી, દલિતોને થતા અન્યાયથી હું ઠીક ઠીક વાકેફ થયો. અમારો કૂવો આગવો, અમારું સ્મશાન આગવું, તળાવ પણ આગવું, મંદિર પણ આગવું (કાલિકા માતાનું), અમારી સાથેનો વ્યવહાર પણ અલગ અને અમારો વાસ પણ.’

ભીખુભાઈ છઠ્ઠા ધોરણમાં હતા ત્યારે સ્વતંત્રતા દિવસે શાળા શિક્ષકે વિદ્યાર્થીઓ પાસે ‘સત્યકામ જાબાલી’ અને ‘ગુરુ દ્રોણ’નાં નાટકો ભજવાવેલાં. એમાં ગૌતમ ઋષિના ‘તારું ગૌત્ર કયું ?’ ના પ્રશ્ન સામે સત્યકામનો “મને ખબર નથી. મારું નામ સત્યકામ અને મારી માનું નામ જાબાલી’ એવો ઉત્તર તથા દ્રોણાચાર્યે ગુરુદક્ષિણામાં માંગેલા એકલવ્યના અંગૂઠાના નાટકનાં દશ્યોને જોયા બાદ તેઓ એ રાત્રે ઊંઘી શક્યા નહોતા. બસ એકલવ્ય અને સત્યકામ વિશે જ વિચારતા રહ્યા... ને એ રાત્રે જ નિશ્ચય કરી લીધો કે જીવનભર આવી ગુરુદક્ષિણા હું ક્યારેય કોઈને નહીં આપું.

આમ છતાં-શાળાજીવનથી જ જાતિવાદના આવા કારમા અનુભવો છતાં સયાજી આશ્રમ-વીસનગરમાં રહી તેઓ બી.એ. સુધી પહોંચ્યા. ગુજરાતી, હિન્દી, મનોવિજ્ઞાન એમના અભ્યાસના વિષયો હતા. અહીં જ મેઘાણી, સુંદરમ્, ગાંધીજી, ન્હાનાલાલ, ગોવર્ધનરામ એમને ભણવા મળ્યા અને કવિતાની સમજ મળી. એમની કવિતાઓ છાત્રાલયના અને કૉલેજનાં ભીંતપત્રો પર રજૂ થતી.

તેઓ બી.એ.ના છેલ્લા વર્ષમાં હતા ત્યારે વતનના ગામમાં નવી હાઈસ્કૂલ નિર્માણ પામી હતી. આ હાઈસ્કૂલના આચાર્ય અને ભીખુભાઈના પૂર્વ શિક્ષકે ભીખુભાઈને બી.એ. પાસ થયા પછી પોતાની સ્કૂલમાં નિમણૂક આપવાનું કહીને, સમય અનુકૂળતા અનુસાર હાઈસ્કૂલમાં ગુજરાતી વિષય ભણાવવા માટે આવતાં રહેવા જણાવ્યું હતું.

તેઓ કહે છે : ‘જુનિયર બી.એ.માં હતો ત્યારે વતનની માધ્યમિક શાળામાં હું વારંવાર જતો, પિરિયડો લેતો. આચાર્ય તરફથી સધિયારો અને સહાનુભૂતિ પણ ખરી. ૧૯૬૪માં હું બી.એ.માં હતો ત્યારે એ સ્કૂલમાં એક દિવસે દલિત વિદ્યાર્થીઓને પાણીની પરબે બહાર ઊભા રહીને કોઈ પિવડાવે ને તેઓ ખોબે ખોબે પીવે એમ પાણી પીતાં જોયા અને મારો ભીતરનો આક્રોશ ભભૂકી ઊઠ્યો. આચાર્યને ફરિયાદ કરી તો, ‘આ તો આમ જ ચાલે’ કહી ખાસ દરકાર ન કરી. મારા રોષ

સામે આવી સાવ ઠંડી પ્રતિક્રિયા જોઈ મેં ખુલ્લો બળવો કર્યો અને પ્રતિકાર રૂપે શિક્ષણ, પોલીસ અને સમાજકલ્યાણ ત્રણેય વિભાગોમાં અરજીરૂપે આ ઘટનાની ફરિયાદ કરી. સમસમી ઊઠેલા દુણાયેલા ગ્રામજનો દ્વારા મારો અને મારા વાસનો બહિષ્કાર થયો. 'મારો - મારો'ના નારા સાથે મારા અને મારા વાસ પર હુમલાના પ્રયાસો થયા. પણ હું ઝઝૂમ્યો અને અંતે વિજયી થયો. ત્યારે આ ઘટનાને 'દીનબંધુ' (તંત્રી : ધનજીભાઈ જોગદિયા) અને 'તમન્ના' (તંત્રી : જયંતિ સુબોધ) જેવા દલિત સામયિકોએ વ્યાપક પ્રસિદ્ધિ આપીને અમારી લડતને સફળ બનાવી હતી."

અહીં એ નોંધનીય છે કે, ૧૯૬૪ના અરસાના આ એ જ દલિત સામયિકો (દીનબંધુ અને તમન્ના) છે, જેમાં દલિત સમાજની સમસ્યાઓ અને વેદના-વીતકને વાચા આપતાં સંખ્યાબંધ આલેખનો લાંબો સમય સુધી ભીખુભાઈએ કર્યા હતા. દલિત સાહિત્ય કે તેની વિભાવનાએ તો તેના ઘણાં વર્ષો પછી આકાર લીધો. આ જ સમયગાળામાં દલિતોના સામાજિક પ્રશ્નો માટે જુદાં જુદાં સંગઠનો હેઠળ પણ તેઓએ બહુ જ સક્રિયતાથી કામ કર્યું હતું.

આ જ એમના જીવનનો ટર્નિંગ પોઈન્ટ હતો અને અહીંથી જ અન્યાય સામે અવાજ ઉઠાવવાને આંદોલનના રાહ તરફ જવાની એમની શરૂઆત હતી. જેણે દલિત સાહિત્યને એક પ્રતિબદ્ધ, સત્ત્વશીલ અને સંવેદનશીલ દલિત સાહિત્યકાર સંપડાવ્યા.

*

**ગુજરાતી દલિત સાહિત્યની ચર્ચા જેમના ઉલ્લેખ વિના અધૂરી ગણાય છે એવા લબ્ધપ્રતિષ્ઠ દલિત સર્જક ભી. ન. વણકર એક જીવનવાદી સાહિત્યકાર છે. એમણે એ જ આલેખ્યું જે જીવનભર એમણે જોયું, જાણ્યું અને અનુભવ્યું**

ગુજરાતી દલિત સાહિત્યની ચર્ચા જેમના ઉલ્લેખ વિના અધૂરી ગણાય છે એવા લબ્ધપ્રતિષ્ઠ દલિત સર્જક ભી. ન. વણકર એક જીવનવાદી સાહિત્યકાર છે. એમણે એ જ આલેખ્યું જે જીવનભર એમણે જોયું, જાણ્યું અને અનુભવ્યું. દલિત માતા-પિતાને ત્યાં જન્મ, ઉછેર અને આ દલિત સમાજ વચ્ચે જ શ્વસતા-જીવતા રહીને એમના સંવેદનશીલ હૃદયે આત્મસાત્ કરેલી આ સમાજની વ્યથા, વેદના, પીડાનો અવાજ અને આવા અન્યાય સામે પ્રતિકારનો એક બુલંદ અવાજ, તેમના સાહિત્યમાં પ્રતિબિંબિત થતો રહ્યો છે. તેથી જ અગ્રિમ સાહિત્યકાર ડૉ. મોહન પરમાર પણ કહે છે : "ભી. ન. વણકર ગુજરાતી દલિત સાહિત્યના અગ્ર હરોળના પ્રતિબદ્ધ સાહિત્યકાર છે. એમણે માત્ર અને માત્ર દલિત સમસ્યાને કેન્દ્રમાં રાખીને કૃતિઓની રચના કરી છે. સમાજમાં પ્રવર્તી રહેલા અનિષ્ટોને કઈ રીતે ડામી શકાય તે એમની કૃતિઓનું વિષયવસ્તુ રહ્યું છે. સમાજના ઘડતરમાં કયાં પરિબળો મહત્ત્વનાં છે અને કયાં નુકસાનકારક છે તેની એમને જાણ છે. એ ભેખધારી સર્જક તો ખરા જ, પણ ભેખધારી દલિત કર્મશીલ પણ છે. દલિત સમસ્યાને સ્પર્શતો કોઈ પણ વિષય એવો નહીં હોય જેનાથી તેઓ અજ્ઞાત હશે. સામાજિક ચેતનાજગતના કાર્યકારણના એ પક્ષકાર છે; તો સામાજિક સમતુલાને નષ્ટ કરતાં અનિષ્ટો-દૂષણોના છડેચોક વિરોધી પણ રહ્યા છે. ડૉ.બાબાસાહેબ વિશે તો એ ઘણું બધું જાણે છે અને એથી એમના જીવનનાં મહત્ત્વનાં પાસાંઓની ચર્ચા પણ કરી શકે છે. ભીખુભાઈ એક બહુશ્રુત, પ્રતિભાવંત અને કર્મશીલ સર્જક છે."

ભી. ન. વણકર એમની સાહિત્ય સેવાઓ માટે (૧) ગુજરાત સાહિત્ય સંગમ પુરસ્કાર - ૨૦૦૧ (આંતર ભારતીય સાહિત્ય સંસ્થા) (૨) સંત શ્રી કબીર સાહિત્ય ઍવૉર્ડ - ૨૦૦૪-૨૦૦૫ (ગુજરાત સરકાર) (૩) ગુજરાતી દલિત સાહિત્ય અકાદમી - શ્રેષ્ઠ નવલિકા પુરસ્કાર - ૨૦૧૧ (ગુજરાતી દલિત સાહિત્ય અકાદમી) (૪) સાહિત્ય સેવા રૌપ્ય ચંદ્ર - ૨૦૧૭ (હરિજન કેળવણી મંડળ -વીસનગર) (૫) ગુજરાતી દલિત સાહિત્ય પ્રતિષ્ઠાન શ્રેષ્ઠ વાર્તા પુરસ્કાર - ૨૦૧૯ અને (૬) કેસરબા પ્રતિષ્ઠાન શ્રેષ્ઠ દલિત સાહિત્યકાર પુરસ્કાર - ૨૦૨૪ (દલિત સાહિત્ય પ્રતિષ્ઠાન) જેવા પુરસ્કારોથી ગૌરવાન્વિત થયેલા સાહિત્યકાર છે.

સાહિત્યની અને સામાજિક પ્રવૃત્તિઓ માટે પ્રત્યાયન સાહિત્ય વર્તુળ (ધોળકા), વતનના પાંચ ગોળ : બેંતાલીસ વણકર સમાજ, તેમની માતૃસંસ્થા સયાજી વિદ્યાર્થી આશ્રમ (વીસનગર) સહિતની અનેક સામાજિક સંસ્થાઓએ તેમને સન્માનિત કર્યા છે.

દલિત સાહિત્ય અને દલિત સમાજના અભ્યાસી અને બહુશ્રુત વિદ્વાન સાહિત્યકાર ભી. ન. વણકરે ગુજરાતના મોટાભાગના જિલ્લાઓમાં દલિત સાહિત્ય - સમાજ પર વ્યાખ્યાન આપ્યાં છે. મુંબઈ-પૂના સહિતના બહારના પ્રદેશોમાં પણ તેઓ ગુજરાતી દલિત સાહિત્યનો પ્રચાર-પ્રસાર એમનાં વક્તવ્યોમાં કરતા રહ્યા છે. અનેક નૅશનલ સાહિત્ય સેમિનારોમાં તેઓ વક્તવ્યો આપી ચૂક્યા છે. Ph.D. છાત્રો એમના સાહિત્ય પર અભ્યાસ કરી રહ્યા છે. એમની "વિલોપન', 'ધારાવઈ' જેવી વાર્તાઓ વિવિધ યુનિવર્સિટીઓના અભ્યાસક્રમોમાં અને 'ઓવરબ્રિજ' કવિતા ગૂજરાત વિદ્યાપીઠના અભ્યાસક્રમમાં સ્થાન પામી છે. એમના 'પ્રત્યાયન', 'દલિત સાહિત્ય" જેવા વિવેચનગ્રંથો પણ ગૂજરાત વિદ્યાપીઠમાં સંશોધન ગ્રંથો તરીકે અભ્યાસક્રમમાં મુકાયા છે. આમ, એમની અનેક કૃતિઓ મહાવિદ્યાલયોમાં તેના અભ્યાસક્રમમાં સ્થાન પામી છે. ઘર આંગણેની 'ગાંધીનગર દલિત સાહિત્ય સભા' અને ગુજરાત

સ્તરે કાર્યરત 'ગુજરાતી દલિત સાહિત્ય પ્રતિષ્ઠાન'ના પણ તેઓ અધ્યક્ષ રહી ચૂક્યા છે.

અહીં ગુજરાતી દલિત સાહિત્યયાત્રાના પ્રમુખ સૂત્રધારો પૈકીના એક મહત્ત્વના અને પાયાના સર્જક ભી. ન. વણકરના વિપુલ સાહિત્ય પરના એક વિહંગાવલોકન પાછળનો આશય સાહિત્યભાવકો - ચાહકોને તેમની બૃહદ સર્જકતા–સૃજનકલાથી પરિચિત કરાવવાનો છે.

**કવિતા:**

**ભલે મારા દેહે, સકલ તનમાં શોણિત વહો:**
**અને મારા હૈયે, સકલ જનના તાપ જ લહો.**
**છતાં હૈયું ઝંખે, મનુજ ઉરમાં ચેતન ધરું;**
**અને હૈયા ગાને, જગત ભરમાં સૌરભ ભરું (૨૩ સપ્ટેમ્બર ૧૯૬૧)**

ભી. ન. વણકર યાને ભીખુભાઈની શબ્દયાત્રા તો છેક ૧૯૬૧થી આરંભાયેલી. આ પંક્તિઓ હેઠળનું કાવ્ય ૧૯૬૫માં એમની કૉલેજના મુખપત્ર 'માણિકયમ્'માં છપાયું તે સાથે બીજી અનેક પ્રણયરંગી કાવ્યરચનાઓ પણ તે સમયગાળામાં પ્રસિદ્ધ થઈ જેને સમાવતો 'યાદ' (૧૯૯૩) પ્રથમ કાવ્યસંગ્રહ પણ પ્રકાશિત થયો અને આવકાર પામ્યો. માધવ રામાનુજ સહિતના સિદ્ધહસ્તોએ એને આવકાર્યો હતો.

**ભીખુભાઈની શબ્દયાત્રા તો છેક ૧૯૬૧થી આરંભાયેલી. આ પંક્તિઓ હેઠળનું કાવ્ય ૧૯૬૫માં એમની કૉલેજના મુખપત્ર 'માણિકયમ્'માં છપાયું તે સાથે બીજી અનેક પ્રણયરંગી કાવ્યરચનાઓ પણ તે સમયગાળામાં પ્રસિદ્ધ થઈ**

**ભીખુભાઈ કહે છે :** 'પ્રારંભમાં હું લલિત કવિતા અને છંદોબદ્ધ રચનાઓનો ચાહક હતો. મારા યુવા મનને પ્રેમ-પ્રકૃતિ પણ આકર્ષતાં રહ્યાં. છતાં વતનમાં છૂતાછૂત અને શાળામાં રખાતા ભેદભાવને કારણે વિદ્રોહ - સંઘર્ષ - બહિષ્કાર સઘળું વેઠતાં વેઠતાં, વેદના અને વિદ્રોહની કવિતા તરફ વળ્યો. અમદાવાદમાં આવ્યા બાદ અનામત વિરોધી તોફાનો, દલિતો પરના હુમલા અને આંબેડકરી સાહિત્યના સંપર્કમાં આવતાં મારી કવિતાની વિભાવના જ બદલાઈ ગઈ. લલિતના બદલે હું દલિત સાહિત્ય તરફ વળ્યો.' આમ, એમનું લલિત કવિતાથી દલિત કવિતા અને એમ દલિત સાહિત્ય તરફ આવવું, ગુજરાતી દલિત સાહિત્યને ફળ્યું છે - ઉપકારક નીવડ્યું છે.

ભીખુભાઈનો બીજો કાવ્યસંગ્રહ 'ઓવરબ્રિજ' (૨૦૦૧), તેની આ શીર્ષ રચના

"આ ગાય / અમારે ઘેર ક્યારેય ચાલી નથી / ભાંભરી નથી કે દૂધ પણ દીધું નથી / પછી, વિવાદ અને વિષાદ શો?/ વૈતરણી તરવા તો અમે / ઓવરબ્રિજ બાંધી દઈશું!"

પ્રસ્તાવનામાં જયંત ર. જોષીએ 'સશસ્ત્ર હિંસા પછીના નવોન્મેષ'થી 'ઓવરબ્રિજ'ને આવકારતાં કહ્યું : 'ભી. ન. વણકર કવિ તો છે જ, પણ તેમની કવિતાઓ માત્ર તેમની સ્વાનુભૂતિને વાચા આપતી દર્દકથાઓ નથી. તેમનો વિચારપટ વિશાળ છે'.

રઘુવીર ચૌધરીએ પોતાની સાહિત્ય કૉલમમાં જેની નોંધ લીધી હતી. તે 'ઓવરબ્રિજ'ની આ વધુ એક રચના:

**રોટલો નથી રાજભોગ છે.**
**પંચિયુ નથી પીતાંબર છે.**
**ઘર નથી મઠ છે.**
**ઓ દુર્દૈવ! માણસ કેટલો નિર્માલ્ય છે?**

એમનો ત્રીજો કાવ્યસંગ્રહ 'અનુબંધ' (૨૦૦૪). કેફિયતમાં ભીખુભાઈ લખે છે :

'હું જે જીવન જીવ્યો છું. જે જીવન મેં જાણ્યું-અનુભવ્યું છે, તેની શબ્દસહજ અભિવ્યક્તિ તે 'અનુબંધ'.

'અનુબંધ'ને આવકારતાં કવિ મધુકાન્ત કલ્પિતને, તેમાં દલિતજીવનને સ્પર્શતા માનવીય પ્રશ્નો, એની સમસ્યાઓ, મુંઝવણો નવા પ્રકારે સૂક્ષ્મ રીતે, ચૈતસિક સ્તરે વિકસતી જણાઈ છે.

"અનુબંધ'માં કવિની નિસબતને ઉજાગર કરતી આ રચના:

'અમારી / અપરિચિત વિભાવનાઓ / અભિજાત અભિગમો આલેખવા.... / અમે જ અમારું ગીત છીએ.'

આ કવિનો ચોથો કાવ્યસંગ્રહ છે 'મૌનના મુકામ પર' (૨૦૦૯). આ કાવ્યસંગ્રહને રજૂ કરતાં ભીખુભાઈ લખે છે : "આજનો મનુષ્ય વિક્ષુબ્ધ છે, સમાજ સંત્રસ્ત છે ત્યારે સર્જક ચૂપ કેવી રીતે રહી શકે ? સામાજિક સંચેતના અને માનવીય સંવેદનાની અભિવ્યક્તિ એટલે આ સંગ્રહની કવિતાઓ."

વિષયવૈવિધ્યથી ભરપૂર, જીવનના વ્યાપક સંદર્ભો અને દલિતજીવનની વરવી વાસ્તવિકતાઓને સંવેદનાસભર રીતે અભિવ્યક્ત કરતી આ સંગ્રહની કવિતાના કેટલાક અંશોઃ

**તમે પ્રતિબદ્ધ છો: અમને અછૂત ગણવામાં**
**પરંતુ, યાદ રાખજો.... અમે વિદ્રોહના વૈતાલિક છીએ!**
**અમને ભોમભીતર ભંડારશો / તોયે જવાળામુખી બનીને ભભૂકશું!**

દલપત ચૌહાણના મતે, ભીખુભાઈ શરૂઆતથી કવિતા સાથે જોડાયેલા અને આજ પર્યંત જોડાઈ રહેલા દલિતકવિઓમાં અગ્રિમ છે. કવિતામાં વિવિધ રૂપો પ્રગટાવતી, નાટ્યાત્મક અને કથનાત્મક પ્રયુક્તિઓ રચતી, આક્રોશને સંયત કરી જે કહેવું હોય તે જડબેસલાક કહેતી, દલિત વાસ્તવ અને સમસ્યાઓ, વિદ્રોહ અને ઈશ્વરનો નકાર, નવીન સંધાન સાથે અજાણ

ભાવપ્રદેશો ઉઘાડી આપે છે... સરળ, સીધી અને સમજાય તેવી શબ્દ-પદાવલિમાં આ કવિ ગાગરમાંથી સાગર ઠાલવે છે.

ભીખુ વેગડા 'સાફલ્ય'ના મતે એમનાં કાવ્યોમાં વેદના અને વ્યથાના સૂર ઘૂંટાયેલા છે અને એ વેદના સામાજિક ચેતનાની કવિતા બને છે. એમાં ઋજુ સંવેદનાઓ છે, આક્રોશ છે અને સંયત વિદ્રોહ છે.

*

વસ્ત્ર વણું ને ખુદ વણાઉં / તોયે ઉઘાડો રહું એટલો પાયમાલ છું.' (મૌનના મુકામ પર)

*

**"હું વેદનાનું વૃક્ષ છું / મારી ડાળે ... પાંદડે પાંદડે / જ્વાળાઓ ભભૂકી રહી છે." (મૌનના મુકામ પર)**

**વાર્તા:**

એમના પ્રકાશિત બે વાર્તાસંગ્રહો છે; 'વિલોપન' (૨૦૦૧) અને 'અંતરાલ' (૨૦૧૯).

એક સિદ્ધહસ્ત વાર્તાકારના બે વાર્તાસંગ્રહો વચ્ચે ૧૮ વરસોનો આવડો મોટો અંતરાલ તેમની નોકરીની વ્યસ્તતા અને સમાજજાગૃતિના અનેક મોરચેની તેમની સક્રિયતાને કારણે રહ્યો. 'વિલોપન'ની ૧૪ અને 'અંતરાલ' ની ૧૫ મળી ૨૯ વાર્તાઓ ઉપરાંત, ગુજરાતના પ્રતિષ્ઠિત દલિત-લલિત સામયિકો, દીપોત્સવી અંકો, માહિતીખાતાના "ગુજરાત' દીપોત્સવી અંકોમાં મળી તેમની વધુ ૪૧ જેટલી દલિત વાર્તાઓ પ્રસિદ્ધ થઈ છે. પ્રથમ વાર્તા 'વિલોપન' પ્રતિષ્ઠિત સામયિક 'ચાંદની"ના જુલાઈ-૧૯૮૬ના અંકમાં પ્રસિદ્ધ થયા પછી એ જ નામે આ પહેલો વાર્તાસંગ્રહ પ્રસિદ્ધ થયો ને સાહિત્યકારો-સમીક્ષકો દ્વારા વ્યાપક આવકાર પામ્યો.

ગરીબી અને અસ્પૃશ્યતાના ભારથી ચિત્કારી ઊઠેલો વાસનો એક યુવાન જાતે બળીને અપમૃત્યુને પામ્યો તેની વ્યથા-વેદનાને વાચા આપતી 'વિલોપન' વાર્તા સહિત આ સંગ્રહની તમામ વાર્તાઓ દલિત પીડા અને તે સામે આક્રોશ વ્યક્ત કરતી વાર્તાઓ બની રહી છે.

"વિલોપન'ની વાત કરતાં ભીખુભાઈ લખે છે : 'લેખન માટે દલિત સર્જકોને ઉછીનું કથાનક લેવા જવું પડે તેમ નથી. સમાજમાં યુગોથી એની ભોમભીતર ધરબાયેલી વ્યથાકથાઓ વિપુલ છે.'

આગવા અવાજ સાથેની 'વિલોપન'ની વાર્તાઓને વધાવતાં દલપત ચૌહાણે કહ્યું : 'આ વાર્તાકાર ૧૯૮૫થી વાર્તાઓ લખતા રહ્યા છે. આ સંગ્રહની તમામ વાર્તાઓ દલિત વાર્તાની એરણ પર ખરી ઊતરી છે. તેમની વાર્તાઓમાં પ્રસંગ કે ઘટનાની સચ્ચાઈ, દલિત સામાજિક પરિવેશ, તેમની ભાષાના વહેકા-લઢણ-વર્તન, કથાઓમાં રહેલ આક્રોશ અને અખિલાઈ તેમને વાર્તાકાર બનાવવા માટે પૂરતાં થઈ પડે છે.'

મોહન પરમારને તેમાં સામાજિક પરિસ્થિતિઓને લીધે સર્જાતી સમસ્યાઓનું વરવું રૂપ બળકટ રીતે ઊપસતું જણાય છે. વાર્તાકાર ડૉ. રાજેશ વણકરને અહીં વાર્તાઓનો વિષય મુખ્યત્વે દલિત સંદર્ભથી જોડાયેલો જણાયો છે. તેમના મતે, આ વાર્તાઓમાં સ્થળ મોટે ભાગે ગામડું છે અને તેમાં વાર્તાકાર તળજીવનનાં પાત્રો, પહેરવેશ, સામાજિક પરિવેશની સાથે અનામત આંદોલન સુધીના સમયને આવરી લેતાં જણાયાં છે.

ગામડાનું રાજકારણ અને તેમાં દલિતોના શોષણ અને અદલિતોની તેમના પરની જોહુકમીને ખુલ્લી કરતી 'વિલોપન'ની વાર્તાઓના સ્વતંત્ર અભ્યાસલેખો પણ ગણનાપાત્ર સંખ્યાના રહ્યા છે.

**'૧૯૮૦-૮૫ના ગાળામાં આધુનિક વાર્તાપ્રવાહ મંદ પડી ક્ષીયમાન થઈ રહ્યો હતો ત્યારે અને અનુઆધુનિકતા હજી પૂર્ણપણે પ્રસ્થાપિત થવી બાકી હતી ત્યારે તે સમયખંડમાં અનેક દલિત સર્જકો જે પ્રવૃત્ત થયા, તેમાંના એક ભી. ન. વણકર છે**

એમના બીજા વાર્તાસંગ્રહ 'અંતરાલ'નો કેન્દ્રવર્તી સૂર પણ દલિત સમસ્યા છે. અહીં વાર્તાકાર સમાજમાં જાતિવાદના દૂષણે શોષિત-દલિત સમાજ માટે જે પારાવાર અવરોધો ઊભા કર્યા છે - મુશ્કેલીઓ સર્જી છે, તેના પર ધ્યાન કેન્દ્રિત કરીને તેમાંથી માર્ગ શોધવાનો પ્રયાસ કરે છે.

વાર્તાકાર દશરથ પરમાર કહે છે : '૧૯૮૦-૮૫ના ગાળામાં આધુનિક વાર્તાપ્રવાહ મંદ પડી ક્ષીયમાન થઈ રહ્યો હતો ત્યારે અને અનુઆધુનિકતા હજી પૂર્ણપણે પ્રસ્થાપિત થવી બાકી હતી ત્યારે તે સમયખંડમાં અનેક દલિત સર્જકો જે પ્રવૃત્ત થયા, તેમાંના એક ભી. ન. વણકર છે."

મોહન પરમાર પણ કહે છે કે, વાર્તાકળા અને વાર્તાની સૌંદર્યલક્ષી પ્રવિધિઓના ભોગે પણ ભીખુભાઈ દલિત ધારાને વફાદાર રહ્યા છે.

**લઘુકથા :** ગુજરાતી દલિત સાહિત્યમાં સૌપ્રથમ 'દલિત લઘુકથા સંગ્રહ" આપવાનો યશ ભી. ન. વણકરના હિસ્સે છે. સામયિક 'ચાંદની'ના ફેબ્રુઆરી ૧૯૮૭ના અંકમાં તેમની 'ચીસ' દલિત લઘુકથા પ્રસિદ્ધ થયા બાદ તેમણે લખેલી ૩૧ લઘુકથાઓનો સંગ્રહ એ જ - 'ચીસ' (૨૦૦૬)નામે પ્રસિદ્ધ થયો. ત્યારબાદ તે હિન્દીમાં (૨૦૧૦, અનુવાદકઃ ડૉ. ધનંજય ચૌહાણ) અનુવાદિત થઈ પ્રકાશિત થયો.

"ચીસ"ના સ્વકથનમાં તેઓ કહે છે : 'સામાજિક ચેતના અને વેદનાની મૂંગી ચીસે મને લઘુકથામાં પ્રવેશવાને પ્રેર્યો છે.'

લઘુકથાના મર્મજ્ઞ ડૉ. મોહનભાઈ પટેલ, રમેશ ત્રિવેદી

અને હરીશ વટાવવાળાએ 'ચીસ'ની સમુચિત નોંધ લીધી. ડૉ. મોહનભાઈ પટેલે કહ્યું : 'આ દલિત લઘુકથાઓના લેખકની ભાષાકર્મની ફાવટ આકર્ષક છે. ભાષા પ્રવાહી, પ્રત્યાયન માટે સક્ષમ સાહિત્યપદાર્થ ગર્ભિત છતાં સાંકેતિક અને વ્યંજનાસભર છે. જ્યારે રમેશ ત્રિવેદીને તે કટિબદ્ધ થઈ લખનારાઓ માટે પ્રેરણાસ્રોત સમો જણાયો છે. હરીશ વટાવવાળાના મતે તેમાં દલિત સમાજની સૂક્ષ્મ સંવેદનાઓ અને સમસ્યાઓનું નિરૂપણ ધ્યાનાકર્ષક છે. તેમને વાસ્તવ અને અતિવાસ્તવ વચ્ચેની સ્થિતિ, બોલચાલની ભાષાભિવ્યક્તિ, ભાવાભિવ્યક્તિ, આત્મલક્ષી સંવેદનો વગેરે જે સભાનપણે તાણાવાણાની જેમ ગુંથાયા છે, તે ગમ્યાં છે.

'ચીસ' (હિન્દી અને ગુજરાતી) લઘુકથા સંગ્રહોની અનેક વિવેચકોએ નોંધ લઈને કેટલાકે તેને ગુજરાતી દલિત સાહિત્યનો ઐતિહાસિક મૂલ્ય ધરાવતો ગ્રંથ પણ કહ્યો છે.

**વિવેચનઃ** દલિત વિવેચન ક્ષેત્રે ભીખુભાઈનું પ્રદાન એ રીતે પણ ઉલ્લેખનીય છે, કેમકે મોટાભાગનું ગુજરાતી દલિત સાહિત્ય તેમણે વાંચ્યું છે અને અત્યાર સુધીમાં નહીં નહીં તો તેમણે દલિત સાહિત્યનાં પચીસેક પુસ્તકોની પ્રસ્તાવનાઓ લખી છે, પચાસથી વધુ દલિત સાહિત્યકારોના અને તેમનાં પુસ્તકોના પરિચય લખ્યા છે. ૩૦૦થી વધુ દલિત - પીડિત તથા વિશ્વકવિતાઓના આસ્વાદ લખ્યા છે, અને ગુજરાતના મોટાભાગના જિલ્લાઓમાં તેમના દલિત સાહિત્ય પરનાં વક્તવ્યો યોજાયાં છે. ગુજરાત અને ગુજરાત બહાર અસંખ્ય સાહિત્ય સેમિનારોમાં પણ તેમણે દલિત સાહિત્ય પર તજ્જ્ઞ અભ્યાસી તરીકે વક્તવ્યો આપ્યાં છે.

**ડૉ. મોહનભાઈ પટેલે કહ્યું : 'આ દલિત લઘુકથાઓના લેખકની ભાષાકર્મની ફાવટ આકર્ષક છે. ભાષા પ્રવાહી, પ્રત્યાયન માટે સક્ષમ સાહિત્યપદાર્થ ગર્ભિત છતાં સાંકેતિક અને વ્યંજનાસભર છે**

ગુજરાતી દલિત સાહિત્યના પરિપ્રેક્ષ્ય અને પરિદૃશ્યથી પૂર્ણપણે વાકેફ અને એક અર્થમાં પૂર્ણ સમયના વિવેચક એવા ભી. ન. વણકર પાસેથી છ સમીક્ષાગ્રંથો મળ્યા છેઃ 'પ્રત્યાયન' (૧૯૯૪), 'અનુસંધાન' (૨૦૦૧), 'નવોન્મેષ' (૨૦૦૩), 'પર્યાય' (૨૦૦૪), 'દલિત સાહિત્ય' (૨૦૦૫) અને 'વિવૃત્તિ' (૨૦૦૮).

"પ્રત્યાયન'માં દલિત સાહિત્યની સૈદ્ધાંતિક ચર્ચા, પુસ્તક સમીક્ષાઓ, કાવ્યાસ્વાદો, સાક્ષાત્કાર એવા વિભાગો હેઠળના વિસ્તૃત ૧૧ લેખો છે. જેની પ્રસ્તાવનામાં સમીક્ષક સતીષ વ્યાસ લખે છે : "આ વિવેચનસંગ્રહ ભી. ન. વણકરની સાહિત્યિક નિસબતનું પોત પ્રગટ કરે છે. એક તટસ્થ સમીક્ષક પાસે હોવી જોઈતી સજ્જતા તેમની પાસે છે. એમાં દલિત સાહિત્ય વિષયક નિસબત, અભ્યાસવૃત્તિ, તાટસ્થ્ય અને સ્વસ્થતાપૂર્ણ સમરુચિનો સમરેખ આલેખ પ્રાપ્ત થાય છે."

વધુ એક 'અનુસંધાન' વિવેચનગ્રંથમાં દલિત સાહિત્ય વિષયક લેખો, ગ્રંથ સમીક્ષા, કવિતા આસ્વાદ, સર્જક પરિચય અને સાક્ષાત્કાર / મુલાકાત એવા પાંચ વિભાગો હેઠળ ૨૮ લેખો સમાવાયા છે. દલિત સાહિત્યની ઓળખ ઉપસાવવાના પ્રયાસ સમા આ ગ્રંથને આવકારીને રવીન્દ્ર ઠાકોરે સમીક્ષક ભી. ન. વણકરની બહુશ્રુતતા, અભ્યાસનિષ્ઠા, તર્કબદ્ધ પ્રવાહી શૈલીની પ્રશંસા કરી છે. જ્યારે ડૉ. રાજેશ મકવાણાના મતે, દલિત સાહિત્યની માતબર ભૂમિકા પૂરી પાડતું આ પુસ્તક દલિત સાહિત્ય માટે પ્રવર્તતી ઘણી બધી ગેરસમજોને દૂર કરે છે. તટસ્થ સમીક્ષા કેવી હોય એનું ઉત્તમ ઉદાહરણ છે 'અનુસંધાન'.

વધુ એક "નવોન્મેષ' વિવેચનગ્રંથ અગાઉના ગ્રંથોની તુલનાએ વિશિષ્ટ એ અર્થમાં રહ્યો કે તેમાં પીડિતો-શોષિતોની વ્યથા વ્યક્ત કરતા વિદેશી કવિઓના કાવ્યોની સમીક્ષા સાથે વંચિતોની ચિંતા સેવતા કેટલાક નોબેલ પારિતોષિક વિજેતા લેખકોનો પરિચય જોવા મળે છે.

યશવન્ત વાઘેલાના મતે 'નવોન્મેષ' ગુજરાતી દલિત સાહિત્યથી માંડી આફ્રિકન અને અમેરિકન બ્લેક લિટરેચરના સર્જનાત્મક પાસા પર પ્રકાશ પાથરે છે. તે પછી આવેલા વિવેચનગ્રંથો 'પર્યાય' અને 'દલિત સાહિત્ય' પણ નોંધપાત્ર રહ્યા.

સર્જક અને વિવેચક ભીખુભાઈનો બેવડો લાભ જેને મળ્યો તે 'દલિત સાહિત્ય'માં સૌ પ્રથમ વાર તેમણે મરાઠી, હિન્દી, પંજાબી, તેલુગુ, તમિલ, કન્નડ, મલયાલમ અને પૂર્વોત્તરના દલિત સાહિત્યમાં થઈ રહેલા ખેડાણનો તલસ્પર્શી અને તુલનાત્મક પરિચય આપીને તેમની ઊંડી અભ્યાસનિષ્ઠાનો પરિચય આપ્યો.

બાબુ દાવલપુરાએ આ ગ્રંથને દલિત સમાજની સમસ્યાઓ અને યાતનાઓના નિદાન-નિરાકરણને સ્પર્શતા સાહિત્યમાં રસ ધરાવનારાઓ માટે વિચારપાથેયરૂપ ગણાવ્યો.

સંતચરિત્રઃ અછૂત સમાજના ત્રણ દિગ્ગજ સંતો - મહાપુરુષો સંત તિરૂવલ્લુવર, સંત કબીર અને સંત રવિદાસના માનવમાત્રના કલ્યાણના વિચારોને તેમના સંપૂર્ણ જીવનદર્શન સાથે રજૂ કરતો ગ્રંથ છે 'અનહદ'.

**નિબંધઃ** "મારી સાહિત્યયાત્રામાં મારા સમાજને એક પળ પણ હું વીસર્યો નથી, સાહિત્ય અને સમાજ એ તો મારો સાધનાપથ છે' કહેતા ભીખુભાઈનું સામાજિક લેખન પણ સમાંતરે ચાલતું રહ્યું છે. ગુજરાતમાં ઘટેલી ગોલાણા, સાંબરડા, બકરાણા સહિતના દલિત અત્યાચારોની દારૂણ ઘટનાઓ સમયે

ભીખુભાઈ ભોગ બનેલા દલિતોની પાસે જઈને બેઠા છે અને આંખે દેખ્યા અહેવાલો પણ આપ્યા છે. એમની સમાજનિષ્ઠાના પરિપાકરૂપ લખાયેલા નિબંધોનો સંગ્રહ એટલે "અનુચ્છેદ'.

આ ઉપરાંત તેમની પાસેથી ૩૦ જેટલા ગુજરાતી દલિત સાહિત્યકારોનો પરિચય આપતો ગ્રંથ "રણદ્વીપ" તથા મેઘાણી, ઉમાશંકર જોષી સહિતના જૂની અને નવી પેઢીના કવિઓની વંચિતોની વેદનાને વ્યક્ત કરતી કવિતાઓનો આસ્વાદ કરાવતો ગ્રંથ 'સૂર્યાયન' પણ મળે છે.

આ જ શ્રેણીના વધુ એક ગ્રંથ 'યથાર્થ'માં તેમણે ૧૫ દેશો અને ૨૫ ભાષાઓની, સર્વહારા સમૂહની વ્યથા-વેદનાને વ્યક્ત કરતી કવિતાઓના આસ્વાદ આપ્યા છે. આ પ્રકાશિત પુસ્તકો ઉપરાંત તેમનાં વધુ ૧૨ પુસ્તકો હસ્તપ્રતરૂપે પ્રકાશિત થવાની રાહ જોતા ઊભાં છે !

ભી. ન. વણકરના જીવન અને સાહિત્ય સફરમાંથી પસાર થતાં કહી શકાય કે કલમ હાથ ધરે તે પહેલાંથી દલિત વ્યથા-વેદનાના પાઠ તેઓ ભણી ચૂક્યા હતા. તેથી લેખનના ક્ષેત્રે આવ્યા ત્યારે સહજપણે તેઓ દલિત સાહિત્યલેખન તરફ જ વળ્યા. ગુજરાતી દલિત સાહિત્યના આ સર્વાધિક અભ્યાસુ સર્જક સાથેની લંબાણ બેઠકોમાં, મને ઉદભવેલા સવાલોના તેમણે આપેલા પ્રત્યુત્તરો પણ તેમની વિદ્વતાની સોગાત સમા છે.

**તેમની પાસેથી ૩૦ જેટલા ગુજરાતી દલિત સાહિત્યકારોનો પરિચય આપતો ગ્રંથ "રણદ્વીપ" તથા મેઘાણી, ઉમાશંકર જોષી સહિતના જૂની અને નવી પેઢીના કવિઓની વંચિતોની વેદનાને વ્યક્ત કરતી કવિતાઓનો આસ્વાદ કરાવતો ગ્રંથ 'સૂર્યાયન' પણ મળે છે**

*

તેમના મતે, ગુજરાતી દલિત સાહિત્ય જેનાથી પ્રેરિત છે એ મરાઠી દલિત સાહિત્યના વ્યાપ અને ઊંચાઈને દેશના કોઈ પણ ખૂણાનું દલિત સાહિત્ય હજી આંબી શક્યું નથી. કારણ કે તેનો ઉદ્ભવ જ સામાજિક જરૂરિયાતમાંથી થયો હતો અને ડૉ. બાબાસાહેબ આંબેડકરની ચળવળથી તેને અસાધારણ વેગ મળ્યો હતો.

મરાઠી દલિત સાહિત્યકારની માફક ગુજરાતી દલિત સાહિત્યકારે પણ લેખક હોવા સાથે કર્મશીલ - સામાજિક ચળવળકારની ભૂમિકા ભજવવી જ જોઈએ, એમ સ્પષ્ટ માનતા ભીખુભાઈના મતે સાહિત્યમાં પ્રતિબદ્ધતા અને માનવીય સંવેદના, સાવ એમ જ પ્રગટી આવતી નથી.

દલિત સાહિત્યની નવી પેઢીને તેમની સલાહ છે કે, લખતાં પહેલાં જે લખાઈ ચૂક્યું છે તે દલિત સાહિત્યને તેઓ પૂરેપૂરું વાંચે, તો જ તે સંકીર્ણ મનોદશામાંથી બહાર આવીને પરંપરાના વિદ્રોહ, અન્યાય સામે આક્રોશ અને અભિવ્યક્તિમાં સંવેદનશીલતાના નિતાંત આવશ્યક એવાં તત્ત્વોને લેખનમાં લાવી શકશે. તેમના મતે સાચા દલિત સાહિત્યકારે તેના લેખનમાં પ્રતિબદ્ધતા અને પ્રામાણિકતાને પ્રસ્થાપિત કરવી પડશે. તે વિના તે પાંગળો બની રહેશે. દલિત - પીડિત સમાજની યંત્રણાઓને વ્યક્ત કરવા તેણે આ સમાજની વેદના-વ્યથાની કોઢમાં તપવું પડશે.


'કલા'ના મુદ્દે હંમેશાં દલિત સાહિત્યને હાંસિયામાં ધકેલવાના પ્રયાસો સામે તેમનું માનવું છે કે, લલિત સાહિત્યના કેન્દ્રમાં 'કલા' છે કિન્તુ દલિત સાહિત્યના કેન્દ્રમાં તો 'માનવ' છે અને તે વધારે મહત્ત્વપૂર્ણ છે છતાં 'કલા'ના નામે 'માનવતા' કચડાઈ ન જાય અને 'કલા' ભલે મહેંકે કે ના મહેંકે 'માનવતા' તો મહેંકવી જ જોઈએ.

આમ છતાં છેવાડાના સમાજમાંથી ઉદ્ભવેલું આ સાહિત્ય જે માનવતાને મહેંકાવવાનું કામ કરે છે, સામાજિક ન્યાય-સમાનતા અને ભાતૃભાવને વરેલું છે, વિદ્રોહ વેદનાનું સાહિત્ય છે, સ્વાનુભૂત સચ્ચાઈનું સાહિત્ય છે અને અન્યાય-અત્યાચાર-સામાજિક વિષમતાના ઈન્કારનું સાહિત્ય છે, તે પણ એક દિવસ બ્લેક લિટરેચરની જેમ વૈશ્વિક સ્તરે ઓળખ મેળવશે. તેવી તેમને અપાર શ્રદ્ધા છે.

સમાપન કરીએ મહામાનવ ડૉ. આંબેડકર પરની અસ્મિતાનો આવિર્ભાવ કવિતાથી :

**હે પ્રબુદ્ધ પુરુષ !**
**આંગળી ચીંધીને / કરેલો લલકાર તેં ચોગમ પડઘાય છે આજે....**
**હે પરમ પિતા !**
**અમને મળો - તારી આંગળી ચીંધ્યાનો આદર્શ**
**અમને ફળો - તારી અસ્મિતાનો અભિરામ !**

*'છાંયડો' પ્લોટ : ૧૬૮/૨, સૂર્યનારાયણ સોસાયટી, સેક્ટર-૨૫, ગાંધીનગર.*
*મો. ૯૮૨૫૬૩૨૮૩૮*



# વનવગડાનાં ફૂલ : લોકગીત

*- લક્ષ્મણ પિંગળશીભાઈ ગઢવી*

લોકગીત એ લોકજીવનની જન્મોત્રી છે. લોકગીતમાં લોકજીવનની સૌરભ, જીવનવિકાસનો પાયો, આનંદ ઉલ્લાસ, વેદનાનું મનોમંથન, સદાચાર, લોકોચાર, રીત રિવાજોનું ચિંતન વગેરેનું જીવન જીવંત સ્રોત્ર વહેતો હોય છે. લોકગીતનો વ્યાપ વિશાળ અગાધ અને વિપુલ છે. પશ્ચિમના વિદ્વાનોએ લોકગીતોને માનવહૃદયમાંથી ઉદ્ભભવેલું સહજ ભાવે સ્ફુરેલું સંગીત કહ્યું છે.

વ્યાખ્યા : ૧. કંઠસ્થ સાહિત્યમાં પરંપરાથી ઊતરી આવેલું કે કોઈ અજ્ઞાત ગીતકારે જોડી વહેતું મૂકેલું, ને તે ગાન 'ફોક-સોંગ' બેલેડ ૨. લોકોમાં પ્રચલિત, લોકોને ગમે એવું ગીત ૩. જેનાં રચનારાએ કદી કાગળ કે કલમ પકડી નહીં હોય, એ રચનારા કોણ તેની જ કોઈને ખબર નહીં હોય અને પ્રેમાનંદ કે નરસિંહ મહેતાની પૂર્વે કેટલા કાળ વીંધીને એ સ્વરો ચાલ્યા આવે છે. તેનીય કોઈ ભાળ નહીં લઈ શક્યું હોય, એનું નામ લોકગીત. ધરતીનાં કોઈ અંધારાં પડોમાંથી વહી આવતા ઝરણાનું મૂળ જેમ કોઈ કદાપિ શોધી શક્યું નથી તેમ લોકગીતોનું ઉત્પત્તિસ્થાન પણ એણે શોધ્યાં જ રહ્યાં છે અને તેટલી વિશેષ તાજજુબીમાં શોધકો ગરકાવ થઈ ગયા છે, જગતનાં ઉત્તમ ગણાતાં કાવ્યોની આછી ઘેરી રેખાઓ ધારણ કરતી આ કંઠસ્થ કૃતિઓ ઉપર કયા અથવા તો એકસામટા કેટલાં સર્જનહારોના હાથ ફર્યા હશે તેની પણ ગમ આપણને પડતી નથી- ઝવેરચંદ મેઘાણી ૪. લોકજીવનના અવ્યક્ત મનમાંથી અચિંત્યરૂપ અનાયાસે ઉદ્ભભવતા મનોભાવોની લયાત્મક અભિવ્યક્તિ તે લોકગીત- જયમલ્લ પરમાર ૫. શાસ્ત્રીય નિયમોની પરવા કર્યા વગર સામાન્ય લોક વ્યવહારના ઉપયોગ માટે માનવી પોતાના આનંદતરંગમાં જે છંદોબદ્ધ વાણી સહજ ઉદ્ભધૃત કરે છે તે જ લોકગીત છે- ડૉ. સદાશિવ ફડકે ૬. ગ્રામગીત પ્રકૃતિના ઉદ્ગાતા છે. એમાં અલંકાર નહીં કેવળ રસ છે. છંદ નહીં કેવળ લય છે લાલિત્ય નહી કેવળ માધુર્ય છે. ગામડાના સ્ત્રીપુરુષોની વચ્ચે હૃદય નામના આસન પર બેસીને પ્રકૃતિ ગાન કરે છે. પ્રકૃતિનું એ ગાન તે લોકગીત- રામ નરેશ ત્રિપાઠી -૭. સામવેદ વસ્તુ સ્થિતિએ જુદો વેદ નથી. સ્વલયે અપવાદે ગેયતાની દૃષ્ટિએ અમુક સૂકતો સામવેદમાં રજૂ થાય છે, જે વસ્તુસ્થિતિ એ લોકગીત જ છે. જે જાતિરાગોમાં ગવાતા અને લાંબારાસ ત્યારે જ દરરોજ રાતે ગવાતા હતા - કે. કા. શાસ્ત્રી ૮. લોકગીતની સરળ અને સંક્ષિપ્ત વ્યાખ્યા આપવી હોય તો કદાચ આ રીતે આપી શકાય. લોકો દ્વારા, લોકોની ભાષામાં લોકો માટે રચાયેલાં લોક હૃદયને ડોલાવનાર અને તેનો પડઘો પાડનાર ગીત તે લોકગીત કહેવાય. જેઠાલાલ ત્રિવેદી -૯. લોકસાહિત્યનાં પદ્યસ્વરૂપોમાં સૌથી સરસ અને સૌથી વધુ પ્રચલિત છે. લોકગીતો, પ્રકૃતિના ખોળે મુક્તમને વિહરતા લાગણીશીલ મનુષ્યના અંતરની વિવિધ સંવેદનાઓને તેમાં સરળ, કોમળ, મધુર માર્મિક લોકબોલીમાં વેધક અભિવ્યક્તિ મળી છે. તેમાં ઘર સંસારની વિવિધ બાજુઓ અને જીવન વિભિન્ન અનુભવોનું તેમજ પ્રકૃતિ અવનવાં રૂપો જોઈ જાગેલા સંવેદન-કલ્પના-વિચારનું નિરુપણ થયું છે. તેમાં મન-જીવનનાં આનંદ ઉલ્લાસમાં પ્રેમ-વિનોદ ઉપરાંત વેદના ચિંતા દુઃખનેય હૃદય વાચા મળી છે. ખાસ કરીને નારી-મન જીવનનાં લાગણી કલ્પના વિચારનું મર્મસ્પર્શી આલેખન થયું છે. આ લોકગીતો સરળ, મધુર, જીવંત તળપદી લોકબોલીઓમાં રચાયાં છે. તે સુગેય ઢાળોમાં હોય છે. તેમાં 'ટેક' યા ઢાળની પંક્તિ ધ્રુવ પંક્તિ વેધક હોય છે. તેમાં કોઈ કલ્પના લાગણી વિચારનું લાઘવયુક્ત સચોટ નિરૂપણ થાય છે. તેમાં શબ્દો અને ભાવનું બંનેનું માધુર્ય હોય છે. તેમાં ઓછા છતાં રોજિંદા જનપદી જીવનમાંથી લેવાયેલ વાસ્તવિકતા અને વેધક તાજગીભર્યા અલંકાર કલ્પન પ્રતીકનો વિનિયોગ થાય છે. તેમાં વર્ણન ઓછાં હોય ત્યારે ચિત્રાત્મક હોય છે. પ્રેમ-કામ-યૌવન વગેરેનાં વર્ણનો તેમાં સૂચક રીતે વ્યંજનાત્મક રૂપમાં કેટલીક વાર પ્રતીકાત્મકરૂપમાં થાય છે. તે સમૂહભોગ્ય ઊર્મિગીતો છે. લોકજીવનનું તેમાં પ્રતિબિંબ પડે છે. કોઈ સર્જનાત્મકની કશી આગવી મુદ્રા તેમાં કળાતી નથી. પેઢીઓથી આ લોકગીતો કઠોપકંઠ ઊતરી આવ્યાં છે. ચોતરફ ફેલાયા છે અને આજ સુધી જીવંત રહ્યાં છે. તેમાંનાં ઘણાં સામાન્ય લાગે છે. પરંતુ કેટલાંક કલાત્મક ઊર્મિગીતના સરસ નમૂનારૂપ લાગે છે.- જશંવત શેખડીવાળા. લોકગીતોની સામાન્ય વ્યાખ્યા પ્રમાણે તે મૌખિક પરંપરા છે. એમાં બહુજન સમાજની ચેતના રહેલી છે એ અજ્ઞાત વ્યક્તિ કે વ્યક્તિઓ દ્વારા પરિવર્તન

**લોકગીતની સરળ અને સંક્ષિપ્ત વ્યાખ્યા આપવી હોય તો કદાચ આ રીતે આપી શકાય. લોક દ્વારા લોકોની ભાષામાં લોકો માટે રચાયેલાં લોક હૃદયને ડોલાવનાર અને તેનો પડઘો પાડનાર ગીત તે લોકગીત કહેવાય**

પામતા રહીને સામુદાયિક અભિવ્યક્તિનો ઘાટ પકડતાં જાય છે. લોકગીત એ સંવેદન પ્રેરિત માનવ-હૃદયની રસાત્મક અનુભૂતિની રાગાત્મક અભિવ્યક્તિ છે. લોકગીતો લોકો દ્વારા, લોકો માટે, જીવંત લોકબોલીમાં રચાયેલાં લોકસંગીતમાં સ્વરબદ્ધ લયબદ્ધ ને તાલબદ્ધમાં થયેલી સામૂહિક સંવેદનની ચેતનાનાં લોકોના ઊર્મિગીતો છે.

**લોકગીતોનાં લક્ષણો :**

લોકગીતની વિશેષતાઓ આ પ્રમાણે છે. અકૃત્રિમતા સામૂહિક ભાવભૂમિ, મૌખિક પરંપરા, રૂઢ અતિશયોક્તિ અને સંગીત્મકતા આદિ લોકગીતની વિશેષતા છે. શ્રી જયમલ્લ પરમારે લોકસંગીતના લક્ષણો આ પ્રમાણે બતાવ્યાં છે.

૧. એનાં રચનારાં બહુધા અજ્ઞાત હોય છે.
૨. એ સહજ સ્ફુરિત છે.
૩. એમાં યત્ન વિનાનું કલાવિધાન છે
૪. એમાં પ્રકૃતિનો મહિમા છે.
૫. એમાં માનવહૃદયની ઊર્મિઓ છે.
૬. એમાં અનેકમાં એક પ્રાણે પરોવાયેલો હૃદયનો ધબકાર છે.
૭. એમાં વ્યક્તિત્વનો સર્વથા અભાવ હોય છે.
૮. એમાં શબ્દ સ્વર અને ગતિ તાનનો સમન્વય છે.
૯. એમાં સમૂહને હૈયે ને સમૂહ કંઠે ચડે તેવી રચના છે. જેનાં સંસ્કાર અને સંવેદન સાર્વજનિક છે.
૧૦. એ રચનાયુક્ત પણ આંતરિક લયવાળી હોય છે.
૧૧. જે કંઠોપકંઠ વહેતા આવ્યા છે અને વહેતા આવે છે મૂળમાં કોઈ સર્જક કે ગાયક હોય પછી એનું સંવેદન સામૂહિક ને સાર્વજનિક સ્વરૂપ પામે છે.

**લોકગીતની લાક્ષણિકતા :**

લોકતત્ત્વ, લોકકલ્પન, લોકભાવ, લોકવિચાર, લોક-સંવેદન, લોકબોલી, લોકઢાળ, લોકસંગીત, લાઘવ ચિત્રાત્મકતા, નાટ્યાત્મકતા, સામૂહિકતા, સાર્વજનિક્તા, સત્યનિષ્ઠા, આત્મનિતાર, માર્મિકતા મર્મસ્પર્શી ટેક પંક્તિની પુનરાવૃત્તિ, તાલપ્રવાહની લયબદ્ધતા, નાદવૈભવ, ઊર્મિગજન વર્ણ-શબ્દ-ઢાળનું માધુર્ય, ગેયતા વેધક અર્થના ભાવવહી સુરેખ સજીવ મર્મસ્પર્શી રૂપક ઇત્યાદિ લોકગીતની વિશિષ્ટ લાક્ષણિકતાઓ છે.

**લોકગીતનું વિષયવસ્તુ :**

લોકજીવનમાં ગર્ભાધાનથી સ્મશાન છાપરી સુધીના જીવનચક્ર અંતર્ગત તમામ ગતિવિધિનું સાહિત્ય લોકગીતમાં નિરૂપાયેલ હોય છે. લોકગીતના વિષય વસ્તુમાં માનવજીવનની તમામ સંવેદનાઓ, લાગણીઓ, ભાવનાઓ, ઉત્સવો, સંસ્કારો, રૂઢિ રીત-રિવાજો, પ્રસંગો અને ઇતિહાસ સંચિત હોય છે. લોકગીતમાં સ્થાનીય ભૂગોળ, લોકમાન્યતાઓ, રહેણીકરણી, વ્યવસાય, લોકસંસ્કારજીવન, લોકસભ્યતા, પશુપક્ષીઓ, પ્રાણી, પ્રકૃતિનાં જડ ને ચેતન તત્ત્વો, લોકજીવનને જેની સાથે ગાઢ સંબંધ છે તેવી પ્રત્યેક જીવ, જગત, જલ સ્થલ પ્રકૃતિની સમસ્ત સમષ્ટિનો સમાવેશ થયેલો છે. લોકગીતોના વિષયવસ્તુનો વ્યાપ અતિ વિપુલ, વિવિધ અને વિશાળ છે. ગીતોની વિવિધતાનો કોઈ પાર નથી. લોકગીત એ યુગ યુગનાં લોકજીવનનો આંખે દેખ્યો અહેવાલ છે. સમય સમયની અસર ઝિલાયેલ હોય છે. લોકમાનસનું સીધું જ પ્રતિબિંબ તેમાં પડેલું હોય છે.

**લોકગીતોની અસર :**

લોકગીતની અસર અંગે શ્રી મીઠાભાઈ પરસાણા લોકદર્પણમાં નોંધે છે. લોકગીતોની અસર એટલી ઊંડી છે કે, 'તેથી ભાઈ-બહેનના હેતમાં વૃદ્ધિ થાય છે. પતિ-પત્નીના સંબંધો અતિ મધુરાં, સ્થિર, સ્થાયી અને સુખમય બને છે. વહુ પ્રત્યે સાસુની કઠોરતા તથા નણંદ-ભોજાઈ અને દેરાણી-જેઠાણીના ઝઘડા ઓછા થાય છે. કન્યાઓનાં માનસમાં સતિધર્મનાં બીજ રોપાય છે. પુરુષોને એક પત્નીત્વનો બોધ મળે છે પતિવ્રતા ધર્મના મહિમાનો પ્રચાર કરીને પતિ-પત્નીના જીવન શંકારહીત આનંદમય બને છે. નીતિનાં વચનોનાં પ્રચારથી અભણ અને અજ્ઞાન લોકોની બુદ્ધિ સતેજ બને છે. પિતા પુત્રમાં સ્થાનિક મર્યાદા, જુવાનોમાં ઉચ્ચ અભિલાષા તથા વૃદ્ધોમાં સંતોષની વૃદ્ધિ થાય છે.

**લોકગીતો લોકો દ્વારા લોકો માટે જીવંત લોકબોલીમાં રચાયેલાં લોકસંગીતમાં સ્વરબદ્ધ લયબદ્ધ ને તાલબદ્ધમાં થયેલી સામૂહિક સંવેદનની ચેતનાનાં લોકોનાં ઊર્મિગીતો છે**



**લોકગીતનું સાહિત્ય સ્વરૂપ :**

લોકગીતની શૈલી સરળ, સાદી, સહજ સ્વાભાવિક હોય છે અભિવ્યક્તિને અસરકારક અને સજીવ બનાવવા માટે લોકબોલીમાં લોકકલ્પનો, પ્રતીકો, ઉપમા, ઉત્પ્રેક્ષા, રૂપક અને અંત્યાનુપ્રાસ, અલંકારો, શૃંગાર, હાસ્ય, કરુણ અને શાંતરસ, વિશેષણો, વિશિષ્ટ શબ્દપ્રયોગો અને વાક્યપ્રયોગો, લોકગીતમાં અંગભૂત હોય છે. ભાષાકીય લઢણ અને ગીતમાધુર્ય પ્રગટાવવા માટે વિશિષ્ટ શબ્દોને 'લ, ડ અને ય' પ્રત્યયનો બહુવચનો પ્રયોગ અને રો રી રુ પ્રત્યયનો છ્ઠી વિભક્તિનો પ્રયોગ રૂઢ થયેલા છે. ય શ્રુતિ કેટલીક લોકબોલીનું એક વિશિષ્ટ લક્ષણ હોવાથી લોકગીતોમાં પણ તેનો પ્રયોગ જોડાયેલો છે. ઉચ્ચારભેદ જાતિગત બોલીભેદ, પ્રાદેશિક ભાષાભેદ, લોકગીતમાં એક આગવી લઢણનો પરિચય આપી જાય છે. લોકગીતની મર્મસ્પર્શી ટેક પંક્તિ સમગ્ર લોકગીતનો આધારસ્તંભ હોય છે. લોકગીતની સફળતા તેની ટેક પંક્તિ, ધ્રુવપંક્તિ કે ધ્રુવપદ પર અવલંબિત હોય છે. લોકગીતમાં નાટકીય તત્ત્વોનો સમાવેશ પ્રશ્નોત્તર અથવા સંવાદરૂપે વર્ણન અને આત્મકથાનાત્મક શૈલીગત વિશેષતાઓ છે. ડૉ. કૃષ્ણદેવ ઉપાધ્યાયના મત મુજબ 'લોકગીત જંગલી ફૂલની જેમ સ્વતંત્ર વાતાવરણમાં ઉદ્ભવે છે અને એમાં જ વિકસિત થાય છે. આથી એ ગીતોમાં સર્વાંગીણ, ભાવ, ભાષા, અલંકાર તેમજ પિંગળ વગેરેની સ્વતંત્રતા જોવા મળે છે.'

**'લોકગીત જંગલી ફૂલની જેમ સ્વતંત્ર વાતાવરણમાં ઉદ્ભવે છે અને એમાં જ વિકસિત થાય છે. આથી એ ગીતોમાં સર્વાંગીણ, ભાવ, ભાષા, અલંકાર તેમજ પિંગળ વગેરેની સ્વતંત્રતા જોવા મળે છે.''**

કાકા કાલેલકર લોકગીત અને ચારણી સાહિત્ય એ બંને વચ્ચેનો ભેદ સમજાવતાં લખે છે કે : 'લોકગીત અને ચારણી સાહિત્ય એ બે ભિન્ન વસ્તુઓ છે. ચારણી સાહિત્યમાં રાજવંશ એમના ભાયાતો ગરાશિયાઓ, એમનું જીવન આવે છે. જ્યારે લોકગીતમાં લોકજીવન પ્રધાન હોય છે.'

'લોકગીતનું વાતાવરણ જુદું, ચારણી સાહિત્યનું જુદું એ સ્પષ્ટ કરવાની અત્યંત આવશ્યકતા છે. આ બે દુનિયાઓ તદ્દન અલગ અલગ છે. એમનાં એકબીજા ઉપર પરિણામ જરૂર થાય છે. પણ એ બંને પ્રવાહો એક નથી, એક જ પ્રવાહની બે શાખાઓ પણ નથી. છતાંય લોકજીવનને જ્યારે પૂર આવે છે ત્યારે એમનાં પાણી એકબીજામાં ભળે છે. એ વાત ચોક્કસ તમને તમારી નોકરી પ્રિય છે અમને તમારો જીવ વહાલાં છે. અથવા હું તમને લડાઈમાં નહીં જવા દઉં એમ કહીને પતિને આંતરનારી પત્ની લોકગીતમાં અમર થઈ શકે પણ ચારણી સાહિત્યમાં એ તો ધિક્કાર જ થાય. ચારણી સાહિત્યનો અખંડ સ્રોત ઉત્પન્ન કરનારી ગુજરાતની લલનાના મુખમાં તો 'ઠીક થયું કે મારો પતિ યુદ્ધમાં કપાઈ મુઓ, જો શત્રુને પીઠ બતાવીને ઘરે આવત તો મારે આજે મરવાનું થાત. 'એવાં જ વાક્યો હોય.''



**લોકગીતના પ્રકારો :**

લોકગીતના વૈજ્ઞાનિક વર્ગીકરણમાં વિદ્વાનો એકમત નથી. લોકગીતનું વર્ગીકરણનું કાર્ય અતિ શ્રમસાધ્ય અને કપરું છે. ડૉ. શ્યામ પરમાર, ડૉ. કૃષ્ણદેવ ઉપાધ્યાય, ભાસ્કર રામચંદ્ર, ભોલેરાવ, સત્યેન્દ્ર, ઝવેરચંદ મેઘાણી, જયમલ્લ પરમાર વગેરે વિદ્વાનોએ લોકગીતના વૈજ્ઞાનિકોએ વર્ગીકરણના પ્રયોગ કરેલા છે. શ્રી જયમલ્લભાઈ પરમાર લોકગીતોના પ્રકારોની યાદી આપતા લખે છે કે : 'કહેવતો, ઉખાણાં, આખ્યાનો, કથા, અઘરણી હાલરડાં, બાળગીતો, વ્રતકથાઓ, લગ્નગીતો, દામ્પત્યજીવન, વૈમનસ્ય, સાંસારિક આપદાઓ, સાગરજીવન, ગોપજીવન, ક્ષાત્રજીવન અને અનુષાંગિક ઘટનાઓમાંથી ઊપજતાં સંવેદના, રાસ, રાસડા, ગરબા, ગરબી, પછી વિલાપગીતો જેમાં આઝા, મરશિયા, રાજિયા, છાજિયા અને છેવટે શ્રદ્ધાભક્તિનાં ગીતોનો આધાર દુહા, છંદ ને સોરઠા, ચોપાઈમાં ચાલતી વાર્તાઓ અને ભજનો, સ્તવનો, પદો, કીર્તનો, પ્રભાતિયાં, પ્રશસ્તિ રામવળા, ચંદ્રાવળા વગેરે મુખ્ય મુખ્ય વિષયના અનેક પ્રકારોમાં ગુજરાતનાં લોકગીત લહેરાય છે. ભાષાભેદે કે બોલીભેદે, ક્યાંક એને હાલેરા કહે, ઝુરિયાં કહે, લાવણી કહે ને મેવલાનાં ગીતો કહે, મરસિયાને મુસલમાનોમાં 'માતમ કૂટવાં' કહે છે. લોકજીવનમાં ઋતુગીત, શૌર્યગીત, ઊર્મિગીત, સંસ્કારગીત, પર્વગીત, પ્રકૃતિગીત, કથાગીત, આખ્યાનગીત, દાંમ્પત્યગીત, પશુ-પક્ષી, પ્રાણીઓનાં ગીત, રમતગીત, વેદનાનાં ગીત, વ્યવસાયગીત, કૃષિગીત, બાળગીત, જ્ઞાતિઓ અને કોમોનાં ગીત, રાસગીત, વિનોદગીત, લગ્નગીત, કજોડાનાં ગીત, નર્તનગીત, દેર-

ભોજાઈનાં ગીત, પ્રેમગીત ઈત્યાદિ લોકગીતના વિભાગોમાં પ્રચલિત હોય છે. સ્વ. રણજીતરામે લોકગીતના મુખ્ય ચાર શાસ્ત્રીય પ્રકારો દર્શાવ્યા છે ૧. ભજનો ૨. વિનોદપ્રદ ૩. શોકપૂર્ણ અને ૪. ઐતિહાસિક ગીતો.

**લોકગીતનું સંગીત અને પ્રસ્તુતીકરણ :**

સંગીતજ્ઞ શ્રી અમુભાઈ દોશી લોકગીતના લોકસંગીતની શુદ્ધતા અંગે લખે છે કે : 'આમ જીવનના દરેક પ્રસંગે, શબ્દ, સ્વર અને તાલ સાથે વણાયેલ લોકગીતો એ ગુજરાતની અમૂલ્ય સંપતિ છે. જુદાં જુદાં ગીતોમાં તેને અનુકૂળ સ્વરો છે. હાર્મોનિયમ ન આપી શકે તેવા શ્રુતિસ્વરો છે અને શાસ્ત્રીય સંગીતકારોને પણ મુશ્કેલ પડી જાય એવા લય ખંડ અને તાલ પદ્ધતિ છે.

આ લોકગીતોમાં લોકસંગીતમાં રહેલા સ્વરો, ઢાળો અને સાહિત્ય જાળવવા અને તે વિવિધ પરંપરાનું મૂલ્યાંકન સમાજ પાસે મૂક્વું એ ઘણું કઠિન કાર્ય છે. કોઈ પણ કાર્યના વ્યાપ સાથે તેની સૂક્ષ્મતા ટકાવવી અને વિકાસ સાધવો એ કપરું કાર્ય છે અને તેમાં લોકસંગીતમાં રહેલ શ્રુતિ મધુરતા લોકગાયકોનાં કંઠમાં જીવંત કરવી એ અન્ય ઉપાસના અને માર્ગદર્શન માટે છે. પરંપરાનું રક્ષણ સત્યરૂપ થાય એ અગત્યનું છે.

**જીવનના દરેક પ્રસંગે, શબ્દ, સ્વર અને તાલ સાથે વણાયેલ લોકગીતો એ ગુજરાતની અમૂલ્ય સંપતિ છે. જુદાં જુદાં ગીતોમાં તેને અનુકૂળ સ્વરો છે. હાર્મોનિયમ ન આપી શકે તેવા શ્રુતિસ્વરો છે**

પ્રશ્ન થાય છે એ સ્વાભાવિક છે. લોકગીતો સ્વરોની સચ્ચાઈ જાળવીને ગવાય છે તેની ખાતરી શી? પહેલાં તો જાણે પાંચ ટકા એવા લોકગાયકો છે કે જેઓ હાર્મોનિયમ વગર એકતારા, રામસાગર, દેશીસતાર, ડાકલું કે રાવણહથ્થાને આધારે સ્થિરતાથી ગાઈ શકે છે. ષડજ અથવા ઓમકારની સાધના તેઓ માટે પણ જરૂરી છે. જેનાથી ઉત્પન્ન થતાં ધ્વનિના રણકારો કુદરતી રણકારો કુદરતી સ્વરોને પકડી શકશે. આજે શાસ્ત્રીય સંગીત કે લોકસંગીતમાં સપ્તકને બદલે અષ્ટક ગાઈએ છીએ. પરિણામે સત્ય સંવાદનું સંગીત બની ગયું છે અને તેથી જ લોકસંગીતના ડાયરામાં ગવાતાં ગીતોમાં શાસ્ત્રીય સુગમ કે ચિત્રપટ સંગીતમાં સ્વરોનું મિશ્રણ દેખાય છે. સપ્તક સાચવવી સત્ય સંવાદ પ્રત્યે જાગૃત રહેવાય તો જ સાચું લોકસંગીત ગાઈ શકાય. હાર્મોનિયમમાં સત્ય સંવાદ છે તેથી લોકગાયકોનાં ગળામાં રહેલ શ્રુતિ સ્વરોની મૃદુતાનો નાશ કરી સ્વરોને ઊંચા કરી નાંખે છે લોકસંગીતની શુદ્ધતા નિભાવી તેની પરંપરા જાળવવી આ કારણ મુશ્કેલ છે.

શ્રી રમણલાલ છોટાલાલ મહેતા લોકગીતના સંગીત માટે લખે છે કે 'લોકગીત જેટલું સાહિત્ય છે તેટલું સંગીત પણ છે સંગીતના આધાર વગર એ લોકગીત બની ન શકે. એટલે પ્રચાર પણ પામી ન શકે. ઢાળના આધાર વગર નવી નવી કડીઓ એમાં ઉમેરવાનો પ્રચાર ન પણ પામી શકે અને નવી કડીઓમાં સમાન રસનું પોષણ પણ તે વગર ન આવે. આ ક્રિયા પ્રશ્નરૂપે થતી જ રહે છે.'

શબ્દનો આધાર સહજ સ્ફૂરતો રસ કયા કયા સ્વર ઉચ્ચાર લહેકા ખડક ખોળી લાવે છે એ વિષય પર જો નજર દોડાવવી હોય તો લોકગીતના ઢાળોમાં આપણા લોકગીતમાંથી જ (સારોદ્ધાર) ન પામી સોરઠ, ખમાજ ઈત્યાદિ રાગ સ્વરૂપો એ ભારતીય સંગીતમાં પોતાનો ફાળો નોંધાવ્યો પણ છે. લોકસંગીતનું ધાવણ પોષણ લઈને જ સંગીત શુદ્ધ સ્વરસંગીતની ઉચિત સ્વરસંયમમાં વહાવી અનેક ઢાળો યોજાય છે. લોકગીતના ઢાળ, સાદા સોંસરવા, શ્રમરહિત આરોહ અવરોહને બહુધા દાદરા, હીંચ અને કેરવા તથા દીપચંદીના તાલ પ્રવાહમાં હોય છે. વિશેષતઃ સોરઠ, કાફી, ખમાજ, મહાડ, પીલુ, કલ્યાણ, સારંગ એ રાગોના અંગો વારંવાર ઢાળોમાં ગુંજે છે. પ્રથમ પંક્તિના અર્થની ઊણપ હોય તે પણ આમાં દબાઈ રહે છે તેમ સંગીતની દૃષ્ટિએ પણ અને પ્રથમ પંક્તિએ જગાડેલ ભાવ આખા ગીત ઉપર એક જાદુઈ કવચ મઢી આપે છે. તેના પર જાદુઈ રસાયણ ઓઢાડે છે. બીજી પંક્તિમાં અર્થનું સાતત્ય જ અગત્યનો ભાગ ભજવે છે. પ્રગટ થતાં લયને અનુરૂપ જ હથેળીથી કે મૂંગો તાલ અપાઈ જાય છે.

લોકગીત સચવાય છે એના ઢાળથી, એ ગાયા કરવાથી, એ ગીતો મીઠા સુરોના સ્રોત ગામડાં હોય છે. લોકગાયકોમાં કાકુ સ્વર પ્રયોજાય છે. નારાયણ મોરેશ્વરના મતે 'સંગીતશાસ્ત્રમાં કાકુસ્વરો એક સ્વર ઉપર બીજા સ્વર પર જતા વચલા સૂરને થતો સ્પર્શ આ વધવાપણું છે. લાલિત્ય વિના લલિતકળા શેની? જે કળા લાલિત્યને પોષે એ જ લલિતકળા, લાલિત્ય વિના સંવર્ધનતાને રક્ષણને માટે જે જાણે



લોકગીતોમાં કાકુસ્વરો પ્રાધાન્ય ભોગવતા હોય છે.'

શ્રી જયમલ્લ પરમાર લોકગીતમાં સંગીતની ચર્ચા કરતાં લખે છે કે લોકગીતનું સંગીત શાસ્ત્રીય સંગીતના સાધનાના દેશી સંગીત છે જ નહીં. લોકગીત ઉપર શાસ્ત્રીય સંગીતની બંને પ્રકારની અસરો જરૂર પડી હશે પણ લોકસંગીત શાસ્ત્રીય સંગીતની બંને પદ્ધતિઓથી નિરાળું છે. અધૂરા અભ્યાસવાળા એમ કહે છે કે લોકગીતોમાં અંતરા જ નથી. એમાં પણ તે અલ્પાંશે સાચું છે. થોડા ગીતો એવા જરૂર છે પણ બાકીના લોકગીત સ્થાયી અંતરાની પૂરી રચનાવાળા છે. સામાન્ય રીતે લગ્નગીતો સારંગપ્રધાન છે પણ સમગ્ર અસરપણે જોઈએ તો કાફીની અસર વિશેષ છે. સારંગપ્રધાન ગીતોમાં પણ કોમળ ધૈવતથી લઈને લોકગીતો બિન્દાસ બની મધુર રેલાવે છે. દુહાને પરજના ઢાળમાં કિરવાણીની અસર દેખાશે. મૂળ ક્યારેક પૂર્ણ રૂપે દેખા દેશે કે દોહો લોકગીતોએ જ સારી રીતે સાચવ્યો છે. લોકગીતનો આધાર ગાંધાર નિષાદ અને મધ્યમ હોવાનું હજી સુધી દેખાયું છે. એમાં ૧, ૩, ૯, ૭ શ્રુતિ ઉપર રોકાય છે ત્યારે આ પરિશ્રમે સાધ્ય બનતી લોકગાયકની સ્વાભાવિક સિદ્ધિથી શાસ્ત્રીય સંગીતના કદરદાન ગાયકો પણ હેરત પામે છે. લોકગીતોમાં ક્યારેક પહાડીની છાંટ દેખાય છે તો પ્રભાતિયાના બિલાવિલની રાસમા આવતા ટપ્પામાં ભુપાલીનું સ્વરૂપ દેખાય છે તો દ્રુતમાં ગવાતા પ્રભાતિયામાં અહિર ભૈરવનું વિલંબિત કેરવામાં ગવાતા અઘરણીના ગીતો મધ્યમ કરુણાભાવ વિલસે છે. કેટલાંક લગ્નગીતોમાં પીલુની છાયા ષડજ પંચમ ભાવ પેદા કરે છે. દ્રુતમાં ગાડામાં બેસીને ગવાતાં કોળીઓનાં લગ્નગીતોમાં જિલ્લા કાફીની છાયામાં ઠુમરીભાવ મસ્તી ચડાવે એવા હોય છે.

આટલા રાગો ઉપરાંત માઢ, મારુ, ધનાશ્રી ભીમપલાસી, બિહાગ વગેરે રાગોની પ્રગટ છાયા લોકગીતમાં દેખાશે. લોકગીતમાં કેરવા, ધમાર, ત્રિતાલ, દાદરા, હીંચ, દાદરાને દીપચંદી જેવા તાલ હોય છે. પણ એમાં સૌથી વધુ મજા દીપચંદીની જ હોય છે અને મસ્તી ચગાવણ તાલોમાં કેરવા, હોય ને ધમાર લોકગીતના તાલોમાં દોઢની મજા આવે છે ત્યારે અણજાણ તબલચી ગમે તેવા તાલ પ્રવીણ હોય તો પણ ગોથાં ખાય છે.

લોકગીત એ લોકસંગીતનો દેહ છે અને ઢાળ એ આત્મા છે. લોકગીતમાં શબ્દ અને સ્વર પરસ્પર ગુંથાયેલા હોય છે. લોકગીતમાં પ્રથમ સ્વર અને પછી શબ્દો આવે છે. સ્વરો થોડા એને શામ વૈવિધ્ય, ઘણું હોય છે. સાહજિક સ્વયંસ્ફુરણાથી નીપજેલ શુદ્ધ સ્વરૂપે શુદ્ધ સ્વરોમાં હોય છે. સ્વસ્થાને પરંપરાગત રીતે સુનિશ્ચિત થયેલું છે સ્વર, લય અને શબ્દો સેંકડો વર્ષોથી નિયત થયેલા લોકઢાળો દ્વારા પ્રયોજાયેલાં હોય છે. ત્રણ, ચાર કે પાંચ શુદ્ધ સ્વરોમાં ગીત ઘૂમતું હોય છે. ભાવ સાથે સ્વર અને સ્વર સાથે લય આપોઆપ ઉદ્દભવે છે. લોકગીતોમાં લય બદલાતો નથી જે લય ગીતનો ઉપાડ થયો હોય જે લયમાં પૂરું થાય છે. આમ લોકગીતમાં જે લયમાં પ્રચલિત ગીતનો ઉપાડ થયો હોય તે જ લયમાં પૂરું થાય છે. આમ લોકસંગીત સાદું ભાવભર્યુ અને જીવનના અનુભવની નીચોડમાંથી વહેતું અંતરના ઊંડાણથી હૃદયસ્પર્શી ગવાય છે. લોકબોલીનો મરોડ એની વિશિષ્ટ શ્રુતિ એનો લહેકો, એની કુદરતી મીઠાશ, આ બધાને સાચવીને જ લોકગીતના લોક સંગીતના પરંપરાગત રીતે થઈ શકે છે. બે સ્ત્રી પુરુષોના સમૂહમાં અથવા માત્ર પુરુષો અથવા માત્ર સ્ત્રીઓ દ્વાર પણ સમૂહસ્વરમાં લોકગીત ગાવામાં આવે છે. સમુદ્રકિનારાના લોકોના સૂરો સાગરનાં મોજાના આવન-જાવન પ્રગટ્યાં છે. ડુંગરને જંગલોના લોકો સૂરો પાણીના ધોધ, પશુ, પ્રાણીઓના અવાજોમાંથી પ્રગટ્યાં છે. સપાટ પ્રદેશના મેદાનોના લોકોને જ સૂરો ફૂકાંતા પવનને વંટોળિયાના સુસવાટામાંથી પ્રગટ્યા છે, ડુંગરને જંગલોના ધોધ, પાણીના ધોધ અને પશુ પ્રાણીઓનાં અવાજોમાંથી પ્રગટ્યા છે. કુદરતના સાંનિધ્યમાં વસ્તીને લોક સમુદાયે વસીને અવાજ ઉપર અસાધારણ કાબૂ મેળવી ભાષાનો મરોડ અને વિશિષ્ટ શ્રુતિ, ઉચ્ચાર, કુદરતી સ્વરમાધુર્ય તેમજ પરંપરાગત ઊતરી આવેલા લયને કારણે નિશ્ચિત સ્વર અને તાલ લયબદ્ધ રજૂઆત લોકગીતમાં અદભુત હોય છે. લોકગીત એ તો પ્રકૃતિનું નિરંતર ગાન છે. એની સાર્વજનિક, સરળતા, પ્રવાહિતા અને સંઘોર્મિની ભાવવાહકતાને કારણે પૃથ્વીના અંત સુધી તો ટકશે જ.

**લોકગીત એ લોકસંગીતનો દેહ છે અને ઢાળ એ આત્મા છે. લોકગીતમાં શબ્દ અને સ્વર પરસ્પર ગુંથાયેલા હોય છે. લોકગીતમાં પ્રથમ સ્વર અને પછી શબ્દો આવે છે**

*સરસ્વતી બંગ્લોઝ, ૯- એ, પટેલ કોલોની, રોડ-૪,*
*કવિશ્રી પિંગળશીભાઈ ગઢવી માર્ગ, જામનગર*
*મો. ૯૯૨૫૦૫૭૮૫૬*


# દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ અને મહાત્મા ગાંધી

*- વસંત ગઢવી*

'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ' એ પુસ્તક મહાત્મા ગાંધીએ જાતે લખ્યું. આ પુસ્તકની પ્રથમ આવૃત્તિ નવજીવન ટ્રસ્ટે ૧૯૨૪માં કરી. આ રીતે આ પુસ્તકના પ્રકાશનને સો વર્ષનો સમય ૨૦૨૪માં પૂરો થાય છે. આ પુસ્તક તથા આ લડતનું એક વિશેષ મહત્ત્વ છે. હિન્દુસ્તાનની મુક્તિ માટેનો જે મહાસંગ્રામ લડવામાં આવ્યો તેનું મૉડેલ દક્ષિણ આફ્રિકાની આ લડતમાં જોઈ શકાય છે. આ મૉડેલનો જ મહદંશે બાપુએ હિન્દુસ્તાનમાં અમલ કર્યો. ગાંધીજીના ઘડતરનો આ સમય હતો. જીવનના પાછળનાં વર્ષોમાં બાપુએ જે સંઘર્ષ કર્યો તેમાં દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહ વિશે તેઓ અવારનવાર વાત કરતા હતા. આ ઈતિહાસ પોતે જ લખે તેવી ગાંધીજીની ઈચ્છા હતી. દક્ષિણ આફ્રિકાની લડાઈથી એ વાત પ્રસ્થાપિત થઈ કે વિજય મેળવવા માટે આપણાં આયોજનને જતનપૂર્વક વળગી રહેવું જોઈએ. દાંડીકૂચ શરૂ કરવાની હતી ત્યારે પણ બાપુએ પોતે કરેલા કૂચના નિર્ણયને મક્કમતાથી વળગી રહ્યા. મોતીલાલ નહેરુ સહિતના અનેક તત્કાલીન કૉંગ્રેસના અગ્રણીઓને આ કૂચનો કોઈ મહત્ત્વનો ફાયદો દેખાતો ન હતો. પરંતુ લોકોની નાડ પારખવામાં નિષ્ણાત મહાત્મા પોતાના વિચાર પ્રમાણે આગળ વધ્યા. ગાંધીજીનું મૂલ્યાંકન વાસ્તવિક હતું. આથી દાંડીકૂચથી જે જાગૃતિનો દેશભરમાં જુવાળ ઊભો થયો તે હવે ભવ્ય ઈતિહાસ બની ગયો છે. તેમના દ્વારા જ થયેલા આફ્રિકાના ઐતિહાસિક સત્યાગ્રહની વિગતો તેમણે આલેખી છે તે રસપ્રદ છે. બાપુનાં લખાણોમાં જે સહજ તથા સ્વાભાવિક છે તેવી તટસ્થતા તેમજ હેતુલક્ષિતા પુસ્તકના દરેક લખાણમાં જોવા મળે છે. આઠ વર્ષ સુધી અવિરત ચાલેલા આ સંઘર્ષના અંતે દક્ષિણ આફ્રિકામાં વસતા હિંદીઓએ રાહત અનુભવી હતી. દક્ષિણ આફ્રિકા સાથે બાપુનો અભિન્ન સંબંધ બંધાયો હતો. આથી જ એકવીસ વર્ષના લાંબા સમયગાળા પછી મહાત્મા ગાંધી દક્ષિણ આફ્રિકા છોડતા હતા ત્યારે તેમને આ વસમી વિદાય લાગી હતી. મહાત્મા ગાંધી ૧૮૯૩માં માત્ર ચોવીસ વર્ષની ઉંમરે દક્ષિણ આફ્રિકા ગયા અને એક નૂતન ઈતિહાસનું નિર્માણ તેમના બે દાયકાના ત્યાંના રોકાણ દરમિયાન થયું. સત્યાગ્રહની આ લડાઈના જુદા જુદા તબક્કા આવ્યા. ૧૯૦૬થી ૧૯૧૪ સુધીના લડતના તબક્કાઓનું છેવટનું પરિણામ ૧૯૧૪માં આવ્યું. સત્યાગ્રહની સમાપ્તિ બાદ બાપુ કસ્તુરબા તથા મિત્ર કેલનબેક સાથે દક્ષિણ આફ્રિકાથી ઈન્ગ્લેન્ડ જવા નીકળ્યા.

**મહાત્મા ગાંધી ૧૮૯૩માં માત્ર ચોવીસ વર્ષની ઉંમરે દક્ષિણ આફ્રિકા ગયા અને એક નૂતન ઇતિહાસનું નિર્માણ તેમના બે દાયકાના ત્યાંના રોકાણ દરમિયાન થયું. સત્યાગ્રહની આ લડાઈના જુદા જુદા તબક્કા આવ્યા**

દક્ષિણ આફ્રિકાના આ સત્યાગ્રહની લડત ૧૯૦૬માં શરૂ થઈ. સમગ્ર લડત દરમિયાન આફ્રિકામાં રહેતા હિંદના લોકોએ પારાવાર અગવડો ભોગવી. નાણાકીય નુકસાની પણ વેઠવી પડી. સામાન્ય રીતે અન્યાય સામે પ્રતિકાર કરવાની આ હિન્દવાસીઓની માનસિકતા ન હતી. હિન્દુસ્તાનના જુદા જુદા ભાગમાંથી ગયેલા અને મોટાભાગે વિશેષ શ્રમ કરવાની જરૂર હોય તેવાં કામો કરતા આ લોકોમાં પણ અનેક વિવિધતા હતી. આથી તેમને લડતમાં જોડવાનું સરળ ન હતું. ગાંધીજીના નેતૃત્વમાં આ સૌ લોકોનો વિશ્વાસ બંધાયો અને ટકી રહ્યો તે પણ આ લડતનું એક મહત્ત્વનું પાસુ હતું. સંઘર્ષ જુદી જુદી બાબતોમાં હિંદીઓને થતા અન્યાય સામે લડવા માટે હતો. અન્યાયી અથવા ભેદભાવભરી નીતિ સામે આ લડત માંડવામાં આવી હતી. એક મહત્ત્વની બાબતમાં અહીંના હિન્દવાસીઓનો વિજય એ હિંદીઓ વચ્ચેના લગ્ન સંબંધેનો હતો. જે લગ્ન હિન્દુસ્તાનમાં કાયદેસર ગણાય તે દક્ષિણ આફ્રિકામાં પણ કાયદેસર ગણાય તે વાતનો સ્વીકાર કરવામાં આવ્યો. ગિરમીટિયાએ અહીં સ્વતંત્ર રીતે રહેવું હોય તો દર વર્ષે ત્રણ પાઉન્ડનો વેરો ભરવાનો રહેતો હતો તે કાયદો પણ રદ કરવામાં આવ્યો. આ ઉપરાંત દક્ષિણ આફ્રિકાના વહીવટી વડા જનરલ સ્મટ્સ તરફથી મહાત્મા ગાંધીને એક



પત્ર લખવામાં આવ્યો. આ પત્રમાં જનરલ સ્મટ્સે સ્પષ્ટતા કરી કે જે હયાત કાનૂનો છે તેનો અમલ ન્યાયનાં ધોરણોને ધ્યાનમાં રાખીને કરવામાં આવશે. લડતના અંતથી અંગ્રેજ અમલદારોને રાહત થઈ. જોકે અનેક હિંદીઓનાં મનમાં જનરલ સ્મટ્સ તેમજ તેના ભાવિ વલણ અંગે અસંતોષ હતો. શરતો સ્વીકાર્યા બાદ જનરલ સ્મટ્સ ફરી જશે તેવી ભીતિ પણ હતી. ગાંધીજીની લોકોને સમજાવવાની શક્તિ તેમજ અગાધ ધીરજ અહીં કામ આવ્યાં. તેમણે લોકોને સમજાવ્યા કે સત્યાગ્રહીએ ખાસ તથા ચોક્કસ કારણ ન હોય ત્યાં સુધી સામા પક્ષનાં વચનોમાં વિશ્વાસ રાખવો જોઈએ. સત્ય તેમજ નીડરતાને સાથે રાખીને ચાલતા લોકો માટે આ રસ્તો યોગ્ય છે તેમ બાપુ સૌને સમજાવી શક્યા. સાથે રાખી શક્યા. વિજયમાં પણ ગરિમા જાળવવાની આ ગાંધી નીતિ હતી.


દક્ષિણ આફ્રિકાની આ લડતમાં મહિલા શક્તિનું જોડાવું એ બહુ મહત્ત્વની તથા પ્રભાવી ઘટના બની. કસ્તુરબા પણ આ લડતમાં સામેલ થઈને સૌને દોરવણી આપે તેવી બાપુની ઈચ્છા હતી. ગાંધીજીને ખબર હતી કે કસ્તુરબા તથા અન્ય મહિલાઓ લડતમાં જોડાશે તો તેમણે જેલમાં પણ જવું પડશે. આ સંદર્ભમાં એક વાર બાપુ કસ્તુરબાને કહે છે:

“તમે જાણ્યું કે હવે તમે મારા પરણેતર સ્ત્રી રહ્યાં નથી.” કસ્તુરબા થોડું અકળાઈને બોલ્યા: “એવું કોણે કહ્યું ? તમે રોજ નવા નવા નુક્તા શોધી કાઢો છો” ગાંધીજી હસતાં હસતાં કહે છે જનરલ સ્મટ્સનું આ ફરમાન છે. સરકારના કહેવા મુજબ આપણાં લગ્ન કોર્ટમાં નોંધાયેલાં નથી. આથી તે લગ્ન કાયદેસર ન ગણાય. બાપુએ યુક્તિપૂર્વક પૂછ્યું: “હવે તમે બહેનો શું કરશો?” વાતને વધારે સ્પષ્ટ કરતાં ગાંધીજી કહે છે કે તમે બહેનો પણ તમારા હક્ક માટે લડો. જેલમાં જવાની પણ તૈયારી રાખવી પડશે. સ્ત્રીઓ જેલમાં જાય તે વાત તે સમયથી ઘણી આગળ હતી. ગળે ઊતરે તેમ ન હતી. બાપુએ કસ્તુરબાને સતી સીતાની આકરી કસોટી યાદ કરાવી. સ્વેચ્છાએ જેલમાં જવા પણ સૂચન કર્યું. કસ્તુરબાને નિર્ણય કરવામાં વિલંબ ન થયો. લડતમાં સામેલ થઈ જેલમાં જવા નિર્ધાર કર્યો. જેમ બુદ્ધે સંઘમાં સ્ત્રીઓને સામેલ કરવાની છૂટ આપી તેવી જ આ ક્રાંતિકારી પહેલ વીસમી સદીના પ્રારંભકાળે હતી. “હું લડતમાં ભાગ લેવા તથા જેલ જવા તૈયાર છું.” કસ્તુરબાએ દૃઢતા સાથે જણાવ્યું. કસ્તુરબાની પોતાની આ પહેલથી લડતને નવું બળ મળ્યું. જોકે પડકારો વિકટ હતા. તે સમયમાં સ્ત્રીઓ માટે જેલમાં જવું એ અનેક પ્રકારની મુશ્કેલીઓ સાથેનું હતું. છતાં બા તૈયાર થયાં અને સમગ્ર લડતને નૂતન શક્તિ મળી. ભવિષ્યમાં બાપુ હિન્દુસ્તાનના મુક્તિ સંગ્રામમાં સ્ત્રીઓને મોટાપાયે જોડવાના હતા તેના જાણે કે બીજ અહીંથી નંખાયાં હતાં.

ગાંધીજીની પદ્ધતિમાં જે સંઘર્ષ હતો તે વ્યવસ્થા સામેનો હતો. આથી તેમાં કોઈ વ્યક્તિગત કડવાશ ઊભી ન થાય તેનો પણ ખ્યાલ રાખવાની આ ગાંધી-નીતિ હતી. આથી યુરોપના અનેક લોકો પણ મહાત્મા ગાંધીની લડતમાં તેમની સાથે રહ્યા. તેમજ સમગ્ર લડત દરમિયાન ગાંધીજીને ગોરી ચામડી ધરાવતા લોકોની પણ ભારે સહાનુભૂતિ મળી. મિસ સ્લેશિન તેમાના એક હતા. રાત-દિવસ જોયા વગર કામ કરનાર સ્લેશિનની અસાધારણ મદદ ગાંધીજીને મળી. ગાંધીજી જેલમાં ગયા ત્યારે સમગ્ર કારોબાર તેમણે સાચવ્યો. પગારમાં વધારો કરવાની વાતનો સ્પષ્ટ ઈન્કાર કર્યો. કોઈ ગોરા દક્ષિણ આફ્રિકામાં હિંદીઓના કમ્પાર્ટમેન્ટમાં મુસાફરી કરતા ન હતા. મિસ સ્લેશિન જાણી જોઈને હિંદીઓના ડબ્બામાં જ બેસવાનું પસંદ કરતા હતા. બ્રિટિશ ગાર્ડ સાથે માથાકૂટો પણ કરે. ગાંધીજીને તેમનો મોટો આધાર રહ્યો. આવા અન્ય લોકો પણ ગાંધીજીના વિચારોના આકર્ષણથી તેમની તરફ વળ્યાં. ફાધર એન્ડ્રુઝ તથા મિસ સ્લેડ(મીરાંબહેન) જેવા લોકો આજીવન ગાંધી સાથે ઊભાં રહ્યાં.

**ગાંધીજીની પદ્ધતિમાં જે સંઘર્ષ હતો તે વ્યવસ્થા સામેનો હતો. આથી તેમાં કોઈ વ્યક્તિગત કડવાશ ઊભી ન થાય તેનો પણ ખ્યાલ રાખવાની આ ગાંધી-નીતિ હતી**

‘સત્યના પ્રયોગો’ની જેમ દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઈતિહાસ મહાત્મા ગાંધીએ જાતે લખ્યો એ મહત્ત્વની વાત છે. આ સમગ્ર લડતની વિચારણા, સ્વરૂપ તથા અમલમાં ગાંધીજી કેન્દ્રસ્થાને રહ્યા છે. “દક્ષિણ આફ્રિકા સત્યાગ્રહનો ઈતિહાસ” (ગાંધીજી)એ પુસ્તક ૧૯૨૪માં પ્રકાશિત કર્યું. જયારે આ ઈતિહાસ લખાયો ત્યારે ‘નવજીવન’માં શ્રેણીબદ્ધ રીતે પ્રકાશિત થતો રહ્યો હતો. એક પુસ્તક સ્વરૂપે તેને સો વર્ષ થયા છે. આ ઈતિહાસ ઘણો જ



રસપ્રદ છે. અનેક ઘટનાઓથી ભરપૂર છે. આમ છતાં તે જોઈએ તેટલો પ્રસિદ્ધિને વર્યો નથી. આ પુસ્તક લખવામાં પણ ગાંધીજીને પૂનાની યરવડા જેલનો જેલવાસ સહાયરૂપ થયો. યરવડા જેલમાં ગાંધીજી જયારે સજા ભોગવતા હતા ત્યારે તેમણે આ ઈતિહાસ લખાવ્યો. અહીં તેમને ઈન્દુલાલ યાજ્ઞિક જેવા સુસજ્જ લહિયા મળ્યા હતા. ગાંધીજી બોલતા ગયા અને ઈન્દુલાલ લખતા ગયા. ઈતિહાસનાં ૩૦ પ્રકરણો આ રીતે લખાયાં. ગાંધીજી આ પુસ્તકની પ્રસ્તાવનામાં લખે છે: "જેલમાં મારી પાસે આધારો માટે પુસ્તક ન હતાં... જો કે આધાર વિના લખેલી વસ્તુ છે તો પણ તેમાં એક પણ હકીકત બરાબર નથી અથવા અતિશયોક્તિવાળી છે એમ કોઈ ન સમજે તેવી વિનંતી છે." એક સંતુલિત લખાણ થાય તેવી બાપુની શૈલી હતી. આ બાબત તેમના દરેક લખાણમાં પણ જોઈ શકાય છે. આફ્રિકામાં રોજીરોટી રળવા ગયેલા હિંદીઓની સ્થિતિનો વાસ્તવિક ચિતાર આ પુસ્તકમાંથી મળે છે.

દુનિયાભરમાં લોકોના સ્થળાંતર કે Migrationની એક પદ્ધતિ સદીઓથી રહેલી છે. લોકોને પોતાના પ્રદેશમાં રોજી રોટીની પૂરતી સુવિધા ન મળે ત્યારે તેઓ સ્થળાંતર કરે છે. આજે પણ આ સ્થિતિ જોવા મળે છે. આપણા દેશનો એક મોટો વર્ગ ગામડાઓમાંથી મોટા શહેરો તરફ રોજીરોટી મેળવવા સ્થળાંતર કરે છે. સમગ્ર દેશના અનેક યુવાનો અમેરિકા તેમજ યુરોપના કેટલાક દેશો તથા ઓસ્ટ્રેલિયામાં લાંબા ગાળા માટે અથવા કાયમી ધોરણે સ્થાયી થવા માટે સતત પ્રયત્નશીલ રહે છે. કાનૂની નથી તેવા રસ્તે પણ લોકો બહાર જવા તત્પર છે. આ રીતે જ દક્ષિણ આફ્રિકાના ગોરા શાસકોની મજૂરોની જરૂરિયાતને પહોંચી વળવા માટે અનેક હિંદીઓ ૧૯મી સદીમાં આફ્રિકામાં ગયા. અંગ્રેજોએ તેમના શાસનને વિસ્તૃત કરવાની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને મજૂરોને કામ આપવાનું શરૂ કર્યું. અંગ્રેજોને આ મજૂરીના કાર્ય માટે દક્ષિણ આફ્રિકાના સ્થાનિક 'કાળા લોકો' કામ લાગે તેમ ન હતા. હબસી તરીકે ઓળખાતા આ લોકો સખત મજૂરી કરવા ટેવાયેલા ન હતા. તેની સામે હિંદીઓ સખત કામ કરી શકતા હતા. આથી હિન્દથી મજૂરોને લાવવાનું તેમણે વિચાર્યું. આફ્રિકાની જેમ હિન્દુસ્તાન પર પણ બ્રિટિશરો રાજ્ય કરતા હતા. આથી દક્ષિણ આફ્રિકાના ગોરા શાસકોનું કાર્ય સરળ થયું. આથી હિંદના મજૂરોને સાઉથ આફ્રિકામાં લાવવા માટે એક Agreement તૈયાર થયું. ૧૮૬૦થી આ મજૂરો લાવવાની પ્રથા શરૂ થઈ. હિન્દુસ્તાનના મજૂરોને ઍગ્રિમૅન્ટ પર આફ્રિકામાં લાવવામાં આવતા હોવાથી ઍગ્રિમૅન્ટથી આવેલા લોકો તરીકે તેઓ ઓળખાવા લાગ્યા. ક્રમશઃ વાતચીતની ભાષામાં ઍગ્રિમૅન્ટ શબ્દનું અપભ્રંશ ગિરમીટ થયું. આથી આફ્રિકામાં આવતા હિન્દી મજૂરો ગિરમીટિયા તરીકે ઓળખાવા લાગ્યા. આમ કરારથી લાવવામાં આવતા મજૂરોને કોઈ કાનૂની રક્ષણ ન હતું. કરાર મુજબનાં વર્ષો માટે તેઓ મજૂરી કરવા બંધાયેલા હતા. શોષણનો ભોગ બનતા આ હિંદીઓ આર્થિક મજબૂરીને કારણે મને કમને પણ આફ્રિકા જતા હતા. ગાંધીજી પહેલાં કોઈએ વતનથી દૂર રોજી રળવા આવેલા આ મજૂરોના હક્કો કે સ્વાભિમાન બાબતમાં વાત કરી ન હતી.

**આફ્રિકાની જેમ હિન્દુસ્તાન પર પણ બ્રિટિશરો રાજ્ય કરતા હતા. આથી દક્ષિણ આફ્રિકાના ગોરા શાસકોનું કાર્ય સરળ થયું. આથી હિંદના મજૂરોને સાઉથ આફ્રિકામાં લાવવા માટે એક Agreement તૈયાર થયું**

દક્ષિણ આફ્રિકાની આ પૂર્વભૂમિકામાં બૅરિસ્ટર ગાંધીનું આગમન 1893માં થયું. યુવાન બૅરિસ્ટર નાતાલ પ્રદેશના મુખ્ય નગર ડર્બનની અદાલતમાં કેસ લડવા ઉપસ્થિત થયા. ગાંધીજીએ તે સમયે તેમનો સામાન્ય હિન્દુસ્તાની પોશાક પહેર્યો હતો. તેઓ કાઠિયાવાડની પાઘડી બાંધીને અદાલતમાં હાજર થયા. ન્યાયધીશે યુવાન બૅરિસ્ટરને પાઘડી ઉતારીને અદાલતમાં હાજર થવા કહ્યું. બેરિસ્ટર ગાંધીએ પાઘડી ઉતારવાની સ્પષ્ટ ના પાડી. આ અન્યાયી પ્રથા સામે તેઓ અદાલતનું સ્થળ છોડીને ચાલી ગયા. વિકટ સ્થિતિમાં દૃઢ મનોબળને પ્રદર્શિત કરવાનો આ પ્રથમ પ્રસંગ દક્ષિણ આફ્રિકામાં થયો. સમગ્ર વિશ્વને દોરી શકે તેવા વ્યક્તિત્વની એક આછી ઝલક અહીં જોવામાં આવી. પરંતુ વાત અહીંથી અટકી ન હતી. નાતાલથી ટ્રાન્સવાલ પરગણાના મુખ્ય શહેર પ્રિટોરિયા જવા માટે રેલવેમાં નીકળ્યા. પ્રથમ વર્ગની ટિકિટ હોવા છતાં એક કાળો માણસ ગોરા નાગરિક સાથે પ્રવાસ કરી શકે નહિ તે અન્યાયી પ્રથા હતી. મોટા ભાગના લોકો તેનાથી ટેવાઈ પણ ગયા હતા. આથી યુવાન બૅરિસ્ટર ગાંધી પ્રથમ વર્ગની ટિકિટ હોવા છતાં ગોરા મુસાફર સાથે એક જ કમ્પાર્ટમેન્ટમાં પ્રવાસ કેવી રીતે કરી શકે? બૅરિસ્ટર ગાંધીને પીટરમેરિત્સબર્ગના સ્ટેશને ધક્કો મારીને પ્લેટફોર્મ પર ઉતારી દેવાયા. તેમના સામાનને પણ પ્લેટફોર્મ પર ફંગોળી દેવામાં આવ્યો. જગતભરમાં આજે પણ પ્રસિદ્ધ એવા આ બનાવથી એક વકીલ પડ્યો પરંતુ એક સત્યાગ્રહી ઊભો થયો. જોકે બેરિસ્ટર ગાંધી મૂળભૂત રીતે તેમના જાણીતા અસીલ દાદા અબ્દુલાની પેઢી માટે કેસ લડવા આફ્રિકા ગયા હતા. એકાદ વર્ષમાં જ હિન્દુસ્તાન પાછા જવાની તેમની ગણતરી હતી.

પરંતુ નિયતિનું નિર્ધારણ અલગ હતું. સ્થાનિક હિંદીઓની જરૂરિયાત તથા તેમની લાગણીને ધ્યાનમાં રાખી ગાંધીજી આફ્રિકામાં વધારે સમય રહ્યા. 1896માં નવયુવાન ગાંધી આફ્રિકા ફરી જવાના નિર્ણય સાથે હિન્દુસ્તાન આવે છે. દક્ષિણ આફ્રિકાની સ્થિતિથી તેમણે દેશમાં સૌને વાકેફ કરવાનું કાર્ય કર્યું. ગાંધીજીએ હિંદીઓને આફ્રિકામાં થતાં અન્યાય અંગે પુસ્તિકા પ્રકાશિત કરી. દસેક હજાર નકલો છપાવીને તમામ જાણીતાં અખબારો તેમજ અગ્રણીઓને મોકલી આપી. જોકે દક્ષિણ આફ્રિકાના ગોરા લોકોને બૅરિસ્ટર ગાંધી માટે તેમના સત્યકથનને કારણે તિરસ્કાર થયો. આ ગુસ્સાનો સામનો ગાંધીજીએ ફરી દક્ષિણ આફ્રિકામાં જતા કરવો પડ્યો. તેમના પર જીવલેણ હુમલો પણ થયો. આવા હુમલા બાદ પણ ગાંધી સ્વસ્થ રહ્યા. તેમની સાથે જેમણે આવો વર્તાવ કર્યો છે તેમની સામે કાનૂની કાર્યવાહી કરવા માટે પણ તેમણે તૈયારી બતાવી નહિ. ગાંધીજીના આ વલણથી અનેક સમજદાર ગોરા લોકોના મનમાં ગાંધીજી માટે એક આદરનો ભાવ થયો.

આફ્રિકાના સત્યાગ્રહનું પુસ્તક પ્રસિદ્ધ થયા પછી સો વર્ષ બાદ આ પુસ્તક વાંચવું ગમે તેવું છે. અનેક સાંપ્રત સમસ્યાઓને આ લડતની સ્થિતિ સાથે જોડી શકાય છે. આ ઉપરાંત સત્યાગ્રહનો ઇતિહાસ એક સદી પછી જોઈએ તો પણ જગતના અનેક ખૂણાઓમાં અન્યાયી પ્રથાઓ આજે પણ હયાત જોવા મળે છે. વિશ્વના અનેક દેશોમાં રોજી રળવા માટે જતાં મજૂરોના શોષણનો પ્રશ્ન હજુ આજે પણ વિકરાળ થઈને ઊભો છે. અન્યાયી વ્યવસ્થાઓને કારણે જગતની વિશાળ જનસંખ્યા પાસે સંપત્તિનો નાનો હિસ્સો છે. સંપત્તિ અને સત્તાના કેન્દ્રીકરણની વાતો સતત ચર્ચામાં રહે છે. આમ છતાં ગાંધીજીએ બતાવેલા માર્ગે ચાલીને દરેકને પેટ પૂરતું ભોજન મળી રહે તેવી વ્યવસ્થા આપણે કરી શક્યા નથી. જગતમાં આજના સમયમાં લડાતાં યુદ્ધોમાં અગણિત લોકોએ જાન ગુમાવ્યા છે. શસ્ત્રો પાછળની ગાંડી દોડમાં વિવેક જળવાતો નથી. ગાંધી જેવા નેતૃત્વની સતત ઊણપ વરતાયા કરે છે. દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહની શતાબ્દીના આ સમયે ફરી બાપુની અમોઘ શક્તિની પાવન સ્મૃતિ થાય છે. સ્વતંત્રતા નજીકના ભવિષ્યમાં જ પ્રાપ્ત થશે તેવા આશાવાદના સમયે મેઘાણીએ અર્થસભર શબ્દોમાં ગાયું હતું. વિજયના ઉન્માદને નિયંત્રણમાં રાખવા કવિએ ચેતવણી ઉચ્ચારી હતી. કવિ સ્પષ્ટ હતા કે સમગ્ર સમાજ જેમાં સ્વસ્થ અને ભયરહિત હોય તેવો સમય મુક્તિ મળતાં જ આવી જશે તેમ માનવું વધારે પડતું છે. આથી મેઘાણી કહે છે:

**આફ્રિકાના સત્યાગ્રહનું પુસ્તક પ્રસિદ્ધ થયા પછી સો વર્ષ બાદ આ પુસ્તક વાંચવું ગમે તેવું છે. અનેક સાંપ્રત સમસ્યાઓને આ લડતની સ્થિતિ સાથે જોડી શકાય છે**

**દૂરે દૂરે તથાપિ,**
**વિજય ગજવવાનું હજુ દૂર થાણું,**
**હું તો તોયે ન માનું**
**સકળ ભયહરા મુક્તિનું વાય વ્હાણું.**

જગતમાં અનેક સત્યાગ્રહો થયા તેમાં દક્ષિણ આફ્રિકાનો સત્યાગ્રહ એક વિશેષ સ્થાન ધરાવે છે. આથી આ ઘટનાના આલેખનને કોઈ 'ઐતિહાસિક ઇતિહાસ' કહે છે તે સર્વથા ઉચિત છે. સત્યાગ્રહના વિવિધ પ્રયોગોથી ગાંધીજી ભિન્ન ભિન્ન સમાજોને જોડે છે. તેમના મનમાં ઊંડે સુધી ગયેલા ભયને દૂર કરવાનો પ્રયાસ કરે છે. તેમના વિશે ઘણી ગેરસમજો થાય કે તેમના પર હુમલો થાય તો પણ સત્યાગ્રહની લડતનો જુસ્સો નરમ થતો નથી. અનેક અંગ્રેજ મિત્રો પણ ગાંધીજીના સમર્થનમાં ઊભા રહે છે. સત્યાગ્રહીઓએ યાતના વેઠવા તૈયાર રહેવું જોઈએ તે સરળ દેખાતી પણ વ્યવહારમાં અઘરી વાત ગાંધીજીએ લોકોના ગળે ઉતારી. હિન્દુતાનમાં જે મુક્તિનો સંગ્રામ થયો તેનું જ એક સ્વરૂપ દક્ષિણ આફ્રિકાના ઐતિહાસિક સત્યાગ્રહમાં સ્પષ્ટ થાય છે. આશ્રમ જીવનનો પ્રયોગ પણ ગાંધીજીએ દક્ષિણ આફ્રિકામાં વિચાર્યો તેમજ વિકસાવ્યો હતો. ફિનિક્સ તેમજ ટોલ્સટોય આશ્રમ એ આશ્રમ જીવનમાં રહેવાના પ્રયોગો હતા. આ બાબતના અનુભવો લઈને ગાંધીજીએ કોચરબ આશ્રમની સ્થાપના પોતાના હિન્દ ગમન પછી સત્વરે કરી. દક્ષિણ આફ્રિકાનો અનુભવ અહીં ઉપયોગી થયો. મોહનમાંથી મહાત્મા બનવાની એક પ્રક્રિયા દક્ષિણ આફ્રિકામાં થતી જોઈ શકાય છે. અન્યાય સામેનો અહિંસક પ્રતિકાર કદી નિષ્ફળ જતો નથી તે વાતની પ્રતીતિ એ આ સત્યાગ્રહની કથા પરથી પુનઃ થાય છે.

*૧૧૫/૨, સેક્ટર-૨-એ, ગાંધીનગર*
*મો. ૯૯૭૮૪૦૬૧૩૦*

# તત્ત્વજ્ઞાની સંતોનો પત્રવ્યવહાર

*- કાકડિયા મનસુખ વી.*

માનવજીવન અનેક સંઘર્ષમાંથી પસાર થતું હોય છે. આધિ, વ્યાધિ અને ઉપાધિના વમળમાં અટવાયેલું હોય છે. નિત્ય પરિવર્તન જીવનમાં થયા કરે છે. સમય કોઈની પણ રાહ જોતો નથી. જીવન જો પરિવર્તન પળે પળે પામતું હોય તો જગતમાં શી ની શી ઉથલપાથલ થતી હશે ? સૃષ્ટિના સર્જનહારે માનવતાને એક ખૂબીઓ આપી છે. પંચભૂતના આ શરીરમાં ગુણ-અવગુણોનો ખજાનો કર્મને આધીન છે. જીવ તો કર્મ કરવાને સ્વતંત્ર છે. જેવું કર્મ એવું એનું ફળ મળે. માનવનું જીવન ત્રણકાળ-ભૂત,ભવિષ્ય અને વર્તમાનમાં પસાર થાય છે. જેમ ત્રણ કાળ છે એમ જ ત્રણ ગુણ-ત્રિગુણ-સત્ત્વ, રજ અને તમથી ભરેલું છે. સ્વતંત્ર વિચાર સાથે સાથે ઈશ્વરે પ્રદાન કરેલ છે. સત્ત્વગુણ વધારે હોય ત્યારે જ્ઞાન, સદ્ભાવ અને સદ્વિચાર પ્રગટે છે. રજોગુણ જ્યારે વધારે હોય ત્યારે સ્વાર્થ, લોભ અને મોહ પ્રગટે છે. તમોગુણ જ્યારે વધારે હોય ત્યારે આળસ, પ્રમાદ અને અજ્ઞાનતા પ્રગટે છે. પ્રકૃતિના સર્વ ગુણધર્મો માનવમાં હોય છે. પંચતત્ત્વ અને દરેકના પાંચ ગુણો, પંચકોષ, ત્રણ ગુણ અને પ્રકૃતિ અને પુરુષ. સંસારી માયાનો ખેલ ખૂબ જ અટપટો છે. આપમેળે જીતી કે ઉકેલી શકાતો નથી. એવા સમર્થ તત્ત્વવેતા પુરુષ જો મળી જાય તો આ ભવસાગર તરી જવાય છે. સંતો સ્વયં પરમાર્થ કાર્ય લઈને આ ભૂમંડળ પર આવ્યા હોય છે. એમાં જ્યારે બંને મહાપુરુષો સમર્થ, સત્ય રેંણી પાળનારા અને આત્મદર્શી પુરુષનું શું કહેવું? જેઓ તત્ત્વરૂપે થયેલા છે. બ્રહ્મ થઈને પરિબ્રહ્મનું ભજન કરી ઐક્યતાના બંધનમાં બંધાયેલા હોય એવા મહાપુરુષનું અરસપરસનું મિલન કે ગોષ્ઠિની વાત ન્યારી નિરાળી છે. આપસનો વાર્તાલાપ સૌ અબુધ, અજ્ઞાની અને આધ્યાત્મિક ભાવને વરેલાના હિતમાં હોય છે. આ વાર્તાલાપ સામાન્ય હોતો નથી. તત્ત્વજ્ઞાનથી ભરપૂર કવિત્વમાં હોય છે. ભજનપદ, કીર્તન, ગરબી, ઝિલણિયું, પ્રભાત અને ધોળરાગમાં હોય છે.

**રાગ-રાગિણી, ઢાળ, સૂર અને અલંકારથી ભરપૂર હોય છે. એમની વાણી અવળી કે સવળી હોય છતાં આ અજ્ઞાનીજીવના હિતની જ હોય છે. કલ્યાણ કરનારી હોય છે**

રાગ-રાગિણી, ઢાળ, સૂર અને અલંકારથી ભરપૂર હોય છે. એમની વાણી અવળી કે સવળી હોય છતાં આ અજ્ઞાની જીવના હિતની જ હોય છે. કલ્યાણ કરનારી હોય છે. અમુક સંતો અભણ હોય છે. છત્રીસ રાગો મળી બાવન અક્ષર પરની એમની વાણી હોય છે. એમનાથી કંઈ પણ અજાણ્યું હોતું નથી. સાધનામાં સદ્ગુરુની કૃપા ઊતરી હોવાથી તેઓ ત્રિકાળ જ્ઞાની હોય છે. પરમાર્થભર્યું એમનું જીવન હોય છે. તેમ છતાં મર્યાદાના મુખે તાળાં હોય છે. સઘળું કરવા સમર્થ હોવા છતાં તેઓ કુદરતને આધીન જીવન જીવતા હોય છે. ભારતની પ્રાચીન સંસ્કૃતિ અનંત બ્રહ્માંડનું જ્ઞાન-વિજ્ઞાન ધરાવતા સંતોને આધીન છે. દરેક ક્ષેત્રમાં પૂરા વિશ્વમાં સપ્તઋષિએ પીરસેલું આધ્યાત્મિક જ્ઞાન શિરમોર છે. સર્વથી શ્રેષ્ઠ અને ઉત્તમ છે. યોગ, ભક્તિયોગના જ્ઞાતા સર્વોપરી ભારતમાં જ મળશે. તત્ત્વોનું ઊંડાણ માપવાથી તત્ત્વદર્શન પૂરણ થતું નથી. જે પણ જનસમાજને આધ્યાત્મિક જ્ઞાન મળે છે એ સમર્થ સંત મહાપુરુષથી જ મળે છે. બ્રહ્માંડનું રહસ્ય આ પંચ તત્ત્વનાં પીંડમાં બતાવે છે. આવા બે મહાન સંતોની ગોષ્ઠિ તત્ત્વજ્ઞાનથી ભરપૂર છે. જે હિતકારી છે. કલ્યાણકારી છે. એમના ઊંડાણની વાત તો તેઓ ઉરમાં આવી જણાવે તો જ જણાય છે. પહેલાં અત્યારની જેમ યંત્ર કે સંદેશ વ્યવહારની સગવડતા હતી નહિ છતાં આત્મજ્ઞાનથી એકબીજાનું જાણી શકતા હતા. અષ્ટસિદ્ધિ જેમને સિદ્ધ હોય એનાથી અનંત બ્રહ્માંડના રહસ્યનું અજાણ-પણું હોતું નથી. તેઓ ત્રિકાળ દર્શી હોય છે. મંત્રો દ્વારા વાચકથી સંદેશાની આપલે થતી હતી. જરૂર જણાય તો પત્ર દ્વારા અંતરની વાતો જણાવતાં હતા. એમની તત્ત્વોની, બ્રહ્મની, આત્મદર્શનની વાતો(વાણી) અલૌકિક હોય છે. જે સામાન્ય માનવને સમજ્યા બહારની હોય છે.

સંતોમાં ભાણ સંપ્રદાયનું એક આગવું સ્થાન છે. એમના શિષ્ય શ્રી રવિદાસની સુવાસ સારા પંથકમાં ફેલાયેલી છે. તેઓ ત્યાગી, યોગી અને ભક્ત કવિ તરીકે ખૂબ ખ્યાતિ પામ્યા હતા. એમણે પ્રીતમદાસને પત્ર લખેલો(પદ્યમાં) જેઓ આણંદ-કરમસદથી આગળ સંદેસર ગામમાં થઈ ગયા હતા. રવિ સાહેબ વીસા શ્રીમાળી વણિક જ્ઞાતિમાં ગામ તણછા જે આમોદ તાલુકામાં આવેલું છે. રવિસાહેબે ભાણસાહેબને બંધારપાડા ગામે આપ્યો હતો. એમના આત્મજ્ઞાન, ચેતવણી, ગુરુમહિમા, ચિંતામણી, બારમાસી અને અનેક પદોની રચના કરી હતી. એમનું શરીર ગામ વાંકાનેરમાં છૂટ્યું હતું.

(દેહત્યાગ) જ્યારે સમાધિ ખંભાલીડા ગામે આપી હતી. હાલ એમના પત્રનો રસાસ્વાદ માણીએ.

**'પ્રીતમ પ્રેમ સોહાગી મીઠા, હેવા વિરલા પ્રથવી પીઠા,**
**નયણાં દરસન કરવા ઈચ્છે, તમને તત્ત્વદરસી પ્રીછે....**
**ચાર ખૂંટ સંદેસર સંધે, બિહારીલાલ બિરાજ્યા,**
**રસિયા કેરું ધામ રમણનું, સંતતણા સમાજા....**
**સાચા સતગુરુ વરિયા બાપુ, સાચી કીધી સેવા,**
**દસધા ભક્તિ પૂરણ પ્રગટી, અંતર ટળ્યા અહમેવા....**
**મહા અધિકારી પાસે પૂરા, જેરામ આતમ જોગી,**
**આઠે પહોર રહે અનુભવમાં, બ્રહ્મરસ કેરા ભોગી....'**

રવિસાહેબ પ્રીતમદાસને મળવા ઈચ્છે છે પણ જોગસંજોગે મળી શકાતું નથી. ત્યારે પત્ર દ્વારા પોતાના જ્ઞાન અનુભવ દ્વારા પ્રીતમદાસના ભીતરના ભાવપ્રેમને જાણીને કહે છે કે આ પૃથ્વી પર તમારા જેવા પ્રેમ સોહાગી મળવા મુશ્કેલ છે. આપ તો તત્ત્વદર્શી છો. આપને સઘળી જાણ અગાઉથી થાય છે. આપની વાણી મીઠાશવાળી ને આત્મ ઉન્નતિના શિખરે પહોંચાડનારી છે. રૂડું સંદેસર પ્રકૃતિથી શોભતું ગામ છે. અને એ ગામમાં બિહારીલાલ બિરાજમાન છે. (શ્રીકૃષ્ણ પરમાત્મા) ને વળી સતસંગી, સદ્ભાવના અને વ્રજ સરીખું, ગોકુલ સરીખું રસિયાને રમણ કરવાનું, ચરિત્રલીલા કરવાનું સુંદરધામ છે. એમાં સદાને માટે સંતોના બેસણાં છે. હરિકીર્તનથી ગુંજતું પરમધામ છે. શ્રી રવિસાહેબ કહે છે કે આપને સાચા ગુરુ ભાઈદાસ મળ્યા છે. આપે એમની સાચા હૃદયથી ખૂબ જ સેવા કરી છે. એથી આપને નવધા ભક્તિ-શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન, સખ્ય, દાસ્ય અને આત્મનિવેદનમાં પરિપૂરણ ઊતર્યા છો અને આપને સેંજે સદ્ગુરુની કૃપાથી દશમ પ્રેમભક્તિને વર્યા છો. એથી આપના ઉરમાંથી અહં કાયમને માટે વિદાય લઈ ચૂક્યો છે. આપના હૈયામાં સદાને માટે બિહારીલાલ બિરાજમાન છે. એટલે આપ પ્રેમભક્તિમાં રમણ રેનદિન કરો છો.

**સચરાચરના જીવપ્રાણી જે જડ અને ચેતન છે. એ આપને મન આત્મ સ્વરૂપે છે. જે અવરોધ કરતા નથી. આપના સ્વભાવના વાતાવરણમાં આવતા સંસારી મોહ માયાને ભૂલી જઈને ઉરમા શીતળતા સુખકારી અનુભવે છે**

હે ભક્ત પ્રીતમદાસ આપ સર્વ વાતે પરિપૂરણતાને વરેલા હોવાથી મહા અધિકારી છો. આપની ઉપર બિહારીલાલ મહેરબાન થયેલ હોવાથી આપને ત્યાગી, તપસ્વી, યોગી કે જોગી કહેવું યોગ્ય નથી. આપ સ્વયં આત્મજ્ઞાની, તત્ત્વવેત્તા, પરમપુરુષ છો. પ્રેમભક્તિ ભાવમાં આરૂઢ રહેનારા પરમ ભક્ત કહેવું યોગ્ય છે. આઠે પહોર હરિભજનમાં રહીને પરબ્રહ્મ પરમાત્માનો અનુભવ પરમજ્ઞાન સહ પ્રાપ્ત કરી એમના દીદાર પામો છો. જેમ કમળમાં ભમરો મોહિત થઈને એનો રસ ને સુંગધ માણે છે તેમ આપ રસમય જે બ્રહ્મલીલા કરી રહ્યા છો, એનું અખંડ પાન કરી રહ્યા છો. આપના ભાવપ્રેમની પરાકાષ્ઠા જેમ વ્રજની ગોપીઓ કૃષ્ણકારે બની હતી, રેનદિન એનું જ રટણ કર્યા કરતી હતી. જે ઐક્યતાના વાણાતાણા રૂપે પ્રેમમાં વણાઈ ગઈ હતી તેમ હે પ્રીતમદાસ આપ પ્રેમમાં હરિ પ્રત્યે એકાકાર થયા છો. આપના ભાવ તોલે કોઈ આવી શકે નહિ.

**'સમદષ્ટિ સીતલ સુખકારી, સરલ સુભાવિક ગરવા,**
**વીષિયા રોગ સમૂલો કાપ્યો, રહ્યા નિરંતર નરવા...**
**મલવા ઈછે મન રવિનું, પલ પલ ઘડીએ ઘડીએ,**
**પરાલબદમાં કાંઈક ખામી, જો ન અવાયું હડીએ...**
**કલ્પવૃક્ષ શોભે અતિ સુંદીર, જે માગે તે આપે,**
**વીધી નિષેધ રહ્યું છે તેમાં, તેથી તમો અમાપે....**
**દિનકર નિત ઊગે દિન પરતે, સુને કરે અજવાળું,**
**ઉદે અસ્તથી સ્વરૂપ તમારું, નિરગુણ પદ નિરાલું....'**

સચરાચરના જીવપ્રાણી જે જડ અને ચેતન છે. એ આપને મન આત્મ સ્વરૂપે છે. જે અવરોધ કરતા નથી. આપના સ્વભાવના વાતાવરણમાં આવતા સંસારી મોહમાયાને ભૂલી જઈને ઉરમાં શીતળતા સુખકારી અનુભવે છે. આપ આ સરળ સ્વભાવના ગરવા છો. એથી સૌને આપનો સંગ કરવો ગમે છે. સંસારી વિષયો જે આશા, તૃષ્ણા વગેરે રોગ ઉપજાવનારા અને આંતરિક પીડા આપનારા છે. એ આપે કાપ્યા છે. ત્યાગ્યા છે. જેથી વિષયોથી આપ મુક્ત છો. સંસારી પ્રલોભનો આપને મોહ ઉપજાવી શકતા નથી. ભક્ત કવિ રવિસાહેબ કહે છે કે મને આપને મળવાનું ઘણું મન થયું છે. એકએક પળ તમારી યાદમાં વીતે છે. તેમ છતાં મળી શકાતું નથી. મારા નસીબમાં કાંઈક ખામી હશે એથી મળી શકાતું નથી. મન મળવા ઘણું ઉધામા કરે છે કે હું એકદમ બધાં જ કામ પડતાં મૂકીને આપને મળવા દોડીને આવું. આપ તો કલ્પવૃક્ષ સમાન છો. જે ઈચ્છિત ફળ આપે છે. આપ પણ કલ્પવૃક્ષથી ઓછા ઊતરો એમ નથી બ્રહ્મજ્ઞાન આપની પાસે કુબેરના ખજાના કરતાં વધારે છે. એ ખજાનાની કિંમત આત્મજ્ઞાન આગળ કોડીની છે. જે આપ જેવા પૂર્ણકક્ષાના સંત જ આપી શકે છે. આપનો જેને ભેટો થઈ ગયો એનું તો દર્શનમાત્રથી જ કલ્યાણ થઈ ગયું સમજો. જન્મમરણના ચક્કરમાંથી સદાને માટે મુક્ત થઈ જાય. આપનું મિલન હિતકારી છે.

વેદોક્તની રીત મુજબ જે શાસ્ત્રાજ્ઞા થઈ છે. જે અમુક કરવા યોગ્ય છે અને અમુક કરવા યોગ્ય નથી. એ સઘળી

રીતથી આપ મુક્ત છો. આપને કોઈ પણ કર્મ નડતું નથી કે વિઘનકર્તા પણ નથી. આપ જે પણ કરો છો એ સઘળું હિતકારી અને પરમાર્થનું કાર્ય સુખકારી હોય છે. માપ કે અમાપ આપને લાગુ પડતું નથી. આપ રસથી, બ્રહ્મરસથી ભરપૂર મહાસાગર છો. માટે આમ કે તેમ કહેવું યોગ્ય નથી. દિવસ થતાં જેમ સૂર્યનું અજવાળું સર્વ જગ્યાએ ફેલાય છે. ઉજાસ ઉજાસ કરી દે છે. અંધારુ  દૂર થાય છે. તેમ આપનું બ્રહ્મતેજ છે જે અજ્ઞાની, અબુધજનોના જીવનમાં જ્ઞાનરૂપે અજવાળું પાથરે છે. ફેલાવે છે. સૂર્ય તો ઊગે છે અને અસ્ત પામે છે. પણ આપને માટે એવું કહેવું યોગ્ય નથી. આપનું પદ તો સૌથી ન્યારું નિરાળું છે. જેમ આકાશનો આકાર કહેવો અશક્ય છે. એમ આપ સર્વમાં વ્યાપક અને સગુણરૂપે પણ છો. બ્રહ્મ અને પરબ્રહ્મ, સગુણ અને નિર્ગુણ, પિંડે સો બ્રહ્માંડે અને બ્રહ્માંડે સો પિંડે એમ આપ બ્રહ્મરસ રૂપે છો. ગુણ કે અવગુણ કહેવાય નહીં.

**'અરણવ ઊંડો તે પણ ખારો, ગંભીરપણે અતિ ભારી;**
**એ  ઉપમા સંતથી રહી ઓરી, જલનિધિથી લક્ષન્યારી....**
**ભમરકમળ હંસ,પંડિત વખાણે, શોક ન છૂટે આશી;**
**તેથી ચાલ તમારી ઊલટી, સદાય શુદ્ધ નિરાશી...**
**બહુ રસ ગાયો પીધો પાયો, છેક ઉરાડ્યો છોળે;**
**જે રસ સનકાદિકને દુર્લભ, તે સુખ માણો ભોળે.....**
**હેતે પ્રીતે હળતાં મળતાં, ઘણા દિવસ ગયા વીતી;**
**ગોષ્ટી કરવા મન અભિલાષે, અંતરગતમાં પ્રીતિ....**
**સીરગુણ ઉપર વહાલ વિષેખે, તે સ્વરૂપ છે કેવું?;**
**કેઈ ઠોર રહે છે કહી દાખવો, કેઈ રહેણીએ રહેવું....'**

હે પ્રીતમદાસ ! આપને સાગરની ઉપમા આપવી પણ યોગ્ય નથી. કેમ કે એનું જળ તો ખારું છે. અને એનું ઊંડાણ માપવું અશક્ય છે. એની સાથે આપની સરખામણી કરવી બરાબર નથી. સંતના ગુણોની આગે એ ઉપમા વામણી(નીચી) લાગે. માટે સમુદ્રની ઉપમા આપવી યોગ્ય નથી. એનાથી કંઈક જુદી આપવી જોઈએ. જો ભ્રમરની, હંસની અને પંડિતની ઉપમા પણ અપાય નહિ કારણ કે એકેયને વાસના છૂટી નથી. કોઈને જે ન્યારી નિરાળી છે. સમજમાં આવે એવી નથી. આપ સદાને માટે જનકરાજાની જેમ વિદેહીનંદ માણ્યા કરો છો. આપ હરિના, બિહારીલાલના રાતદિવસ ગુણ ગાયા જ કરો છો. છતાં આપને નિત્ય નવો આનંદ ઊપજે છે. આપે ગુણ હરિના ગાયા અને ગવડાવ્યા છે. એટલી હદે આપે ભાવથી ગાયા છે કે આપની સુવાસ સર્વત્ર ફેલાય છે. સર્વજગ્યાએ આપના જ વખાણ અને ભક્તિની ચર્ચા થાય છે. તમે જે રસ જગતજનોને પિવડાવી રહ્યા છો એ તો સનકાદિકોને મળવો મુશ્કેલ છે. હરિ ચરિત્ર મહિમા રસ, બ્રહ્મરસ આપ પ્રેમભાવથી માણો છો. આપને ક્યાંય જવુ-આવવું પડતું નથી. માટે જે હેતથી પ્રીતથી મળ્યા હતા એ સમય ઘણો વીતી ગયો છે. ઘણો સમય થઈ ગયો છે. હવે તમારી સાથે પ્રેમની, પ્રેમભક્તિની ધરાઈને વાતો કરવાનું મન થયું છે. પ્રેમરસ પીવાનું મન થયું છે. જો અંતર્ગતની વાતો થશે તો પ્રેમ ઊપજશે. ભીતરની, (અંતરની) બ્રહ્મની વાતો જાણવાથી હૈયામાં પ્રીત અને મહાભાવ પ્રગટશે.

આપ તો સર્વજ્ઞ છો. આપથી કંઈ પણ અજાણ્યું નથી, માટે એક ચાહક, ભાવુક તરીકે તમને પ્રશ્ન પૂછું છું કેમકે મને સગુણ ઉપર પ્રેમ અને વહાલ છે. તો એ સ્વરૂપ કેવું હશે? હે પ્રેમીજન પરમાર્થવાદી સૌના હિતકારી, વિના કારણ કૃપા કરવાવાળા વિના સંકોચે જરૂરથી જણાવશો. ક્યાં છે? કયાં રહે છે? એનું જરૂરથી ઠામ-ઠેકાણું જણાવશો. એક યાચક તરીકે ભાવથી આપને પૂછું છું. ભક્તિ મારગ તો ખાંડાની ધાર પર ચાલવા બરાબર છે. સદ્‌ગુરુ કે આપ જેવા તત્ત્વવેતા પુરુષ સિવાય કોણ જવાબથી સંતોષ અપાવશે! આ કપરા મારગમાં કેમ રહેવું? કઈ રેણી પાળવી એ આપ ગુંજ ખોલીને, સાચા હૃદયની ભાવનાથી જરૂરથી જણાવશો.

**'સીરગુણનું કારણ છે નિરગુણ, કેઈ પેરે તે ભાસે;**
**ગુણ નિરગુણથી પદ છે ન્યારું, તેહનો કહીએ આસે....**
**સીરગુણ નિરગુણ સાક્ષીનું રૂપ, ક્રિપા કરીને કહીએ;**
**સંત વિના રાંસે કોણ ટાલે, સમજી સુખ બહુ લહીએ...**
**શંકરે કહ્યું હસ્તામલને, ઓળખી બ્રહ્મ સ્વરૂપ;**
**બોલાવા મન આનંદ ઊપજ્યો, રસ પીવા બ્રહ્મ કૂપ.....**
**ગામ સેરખી થકી વિનતિ, લખી ઘણી અનુરાગે;**
**રવિદાસ કેહે હસ્તકમળનો, પત્ર પ્રેમનો માગે.....'**

સંતોનું કહેવું એવું છે કે જો સગુણ સાકાર સ્વરૂપ તમને સમજાય જાય તો નિર્ગુણ આપોઆપ સમજાય છે. સગુણ સ્વરૂપ આપણી સામે હોવા છતાં એનો સ્વીકાર કરી શકતા



નથી. ભજનની સતત યાદી અને પ્રેમ રાખવાથી આત્માનંદ છે. જેપણ અપેક્ષા વગર, નિઃસ્પૃહ ભાવથી અનન્ય ભક્તિ કરવાથી સમજતાં ભજનમાં સ્થિતિ થાય છે. સ્વાનંદની પૂરણ અવસ્થા પ્રાપ્ત થાય છે. સગુણ કે નિર્ગુણ સ્વરૂપે પ્રભુ ભક્તિ કરવાથી બ્રહ્મસંપન્ન થાય છે. સદ્ગુરુની કૃપા થતાં તે સગુણ સ્વરૂપે છે એ જણાય છે. બીજે શોધવા જવું પડતું નથી. વૈરાગ્ય, ત્યાગ, વિવેક અને જ્ઞાન આપોઆપ મળે છે. સગુણ થકી નિર્ગુણ સમજતા અભેદભાવે ચારે મુક્તિ તણખલા સમાન લાગે છે. નિજાનંદની હેલી વરસે છે. સગુણ સ્વરૂપ સદ્ગુરુનું હોવાથી એને સમજવું અઘરું છે. કારણ કે માનવ ચેષ્ટાઓ આપણી સાથે રહીને કરે છે. ખાવું, પીવું, બેસવું, ઊઠવું, સૂવું, જાગવું અને નિત્ય કર્મ કરવા એથી તેઓ યથાર્થમાં ઓળખાતા નથી. એમના અમુક કર્મો ક્ષતિવાળા લાગે છે. સંગે રહેવા છતાં એ સ્વરૂપ જે પરબ્રહ્મરૂપે પૂર્ણ છે એ સમજાતું નથી. સત્સંગ, ભગવતકથાનું શ્રવણ અને વચન, રેણી યથાર્થમાં પાળતા સગુણ સ્વરૂપ સમજાય છે. સંતના મુખથી બ્રહ્મજ્ઞાન શ્રવણ કરવાથી પ્રત્યક્ષ સગુણ સ્વરૂપ જે સનમુખ છે એ જણાશે. જો સગુણ સ્વરૂપ જણાય ગયું તો નિર્ગુણ આપોઆપ સમજાઈ જશે. જેનો કોઈ આકાર નથી નિરાકાર છે. જે વ્યાપક છે. સચરાચરમાં ઠસોઠસ ભરેલું છે. જડચેતનમાં વ્યાપેલ છે. એ આપોઆપ ઉરમાં આવી એનું સંપૂર્ણ ઐશ્વર્ય જણાવશે.

**સગુણ થકી નિર્ગુણ સમજતા અભેદભાવે ચારે મુક્તિ તણખલા સમાન લાગે છે. નિજાનંદની હેલી વરસે છે. સગુણ સ્વરૂપ સદગુરુનું હોવાથી એને સમજવું અઘરું છે**

સદ્ગુરુની કૃપાથી બ્રહ્મજ્ઞાન થાય છે. લિંગદેહનો ભેદ મટે છે. જીવભાવ નાશ પામે છે. તેઓ ગુણ નિર્ગુણથી પર છે. ત્રણ ગુણ પર ગુણાતીત અવસ્થામાં નિત્ય સ્થિર છો. એટલે સગુણ સ્વરૂપ નિર્ગુણ સ્વરૂપથી ન્યારું છે. ગુણાગુણને તેઓ સ્પર્શ થવા દેતા નથી. પ્રભુનું સ્વરૂપ સમજવા સદ્ગુરુ પદને યથાર્થમાં અહં રહિત સ્વીકારવું રહ્યું. પ્રભુ સદ્ગુરુ સ્વરૂપે હોવાથી દેહમાં હોવા છતાં દેહાતીત છે. તેઓ સર્વમાં બહાર અંદર વ્યાપક છે. સઘળી ઇન્દ્રિયોમાં જ્ઞાનનો પ્રકાશ થતાં કાર્ય, કર્તા અને કારણનો ત્રણનો સમૂહ ત્રણગુણ સાથે લય પામી જ્ઞાનને મિથ્યા જાણી જે સદાને માટે જ્ઞાનરૂપ થયેલ છે. એ એનું નિર્ગુણ સ્વરૂપ છે. જેમ નદી સમુદ્રમાં મળી જતાં એનું અસ્તિત્વ રહેતું નથી. નદીનું નદીપણું રહેતું નથી એ એનું મૂળ સ્વરૂપ વીસરી જાય છે. આ નિર્ગુણ અવસ્થાને પછીથી ત્રણગુણ એની નિષ્ઠા, દૃઢવિશ્વાસને ડગાવી શકતા નથી. પ્રભુનું(સદ્ગુરુનું) સર્વ જગ્યાએ અદ્વૈતભાવે એક જ સ્વરૂપ જોનારને નિર્ગુણ સુખનો અનુભવ આપોઆપ થશે. જે નિર્ગુણ સ્વરૂપ છે એ તો મર્યાદા રહિત છે. સમગ્ર જગત તો ત્રિગુણાત્મક છે. જ્યારે પ્રભુ એક નિર્ગુણ રૂપે વ્યાપક છે. આમ સગુણ અને નિર્ગુણની ગડમથલ મટાડવાવાળા એક સદ્ગુરુ સ્વયં પોતે છે. આ જે ભેદ છે એ સદ્ગુરુ સંત સિવાય કોઈ દૂર કરી શકતું નથી.

જે સાક્ષીભાવે વર્તમાનમાં જીવન જીવે છે. સર્વ અવસ્થામાં સમ રહી નિષ્કામભાવે અહં રહિત જે અંતકાળે અંતઃકરણમાં ગુણને વર્તે છે અને કૈવલ્ય નિષ્ઠામાં આરૂઢ છે. એ સગુણ-નિર્ગુણ સ્વરૂપને બરાબર જાણી બ્રહ્મભાવમાં સ્થિર રહેશે. સદ્ગુરુનું સગુણસ્વરૂપ સમજાય એટલે જીવપણું જશે. જ્ઞાન, જ્ઞેય અને જ્ઞાતા ત્રણેયનો પ્રલય થઈ જાય છે. લીનતામાં એકતાર થઈ જતાં ભજન અજપા જાય ઓહમ્ સોહમ્નો ત્યાગ કરી પૂર્ણબ્રહ્મરૂપે બનીને રહેશે. પોતે ભીતરમાં અને બહાર પરિપૂર્ણ બ્રહ્મરૂપે થશે. પ્રારબ્ધને હિસાબે દેહ રહેશે પણ દેહાભિમાન સમુગળુ જશે. બ્રહ્મ સિવાય બીજું કઈ કરતા કઈ રહેશે નહિ. સગુણ નિર્ગુણમાં પછીથી ભેદ રહેશે નહિ. ત્યારબાદની સ્થિતિ જીવનમુક્તની ગણાશે. પ્રભુના(સદ્ગુરુના) સ્વરૂપમાં સ્થિતિ થતાં પરમ શાંતિ અને સંતોષ થશે. સદ્ગુરુના ચરણમાં ઐક્યભાવે ભક્તિ કરવી. પ્રેમભક્તિ તો મૂળ ભક્તિ છે. એ સર્વે સાધનાની જનની(માતા) છે. એથી સર્વ ક્રિયા પછી ઊલટ થાય છે ભક્તભાવ સદ્ગુરુ ચરણે ન્યોછાવર કરવાથી,અહમભાવ છોડવાથી પ્રભુ સાધકને વશ થાય છે. સદ્ગુરુ અને સાધકની ઐક્યતા થતાં સદ્ગુરુ એ સાધક અને સાધક એ સદ્ગુરુ બનીને રહે છે. સાધક પ્રેમીભક્ત બન્યો હોવાથી પ્રભુ એની આજ્ઞામાં રહે છે. વાણી સ્વરૂપ થયેલ હોવાથી એ જેમ બોલે એમ ઘટના ઘટે છે. જગત એને સિદ્ધિ કહે છે. પરચાના રૂપમાં પણ ગણે છે. જોકે સદ્ગુરુને મન આવું કંઈ હોતું નથી. જીવનું કલ્યાણ કેમ થાય, માયાના ચક્કરમાંથી કેમ બહાર નીકળે એવું ઇચ્છતા હોય છે. જેમ એક સ્થાનમાં બે તલવાર રહી ના શકે એમ મિથ્યા, માયા, અસત્ય, વગેરે સાથે રહી શકતાં નથી. જ્યાં સત્ય પ્રગટ્યું, સ્થિર થયું એટલે અસત્ય જાય છે.

સંત સિવાય આ જીવનું કલ્યાણ કરનાર કોઈ નથી. સંતને પૂજવાથી શ્રી મહાદેવ સંતુષ્ટ થાય છે. મૂળ ભક્તિના દાતા તેઓ છે. ઉમામાતાને બોધ આપતા ત્યાં રહેલા(ગુફામાં) ઈંડાં સેવાયને પક્ષી બની ગયેલા. એમ મૂળમંત્ર, મહામંત્ર, આરાધમંત્ર અને બીજા અનેક કલ્યાણકારી મંત્રો એમના થકી મળ્યા છે. પ્રીતમદાસના પત્રમાં રવિદાસની કલમમાં સરસ્વતી અને સદ્ગુરુ પ્રેરણાથી મૂળપદના મર્મને એમણે બહાર પાડ્યો

છે. હસ્તામલ નામનો ભોળાદાદાનો મહાન ભક્ત જે સદા પ્રભુભજનમાં લીન રહેતો હતો. એના ભાવની પરાકાષ્ઠા એટલી બધી ઊંચી હતી કે ભોળાનાથ સહેજે રીઝી ગયા અને એના બ્રહ્મભાવને જાણીને પોતે રહી શક્યા નહિ. એની ઉપર કૃપા વરસી. જીવનું જીવપણું છોડાવીને શિવત્વ પ્રદાન કર્યું. એનો ભાવ જ ઊંચકોટિનો હતો. જીવપણું કહેવા પૂરતું જ હતું. બ્રહ્મરસ પીવાની કોને ઈચ્છા ના થાય? અરસપરસ જે બ્રહ્મરસની આપલે થતી હોય ત્યારે ત્યાં શેષ, શારદાને થંભી જવું પડે. જે રસથી ભરેલા છે એ બ્રહ્મરસ પીવાને સૌ કોઈ ઈચ્છા રાખતા હોય છે. વિવેક વિનયથી, ખૂબ બ્રહ્મભાવથી રવિ સાહેબ કહે છે હે પ્રીતમદાસ! આપને હૈયાના અનુરાગે ગામ શેરખીથી પત્ર લખું છું. જે આપ મને આપને હાથે (કરકમળથી) લખેલ પત્ર જરૂરથી પાઠવશો. હું આપની પાસે દીનભાવે, પ્રેમભાવે પત્રનો ઉત્તર માગું છું. આપ મને નારાજ કરશો નહિ જરૂરથી પ્રેમથી પત્ર લખી મોકલજો. સૌરાષ્ટ્રમાં થઈ ગયેલા અનેક સંતો અરસપરસ પત્ર લખતાં એમાં ઠાસોઠાસ તત્ત્વજ્ઞાન ભરેલું હોય છે જે જનસમાજને હિતાકારી અને આત્મ કલ્યાણકારી હોય છે. ભાણ સંપ્રદાયના ખૂબજ અગ્રેસર અને ખ્યાતિ પામેલા શ્રી ભક્તકવિ રવિદાસે ભાવથી પત્ર શ્રી ભક્તકવિ પ્રીતમદાસને લખ્યો હતો. ત્યારબાદ શ્રી ભક્તકવિ પ્રીતમદાસે એ જ રીતે તત્ત્વજ્ઞાનથી ભરપૂર શ્રી ભક્તકવિ રવિદાસને પત્ર લખ્યો છે. પૃષ્ઠો(પાના)ની મર્યાદા હોવાથી અહીં ફક્ત એમના જવાબના પત્રરૂપે (કાગળનો પ્રત્યુત્તર) લખી જણાવું છું. સૌ કોઈ ભાવિકજનને ગમશે.

**'રવિના રૂપમાં રજની ન હોય, આપે સ્વયં પ્રકાશિત સોય;**
**દરશન કરતાં દુખીત ટળે, સેજે સુખના સાગર મળે....૧**
**બ્રહ્મસ્વરૂપે, બ્રહ્મ વિચારે, બ્રહ્મ અજર રસભોગી;**
**બ્રહ્માનંદ અખંડ એક વરતે, શુદ્ધ સનાતન જોગી....૨**
**સ્થાવર જંગમ અણુ આજ આદે, એક આતમા દરસે;**
**અધમ ઓધારણ તાપ નિવારણ, વચને અમૃત વરસે....૩**
**પરમ સનેહી પરઉપકારી, પરમારથમાં પૂરા;**
**જ્ઞાનભક્તિ વૈરાગ વિષેખે, હરિસુમરણમાં શૂરા....૪**
**એકાદસ ઉત્તરને અંતે, સત કહ્યું શ્રીમુખથી;**
**તેમાં એવા સંત હોય તો, ઓળખાય નિજ લક્ષથી.....૫**
**જે જે ઉપમા તમને દીજે, તે ઓરી રહી જાય;**
**દિનકર ઉપર દીપક શશિ, એશી પામે શોભાય....૬**
**સુરસરી સુરતરુ ચંદ્ર વિષે ગુણ, એક એક વેદ વખાણે;**
**સર્વ ગુણ સંપન સંત બિરાજે, જે સેવે તે જાણે.....૭**
**ગંગાજી પ્રાચીત પરજાણે, ચંદ્ર તાપને ટાળે;**
**કલ્પવૃક્ષ ઈચ્છાફલ આપે, સંત જનમદુઃખ ટાળે....૮**
**કમળ ખરું પણ કાંટા અંગે, ભરમ ખરો પણ ભોગી;**
**ચંદન ખરું પણ વિષધર વળગ્યો, ચંદ્ર ખરો પણ રોગી....૯**
**પંડિત તો પરને પરમોદે, આપોપું નવ ટાળે;**
**હંસ કરે મોતીનો ચારો, સમીપ બ્રહ્મ નવ ભાળે....૧૦**
**ગુણ ને દોષ રહ્યા છે, સહુમાં, સંત સરવથી ન્યારા;**
**શિવ ચતુરાનન સેવે સંતને, વૈકુંઠપતિને પ્યારા....૧૧**
**નિરગુણ નિજાનંદ નિરલેપી, નિરાલંબ નિરદાવે;**
**સુધ ચિતે સતસંગ કરે તો, ભવસાગરમાં નાવે....૧૨**
**સર્વ સિરોમણિ સર્વ સુખદાયક, સકલ ધર્મની સીમા;**
**કોટિ કલ્પલગી કથે શારદા, તોય અગમ સંતમહિમા...૧૩.**
**સીરગુણ બ્રહ્મ શ્રીકૃષ્ણ રામજી, સદ્ગુરુ સંત સરૂપે,**
**તેહતણું દાસાતન કરવું, રહેવું આપ અરૂપે...૧૪**
**નિરગુણ બ્રહ્મ નિરંતર ભરિયો, કોય માણે મરજીવા,**
**સતગુરુ ઘાટે આવી ચડશે, તે પામે રસ પીવા....૧૫**
**મન વાણી પામે નહિ જેને, તેહને કેઈ પેર કહીએ,**
**કહે પ્રીતમ રવિદાસ સમજી, અરસપરસ હોય રહીએ....૧૬'**

બંને ભક્ત કવિ એટલા જ મહાન છે. જન હિત કાજે એમણે પોતાના પત્રમાં આધ્યાત્મિક જ્ઞાન ઠસોઠસ ભર્યું છે. શ્રી પ્રીતમદાસે શ્રી રવિસાહેબના પત્રનો જવાબ આપણે સર્વોપરી શ્રેષ્ઠ માનવો હોય તો ચૌદમી કડીની ઉપરની કડીમાં ભેદ ખોલીને એમણે જણાવ્યું છે, 'સીરગુણ બ્રહ્મ શ્રીકૃષ્ણ રામજી, સદ્ગુરુ સંત પુરુષે.' આમાં આત્મજ્ઞાનનું પૂર્ણપણે તત્ત્વજ્ઞાન જણાવ્યું ગણાય. આથી વિશેષ તો જેવી જેની સમજ અને આધ્યાત્મિક પરિપૂર્ણ જ્ઞાન અને સૌથી મોટી વાત તો એ છે કે સદ્ગુરુની અસીમ કૃપા હોય તો ભજનભાવ વધે છે અને આત્મજ્ઞાન સહેજે પ્રાપ્ત થાય છે. સદ્ગુરુ સિવાય આ જીવનો ઉદ્ધાર થવો અશક્ય છે. ગુરુમહિમા અને સદ્ગુરુ મહિમા શ્રી રામચરિત માનસ અને શ્રીમદ ભાગવતમાં પૂર્ણપણે કહ્યો છે. ભગવદ્ ગીતામાં શ્રીકૃષ્ણ પરમાત્માએ સ્વમુખે જશ ગાયો છે. સદ્ગુરુ સમર્થ સંતનું શરણું આ જીવને માટે એમની સેવા માટે અને ચરણે સઘળું સમર્પણ કરવાથી સહેજે પ્રાપ્ત થાય છે. ભક્તિ, યોગભક્તિ, ક્રિયાયોગ અને પ્રેમભક્તિના અધિકારી સદ્ગુરુની મહેરથી જ થવાય છે.

સંદર્ભ : શ્રી પ્રીતમદાસની વાણી, એકનાથી ભાગવત, શ્રીમદ્ભગવદ્ ગીતા, રવિભાણ સંપ્રદાયની વાણી અને દાસી દર્પણ.

*એ-૧૪, હરિઓમનગર, રમેશનગર પાસે,*
*ઈન્ડિયાકોલોની, ઠક્કરબાપાનગર રોડ,*
*અમદાવાદ-૩૮૨ ૩૫૦. મો. ૯૯૭૮૮૦૩૦૧૪*

# ગુજરાતનું ભોજન વૈવિધ્ય

*- ભૂપેન્દ્ર મો. દવે*

ગુજરાતની પ્રજા વેપારી ગણાય છે. વેપારને કારણે ગુજરાતીઓ દેશપરદેશમાં ગયા છે. ફર્યા છે. કિંમતી વસ્તુઓનો વ્યાપાર - વિનિમય કર્યો છે. નાણું ભેગું કર્યું છે એટલે એના ભોજનમાં વૈવિધ્ય હોય એ નવી વાત ન ગણાય. કોઈ પણ સ્થળે પૈસાપાત્ર લોકોનું ભોજન સામાન્ય લોકોના ભોજન કરતાં વધુ સારું કે વિશિષ્ટ બને એ સામાન્ય બાબત છે. વળી એમાં આદિ માનવના ખાનપાન વિશે વાત કરવાનો કોઈ અર્થ નથી. કાચું માંસ ખાવું, જાનવરને અગ્નિમાં શેકીને ખાવાં, એના માંસને રાંધીને ખાવું એ બધી માંસાહારી વાનગીની વાત અત્યારે આપણા જેવા અહિંસાવાદી ગુજરાતીઓથી કરાય નહીં. જોકે હવે તો એવો છોછ જણાતો નથી. વળી આદિમાનવ પણ કુદરતી વન સંપત્તિઓનો લાભ લઈ કંદમૂળ, પાન, ફળ, ફૂલ વગેરે વાપરતા. એ બધું આજે પણ વપરાય છે એ હકીકત છે. પરંતુ એ બધું અમુક નિશ્ચિત જાતિઓ પૂરતું મર્યાદિત બની ગયું છે. માનવીના ખાનપાનમાં વૈવિધ્ય તો પાછળથી આવ્યું. એમાં પણ વર્ષો વીત્યાં હશે. એનો આરંભ માનવી ખેતી કરતો થયો ત્યાર પછી ગણી શકાય. બહુ જૂના કાળની માહિતી આપણી પાસે ઉપલબ્ધ નથી. ઋષિ-મુનિઓના વન્યજીવનના ઉલ્લેખો અવશ્ય મળે છે.

**મૈત્રક સમયમાં પણ ખાનપાન અંગેની માહિતી ઘણી ઓછી મળે છે. સ્મૃતિઓમાં અહિંસા અને માંસ ત્યાગ તરફનું વલણ જોવા મળે છે. મૈત્રક કાલમાં એટલે કે મૈત્રક વંશનું રાજ્ય ઈ.સ. ૪૭૦ ના અરસામાં સ્થપાયું**

મૈત્રક સમયમાં પણ ખાનપાન અંગેની માહિતી ઘણી ઓછી મળે છે. સ્મૃતિઓમાં અહિંસા અને માંસ ત્યાગ તરફનું વલણ જોવા મળે છે. મૈત્રક કાલમાં એટલે કે મૈત્રક વંશનું રાજ્ય ઈ.સ. ૪૭૦ ના અરસામાં સ્થપાયું ને એનો અંત ઈ.સ. ૭૮૮માં આવ્યો તે સમયગાળા દરમિયાન ખાસ કરીને બ્રાહ્મણો અને જૈનોના ખોરાકમાં નિરામિષ આહાર હશે એમ લાગે છે. ઈ.સ. ૯૪૫ (અનુ-મૈત્રકકાલ) માં આવેલ અરબ મુસાફર અલ મસુદી કહે છે કે, ઉચ્ચ વર્ણના હિન્દુઓ માંસને અડતા નથી તેમજ દારૂ પણ પીતા નથી.

ચીની મુસાફર યુઆન શ્વાંગ જેને હ્યુ - એન - ત્સાંગ તરીકે પહેલાં ઓળખતા તે ભારતમાં અને ગુજરાતમાં વલભી, આનંદપુર, માલવા વગેરે પ્રદેશોમાં ફરેલો. તેણે ઘઉંનો ખોરાક તરીકે ઉપયોગ થતો અને ઘઉંની ચાનકી આહારમાં લેવાતી એવો નિર્દેશ કર્યો છે. ચોખા પણ ગુજરાતમાં ઘણા લાંબા સમયથી ઉત્પન્ન થતા. આથી તે વખતે ઘઉં અને ચોખા મુખ્ય ખોરાક હશે એમ લાગે છે. ભૃગુકચ્છ (ભરૂચ) વિષય (જિલ્લા)ના દાન-શાસનોથી જણાયું છે કે, ધાન્યમાં વ્રિહી (ડાંગર)નો પાક મુખ્ય છે. ઉપરાંત બોર, કેરી, ઉમરડાં, કોઠાં, ખજૂર વગેરેનો ફળ તરીકે વપરાશ હશે એમ દાનશાસનોમાં પ્રસંગોપાત્ત થયેલા ઉલ્લેખ પરથી લાગે છે. તે સમયે સમાજમાં માંસ-મદિરાનું ચલણ ઘટ્યું હતું.

ત્યાર પછીના સમયમાં અને ઐતિહાસિક દૃષ્ટિએ કહીએ તો સોલંકીકાલીન ગુજરાતમાં વિવિધ સાહિત્યિક સાધનોથી ખાનપાન અંગે જાણવા મળે છે. સાહિત્યમાં ખાદ્ય (ખાઈ શકાય તેવી વસ્તુઓ) અને પેય (પીણા તરીકે ઉપયોગમાં આવતી વસ્તુઓ) ના છૂટક છૂટક ઉલ્લેખ મળે છે. ઉદાહરણ તરીકે આચાર્ય હેમચંદ્રના સંસ્કૃત 'દ્વયાશ્રય' કાવ્યમાં મોદક, અપૂપ, આમિક્ષ (ઊકળતા દૂધમાં દહીં નાખીને બનાવાતી એક વાનગી) ખાદ્ય (ખાજું), ઊર્ણાયુ (સૂતરફેણી) વટી (વડી), કરંભક (કર્મો) વગેરેનો ઉપયોગ થતો હશે એમ એના નામોલ્લેખ પરથી જણાય છે.

એક બીજું પુસ્તક છે 'વર્ણક સમુચ્ચય'. એમાં ઘણી સામગ્રીઓના ઉલ્લેખો મળે છે. એ સામગ્રીમાંની ઘણી પંદરમી - સોળમી સદીની છે. પરંતુ એનો તુલનાત્મક અભ્યાસ કરતાં સમજાય છે કે એ સામગ્રીનું ઉદ્‌ભવસ્થાન સોલંકીકાળ છે. એ કાળનાં સંસ્મરણ એમાં સચવાયાં હોવાનો પૂરો સંભવ છે. 'વર્ણક સમુચ્ચય'માં આશરે ૯૦૦ જેટલી વાનગીઓ અને ખાદ્ય પદાર્થોની સૂચિઓ છે. એમાં માંસની એક પણ વાનગીનો ઉલ્લેખ નથી એ નોંધપાત્ર ગણાય. કુમારપાળ સોલંકીની અમારી ઘોષણા, જૈન ધર્મની લોકજીવન ઉપર થયેલી વ્યાપક અસર અને હેમચંદ્રાચાર્ય જેવા જૈન યતિનો બોધ વગેરે કારણોએ ગુજરાતની પ્રજાને પ્રમાણમાં માંસાહારથી વિમુખ બનાવી. જોકે એ સમયે પણ રાજપૂતોમાં માંસાહાર સામાન્ય હતો એ જોતાં કુમારપાળે કરેલો માંસાહારનો ત્યાગ અગત્યનો ગણાય. એની સમાજ ઉપર અસર થઈ હોય એ સ્વાભાવિક છે. 'મહિરાજ પરાજય' નામે નાટકમાં અંક-૪માં કુમારપાળના વંશજો સદા માંસ ભક્ષણ કરતા અને કુમારપાલે પણ પોતાના દેશાંતર ભ્રમણ દરમિયાન માંસ ઉપર નિભાવ કરેલો એમ જણાવ્યું છે. તે સમયે મદ્યપાનનો રિવાજ સામાન્ય હતો.

સિદ્ધરાજની માતા મયણલ્લા (મીનળદેવી) એ સગર્ભાવસ્થાના છેવટના દિવસોમાં મદ્યપાન બંધ કર્યું હતું એવી નોંધ હેમચંદ્રએ 'દ્વયાશ્રય' કાવ્યમાં સ્વાભાવિકતાથી કરેલી છે, એ બતાવે છે કે રાજકુલની સ્ત્રીઓમાં પણ મદ્યપાન વ્યાપક હતું.

સુલતાન અલાઉદ્દીન ખલજીએ ગુજરાત જીતી લીધું ત્યારથી અણહિલવાડ પાટણ મુસ્લિમોની રાજધાની બન્યું. એટલે કે ઈ.સ. ૧૩૦૪થી એનો અમલ શરૂ થયો. એ વખતે હિન્દુ સમાજમાં મુખ્યત્વે નિરામિષ ભોજન પ્રચલિત હતું. જોકે મોટાભાગના ક્ષત્રિયો ને નીચી ગણાતી કોમોના લોકો ક્યારેક સામિષ ભોજન (માંસાહાર) કરી લેતા.

નિરામિષ ભોજનમાં ઘઉં, ચોખા, બાજરો અને ચણાની વાનગીઓ વિશેષ બનાવાતી. સાધારણ લોકોના ખોરાકમાં રોટલા, ખીચડી, ઘેંશ, દાળ, ભાત મુખ્ય હતાં. તેઓ શાકના બદલે અથાણાનો ઉપયોગ કરતા. ખીચડી સાથે દહીં વાપરવામાં આવતું. ઉચ્ચ વર્ગના લોકો રોટલી, ભાખરી, પૂરી, દાળ - ભાત અને જાતજાતનાં શાકભાજી ખાતા ને દૂધ, દહીં, માખણ અને ઘી તથા તેલનો છૂટથી ઉપયોગ કરતા.

તે વખતે મિષ્ટાનમાં લાડુ લોકપ્રિય હતા. આ વખતની 'જિમણવાર પરિધાન વિધિ' નામની ગુજરાતી કૃતિમાં લાડુની ૩૬ જેટલી જાતોનાં નામ મળે છે. ઉપરાંત ખાજાં, ઘેબર, સુખડી, વેઢમી, લાપસી, ખીર, ઘારી, ચૂરમું, ખાજલી, ગુર પાપડી, ગુંદર પાક, મહિસુફ, સક્કરપારા, દૂધપાક, કોહલાપાક, નાળિયેર પાક, પીપરીપાક, ઈન્દ્રરસાં, જલેબી, ફેણી, મગજ, શીરો, તીલ-સાંકળી વગેરેનો ઉલ્લેખ મળે છે. કેટલાકની બનાવવાની વિધિ પણ આપી છે. ફરસાણમાં ઢોકળાં, ઈડરી (ઈડલી) કે ઈદડાં, ખાંડિમી (ખાંડવી), વિવિધ પ્રકારના વડાં, વડી, પૂડલા, પાપડ વગેરે ઉપરાંત સુંવાળી, મઠો, દહીંથરા, બાટી, કુલેરનો ઉલ્લેખ મળે છે.

જાતજાતના લીલા - સૂકા મેવા અને વિવિધ પ્રકારનાં શાકભાજીનાં નામ અને તે તૈયાર કરવાની વિધિ પણ જાણવા મળે છે. લગ્ન અને બીજા ધાર્મિક પ્રસંગોએ થતા મોટા જમણવારોમાં પહેલા લીલો તથા સૂકો મેવો, પછી લાડુ, ખાજાં વગેરે મિષ્ટાન્ન, વડાં વગેરે ફરસાણ અને ત્યારબાદ રાયતાં, શાક, દાળ-ભાત વગેરે પિરસાતાં. પીવા માટે સુગંધિત પાણી અપાતું. એને સુગંધિત બનાવવા માટે એમાં કપૂર, આંબલી, એલચી, કાથો, કેવડો, ખાંડ, ચંદન, દ્રાક્ષ વગેરે નાખવામાં આવતાં. જમ્યા પછી મુખવાસમાં તાંબૂલ (પાન) ખાવાનો રિવાજ હતો. લોકો પાનના ઘણા શોખીન હતા.

ગુજરાતી મુસલમાનો માંસાહાર તો કરતા પરંતુ એ સાથે એમના ખોરાકમાં ખીચડી ખાસ રહેતી. અમદાવાદ અને સૌરાષ્ટ્રમાં રાત્રે ખીચડી ખાવાનો રિવાજ હતો. સુરતમાં સવારના ખીચડી ખાવાની પ્રણાલી હતી. રાત્રે ખીચડી ખાવાનો રિવાજ ઘણા વખતથી ચાલ્યો આવે છે. અહમદ શાહ ૧લો તથા હજરત શેખ અહમદ ખટ્ટ બંને રાત્રે ખીચડી ખાતા હતા. એ ઉપરાંત સમોસા, મીઠાઈઓ અને ખાંડ, ઘી, ચોખાની વાનગી ખાવાનો શોખ વિશેષ હતો. સુલતાન મુજફ્ફર ત્રીજાના સમયમાં લોકો નાસ્તામાં મીઠાઈ ખાતા હતા. જમી રહ્યા પછી પાન અને અત્તર લેવાનો રિવાજ હતો.

મુઘલો સત્તા પર આવ્યા પછી ગુજરાતના મુસ્લિમ સમાજના ઉચ્ચ વર્ગ માટે ભોજન એ વૈભવ-પ્રદર્શનનું સાધન બની ગયું હતું. તેઓ પ્રાતઃકાળે અલ્પાહાર (નાસ્તો) લેતા, મધ્યાહ્નને ભોજન કરતા અને સાંજે વાળુ કરવામાં આવતું. ત્રણેય વખતનું ભોજન ઠાઠમાઠથી કરવામાં આવતું. ત્રણેય સમયે ઉત્તમ ખાદ્ય પદાર્થોની સાથે મેવા-મીઠાઈ પણ લેવામાં આવતી. મુસ્લિમો માંસાહાર કરતા, તેઓ સુગંધીદાર બિરંજ બનાવતા : જેવા કે કાબુલી, દુઝાદ બિરયાની, પુલાવ વગેરે. વળી હલવો તો એમની માનીતી મીઠાઈ હતી. પાળેલાં તેમજ જંગલી પશુઓનું માંસ તળીને, શેકીને કે સૂપ બનાવીને તેઓ ખાતા. તેતર, બતક અને સસલાનું માંસ રોજના આહારમાં લેતા. પરદેશી પ્રવાસી મેન્ડેલસ્લોએ ગુજરાતના સૂબેદારે આપેલ એક જ્યાફતનું વર્ણન કર્યું છે એ ઉપરથી તે સમયના ઉચ્ચ વર્ગીય મુસ્લિમોના ખોરાકની વાનગીઓનો ખ્યાલ આવી શકે છે.

**નિરામિષ ભોજનમાં ઘઉં, ચોખા, બાજરો અને ચણાની વાનગીઓ વિશેષ બનાવાતી. સાધારણ લોકોના ખોરાકમાં રોટલા, ખીચડી, ઘેંશ, દાળ, ભાત મુખ્ય હતાં**

સર ટોમસ રો લખે છે કે મુસ્લિમ અમીર-ઉમરાવો પોતાના ભોજનમાં સામાન્ય રીતે ૨૦ વાનગીઓ તૈયાર કરાવતા હતા. ખાસ પ્રસંગોએ ૫૦ જેટલી વાનગીઓ બનતી હતી. એ ઉપરાંત ફળ લેવાતાં એ વધારામાં.

આમ તો શરાબ એટલે કે દારૂ પીવો એ મુસલમાનોને વર્જ્ય છે, છતાં ખોરાકની સાથે શરાબ લેવાનું સર્વસામાન્ય હતું. ઘણા ગુજરાતી મુસ્લિમો શરાબ કરતાં અફીણ લેવાનું વધુ પસંદ કરતા. ભોજન પછી કાથો, ચૂનો અને સોપારીવાળું પાન ખાવાનો સામાન્ય શિરસ્તો હતો. શ્રીમંતો અને અમીરોના પાનમાં કપૂર અને કસ્તુરી વગેરે નાખવામાં આવતાં.

મધ્યમ વર્ગના લોકો બે વખત પેટ ભરીને ભોજન કરી શકતા હતા. તેઓ એમના ભોજનમાં રોટલી, પૂરી, પરોઠા,

શાક, દૂધ, દહીં, ઘી, માખણ, તેલ વગેરેનો ઉપયોગ કરતા. તહેવારોના દિવસોમાં મેવા, મીઠાઈ અને ફરસાણનો ઉપયોગ થતો.

ગરીબ લોકો દિવસમાં માત્ર એક જ વખત ભોજન લઈ શકતા. ખીચડી, દહીં અને અથાણું એમનો રોજિંદો ખોરાક હતો. ખીર એમનું મિષ્ટાન ગણાતું. આ કાલ દરમિયાન આવેલ બધા જ મુસાફરોએ ખીચડીનો ઉલ્લેખ કર્યો છે. ખીચડીમાં થોડુંક મીઠું અને મળી શકે તો સહેજ માખણ તેમાં નાખીને તેઓ ખાતા હતા. શહેનશાહ જહાંગીર ખંભાત ગયા ત્યારે એણે પણ ખીચડીનો સ્વાદ માણ્યો હતો.

પછીના પરિવર્તિત થયેલા સમયમાં આવી મહત્ત્વની બાબતો જેવી કે ખોરાક, પોશાક, ધાર્મિક તહેવારોની ઉજવણી, રમત ગમતો, પડદા પ્રથા તથા સ્ત્રી કેળવણી વગેરેમાં કોઈ નોંધપાત્ર પરિવર્તન થયું જણાતું નથી. એ જ પ્રમાણે ભોજનમાં પણ ચાલ્યા આવતા પરંપરા પ્રમાણેના ખાનપાન ચાલુ રહ્યાં. અંગ્રેજોના સમયમાં પણ એ સ્થિતિ ચાલુ રહી.

આપણા અત્યારના ભોજનમાં વિવિધ રસો અને સ્વાદનું મહત્ત્વ વધ્યું છે. અનેક પ્રકારના ભોજન જે મુસ્લિમ બાદશાહો અને અમીરો લેતા એનું અનુકરણ દેશી રાજવીઓએ કર્યું. જે ભોજન રાજમહાલયો અને મોટા શેઠ-શાહુકારોને ત્યાં જ જોવા મળતું તે હવે ઊંચા પ્રકારની ફાઈવ સ્ટાર હોટલમાં ઊતરી આવ્યું છે. વળી રસ્તા ઉપરની કંદોઈની દુકાનોમાં, જાતજાતની મીઠાઈઓ આવી ગઈ છે. એમાં હવે કારખાનાઓ પણ કૂદી પડ્યા છે. વિવિધ પ્રકારના અથાણાંઓથી માંડીને જાંબુ, ઈડલી, ઢોસા, ગોટા જેવી તાત્કાલિક બનાવી શકાય એવી વિવિધ વાનગીઓ બનાવવાનાં તૈયાર પેકેટો બજારમાં મૂક્યાં છે, જેને કારણે આજની ગૃહિણીઓની જુદી જુદી વાનગીઓ શીખી, તેના માટેની સામગ્રી લાવી તેને ખાંડી, નિશ્ચિત પ્રમાણમાં મિશ્ર કરવાની કે તે બધી સામગ્રી ખરીદ કરવાની કડાકૂટ બચી ગઈ છે. એવો જ બીજો જમાનો ફાસ્ટફૂડનો આવ્યો છે. થોડી જ વારમાં તૈયાર કરી શકાતા આ ભોજનનું પ્રાબલ્ય હાલ તુરત તો મોટાં નગરો અને વૈભવી ઘરો પૂરતું મર્યાદિત રહે તેમ લાગતું નથી. ટીવી ઉપરની લલચામણી જાહેરખબરોની જાળમાં કોણ ફસાઈ જશે તે કહેવું મુશ્કેલ છે.

આમ છતાં સામાન્ય લોકોની આદતમાં ધરખમ ફેરફારની શક્યતા બહુ ઓછી જણાય છે. કેટલીક બાબતો નિત્ય ભોજનમાં રૂઢ કહેવત રૂપે જીવનમાં વ્યાપી ગયેલી છે. દા.ત. ભોજનાન્તે પીબેત્ તક્રં, તક્ર શક્રસ્ય દુર્લભમ્ અર્થાત્ ભોજન પછી છાશ પીવી. છાશ એ ઈન્દ્રને પણ દુર્લભ છે. એ જ પ્રમાણે મુસાફરી કે યાત્રા કરતી વખતે સામાન્ય માનવી કયા પ્રકારનું ભોજન લઈ, વૃક્ષોની શીતળ છાયામાં, વાવમાંથી પાણી ભરી એવી રીતે ટીમણ કે ભોજન કરતો તેની અનેક વાતો કથા વાર્તાઓમાં સચવાયેલી છે. લોકગીતો પણ એનાથી અલિપ્ત રહી શક્યા નથી. વિવિધ પ્રકારના ભોજનનો ઉલ્લેખ લોકગીતોમાં પણ મળે છે. દા.ત. મેં તો દૂધ-સાકરનો શીરો કર્યો રે લોલ, તાંબાના તાસમાં ટાઢો કર્યો રે લોલ... એ જ પ્રમાણે લાપશી, દૂધપાક તેમજ અન્ય ભોજનના ઉલ્લેખો પણ સચવાયેલા છે. એ જોતાં લાગે છે કે ગુજરાતનું ભોજન એ ગુજરાતીઓની નસનસમાં ફેલાયેલું છે.

અને છેલ્લે છેલ્લે 'ફૂલછાબ' દૈનિકની રવિપૂર્તિમાં નિયમિત રીતે 'આહાર-વિહાર' કૉલમ લખતા ડૉ. પ્રીતિ દવે ગુજરાતી વાનગીઓ વિશે ચટાકેદાર લખ્યું છે એનો આસ્વાદ માણીએ :

''ગુજરાતી એટલે 'દાળ-ભાતિયા' એમ હવે કોઈ ચીઢવે તો બેઝિઝક કહી દેજો કે દાળ-ભાત એટલે બેસ્ટ ક્વૉલિટી પ્રોટીન. અનાજ અને કઠોળ સાથે રાંધીએ એટલે પ્રોટીનની ગુણવત્તા વધી જાય આવો સાયન્સનો સિદ્ધાંત ભલે આ સદીમાં શોધાયો પણ આપણા વડવાઓ તો સદીઓથી દાળ-ભાત, ખીચડી, વેઢમી, ઢોકળાં, કઢી-ભાત જેવા ગુડ ક્વૉલિટી પ્રોટીન કોમ્બો એન્જોય કરતા આવ્યા છે. ગુજ્જુ રસોઈમાં રોટલી - પરાઠામાંય પૂરતી વેરાયટી મળે. સાદી જાડી રોટલી, પાતળી ફૂલકા રોટલી, વણતી વખતે તેલ લોટ ભભરાવીને બનાવાતી સ્પેશિયલ પડવાળી રોટલી, રોટલીને શેકીને કડક બનાવો એટલે ખાખરો, રોટલીમાં મજેદાર મસાલો નાંખે એટલે થેપલાં, નાના થેપલાંને તળી લો એટલે પૂરી, થેપલાંને ઉકળતી દાળમાં વઘારો એટલે દાળ-ઢોકળી, થેપલાંમાં લીલી ભાજી એટલે ઢેબરાં, ઢેબરાં ઉપર માખણનો લોંદો એટલે માખણિયાં ઢેબરાં, બાજરાની રોટલી એટલે રોટલો, રોટલામાં ભાજી લસણ ભરો એટલે ભરેલો રોટલો, રોટલીમાં ગળી તુવેરદાળ કે ચણાદાળનો માવો ભરો એટલે પૂરણપોળી કે વેઢમી... રોટલી, શાક, ફરસાણ અને મીઠાઈના આવા તો અનેક અવનવા અને એન્ડલેસ ટેસ્ટી કોમ્બિનેશન એટલે જ ગુજ્જુ વાનગીઓ.... ગુજ્જુ ફૂડ એટલે સ્વાદના શોખીનો માટે આહાહાહા.... અને વાનગીઓનું લિસ્ટ તો એટલું લાંબુ કે દુનિયાના કોઈ પણ માસ્ટર શેફને વાંચીને ચક્કર આવી જાય અને એય પાછી હેલ્ધી, ટેસ્ટી અને શત-પ્રતિશત શુદ્ધ શાકાહારી.''

*''પૂર્વાલય'', ૮- પરિમલ સોસાયટી, સરદાર સોસાયટી પાછળ, દાળમિલ રોડ, સુરેન્દ્રનગર. મો. ૯૪૨૭૬ ૮૬૦૦૬*

# લૂંટી લીધો

*- ડૉ. અશોક નારાયણ*

માલિકે કહ્યું, તું મને લૂંટી લે , હું તને લૂંટી લઉં. ફેર એકચેન્જ ઈજનો રોબરી... અભ્યાસીએ વિચાર્યું કે આ તો ફાયદાકારક સોદો છે. .મારી પાસે છે જ શું? લૂંટી લેવા દો માલિકને... માલિક પાસે આધ્યાત્મિકતાનો અણમોલ ખજાનો છે.

ઠીક છે મને મંજૂર છે. માલિકે કહ્યું: હું મોટો છું... હું પહેલા લૂંટીશ. ઠીક હે માલિક, પહેલે આપ લૂંટ લીજીયે.

પીસ તો શું અભ્યાસી લૂંટાઈ ગયો. એનું બધું જ જતું રહયું. અને જયારે અભ્યાસીએ માલિકને લૂંટવા વિચાર્યું તો માલિકે ફટ દઈને જવાબ દઈ દીધો.

મારી પાસે કશું છે જ નહીં. મારી પાસે જે કાંઈ હતું તે તો મારા ગુરુ મહારાજે લૂંટી લીધુ. અભ્યાસી એ કહ્યું કે તમે તો તમારા ગુરુ મહારાજને પણ લૂંટી લીધા હશે. એમણે પણ મેં તમને જે કહ્યું તે મને પણ કહી દીધું. પછી અભ્યાસીને મળ્યું શું? કશું જ નહીં.

માલિકે તો સાફ સાફ કહી દીધું કે અહીં મળતું કશું નથી. ઉલટાનું જે છે તે પણ છીનવી લેવામાં આવે છે. લૂંટી લેવામાં આવે છે. આવી લૂંટમાર બાપદાદાઓના વખતથી ચાલતી આવે છે. માલિક કહે છે હું બધું જ આપી ચૂકયો છું હવે પરત લેવાનો સવાલ જ નથી. કેમકે આમાંથી મેં આધ્યામિક પ્રવાસની કિંમત ચૂકવી છે. હવે મારી કોઈ બચત જ નથી કે કોઈને આપી



**વાત સાફ છે જે કાંઈ ઘરમાં છે તેના માલિક મા-બાપ છે અને તે વસ્તુના ઉપયોગ માટે આજ્ઞાની જરૂર રહે છે. જ્યારે તે અલગ ઘર વસાવવાનું વિચારે ત્યારે વાત અલગ છે**

શકું અને એટલે જ કોઈ મારી પાસે ફરકતું નથી. પણ મેં કદી એવું નથી વિચાર્યું કે ગુરુ મહારાજની આધ્યાત્મિક સંપદા મારી નથી. જેમકે બાળક મા-બાપના ઘરમાં રહે છે અને દરેક વસ્તુને પોતાની સમજે છે એ જ રીતે હું પણ દરેક વસ્તુ મારી જ સમજું છું...

વાત સાફ છે. જે કાંઈ ઘરમાં છે તેના માલિક માબાપ છે અને તે વસ્તુના ઉપયોગ માટે આજ્ઞાની જરૂર રહે છે. જયારે તે અલગ ઘર વસાવવાનું વિચારે ત્યારે વાત અલગ છે. અમારો હાલ એ છે કે અલગ ઘર વસાવીએ તો પાસે કશું જ ન રહે. જયારે હૃદય જ અમારું નથી તો પછી અમારું શું? અને અમારી આધ્યાત્મિક સ્થિતિ પણ શું? જો ઘર ન વસાવીએ તો માલિક પણ પોતાના અને તે વસ્તુ પણ પોતાની. આવશ્યકતા અનુસાર કશુંક સોંપી દેવામાં આવે... જેમકે બાળક ભૂખ્યું થાય તો માબાપ તેને જમવાનું આપી દે. કપડાં આપે. બજારમાંથી જરૂરી વસ્તુઓ લાવવા પૈસા પણ આપે. માલિક જે કાઈ આપે છે તે સુખ દુઃખ હોય કે પછી કામ સોંપી દે.. જે ઉપભોગ માટે આપ્યું તે તો છેવટે ખતમ થઈ જાય. કામ કરવા માટે સોંપાયેલ આધ્યામિકતા જેવા કામો પૂરાં થઈ જતાં માલિકને પરત થઈ જાય છે. અમારી બાકી રહી જાય એવી કોઈ વસ્તુ રહેતી નથી. એટલે તો માલિકે કહ્યું કે અહીં મળતું કશું જ નથી... માલિક તો આપણને ખિસ્સા ખર્ચ પણ નથી દેતા. શા માટે આપે? જેટલી જરૂરત હોય એટલું તો તે આપે જ છે. જે વધે છે તેમની પાસે પરત થઈ જાય... હવે એનું તે શું મહત્ત્વ કે માલિકે કોને કેટલું સૌપ્યું. જેને જેટલી જરૂરત હતી એટલું તેને આપ્યું.

જયારે આપણે નાના હતા ત્યારે તો આપણે કોઈ વાતની ચિંતા કરતા ન હતા. જયારે વરસાદ બહુ હોય ત્યારે નાના ઘરમાં મારી બા ચિંતા કરતી કે કપડાં કેવી રીતે સુકાશે.. આપણને ચિંતા હતી? કપડાં સુકાય કે ન સુકાય તો મા કઈક કરશે જ... મને કયાં ચિંતા હતી.. ઊલટા વરસાદ



હોય તો ધમાલ કરવાની મજા રહેતી... કપડાં ભીના મા થોડી પહેરાવે..? કપડાં ફાટી જાય તો નવાં લઈ આવે, યા રફૂ કરાવે, જખ મારીને જે કરવું હશે તે કરે. હવે માબાપની જગ્યા માલિક લઈ લે તો કેવું? માલિકને પ્રાર્થના કરીએ કે આપણને નિર્દોષ બાળક જ રાખે જેથી કોઈ ચિંતાને અવકાશ જ નહીં...માલિક જે કાંઈ આપે તે ભોગવી પછી ભલે ને કશું જ બાકી ન રહે..માલિક જે કાંઈ કામ આપે તે કુશળતાથી કર્યે જવાનું. આમ થવાથી કદીયે બસ નાબાલીગ થવાનો વિચાર જ ન આવે. બાળક થઈને આપણે કોઈના કામના જ નહીં રહીએ...


**માલિકને લૂંટવાનો સરળ રસ્તો તો એ છે કે આપણે માલિક ના જ થઈ જઈએ પછી આપણું કશું રહે જ નહીં. માલિકે તો કહ્યું જ છે કે હું તો પહેલેથી જ તમારો છું**

માલિકને લૂંટવાનો સરળ રસ્તો તો એ છે કે આપણે માલિક ના જ થઈ જઈએ પછી આપણું કશું રહે જ નહીં. માલિકે તો કહ્યું જ છે કે હું તો પહેલેથી જ તમારો છું. મારી કોશિશ તો એ જ કે તમે પણ મારા થઈ જાવ. લૂંટી લેવું એટલું મુશ્કેલ છે જ નહીં કે આપણાને લૂંટવા... માલિક તો આપણને લૂંટવા તૈયાર છે પણ આપણે સહમતિ આપીએ તો બને ને..?ગુલામી પણ માલિક જ શિખવાડશે. પણ આપણે શીખવા આતુર હોવા જોઈએ... અસલ ઉદ્દેશ તો માલિકને ઝડપથી પ્રાપ્ત કરી લેવા. બાકી ચીજો સાથે આપણે શી લેવા દેવા? ભઈ પ્રેમ તો એમ જ કહે છે એ પણ માલિકને સોંપી દેવામાં આવે. એ જેવું ચાહે તેવું કરે. અગર માલિક જ હુકમ આપે કે બોલો તમારે શું જોઈએ? તો પછી જે જોઈએ તે લઈ લ્યો જે થાય તે ખરું...

લોકો કહે છે કે મહેનતનું ફળ મીઠું હોય છે. અમારા માટે તો એક જ મીઠું ફળ છે. - માલિકની પ્રાપ્તિ.. જો સાંસારિક સુખોથી લલચાવવામાં આવે તો બધી તપસ્યા વ્યર્થ જ થાય. તમે કહેશો કે આ બધું કહેવું તો સહેલું છે કરવું કઠિન. આ બિલકુલ બરાબર છે. તેમની સહાયતા વગર તમારી પ્રાપ્તિ મુશ્કેલ જ ગણાય.માલિકે વચન આપ્યું છે મદદ કરવાનું. પછી કંઈ મુશ્કેલી જે સરળ ન હોય પ્રવાસ સાચે જ લાંબો છે, અનંત છે. પણ માલિક પાસે પણ અનંત શકિત છે. માલિકના થઈ જવાનો પાક્કો ઇરાદો હોવો જોઈએ. અને તેમના સ્મરણને સહેજે દૂર કરવું જોઈએ નહીં.પછી દરેક વાત સરળ છે.

અભ્યાસી ફરી માલિકને લૂંટવા ચાલ્યો. માલિક લાખ વાર કહે છે કે તેમની પાસે કશું છે જ નહીં. આધ્યાત્મિક શકિત, સંપદા, જ્ઞાન ન ઐશ્વર્ય... હું તો એક બુઝાઈ ગયેલ દીપક માત્ર છું. મારી પાસે પરવાના કેમ આવે? નાનક બુઢે બેલ કો કૌન ભુસ દે. હું મટી ચૂકયો છું અભ્યાસીએ કશું જ સાંભળ્યું નહીં. માલિક, આપની પાસે કશું હોય કે ન હોય હું તો તમારી પાસેથી જ લઈશ અને અભ્યાસીએ માલિકને લૂંટી લીધા. માલિક સસ્મિત કહે, હું તો પહેલેથી તારો હતો બસ તારી સમજમાં ફેર છે. એ જ થયું ને જે માલિક ચાહતા હતા?

*પ્લોટ નં. ૮૫૨,*
*સેકટર-૮, ગાંધીનગર.*



# લોકગીતોના તારલા ટમટમાવતી 'રઢિયાળી રાત'

*- નીલેશ પંડ્યા*

ગુજરાત પાસે ઓખાથી મહુવાનો દરિયો ભરાઈ જાય એટલાં લોકગીતો છે. સદીઓ સુધી આ સાહિત્ય કંઠસ્થ રહ્યું, કંઠ પરંપરામાં જળવાયું પણ એકાદ સૈકાથી તે ગ્રંથસ્થ થવા લાગ્યું છે. લોકગીતોને સંશોધિત કરી, સમારી, સંપાદિત કરીને ગ્રંથસ્થ કરવાનું શ્રેષ્ઠ કામ કોઈએ કર્યું હોય તો એ સૌરાષ્ટ્રના સપુત,રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીએ...! ને એ પછી પણ આ કામ થતું રહ્યું. જયમલ્લ પરમાર, પુષ્કર ચંદરવાકર સહિતના સંશોધકો, સંપાદકો દ્વારા 'રઢિયાળી રાત' થકી મેઘાણીભાઈએ ગુજરાતને, ગુજરાતીઓને લોકગીતોનાં સાચાં સ્વરૂપો આપ્યાં અને લોકગીતોનો અસલી સ્વાદ ચખાડ્યો એમ કહેવામાં અતિરેક નહિ ગણાય.

'લોકગીતો માત્ર શુષ્ક ગ્રામીણ જોડકણાં નથી પણ લોકઆત્માનું અંતરતમ સૌંદર્ય ઝીલનારી કાવ્યકૃતિ છે. લોકગીતો જનતાના આત્માનાં સૌંદર્યઝરણાં છે' -એવું મેઘાણીજીએ લખ્યું છે. તેમને લોકગીતોની અપારશક્તિનો પરિચય થયો ને લોકગીતોનું શ્રવણ, સંપાદન, સમાર્જન કરી સને ૧૯૨૫માં પોતાનો પ્રથમ લોકગીત સંગ્રહ 'રઢિયાળી રાત' ગૂર્જર ગિરાને ચરણે ધર્યો.

**'લોકગીતો માત્ર શુષ્ક ગ્રામીણ જોડકણાં નથી પણ લોકઆત્માનું અંતરતમ સૌંદર્ય ઝીલનારી કાવ્યકૃતિ છે. લોકગીતો જનતાના આત્માનાં સૌંદર્યઝરણાં છે' -એવું મેઘાણીજીએ લખ્યું છે**

'રઢિયાળી રાત'ના પહેલા ભાગની પારાવાર સફળતાને પગલે મેઘાણીજી પ્રોત્સાહિત થયા અને ઈ.સ.૧૯૨૬માં બીજો અને ઈ.સ.૧૯૨૭માં ત્રીજો ભાગ બહાર પડ્યો. પછી પંદર વર્ષના અંતરાલ બાદ ચોથો ખંડ સને ૧૯૪૨માં આવ્યો. હા, એ વાત કહેવી અતિ આવશ્યક છે કે 'રઢિયાળી રાત'ના પ્રથમ ખંડની સાત આવૃત્તિ પ્રગટ થઈ. બીજા ખંડની સાત, ત્રીજાની પાંચ તો ચોથા ખંડની બે આવૃત્તિ નીકળી હતી. સમય વીતતાં ચારેય ખંડોનું એક દળદાર સંકલિત પુસ્તક બન્યું જેમાં ૬૦૦થી વધુ લોકગીતો સંગ્રહિત થયાં છે. આ બૃહદ આવૃત્તિમાંથી તેમના પુત્રો અશોક મેઘાણી અને જયંત મેઘાણીએ ૯૫ અદ્ભુત લોકગીતો તારવીને લઘુ આવૃત્તિ બનાવી. ટૂંકમાં મેઘાણીભાઈએ પ્રથમ વખત લોકગીતોનો દરિયો આપણા આંગણે ઘૂઘવતો કર્યો.

મૂળ અમરેલી જિલ્લાના બગસરા (ભાયાણી)ના વતની ઝવેરચંદ કાળીદાસ મેઘાણીનો જન્મ ૨૮ ઑગસ્ટ ૧૮૯૬ના રોજ ચોટીલામાં અઘોરવાસ ગણાતા પોલીસ કવાર્ટરમાં થયો હતો. પિતાજી પોલીસ ખાતામાં ફરજ બજાવતા હોઈ, બદલીપાત્ર નોકરીને લીધે તેઓ રાજકોટ, પાળિયાદ, લાખાપાદર, અમરેલી, ભાવનગર, જૂનાગઢ જેવાં ગામોમાં ભણ્યા હતા.

રાજકોટની સદરમાં આવેલી પ્રાથમિક શાળામાં બાળમેઘાણીએ અભ્યાસ જીવનનો શુભારંભ કર્યો. તેઓ પહેલું ધોરણ આ શાળામાં ભણ્યા હતા. એ શાળા હાલ મહાનગરપાલિકાની શાળા નંબર ૮ કે ઝવેરચંદ મેઘાણી શાળા તરીકે જાણીતી છે. આ શાળામાં હવે રાજ્ય સરકારે સુદર્શનીય મ્યુઝિયમ પણ બનાવ્યું છે. મેઘાણીજીનું એ વખતનું શાળા રજિસ્ટર હજુ અહીં ઉપલબ્ધ છે ! એ વખતે મેઘાણી પરિવાર હાલના પ્રદ્યુમ્નનગર પોલીસ ક્વાર્ટરમાં રહેતો હતો.

અમરેલીની ફોરવર્ડ હાઈસ્કૂલમાં મેટ્રિક થઈને ભાવનગરની શામળદાસ કૉલેજમાં સંસ્કૃત અને અંગ્રેજી વિષય સાથે ગ્રેજ્યુએટ થયા પણ વચ્ચે એક સેમેસ્ટર માટે જૂનાગઢની બહાઉદ્દીન કૉલેજમાં અભ્યાસ કર્યો ત્યારે તેમના સહાધ્યાયી ગુજરાતી ભાષાના મહાન સાહિત્યકાર ગૌરીશંકર ગોવર્ધનરામ જોશી 'ધૂમકેતુ' હતા.

કિશોરાવસ્થાથી જ કવિતાસર્જન કરનારા મેઘાણી યુવાવયે ત્રણેક વર્ષ કલકત્તા રહ્યા, જ્યાં બંગાળી સાહિત્યનો ગહન અભ્યાસ કર્યો અને અંતે વતનનો 'દુર્નિવાર સાદ' સાંભળી બગસરા આવ્યા ને નજીકના હડાળા ગામના દરબાર વાજસુર વાળાના સંપર્કમાં આવતાં લોકસાહિત્યની લગની



લાગી. જીવનનિર્વાહ માટે લીંબડી નજીકના રાણપુરથી પ્રગટ થતા અમૃતલાલ શેઠના 'સૌરાષ્ટ્ર' અખબારમાં જોડાયા. 'સૌરાષ્ટ્ર'માંથી 'રોશની' અને એમાંથી 'ફૂલછાબ' તથા એ જૂથના મુંબઈથી નીકળતા 'જન્મભૂમિ' અખબારના માધ્યમથી મેઘાણીએ ભરપૂર સાહિત્ય-લોકસાહિત્ય પીરસ્યું. ઝવેરચંદ મેઘાણી એટલે લેખક, કવિ, પત્રકાર, લોકસાહિત્ય સંપાદક, સંશોધક, લોકગાયક, સ્વાતંત્ર્યસેનાની, સુધારક...

ઝવેરચંદ મેઘાણીને પ્રારંભે લોકગીતોમાં રસ ન્હોતો પડ્યો પણ એક દિવસ એવો ઊગ્યો ને રાત એવી આવી કે બસ, તેઓ લોકગીતોના પરમપ્રેમી બની ગયા. લોકગીતો માટે અહીંતહીં રખડ્યા, અનેકાનેક લોકગીતો સાંભળ્યાં, ટપકાવ્યાં, સુધારાવધારા કર્યા, મેળ બેસાડ્યા, લોકગીતો ગાયાં અને 'રઢિયાળી રાત' જેવો ઉત્તમોત્તમ ગ્રંથ આપ્યો !

પોતાને લોકગીતોની લગની લગાડનાર પોરબંદર પંથકના બગવદર ગામનાં ઢેલીબહેન મેરાણી સાથેની ૧૯૨૪ની સાલની એક મુલાકાત વિશે મેઘાણીભાઈ નોંધે છે કે,' મને લોકગીતોની લગની પોરબંદરના બરડા મહાલના બગવદર ગામની એક મેરાણી બહેન ઢેલીએ લગાડી. ગયેલો કથાસાહિત્ય માટે પણ આંટો નિષ્ફળ લાગ્યો. મેરાણીઓના રાસડા પ્રત્યક્ષ સાંભળવા મન કર્યું, નાસીપાસ થયો. અંતે એક બહેન મળી જેણે પોણીરાત જાગીને એ સંભળાવ્યા...

**મેઘાણીજીએ ઢેલીબહેનનું ઋણ સ્વીકારતાં 'રઢિયાળી રાત'નો ચોથો ભાગ તેમને અર્પણ કર્યો ને 'પોતાના લોકગીત પ્રેમી પ્રાણની જનેતા' કહીને તેમને નવાજ્યાં**

...એ રાત નહિ ભૂલું.અંધારી રાત હતી,એક મેર ઘરની ઓસરીમાં ગ્યાસલેટના દીવાની જ્યોતે બેસી,મેં લોકગીતના મારા સંશોધનનું મંગલાચરણ કર્યું હતું. એ શુકન કરાવનારાં ઢેલીબહેન... બહેન ઢેલી અને એના પતિ આખો દિવસ ખેતરનું કામ કરીને થાકીને લોથ થયેલાં. સૂસવતે શિયાળે મારી પાસે પરોઢ સુધી બેસી રહ્યાં. બહેન ઢેલીએ એક પછી એક ગીતો ગળામાંથી ઠાલવ્યાં ને હું ટપકાવતો ગયો. એ ગીતોએ લોકગીતોની સૃષ્ટિ પ્રત્યેનું મારું વલણ નક્કી કરી નાખ્યું.

મેઘાણીજીએ ઢેલીબહેનનું ઋણ સ્વીકારતાં 'રઢિયાળી રાત'નો ચોથો ભાગ તેમને અર્પણ કર્યો ને 'પોતાના લોકગીત પ્રેમી પ્રાણની જનેતા' કહીને તેમને નવાજ્યાં. લોકસાહિત્ય સંશોધક અને ઇતિહાસવિદ શ્રી નરોત્તમ પલાણે વર્ષો પહેલાં ઢેલીબહેનની મુલાકાત લીધી ત્યારે મેઘાણી પોતાને ઘેર આવ્યા એનાં સંભારણાં ઢેલીબેને વાગોળ્યાં હતાં.

'રઢિયાળી રાત'ના અમૃતમાં ઝબોળેલાં ૬૦૦થી વધુ લોકગીતોને મેઘાણીભાઈએ જુદા જુદા વિભાગોમાં વહેંચ્યા છે. જેમાં : દામ્પત્યનાં ગીતો, ઈશ્કમસ્તીનાં ગીતો, વિનોદ ગીતો, કજોડાનાં ગીતો, કુટુંબ સંસારનાં ગીતો, રસગીતો, મુસલમાની રાસડા, રમત-રાસડા, કાનગોપીનાં ગીતો, ઋતુગીતો, જ્ઞાનગીતો, રમકડાં, ઇતિહાસગીતો, ગીતકથાઓ, નવરાત્રિનાં જોડકણાં અને નાવિકોનાં ગીતો સમાવિષ્ટ છે.

આજે આપણે જાહેર કાર્યક્રમોમાં, રેડિયો-ટી.વી., કેસેટ, સીડી, ડીવીડી કે યૂટ્યૂબમાં જે લોકગીતોનું શ્રવણ કરીએ છીએ એમાંથી મહત્તમ લોકગીતો 'રઢિયાળી રાત'માં સંપાદિત થયેલાં છે. જેમકે, રાધાજીના ઊંચાં મંદિર નીચા મોલ, ચાંદો ઊગ્યો ચોકમાં ઘાયલ, મેંદી તે વાવી માળવે, સોના વાટકડી રે કેસર ઘોળ્યાં વાલમિયા, માડી હું તો બારબાર વરસે આવિયો રે, સવા બશેરનું મારું દાતરડું રે લોલ, આવી રૂડી અજવાળી રાત રાતે તે રમવા નીસર્યા રે માણારાજ, જોબનિયું આજ આવ્યું ને કાલ જાશે, દાદા હો દીકરી વાગડમાં ના દેજો રે સૈ, રામ જોવા હાલી રે, સૈયર મેંદી લેશું રે, બાઈજીને આંગણ આંબલો રે સંઘલાલ, કાન તારી મોરલીએ મોહીને, મારાં લે'રિયામાં લાગી લૂંટાલૂંટ.

આવાં લોકગીતો ઢેલીબેન ઉપરાંત મેઘાણીભાઈને ક્યાંથી મળ્યાં હશે ? એનો જવાબ આ રહ્યો : પોતાનાં માતુશ્રી ધોળીબાએ યુવાવસ્થામાં સાંભળેલાં, ગાયેલાં અનેક લોકગીતો યાદ કરી કરીને દીકરા ઝવેરચંદને લખાવ્યાં હતાં. આજે ઘણું જ લોકપ્રિય છે એવું 'ઊભી ઊભી ઉગમણે દરબાર રે કાગળિયા આવ્યા રાજના રે લોલ' પત્ની દમયંતીબેને મરોડદાર સ્વહસ્તાક્ષરમાં લખીને મેઘાણીજીને આપ્યું હતું જેની નકલ આજેય ઉપલબ્ધ છે. આ લોકગીત દમયંતીબેને પોતાનાં જેતપુર સ્થિત માસી સાંકળીબેન શિવલાલ ગોસલિયા પાસેથી શીખ્યું હતું. સાંકળીબેન ભાણેજ જમાઈ ઝવેરચંદ સમક્ષ ગીત ગાતાં સંકોચ અનુભવતાં હતાં એટલે તેમણે દમયંતીબેનને શીખવ્યું હતું !

મેઘાણીના ફ્રેન્ડ, ફિલોસોફર અને ગાઇડ એવા હડાળા દરબાર શ્રી વાજસુર વાળા પાસેથી પણ કેટલાંય લોકગીતો મળ્યાં હતાં તો સાહિત્યકાર રામનારાયણ વી. પાઠકે પોતાની સ્મૃતિ તાજી કરીને અનેક રાસડા લખાવ્યા હતા ને મેઘાણીજીની મુલાકાત ઠાકોર સમાજનાં બહેનો સાથે કરાવી જ્યાંથી ઘણાં લોકગીતો મળ્યાં. રાજકોટની બાર્ટન ફીમેલ ટ્રેનિંગ કૉલેજની વિદ્યાર્થિનીઓ અને શિક્ષિકાઓનાં લોકગીતો, રાસડા તેમણે સાંભળ્યાં હતાં તો ભાવનગરના મિત્ર કપિલભાઈ પરમાનંદ ઠક્કરના ઘેર ઘંટી ચલાવતાં માતા મોંઘીબેન, પત્ની ઉજમબહેન અને બહેન કંચનના મુખેથી પણ લોકગીતો સાંભળ્યાં હતાં.

રાણપુર સ્થિત 'સૌરાષ્ટ્ર' કાર્યાલયનાં મુસ્લિમ બહેન સારબાઈ અને પાડોશી વ્હોરા, ખેડૂત અને મજૂર બહેનો પાસેથી કેટલાંય લોકગીતો મળ્યાં, જે 'રઢિયાળી રાત'માં સમાવી ગુજરાતને સોળવલું સોનું આપ્યું છતાં આ બધી યુગઉપકારક પ્રવૃત્તિ માટે મેઘાણીએ પોતાને 'નિમિત્ત માત્ર' ગણાવ્યા...!

ઝવેરચંદ મેઘાણી પોતે લોકગાયક હતા એટલે તેમની પાસેથી અનેક જનસામાન્યે લોકગીતો સાંભળ્યાં હતાં પણ કેટલાક ખાસ લોકોએ પણ તેમનાં ગીતોને આકંઠ પીધાં હતાં જેમાં એક નામ છે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી...! ઈ.સ. ૧૯૪૪માં ગાંધીજી મુંબઈના જૂહુમાં રોકાયા હતા તેમની મંજૂરીથી મેઘાણીજી પોતાના નવવિવાહિત જ્યેષ્ઠ પુત્ર મહેન્દ્રભાઈ અને પુત્રવધૂ નિર્મલાબેનને આશીર્વાદ અપાવવા લઈ ગયા. ગાંધીજીને એ દિવસે મૌનવ્રત હતું પણ ગીતો સાંભળવાની ઇચ્છા કાગળ પર લખીને વ્યક્ત કરી એટલે સ્વાભાવિકપણે જ મેઘાણીએ દેશભક્તિનાં ગીતો ગાઈ સંભળાવ્યાં તો ગાંધીજીએ ફરીથી લખ્યું કે 'લગ્નગીતો સંભળાવો...'

સને ૧૯૩૩માં ગુરુદેવ રવીન્દ્રનાથ ટાગોર મુંબઈ આવ્યા ત્યારે એમના સાથી વિખ્યાત ચિત્રકાર નંદલાલ બોઝે મેઘાણીને મળવા ભલામણ કરી. સર દોરાબજી ભવન તાતા પેલેસ ખાતે સવારે ૭-૩૦થી ૮ વાગ્યા સુધી, અડધો કલાક મળવાનો સમય નક્કી થયો. મેઘાણીભાઈએ કાઠિયાવાડી ખમીર અને શૌર્યની વાતો કરીને ગીતો લલકાર્યાં અને ગુજરાતી તથા બંગાળી લોકગીતોની તુલનાત્મક વાતો કરતાં ટાગોર ઝૂમી ઊઠ્યા ને નિર્ધારિત અડધો કલાક તો ક્યારનોય પૂરો થઈ ગયો હતો છતાં મેઘાણીભાઈનાં ગીતો ગુરુદેવ સાંભળ્યે જતા હતા. મેઘાણીએ જ્યારે ઓખામંડળના વાઘેર બહારવટિયા મૂળુ માણેકનું 'ના છડિયાં હથિયાર અલ્લાલા બેલી મરણેજો હકડી વાર...' ગાઈને સમજાવ્યું ત્યારે ટાગોર અને નંદલાલ બોઝ બન્ને બોલી ઊઠ્યા કે 'અમારે ત્યાં આવું નથી...!' મેઘાણીજીએ એ મુલાકાત અંગે નોંધ કરતાં લખ્યું છે કે 'તેમણે એક નાજુક વાદ્ય પેઠે પ્રત્યેક ભાવ ઝીલ્યો.'

'રઢિયાળી રાત'માં સંગ્રહાયેલાં લોકગીતો મેઘાણીજીને જે સ્વરૂપમાં મળ્યાં એ જ રીતે તેમણે મૂકી નથી દીધાં. દરેક લોકગીત સાંભળ્યા બાદ તેના પર કેટલી પ્રક્રિયા કરી હતી એ તેમણે ૨૯ જુલાઈ ૧૯૩૭ના 'જન્મભૂમિ'માં લખ્યું હતું...


'મારા સંગ્રહોમાં પડેલાં લોકગીતો શેરીઓમાંથી અથ-ઇતિ તૈયાર અકબંધ સ્થિતિમાં નથી મળી આવ્યાં. એ ગીતોનો જે વેળા લગભગ નાશ થઈ ચૂક્યો હતો તે વેળા હું એની શોધમાં નીકળ્યો. મેં ગામડાં ખૂંદ્યાં. કુટુંબોમાં પ્રવેશ મેળવ્યો. અહીં-તહીંથી મને છિન્નભિન્ન સ્વરૂપે ગીતો મળ્યાં. ટુકડો અહીંથી તો કટકો તહીંથી. સ્વરૂપે વિકૃત, રચનાએ કલાહીન, અર્થે અસંબદ્ધ અને કઢંગા. એવા વેરણછેરણ ટુકડાઓ, એક્કેક ગીતના એક કરતાં વધુ જુદાજુદા પાઠો. તેને મેં પ્રથમ સંઘરી લીધા પછી તેના સાંધા જોડવા પ્રયાસ કર્યો, તેના વિકૃત સ્વરૂપની પાછળ શુદ્ધ સ્વરૂપ કેવું હોઈ શકે તે અનુમાન પર હું આવવા મથ્યો. તેનું શુદ્ધ ગેય સ્વરૂપ મેં ચોક્કસપણે મેળવ્યું. તેની કલ્પના અને છેલ્લે મારી ચાતુરી પણ વાપરી. એ બધું કરી લીધા પછી બંધાયેલું જે અખંડિત સ્વરૂપ મને લાધ્યું તેને મેં મારા સંગ્રહમાં મૂક્યું. ખંડિત ટુકડાઓ અને માટી બનેલા અવશેષોમાંથી તારવીને ઊભાં કરેલાં આ સ્વરૂપો પર પાછાં મેં યુરોપી લોકગીતોના અભ્યાસગ્રંથોના સેવનમાંથી તારવેલી કસોટીઓ લાગુ પાડી !

**ઝવેરચંદ મેઘાણી પોતે લોકગાયક હતા એટલે તેમની પાસેથી અનેક જનસામાન્યએ લોકગીતો સાંભળ્યાં હતાં પણ કેટલાક ખાસ લોકોએ પણ તેમનાં ગીતોને આકંઠ પીધાં હતાં જેમાં એક નામ છે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી...!**

મેઘાણીજીના પૌત્ર પિનાકી નાનકભાઈ મેઘાણી અહર્નિશ પ્રયત્નશીલ રહે છે 'રઢિયાળી રાત'નાં લોકગીતોનો પ્રચાર પ્રસાર કરવા. તેઓ લોકડાયરાના માધ્યમથી ગુજરાતના ખ્યાતનામ લોકગાયકો-લોકગાયિકાઓને બૂક કરીને આ લોકગીતોનો ખૂબ પ્રચાર કરે છે તો નવરાત્રિના દિવસોમાં ગુજરાતનાં અનેક ગામો-શહેરોમાં આ લોકગીતોનું ગાન કરાવે છે.

ટૂંકમાં, ઝવેરચંદ મેઘાણીએ અસંખ્ય 'લોકગીતતારલાં'ને ટમટમાવતી 'રઢિયાળી રાત' ગુજરાતને ખોળે ધરી છે. આટલાં વર્ષોથી 'રઢિયાળી રાત'નો ઉજાસ ફેલાતો રહ્યો છે અને યુગો સુધી ફેલાતો રહેશે.

*'વાણી' ૧, નટરાજનગર,*
*યુનિવર્સિટી રોડ, રાજકોટ.*
*મો. ૯૬૨૪૧૮૧૩૮૭*



# જૂલે વર્નનો ભારત પ્રેમ

*- લલિત બી.ખંભાયતા*

પેટા/ઈન્ટ્રો - વિજ્ઞાનકથા લેખન જગતમાં જૂલે વર્નનું નામ વેંત ઊંચેરું છે. એ જૂલે વર્ને ભારતની ક્યારેય સફર નહોતી કરી, પણ ભારત પ્રત્યેની એમની ચાહના એમની કથાઓમાં દેખાયા વગર રહેતી નથી.

૧૮૬૬ની સાલમાં એક વિચિત્ર બનાવ બન્યો. સમુદ્રમાં અચાનક અજાણ્યું જળચર જોવા મળ્યું. સંશોધકો મૂંઝાયા અને સરકારો ધંધે લાગી. એ તપાસ કરવા સાહસિક વિજ્ઞાની સમુદ્રની સફરે નીકળી પડ્યા. પછી ખબર પડી કે સમુદ્રમાં જે જળચર દેખાય છે એ હકીકતે તો સમુદ્રી વાહન છે. હવે એવાં વાહનો સબમરિન તરીકે ઓળખાય છે પણ ત્યારે એ નામ જાણીતું ન હતું.

કોઈને કલ્પના હોય ત્યારે સમુદ્રમાં જ દિવસો સુધી રહી શકાય એવું વાહન બનાવનારું ભેજું કોણ હતો?

એ હતો કેપ્ટન નેમો.

‘૨૦,૦૦૦ લીગ અન્ડર ધ સી’ એટલે કે સમુદ્રના પેટાળમાં ૮૦ હજાર કિલોમીટરની સફર. લીગ એ અંતરનું માપ છે અને એક લીગ એટલે ૪ કિલોમીટર ગણી શકાય. જૂલે વર્ન (૧૮૨૮-૧૯૦૫)ની એ જગવિખ્યાત વાર્તા છે. ગુજરાતીમાં તેનો ‘સાગર સમ્રાટ’ નામે અનુવાદ થયો છે. તેનો હીરો છે કેપ્ટન નેમો.

પણ એટલી ઓળખાણ પૂરતી નથી. કેપ્ટન નેમો કોણ હતો, ક્યાંનો હતો, શા માટે ધરતીને બદલે સમુદ્ર ધમરોળતો હતો?

જૂલે વર્નના એ બેસ્ટ સેલર પુસ્તકમાંથી તો બધા જવાબો નથી મળતા, પરંતુ પછી ૧૮૭૫માં આવેલા ગ્રંથ ‘ધ મિસ્ટિરિયસ આઈલેન્ડ’માં જવાબ મળે છે. કેમકે એ વાર્તામાં પણ કેપ્ટન નેમો છે. એમાં જ ખુલાસો પણ મળે છે કે નેમો એ મૂળ ભારતનો રાજા છે. જૂલે વર્નની કલ્પના મુજબ ૧૮૭૫ની ક્રાંતિ વખતે મળેલી નિષ્ફળતા પછી એ રાજવીને દુનિયાદારી, રાજ-પાટ, ભોગ-વિલાસ બધામાંથી રસ ઊડી ગયો છે. હવે તેને એક જ વાતમાં રસ છે, સમુદ્રમાં ફરતાં રહેવાનો. એ દરમિયાન પોતાના કેટલાક છૂપા ઉદ્દેશો પણ એ પાર પાડે છે. તેના રજવાડાનું નામ ડકાર છે અને વિસ્તાર બુંદેલખંડ છે. ટીપુ સુલતાનનો એ વારસ હોવાનું પણ જૂલે વર્ને કલ્પનાજગત રચ્યું છે.

સમુદ્રમાં સફર કરવી આજે અઘરી નથી લાગતી. પણ જૂલે વર્ને જ્યારે કથા લખી ત્યારે તો જહાજો પણ મર્યાદિત પ્રકારનાં જ હતાં. પેટાળમાં ડૂબકી મારી શકાય એ તો વિચાર જ વર્ષો દૂર હતો. પણ એ કલ્પના કરી દેખાડી એટલે જ તો જૂલે વર્નને કલ્પના જગતનો કોલંબસ કહેવામાં આવે છે.

કેપ્ટન નેમો એ જગતનું યાદગાર કાલ્પનિક પાત્ર છે. એટલે સમુદ્રમાં આવેલા જમીનથી સૌથી દૂરના સ્થળને પણ ‘પોઈન્ટ નેમો’ નામ અપાયું છે. પ્રશાંત મહાસાગરમાં આવેલા પોઈન્ટ નેમો નામના કાલ્પનિક સ્થળથી નજીકનો ઈસ્ટર ટાપુ ૨૭૦૦ કિલોમીટર આઘો છે. એટલે જ તો પોઈન્ટ નેમોની સૌથી નજીકનું કોઈ સ્થળ ધરતી પર નથી, ઊંચે આકાશમાંથી રોજ રોજ પસાર થતું ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન છે. કેમ કે સ્પેસ સ્ટેશન ૪૦૦ કિલોમીટરના સરેરાશ અંતરે ભ્રમણ કરે છે.

**સમુદ્રમાં સફર કરવી આજે અઘરી નથી લાગતી. પણ જૂલે વર્ને જ્યારે કથા લખી ત્યારે તો જહાજો પણ મર્યાદિત પ્રકારનાં જ હતાં. પેટાળમાં ડૂબકી મારી શકાય એ તો વિચાર જ વર્ષો દૂર હતો**

એ બધું જ મહાત્મ્ય ધરાવતું નામ નેમો ભારતમાં મૂળિયાં ધરાવે છે.

ફ્રાન્સમાં જન્મીને જગત પર છવાઈ ગયેલા જૂલે વર્ને જીવનમાં બહુ ઓછા પ્રવાસો કર્યા હતા. પણ તેના વાચકોને ધરતીના પેટાળ, સાતેય ખંડ, બરફીલી ભૂમિ, પહાડોની ટોચથી લઈને છેક ચંદ્ર સુધીની સફર એમણે કરાવી છે. એમણે કરેલી કલ્પનાઓ પાછળથી સાચી પણ પડી છે.

જૂલે વર્નની ઘણી વાર્તાઓમાં તેમનો ભારત પ્રેમ દેખાયા વગર રહેતો નથી. જૂલે વર્નની સૌથી પહેલી વાર્તા એટલે ‘ફાઇવ વીક્સ ઈન અ બલૂન.’ ગુજરાતીમાં તેના ‘બલૂન પ્રવાસ’ અને ‘બલૂનમાં પાંચ અઠવાડિયા’ એમ બે અનુવાદો થયા છે. છેક ૧૮૬૩માં આવેલી વાર્તા આફ્રિકા ખંડને બલૂનમાં બેસીને ક્રોસ કરવાની રસપ્રદ સાહસ પ્લસ વિજ્ઞાન પ્લસ મનોરંજન કથા છે. બલૂન પ્રવાસ કરનારા સંશોધક-વિજ્ઞાની છે ડૉ. સેમ્યુઅલ ફર્ગ્યુસન. એ એમના નોકર સાથે બલૂન સફરે ઊપડે છે અને સાથે એક મિત્રને પણ લે છે. માથાફરેલા મિત્રનું નામ છે ડિક કેનેડી.

ડિક અને ફર્ગ્યુસન મિત્ર કઈ રીતે બન્યા હતા?

ત્રીજા પ્રકરણમાં તેનો જવાબ આપતાં લખ્યું છે કે બન્ને

ભારતમાં મળ્યા હતા. અંગ્રેજો હતા અને અંગ્રેજ શાસન દરમિયાન ભારતમાં નોકરીએ આવ્યા હતા. બન્ને કલકતામાં સૈનિકો હતા અને એક પલટનમાં કામ કરતા હતા. ત્યાંથી મિત્રો બન્યા અને પછી તો આફ્રિકા ખંડની હવાઈ સફર કરી ડંકો વગાડી દીધો. એ પરાક્રમો પર વાર્તાનાં ૧૦૦ વર્ષ બાદ બે નમૂનેદાર અંગ્રેજી ફિલ્મો પણ બની.

જૂલે વર્નની વધુ એક નોંધપાત્ર અને જગવિખ્યાત થયેલી વાર્તા છે 'અરાઉન્ડ ધ વર્લ્ડ્સ ઇન એઇટી ડે' એટલે કે 'એંસી દિવસમાં પૃથ્વીની પરિક્રમા'. એનોય ગુજરાતી અનુવાદ થયો છે અને ફિલ્મો બની છે. ઈન્ગ્લેન્ડમાં પોતાને માંધાતા માનતા રોયલ સોસાયટીના અહંકારી વિજ્ઞાનીઓને પડકાર આપીને ૮૦ દિવસમાં ધરતી ધમરોળવા નીકળી પડતા સાહસિકની વાર્તા છે. સાહસિકનું નામ છે ફિલિયસ ફોગ અને તેની સાથે જોડાયો છે વફાદાર નોકર જેનું નામ પણ એટલું જ વિચિત્ર છે, પાસપોર્ટ.

ધરતી ફરવા નીકળી પડે તો રસ્તામાં ભારત તો આવે જ ને!એટલે આ વાર્તામાં પણ ભારત આવે છે. ભારતના પશ્ચિમ છેડે થઈને બન્ને ધમાલિયા સાહસિકો પૂર્વ છેડે નીકળી આગળ વધે છે. આ વાર્તામાં મુખ્ય પડકાર ઓછા દિવસોમાં સફર પૂરી કરવાનો છે. એમાં સાહસિકોની મદદે ભારતમાં નવી નંખાયેલી રેલવે લાઈન આવે છે. રેલવે પકડીને જ ફોગ-પાસપોર્ટ ભારતના આ છેડેથી પેલા છેડા સુધી પહોંચી શકે છે.

ફોગ-પાસપોર્ટની ધરપકડ કરવા માટે ઈન્ગ્લેન્ડથી સ્કોટલેન્ડ યાર્ડની ટીમ રવાના થઈ હોય, એ પણ મુંબઈ પહોંચે છે. તો વળી પાસપોર્ટ મલબાર હિલના એક મંદિરની મુલાકાત પણ લે છે. ભારતમાં હાથીની ખરીદી પણ કરે છે અને તેના સંચાલન માટે એક મહાવત પણ નોકરીએ રાખે છે. રસ્તામાં ભારતની સતીપ્રથા જોવાની પણ તેમને તક મળે છે. એમ કરતાં છેવટે કલકત્તા ઊતર્યા પછી ત્યાંથી જહાજમાં સવાર થઈને સફર આગળ ધપાવે છે.

આ સફર એટલી લોકપ્રિય છે કે આજે પ્રવાસીઓ ૮૦ દિવસમાં દુનિયા ઘૂમવા વણચીંધ્યા માર્ગે નીકળી પડે છે. ટ્રાવેલ કંપનીઓ ખાસ એ પ્રકારના પૅકેજ પણ આપે છે.

* * *

જૂલે વર્નની એક વાર્તા આખી ૧૮૫૭ની ક્રાંતિ પર આધારિત છે અને એમાં વળી નાનાસાહેબ પેશ્વા સહિતનાં પાત્રો છે. વાર્તાનું નામ છે 'ધ એન્ડ ઓફ નાના સાહિબ: ધ સ્ટીમ હાઉસ' અથવા 'ડેમોન ઓફ કાનપુર (એ વખતનો અંગ્રેજી સ્પેલિંગ - Demon of Cawnpore)'.વાર્તાનું વધુ એક નામ 'ટાઇગર્સ એન્ડ ટ્રેઇટર્સ'. (વર્નની વાર્તાઓ ફ્રેન્ચમાં લખાઈ. એ પછી અંગ્રેજીમાં આવી. એ પછી ગુજરાતી સહિતની ભાષાઓમાં આવી. માટે તેના નામોમાં વૈવિધ્યનો અને ગૂંચવાડાનો પણ પાર નથી. પણ વાત અલગ થઈ)

સમર્થ અનુવાદક-લેખક-પત્રકાર યશવંત મહેતાએ એ વાર્તાનો 'લોહગજ' નામે અનુવાદ કર્યો છે. લોહ એટલે લોખંડ અને ગજ એટલે હાથી. કેમકે વાર્તામાં એક લોખંડનો બનેલો હાથી જે સ્ટીમ (વરાળ) એન્જિનથી ચાલે છે. એન્જિનથી હાલતો-ચાલતો હાથી હોય એ કલ્પના જ ત્યારે રોમાંચક હતી. હાથી પાછળ વળી ડબ્બો જોડેલો જેમાં રહી શકાય. હિન્દુસ્તાનની સંપૂર્ણ યાત્રા કરી શકે એ માટે અંગ્રેજોએ એ હરતું-ફરતું મકાન તૈયાર કરાવ્યું હતું.

આ વાર્તામાં જૂલે વર્નનું ભારત વિશેનું અજ્ઞાન પણ છતું થાય છે. નાનાસાહેબ વિશે પણ જે લખ્યું છે એ આજે બધાને માફક આવે એવું નથી. પણ વાર્તા તો અંતે વાર્તા હોય છે. અંગ્રેજો વાઘનો બેફામ શિકાર કરતા હતા એ પણ વાત અહીં વણી લેવાઈ છે. જોકે વાર્તામાં લખ્યુ છે કે ડઝનેક વાઘ એક સાથે ઊભા હતા. એ વાત વાસ્તવિકતા સાથે મેળ ખાતી લાગતી નથી. એટલા વાઘ એક સાથે મનુષ્યો સામે આવે નહીં. તો વળી આગળ આવે છે કે સોએક હાથી જમા થયા. એ પણ શક્ય લાગતું નથી.

તો વળી ભારતીયોને ગૌરવ થાય એવું પણ લખ્યું છે: 'નિ:શસ્ત્ર દુશ્મન પર હુમલો કરવાની ભારતીયોની નીતિ રહી નથી.'


* * *

જૂલે વર્ને ખરેખર કેટલાં પુસ્તકો લખ્યાં તેનો ચોક્કસ આંકડો મળવો મુશ્કેલ છે, તેનાં બે-ત્રણ કારણો છે. એક તો તેમનું લખાણ ફ્રેન્ચમાં હતું. એ પછી અંગ્રેજી થયું, એ પછી ભારતમાં ગુજરાતી સહિતની ભાષાઓમાં અનુવાદ થયા. એટલે ફ્રેન્ચમાં મૂળ શું અને કેટલું લખાયુ એ ચેક કરવું અઘરું કામ છે.

બીજું કારણ એ છે કે ઘણી વાર્તાઓ ટૂંકી લખીને એક પુસ્તકમાં સમાવી લેવાઈ હોય. બાદમાં એ વાર્તાઓ સ્વતંત્ર પુસ્તક તરીકે આવી છે અથવા તો અનુવાદ પામી છે. માટે પણ તેની સંખ્યાનો મેળ બેસતો નથી. વર્નના ચાહકો માટે જોકે સંખ્યા મહત્ત્વની છેય નહીં.

મૂળ વાત એટલી જ કે તેમની વાર્તાઓમાં આખુ જગત આવે છે અને એમાં ભારતને વેંત ઊંચેરું સ્થાન આપ્યું છે.

*એ-૫૦૪, શિલ્પ સોલેસ, હિદ્દન સિટી પાસે,*
*આઈઓસી રોડ, ચાંદખેડ, અમદાવાદ–૩૮૨૪૨૪*



જળનૃત્ય
કૌશિક ઘેલાણી
મો. ૯૮૨૪૯ ૪૮૭૩૪



સમુદ્રમંથન
દર્શન પુરાણી
મો. ૭૪૦૫૫ ૦૮૩૨૫



**શ્વેત સૌંદર્ય**

ભાર્ગવીબહેન ભટ્ટ

મો. ૬૩૫૨૮ ૧૭૬૬૨



ટહુકાર
ભાટી એન
મો. ૯૮૨૫૬ ૩૬૦૪૦

# ગુજરાતની સાંસ્કૃતિક વિરાસત : ડાંગ દરબાર

*- ડૉ. અરુણ વાઘેલા*

'વિરાસત' શબ્દનો અર્થ નગરરચના, જીવનશૈલી અને સાહિત્ય સાથે જોડાયેલો છે. વિશાળ ભૂતકાળમાંથી સ્મૃતિઓના રૂપમાં (Legacy)કે સ્થૂળ રૂપથી (Heritage) અકબંધ રહેલી બાબતો કે વસ્તુઓ વારસાનો ભાગ બને છે. સામાન્ય અર્થમાં જોઈએ તો ભવ્ય મહેલો, શિલ્પ, વાસ્તુ-કળાના નમૂનાઓ, તળાવ, ભવન, તહેવારો, ધાર્મિક પરંપરાઓ, સામાજિક રીત-રિવાજો, સાહિત્યની કૃતિઓ, લોકસાહિત્ય અને તેની પરંપરાઓ, લોકજીવનની વિશિષ્ટ રહેણી-કરણી વગેરેને આપણે વારસાના ભાગરૂપે લઈએ છીએ. ભારત જેવા લાંબા ઈતિહાસવાળા દેશમાં ગૌરવશાળી વારસાનું દર્શન સામાન્ય વાત છે. સિંધુ સભ્યતાથી લઈને સ્વતંત્રતાપ્રાપ્તિ સુધીના સમયના ઐતિહાસિક ઘટનાક્રમોમાં ભવ્ય, ગૌરવશાળી અને વૈવિધ્યસભર વારસો નજરે ચડે છે. વાસ્તુશિલ્પના ક્ષેત્રમાં લોહસ્તંભ, તાજમહેલ, લાલ કિલ્લો, સારનાથ, કુતુબમિનાર તો રામાયણ, મહાભારત જેવી સાહિત્ય કૃતિઓ અને દિવાળી, હોળી, નવરાત્રી, દુર્ગાપૂજા, પોંગલ, ઓણમ, ઈદ જેવા તહેવારો, વિવિધ નૃત્યો અને અનેક સાંસ્કૃતિક તત્ત્વો આપણી અણમોલ મૂડી છે. મેદાની વિસ્તારના ભારતના ભવ્ય વારસાની સાથે આદિવાસી સંસ્કૃતિનું પણ સમાંતર અસ્તિત્વ હતું. તેમનાં નાનાં-નાનાં રાજ્યો હતાં. વારસાના સંદર્ભમાં આદિવાસીઓ પાસે ભવ્ય મહેલો, વાસ્તુ-શિલ્પના, નમૂના ન હતા, પરંતુ તેમની વિશિષ્ટ પરંપરા, આદિવાસી લોકસાહિત્ય, લોકવાદ્યો-નૃત્યોની પરંપરાઓ, ભારતીય સાંસ્કૃતિક વારસામાં અનોખી છાપ પેદા કરે છે. અત્રે ગુજરાતમાં સ્થિત ભીલ રાજ્ય ડાંગ દરબારની સાંસ્કૃતિક વિરાસતની ચર્ચા કરવી છે. વિષયની શરૂઆતમાં ડાંગ જિલ્લા વિશે પ્રારંભિક જાણકારી જરૂરી બને છે.

**ડાંગમાં ૧૯૪૭માં ૫૦૦થી વધુ વસતિ ધરાવતું માત્ર એક જ ગામ હતું . હાલમાં ડાંગનો વિસ્તાર ૧૭૭૮ ચોરસ કિ.મી. છે. જેમાં ૩૧૧ ગામો વસે છે. કુલ વિસ્તારમાં ૧૭૦૮ ચો.કિ. મી.જંગલ વિસ્તાર છે**

સ્વતંત્રતા પ્રાપ્તિ સુધી ડાંગ 'અંધારિયા મુલક' તરીકે રહ્યો હતો. ૧૯૪૭ સુધી ડાંગ પ્રદેશનો પરિચય ગુજરાતના પ્રબુદ્ધજનોને પણ પર્યાપ્ત માત્રામાં ન હતો. અત્યારે ગુજરાત રાજ્યના એક જિલ્લાના રૂપમાં રહેલું ડાંગ એક પ્રદેશનું નામ હતું. વિશાળ ભૂગોળ અને ઓછી વસ્તીવાળો આ પ્રદેશ પશ્ચિમ ભારતમાં ગુજરાત અને મહારાષ્ટ્રની સરહદ પર સ્થિત છે. ભૌગોલિક દૃષ્ટિએ ડાંગ ૨૦.૩૯° ઉત્તર અક્ષાંશ અને ૭૩.૨૯° પૂર્વ રેખાંશની વચ્ચે સ્થાન ધરાવે છે. સ્વતંત્રતા પહેલાં ડાંગ ૧૪ ભીલ રાજ્યોનો પ્રદેશ હતો. ૧૮૧૮માં ડાંગની વસતિ ૭૨૫૭ વ્યક્તિઓની આંકવામાં આવી હતી. જે ૧૯૭૧માં ૮૮૦૨૮ અને ૨૦૦૧માં ૧૮૬૭૧૨ થઈ હતી. ડાંગની મુખ્ય વસ્તી આદિવાસીઓની રહી છે. જેમાં ભીલ, કુંકણા, વારલી, ઢોડિયા, કાથુડિયા, વિટોળિયા, નાયકા, દૂબળા, ચૌધરી અને પારઘી જેવાં આદિવાસી જૂથોનો સમાવેશ થાય છે. જે ગુજરાતના અન્ય આદિવાસીઓની માફક છૂટીછવાયી સ્થિતિમાં રહે છે. રસપ્રદ બાબત તો એ છે કે ડાંગમાં ૧૯૪૭માં ૫૦૦થી વધુ વસતિ ધરાવતું માત્ર એક જ ગામ હતું . હાલમાં ડાંગનો વિસ્તાર ૧૭૭૮ ચોરસ કિ.મી. છે. જેમાં ૩૧૧ ગામો વસે છે. કુલ વિસ્તારમાં ૧૭૦૮ ચો.કિ.મી.જંગલ વિસ્તાર છે. અહીં આહવા, સાપુતારા અને વઘઈ મુખ્ય ગામો છે. ડાંગમાં એક તાલુકા પંચાયત અને ૭૦ ગ્રામ પંચાયત છે. ડાંગની પ્રાકૃતિક વિશેષતાઓને ધ્યાનમાં લઈ એક કવિએ લખ્યું છે કે.....

**" ડાંગ જાણે દરિયો,**
**પ્રકૃતિનો ખડિયો,**
**અડોઅડ ટેકરીઓ,**
**અવની પરની પરીઓ "**

તો કોઈએ ડાંગને 'વૃક્ષોનો સમુદ્ર' કહ્યો છે. અહીં સરેરાશ ૮૫ થી ૧૦૦ ઈંચ વરસાદ થાય છે. તેને ધ્યાનમાં લઈને ડાંગને "ગુજરાતનું ચેરાપુંજી" પણ કહેવામાં આવે છે.

ડાંગપ્રદેશનો ઈતિહાસ અંદાજે ૬૦ થી ૭૦ હજાર વર્ષ જૂનો છે. પુરાતત્ત્વશાસ્ત્રીઓ અને સંસ્કૃતિવિદોના મતે ડાંગ પ્રદેશ ગુજરાતનો પ્રાચીનતમ પ્રદેશ છે. પુરાતત્ત્વીય સંશોધનોમાં અહીંથી મનુષ્ય દ્વારા બનેલા પથ્થરના ઓજારો પ્રાપ્ત થયાં છે. ભારતીય પુરાકથાઓમાં પણ ડાંગ પ્રાચીન પ્રદેશ છે. વૈદિક સાહિત્યમાં તેનો ઉલ્લેખ 'નિષાદ' તરીકે



થયેલો છે. ડાંગનું અનુસંધાન પ્રાચીન દંડકારણ્ય સાથે પણ છે. જૈન અનુશ્રુતિ મુજબ દંડકારણ્ય નામ કુંભકરણના રાજા દંડકા પરથી ડાંગ નામ આવ્યું છે. મહાભારતકાળમાં ડાંગ મહત્ત્વપૂર્ણ પ્રદેશ હતો. મહાભારત મુજબ પાંડવ કુમાર સહદેવે દક્ષિણ દિગ્વિજય દરમિયાન સુર્પારકની સાથે દંડકા પ્રદેશ પણ જીતી લીધો હતો. રામાયણ સાથે ડાંગની અનેક અનુશ્રુતિઓ જોડાયેલી છે. લક્ષ્મણ દ્વારા દાનવોનો વધ, સુપર્ણખાના નાક-કાન કાપવાની ઘટના, મારિચનું સુવર્ણમૃગ બની આવવું, મારિચનો વધ, સીતાહરણ વગેરે ઘટનાઓ ડાંગમાં ઘટી હોવાની માન્યતાઓ પ્રચલિત છે. સ્થાનિક લોકમાનસમાં રામાયણ સાથે જોડાયેલી અનેક સ્મૃતિઓ છે. ઉદાહરણ તરીકે ડાંગ પ્રદેશની શબરીવનના રૂપમાં ઓળખાણ, ડાંગી આદિવાસીઓનાં સીતા, અભિમન્યુ, લક્ષ્મણ જેવા નામ હોવા વગેરે. વિશેષ કરીને અહીંના આદિવાસીઓમાં ડાંગી રામાયણ થાળી પર ગાવામાં આવે છે. બાણભટ્ટ કૃત કાંદબરીમાં ડાંગનો ઉલ્લેખ શબરીના નિવાસસ્થાનના રૂપમાં કરવામાં આવ્યો છે. ટૂંકમાં કહીએ તો પ્રાચીન ભારતીય ઈતિહાસમાં ડાંગનું ઐતિહાસિક મહત્ત્વ રહ્યું છે.

**જૈન અનુશ્રુતિ મુજબ દંડકારણ્ય નામ કુંભકરણના રાજા દંડકા પરથી ડાંગ નામ આવ્યું છે. મહાભારતકાળમાં ડાંગ મહત્ત્વપૂર્ણ પ્રદેશ હતો. મહાભારત મુજબ પાંડવ કુમાર સહદેવે દક્ષિણ દિગ્વિજય દરમિયાન સુર્પારકની સાથે દંડકા પ્રદેશ પણ જીતી લીધો હતો**

મુઘલયુગમાં અકબરે જમીનમાપણી કરીને સૂબાઓની રચના કરી હતી. ત્યારબાદ બાગલાણ અને ડાંગના જંગલોનો પ્રદેશ સમેતખાનને સોંપવામાં આવ્યો હતો. તેથી આ પ્રદેશ 'ખાનદેશ' તરીકે ઓળખાયો અને ખાનદેશનો અલગ સૂબો ગુજરાતમાં રચવામાં આવ્યો. જેનો ઉલ્લેખ 'આઈને અકબરી' નામના મુઘલકાલીન ગ્રંથમાં પણ કરવામાં આવ્યો છે. ઔરંગઝેબના સમય સુધી ડાંગ બાગલાણ પ્રદેશનો ભાગ હતો. ઈ.સ. ૧૬૬૪માં શિવાજીએ સુરત પર આક્રમણ કર્યું ત્યારે તેણે ડાંગના લશ્કર્યા આંબા નામની જગ્યા પર પડાવ નાંખ્યો હતો. જ્યાં આજે આહવા પાસે લશ્કરિયા નામે ગામ પણ છે.

૧૮મી સદીમાં ડાંગનો ઈતિહાસ વધુ સ્પષ્ટ બને છે. ગુજરાતમાં મરાઠાઓના આક્રમણથી લઈ બ્રિટિશ સત્તાની સ્થાપના સુધી ડાંગનો ઈતિહાસ સંઘર્ષમય રહ્યો છે. સત્તાની સાઠમારીમાં મરાઠાઓની સાથે અંગ્રેજો સાથે પણ ડાંગી રાજાઓએ સત્તાનો જંગ ખેલ્યો હતો. તેમની લડાઈ સ્વાયત આદિવાસી રાજ્ય ટકાવી રાખવા માટેની હતી. આ મુદ્દે તેઓ વડોદરાના ગાયકવાડો સાથે પણ સંઘર્ષમાં આવ્યા હતા. ઉદાહરણ તરીકે ઑક્ટોબર ૧૭૭૦માં ડાંગ પ્રદેશમાં સમજૂતી કરવા માટે આવેલા ગોવિંદરાવ વાસુદેવ અને તેમનાં પત્ની ગહીનાબાઈને ડાંગના રાજા અભિમન્યુએ હાટગઢના કિલ્લામાં કેદ કર્યાં હતાં. ડાંગી રાજાઓને નિયંત્રણમાં રાખવા ગાયકવાડે ઈ.સ.૧૮૨૫માં દસ હજાર સૈનિકોનું સૈન્ય મોકલ્યું હતું. જેને ગાઢવીના રાજા દેવીસિંહ શિલ્પતે ભૂંડો પરાજય આપ્યો હતો. દેવીસિંહ શિલ્પતે આ જ કારનામું બ્રિટિશ સેના સામે પણ કરી દેખાડયું હતું. તેના શૌર્ય અને પરાક્રમને ધ્યાનમાં રાખીને બ્રિટિશ અધિકારીઓ ડાંગમાં પ્રવેશ કરતાં પહેલાં પૂછતાં હતાં કે, "Is devising silpat still alive? (શું દેવીસિંહ શિલ્પત હજૂ હયાત છે?) ટૂંકમાં દેવીસિંહ શિલ્પત અંગ્રેજો કે બહારના કોઈપણ આક્રમણખોરો વિરુદ્ધ ઢાલ સમાન હતો. ગાઢવીનો શિલ્પત રાજા આજે પણ લોકગીતો દ્વારા ડાંગી પ્રજામાં હયાત છે. ઉદા. તરીકે...

**"ધન ધન ધન ધન વાજત આના ર,**
**(વાજા વગાડતાં શિલ્પત રાજા આવે છે .)**
**રાજા સિલ્પતના નગારકાર આના ર,**
**(શિલ્પત રાજાના નગારચી આવી રહ્યાં છે)**
**ખબર ખરી સુને રાનલા ર,**
**(શાંત જંગલને ખબર પડી.)**
**બરીટીસરસી પલટન આની ર"**
**(અંગ્રેજોની પલટન આવી ચડી છે.)**

ડાંગમાં બ્રિટિશ સત્તાનું અતિક્રમણ ગુજરાત વિજયની સાથે ઈ.સ. ૧૮૧૮માં થયું હતું. તેમની સ્વાર્થી નજર ડાંગનાં સમૃદ્ધ જંગલો પર હતી. આ કુટિલ હેતુને પૂરો કરવા માટે તેમણે ઈ.સ. ૧૮૨૫ થી જ ડાંગી ભીલ રાજાઓને જીતવાના પ્રયત્નો શરૂ કર્યા. લેફ્ટનન્ટ સર જેમ્સ આઉટ્રમે ડાંગ હડપવાનું કારસ્તાન રચ્યુ હતું. તેણે સામ, દામ, દંડ, ભેદની રાજનીતિ અખત્યાર કરી ડાંગી રાજાઓનો વિશ્વાસ સંપાદિત કર્યો. આ ઉપક્રમે ડાંગી રાજાઓને સ્વતંત્ર જાહેર કરી તેમના જંગલોનું વાર્ષિક લીઝ નક્કી કર્યું. તેમના પર સીધી રીતે શાસન ચલાવવાનો પ્રયત્ન પણ ન કર્યો. જેને બ્રિટિશ શાસનની સીધા શાસનને બદલે (Direct Rule) અનૌપચારિક નિયંત્રણ (Informal control)ની નીતિ ગણી શકાય. જે દેશની આઝાદી સુધી બની રહી હતી. જે ભારતના આધુનિક ઈતિહાસમાં અજોડ ઐતિહાસિક ઘટનાક્રમ છે. આ જ સમયે લેફ્ટનન્ટ આઉટ્રમે ભીલ સેનાની રચના કરી, જેની સંખ્યા ૬૦૦ હતી. ઈ.સ. ૧૮૪૨માં ૧૬ વર્ષ માટે અંગ્રેજોએ કુનેહપૂર્વક ડાંગનાં કિંમતી જંગલો પર અધિકાર સ્થાપી દીધો. જેના બદલામાં અંગ્રેજો ડાંગી રાજ્યોને વાર્ષિક ૧૧૨૩૦ રૂપિયા ચૂકવતા હતા. ઈ.સ. ૧૮૬૨માં આ કરાર કાયમી કરવામાં આવ્યો. આ કરારની સાથે ડાંગી લોકોએ જંગલમાં પશુપાલન, અંગત ઉપયોગ માટે લાકડું મેળવવાનો અધિકાર પણ ગુમાવ્યો હતો. જેની વિરુદ્ધ તેમણે ૧૯૦૭,

૧૯૧૧, ૧૯૧૪ માં વિદ્રોહો કર્યા, જે નિષ્ફળ રહ્યા. ડાંગ ઈ.સ. ૧૯૦૨ થી ૧૯૩૩ સુધી સુરતમાં કલેકટર હસ્તક, ઈ.સ. ૧૯૩૬ થી ૧૯૪૩ સુધી વન વિભાગના અધિકારમાં અને ઈ.સ. ૧૯૪૩ થી ૧૯૪૭ સુધી ભારત સરકારના સિવિલ પ્રશાસન વિભાગની દેખરેખ હેઠળ રહ્યું હતું. આમ બ્રિટિશ કાળમાં જયારે આખું ભારત તેમના અધિકાર ક્ષેત્રમાં હતું ત્યારે ડાંગનાં ભીલ રાજયો વિશિષ્ટ પ્રકારની સ્વતંત્રતા ભોગવતાં હતાં. આઝાદી બાદ ભાષાવાર વિવાદો ડાંગ સાથે પણ હતા પણ આખરે ડાંગ ગુજરાત રાજયનું અભિન્ન અંગ બન્યું હતું. ડાંગની અજેયતા નીચેની પંક્તિમાં પ્રતિબિંબિત થઈ છે ....

"અખા દેશ હરવલા, ડાંગ મુલખ નાહી હરવલા" (અંગ્રેજોએ આખા દેશને હરાવેલો પણ ડાંગને નહિ)

ડાંગના યુગયુગીન ઈતિહાસને જોતાં જણાય છે કે ડાંગ પાસે પોતાની આગવી ઐતિહાસિક વિરાસત છે. અહીં રાજગાદીની સ્થાપના કયારે થઈ ? ભીલ રાજયો કયારે અસ્તિત્વમાં આવ્યાં ? તે બાબતે પર્યાપ્ત જાણકારી ઉપલબ્ધ નથી. ઈતિહાસકાર ડેવિડ હાર્ડીમને ડાંગનાં ભીલ રાજયો ૧૪મી સદીમાં અસ્તિત્વમાં આવ્યાં હોવાનું અનુમાન લગાવ્યું છે. તેમણે લખ્યું છે કે બ્રિટિશ પર્યટક જહોન હોકીન્સે ડાંગના ક્રોલી (Croly) મુખ્યા (નાયક)નો ઉલ્લેખ કર્યો છે. જે ડાંગના કીરલી પ્રદેશનો સરદાર હોવાની સંભાવના છે. અંગ્રેજો પૂર્વે સૂરત અને આસપાસના સોદાગરો ડાંગી રાજાઓની પરવાનગીથી લાકડાનો વ્યાપાર કરતા હતા. ભીલ રાજાઓ વણજારાઓ પાસેથી પશુઓ ચરાવવાના બદલામાં પૈસા લેતા હતા. લાકડા પરનો કર એ તેમની આવકનું મુખ્ય સાધન હતું. ઈ.સ. ૧૮૨૫માં ગાઢવીના રાજા દેવીસિંહ શિલ્પતની અંદાજિત વાર્ષિક આવક ૫ હજાર રૂપિયા હતી. ટૂંકમાં ડાંગ અને બાહ્ય વિશ્વ વચ્ચે સામાજિક-આર્થિક વિનિમયનો સર્વથા અભાવ ન હતો.

**સ્વતંત્રતા પહેલાં ડાંગમાં નાનાં-મોટાં ૧૪ રાજ્યો હતાં. જેમાં ગાઢવી, અમલા, દર્ભાવતી, વાસુરાણા, પિંપરી, પાલસવિહાર, દિલબારી અને ઝારખડી વગેરેનો સમાવેશ થતો હતો**

ડાંગ એક પ્રદેશ હતો, ત્યાં નાનાં-મોટાં ૧૪ સ્વતંત્ર આદિવાસી રાજયો હતાં, જેમાં ૧૩ ભીલ અને એક કોંકણી રાજાનો સમાવેશ થતો હતો. રાજાઓની ઓળખાણ તેમના માથા પરની લાલ પાઘડી હતી. રાજાઓની સ્થિતિ વિશે ૧૯૪૭ના એક અહેવાલમાં લખ્યું છે કે ડાંગના રાજા અને નાયક નામ માત્રના શાસકો છે, શૈક્ષણિક રીતે પછાત હોવાને કારણે તેમનો પૂરો કારોબાર પોલિટિકલ એજન્ટ ચલાવે છે. રાજાઓ સામાન્ય ઘરોમાં રહે છે. તેઓ પાકાં ઘરોમાં રહેતા ડરે છે. તેમનું જીવન સામાન્ય આદિવાસીઓ જેવું જ હોવા છતાં તેઓ 'આમના રાજા, આમી કુમાર, આમના રાજ' જેવા શબ્દો દ્વારા પોતાની ખુમારી પ્રગટ કરે છે. એમના વિવાહ સંબંધ રાજયથી રાજય જ થતા હતા. ભીલ રાજાઓમાં બહુપત્નીત્વ સામાન્ય બાબત હતી .

સ્વતંત્રતા પહેલાં ડાંગમાં નાનાં-મોટાં ૧૪ રાજ્યો હતાં. જેમાં ગાઢવી, અમલા, દર્ભાવતી, વાસુરાણા, પિંપરી, પાલસવિહાર, દિલબારી અને ઝારખડી વગેરેનો સમાવેશ થતો હતો. ઉપર દર્શાવેલાં રાજ્યોમાંથી પહેલાં પાંચ રાજા અને બાકીના નાયકનો દરજ્જો ભોગવતા હતા. ડાંગના ભીલ રાજ્યોમાં સૌથી મોટું રાજ્ય ગાઢવી હતું. ૧૯૪૩-૪૪માં ગાઢવી રાજ્યનો વિસ્તાર ૧૭૦.૮૨ ચોરસ માઈલ, ૬૧ ગામડાઓ, ૫૩૪૭ની વસતિ અને મહેસૂલી આવક ૫૪૬૦ રૂપિયા હતી .ભીલ સરદારો સાથે ગાઢ સંબંધ રાખવાવાળા 'બાહુબંધ' ને નામે ઓળખાતા હતા. ઈ.સ. ૧૯૦૯માં જે. એમ. પીટનાગર નામના લેખકે લખ્યું છે કે, "સામાન્યથી લઈ દરેક ભીલ પોતાને રાજા માની તેનું ગૌરવ અનુભવતો હતો. ડાંગના આદિવાસીઓમાં ભીલ અને રાજા આ બે શબ્દો એકબીજાના સમાનાર્થી છે."

ભૌતિક દૃષ્ટિથી જોઈએ તો અન્ય ડાંગી આદિવાસીઓની તુલનામાં રાજાઓ પાસે વિશેષ કશું ન હતું, છતાં તેઓ, લોકો તેમની સાથે આદરપૂર્વક વર્તે તેવી અપેક્ષા રાખતા હતા. રાજા હંમેશાં પોતાની સાથે એક મદદનીશ રાખતો. જે 'કારભારી'ના નામે ઓળખાતો. તે સામાન્ય લોકો અને રાજા વચ્ચે વાતચીતનું માધ્યમ બનતો. દરેક મુલાકાતી રાજાને સન્માન આપતો, રાજાને ભેટસોગાદ આપવી પડતી. રાજા જયારે બહાર નીકળતો ત્યારે દસ-બાર લોકો તેની સાથે રહેતા. રાજા કોઈ ગામમાં રાતવાસો કરતો ત્યારે ઢોલ વગાડી ગામને એની ખબર કરવામાં આવતી. ટૂંકમાં ડાંગી આદિવાસી સમાજમાં રાજાનું સ્થાન ઘણું ગૌરવવંતુ હતું. ઈ.સ. ૧૮૨૮માં ઈસ્ટ ઈન્ડિયા કંપનીના એક અધિકારીએ નોંધ્યું છે કે ગાઢવીના રાજાએ જંગલમાં એનું સ્વાગત કર્યું. રાજા સાથે ૧૫૦ લોકો હતા. જે રાજાથી અંતર જાળવી વર્તુળમાં બેઠા હતા. મુલાકાત દરમિયાન તેણે અફસોસ કર્યો કે સરકાર અને આપને કોઈ ભેટ નથી આપી શકતો, કારણ કે મારા કપડાં, પાઘડી અને સામાન આગમાં સળગી ગયો છે. ત્યારબાદ તેણે પોતાના ભાથામાંથી એક તીર આપી કહ્યું કે આ તીર લઈ તમે હું કહું તે ગામમાં જાવ, ગામવાળા પાસે નવ રૂપિયા માંગજો, બીજું તીર કાઢી બીજા ગામવાળા પાસે પાંચ રૂપિયા માંગવા કહ્યું. અધિકારીઓ રાજાએ કહેલાં ગામમાં ગયા, જયાં તેમને રાજાએ કહેલી રકમ આપવામાં આવી. પ્રસ્તુત વર્ણનમાં ડાંગી રાજાઓના ગૌરવ, અભિમાન, સત્તા અને લોકો પરના પ્રભાવનો પરિચય મળે છે. ૧૯૪૭માં આઝાદી પછી દેશી રાજ્યોનું ભારતસંઘમાં

વિલીનીકરણ થયું. ૧૯૭૦-૭૧માં દેશી રજવાડાઓનાં પેન્શન નાબૂદ કર્યાં. પરંતુ ડાંગી રાજયોના વર્ષાસન વિશિષ્ટ પરંપરાના ભાગરૂપે ચાલું રાખવામાં આવ્યાં. પોલિટિકલ પેન્શન તરીકે ઓળખાતી આ રકમ ખાસ કાર્યક્રમ યોજી ડાંગી રાજાઓને હોળીના તહેવારોમાં આપવામાં છે. પ્રસ્તુત ઉપક્રમ ડાંગ દરબાર તરીકે પ્રસિદ્ધ છે.

ડાંગનાં ભીલ રાજ્યોની રાજકીય-સાંસ્કૃતિક વિરાસતમાં ડાંગ દરબારનું સ્થાન સર્વોપરી છે. સમગ્ર ભારતના રાજકીય-સાંસ્કૃતિક ઈતિહાસમાં પણ ડાંગ દરબાર અજોડ વિરાસત છે. ડાંગ દરબારની અણમોલ વિરાસતને સમજવા માટે તેના પ્રારંભનો ઈતિહાસ અને વિભિન્ન સમયે તેમાં આવેલા બદલાવને જાણવો આવશ્યક છે. આગળ આપણે જોયું કે ડાંગમાં અંગ્રેજ સત્તાનો પ્રારંભ ઘણો સંઘર્ષશીલ રહ્યો હતો. ઈ.સ. ૧૮૩૮-૩૯માં ગાઢવીના રાજા ઉદયસિંહના વિદ્રોહે અંગ્રેજોને ડાંગ વિશે જુદી રીતે વિચારવા મજબૂર કર્યા હતા. આ દરમિયાન થયેલા મંથનમાંથી ડાંગ દરબારનો વિચાર સ્ફૂર્યો હતો. ભીલ એજન્ટ ડગ્લાસ ગ્રેહામે બ્રિટિશ અધિકારીઓ અને ભીલ રાજાઓ વચ્ચે નિશ્ચિત સમયે મુલાકાતની યોજના ઘડી હતી. આવી પહેલી મુલાકાત ઈ.સ. ૧૮૪૩માં થઈ હતી. જેમાં ભીલ એજન્ટ મોરીસ ભીલ સરદારોને પીંપલનેરમાં મળ્યો હતો. ત્યારબાદ આવી વાર્ષિક મુલાકાત નિયમિતપણે થતી રહી હતી. ભીલ એજન્ટ અને ખાસ કરીને ખાનદેશના કલેક્ટર ભીલ સરદારો અને નાયકોને મળતા હતા. જયાં તેમની ફરિયાદોનું નિવારણ કરવામાં આવતું. તેમને અંગ્રેજ સરકાર સાથે સારો વર્તાવ રાખવા માટે સલાહ આપવામાં આવતી અને રિવાજ મુજબ તેમને જંગલના હક્કની રકમ આપવામાં આવતી. પ્રારંભે આ મુલાકાતને 'મુલાકાત' યા 'પરિષદ'નું નામ આપવામાં આવ્યું હતું, ૧૮૭૦ પછી તેને વાર્ષિક દરબારનો દરજજો આપવામાં આવ્યો હતો. ૧૯મા સૈકાના અંત સુધી આવા વાર્ષિક દરબારો પીંપલનેર અથવા ખાનદેશની સરહદના કોઈ ગામમાં આયોજિત થતા હતા. ભીલ રાજાઓ તેમના બાહુબંધો સાથે મોટી સંખ્યામાં આવતા. તેઓ દરબારના સ્થાને રોકાતા, તેમને સરકારી ખર્ચે મોજમજા કરાવવામાં આવતી. ટૂંકમાં, ડાંગના ભીલ રાજા, નાયક અને આમ આદિવાસીઓ નિશ્ચિત સ્થાને એકઠાં મળી સાંસ્થાનિક સત્તા પ્રત્યે આદર અને સમર્પણભાવ પ્રગટ કરે તેવી સ્થિતિ ઊભી કરવાનો આશય ડાંગ દરબાર પાછળ હતો. ટૂંકમાં ડાંગ દરબાર બ્રિટિશ સત્તાનું ડાંગી રાજાઓને નિયંત્રણમાં રાખવા માટેનું એક કાવતરું જ હતું.

બ્રિટિશકાળમાં ડાંગ દરબાર મહત્ત્વપૂર્ણ રાજકીય ઉપક્રમ હતો. દરબારમાં ભીલ રાજાઓને તેમના હકની રકમ ઉપરાંત પાઘડી, વાસણો અને સિરપાવ આપી તેમનું બહુમાન કરવામાં આવતું. બ્રિટિશ શાસન પ્રત્યે વફાદારી દાખવનાર રાજાઓનું વિશેષ સન્માન થતું. ઉદાહરણ તરીકે જંગલમાં આગ નિયંત્રણ કરવામાં, રોગચાળો નિયંત્રિત કરવામાં મદદ કરનાર રાજાઓને પાઘડી પહેરાવવામાં આવતી. પટેલ અને નાયકોને તેમની વફાદારીના બદલામાં કડાં આપવામાં આવતાં. ૧૯૧૦માં પીંપરીના નાયકને જંગલ વિભાગની ઉમદા સેવા બદલ એક બંદૂક ભેટ આપવામાં આવી હતી. ઈ.સ. ૧૯૧૧માં ચીંચલીના નાયકને બ્રિટિશ સરકાર પ્રત્યે વફાદારી દર્શાવવા બદલ સોનાની વીંટી ભેટ આપવામાં આવી હતી. ૧૯૧૩માં ગાઢવી, પીંપરી, દહેજ, ચીંચલી, કીરલી અને વાસુરાણાના રાજાઓને દિલ્હી દરબાર તરફથી ચંદ્રક પ્રદાન કરવામાં આવ્યા હતા. ૧૯૧૪માં બ્રિટિશ શાસન વિરુદ્ધ વિદ્રોહ કરવાવાળા રાજાઓને દંડ અને વફાદાર રાજાઓને સન્માનિત કરાયા હતા. ૧૮૭૬-૭૭માં મહારાણી વિકટોરિયાના રાજયાભિષેક વિધિના પ્રસંગને ડાંગ દરબાર સાથે સાંકળવામાં આવ્યો હતો. ઈ.સ. ૧૯૩૫માં ડાંગ દરબારને શૌર્ય મહોત્સવ દરબારના રૂપમાં ઊજવવામાં આવ્યો હતો. સ્થાનની રીતે ડાંગ દરબાર પીંપલનેર, વઘઈ, આહવા જેવા સ્થળોએ આયોજિત થતો હતો. આજે ડાંગ દરબાર હોળીના દિવસોમાં રંગપંચમીના દિવસે આહવાની 'રંગ ઉપવન' નામની જગ્યાએ યોજવામાં આવે છે.

ડાંગ દરબારનો ૧૮૨ વર્ષનો ઈતિહાસ છે. આવા મહત્ત્વપૂર્ણ ઘટનાક્રમ વિશે સમકાલીન લેખકોએ કશું વર્ણન ન કર્યું હોય તો જ નવાઈ ગણાય. ઈ.સ ૧૯૦૯માં થયેલું ડાંગ દરબારનું આંખે દેખ્યું વર્ણન જોઈએ :" પાંચમી એપ્રિલ ડાંગ દરબારનો દિવસ હતો, એ જોવા માટે અમે બહુ ઉત્સાહી હતા. તમામ તૈયારીઓ પૂરી થયા પછી પોલિટિકલ એજન્ટ મિ. હોડ્ગ્ટને ઊભા થઈ ટૂંકુ પ્રવચન કર્યું. તેણે મદ્યપાનનિષેધનો ખાસ ઉપદેશ કર્યો. ત્યારબાદ રાજાઓને ભેટ-સોગાદો આપવામાં આવી. પટેલ અને અન્ય વિશિષ્ટ લોકોને પાઘડીઓ પ્રદાન કરવામાં આવી. ક્રમાનુસાર ભેટ લેવા આવનાર રાજાને જોવા એ દર્શનીય હતું. રાજાઓએ ભડકીલાં કપડાં અને સુંદર પાઘડીઓ પહેરી હતી. એકબીજા પર ગુલાબજળનો છંટકાવ કરવામાં આવતો હતો. આમ ડાંગ દરબાર સંપન્ન થયો. આ એક એવો પ્રસંગ હતો કે જેનું વર્ણન કરવું મુશ્કેલ હતું."

૧૯૪૭માં રાષ્ટ્રની આઝાદી પછી ડાંગનો વિલય મુંબઈ પ્રાંતમાં થયો. ૧૯ નવેમ્બર ૧૯૫૪ના રોજ ભીલ રાજાઓને તેમના અધિકારોના બદલામાં પોલિટિકલ પેન્શન આપવાનું નક્કી કરવામાં આવ્યું. ૧૯૫૫માં ડાંગના મુખ્ય ચાર રાજાઓને પોલિટિકલ પેન્શનના રૂપમાં ૧૧૭૨૭ રૂપિયા, ૯ નાયકોને

૩૩૫૬ રૂપિયા, ૬૧૫ બાહુબંધોને ૭૧૩૮૮૪ રૂપિયા અને પોલીસ પટેલોને ૬૦ હજાર રૂપિયા તથા ૪૫ હજાર રૂપિયાના વાસણો આપવામાં આવ્યાં હતાં. ઉપરાંત પાઘડી, ખેસ અને તૈયાર વસ્ત્રો પણ વિશેષ સન્માન તરીકે અપાયાં હતાં. ઈ.સ. ૨૦૧૦માં ગુજરાતના રાજયપાલશ્રીના હસ્તે ડાંગી રાજાઓને પેન્શનના રૂપમાં ૧૫ લાખ રૂપિયા આપવામાં આવ્યા હતા. સફેદ વસ્ત્રો અને ઘોડાગાડીમાં સવાર ડાંગી રાજાઓને પેન્શન લેતા જોવા એ દર્શનીય બને છે. સાંપ્રતમાં ડાંગ દરબારમાં સરકારી અધિકારીઓ ઉપરાંત રાજ્ય સરકારના મંત્રીઓ પણ ઉપસ્થિત રહે છે. આ એક દિવસ ભીલ રાજાઓનો બની રહે છે. તેમને તેમની મહાન વિરાસતની અનુભૂતિ કરાવવામાં આવે છે. રાજાઓને બાઅદબ, સંપૂર્ણ રાજકીય સન્માન સાથે રાજકીય વર્ષાસન અદા કરવામાં આવે છે. ૧૯૯૫ના ડાંગ દરબારમાં પીંપરીના રાજાને આવવામાં થોડી વાર લાગી ત્યારે એક અધિકારીએ કહ્યું કે પીંપરીના રાજા શ્રીમાન ભવાનરાવ પવાર હજુ પધાર્યા નથી, થોડા સમયમાં પધારશે, ત્યારબાદ ડાંગ દરબાર શરૂ થશે. થોડી વારમાં પીંપરી નરેશ શ્વેત વસ્ત્રોમાં તેમના બાહુબંધો સાથે પધાર્યા અને ડાંગ દરબાર શરૂ થયો.

ડાંગ દરબાર માત્ર રાજકીય ઉપક્રમ જ નથી, તેની સાથે ડાંગી આદિવાસીઓની આર્થિક અને સાંસ્કૃતિક બાબતો પણ સંકળાયેલી છે. ડાંગ મહત્તમ ગ્રામીણ વસતિ ધરાવતો પ્રદેશ હતો. ડાંગ દરબાર દરમિયાન ભરાતું વાર્ષિક બજાર પણ ડાંગ દરબારનો અભિન્ન હિસ્સો છે. ઈ.સ. ૧૯૦૪માં ડાંગી દરબારના ઉપલક્ષ્યમાં એક હાટ શરૂ થઈ હતી. ત્યાં ડાંગી આદિવાસીઓ વસ્તુ વિનિમયની પદ્ધતિથી ગુંદર, લાકડું, લાખ જેવી વન્ય પેદાશોના બદલામાં બજારુ વસ્તુઓ ખરીદતા હતા. આજે પણ આ પરંપરા યથાવત છે. અંદાજે એક સૈકા જૂની આ પરંપરામાં આજે તો સુરત, વલસાડ, વાંસદા, મુંબઈ અને નાસિક જેવાં સ્થળોએથી વેપારીઓ ખાણીપીણી, જીવન જરૂરિયાતની વસ્તુઓ, મોજશોખની સેંકડો દુકાનો ઊભી કરે છે. લોકો અહીં ત્રણ-ચાર દિવસ રોકાય છે. ડાંગ દરબારમાં ઊભું કરાયેલું બજાર એમની ખરીદીનું મુખ્ય માધ્યમ છે. ડાંગી આદિવાસીઓ પણ ડાંગ દરબારના બજારમાંથી ખરીદી કરી હોળીના તહેવારનો પ્રારંભ કરે છે. આ બજારમાં શું શું ખરીદી શકાય છે તેનું આબેહૂબ વર્ણન એક ડાંગી ગીતમાં જોવા મળે છે :

**"કનચ મહિને ઉનીઓ**
**ફાગુન મહિને ઉનીઓ, બાઈ ફાગુન મહિને ઉનીઆ,**
**કાય કાય ભેટ ઉસીલા, બાઈ કાય કાય ભેટ ઉસીલા ?**
**ખાંભ ભેટ ઉસીલા બાઈ, ખાંભ ભેટ ઉસીલા**
**પાપડ ભેટ ઉસીલા બાઈ, પાપડ ભેટ ઉસીલા**
**તોરણ ભેટ ઉસીલા બાઈ, તોરણ ભેટ ઉસીલા"**

આદિવાસીઓ ઉત્સવ અને મનોરંજન પ્રિય પ્રજા છે. ડાંગ દરબાર દરમિયાન આદિવાસી લોકગીતો, નૃત્ય, સંગીત ખાસ રજૂ કરવામાં આવે છે. તેમના માટે આ બધું કળા નહીં પણ જીવન વ્યવહાર છે. 'ખાઉલા, પીઉલા, નાચુલા' (ખાઓ, પીઓ, નાચો)નું જીવન ગણિત અન્યત્ર ક્યાં જોવા મળી શકે ? ડાંગ દરબારમાં ઠાકર્યા નૃત્ય, ભાયા નૃત્ય, અગ્નિ નૃત્ય, માદલ નૃત્ય, પિરામિડ નૃત્ય, થાળી વાદન, પાવરી વાદન અને તમાશાઓ યોજવામાં આવે છે. ૨૭ પ્રકારના ચાળાઓ (નૃત્યના પ્રકારો)થી ડાંગ દરબાર મનોરંજક બની રહે છે.


સાંપ્રત સમયમાં રાજ્ય સરકારની આરોગ્ય, શિક્ષણ અને આદિવાસી કલ્યાણની યોજનાઓને લોકો સુધી પહોંચાડવા માટેનું મહત્ત્વપૂર્ણ માધ્યમ ડાંગ દરબાર બને છે. સમયના વહેણ સાથે આ ઐતિહાસિક ઉપક્રમમાં વિવિધતા આવી હોવા છતાં ડાંગ દરબાર ગુજરાતની અણમોલ સાંસ્કૃતિક વિરાસત બની રહી છે. ડાંગી આદિવાસીઓ તો એક ડાંગ દરબાર પૂરો થતાંની સાથે આવતા વર્ષના ડાંગ દરબારની રાહ જુએ છે.

**સંદર્ભિકા**


- હાર્ડીમેન ડેવિડ, જંગલ વિસ્તારમાં સત્તાના સંબંધો, સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ, સુરત, ૧૯૮૬
- ચિત્તળે દત્તાત્રેય, ડાંગ એક સમ્યક્ દર્શન, આહવા, ૧૯૭૮
- શાસ્ત્રી કે. કા., પુરાણોમાં ગુજરાતની આદિમ જાતિઓ, અમદાવાદ ,૧૯૯૧
- Campbell Jemse . M(ed.), Gazetteer of the bombay Presidency, Volume xii - Khandesh, Government Central press, bombay, 1880
- વાઘેલા અરુણ, સાંસ્થાનિક ગુજરાતની આદિવાસી ચળવળો, યુનિ.ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ, ૨૦૧૯



*સ્કૂલ ઓફ સોશિયલ સાયન્સ, ગુજરાત યુનિવર્સિટી*
*નવરંગપુરા, અમદાવાદ -૩૮૦ ૦૦૯.*
*મો. ૯૬૩૮૯૮૧૩૮૮*

# ગુજરાતના વિદ્યમાન સંસ્કૃત કવિઓ, અભ્યાસીઓ અને તેમનું પ્રદાન

- *મધુસૂદન વ્યાસ*

સંસ્કૃતમાં શ્લોકોનું સાચું ઉચ્ચારણ કરવું અને સંસ્કૃતમાં વાગ્વ્યવહાર કરવો એ અમુક વર્ગને જ જાણે કે ફાવે છે. પરંતુ આધુનિક સંસ્કૃત કવિઓ પ્રાયઃ અછાંદસ સંસ્કૃત કાવ્યો જ લખે છે. તેથી ગુજરાતી, હિન્દી વગેરે પ્રાદેશિક ભાષાઓના જાણકારોને માટે પણ હવે સંસ્કૃત સદ્યાવબોધી (= તુરંત અર્થબોધ થાય તેવી) બની રહે છે. આને લીધે એક તરફ સંસ્કૃતમાં (સરળ સંસ્કૃતમાં) લેખન કે અભિવ્યક્તિ વધી છે, ઘણા બધા સંસ્કૃત કવિઓ લખે છે. પરંતુ બીજી બાજુ છંદોબદ્ધ સંસ્કૃતમાં આલેખન અતિશય ઘટી ગયું છે. તેમજ સંસ્કૃતના દુરુહ શબ્દોનો વિનિયોગ પણ અતિશય ઘટી ગયો છે. તેમ છતાં છેલ્લાં પચાસ વર્ષના સંસ્કૃત કવિઓનું આલેખન દૃષ્ટિગોચર કરતાં કેવા પ્રયોગો કેટકેટલી વિવિધતાભર્યા થયા છે તેની જાણકારી આશ્ચર્ય ઉપજાવે છે અને નતમસ્તક પણ બનાવે છે. એટલું જ નહિ, ગુજરાતના છેલ્લી અર્ધી સદીના સંસ્કૃત સાક્ષરોનાં પ્રદાનને જોતાં આનંદ અને ગર્વ ઉપજાવે છે.

**"સંસ્કૃત માટે વકીલાત કરવી પડે એ આપણું દુર્દૈવ ગણાય. પણ આ ઇહસુખવાદી, અર્થપરાયણ, યંત્રકેન્દ્રી, ગતિપ્રિય યુગમાં સંસ્કૃતને મોઢાની મીઠાશ મળે છે. સાચો આદર મળતો નથી**

એ પ્રદાનને જોતાં પૂર્વે ડૉ. વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ સંસ્કૃતના અભ્યાસની ન્યૂનતાને આજથી આશરે ત્રણ દાયકા પૂર્વે જે શબ્દોમાં વ્યક્ત કરેલી તે જોવાથી હકીકતનો ખ્યાલ આવશે. કદાચ નિરાશા પણ ઊપજાશે. જોકે વિષ્ણુપ્રસાદજી એ કોઈ નિરાશા વ્યક્ત નથી કરી. અલબત્ત અવતરણ જરા લાંબુ છે પણ મહત્ત્વનું છે તેથી દર્શાવવું જરૂરી છે જુઓ -

"સંસ્કૃત માટે વકીલાત કરવી પડે એ આપણું દુર્દૈવ ગણાય. પણ આ ઈહસુખવાદી, અર્થપરાયણ, યંત્રકેન્દ્રી, ગતિપ્રિય યુગમાં સંસ્કૃતને મોઢાની મીઠાશ મળે છે. સાચો આદર મળતો નથી. આપણા કેળવણી તંત્રમાં એનું સ્થિર આસન નથી. શું કરીએ? સંસ્કૃતથી કંઈ ચાકી ફેરવવાનું આવડશે? અંગ્રેજી શબ્દોના બે-ચાર છાંટાથી આપણો રૂઆબ વધે છે. ને સંસ્કૃત શ્લોકના ઉદ્ગારથી વેદિયામાં ખપી જપાય છે ! અને ભણવાનું પણ કેટલું બધું? ગુજરાતી ભણો, હિન્દી ભણો, અંગ્રેજી તો ભણો જ ભણો. અને બીજા વિષયો તો પાર વિનાના. એટલે કોઈકનો તો ભોગ આપવો જ પડે ! એટલે આ સંયુક્ત કુટુંબમાંથી માતામહી (-દાદી બા) ને ખૂણે બેસાડીને અર્થ ત્રેવડ કરી લીધી છે અને ખૂબી તો એ છે કે આપણી બધી જ ભાષાઓને આ માતામહીએ કશાય ભેદભાવ વિના ખોળે બેસાડી છે."

"સંસ્કૃતમાં જે ચિંતનસત્ત્વ છે, ધર્મભાવના છે, પાંડિત્યનો વિસ્તાર છે, સૌંદર્યનો વિલાસ છે, એમાં જે કુમાશ છે, સૌરભ અને સામર્થ્ય છે એ સૌ વડે ભારત ઓળખાય છે. સંસ્કૃતના સીધા પરિચય વિના ભારતના વ્યક્તિત્વને, ભારતના આત્માને ઓળખવો અશક્ય છે." (સંભવતઃ "દ્રુમપર્ણ" નામે લેખસંગ્રહમાંથી)

સંપ્રતિ સંસ્કૃતના ક્ષેત્રના ગુજરાતના દિવંગત સાક્ષરોનાં નામ સ્મરણ કરીએ તો નીચે મુજબની યાદી કરી શકાય છે.

(૧) પ્રા.ડૉ. જી.સી. ઝાલા (૨) ડૉ. ભગવતીપ્રસાદ પંડ્યા (૩) પ્રા. ઋષિરાજ અગ્નિહોત્રી (૪) પ્રા. ડૉ. એ.ડી. શાસ્ત્રી (૫) આચાર્ય કોન્ડીન્ય શાસ્ત્રી (૬) ડૉ. એમ.બી. જોશી (૭) ડૉ. રાજેન્દ્ર નાણાવટી (૮) ડૉ. લક્ષ્મેશ જોશી વગેરેનાં નામ યાદ આવે છે. જોકે બીજા અનેક દિવંગત સંસ્કૃત કવિઓ હશે પરંતુ બધાનાં નામ વિસ્તારભયે લખી શકાય તેમ નથી.

ગુજરાતના સંસ્કૃતના પ્રાધ્યાપકો અને કવિઓના પ્રદાન વિશે લખવાનું હોય ત્યારે જેમનું નામ અનિવાર્ય રૂપે લખવું ઘટે એવા પ્રા. ડૉ. ગૌરીશંકર સી. ઝાલાનું નામ લખવું ઘટે. તેમણે પોતાની કારકિર્દીનો અધિકાંશ સમય મુંબઈમાં વિતાવેલો. પંડિતા ક્ષમારાવ અને સ્વામી ભગવદાચાર્યના સમયગાળા બાદ તુરંત ડૉ. ઝાલાસાહેબ આવે છે. અલબત્ત મહાનાયક ગાંધીજીના જીવનચિત્ર વિશે સંસ્કૃતમાં ભારત પારિજાત નામે મહાકાવ્ય લખનાર - સ્વામી ભગવદાચાર્ય બ્રહ્મચારી અને ગાંધીમાર્ગના અનુયાયી હતા. તેમજ આઝાદીના સ્વાતંત્ર્ય સંગ્રામમાં પણ તેમનું પ્રદાન હતું.

ડૉ. જી.સી. ઝાલાસાહેબનો સંસ્કૃતની કૃતિઓમાંથી 'ઘટિકાયંત્રમ્' કાવ્ય ખાસ નોંધપાત્ર છે. તેમનો 'સુષ્મા' નામે કાવ્યસંગ્રહ સુખ્યાત છે. તેમનાં છાંદસ કાવ્યો પણ મળી આવે છે. એ જ રીતે પ્રા. ઋષિરાજ અગ્નિહોત્રીના કેટલાક કાવ્યસંગ્રહો મળી આવે છે. તેમજ શાર્દૂલવિક્રીડિત વગેરે છંદોમાં અને અછાંદસ કાવ્યો મળે છે. તે જ રીતે ડૉ. રાજેન્દ્ર નાણાવટી વગેરે કવિઓનાં નોંધપાત્ર કાવ્યો પણ

મળે છે. ઉપરોક્ત ત્રણેય વિદ્વાનોએ અનન્ય કાર્ય સંસ્કૃતના ક્ષેત્રમાં કરેલ છે. તેથી પ્રસ્તુત લેખની ભૂમિકારૂપે તેઓ બંને દિવંગત હોવા છતાં તેમનાં નામ અને કાર્યની નોંધ લીધી છે. કારણ કે તે બધાનું કાવ્ય ક્ષેત્રે પ્રદાન છાંદસ કાવ્યોમાં અને અછાંદસમાં છે.

ગુજરાતના વિદ્યમાન સંસ્કૃત કવિઓમાં પ્રા.ડૉ. ગૌતમ પટેલના શતાધિક ગ્રંથો મળે છે, જેમાં અનુવાદો અને સંપાદનોને બાદ કરતાં સંસ્કૃતમાં કાવ્યો લખેલાં હોય તેવો તેમનો કાવ્યસંગ્રહ પ્રાપ્ત થાય છે જેનું પ્રકાશન - ઈ.સ. ૨૦૧૧માં સંસ્કૃત સેવા સમિતિ દ્વારા થયેલ. કાવ્યસંગ્રહનું શીર્ષક "त्वमपि त्वं न मां विना" અને કાવ્યસંગ્રહના સંપાદક પ્રા.ડૉ. હર્ષદેવ માધવ છે. પ્રસ્તુત સંગ્રહના પાંચમા પૃષ્ઠ પરના કાવ્યનો આરંભિક શ્લોક જુઓ -

**चूर्णायन्ते यदा शब्दा मौनाकाशेस्वयं तदा ।**
**कविता जायते तत्र भाव रूपेण शाश्वती**
**घूमायते यदा यस्य कल्पना हृदये तदा ।**
**छन्दांसि प्रस्फुरन्त्यत्र स्वच्छन्दं छादयन्मुदा ॥**

ઉપર દર્શાવેલ બંને કાવ્ય પંક્તિઓમાં વ્યાકરણની દૃષ્ટિએ નામધાતુના પ્રયોગો ધ્યાનાર્હ છે. चूर्णायन्ते અને घूमायते દ્વારા તેમની કવિ તરીકેની પ્રૌઢતા-પરિપક્વતાનું દર્શન થાય છે સમગ્ર કાવ્યસંગ્રહમાં અનેક ઉત્તમ કાવ્યો મળી આવે છે. જેમાં સાઠ દાયકાના સંસ્કૃત અભ્યાસુ રૂપેના તેમના અધ્યયન-અધ્યાપનનું પ્રતિબિંબ પડે છે.

ડૉ. ગૌતમભાઈ પટેલની અનન્ય સિદ્ધિ એ છે કે તેમણે સંસ્કૃત સેવા સમિતિ, ગુજરાતની સંસ્કૃત સાહિત્ય અકાદમી અને બીજી અનેક સંસ્થાઓ દ્વારા ગુજરાતના ક્ષેત્રનાં નવા કવિઓ, લેખકો, અધ્યાપકો, વિદુષી સ્ત્રીઓ વગેરેને તન-મન-ધનથી મદદ કરી છે અને સંસ્કૃતોત્કર્ષનાં અનેક કાર્યો પૂર્ણ ઉદારતાપૂર્વક કરેલ છે. તેમજ રાષ્ટ્રીય - આંતરરાષ્ટ્રીય સ્તરે ગુજરાતનું પ્રતિનિધિત્વ કરીને ગુજરાતના સંસ્કૃત જગતનો મહિમા કરેલ છે. એક વિદ્યાપુરુષ તરીકે તેમનું પ્રદાન અવિસ્મરણીય છે. વેરાવળમાં સોમનાથ સંસ્કૃત વિશ્વવિદ્યાલય આવેલ છે. તેની સ્થાપનાનું શ્રેય ડૉ. ગૌતમ પટેલને આભારી છે. વિવિધ વિશ્વવિદ્યાલયો દ્વારા ડી.લિટ. પ્રદાન કરીને તેમનું સમ્માન કરવામાં આવ્યું છે તે ગુજરાત માટે ગૌરવની ઘટનાઓ કહેવાય. તેમનું વિદ્યાતપ પ્રેરક છે. "राधापरादेवता" એ નામની કૃતિના સાતસો શ્લોકો તેમણે લખેલ છે. ડૉ. ગૌતમ પટેલના "સદ્ગુરુશતકમ્" શીર્ષકનો ગ્રંથ સોમનાથ યુનિ. દ્વારા મુદ્રિત થઈ રહ્યો છે. कृष्णं परं धीमहि શીર્ષકના શાર્દૂલમાં નિબદ્ધ શ્લોકો રાષ્ટ્રીય સંસ્કૃત સંસ્થાન (દિલ્લી) દ્વારા મુદ્રિત થયેલ છે.

પ્રા. ડૉ. ગૌતમ પટેલ દ્વારા દોઢસોથી વધુ પુસ્તકોનું લેખન કરવામાં આવેલ છે. તેમના વિશે ઘણું લખી શકાય પરંતુ વિસ્તારભયે વધુ આલેખ કરતો નથી.

સંસ્કૃતના અભ્યાસીઓ, કવિઓ, અધ્યાપકો, શિક્ષકો અને લેખકોને પ્રાયઃ સ્વકીય લેખન કે શ્લોકોભિવ્યક્તિ માટે પૌરાણિક કથાનક હાથવગું હોય છે. તે સિવાય ધાર્મિક વિધિ વિધાનો પણ કેટલાક કાવ્યતત્ત્વને કંડારવા માટે ઉપયોગી બની રહે છે. તો કેટલાંક કવિઓ મહાકવિ કાલિદાસ અને ભવભૂતિ વગેરેથી અભિભૂત બનીને કાવ્યાલેખન કરે છે. તો કેટલાંકને આધુનિક વિષયોમાં જ કવિતાને કંડારવાનું ગમે છે. તો વળી, સંસ્કૃત પ્રચારકો ભાષાને સહજ - સરળ બનાવીને જ નાનાં નાનાં ગેય કાવ્યો રચીને સંસ્કૃત ભાષાના પ્રચાર-પ્રસારમાં સ્વકીય પ્રતિભાનો વિનિયોગ કરે છે.

**સંસ્કૃતના અભ્યાસીઓ, કવિઓ, અધ્યાપકો, શિક્ષકો અને લેખકોને પ્રાયઃ સ્વકીય લેખન કે શ્લોકોભિવ્યક્તિ માટે પૌરાણિક કથાનક હાથવગું હોય છે. તે સિવાય ધાર્મિક વિધિ વિધાનો પણ કેટલાક કાવ્યતત્ત્વને કંડારવા માટે ઉપયોગી બની રહે**

પરંતુ વેદકાળથી માંડીને અર્વાચીન સંસ્કૃતમાંથી પ્રેરણા મેળવીને ઊંડા અભ્યાસના આકરા તપ દ્વારા સ્વપ્રતિભાને કેળવીને, સંસ્કૃતાભિવ્યક્તિ કરીને સર્જનાત્મક ઉન્મેષ પ્રગટ કરનારા કવિઓ - લેખકો હંમેશાં અલ્પ સંખ્યામાં જ રહેવાના. અલબત્ત દરેક કવિને સ્વકીય પ્રેરણા ક્યાંથી મેળવવી એ અંગેની રુચિપસંદગીનો હક્ક છે. છતાં ઉચ્ચ પ્રકારની પ્રેરણા મેળવવા માટે ઉન્નત વિચારો પણ અનિવાર્ય છે. અને તે ઊંચા વિચારોને કાવ્યમાં આલેખતી વખતે ભાષાનું પાંડિત્ય દુર્બોધતા વગરનું પ્રગટ થાય એ ભાષાના અભ્યાસુઓ માટે હિતકારી છે.

ગુજરાતના વિદ્યમાન સંસ્કૃત કવિઓની વાત કરી રહ્યા છીએ ત્યારે વયોવૃદ્ધ અને જ્ઞાનવૃદ્ધ, વિદ્વાન પ્રા.ડૉ. વાસુદેવ પાઠક 'વાગર્થ'ને યાદ જરૂર કરવા ઘટે. કારણ કે તેમનું પ્રદાન અર્ધી સદી કરતાંય વધુ સમયથી સંસ્કૃત લેખનના ક્ષેત્રમાં રહ્યું છે. તેઓ સંસ્કૃતના પ્રોફેસર રૂપે સેવારત હતા. ઉપરાંત તેમનાં પત્ની પ્રા.ચંદ્રિકાબેન પાઠક પણ સંસ્કૃતના નિવૃત્ત વ્યાખ્યાત્રી અને વિદુષી છે. કદાચ ગુજરાતમાં વિદ્યમાન સંસ્કૃત અધ્યાપક દંપતી રૂપે તેઓ એકમાત્ર યુગલ હશે. સંસ્કૃત સમેતની પાંચ ભાષાઓમાં કાવ્યાલેખન કરનારા તેઓ એકમાત્ર કવિ ગુજરાતી પ્રજામાં વિદ્યમાન છે. તેમણે ગુજરાતી, હિન્દી, સંસ્કૃત, અંગ્રેજી અને મરાઠી ભાષામાં કાવ્યાલેખન કરેલ છે.

ડૉ. વાસુદેવભાઈ સંસ્કૃતના પ્રચાર-પ્રસાર કરતી બૃહદ્

ગુજરાત નામે સંસ્થામાં સમ્પ્રતિ પ્રધાનમંત્રી છે, સર્વોચ્ચ પદે છે. ઉપરાંત મૂળ અમદાવાદના જૂના વિસ્તારના એક રામજી મંદિરના ટ્રસ્ટમાં પણ સહયોગ કરીને "રામાયણ સેવા સમિતિ" ચલાવે છે. તેમાં રામાયણના પાઠ, ભજનો, સ્તવનો, સંસ્કાર કેન્દ્રો વગેરે ચાલે છે. આમ અધ્યાપક હોવા ઉપરાંત તેમની સંસ્કૃતલક્ષી સમાજસેવા પણ નોંધપાત્ર છે. તેમના પિતાશ્રી પણ સંસ્કૃતના વિદ્વાન હતા આમ તેમની કુલપરંપરા પણ સંસ્કૃતના સંસ્કારો ધરાવે છે. 'પાઠક' રૂપે તેમણે સ્વનામને સાર્થક કરીને નિવૃત્તિ બાદ પણ નિષ્ઠાપૂર્વક અનેક છાત્ર-છાત્રાઓને નિઃસ્વાર્થ ભાવે એમ.ફિલ. અને પીએચ.ડી.ના મહાશોધ નિબંધોના આલેખનમાં સહાય કરી છે.

ઉપરાંત, વર્ષો પૂર્વે તેમનો યુનિ. ગ્રંથનિર્માણ બોર્ડમાંથી પ્રકાશિત થયેલ ગ્રંથ 'ગુજરાતના સંસ્કૃત નાટકકારો' હજુ પણ અભ્યાસુઓને સંસ્કૃત નાટક અને નાટ્યકારો વિશેની પ્રમાણભૂત માહિતી પૂરી પાડે છે. સંશોધકના ઉત્તમ માપદંડોથી લખાયેલ તેમનો ગ્રંથ ગુજરાતના સંસ્કૃતના ક્ષેત્રના નાટ્યકારોને દર્શાવતું મોટું પ્રદાન છે. ડૉ. વાસુદેવ પાઠકે સંસ્કૃતમાં 'ગરબા, કટાક્ષકાવ્યો, મંગલાષ્ટકો, સુભાષિતો વગેરે લખ્યાં છે. ઉપરાંત 'રસબોધ' નામે પંચતંત્રની શૈલીને અનુસરીને લખેલ ગ્રંથમાં પંદરેક કૃતિ છે. તેમની શૈલીનો સર્વાધિક પસંદ આવે તેવો ગુણ સરળ અભિવ્યક્તિ છે. જેને લીધે સહુને સમજાય છે. તેમણે નાની-મોટી અનેક કાવ્યરચનાઓ પણ કરેલી છે. તેમજ પુસ્તકરૂપે પણ એમના નામે આશરે પચાસેક ગ્રંથો હશે. રાષ્ટ્રભાવનાને જાગૃત કરતું એક કાવ્ય અત્રે ઉદ્ધૃત કરવું ઈષ્ટ બની રહેશે.

**मम राष्ट्रम् (काव्यशीर्षकम्)**

**मम राष्ट्रमिदं मधुरं मधुरं मम राष्ट्रमिदं सुखदं सुखदं।**
**शुभभूमिमियं रम्यं रम्यं मम राष्ट्रमिदं स्वर्गादधिकम् ॥**
**रघुनाथ वरैर्यदुनाथ वरैः**
**देवैरपि नाना रूप घरैः**
**वासश्च कृतो ह्याकाश चरैः**
**तरुरूपधरैर्मुदितै मुदितेः**
**इति कारण तो दिव्यं दिव्यं मम राष्ट्रमिदं स्वर्गादधिकम् ॥**

દિલ્લી સાહિત્ય અકાદમી દ્વારા 'હેમચંદ્રાચાર્ય' વિશેની હિન્દીમાં લખેલી તેમની પુસ્તિકા યશોદાયી કૃતિ છે. આકાશવાણી દ્વારા અનેક કાવ્યો-ગરબાઓનું રેકૉર્ડિંગ વગેરે પણ ધ્યાનમાં લેવું ઘટે. સંસ્કૃતના ગુજરાતના સ્વનામધન્ય સર્જકોમાં ડૉ. પાઠક સાહેબ આવે છે. તેમને અનેક પ્રકારના પુરસ્કારો પણ મળેલ છે.

પ્રા. ડૉ. જી.એસ. શાહ (ગોવિંદલાલ એસ. શાહ)ને હમણાં ગુજરાતની સંસ્કૃત સાહિત્ય અકાદમીએ "સંસ્કૃત ગૌરવ પુરસ્કાર" સાથે એક લક્ષરૂપિયા અને સમ્માનપત્ર અર્પણ કરેલ છે. પરંતુ તેમનાં ૫૦-૬૦ વર્ષ સુધીના સંસ્કૃત અને ગુજરાતીમાં આપેલ લેખો, કાવ્યો, પુસ્તકો, અનુવાદિત ગ્રંથો અને છંદશાસ્ત્રના પ્રાચીન ગ્રંથોના અનુવાદોને ધ્યાનમાં લઈએ તો તેમનું નામ સંસ્કૃતના અધ્યાપક અને કવિ રૂપે અવિસ્મરણીય પ્રદાતા રૂપે નિર્દેશી શકાય. જેમનું સંસ્કૃત ઉપરાંત અંગ્રેજીનું જ્ઞાન સારામાં સારું હોય તેવા જૂની પેઢીના વિદ્વાન ડૉ. શાહસાહેબ છે. કેટલાંક વર્ષો પૂર્વે ડૉ. શાહસાહેબ "મહર્ષિ વેદવિજ્ઞાન" અકાદમીમાં પણ સંશોધક રૂપે જોડાયેલા અને ત્યાં પણ સંસ્કૃતનું સંશોધન કાર્ય કરેલ. તેમણે સંસ્કૃત ભાષાની સ્તુતિ નીચે દર્શાવેલ બે શ્લોકોમાં સરસ કરી છે. તેમાં ભાષાકીય પ્રૌઢતા પણ દૃગગોચર થાય છે.

**सुरधनुरिव देशो भारतो विश्वमध्ये**
**सुरधनुरिव रम्या एकता याचनीयाः।**
**न खलु भवत्यन्यद् कारणं एकतायाः**
**अपितु सुरवाणी एकतायाः निमितम् ॥**
**भारत युरोपीय परिवारमन्दिरे संस्कृतभाषा मधुरा च पूर्णा।**
**प्राणै सुपूर्णा प्रतिभानुरूपा विराजते तत्र स्वतेजसा सा ॥**

આમ ડૉ. ગોવિંદભાઈ શાહનું ગુજરાતના સંસ્કૃત કવિઓ - લેખકોના પ્રદાનમાં મહત્ત્વનું પ્રદાન છે. ડૉ. બલદેવાનંદ સાગરસાહેબ વર્ષોથી ગુજરાતથી દૂર દિલ્લી - ગુરુગ્રામમાં રહે છે. પરંતુ ગુજરાત સાથેનો તેમનો નાતો અવિચ્છિન્ન છે. તેઓ ગુજરાત સુધી અનેકવાર સંસ્કૃતના કાર્યક્રમોમાં આવતા રહે છે. વડાપ્રધાનશ્રીના "મન કી બાત" શ્રેણીનાં વક્તવ્યોનું સંસ્કૃતમાં ભાષાંતર તેઓ કરતા રહે છે અને આઝાદી પછી સંસ્કૃતમાં રેડિયો ઉપર જે સમાચારો શરૂ થયા એના પ્રથમ સમાચાર વાચક રૂપે તેઓનું બહુમૂલ્ય પ્રદાન છે. અલબત્ત તેઓ માત્ર સંસ્કૃતના સમાચાર વાચક જ નથી. અપિતુ સંસ્કૃત વ્યાકરણના ઊંડા જાણકાર છે અને ધારાપ્રવાહ રૂપે છેલ્લા છ દાયકાથી સંસ્કૃત બોલે છે તેમજ સહુને વાગ્વ્યવહાર માટે પ્રેરે છે તેઓનો કંઠ મધુર છે તેથી માલકૌંસ જેવા રાગોમાં કવચિદ્ કવચિદ્ સંસ્કૃત શ્લોકો ગાય છે. તેમજ સંસ્કૃતના પ્રચાર-પ્રસાર માટેનાં અનેક ભાષણો એમણે વિભિન્ન સંગોષ્ઠિઓમાં આપેલ છે.

ડૉ. બલદેવાનંદ સાગરનું સંસ્કૃત નાટકોના ક્ષેત્રમાં અભિનય અને લેખનમાં પણ પ્રદાન છે કૉલેજમાં તેઓ ભણતા ત્યારે "એક ટૂટા હુવા તારા" નામે નાટક તેમણે લખેલું. ત્યારબાદ વિદુષી કમલા રત્નમના માર્ગદર્શનમાં બાલચરિત, ચારુદત્તમ્ અને 'મૃચ્છકટિક' વગેરે નાટકોમાં

તેમણે અભિનય કરેલો. વિક્રમવેતાલની કથા પર આધારિત "સોમપ્રભા વિવાહ" નામે એક સંસ્કૃત નાટકનું નિર્માણ અને પ્રસારણ તેમણે ચાર દાયકા પૂર્વે કરેલું. ઉપરાંત નૅશનલ સ્કૂલ ઓફ ડ્રામાના આશ્રયે અભિજ્ઞાન શાકુન્તલ, ભગવદ્દજ્જુકીય અને મુદ્રારાક્ષસ નામે નાટકોના પ્રસ્તુતીકરણમાં સક્રિય ભૂમિકા બલદેવાનંદજીએ નિભાવેલી.

તેમણે અનેક સંસ્કૃત ગ્રંથોના લેખન, અનુવાદ વગેરે દ્વારા સંસ્કૃત સાહિત્યમાં પ્રદાન કરેલ છે તેમજ ગુજરાતનું ઉત્તમ પ્રતિનિધિત્વ કરેલ છે. તેમને અનેક પારિતોષિકો પણ પ્રાપ્ત થયાં છે. તેમાં પૂજ્ય મોરારિબાપુને ત્યાં પ્રાપ્ત થયેલ વાચસ્પતિ પુરસ્કાર ખાસ ઉલ્લેખનીય છે. આવા સંસ્કૃતના મહાન સંરક્ષક અને તપસ્વીને શતશઃ વંદન.

કૉલેજમાં અને વર્ષો સુધી ગુજરાત યુનિ.ના ભાષાસાહિત્ય ભવનમાં સંસ્કૃતનું અધ્યાપન કરાવનાર પ્રા. ડૉ. વસંત ભટ્ટ સાહેબ સંસ્કૃત જગતમાં નિરાળા પ્રાધ્યાપક છે. તેમનાં વ્યાકરણ વિષયક અને અન્ય અનેક ગ્રંથો પ્રકાશિત થયા છે. તેમજ તેમણે બસ્સો પચાસથી વધુ હસ્ત પ્રતોનો અભ્યાસ કરીને "શાકુન્તલ" મૂળ પાઠ સંબંધે સંશોધન કરેલ છે. તેમનાં સાન્નિધ્યમાં બાવીસ જેટલા છાત્ર - છાત્રાઓએ વિદ્યાવારિધી (Ph.D.)નો અભ્યાસ ઉત્તમ શોધપત્રોનું વાંચન કરેલ છે. તેમજ વિવિધ શાસ્ત્રોના નિષ્ણાત રૂપેની સેવાઓ પણ વિભિન્ન પરિસંવાદોમાં આપી છે.

**વાલ્મીકિ રામાયણના બધા કાંડોના અનુવાદનું તેમનું કાર્ય વૈશ્વિક કક્ષાનું છે અને ગુજરાતી સિવાયની પ્રાદેશિક ભારતીય ભાષાઓમાં "રામાયણની સમીક્ષિત" આવૃત્તિનો અનુવાદ થયો નથી**

ભારતના રાષ્ટ્રપતિએ તેમને ઈ.સ. ૨૦૧૮માં 'સર્ટિફિકેટ ઓફ ઑનર' આપેલ છે. ગુજરાત સંસ્કૃત સાહિત્ય અકાદમીએ પણ તેમનું સમ્માન કરેલ છે. ઉપરાંત નાગપુરની કાલિદાસ યુનિ. દ્વારા પણ તેમનું સમ્માન કરવામાં આવેલ. તદુપરાંત અનેક સમ્માનો અને પુરસ્કારો તેમને પ્રાપ્ત થયેલ છે. તેઓ અમદાવાદમાં એમ.એ. ના વર્ગમાં ભાષાસાહિત્ય ભવનમાં ભણાવતા ત્યારે 'રૂપાવૃત્તિ' (સંસ્કૃત વ્યાકરણના રૂપે ગોખવવાનું) પણ કરાવતા. તેમનો સંસ્કૃતપ્રેમ નિરાળો છે.

પ્રા. ડૉ. વિજય ડી. પંડયા - આશરે જેમણે ચાર દાયકા સુધી લુણાવાડા, મુંબઈ, ગોવા અને અમદાવાદમાં સંસ્કૃતનું અધ્યાપન કરાવ્યું. તેમજ સંસ્કૃત જગતના મોટાભાગનાં સમ્માનો, પુરસ્કારો વગેરે જીતી લીધાં એવા ડૉ. પંડ્યાસાહેબ તેમની નિર્નિરાળી શૈલીથી શોભે છે. હાસ્યપ્રધાન એવી તેમની વ્યાખ્યાન શૈલીને લીધે 'વેદાંત' જેવા ગંભીર વિષયને પણ તેઓ હસતા-હસાવતા ભણાવે છે. આશરે પંચોતેર જેટલા તેમના ગ્રંથો થયા છે, જેમાં અધિકાંશ અનુવાદિત ગ્રંથો ઉપરાંત ગુજરાતી, હિન્દી, અંગ્રેજી વગેરે ભાષાઓમાં સંપાદનો-સંકલનો પણ હોય. અંગ્રેજીમાં તેમની થિસિસ છે. ઉપરાંત 'લેખ-સંગ્રહ' પણ છે. વધુમાં 'અનુનય' વગેરે શીર્ષકો ધરાવતા મૌલિક લેખોના સંગ્રહો છે. તેમને રાષ્ટ્રપતિ પુરસ્કાર પણ પ્રાપ્ત થયેલ છે. તેમજ દિલ્લી સાહિત્ય અકાદમીનો "અનુવાદ' પુરસ્કાર તેમના વાલ્મીકિ રામાયણના એક કાંડને ધ્યાનમાં રાખીને (ઈ.સ. ૨૦૨૩)માં અપાયેલ.

વાલ્મીકિ રામાયણના બધા કાંડોના અનુવાદનું તેમનું કાર્ય વૈશ્વિક કક્ષાનું છે અને ગુજરાતી સિવાયની પ્રાદેશિક ભારતીય ભાષાઓમાં "રામાયણની સમીક્ષિત" આવૃત્તિનો અનુવાદ થયો નથી. તેથી પંદર વર્ષ સુધી તેમણે અનુવાદ યજ્ઞ કર્યો છે અને હવે એક પછી એક બધા કાંડ પ્રકાશિત થઈ રહ્યા છે. તેમાં ભારત અને વિશ્વકક્ષાએ પંડ્યાસાહેબનું ગૌરવ છે. તેમના વિશે અભિનંદન ગ્રંથ પણ મુદ્રિત થયેલ છે.

પ્રા.ડૉ. હર્ષદેવ માધવ - સંસ્કૃતના ગુજરાતના સુકવિ ડૉ. હર્ષદેવ માધવનું નામ સમગ્ર ગુજરાત, ભારત અને વિશ્વમાં જાણીતું છે. તેમનાં સંસ્કૃત કાવ્યોનો અનુવાદ અનેક ભારતીય ભાષાઓ ઉપરાંત વિશ્વની અન્ય ભાષાઓમાં પણ થયો છે. અધ્યાપકરૂપે તેમણે ઉત્તમ અધ્યાપન કરાવેલ. તેમજ તેમના કાર્યકાળમાં સંસ્કૃત અને ૬૪ કલાઓ વિશેનો એક સુંદર પરિસંવાદ (રાષ્ટ્રીય સંવાદ) તેમની કૉલેજમાં યોજેલો. અમદાવાદના પાર્શ્વ પબ્લિકેશન દ્વારા તેમનાં અનેક પુસ્તકો પ્રકાશિત થયાં છે. જેમાં અનુવાદ, સંપાદન, સંકલન વગેરે ઉપરાંત તેમના ગુજરાતી અને સંસ્કૃતના કાવ્યસંગ્રહો પણ છે તેમણે 'શ્રીવાણી પ્રકાશન' દ્વારા તેમના અનેક કાવ્યસંગ્રહો સંસ્કૃતમાં પ્રકાશિત કરેલ છે જેના લીધે તેમનું નામ સમગ્ર ભારતમાં અનેક લોકો સુધી પહોંચી ગયું. સંસ્કૃતના અનેક રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કવિ સંમેલનોમાં તેઓનો સ્વર ગુંજી રહ્યો જોઈ શકાય છે.

કાવ્યસર્જન ક્ષેત્રે સતત પ્રવૃત્ત ચિરઉર્વરક એવા ડૉ. હર્ષદેવ માધવને 'કલ્પવલ્લી' અને બીજા અનેક પુરસ્કાર સમગ્ર ભારતમાંથી પ્રાપ્ત થયેલ છે. તેમની નિશ્રામાં અનેક છાત્રોએ વિદ્યાવારિધિનો અભ્યાસ પૂર્ણ કરેલ છે ને અભ્યાસ થકી સંસ્કૃતના અધ્યાપક - અધ્યાપિકા બન્યા છે.

ડૉ. રાધાવલ્લભ ત્રિપાઠીએ ઈ.સ. ૨૦૨૩માં ડૉ. હર્ષદેવભાઈ અને તેમના સંસ્કૃત સુકવિ પુત્ર શ્રી ઋષિરાજજાનીનું સમ્માન ભોપાલમાં કરેલ. તેમના પુત્ર ઋષિરાજભાઈ પિતાની

જેમ સંસ્કૃત અને ગુજરાતીમાં કાવ્યરચના કરે છે અને ગુજરાત સરકાર દ્વારા છેલ્લાં બે-ત્રણ વર્ષથી પુરસ્કૃત થયા છે. ડૉ. હર્ષદેવભાઈનો શ્રીવિદ્યાનો ઊંડો અભ્યાસ છે. તેથી તેમણે 'આદિશંકરાચાર્ય'ના "સૌંદર્યલહરિનાં મંત્ર રહસ્યો" વિશે અમદાવાદમાં ઓમ્ કોમ્યુનિકેશનના આશ્રયે જાહેર વ્યાખ્યાન આપેલ. સંક્ષેપમાં કહું તો હર્ષદેવભાઈએ ગુજરાતની બહાર સ્વકીય સુકવિતા દ્વારા ગુજરાતનું પ્રતિનિધિત્વ કરેલ છે. તેમનાં બે હાઈકુ કાવ્યો નોંધીએ.

**(१) आषाढ स्पर्शः । पृथ्व्यातन्व्याः शरीरे / तृणरोमांचः ।**

**(२) वर्षाकालेऽपि । पल्वलं न त्यजसि । मूर्ख दर्दुरः ।**

આમ ગુજરાતના સંસ્કૃત ક્ષેત્રના પ્રદાન કર્તાઓમાં તેમનું નામ-પ્રદાન ઘણું ઊંચું છે.

कविः कान्तः दर्शिः हः। ભર્તુહરિ નીતિશતકમાં સાચું જ લખે છે કે -

**जयन्ति ते सुकृतिनः रससिध्धाः कवीश्वराः ।**
**नास्ति येषां यशः काये जरामरणजं भयम् ॥**

પ્રા. ડૉ. મણિભાઈ પ્રજાપતિ (મહેસાણા) નું સ્મરણ કરવું એ મારે મન ઋણસ્વીકાર છે, કારણ કે ઈ.સ. ૧૯૮૬-૮૮ દરમ્યાન દ્વારકામાં મારે એમ.એ.નો અભ્યાસ કરવા જવાનું બનેલ ત્યારે તે મણિભાઈ પ્રજાપતિ ત્યાં સંસ્કૃત એકેડેમીના ડાયરેક્ટર રૂપે વિરાજતા હતા. તેમના કાર્યકાળમાં દ્વારકામાં અનેક વિદ્યાકીય કાર્યો સુસંપન્ન થયેલાં, પરિસંવાદો પણ થયા હતા. સ્વભાવમાં મૃદુ, મિતભાષી, નમ્ર અને ઉદાત્ત વગેરે ગુણો ડૉ. મણિભાઈ પ્રજાપતિમાં જોવા મળે છે તેને લીધે કોઈ પણ વ્યક્તિ મસ્તક તેમને વંદન કરી દે છે.

તેમના વિદ્યાવારિધિના વિષયનું પુસ્તક "સંસ્કૃત સ્તોત્રકાવ્ય ઉદ્ભવ, વિકાસ અને સ્વરૂપ' ઘણું ઉત્તમ પુસ્તક છે, જે અનેક લોકોને તેમણે ભેટરૂપે આપેલ છે. ચાર દાયકા પૂર્વેનો તેમનો આ મહાનિબંધ શોધછાત્રોને અને સહુને માટે માર્ગદર્શક બને તેવો ઉત્તમ છે.

સંસ્કૃતના ક્ષેત્રમાં રામચંદ્ર - ગુણચંદ્રનું "નાટ્યદર્પણ' સુખ્યાત છે. આવા વિશિષ્ટ ગ્રંથને વિશેનું વિવેચન ડૉ. પ્રજાપતિસાહેબે કરેલ છે. ઉપરાંત અનેક વિષયોના તેમના શોધપત્રોનાં પુસ્તકો સમયાંતરે પ્રકાશિત થયાં છે અને મોટેભાગે સંસ્કૃત રસિકોને ભેટરૂપે અપાયાં છે. તેમના રસના વિષયો ધર્મદર્શન, પુરાણ, તત્ત્વચિંતન વગેરે છે તેથી એમના માર્ગદર્શનમાં અનેક છાત્રોએ વિદ્યાવારિધિ (ડી.લિટ.)ની ઉપાધિ મેળવેલ છે. આવા છાત્રોની સંખ્યા દસ જેટલી છે. ડૉ. હંસાબેન હિંડોચા નોંધપાત્ર છે. અને ડૉ. હેમરાજ પટેલે પણ સંસ્કૃતના ક્ષેત્રમાં નોંધપાત્ર કાર્ય કરેલ છે. ડૉ. મણિભાઈ પ્રજાપતિને અનેક પુરસ્કારો પ્રાપ્ત થયા છે તેમજ રાષ્ટ્રપતિ પુરસ્કાર પણ મળેલ છે.

પ્રાચાર્ય ડૉ. જયપ્રકાશ દ્વિવેદીનું સૌરાષ્ટ્ર સંસ્કૃત અધ્યાપક મંડળના પ્રમુખરૂપેનું પ્રદાન તો વિશિષ્ટ છે જ. ઉપરાંત દ્વારકાની સંસ્કૃત અકાદમીના ડાયરેક્ટર રૂપે તેમણે દ્વારકાના આંગણે જે જે વિદ્યાકીય કાર્યો કરેલાં છે. તેને ધ્યાનમાં લેતાં પણ ગુજરાતના સંસ્કૃત સંરક્ષકોમાં તેમનું નામ ધ્યાનાર્હ છે. તેમણે શિલ્પસ્થાપત્ય જેવા વિષયોને લઈને છાત્રો પાસે વિદ્યાવારિધિ (ડી.લિટ.)નું કાર્ય કરાવેલ છે. ઉપરાંત રાષ્ટ્રીય પરિસંવાદોનું પણ દ્વારકામાં આયોજન કરેલ છે. તેમના દ્વારા છ જેટલા મૌલિક ગ્રંથોનું આલેખન કરવામાં આવેલ. તેમાં "ન્યાયધર્મના સિદ્ધાંતો અને લોકધર્મ" તેમજ "ભાષા વિજ્ઞાનના સિદ્ધાંતો" ઈત્યાદિ મુખ્ય છે. તેમજ વિવિધ વિષયના નવ જેટલા ગ્રંથો અનુદિત કરેલ છે, જેમાં "યોગવાશિષ્ઠસાર" વગેરે વધુ ઉલ્લેખનીય ગણાય.

તેમને વિવિધ પ્રકારના પુરસ્કારો પણ પ્રાપ્ત થયેલ છે તેમાં મહામહિમોપાધ્યાય, ગુજરાતના રાજ્યપાલશ્રી દ્વારા મળેલ સમ્માન તેમજ સોમનાથ યુનિ.નો વિદ્યાવાચસ્પતિ પુરસ્કાર વગેરે મહત્ત્વના છે. ઉપરાંત ઉત્તરપ્રદેશ સંસ્કૃત સંસ્થાનના "મહર્ષિનારદ ઍવૉર્ડ"ને પણ ધ્યાનમાં લેવો ઘટે.

સમગ્ર દેશમાં વિવિધ વિશ્વવિદ્યાલયો અને અન્ય શિક્ષણ સંસ્થાઓમાં વારંવાર કેળવણી વિષયક પરિસંવાદોમાં સક્રિય રીતે ઉપસ્થિત રહીને તેમણે ગુજરાત અને દ્વારકાનું નામ રોશન કરેલ છે. તેઓ સંસ્કૃતમાં ધારાપ્રવાહ બોલીને અનેક છાત્રોને પ્રેરણા અને પ્રોત્સાહન આપતા રહે છે.

ડૉ. હંસાબેન હિંડોચાનું સંસ્કૃતના અધ્યાપિકા રૂપે દ્વારકા અને રાજકોટમાં ઉપસ્થિત રહેવું અને અનેક વિદ્યાકાર્યોમાં નિમિત્ત બનવું એ શોભાસ્પદ બાબત છે. તેમણે દ્વારકામાં અનુસ્નાતક કક્ષાએ છાત્રોને ભણાવવા ઉપરાંત પીએચ.ડી.ના છાત્રોને માર્ગદર્શન પણ આપેલ. ઉપરાંત રાજકોટના સૌરાષ્ટ્ર યુનિ.ના કાર્યકાળ દરમ્યાન અનેક પરિસંવાદોનું આયોજન કરેલ. તેમજ ડૉ. મનસુખ મોલિયા જેવા વિદ્વાનોને વિદ્યાવારિધિનો અભ્યાસ કરાવીને યુનિ.માં પ્રોફેસર બનાવ્યા. જેના લીધે સંસ્કૃત વિદ્યાની રક્ષા થાય એવી પરંપરા ઊભી કરી. જેના લીધે રાજકોટની યુનિ. દેશના સંસ્કૃત જગતના ધ્યાનમાં આવી.

તેમણે "સંગીતરઘુનંદનમ્" ગ્રંથને ધ્યાનમાં લઈને પીએચ.ડી.નો અભ્યાસ ડૉ. મણિભાઈ પ્રજાપતિની નિશ્રામાં સંપન્ન કરેલ. ઉપરાંત ગીતગોવિંદ - પરંપરાનાં કાવ્યો તુલનાત્મક અભ્યાસ નામે ગ્રંથ કરેલ. વધુમાં કાવ્યશાસ્ત્રના

ગ્રંથરૂપે "સંસ્કૃતસાહિત્યમાં મધુરરસ' શીર્ષકની કૃતિ રચેલ. પ્રકાશન ગાંધીનગરથી સંસ્કૃત સાહિત્ય અકાદમી દ્વારા થયેલ. કાવ્યશાસ્ત્ર વિનોદ, પારિજાત, સંસ્કૃતશોધ સંગ્રહ વગેરે શીર્ષકનાં તેમનાં અન્ય પુસ્તકો પણ પ્રકાશિત થયેલાં. તેમને રાષ્ટ્રપતિ પુરસ્કારથી અલંકૃત પણ કરવામાં આવેલ અને ગુજરાત સંસ્કૃત સાહિત્ય અકાદમીનો સંસ્કૃત ગૌરવ પુરસ્કાર પણ પ્રાપ્ત થયેલ છે. તેમના સાન્નિધ્યમાં પંદર જેટલા છાત્રોએ પીએચ.ડી. કરેલ છે.

સંસ્કૃતના અધ્યાપક ન હોવા છતાં શુદ્ધ સંસ્કૃતમાં બોલીને અનેક સંસ્કૃત શિબિરોનું સંચાલન કરનાર શ્રી સતીષ ગજ્જરની સેવાઓ પણ ધ્યાનમાં લેવી ઘટે. તેમણે એક સંસ્કૃતની નાટયકૃતિનો અનુવાદ પણ કરેલ છે. તેમજ તેમનાં પત્ની, બાળકો વગેરે પણ દેવભાષામાં જ હંમેશાં વાગ્વ્યવહાર કરે છે. આમ "સંસ્કૃત કુટુમ્બકમ્"ની વિભાવનાને સાચી પાડનાર અથવા સાર્થક કરનાર શ્રી સતીષભાઈ ગજ્જર છે.

શ્રી ફૂલશંકર શાસ્ત્રીએ ગાંધીનગરમાં રહીને વર્ષો સુધી પાઠશાળાની પદ્ધતિનું અધ્યયન અને અધ્યાપન કરાવેલ છે. તેમજ ભાગવત કથાનું પારાયણ પણ અનેક સ્થળોએ કરેલ છે. ઉપરાંત તેમણે શાસ્ત્રી અને આચાર્યનો અભ્યાસ કરેલ છે. તેમજ અનેક છાત્રોને સંસ્કૃત શિક્ષણ આપેલ છે. તેમના સુપુત્ર પણ ગાંધીનગરમાં કર્મકાંડ, જ્યોતિષ અને ભાગવતકથા કરે છે. પૂર્વે તેમને રાજયપાલશ્રીના હસ્તે ઍવૉર્ડ પણ સંસ્કૃતના પ્રચાર-પ્રસારના લેખના પ્રદાનને ધ્યાનમાં રાખીને આપવામાં આપેલ છે. તેમણે સંસ્કૃતનો પ્રચાર પ્રસાર કરનારી એક સંસ્થાના ગાંધીનગરના સંમેલન માટે મોટી રાશિ દાનરૂપે અપાવેલી. ઋષિના જેવી દાઢી રાખનાર સંસ્કૃતના અત્યંત સ્વમાની સાક્ષરવર્ય પૂ. ફૂલશંકર દાદાને દંડવત્ પ્રણામ. તેમનું વાત્સલ્ય આ લેખકર્તાને પ્રાપ્ત થયું છે.

શ્રીમતી વૈદેહીબેન અધ્યારુ દ્વારા વીસ વર્ષ સુધી શ્રીમદ્ભાગવતની "શ્રીધરી' ટીકાનું કાર્ય- આલેખન કરવું એ મહાસાગરને ધૈર્યપૂર્વક તરી જવા જેવું દુષ્કર કાર્ય છે. સ્વર્ગસ્થ ડૉ. લક્ષ્મેશ જોશી સાહેબના માર્ગદર્શનમાં તેમણે ઈ.સ. ૨૦૧૬ -૧૭ માં પ્રસ્તુત કાર્ય સંપન્ન કર્યું. જેને લીધે ગુજરાતી ભાષામાં અનુવાદ સમેત શ્રીધરી ટીકા (સંસ્કૃત ભાષામાં) એક જ ગ્રંથમાં પ્રાપ્ત થાય છે. સ્વામી વિદિતાત્માનંદજી અને પ્રા.ડૉ. લક્ષ્મેશ જોશીએ તેમના કાર્યને બિરદાવ્યું છે. ગીતા પ્રેસ (ગોરખપુર) દ્વારા ચાર ભાગમાં પ્રસ્તુત મહાગ્રંથ મુદ્રિત કરવામાં આવેલ છે. તેમ છતાં એની કિંમત ઘણી ઓછી છે. ગુજરાતમાં સંસ્કૃત ગ્રંથોનો આવો અનુવાદ અનન્ય છે અને માટે મોટું પ્રદાન છે. ભક્તિ ભાવપૂર્વક અને નિઃસ્વાર્થપણે શ્રીમતી વૈદેહીબેન દ્વારા કરવામાં આવેલ અનુવાદને ગુજરાતના સંસ્કૃત સાક્ષરોના એક મહદ્ પ્રદાન રૂપે ધ્યાનમાં લેવું ઘટે. 'વિદ્યાવારીધિ" કરનારાં સંસ્કૃતના છાત્ર-છાત્રાઓએ આનું અધ્યયન કરીને સ્વકીય પ્રતિભા વિકસાવવી ઘટે. શ્રીમતી વૈદેહીબેનને વંદન.

પ્રા. ડૉ. બી.એમ. ગાંધીએ આશરે એકાદ દાયકામાં સંસ્કૃત પ્રચારક રૂપે અને સંસ્કૃતના અધ્યાપક રૂપે અનેક સંસ્કૃતલક્ષી કાર્યો કરેલાં છે. તેમાં અનેક શોધલેખોનું આલેખન અને પ્રસ્તુતીકરણ તેમજ પ્રકાશન તેમણે ઉત્સાહપૂર્વક કરાવેલ છે. ઉપરાંત ગુજરાતી સિવાય સંસ્કૃત માધ્યમથી પણ અનેક સત્રોમાં રજૂઆત કરી છે. તેમણે એકાધિક સંસ્કૃત કાવ્યસંગ્રહનું આલેખન અને પ્રકાશન કરેલ છે. તેમજ મહત્ત્વનાં શોધમૂલક વ્યાખ્યાનો આપેલ છે. દેશનાં અનેક સંસ્કૃત સંમેલનોમાં તેમની ઉપસ્થિતિ અને સક્રિયતાને લીધે 'सभेयो युवा' (અર્થાત્ "સભાને સ્વકીય જ્ઞાનઘોષથી ગજવે તેવો યુવાન) બની રહે છે. આર્યસમાજના માધ્યમથી પણ તેમણે સંસ્કૃતની સેવા કરેલ છે તેમનું સમગ્ર કુટુંબ સંસ્કૃતમાં બોલે છે. ગુજરાત સરકારનો સંસ્કૃત ગૌરવ પુરસ્કાર પણ તેમણે પ્રાપ્ત કરેલ છે. તેમજ અન્ય પુરસ્કારો પણ મેળવેલ છે.

પ્રા. ડૉ. ભરતભાઈ પરમાર દ્વારા સંસ્કૃતના અધ્યયન-અધ્યાપનમાં બાવીસ વર્ષનો સમય પસાર કરવામાં આવેલ છે. તેમનાં સત્તર પુસ્તકો આટલાં વર્ષમાં આલેખિત કરવામાં આવેલ, જેમાં અનુવાદ, સંકલન અને મૌલિક લેખન સમાવિષ્ટ છે. તેમણે ત્રણેક છાત્રોને પીએચ.ડી. કરાવેલ છે. તેમજ વ્યક્તિગત રીતે અનેક છાત્રોને નિઃસ્વાર્થ ભાવે સંસ્કૃતનું શિક્ષણ આપેલ છે અને મહાનિબંધો ચકાસી- તપાસી આપેલ છે. વ્યાકરણને સરળ રીતે શીખવવાની તેમની પદ્ધતિ નિરાળી છે, જેમાં ફિલ્મનાં જૂનાં-નવાં ગીતોનાં ઉદાહરણો આપીને તેઓ વિભક્તિઓ ભણાવે છે. કેટલાંક હિન્દી ગીતોનું સંસ્કૃતમાં શુદ્ધ ભાષાંતર કરીને તેમણે સ્વકીય પ્રતિભાનો પરિચય આપેલ છે. આમ સંસ્કૃતના યુવાન સર્જનાત્મક અધ્યેતારૂપે તેમનામાં ભાવયિત્રી અને કારયિત્રી પ્રતિભાનો મણિકાંચન સંયોગ છે. કેટલીક કૌટુંબિક જવાબદારીઓ અને અન્ય સામાજિક રોકાણોને લીધે તેઓ સંસ્કૃતના ક્ષેત્રમાં ઓછો સમય આપી શકે છે કિન્તુ પાણિનીય વ્યાકરણને સ્વકીય પ્રતિભાથી શીખવા શીખવવાની તેમની પ્રચંડ ઈચ્છાશક્તિને કારણે ગુજરાતનાં સંસ્કૃત પ્રદાતાઓની સૂચિમાં તેમનું નામ સામેલ કરવું યથાર્થ બની રહેશે. ગુજરાતી, હિન્દી અને સંસ્કૃતમાં તેઓ કવિતા લખે છે. ડૉ. ભરતભાઈ પરમારનું એક કાવ્ય જોઈ લઈએ.

**धर्मो रक्षति रक्षितः**

**नार्थ कामौ सरक्षकौ ।**

**शास्त्र भवति विपत्तौ शास्त्रं न सर्वथा सखे ॥**
**अर्थान्सर्वानथ त्याज्य**
**कामं विहाय सद्यश्च**
**शरणं व्रज धर्मस्य**
**धर्मो हि माक्षधारकः ॥**

આમ યુવા કવિઓમાં ડૉ. ભરતભાઈનું ઉલ્લીખનીય પ્રદાન ગુજરાતના વિદ્યમાન સંસ્કૃત પ્રેમીઓમાં છે જ.

પ્રા. ડૉ. રીતાબેન મહેશભાઈ ત્રિવેદીનું અધ્યાપિકા ઉપરાંત સંસ્કૃત કવયિત્રી રૂપેનું પ્રદાન નોંધપાત્ર છે. છેલ્લા ત્રણેક દાયકાથી તેઓ સુરતમાં રહે છે અને બે વિભિન્ન કૉલેજોમાં તેમણે સંસ્કૃતનું અધ્યાપન કરાવેલ છે. ઉપરાંત કલકત્તાથી પ્રકાશિત થતી 'कथा' નામે સંસ્કૃત છ માસિક પત્રિકામાં તેઓ ગુજરાતનું પ્રતિનિધિત્વ કરે છે. અવારનવાર તેમનાં અછાંદસ સંસ્કૃત કાવ્યો વિભિન્ન સંસ્કૃત સામયિકોમાં મુદ્રિત થયેલ જોવા મળે છે. કવિ સંમેલનોમાં પણ તેમણે ગુજરાતી - સંસ્કૃતમાં કવિતાઓનું પઠન કરેલ છે. તેમણે કેટલાંક ઈનામો પણ જીત્યાં છે. તેઓની સંસ્કૃત કવિતામાં નારીવાદી સ્વર સંભળાતો જણાય છે. જે તેમનું વિશિષ્ટ પ્રદાન છે. ઉપરાંત દિલ્લીની સંસ્થામાં તેમણે બે-ત્રણ વર્ષ સુધી એક પ્રોજેક્ટમાં કાર્ય સંપન્ન કર્યું તેથી તેમને 'શાસ્ત્રચૂડામણિ' નામે પુરસ્કાર એનાયત થયેલ છે. શાંત રીતે સ્વકીય કાર્ય તેઓ કરે છે. તેઓ પીએચ.ડી.ના માર્ગદર્શક રૂપે કાર્યરત છે તેમજ આકાશવાણીના કવયિત્રી રૂપે પણ સક્રિય છે. પોરબંદર, તલગાજરડા વગેરેમાં યોજાતાં સંસ્કૃત સત્રોમાં તેમની વાક્મંદાકિની પ્રવાહિત થયેલી છે. ગુજરાતીમાં બાળસાહિત્ય અને અન્ય સાહિત્યમાં પણ તેમનું પ્રદાન સંસ્કૃતના જેટલું જ રહ્યું છે તેમણે દૈનિકપત્રોમાં કોલમ લખેલ છે.

પ્રા. ડૉ. નવનીત જોશી એ ગોંડલ જેવા નાનકડા શહેરમાં રહીને સંસ્કૃતનાં અધ્યાપન કરાવવા ઉપરાંત વર્ષો સુધી સંસ્કૃતનું અધ્યાપન પણ કરેલ છે. તેના અધ્યયનના પરિપાક રૂપે કામશાસ્ત્રના ગ્રંથો ઉપરની સંસ્કૃત ટીકાનું વારાણસી - ચૌખમ્બાથી પ્રકાશન થયેલ છે. "કંદર્પચૂડામણિ' નામે ગ્રંથનું હિન્દી કરેલ છે. તેમજ ગુજરાતી અનુવાદ પ્રકાશિત થશે. સ્વામિનારાયણ સંસ્થાનનો પુરસ્કાર પણ તેમણે પ્રાપ્ત કરેલ છે. પ્રા.ડૉ. સંજય પંડ્યાએ શામળાજીની કૉલેજમાં સંસ્કૃતના અધ્યાપક રૂપે પૂર્ણકાલીન સેવાઓ સાતેક વર્ષથી આપી છે. ઉપરાંત સૌરાષ્ટ્રમાં વિભિન્ન કૉલેજોમાં વર્ષો સુધી સંસ્કૃતનું અધ્યાપન કરાવવા ઉપરાંત એક વિશિષ્ટ ગ્રંથ "આધુનિક સંસ્કૃત કવિતામાં ગુજરાતનો ચહેરો" એવા શીર્ષકથી લખેલ છે. સંશોધનના માપદંડ - માનદંડ સ્વરૂપનો પ્રસ્તુત ગ્રંથ તેમનું મહત્ત્વનું પ્રદાન છે. તેમણે 'યજ્ઞ' શીર્ષકથી લેખસંગ્રહ કરેલ છે. તેમજ અન્ય એક લેખસંગ્રહ પણ કરેલ છે. તેમણે અનુસ્નાતક કક્ષાએ પુરસ્કાર પ્રાપ્ત કરેલ છે. સંસ્કૃતતાના પ્રચાર-પ્રસારનું કાર્ય પણ તેઓ નિઃસ્વાર્થ ભાવે કરે છે. પ્રા.ડૉ. રવીન્દ્ર ખાંડવાલાએ અમદાવાદની એચ.કે. આટ્ર્સ કૉલેજમાં વર્ષો સુધી સંસ્કૃતનું અધ્યાપન કરાવેલ છે. તાજેતરમાં તેમને ગુજરાત સરકારનો "સંસ્કૃત ગૌરવ પુરસ્કાર" પ્રાપ્ત થયેલ છે. વધુમાં તેમણે મહત્ત્વનાં જૈન પ્રોજેક્ટ પૂર્ણ કરેલ છે તેમજ કેટલાક મહત્ત્વનાં ભાષણો જૈન સમાજ સમક્ષ સંસ્કૃતના સંદર્ભોમાં આપેલ છે. 'વેદાંત સોસાયટી' નામે સંસ્કૃતની સંસ્થા તેઓ અમદાવાદમાં ચલાવે છે. તેમજ 'પ્રાકૃત સોસાયટી' ના સભ્ય પણ છે. મુનિશ્રી શીલચંદ્રવિજયજીના આશ્રયે તેઓ સંસ્કૃતના ઉચ્ચ સંશોધન કાર્યમાં જોડાયેલા રહે છે.

પ્રા.ડૉ. પ્રીતિબહેન પંચોલીએ અમદાવાદમાં ભો.જે. વિદ્યાભવન નામે સંસ્થાના આશ્રયે સંશોધન ગ્રંથોનું આલેખન કરેલ છે. તેમજ સંસ્કૃતની વિભિન્ન હસ્તપ્રતોને વિશેનો ઉચ્ચકક્ષાનો અભ્યાસ કરેલ છે.

પ્રા.ડૉ. મંજુલા વિરડિયા અમદાવાદની કૉલેજમાં સંસ્કૃતનું અધ્યાપન વર્ષોથી કરાવે છે. તેમણે કેટલાક મહત્ત્વનાં કાર્યો કરેલ છે. સંસ્કૃત સેમિનારનું આયોજન પોતાની કૉલેજમાં કરેલ છે તેમજ હસ્તપ્રત સંશોધનની દિશામાં મહત્ત્વનાં વ્યાખ્યાનો વિવિધ તજ્જ્ઞોના રાખેલ છે. સંસ્કૃતના છાત્રો સંશોધન અને ખાસ કરીને હસ્તપ્રતોના સંશોધન તરફ ગતિ કરે એ માટેનું તેમનું નિષ્ઠાપૂર્વકનું કાર્ય સરાહનીય છે. તેઓ હસ્તપ્રત અંગેની સંશોધન સંસ્થાઓમાં પણ અવારનવાર સંશોધન કાર્ય માટે મુલાકાત લેતાં રહે છે. તેમનો સંસ્કૃતપ્રેમ અનેક રીતે વ્યક્ત થતો રહે છે.

પ્રા.ડૉ. સ્નેહલ જોશીએ ઈ.સ. ૨૦૧૨માં ઉચ્ચ સંશોધન "સંસ્કૃત ગઝલ" સંરચના અને સંસર્જન" એવા વિષયના પુસ્તકને પ્રકાશિત કરીને કરેલ છે. ઉપરાંત તેઓ ખૂબ સારા ગુજરાતી ગઝલકાર છે અને સંસ્કૃતમાં પણ આલેખન કરે છે. તેમણે વર્ષો સુધી પોરબંદરમાં સંસ્કૃતનું અધ્યાપન કરાવેલ છે. તેમજ જાણીતી સંસ્થાઓમાં સંસ્કૃતના વિવિધ વિષયોનાં ભાષણો આપેલ છે. તેમની સિસૃક્ષા સતત વહેતી રહે છે અને ગુજરાતીના સુખ્યાત આધુનિક ગઝલકારોમાં તેમનું નામ અગ્રણી શ્રેણીમાં છે. પ્રા.ડૉ. પ્રીતિબહેન પૂજારાનું સંસ્કૃતનું અધ્યયન એમ.એસ. યુનિ. (વડોદરા) માં સંપન્ન થયેલ. કેટલાંક વર્ષથી તેઓ સંસ્કૃતનું અધ્યાપન વીરમગામની કૉલેજમાં કરાવે છે. તેમજ "વર્લ્ડ સંસ્કૃત ફોરમ"ના પ્રતિનિધિ છે. તેમની સંસ્કૃત રચનાઓ વિવિધ પત્રિકામાં પ્રકાશિત થાય

છે. સંસ્કૃતમાં તેમનાં કાવ્યસંગ્રહો પણ પ્રકાશિત થયેલ છે. અંગ્રેજી માધ્યમથી પણ તેઓ સંસ્કૃતનું શિક્ષણ આપે છે. તેમજ ગુજરાતી કવયિત્રીઓમાં પણ તેઓનું સ્થાન છે. મોરારિબાપુને ત્યાં સંસ્કૃતસત્રમાં તેમનું વ્યાખ્યાન થયેલ છે. તેમજ સંસ્કૃતના રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંમેલનોમાં તેઓ ઉપસ્થિત રહીને સ્વકીય શોધલેખોનું પઠન કરે છે. તેમણે પોતાની કૉલેજમાં પણ કેટલાંક સંસ્કૃતના સુંદર પરિસંવાદોનું આયોજન અને સંચાલન કરેલ છે.

પ્રા. ડૉ. અંબાલાલ પ્રજાપતિનું નામ સંસ્કૃતના વરિષ્ઠ વિદ્વાનોમાં આદરપૂર્વક યાદ કરવામાં આવે છે. તેમણે પિલવાઈની કૉલેજમાં સંસ્કૃતનું અધ્યાપન કરાવવા ઉપરાંત છેલ્લા દસ-પંદર વર્ષ સુધી હેમચંદ્રાચાર્ય ઉ.ગુ. યુનિ.ના સંસ્કૃત વિભાગમાં પણ અધ્યાપક અને વિભાગાધ્યક્ષ રૂપે સેવાઓ આપી હતી. તેમના અધ્યક્ષ બન્યા બાદ કેટલાક સુંદર સંસ્કૃત પરિસંવાદો તેમણે યુનિવર્સિટીમાં યોજેલ. નિવૃત્તિ બાદ પણ તેમણે "વિવેકાનંદચરિતમ્" જેવા સંસ્કૃત મહાકાવ્યોનું આલેખન કરેલ. તેમજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી વિષયક સંસ્કૃત કાવ્યનું આલેખન - પ્રકાશન કરેલ છે. તેમની સંશોધનની ઉચ્ચ કૃતિ એટલે વિક્રમ સંવત ૨૦૬૬માં પ્રકાશિત ગ્રંથ - "કિરાતાર્જુનીયમ્ પ્રદીપિકા ટીકાયુક્ત' છે. તેમાં તેમણે અનેક હસ્તપ્રતોને આધારે ઘણો પરિશ્રમ કરીને પ્રસ્તુત ગ્રંથનું સંપાદન કરેલ છે. સંસ્કૃતના પ્રચાર-પ્રસારનું કાર્ય શાંતચિત્તે આજે પણ તેઓ કરી રહેલ છે. તેમની જ્ઞાન પ્રતિભાને વંદન.

જામનગરમાં છેલ્લા ત્રણ દાયકા કરતાં વધુ સમયથી સંસ્કૃતના અધ્યાપક અને કવિરૂપે સુખ્યાત પ્રા.ડૉ. અનિલ રમાનાથ દ્વિવેદીનું સંસ્કૃતના અધ્યાપક ઉપરાંત સંસ્કૃતના સુકવિરૂપે પ્રદાન છે. અદ્યાવધિ પર્યના તેમનાં હિન્દી, ગુજરાતી અને સંસ્કૃતમાં એકાધિક કાવ્યસંગ્રહો થયા છે. તેમાં ગુજરાતીમાં 'પ્રીતનો પ્રતિભાવ', 'કવિતામાં રાધા અક્ષર શ્યામ' છે. હિન્દીમાં 'तेरे कहने से' એવો સંગ્રહ છે. તેમજ સંસ્કૃતમાં 'वर्णे वर्णे त्वम्' કેટલાંક વર્ષો પૂર્વેનો છે. ઉપરાંત મુદ્રણાધીન રાધાકૃષ્ણ વિષયક શતક "उन्मीलने नयनयोः" એવા શીર્ષકનું છે. તેમણે સાંદીપનિ આશ્રમ, પોરબંદર ખાતે પાંચ મહત્ત્વનાં ભાષણો આપેલ છે. ઉપરાંત સોમનાથ યુનિ. માં "ભાગવત" ઉપરનાં વ્યાખ્યાનો આપેલ છે. સંસ્કૃતના ઋજુ હૃદયના સહૃદયી કવિ અને નમ્ર અધ્યાપક રૂપે તેઓ યશસ્વી કાર્ય કરે છે. તેમના પિતાશ્રી પંડિત રમાનાથ શાસ્ત્રીનું નામ જામનગરમાં અર્ધી સદી કરતાં પણ વધુ સમયથી જાણીતું છે. પં.રમાનાથજીનાં તમામ સંતાનો સંસ્કૃતવિદ્ છે. એક બહેન અને ચાર ભાઈઓ છે. બધા સંસ્કૃતમાં બોલી શકે છે. તેથી સૌરાષ્ટ્રનું સંસ્કૃત કુટુંબ તેઓનું છે. તેવું નિર્વિવાદ પણે કહી શકાય છે.

પ્રા.ડૉ. લલિતભાઈ પટેલે જીવનની અર્ધી સદી પણ હજુ વટાવી નથી. ત્યાં તેમણે એમ.ફિલ. અને પીએચ.ડી. કરવા ઉપરાંત આશરે બે દાયકાથી કૉલેજમાં અને સોમનાથ સંસ્કૃત યુનિ. માં અધ્યાપન કરાવેલ છે. તેમની નિશ્રામાં કેટલાક શોધછાત્રો પીએચ.ડી. કરી રહ્યા છે. તેમજ તેમનાં અનેક શોધપત્રો રાજયસ્તરથી લઈને આંતરરાષ્ટ્રીય સ્તરના પરિસંવાદોમાં વાંચેલ છે. તેમણે સોમનાથ વિશ્વવિદ્યાલયના કાર્યકારી કુલપતિ રૂપે પણ કેટલોક સમય યુનિ.ની ધુરાનું નિર્વહણ કરેલ. તેમના કાર્યકાળમાં ઘણા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પરિસંવાદોનું આયોજન થયેલ. આચાર્ય મમ્મટના 'કાવ્યપ્રકાશ' નામે ગ્રંથને વિશે તેમણે સાપ્તાહિક ઓનલાઈન વર્ગ છાત્રો માટે ચલાવેલ. સંસ્કૃતના પ્રચાર-પ્રસારમાં તેમનું અવિસ્મરણીય પ્રદાન છે. તેઓ સાચા અધ્યાપક હોવા ઉપરાંત કોઈ કોઈ વાર દેવગિરામાં કાવ્યાલેખન પણ કરે છે.

નિષ્કર્ષઃ આમ સંસ્કૃતના સેવક - પ્રચાર કે પ્રસાર કરનાર રૂપે, સંસ્કૃતના અધ્યાપક રૂપે અને સંસ્કૃતના કવિરૂપે ગુજરાતમાં કાર્ય કરનારા અનેક સાધકો વિદ્યમાન છે. તેઓ સ્વકીય કૌશલ્ય (possion) દ્વારા સંસ્કૃતભાષાના સંવર્ધનનું કામ યથેચ્છ રીતે કરે છે. પ્રધાનતઃ એવું કહેવું છે કે અન્ય રાજયોની અપેક્ષાએ જોઈએ તો ગુજરાતના સંસ્કૃત સાધકોનું પ્રદાન ઓછું નહિ પરંતુ બહુમૂલ્યવાન છે, તેથી કાલજયી છે. ગુજરાતી ભાષાને પણ ઉપકારક બને એવું આ સઘળા સર્જકોનું પ્રદાન છે. તેનું મૂલ્યાંકન કરવાનો આ નમ્ર પ્રયાસ છે.

*૯૭, જલદર્શન સોસાયટી*
*માલપુર માર્ગ, મોડાસા-૩૮૩ ૩૧૫*
*મો. ૯૪૨૭૬૯૯૩૫૫૪*



# વિરમગામ અને ધરાસણા સત્યાગ્રહ : ગુજરાતની પ્રજાના સીમાચિહ્નરૂપ શૌર્યના પ્રતિક

*- શુભમ પી. અંબાણી*

હિંદની આઝાદીનું એક મહત્ત્વનું પ્રકરણ એટલે નમક સત્યાગ્રહ. મીઠું સબરસ તરીકે ઓળખાય છે, કારણ કે તે જીવનનાં તમામ તત્ત્વોમાં રસ ભરે છે. સંસ્કૃતમાં મીઠા માટે વપરાતો શબ્દ "લવણ" છે. મીઠા વિનાનો માણસ કોડીનો ગણાય છે. ભગવદ્ગીતામાં તો નિર્મળ મનુષ્યને જગતના લવણની ઉપમા આપી છે. એટલે લવણનું મહત્ત્વ કેટલું હશે તે સમજી શકાય છે. અલબત્ત આજની હકીકત જોઈએ તો શ્રીમંત હોય કે તવંગર, મનુષ્ય હોય કે પશુ, મીઠા વિના કોઈને ચાલતું નથી. વિજ્ઞાનના મતે જો પશુને ભોજનમાં મીઠું ઓછું મળે તો તેનું શરીર અનેક રોગોનું ઉત્પત્તિ કેન્દ્ર બને છે. મીઠું દવા તરીકે વપરાય છે. તેમજ સાબુ જેવા ઉદ્યોગનો આધાર પણ મીઠા ઉપર રહેલો છે. આવું મહામૂલું મીઠું વિશ્વભરમાં વસતા માનવ સમુદાય માટે કેટલું અગત્યનું હશે તે સમજી શકાય છે. પરંતુ ગુલામીકાળમાં ભારતની પ્રજા માટે તો આ સબરસ દુષ્કર અને વેરી બની ગયું હતું. મીઠાની મહત્તાને ધ્યાને લઈને અંગ્રેજોએ પોતાની તિજોરીઓ ભરવા મીઠા ઉપર પણ વેરો લાદી દીધો.

**અંગ્રેજોના આવા જુલ્મી કરવેરાને રદ કરવા ગાંધીજીએ દાંડીકૂચનો પ્રારંભ કર્યો હતો. પરંતુ આ કૂચ બાદ ગુજરાતમાં એવા બે સત્યાગ્રહો યોજાયા જેમણે અંગ્રેજોની પશુતા અને પાશવી અત્યાચારનાં દર્શન સમગ્ર વિશ્વને કરાવ્યાં**

અંગ્રેજોના આવા જુલ્મી કરવેરાને રદ કરવા ગાંધીજીએ દાંડીકૂચનો પ્રારંભ કર્યો હતો. પરંતુ આ કૂચ બાદ ગુજરાતમાં એવા બે સત્યાગ્રહો યોજાયા જેમણે અંગ્રેજોની પશુતા અને પાશવી અત્યાચારનાં દર્શન સમગ્ર વિશ્વને કરાવ્યાં તો સાથોસાથ ગાંધીજીના અહિંસા રૂપી મંત્રને વળગી રહેલી હિંદની પ્રજાના આત્મવિશ્વાસ અને અદમ્ય સાહસથી જગત આખું અચંબિત થઈ ગયું હતું. આ સત્યાગ્રહો એટલે વીરમગામ અને ધરાસણા ખાતે યોજાયેલી મીઠાની મુહિમ.. જે મીઠાની વિનામૂલ્યે વહેંચણી કરવા આવેલા સત્યાગ્રહીઓ માટે યાતનાઓનું અભયારણ બની ગઈ. આ સત્યાગ્રહોએ સમસ્ત જગતને અંગ્રેજોની પિશાચીવૃત્તિ અને ભારતીય પ્રજાની અહિંસાને વળગી રહીને સ્વાધીનતા પ્રાપ્ત કરવાની જિજીવિષાનાં દર્શન કરાવ્યાં, વીરમગામ અને ધરાસણાની ભૂમિએ અહિંસાના મૂળભૂત સિદ્ધાંતને અવગણ્યો નહિ અને અંગ્રેજોની આસુરીવૃત્તિ સાથે સત્યાગ્રહ કરીને નમક સત્યાગ્રહને ધર્મયુદ્ધમાં પરિવર્તિત કરી દીધો.

દાંડીકૂચએ ગાંધીજીની કંઈ પહેલી જ કૂચ ન હતી. આ પૂર્વે પણ દક્ષિણ આફ્રિકામાં ૫૦૦૦ જેટલાં હિંદી સ્ત્રી-પુરુષો સાથે ગાંધીજીએ આવી એક કૂચ યોજી હતી. અહીં તો દાંડીકૂચ ચુનંદા સત્યાગ્રહીઓથી શરૂ થઈ હતી. પરંતુ જોતજોતામાં આ લડતે રાષ્ટ્રવ્યાપી વિરાટ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. દાંડીકૂચ વિશે ઘણું લખાયું છે અને લખાતું જ રહેશે પરંતુ આ લેખ દાંડીકૂચ શા માટે યોજાઈ ? એ સમયે મીઠા પર કેટલો કરવેરો હતો ? ગાંધીજીની ધરપકડ બાદ સત્યાગ્રહનું શું થયું ? અને સ્વરાજ્યની જે આહલેક ગાંધીજીએ અહિંસક લડતના માધ્યમથી જગાવી તેને પગલે સૌરાષ્ટ્રમાં બે જંગી સત્યાગ્રહો વીરમગામ અને ધરાસણા ખાતે યોજાયા તેના પર દૃષ્ટિપાત કરે છે. આશ્ચર્ય તો ત્યારે થાય જ્યારે આ બન્ને સત્યાગ્રહ દરમિયાન ગાંધીજી જેલવાસ ભોગવી રહ્યા હતા. તેઓ તો સત્યાગ્રહમાં જોડાયા પણ ન હતા છતાં તેમના અહિંસારૂપી વિચારને વળગીને વીરમગામ તથા ધરાસણાની પ્રજાએ જે શૌર્ય દેખાડ્યું તે સીમાચિહ્ન રૂપ છે. પ્રથમ એ જાણવું જરૂરી છે કે મીઠા પર કરવેરો લાદવાનો હીન વિચાર કઈ રીતે અંગ્રેજોના માનસમાં પેદા થયો?

ભારતમાં ઈસ્ટ ઈન્ડિયા કંપનીને વેપારનો પરવાનો મળ્યો તેના થોડા જ વખતમાં વેપારી માલ ઉપર જકાત વસૂલ કરવાનો અધિકાર પણ મળ્યો. એ વખતે રોબર્ટ ક્લાઈવે કંપનીના નોકરોને ઓછો પગાર આપવો પડે એવી યોજના વિચારીને તેમને મીઠા જેવા પદાર્થનો ઈજારો આપ્યો અને તેના ઉપર કંપની તરફથી ૩૫ ટકા જકાત લાદવામાં આવી. પરિણામે પ્રજા ખૂબ દુખી થઈ. પરંતુ સરકારી નોકરો સાધનસંપન્ન થયા. જેનો એક જ દાખલો આપીએ તો ગવર્નર તરીકે ક્લાઈવને ભાગે આ વેરાના પોણા બે લાખ પાઉન્ડ આવ્યા હતા. મીઠાનો વેપાર કંપનીના નોકરોના હાથમાં આવ્યો. તેમણે મીઠું પકવનાર અગરિયાઓનો ધીમે ધીમે નાશ કર્યો અને ઈ.સ.૧૮૧૮ પહેલાં કે જ્યારે બંગાળામાં પરદેશી મીઠાનો એક પણ કણ આવતો ન હતો ત્યાં ઈ.સ.૧૮૩૫ સુધીમાં મીઠું બનતું સદંતર બંધ થયું. અને પરદેશથી મીઠું આવવા લાગ્યું. એ વખતે જકાત દર મણે આઠ આના હતી. તે ઈ.સ.૧૮૪૪માં બાર આના કરવાની દરખાસ્ત થતાં સુરતમાં રમખાણો થયાં હતાં. આ

રીતે ઈ.સ.૧૮૮૨ સુધીમાં આખા દેશમાં મીઠા ઉપર દર મણે બે રૂપિયાનો વેરો લેવાની શરૂઆત થઈ અને ઈ.સ.૧૮૮૮માં તે અઢી રૂપિયા કરવામાં આવ્યો. ઈ.સ.૧૯૦૩માં ગોપાલકૃષ્ણ ગોખલેના પ્રયત્નોથી મીઠા ઉપરનો વેરો દર મણે સવા રૂપિયો કરાયો. આ રીતે પંદર વર્ષોના પ્રયત્નો પછી મીઠા ઉપરનો કર જે દર મણે અઢી રૂપિયા હતો તે સવા રૂપિયો થયો અને વીસ વર્ષ સુધી તે દર ચાલુ રહ્યો. ઈ.સ.૧૯૨૩માં વિરોધ છતાં સરકારે ફરીથી એ કર દર મણે અઢી રૂપિયા કર્યો જે ઈ.સ.૧૯૩૦માં સવા રૂપિયો કરવામાં આવ્યો હતો. આ કરનું પ્રમાણ પણ દસ પાઈએ મણ પાકતા મીઠા ઉપર ચોવીસગણું થાય છે. મીઠા ઉપરના વેરાનો ઇતિહાસ જોતાં જણાશે કે ઈ.સ.૧૮૮૫ થી ૧૯૨૦ સુધી હિદી રાષ્ટ્રીય મહાસભાનું તંત્ર મોટે ભાગે સરકારપક્ષી વલણ ધરાવનારા વિનીત (લિબરલ) પક્ષના આગેવાનોના હાથમાં હતું. તેમ છતાં તેમણે પણ ગરીબ પ્રજાની પરિસ્થિતિને ધ્યાને લઈને મીઠા પર વેરો ઘટાડવા માટે હિંમતભર્યા પ્રયત્નો કર્યા હતા અને ગાંધીજીએ ઈ.સ.૧૯૩૦માં મીઠાનો કર રદ કરવા દાંડીકૂચ શરૂ કરી હતી. એક એવો સત્યાગ્રહ જેમાં સમગ્ર ભારત જોડાય અને પ્રજા અહિંસક આંદોલન તરફ પ્રેરાય તો તેનાથી ચોક્કસ પણે સ્વરાજ્ય પ્રાપ્તિનું સ્વપ્ન પૂર્ણ થાય તેવા સદ્‌વિચાર સાથે નમક સત્યાગ્રહનો ફેંસલો લેવાયો હતો અને દાંડીકૂચ દરમિયાન તેને મળેલો બહોળો પ્રતિસાદ એ જ નમક સત્યાગ્રહની સૌથી મોટી ઉપલબ્ધિ હતી. જેને પગલે તા.૦૫-૦૫-૧૯૩૦ના રોજ નવસારી નજીકથી ગાંધીજીની ધરપકડ કરવામાં આવી. જે બાદ લડતનો દોર કસ્તુરબા, સરોજિની નાયડુ, અબ્બાસ તૈયબજી, ભાઈલાલભાઈ પટેલ, નરહરિ પરીખના હસ્તક આવ્યો, અને વીરમગામ તથા ધરાણસા ખાતે શરૂ થયું ધર્મયુદ્ધ.

**કાઠિયાવાડમાં રાજકોટ, ભાવનગર, વઢવાણ, લીંબડી, ગોંડલ, પાલિતાણા, અમરેલી આમ ઠેકઠેકાણે યુવાનો વીરમગામ અને ધરાસણા ખાતે યોજાનાર નમક સત્યાગ્રહની ચળવળમાં જોડાયા હતા**

કાઠિયાવાડમાં રાજકોટ, ભાવનગર, વઢવાણ, લીંબડી, ગોંડલ, પાલિતાણા, અમરેલી આમ ઠેકઠેકાણે યુવાનો વીરમગામ અને ધરાસણા ખાતે યોજાનાર નમક સત્યાગ્રહની ચળવળમાં જોડાયા હતા. તેમનો ભરતી કેમ્પ વઢવાણ ખાતે યોજાયો હતો. જેમાં ગુજરાત પ્રાંતિક સમિતિના મંત્રી મણિલાલ કોઠારીએ વીરમગામ સત્યાગ્રહનું નેતૃત્વ સંભાળ્યું હતું. ગાંધીજીના આદેશ અનુસાર સત્યાગ્રહીઓની ટુકડી વીરમગામમાં બિનજકાતી મીઠું ભરેલી થેલીઓ સાથે પ્રવેશવાની હતી અને દરેક નાગરિકને વિનામૂલ્યે મીઠું પ્રદાન કરવાની તેમની યોજના હતી. ગ્રીષ્મના પ્રખર તાપથી હિમગીરી ઓગળે અને ગંગાનો જલપ્રવાહ વહેવા લાગે તેમ સંગ્રામનો જલપ્રવાહ વહેવા લાગ્યો. અમદાવાદથી પચાસેક સત્યાગ્રહીઓની એક ટુકડી અને મણિલાલની આગેવાનીમાં વઢવાણ કેમ્પથી ઉપરાઉપરી દસ ટુકડીઓ મીઠાંની થેલીઓ લઈ વીરમગામ સ્ટેશને ઊતરવા લાગી. પોલીસ અને કસ્ટમના ગોરા અધિકારીઓ અને તેમના કાળા ડેપ્યુટીઓએ સત્યાગ્રહી સૈનિકો ઉપર પોલીસનાં ધાડિયાં ને ધાડિયાં છૂટાં મૂકી દીધાં. એક એક સૈનિક ઉપર પોલીસ તૂટી પડી અને તેમના હાથ મરડી, કાંડાં મચકોડી, તેમના બંધ હાથમાંથી મીઠું ઝૂંટવવાનો પ્રયાસ કરવા લાગ્યા. કોઈના મુખ પર હથિયારથી વાર કર્યા, કોઈની કમર તોડી તો કોઈનાં હાડકાં. સત્યાગ્રહીઓ સાથે એટલું અને અનહદ પાશવીપણું ગુજાર્યું કે તેને શબ્દોમાં વર્ણવી ન શકાય.

વીરમગામનો એક એવો બનાવ જેમાં મહિલાઓ, કુમારિકાઓ અને વૃદ્ધાઓ પર નિર્દયતા દાખવામાં પણ અંગ્રેજોએ પાછી પાની ન કરી. સત્યાગ્રહ દરમિયાન એક દિવસ નિર્ધારિત સમય અનુસાર સત્યાગ્રહીની ટુકડી જયારે વીરમગામ રેલવે સ્ટેશન પર પહોચી કે તુરંત લાઠીઓ અને બંદૂક લઈને ૫૦-૬૦ અંગ્રેજ સિપાઈઓ આવી પહોંચ્યા. પરંતુ સત્યાગ્રહીઓ પર લાઠીચાર્જ કરવાને સ્થાને સત્યાગ્રહીને તડકામાં ઊભા રાખ્યા. સત્યાગ્રહીઓને આમ ને આમ પાંચ કલાક તડકામાં ઊભા રાખ્યા. તેમને પાણી પીવા માટે પણ જવા દેવામાં આવ્યા નહિ. તેમ અમલદારોએ પણ તેમને પાણી પૂરું પાડયું નહિ. દરમિયાન તડકે ઊભેલા અને તરસથી પીડાતા ઘણા ખરા સત્યાગ્રહીઓ તરફડીને બેભાન થઈ ગયા.

કાંતિલાલ એમ. શાહ લિખિત પુસ્તક “વીરમગામ સત્યાગ્રહ”માં લેખક જણાવે છે “સત્યાગ્રહીઓ ભૂખ્યા તરસ્યા છે એ જાણી ગામમાં કકળાટ થઈ ગયો. આશરે સાતસો જેટલી બહેનો માથે પાણીનાં બેડાં મૂકી તરસ્યા સત્યાગ્રહીઓને પાણી પાવા આવી. અંગ્રેજોની પરવાનગી લઈ બહેનોએ સત્યાગ્રહીઓને જલપાન કરાવ્યું. રાત્રીના સાડા નવ વાગ્યા હતા. બહેનો પોતાને હાથે આજે મહાન પુણ્યકાર્ય થયું તેવું વિચારી હરખાતી હરખાતી ઘરભણી પગલાં માંડી રહી હતી એટલામાં સરકારી અત્યાચારનો આરંભ થયો. અંગ્રેજ અમલદારે સ્ટેશનમાં ઊભેલા ઘોડેસવારોને બહેનોના આ ટોળા ઉપર ઘોડા દોડાવવાનો હુકમ કર્યો. જેથી ઘોડેસવારો બહેનોના ટોળા ઉપર તૂટી પડ્યા. કંઈકને હડફેટમાં લઈને પછાડી દીધી તેમના પર ચાબુકના પ્રહાર થયા, કપડાં ફાટી ગયાં, કેટલીકની કાંખમાંથી તેમનાં સંતાનો પડી ગયાં, કેટલીકને પોલીસોએ

બાવડે ઝાલી હડબડાવીને અપશબ્દો આપ્યા. એક સ્ત્રી પર તો એક અંગ્રેજ પોલીસે અત્યાચારની સીમા ઓળંગી દીધી. પંદર મિનિટમાં તો બધું ખેદાન-મેદાન કરી નાખ્યું."

બહેનો ઉપર અત્યાચાર ગુજાર્યા બાદ સ્ટેશનમાં બેઠેલા સત્યાગ્રહીઓ પર હથિયારબંધ અંગ્રેજો તૂટી પડયા. લાઠી-મુક્કા ગડદાપાટું, બૂટવાળા પગની લાતો મારીને સત્યાગ્રહીઓ પર સિતમ વરસાવ્યો. વીરમગામ સત્યાગ્રહનું આ તો માત્ર એક પ્રકરણ છે. આવા તો અનેક કિસ્સો છે. જેને વાંચવા કે લખવા બેસીઓ તો આપણા રૂંવાડાં ઊભા થઈ જાય. જરા વિચારો માર સહન કરનાર સત્યાગ્રહીઓમાં મોટાભાગનના નવયુવાનો હતા. જેમની મૂછનો દોરો પણ નથી ફૂટ્યો, જેનું યૌવન હજી ખીલ્યું જ છે તેના પર આવો સિતમ થાય! છતાં પણ નવલોહિયા યુવાનો અહિંસાના ધર્મનો ત્યાગ ન કરે તે વંદનીય છે.

તો બીજી તરફ ધરાસણામાં પણ વીરમગામ જેવી જ સ્થિતિ હતી. ધરાસણા સત્યાગ્રહનું, અંગ્રેજ પત્રકાર વેબ મિલરે રિપોર્ટિંગ કર્યું હતું. તેણે પોતાની આત્મકથા "આઈ ફાઉન્ડ નો પીસ"માં ધરાસણાના સત્યાગ્રહનું વર્ણન કરતાં લખ્યું છે કે, "બાવીસ દેશોમાં અઢાર વર્ષના મારા રિપોર્ટિંગમાં મેં ધરાસણા જેવાં ભયાનક દશ્યો જોયાં નહોતાં. એક પણ સત્યાગ્રહીએ લાઠીમારથી બચવા માટે હાથ સુધ્ધાં આડો ધર્યો નહોતો. સત્યાગ્રહીઓના ખુલ્લા માથા પર લાકડી વીંઝાતી હતી. તેમની ખોપરી ફૂટી હતી, ખભાથી તૂટ્યા હતા. ઘાયલોને લઈ જવા માટે પૂરતાં સ્ટ્રેચર નહોતાં; સ્ટ્રેચર તરીકે ઉપયોગમાં લેવામાં આવેલા ધાબળાઓ લોહીથી નીતરતા હતા. સત્યાગ્રહીઓના બિનપ્રતિકારથી પોલીસ ગુસ્સે થઈ ક્રૂરતાપૂર્વક તેમના પેટમાં અને અંડકોષ પર અત્યંત લાઠીઓ વરસાવતી હતી. અન્યાયનાં આ દશ્યો મારા સ્મૃતિપટલમાં ચોંટી ગયાં છે, એ ભયાનક દશ્યો આજે પણ મને ઊંઘવા નથી દેતાં."

અન્ય એક બનાવની વાત કરીએ તો તા.૨૦-૦૫-૧૯૩૦ના રોજ ધરાસણામાં સરોજિની નાયડુના નેતૃત્વમાં જયારે સત્યાગ્રહ ચાલી રહ્યો હતો, જેના પ્રથમ દિવસે સત્યાગ્રહીઓએ મીઠાનાં અગરોને ઘેરતા કાંટાળા તારને ખેંચવાનો પ્રયાસ કર્યો હતો. જેને પગલે અંગ્રેજોએ તેમના પર ભારે જુલ્મો વિતાવ્યા હતા. હોલીવુડ ડિરેક્ટર રિચાર્ડ એટનબરોની '"ગાંધી' (૧૯૮૨) ફિલ્મમાં તો આ આખું દશ્ય સીનેમેટિક પદ્ધતિથી રજૂ કરવામાં આવ્યું છે. એ સમયે ઘાયલોની સારવાર કરવા માટે પૂરતા તબીબો ન હતા અને જે તબીબો સારવાર માટે ધરાસણા જવા નીકળે તેને પણ અંગ્રેજો અટકાવી દેતા હતા. પહેલા માર માર્યો અને પછી ઘાયલોને સારવારથી પણ વંચિત રાખવાનો વિકૃત વિચાર તેમણે કર્યો હતો. પરંતુ જલિયાંવાલા બાગના હત્યાકાંડ બાદ અંગ્રેજોની જગતભરમાં નાલોશી થઈ હતી. એ બનાવ ફરી ન બને એટલે કલાકો સુધી તબીબોને અટકાવ્યા બાદ તેમને સારવારના સામાન સાથે હૉસ્પિટલમાં જવા દેવામાં આવ્યા હતા. ઝવેરચંદ મેઘાણીએ ધરાસણા સત્યાગ્રહમાં અંગ્રેજો દ્વારા જે કહેર વર્તાવવામાં આવેલો તેમાં શહીદ થયેલા યુવાનોને હૃદયાંજલિ રૂપે કાવ્ય લખ્યું હતું કે, "એની ભસ્માંકિત ભૂમિ પર ચણજો આરસ ખાંભી એ પથ્થર પર કોઈ કોતરશો નવ કવિતા લાંબી લખજો : ખાખ પડી અહીં કોઈના લાડકવાયાની" પછી તો આ કાવ્ય લોકહૈયે વસી ગયું હતું.

જેઠાલાલ ગાંધી લિખિતિ "ધરાસણાનો જંગ" પુસ્તકમાં અન્ય એક બનાવનું વર્ણન કરતાં લેખક લખે છે કે,

ઘણા સત્યાગ્રહીઓને વિકૃતિઓનો ભોગ બનવું પડતું હતું. કેટલાક કલાક સુધી બેભાન રહેતા હતા. અમલદારોને આટલેથી પણ કળ વળી નહતી. તેમણે એક જુવાન સૈનિકને બાવળના કાંટા ભોંક્યા. અન્ય સત્યાગ્રહીનાં મોમાં ખાડીમાંથી મીઠાવાળી માટી ભભરાવડાવી અને પછી ખાડીના પાણીમાં તેમનાં માથાં ઝબોળાવ્યાં હતાં." એ વખતે સત્યાગ્રહીઓએ ઈચ્છ્યું હોત તો ખુલ્લાં અગરોમાંથી મીઠું ઉપાડી શક્યા હોત પરંતુ અહિંસાને પગલે સ્વાધીનતા પ્રાપ્ત કરવી તે આ સત્યાગ્રહનો મૂળ હેતુ હતો. જેને વળગી રહીને પણ સત્યાગ્રહીઓએ અહિસાના ધર્મને આત્મસાત્ કર્યો હતો.

આ બંને સત્યાગ્રહો આગળ પણ કાર્યરત રહ્યા હોત પરંતુ ગાંધી-ઈરવિન કરાર થતાં તેને અટકાવવામાં આવ્યા હતા. વીરમગામ અને ધરાસણા સત્યાગ્રહમાં નાના મોટા અનેક સૈનિકોએ જોડાઈને સત્ય તથા અહિંસાને વળગી રહી પોતાની ફરજ બજાવી, જનની અને જન્મભૂમિનું નામ દીપાવ્યું હતું. આ અહિંસક સત્યાગ્રહે જેનો સૂર્ય કદી આથમવાનો નથી એવું માનતી બ્રિટિશ સલ્તનતની ઈમારતને પાયામાંથી હચમચાવી દીધી હતી. આજે ભોજનમાં તમે સ્વાદિષ્ટ વાનગીને માણો ત્યારે તેમાં રહેલા મીઠાને આરોગતાં આરોગતાં એટલું જરૂર વિચારજો કે આ ચપટીક મીઠું મેળવવા વીરમગામ અને ધરાસણા સત્યાગ્રહ દરમિયાન સત્યાગ્રહીઓએ જે અદમ્ય શૌર્ય દેખાડ્યું તેનાં ફળ આજે આપણે માણી રહ્યા છીએ. આપણા રસોડામાં રહેલા મીઠામાંથી સોડમ સ્વરૂપે સત્યાગ્રહીઓ આજે પણ આપણને ધૈર્ય અને બલિદાનના ગુણો પ્રદાન કરી રહ્યા છે.

*'રાધીકા-૨' એપાર્ટમેન્ટ, ફ્લેટનં. ૫૦૨,*
*૧૫ મનહર પ્લોટ, રાજકોટ-૩૬૦ ૦૦૨*
*મો. ૮૪૬૯૦૧૧૭૫૧*

# કર્મયોગ પંચામૃત

*- અશોક શર્મા*

Karmayogi Shatakam

Learn while work, work while learn;
failure or success, forgot not to learn!

Listen listen & think, speak only thro work;
calm caring and cool, strong through at will!

sincere at the duty, oblige we none;
share all treasure, balance only bliss!

so much we gain, let us now return; chosen
by the thee, esteen only earn!

whosoever steal, worse they feel;
All that we own, divine grace &
will!

Thee pervades things, around &
within
Love everything, serve everyone!

યોગેશ્વર ભગવાન શ્રીકૃષ્ણના કંઠે ગવાયેલું અદ્‌ભુત ગીત એટલે શ્રીમદ્‌ ભગવદગીતા અથવા ગીતા. આદિ શંકરાચાર્યથી શરૂ કરી અનેક મહાન વિદ્વાનોએ ગીતા પર ભાષ્યો આપ્યાં છે. વિશ્વના વિદ્વાનોને ગીતાની વ્યવહારુ ઉપયોગિતા જણાઈ છે. “સ્વરાજ” મંત્રના ઉદ્‌ગાતા લોકમાન્ય ટિળકનું “ગીતા રહસ્ય' માંડલેના કારાવાસ દરમિયાન થયેલું શૌર્યમંડિત રાષ્ટ્રપ્રેમથી છલકતું સર્જન છે. મહાત્મા ગાંધીનું “અનાસક્તિયોગ' અને વિનોબાનાં “ગીતા પ્રવચનો' કે કિશોરલાલ મશરૂવાળાનો “ગીતાધ્વનિ' જાણીતાં છે.

ગીતા ઉપનિષદોનો સાર છે. તે પોતે પણ ઉપનિષદ છે. બધાં ઉપનિષદોમાં સહુથી વધુ તે લોકપ્રિય છે. તેનું કારણ શું હશે? એનું સહુથી પહેલું કારણ એ કે તે તો પાર્થને કર્તવ્યબોધ આપવા રણમેદાનમાં પડેલી હાકલ છે! વળી ગીતા એવી વિશ્વવિભૂતિના જીવનનો અનુભવ છે કે જેણે સત્ય અને ન્યાયના પક્ષે ઊભા રહીને જીવનના આઠ-નવ દાયકા અત્યંત સંઘર્ષમાં વિતાવ્યા છે, એ પછી આ વાત કહે છે. એટલે આપણા રોજિંદા જીવનની મુંઝવણોનાં કારણો અને તેના ઉકેલનો માર્ગ ગીતામાં દેખાય છે. આ લખનારે ગીતાબોધને અધ્યાત્મગીતા, જીવનગીતા, રાષ્ટ્રગીતા, વિશ્વગીતા, મૅનેજમૅન્ટગીતા અને માનવગીતા એમ છ દૃષ્ટિએ તપાસવાનો પ્રયાસ કર્યો છે. ત્રણ દાયકાની મારી જનસેવક તરીકેની યાત્રાને “કર્મયોગી ષટકમ્” તરીકે પ્રસ્તુત કરવાનો એક પ્રયાસ કર્યો છે. અંગ્રેજીમાં પણ સરળ શબ્દોમાં વ્યક્ત આ ભાવ સુધી મોટાભાગના વાચકો પહોંચી શકશે, તેમ માનું છું.

ગીતા વિષે ઓછું વાંચનાર પણ ગીતાના બે મંત્રોથી અજાણ નહીં હોય, “કર્મણ્યેવાધિકારસ્તે મા ફલેષુ કદાચન' અને “સંભવામિ યુગે યુગે”. આ માત્ર એટલા માટે નથી કે આપણે આ બે મંત્રો વધુમાં વધુ સાંભળ્યા છે પણ એનું કારણ એ કે તે આપણા સાંસ્કૃતિક ડી.એન.એ.માં વણાયેલા છે. જેનું જાણ્યે અજાણ્યે આપણે અનુસરણ કરતા રહીએ છીએ. ગીતાના અઢાર અધ્યાયના સાતસો મંત્રો પૈકી માત્ર પાંચ મંત્રોની વાત આપણે કરવી છે. જેને કર્મયોગ પંચામૃત કહીશું.

**‘ન હન્યતે’ એટલે અભયમ્ તણું અમૃત! એ ગળે ઊતરે તો કેવી કમાલ થાય? માત્ર મૃત્યુ જ નહીં પરંતુ રોગ, વૃદ્ધાવસ્થા કે દિવ્યાંગતા જેવી શારીરિક અવસ્થાઓથી જન્મતી નિરાશા દૂર થાય**

**૧. અભયમંત્ર - ન હન્યતે!**

કાળા માથાના માનવીને જીવનમાં ઘણા ઘણા ભય સતાવતા હોય છે. એ પૈકી મોટામાં મોટો ભય કયો? મૃત્યુનો અલબત્ત! અર્જુનને કદાચ સ્વજનોની હત્યાથી ઉત્પન્ન થનાર દોષનો ભય હતો. ભગવાન સાંખ્યયોગમાં દેહની નશ્વરતા અને આત્માની અમરતાનું વચન આપી આ સંશય દૂર કરે છે. અવસાન નોંધના મથાળે લખાતો “નૈનં છિંદન્તિ શસ્ત્રાણિ” મંત્ર શોક દૂર કરવાનો માત્ર દિલાસો નથી પણ જન્મ-જીવન મૃત્યુ-પુનર્જન્મની અવિરત શુંખલા તરફ હકારાત્મક દૃષ્ટિકોણ છે. તે સાથે કર્મના અચળ સિદ્ધાંતનો પાયો છે. જીવનમાં કરેલું કશું નિષ્ફળ જતું નથી. કોઈ વાર તેનું ફળ આવતા જન્મે પણ પ્રાપ્ત થતું હોય છે. માણસે પોતાને તત્કાળ કેટલું અને કેવું પરિણામ મળે છે તેની ચિંતા કર્યા વિના બને તેટલું સારું અને સાચું કરતાં રહેવું જોઈએ, નૈતિકતાના સિદ્ધાંતની અહીં કેવી સચોટ પુષ્ટિ થાય છે!

‘ન હન્યતે’ એટલે અભયમ્ તણું અમૃત! એ ગળે ઉતરે તો કેવી કમાલ થાય? માત્ર મૃત્યુ જ નહીં પરંતુ રોગ, વૃદ્ધાવસ્થા કે દિવ્યાંગતા જેવી શારીરિક અવસ્થાઓથી જન્મતી નિરાશા દૂર થાય. આશાની સરવાણી વહી આવે. પ્રબળ આત્મબળ કેળવાય. આત્મબળે તો કેટકેટલા ચમત્કારો થઈ શકે! સંરક્ષણ, સુરક્ષા કે આપત્તિ વ્યવસ્થાપનના શૂરવીરો માટે તો “ન

હન્યતે' મહામંત્ર છે જ, અન્ય જનસેવકો માટે પણ રાષ્ટ્રની વિકાસયાત્રામાં નિર્ભેકપણે અડીખમ ઊભા રહેવાનું પ્રેરણાબળ છે. એક સફળ પ્રયોગ કહું? કોઈ સંઘર્ષની પળે માંહ્યલો નબળો પડતો જણાય ત્યારે શ્રીકૃષ્ણનું આ અભયવચન યાદ કરો. "ન હન્યતે' મંત્ર મનોમન મમળાવો. ભય અને શંકાનાં વાદળો વિખેરાઈ જશે. જે જાત સામે હારે, તે જગને જીતી શકે ખરા?

**૨. સમત્વ અને કર્મકૌશલ્ય- સફળતાના બે મંત્ર**

ગીતાના બીજા અધ્યાય સાંખ્યયોગના અડતાળીસ અને પચાસમા મંત્રમાં સફળતાની અદ્‌ભુત ફૉર્મ્યુલા છે! તમે કોઈ એવી વ્યક્તિ જોઈ છે કે જીવનમાં તેને કોઈ વાર નિષ્ફળતા મળી જ ન હોય? દરેક સફળ વ્યક્તિ કે મહામાનવના જીવનકવનનો ગુરુતમ સાધારણ અવયવ છે- સંઘર્ષ અને નિષ્ઠાપૂર્વકનો અવિરત પ્રયાસ. આ માટે કરોળિયો આપણો આદર્શ બની રહે. વારંવાર જાળું તૂટવા છતાં પોતાની લાળમાંથી એ જાળું ગૂંથ્યા કરે અને અંતે સફળ થાય. અહીં માણસના સંદર્ભમાં, લાળને બદલે પરસેવો વાંચીએ તો કેવો સરસ બોધ મળે! તમે સુઘરીનો માળો જોયો છે? નાનકડું પંખી એક એક તણખલું એકઠું કરી મજાનું ઘર બનાવે! કરોળિયા અને સુઘરીની સરખામણીમાં માનવ તો ઘણો વિકસિત જીવ છે. તો પછી તેને સફળ થતાં કોણ રોકી શકે?

ગીતાના આ મંત્રોનો સાર એ છે કે નિષ્ફળતાથી નાસીપાસ ન થાઓ કે ન સફળતાને આળસયોગ બનવા દો. બંને સંજોગોમાં સમતા રાખો. આમ જુઓ તો નિષ્ફળતાથી મોટો કોઈ ગુરુ નથી, જો તમે તેની પાછળનાં કારણો અને તમારે હવે શું કરવું જોઈએ તેની તટસ્થ વિચારણા કરો તો. ચિંતા નહીં ચિંતન કરો. કૌશલ્ય કર્મની સફળતાનું બીજું આયામ છે. દરેક કાર્ય માટે એક ખાસ કુશળતાની જરૂર છે. સફળ થવા તમારે એ કૌશલ્ય પ્રાપ્ત કરવું રહ્યું. સાવ સહજતાથી જે સુખ-સગવડ ભોગવીએ છીએ, તે વસ્તુના નિર્માણ પાછળ કેવી સુંદર સ્કિલ છે, તે જાણીએ છીએ? ઉનાળામાં માટલાનું શીતળ જળ પીતી વેળા વિચાર કર્યો છે કે આ ઘડો કોણે અને કઈ રીતે બનાવ્યો? વીજળી, વાહનવ્યવહાર, ઔદ્યોગિક તકનીક, આરોગ્ય અને સંદેશાવ્યવહાર જેવા અગણિત માનવીય ચમત્કારો આપણી સામે છે. માનવની આ વિકાસયાત્રામાં કેટલા નામી અનામી માનવોનું સમત્વ અને કૌશલ્યમંડિત યોગદાન હશે! ધારો કે માની લઈએ કે એ સર્જકો વિશિષ્ટ હતા પણ મારા રોજિંદા કામમાં હું કોઈ સુંદર ઇનોવેશન શા માટે ન કરી શકું?

**ગીતાનો મધ્યવર્તી અને સહુથી લોકપ્રિય સિદ્ધાંત એટલે અનાસક્ત કર્મયોગ. આસક્તિ એટલે વળગણ. અનાસક્તિ એટલે વળગણથી મુક્તિ. "હું કરું છું' અથવા "મારા માટે કરું છું' એ બહુ જબરું વળગણ છે**

**૩. કર્મયોગ મંત્ર- અનાસક્તિ અને નિમિત્તભાવ**

ગીતાનો મધ્યવર્તી અને સહુથી લોકપ્રિય સિદ્ધાંત એટલે અનાસક્ત કર્મયોગ. આસક્તિ એટલે વળગણ. અનાસક્તિ એટલે વળગણથી મુક્તિ. "હું કરું છું' અથવા "મારા માટે કરું છું' એ બહુ જબરું વળગણ છે. તેનાથી છૂટવું સહેલું નથી. એનાથી જે અળગા રહી શકે તે કર્મયોગી. આમ તો ગીતાની પરિભાષામાં કર્મયોગી અને યોગી સમાનાર્થી છે. દરેક મહાન વૈજ્ઞાનિક, કલાકાર, સમાજસેવક કે સંત-સુધારકના જીવનનું સર્વસામાન્ય રસાયણ એટલે અનાસક્ત કર્મયોગ. માણસની વાત છોડો, ક્યારેય કોઈ આંબાએ પોતે કેરી ખાધી હોય એવું સાંભળ્યું છે?

કદાચ આ મંત્રનો અધૂરો અર્થ જ આપણે સમજ્યા છીએ. એવું નથી કે કર્મનું કોઈ ફળ નથી. એ તો છે જ પણ આપણે માત્ર ફળ માટે કામ નથી કરતા. સહજ રીતે કર્મ કરી સાર્થકતાનો આનંદ લેવા જેવો છે. ફળ તો સહુમાં વહેંચીને બાકી વધે તેને પ્રભુનો પ્રસાદ માની ગ્રહણ કરીએ. વળી હાથમાં લીધેલું કામ પૂરું થયા પછી ફળને ભોગવવા કે વાહવાહી સાંભળવા બેસી ન રહીએ. વધારે મોટું લક્ષ્ય ધારણ કરીને આગળ વધીએ. હિમાલયના શિખરે પહોંચવા મથતા પર્વતારોહકે કોઇ કેમ્પ સાઇટ પર એકાદ રાત આરામ કરી આગળ વધવાનું રહે. એ રસ્તે આવતાં આકર્ષણોમાં ગૂંચવાઈને બેસી રહે તો શિખરે કેમ કરીને પહોંચે? અનાસક્તિનો બીજો અર્થ એ છે કે નિમિત્તભાવે કામ કરવું. કોઈ પણ સફળતા પાછળ ઘણાં પરિબળો હોય છે. પૂરેપૂરા પરિશ્રમ અને લગનથી કામ કરવું એટલું જ મારા હાથમાં છે. બાકીનું ઘણું બધું મારી પહોંચની બહાર હોઇ શકે. સંજોગોવશાત્ નિષ્ફળતા આવી પડે તો નિમિત્તભાવ મને શાંતિ અને સમતા આપશે. જનસેવક માટે તો અનાસક્ત કર્મયોગ અને નિમિત્તભાવ દ્વિગુણી રસી જેવાં છે, જે પોતાના અહંકાર અને બીજાની ઈર્ષાથી બચાવે!

**૪. નેતૃત્વ મંત્ર- જેવું જેવું કરે શ્રેષ્ઠ, અનુસરે તેને જન ગણ!**

ભારત વિશ્વનું સહુથી મોટું લોકશાહી અને અત્યંત વૈવિધ્યપૂર્ણ ગણતંત્ર છે. આપણે તેના ગૌરવવંતા વારસદાર છીએ, તે રખે વીસરાય! લોકશાહીમાં ખરું નેતૃત્વ નાગરિક પાસે છે. એક એક નાગરિક, તે પછી જનસેવક હોય કે વ્યવસાયી નેતૃત્વની જવાબદારી ધરાવે છે. આમ છતાં, સત્તા અને સામર્થ્યની દૃષ્ટિએ વધુ સમૃદ્ધ અને સક્ષમ વ્યક્તિની સવિશેષ જવાબદારી છે, ત્યારે "યદ્ યદ આચરતિ શ્રેષ્ઠ: તદ્ તદ્ દેવેતરો

જના:' (ગીતા, ૩/૨૧) ઘણો માર્મિક મંત્ર છે. જેવું મોટા કરે, તેવું નાના કરે! પ્રેરણા માટે ઠાલા શબ્દો નહીં આચરણનું ઊંજણ જોઈએ. વાણી અને કર્મ વચાળેના ખાલીપાનું નામ દંભ. આ તકે સુરક્ષા સેવાના ઉચ્ચ પદ માટે યોજાતી સર્વિસ સિલેક્શન બૉર્ડની કસોટીના સંદર્ભમાં એરફોર્સના એક અધિકારી સાથેનો સંવાદ યાદ આવે છે. એમણે કહેલું કે અહીં સ્પર્ધકની "મનસા વાચા કર્મણા' અંગેની એકસૂત્રતા કસોટીની એરણે મુકાય છે. કેવી સુંદર વાત!

નેતૃત્વ માટે ગીતાના "ગતિ ભર્તા પ્રભુ સાક્ષી' (ગીતા, ૯/૧૮) અને 'પ્રોતં સૂત્રે મણિગણા ઈવ' (ગીતા, ૭/૭) અને "યોગક્ષેમં વહામ્યહમ્' (ગીતા, ૯/૨૨) મંત્રો અદ્‌ભુત ભાવરહસ્ય સંઘરીને બેઠા છે. જો તમે કોઈ કાર્યજૂથના વડા છો તો તમારે આ ત્રણેય મંત્રોનો આત્મસાત્ કરવા જ રહ્યા. ટીમના સભ્યોના વિશ્વાસની અમૂલ્ય પૂંજી તમારી કને છે. તેમની મર્યાદાઓ અને ક્ષમતા ઓળખો અને જ્યાં જરૂર હોય ત્યાં પૂરક બનો. તેમને સ્વતંત્રતા અવશ્ય આપો પણ દેખરેખ રાખો. દરેક સત્કાર્યને વધાવો અને ભૂલને સુધારો. મોતીઓને એકીસાથે જોડી રાખતો દોરો પોતે અદૃશ્ય રહે છે પરંતુ તેના વિના મોતીઓ સાથે રહી શકે ખરા? સફળતાનો યશ સહુમાં વહેંચી દો. તમારી આ પ્રસાદવૃત્તિ પ્રેરણાનું અખંડ ઝરણું સંસ્થાના બાગને કર્તવ્યનિષ્ઠા અને સમર્પણથી લીલોછમ રાખશે. વળી જે કોઈ વ્યક્તિ અનન્ય સમર્પણભાવ સાથે સંસ્થા કે જનતાની સેવા કરે છે તો તમારે તેને યથોચિત પુરસ્કાર આપવો જ રહ્યો. સમર્પિત કર્મયોગીનું સન્માન કરતો સમાજ કે સંસ્થા એવી સુજલામ્ સુફલામ્ ધરણી છે કે ત્યાં આવા વિરલાઓ પાકતા જ રહે છે અને એ પણ એટલું જ ખરું છે કે તેનાથી વિપરિત સંજોગોમાં પરિણતિ પણ તેવી જ!

**પહેલી નજરે અવતારદર્શી લાગતું મંત્રયુગ્મ "યદા યદા હિ ધર્મસ્ય... સંભવામિ યુગેયુગે' (ગીતા, ૭,૮) ઘણો ઊંડો અર્થ ધરાવે છે. શાબ્દિક અર્થ એવો કરાય છે કે જ્યારે જ્યારે ધર્મની હાનિ અને અધર્મની વૃદ્ધિ થશે ત્યારે ત્યારે સજ્જનોના પરિત્રાણ અને દુર્જનોના વિનાશ માટે ભગવાન અવતાર લેશે**

### ૫. સંભવામિ - "આઇ કેન' - એક અદ્‌ભુત આત્મવિશ્વાસ મંત્ર

પહેલી નજરે અવતારદર્શી લાગતું મંત્રયુગ્મ "યદા યદા હિ ધર્મસ્ય... સંભવામિ યુગેયુગે' (ગીતા, ૭,૮) ઘણો ઊંડો અર્થ ધરાવે છે. શાબ્દિક અર્થ એવો કરાય છે કે જ્યારે જ્યારે ધર્મની હાનિ અને અધર્મની વૃદ્ધિ થશે ત્યારે ત્યારે સજ્જનોના પરિત્રાણ અને દુર્જનોના વિનાશ માટે ભગવાન અવતાર લેશે. વિશ્વના ઈતિહાસમાં પણ તેનાં અનેક પ્રમાણો મળી આવે છે. સમાજની પરિસ્થિતિ અનુસાર સુધારક નેતૃત્વ મળતું રહ્યું છે. તેને તમે માનવસમાજની આંતરિક રોગપ્રતિરોધક ક્ષમતા કહી શકો!

આ મંત્રનો વ્યાપક અને સૂક્ષ્મ ભાવાર્થ લેવા જેવો છે. ધારો કે મારી નજર સામે કોઈ હિંસા કે અન્યાય થઈ રહ્યો છે, તો શું કોઈ તારણહારની રાહ જોઈ મારે હાથ જોડી બેસી રહેવું? આ તો કાયરતા કહેવાય. બીજી બાજુ, સારું કામ કરવા કોઈએ પહેલ કરી છે, તો મારે બનતું યોગદાન અવશ્ય આપવું જોઈએ, ખરું ને? એ સંદર્ભમાં "સંભવામિ યુગે યુગે'નો "સંભવામિ ક્ષણે ક્ષણે' અથવા "સંભવામિ જને જને' જેવો ભાવાર્થ લઈએ તો કેવું સારું! વળી જ્યારે આપણા ઋષિઓએ "જુદો ના જીવ શિવથી" જેવું અમરવચન આપ્યું છે, ત્યારે તો સંભવામિ મંત્રનો આધુનિક ભાષામાં "આઇ કેન' જેવો અર્થ લેવો હિતકર છે. સ્વામી વિવેકાનંદનું "શિવજ્ઞાનથી જીવસેવા' દર્શન આપણી નજર સામેનો દાખલો છે.

રાષ્ટ્રપ્રેમી સ્વામી રામતીર્થના મહાવાક્યથી કર્મયોગની વાતનું સમાપન કરીએ!

''જ્યારે હું ચાલું છું ત્યારે વિચારું છું કે ભારત ચાલી રહ્યું છે, જ્યારે હું બોલું છું ત્યારે વિચારું છું કે ભારત બોલી રહ્યું છે, જ્યારે હું શ્વાસ લઉં છું ત્યારે વિચારું છું કે ભારત શ્વાસ લઈ રહ્યું છે. મારો પ્રેમ સાર્વભૌમિક છે, મારો અંતરાત્મા વિશ્વાત્મા છે. હું ભારતવર્ષ છું, હું શિવ છું રાષ્ટ્રભક્તિનો આ સર્વાંગી સાક્ષાત્કાર છે અને વ્યવહારુ વેદાંત પણ એ જ છે.''

*પ્રિન્સિપાલ સેક્રેટરી,*
*રાજભવન, ગાંધીનગર.*

# વૈદિક પરંપરામાં ઋષિકાઓનું યોગદાન

- *ડૉ. યોગિની હિમાંશુ વ્યાસ*

વૈદિક સાહિત્ય અનંત જ્ઞાનરાશિનો અક્ષય્ય નિધિ છે. એમાં પણ સમગ્ર વિશ્વસાહિત્યમાં પ્રાચીનતમ ગણાતો ઋગ્વેદ ભારતીય આર્યજીવનનું દર્શન કરાવનાર એક પુરાતન ઐતિહાસિક દસ્તાવેજ છે. વૈદિક વાઙ્મયના અસંખ્ય નારીરત્નોએ, વર્તમાન વિશ્વની મહિલાઓના જીવનમાં દિવ્યતા, ભવ્યતા, શ્રદ્ધા, શૌર્ય, ક્ષમા, લજ્જા, વિનય, કરુણા વગેરે ગુણસંપદનો પ્રકાશ પાથર્યો છે. 'માતૃદેવો ભવ', 'ગૃહિણી ગૃહમુચ્યતે', 'નાસ્તિ માતૃસમો ગુરુઃ', 'જનની જન્મભૂમિશ્ચ સ્વર્ગાદપિ ગરીયસી', 'નારી એ જ નારાયણી', 'જનનીની જોડ સખી નહીં જડે રે લોલ', 'જે કર ઝુલાવે પારણું તે જગ પર શાસન કરે', વગેરે રત્નકણિકાઓ દ્વારા માનવજીવનમાં સ્ત્રીનું ગરિમાપૂર્ણ સ્થાન અને સાથે સાથે તેનું મહત્ત્વપૂર્ણ યોગદાન પ્રતિપાદિત થાય છે. વેદકાલીન ઋષિકાઓ નારીસમાજને માટે પ્રેરણાના પાથેયનું પ્રદાન કરે છે તથા જ્યોતિર્મય જીવનનું માર્ગદર્શન આપે છે.

**માનવજીવનમાં સ્ત્રીનું ગરિમાપૂર્ણ સ્થાન અને સાથે સાથે તેનું મહત્ત્વપૂર્ણ યોગદાન પ્રતિપાદિત થાય છે. વેદકાલીન ઋષિકાઓ નારીસમાજને માટે પ્રેરણાના પાથેયનું પ્રદાન કરે છે તથા જ્યોતિર્મય જીવનનું માર્ગદર્શન આપે છે**

ઋગ્વેદમાં જેમ વસિષ્ઠ, વિશ્વામિત્ર, ગૃત્સમદ, અત્રિ વગેરે ઋષિઓએ મંત્રોનું દર્શન કર્યું હતું. તેમ અપાલા આત્રેયી, વાગામ્ભૃણી વગેરે ઋષિકાઓ કે સ્ત્રી-ઋષિઓ(મન્ત્રદષ્ટિઓ) એ પણ વિવિધ મંત્રોનું દર્શન કર્યું.

ઋગ્વેદની ૨૭ ઋષિકાઓનો નામતઃ ઉલ્લેખ 'આર્ષાનુક્રમણી' તથા 'બૃહદ દેવતા' એ બે ગ્રંથોમાં જોઈ શકાય છે. ગોધા, ઘોષા, વિશ્વવારા, અપાલા, ઉપનિષદ, નિષદ, બ્રહ્મજાયા જુહૂ, અગસ્ત્યની ભગિની, અદિતિ, ઈન્દ્રાણી, ઈન્દ્રમાતા, સરમા, રોમશા, ઉર્વશી, લોપામુદ્રા, નદીઓ, યમી, શશ્વતી નારી, શ્રી, લાક્ષા, સાર્પરાજ્ઞી, વાક્, શ્રદ્ધા, મેધા, દક્ષિણા, રાત્રી અને સૂર્યા સાવિત્રી. આ બધી ઋષિકાઓના પ્રદાન વિશે જોતા 'ગોધા'નું પાત્ર મનુષ્યેતર પ્રાણી સ્વરૂપે ઉપસ્થિત થઈને કાર્યનિષ્ઠાનો સુમધુર સંદેશ પાઠવે છે. ઋગ્વેદ (૧૦-૧૩૪-૭) ના મંત્રમાં યજ્ઞકર્મ પ્રત્યે પોતાનું સમર્પણ વ્યક્ત કરતી ગોધા એક કર્મઠ ઋષિકા તરીકે ચિરસ્મરણીય પ્રભાવ પાડી જાય છે.



વૈદિક નારીના બૌદ્ધિક સંપન્નતા, સ્વતંત્રતા, પતિ અને પુત્રની સ્પૃહા વગેરે બહુમુખી વ્યક્તિત્વનાં પાસાઓ ઉપર અજવાળાં પાથરતી બ્રહ્મવાદિની 'ઘોષા'ના નામ ઉપર ઋગ્વેદના દસમા મંડળમાં ૩૯ અને ૪૦ એમ બે સૂક્તો પ્રાપ્ત થાય છે. વૈદિક ઋષિઓની પરંપરાનું નિર્માણ કરનાર ઉચ્ચ કુળમાં ઘોષાનો જન્મ થયો હતો. કાક્ષીવાન નામના ઋષિની પુત્રી ઘોષા એક દુર્દૈવી, કમનસીબ તથા ભાગ્યહીન હતી. 'બૃહદ દેવતા' નામના ગ્રંથમાં ઘોષાના પાત્ર વિશે વિસ્તારપૂર્વક નિરૂપણ કરવામાં આવ્યું છે. કોઈક પાપ-રોગને કારણે તે અપંગ બની ગઈ હતી. પ્રયત્નો કરવા છતાં સારો પતિ ન મળવાને કારણે પિતાના ઘરમાં રહીને લગભગ ૬૦ વર્ષો પસાર કર્યાં. પરંતુ પછી તે કંટાળી ગઈ. એને પોતાનું એકલવાયું જીવન નીરસ લાગવા માંડ્યું. આ મુશ્કેલીમાંથી માર્ગ કાઢવા માટે, સારો પતિ મેળવવા માટે તેણે ઈશ્વરસ્વરૂપ અશ્વિનૌ દેવોની ભાવપૂર્ણ પ્રાર્થના તથા ઉપાસના શરૂ કર્યાં. કારણ કે એ યુગમાં ઈન્દ્ર, અગ્નિ અને સોમ - આ દેવતાઓ પછી અશ્વિનૌનું મહત્ત્વ અને શ્રેષ્ઠત્ત્વ વધી ગયું હતું. તે વખતના જનસમાજમાં અશ્વિનૌ દેવોની શક્તિ, સામર્થ્ય અને જ્ઞાન પ્રત્યે દઢ શ્રદ્ધા હતી. પ્રકાશના દ્યોતક આ જોડિયા દેવતાઓમાં ભક્તોનું સંકટમાંથી રક્ષણ કરવાની પ્રચંડ શક્તિ હતી. એમનું બીજું નામ 'નાસત્યા' 'ન-અસત્યા' જે કદી ખોટા ઠરતા નથી, જેમની પ્રાર્થના કદી નિષ્ફળ જતી નથી. ઘોષા આ પ્રમાણેનું ચિંતન જ કરી રહી હતી અને ત્યાં જ તેણે બે સૂક્તોનું દર્શન કર્યું. અશ્વિનૌ'ની અંતઃકરણપૂર્વક પ્રાર્થના કરતાં તે કહે છે :'સુંદર અને મજબૂત રથમાં ફરનારા અશ્વિનૌની અમે રાતદિવસ પ્રાર્થના કરીએ છીએ.' અપ્રત્યક્ષ રીતે પોતાની પ્રાર્થનાનો હેતુ બતાવતાં તે કહે છે- 'અવિવાહિત કન્યાના તમે ભાગ્ય બનો છો. એને સારો પતિ આપીને ભાગ્યશાળી બનાવો છો.' અશ્વિનૌનું નિરંતર ધ્યાન ખેંચવા માટે વૃદ્ધાવસ્થાથી જીર્ણ થયેલા ચ્યવન ઋષિને પુનઃયૌવન બક્ષવાના, વૃદ્ધ થયેલા 'કલિ'

નામના ઋષિને નવજીવન અર્પવાના, કૂવામાં પડી ગયેલા વંદન નામના ઋષિને કૂવામાંથી બહાર કાઢવાના, યુદ્ધભૂમિ ઉપર સંગ્રામ કરવા ગયેલી રાણી વિશ્પલાનો એક પગ દુશ્મનોના શસ્ત્રોથી કપાઈ જતાં તેને નવો પગ આપીને હરતી-ફરતી કર્યાના અનેક દાખલાઓ આપતી ઘોષા સ-રસ, સચોટ અને ચિત્તવેધક ભાષા શૈલીમાં અશ્વિનૌને પ્રાર્થે છે. આમ ઈશ્વર પ્રત્યેની અનન્ય નિષ્ઠા, અડગ શ્રદ્ધા તથા ભગવાનમાં સંપૂર્ણ શરણાગતિ અને પ્રપત્તિનું એક આદર્શ ઉદાહરણ બ્રહ્મવાદિની ઘોષા આપણી સમક્ષ પ્રસ્તુત કરે છે. ફલસ્વરૂપ અશ્વિનૌ ઘોષાને સારો પતિ આપે છે અને 'સુહસ્તિ' નામના મંત્રદ્રષ્ટા પુત્રની પ્રાપ્તિ પણ કરાવે છે. નમ્રતા અને ઋજુતાથી કરેલી આ પ્રાર્થનાઓ પ્રાસાદિક, અર્થમધુર અને હૃદયસ્પર્શી હોવાથી વૈદિક સાહિત્યમાં અક્ષય, અમર અને ચિરંતર સ્થાન પામે છે.

મંત્રદર્શિની વિશ્વવારા વૈદિક વાઙ્મયના પ્રખ્યાત અત્રિ ઋષિના ઉચ્ચ કુળમાં જન્મેલી છે. ભગવાન દત્ત, દુર્વાસા અને ચંદ્રમાના પિતા તથા સતી અનસૂયાના પતિ અત્રિ ઋષિ ઋગ્વેદના પાંચમા મંડળના દ્રષ્ટા ગણાય છે. આ મંડળના ૨૮મા સૂક્તમાં વિશ્વવારા અગ્નિદેવની પ્રશંસા અને પ્રાર્થના કરે છે. ઋગ્વેદના સમયમાં વિવિધ યજ્ઞયાગોના અનુષ્ઠાનમાં સ્ત્રીઓ પણ સરખી રીતે સહભાગી થતી હતી. એટલું જ નહિ પણ યજ્ઞોના સમારોહ પ્રસંગે ઋત્વિજોની સાથે વેદીની પાસે બેસીને મંત્રોચ્ચાર દ્વારા દેવતાઓનું આવાહ્નન કરતી. સમ્યક, વાણી અને મનોહર શૈલી દ્વારા એમની સ્તુતિ અને પૂજા કરતી. આવી ઉચ્ચ કોટિની મંત્રગાયિકા ઋષિકાઓમાં અત્રિકુલદીપિકા વિશ્વવારાનું વિરાટ વ્યક્તિત્વ ચિરસ્મરણીય બની રહે છે.

**ઋગ્વેદના સમયમાં વિવિધ યજ્ઞયાગોના અનુષ્ઠાનમાં સ્ત્રીઓ પણ સરખી રીતે સહભાગી થતી હતી. એટલું જ નહિ પણ યજ્ઞોના સમારોહ પ્રસંગે ઋત્વિજોની સાથે વેદીની પાસે બેસીને મંત્રોચ્ચાર દ્વારા દેવતાઓનું આવાહ્નન કરતી**

વિશ્વવારાના જ વંશમાં એટલે કે પ્રખ્યાત અત્રિકુળમાં જન્મેલી બીજી મેધાવિની અને આર્ષજ્ઞાનસંપન્ન ઋષિકા એટલે અપાલા. શ્રેષ્ઠ કુળમાં જન્મેલી અપાલાને ત્વચાસંબંધી રોગ હોવાથી તેના પતિએ ઘરમાંથી જાકારો આપેલો. પતિનો પ્રેમ પુનઃપ્રાપ્ત કરવા અને સુખી કૌટુંબિક જીવનની પ્રાપ્તિ માટે તેણે ઈન્દ્રદેવને પ્રાર્થના કરી. તેમણે પ્રસન્ન થઈને તેને સૂર્યના જેવી ચમકતી, સુંદર અને નિરામય ત્વચાનું પ્રદાન કર્યું.

ઋગ્વેદના દશમા મંડળનું ૮૫મું સૂક્ત સૂર્યાસૂક્ત અત્યંત મહત્ત્વપૂર્ણ સૂક્ત છે. સૂર્યની પુત્રી સૂર્યા સાવિત્રીના વિવાહનું વિસ્તૃત વર્ણન કરતા આ સૂક્તમાં સોમ, સૂર્યાવિવાહ, અશ્વિનૌ, સૂર્ય, યક્ષ્મનાશન, આશીર્વાદ વગેરેનું સુંદર નિરૂપણ કરવામાં આવ્યું છે. સૂર્યાના લગ્ન સમયે તેનો ભાવિ પતિ કહે છે :


गृभ्णामि ते सौभागत्वाय .......... देवाः ।

અર્થાત્ હે વધૂ ! મારા સૌભાગ્ય માટે તારો હાથ પકડું છું. પતિ બનેલ મારી સાથે તું ઘણાં વર્ષો સુધી જીવીને વૃદ્ધ બન, ભગ, અર્યમા તથા સવિતા વગેરે દેવો દ્વારા તથા ગૃહસ્થાશ્રમની પુરન્ધિ(લક્ષ્મી) દેવી દ્વારા આ ગૃહસ્થાશ્રમના પાલન માટે તું મને આપવામાં આવી છે.

મૂળ ઋગ્વેદનું સૂર્યાસૂક્ત પછીથી થોડાક ફેરફારો સાથે અથર્વવેદમાં ઉદ્ધૃત કરવામાં આવ્યું છે. તેનો આધાર લઈને ગૃહ્યસૂત્રોમાં મધુપર્ક, ગોપ્રદાન, ગોત્રોચ્ચાર, પુણ્યાહવાચન, લાજાહોમ વગેરે લગ્નવિધિનું ખૂબ વિસ્તૃત વર્ણન કરવામાં આવ્યું છે.

ઋગ્વેદના દશમ મંડળની ૧૫૧મા સૂક્તની મંત્રદૃષ્ટિ ઋષિકા શ્રદ્ધા છે. શ્રદ્ધા સૂક્તમાં શ્રદ્ધા કામાયની નામની ઋષિકા શ્રદ્ધાની નૈસર્ગિક ચારુતાને મનોહર શબ્દાવલીમાં વ્યક્ત કરે છે. માનવજીવન કે ઋષિજીવનમાં, યજ્ઞમાં કે આહુતિમાં, ભોજનમાં કે વિત્તપ્રાપ્તિમાં સર્વત્ર શ્રદ્ધાનું અસ્ખલિત અને અપરિમેય મહત્ત્વ આ ઋષિકાને દૃષ્ટિગોચર થયું છે. દેવો, યજમાનો અને મનુષ્યો શ્રદ્ધા દેવીને પ્રાર્થે છે અને સંકલ્પરૂપ ક્રિયાથી શ્રદ્ધાની જ સેવા કરે છે. આ સૂક્તના અંતમાં આવેલા શબ્દો - 'श्रद्धे श्रद्धापयेह नः અર્થાત્ હે શ્રદ્ધા દેવી ! તું જ અમને આ વિશ્વમાં શ્રદ્ધા રાખનાર બનાવ.' વિશ્વના દરેક મનુષ્યને સુવર્ણમય સંદેશ તથા જીવનનું અમૂલ્ય પાથેય ઉપલબ્ધ થાય છે.

ઋગ્વેદમાં ક્યાંક અચેતન પદાર્થ ગણાતી ઋષિકાઓનું પ્રદાન પણ જોવા મળે છે. આવું જ એક રાત્રિ-સૂક્ત (ઋગ્વેદ ૧૦-૧૨૭) છે. જેના મંત્રદ્રષ્ટા સૌભરિપુત્ર કુશિક છે અથવા ભારદ્વાજની પુત્રી 'રાત્રિ' નામની ઋષિકા છે- એમ પરંપરાથી જાણવા મળે છે. અહીં રાત્રિને વૈકલ્પિક ઋષિત્વ પ્રદાન કરવામાં આવ્યું છે. સમગ્ર સૂક્તમાં રાત્રિ દેવતાની જ સ્તુતિ કરવામાં આવી છે. આ સૂક્તમાં સરળ ભાષામાં અને



ટૂંકા વાક્યોમાં રાત્રિકાળનાં વર્ણનો અને મનુષ્યના મનની આશંકાઓ અને આકાંક્ષાઓ રજૂ થઈ છે. કવિ આ રાત્રિ પાસે પ્રાર્થના કરે છે કે અમે સૂતા હોઈએ ત્યારે અમને વરુઓ કરડી ના જાય, ચોર અમારું ધન અપહરી ના જાય, એવી તું સુખકરી બની રહે. આ સૂક્તમાં રાત્રિ માટે દેવી, ઉષાની બહેન, ઊર્મ્યા અને દ્યુલોકની (સૂર્યની) પુત્રી વગેરે વિશેષણો વપરાયાં છે. રાત્રિની ભવ્યતા અને તેના પ્રત્યેના અહોભાવને વ્યક્ત કરતી પ્રકૃતિની કવિતા રજૂ કરતું આ સૂક્ત અદ્ભુત છે. આ પ્રસંગે અમેરિકાના મહાન કવિ Robert frost ની કાવ્ય-પંક્તિઓનું સ્મરણ થાય છેઃ

The woods are lovely, dark and deep, But I have promises to keep, And miles to go before I Sleep, And miles to go before I sleep.

વિશ્વામિત્ર ઋષિ સાથેના સંવાદમાં ભાગ લેવાથી અચેતન નદીઓ પણ ઋષિકાઓ તરીકે ઉપસ્થાપિત થયેલી જોઈ શકાય છે. ઋગ્વેદના તૃતીય મંડળના ઋષિ વિશ્વામિત્રનો પૂરબહારમાં વહેતી પંજાબની વિપાટ(હાલની બિયાસ) અને શુતુદ્રી(આધુનિક સતલજ) નદીઓ સાથેનો સંવાદ કાવ્યાત્મક સૌંદર્યથી સમૃદ્ધ છે. અહીં નદીઓને मातृतमा (શ્રેષ્ઠ માતા), उर्वी(વિશાળ), सुभगा(કલ્યાણમયી) તથા ऋतावरी(ઋતુનું પાલન કરનારી) વગેરે વિશેષણોથી નવાજવામાં આવી છે. मातृतमा વિશેષણમાં 'નદી લોકમાતા છે.' એવો આદરભાવ સ્પષ્ટ તરી આવે છે. આ પ્રકારના સંવાદસૂક્તો ઐતિહાસિક દૃષ્ટિથી મહત્ત્વપૂર્ણ છે, જેમાં વેદકાલીન ઘણી ઘટનાઓ(કિ પ્રસંગો)ના દસ્તાવેજો સચવાઈ રહ્યા છે.

મનુષ્યેતર પ્રાણીરૂપ ઋષિકાઓમાં 'સરમા' નામની દેવશુની(કૂતરી)નું અનન્ય પ્રદાન નોંધનીય છે. 'બૃહદદેવતા' ગ્રંથમાં ઋગ્વેદની મંત્રદૃષ્ટિઓની યાદીમાં ખિલસૂક્તો કે ખિલમંત્રો સાથે સંબંધિત ઉપનિષદ, નિષદ, શ્રી, લાક્ષા અને મેધા વગેરેનું પ્રદાન પણ મહત્ત્વપૂર્ણ છે. ઉષાના સૂક્તોમાં નૃત્ય કરતી નારીઓના નિર્દેશ પરથી નૃત્ય, ગીત, વાદ્ય વગેરે કલાઓમાં નારીનાં કૌશલ તથા નૈપુણ્યનાં દર્શન થાય છે. મુદ્ગલ ઋષિની પત્ની મૌદ્ગલાએ પતિના પડખે રહી ઇન્દ્રના દુશ્મનોને રણમેદાનમાં પરાસ્ત કર્યા હતા.

ઋગ્વેદના ૧૦મા મંડળના ૧૨૫મા સૂક્તની ઋષિકા 'વાક' અમ્ભૃણ નામના ઋષિની દુહિતા(પુત્રી) છે. આ ઋષિકા સાચા અર્થમાં બ્રહ્મવાદિની છે. કારણ કે તેણે ફક્ત મંત્રોનું જ દર્શન કર્યું નથી, પરંતુ વૈદિક મંત્રોના મૂળમાં અને સમગ્ર સૃષ્ટિની પાછળ જે વિરાટ પરબ્રહ્મ તત્ત્વ છે તેનું પણ દર્શન કર્યું છે. બ્રાહ્મી સ્થિતિ પામેલી આ ઋષિકા પ્રસ્તુત સૂક્ત(ઋગ્વેદ-૧૦-૧૨૫) માં પરમેશ્વરનું યથાર્થ સ્વરૂપ સમજાવે છે, સાથે જ તેની દિવ્ય શક્તિની પ્રતીતિ કરાવે છે. ગુજરાતના સુપ્રસિદ્ધ તત્ત્વચિંતક શ્રી નર્મદાશંકર દેવશંકર મહેતા પોતાના હિન્દ તત્ત્વજ્ઞાનનો ઇતિહાસ ગ્રંથમાં લખે છે : 'મૂળ સૂક્ત અમ્ભૃણ ઋષિની કન્યા 'વાક્'ના દર્શનનું છે. પાછળથી વર્ણમાલાના આદ્ય અને અંત અક્ષરોના સંપુટમાં अ+हम् માં વાક્ શક્તિનો સમાસ કરી 'સરસ્વતી સૂક્ત' તરીકે આનો ઉપયોગ થાય છે. પ્રત્યેક મંત્રનું આદ્યપદ अहम् છે.

વૈદિક કાલ પછી ઉપનિષદોમાં જોતાં છાન્દોગ્ય ઉપનિષદની જબાલા તથા બૃહદારણ્યક ઉપનિષદની મૈત્રેયીના પાત્રો દ્વારા વિદિત થાય છે કે ઉપનિષત્કાલની નારી સત્યવચની તથા અધ્યાત્મમાર્ગની પ્રવાસી છે. બૃહદારણ્યક ઉપનિષદમાં મુમુક્ષુ યાજ્ઞવલ્કય ઋષિ વનમાં જતાં પહેલાં પોતાની સંપત્તિ કાત્યાયની અને મૈત્રેયી વચ્ચે વહેંચવા ઇચ્છે છે. ભૌતિક સંપત્તિ પ્રિય હોવાથી કાત્યાયની તે સંપત્તિનો સહર્ષ સ્વીકાર કરી લે છે. પરંતુ મૈત્રેયી પ્રશ્ન પૂછે છે : 'ધનથી ભરેલી સમગ્ર પૃથ્વી જો મળે તો એના વડે હું અમર બનું ખરી?' યાજ્ઞવલ્કયે ના પાડી. મૈત્રેયીને તો જાણે કે મોક્ષની કડી મળી ગઈ. આધ્યાત્મિક સુખની અભિલાષિણી મૈત્રેયીની ઉત્કટ જિજ્ઞાસા જોઈને મહર્ષિ યાજ્ઞવલ્કય તેને બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ આપે છે.

નારી શક્તિનો સર્વોચ્ચ મહિમા જેમાં આકારિત થયો છે તે વેદો, ઉપનિષદો, પુરાણો, આપણી ભારતીય સંસ્કૃતિના મહામૂલાં ગ્રંથરત્નો છે. આ ગ્રંથોમાં નિરૂપિત મહિલાઓના પ્રદાનનો અભ્યાસ કરી આધુનિક નારી પણ જીવનનાં તમામ ક્ષેત્રોમાં પ્રગતિ હાંસલ કરી શકે.

*'દેહિન' પ્લોટ નં-૧૪૩૫-સી-૧, સેક્ટર-૨-બી,*
*સ્વામિનારાયણ મંદિર પાછળ, ગાંધીનગર-૩૮૨ ૦૦૭*
*મો. ૯૪૦૮૭૭૮૩૬૫*

# બાળસાહિત્ય અને ચિત્રકલા

*- સોમાભાઈ વી. પટેલ*

બાળકોને ચિત્રો ખૂબ ગમે છે એ સર્વવિદિત હકીકત છે. એમાં એ રંગીન ચિત્રો, વાર્તાઓ, કોમિક્સનું એમને એટલું બધું આકર્ષણ હોય છે કે ન પૂછો વાત. બાળક માટે તો આખી સૃષ્ટિ જ વિસ્મયથી ભરેલી છે. ચકલી કે મોર, ગાય કે ઘોડો, વાઘ કે સિંહ, ચંદ્ર કે તારલા, ટ્રેન કે એરોપ્લેન - આ બધાં તરફએ ખૂબ ઉત્સુકતાથી અને કુતૂહલતાથી જુએ છે. આમ તો એના ચિત્તમાં અગાઉ જે દૃશ્યો અંકિત થયેલાં હતાં તેની આ પ્રતિકૃતિઓ છે, પરંતુ એવી પ્રતિકૃતિઓ જોતાં એને અનેરો આનંદ થાય છે. એમ કહી શકાય કે પ્રત્યક્ષ જગત પછી બાળકનું પ્રથમ શિક્ષણ ચિત્રો દ્વારા થાય છે. બાળક ભાષા તો મોડેથી શીખે છે. ભાષાના શબ્દોના પ્રત્યેક વર્ણ કે ધ્વનિ સંકેતને પોતાને તો કશો અર્થ હોતો નથી; પરંતુ એ વર્ણો કે ધ્વનિ સંકેતો એકબીજા સાથે મળતા અમુક પ્રાણી કે પદાર્થનો અર્થ સૂચિત કરે છે.

અર્થાત્ કોઈ પણ ભાષાનો શબ્દ પોતે વ્યંજનાત્મક હોય છે. આથી જ્યારે શબ્દ સાંભળીએ કે તરત જ તેનો અર્થ સમજવાનું સરળ નથી હોતું. પ્રાણી કે પદાર્થની પ્રતિકૃતિ ચિત્ર દ્વારા પ્રત્યક્ષ થતી હોઈ તેને સમજવાનો સરળ થઈ પડે છે. જેમ કે, કોઈ બાળક સમક્ષ' વાઘ 'શબ્દ ઉચ્ચારીએ; પણ જો તેણે વાઘ જોયો જ ન હોય કે તેના વિશે કશું સાંભળ્યું જ ન હોય તો 'વાઘ' શબ્દનો અર્થ એના ચિત્તમાં ભાગ્યે જ અવગત થશે. પરંતુ જો બાળકની સમક્ષ વાઘનું ચિત્ર મૂકવામાં આવે તો એ ચિત્ર જોતાં જ 'વાઘ' કેવો હોય, એનું શરીર, એનો રંગ, એના દાંત, એના નખ, એની સમગ્ર વિકરાળતા તેને તરત જ પ્રત્યક્ષ થાય છે. બાળક જગતને જુએ છે એ પછી એનું પ્રથમ શિક્ષણ ચિત્રના માધ્યમ દ્વારા થાય છે, અને એમાં એને કશો બોજ વરતાતો નથી. ભાષા -પછી તે ગમે તેટલી વ્યાપક રીતે બોલાતી હોય તો પણ પ્રાદેશિક સીમાઓથી બંધાયેલી હોય છે, એથી જે તે ભાષા પ્રદેશની બહાર તે 'નિરર્થક' બની રહે છે .પરંતુ ચિત્રની 'ભાષા' એવા કોઈપણ સીમાડાઓથી પર, સર્વગમ્ય અને સર્વસુલભ હોય છે, તેથી બાળ સાહિત્યમાં ચિત્રનો મહત્વ સહજ રીતે સ્વીકારાયું છે. સાવ નાના ભૂલકાં માટેના સાહિત્યમાં તો ચિત્રો જ પ્રધાન અને કથન નહિવત્ હોય એ જ ઈષ્ટ ગણાય. શરૂઆતના સાહિત્યમાં ચિત્રોનું પ્રાધાન્ય હોય, પછી જેમ જેમ બાળકો ભાષા વાંચતાં થાય તેમ તેમ તેમાં ચિત્રોનું પ્રમાણ ઓછું થઈ શકે.

બાળવાર્તાઓમાં ચિત્રો કેવાં હોવાં જોઈએ એ વિશે પણ ઘણી ચર્ચા થતી જોવા મળે છે.બાળસાહિત્યનાં ચિત્રો રંગસભર તો હોય જ, પણ એ તાદૃશ વાસ્તવદર્શી- realistic -હોવા જોઈએ કે મુક્ત અભિવ્યક્તિવાળા ? કે પછી લેખકની કલ્પનાને સાકાર કરે તેવા હોવાં જોઈએ ? આપણા એક બાળસાહિત્ય -વિવેચકે બાળકો માટેનાં સાહિત્યનાં ચિત્રો વાસ્તવદર્શી- realistic - હોવાં જોઈએ એવો મત ભારપૂર્વક પ્રગટ કર્યો છે. જોકે realistic એટલે શું એ પણ પ્રશ્ન રહે છે જ. દેવદેવીઓ, પરીઓ કે રાક્ષસોની સૃષ્ટિનાં ચિત્રોમાં reality કોને કહેવી ? લેખકે લખ્યું ; "એક રાક્ષસ ત્યાં ધસી આવ્યો. " અહીં લેખક ને રાક્ષસનું વર્ણન આપવાની જરૂર કદાચ ન જણાય; પણ ચિત્રકારે તો રાક્ષસને ચિત્રમાં મૂર્ત કરવાનો છે. એટલે બાળસાહિત્યમાં આખરે ચિત્રકારની કલ્પનાશક્તિ અને તેની નિરૂપણ શક્તિ ઉપર ઘણો મોટો આધાર રહે જ. ચિત્રકાર પોતે પણ એક કલાકાર છે. બાળવાર્તાઓને અનુરૂપ ચિત્રો આલેખતાં તે પોતાની સર્જકતાનો પરચો બતાવે છે ત્યારે ઘણી વાર તેનાં ચિત્રો વાર્તાના વસ્તુ -content- કરતા ક્યાંય આગળ નીકળી જાય છે. એવું પણ બને કે કોઈ ચિત્રકારની કલ્પના શક્તિ સીમિત હોય, એની નિરૂપણ શક્તિ મર્યાદિત હોય તો એ વાર્તાઓ ગમે તેટલી સત્ત્વશીલ અને સરસ હોય તો પણ ઘણી વાર તે બાળકોને આકર્ષી શકતી નથી, આ દર્શાવે છે કે બાળસાહિત્યમાં લેખકની સાથે ચિત્રકારનો સહયોગ ઘણો મહત્વનો છે, તેમ જવાબદારી પણ મોટી છે. મિકી માઉસ, ડોનાલ્ડ ડક કે બકોર પટેલનાં પાત્રો આજે પણ આપણી નજર સમક્ષ તરવરે છે તે લેખકની કલ્પનાનું સર્જન છે કે ચિત્રકારની? ગમે તેમ, પણ બાળસાહિત્યમાં લેખકની સાથે ચિત્રકારની સર્જકતાનો પણ નોંધપાત્ર ફાળો રહ્યો છે અને એનો સ્વીકાર કરવો રહ્યો. સારાં ચિત્રો લેખનમાં પણ નવું પરિમાણ ઉમેરે છે, તે સાથે એમ પણ કહી શકાય કે ચિત્રકારની ચિત્રાંકનની મર્યાદાઓ બાળ-સાહિત્ય કૃતિને હાનિ પણ પહોંચાડી શકે છે. બાળકો સામાન્યતઃ કૃતિ વાંચતાં પહેલા તેમાંનાં ચિત્રો જુએ છે, અને એ ચિત્રોના સંદર્ભમાં તેમના ચિત્તમાં વાર્તાની સૃષ્ટિ આકાર લે છે. આથી જો ચિત્રકારે વાર્તાસૃષ્ટિને અનુરૂપ ન હોય તેવી ચિત્રસૃષ્ટિ સર્જી દીધી હોય તો બાળકોને એ વાર્તા સમજવા તેનું હાર્દ પામવામાં તે વિક્ષેપરૂપ પણ બની શકે છે. કેટલાક પ્રકારો ઉત્તમ વાસ્તવદર્શી ચિત્રો આલેખે છે, તો કેટલાક ભાતીગળ ડેકોરેટિવ શૈલીમાં ઉત્તમ ચિત્રાંકન કરે છે. વળી કેટલાક ચિત્રકારો મુક્ત અભિવ્યક્તિવાળાં આધુનિક શૈલીનાં ચિત્રો

દ્વારા અદ્ભુત અમૂર્ત ભાવોને પણ સરસ રીતે સાકાર કરે છે. જે કૃતિમાં કલ્પનાનાં ઉડ્ડયનો અને અદ્ભુતતાનું નિરૂપણ હોય તેને માટે વાસ્તવદર્શી ચિત્રોના સર્જક કરતાંયે પોતાની સર્જનાત્મકતા કલ્પનાથી એ અદ્ભુત સૃષ્ટિને તાદૃશ કરે તેવા વાતાવરણને અને તેવાં પાત્રોને નિરૂપી શકે એવા ચિત્રકારનો સહયોગ લઈ શકાય. 'પંચતંત્ર'ની વાર્તાઓ માટે પ્રાણીઓનાં ચિત્રોને ઉત્તમ રીતે આલેખી શકે એવા કલાકારની સર્જકતાનો લાભ લેવો ઘટે. પ્રાણીકથા માટે શ્રી રવિશંકર પંડિતનાં ચિત્રોને હજી સુધી કોઈ આંબી શક્યું નથી. એમાં માત્ર પ્રાણી જ નહીં, પણ પ્રાણીનો પરિસ્થિતિજન્ય હાવભાવ પણ યથાર્થ રીતે પ્રગટ થાય છે. અહીં કલાકારની વાસ્તવદર્શી શૈલીને પણ દાદ આપવી ઘટે. બાળસાહિત્ય અને ચિત્રકલાના સહયોગની વાત કરતા મારા એક વિશ્વવિખ્યાત ચિત્રકાર-મિત્રે આ સંદર્ભમાં ચોંકાવનારું વિધાન કરેલું તે મને યાદ આવે છે. તેમણે કહ્યું હતું: " બાળસાહિત્યમાં કોઈ પણ જાતનાં ચિત્રો જ ન હોવાં જોઈએ." જ્યારે મેં તેમના આ વિધાન સામે આચાર્ય પ્રગટ કર્યું ત્યારે તેમણે સ્પષ્ટતા કરતાં કહ્યું હતું: " બાળક જ્યારે વાર્તા વાંચે છે ત્યારે તેના ચિત્તમાં અવનવીન કલ્પના સૃષ્ટિનું નિર્માણ થાય છે. બાળકોના ચિત્તમાં રચાતું આ કલ્પના વિશ્વ ઘણું વિશાળ, અદ્ભુત અને મનોહર હોય છે, જેમાં વાર્તા વાંચતાં વાંચતાં તે વિહરે છે. પરંતુ જ્યારે કોઈ ચિત્રકાર એ વાર્તા વિશે અમુક પ્રકારના ચિત્રો દોરે અને બાળક એ ચિત્રોને જુએ ત્યારે તેની કલ્પનાશક્તિ સીમિત થઈ જાય છે. હવે બાળક પેલા ચિત્રની મર્યાદિત સૃષ્ટિની આસપાસ તેનું કલ્પનાવિશ્વ રચવા પ્રેરાય છે. જો તેણે આ વાર્તાનાં ચિત્રો ન જોયાં હોત તો તે પણ પેલા ચિત્રકારની આંગળી પકડીને વાર્તાની સૃષ્ટિ જોવાને બદલે પોતાના કલ્પનાલોકમાં વિહરવાનો અનેરો આનંદ માણી શકત." આ વિચારમાં ઘણું તથ્ય હોવા છતાં બાળસાહિત્ય ચિત્રકળાના આભૂષણ વગર અડવું લાગે એ હકીકતનોયે સ્વીકાર કરવો રહ્યો.

સાવ નાનાં ભૂલકાં માટે 'પા પા પગલી' જેવાં સચિત્ર રંગીન પુસ્તકોથી માંડીને કિશોરોની વાંચનભૂખ સંતોષી શકે એવી સામગ્રીવાળાં અને સુંદર છપાઈવાળાં સચિત્ર પુસ્તકો પણ ભરપૂર પ્રમાણમાં પ્રગટ થવા લાગ્યાં છે. આ રંગીન સચિત્ર સાહિત્ય વધુ આકર્ષક હોવાને લીધે તેનો વેચાણ પણ- બ્લેક એન્ડ વ્હાઈટ પુસ્તકોના મુકાબલે -ઘણું વધ્યું છે. એથી આ રંગીન પુસ્તકો છાપકામની દૃષ્ટિએ વધારે મોંઘાં હોવા છતાં સરવાળે સૌને પોસાય તેવી કિંમતે સુલભ બન્યાં છે . વળી આવાં રંગબેરંગી પુસ્તકોમાંનાં ચિત્રો યથાવત્ રાખીને તેના મૂળ લખાણને અંગ્રેજી, હિન્દી કે અન્ય પ્રાદેશિક ભાષામાં અનુદિત કે રૂપાંતરિત કરીને મૂકવાથી તેનો બહોળો ફેલાવો શક્ય બન્યો છે. આમ હોવાથી ગુજરાતમાં ઉત્તમ રંગબેરંગી ચિત્રોવાળાં બાળસાહિત્યનાં પુસ્તકો બ્લેક એન્ડ વ્હાઈટ પુસ્તકોના વેચાણની હરીફાઈમાં ટકી શકે એવા પ્રાપ્ય બની શક્યાં છે. આજે બાળસાહિત્યના આવાં સચિત્ર પુસ્તકો કોઈનાયે વિશેષ પ્રચાર વગર ઘેર ઘેર પહોંચવા લાગ્યાં છે. આવાં રંગબેરંગી ચિત્રોવાળાં બાળસાહિત્યના પુસ્તકો બાળકો અને લોકો સુધી પહોંચાડવામાં ચિત્રકલાનું પ્રદાન ઘણું મોટું છે. ગુજરાતી બાળસાહિત્યને પણ ઘણા સમયથી અનેક ઉચ્ચ કોટિના કલાકારોની પ્રતિભાનો લાભ મળતો રહ્યો છે. આરંભમાં કલાગુરુ રવિશંકર રાવળથી માંડીને રસિકલાલ પરીખ, કનુ દેસાઈ, સોમાલાલ શાહ, રવિશંકર પંડિત, વગેરેનો સાથ મળતો રહેલો. એ પછી ચંદ્ર ત્રિવેદી આબિદ સુરતી, શિવ પંડ્યા, બંસી વર્મા- ચકોર, રજની વ્યાસ, ગજેન્દ્ર શુક્લ, વી . રામાનુજ, મહેન્દ્ર મિસ્ત્રી, કાંતિ પંચાલ, કે. એમ. ગોસ્વામી, ડી.ડી . દળવી વગેરેએ ગુજરાતી બાળસાહિત્યને પોતાની વિશિષ્ટ કલાથી રંગ- રસભર બનાવ્યું છે. જો કે આવા ચિત્રસર્જન કાર્યમાં કેટલાક ચિત્રકારો સવિશેષ કોમર્શિયલ બનતા જાય છે એ પણ નોંધવું જોઈએ. હાલમાં ગુજરાતનું આ રંગીન બાળસાહિત્ય તેના પ્રોડક્શનની દૃષ્ટિએ ઘણી ઊંચી કક્ષા સિદ્ધ કરી શક્યું છે. પણ બાળસાહિત્યનું શું ? આપણે ત્યાં આવા રંગીન બાળસાહિત્યમાં મૌલિક સર્જન કરતાં રામાયણ, મહાભારત, ભાગવત જેવા ગ્રંથોની પૌરાણિક ધાર્મિક કથાઓ, કે પંચતંત્ર, હિતોપદેશ, ઈસપ કથાઓની વાર્તાઓનું પુનઃસર્જન સવિશેષ થયું થતું રહ્યું છે એ પણ નોંધવું જોઈએ . ગુજરાતી બાળસાહિત્ય પ્રતિભાવંત ચિત્રકારોનો સહયોગ લઈ બાહ્ય પડ્યું પરિવેશથી વધુ આકર્ષક બનતું ગયું છે તે સાથે તે સત્ત્વશીલતાની દૃષ્ટિએ પણ વધુ સમૃદ્ધ અને રસસભર બને એવી અપેક્ષા રહે છે.

*૧- રચના સોસાયટી, શિવરંજની ચાર રસ્તા પાસે,*
*સેટેલાઈટ રોડ અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*મો. ૯૭૨૬૪૮૫૧૧૬*



# સર પ્રભાશંકર દ. પટ્ટણી : એક વિરલ વ્યક્તિત્વ

*- પીયૂષ મુકુન્દરાય પારાશર્ય*

એક સાધારણ બ્રાહ્મણ પરિવારમાં મોરબીમાં જન્મીને આપબળે આગળ વધીને વિશ્વકક્ષાએ પ્રતિષ્ઠા પામનાર સર પ્રભાશંકર દલપતરામ પટ્ટણીની કાર્યસિદ્ધિઓ અનેક છે. અને તેના સમકાલીનોમાં આવી કોઈ પ્રતિભાશાળી વ્યક્તિ થઈ હોય તેવું ઈતિહાસમાં નોંધાયું નથી. ૧૫-૪-૧૮૬૨થી ૧૬-૨-૧૯૩૮ સુધીનું ૭૬ વર્ષનું આયુષ્ય ભોગવનાર પ્રભાશંકરે અનેક માર્ગદર્શક કાર્યો કર્યાં અને લોકો સત્યના અને સમૃદ્ધિના માર્ગે કેવી રીતે ચાલી શકે તે ચીંધી બતાવ્યું. દાદાજી એક પ્રખ્યાત ભાગવતકાર હતા. જેમને શ્રીમદ્ ભાગવતના ૮૦૦૦ શ્લોક કંઠસ્થ હતા અને પોરબંદરથી તેના વડવાઓ મોરબી સ્થાયી થયા એ પછી વર્ષો સુધી ભાગવતકથા કરવા છેક પોરબંદર જતા. રસ્તામાં આવતા અનેક શ્રદ્ધાળુ લોકોને ત્યાં ભાગવતકથા કરતા. જીવનના અંત સુધી આ ક્રમ તેમણે જાળવી રાખ્યો.

**પ્રભાશંકરે પ્રારંભમાં મોરબી રાજ્યમાં કમ્પાઉન્ડર, જંગલ ખાતામાં અધિકારી તરીકે નોકરી કહી હતી. તો તે પહેલાં ડોક્ટરીનો અભ્યાસ કરવા મુંબઈ ગયેલા પણ ત્યાં સ્વાસ્થ્ય સારું ન રહેતાં મોરબી આવી ગયા**

પ્રભાશંકરની વય ૮ કે ૧૦ વર્ષની હશે તે સમયની એક ઘટનાથી તેમને સાદગીનો પાઠ શીખવા મળ્યો. પ્રભાશંકરના પ્રાથમિક શાળાના અભ્યાસ દરમિયાન તેના વર્ગમાં એક સાધારણ સ્થિતિનો વિદ્યાર્થી અભ્યાસ કરી રહ્યો હતો. કોઈ એક વિષયની તેની પાસે ચોપડી-ટેક્સ્ટબુક ન હતી. વર્ગ શિક્ષકે તેને જણાવેલું કે જો બે-ત્રણ દિવસમાં તેની પાસે ચોપડી નહીં હોય તો વર્ગમાં બેસવા નહીં મળે. આ વાત તેમણે તેના કાકા શ્રી કેશવલાલ હરિરામ ભટ્ટને કરી. (કેશવકૃતિના અને મારી નાડ તમારે હાથ હરિ સંભાળજો રે... ના કર્તા કે જેનાં ચારેક ભજનો-પદો નારાયણ મોરેશ્વર ખેર સંપાદિત આશ્રમ ભજનાવલિમાં સ્થાન પામ્યાં છે.) પ્રભાશંકર પાસેની ચોપડીને કેશવલાલે સારા-સ્વચ્છ અક્ષરે પેન્સિલથી લખી આપી અને કેશવલાલે પ્રભાશંકરને કહ્યું કે તારી પાસે છે એ ચોપડી તું પેલા વિદ્યાર્થીને આપી દેજે અને મારા અક્ષરથી લખેલી તારી પાસે રાખીને ચલાવજે. સાદગીના પાઠ તો શીખવા મળ્યા પણ પોતાનું જતું કરીને બીજાંને મદદરૂપ થવાના સંસ્કાર પણ શીખવા મળ્યા.

થયેલાં દુષ્ટકર્મોનાં છૂટા જંજીરથી થાવા,
જરા સત્કર્મની નાની, ઉઘાડી રાખજો બારી

આ નાની એવી ગઝલ તેમનો જીવનમંત્ર બની રહ્યો. 'રાકવાટ' નામના નાટકમાં આ રચનાને સમાવવામાં આવી છે, નાટક કોનું લખેલું છે એ તો ખબર નથી, પણ તેની ભજવણી વખતે જ્યારે પણ આ ગઝલ ગવાતી ત્યારે વન્સમોર મળતું. નાટક મુંબઈના ભાંગવાડીમાં ભજવાતું, ભાવનગર, અમદાવાદ કે રાજકોટ, વડોદરા, સુરતમાં ભજવાયાનું ધ્યાનમાં નથી. પણ આ રચના અમરત્વને પામી. રાગ ભૈરવીમાં આ રચના સ્વરનિબદ્ધ છે.

પ્રભાશંકરે પ્રારંભમાં મોરબી રાજ્યમાં જંગલ ખાતામાં અધિકારી તરીકે નોકરી કરી હતી. તો તે પહેલાં ડૉક્ટરીનો અભ્યાસ કરવા મુંબઈ ગયેલા પણ ત્યાં સ્વાસ્થ્ય સારું ન રહેતાં મોરબી આવી ગયા અને તેમના માનવતાભર્યા અભિગમને લઈને રાજકોટની રાજકુમાર કૉલેજમાં સારી નોકરી મળી ગઈ અને આગળ જતાં વર્ષ ૧૮૮૩થી ૧૮૮૬ સુધી ભાવનગર રાજ્યના પાટવીકુંવર ભાવસિંહજી બીજાના કમ્પેનિયન-કમ-ટ્યૂટર તરીકેની સન્માનનીય નોકરી મળી. આ પરિચય એવો ગાઢ અને ફળદાયી નીવડ્યો કે ભાવસિંહજીને એટલો વિશ્વાસ બેસી ગયો કે જ્યારે હું ભાવનગર રાજ્યનો રાજા બનીશ ત્યારે પ્રભાશંકરને મારા રાજ્યના દીવાન તરીકે રાખીશ. થયું પણ એવું કે વર્ષ ૧૮૯૬માં ભાવનગર રાજ્યના રાજા તખ્તસિંહજીનો દેહાંત થયો અને પ્રભાશંકર પટ્ટણી ભાવસિંહજી પાસે ખરખરો કરવા ટ્રેનમાં ભાવનગર ગયા. બધા પ્રોટોકોલનો ભંગ કરીને ભાવસિંહજી (જે ત્યારે હજી પાટવીકુંવર જ હતા) પ્રભાશંકરને લેવા ભાવનગરના રેલવે સ્ટેશને ગયા અને બોલ્યા કે ડૉક્ટરે મારા પિતાને મારી નાંખ્યા છે, ત્યારે પ્રભાશંકરે કહ્યું કે ''ડૉક્ટર ક્યારેય મારી ન નાખે, એ જિવાડવા



બીજી ગોળમેજી પરિષદ (૧૯૩૨)માં પૂજ્ય ગાંધીજી સાથે, ડાબેથી સરોજિની નાયડુ, સરપ્રભાશંકર પટ્ટણી, પૂજ્ય ગાંધીજી, સર્વપલ્લી રાધાકૃષ્ણન, તેમની પાછળ શ્રી મહાદેવભાઈ દેસાઈ

માટે જ કામ કરતા હોય છે. કમનસીબે આ થયું અને હવે તમે જ્યારે રાજ્યના રાજા બનવાના છો  ત્યારે તમે જાહેરમાં આવું બોલો તે તમને ન શોભે.'' ભાવસિંહજીએ પ્રભાશંકરને કહ્યું કે હવે તમારે પાછા નથી જવું, રોકાઈ જાવ અને હું રાજા બનું તેની સાથે તમે પણ દીવાન તરીકેની જવાબદારી સ્વીકારી લો.'' પ્રભાશંકરે કહ્યું કે ''હાલ હું મોરબી બાવાની નોકરીમાં છું, તેની રૈયત છું એટલે મારે તેમની મંજૂરી લેવી પડે.''

પ્રભાશંકર મોરબી ઠાકોરની મંજૂરી લેવા ગયા, તેમણે હા તો જરૂર પાડી પણ જ્યારે પણ જરૂર પડે ત્યારે મોરબી રાજ્યના કામ માટે મોરબી પહોંચી જવા માટે સંમતિ પણ કરાવી. થયું પણ એવું કે મોરબી ઠાકોરે પ્રભાશંકરને દર મહિનાનો રૂ. ૭૫નો દરમાયો પણ બાંધી આપ્યો અને આ રકમ છેક સુધી એટલે કે પ્રભાશંકરનો દેહ ૧૬-૨-૧૯૩૮ના દિવસે ભાવનગરમાં પડ્યો ત્યાં સુધી મળતી રહી. મોરબી રાજ્યમાં પણ પોતાના જ્ઞાનનો લાભ આપ્યો હોવાથી આજે પણ મોરબીની પ્રજાએ તે શહેરના એક રાજમાર્ગને વર્ષ ૨૦૨૪ માં સર પ્રભાશંકર પટ્ટણીનું નામ આપવા નક્કી કર્યું છે. પાછળના સમયનું એ સુધારતા રહ્યા અને આગળના ૧૫-૨૦ વર્ષનું આયોજન પણ કરતા રહ્યા.

**ભાવસિંહજીએ કહ્યું કે તમે દીવાનનું પદ સ્વીકારી કામ શરૂ કરી દો, ત્યારે પ્રભાશંકરે કહ્યું કે તમે રાજાના પુત્ર છો એટલે તમારા લોહીમાં તેના સંસ્કાર હોય. પણ વહીવટનો મને તો કોઈ અનુભવ જ નથી**

પ્રભાશંકર ભાવનગર આવ્યા અને રાજાના માત્ર સલાહકાર બની રહ્યા. ભાવસિંહજીએ કહ્યું કે તમે દીવાનનું પદ સ્વીકારી કામ શરૂ કરી દો, ત્યારે પ્રભાશંકરે કહ્યું કે તમે રાજાના પુત્ર છો એટલે તમારા લોહીમાં તેના સંસ્કાર હોય. પણ વહીવટનો મને તો કોઈ અનુભવ જ નથી, તેથી સીધું દીવાનપદું કેવી રીતે સંભાળું? રાજ્યના પૂર્વ દીવાનોનાં સંતાનોને પણ દીવાનપદું સ્વીકારવા તમારે કહેવું જોઈએ.'' એ પૂર્વ(સ્વ.) દીવાન શામળદાસ મહેતાના પુત્ર લલ્લુભાઈને કહ્યું, એ પછી પૂર્વ દીવાન ગૌરીશંકર ઉદયશંકર ઓઝાના વંશજ વજલભાઈ ઓઝાને કહ્યું, તો કામના ભારણમાં મન પર દબાણ આવતાં થોડા સમયમાં રાજીનામું આપ્યું. એ પછી ભાવનગરની પ્રજાએ જ્યારે પ્રભાશંકરને વિનંતી કરી ત્યારે તા. ૮-૨-૧૯૦૨ના દિવસે તેમણે દીવાનપદ સ્વીકાર્યું અને દીવાન બન્યાના માત્ર ૫૦ દિવસમાં ''ભાવનગર દરબાર સેવિંગ્ઝ બેંક''ની સ્થાપના કરી. આ સમયે ભાવનગર રાજ્ય ઉપર રૂ. ૩૦ લાખનું દેવું હતું. કારણ કે તખ્તસિંહજી મહારાજે અગાઉના દીવાનો પાસેથી પૈસા વ્યાજે ઉધાર લીધા હતા. આગળના દીવાનોની આવક આટલી બધી કેવી રીતે હોઈ શકે એ પણ પ્રશ્ન છે. પણ આના ઉપાય તરીકે પ્રભાશંકરે તેમના આર્થિક સલાહકારોના મત મુજબ પબ્લિક બોન્ડ ઈસ્યૂ કર્યા, જે ખૂબ થોડા સમયમાં જ ઓવરસબસ્ક્રાઈબ થઈ જતાં રૂ. ૩૦ લાખનું ચૂકવણું કર્યું અને રાજ્યને ઋણમુક્ત કર્યું. દેશ આઝાદ થયો અને તા. ૧૫-૧-૧૯૪૮ના દિવસે જ્યારે જૂનું ભાવનગર રાજ્ય ભારતસંઘમાં ભળ્યું ત્યારે ભાવનગર રાજ્યે તેની ટેઝરીમાં રૂ. ૧૮ કરોડ સરપ્લસ બતાવેલા. ઉપરાંત ૧૦૦ ઉપરાંતના જુદાં જુદાં ફંડો પણ હતાં. આવો પારદર્શક અને સ્ફટિક જેવો વહીવટ હતો. જ્યારે સૌરાષ્ટ્રના અન્ય રાજ્યો રાજકોટ અને જામનગરે માઈનસ રકમ બતાવેલી, તેવી જ સ્થિતિ જૂનાગઢ રાજ્યની હતી. (જ્યાં બાબી સલ્તનત હતી). ભાવનગર રાજ્યની આવી મોટી રકમથી સૌરાષ્ટ્ર પ્રદેશનો આર્થિક વહીવટ સરસ રીતે ચાલેલો.

આ પછી ભાવનગર રાજ્યે સતત આર્થિક વિકાસ કર્યો અને એક તબક્કે એશિયાખંડના બધાં જ દેશો-રાજ્યોની માથાદીઠ આવકમાં જાપાન પછી ભાવનગર રાજ્યની માથાદીઠ આવક રૂ. ૧૫,૦૦૦ હતી. આમાં દારૂ ઉપરની જકાતનો સમાવેશ નથી થતો. કારણ કે પ્રભાશંકરના કારણે ભાવનગર રાજ્યમાં સંપૂર્ણ દારૂબંધી હતી. જ્યારે દક્ષિણના ત્રિવેન્દ્ર રાજ્યમાં દારૂ ઉપરની જકાતના કારણે આવક ઘણી હતી.

ભાવનગર રાજ્યના ભાવનગરમાં આવેલા બંદરને બ્રિટિશનાં બંદરી હક્કો મળ્યા અને તેથી ભાવનગર બંદરની વાર્ષિક આવક મુંબઈના બંદર કરતાં પણ વધી ગઈ જે તે વખતના હિન્દુસ્તાન ટાઈમ્સની દિલ્હી આવૃત્તિમાં એક કેરીકેચરમાં સુપેરે બતાવ્યું છે. આ કાર્ટૂન અહીં પણ આપ્યું છે. જે વર્ષ ૧૯૩૪માં છપાયેલું. ભાવનગર રાજ્યે આયાત અને નિકાસની એવી સરસ સવલતો આપેલી  કે વ્યાપારીઓ તેમના માલની હેરફેર ભાવનગર બંદરેથી જ કરતા. અને બંદર બારેમાસ ધમધમતું રહે તે માટે બંદર આસપાસ વિશાળ ગોદામો પણ રાજ્યે બનાવી આપેલાં.  બંદર પાસેનો ગારો કઢાવીને ૩૦ નોટિકલ માઈલ દૂર નાખવામાં આવતો. સતત ચોવીસ કલાક માટે બે ડ્રેજર સ્ટ્રીમર આ કામ કર્યા કરતી. વર્ષ ૧૯૫૦ સુધી આ બે ડ્રેજર આ લખનારે જોઈ છે.



ભાવનગર બંદરની આવક મુંબઈના બંદર કરતાં વધારે હતી એ દર્શાવતું કાર્ટૂન જેમાં દાઢીવાળા બગલામાં સર પટ્ટણીને બતાવ્યા છે.

બાકી બેંક તો વનબ્રાચ બેંક હતી. અને તે પણ ભાવનગર શહેરના દરબારગઢમાં બેસતી. વર્ષ ૧૯૨૬માં ધ બેંક ઑફ બરોડા લિ. (આજની બેંક ઑફ બરોડા) એ ઈમ્પિરિયલ બેંક ઑફ ઈન્ડિયા(અત્યારની સ્ટેટ બેંક ઑફ ઈન્ડિયા) એ તેની શાખાઓ ખોટ કરતી હોવાથી માત્ર બે વર્ષનાં વર્ષ ૧૯૨૮માં બંધ કરવી પડેલી. ભાવનગર દરબાર બેંકની થાપણ-ધિરાણની યોજનાઓ લોકોને એટલી બધી અનુકૂળ હતી કે બધા બેંકિગ વ્યવહારો ભાવનગર દરબાર બેંકમાંથી જ કરતા. આજે તો દરબારગઢની સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્રની શાખા સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા બની ગઈ છે. પણ આ શાખામાં ગ્રાહકોની અનક્લેઈમ્ડ ડિપોઝિટ આશરે ૧૫૦૦૦ કરોડ થવા જાય છે. જેમાં મારા પરિવારની પણ ખાસ્સી મોટી રકમ હશે.

વર્ષ ૧૯૧૯માં ભાવસિંહજી મહારાજનું અવસાન થયેલું અને એ સમયે પ્રભાશંકર તો બ્રિટિશ રાજ્યમાં કોઈ ઉચ્ચ હોદ્દા ઉપર કાર્યભાર સંભાળી રહ્યા હતા, પણ પોતાના આદર્શ રાજાનાં સગીર સંતાનોના કલ્યાણ માટે તેઓ ભાવનગર આવીને રહ્યા અને સગીર વહીવટની સમિતિના વડા બનીને સેવા આપી. આંતરરાષ્ટ્રીય કક્ષાનું શિક્ષણ મળે અને ખડતલપણું આવે તે માટે વર્ષ ૧૯૨૩માં સ્કાઉટિંગની પ્રવૃત્તિઓ શરૂ કરાવી. સાઉથ-આફ્રિકામાં શ્રી બિડને ૧૮૯૩માં જે સ્કાઉટિંગ શરૂ કરાવેલું તેના માત્ર ૩૦ વર્ષમાં ભાવનગરમાં પણ શરૂ થયું. આજે ભાવનગરમાં આ સ્કાઉટિંગની પ્રવૃત્તિ ચાલુ થઈ તેનું ૧૦૧મું વર્ષ ચાલે છે. ભાવનગરમાં હાલમાં જ્યાં દક્ષિણામૂર્તિનું પરિસર આવેલું છે તેમાં વર્ષ ૧૯૨૩માં સ્કાઉટિંગના ત્રણ દિવસના કેમ્પનું આયોજન થયેલું. રાત્રે અહીં કેમ્પફાયર થતા અહીં ત્રણ રાવટી કરેલી જેમાં એકમાં પાટવી કુંવર કૃષ્ણકુમારસિંહજી રહેતા, બીજીમાં તેમનો સ્ટાફ રહેતો અને ત્રીજામાં સરપ્રભાશંકર પટ્ટણી રહેતા. ભાવનગર રાજ્યના રાજા તખ્તસિંહજીને સરનો ઈલ્કાબ મળેલો. અને તે પછી આ રાજ્યના દીવાન પ્રભાશંકર ભટ્ટને (મૂળ અટક ભટ્ટજ હતી) સરનો ઈલ્કાબ મળેલો. દેશના કોઈ પ્રિન્સલી સ્ટેટના દીવાનને સરનો ખિતાબ મળ્યો હોય તેવું જાણમાં નથી. ગાંધીજીના ગાઢ મિત્ર હોવાની સાથે બ્રિટિશરોના પણ એ મિત્ર બની રહ્યા અને તેમની પાસેથી અનેક કાર્યો કરાવવાનાં હોવાથી તેમણે સર ખિતાબને પાછો ન વાળ્યો. પૂ. ગાંધીજી અંતે વર્ષ ૧૯૩૨માં તેમણે બ્રિટિશ સરકારને લેખિત જણાવ્યું કે, ''અમે રજવાડાંઓ અમારા હિત વિશે અને તમે માત્ર તમારા સ્વાર્થ માટે વિચારો છો ત્યારે શ્રી મોહનદાસ ક. ગાંધી સમગ્ર વિશ્વના હિત અને કલ્યાણ માટે વિચારે છે.'' વર્ષ ૧૯૩૯માં બીજી રાઉન્ડ ટેબલ કૉન્ફરન્સમાં ભાગ લેવા ગાંધીજી એસ.એસ. રાજપુતાના સ્ટીમરમાં ગયા ત્યારે એ જ સ્ટીમરમાં પ્રભાશંકર પટ્ટણી પણ ગયેલા. પણ રાઉન્ટ ટેબલ કૉન્ફરન્સમાં લેવાવા જોઈએ તેવા નિર્ણયો લઈ શકાયા નહીં અને કૉન્ફરન્સ પડી ભાંગી. નહીં તો વર્ષ ૧૯૩૫માં ભારતને સ્વતંત્રતા મળે તેવા ઊજળા સંયોગો હતા. ૧૬ સપ્ટેમ્બરથી ૨૦ સપ્ટેમ્બર સુધી ચાલનારી કૉન્ફરન્સ ઘણી વહેલી આટોપાઈ અને લંડનમાં જ પૂ. ગાંધીજી અને સર પટ્ટણી પાસે ઘણો સમય રહ્યો. પૂ. ગાંધીજીને પટ્ટણીએ કહ્યું કેઃ આપણા દેશમાં તો સરકાર આપણા સમાચાર ગાળી-ચાળીને આપતી હોય છે અને એ સમાચાર બ્રિટનની પ્રજા સાચા માની લેતી હોય છે અને આપણે હાલ જ્યારે લંડનમાં જ છીએ ત્યારે લંડનની પ્રજા વચ્ચે જઈને આપણે કહેવાની વાત જાહેરમાં કરીએ અને તમારા અવાજમાં એની અસર ઉપજે તેવું છે તેથી પબ્લિક એડ્રેસ સિસ્ટિમની પણ જરૂર નથી. તમારી વાણી અને અવાજમાં જ એવી વેધકતા છે.


એ પછી માન્ચેસ્ટરની મિલોના કામદારો વચ્ચે જઈ ગાંધીજીએ તેમના અને સમગ્ર વિશ્વના કામદારોના કલ્યાણ અંગે વાત કરી અને તેની એવી વેધક અસર પડી કે બ્રિટિશ સલ્તનતનો સૂર્ય ક્યારેય આથમતો ન હતો, એ આ ઘટના પછી ઝડપથી આથમવા માંડ્યો. વર્ષ ૧૯૪૯-૫૦માં તો એશિયાખંડના અનેક દેશો સ્વતંત્ર થઈ ચૂક્યા.

**આ સમયમાં પ્રભાશંકરે પૂ. ગાંધીજીને કહ્યું કે ''અમને ન ગમે તેવા અનેક કામ તમે અમારી પાસે કરાવતાં હો છો તો હવે તમને ન ગમે પણ અમને રાજી કરવા તમે એક કામ કરવા દો મારા સ્વતંત્ર સંગ્રહ માટે મારે તમારા પોટ્રેઈટની જરૂર છે**

આ સમયમાં પ્રભાશંકરે પૂ. ગાંધીજીને કહ્યું કે ''અમને ન ગમે તેવા અનેક કામ તમે અમારી પાસે કરાવતાં હો છો તો હવે તમને ન ગમે પણ અમને રાજી કરવા તમે એક કામ કરવા દો. મારા સ્વતંત્ર સંગ્રહ માટે મારે તમારા પોટ્રેઈટની જરૂર છે તે માટે તમારે પોઝ આપવા પડશે.'' ગાંધીજી સમ્મત થયા અને લાગલગાટ ચાર દિવસ સુધી રોજ બે-બે કલાક પોઝ આપ્યા અને બ્રિટનના ખ્યાતનામ પોટ્રેઈટ આર્ટિસ્ટ સર ઓસવાલ્ડ બિર્લી પાસે ઓઈલ ઓન કેન્વાસ એ રીતે પોટ્રેઈટ તૈયાર કરાવ્યો. ફોટો પડાવવા માટે ગાંધીજી જ્યારે ઊભા ન રહેતા ત્યારે પ્રભાશંકરના પોતાના ફ્રેન્ડ ફિલોસોફર એન્ડ ગાઈડની નમ્ર વિનંતીથી પોઝ આપવા તૈયાર થયા. આ પોટ્રેઈટને લાકડાની એક પેટીમાં મૂકીને પ્રભાશંકર પોતાની સાથે ભાવનગર લઈ આવ્યા અને જ્યારે પોતાનો અંત નજીક આવી રહ્યો છે તેવું લાગ્યું ત્યારે પોતાના મોટા પુત્રરત્ન અનંતરાયને બોલાવીને કહ્યું ''આપણો દેશ સ્વતંત્ર થશે ત્યારે હું નહીં હોઉ પણ તું હોઈશ. આ પેટીમાં એ માણસનો પોટ્રેઈટ છે કે જેણે દેશને સ્વતંત્રતા અપાવવામાં સહુથી વધુ યોગદાન આપ્યું છે. આપણો દેશ સ્વતંત્ર થાય ત્યારે તેના સંસદગૃહમાં તેની દીવાલ ઉપર આ પોટ્રેઈટ મુકાય તે જોજે.'' આપણો દેશ તા. ૧૫-૮-૧૯૪૭ના દિવસે સ્વતંત્ર થયો. અને તેના માત્ર ૧૩ દિવસમાં તા. ૨૮-૮-૧૯૪૭ના દિવસે અહીં મૂકેલો પોટ્રેઈટ સંસદભવનની દીવાલ ઉપર મુકાયો, જેનું અનાવરણ

તે સમયની બંધારણ સભાના વડા ડૉ. રાજેન્દ્રપ્રસાદના હસ્તે થયેલું અને તે સમયના ભાવનગર રાજ્યના દીવાન અનંતરાય પટ્ટણી અને ડૉ. રાજેન્દ્રપ્રસાદનાં પ્રવચનોમાં પૂ. ગાંધીજી અને પ્રભાશંકર પટ્ટણી અંગે અનેક સારી વાતો કહેવામાં આવી હતી. અનાવરણ થયું ત્યારે પૂ. ગાંધીજી જીવતા હતા. આ સમયે લેવાયેલી તસવીર અહીં આપી છે. પૂ. ગાંધીજીના અર્થતંત્રના વિચારો એવા હતા કે આયાત થતી વસ્તુઓના વિકલ્પે દેશમાં જ વસ્તુઓનું ઉત્પાદન શરૂ કરવું. ગાંધીજીએ ખાદીનાં વસ્ત્રોનું મોટા પાયે ઉત્પાદન કરવા આદેશ આપ્યો અને તેનું પરિણામ એ આવ્યું કે ઈંગ્લેન્ડના માન્ચેસ્ટરમાં આવેલી મિલોમાં ઉત્પાદિત થતા કાપડના ઉત્પાદનમાં ઘણો ઘટાડો થયો અને એ મિલો આર્થિક સંકડામણમાં આવી ગઈ. આપણે ત્યાં વર્ષ ૨૦૨૪માં પણ જો આપણે આપણું બેલેન્સ ઓફ પેમેન્ટ સરસ જાળવવું હોય તો આ રસ્તો અપનાવવા નિર્મલા સીતારમણે વિચારવું જોઈએ. હાલની સરકાર ઉપકારક થાય તેવા વિચારો પ્રમાણે- તે જૂના હોય તો પણ - આચરણ કરે છે અને દેશની આર્થિક સમૃદ્ધિમાં તે પરિણમે છે.

પ્રભાશંકર દ્વારા વિશ્વને જો સહુથી મોટી દેણગી હોય તો તે 'ખેડૂત ઋણ નાબૂદી યોજના' છે. દક્ષિણ ભારતના ઈતિહાસવિદ આર.એસ. થૈમુરે નોંધ્યું છે કે માત્ર ખેડૂત ઋણ યોજનાથી પ્રભાશંકર વિશ્વવિખ્યાત બની ગયા. આ સિવાય તો તેમનાં અનેક કાર્યો નોંધપાત્ર બની રહ્યાં. પણ ખેડૂત ઋણ નાબૂદી યોજના અને સફળતા માટે તેમણે પોતે તેનો યશ ન લેતાં કહ્યું કેઃ ''આ જે કંઈ થઈ શક્યું છે તે મારા રાજાની પ્રજાના કલ્યાણ માટેની ભાવના- જે ભાવના તેમના લોહીના કણેકણમાં છે- તે લીધે થઈ શક્યું છે.'' આવાં અનેક સત્કાર્યો પોતે કર્યાં પણ તેનો યશ અન્યોને જ આપતા, તેવું અનેક સ્થળે ધ્યાનમાં આવ્યું છે. પણ ખેડૂત ઋણ નાબૂદી યોજનાનો અમલ થયા પછી એના એ જ ખેડૂતો ફરીથી દેવામાં તો નથી પડ્યા ને? એ તપાસ કરવા અને ખેડૂતોને સમજાવવા માટે ભાવનગર રાજ્યના અંતરિયાળ ગામડાંઓનો પ્રવાસ ખેડ્યો. પોતાનું સ્વાસ્થ્ય બગડતું જાય છે એ ખબર હોવા છતાં અને તેમનો આ પ્રવાસ જે આશરે ૪૪ દિવસનો યાત્રા-પ્રવાસ ખેડ્યો અને ૧૬-૨-૧૯૩૮ના દિવસે



ભાવનગરથી નજીક સિહોર ગામમાં દેહ છોડ્યો. તેમનો અગ્નિસંસ્કાર ભાવનગરના અનંતવાડીમાં કરવામાં આવ્યો. આ પહેલાં તેમની ઈચ્છા સૂરત પાસેના હરિપુરામાં યોજાયેલા કૉંગ્રેસ અધિવેશનમાં ઉપસ્થિત રહેવાની હતી, પોતાના ખર્ચે તેમણે ત્યાં એરસ્ટ્રીપ પણ કરાવેલી, કારણ કે મોટરરસ્તે તેઓ મુસાફરી કરી શકે તેમ નહોતા. ત્યાં અધિવેશનમાં પ્રમુખ તરીકે સુભાષચંદ્ર બોઝ હતા અને તેમનો નિર્ણય હતો કે બ્રિટિશ સરકારની સેવામાં હોય તેવી કોઈ વ્યક્તિ અહીં હોવી ન જોઈએ. પૂ. ગાંધીજીએ પ્રભાશંકરને તાર કર્યો, I wish you skip Haripura", પ્રભાશંકરે એ તાર વાંચીને ફાડી નાંખ્યો, એમ કહીને કે, "મારા મિત્રની લાચારીનો કે દબાણનો વાતનો કોઈ પુરાવો હું છોડવા નથી માંગતો.''

પૂ. ગાંધીજી, રવીન્દ્રનાથ ટાગોરને શાંતિનિકેતન માટે અને પંડિત મદનમોહન માલવિયાજીને તેમણે ઘણી આર્થિક મદદ કરી હતી. ૧૯૩૨ પછી પૂજ્ય ગાંધીજીના આદેશથી એવો પવન હતો કે વિદ્યાર્થીઓએ બ્રિટિશ શિક્ષણનો ત્યાગ કરવો અને શાળા-કૉલેજો છોડી દેવા. પ્રભાશંકરે ગાંધીજીને વિનમ્રતાથી કહ્યું કે આપ આપની રીતે સાચા હશો પણ ટૂંક સમયમાં આપણો દેશ સ્વતંત્ર થશે ત્યારે દેશ ચલાવવા માટે ઉચ્ચ શિક્ષણ મેળવેલાં સ્ત્રી-પુરુષોની જરૂર પડશે. પ્રભાશંકરે અનેક સ્ત્રીઓ અને પુરુષોને ભાવનગર રાજ્યની સ્કોલરશિપ આપીને તેમને અમેરિકાની માસાચ્યુસેટ્સ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટૅકનોલૉજીમાં અને નોર્થ કેરોલિનાની એગ્રિકલ્ચરલ યુનિવર્સિટીમાં અભ્યાસ માટે મોકલ્યા. તેમાં કૃષ્ણલાલ શ્રીધરાણી (પત્રકારત્વ માટે) કે જેઓ ટાગોરના શાંતિનિકેતનમાં ભણ્યા હતા, અનંત પંડ્યા (જેઓ સ્વતંત્ર ભારતમાં પ્રથમ સરકાર કમિશનના હેડ હતા, ડૉ. નૌતમભાઈ ભટ્ટ (જેમને સ્વતંત્ર ભારતમાં વર્ષ ૧૯૬૯માં પદ્મશ્રીનો ઈલ્કાબ મળ્યો હતો, આવા અનેક વિદ્યાર્થી અને વિદ્યાર્થિનીઓએ ભણાવવા પરદેશ મોકલ્યાં અને બધાં પારંગત બન્યાં. આ લોકોએ રાજ્યને બોન્ડ લખીને આપવું નહોતું પડતું કે સ્કોલરશિપની રકમ અમે પાછી આપીને રાજ્યને પરત કરશું કે ભાવનગર રાજ્યની સેવા કરશું. આ બધા સદ્ગુણોને ધ્યાનમાં રાખીને દંતાલી આશ્રમના સ્વામી સચ્ચિદાનંદે તેમના પુસ્તક 'ઋષિવર શ્રી પ્રભાશંકર પટ્ટણી'માં લખ્યું છે ''સૌરાષ્ટ્ર માનવરત્નોની ખાણ છે તેમાંથી ત્રણ રત્નો બેજોડ -અદ્ભુત છે. આ ત્રણ રત્નો એટલે મહાત્મા ગાંધી, સ્વામી દયાનંદ સરસ્વતી અને શ્રી પ્રભાશંકર પટ્ટણી.''

માહિતી સંદર્ભ : જૂના ભાવનગર રાજ્યના
ગેઝેટ : વર્ષ ૧૮૮૫થી ૧૯૪૭, મુકુંદરાય વિ.
પારાશર્યનું પુસ્તક : ''પ્રભાશંકર પટ્ટણી : વ્યક્તિત્વદર્શન''

*૧૭૯૨-એ, શ્રીનગર સોસાયટી, સરદારનગર,*
*ભાવનગર-૩૬૫ ૦૦૧ મો. ૯૮૨૫૧૮૭૦૦૭*



અનોખી અદા
અજયસિંહ જાડેજા
મો. ૯૮૨૪૨ ૩૭૭૨૪



## કૃષ્ણ સંગાથે

જય પંચોલી
મો. ૯૬૨૪૨ ૨૭૨૪૦

# નવલિકા સંપુટ

ડૉ. દિનકર જોષી
વર્ષા અડાલજા
રજનીકુમાર પંડ્યા
કેશુભાઈ દેસાઈ
ડૉ. ચંદ્રકાન્ત મહેતા
રાઘવજી માધડ
મધુ રાય
નટવર ગોહેલ
રમેશ ત્રિવેદી
ભી. ન. વણકર
ડૉ. શરદ ઠાકર
નીતિન ત્રિવેદી
દશરથ પરમાર
નટવર પટેલ
ગિરીશ ભટ્ટ
કલ્પેશ પટેલ
અવિનાશ પરીખ
માવજી મહેશ્વરી
ડૉ. સુરમ્યા જોષી
પરીક્ષિત જોશી

પ્રવીણ ગઢવી
રેખાબા સરવૈયા
દર્શના ભગલાણી
પ્રફુલ્લ કાનાબાર
પ્રેમજી પટેલ
અન્નપૂર્ણા મેકવાન
ડૉ. અનિલ ચૌહાણ
મનીષા રાઠોડ
રાજેશ વણકર
સંજય થોરાત 'સ્વજન'
જ્યોતીન સી. પંડ્યા
મહેન્દ્ર જે. પરમાર
દેવેન્દ્ર પટેલ
કિરણ વી. મહેતા
અલતાફ પટેલ
ડૉ. અશ્વિન વસાવડા
સ્નેહલ નિમાવત કુબાવત
ડૉ. નીલેશ રાણા



# મધુર ગોઠડી

હસમુખ કે. રાવલ
મો. ૯૪૨૭૭ ૧૦૭૧૧

# ચોકીદાર

*- ડૉ. દિનકર જોષી*

"બકુભાઈ" વાતવાતમાં કોઈકે કહ્યું. "તમારે કાને ઓછું સંભળાય છે કે શું?"

બકુભાઈએ કાન સરવા કર્યા. પૂછનારે તો પૂછી લીધું પણ બકુભાઈ ચોંકી ઊઠ્યા હતા. ઘણા વખતથી એમના મનમાં આવો સવાલ પેદા તો થયો જ હતો પણ ૬૭ વરસની ઉંમરે શરીરને સ્વસ્થ કહેવામાં કંઈ વાંધો નહોતો, ખાસ કોઈ જાતની તકલીફ નહોતી એટલે માનતા હતા કે પોતે તો અડીખમ છે. કેટલાક વખતથી ટી.વી.ના પડદા ઉપરથી 'હેં' સંભળાતું એમાં ક્યારેક સમજાતું નહિ. શબ્દો સરકી જતા અને પછી બીજા વાક્યને આગલા વાક્યના સંદર્ભ સાથે ગોઠવીને સમજી લેતા. અન્ય સંવાદોમાં પણ ક્યારેક આવું થતું ત્યારે બોલનારની જમણી બાજુએ બેસવા કરતા બકુભાઈ ડાબી બાજુએ બેસી જતા.

નામ કદાચ બકુલ ભાઈ હશે પણ નાનેરાઓ બકુભાઈ કહેતા, મોટેરાંઓ બકુ કહેતા, ભત્રીજાઓ બકુકાકા કહેતા, ભાણેજડાંઓ બકુમામા કહેતા. આમ બકુ સર્વત્ર હતા. પોતાને કાને ઓછું સંભળાય છે એ વાત મનમાં ઘોળાતી હતી છતાં એનો ઝટ સ્વીકાર થતો નહોતો. નિવૃત્ત થયે સાત વરસ થયાં અને સાત વરસમાં પોતે ઉંમરલાયક થયા છે એવી કોઈ ટાપલી ઉપરવાળાએ હજુ મારી નહોતી.

પણ આજે વાતવાતમાં પેલાએ કહ્યું - " બકુભાઈ, તમે ઓછું સાંભળો છો. ડૉક્ટરને કાન દેખાડો."

અને હવે બકુભાઈને પણ લાગ્યું કે કાન દેખાડ્યા વિના છૂટકો નથી. ડૉક્ટરે આમ જોયું, તેમ જોયું. ઓડિયોગ્રામ લીધો અને પછી કહ્યું કે - "એક કાન ૪૦% ડેમેજ છે, બીજા કાને પણ થોડીક ગરબડ છે. સાંભળવાનાં મશીન લઈ લો તો સારું."

બકુભાઈએ ડૉક્ટરની આ વાત સ્વીકારી નહીં. મશીન કાનમાં ભેરવીને બધે ફરવું એનો અર્થ તો એવો થાય કે પોતાને ૬૭ વરસ થયાં છે એની વાત થાળી વગાડીને જાહેર કરવી. થોડોક વખત તો ચલાવ્યું પણ હવે ચાલે એમ નહોતું. ઘરમાં જે કંઈ વાતચીત થતી એ બકુભાઈને સંભળાતી નહીં અને પછી - " હેં.. હેં.. શું કહ્યું?" એમ કરવું પડતું. એટલું જ નહીં ક્યારેક એમને એવું પણ લાગતું કે ઘરમાં બીજા બધાં જે વાત કરે છે એ પોતાના વિશે છે પણ પોતાને કહેતાં નથી. એમનું મન ખાટું થઈ જતું. ક્યારેક બરાડી પણ ઊઠતા - " તમે સહુ શું સમજો છો? મને નથી સંભળાતું એમ નથી. મને બધું સંભળાય છે." કાનના મશીનથી જે જાતજાતના અને ભાતભાતના અવાજ પડઘાતા એનાથી બકુભાઈને ભારે અણગમો પણ થતો. વળી મશીન લઈને ફરવું અને એની સંભાળ રાખવી આ પણ એમનાથી થતું નહીં. પણ હવે છૂટકો જ નહોતો. ડૉક્ટરે કહ્યું પણ હતું - "કાકા, તમે ધ્યાન નથી આપ્યું એટલે આમ થયું. સાંભળવાનું ઓછું થયું કે તરત જ જો ધ્યાન આપ્યું હોત તો -"

ડૉક્ટરની વાત સાચી હતી. બકુભાઈ કાનની તકલીફથી માહિતગાર થઈ ગયા હતા છતાં એમણે એની બહુ સંભાળ લેવાનું જરૂરી માન્યું નહોતું કારણ કે ઘરમાં એ જ વખતે એમની પત્નીના ઘૂંટણના ઓપરેશનની વાત જરૂરી બની ગઈ હતી. પત્નીને ઘૂંટણની તકલીફ હતી અને હવે આ ઘૂંટણનું ઓપરેશન કર્યા વિના છૂટકો નહોતો.

પત્નીના ઘૂંટણનું ઓપરેશન થઈ ગયું. એમનો પગ સાજો સારો થઈ ગયો એ જ વખતે બકુભાઈને લાગ્યું કે હવે પોતે પહેલાંની જેમ ઓછા ઉજાસમાં વાંચી શકતા નથી. એમણે તરત ધ્યાન તો ન આપ્યું. વાંચવા માટે ઈલેક્ટ્રિકનો બલ્બ બદલ્યો. એ પછી પણ પૂર્વગત તો ન જ થયું. બેતાળાં તો ક્યારનાંય આવી ગયાં હતાં. ડૉક્ટરને બતાવ્યું ત્યારે ચશ્માંના નંબર બદલાયા. આ બદલાયાં નંબરે ઝાઝું કામ આપ્યું નહીં. હવે આ બદલાયેલા નંબર પણ સાથ સહકાર નહોતા આપતા. સમય પસાર થયે જતો હતો એટલે આગળની કાર્યવાહી પણ શરૂ થઈ ગઈ. ડૉક્ટરે આંખની તપાસ કરી. પહેલા તો એમ લાગ્યું કે કદાચ મોતિયો હશે. પણ ના, હવે મોતિયો નહોતો. આંખમાં નેત્રપટ એટલે કે રેટિનાને જ નુકસાન થઈ ગયું હતું. રેટિનાનું ઓપરેશન વહેલી તકે કરવું જરૂરી હતું.

પણ રેટિનાના ઓપરેશનની વાત આગળ ચાલે એ પહેલાં જ બકુભાઈની પુત્રવધૂને પ્રસૂતિમાં પ્રશ્ન પેદા થઈ ગયો. પુત્રવધૂને હૉસ્પિટલમાં દાખલ કરીને તાત્કાલિક સારવાર કરવી પડી. ઘર આખું એમાં રોકાઈ ગયું. બકુભાઈની આંખ ઝંખવાતી થઈ એટલે સવાર સાંજના અજવાળે અનુકૂળ થઈ ગયા. પુત્રવધૂની સારવાર પૂરી થઈ અને બકુભાઈ પોતાના રેટિનાની ફેરતપાસ કરવા ડૉક્ટર પાસે ગયા ત્યારે ડૉક્ટરે કહ્યું - "ઓપરેશન તો થઈ જશે પણ આંખ પેલાની જેમ જ કામ નહીં આપે. તમારે સંભાળવું પડશે."

બકુભાઈ પોતાના વિશે જ વિચારતા થઈ ગયા. હવે કાનમાં મશીન અને આંખે જાડા - જાડા કાચના ચશ્મા - આ બધું લઈને ફરવાનું.

પણ આફત આવે છે ત્યારે એકલવાયી નથી આવતી. સાથે લાવલશ્કર લઈને આવે છે. અત્યાર સુધી બકુભાઈ ઘરની અને ઘરમાં વસતા સહુ કોઈની સંભાળમાં જ ગળાડૂબ હતા.

માતા પિતા હવે તો નહોતાં પણ નોકરીની શરૂઆતનાં વર્ષોમાં માતા પિતાની સંભાળ એ પણ બકુભાઈની જ જવાબદારી હતી. બકુભાઈએ એ જવાબદારી સારી રીતે નિભાવી પણ હતી. સંતાનોને ભણાવ્યાં, પરણાવ્યાં અને એમના જીવનમાં ક્યાંય ઊણપ ન આવે એવો પરસેવો પણ એમણે હસતા મુખે પાડ્યો.

બકુભાઈએ આજીવન સહુની સંભાળ લીધી. ઑફિસમાં સાહેબ થયા પણ સાહેબ તરીકે એમનો સ્વીકાર થાય એ અરસામાં જ છાતીમાં દુખાવો શરૂ થયો અને છાતીમાં દુખાવો એટલે -

પહેલા તો એમ માન્યું કે દુખાવાની આ ગરબડ ગેસને કારણે હશે પણ પછી ડૉક્ટરે ચેતવણી આપી - "બકુભાઈ, આ ગેસ નથી, તમારે સાવચેત રહેવું પડશે. તમારે તમારી જાતની જ ચોકીદારી કરવી પડશે. શરીરે ભલે તમે સ્વસ્થ દેખાતા હો પણ હવે તમારે જાગતા રહેવું પડશે."

બકુભાઈને એમ લાગતું હતું કે પોતે જાગતા જ રહ્યા છે. નિવૃત્તિ કાળ પસાર થઈ રહ્યો હતો. એકંદરે રોજિંદાં કામોમાં ખાસ મુશ્કેલી નહોતી અને છતાં મનોમન બકુભાઈ ગૂંચવાઈ તો ગયા જ હતા. આ ગૂંચવાડો ક્યાંય છતો ન થઈ જાય એ વિશે પણ તેઓ જાગૃત હતા. દીકરાઓ કામધંધે લાગી જ ચૂક્યા હતા અને પિતાને વારંવાર કહી જ રહ્યા હતા - " પપ્પા, હવે નોકરીનાં બાકીનાં વર્ષો જતાં કરો. વહેલા નિવૃત્ત થઈ જાઓ." પણ બકુભાઈ વહેલા નિવૃત્ત થઈને ઘરમાં બેસી જવું પસંદ કરી શકયા નહોતા.

ગઈકાલ સુધી જે ટેબલ ઉપર સુગંધી તેલ, અત્તર કે સેન્ટની બાટલી રહેતી હતી એ ટેબલ ઉપર હવે હિમેજ, હરડે કે સુદર્શનની બાટલીઓ રહેવા માંડી. ડૉક્ટરનાં ઇન્જેક્શન કે બ્લડ અથવા એક્સરેના રિપોર્ટ માટે પણ જગ્યા થઈ ગઈ. દર અઠવાડિયે કે પંદર દિવસે મિત્રો સાથે ક્યાંક બહાર ચક્કર લગાવવાની આદત થઈ ગઈ હતી એ પણ હવે બંધ થઈ ગઈ.

દીકરા - દીકરીના સંસાર તો સુપેરે ચાલતા હતા પણ બકુભાઈને હવે એવું લાગવા માંડ્યું કે અત્યાર સુધીમાં પોતે જે કંઈ કર્યું હતું એ બધું ક્યાંક અટવાઈ ગયું. હવે બકુભાઈથી બહાર જવાતું નહીં અને બકુભાઈનાં પત્નીને બહાર ગયા વિના ચાલતું નહીં. દિવસનો મોટો ભાગ પત્ની કાં તો મંદિરે ગઈ હોય, કોઈ ભજનમંડળીમાં ગઈ હોય, કોઈ સગા-સંબંધીના સગપણ કે સાદડીમાં ગઈ હોય, દીકરો અને વહુ પોતપોતાનાં કામધંધે ગયાં હોય. કામધંધે ન ગયાં હોય તો ક્યાંક હરવા ફરવા ગયા હોય. આગળ જતાં એવુંય થઈ ગયું કે કોઈક કશે બહાર ગયું હોય અને બકુભાઈને એની જાણ જ ન હોય. બકુભાઈ એકલા જ ઘરમાં બેઠા હોય. બહુ બહુ તો હરતાફરતા હોય. ક્યારેક આસપાસ આંટો મારે પણ એક બે વાર ચક્કર આવવા જેવી અનુભૂતિ થઈ એટલે હાથમાં લાકડી આવી ગઈ.

આકાશમાં જોયા કરે ખરા અને વાદળાના આકારને મનમાં ગોઠવ્યા કરે ખરા. ગઈકાલને યાદ કરે ત્યારે ઘણુંબધું યાદ આવે. પણ આ યાદ વાંઝણી છે એટલું સમજતા એમને વાર લાગી નહીં.

હવે કોણ જાણે કેમ, આ બધા વચ્ચે રાતનું અંધારું બકુભાઈને બિહામણું લાગતું. બકુભાઈને પોતાના ઓરડામાં રાત્રે કોઈ સૂતું ન હોય તો કશીક અકળામણ થતી. પત્નીને સૂવાની આદત બહુ મોડી હતી. મોડે સુધી આસપાસની કેટલીક સ્ત્રીઓ એકઠી થઈને ગપાટા મારતી અને પત્ની એમાં અગ્ર સ્થાને રહેતી. બકુભાઈને આ ગમતું નહીં પણ હવે એમણે કોઈનેય કશું કહેવાની વાત ઓછી કરી નાખી.

બકુભાઈ બારીમાંથી બહાર જોયા કરતા - સોસાયટીના ચોકીદારો વારાફરતી ફર્યા કરતા. આ ચોકીદારોને આ છેડેથી પેલે છેડે ફરતા રહેવાનું કોઈ કારણ નહોતું. એમણે તો ફરવાનું જ હતું. યુનિફોર્મ જળવાયેલો રહે એટલે બહુ થયું. બકુભાઈને થતું કે પોતે પણ આજીવન ચોકીદારી જ કરી છે-આ છેડેથી પેલે છેડે. આવડતું હતું એ બધું જ કર્યું. પણ હવે જાણે કશું આવડતું જ નથી. દેખીતી રીતે એમના દિવસો દુઃખભર્યા નહોતા. શાંતિભર્યા લાગતા હતા ને આમ છતાં કોણ જાણે કેમ એમને લાગતું હતું કે પોતે પેલા વીતી ગયેલા દિવસોમાં જે થઈ શકે એ હતું એ પણ નહોતું કર્યું !

એવું શું હતું ?

સમયાંતરે ડૉક્ટર પાસે તપાસ માટે જવું જરૂરી હતું. ડૉક્ટરની તપાસમાં બી.પી., બ્લડ રિપોર્ટ બીજી કશીક તપાસ આ બધું થાય. આ વખતે પણ થયું. ડૉક્ટરની તપાસ માટે બધું ઠીકઠાક હતું. ગયા મહિને હતું એવું જ રહ્યું હતું. જોકે સુધર્યું નહોતું પણ હવે સુધારવાની અપેક્ષા પણ ઓછી થઈ રહી હતી. બગડ્યું નહોતું એનો સંતોષ હતો. ઘરમાં સહુ રાજી થયા. હાથ ખંખેરીને બધા પોતપોતાનાં કામે વળગ્યાં. "હાશ, પપ્પાની તબિયત સારી છે." પણ ડૉક્ટરે જતી વેળાએ બકુભાઈને સૂચના આપી હતી - " હવે કંઈ કરવાનું નથી કાકા. ખાઓ, પીઓ અને જલસા કરો." બકુભાઈ સમજી ગયા.જિંદગી આખી એમણે બધાંની ચોકીદારી કરી હતી. હવે પોતાના ઓરડામાંથી બહાર દેખાતા સોસાયટીના ચોકીદારોની અવરજવર જોઈ રહ્યા હતા. હવે એમણે પોતે જ પોતાની ચોકી કરવાની હતી. હવે એ ચોકીદાર હતા - એમના પોતાના.

*૧૦૨- એ, પાર્ક એવેન્યુ, દહાનુકરવડી,*
*એમ જી રોડ, કાંદિવલી પશ્ચિમ*
*મુંબઈ-૪૦૦ ૦૬૭*
*મો. ૯૯૬૯૫૧૬૭૪૫*

# કોઈ રાહ જુએ છે

- *વર્ષા અડાલજા*

માથા પર કોઈ સતત ટપલી મારી રહ્યું હોય એમ જય ઊંઘમાં પડખાં ફેરવતો રહ્યો, પણ ત્યાં તો ટપલીને બદલે માથા પર જોરથી કશુંક ભટકાયું. જય ઝબકી ગયો.

બીજું શું હોય ! નાનીની ઉધરસનાં ઠસકા પછી ધડામ... એ શું થયું ? ત્યાં બાની બૂમ.

'જય, જરા હાથ દે તો ભઈલા, મા પડી ગઈ.'

શરીર ઘસડતો જય ઊઠ્યો અને નાની પાસે ગયો. બા નિમાણે ચહેરે બેઠી હતી. જય અને રેવાબેને નાનીને ટીંગાટોળી - એ ઊંચકી ખાટલામાં સુવડાવ્યાં. નાની હાંફતાં હાંફતાં રડવા લાગ્યાં.

તમારા બેયની ઊંઘ બગાડી.

રેવાબેન માને પંપાળતાં બેસી રહ્યાં, છાની રે માડી. કાંઈ વાંધો નહીં.

પણ જયને વાંધો હતો, સખત અને મજબૂત. એક તો બા નાનીને સાથે રહેવા લઈ આવી. ભલે એનું ઘર અને એની મા. એ શું બોલે ! બોલી શકે !

દસમા ધોરણની પરીક્ષા. એના બે દિવસ પહેલાં જ બાપુજી કેન્સરમાં મૃત્યુ પામ્યા. એને તો પરીક્ષા જ નહોતી આપવી. જય ફરી પલંગમાં પડ્યો. પણ બાપુજીની ચિતાને આગ દેતો હોય એ મુખાગ્નિનું દશ્ય એને પજવવા લાગ્યું. હવે નહીં સૂઈ શકાય.

એ રસોડામાં ગયો અને બારણું અટકાવી કૉફી બનાવી. એણે જીદ જ પકડી હતી. પરીક્ષા તો ફરી આવશે પણ અત્યારે મારું મન નથી. નાનીએ હીરાફોઈને ફોન કર્યો અને ફોઈ આવી પૂગ્યાં કડેધડે. પાંચ હાથ પૂરાં. એને બાથમાં લઈ લીધો. એ તો ભીંસાઈ ગયો.

જયે મ્યૂટ કરી ટી.વી. શરૂ કર્યું. કૉફીનો ઘૂંટ ભર્યો, સામેના દશ્યમાં ધોળા કપડાંનો દરિયો લહેરાતો હોય એમ સફેદ વસ્ત્રોમાં સજીધજીને સ્ત્રીઓ કોઈના ફોટાને પગે લાગતી, વચ્ચે પડ્યું હતું સફેદ વસ્ત્રોમાં શબ. કદાચ સાઉન્ડમાં ભજન વાગતું હશે. બધાં કૃત્રિમ રીતે ડોલવા લાગ્યાં. ત્યાં કોઈ ધસી આવ્યું. ઝઘડતો હોય એમ હાથ લાંબા કરતો હતો પછી...

પછી કશું જોવું નથી. સંસાર કે માયાજાળ કી મહાગાથા એવું સિરિયલનું શીર્ષક આવ્યું એણે ટી.વી. સ્વીચઓફ કર્યું. સંસારની મહાગાથા એણે ક્યાં નહોતી જોઈ!

ઈન્દુફોઈએ ધમકાવ્યો, છાનો રાખ્યો, ચૉકલેટનો ઢગલો કરી દઈ પાનો ચડાવ્યો. બા તો શોકમાં બેઠી હતી. લોકોની આવન-જાવન, પાઠપૂજા, અગિયારનું નીમ... દર પેપરમાં નાની અને ઈન્દુફોઈ સેન્ટર પર આવતાં. તેડવાંય આવતાં. પરીક્ષા આપી. સારી રીતે પાસ થયો. ત્યાં સુધીમાં નાની કાયમ સાથે રહેવા આવી ગયાં. થોડાં વર્ષ સારું લાગ્યું, જરા ઠીકઠાક ચાલ્યું પછી એ કંટાળવા માંડ્યો હતો.

એમબીએ થઈ કોર્પોરેટ કંપનીમાં સારી નોકરી મળી. સમય પડખું ફરતો હતો પણ બા અને નાની ત્યાં જ હતાં. ગત સમયના ભૂખંડમાં ઊભાં હતાં. એ થોડે દૂર નીકળી ગયો હતો.

શનિવારે ફાઈવસ્ટારની ફાઈન ડાઈનિંગ રેસ્ટોરન્ટમાં મિત્રો સાથે લંચ અને પછી મૂવીનો પ્રોગ્રામ મોબાઈલમાં વાતો કરતો ગોઠવતો હોય ત્યાં નાની ડગુમગુ આવીને ઊભા રહે, બોખા મોંની બખોલમાં શબ્દો અટવાય.

બકા જયુ, હાલ્ય, ગોળપાપડી શેકી છે, ગરમ મજા આવશે.

"ગોળપાપડીનો ડબ્બો લેતો આવજે બકા !" સામેથી રેહાનનો હસવાનો અવાજ આવતો.

એ બીજા ઓરડામાં જઈ બારણું બંધ કરી, વાત પૂરી કરી બહાર આવે કે નાની ઓરડાની બહાર ચાના પ્યાલાની રકાબીમાં ગોળપાપડીનાં બે ચાર બટકાં લઈ નિરાંતે ઊભાં હોય.

'મારાથી બહુ ઊભા નથી રહેવાતું, જયુ તોય તારા હારું શેકી. તને ભાવે છે ને!

શાળામાં ચેવડો, ચકરી, ગોળપાપડીના દિવસો હવે ન હતા. લથબથ ઘી અને ગોળ! બાપરે! એ હમણાં સુગરફ્રી ડાયેટ પર હતો. એ કેમે કરીને આ બન્નેને સમજાવવું મુશ્કેલ.



પરાણે એક ટુકડો મોમાં મૂકી એ ઉતાવળે ઘરબહાર.

કૉફી પૂરી કરી એ રસોડામાં મગ મૂકવા ગયો ત્યારે જોયું બા એની માના પગે બામ ચોળતાં હતાં. બામની તીવ્ર વાસથી ભાગી એ બહાર આવ્યો. આજે અગત્યની મિટિંગ હતી અને અત્યારથી માથું ભારે થઈ ગયું હતું.

બા હાથ ધોઈ બહાર આવી, બકા જયુ, બેસ તો જરા...

જય કંટાળીને બોલ્યોઃ 'બા પ્લીઝ, બકા કહેવાનું તું બંધ કરશે! રેવાબેન, તમને યાદ પણ છે કે હું છવ્વીસ વર્ષનો થઈ ગયો. હું બકો તને કયા ઍંગલથી દેખાઉં છું ?

બા હેઠે હૈયે બેસી ગઈ.

'હા હોં! તે કીધું તું પણ ભૂલી ગઈ.'

'બા! તમે લોકોએ કેવું નામ પાડેલું! જયવદન મને કેટલી શરમ આવતી'તી ખબર છે તને!

'ઇન્દુફોઈએ તો ભાણાનું નામ પાડેલું. તારા બાપુજીએ સરસ સાડલો દીધેલો પછી...'

'બા, સવારના પહોરમાં વંશાવલીનાં ઇતિહાસનાં પાનાં ખોલવાનો ટાઈમ છે? મારે આજે મિટિંગ છે. એક પ્રેઝન્ટેશન... જવા દે મારે કામ છે!

જયે કોમ્પ્યૂટર ઓન કર્યું, ત્યાં બા પાસે આવી.

'તું સાંભળી લે બેટા, પછી તારું કામ કર્ય. મા અને ઇન્દુફોઈએ માનતા માની છે. સતનારાયણની કથાની, તારા સારું.'

જયે કોમ્પ્યૂટર બંધ કર્યું. આ સંસારની મહાકથાઓ લાંબી ચાલવાની. માથે બરફની કોથળી મૂકવી પડશે. આ ત્રણ સ્ત્રીઓએ જાણે એને ઘેરી લીધો છે, કેમે કરીને એ માયાજાળની કેદમાંથી છૂટવું અશક્ય જ લાગતું. અવાજ સમથળ રાખવાની કોશિશ કરી.

'મારે માટે ? મેં ક્યારે કહ્યું છે કે કથા બેસાડો, નવરાત્રિમાં... વ્હોટ... પણ માતાજીનું અનુષ્ઠાન... બરાબર



બા! કરો. પછી આ ને તે... તું, ફોઈ અને નાની તમને લોકોને હું જ હાથમાં આવું છું!'

'પણ બકા... એટલે કે જયુ ફોઈની માનતા પૂરી કરવી પડે બેટા.'

'જો બા, કથા ન સાંભળીને પેલા વાણિયાની જેમ વહાણ ડૂબતાં હોય તો ભલે. મારે વાણિયા સાથે કોઈ લેવાદેવા નથી. હવે મારું કામ કરું! હું બીઝી છું બા. તું સમજ.'

'ભઈલા, તું બીઝી છે એટલે તો પરિવારે કથા રાખી છે, સવારમાં. સાંજે તું છુટ્ટો.'

ઓ માય ગોડ! રવિવારની સવારે! ત્યારે તો પૂર્વી સાથે બીચપાર્ટી પર જવાનું છે. રેહાન, ધ્રુવ, આદિત્ય બધાં ફ્રેન્ડ્સ પણ સાથે છે. બા કે નાનીને આવું કહી શકાય નહીં.

'જો બા, તું રવિવારે સવારે કથા કરાવી લેજે, મારે માટે પ્રસાદ રાખજે, પછી તો મારાં વહાણ નહીં ડૂબે ને! એક ફર્સ્ટક્લાસ ચા બનાવી દે જે માવડી. હવે મને કામ કરવા દઈશ!'

બા મૂંઝાતી હોય એમ ઊભી રહી ગઈ. હવે એને ચીડ ચડી!

'નાઉ વ્હોટ બા! હવે શું છે!

એ ઝંખવાઈ ગઈ!

'ઇન્દુફોઈએ તારા લગનની માનતાની કથા રાખી છે, તું છોકરીઓ જોવા આવતો નથી, સગાસબંધીના ફોન આવે ત્યારે...

જવાબ દઈ દેવો, જયને હમણાં કે પછી મેરેજ કરવા જ નથી, વાત પૂરી થઈ ?'

જય ઊભો થઈ બાથરૂમમાં ગયો. રેવાબેન સ્તબ્ધ ઊભાં રહી ગયાં. જાણે દીકરાના શબ્દોએ મંત્રેલા દાણા એમની પર નાખ્યા હોય! આ શું સાંભળતાં હતાં! દીકરાને લગ્ન જ નથી કરવા! મા તો કહેતી, પેલું ભજન છે ને! ઠુમક ચલત રામચંદર, તે રેવા! આપણે રામ કે સીતા જે ઘરે પધરામણી કરે.

પણ રેવાબેન જાણે છે, હવે હવેનો જય જીદ્દી થતો જાય છે. ધાર્યું જ કરશે. બચાડાં ઇન્દુફોઈ. પોતે નછોરવાં. ધણીનું ઝાઝું સુખ નહીં. એક આ જયવદન બહુ વહાલો, જીવ જેવો. એમને એક જ હોંશ. જયનાં લગ્ન થાય તો ઝરિયાન સાડી પહેરી રામણદીવડો. હું આગળ ચાલું, વરમા થાઉં, ગમે તેમ તોય એ સૌભાગ્યવતી તો ખરાં ને! બાધાય રાખી છે પણ આ કોઠું જ નથી આલતો એનું શું! માતાજી સહુ સારાંવાનાં કરજો.

સાંજે પૂર્વી સાથે જય કૉફીશોપમાં હતો, નજર દૂર હિલોળા લેતા દરિયા સામે.

'કેમ ચૂપ  છે આજે?'

પૂર્વીએ, કૉફીની વરાળમાંનો એરોમા મોં પર ઝીલ્યો. સાંજને સમયે રોમાન્ટિક કપલ્સ તો કોઈ કૉફી પીતા કોમ્પ્યુટર પર કામ કરી રહ્યા હતા. કૉફીશોપની ચહલપહલથી પણ જયને સ્ફૂર્તિ લાગતી, દરિયાનાં મોજાંનો ઉછાળ એની નસોમાં ધબકતો.

'એય રોજની બકબક આજે ચૂપ? શું થયું છે ?'

જયે કૉફીનો ઘૂંટ ભર્યો.

આમ થયું છે અને... યુ સી કશું નથી.

'હું અહીં, ક્રોસવર્ડ પઝલ ભરવા નથી આવી, બોલ ને!'

'મારા મનમાં જ ગડમથલ છે પૂર્વી તારી સાથે લગ્ન કરવા છે, આપણે બન્ને સેટલ છીએ, તારા ઘરેથીયે વાંધો નથી.'

'તો ? પ્રોબ્લેમ શું છે ?'

'મારા કુટુંબમાં ત્રણ ત્રણ સ્ત્રીઓ મને ઘેરીને ઊભી છે. તું અભેદ્ય કિલ્લો ભેદીને મારા સુધી નહીં પહોંચી શકે તો ? મારી પેઠે તું ગૂંગળાઈ જશે પૂર્વી! શું કરવું એ સૂઝતું નથી. આજેય ભાગી આવ્યો છું, સત્યનારાયણ કથાથી. સાંજે ઘરે પહોંચું એની રાહ જ જોતાં હોય.'

'હં, તેં કહ્યું હતું પહેલાં.'

'પછી બીજી મૂંઝવણ, તું એમને ન ગમી તો! કદાચ તારી લાઈફસ્ટાઈલ અને આ ટાઈટ જિન્સ ટીશર્ટથી જ ભડકી જશે તો! ઘર છોડી પણ ન શકું, ના એવું વિચારી પણ ના શકું.'

પૂર્વી પણ ચૂપચાપ કૉફી પીતી રહી. પપ્પામમ્મીને ભાઈ પાસે અમેરિકા જઈ નિરાંતે રહેવું છે. મારા લગ્ન વિશે મમ્મીએ તો ખુલ્લું પૂછ્યું જ હતું કે જય સાથે નક્કી જ છે કે તને ફેરવે છે! એની બહેનપણીએ એક વાર કહ્યુંય હતું, ઓ માય ગોડ! જયના ઘરમાં ત્રણ ત્રણ વેસ્ટપેપર બાસ્કેટ! તું વહુ નહીં નર્સ બની જવાની, લીખ લે મેરી બાત. આ હીરરાંઝા, રોમિયો જુલિયેટનો રોલ છોડી, કોઈ પૈસાદાર, એકલા મસ્તમૌલાને પરણી જા.

એ ચિડાઈ ગઈ હતી. રોશન તો કંપનીને કામે જાઉ છું એમ પપ્પાને કહી બોયફ્રેન્ડ સાથે માલદિવ્સ ઊપડી ગઈ હતી. એને પણ આગ્રહ કર્યો હતો પણ ના, એવી લાઈફસ્ટાઈલમાં રસ જ ન હતો.

'પણ જય, દેવદાસ ન બન. ક્યાંક રસ્તો શોધવો પડશે. ચલ, મૂવીમાં જઈએ.'

રાત્રે એ મોડેથી ઘરે આવ્યો, જય ઘરે ફોન કરવાનો ભૂલી ગયો હતો. રેવાબેન અને નાની ચિંતા કરતાં રાહ જોતાં હતાં. થાળીયે ઢાંકી હતી. ભૂખ નથી કહેતો જય નાની પાસે ગયો.

'નાની, કેમ છે આજે! તમે આમ રાત્રે જાગો છો. તમારી તબિયત માટે ઠીક નથી. અને જમ્યાય નથી ?'

નાનીએ એનો હાથ પકડી ગાલે લગાડ્યો,

'બસ, તારી રાહ જોતી હતી.'

'નહીં જોવાની. આરામ કરો, બા તારે નાનીને સમજાવવા જોઈએ ને...'

બોલતો બેડરૂમમાં ગયો, ત્યાં યાદ આવ્યું, ડોકું કાઢ્યું, બા, બહાર જમી લીધું છે, ફ્રીઝમાં ખાવાનું ઢાંકી દે.'

એ પથારીમાં પડ્યો, આમ ક્યાં સુધી ચાલશે!

એ દિવસે ક્યાંક તહેવારની ઉજવણીમાં પાલખીઓ સાથે યાત્રા નીકળવાની હતી. પોલીસે અનેક રસ્તાઓ બંધ કર્યાં હતા. રાત પછી ખૂલવાના હતા. પૂર્વી માથેરાન હતી, એ અને રેહાન મદ્રાસ કાફેમાં માંડ ઘૂસ્યા, ગિરદી હતી, થોડી વારે રેહાનની ઓળખાણથી ટેબલ મળ્યું, જયને નવાઈ લાગી.

'તારી ઓળખાણ મદ્રાસ કાફેમાં! ગજબ તારું નેટવર્ક યાર, બધા વેઈટર્સ તને ઓળખે છે. પેલો બોસ લાગે છે, એણે તો ફર્સ્ટક્લાસ સ્માઈલ આપ્યું હાઉ રેહાન!

'પહેલા ઓર્ડર આપ. પછી મારી ફેવરીટ સાઉથ ઈન્ડિયન કૉફી.'

બન્ને માટે પહેલાં ગરમ ઈડલી આવી, વગર માગે વેઈટર વધારે ચટણી મૂકી ગયો.

'તારો વટ છે રેહાન. વ્હોય ઈઝ ધ સિક્રેટ ?'

રેહાને ઈડલી પૂરી કરી એણે બન્ને માટે માયસોર ઢોંસાનો ઓર્ડર આપ્યો.

ઢળતી સાંજની છાયા જાણે રેહાનના ચહેરા પર હતી. કંપનીમાં એ હસમુખ ગણાતો, અને આજે અચાનક આ ઉદાસી. એની વાત તો સાચી હતી. સહુ પોતપોતાનાં દાયરામાં જીવતા હતાં. કોર્પોરેટ જોબની તેજતર્રાર જિંદગી કોઈને સ્પર્શ્યા વિના વહી જતો સમય. કોઈને મળવું અને ઓળખવું એમાં કેટલો ફરક હતો! જયે પ્લેટ, ખસેડી.

'શી વાત છે રેહાન?'

એ થોડું હસવાનું કરતાં બોલ્યો.

'કંઈ ખાસ નહી, તને એટલી તો ખબર છે કે હું એકલો રહું છું!'

'હા પણ...'

'હું બારમા ધોરણમાં હતો' મારા ડેડીમમ્મી ચારધામ જતાં, બસ ખીણમાં પડી અને... વેલ એ ઉંમરે એક સાથે એ બન્નેને મેં મુખાગ્નિ આપ્યો, મારા પર શી વીતી હશે!'

જયને ઘણી વાર હોન્ટ કરતું, પજવતું પિતાની ચિતાનું દૃશ્ય યાદ આવ્યું. એ રેહાનની આંખોમાં ભડભડતો અગ્નિ

જોઈ ધ્રુજી ગયો.

'કાકા સાથે રહેવું પડ્યું. એમબીએમાં છેલ્લા વર્ષમાં હતો અને એમણે કહ્યું, 'હવે તું મોટો થયો, ભણ્યો એકલો રહી શકે છે. તને પણ તારી સ્પેસ જોઈએ ને! તારા ભણતરનો અને બીજો ખર્ચો થાય જ ને! મારા નાના ભાઈનો બિઝનેસ વાઈન્ડ-અપ કરી એ પૂરો કર્યો છે. એનો મતલબ સમજે છે ને તું? અહીંથી નીકળ. મારા પપ્પામમ્મીનું ઘર એમણે લીવ એન્ડ લાઇસન્સ, પેઈંગ ગેસ્ટ એમ ભાડે આપી ભાડું ખાધું હશે. મેં માંડ ઘર પાછું મેળવ્યું. કાકી બહુ સારાં. એમણે કાકાથી છાના મારી મમ્મીના દાગીના મને આપી દીધા હતા, પરણે ત્યારે તારી વહુને આપજે. આ દાગીના ઓળવી જાઉં તો માતાજી મને માફ નહીં કરે.'

ઊંડો શ્વાસ લઈ એ ચૂપ થઈ ગયો. અમે બંનેએ ઠંડો પડી ગયેલો ઢોસો પૂરો કર્યો. રેહાનને શું કહેવું, બોલવું જયને સૂઝ્યું નહીં. આટલા મોટા અન્યાય અને દુઃખનો ભાર આશ્વાસનના ઠાલા શબ્દો કઈ રીતે જીરવી શકે!

બહાર અંધકાર ઊતરી આવ્યો હતો, કાફેની ભીડ થોડી ઓછી થઈ હતી. વેઈટર કૉફી મૂકી ગયો. કૉફીનો ઘૂંટ ભરતો એ હસ્યો.

'જો આ વેઈટર્સ, મારું ફૅમિલી છે. બીજી પણ બે ત્રણ રેસ્ટોરન્ટ્સ જ્યાં નિયમિત જાઉં છું. અહીં મારી બધી ભૂખ સંતોષાય છે. પણ પોતાપણાની ભૂખનું શું કરવું!

સામેના દરિયાનાં મોજાં ઊછળીને અહીં સુધી ધસમસતાં આવી એના વેગમાં તાણી જતાં હોય એવી અસહાયતા રેહાનના સ્વરમાં ઊભરી આવી હતી.

'એકલતા જ્યારે ભરડો લે ત્યારે અજગરની જેમ આખો જીવને ગળી જાય, ડુ યુ નો હાઉ ધેટ ફીલ્સ જય!

જય એનો હાથ રેહાનના હાથ પર મૂક્યો, ઠંડોગાર.

'રેહાન, સોરી મેં તને પૂછ્યું... હું મને.- એટલે કે મને ખબર નહોતી.'

'તારે બીજા સગાસંબંધીઓ નથી?'

'સગાવહાલાં? ઓફ કોર્સ છે ને!' આઈ મીન હશે જ. પણ ડેડી મમ્મી ગયાં પછી સગાઓના વર્તુળમાંથી ધીમે ધીમે હડસેલાતો ગયો. આપણી પેઢીના સગાસંબંધીઓ સાથે ભળતાં ધીમે ધીમે એ દ્વાર ક્યારે વસાઈ જાય છે એની ખબર નથી પડતી. કદાચ એમની અને આપણી વચ્ચે વિચારોનું લાઈફસ્ટાઈલનું ઘણું અંતર પડી ગયું હોય છે. વોટ એબાઉટ યુ?'

વેઈટર બીજો કૉફીનો કપ મૂકી ગયો. જયે બહાર નજર કરી. દૂર સુધી બત્તીઓ ઝગમગી ઊઠી હતી. કદાચ રસ્તાઓ બંધ હતા એ પોલીસે ખોલી નાખ્યા હશે.

'હા, રેહાન, સગાંવહાલાંઓ તો મારે પણ છે, કોને ન હોય! પણ તારી વાત સાચી છે. આપણી વચ્ચે ઘણું અંતર પડી જાય છે.

બંનેએ કૉફી પૂરી કરી.

'ચાલ જય, બિલ આપવાની જરૂર નથી. મારું એકાઉન્ટ છે અહીં.'

બંને કૉફીશોપની બહાર નીકળ્યા. રસ્તા પર હવે ભીડ હતી. વીતેલા દિવસના થાકની પોઠ ભરી લોકોની વણજાર જઈ રહી હતી. અચાનક રેહાન એક દીવાલને ટેકે ઊભો રહી ગયો, સિગારેટ સળગાવી.

'જય, તું સિગારેટ પીવે છે? ટેઇક ધીસ.'

ના દોસ્ત. બા, નાનીને તરત ખબર પડે અને મને પણ હેલ્થવાઇઝ ના ગમે.

'ગુડ.'

રેહાને બે એક કસ મારી ફેંકી દીધી. એની પર બૂટ મૂકી ઊભો હતો.

'ઓકે. થેન્ક્સ ફોર કંપની. તું તો ટેક્સીમાં જઈશ ને! હું તો ચાલતો જઈશ, કદાચ અહીં દરિયાની પાળે બેસી પણ જાઉં.

રસ્તો ઓળંગતા ઊભો રહી ગયો, 'તને ખબર છે જય! દુનિયામાં સુખી માણસ કોણ છે? જેની કોઈ રાહ જુએ છે!'

રેહાન રસ્તો ઓળંગી દરિયાકિનારાની ભીડમાં ખોવાઈ ગયો. જયેશ સ્તબ્ધ ઊભો રહી ગયો. ખાલી ટેક્સીની અધીરતાથી શોધ કરતો ઉતાવળે ચાલવા માંડ્યો.

*એ-૨, ગુલબહાર બેરેક રોડ,*
*મેટ્રો સિનેમા પાછળ, મુંબઈ-૪૦૦૦૨૦*
*મો. ૯૮૩૩૦૭૬૬૭૩*



# કડવા ગોળની સુખડી

*- રજનીકુમાર પંડ્યા*

મારી એક ખૂબી છે. હું નથી કહેતી, ટચવૂડ, મને જ મારી નજર લાગી જાય. ન ન ન ન ન.... હું બ્યુટીની તો વાત જ નથી કરતી. એ તો ભગવાન આપે એટલી મળે ને ભગવાન ધારે એટલી જ ટકે. પણ મારી એક ખાસિયત એ છે કે હું જો કોઈ મને, ગમે ત્યારે કોઈ વાનગીની પ્લેટ ધરે તો ના નથી પાડતી, એકસેપ્ટ કે તે નોનવેજ હોય. નોનવેજ તો જોક્સ પણ નહીં ને નોનવેજ તો ગિફ્ટ્સ પણ નહીં. જેમકે મને કોઈ માછલીઓ ભરેલું એક્વેરિયમ પ્રેઝન્ટ કરે તો એ બી હું ના સ્વીકારું. જ્યારે રેતી ભરેલું પેપરવેટ બેશક એસેપ્ટ કરું. ભેટની વાત એટલા માટે કરું છું કે પાંત્રીસ વરસ સ્કૂલની પ્રિન્સિપાલ રહી એટલે ગિફ્ટ-કલ્ચરથી ટેવાઈ ગઈ છું ને સ્વીટના બોક્સિસથી યુસ્ડ ટુ થઈ ગઈ છું. મારી પહેલાં મિસિસ વન્ડરસન પ્રિન્સિપાલ હતાં. એ મારાં ગુરુ હતાં. એમણે એક ટ્રેડિશન પાડેલી, જે મેં પણ સ્વીકારેલી. એ કહેતાં કે આપણને જે કંઈ ભેટ મળે છે તે આપણા હોદ્દાને કારણે, પોસ્ટને કારણે. એ માટે આપણને આપણે ઘેર કોઈ કંઈ ગિફ્ટ મોકલાવે તે આઈધર પાછું મોકલી દેવું ઓર કોઈને પાસ ઓન કરી દેવું.. એમ જ કોઈ સ્ટુડેન્ટના વાલી આપણને એવું કંઇ આપણી ઈંસ્ટિટ્યૂશનમાં આપી જાય, આગ્રહ કરીને આપી જાય તોય સ્કૂલમાંથી ઘેર લઈ જવાનો ને આપણા શો કેસમાં રાખવાનો આપણને જરા જેટલો પણ રાઈટ નહીં, આપણે એ સ્કૂલના ડેડસ્ટોકમાં જમા કરાવી દેવાનું. એમ કહીને એ બહાને પોતાનો ફ્રેંચ નેઈલ પૉલિશ બતાવવાને વાસ્તે અંગૂઠો-આંગળીને ચાર વાર ભેગાં કરીને પાંચ વાર છુટ્ટાં પાડતાં.

'પણ મિસીસ વંડરસન, પણ કોઈ સ્વીટ્સનું બોક્સ આપે તો?' એક વાર મેં એમને પૂછેલું.

એમણે જે જવાબ આપેલો તે મને આજે પણ વર્ડ ટુ વર્ડ યાદ છે. એમણે કહેલું: 'યાહ.......આઈ અંડરસ્ટેંડ! નેચરલી, એને સ્કૂલના ડેડસ્ટોકમાં જમા ના કરાવાય મિસિસ જાનીવાલ, આપણે એમાંથી એક ન્હાલ્લો પીસ લઈને મોંમાં મૂકી દેવાનો, ને બાકીનો આખો બોક્સ આપનારને પાછો આપવાનો. થેંક્સ કહેવાના.'

'ગરીબોને ના આપી દેવાય?'

મિસિસ વન્ડરસનને લિપસ્ટિક ડેમોન્સ્ટ્રેટ કરવાની તક મળી ને વળી થોડી આઈ-લેશ પણ. બોલ્યાં: 'આપી દેવાય પણ આપણે પોતે તો ચૅરિટીનું કયારેય જીભે ન અડાડવું. ઈવન ઈટ્સ થોટ ઈઝ સો ડિસઘસ્ટિંગ ! . હોઠ વિસ્ફારિત કરીને અને આંખો ન જોવાનું કશુંક જોઈ ગઈ હોય એમ પહોળી કરીને બોલ્યાં, 'ધેટ ઈઝ નોટ અવર જોબ, અફકોર્સ, સ્વીટ્સ વધુ ક્વોન્ટિટીમાં હોય તો સ્કૂલ ચિલ્ડ્રનમાં ડિસ્ટ્રિબ્યુટ કરવાનું કહી શકાય....પણ....'

'શું પણ?'

એમને આ વખતે કર્લી-હેર બતાવવાનો મોકો ઊભો થયો. માથું નમાવીને ચુકાદો આપતા સ્વરે બોલ્યાં, 'સ્કૂલમાં કે ઘરમાં આપણાથી ચૅરિટીની સ્વીટ્સ ન જ ખવાય ને આપણાં કિડ્સને તો એ સ્વીટ્સને અડકવા બી ના દેવાય.'

'એમ ?"

સાંભળ સુષ્મા, આજે હું સાઠની થઈ પણ એ વખતે પચ્ચીસની હતી. આસિસ્ટન્ટ ટીચર તરીકે એ વખતે મારે મારાં પ્રિન્સિપાલ મિસિસ વન્ડરસન પાસેથી ઘણું શીખવાનું હતું. એમના ફેઈસના મેક-અપની ફિનિશિંગથી માંડીને માઈન્ડના મેક અપ સુધીનું બધ્ધું જ. આપણાં બચ્ચાંની પણ આ રીતે કાળજી લેવાની. એમને પેલી ચૅરીટીની સ્વીટ્સોને અડકવા પણ નહીં દેવાના ! વ્હાય ? વ્હોટ ફોર ?' 'એ લોકોને ચૅરીટી ખાવાની ટેવ પડે અને એ આ વર્લ્ડની વર્સ્ટમાં વર્સ્ટ હેબિટ-ફોર્મિંગ ચીજ છે. ચૅરીટીનું કંઈ પણ લેતી વખતે, ખાતી વખતે, એ એક મહાડેન્જરસ પોઇઝન લઈ રહ્યા છે કે ખાઈ રહ્યા છે એવું એ લોકોના ટેન્ડર દિમાગમાં અત્યારથી જ ઠસાવી દેવું, બેબી !' પછી વળી અટકીને પૂછ્યું (આ વખતે આંખ નીચેના



કાળાં કૂંડાળાં કવર કરવાની કળા ડેમોન્સ્ટ્રેટ થઈ) ક્યારેય તેં ચેરિટીમાંથી કંઈ લીધું છે ? ઈટ કર્યું છે ?'

'નેવર નેવર નેવર.'

'ધેન કીપ ઈટ અપ ફોર એવર, એવર, એવર, એન્ડ લેટ યોર ચિલ્ડ્રન ફોલો યોર ફૂટ સ્ટેપસ, ફોર એવર એન્ડ એવર.'

આવું સાંભળી સાંભળીને બે ચીજ સમાંતરે મારા મનમાં એસ્ટાબ્લીશ્ડ થઈ ગઈ. પહેલું એ કે બહુ વાંચવાથી આંખ નીચેનાં કાળાં કૂંડાળાં પડી જાય, માટે ટીચરોએ જરાય વાંચવું નહીં, ને તેમ છતાંય કાળા કૂંડાળાં પડી જ જાય તો ક્રીમનો હળવો લેયર લગાડવો.. ને બીજું એ કે ચેરિટીનું ખાવું? નેવર નેવર નેવર. અસંખ્ય વાર  નેવર... લાગ્યું કે આ "નેવર"નો મને હેંગઓવર થઈ જશે.

* *

નાના શહેરમાં ટ્રીપ મારવાની એક મઝા હોય છે. એમાં આપણે હીરોઇન હોવાનું ફીલ કરીએ છીએ (પુરુષો માઇનસ) એમ લાગે કે આપણે જે પૈસા કોસ્મેટિક શોપમાં સ્પેન્ડ કર્યા છે તેનું પૂરેપુરું રિઈમ્બર્સમેન્ટ નાના નાના ટાઉનમાં તો વીથ બોનસ મળી જાય. હું જેને ઘેર આવી છું એ મારી નાની સિસ્ટર સુષ્મા એ બાબતમાં કાફી બેકવર્ડ છે. નાના ટાઉનમાં રહે છે, લફ્ડ-ફફ્ડ સાડી પહેરે ને સાથે મેચિંગ ફૂટવેર બી નહીં. જોકે એના કારણે મને એક ફાયદો બી થાય છે કે હું એને ત્યાં આવું છું ત્યારે લોકો મને મારી સિસ્ટરના કરતાં બે સ્માઈલ વધારે આપે છે. ઈવન લેડિઝો બી ! જોકે હું એનો બહુ દોષ નથી કાઢતી કારણ કે એ બિચારીનો બંગલો બી એવા એરિયામાં છે જ્યાં ઝૂંપડપટ્ટી હોય, ને જ્યાં મેલાંઘેલાં બચ્ચાં બી હડફેટે ચડતાં હોય.

આ વખતે હું એને ત્યાં ગઈ, ત્યારે ખાસ્સા ચાર-પાંચ



મહિને ગઈ હતી. ગઈ એટલે પાડોશીઓ આવવા શરૂ થઈ ગયા. નો, નો, એ પાડોશીઓ એટલે પેલા સાવ ઝૂંપડપટ્ટીવાળા નહીં પણ એના નેઈબરહુડના સરકારી ક્વાટ્ર્સવાળા. સુષ્મા કહેતી હતી કે આ ક્વાર્ટરિયા લોકો કોઈ સરકારી ખાતામાં કામ કરતા ચોથા-પાંચમા વર્ગના કર્મચારીઓ છે. એ લોકો આવે ત્યારે સદીઓ પુરાણી ટ્રેડિશનથી પેશ થાય. ને વાતેય એમના લેવલની જ કરે અને એમની જોડે ખાણીપીણીનો વાટકી વ્યવહાર તો સદાનો જ ચાલે,

આજે જો કે સુષમા તો થોડી વાર માટે બહાર ગઈ હતી. ને હું જરી રિલેક્સ થતી હતી ત્યાં તો એ રીતે જ પડોશના એક પછી એક બૈરાંઓ આવવા માંડ્યાં.

એમાં પહેલી આવી તે જરી બોલકી હતી.

'કેમ મોટાંબહેન, આવી ગયાં?

એમ બોલીને એ વુમને મારા તરફ એવી રીતે તાકીને જોયું કે જાણે કે હું શો-કેસમાં મૂકેલું સ્ટેચ્યૂ હોઉં. એવું સ્ટેચ્યૂ કે સ્ત્રીઓ એના કોસ્ચ્યુમ જ જુએ. એમનું ધ્યાન બીજા કશામાં ન હોય. નેચરલ છે.

'કેમ છો?' મેં પૂછ્યું.

'મારા ભાઈ નો આવ્યા? છોકરાંવ ?'

'ચિલ્ડ્રનને... યુ સી? કિડ્સ, યુ સી ? બાબા-બેબીને કૉલેજો હોય ને મારા હબ્બીને....'

'હબ્બી?' એણે ચમકીને પૂછ્યું, 'તમારો સૌથી નાનો બાબલો ?'

'નોવ.' મેં કહ્યું, 'હું મારા હસબંડની વાત કરું છું.'

'સમજી, સમજી'એ બાઈ બોલી, 'ભાયડાવ તો એમ હાલતા ટાઇમ કાઢે તો બિચાડા કામે ક્યારે?' (કમાય ક્યારે?)

કેવી વાતો કરતી હતી આ બાઇ ? મારે સ્મિત ફરકાવવા સિવાય બીજું શું કરવાનું ?

અચાનક એણે દૂરના ઓરડા સુધી નજર દોડાવી . પૂછ્યું;; 'સુષ્માબહેન નથી?'

જવાબ દીધા વગર મેં છાપું ઉઠાવ્યું. એમાં નજર ફેરવવા માંડી. સુષમા બી ખરી છે. મને ચાનો એક કપ ધરીને 'હમણાં આવું છું' કહીને ડીસ-અપીઅર થઈ ગઈ. નથી પૂછતી કે દીદી, જમવાનું શું બનાવીશું, કે કંઈ નાસ્તો બાસ્તો કરશો ? કે પછી... મારા લંચનો રૂટિન ટાઇમ એક વાગે છે, એની બી એને ખબર છે ને છતાંય...છતાંય જતી રહી !

'મે પૂછ્યું બહેન!' પેલી ફરી બોલી, 'સુષ્માબહેન નથી?'

મેં ખાલી ડોકી ધુણાવી. એમેય કરતાં આ થર્ડક્લાસ વુમન જવાનું નામ લેતી હોય !

'સારું સારું' એ જાતે ને જાતે બોલી, 'હું તો આ આપવા આવી'તી' કહીને એણે પોતાની સાડીના પાલવ હેઠળથી થાળી કાઢી. શું હતું અંદર ? જોયું. સુખડીના દસ પીસીસ.... અન-ઈવન કાપેલાં. જોકે મને એની સુગંધ પણ આવી. ત્યાં તો એણે કિચનના પ્લેટફોર્મ પર થાળી સરકાવી ને પછી જાતે જ ક્યાંકથી બીજી થાળી શોધી કાઢી. એની ઉપર ઊંધી વાળી. પછી બોલી, 'આ વખતની બનેલી સુખડીનો સવાદ જ ઓર છે, બેન ! ઘેર તો આનાથી અડધોઅડધ તો છોકરાંવ જ દાબી ગયાં ને!' એ હસીને બોલી: " તમારા ભાઈ તો આના ઉપર ત્રાપડ બોલાવવાના !'

થોડી વારે વળી બોલી: ' બચાડાં છોકરાંવને રોજ રોજ આવું ખાવાનું થોડું મલે ?"

ફરી મેં થોડું હસી દીધું. લાગ્યું કે મારા એટલા હસવાથી જ એને સંતોષ થઈ ગયો. બીજી વાતેય શું કરે મારી સાથે? સાડીનો છેડો માથે ખેંચીને એ બારણું જરી અટકાવીને ચાલી ગઈ.

હાશ....

ડાયાબિટીસવાળાથી ભૂખ્યું ના રહેવાય. રહેવું પણ નહીં. શું કામ રહેવું ? સગી નાની સિસ્ટરનું ઘર આ છે. મને તો એનું આખું ફ્રીઝ ઉપરતળે કરવાનો રાઈટ ! ચાલ કરું. કંઇ સ્વીટ-બ્વીટ જેવું છે કે નહીં ? અરે પણ...! અચાનક મને વિચાર આવ્યો, પેલી બાઈ ઓરિજિનલ ટ્રેડિશનલ રેસિપીવાળી સુખડી હમણાં જ મૂકી ગઈ છે. સુગર ઘટી ગઈ હોય ત્યારે ગોળની બનાવટ સુગર ફ્રીનું કામ કરે એમ કે' છે. હું તો માનું કે ચૉકલેટ-બૉક્લેટ કરતા આ ગોળની પ્રિપ્રેરેશન જ બેટર ! ગોળ ગળ્યો ખરો પણ ગળપણ તો એની બનાવટમાં જ હોય, પણ એ ગળપણ સુગરને બુસ્ટઅપ ના કરે. ચાલ ને..

પણ અપશુકન જુઓ, હજુ એક ચોસલું માંડ ગળા નીચે ઉતાર્યું ને સ્વાદથી મન તરબતર થઈ ગયું ત્યાં જ સુષમા બારણે દેખાઈ. બહુ ચકોર, જોકે મારા જેટલી નહીં, પણ ચકોર તો ખરી જ.

'અરે અરે, શું કરો છો?'

મેં બીજું ચોસલું મોંમાં મૂક્યું, કહ્યું: 'તારી પેલી પડોશણ હમણાં જ સુખડી આપી ગઈ, સુષ્મી, 'મેં હાથ ખંખેર્યા.': વ્હોટ આ સુપર્બ પ્રિપરેશન ! આપણી પાસે બે પૈસા થયા એટલે બંગાલી બંગાલી સ્વીટ્સની વાદે ચડી ગયાં, ને આ લોકોની જો ઓરિજિનલ કાઠિયાવાડી સ્વીટ્સ ! ફેંટાસ્ટિક ! '

પછી કહ્યું: ' બહારથી આવી છો તો લે તું પણ એક પીસ લે...'

એણે મોં મચકોડ્યું.

'કેમ?' મેં કહ્યું: 'લે ને...લે ને.. બહુ ટેસ્ટી છે.."

મેં તો એક પીસ લઈને એને પણ ધર્યો ને ફરી મારાથી પણ રહેવાયું નહીં. એક કટકી વળી પાછી મેં મોઢામાં મૂકી..'

'મને બી ભાવે છે' સુષ્મા બોલી, 'ને આ બાઈ બિચારી દર મહિને અમાસને દહાડે આવીને પરાણે આપી જાય છે.ને એનું મન રાખવા હું નાય નથી પાડતી દીદી! બસ, આપે છે ત્યારે લઈ તો લઉં છું પણ હરામ બરાબર જો એક પણ પીસ મોંઢામાં મૂકતી હોઉં તો !'

'વ્હાય?'

'સાલું, પેલા સદાવ્રતવાળાઓ દર અમાસે અથવા કોઈની તિથિ હોય તો મરનારની પાછળ ચૅરિટીમાં આવા લોકોને સુખડી વહેંચવા નીકળે છે. આવી સુખડી આ લોકોને તો ક્યારે મળે ? એટલે બિચારી એ તો ખાય. પોતાના ફૅમિલીનેય ખવડાવે ને હોંશે હોંશે મનેય આપી જાય પણ સાચું કહું..? મને તો મોઢામાંય ધરતી નથી, ધર્માદાની સુખડી.. દીદી, પણ તમે...'

મારા ગળામાં બળતરા ઊપડી. જીવ ચૂંથાવા માંડ્યો.

'મને...મને....' મેં કહ્યું, 'જરા પાણી આપીશ? માય ગોડ ! કડવા ગોળની બનાવી લાગે છે ! મને તો વોમિટ જેવું થાય છે ! ઓ...ઓ...'

સુષ્મીએ પાણીનો ગ્લાસ ધર્યો. હું ઘટક ઘટક પી પણ ગઈ..પણ એ સુખડીની બીટરનેસ એમ તે જતી હશે ?"

મારી નજર સામે મિસિસ વન્ડરસનનો ચહેરો ઊપસી આવ્યો. એ આકાશમાંથી લાલ આંખે જોતાં તો નહીં હોય ને!

*બી-૩/જી એફ-૧૧, આકાંક્ષા ફ્લેટ્સ,*
*જયમાલા ચોક, મણિનગર-ઈસનપુર રોડ,*
*અમદાવાદ-૩૮૦ ૦૫૦. મો. ૯૫૫૮૦૬૨૭૧૧*

# મા

*- કેશુભાઈ દેસાઈ*

એ બંનેને બરાબર સવા વરસ અગાઉ લગભગ આ જ ટાઈમે દીદીએ વચને બાંધી દીધાં હતાં એ પ્રસંગ યાદ આવી ગયો. એમણે કહેવા જેવું ઇશારામાં જ કહી દીધું હતું અને પછી પૂછ્યું હતુંઃ 'અંજુ, તને એવું તો નહીં લાગે ને કે દીદી એ તારી પાસે જરા વધુ પડતું માંગી લીધું?'

અંજલિનાં રૂંવે રૂંવે ઝણઝણાટી વ્યાપી ગયેલી. લાગેય ખરું કદાચ. પણ તમારું વેણ પાછું થોડું ઠેલાશે?

એ વખતે મનમાં ને મનમાં આવો કશોક પ્રતિસાદ ઊઠ્યો હતો. બીજી જ પળે એ પાણીના પરપોટાની જેમ શમી ગયો હતો. દીદી સામાન્ય સંજોગમાં આવી અપેક્ષા થોડી રાખવાનાં હતાં? એમને અચ્યુત સાથેના અંજલિના સંબંધની ક્યાં ખબર નહોતી? બલકે છોકરો લાખ રૂપિયાનો છે. હોં! નાત-જાત તો હવે કોણ જુએ છે આ જમાનામાં? એમ કહી જીજાને પણ સંમત કરવાના શ્રીગણેશ એમણે જ કર્યા હતા ને!

અંજલિએ પણ કેવા કેવા સપનાના મહેલ રચવા માંડ્યા હતા. ત્યાં એકાએક અણધાર્યો ભૂકંપ ત્રાટક્યો. સપનાં સાતમા પાતાળમાં ધરબાઈ ગયાં અને જીવન નામની મહત્ત્વાકાંક્ષી સ્કીમનો નકશો જ ફરી ગયો....

'હું તમારું વેણ રાખીશ, દીદી! તમે જે કહેવા માંગો છો એ ન સમજું એટલી નાદાન તો નથી...'

અંજલિએ ખોંખારીને એટલા શબ્દો કહ્યા કે ડબ ડબ કરતાં બે આંસુ દીદીની આંખમાંથી ખરી પડયાં હતાં. જીજા અવળું જોઈને એમના ચહેરા પર ઊભરાઈ આવેલી લાગણી સંતાડવા મથી રહ્યા હતાઃ

'શું કામ ખોટો વલોપાત કરે છે, લીલુ! સૌને સાચવનારો બેઠો છે ઉપરવાળો. મનખાદેહ થઈ આપણે એના પર શંકા શું કામ રાખવી? બધું બરાબર થઈ જશે. શાંતિ રાખ!'

'બધું બરાબર થઈ રહે એટલું જ ઇચ્છું છું. સાંભળો. અંજુ હવે આપણું ઘર છોડવાની નથી. તમે બેઉ ઝીલને મોટી કરજો અને...'

અધવચ્ચે જ એમની જીભ અટકી ગઈ હતી.

એ વાતને બરાબર સવા વરસ થઈ ગયું. ઝીલને શાળામાંથી લઈ આવવા અને મૂકી આવવા સિવાયની ઘરની બધી જવાબદારી ધીરે ધીરે અંજલિએ સંભાળી લીધી હતી.

અંજલિ એમ.બી.બી.એસ.ની ફાઇનલ એક્ઝામમાં આખી યુનિવર્સિટીમાં પ્રથમ આવી એ જ દિવસે દીદીને એકાએક પેટના ઉપરના ભાગમાં દુખાવો ઊપડ્યો હતો.

'તારી દીદીને હરખનો આફરો ચડ્યો લાગે છે!' જીજાએ મજાક કરેલી એ અંજલિને બરાબર યાદ છે.

'અહીં મારો જીવ જાય છે ને તારા જીજાને મશ્કરી સૂઝે છે...ઓ મા!'

દીદીનું દર્દ જોઈ અંજલિનો આનંદ વિલાઈ ગયો હતો. ડૉક્ટર તરીકે એની પહેલી ફરજ દીદીને તત્કાળ સારવાર અપાવવાની હતી. સાંજે જીજાના ઘરે રાખેલી પાર્ટી કેન્સલ કરતાં થોડો થડકારો તો અનુભવ્યો હતો. પરંતુ સહાધ્યાયીઓ અને શુભેચ્છકોને એની દલીલ વાજબી લાગી હતી. ઘરમાં જ કોઈ સ્વજન ઓચિંતુ બીમાર પડી ગયું હોય ત્યારે મોજમજાના કાર્યક્રમ તો પોસ્ટપોન જ કરવા પડે. પાર્ટી અઠવાડિયા પછી પણ આપી શકાય. ટ્રીટમેન્ટ અપાવવામાં ઢીલ ન થવી જોઈએ. અહીં તો પાછું એક્યુટ એબ્ડોમિનલ પેઇન હતું.

એ વખતે અંજલિને કલ્પના પણ નહોતી કે ફ્રેન્ડ્સસર્કલને આપવા ધારેલી પાર્ટી હંમેશને માટે પોસ્પપોન થઈ જશે!

દીદીએ એને હઠ કરીને સાયન્સ રખાવ્યું હતું. પોતે સ્નાતક ન થઈ શકી એનું કારણ પાટીદાર સમાજની જુનવાણી પંરપરા. વીસ વરસની થાય એ પહેલાં છોકરીને સારું ઘર અને લાયક વર શોધી વળાવી દેવામાં જ મજા. નાહક પાછળથી ધાંધિયાં થાય. એ કરતાં કાલ ઉપર વાત ઠેલવી જ નહીં.

અંજલિને હું સમાજની જડ પરંપરાનો ભોગ નહીં જ બનવા દઉં... એણે મનોમન પણ લીધું હતું. પોતે ભલે ગ્રેજ્યુએટ ન થઈ શકી. નાની બહેનને એ ઢાલ થઈને રક્ષણ પૂરું પાડશે. એને જેટલું ભણવું હશે એટલું ભણાવશે... સમાજની નવી પેઢી એમાંથી પ્રેરણા લેશે. મા-બાપની સ્થિતિ નરમ છે તો શું થઈ ગયું? હું એને મારે ઘેર રાખીને ભણાવીશ'

દીદીના એ દૃઢ સંકલ્પનું ધાર્યું પરિણામ મળ્યું હતું. અઢાર ગામ લેઉવા પાટીદાર સમાજમાં અંજલિ પહેલી લેડી ડૉક્ટર હતી. ગામડાંગામની ખેડૂતકન્યા એમ.બી.બી.એસ.ની છેલ્લી પરીક્ષામાં આખી યુનિવર્સિટીમાં પ્રથમ આવી હતી એ કોઈ જેવી-તેવી સિદ્ધિ નહોતી. દીદી કરતાં વધારે આનંદ જીજાને હતો. જે દસેક વરસ અગાઉ એકાદ ટકા માટે મેડિકલના એડ્મિશનથી વંચિત રહી ગયા હતા. અંજલિને આમેય એ સારાં પગલાંની તો ગણતા જ હતા. પત્નીનું મન રાખવા નાની સાળીના ભણતરનો ખરચ ઉપાડયો ત્યારે ગામડે રહેતાં મોટેરાંએ આડકતરી નારાજગી પણ વ્યક્ત કરેલી. પરંતુ ઈશ્વરકૃપાથી ફૅક્ટરી સારી ચાલતી હતી અને વર્ષે દહાડે પાંચ-પચ્ચીસનું

દાન આપી શકે એવી સધ્ધરતા હાંસલ થઈ હતી. અંજલિને પ્રવેશ અપાવ્યો ત્યારે એમણે ખાનગીમાં પૂછી પણ લીધું હતું.

'બોલ, તને હોસ્ટેલમાં રહીને ભણવાની ઇચ્છા છે કે તારી દીદી સાથે ઘરે રહીને?'

હજી પ્રશ્ન પૂરો કરી રહે એ પહેલાં જ અંજલિએ મીઠું મલકીને જવાબ વાળી દીધેલો.

'મને તો દીદી સાથે રહીને જ ભણવાનું ગમે. હોસ્ટેલનું ખાઈને માંદા નથી પડવું મારે!' થોડું અટકીને એણે ઉમેર્યું હતું.

'તમને ભારે નહીં પડું કાંઈ!'

અંજલિને એ બધું એકસાથે યાદ આવી ગયું. દીદીને જોતજોતામાં સવા વરસ થઈ ગયું. પોતે હજી પણ એના ઘરમાં પહેલા દિવસે પગ મૂક્યો એટલી જ મુગ્ધ હતી. હા, હવે એ જીજાજીની લાડકી સાળી નહોતી. એ એમની જીવનસાથી હતી. પેલી ઢબૂડી જેવી ઝીલની માસી ઉપરાંત મમ્મી પણ હતી...

જોકે, એના મોઢે ચઢેલું માસીવાળું સંબોધન બદલાવાનું નહોતું એની પણ એને ખબર હતી.

'આજે તારી દીદીને...'

ટેવ મુજબ એણે જીજાજીના કથનને અધવચ્ચે જ અટકાવી દીધું.

'મને બરાબર યાદ છે.' એટલું જ બોલતાં બોલતાં એની આંખો છલકાઈ ગઈ. જીજાએ એને હળવેકથી બાથમાં લીધી.

'સાંભળ, તું નહીં ઇચ્છે ત્યાં સુધી...' ફરી એક વાર અંજલિએ એમનું વિધાન અધવચ્ચે જ બટકી નાંખ્યું:

'મારા ઇચ્છવા-ન ઇચ્છવાનો સવાલ જ નથી. મારે તો દીદીની ઇચ્છા મુજબ. એટલું બોલ્યા પછી એનાથી ડૂસકું મુકાઈ ગયું. "હવે તો શોક મૂકવો જ જોઈએ. તારી દીદીની ખુશી ખાતર પણ આપણે.... એ એટલે જ અટક્યા. અંજલિ કશું ન બોલી. ફક્ત દીવાલ પર ટીંગાડેલી દીદીની છબી સામું તાકી રહી. જીજાજીએ એને હળવેકથી ચૂમી લીધી.

'બોલ, તારી ઇચ્છા હોય તો અઠવાડિયું ક્યાંક ફરી આવીએ. હૉસ્પિટલમાં અઠવાડિયું રજા પાડીશ તો તારા પેશન્ટ મરી નહીં જાય.'

'જીવવા-મરવાનું પેશન્ટના હાથમાં થોડું હોય છે? અને મોત તો ડૉક્ટરોનેય ક્યાં છોડે છે?'

તો પછી મર્યા પહેલાં જીવી લેવું સારું!?'

જીજાજીએ છેક હોઠ સુધી આવી ગયેલો સવાલ ગળી જઈને દિવંગત પત્નીની છબી સામે જોયું.

'મોત ક્યાં, ક્યારે, કેવી રીતે આવશે એનું તો નક્કી જ ક્યાં થઈ શક્યું છે! રાજીવ ગાંધી દક્ષિણ ભારતમાં મરવા માટે થોડા ગયા હતા? કલ્પના ચાવલા અંતરીક્ષની યાત્રાએ નીકળી હશે ત્યારે પોતે ક્યારેય પાછી નહીં વળે એવી ખબર હોત તો એ ગઈ હોત ખરી?'

એમને પત્નીના એ અસહ્ય દર્દની ચીસોના પડઘા સંભળાવા લાગ્યા. અંજલિની અકલ્પનીય સિદ્ધિ બદલ છેક સવારથી જ ફોન રણકતો રહ્યો હતો. અંજલિ કરતાં પણ વધારે ખુશખુશાલ હતી એની દીદી. જાણે સપનું ના જોઈ રહી હોય એમ એ રડી રડીને છાપામાં આવેલા અંજલિના ફોટા સાથે જોતી હતી. પરંતુ અંજલિ યુનિવર્સિટીમાં ફર્સ્ટ આવી હતી એ હકીકત હતી. અદના ખેડૂતની દીકરી હવે શહેરના ભદ્રલોકની તબીબી તપાસ કરશે. એમની સ્ત્રીઓની સુવાવડ કરાવશે!

જીજાજીને સાળી સારાં પગલાંની લાગેલી. એના આગમન પછી ધંધામાં બરકત આવી હતી. ટેન્ડરો પાસ થવા લાગ્યાં હતાં અને મોટા ઉદ્યોગપતિઓ સાથે ઓળખાણો થઈ હતી. એટલું ઓછું હોય એમ અંજલિ આવી એવી પાછળ પાછળ જ પા પા પગલી ભરતી ઢબૂડી ઝીલ પુત્રી આવી હતી. લગ્ન પછી ખાસ્સા એકાદ દાયકાનો ગાળો કોરોધાકોર ગયો હતો. માંડ આશા બંધાણી અને પછી વાયરે વાદળ તણાઈ જાય એમ બીજે-ત્રીજે મહિને એ રાતાચોળ લૂગડામાં વિખેરાઈ જતી. અંજલિના આવ્યા પછી જ સમો વળ્યો હતો. એની દીદીનું શરીર પણ વળ્યું હતું અને ઘર ઓચિંતુ જ રણ મટી વૃંદાવન બની ગયું હતું. અત્યાર સુધી જે ઘરમાં બે સૂકાં વગડાઉ ઝાડ જેવાં ધણી-ધણિયાણી રહેતાં હતાં એમાં એકાએક કોયલનો ટહુકો ઊગ્યો હતો. ઘર સ્વર્ગમાં ફેરવાઈ ગયું હતું...

જોકે એ દિવસે કોણ જાણે કેમ, સવારથી જ કશુંક ન બનવા જેવું બનશે એવા આડકતરા અણસાર મળવા માંડ્યા હતા. એક તરફ, અંજલિની વિક્રમજનક સફળતાનો માહોલ હતો ને બીજી તરફ મન કોઈ અગોચર ડરથી ઘેરાયેલું હતું. અંજલિની પાર્ટી આડે માંડ બે-અઢી કલાક બચ્યા હતા કે દીદીના પેટમાં બિલાડું છીંક્યું! જીજાજીએ તો એ વાત પર શરૂશરૂમાં ધ્યાન સુધ્ધાં આપવાનું જરૂરી નહોતું માન્યું. વધુ પડતી ખુશાલીમાં પણ સણકો તો ઊપડે. મસલ્સ થોડા આઘા-પાછા થાય તો પણ દુખાવો થઈ આવે.

એ સાંજે દીદીને ઇમર્જન્સી વોર્ડમાં દાખલ કરતાંની સાથે મેડિકલ કૉલેજમાં પ્રોફેસર તરીકે સેવાઓ આપતાં અજલિનાં બોસ ડૉ. નંદિની મહેતાએ સ્પોટ ડાયગ્નોસિસ કર્યું હતું. 'એક્યુટ-પેન્ક્રિયાટાઇટિસ! સ્વાદુપિંડનો સોજો.. બહુ જ કમનસીબ!'

અંજલિના પગ નીચેથી ધરતી સરકી ગઈ હતી.

'મૅડમ, ગમે તે ભોગે મારી દીદીને બચાવી લો.' એની કાકલૂદીથી ખુદ ડૉ. નંદિની મહેતા ગમગીન બની ગયાં હતાં. યુદ્ધના ધોરણે સારવાર શરૂ કરવામાં આવી હતી.

'વી વિલ નોટ કીપ એની સ્ટોન અનટર્ન્ડ. માય ચાઇલ્ડ!' એમણે વહાલથી એમની પ્રિય વિદ્યાર્થિનીના મોં પર હાથ

ફેરવ્યો હતો.

'બાકી તો પછી ઉપરવાળાની કૃપા પર જ છોડી દેવું પડે. તું પોતેય આવા દર્દની સિરિયસનેસ ક્યાં નથી સમજતી. બેટા!'

બરાબર પંદર દિવસ લગી આશાનો દીવો ટમટમતો રહ્યો અને છેલ્લે એકાએક...

કોણ જાણે વિદાય વેળાનો અંદાજ આવી ગયો હશે કે કેમ...એ સવારે દીદીના ચહેરા પર ઉજાસ ફેલાઈ રહ્યો હતો. અસહ્ય પીડા દબાવીને એ હસવાનો પ્રયાસ કરી રહ્યાં હતાં. ડૉક્ટરોની કોઈ કારી ફાવી નહોતી. અને છતાં અંજલિ અને જીજાજી નિયતિ સાથે નમતું જોખવા તૈયાર નહોતા. પણ હવે દીદી વધુ રાહ જોઈ શકે એમ નહોતાં. સંકેત આપી જ દીધો હતો.

ચહેરા પર તિલસ્મી તેજ, અવાજમાં અગાઉ ક્યારેય ન અનુભવેલો રણકો. એમણે એકાએક આંખ ખોલી. સામે અંજલિ ઊભી હતી.

'તારા જીજા નથી આવ્યા।?'

'આવવામાં જ છે દીદી. એ દરરોજ મંદિરમાં આંટો દઈને આવે છે.' અંજલિને ખબર હતી.

જીજા મહાદેવના મંદિરે અભિષેક કરતા હતા. શહેરના નામાંકિત જ્યોતિષીના સૂચન મુજબ મહામૃત્યુંજયના જાપ કરાવતા હતા. પરંતુ એ બધું દીદીને જણાવવાથી શો ફાયદો! એણે દીદીને સારું લાગે એવા બે શબ્દ કહેવામાં જ શ્રેય માન્યું.

'આજે તો દીદી, તમારો ચહેરો ખૂબ સુંદર લાગે છે... સાચું કહું? બીમાર થયાં એ પછી આજે જ તમારા મોં પર આવું અજવાળું પહેલી વાર જોવા મળ્યું...જરૂર કંઈક ચમત્કાર થયો છે...'

'તારા જીજાને જલદી બોલાવ.' એટલું કહી દીદીએ આંખ ઢાળી દીધી હતી. અંજલિ હચમચી ગઈ હતી. મોબાઈલ પર અચ્યુતનો નંબર લબકારા લઈ રહ્યો હતો એણે એનો કોલ રિજેક્ટ કરી જીજાજીનો નંબર જોડ્યો.

ક્યાં છો? જલદી પહોંચો!

એ આગળ ન બોલી શકી. અચ્યુતના બે મિસ્ડ કોલ આવી ગયા હતા. એને દીદીની હાજરીમાં એવી ખલેલ કઠતી હતી. જીજાને ધ્રાસકો પડ્યો હશે એમ વિચારી એણે ફરીથી ફોન જોડ્યો.

'હું પહોચું છું. બી બોલ્ડ. અંજુ!' કહી એમણે ફોન કટ કરી દીધો હતો.

અને પછી તો..

એ વાતને બરાબર સવા વરસ થઈ ગયું હતું.

'અંજુ, હજી તને ફેરવિચારવાની છૂટ છે. સાચું કહું છું. યુ કેન ગો વિથ...' એ આગળ ન બોલી શક્યા.

'મેં એને ના પાડી દીધી છે. જીજા! વરસ દરમિયાન ક્યારેય તમે એને જોયો છે? તમને વિશ્વાસ ન બેસતો હોય તો સીધી એની સાથે વાત કરી શકો છો...' અંજલિના સ્વરમાં તીખાશ ભળી. એણે ચુપચાપ બેડરૂમમાં જઈ ડૂસકું ભરી લીધું.

જીજાને પસ્તાવો થયો. એ દીવાલ પર હસી રહેલી દીદીની છબી સામે ગુનેગારની જેમ માથું ઝુકાવી ઊભા રહ્યા. ઝીલને શાળાએથી લેવા જવાનો વખત થઈ ગયો હતો. બારોબાર નીકળી જવું ઠીક ન લાગ્યું. એ ખમચાતા પગલે બેડરૂમ તરફ વળ્યા. સવા વરસ સુધી એમણે બરાબર સંયમ પાળ્યો હતો. અંજલિએ પણ ક્યારેય...'

'અંજુ!'

એ બેડરૂમના દરવાજામાં ઊભા હતા. અંજલિ સફાળી બેઠી થતાં ગઈ ત્યાં અચાનક ટી-શર્ટ ઉપર ખેંચાઈ ગયું. પેઢુ પર સ્કાર-ચેકો મૂક્યો હોય એની નિશાની જોઈ એ ખમચાઈ. ઉતાવળે ટી-શર્ટ નીચે તરફ ખેંચતી અંજલિના બંને હાથ પકડી લઈ જીજાએ આર્દ્ર સ્વરે પૂછ્યું:

'આ કાપો શેનો છે. અંજુ?' આ તો ઓપરેશનનો કાપો લાગે છે.'

અંજલિ કશું ન બોલી. પણ જીજાજીએ બહુ હઠ પકડી ત્યારે એ ઊઠીને એનાં કબાટનું ડ્રોઅર ખોલીને એક ફાઇલ લઈ આવી.

'તે આ ઠીક ન કર્યું. અંજુ!' જીજાજીએ એને આખેઆખી બાથમાં સમાવી લઈ ગળગળા અવાજે ઠપકો આપ્યો.


'ઝીલ માટે તારા માતૃત્વને રોળી નાખવાની શી જરૂર હતી? ગાંડી, તારી દીદીએ તારી પાસે આવી અપેક્ષા થોડી રાખી હોય!'

અંજલિ જીજાના ખભા પર માથું ઢાળી ડૂસકાં ભરતી રહી.

'ઇટ વોઝ એબ્સોલ્યુટલી માય ઓન ડિસિઝન. આ જ છે મારો આખરી નિર્ણય... મારે ઝીલની માસી નથી રહેવું. મા બનવું છે જીજા!'

---

*૧૩- ઐશ્વર્ય-૧, પ્લોટ-૧૩૨,*
*સેક્ટર-૧૯, ગાંધીનગર-૩૮૨ ૦૨૧*
*મો. ૯૮૭૯૫૪૩૧૩૨*



# મમતા મંદિર

*- ડૉ. ચંદ્રકાન્ત મહેતા*

'આજે આખું ગામ હિલોળે ચઢયું છે. સ્વામી સત્યાનંદજીને આવકારવા માટે આવો દુર્લભ અવસર ભાગ્યે જ મળે. રત્ના શેઠાણીએ પતિ પરમાનંદજીને કહ્યું.'

"તારે જવું હોય તો જા, બાકી મને "બાવો" બનાવવાની કોશિશ ન કર. ગુરુઓ તો અનેક છે, બાકી એ બધામાં સદ્‌ગુરુ કેટલા?" પતિ પરમાનંદજીએ રત્નાશેઠાણીને કહ્યું.

"તમે તો પહેલેથી જ નાસ્તિક છો. ગામના લોકો કાંઈ થોડા જ મૂર્ખ હશે કે મંચને ઢગલો ફૂલોથી શણગાર્યો છે. આસોપાલવનાં તોરણો શણગાર્યાં છે. ભક્તિગીતોનો ધોધ વહે છે. સહુને મોઢે એક જ નામ, સ્વામી સત્યાનંદજી છે. ચાલો, તૈયાર થાઓ ઘડપણ સારી રીતે વીતે એ માટે દવા કરતાં દુવાની વધારે જરૂર છે." રત્નાશેઠાણીએ પરમાનંદજીને સત્યાનંદજીના દર્શન માટે આગ્રહ કરતાં કહ્યું.

"એવા ગુરુઓની દુવાથી રોગીઓ સાજા થતા હોત તો હૉસ્પિટલો બંધ કરી આશ્રમોમાં ઉપચારક તરીકે સાધુ-સંતોની નિયુક્તિ થાત. હૉસ્પિટલના વડાઓ પણ તેમને જ બનાવવામાં આવ્યા હોત! અભિષેકના ઘડતરમાં તારી મમતા જ નડતર બની ગઈ છે. દરેક વસ્તુની એક હદ હોય છે, એ હદનું ઉલ્લંઘન કરવામાં આવે ત્યારે તે અતિ, દુર્ગતિમાં પરિણમતી હોય છે. તું જ કહે આપણો પુત્ર અભિષેક ઘેર..." પરમાનંદજી આગળ બોલતા અટકી ગયા.

"તમને તો અભિષેકનું નામ આવે એટલે 'મરચાં' લાગે છે. અભિષેક આપણો શાણો દીકરો છે. એ કદાપિ ઊંધે માર્ગે ચઢે જ નહીં. તમે એને તમારી પેઢીનો મુનીમ બનાવવા ઇચ્છતા હતા. એટલે એની સ્વતંત્રતા પર પણ કાપ મૂકવા ઇચ્છતા હતા. તમારે સમજવું જોઈએ કે માત્ર 'તાપ' દેખાડવો એ જ પિતાની ફરજ નથી. તમે આખરે શેઠાઈ કરીને દીકરો ગુમાવી બેઠા ને!" એને બદલે લાગણી અને પ્રેમથી ભીંજવીને તમારો બનાવી શક્યા હોત. હવે આપણી લખલૂટ સંપત્તિને ભોગવનાર છે કોઈ? બોલતાં બોલતાં રત્ના શેઠાણી રડી પડ્યાં.

અને તેઓ પોતાના ડ્રેસિંગ રૂમમાં ગયાં. પુત્ર અભિષેકને ગમતી સાડી ધારણ કરી. ગોંદરેથી બેન્ડવાજાંનો અવાજ સંભળાતો હતો. પતિ પરમાનંદજીની નારાજગી વહોરીને પણ રત્નાશેઠાણી સ્વામી સત્યાનંદજી મહારાજના દર્શને જવા તલપાપડ હતાં. એમની સ્મરણ યાત્રા શરૂ થઈ...

"...પુત્ર અભિષેકે ઘર છોડ્યું ત્યારે તેની ઉંમર ૧૪ વર્ષની હતી. આજે એ વાતને છવ્વીસ વર્ષ વીતી ગયાં. હવે તો એ ચાલીસ વર્ષનો થઈ ગયો હશે. કયા સ્વરૂપે કેવી સ્થિતિમાં હશે એ તો ભગવાન જાણે. હું પોતે એને જોઉં તો પણ ન ઓળખી શકું... એમણે ડ્રેસિંગ રૂમમાં પ્રેમપૂર્વક જાળવી રાખેલો અભિષેકનો ફોટો જોઈ, ફોટા પર ચૂમીઓનો વરસાદ વરસાવ્યો અને આગળ વિચારવા લાગ્યાં...."

...ઉચ્ચ સંસ્કારો શીખવવા માટે કોઈ તાલીમ શાળાઓ નથી હોતી. કેટલાક લોકોમાં પોતાનું ઈશ્વરત્વ ટકાવવા માટે ઉમદા ગુણોની પરમાત્મા લહાણી કરતો હોય છે. અભિષેક એટલે માનવતાની મૂર્તિ, વિવેકનો સાગર અને વિનયશીલતાનો ઉપાસક. શાળામાં ગુરુઓને વંદન કરે. પ્યૂન અને આયાબહેનોને પણ નમસ્કાર કરે. પરીક્ષાની આગલી રાતે પણ પૂર્વ તૈયારીની સાથે સાથે પ્રાર્થના કરવાનું ન ભૂલે. પોતાના ઘરમાં નોકર-ચાકરનાં બાળકોને પણ ભણવામાં મદદ કરે. ગામમાં કોઈ સાધુ-સંત આવ્યા હોય તો ઘેરથી ટિફિન તૈયાર કરી તેમને ભક્તિભાવપૂર્વક ભોજન કરાવે. બીમાર સંતની સારવાર કરવામાં પાછું વાળીને જુએ નહીં. ઘેરથી ગરમ પાણીની ડોલ પહોંચતી કરીને, મમ્મી રત્નાદેવીએ તૈયાર કરેલો તાજો ગરમ નાસ્તો અને ગરમ દૂધ સાધુઓને લાગણીપૂર્વક પીવડાવે, ત્યાર બાદ જ એ સ્વાધ્યાય કરતો....

....પરમાનંદ શેઠને આવી સેવાઓ પ્રત્યે ભારે ચીઢ. તેઓ રત્નાશેઠાણીને કહેતા "જાતે ગુરુ થઈ કથા-વાર્તા કરે, દાનના ધોધમાંથી આશ્રમ બનાવે અને વૈભવી જિંદગી વિતાવે. ગામની શ્રદ્ધાળુ ડોશીઓ એમનો જયજયકાર કરે એટલે આવા ગુરુઓની છાતી ગજગજ ફૂલે. હકીકતમાં આવા સાધુઓએ સેવા લેવાને બદલે સમાજસેવા કરવી જોઈએ. શાળાનાં ગરીબ બાળકોને ભણાવવાં જોઈએ તથા નિરક્ષર પ્રૌઢોને સમાજશિક્ષણ આપી સમાજઋણ અદા કરવું જોઈએ. રત્ના, અભિષેક અત્યાર સુધી મનમાન્યું કરતો રહ્યો છે તે મને લેશમાત્ર મંજૂર નથી. બાપના ખર્ચે દાન-દક્ષિણાને બદલે જાતકમાઈ કરી રૂપિયો રળે. આવતી કાલથી મને પૂછ્યા સિવાય ઘરની બહાર સેવાર્થે પગ મૂક્યો છે તો હું એને ઘરમાં પેસવા નહીં દઉં. તને પણ રત્ના આ મારી છેલ્લી વોર્નિંગ છે." પરમાનંદ- શેઠના ગુસ્સાનો પાર નહોતો.

"અરે ! તમે આ શું બોલી રહ્યા છો, તેનો તમને ખ્યાલ છે? એને જિંદગી હોંશે-હોંશે માણવા દેવાને બદલે કઠોર અને નિર્દય નિર્ણયોથી અભિષેકનાં સપનાંને રોળી રહ્યા છો, અભિષેક મારા જિગરનો ટુકડો છે. એને ખાતર તો તમારા દુર્વાસા જેવા સ્વભાવનો ગુસ્સો હું સહન કરતી રહી. ક્યારેક રિસાઈને મારા

પિયર જતી પણ બીજી જ પળે વિચાર કરતી, પુરુષ પોતાનો ધર્મ ચૂકે એટલે નારીએ પણ ઈંટનો જવાબ પથ્થરથી આપવા મેદાને પડવું? છેડાગાંઠણની વિધિ લગ્નમાં એક રિવાજ ખાતર થાય છે. પણ એ ગાંઠ મજબૂત હોવી જોઈએ. ઢીલીઢસ નહીં. અને ફરી મારો આત્મા મારે ઘેર દોડી આવવાની ફરજ પાડતો. ખાસ તો અભિષેક ખાતર હું સ્વમાનનું બલિદાન આપવા તૈયાર થતી."

એક દિવસ પપ્પાની જોહુકમી જોઈ અભિષેકે કહ્યું હતું : "પપ્પા, તમે પૈસા કોના માટે કમાઓ છો? મારે માટે જ ને! પણ મારા માટે પૈસો વાપરવાને બદલે બીજાને ઠારવા માટે વાપરવો જોઈએ. હું આપકર્મી થઈ જીવવા ઇચ્છું છું, બાપકર્મી થઈને નહીં. કાળી મજૂરી કરીશ પણ આપની સંપત્તિમાંથી ક્યારેય એક પણ રૂપિયો સ્વીકારીશ નહીં."

"તો પછી તું પણ કાન ખોલીને સાંભળી લે, કાલથી ઘરનાં દાણા-પાણી તારે માટે બંધ. મહેનત મજૂરી કરીને તારી કમાણીમાંથી પેટ ભરજે. આદર્શોની વાતો કરવી સહેલી છે. પણ એની આકરી કસોટીમાંથી પસાર થવાનું આવે ત્યારે વ્યક્તિને ખબર પડે છે કે વાત કરવી સહેલી છે પણ તેને વર્તનમાં ઉતારવું કેટલું મુશ્કેલ છે." પરમાનંદ શેઠ ઝૂકવા તૈયાર નહોતા.

"અરે, તમે આ શું બોલી રહ્યા છો? દીકરા સામે બદલો લેવા ખાતર આવો નિર્ણય? દીકરા કે દીકરી પર અમીવર્ષા થાય, આક્રમકતા નહીં. આખરે હું મા છું. મારા દીકરા અભિષેક ખાતર જરૂર પડે તો વાસણ-કપડાંની મજૂરી કરીશ પણ એની પર દુઃખનો પડછાયો નહીં પડવા દઉં." રત્નાશેઠાણીએ કહ્યું હતું.

"તો તારી મરજી. ઘરની ફજેતી કરીને તમારા હાથમાં શું આવવાનું છે? તને ખબર છે ને કે હું પણ મારા સિદ્ધાંત માટે લેશમાત્ર બાંધછોડ કરવા તૈયાર નથી. હું તો આ ચાલ્યો સૂવા માટે." કહીને પરમાનંદ શેઠ શયનખંડમાં ચાલ્યા ગયા હતા.

એમના ગયા પછી અભિષેકે મમ્મી રત્નાદેવીને કહ્યું : "મમ્મી, મારી એક વાત માનીશ?"

"અરે દીકરા, તારી એક નહીં એક હજાર વાતો માનવા તૈયાર છું નહીં તો તારા પપ્પાના સામ્રાજ્યમાં કેવી રીતે રહેવું એ તો તું જાણે છે ને? તારા નાનાજી તારા પપ્પાનો ત્રાસ જોઈ મને પાંચ-પાંચ વાર લઈ જવા આવ્યા હતા. પણ હું એકની બે ન થઈ, માત્ર તારા ખાતર! તને મારા બધા અધિકારો સોંપવા તૈયાર છું. મારો તારા પર કોઈ અધિકાર નહીં." મમ્મીની પોતાના પ્રત્યેની અનહદ લાગણી જોઈ અભિષેક ગદ્‌ગદ થઈ ગયો હતો.

એણે ભેટીને મમ્મીને કહ્યું : "મમ્મી, બાળકને મમ્મી સાથે સૂવાનો અધિકાર છે ને? મારી ઇચ્છા છે કે આજે તને ભેટીને તારા પ્રેમાળ હાથના સ્પર્શ સાથે નિદ્રાની ગોદમાં સરી જવા માગું છું. મારે માટે તું જ વિસામો છે ને તું જ મારે મન સાક્ષાત જગદંબા. તારા ચરણોમાં જ મારે મન સ્વર્ગ છે. અભિષેકની વાત સાંભળી રત્નાદેવી ધ્રૂસકે ધ્રૂસકે રડી પડ્યાં હતાં. એમણે કહ્યું હતું : માતૃપ્રેમ માણવા માટે વિઝાની જરૂર ન પડે." અને અભિષેક સાથે રત્નાદેવી શયનખંડમાં ચાલ્યાં ગયાં હતાં.

ભાવભીનાં રત્નાશેઠાણી થોડી જ વારમાં ઘસઘસાટ નિદ્રામાં સરી પડ્યાં હતાં. પણ અભિષેકના મનમાં સંઘર્ષ ચાલી રહ્યો હતો. બાપકર્મી બની સ્વમાનના ભોગે પિતાના ઘરમાં પડી રહેવું કે પોતાની જિંદગીની નવી કેડી કંડારવી? મારે મન જિંદગી ભોગ-વિલાસ માટે નહીં પણ કર્તવ્યોની અદાયગી માટે છે. દરેક યુવક પૈસાને અને એશઆરામને જીવનનું લક્ષ્ય બનાવશે તો દેશની ચિંતા કોણ કરશે?

અંતે અભિષેકે મહાભિનિષ્ક્રમણનો માર્ગ સ્વીકારવાનું નક્કી કર્યું. બગલથેલામાં એક જોડ કપડાં અને પોતાને મળેલી સ્કૉલરશિપના બસો રૂપિયા લઈ પપ્પાનું ઘર છોડવાનો નિર્ણય કર્યો.

ક્યાં જવું, શું કરવું તેના વિશે તેણે અત્યાર સુધી કશું જ વિચાર્યું નહોતું. અજાણી કેડીએ ચાલતો-ચાલતો તે એક પર્વત પર આવેલા મંદિરે પહોંચી ગયો. મંદિરના પુજારી કૃષ્ણાનંદ સેવાભાવી અને પ્રેમાળ સ્વભાવના હતા. અભિષેકને એક ભાગેડુ યુવાન માની તેની સાથે ખાસ્સી પ્રશ્નોત્તરી કરી. પણ તેનામાં સાધુત્વનાં દર્શન કરી તેને મદદરૂપ થવાનું એમણે નક્કી કર્યું:

એમણે હરિદ્વારમાં રહેતા પોતાના પુજારી મિત્ર રામાનંદ પર ચિઠ્ઠી લખી આપી. અને ફોન કરીને પણ કહ્યું : "એક ગુણિયલ અને સેવાભાવી યુવાનને તારી પાસે મોકલું છું. દરેક યુવાનને શંકાની નજરે નહીં પણ શ્રદ્ધાની ભાવનાથી મૂલવવો જોઈએ. યૌવનની ઉપેક્ષા એટલે ભારતમાતાનાં સ્વપ્નોની ઉપેક્ષા", 'લોન' તરીકે થોડા પૈસા પણ એમણે અભિષેકને આપ્યા.

અભિષેક રામાનંદના આશ્રમે પહોંચ્યો ત્યારે એણે તેમના ચરણોમાં વંદન કરી કહ્યું: "સ્વામીજી, હું મોક્ષ કે પરલોક સુધારવાની ભાવનાથી અહીં નથી આવ્યો પણ મારું અંતઃકરણ કહે છે કે તારે પરંપરાગત રીતે સંન્યાસ સ્વીકારવો નથી. દેહનો ઉપયોગ દેશ માટે, દેહનો ઉપયોગ દેવ માટે. મારે સાધુ નથી બનવું પણ સ્વાવલંબી સંસારત્યાગી બનીને આપના આશ્રમમાં રહેવું છે. નાનાં-મોટાં કામો કરીને હું મારું પેટિયું રળી લઈશ. રસોઈ પણ બનાવીશ અને આશ્રમવાસીઓનાં બાળકોને પણ ભણાવીશ. મને આપના ચરણોમાં સ્થાન આપો એવી મારી આપને પ્રાર્થના."

એક યુવકના આવા શબ્દો સાંભળી સ્વામી રામાનંદે કહ્યું: "બેટા, તારા જેવા જ્ઞાની, સમજદાર અને કર્મયોગી બનવાની ભાવના ધરાવતા યુવાનને સાધુ બનાવી નિષ્ક્રિય બનાવી દેવો એને હું પાપ માનું છું. તારા જેવા એક હજાર કર્મયોગી યુવાનો

દેશને મળે તો દેશનો બેડો પાર થઈ જાય. તું યુવાપેઢી માટે અનુકરણીય આદર્શ બને એમાં જ તારા યૌવનની સાર્થકતા છે.”

તે દિવસે સવારે અભિષેકને ઘરમાં ન જોતાં રત્નાદેવીના હૈયામાં ફાળ પડી. એમને હૈયાફાટ રુદન કરતાં સાંભળીને આસપાસનાં લોકો દોડી આવ્યાં. કોઈકે પોલીસને ખબર આપવા જણાવ્યું તો કોઈએ છાપામાં જાહેરાત આપવાની સલાહ આપી. પણ પરમાનંદશેઠના પેટનું પાણી પણ નહોતું હાલતું. એમણે રત્નાદેવીને કહ્યું, “તારો લાડકો દીકરો છપ્પન કાળજાનો છે. હવે એ બેટમજીને ખબર પડશે કે કેટલી વીસે સો થાય છે. હારી-થાકીને અંતે ઘેર આવ્યા સિવાય છૂટકો નથી. અને એને માબાપની ચિંતા હોત તો ઘર છોડીને જાત જ નહીં!”

રત્નાશેઠાણીની એક પણ ક્ષણ અભિષેકને યાદ કર્યા સિવાય વીતતી નહોતી. એમણે પૂજા-પાઠ, બાધા-બંધણી બધું જ શરૂ કરી દીધું. પતિની નિર્દયતા જોઈ એમને અનહદ ગુસ્સો આવતો. ક્યારેક આત્મહત્યા કરી લેવાનો વિચાર પણ આવતો. પણ અંદરથી રણકાર આવતોઃ ગમે ત્યારે પણ તને તારા દીકરાનું મોં જોવાનું સૌભાગ્ય પ્રાપ્ત થવાનું જ છે. સાચા હૃદયથી કરેલું અનુષ્ઠાન એળે જતું નથી. પ્રેમ ખાતર મરવું સહેલું છે, પણ પ્રેમ ખાતર જીવવું મુશ્કેલ છે.

છેલ્લાં છવ્વીસ વર્ષથી સ્વામી રામાનંદનો આશ્રમ તીર્થ સ્થાન બની ગયો હતો. અભિષેક યુવાપેઢીને તૈયાર કરવા પ્રવચન આપતો. સાદાં કપડાં ધારણ કરતો. પણ સાધુત્વના દંભથી સાવ અલિપ્ત રહેતો. શરૂઆતમાં યુવાનો અભિષેકનાં પ્રવચનો સાંભળવા આવતાં પણ માતૃપ્રેમ, દેશભક્તિ વગેરેની તેમની વાતોથી પ્રભાવિત થઈ વડીલો પણ તેમનાં પ્રવચનો સાંભળવા હાજર થતા. સ્વામી રામાનંદે કહ્યું : “તું ઇચ્છે કે ન ઇચ્છે પણ તારું સંતત્વ જોઈ મેં નક્કી કર્યું છે કે તને મારો શિષ્ય બનાવી તારું નવું નામકરણ કરવું. હવેથી તું અભિષેકને બદલે સ્વામી સત્યાનંદજી રૂપે ઓળખાઈશ. આ મંદિર અને આશ્રમ તને સોંપી હું ચિંતામુક્ત થાઉં છું.” હવેથી તું આ નવરૂપને ઉત્તમ રીતે દીપાવીશ એની મને ખાતરી છે. “રામાનંદનો આભાર માની અભિષેકે કહ્યું હતું. મારો જન્મ શેઠ પરમાનંદના ઘરમાં ભલે થયો, પણ આ મારો નવો અવતાર છે. આપે આપેલું બિરુદ નિભાવીશ અને કર્મયોગી તરીકે ભગવાન કૃષ્ણે પ્રબોધેલાં કર્તવ્યો અદા કરતો રહીશ.”

રામાનંદનો આશ્રમ હવે જ્ઞાન, ભક્તિ, અધ્યાત્મ અને સદ્દુપદેશનું કેન્દ્ર બની ગયો હતો. દેશભરમાંથી એમનાં પ્રવચનો યોજવા સ્વામી સત્યાનંદજીને નિમંત્રણો મળતાં પણ તેઓ કહેતા : “મને કોઈએ સ્વામી કે ગુરુ તરીકે સંબોધવાનો નથી. હું એક દેશભક્ત છું. સ્વામી વિવેકાનંદ મારા જીવનનો આદર્શ છે. ‘ઉત્તિષ્ઠ’ એ મારો જીવનમંત્ર છે. અતિશય વખાણની લાલચ પણ નિંદનીય છે. મારો કોઈએ પરિચય આપવાનો નથી.”

લોકોને સ્વામી સત્યાનંદજીની વાતોમાં-પ્રવચનોમાં ભારે રસ પડવા લાગ્યો. તેઓ પોતે સ્વાવલંબી હતા. કોઈ હોટલમાં ઊતરવાને બદલે મંદિરમાં ઊતરવાનું પસંદ કરતા. પોતાના પરસેવાની કમાણીથી સાધુ-સામાન પણ જાતે લાવી ‘સ્વયંપાકી’ બની જાતે રાંધેલું જ જમતા. તેઓ દાન-ભેટનો સ્વીકાર કરતા નહીં. એમને એક ‘ચમત્કારિક પુરુષ’ ગણી તેમના દર્શને માટે લોકો પડાપડી કરતાં.

નજીકના એક ગામમાં સ્વામી સત્યાનંદજી પધારવાના છે, એવાં પોસ્ટરો પણ છપાઈ ચૂક્યાં હતાં. પણ એવાં તમામ પોસ્ટરોનો સત્યાનંદજીએ જાતે જ નાશ કર્યો હતો.

અભિષેકમાંથી સ્વામી સત્યાનંદજી બની ગયેલા સંતને રત્ના શેઠાણી ધારી ધારીને જોતાં હતાં. ચૌદમાંથી ચાલીસીમાં પ્રવેશેલા સ્વામી સત્યાનંદજી તરફનું અજ્ઞાત ખેંચાણ રત્નાદેવીને સ્વામી સત્યાનંદજી તરફ ધારી ધારીને જોવાની ફરજ પાડી રહ્યું હતું. પ્રયત્ન છતાં તેઓ અભિષેકમાંથી સ્વામી સત્યાનંદજી બનેલા સંતને ઓળખી શક્યાં નહીં. પણ સ્વામી સત્યાનંદજી માતા રત્નાદેવીને ઓળખી ગયા હતા.

પ્રવચન પૂરું થતાં દર્શનાર્થીઓએ તેમને વિદાય આપવા માટે જયઘોષ કરવાનું શરૂ કરી દીધું હતું.

પણ સહુના આશ્ચર્ય વચ્ચે સ્વામી સત્યાનંદજી સ્ટેજ પરથી નીચે ઊતરી આવ્યા. મહિલાઓની કતારમાં સૌથી આગળ બેઠેલાં માતા રત્નાદેવીને ઓળખી ગયાં.  એમનો ચરણસ્પર્શ કરતાં કહ્યું : “મા હું પાછો આવી ગયો છું તારો પુત્ર અભિષેક, મારે મન મમતા-મંદિર જેવું બીજું કોઈ તીર્થસ્થાન નથી. મારે ગૃહસ્થાશ્રમી નથી બનવું. આજીવન બ્રહ્મચારી જ રહેવું છે.”

હું સાદો મારો આશ્રમ સ્થાપીશ અને મારો કર્મયોગ ચાલુ રાખીશ.

“પણ બેટા, તારા વગર હવે મારે માટે જીવવું મુશ્કેલ બની જશે. તને મારે ફરીથી ગુમાવવો નથી.” રત્નાદેવીએ કહ્યું,

અને મારે પણ હવે તને એકલી રહેવા દેવી નથી. તારી પ્રતીક્ષાનાં બદલો વાળી આપવો એ મારો પુત્રધર્મ છે. હું ‘મમતા-મંદિર’ નામે આશ્રમમાં તને મારી સાથે જ રાખીશ.”

લોકોએ એમના નિર્ણયને પ્રતિસાદ આપતાં કહ્યું : “જનની જણ જે ભક્ત જન, કાં દાતા કાં શૂર. નહીં તો રહેજે સંતાનહીન, મન ગુમાવીશ નૂર.” “મમતા-મંદિર ઝિંદાબાદ.”

*૩૬, સફલ વિહાન, ગોકુલધામ પાસે,*
*સનાથલ-શાન્તિપુરા- ઉલારિયા રોડ,*
*એકલવ્ય સ્કૂલ માર્ગ, અમદાવાદ-૩૮૨ ૨૧૦*
*મો. ૭૫૬૭૭૪૦૮૦૬*

# લેણદેણ

*- રાઘવજી માધડ*


પહેલા તો એ, નફફટાઈથી કહેવાનો હતો 'સીતારામ'. પણ તેમાં રામજીઅદાને વાંધો નહોતો. પણ પછી સીતા... ને રામ વચ્ચે ખાસ્સું અંતર રાખે. વળી સ્વરમાં પણ હાંસી ને તોછડાઈની બદબૂ ભરેલી હોય!

આ બધું રામજીઅદા જાણતા હતા. અદાએ મગન સામે જોયું જ એવી રીતે કે, તે જે બોલવા ધારતો હતો તે થૂંકની જેમ પાછું ગળી ગયો. થોડું અટક્યો. પણ પછી નાક જાતા હોઠ સલામત રાખવો હોય એમ આખી વાત બદલી નાખી: 'તમે ઢોર-ઢાંખરની ક્યાં પત્તર ફાડો છો,અદા..!' આટલું કહી એકધારું સામે જોતો રહ્યો. પછી ચાનક ચઢી હોય તેમ તાણી-તૂસીને બોલ્યો: 'ગામમાં કોઈ માણસ રહ્યું નથી, એની કરોને!'

-મારો બાપલિયો હાચું બોલ્યો હો, ગામમાં કોઈ માણસ જ નથી રહ્યું એનું જ મોટું દુઃખ છે ને ! આવું કહીને મગનની વાતમાં સૂર પુરાવવો હતો. પણ મગનનો ભરોસો નહિ. વાતવાતમાં પલટી મારી જાય, વાતનું આખું વહેણ બદલી નાખે... ને પાછો સામે સવાલ કરીને ઊભો રહે : 'કોણ માણસ રહ્યું નહીં!?'

'એલા ડફોળ, હું તો અમથું જ કહું છું..!' પણ સાવ આવું તો કહેવાય નહીં. પછી શું જવાબ આપવો? રખેને મોંએથી સાવ સાચું નીકળી જાય !

'લ્યે કર્ય વાત...અદાએ તો સાગમટે કેટલાય વિચારનું હટાણું કરી લીધું !' ત્યાં અદા જાતે જ બકી ઊઠ્યા: 'આ ચોર માથે કાગડા જેવું છે મારા ભાઈ. જેની આંખમાં પીળિયો હોય એને બધું પીળું જ દેખાય!'



પાંચ-પંદર પળો પારકી વેજાને સાચવવાની પળોજણ જેમ કષ્ટમય પસાર થઈ. સહજ ચાલતો લીલોછમ સંવાદ તૂટી ને છૂટી ગયો. બેઉ નજર ફેરવી આડાઅવળું જોવા લાગ્યા.

આથમતા સૂરજવેળાનું પાદર મા વિહોણા છોરું જેમ નિમાણું ભાસતું હતું.

'ઈ બાઈ હારેના તમારા મીઠા સંબંધની ગામમાં કોઈને ખબર નથી એવું ધારતા હો તો ખાંડ ખાવ છો હો અદા!' મગનને શું સૂઝ્યું તે આવું કહી, આગળ ઉમેરી દીધું: 'એ.. નાનું છોકરુંય જાણે છે, તમારા એ..!'

પણ આવું સાંભળ્યા પછી અદાના પંડ્યનું રૂંવાડુંય ફરક્યું નહીં... તેની મગનને ભારે નવાઈ લાગી.

'પણ મારા સંબંધ સાથે ગામને શું લેવાદેવા?' અદા આવું બોલવાનું પાછું ગળી જઈને કહે: 'હું એવું કાંઈ ધારતો જ નથી. મને બધી ખબર છે. આખું ગામ મને અમસ્તા જ 'સીતારામ' કહે છે !?' થોડા દુભાતા સ્વરે સ્વગત બોલી ગયા:'કાંઈ વાંધો નહી, એમ પણ સીતાને યાદ તો કરે છે !'

મગન સમસમીને ચૂપ થઈ ગયો. અદાએ પીરના ઓટાની પાળ પર બેઠા-બેઠા નજરનું દોરડું લંબાવી, એ રસ્તા બાજુ જોઈ લીધું. જે મગનથી અજાણ ન રહ્યું. તેના મોંએ આવી ગયું: 'સીતાના ઘર બાજુ જોઈ લીધું ને !'

પણ આગળ ન બોલવાનું બોલી ગયો તે સમેતનો ડર લાગ્યો. અદા રીસમાં આવી જાય તો મોં પર આડા હાથની અડબોથ વળગાડી, માથે મારે 'વાયડીના ઈ બાયડી સિવાય બીજું કોઈ ઝપટે ચડતું નથી !'

-માર ખાધા પછી વધારામાં મા સમાણી ગાળ પણ રમકાવે!

અદા સહજ મોં મલકાવીને કહે :'હેં મગના સાચું નો કે'તો તારી ગોમતીમાના સમ, મને સીતારામ કે'તા કે'તા કેમ અટકી ગયો !?'

મગન ફાંફે ચઢ્યો. હી..હી... કરતો, ગાલાવેલો થાતો અદા સામે જોઈ રહ્યો. શું કહેવું, બોલવું સૂઝે એવું નહોતું. ભીતરથી ભારે ભીંસ અનુભવવા લાગ્યો. મોં પાકી ને ફાટી ગયેલા ચીભડા જેમ ફેદરાઈ ગયું.

પણ અદા સામેથી જ બકી ગયા:'ખરું કહું તો મને કોઈ સીતારામ ન કહે તો મઝા નથી આવતી !'

પછી મોડે મોડેથી ઢીલા સ્વરથી ઉમેરો કર્યો : 'ટેવ પડી

ગઈ છે, આવું સાંભળવાની !'

'હેં...હોય નંય, અદા તમને આવું હાંભળવું ગમે છે એમ ને ?' મગનને કાન પર વિશ્વાસ બેઠો નહીં : 'તે આવું હતું તો પેલા ભસી મારવું'તું ને !?'

પેટછૂટી વાત કર્યા પછી અદા થોડા હળવા થયા. માથેથી કોઈ અદશ્ય ભાર ઓછો થયા જેવું થયું.

પણ પછી:'મારું એમ કે'વાનું છે કે ગામમાં ઢોર નામે બાંડી બકરી એ નથી, તેમાં માણસ તો...'મગને સલુકાઈથી વાતનો મૂળ વિષય મોંમાં લઈ, અદા સામે વહેતો મૂકી દીધો.

'ગાંડાભાઈ !' અદાને વાતનો સાંધો કરવાનું સૂઝી આવ્યું:'માણસ જ રહ્યા નથી પછી ઢોર તો ક્યાંથી હોય !' પણ ત્યાં મગનને મરમ ઊગી આવ્યો. વાતને અધવચ્ચેથી ઉપાડી લઈ ઠાવકાઈથી બોલ્યો : 'જે હાલ ગામમાં રેય છે એમાંય ખરેખર માણસ કેટલા !?'

'દીવો લઈને ગોતવા જાવા પડે એટલા...!'પછી છાતીફાટ નિસાસો નાખી બોલી ગયા: 'ભાઈ, એવા માણસની જ ખોટ પડી છે ને!' આટલું કહેવા, બોલવા પાછળ તો અદા જાણે આખો ભવ હારી ગયા હોય એવી ને એટલી બળૂકી પીડા પંડ્ય માંહે પડખું ફરી ગઈ. મન માંહે સન્નાટો છવાઈ ગયો. સઘળું જાણે શૂન્ય થઈ ગયું !

પણ મગને જાતે જ માની લીધું : 'ઘરવાળાં હયાત નથી એની વાત કરે છે, અદા!'

પણ મૂળમાં તો સીતા અહીં રહી નથી. અદા, સુરત અને પોતાના ગામ વચ્ચે ફૂટબૉલ જેમ ફંગોળાયા કરે છે. આ હકીકતનો મગનને મોડેથી ખ્યાલ આવ્યો. અદાના જોગમાયા જેવાં ઘરવાળાં અમરતકાકી નજર સામે ઊપસી આવ્યાં. દિલ વલોવાયું, ભારે દુ:ખ થયું... પણ એ ઠાલાં વાદળાં જેમ વિખેરાઈ ગયું. મગન દેખીતા કારણ વગર હળવોફૂલ થઈ ગયો.

આ પણ કેવી લેણદેણ.. રામજી નામ તો ઠીક છે, હોય... પણ એનું નામ 'સીતા' જ શું કરવા! આ વિચારના ઘોડા તો ક્યારનાય તબેલામાંથી ભાગી છૂટ્યા છે. છતાંય અદાના ચિત્તમાં ઊથલો માર્યા કરે છે. ક્યારેક સીતા વધારે સાંભરે છે કે અમરત...એ હૈયાના ત્રાજવે તોળવા બેસતા પણ તોલ થઈ શકતો નહીં. પછી સમજણને સરાણે ચઢાવી જાતે જ નક્કી કરી લે છે: બેઉ પોત-પોતાના ઠેકાણે ઠીક હતી.

ગામના જૂના પાદરમાં પીરનો ઓટો છે. સામે ગાયકવાડ સરકાર વખતની ગુજરાતી નિશાળ છે. તેની પડખેથી સીમ ભણી જતો ગાડા મારગ છે. ત્યાં પડતર જમીનમાં સીતા તેના પરિવાર સાથે ઝૂંપડું બાંધીને રહેતી હતી. પછી તો એ બાજુના અન્ય પરિવાર પણ ખેત-મજૂરી કરવા માટે ઉમેરાયા હતા.

'મગન તું જ કે, આ લોકો ન હોય તો ગામની ખેતી કરે કોણ ?' અદા કહે: 'એક સમયે આખું ગામ ખેતી પર નભતું. પણ તું જો... છેલ્લા બે-અઢી દાયકાઓથી ગામ ઉલેચાઈને શહેરોમાં ઠલવાતું જાય છે!'

'મારું ઇ જ કે'વાનું છે, ગામમાં કોઈ રહ્યું નથી... મોટાંમોટાં ઘર ખાલી ખંડેર જેવાં થઈ ગયાં છે !'

અદાનું કહેવું હતું : 'આદિવાસી વિસ્તારના મહેનતુ મનેખનો અહીં પગપેસારો થયા પછીથી ગામ ને સીમ જીવતાં થયા છે. એ ન હોય તો ખેતી પડી ભાંગે, સઘળું વેરાન ને ભેંકાર ભાસે !'

પછી દુભાતા સ્વરે બોલી ગયા :'આ મારા જીવન જેમ !

'કાંય કીધું અદા !?'મગનને સાવ અનાયાસે જ અદાની દુખતી નસ હાથમાં આવી ગઈ હોય એવું થયું: 'કાંય બોલ્યા!?' સામે અદાને એકાએક થઈ આવ્યું, સાચું કહી દેવા દે. આ મગન તો ફરતી વાટકી છે, ઘરે ઘરે જઇને સાચું-ખોટું ભરાવે તેના કરતાં ભલે ને જે હોય તે હકીકત ગામ લોકોને કહે !

***

એક સવારે રામજીઅદા ગાડું લઈને ખેતર જવા નીકળ્યા હતા. ત્યાં રસ્તાના કાંઠે, ઝૂંપડા પાસે સીતા ઊભી હતી. તેના માથાના વાળ છુટ્ટા હતા, બદન પર ઓઢણી નહોતી. ઓછા આવરણમાં સાગના સોટા જેવો મધ્યમ કાઠીનો દેહ અદાની નજરમાં અફળાયો ને પછી અટવાયો હતો. અદાએ ગાડું ઊભું રાખ્યું હતું.

ઊગતા સૂરજના પીળા પ્રકાશમાં ગૌર વરણું રૂપ નીખરી ઊઠ્યું હતું. તે નવલી નજરે સામે જોયું હતું.

અને અદાના મોંએથી માત્ર એટલું જ ઊગી આવ્યું હતું: 'તારે મારે ત્યાં દાડીએ આવવું છે !?'



કાંઈ ખોટું કહ્યું નહોતું. અદાના દીકરા યુવાનીના શેઢે પગ મૂકે તે સાથે જ સુરત ચાલ્યા ગયા હતા. અહીં ખેતીવાડીનો સઘળો ભાર અદાના ખભે આવી ગયો હતો. મજૂર-માણસો વગર ચાલે એવું નહોતું.

વાડીએ જઈ, સાંતી જોડી બે-ચાર ઉથલ માર્યા પછી શેઢે ચઢતાં સીતાને જોઈ હતી. પાસે આવી ત્યારે અબોલ ઊભી રહી હતી. અદા પણ બહોળા ને પહોળા એકાંત વચ્ચે થોડા થોથરાયા હતા. પણ પછી કહ્યું હતું : 'મેં દાડીએ આવવાનું કીધું'તું...!' શરમાઈને બોલી હતી : 'મું તો વાડીએ આવવાનું હમજી'તી..!'

પણ પછી સીતાને હાથમાં દાતરડી પકડાવી, ખેતરમાંથી નિંદામણ કાઢવા વળગાડી હતી. તે મૂંગા મોંએ કામે લાગી ગઈ હતી. હા, દાતરડી ઊંધી પકડી હતી તે અદાએ જાતે જઈ સમી પકડાવી હતી. આ વેળા સીતા કાંઈક જુદી ભાતે જોતી જ રહી હતી.

જોકે અદાએ ખુદે ખેતીકામ સાવ ઓછું કરેલું. પ્રાથમિક શિક્ષણ પૂરું કરી, પડખેના અમરેલી શહેરમાં જઈ માધ્યમિક અને કૉલેજનું શિક્ષણ લીધું હતું. આ સમયે વાડી-ખેતરમાં ભાગ્યે જ આંટો મારતા હતા.

ઘણાંનું કહેવું હતું : 'રામજીભાઈ તમે તો એ વખતમાં ગ્રેજ્યુએટ થયેલા... તે નોકરી ન કરી?'

અદાના આતાનું કહેવું હતું : 'ગામના મોટા ખાતેદારનો દીકરો કોઈની તાબેદારી કરતો હશે!'

'અટાણે તો માણસો સરકારી નોકરી લેવા માટે તો ન કરવાનું કરી બેસે છે !?'

અદા બહુ શાંતિથી, સહજ જવાબ વાળતા: 'હોય, સમય સમયનું કામ કરે...!' પછી તરત જ ઉમેરી દે : 'આ ખેતીનું જુઓ, ખેતર સાવ નાનાં નાનાં થઈ ગયાં... ને કોઈ કામ કરનારું રહ્યું નહીં !'



પછીથી અદાના ભાગમાં આવેલી જમીનનું કામ સીતાના પરિવારે સંભાળી લીધું હતું. અદા સાવ નવરા થઈ ગયા હતા. પણ વાડી-ખેતરમાં આંટો મારવાનું ચૂકતા નહોતા. ક્યારેક થતું, પોતે ખરેખર ખેતરમાં આંટો મારવા જાય છે કે પછી...

'મારાં પાસે બીજું કામ પણ શું છે, ખેતરે આંટોફેરો કરવા સિવાય !' પછી જાતે સમજી લેતા હતા : 'ખેડૂત દીકરો, પોતાના ખેતરમાં આંટો ન મારે તો તેને રાતે ઊંઘ કેમની આવે !'

-દિવસ ઊગવામાં આળસ કરે તો, રામજી અદા વાડી-ખેતરમાં જવાનું ટાળે...!

આ નિત્યક્રમના લીધે ગામનું કોઈ એવું મનેખ, સામે મળે અને એ... રામરામ રામજીભાઈ... કહેવાના બદલે બંધ મુઠ્ઠીમાં, બાંધ્યા ભ્રમમાં કહે: 'એ... સીતારામ ભાઈ!'

'પણ, હું ક્યાં બાવા-સાધુનો દીકરો છું તે સીતારામ કહો છો ?' આવી લાંબી-પહોળી વાત કરવાને બદલે અદાએ સહજ સ્વીકારી ને સામે કહી દેવાનું રાખ્યું હતું: 'હા, ભાઈ સીતારામ...'

અંધારું થવામાં હતું. અદા આંખો ઝીણી કરી, ખાલી પાદરને ફંફોસવા લાગ્યા. થયું એક સમયે તો સાંજ વેળા ગાડાં, ગૌધણને ગામમાં પાછાં વળતાં મહેનતુ મનેખથી આખું પાદર ધમધમતું હોય તેનાં બદલે પાદર ખુદ વૃદ્ધાવસ્થા ભોગવતું હોય એમ નિષ્પ્રાણ થઈને પડ્યું છે. હૈયું ભરાઈ આવ્યું.

-વાડીએથી ગાડું પાછું આવે એટલે સીતા પોતાની હદ સમજી અહીં ઊતરી જાતી હતી.

અદાથી નિસાસો નખાઈ ગયો. સામે મગનથી સહેવાયું નહીં. તે કહી ઊઠ્યો : 'કેમ, કેમ અદા નિસાસો નાખી બેઠાં?' તો અદાએ કહ્યું : 'તારાં કાકી યાદ આવી ગયાં, આ પાદર આવે એટલે ગાડાંમાંથી નીચે ઊતરી જાય... હું રોકું તો કહે, એટલી તો મરજાદા રાખવી પડે ને !'

મગને ટીખળ કરવાનું ટાળ્યું. નહિતર મોંએ આવી ગયું હતું : 'કઈ કાકીની વાત કરો છો !'

પણ ત્યાં અદા બોલી ઊઠ્યા : 'ભાઈ, સાચું હોય એ કોઈને દેખાતું નથી ને દેખાય એ બધું કાંઈ સાચું હોતું નથી..!'

મગન અદા સામે તીણી નજરે તગતગતો રહ્યો. અદાનું કહેવું સંભળાયું પણ ખાસ સમજાયું નહોતું.

પણ પછી એકાએક ઊગી આવ્યું હોય તેમ અદા કહે: 'એલા મગન, હું તો એકલો છું ને સાવ નવરો છું... પણ તું સામે બેઠો છો તે તારે કોઈ કામ નથી ?'

મગનના મોંએ આવી ગયું: 'અદા, ભૂલી ગયા... આ તો આપણા સૌની સુવાણ કે'વાય !' પણ તે બોલ્યો :

'ઘરવાળીના બે મિસકોલ આવી ગયા પણ ગણકાર્યા નથી.' તે થોડું અટક્યો: 'કામ પણ નથી. માણસો વગર બાલ-દાઢી કોના કરવા ? નવા પાદરમાં કૅબિન મૂક્યું છે, પણ ઘરાકી હોય તો ને !'

'તારી વાત તો સાચી છે, મગન!' અદાને બોલવાનું મન થઈ આવ્યું : આપણી પાસે પાર વગરના પ્રશ્નો છે. માણસની જાતને પ્રશ્નો વગર પરવડે એવું પણ નથી. પ્રશ્નો ન હોય તો જાતે ઊભા કરે. પણ પડખામાં કે પંડ્યમાં નાના મોટા પ્રશ્નો જોઈએ... ને ન હોય તો બીજા સાથે વાત પણ શું કરે ?

-શું કરીએ, જગત બદલાયું પણ આપણી જાત બદલાણી નહીં!

'પણ તમે તો...સુરત રે'તા હો તો !'

મગનના કહેવા સામે અદાએ પેટમાં જે સળવળતું હતું, પીડા આપતું હતું તે જણાવી દીધું: 'એ...સુરત ફાવતું નથી ને આંયાં ગમતું નથી, બોલ શું કરવું, ક્યાં જાવું?' પછી માથે વધારો કર્યો: 'ને આંયાં હવે ફાવવા જેવું રહ્યું છે પણ શું?'

'ગામડું ગામડું જ રહ્યું નથી. હંધુય ધરમૂળથી બદલાય ગયું છે...' મગન બોલ્યો: 'માણસો પણ...'

અદાએ હા કે ના કહેવાનું ઇરાદાપૂર્વક ટાળ્યું. થયું, ભેંસ આગળ ભાગવત કરવાનો કોઈ અર્થ નથી.

અંધારું ઘટ્ટ થાય તે પૂર્વે જ થાંભલા પર ઊંધા માથે લટકતા લેમ્પ ઝગમગી ઊઠ્યા. અજવાળું પથરાયું. મગન નીકળવાની તૈયારી સાથે ઉભડક પગે થયો. ગરદન ફેરવી પાછળ પણ જોઈ લીધું. અને આદત મુજબ મોંમાં ભરી જ રાખ્યું હતું: 'સીતારામ...' કહી, એકદમ નીકળી જાવું !

અદાને થયું, કહેવા જ બેઠો છું, સુખ પણ લેવા દેતું નથી તે વળી કહેવાનું બાકી શું રાખવું ?

'મગન..' અદાએ મગનના મોં પર નોંધ માંડી. પછી સહેજ ઠાવકાઈથી કહ્યું : 'એલા, સીતારામના બદલે, સીતા ક્યાં ગઈ... એવું પૂછવાનું મન નથી થાતું !?'

'થાય છે ને..!' આવું કહેવાના બદલે મગન ઉભડક પગે હતો તે ધબ દઈ ભોંયે પટકાયો.

આ વેળા ચીબરી ચહકારો કરી ગઈ. નિર્મળ વાતાવરણમાં લાંબો ઘચરકો થયો.

મગન સહેજ થથરી ગયો. પણ થોડી પળો પછી સ્થિર થઈ અદા સામે એકીટશે જોઈ રહ્યો.

- સીતાએ હવે મોં ફેરવી લીધું છે... આવું ગામનું કહેવું અદાથી અજાણ નહોતું.

'પણ ગામનું કહેવું સાચું નથી...' વાત અદાએ અધવચ્ચેથી ઉપાડી લીધી : 'સીતા એકલી પડી ત્યારે મેં સામેથી કહ્યું'તું...'

'શું?' આવું કદાચ મગન પૂછે... પણ એવું ન થયું.

વળી વાત કરતા, સાવ અચાનક જ વાતને ચોરી જવા અદા જાતે જ સમંત થયા : નથી કહેવું, શું કરવા કહેવું જોઈએ... ને કહ્યા પછી પણ શું?

પણ મનમાં ધરબાયેલું હતું તે ઊખડીને ઉપર આવી ગયું હતું. તે ગળે પાછું ઊતરે એવું નહોતું.

તેથી ખુદ સીતા સાથે સંવાદ થયો હતો તે બોલી ઉઠ્યા: 'સીતા, તારી જેમ હું એકલો જ છું, ઘરે રહેવા આવતી રહે !' પછી ખાસ ઉમેર્યું હતું : 'હવે તો આવો ક્યાં કોઈ બાધ રહ્યો છે ?'

પછી અદા બોલી જ ગયા :'તો સીતા મને કહે, બે દી પછી જવાબ આપું !'

મગન બેઠકથી ઢસડાઈ અદાની સાવ લગોલગ ગયો. કાન બરાબર માંડ્યા. તેને તો આ બધું નવાઈભર્યું લાગતું હતું. ગળે ઊતરતું નહોતું. પણ અદા બોલતા હતા તે કહીકત હતી.

'પણ છેલ્લે કહી ને ગઈ : મારો ગોઠિયો બોલાવે છે, એને કેમ ના પાડું !'

આ વેળા ઠાકરના મંદિરે ઝાલર વાગી. મીઠો ને લયબદ્ધ અવાજ સંભળાયો. ગમ્યો, સારો લાગ્યો.

થોડી વાર માટે હાથ જોડી, આંખો બંધ કરી. એકાદ બે પળ પછી બેઉએ આંખો ખોલી પોતપોતાના મોં પર હાથ ફેરવી આરતીની આશકા લીધી.

અદા મન સાથે સમાધાન કરતા સ્વગત જ બોલી ગયા : 'ઠીક છે, જેવી લેણદેણ...'

મગનના મોંએ 'સીતારામ' કહેવાનું બહાર આવતું આવતું અટકી ગયું !

પછી બેઉ હળવેકથી ઊભા થઈ પોતપોતાના ઘરે જવા ચાલતા થયા.

*'અભિષેક' ૭૧૫/૧, સેક્ટર - ૭ બી,*
*ગાંધીનગર ૩૮૨ ૦૦૭*
*મો. ૯૪૨૭૦૫૦૯૯૫*

# પેસમેકર

*- મધુ રાય*

હરિભાઈની ઉંમર તો વનમાં આશ્રમમાં સાદડી પાથરીને બાવા થાવાની હતી, પણ હમણાં હમણાંથી હરિદાદાને લેડિઝ લોકો બાબતે આડી લાઇનના વિચાર વધુ આવતા જણાયા. એમને વહેમ થતો હતો કે એ જ્યારથી પેસમેકર મુકાવેલું ત્યારથી આવું થાય છે. મીન્સ કે પહેલાં તો હાર્ટ ચાલતું હતું, ઠચુક ઠચુક મારા ભાઈ, ઉંમરના હિસાબે. કોકવાર બીપી ધિંગાણાં કરે ને હરિભાઈ બીપીની ગોળીયું લ્યે. કોકવાર આખો દિવસ મૂંગામંતર થઈને બારીની બહાર જોયા કરે, ગુમસૂમ. પણ બીજો કોઈ ઉતપાત નોતો એટલે બહુ ધ્યાનમાં નહીં લીધેલુ.

પણ પછી મોટી ડોટરને મલવા એક વાર કેનેડા ગયેલા ને બસ આમ ઘરમાં બેઠા બેઠા વાતું કરતાં કરતાં ઢળી પડ્યા, ને બેભાન થઈ ગયા, બધા હાંફળાફાંફળા થઈ ગયા. કે સું કરવું, સું કરવું, પણ પાંચેક મિનિટમાં હરિદાદા પાછા બેઠા થઈ ગયા.

ડોટર તરત હાર્ટના ડાક્ટરને બતાવવા લઈ ગઈ. હરિભાઈના સનઇનલોનો એક ફ્રેન્ડ કેનેડિયનમાં હાર્ટનો ડાક્ટર હતો. તેણે જાતજાતના ટેસ્ટ કરીને પેસમેકર મૂકવા ભલામણ કરી. અને ડોટરે હરિભાઈને પેસમેકર મુકાવી આપેલું.

પેસમેકર મૂકવાવારો ડાક્ટર પાછો યહૂદી બાઈ કાશ્ટ હતો, એણે જોકિંગલી જોકિંગલી કહેલું કે દાદા, તમારું હાર્ટ હવે ગુડ એઝ ન્યૂ! હવે તમે બાય હાર્ટ બાવીસ  વરસના જુવાન જેવા જોરાવર થઈ ગયા, ઓકે? હવે બીજાં વીસ પચ્ચીસ વરસ પ્રેમથી જલસા કરો આ દુનિયામાં! કહીને હાળાએ આંખ મારેલી.

હરિદાદાને પહેલાં તો સમજાયું નહીં કે આંખ કેમ મારે છે, કેમકે એવા બધા જોક્સો હરિદાદા બહુ કરતા નહીં કે સાંભળતાયે નહીં. પણ ધીમેધીમે સમજાણું કે હાળો સોહરાબ મોદી સું કિયે છે. જુવાનબુવાન તો ભગવાન જાણે પણ હરિદાદા થોડાક ફોમ્મ'માં તો આવી ગ્યાતા. વારેવારે પેસમેકર ઉપર આંગળીયું ફેરવતા ને ભગવાનને યાદ કરતા.

પેસમેકર એટલે ડાબા ખભાની સહેજ નીચેની સાઇડમાં જાણે ભીંત ઉપર નાનકડું છાણું થાપ્યું હોય એવો ઉપસેલો ભાગ હતો પેસમેકરનો! હરિભાઈ દિવસમાં શી ખબર કેટલી વાર તેને પંપાળે, મનમાં વહેમ થાય કે તેને દબાવવાથી હાર્ટમાં બ્લડની પિચકારી પડતી હશે ને ગરમ ગરમ બ્લડના ધસારાથી હરિદાદાને "આડી લાઇનના" વિચાર આવતા હશે. પેસમેકર ભેગું લીલી લાઇટવાળું ટ્રાન્સમીટર બી આલેલું યહૂદી ડાક્ટરે. આ ટ્રાન્સમીટર તમારી પથારી પાસે ઈલેક્ટ્રિકમાં પ્લગ કરીને મૂકી રાખવાનું. બહારગામ જવાનું થાય તો તમે જ્યાં જાઓ ત્યાં લઈ જવાનું. તમારા બોડીમાંથી આ ટ્રાન્સમીટર મારફત તમારું પેસમેકર સેકંડે સેકંડે અમને મેસેજ મોકલશે, આયાં અમારી હોફિસમાં. ને કાંઈ બી ગરબડ થાય તો આયાં એલારામ વાગે, ઢનઢનઢનનન!

ભારે હસમુખો આ કેનેડિયાનો સોરાબ મોદી. ઈ ડાક્ટર પાછો ફિલો-યે-સોફર હતો. હરિદાદા ઘણી વાર તેની પાસે વાતું કરવા જતા. હરિદાદાને ભગવાન સાથે ઘર જેવો સબંધ છે ઈ જાણીને સોહરાબ મોદી ધરમની, ભગવાનની, ને એવી બધી હાઈ-ફાઈ વાતું કરતો. કહેતો કે ભાષા સું છે, ડુ યુ નોવ? ખાલી માણસજાત બોલે છે, બીજું કોઈ પ્રાણી બોલતું નથી, વ્હાય? ઇટ ઈઝ એ મ્યુટેશન! ભાષા કાંઈ કોમ્યુનિકેટ કરતી નથી, ભાષા તો કોમ્યુનિકેશનનો દસમો ભાગ છે. ખાલી "ખાવા ચાલો" કહેવું હોય તો ઈશારેથીયે કહેવાય. કોમ્યુનિકેશન એટલે નાઇન્ટી પર્સન્ટ તો નોન-વર્બલ હોય છે. પસુપંખી કાંઈ વાતું કરે છે કે સંસાર અસાર છે? ને તોયે સંસાર ચાલે છે કે નહીં? ઈ બધું ટાઇમ ટુ ટાઇમ થવાકાળ થયા કરે એવું ઉપરવાળાએ કેરફુલી એરેન્જ કરેલું છે. તમે કોઈ વાતે ફિકર ના કરતા. ઉપરવાળો બધું કરાવે છે.

હરિદાદાને ઈ બધી પઈડકી સમજાતી નહીં ને એનો એમને કોઈ ધોખો નહોતો. પણ યહૂદી ડાક્ટરે હરિદાદાના હાર્ટ માટે કહેલું કે તમે બાવીસ વરસના જુવાન થઈ ગયા, તેનાથી ઓલી લેડિઝું બાબતે આડી લાઇનના વિચાર આવતા હસે, એવું એમને રઈ રઈ ને થયા કરતું હતું.

આડી લાઇનના એટલે કોઈ ખાસ બાઈમાણસ મગજમાં ન આવે પણ હરિદાદાને અમથું અમથું બસ ફાઈન ફાઈન ફીલ થયા કરે. અને એમ થાય ત્યારે તે પેસમેકરને ફીલ કર્યા કરે. હરિદાદાને "ઘેરથી" તો પેલાંની જેમ જ અગિયારસ ને એકટાણાં ને સાબુદાણાની ખીચડી બનાવતાં બનાવતાં રેડિયામાં ભજન સાંભળ્યા કરે. ધારમિક સિરિયલું જુએ. પહેલાં હરિદાદા સિરિયલુંમાં ખાસ બેસે નહીં પણ પેસમેકર પછી સિરિયલુંની લેડિઝું એમને બહુ ફાઇન ફીલ કરાવે. હરિદાદા પાછા પોતે પરસનલી સીધી લાઇનના માણસ એટલે સહેજ સહેજ ડર બી લાગે. વૈષ્ણવજનમાં પરસ્ત્રી જેને માત રે વારેવારે સાંભરવા મલે ને જીવ કોચવાય કે સાલું આપણે કાંઈ એટલા બધા વૈષ્ણવ-બૈષ્ણવ જન નથી. જોવો ને, પહેલાં ફાધર હતા ત્યારે જનોઈ પણ રાખેલી પણ ફાધર ઓફ થયા પછી તે ગઈ. પહેલાં નહાયા વિના જમવા ન બેસે, ને દાઢીહજામત પછી નહાયા સિવાય લૂગડાંને ન અડે, ને સનિવારે ડાઢીબાઢી ન કરે--પણ હવે તો કોકકોક સનિવારે ફુલ હજામતેય કરાવી આવે ને કેનેડીયા જાય

ત્યારે તો રોજેરોજ સેવિંગ કરાવે એની ડોટર, ને નાવાબાવાનું થાય, ન થાય, નો પ્રોબલેમ. ને પહેલાં સુધ ખંભારિયાની બોલી બોલતા વટથી, ને હવે ને ગવરમેટ સર્વિસને લીધે ગોંધીનગરમાં સેટલ થયા પછી અઢારે વરણની બોલી બોલતા થયેલા. કોકવાર અંદાવાદી, કોકવાર હુરતી, કોકવાર ચરોતરી ને એવી બધી મિક્સ-ટોક થઈ જાતી. મીન્સ કે પ્યોર વૈષ્ણવજનમાંથી માઈનોર માઈનોર નાતબહાર તો થઈ ગયેલા, પણ પેસમેકર પછી સિરિયલુંની નટીયુંને માત સમાન ગણવાનું બિલકુલ થતું નહીં. બહુ ફાઈન ફીલ થાય તો મિસિસને અડપલાં કરી લ્યે ને મિસિસ ખોટેખોટે રાડું પાડે કે “રોગા કંટાળા ન ઘોને!” મારા બેટા સોહરાબ મોદીનાં કારસ્તાન. પણ ગુડ કારસ્તાન. ફાઈન કારસ્તાન.

ને પછી થાવાકાળ એવું થયું કે એક સિરિયલમાં એક બાઈમાણસ જરાક વધુ પડતી ઘાટીલી લાગતીતી. ને ભગવાન જાણે કેમ પણ, સોહરાબ મોદીના સમ, એવી અદાઉ કરે, એવી અદાઉ કરે કે હરિભાઈને એમ લાગે કે ઈ ડાયરેક્ટલી તેની સામું જોઈને કાંઈક પ્રાઈવેટ વાત કરે છે. હરિભાઈ મનમાં ને મનમાં જાણે ગુલાંટિયાં ખાવા મંડેલા, સિરિયલ જોતાં જોતાં, ને એમ ને એમ આંખ મળી ગઈ. સપનામાંયે ઓલી નટી દેખાણી, કહે કે પ્યાર કિયા નહીં જાતા, હો જાતા હૈ! અને હરિયાને થયું કે સીધ્ધો આ લેડીઝના ઘરે જઈને એને ભેટી પડું ને કહું કે હમ તો તેરે દિલ કે બંગલે મેં આના મંગતા!

અરે! જોયું તો સવાર પડી ગઈ’તી ને મિસિસ હરિદાદાને ઉઠાડતાંતા, ઊઠો એય! આટલા વરસમાં કોઈદી નહીં ને આજે જાણે મિસિસ હરિલાલાની સામે આંખ મારતાં હતાં!

કાં રાડું પાડ પાડ કરછ, સવારના પોરમાં? હરિદાદાએ પૂછ્યું. ને મન્કીછાપ દંતમંજન લઈને નિત્યકર્મ કરવા ઊભા થયા. નાહતાં નાહતાં આપોઆપ જાણે મગજમાં ઝબકારો થયો કે સાળું હવે ચાર છોકરાંવના દાદા થયા ઈ ઉંમરે આવા સોઢા સણગારવા ઈ પાપ ગણાતું હસે કે કેમ, ભગવાનના ઘરમાં? અને બસ દાદાજીએ સુવાસ કરી લીધો અધ્ધર, વારી પલાંઠી ને આખું કરી બંધ, ને લીધું દુવારકાના ધીસનું નામ, પ્રભુ અંતરજામિ!

કાં દીકરા, મુંઝાણો છો? ભગવાને પૂછ્યું.

તમે તો અંતરજામિ છો ભગવાન, કહેતાં દાદાજીએ આંખ ઉઘાડી તો ઓત્તારીની! ભગવાન તો આજે નારીસ્વરૂપે પ્રગટ થિયાંતાં!

તને એમ છે કે તને જે ફીલ થાય છે ઈ આડીલાઈનના વિચાર કહેવાય, એમ ને? ને તને થાય છે કે આ ઉંમરે ગોઠણના દુખાવાની ને ગીતાજીની ને એવી બધી વાતું કરવી જોયેં, યસ?

યસ.

અરે દીકરા, મનુસ્યોએ બોલી બોલીને બાજી બગાડી છે. બોલવું ઈ એક વાયડાય છે, સમજ્યો? પસુપંખી કાંઈ વાતું કરે છે કે સંસાર અસાર છે? ને તોયે સંસાર ચાલે છે કે નહીં? ઈ બધું ટાઈમ ટુ ટાઈમ થવાકાળ થયા કરે એવું મેં બહુ કેરફુલી એરેન્જ કરેલું છે. તું ફોકટની ફિકર ન કર. તને જે જે ફીલ થાય છે ઈ કુદરતી તો છે જ, ને ગુડ-ફોર-યુ બી છે, યુ ફોલો? લખી રાખ એક ડાયરીમાં કે અઠ્ઠાણુ પરસન્ટ મનુસ્યોને આવા વિચાર આવે છે, દર બીજી સેકન્ડે, યુ ફોલો?

પણ ઈ નેચરલ કહેવાય?

ઈ બટ નેચરલ છે! ને એમાં કાંઈ ખોટું નથી. જીવતા હોવાનો એક ભાગ છે, જેમ ભૂખ લાગે, તરસ લાગે, હસવું આવે, દુખ થાય ને એમ આવી ઈચ્છાઉ થાય. ઈ હેલધી છે.

ઓહો! પણ ભગવાન મને તો દર બે સેકંડે નહીં પણ દર એવરી સેકંડે આવા ફાઈન ફાઈન વિચાર આવે છે, ઈયે હેલધી કહેવાય?

યસ, ઈ ડબલ હેલધી કહેવાય. ભગવાન બોલ્યા, ને ઓત્તારીની, ભગવાનેયે જાણે હરિયાને આંખ મારી.

પણ તો પાપ કેમ કહ્યું છે સાસ્ત્રોમાં?

વિચાર આવે, ફાઈન ફાઈન ફીલ થાય, ને તાનમાં આવીને તમે ડાન્સ કરવા મંડો, ગાવા મંડો, ગઝલું લખો ઈ બધું ઓક્કે કહેવાય, બેટા, એમાં કાંઈ દોસ નથી. ઈન્ફેક્ટ, બધા ગાવાવારા, ને લખવાવારા, ને ચીતરવાવારા ઈ બધા વિચારને એક બ્યુટિફુલ ફોમ્મ’માં કનવર્ટ કરે છે. ભગવાને હરિયાની ચિબુક હાથમાં લઈને કહ્યું, કે પાપ એને કહેવાય, ગાંડા, કે એવા વિચારનો તમે કાંઈક ખરાબ અમલ કરો! તને ઓલી નટી ગમી ગઈ તો ફાઈન! નો પ્રોબલેમ. પણ તું કાલે ઊઠીને એના ઘરે જઈને એની છેડતી કરે ઈ પાપ કહેવાય! ઈચ્છા પાપ નથી, તેનો પાપી અમલ કરવો ઈ પાપ છે, ગાંડા! ને હરિયાની નજરની સામે સીન વેવી-વેવી થયો ને અંતરજામી અંતરધાન થઈ ગયા.

વિજિયાદસમી હતી ને ફર્સ્ટ ક્લાસ જલેબી ને ફાફડા સિરામણમાં હાજર હતા. હરિભાઈ ડાઢીબાઢી કરીને સુગંધી સાબુથી નહાયા હતા, માથે અપટુડેટ ધુપેલ બુપેલ ઠેઠડીને બાબરી ઓળી હતી.

મિસિસે દાંત કાઢતાં કાઢતાં કહ્યું, રાત આખી કોને ખબર કોની ભેરા ગપાટા મારતા હતા તમારા સપનામાં! ને હરિયો મિસિસની પાસે ગયો.

આઘા જાઓ, પાછા રોગા કંટાળા દેવા આયવા છો ને? મિસિસે કહ્યું.

હરિયાએ આંખ મારીને કહ્યું, સિંગલ નહીં ડબલ કંટાળા દેવા આયવો છું, ડિયર!

---

*જર્સી સિટી, યુ.એસ.એ.*
*મો. ૫૫૧ ૩૦૧ ૪૧૨૧*

# કાંધ

- *નટવર ગોહેલ*


કપાળ પર ધસી આવેલા પ્રસ્વેદને જમણા હાથની હથેળીથી સાફ કરીને પાલો મોગરાની મહેકથી જરા મલકાયો, ગોઠણથી પગવાળીને છોડ પાસેના લંબચોરસ પથ્થર પર બેઠો, એનો હાથ લંબાયો...મોગરાને સ્પર્શ કરવા જ સ્તો...! પણ, જરીક વારમાં સર્પે દંશ દીધો હોય તેમ પાલાએ હાથ ખેંચી લીધો. ચહેરા પર કડવાશ પથરાઈ ગઈ; હોઠ પર ભીંસ વધી ગઈ.

પાલાને થયું હીરાને આ રીતે જ હાથ લંબાવી પોતે અડક્યો હતો, એમાં એના બાપ અમરાએ ચાર-પાંચ મળતિયાઓને લઈને વાડીની ઝાંપલી તોડી દંડાવાળી કરીને મારો બરડો ખોખરો કરી નાખ્યો હતો.

અમરો ગામનો ઉતાર. ચાલતા વઢવેડ કરે, કમલા કલાલનો પાકો ઘરાક. રાતદી અમરો દારૂ ઢીંચે. બજાર સોંસરવો નીકળે, લોકને ભટકાતો, અથડાતો અને વગર વાંકે ગાળો કાઢી, ક્યારેક હાથ ચાલાકી કરી, બેઠા ઘાટના ઘરે આવે અને રૂપકડી દીકરીનો વારો કાઢેઃ અલી, ચૂલે ખીચડીની હાંડલી કાં નથી? બાપને ભૂખે મારવો છે. હાલ્ય ઝટ કર્ય, વાર નો લગાડ. પેટ માલીકોર્ય કાળી બળતરા થાય સે. હાલ ચૂલે ઉબાળુ મૂક...

'બાપુ, આ ઝેરના ઘૂંટડા ઉતારવાનું બંધ કરો ને, જે દી દારૂ બંધ કરશો તે દી આ બળતરા ઠામુકી બંધ થઈ જાશે!' બસ, આટલી વાણી પ્રગટે કે અમરો આગ બનીને હીરાને ઢીબી નાખે.

'સૂની મૂની, ઝટ ખીચડો કાઢ નકર વાંહો હોજવાડી



દઈશ...' અમરો દાંત કચકચાવીને બોલે : 'અલી, હુંયે રાત દી પથુભાના ખેતરમાં દાડિયે જાઉં સું, કાળી મજૂરી કરું સું તંઈ દારૂ પીધા જેટલા ફદિયા આવે સે!'

આમ કહી અમરો લથડિયું ખાઈ નીચે પડું પડું થાય, પણ હીરા હાથનો ટેકો દઈ કહે : 'હંહંહં, કાંક ઓછું લેતા હો તો...મલક દાંત કાઢે ઈમ ઠેબાં ખાતા ઘરે આવો સો...આ કાંઈ સારું નો કે'વાય-બાપુ !'

'બહુ વાઈડીની થામા ડાહીડમરી થઈને ખ...ખ... ખીચડી...' પછી હંમેશની જેમ અમરો બે ચાર અડબોથ ઝીંકી બોલી નાખેઃ 'ગામના છોકરાને ભણાવે ઈમ મને નો ભણાવ ગગી! આ વીહ વરહની ઢાંઢી અમથી નથ્ય થઈ ગઈ હોં....'

કૂતરું ભસીને વાડીની ઝાંપલી ભણી દોડી ગયું અને પાલાએ ઉદ્‌ગાર કાઢ્યો : 'હવે હેઠી બેસ, હેઠી રે, ખોટી બળતરા કરસ, ઓલ્યા દારૂડિયા અમરાની ઘોડ્યે!'

મોગરા ભણી જોઈને કૂતરાને બે વાર ચોપડાવી પાલાએ મગજમાંથી હીરા-અમરાને ઉલાળિયું કરી કાઢવાની કોશિશ કરી, પણ ઈમ ઈવડા ઈ થોડા જાય ? નો જાય....

હીરા ગામ આખાના યુવા વર્ગમાં જાણીતી, મા જીવતા પાંચ ચોપડી ભણી, વાંચતાં લખતાં શીખી. દેખાવડી ખરેખરી. યુવતીઓ તો ઘણી હતી. પણ હીરા જેવી એકેય નહીં. તેનું હાસ્ય પણ મોગરાની મહેક જેવું, ઘરની દીવાલો પણ જર્જર થયેલી, પરંતુ તેના યૌવનને ઝાંખપ લાગી ન હતી.

આકર્ષક નયનનક્શ ધરાવતી હીરાનું દેહ લાલિત્ય મન લુભાવન. પણ, તે કોઈને ગણકારે નહીં. સીધી જાય અને સીધી આવે. ગામના દસબાર છોકરાને ભણાવે. પીપરના છાંયે પાથરણાં પાથરી છોકરાવને બેસાડે અને ભણાવે. ત્યાં ટાઢા પાણીનો હાંડો ગોઠવી રાખેલો. એક પ્યાલો પણ રાખેલો. હા, છોકરું તરસ્યું થાય ત્યારે બે ચાર ઘૂંટડા પાણી પીએ અને એકડા ઘૂંટે. પાલાનો રસ્તો એ તરફનો. વાડીમાં તો એનું ખોરડું ખરું, પરંતુ જેવી કહો તેવી બાપુકી મૂડી જેવું પાકું મકાન પણ ગામ છેવાડે ખરું.

પીપર પડખેથી પાલો નીકળે ત્યારે હીરાનું ધ્યાન ખેંચવા ખોંખારો ખાય ત્યારે હીરા થોડુંક મલકીને 'જય માતાજી' એમ બોલે, ક્યારેક 'જેસી કૃષ્ણ' એમ પણ કહે. પાલાને સારું

લાગે. ક્યારેક પાલો છોકરાના નાસ્તા-પાણી માટે રૂપિયા પણ આપતો.

મોગરાના છોડ પાસે બેઠેલા પાલા સામે હીરાનો ચહેરો ઊપસી આવ્યો, સાથે વાંહો પણ ચમચમી ઊઠ્યો. અમરાએ મળતિયાના દળકટક સાથે વાડીએ આવી દંડાવાળી કરી હતી. વાંક કેટલો? દોષ શું...?

પાલાએ તે તું હીરાને, 'ઓરી આવ હીરું તને થોડા રૂપિયા દઉં' એમ કહી, નજીક આવવા માટે ઈશારો કર્યો હતો : 'છોકરાઓને લઈને વાડીએ આવ. જાતજાતના ફળાઉ ઝાડવાં જો. તારા હાથની એક અડાળી ચા મળે તોય ઘણું.'

એ દિવસે પાંચસોની નોટ પકડાવી પાલો વાડીએ આવ્યો અને રજાના દિવસે હીરા છોકરાઓને લઈને વાડીએ આવી. પાલાનો બાપ પહેલેથી સુખી. પોતે એકનું એક ફરજંદ. ખુદ સિવાય કોઈ ખાનારું નહીં, બાપ લાંબા ગામતરે ગયો તે પછીના પંદરમાં દિવસે માએ શ્વાસ છોડ્યા.

મા-બાપ ગયાં, લીલી વાડી મૂકતાં ગયાં. પાલાને તો બગાસું ખાતાં પતાસું મળ્યું, પણ, હા..તેને માબાપ ખૂબ વ્હાલાં. સૌને પોતાના મા-બાપ વ્હાલાં હોય એ સ્વાભાવિક ગણાય. પણ, ધાર્યું ન હતું એવું બન્યું, મા-બાપ દસ દિવસના અંતરે જ ઊપડી ગયાં. બીજું શું થાય? મરનારની આડો હાથ થોડો દેવાય કે રોકાઈ જાવ.

બાપના પરસેવે સીંચાઈને હરીભરી વાડી મળી ગઈ હતી, એકલે હાથે પાલો વાડીનું પાલનપોષણ કરવા લાગ્યો. વાડીમાં ત્રણ આંબા, લૂમેઝૂંબે કેરીયો ઊતરે, લીંબુ અઢળક થાય, જામફળી, સફરજન, ચીકુ, આંખમાં સમાય નહીં એવાં બોર તથા જાંબુડાનાં ઝાડ- છોડ પણ ખરાં. તે દિવસે હીરા વાડીએ આવી ત્યારે પાલાના હરખનો પાર રહ્યો નહીં, 'જોઈ લે આ ચીકુડી, ને આ છે મજાની જામફળી, કેળાંય થાય હોં.'

'વાહ, તમારી વાડી.'

'ઈ બાપની કમાણી,'

'પણ સાચવણી કોની?'

'ઈમાં ના નો કે'વાય'

'બાપે વાવ્યું, દીકરે ઉછેર્યું'

પાલાની લીલીછમ વાડી જોઈને છોકરાઓ રાજીના રેડ થઈ ગયા. કેટલાક છોકરાને કકડીને ભૂખ લાગેલી. પાલાએ પહેરણની ચાળમાં ઘણાં બધાં ચીકુ ઉતાર્યાં. સફરજન પણ લીધાં, બોર પણ તોડ્યાં.

કળજુગ કેવો? બારેય મહિના પાલાની વાડી ફળોથી હરીભરી રહે. જોવા જેવી વાડી, મન પણ ખીલી ઊઠે તેવો તેનો ઘેરાવો અને લીલાશથી ઘેરાયેલો ભરાવો !

'છોકરાઓ તમે બધા થાક્યા હો તો આ ફળો ધરાઈને ખાવ. હું હીરા પાસે રેડા જેવી ચા મુકાવું છું.' આમ કહી પાલો ખોરડા ભણી વળ્યો, હીરાને સંકેત પણ કર્યો.

'દૂધ, ખાંડ અને ભૂકી'

'સંધુય સે...તું હાલ્ય'

વાડીનું ઘર કંઈ નાનુંસૂનું ન હતું. પાલાના બાપે કાળી મજૂરી કરીને વાડીનું આ ખોરડું ઊભું કર્યું હતું, એક ઓશરીએ બે ઓરડા ઉતારેલા. દેશી નળિયાંવાળું બેઠાઘાટનું એક ઢાળિયું સરસ મકાન. ઓટલા આગળ તુલસીનો છોડ. લીંપણ-ગૂંપણ કરેલું ફળિયું. ફળિયામાં પાણીનો અવાડો. એક ભર્યો પૂરો કૂવો. નાનકડું એનું થાળું. ઓશરીની વચાળે આવેલા થાંભલે લટકતું ફાનસ, રાતે એનો પીળચટ્ટો પ્રકાશ વાડીને અજવાળવા મથતો. કૂતરું એટલે પાલાનું સ્વજન.

પ્રાઈમસ પર તપેલું ચડાવીને હીરા બેઠી ચા બનાવવા. એ ચા બનાવે અને પાલો હીરાને ધારી ધારીને નીરખ્યા કરે. તેને આ યુવતી ગમતી હતી પણ, 'તું મને બઉ વાલી સે' એમ કહેવા માટે જરાક હિંમત ઓછી પડતી હતી.


સરસ રેડા જેવી ચા બનાવીને હીરાએ છોકરાઓને સાદ દીધો : 'એલા એ ટાબરિયાઓ હવે ઝટ હાલો ચા તૈયાર છે. ઈ ટાઢો થાય ઈ પહેલા મંડો ચસચસ પીવા.' છોકરાઓએ હડી કાઢી.

'હળવે-હળવે'

'ભલે દોડતા'

'કાંઈ નુકસાન થાય ઈ નો ગમે'

'છોકરા સે... છોકરાં તોફાન નહીં કરે તો કોણ કરશે?' પછી છોકરાઓ તરફ જોઈને પાલાએ સૂર પુરાવ્યો :



'બાળુડાઓ જરા ધીરા, હાઉ... તમને વાગવું નો જોઈ હોં.... આવો ઓશરીએ ચડો.'

બધા છોકરાઓને ચા મળી. છોકરાઓ ચા પીને અનુકૂળતા મુજબ અહીં તહીં ફરવા લાગ્યા. એક બે છોકરા ફેરફુદરડીએ ચડ્યા. એક છોકરી પતંગિયા પાછળ દોટ મૂકતી ગઈ. છોકરાઓની આ રંગત જોઈને, પાલાને ઘણું સારું લાગ્યું.

'મને બાળ ગમે'

'બાળ તો બાળ'

'હા, ભગવાનનું રૂપ' હીરા સામે જોઈ રહેલા પાલાની ભીતરમાં પણ એક છૂપો અવાજ ચકરાઈ રહ્યો હતો : હીરા મનેય બાળકો ગમે, પણ, સુંદરતા ધરાવતા ચહેરાયે ખૂબ ગમે, કેમકે તું મને બહુ ગમે છે! પણ, તે આમ કહી શક્યો નહીં.

એ દિવસે બાળકોનો વાડી પ્રવાસ આનંદભેર પૂરો થયો. હીરા અને તેના બાળ વિદ્યાર્થીઓ વાડી છોડીને ગયાં. તે વખતે પાલાને સારું લાગ્યું ન હતું. તેને અધિકાર ન હતો. નહિતર હીરાનો હાથ પકડીને તેણે કહ્યું હોત : રોકાઈ જા હીરા, ઘડી બે ઘડી. રોકાઈ જા, આપણે સુખદઃખની વાત્યું કરશું.

પછીના દિવસે જ...

હીરાના હાથમાં પાંચસોની નોટ પકડાવતાં પાલાએ હીરાના ગાલ પર હાથ ફેરવીને હળવેકથી કહ્યું હતું : હીરા તું મને બહુ ગમે સે હોં...

એ વખતે જ હીરાનો બાપ અમરો ત્યાંથી નીકળ્યો અને તેણે પાલાનું આ અડપલું દૂરથી જોઈ લીધું, પછી તો મનમાં ગાંઠ વાળીને એ ગયો, પણ, બીજા દિવસે જ ચારપાંચ જણની હાર્યે જઈને દંડાવાળી કરીને અમરાએ ચેતવણી આપી દીધી હતીઃ તું હવે હીરાની નિહાળેથી નીકળતો નહીં. નહીં તો તારું ઢીંઢુ સાજું નહીં રહે.

દળકટક સાથે અમરો ગયો, પણ તેણે હીરાની ખુલ્લી નિશાળનો માર્ગ છોડ્યો નહીં, તે હીરાને ધારી ધારીને જોતો 'જય માતાજી' બોલી આગળ નીકળી જતો. આ તો રોજનો ક્રમ થઈ પડેલો. પાલાની અંદર સાચો પ્રેમ ઊછરી રહ્યો હતો. તે હીરાને ભૂલી શકે તેમ ન હતો.

એક દિવસે સવારમાં જ પાલાના ભેરુએ ઝાંપલીએ આવી સાદ દીધો : 'પાલા જાગે સે કે સૂતો સે?' પાલો જાગતો હતો. તેણે દોટ દીધી, વાલજીને જોઈને એણે કહ્યું કે 'એલા સવાર-સવારમાં આ કોર્યે? શું વાત સે, કોઈ સમાચાર!'

'રાતના અમરો ગયો'

'ગયો એટલે?'

'ગામતરે હાલ્યો, કોઈ એને કાંધ આપવા તૈયાર નથી. દારૂડિયાએ ગામ આખાને ગાળે ઉઠાડ્યા અને ગાળે બેસાડ્યા, મૂંગા ઢોરનેય ધોકે ચડાવ્યાં, ઈવડા ઈ નપાવટે વઢવેડમાં અને ગાળ્યું દેવામાં કોઈ ઘર બાકી રાખ્યું ન હતું. કોણ કાંધ આપે?'

'હાલ્ય, હાલ્ય આપણે જાંઈ'

અમરાના ફળિયે ગામ આખું ટોળે વળ્યું હતું. બધા માથુ ઢાળીને ઊભા હતા. કેટલાક અંદરોઅંદર ગુસપુસ કરતા હતા.

'કોઈ કાંધ નહીં દિયે તો હું દઈશ' પાલાએ કહ્યું હતું : 'અમરાજી મારા બાપની ઉમરના. ઝટ સાજ સામાન લાવો, લ્યો પાંચસો રૂપિયા...'

હીરા રડતી હતી, આંસુઓ વહાવતી તે પાલા સામે જોઈ રહી. થોડી વારમાં કેટલાક જુવાનો વાંસ, નાના ખપાટિયાનું પોટલું અને કફન લઈને આવી પૂગ્યા. નનામી તૈયાર.

પાલાએ કાંધ આપી.

'રામ બોલો ભાઈ રામ...'

ગયા સૌ સ્મશાનમાં...

કૂતરું ભસ્યું. મોગરાના છોડ પાસે બેઠેલો પાલો ચમક્યો. પાછળ ફરીને જોયું તો તેનો ચહેરો આશ્ચર્યથી થીજી ગયો. સામે હીરા ઊભી હતી.

'હીરા તું?'

'હા, હું હીરા'

'પણ...અહીં...??'

'બાપ વયો ગ્યો, મને વળાવવાનું કામ પણ નો કર્યું પણ હું હવે કાયમ માટે અહીં આવી ગઈ છું, મને નહીં આવકારે?'

'હીરા!' પાલાનો અવાજ ભાવવિભોરતાથી ભરાઈ ગયો. તેણે ધસી આવીને હીરાને બાથમાં લઈ લીધી, ખુલ્લી શાળાના છોકરાઓ પણ કિલ્લોલ કરતા વાડીમાં ઊતરી આવ્યા.

*ડી-૬૬, માયા રોહીદાસ ટેનામેન્ટ, કાશીવિશ્વનાથ સોસાયટી,*
*વિભાગ-૨ની બાજુમાં, ઈસનપુર, અમદાવાદ.*
*મો. ૯૩૨૭૦૮૧૦૩૮*



પિયુ ઘરે પ્રયાણ...
અંજલિ મહેતા
મો. ૭૮૭૪૩ ૮૫૨૧૧


પૂર્ણાની પરિક્રમા
આનંદ પ્રા. પટેલ
મો. ૯૪૨૭૩ ૩૨૭૦૦



## મુ.પો. મુનસર તળાવ...

મહેશ ઝાલા
મો. ૯૪૦૮૬ ૮૮૭૮૮



થોડું રમી લઈએ પછી છુટ્ટા...
સંજયકુમાર પરમાર
મો. ૯૪૨૯૪ ૦૬૦૬૧

# શેરીનું નાક

*- રમેશ ત્રિવેદી*

હેમુ એનું નામ, પણ અમે એને 'હેમલો' કહીને જ બોલાવતા, ક્યારેક એને ગુસ્સે કરવા 'બૂ...ચો!' કહી ચીડવતા, કપાળ રોટલાની કલાડી ઊંધી મૂકી હોય તેવું ઉપસેલું, ને નાક દબાયેલું, ને બેય નસકોરાં તો લખોટી પેસી જાય એવાં પહોળાં, કાયમથી ખોખરો બેસૂરો અવાજ, ઠીંગણો, ને શરીરે સાવ ખેંખલો..પણ એનું જોર! લાલઘૂમ થઈ જતા આંખોમાંથી પડું પડું થતા ડોળા! બાપ રે!

બા ઘણીવાર કહેતી, નખ્ખોદિયો હેમલો તો નાનો હતો ત્યારથી ભૂખડીબારસ છે, એક વાર તો આંગણામાં મકોડાના દર આગળ બેહીન, મકોડાની મૂઠીઓ ભરીન મોંમાં ઓળે, તે પાધરી એની મા દોડી આયેલી, લોહીવાળું મોં જોઈન હારાને બરોબરનો ધીબી નાંખલો...

શેરીમાં પેસતાં જ ઓરડી, એમાં હેમલો, ને એના મા-બાપ રહેતાં, મા શેરીમાં બે-ચાર ઘરનાં વાસણ-પોતાં કરી કરીને જાત તોડી નાંખતી, ને એનો બેઠાડુ હરામખોર બાપ મહિનામાં બે-ચાર વાર ટ્રકની વરધીમાં જતો, થોડા ઘણા પૈસા મળે, તે બધા દારૂ ઢીંચવામાં જતા, ખાલી હાથે લથડિયાં ખાતો ઘેર, ને પેલું કહેવતમાં કીધું છે તેમ : 'નબળો ધણી બૈરી પર શૂરો' તે હેમલાની માને કાનના કીડા ખરી પડે તેવી ઉઘાડી ઉઘાડી ગાળો બોલે, રાંધણિયામાં પડેલાં ખાલીખમ ઠોબરાં પછાડે, છૂટાં ફેંકે, ને પછી ઘરમાં ખાંખાંખોળા કરી, ડબ્બા-ડૂબલીમાંથી-હેમલાની માએ કોઈના ઘેરથી વધ્યું-ઘટ્યું આવ્યું હોય તે સંતાડીને મૂક્યું હોય તે બધું સફાચટ કરીને પછી ઘોરે કુંભકર્ણની જેમ... હેમલો એના બાપનો ત્રાસ, માની દયાજનક હાલત જોતો, પણ મનમાં ને મનમાં ગાળો બોલી સમીસમીને રહી જતો, કોઈ વાર ઘરની ભીંત પર કોલસાથી ગોળ કૂંડાળું ચીતરતો, ને પછી એના પર મૂતરતો...ઢેખાળાના ઘા કરતો,.. ને પછી હા..ક... થૂઊંઊંઊં... કરી વારંવાર થૂંકતો...

એક વાર ટ્રકવાળાના ગોડાઉનમાંથી પાર્સલની ચોરી કરેલી એટલે હેમલાના બાપને છ મહિનાની જેલ થયેલી. પછી જેલ ભોગવીને એ છૂટ્યો, ઘેર આવ્યો ને મનમાં ભરાયેલા ભાઠા બધા હેમલા પર, એની મા પર, બરાબરનો દારૂ ઢેંચેલો, તે, ના સાન-ભાન, ગમે તેવી ગાળોના લવારા ને લથડિયાં... ઘરમાં આવા ભવાડાની કોઈ નવાઈ નહોતી, હેમલાનું આ વખતે મગજ ફટક્યું, તે એણે નશામાં ચકચૂર બાપને ખૂણામાં ઘાલી ગડદાપાટું મારીમારીને સાવ અધમૂઓ કરી મૂક્યો, હેમલાની મા પણ બરાબરની વીફરેલી તે લૂગડાં ધોવાનું ધોકેણું લઈને ફરી વળી ટાંટિયા તોડી નાંખે એટલું જોર કરેલું. હેમલાનો બાપ રીતસરનો ચીસો પાડે, મને છોડો, તમારી ગાય છું! કહી બે હાથ જોડે, સા..લુ, મને તો આ જોઈને ઘડીક દયા આવી ગઈ, પછી વળી થયું : 'આ હરામખોર તો આ લાગનો જ છે, આ બિચારા મા-દીકરાને બહુ દહાડા વખા આલ્યા છે, મારા હારા રાક્ષસે..'

બસ, એ દહાડે જે કંઈ કંકાસ થયો તે દહાડે જ હેમલાને એની માએ પોલીસની બીકે.. રાતોરાત ઘર છોડ્યું, કોઈએ વળી પોલીસને જાણ કરી હશે તે વાન આવી, હેમલાના બાપાને લઈને ગઈ, હૉસ્પિટલ ભેગા જ કર્યો હશે ને!! ...પછી તો ભગવાન જાણે એનું શું થયું? શેરીમાં લોકોએ હાશ અનુભવેલી, રોજ ઊઠીને થતા ફજેતા, શાહુકાર વચ્ચે આવી ગાળાગાળી?.. મારી બા તો રાજી થઈઃ હાશ, ટાઢે પાણીએ ખસ ગઈ! મારી હારી બલા! પણ બચારા હેમલો, ને એની મા અડધી રાતેય કોઈ કોમની ના પાડે નઈ હોં!

હવે આજે જ આ 'હેમલા પુરાણ' કેમ ઉકેલ્યું, એનો ફોડ પાડું : 'વાત જાણે એમ છે કે રોજની જેમ આજે ઓફિસેથી સ્કૂટર લઈને ઘેર આવ્યો, ત્યાં ઘરવાળીએ ચાનાં કપ-રકાબી ભેગી હૈયાની વરાળ ઠાલવી : 'બળ્યું, આવો તમારો ભૈબંધ!?''

'પણ કોની વાત છે?'

'કોની તે કલાક પેલા સાવ ભિખારી જેવો માણસ...ભૈ સાબ, એના શરીરમાંથી, ફાટેલાં મેલાંદાટ લૂગડાંમાંથી એવી તો બાસ મારે કે...'

'પણ કોણ હતું? નામ તો પૂછીએ?....'

'નામ-બામ પૂછે મારી બલા, મેં જેમ તેમ કરીને કાઢયો,' 'કાલે આવજો ભૈ, હું તમોને ઓળખતી નથી.'

'ભલે હોં, બુન, હવારે આઈસ...' - કહીને એ ગયો. પણ એ બારણા આગળ બેહી પડેલો, તે ત્યાં 'હીટ' લાઈને છાંટી દીધેલી, બળ્યું હજુય નાકમાં મારા..એવી તો દુર્ગંધ! માથું ફાટી જાયસ, બોલો મેં ચૂપચાપ ચા પી નાંખી.

સવારમાં ઑફિસે જવાની હડાહડમાં છાપુંય જોવાતું નથી, તે ટિપોઈ પરથી છાપુ લીધું, પાનાં ફેરવ્યાં, પણ મગજમાં એક વિચાર, ને થયું નક્કી હેમલો હશે, એના સિવાય બીજું તો?

એ મારા હારા બૂચિયાએ ઘર છોડે વરસો વીતી ગયાં પણ ફરી વારનો શેરીમાં ફરક્યો નથી, કોઈ કહેતું મુંબૈ છ, ટપોરી બની ગયો છે, તો વળી એવી હવા લાવેલું કે એ તો ટ્રેન નીચે

આઈન ક્યારનોય ઉપર... આમ જાતજાતની અફવાથી ગ્રસ્ત બનેલો... મારો લંગોટિયો ભૈબંધ આમ અચાનક જ હાજરાહજૂર પ્રગટ થઈ ગ્યો મારો વાલો!?

હજુ તો ચા પૂરી પીધી નથી ત્યાં ઘરવાળી પાઘરી હડફડ હડફડ કરતી ખંડમાં પ્રવેશી, થોડા દબાતે'પે...લો તમારો હગલો આયો પાછો! શું કરું? ના કહી દઉં? 'હવારે આવજે'- એમ કહી બલાને ટાળું? કપમાં ચા અધૂરી મૂકી ઊભો થઈ ગયો, મનમાં સમસમી ગયો, ઘરવાળીને તતડાવી દઉં બરાબરની.

'લ્યા, તું તો માણસ છે કે નઈ? જેવો છે, ને જેવી હાલતમાં છે, પણ મારો ફ્રેન્ડ છે સમજી'?..ને પછી બારણા પાસે પહોંચી ગયો. જોયું તો ધ્રાસ્કો પડ્યો. હું કંઈ બોલું એ પહેલાં જ 'મન... આળખ્યો?' હેમલાનું હાડપિંજર બેસી પડ્યું. મનમાંથી નીકળી ગયું :'ઓ માય ગોડ'! માથે ઝીંથરાં જેવા વાળ, હાથ-પગે પરું દૂઝતાં ઘારાં-ચાંદાં ને માથું ફાટી જાય તેવી દુર્ગંધ..ઊંડી ઊતરેલી સાવ ચૂંચળી આંખે મારી સામે જોઈ, આજીજી કરતો બોલ્યો :

'સાએબ,...ઈયાદ સ?..આપણે બાળપણ...' ને એણે ધ્રૂજતો હાથ માંડ ઊંચો કરી, સલામ!?... સા..એબ, ઓ ટાઢમાં પેરવા-ઓઢવા... હેમલાનો, એક વખતે ખતરનાક લાગતા બૂચિયાનો થોથવાતો, કમ્પતો અવાજ કાને પડ્યો, ને ક્યારનોય સાવ પૂતળા જેવો અવાક ઊભેલો હું થોડી ક્ષણો માટે ભૂતકાળમાં ખોવાઈ ગયો....

અમારી શેરીમાં આ માણસની ભારે ધાક હતી, હા, બાળપણ, કહો કે કિશોર અવસ્થામાં શેરીના છોકરા એના નામ માત્રથી ડરતા હતા, ને એના હુકમને તાબે થઈ જતા, ને જે એનું માને નહીં, એનું તો આવી જ બન્યું. એ ફેંટ પકડી, ખિસ્સામાંથી ચપ્પૂ કાઢે, ને એ જોઈ સામેવાળો છોકરો થરથર થતી ચડ્ડી સાથે હાથ જોડે ત્યારે એ 'હેમલા'ના સકંજામાંથી છૂટે... અમારી શેરીના છોકરા સિવાય પણ આસપાસની શેરી-મહોલ્લાઓમાં એની આણ વર્તાતી. 'હેમલાની શેરી'નો છોકરો છું, આ સાંભળીને કોઈ અમારું નામ લેતું નહીં, અમે કોલર ઊંચો રાખતા, ને હેમલાની પાછળ પાછળ ફરતા..

'સા'એબ,..' હેમલાનો થોથવાતો લાચાર ક્ષીણ અવાજ હવારનું કાંય ખા...ધું...'

હું ઘરમાં ગયો.

પ્લાસ્ટિકની થેલીમાં બે-ચાર ભાખરી, શાક, પાણીની બોટલ લઈ આવ્યો, ફરી પાછો ઘરમાં ગયો, થેલીમાં પેન્ટ, જર્સી અને શર્ટ, ને એક જૂની ગરમ શાલ લઈ આવ્યો, ઊં....ચેથી એના હાથમાં..

હેમલાની આંખો ભીની થઈ, ધ્રૂજતા હાથે બધું લઈને એ માંડ માંડ ઊભો થયો, જતાં જતાં એણે હાથ જોડ્યા. મેં એકદમ લાગણીવશ થઈને કીધું,

'લ્યા, કાલે સવારે આવજે પાછો, થોડા દા'ડા માટે સરકારી હૉસ્પિટલમાં... સારો થઈ જા, પછ તારું કંઈક કરીશું હો'!

હેમલો શેરીના વળાંકે વળી ગયો ત્યાં સુધી એને જોઈ રહ્યો, મનમાં એક પ્રકારનો ચચરાટઃ 'સા..લું, જેનાથી એક સમયે ડરતો હતો, એ ભરાડી, દબંગ માણસ થોડી વાર પહેલાં સલામ ભરી, 'સા'એબ!?

મોડી રાત સુધી, શેરી, હેમલો, ભૈબંધ ટોળી..તોફાન-મસ્તી- ઊંઘવા માટે કેટલાય દિવસો પછી ઊંઘની ગોળી ન છૂટકે...

સવારે ઘરવાળીએ ઢંઢોળીને જગાડ્યો : 'કઉં છું, ઊઠો, લોક કેટલું ભેગું થ્યું છે?'

સફાળો જાગ્યો, ઊંઘરેટી આંખો, ને બારી પાસે ગયો, જોયું, શેરીના નાકે બૈરાં, છોકરાં, ને કામધંધે જતા માણસો, ભારે બખાળો, અને મનમાં ધ્રાસ્કો પડ્યો : 'હેમલાને તો ક્યાંક કશું??'

હું ઝટપટ કપડાં બદલી, બ્રશ, ચા.. બધું એક બાજુ મૂકી ઉતાવળે પગલે- ચંપલય પહેર્યા વગર ટોળા પાસે પહોંચી ગયો.'

મારી આશંકા સાચી પડી.

હેમુ, હેમલો, બૂચલો આ હાલતમાં! નિશ્ચેતન તીવ્ર દુર્ગંધ, કૂતરાની ચાટ પાસે શું કામ? મેં થોડીક ક્ષણો માટે આંખો મીંચી દીધી, રૂમાલથી પરસેવો લૂછ્યો, મારી આગળ થોડા બૈરાં, એક બે અજાણ્યા, કદાચ ભાડૂત નાકે રૂમાલ રાખી જોઈ જોઈને એક પછી એક 'બિચ્ચારો'! હે ભગવાન નિઃશ્વાસ નાખતા ચાલવા માંડ્યા, ને કોઈએ મારી ભીની આંખો સામે જોઈ પૂછ્યું :

'તમે ઓળખો છો આ માણસને!'

મેં પીઠ ફેરવી જોયું, મારા પાડોશી મણિભાઈએ મારે ખભે હાથ મૂકી કીધું. 'ગઈકાલે તો તમારા ઘરના બારણા પાસે જ, ને આજે તો હતો ન હતો,'

કોઈ બાઈએ નાકે-મોઢે સાડલાનો છેડો રાખી, ટોળામાંથી બહાર નીકળતાં નીકળતાં કીધું:

'રિબાઈ રિબાઈન મરવું... ઈના કરતાં, ભૈસા'બ ભગવાન આવું મોત કોઈનેય!

મણિભાઈએ મારી સામે જોયું :

'હૉસ્પિટલમાં ફોન-બોન કરવો જોઈએ હો!' ને પોલીસનેય જાણ તો...'

હું ચુપચાપ ઊભો હતો, એક છેલ્લી નજરે શબ સામે જોયું, ને પછી મનમાં ઘણાં લેખાં-જોખાં વિચારી લીધાં, સિલ્લક એક પણ રજા, ઘરવાળીનો કકળાટ, પોલીસનાં લફરાં, અને

-અને માણસો વચ્ચે જગા કરતો સડસડાટ નીકળી પડ્યો - ઘેર જવા.

*૩૩, રોયલ વ્યૂ, કડી-કરણનગર રોડ,*
*કડી (ઉ.ગુ.) - ૩૮૨ ૭૧૫. મો. ૯૪૨૭૯૦૯૯૦૨*

# મને મા આપો

*- ભી. ન. વણકર*

બાપુજીની પ્રથમ વરસી હતી. સગાંવહાલાં સૌ આવતાં જશે તેની ચિંતામાં મોટાભાઈ હૉલમાં આંટો મારવા લાગ્યા. રાત્રિનું ભોજન અને ભજનની સઘળી વ્યવસ્થા થઈ ચૂકી હતી.

સવારના દસ વાગ્યા હતા. ત્રણે ભાઈ-બહેન બીમાર માના ખાટલા પાસે, ચિંતાતુર, વદને ચૂપચાપ બેસી ગયાં હતાં. વાતાવરણમાં સહેજ ગંભીરતા છવાઈ ગઈ હતી.

મોટી બહેન ઊભા થઈ માના માથા ઉપર વ્હાલથી હાથ ફેરવવા લાગ્યાં. માએ આંખ ઉઘાડી જોયું. માની સવારની સઘળી જરૂરિયાત પૂરી કરી સુવાડ્યાં હતા.

'હવે ત્રણે ભાઈબહેન ભેગાં થઈને બેઠાં છો એટલે કહું છું, નવરા છો તો કાંઈ ઉકેલ લાવો. તમારા બાપુજીને મોટા ગામતરે ગયે એક વરસ વીતી ગયું. વરસથી હું બૂમો પાડીને થાકી છું. પણ મારું કોઈ સાંભળે તો ને?'

'પણ મા, શી ઉતાવળ! હજુ તમે બેઠાં છો. બાપુજીની મિલકતના તમે વારસદાર છો, મિલકત અમે વહેંચી દઈશું તો... કાલે તમારું શું ?' મોટી બહેને ચિંતા વ્યક્ત કરી.

'દીકરા! હવે હું પાકું પાન છું. ક્યારે ખરી પડું તેનો કોઈ ભરોસો નથી. મારી હાજરીમાં ઉકેલ લાવો, મારા ગયા પછી કોણ જાણે...કળિયુગ કોનામાં વસી જાય, શી ખબર? ત્રણે ભાઈબહેન હાજર છો એટલે સાથે બેસીને સમજૂતી કરી લો, મારા જીવને શાંતિ મળે.'

'મા!' કહેતાં મોટી બહેન કંઈ કહેવા જતાં હતાં પણ ગળે ડૂમો બાઝી જતાં ચૂપ રહ્યાં.

મા ફરી બોલી રહ્યાં હતાં, 'હું પરણીને સાસરે આવી ત્યારે...!' મા ભૂતકાળની સ્મૃતિમાં સરી રહ્યાં હતાં. 'બેટા, સઘળું સારું હતું. અમે દેરાણી-જેઠાણી ક્યારેય ઊંચા સાદે બોલ્યાં નહોતાં. પણ ગામની વેઠ પ્રથાનો જુલમ હતો. લગ્ન વખતે તોરણ લઈ જવા ગામના ચોરે ચૌટે ફરીને સાદ પાડવો, દશેરાના દિવસે ધારાવઈ વખતે સૂતરની કોકડી લઈ સરપંચની પૂંઠે પૂંઠે ગામ આખા ફરતે ફરવાનું, હળોતરાના દિવસેય... અને બદલામાં વાર-તહેવારે પરબ માંગવાનું, ઘઉં લેવાય ત્યારે ખળામાં જવાનું, બદલામાં વરસેદહાડે દશ શેર અનાજ મળતું...પણ તારા બાપુજીને આ મંજૂર નહોતું. તારા બાપુજી નોખી માટીના માણસ હતા. તેઓ કહે, 'આપણે તો ગૃત્સમદ ઋષિના વંશજ છીએ વાવવું અને વણવું આપણો વ્યવસાય...પછી વેઠ ક્યાંથી વળગી? પાછો વસવાટ ગામ છેવાડે અલગ વાસમાં- દૂર...દર..' સ્વમાન અને સન્માન વિનાનું જીવવું શું?...એટલે એક દિવસ તારા બાપુજી અને હું સઘળું છોડીને શહેરમાં આવી ગયાં. વતનમાં જે કાંઈ હતું તે મોટા ભાઈ એટલે મારા જેઠજીને સોંપી, અમે હંમેશ માટે વતન છોડી દીધું- ક્યારેય અમે પાછું વળીને જોયું નથી...' બોલતાં બોલતાં મા ખાંસી ખાવા લાગ્યાં...

'મા હવે બહુ થયું, માને પાણી પાઓ,' કહેતાં મોટા ભાઈએ માની વાત ઉપર પૂર્ણ વિરામ મૂક્યો. પરંતુ મા પાણીનો ઘૂંટ ભરી ફરી બોલવા લાગ્યાં, '..ત્યારે, અમારો કોઈ આધાર નહોતો. શરૂઆતમાં મળે તે છૂટક મજૂરી કરી, પછી મિલમાં જિંદગી ભર ડાફીલ કાઢ્યાં. પાઈ પૈસો બચાવીને આ સુવિધાવાળું મકાન બનાવ્યું, તમને ત્રણેયને ભણાવ્યા, પરણાવ્યા અને...' મા બોલતાં બોલતાં આંખો લૂછી રહ્યાં હતાં. 'હવે સુખના દહાડા દેખાઈ રહ્યા હતા ત્યારે તારા બાપુજી ના રહ્યા. હવે જે છે તે તમે ત્રણેય સરખે ભાગે, સમજીને લઈ લો...મારું-તમારું કર્યા વિના, જે છે તે સઘળું તમારું છેં. હુંસા-તુંશી, કરશો તો ઓછું થશે પણ વધશે નહીં.' લાવો કોરો કાગળ...મારા અંગૂઠા લઈ લો.' ત્રણે ભાઈ-બહેન ગંભીર વદને ચૂપચાપ સાંભળી રહ્યાં હતાં.

ત્રણે ભાઈ-બહેનમાં બહેન સૌથી મોટાં હતાં. અને બે ભાઈ નાના. મોટાએ ઠાવકાઈથી કહ્યું, ' બાપુજીનું જે કાંઈ છે તે આપણે ત્રણેય સરખે ભાગે...!

મોટીબહેન ચૂપચાપ નીચે જોઈ બેસી રહ્યાં હતાં મોટી વહુ શાણી હતી. એક-બીજા સામે જોઈ ઉકેલનો તાગ મેળવી રહી હતી. પરંતુ નાની વહુ સ્વભાવે થોડી-ઘણી વઢકણી.



અકળાઈને બોલી ઊઠી, 'સરખે, ભાગે મિલકત વહેંચશો તો.. બહેનનું મામેરું કોણ ભરશે? ચોખવટ કરો.' વાત ઘડીભેર ગૂંચવાઈ, નાનો ઘડીભર મોટા ભાઈ સામે જોઈ રહ્યો. મોટા ભાઈએ ઉકેલ શોધી કાઢ્યો હોય તેમ બોલી ઊઠ્યા, '..તો પછી,' આપણે હાલ જે ઘરમાં રહીએ છીએ તે આપણા બે ભાઈઓનું. અને સોના-ચાંદીના જે દાગીના, છે તે સઘળા મોટી બહેનનાં, કહો મંજૂર?' ફરી નાની વહુ બોલી ઊઠી, 'મોટા ભાઈએ તો અલગ બંગલો લઈ લીધો છે, પણ અમે આ ઘરમાં રહીએ છીએ એટલે મા તો અમારા માથે? માનો ખાટલો મારી પાસે ના જોઈએ...હું માની વેઠ નહીં કરું.'

ઘડીભર સૌ ચૂપચાપ સાંભળી રહ્યાં. મોટી વહુનું મન પણ અકળ હતું. સૌની ચુપકીદી જોઈ, માએ પડખું ફેરવી જોઈ લીધું. માએ ગળગળા અવાજે કહ્યું, 'અરે રે, દરેક બહેન ભગવાન પાસે ભાઈ માંગતી હોય છે અને આ મારી દીકરીને તો બે ભાઈ છે. મોટીએ બંને ભાઈઓને ઘોડિયામાં બહુ હીંચકા નાંખ્યા છે...! તમે લોકો ચિંતા ન કરો. બહેનના મામેરા માટે તો તારા બાપુજી એફ.ડી. આપીને ગયા છે... તારા બાપુજી તો સુખી થઈ ગયા છે, અને હું તો જનમથી દુખિયારી છું. તારા બાપુજી આટલી મિલકત મૂકી ગયા છે, તોય ભૂખ...! મને ભગવાન ભરોસે છોડી દો, કળિયુગ વ્યાપી ગયો છે.'

'લ્યો ઝટ કરો, હવે મહેમાનો આવવા લાગશે.' મોટી વહુએ ઠાવકાઈથી કહ્યું, 'મા તો આપણા બધાયનાં છે ને?'

અને મોટા ભાઈએ સમજૂતી કરાર લખી નાંખ્યો, 'બાપુજીનું મકાન બે ભાઈઓનું અને સોના-ચાંદીના દાગીના મોટી બહેનના. મા સહુનાં સહિયારાં.'

હૉલમાં બે ટેણિયાઓ ઝઘડી રહ્યા હતા, મા વચ્ચે બોલી ઊઠ્યાં. 'આ બે મારા લાડકાઓ કેમ લડી રહ્યા છે, તેમને જે જોઈએ તે આપો.'

'મા!' હંમેશાં મૌન રહેતાં નાના દીકરાએ કહ્યું, 'બે ભાઈઓના, બે ય...બહુ દિવસે ભેગા થયા છે, એટલે... રમતાં રમતાં લડી પડે છે, એક કહે છે, 'હું વીનર છું, એટલે દાદી મારાં...'

'ના, હું વીનર છું એટલે દાદી મારાં...!

'ભઈ મારે મન મૂડી કરતાં વ્યાજ વધારે વહાલું છે- એમને કહો, દાદી તમારા બંનેના છે. દાદી માટે લડો મા.' વૃદ્ધ માના ચહેરા ઉપરનો વિષાદ ઘડીકભર દૂર થઈ ગયો હતો.

અને મોટા ભાઈએ સમજૂતી કરાર વાંચી, સંભળાવ્યો, 'લ્યો મોટાં બહેન તમે પહેલી સહી કરો.' કહેતાં મોટાએ બહેન સામે કાગળ ધર્યો.'

હંમેશાં ગંભીર બનીને બેસી રહેલાં મોટાં બહેને કાગળ લઈ, સહી કરવા પેન લીધી... અને ધ્રૂસકે ધ્રૂસકે રડી પડ્યાં.

મોટી વહુએ ઊભા થઈ, બહેનના વાંસે હાથ ફેરવ્યો. કહે, 'બહેનબા, ખોટું ના લગાડશો, અમે ભાઈ-ભાભીઓ બેઠાં છીએ.'

મોટી બહેન આંખો બંધ કરી ઘડીભર માથાને હાથનો ટેકો લઈ બેસી રહ્યાં.

મોટાએ ઊભા થઈને માને પૂછ્યું, 'મા, તમારે કાંઈ કહેવું છે?'

'ના રે ના, હવે કહું તોય ક્યાં કોઈ સાંભળવાનું છે? તમે સૌ સંપીને રહેજો. મોટી બહેનનું ધ્યાન રાખજો. તારા બાપુજીએ આંબો અને જાંબુડો- બેઉ ઝાડ આપણા કમ્પાઉન્ડમાં વાવ્યાં છે. તેને વહેંચશો નહીં ને કાપશો પણ નહીં. આજેય સવારે આ બે વૃક્ષો પર પંખીઓ કલ્લોલ કરે છે, તે સાંભળીને હું તારા બાપુજીને યાદ કરી રડી લઉ છું. તારા બાપુજીને વૃક્ષો અને બાળકો બહુ પ્રિય હતાં એટલે આ બે વૃક્ષ અને મારા બે લાડકાઓને સાચવજો.' કહેતાં મા ઘડીભર ગમગીન બની ગયાં.

મોટા ભાઈએ મૌન તોડ્યું. 'મોટી બહેન તમારે કાંઈ કહેવું છે? નહીં તો સહી કરો એટલે પછી અમે બંને...

મોટી બહેને ફરી કાગળ હાથમાં લીધો. પેન કાગળ ઉપર મૂકી આંખો બંધ કરી દીધી. ઘડી પછી કશુંક લખીને સહી કરી દીધી. બહેનની આંખોમાંથી આસું દદડી રહ્યાં હતાં.

બહેને લખ્યું હતું, 'મારો તમામ હક્ક જતો કરું છું અને બદલામાં ફક્ત મને મારી મા આપો.

- અને હૉલમાં ઓચિંતો છન્નાટો છવાઈ ગયો. એકાક્ષરી શબ્દની ગૂંજ હવામાં ગૂંજી રહી હતી...!

---

*૫૧૬, ગાયત્રી સોસાયટી,*
*સેક્ટર-૨૭, ગાંધીનગર-૩૮૨ ૦૨૮*
*મો. ૯૪૦૮૨૮૮૦૩૫*



# મંદબુદ્ધિ

*- ડૉ. શરદ ઠાકર*

જેને જેને ખબર પડી કે મંગુની સગાઈ નક્કી થઈ ગઈ એ સહુનાં મોઢામાંથી આઘાત અને આશ્ચર્યના ઉદ્ગારો સરી પડ્યા. બધાનાં વાક્યો અલગ અલગ હતાં, પરંતુ એ તમામ વાક્યોનો લઘુતમ સાધારણ અવયવ કાઢવો હોય તો તે આવો હતો, ‘હેં?! ન હોય. મંગુ જેવી દાધારંગી છોકરીને કોઈ મુરતિયો પસંદ કરે જ નહીં. યે બાત કુછ હજમ નહીં હુઇ!’

આજથી ત્રણ દાયકા પહેલાંની સત્ય ઘટના. એંશી હજારની વસ્તીવાળા એ જાણીતા નગરમાં જેટલા લોકોએ મંગુને જોઈ હતી એ તમામનો એક જ અભિપ્રાય હતો, ‘આ છોકરીને પરણાવવાની ભૂલ કરાય નહીં. જે ઘરમાં એ જશે એ ઘરમાંથી રિદ્ધિ-સિદ્ધિ નાસી જશે.’

મંગુ ઊંચી, પાતળી અને સીસમ જેવી કાળી યુવતી હતી. કોઈ પણ વ્યક્તિને એના બાહ્ય દેખાવ પરથી મૂલવવી ન જોઇએ એ સાચું, પણ મંગુના કિસ્સામાં તો એનું આંતરિક વ્યક્તિત્વ પણ શૂન્ય હતું. ભણવામાં સાવ નબળી હોવાથી મંગુને ત્રીજા ધોરણમાંથી ઉઠાડી લેવામાં આવી હતી. એની માનસિક વય આઠમા વર્ષમાં અટકી ગઈ હતી. એનું શરીર મોટું થતું ગયું, પણ બુદ્ધિ નહીં.

મંગુ ગાંડી ન હતી પણ એનું વર્તન એની ઉંમરની છોકરીના વર્તન જેવું ન હતું. એ ૧૮ વર્ષની થઈ ત્યાં સુધી ૭-૮ વર્ષની છોકરીઓ જોડે પાંચીકે રમતી હતી. એની પોતાની ઉંમરની વ્યક્તિઓ સાથે એને ઊઠવા-બેસવાનું ફાવતું ન હતું. એના શબ્દકોશમાં સા. બુ. ( સામાન્ય બુદ્ધિ અર્થાત્ કોમન સેન્સ) શબ્દ ન હતો. સાચું કહીએ તો, મંગુ પાસે શબ્દકોશ જ ન હતો.

મંગુના ઘરે કોઈ મહેમાન આવે તો મંગુ અવાચક બનીને એની સામે ટગર ટગર જોયા કરે. જો કોઈ એને કંઈ પૂછે તો મંગુ અર્થ વગરનું હસ્યા કરે. એની માએ કહેવું પડે, ‘મંગુ બેટા, કાંતામાસીને પાણી આપો.’ મંગુ યંત્રવત્ ઊભી થાય, પાણિયારા પાસે જાય અને પાણીનો ગ્લાસ ભરીને કાંતામાસીના હાથમાં આપે.

એની માતાને શરમનો પાર ન રહે, ‘મંગુ, બેટા! માસા માટે પણ પાણી લઈ આવો.’ મંગુ રોબોની જેમ પાણીનો બીજો ગ્લાસ ભરી લાવે.


ઘરકામમાં પણ મંગુનું યોગદાન શૂન્ય. કેટલીય મથામણ પછી મા એને રોટલીનો લોટ બાંધવાનું શીખવી શકી, પણ એકસરખી ગોળાકાર રોટલી વણવાનું તો એને ન જ આવડ્યું. એની દરેક રોટલી પૃથ્વી પર આવેલા અલગ અલગ દેશના નકશાના આકારની થતી હતી, પરંતુ પૃથ્વીના આકારની નહીં.

આવી નિસ્તેજ અને નિષ્ક્રિય દીકરીને પરણાવવાનો વિચાર કોઈ મા-બાપ કરે જ નહીં, પણ મંગુના પિતા જમનભાઈ અને મા જશુબહેને આવી હિંમત કરી. ભાનુભાઈ નામના એક નાતીલાને કામ સોંપ્યું, ‘અમારી મંગુ માટે ગમે ત્યાંથી વર શોધી લાવો. મુરતિયો દેખાવમાં ૧૯-૨૦ હશે તો ચાલશે. વધારે કમાતો ન હોય તો પણ ચાલશે, બાર મહિને બે ગુણ ઘઉં અને આખું વર્ષ ચાલે તેટલાં દાળ-ચોખા અમે આપીશું.’

ભાનુ ભાંજગડિયાએ એની જ્ઞાતિના અસંખ્ય લાકડાં સાથે માંકડા બઝાડી આપ્યાં હતાં. પણ મંગુની બાબતમાં એનો આત્મવિશ્વાસ હલી ગયો. એણે ઝીણી આંખો કરીને પૂછી લીધું, ‘તમે દીકરીના ઘરમાં અનાજ તો ભરી આપશો, પણ રોજ સવાર-સાંજ રાંધશે કોણ?’

જશુબહેને જવાબ આપ્યો, ‘આવું કેમ બોલો છો ભાઈ? અમારી મંગુ કાંઈ ગાંડી નથી. હા, એનામાં બે ટકા બુદ્ધિ ઓછી હશે, પણ એને જે કામ કરવાનું કહીએ એટલું તો એ કરી આપે છે.’

ભાનુ ભાંજગડિયો પ્રગટપણે તો કશું બોલ્યો નહીં, પણ મનમાં બબડ્યો જરૂર, ‘મારા જેવા જમાનાના ખાધેલને મૂર્ખ બનાવો છો? મને બધી ખબર છે. તમારી મંગુમાં બે ટકા જેટલી જ અક્કલ છે.’ ભાનુએ આવું આશ્વાસન આપીને



વિદાય લીધી, 'તમે ચિંતા ના કરો. હું ગમે ત્યાંથી મુરતિયો શોધી લાવું. તમારી મંગુ સાથે શોભે એવું પાત્ર પ્રભુએ નિર્માણ કર્યું જ હશે! ભગવાન બધાને આપી રહે છે; કીડીને કણ, હાથીને મણ અને મંગુને પણ.'

છોકરા-છોકરીનાં ચોકઠાં ગોઠવવામાં ભાનુ ભાંજગડિયો બેજોડ હતો. નેપોલિયનની જેમ એના શબ્દકોશમાં પણ અશક્ય જેવો શબ્દ ન હતો. પહેલી નજરે જે છોકરી કે છોકરાને જોઈને આપણને એવું લાગે કે આવનારા સાત જનમમાં પણ આનો મેળ નહીં પડે એની જોડી ભાનુ જમાવી દે. મોટી ઉંમર સુધી વાંઢા રહી ગયેલાં પાત્રો ભાનુના પગ પકડે એટલે એક મહિનાની અંદર એમના દેહો પર પીઠી ચડી જ સમજો. બીજા વરસે તો ઘરમાં ઘોડિયું બંધાયું હોય.

એક મહિનાની અંદર ભાનુભાઈએ પોતાનો કસબ દેખાડી દીધો. જાદુગર કે. લાલ શૂન્યમાંથી સર્જન કરતા હતા એવી જ અદાથી ભાનુભાઈએ હવામાંથી મુરતિયો પેદા કરી દીધો. એ જ શહેરના દૂરના પરા વિસ્તારમાં એક વિધવા બાઈ રહેતી હતી. એનો દીકરો સવજી સાજા-ગાંડા જેવો હતો. ખાસ કંઈ કમાતો ન હતો. કરિયાણાની દુકાને પડીકાં વાળવાનું કામ કરતો હતો. દુકાનદાર પગાર પેટે ૨૫૦ રૂપિયા આપતો હતો. આટલા રૂપિયામાં મા-દીકરાનાં ચા-પાણીનો ખર્ચ માંડ નીકળતો. બે ટંક ખાવાનાં સાંસા હતા. સવજીને જોતાવેંત ભાનુભાઈના દિમાગમાં ઝબકારો થયો. જો સવજીની સાથે મંગુનું ગોઠવાઈ જાય તો મંગુને ચા મળી જાય અને સવજીને તથા તેની માને દાળ-ભાત અને રોટલીનું ભોજન મળી જાય.

બુદ્ધિની બાબતમાં સવજી મંગુને જોરદાર ટક્કર આપે એવો હતો. જો બુદ્ધિશાળી માણસોની પેનલ બેસાડવામાં આવે તો એ લોકો પણ નિર્ણય ન લઈ શકે કે સવજી છેતરાયો કે મંગુ? ભાનુભાઈએ બંને પરિવારો પર વાણીની ભૂરકી છાંટી દીધી. આવી જુગતે જોડી ત્રણ ભુવન ને ચૌદ લોકમાં જોવા ન મળે એવું ઠસાવી દીધું. બધું સમુંસૂતરું પાર પડી ગયું. લગ્ન થઈ ગયાં.

જેણે જેણે આ પતિ- પત્નીને જોયાં તે હસીહસીને બેવડ વળી ગયા. કોઈ પણ દૃષ્ટિએ માનસિક રોગી ન હોવા છતાં પૂરેપૂરાં દાધારંગા એવાં આ પતિ-પત્નીને જોઈને લોકો એટલું તો અવશ્ય સ્વીકારતા કે સર્જનહાર ગજબનો શિલ્પકાર છે. સારી-નરસી દરેક વ્યક્તિ માટે એની સાથે ચાલે એવું પાત્ર ઘડી જ આપે છે.

સવજી અને મંગુનો ઘરસંસાર ચાલવા માંડ્યો. બંને બાળકબુદ્ધિ ધરાવતાં હતાં. એમના જીવનમાં સમજણ, સાહચર્ય, સપનાં, સંવાદ કે રોમાન્સ જેવાં તત્ત્વો તો ક્યાંથી જોવા મળે? જેમ તેમ ગાડું ગબડતું હતું. શરીર તો પોતાનો ધર્મ બજાવીને જ રહે છે. એક વર્ષ પૂરું થાય તે પહેલાં મંગુએ એક દીકરાને જન્મ આપી દીધો. પરિચિતોને હસવા માટે વધુ એક તક સાંપડી. દીકરો સવજીનો ચહેરો અને મંગુનું હસવું લઈને જન્મ્યો હતો. રડવાનું તો જાણતો જ ન હતો. આખો દિવસ ઘોડિયામાં હાથ-પગ ઉછાળતો રહેતો હતો. ભૂખ લાગે તો પણ રડવાના બદલે હસતો હતો. મંગુ પણ એને હસીને ગોદમાં લઈ લેતી.

ધીમે ધીમે શહેરમાં વાત ફેલાઈ ગઈ. લોકો અભિપ્રાય વ્યક્ત કરતા હતા, 'સવજી અને મંગુ જેવાં દંપતીઓએ બાળકો પેદાં જ કરવાં ન જોઈએ. દેશ ઉપર નાહકનો બોજો નાખ્યો. હજી એક સવજી મર્યો નથી, ત્યાં બીજો સવજી પેદા થઈ ગયો.'

આ ઘટનાને ત્રીસ વર્ષ થઈ ગયાં. મંગુ અને સવજી એક ગંભીર અકસ્માતમાં ઘવાઈને મૃત્યુ પામ્યાં. દીકરો ત્યારે પાંચ વર્ષનો હતો. પછી એનું શું થયું, તેની જાણકારી કોઈની પાસે ન હતી. બાબુ બુલેટિન ક્યાંકથી સમાચાર જાણી લાવ્યો કે સવજીના દીકરાને મુંબઈનું કોઈ નિઃસંતાન દંપતી કાયદેસર દત્તક વિધિ કરીને લઈ ગયું છે. આ લખવા બેઠો તેના એક કલાક પહેલાં સમાચાર મળ્યા કે સવજી અને મંગુનો દીકરો અભય પોતાની અપ્રતિમ તેજસ્વિતાના બળ પર સિવિલ સર્વિસની પડકારજનક પરીક્ષા પાસ કરીને નાયબ કલેક્ટર તરીકે એ જ શહેરમાં ફરજ બજાવવા જઈ રહ્યો છે. એ શહેરના સમજદાર લોકો આપસમાં આ વાતનો સ્વીકાર કરી રહ્યા છે, 'આ જગતમાં કોઈ મંદબુદ્ધિ કે હોશિયાર હોતું નથી. ભગવાને બધામાં કોઈ ને કોઈ ક્ષેત્રની શક્તિ મૂકેલી જ હોય છે. માત્ર તક મળવાની જ વાર હોય છે.'

*માણેકબાગ સોસાયટી,*
*બંગલો નંબરઃ ૧૮૭, ગેટ નંબરઃ ૧૭, ડૉ. સર્વપલ્લી*
*રાધાકૃષ્ણન માર્ગ, આંબાવાડી, અમદાવાદ-૧૫*
*મો. ૯૪૨૬૩૪૪૬૧૮*



# આહ, તાજ!

*- નીતિન ત્રિવેદી*

મેં પાછળ ફરીને જોયું. અક્ષય શિલ્પાને એક બોક્સમાંથી તાજમહાલની પ્રતિકૃતિ આપી રહ્યો હતો. શિલ્પા અભિભૂત થઈ અક્ષયને વળગી રહી.

મેં આગળની તરફ જોયું. અમીષાનો હાથ પકડી યોગીન ગાઈ રહ્યો હતો- 'એક શહનશાહને બનવા કે હંસી તાજમહલ....સારી દુનિયા કો મહોબ્બત કી નિશાની દી હૈ...'

મેં બાજુમાં રહેલી સિમ્મી તરફ જોયું. એ મને જોઈ રહી હતી. મારું મોં બંધ હતું. હાથ ખાલી હતા. એણે મોં મચકોડ્યું. મારા મોં પર સ્મિત આવ્યું. મેં હજુ એનો હાથ પકડ્યો નહોતો, તો પણ જાણે એ તરછોડતી હોય એવું કર્યું. મારા મોં પર ફરી સ્મિત આવ્યું. સિમ્મી રિસાઈ ગઈ હતી. આખો તાજમહાલ અમારી આંખો સામે હતો. તાજમહલ બનવા કે બાદશાહને હમ ગરીબો કી મહોબ્બત કા મજાક ઉડાયા હૈ- એવા એવા શેર પણ કોઈ બોલી રહ્યું હતું.

સિમ્મી આભી થઈને તાજને નિહાળી રહી હતી. એની આંખો અંજાઈ ગઈ હતી. તાજને લગતાં ઉછીનાં-પાછીનાં શેર-શાયરી, ફિલ્મોનાં ગીતો ને એવી એવી વાતો મને ફાવતાં નહોતાં. કોઈનો લખેલો શેર હું કહું ને સિમ્મી ખુશખુશાલ થઈ જાય, એ તો મારાથી કેમ બને ? એમ તો સિમ્મીનેય એવું ગોઠે નહીં. પણ તાજમહાલ જોયો. ને એ ભારે અભિભૂત થઈ ગઈ હતી. એમણે મને કહી પણ દીધું, 'આપણા સિટીમાં કે સ્ટેટમાં કે બીજે ક્યાંય પણ તું આવું ન કરે એ ઠીક છે, પણ ડિયર, આ તો તાજ છે, તાજ! દેશની જ નહીં, દુનિયાની અજાયબી! એ પણ પ્રેમની! અને તું!' એ મને રોષમિશ્રિત શિકાયતી નજરે જોઈ રહી હતી.

હું હસી પડ્યો. જવાબમાં મેં એને એક જોક કહ્યો, 'સાંભળ સિમ્મી, એક પ્રેમિકાએ કહ્યું, શાહજહાંએ મુમતાજની યાદમાં આવો ભવ્ય તાજમહાલ બનાવ્યો. તમે પણ મારા મૃત્યુ પછી આવું કંઈ કરશો?- જવાબમાં પ્રેમીએ કહ્યું, 'હા, હા... કેમ નહીં? એ માટે મેં તો એક પ્લોટ પણ ખરીદી લીધો છે. પણ હવે તો તું મોડું કરે છે.'

જોક સાંભળીને હસવું આવે, ગુસ્સો ન આવે. પણ અહીં સિમ્મીને ગસ્સો આવ્યો. પણ ગુસ્સો ઊતર્યા પછી એને પણ હસવું આવ્યું. આમ એણે બેય કામ પતાવ્યાં એનો મને આનંદ થયો.


અક્ષય શિલ્પાના કાનમાં તાજને લગતી ક્યાંક વાંચેલી દસ્તાવેજી વિગતો રેડી રહ્યો હતો. શિલ્પા મુગ્ધ થઈને સાંભળી રહી હતી. યોગીન ગાવા ને ગણગણવામાંથી ઊંચો આવતો નહોતો, હિન્દીમાંથી હવે ગુજરાતીમાં ગણગણાટ કરતો હતો. 'તમે પ્રેમની વાતો કરજો...અમે કરીશું પ્રેમ...' અમીષા પણ મુગ્ધ હતી. હું સિમ્મીને મુગ્ધ કરી શક્યો નહોતો. આ સહુને મુગ્ધ થયા કરવાનો જાણે શોખ હતો. મને મૂંઝવણ થતી હતી. અલબત્ત, આ મુગ્ધાવસ્થાની મૂંઝવણ નહોતી. સિમ્મી તાજ જોઈને મુગ્ધ થઈ હતી. ને મારાથી નારાજ થઈ હતી. પણ થાય શું? તાજ વિશે મને કંઈ પણ ઉછીનું જોઈતું નહોતું. ઠીક છે, જગત આને અજાયબી ગણે છે, પણ એથી શું? સિમ્મી તાજને નિહાળતી નિહાળતી વારેવારે ઉદ્ગાર્યા કરતી હતી વાહ તાજ!....વાહ તાજ!....

સિમ્મીને નિહાળતો નિહાળતો હું ઉચ્ચાર્યા કરતો હતો- જોડે રે'જો રાજ!...જોડે રે'જો રાજ!...

અક્ષય-શિલ્પા ને યોગીન-અમીષા સંયુક્ત કેફમાં હતા, જ્યારે સિમ્મી સિંગલ ઈફેક્ટમાં હતી...ને હું તો એકમાત્ર ઈફેક્ટલેસ. તાજ જોઈને એ પાંચેયને કેફ ચડ્યો હતો, ને કેફ જેવું કશુંક પામવા મારે ચા પીવી પડી હતી.

...પણ હવે તો આંખો સામે કે આસપાસ ક્યાંય તાજ નહોતો. પણ આ પાંચેયના દિલોદિમાગમાં ને હોઠે હજુય તાજ હતો. સિમ્મીની આંખોમાં અજબ નશો હતો, પણ એ આંખો મારા તરફ મંડાતી ત્યારે એમાંથી તિખારા ફેંકાતા હોય એવું લાગતું હતું.

આજુબાજુની સંખ્યાબંધ ગિફ્ટ શોપ્સમાં તાજમહાલની વિવિધ પ્રતિકૃતિઓ ચપોચપ વેચાઈ રહી હતી. મને કશીક ન સમજાય એવી લાગણી થઈ રહી હતી. હું સિમ્મીને તાજમહાલ



જેવી કશી ભેટ આપી શકતો નહોતો.

સાંજની ટ્રેનમાં છ સ્લીપરવાળા રિઝર્વ્ડ કમ્પાર્ટમેન્ટમાં અમે ગોઠવાયા. સિમ્મી મારી સામેની સીટ પર બેઠી હતી. અક્ષય-શિલ્પા અને યોગીન-અમીષા તાજના કેફમાં મુક્ત થઈ રહ્યા હતા. અને અમને-જાણે કે ખંડિત યુગલને-બરાબર ધ્યાનમાં લઈ રહ્યા હતા. એ ચારેય વારાફરતી મને અને સિમ્મીને- સહાનુભૂતિથી સિમ્મીને ને ખફા નજરે મને-જોઈ રહ્યા હતા.

હવે મેં સિમ્મી તરફ ધ્યાનથી જોયું. એણે નજર ફેરવી લીધી. મેં સ્મિત કર્યુંઃ એને મન મારું આ સ્મિત જાણે નિર્લજ્જતા હતી.

'સિમ્મી....' આખરે હું બોલ્યો. ને એ પાંચેયે મારા સામે મીટ માંડી. 'તારા પપ્પા સારા આર્કિટેક્ટ છે. સારા બિલ્ડર છે.'

મારી કંઈક અસંબદ્ધ વાતથી એ સહુને નવાઈ લાગી. 'તારા પપ્પાએ કેટલીયે આલિશાન હોટેલો ને નમૂનેદાર મકાનો બનાવ્યાં છે. એ બનાવનારા કારીગરો બીજે ક્યાંય એવી ઈમારતો ન બનાવી શકે એ માટે તારા પપ્પાએ કંઈક કરવું જોઈએ.'

હવે એ પાંચેય આશ્ચર્યમાં ડૂબી રહ્યા હતા. સિમ્મીની આંખમાં આંખ પરોવી હું બોલ્યો, 'શું કરવું જોઈએ? તારા પપ્પાએ કારીગરોના કાંડાં કાપી નાખવાં જોઈએ.'

હું પાગલખાનામાંથી ભાગી છૂટેલો કોઈ જણ હોઉં એમ અવાક થઈ એ પાંચેય મને જોઈ રહ્યા, 'ઓકે, લેટ ઇટ ગો. નાઉ લિસન સિમ્મી, માન કે તું પરણેલી છો. ને તું મને ગમે છે, ઓફકોર્સ, હું પણ પરણેલો હોઉં...ને બે-ત્રણ પત્નીઓ તો ઓલરેડી મારે હોય જ, પણ તું મને ગમે છે, ને મારે તને પરણવું હોય, તો?'

ત્રણેક ક્ષણો એમ જ જવા દઈ ચોથી ક્ષણે હું બોલ્યો, 'તો હું તારા હસબન્ડને મારી નાંખું, ને તને પરણી જઉં, બોલ!'

સિમ્મી સડક થઈ ગઈ. આંખો ફાટી રહી. મોં ખુલ્લું રહી ગયું. અક્ષય-શિલ્પાને યોગીન-અમીષા એકબીજાનાં મોં જોઈ વળી મારા પર સ્થિર થઈ ગયા. હું વાસ્તવમાં ગાંડો થઈ ગયો હતો કે શું? તાજમહાલ જોઈને થઈ જનારા પ્રેમદીવાનાઓ જેવી તો આ દીવાનગી નથી લાગતી! ધેર ઇઝ સમથીંગ પ્રોબ્લેમ!

'ને માની લે સિમ્મી...કે તને ઘણી બધી પ્રસૂતિઓ થાય...ને એકાદ પ્રસૂતિમાં તું ગુજરી જાય, તો શું થાય?'

અક્ષય-શિલ્પા મારી સામે જાણે ત્રાડ પાડવા માગતા હતાં. પણ એના ગળામાં જ ત્રાડ અટકી ગઈ હતી. યોગીન-અમીષા તો થીજી ગયા હતા. માથે વીજળી પડે ને માણસ પૂતળું થઈ જાય એવી સિમ્મીની હાલત હતી.

'બોલ સિમ્મી, તું ગુજરી જાય તો શું થાય? કંઈ ન થાય. મારે પરણવું તો પડે જ. એટલે તારી બહેનને પરણી જાઉં.'

હવે તો હું નિઃશંક પાગલ થઈ ગયો છું એવું એમના ચહેરાઓ કહેતા હતા, 'વળી તારી બહેનને પરણ્યા પછીય હું કંઈ ધરાઈ તો જ ન જાઉં. એટલે બીજી બે-ત્રણ રૂપાળીઓને પણ મારે પરણવું પડે.'

એ પાંચ જણની દસ-દસ આંખોમાંથી અંગારા વરસવા શરૂ થયા. એ બધાં જો મારા પર તૂટી પડે તો હું ચોક્કસપણે તૂટી જઉં. ફૂટી જઉં. કોઈ મને તહસનહસ કરી નાંખે એ પહેલાં હું ઊભો થઈ ગયો. સામે બેઠેલી સિમ્મી સામે જઈ ઊભો. એના ખભા પર મેં હાથ મૂક્યો. એના શરીરમાં લોહી તેજ ગતિથી દોડી રહેલું, અનુભવી શક્યો. ધારે તો એ મારા હાથને થોડી ક્ષણોમાં છૂટો પાડીને તોડી કે મરોડી શકે. પણ એ તો ફાટેલી આંખોવાળું પૂતળું બની ગઈ હતી. પૂતળાને કોણ ચાવી આપી શકે?

'ડિયર સિમ્મી, તાજમહાલ જેવી ભવ્ય ઈમારત એના કારીગરો બીજે ક્યાંય ન બનાવી શકે એટલે બાદશાહ શાહજહાંએ એ બધાંનાં કાંડા કાપી નાંખ્યાં હતાં. મુમતાજને પરણવા શાહજહાંએ એના પતિને મારી નાખ્યો. મુમતાજ સાથે એના ચોથા લગ્ન હતા. આ મુમતાજ એની ચૌદમી પ્રસૂતિ વખતે ગુજરી ગઈ પછી શાહજહાં મુમતાજની બહેનને પરણ્યો. ને એ પછી પણ બીજી બે ઔરતો સાથે એણે લગ્ન કર્યા હતાં.'

આખા કમ્પાર્ટમેન્ટમાં સન્નાટો છવાઈ ગયો. શિલ્પાને અમીષા કલાકોથી હાથમાં અક્ષય ને યોગીને આપેલી તાજમહાલની પ્રતિકૃતિઓ રમાડી રહી હતી. અમીષા અને શિલ્પાના હાથમાંથી એ જાણે સરકી રહી હતી.

સિમ્મીના મોંમાંથી ભારે વેદનાથી ફળફળતો નિસાસો સર્યો : 'આહ!...' મેં સ્મિત કર્યું : 'તાજ!...'

---

*પ્લોટ નં. ૧૧-સી, કામિનિયાનગર, કવિ ત્રાપજકર માર્ગ,*
*તળાજા જૂના જકાતનાકા પાસે, સિદસર રોડ,*
*ભાવનગર-૩૬૪ ૦૦૨. મો. ૯૪૨૮૫૮૯૯૨૩*



સ્વયં પ્રતિષ્ઠિત બ્રહ્મકુંડ
ધવલ પરમાર
મો. ૮૭૫૮૭ ૭૪૪૭૦



# કમાનોનો કલાવારસો

દુર્ગેશ ઉપાધ્યાય
મો. ૯૮૨૪૩ ૧૦૬૭૯


વિરાસતનો વૈભવ
રક્ષા ભટ્ટ
મો. ૯૯૭૯૮ ૬૫૬૮૬


ઘર-ગૂંથણી
વિનોદ એલ. નિમાવત
મો. ૬૩૫૧૨ ૨૭૯૨૧

# સ્મરણવર્ષા

*- દશરથ પરમાર*

આજે વહેલી પરોઢે, આછા ઉજાસમાં માવઠું થઈ ગયું.

શરૂઆત થઈ ઝીણી-ઝીણી ફરફરથી. પછી તો મોટાં-મોટાં ફોરે એવો વરસ્યો કે, હું તો સાન-ભાન ભૂલી ભીંજાવા લાગી. લથબથ કાયા પર થતો જળનો માદક સ્પર્શ વધુ ને વધુ લલચાવતો હતો, ત્યાં જ કોઈકે હળવેથી મારું નામ ઉચ્ચાર્યું હોય એવું લાગ્યું. કોણ હશે? ચોંકીને ચારેકોર જોયું. નીરવ છત પર મારા સિવાય કોઈ નથી. આસપાસ છવાયેલી આછી-આછી ધૂંધમાં કશું જ દેખાતું નથી. છત પર કેવળ હું, વરસાદ અને હળવી-હળવી હવા. તો પછી..? આંખો મીંચી દીધી ત્યાં તો પેલો નામોચ્ચાર સ્પષ્ટપણે સંભળાયો. આ વખતે સ્પષ્ટ કળાયું. અરે ! આ તો એ જ અવાજ. ભીનોભીનો અને ઉદાસીથી છલોછલ, જેને સાંભળવા યુગો-યુગોથી ધખી રહી છું! બીજી જ પળે શરીર પરના તમામ વરસાદી સ્પર્શો એક ઝાટકે ઉતરડાઈ ગયા. ને આસપાસ રેલાયેલું જળ તે વરસાદનું છે કે આંખમાંથી વરસેલું, એય પારખવું મુશ્કેલ બની રહ્યું.

હું ભીંજાઈ એ તમને ન ગમ્યું, ખરું ને? ન જ ગમે. મને ખબર છે, આ રીતે મારો નામોચ્ચાર કરી, કદાચ તમે મને રોકવાની કોશિશ કરી રહ્યા છો. છેક નાનપણથી જાણું છું, તમને. વરસાદ અને વરસાદી મોસમ : બેઉ તમારાં કટ્ટર દુશ્મન છે. મારા સમેત આખીયે પોળનાં બધાંય ટાબરિયાં ખળખળ વહેતા જળમાં કાગળની હોડીઓ તરતી મૂકવાની મજા લૂંટતાં હોઈ કે પાણીના મટિયાળા વહેળામાં આમ-તેમ દોડાદોડ કરતાં હોઈએ ત્યારે તમે ઑસરીની પાળે હાથ ટેકવી ઓશિયાળી આંખે એ બધું નિહાળી રહેતા. મને તો નાનપણમાંય ભીંજાવું ખૂબ ગમતું. અને તમે ? મોટા થયા તોય એ જ પ્રકૃતિ! આપણે દરેક ઋતુમાં અસંખ્યવાર મળતાં. પરંતુ, ચોમાસાના દિવસોમાં તમે ચાતુર્માસ ગાળતા જૈન મુનિની જેમ ઘરના એકાન્ત ખૂણે ભરાઈ રહેતા. બારીના સળિયા પકડી જળભર્યા રસ્તાઓને જોતાં-જોતાંએ વિચારતા કે, પૂર્વી અત્યારે શું કરતી હશે? શક્ય છે કે, એની તરફ વરસાદ ન હોય. અને એ દોડતી અહીં આવી પહોંચે. પણ, એવું ક્યારેય બન્યું હતું ખરું? તમે જાણો જ છો કે, વરસાદ કેવળ સૃષ્ટિ પર જ થાય એવું થોડું છે ? કોઈ પણ સંવેદનશીલ વ્યક્તિને પોતાનો આગવો વરસાદ હોય છે. બીજાને એ ન દેખાય, પણ એની ભીતર તો સતત વરસ્યા કરતો હોય છે. તમારી ભીતર ઝરમરતા એ વરસાદને તમે રસતરબોળ પત્રો દ્વારા અભિવ્યકત કરતા. યાદ છે, તમને ? એકવાર તમે પત્રમાં મને લખેલું :

પૂર્વી,

પરભવના દુશ્મન જેવો વરસાદ સતત અઠવાડિયાથી વરસ્યા કરે છે. બંધ થવાનું નામ જ નથી લેતો અને દિવસે-દિવસે મારું મન વ્યાકુળતા ધારણ કરતું જાય છે. સાચું માનીશ ? મને દુકાળ પડે એ કબૂલ-મંજૂર, પણ મારી પૂર્વીને મળ્યા વગર નથી ચાલતું, એ વાત આ નઠારો ઈશ્વર કેમ નથી સમજતો ? હંમેશની જેમ રોજ સવાર પડે ને મારા ઘરની બારીના સળિયા પકડી જળથી મટમેલા થયેલા ખુલ્લા-નિર્જન રસ્તાને એકધારું તાકી રહું છું. હમણાં જ ધોધમાર વરસાદમાં પલળતું એક કૂતરું દોડતું આવ્યું. સામેના ઘરની ઓસરીમાં લપાઈને બેઠું. એ વારેઘડીએ શરીર થરથરાવીને રુંવાટી પરથી પાણી ખંખેરે છે. એના અસંખ્ય છાંટા ત્યાંથી ઊડીને જાણે અહીં આવી પહોંચે છે. અને મારા શરીર પર વળગી પડે છે. હું એકદમ ધ્રૂજી ઊઠું છું. અને આ ક્ષણે તું શું કરતી હોઈશ એની કલ્પનામાં અટવાતો રહું છું. તું કશુંક વાંચતી હોઇશ. અથવા તો ઘરકામ... શક્ય છે કે, તારા પ્રદેશમાં વરસાદ ન પણ હોય. અને તું મને મળવા દોડી આવે. પરંતુ, ના. મને ગળા સુધી ખાતરી છે કે, તું નહીં જ આવે. અહીં આવતાં સુધીમાં તું ભીંજાઇ જાય. અને તું ભીંજાઈને આવે એ મને પસંદ નથી. અને મને પસંદ ન હોય એવી કોઈ ક્રિયા તું નથી જ કરવાની બરાબર ?

- પણ શું કરું? આજે તો મારાથી એવી ગુસ્તાખી થઈ ગઈ છે. તમને કદાચ માઠું લાગશે. મોં ફુલાવી એક ખૂણે જઈ બેસશો. તમને મનાવતાં-મનાવતાં મારી આંખમાંથી ફોરાં પડવા લાગશે. ને પછી તમેય..



આ જુઓ ! તમારી આંખો ગોરંભાઈ રહી છે. ને એમાંથી હવે પછીની ક્ષણે વરસી પડશે એ વરસાદની મને ગંધ આવી રહી છે, અદલ મોસમના પહેલા વરસાદ જેવી જ ગંધ ! ગાંડા રે ગાંડા! સાવ આવું શું કરતા હશો? પુરુષો આટલી સાહજિકતાથી રડી શકતા નથી. પરંતુ, તમારે તો ભલામાણસ સંવેદનતંત્ર છે કે, લાગણીઓની અગાધ ઊંડી ખાણ? બસ, સાવ નાની અને ક્ષુલ્લક લાગતી બાબતોનેય ગંભીરતાપૂર્વક જોવા લાગો અને પછી એને સંભારી-સંભારીને બોર-બોર જેવડાં આંસુ સાર્યા કરો ! આટલી સૅન્સિટિવીટી બહુ સારી નહીં, હોં કે! આ બાબતે મેં અસંખ્યવાર તમને ટોક્યા હશે. પણ, મારી વાત માનો તો પાછા તમે, તમે શાના ? સ્વ-બચાવમાં હંમેશાં એક જ દલીલ કરવાના.

- ગાંડી ! રડવાથી કંઇ મારા મનનો બોજ હળવો થઈ જતો નથી કે નથી ઘટી જતું અપ્રિય ઘટનાનું વજન ! પણ રડવાથી ડૉક્ટરો કહે છે, તેમ હાર્ટઍટેક આવતો નથી, એ ચોક્કસ...!

તમારી આ દલીલ કેટલી વાજબી હતી, એ તો તમે જાણો ને જાણે તમારા ડૉક્ટરો ! મને તો એટલી ખબર છે કે તમે સતત અભાવયુક્ત જીવન જીવ્યા છો. તમારી આંખોમાં મેં કાયમ એક લીલુંછમ્મ અભાવવન લહેરાતું અનુભવ્યું છે. નાની ઉંમરમાં માની છત્રછાયા ગુમાવી. અપરમાનો ત્રાસ વેઠ્યો. તનતોડ મજૂરી કરી. જાત મહેનતથી ભણ્યા-ગણ્યા. ભીતર સતત પાંગરતા રહેલા અભાવોને પોષતા-પાળતા રહ્યા. બીજા એક પત્રમાં એ બધુંય તમે કેટલી સરસ રીતે વ્યક્ત કરેલું :

પૂર્વી,

હું તો આ કોરા કાગળરણ પર શબ્દ-મુસાફર થઈ ભટકવા નીકળ્યો છું. કોઈ દિશા નક્કી નથી કે નથી કોઈ મંજિલની ખબર ! બસ, ચાલ્યા કરું છું. ભટકું છું. પડું છું. આખડું છું. આથડું છું. ઘણીવાર તો સાવ દિશાહીન બની એક ઠેકાણે પડી રહું છું. પણ સાવ પડી રહેતો નથી. એમાં મારી મર્દાનગી કે માનવ્ય નથી. ઊભો થાઉં છું, ને ફરી ચાલવા લાગું છું. ને એમ જ કૂર્મગતિએ આ જિંદગી ઢસડ્યા કરું છું. પણ માથે સૂર્ય સળગતો હોય, રણના સૂક્ષ્મ રેતીકણો શરીર પર ભોંકાતા હોય, દેહ આખો પ્રસ્વેદથી લથપથ હોય, આંખે અંધારાં આવતાં હોય - એ સમયે ચોક્કસપણે ભીતર એક અપેક્ષા જાગી ઊઠે છે કે, આ દુર્ગમ અને એકાકી સફરમાં કોઈક મારી સાથે હોત તો પેલા લાલઘૂમ સૂરજ સામે એનો પાલવ ઢાલ બનીને મારી રક્ષા કરતો હોત.. પણ હું જાણું છું કે આ પણ એક અભાવ છે. અને એ અભાવ મને વધુ ને વધુ વેદનાગ્રસ્ત બનાવી ધીમે-ધીમે મારી છાતીના પીંજરામાં ટૂંટિયું વાળી સૂતેલા કૂતરાની માફક સૂઈ જાય છે. પણ મને ખબર છે કે, એ ઝાઝો સમય સૂઈ શકવાનો નથી. સહેજ અવાજ થશે કે તરત એ પુનઃ જાગી ઊઠશે. અને પહેલાં કરતાંય બમણા વેગથી મને ઢંઢોળી મૂકશે. હચમચાવી મૂકશે..



મેં ઉત્તરમાં લખેલું :

- મને તમારા જેવી ભાષામાં લખતાં નથી આવડતું. પરંતુ એટલું તો ચોક્કસ કહીશ કે તમે મને તમારી 'કોઈક'ની વ્યાખ્યામાં સમાવો છો ને, તો મારો પાલવ તમારી રક્ષાની નહીં, તમારી ઓથની રાહ જોઈ રહ્યો છે. મારો કોરોધાકોર પાલવ યુગો-યુગોથી તમારા સ્પર્શને ઝંખી રહ્યો છે, પ્રિયજન ! આવો, તમારા સાન્નિધ્યમાં હું મારું અસ્તિત્વ ઑગાળી નાખવા ઝંખું છું. તમારી વેદનાઓ-વ્યથાઓને મારાં આંસુઓથી ધોઈ નાખવા ચાહું છું. તમે ભલે માનતા હો કે, આ દુઃખદ યાત્રામાં તમારું કોઈ સાથી-સંગાથી નથી. પણ, ના. આપણા સંબંધ ખાતર મેં આખાય કુટુંબનો વિરોધ વહોરી લીધો હતો, એ તમારાથી ક્યાં અજાણ્યું હતું? મમ્મી તો ઘણીવાર કહેતીય ખરી કે, એવા સંસારી પુરૂષ સારુ થઈને શું કામ તારી જિંદગી હોડમાં મૂકે છે? એને તો ઘર છે, રૂપાળી નોકરી છે. પત્ની છે. બે બાળકો છે. કો'ક દહાડો રસ્તે રઝળતી મેલીને ચાલી જશે, પછી મોઢું સંતાડવાનીય જગ્યા નહીં મળે, સમજી?

મેં કહેલું : મા, ભગવાન કૃષ્ણ સંસારી નહોતા ? ગોપીઓએ એમના સુખી સંસારની તમા કરી હોત તો એમને ક્યારેય એવો પ્રિયવર સાંપડ્યો હોત ખરો ?

મારી આવી દલીલથી થાકીને માએ અમારું ઘર બદલાવી નાખ્યું. તમારી પોળમાંથી શહેરના બીજા છેડે રહેવા જતાં રહ્યાં. પરંતુ, એને બિચારીને શું ખબર કે, આપણે જેટલાં દૂર ફેંકાઈ ગયાં, એટલાં જ વધુ નિકટ આવી ગયાં હતાં.

જોકે, ક્યારેક લાગતું કે માની વાત સાવ ખોટીય નહોતી. તમારા સહવાસનું સુખ વિધાતા મારા નસીબમાં લખવાનું કદાચ ભૂલી ગયા હશે. મને તો તમારા પૂર્ણ વ્યક્તિત્વને પામવાની ધખના હતી. તમને ભરપૂર પામવા હતા. તમારી સાથે ભર્યોભાદર્યો સંસાર ભોગવવો હતો. પરંતુ,વિધિની વક્રતા તો જુઓ..! આપણા સંબંધને કોઈ નામેય આપી ન શક્યાં આપણે ! લોક તો આપણા સંબંધને 'અનૈતિક'એવું લેબલ લગાડવા લાગ્યાં હતાં. પણ સંબંધ એટલે સંબંધ ! એમાં વળી નૈતિક શું ને અનૈતિક શું ? કોઈ મને પૂછતું તો હું ફટ દઈને કહી દેતી કે, એ તો મારા અંગત મિત્ર છે !

પણ આપણી એ પવિત્ર મૈત્રી આપણો રૂઢિવાદી સમાજ સાંખી ન શક્યો. અને એમાંય આ તો એક પરિણીત પુરૂષ અને કુંવારી છોકરીનો પ્રણયસંબંધ ! બીજાની વાત જવા દો. તમારી પત્ની આ બધું કઈ રીતે સાંખી શકે ? એકવાર તો એ મારી પાસે આવેલી. કહે :

- શા માટે અમારો સંસાર બગાડવા બેઠી છે ? પ્લીઝ! તું છોડી દે એમને. આમાં આખરે તારે જ રડવાનો વારો આવશે. અને મારો નહીં તો કમ સે કમ એમનાં બે બાળકોનો તો વિચાર કર..

હવે તમે જ કહો, મારે એને શું કહેવું ? કેમ કરીને એને સમજાવું કે હું તારો સંસાર બગાડી રહી નથી. ઊલટાની તારા બગડેલા સંસારને સુધારી રહી છું. મને તો એ વાતનું આશ્ચર્ય થાય છે કે, તમે જેના સહવાસમાં રહેતા તે તમારી પત્ની; બે બાળકોની મા, ખુદ કોઈ અન્ય પુરૂષના પ્રેમમાં હતી..! અને મને નૈતિકતા અને અનૈતિકતાના પાઠ શીખવવા નીકળી હતી ! આ જ પીડા તમને રાત-દિવસ કોરી ખાતી હશે, નહીં ? મને ખ્યાલ છે; તમે ઘણું સહન કર્યું. એકે-બે નહીં, પૂરાં સાત વર્ષ ! તમે તો એમ જ માનતા રહ્યા કે, એ કદાચ સુધરી જશે. પણ તમારી એ ધારણા સાવ ખોટી ઠરી. એ દિવસે-દિવસે વધારે ને વધારે બગડતી ગઈ. મને એ જ નહોતું સમજાતું કે, તમારા જેવા પૂર્ણ પુરૂષમાં એને એવી તે શી ઊણપ વર્તાઈ હશે કે એ તમારી હાજરીમાં જ અન્ય પુરુષ સાથે..? છી છી ! આવી સ્ત્રીને તો પત્ની કહેવડાવવાનો પણ અધિકાર ન હોવો જોઇએ. સ્ત્રી જાતિનું સન્માન વધારવાને બદલે સમગ્ર વર્ગ માટે કલંક બની બેસેલી ને મારું ચાલે તો કાળા પાણીની સજા જ ફટકારી દઉં..

એકવાર તમે વાતવાતમાં કહેલું કે મારે એની સાથે માત્ર શારીરિક સંબંધ જ રહેવા પામ્યો છે. બાકી, માનસિક રીતે તો અમે ક્યારનાંય અલગ થઈ ચૂક્યાં છીએ. મને ખબર છે, રાજા ! સ્ત્રીની બેવફાઈ પુરુષને તોડી નાખે છે, અંદરથી અને બહારથી પણ. મેં તમને ક્યારેય કહ્યું નહોતું. પરંતુ, મારા બાપુજીના પણ આ જ હાલ હતા. મારી માને એના કૉલેજકાળના મિત્ર સાથે સંબંધો હતા. મારા બાપુજીને આ વાતની ખબર થઈ ગયેલી. કોઈને કહી શક્યા નહીં. અને એક દિવસ ઘર છોડીને ક્યાંક ચાલી નીકળ્યા. ખાસ્સી શોધખોળ કરી. થોડાક દિવસો પછી કોઈ અજાણ્યા શહેરના રેલવેના બે પાટાઓ પરથી એમનો છૂંદાઈ ગયેલો દેહ મળી આવેલો. મને ખાતરી છે, તમે એવું કશું નહીં જ કરો ! હું બેઠી છું ને તમને આશ્વસ્ત કરવાવાળી ! તમને તમામ પીડાઓ-વ્યથાઓમાંથી મુક્ત કરાવતાં-કરાવતાં ભલેને મારો દેહ પડી જાય. હું ડરવાની નથી. પણ, તમે તો મને એવીય તક ન આપી...

મારા જીવનનો એ દિવસ તો મારાથી ક્યારેય ભૂલાય એમ નથી! સવારથી વાતાવરણમાં ઉકળાટ હતો. આકાશ સાવ કોરુંકટ્ટ. મોડી સાંજે વાદળો ઘેરાયાં. અને પછી તો અનરાધાર.. વરસાદની કે ભીંજાવાની પરવા કર્યા વિના અગાશીમાં જ તમે મન મૂકીને વરસી પડેલા.. કોઈ પણ કુંવારી કન્યાને વયસ્ક થયા બાદ જેને માણવાની ભીતર-બહારથી સતત ઝંખના રહેતી હોય છે, એ પરમસુખ મેં જીવનમાં પહેલીવાર માણ્યું હતું. એ સોનેરી ક્ષણોને મેં મારી અંદર મોંઘી જણસની માફક સાચવી રાખી છે. આજે પણ અકબંધ અને અક્ષુણ્ણ છે - એવાએ સુખના સરોવરમાં હું સરાબોર હતી, ત્યાં જ વળતી પળે તમે કેવું-કેવું બોલીને મને રડાવી દીધી હતી :

- પૂર્વી ! હું ત્રાસી ગયો છું, આ જીવનથી. થાય છે કે, હવે એને અહીં જ સમેટી લઉં. આટલી ઉંમરમાં ઘણું બધું જોઇ લીધું - જોવા જેવું અને ન જોવા જેવું પણ. અનુભવી પણ લીધું. વફાદારી અને બેવફાઈ જેવા શબ્દો સાથે મારે કામ



લેવાનું થાય ત્યારે તને અને એને સામસામે છેડે મૂકવાં પડે છે. આ બે છેડાવાળું જીવન ખૂબ પરેશાન કરે છે. અને પેલા છેડાની તો વાત જવા દે. એની તો વાત જ થાય એમ નથી. પણ થાય છે કે તું મને ન મળી હોત તો હું તો ક્યારનોય ખતમ થઈ ગયો હોત. તેં કેટલું બધું ઋણ ચડાવ્યું છે, મારા પર, પૂર્વી ? તું જ કહે; આ બધું હું કયા ભવે ચૂકવી શકીશ ?

અને પછી તમે કાંઈ રડેલા, કાંઈ રડેલા ! એક સંવેદનશીલ અને પરિણીત પુરુષને આ રીતે રડતો મેં પણ મારા જીવનમાં પહેલીવાર જોયો હતો. મને કશુંય સૂઝતું નહોતું તે હુંય તમારી સાથે ને સાથે ધ્રૂસકે ને ધ્રૂસકે રડવા લાગી હતી. થોડીવારમાં જ તમે જંપી ગયેલા. પણ પછી અચાનક શું સૂઝ્યું તે એકદમ બેઠા થઈને કહેલું કે, મારે ઘેર જવું પડશે, અત્યારે ને અત્યારે ! એમ અધ-મધરાતે તે હું તમને જવા દઉં કે ? ઘણી કોશિશ કરી. પણ તમારી હઠ સામે છેવટે મારે નમતું જોખવું પડેલું. વરસતા વરસાદમાં તમને સ્કૂટર લઈને જતા હું જોઈ પણ ન શકી. મન કશાક અમંગળની આશંકામાં અટવાઈ પડ્યું હતું. તમે સોસાયટીના મેઈન ગેટમાંથી પસાર થયા ત્યાં લગી ભીની આંખે, આછા અંધારામાં તમને એકટક તાકતી રહેલી. પછી આખી રાત આંખ ભેગી કરી શકી નહોતી. પાસાં મરડી-મરડીને માંડ સવાર પાડી ત્યાં તો કોઈક સમાચાર લઈને આવ્યું કે -

એક ક્ષણ માટે તો બધુંય સ્થિર થઈ ગયું હતું. મારું હૃદય પણ ધીરે-ધીરે અ-ગતિ તરફ સરકી રહ્યું હતું. અસંખ્ય ડૂસકાં છાતીના પોલાણમાં ભરાઈ બેઠાં હતાં. એને બહાર કેમ કરી કાઢવાં ? ભાનસાન ગુમાવી બેસેલી હું ભાનમાં આવી ત્યારે હૉસ્પિટલના બેડ પર હતી. મારી આંખ સામેથી પેલું દ્રશ્ય હટતું નહોતું. હાઈવે પર એક વિશાળ ટાયરવાળી ટ્રક અને એના પાછલા ટાયરમાં ફસાઈને ચૂંથાઈ ગયેલો તમારો નાજુક દેહ...

મારું તો જીવન સાવ પલટાઈ ગયું. એક ઘૂઘવતો દરિયો સામે હતો.. હું જેમ-જેમ એ દરિયાની નજીક જતી ગઈ એમ-એમ દરિયો સૂકાતો ગયો. ને રહ્યા કેવળ ખડકો, સાવ ખુલ્લા, ખરબચડા અને કાળમીંઢ ! મેં તો તમારા સંગાથ વિનાની એક ક્ષણની પણ કલ્પના નહોતી કરી, રાજા ! હું તમારી પૂર્વી ! તમારી પાસે જવાબ માગું છું. તમે સાંભળો છો ને? આમ આવી અંચઈ જ કરવી હતી તો પછી મારા એકાંતવનમાં તમે શા માટે પ્રવેશ્યા હતા? આમ મધદરિયે મને એકલી મૂકીને ચાલી નીકળવાનું ? હવે મારે કોના સહારે વેંઢારવો આ જીવતરનો બોજ ? મારા આ ખાલીખમ્મ ખોળામાં આવીને કોણ સૂઈ જશે ? તમારી સાથે એક સુંવાળી સફર આદરી હતી. મારી એ આદરી-અધૂરી સફરનું શું?

જોકે, આમાં તમારોય કોઈ વાંક નથી. મારી જ નિયતિ, બીજું શું? ભગવાન જો હોય તો એની પાસેથી આજના દિવસે એટલું તો જરૂર માગી લઉં કે, આવતા ભવે તમને મારા ખોળે અવતાર આપે. મારા મનનો ભાવ ભલે બદલાઈ જાય પણ પેલું વ્હાલ થોડું જ બદલાવાનું છે? હું એને અકબંધ સંગોપી રાખીશ. બોલો, મારા કોરાકટ્ટ પાલવને ખૂંદવા પધારશો ને?

જુઓ, તમે ફરી પાછા રડવા લાગ્યા? ગાંડા થયા છો, એમ તો કેમ કરીને કહું? ગાંડી તો હું છું. તમે હતા અને નથી - એ બે ઘટનાઓ વચ્ચેની ભેદરેખાને હું બિલકુલ પારખી શકતી નથી. તમારા ગયા પછીની ક્ષણથી મેં એક શબ્દ નથી ઉચ્ચાર્યો. લોકો હવે ખરેખર મને ગાંડી ગણવા લાગ્યા છે. અને સાચી જ વાત છે ને ? હું તો ગાંડી હતી, છું. ને રહીશ: મારા કિશનના નામની. મને રાધા કહો કે મીરાં : કશોય ફરક પડતો નથી ! ને સાંભળો..! ચાલો, હવે છાના થઈ જાવ ! આ કંઈ સાચુકલો વરસાદ થોડો છે? આ તો કમોસમી માવઠું. તમારી ભાષામાં કહું તો - સ્મરણવર્ષા! મને તો એમાંય ભીંજાવું ન ગમે, તમને ન ગમતું હોય એવું હું કઈ રીતે કરી શકું? પણ તમે ખુદ વરસતા હો પછી હું મારી જાતને એમાંથી કઈ રીતે અળગી રાખી શકું?

- મમ્મીઈઈ..! : લ્યો, વળી નીચેથી બૂમ આવી. તમને કદાચ થશે કે, તું અને બાળકો? તો સાંભળો, તમારી પત્ની તો અકસ્માત થયો એના બીજા જ દહાડે બન્ને બાળકોને રોતાં-કકળતાં મૂકી એના પેલા પ્રેમી સાથે ફરાર થઈ ગઈ હતી. હું હવે એમની મા બનીને એમની સાથે રહું છું; તમારા; ના, આપણા ઘરમાં. અત્યારે એ બન્ને જાગી ગયાં હશે તે નીચે મારી રાહ જોઈ રહ્યાં છે. તો હું જાઉં? અરે! હા, આ બધી વાતોમાં તમને કહેવાનું તો રહી જ ગયું : આજે તમારી પહેલી પુણ્યતિથિ છે. અને..

*૬, પુષ્પકુંજ સોસાયટી, ગુરુકુળ હાઈસ્કૂલ સામે,*
*કાંસા રોડ, વીસનગર-૩૮૪ ૩૧૫.*
*મો. ૯૪૨૭૪૫૯૩૦૫*

# જાતરા

*- નટવર પટેલ*

આખા ગામમાં એની જ ચર્ચા ચાલતી હતી. બે લક્ઝરી બસ ભરીને ગામલોકો અયોધ્યાના નવા મંદિરના દર્શન કરવા જવાના હતા. પ્રવાસ-આયોજક બકાભાઈ ભટ્ટે ચાર દિવસ પહેલાં રાતે ગામના મંદિરમાં મિટિંગ રાખી હતી. ગામના સરપંચ શંકરભાઈએ નામ લખાવી શ્રીગણેશ કર્યા ને એ જોઈ ઘણા લોકો એમાં જોડાયા. આમ તો પ્રવાસ ૧૨ દિવસનો હતો પણ પછી શંકરભાઈએ કહ્યું, ''એટલે જઈએ છીએ તો ભેગાભેગું પ્રયાગ, કાશી ને વળતાં મથુરા, વૃંદાવન થઈ જાય તો ગંગા નાહ્યા. હવે પછી જવાયું કે ના જવાયું.'' ગામના વડીલ હરિભાઈએ ટાપસી પૂરી, ''શંકરભૈની વાત સોળ આની સે. થોડો ખરચ વધારે થાહે એ જ ને ? પણ મનના ઓરતા મનમાં ન રૈ જાય એટલે...''

ને પછી પ્રવાસ ૧૮ દિવસનો ગોઠવાયો. જોતજોતામાં બેય બસ ફૂલ થઈ ગઈ. પછી તો ઘણાંને ના પાડવા જેવું થયું. સરપંચ કહે, ''ભટ્ટજી, એમ કરો. અટાણે નામ લખવાનું રાખો. જો ત્રીજી બસ જેટલા આવનારા થતા હોય તો એય ઉપાડજો.'' ભટ્ટજી માની ગયા.

જગદીશના મા-બાપ મનજીભાઈ અને ગંગાબાનેય જાતરાએ જવાની ઈચ્છા. હતી, પણ જોગ ખાય એવો ન હતો. એક તો ખેતીની બાંધી આવક. મોટા દીકરા ચંદુને ત્રણ વરસ અગાઉ પરણાવી દીધેલો. ગઈ સાલ દીકરી સીતાનાય હાથ પીળા કરી સાસરે ઓરાવી હતી. નાના જગદીશના લગન લેવાની હાલ ઈચ્છા ન હતી પણ સામેથી વેવાઈ ઉતાવળ કરતા હતા. એટલે આ ઉનાળામાં કોઈ પણ હિસાબે ઢોલ વગડાવવો પડે એમ હતો. લગન ને જાતરા - બેય થઈ શકે એવું ન હતું. બંને જણ મનમાં ને મનમાં પોતાના નસીબનો વાંક કાઢતા હતા. મા-બાપની આ સ્થિતિ જોઈ જગદીશ પણ અકળાતો હતો.

મોટાભાઈને કહે, ''ચંદુ ભૈ, મારું માનો તો બા ને બાપાનેય જાતરાએ મોકલીએ તો ?''

''પણ તારાં લગન લેવાનાં સે. બાકી હું જ હાંમેથી કે'ત કે જાવ.''

'ભૈ, કોઈને ના કો' તો એક વાત કહું ? ''ને પછી જગદીશે જે વાત કરી એ સાંભળી ચંદુ કહે'', પણ ઈમાં આપણું એકલાનું ના હેંડે. વેવાઈનેય પૂછવું પડે. ને એ ન માને તો ?''

''એમને સમજાવવાની જવાબદારી મારી.''

''દાણો ચાંપી જો. ભગવાન કરે ને જો હા પાડે તો...''

''પણ મોટાભાઈ, આ વાત હમણાં તમે ને હું જ જાણીએ હોં.''

ને જગદીશ સાસરીને ગામ ગયો ને હસતો પાછો આવ્યો . ''મોટા ભૈ, બેડો પાર.''

ને એ રાતે ઘરમાં બંધ બારણે પાંચ જણાની નાની સભા ગોઠવાઈ - મા, બાપ, મોટાભાઈ, રેવાભાભી ને જગદીશ. વાત સાંભળતાં જ બાપા ભડક્યા. ઊંહું ઊંહું કરતા રહ્યા.

''વેવાઈ જ ઉતાવળ કરતા હતા ને હવે માની જ્યા ?'' બાપાએ પૂછ્યું

''બાપા, ફોન જોડું. તમે જાતે પૂછી લો.''

જગદીશે ફોન જોડયો. બેય વેવાઈ હોટલાઇન પર જોડાયા. વેવાઈએ જ સામેથી કહ્યું, ''રાજીખુશીથી જાતરાયે જાવ. પછીની વાત પછી...'' ને અંધારા ઓરડામાં મા-બાપના ચહેરા ખીલી ઊઠયા.

ચંદુ કહે, ''બા, જઈ આવો. કાલ કુણે દીઠી સે ? ગોંમમાંથી સંઘ જાય સે એટલે તમનેય ગમશે. ને અમારીય ફરજ ખરી ને તમને જાતરા કરાવવાની.'' ને પછી જગદીશને કહે, ''જગા, ભટજીને હાલ જ ફોન જોડ ને નામ લખાવી દે. ચ્યાંઈક ત્રીજીય બસ ફૂલ ના થઈ જાય.''

ફોન જોડાયો ને નામ લખાઈ ગયાં. બે દિવસ પછી સંઘ નીકળવાનો હતો. રાત થોડી ને વેશ ઝાઝા. તૈયારી તો એકડે એકથી કરવાની હતી. પરંતુ બીજે દિવસે સાંજે તો જરૂરી ખરીદીય થઈ ગઈ ને બૅગો ભરાઈ પણ ગઈ.

જવાના આગલા દિવસે દીકરી સીતા ને જમાઈ મનુલાલ પણ મળવા આવી પહોંચ્યાં. ઘરનો આખો પંખીમેળો ખુશખુશાલ હતો.

ને વહેલી સવારે ગામના ચૉકમાં આખું ગામ ઊમટી પડ્યું. જનારાં કરતાં વિદાય આપનારાં ઝાઝાં હતાં. રોજ વહેલાં ઊઠી કલરવ કરતાં પંખીઓય આજનો માનવીય કલશોર જોઈ ચૂપ થઈ ગયાં હતાં.

ને જયઘોષ સાથે જાતરા શરૂ થઈ. સૌ વિખેરાયાં.

જોતજોતામાં અઢાર દા'ડાય વીતી ગયા. તે દરમિયાન લોકોએ વીડિયો ફોન દ્વારા વિવિધ સ્થળોનાં દર્શનનો ઘેર બેઠાંય લ્હાવો લીધો. હવે તો પહેલાંના જેવું ક્યાં રહ્યું હતું. !

જાતરાએ ગયેલ સંઘ પાછો ફર્યો. આખા ગામમાં ઘેર ઘેર લાપસીનાં આંધણ ઓરાયાં હતાં. ગામમાં અયોધ્યા જેવો

રૂડો અવસર હતો.

ચંદુ ને જગદીશ બેગો અને મા-બાપને લઈ ઘેર આવ્યા. આડોશી-પાડોશી વાતોએ વળગ્યા.

''મનજીકાકા, આટલા દનમાં તો તમે ઘોડા જેવા થઈને આવ્યા હોં !'' પડોશી બોલ્યા.

''બચુભૈ, આ અ્યાં સેતરમાં કોંમ કરવાનું હતું. ખાવું, પીવું, ફરવું ને ઊંઘવું. પસી તમારા કાકામાં તેજ આવે ને !'' ગંગાબાએ કહ્યું ને સૌ હસી પડયાં.

એટલામાં ઘરમાંથી કપાળ ઢંકાય એટલી લાજ કાઢી, હાથમાં પાણીના બે લોટા લઈ કોક આવ્યું ને મનજીભાઈ જોતાં જ રહી ગયા.

''લ્યાં ચંદુ ? આ કુણ ?''

ચંદુએ જગા સામે જોયું, જગાએ શેરીમાં નજર દોડાવી. હજીય રઘુકાકા કેમ ન આવ્યા ? તે ત્યાં જ...

''મોટાભૈ જેશી ક્રિષ્ન, ભાભી જેશી ક્રિષ્ન... બેયની તબિયત હારી ને ?' રઘુકાકા અને મંજીકાકીને જોઈ બેય ભાઈઓને નિરાંત થઈ.

લોટો હાથમાં લેતાં મનજીભાઈએ રઘુ સામે પ્રશ્નાર્થ નજરે જોયું એટલે રઘુએ તડ ને ફડ કહી દીધું, ''મોટા ભૈ, ઈ આપણા જગાની વહુ !''

''પણ ઓંમ કુંવારે માંડવે બોલાવાય ?'' મનજીભાઈને સંકોચ થયો. ત્યાં ગંગાભાભી કહે, ''ભલે આઇ... હવ તો સૌ આવશ. પે'લા જેવું નથ'ર્યું.''

''મોટા ભૈ, ઈ મળવા નૈ, હવ તો ઈ કાયમ આંય રેવાની સે.'' ને રઘુભાઈ મર્માળુ હસ્યા.

મનજીભાઈને દાળમાં કાંક કાળું દેખાયું. ઉદ્ગાર સરી પડયો : ''એટલે ?'' ને પછી વાતમાં બહુ મોણ નાખ્યા વગર રઘુએ બધી વાત સીધી ને સટ ટૂંકમાં કહી સંભળાવી. તેનો સાર આવો હતો :

જગાને લઈ રઘુ જગાના સાસરી ગામે ગયા હતા. સમાજ તરફથી યોજાઈ રહેલાં સમૂહલગ્નમાં જગા અને અલકાનાં લગ્ન માટે રઘુભાઈએ વેવાઈ-વેવાણને મનાવી લીધાં હતાં. પહેલાં તો ના, ના પાડતાં રહ્યાં પણ પછી રઘુભાઈએ હાથ જોડી કહ્યું, ''ગોંમમાંથી જાતરાનો સંઘ જાય સે. મારાં ભાઈ-ભાભીને પસી આવી તક જવાની નૈ મળે. એમના રાજીપા માટે માની જાવ તો સારું. પુન્યનું કોંમ સે.'' ને વેવાઈ-વેવાણ માની ગયાં. સમૂહલગ્નમાં સમાજના શેઠ અરવિંદભાઈ તરફથી બધાંય વરઘોડિયાંને ઘણું બધું આલ્યું. ફ્રીઝ, એસી, ગૅસ-સ્ટવ, ખુરશીઓ, તિજોરી ને રસોડાનો બધો સામાન...

રઘુભાઈ બધી વાત પૂરી કરી કહે ''મોટા ભૈ, બોલો મેં આમાં શું ખોટું કર્યું ? હેં ! જગાના લગનેય થૈ ગ્યાં ને તમારી જાતરાય.''

મનજીભાઈને હજી કળ વળી ન હતી. પંડયના દીકરાના લગ્ન લેવાયાં ને પોતે જ ગેરહાજર? પણ હાજર રહ્યા હોત તો આ જાતરા...

''પણ ભૂંડા, મારા કાને વાત નાંખી હોત તો હું કંઈ ના ન પાડત.'' મનજીભાઈ બોલ્યા.

''હવ, બેહો છાનામાના, તમારો ગરમ સ્વભાવ હું જાણું ને !.'' ગંગાભાભી હસીને બોલ્યાં .

''ભૈ, જ્યાં વાત કરવા જેવી હતી ત્યાં કરી'તી'' આમ કહી રઘુએ ભાભી સામે જોયું. મનજીભાઈ સાનમાં સમજી ગયા. ''રઘલા, તેં તો ભારે કરી હોં ! મારો ડાબો હાથેય જાણે સે ને મને ગંધેય ન આવવા દીધી ! તમે સૌએ જબરો ત્રાગડો રચ્યો !''

''બાપા, હું ને તમારા જમાઈ પણ જાણતા હતા.'' સીતા હસીને બોલી.

''મોટાભૈ, હવ વહુને ને દીકરાને સારા આશીરવાદ આલો એટલે કંસાર જમવા સૌ ઘરમાં જઈએ.'' રઘુભાઈએ કહ્યું.

''ના, એકલા આશીરવાદ ના ચાલે. જાતરાએથી વહુ માટે કાંક લાયા હશો ને ?'' મંજીકાકી મશ્કરી કરતાં બોલ્યાં.


''વહુ ભા, તમેય ખરાં છો હોં ! છોકરાં હારું યાદ કરી કરીને લાયો પણ...'' મનજીભાઈ દુખી થયા.

''મનમાં ઓછું ના લાવો. મેં બનારસથી તમારાથી ખાનગીમાં સાડી ખરીદી સે. સીતા, જા બૅગમાંથી લઈ આવ...'' ગંગાબેને કહ્યું.

ને વાતાવરણ હળવુંફૂલ થઈ ગયું. મનજીભાઈની આંખમાં હરખનાં આંસુ આવ્યાં. એ મનોમન બબડયા : મારા વાલીડે જે કર્યું ઇ હારું કર્યું. જાતરાયે થઈ ગઈ ને જગાનો અવસરેય પાર પડયો. રઘાએ મને ન પૂછયું તે હારું થ્યું. મારીય બાંધી મૂઠી રઇ ગામમાં !

---

*એચ-૫૦૩, નિશાન રેસિડેન્સી,*
*આનંદ પાર્ટીપ્લોટ રોડ, માણકી સર્કલ પાસે, ન્યૂ રાણીપ,*
*અમદાવાદ-૩૯૨ ૪૭૦ મો. : ૯૬૬૨૭૮૦૪૩૭*



# જયા નામની છોકરી

- *ગિરીશ ભટ્ટ*

વાત જાણે આમ બની; ધીરેન-પૂર્વીએ પરિવાર માટે આબુનો પ્રવાસ ગોઠવ્યો ને આમંત્રણ મળ્યું : બેન જીજાજી આવો. અમને આનંદ થશે નિરાંતે સહુને મળાશે.

ને અમે તૈયાર થઈ ગયાં હતાં. એ સમયે ખ્યાલ ના હતો કે આ પ્રવાસમાં એક બાંગ્લ-સ્ત્રી, નામે જયા, દેખાવે સુંદર, વય-પચીસની, સ્વભાવે નિખાલસ, વાચાળ, માણસવલી મને સાથ આપવાની હશે!

સ્વાભાવિક જણાય કે અમારા આર્યા સ્ત્રી વૃંદમાં હોય, ને પાસેની બેઠક ખાલી પણ હોય. એમ જ હતું ને આબુ આરોહણ સમયે પૂર્વી તેને લઈ આવી હતીઃ જીજાજી, આ જયા તમને મળવા ઈચ્છે છે.

તે સસંકોચ બોલી હતી : આમિ જયા. હું તમને જરા પણ કવટ નહીં આપું.

ને મેં ઉત્સાહથી કહ્યું હતું : આવ જયા, આ બેઠક તારી, મને ગમશે.

સાર્થ જોડણી કોશમાં અર્બુદ શબ્દના ત્રણ અર્થો છે; આબુ પર્વત, વાદળ ને એક રોગ. પ્રથમ બે ગમ્યા,

બસ ગતિમાં હતી. હું ગતિમાં હતો ને તે પણ હશે જ.

મેં તેનો પરિચય માગ્યો ને તે જરા ગભરાઈ હતી. “દાદા... બંગાળની છું. હાવડાની એક ગલીમાં અમારું ઘર. આગળ બેઠક ખંડ, પાછળ બે ઓરડા, રસોઈઘર પાછળ..!

વળી વિરામ. તે એ ઘર વિશે વિચારતી હશે. વતન હતું !

ને પછી તંતુ લંબાવ્યો હતો; ધીરેન અંકલ મને અહીં લાવ્યા, રહી એ લોકો સાથે. જોબ મળી. કોલકતા ને યાદ કરતી કરતી અમદાવાદમાં ફરી. ગુજરાતી આવડવા લાગ્યું. થેંક્સ ગાયત્રીબા. મમ્મી પૂર્વી આન્ટિના.

તેણે વચ્ચે હસી લીધું.

થોડો વિરામ ને પછી... દાદા, મા બહુ યાદ આવે છે. નાની કાવ્યા પણ. બેન છે મારી.

ને મેં કહ્યું : તો જઈ આવ વતનમાં.

પર્વતીય રસ્તો હતો. એક તરફની ખીણ ઊંડી ને ઊંડી જતી હતી. ને પડખે પર્વત.

વૃક્ષો, પગદંડીઓ, થોડાં રાતાં છાપરાઓનાં ગ્રામ્ય પ્રદેશો જોઈ શકાતાં હતાં. સૂરજનું અજવાળું હતું ને?.

ને અચાનક શું થયું ? અમારી બસ એક વાદળમાંથી પસાર થઈ. થોડા થોડા ભીંજાવું કેવું ગમ્યું ? જાણે કોઈએ અચાનક સ્ટેચ્યૂ કર્યા ! નવો અનુભવ.

જયા, પ્રથમ સ્તબ્ધ ને પછી શિશુ સમી ખુશ થઈ હતી: દાદા, આપણે વાદળમાં હતાં ?

સુંદરમ્‌નું મોટેરાંને ગાવું ગમે તેવું બાળ કાવ્ય - રંગ રંગ વાદળિયાં યાદ આવ્યું હતું.

પાછળ અંતકડીની રમત ચાલતી હતી તો પણ જયા ખસી નહોતી. બસ... દાદા...! તેણે કોલકતા નગરની વાતો માંડી હતી : હાવડા બ્રિજ, ડમડમ, ક્રિકેટ સ્ટેડિયમ, ગાંગુલી, શાંતિનિકેતન, દક્ષિણેશ્વર, તેની સ્કૂલ, ટાગોર, મમતાદીદી...! દાદા, કોલકતા પાસે ગંગા નથી. રૂપ ને નામ બેય અલગ. વિવેકાનંદ, નંદલાલ બોઝ, કાલી મંદિર અને... તે ભાવુક હતી. એક આંખ રડે ને બીજી હસે એવી અવસ્થા હતી.

મને આ છોકરીની દયા આવી હતી !

મા, માટી, માનુષ ઝંખતી જયા અમદાવાદમાં વસતી હતી.

વળી બીજી વાદળી આવી હતી. ભીંજવ્યા વિના તો શાની છોડે ?

ને જ્યાં હવે એ વિશે કહી રહી હતી : દાદા, મારા ભાગ્યમાં નહીં જ.

તે બાર તેરની. માના ઘરે જ હોય ને? પ્રવાસ દહેરાદુનનો. પૈસા પણ ભરી દીધેલાં સ્કૂલમાં, ને તે માંદી પડી હતી. તાવ હતો. શરીર કેટલું ગરમ?

તેના શબ્દોમાં, દાદા, શરીર પર માછ મૂકી હોય તો રંધાઈ જાય! એવો તાવ!

દાદા, મા માછ સરસ રાંધે. માની માસ્ટરી! તરત ફંટાઈ હતી.



મુખોપાધ્યાય અંકલ સવારે સાદ પડે : જયા, વાસણ લઈને આવ.

અંકલનું પુકુર. કોઈ વાર બોલાવીને માછ આપે. હું રાજી થતી લઈ આવું.

એક શાકાહારીને માછ પુરાણમાં શો રસ પડે. તે મારો અણગમો વાંચી ગઈ, ને ફંટાઈ : દાદા, હું નથી ખાતી માછ. નીરવને ના ગમે એ નહીં કરવાનું. બસ.. બંધ.

પણ નીરવ...?

ને તે ઉત્સાહથી બોલી હતી : દાદા, નીરવ મારો પતિ.

પછી જરા સુધાર્યું : ગુજરાતી પતિ. એક વર્ષ થયું કોર્ટમેરેજને. ભલો છે. મને પ્રેમ કરે છે, સંભાળે છે. મને આગ્રહ કરીને મોકલી ટ્રીપમાં. ।

વળી લગ્નની ભૂમિકા કહી : એકાદ વાર મળી હતી નીરવને.

ધીરેન અંકલે કહ્યું : પરણવું છે તેની સાથે ? તને પ્રેમ કરશે, સાચવશે કાચના વાસણની જેમ. ને પરણી ગઈ.

હું હસ્યો ને તે પણ હસી. ચટ મિલન ને પટ લગ્ન.

પછી તરત જ તે બોલી : માને ક્યાં ગમ્યું ? અમે જે ફોટા મોકલ્યા, પાછા મોકલાવ્યા. ના આશીર્વાદ, ના પ્રેમ..!

તેની આંખો ભીની હતી. મે તેના મસ્તક પર હાથ મૂકીને સાંત્વના આપી.

તેની પીડા સમજાઈ.

બસ, આબુ પહોંચી ગઈ હતી. બન્ને તરફ કાચાં પાકાં ઘર હતાં.

લાલ આશ્રમના આઉટહાઉસમાં ઉતારો હતો. આશ્રમ ઊંચાઈ પર હતો. ઢાળો, પગથિયાં, મકાનો, મંદિરો, વૃક્ષો, મર્કટો ને મનુષ્યો.

એક નવી જ સૃષ્ટિ હતી... કેટલુંય ભુલાઈ જાય.



જયા સ્ત્રીવૃંદમાં ભળી ગઈ હતી. હું ફરી એકલો!

થાક અને જયાનો અભાવ-અનુભવાતા હતા.

સવારે જયા નાસ્તાની પેપર ડિશ અને ચાનો મગ લઈને આવી હતી : દાદા..

ને મેં આભાર માન્યો હતો. તે ખુશ હતી. "દાદા, નીરવનો ફોન આવ્યો હતો. નથી ગમતું મારા વગર!'

તે ખડખડાટ હસી પડી હતી.

મને થયું કે તે તો નીરવ સાથે સુખી હતી, માતાની વાત જરૂર તેને પીડા આપતી હશે. પણ એ તો કૉફીના કપમાંનું તોફાન ગણવું, તે આવી પીડાઓ સાથે જ જીવતી હતી ને? વળી ઉમેર્યું હતું : હેમાંગી સાથે જ સૂતી હતી. તે બેડમિન્ટનની વાતો કરતી હતી. તે એક સ્પર્ધામાં ભાગ લેવાની હતી. ભારે ઉત્સાહમાં હતી દાદા.. નીરવને તો ક્રિકેટ ગમે !

(૨)

બપોરે પાંચ છ જીપ આવી ગઈ હતી, પર્યટન કાજે. ધીરેને વ્યવસ્થા કરી હતી. આબુ તો જોવું પડે ને?

પ્રથમ આર્યા આવ્યાં હતાં. તૈયાર છો ને? પેલી તમને બહુ પરેશાન નથી કરતી ને? સાચવજો તેને.

' અને બીજી મિનિટે જયા આવી હતી, તૈયાર થઈને. વસ્ત્રો પર સેન્ટ સ્પ્રે થયો હતો. હસતી હતી : હેમાંગીની કૃપા. મને બહુ શોખ નહીં. હા, કાવ્યા શોખીન. દાદા, તે તો કવિતા પણ લખે. એક ડાયરીમાં લખે, કયારેક પઠન કરે ને ક્યારેક ગાય. મા કેટલી ખુશ થાય ? તેના સમયમાં, મા પણ વાર્તા લખતી હતી. તે મૂડમાં હોય ત્યારે કહે, એ વાતો.

ને તરત જીપમાં બેસવાનું બન્યું હતું. જગ્યા તેણે પસંદ કરી હતી.

તે મારો હાથ પકડીને એક જીપમાં લઈ ગઈ હતી.

ડ્રાઈવર પાસેની બેઠક : વચ્ચે હું ને પછી તે. ખુશ ખુશ હતી. આ પ્રવાસ દરમિયાન તો તે મને છોડવાની નહોતી જ!

તેની વાતો અખૂટ હતી : મા, કાવ્યા, મુખોધ્યાય અંકલ, કોલકતા, નીરવ, હેમાંગી, ધનંજય...! મારો સમય સરસ રીતે પસાર થતો હતો.

ડ્રાઈવરે જાહેર કર્યું : પહેલા સ્ટોપ અર્બુદામા કા મંદિર, દશ મિનિટ.

એક સ્ત્રીએ ભાવુક થઈને કહ્યું : મા તો હાજરાહજૂર છે. આબુની રક્ષણહાર. સત છે.

જયાએ સાડીના પાલવથી માથે ઓઢી લીધું. આવી ગયું મંદિર, પ્રાચીન હતું. ચોકમાં ગરબા ગવાતા હતા. જયા જોડાઈ ગઈ હતી. બધી જ સ્ત્રીઓ હતી - પૂર્વી, આર્યા, જયા ને હેમાંગી.

વૃક્ષો પર લાલ, લીલી કપડાની ચીંદરડીઓ બાંધેલી હતી. જયાએ એમાં એકનો ઉમેરો કર્યો.

મારી પાસે આવી ત્યારે પસીનાથી ભીની હતી. ગાલો પર કંકુ-ગુલાલ હતાં. તે તેજ તેજ હતી. શું બોલી? તેને કોલકતાનું કાલી મંદિર યાદ આવ્યું હતું. મા સાથે ગઈ હતી. કાવ્યા તો હજી અણસમજણી હતી.

ને પછી એક પ્રશ્ન : દાદા, તમે ક્યારેય કોલકતા ગયા છો?

બીજું સ્ટોપ દેલવાડાનાં દહેરાઓ જોવાનું હતું. લોકોની સનસેટ પોઈન્ટની લાલસા હું જાણતો હતો. એ સિવાય બધું જ ગૌણ હતું.

મેં જયાને વસ્તુપાળ-તેજપાળ અને શાણી સ્ત્રીની વાત અનુપમા દેવી કહી, કેવી રીતે મૂર્તિઓ રચાઈ એની કથા કહી. તે જરાક ઉત્સુક બની : ઓહ! આમ બન્યું હતું ? આમિ ચકિત આછિ.

પણ ખરેખર જોયું ત્યારે આશ્ચર્યમાં પડી ગઈ. દાદા, આ તો મિરેકલ! શું કહેવાય, પથ્થરોની કવિતા. તાજ કરતાં પણ વધુ સુંદર. દાદા, આને વર્ણવવા માટે મારી પાસે શબ્દો નથી.

ચાર પાંચ મૂર્તિઓમાં લીન થઈ ગઈ હતી ને એકને તો નમી પડી હતી : નમામિ અહમ્, દાદા.

દાદા, એઈટથ વન્ડર ઓફ ધી યુનિવર્સ. ક્યાંય આવું તો નથી.

સમય પૂરો થઈ ગયો - ની સૂચના મળી ને તે નારાજ થઈ ગઈ હતી.

કહે : દાદા, અહીં રહી જઈએ. બધું જોઈ લઈએ ધરાઈ ધરાઈને.

જવું પડ્યું. નો વે. પૂર્વીએ કહ્યું : આવજે ફરી નીરવ સાથે.

ગોઠવાઈ ગઈ મારી પાસે, ઉદાસ થઈને. કદાચ, કોઈ શિલ્પમાં મન ખોડીને બેઠી હશે !

‘જયા, તું અત્યારે શિલ્પ જેવી જ લાગે છે’ મેં કહ્યું ને તે હસી હતી :

‘દાદા, મજાક કરો છો?’

પછી કોલકતા યાદ કર્યું : કોલકતામાં ટાગોર, ગાંધી, રાજા રામમોહનરાયની મૂર્તિઓ છે. બીજી પણ હશે. ક્યાં એકેય જોઈ હતી ? હા, પૂજાના તહેવારોમાં માની કેટલી બધી મૂર્તિઓ હોય? દશેરાની સાંજે જળમાં વિસર્જન થઈ જાય. આ તો નિત્ય નવીન ને પાછી એ જ !

‘તે હજીએ મુગ્ધતામાંથી બહાર આવી જ ક્યાં હતી ને નખી લેક આવ્યું હતું.

મુક્ત પવન, અગાધ જળરાશિ, આકાશ, ભૂમિ ને દૂર સુધીની ક્ષિતિજ. નૌકા વિહાર થતો હતો.

જયાએ આશ્ચર્ય વ્યક્ત કર્યું હતું : પર્વત પર આવડું મોટું સરોવર ? દાદા, અહીં તો કાયમ રહેવા જેવું છે.

તે થોડી વાર માટે છૂટી પડી; કદાચ જળસ્પર્શ કરવો હશે અલગ થવું હશે મારાથી, હેમાંગીને મળવું હશે.

મેં એક ખાલી બેન્ચ શોધી કાઢી હતી. જળદર્શન, મનુષ્ય દર્શન ને આત્મ દર્શન; ત્રિવિધ દર્શન થયાં હતાં.

ને ત્યાં, તો દોડતીક આવી હતી, એક કથા લઈને. “દાદા, આ લેક તો કુંતીપુત્ર ભીમે રચ્યું હતું, તેનાં નખી વડે ખોદીને, રાતોરાત!

તે હસી રહી હતી, ના માનતી હોય એ અદામાં.

આ પછી તે તેના નખો પર આવી હતી.

‘દાદા.. જુઓ મારી કળા’ તેણે બે હાથના દશે નખો મારી સામે ધર્યા.

આવવાની આગલી રાતે મેં રંગ્યા...’ કેવા લાગે છે? ગમ્યું તમને મારું કળાકર્મ?

તે ખુશ હતી. લાગ્યું કે ખરેખર તો તે ચંચળ હતી. ઘડીમાં ઉદાસ ને ઘડીમાં સુખી. માએ તેને શા માટે નારાજ કરી હશે ?

પછીનું સ્થળ એક બોટોનિકલ ગાર્ડન હતું. બધી જાતની વનસ્પતિઓ હાજર હતી. ઘાસનાં મેદાનો, વૃક્ષો, છોડો, ક્યારાઓ, લતામંડપો, ફુવારાઓ, સુગંધો, ભીનાશો, લીલાશો-બધું જ હતું.

સ્થળે સ્થળે સૂચનાઓ, માહિતીઓ, વૃક્ષોનો પરિચય, ગુણધર્મો, ગુણો, મૂળ વતન, જયા લીન થઈ ગઈ હતી.

વળી વતન : દાદા, કલકતામાં આવું... નથી.

ગુરુ શિખર જોઈ તે દંગ થઈ હતી : સારું થયું, હું આવી.



નીરવે મોકલી. આ તો વન્ડરલેન્ડ છે .

'દાદા, આપણે આકાશમાં છીએ ! મને ડર લાગે છે. પવન મને ખીણમાં તો નહીં લઈ જાય ને?

નીચે ઊતરીને તેણે તેના ગુરુઓ યાદ કર્યા હતા : રમાનાથ સર, પાર્વતી મૅડમ, મુખરજી મોશાય, દેવ ટિચર..!

પ્રથમ ગુરુ મારા પિતા. મને વ્યાકરણ શીખવે. ભારે કઠોર. ના આવડે તો..

તે તેની હથેળી જોતી હતી.

પછી ઉદાસ સ્વરમાં બોલી હતી : દાદા, નથી હવે. બે દિવસની માંદગી. મા ઠંડા પાણીનાં પોતાં મૂકી રહી હતી. હું પાસે બેસીને હોમવર્ક કરતી હતી.

ડૉક્ટર ઘરમાં પ્રવેશી રહ્યા હતા.

મારે માને કેટલી સંભાળવી પડી હતી ? બસ ગયાં ! અમે અનાથ થઈ ગયાં.

છેલ્લે આવ્યો સનસેટ પોઇન્ટ. સહુને એમાં જ રસ હતો. .

એક પ્લેટફોર્મ હતું. સામે ખીણ હતી ને વચ્ચે મજબૂત આડાશ. સૂર્યાસ્ત જોનારાઓનો હરખ શિખર પર હતો .

હજી ખાસ્સું અજવાળું હતું. સામેનો રસ્તો ભીડથી ભરચક હતો; મનુષ્યો, યાતાયાત, અશ્વો અને અશ્વપાલ કે, લારીઓ, ફેરિયાઓ.

દેશ-પરદેશના સહેલાણીઓ; પહેરવેશો, ભાષાઓ, રિવાજો, વર્તણૂકો..! મીની ભારત આ તો.

આકાશના પશ્ચિમે સૂર્યનો ગોળો ધીમી ચાલે નીચે ઊતરી રહ્યો હતો. સનસેટ ખાસ્સો દૂર હતો.

અશ્વોના પેશાબની વાસ પરેશાન કરતી હતી. સ્વચ્છતાનો અભાવ હતો.

જયાએ કહ્યું : દાદા, જરા બહાર જઈએ. તેણે જ એક બેઠક શોધી કાઢી : ફાવશે ને ? તેણે તેના પાલવથી બેઠક સાફ કરી હતી, મને બેસાડયો ને તે સંકોરાઈને બેસી ગઈ.

રાહત લાગી. પવન તો હતો. માનવ વસ્તી છતાં એકાંત.

થોડી થોડી વારે પ્લેટફોર્મ પરથી હર્ષનાદો સંભળાતાં હતા. કલ્પી શકાતું હતું કે સૂર્ય નીચે ઊતરી રહ્યો હતો, રંગો બદલાતા હશે, રૂપો બદલાતા હશે. આ તો પતનનો ઉત્સવ હતો. માનવ કોલાહલો પણ બદલાતા હતાં.

જયા મૌન હતી. શું તે શાંતિ ઇચ્છતી હશે ? શા માટે તેની શાંતિને ડખોળવી ?

ને અચાનક, તેણે ડાબી હથેળી મારી સામે ધરી હતી: દાદા, હસ્તરેખા જોઈને ભાખો ને, હું માને ક્યારેય મળી શકીશ કે નહીં?

તે રડી રહી હતી, ડૂસકે ડૂસકે. આખરે તેના મનમાં મા હતી. હું દ્રવી ગયો.

સમજ પડી કે તે શા માટે મારા પડછાયાની માફક મને વળગી રહી હતી ?

કોઈએ તેને ભરમાવી હશે કે આ વ્યક્તિ અર્થાત્ હું હસ્તરેખાઓ પરથી ભવિષ્ય ભાખી શકું છું. અને એથી આ કરુણિકા બની હતી તેની અપેક્ષા સમજાઈ.

બિચારી જયા ! તેની જમણા હાથની હથેળી આંસુ લૂછતી હતી ને ડાબી, મારા માટે સાવ કોરી રાખી હતી.

મને તેની તો ખરી, મારી પણ દયા આવી હતી. કોણે આવી ક્રૂર મજાક કરી હશે ?

જયા... શાન્ત થા' મે તેને થોડી સ્વસ્થ કરી. પછી માતૃ મહિમા ગાયો હતો : જયા મા તો મા જ હોય, કોઈ પણ સંજોગોમાં તેણે તને ક્ષમા આપી જ હશે. તે તમને બન્નેને સ્વીકારશે જ.

સમર્થનમાં મેં દલપતરામ, બોટાદકર, શંકરાચાર્યજી ટાંક્યા હતા, દક્ષા પટેલનું સંપાદન માતૃમુદ્રા ખપમાં લીધું

અને જયા, આવી કોઈ વિદ્યા હું જાણતો નથી. હું માને જાણું છું, મારી માને. એય જાણું છું કે બધી મા આવી જ હોય. તારો ને તારી માનો મેળાપ અવશ્ય થશે. તું શ્રદ્ધા રાખ..

'દાદા, જાઉ છું...' તે ઊભી થઈ, ચરણસ્પર્શ કર્યા ને દોડતી કે પેલા ટોળામાં ભળી ગઈ,

બીજે દિવસે પ્રવાસ પૂરો થયો હતો. જયા સ્મૃતિમાંથી ખસી નહોતી.

એક દિવસે જયાનો પત્ર આવ્યો ને થયું : ઓહ! પેલી દુખી છોકરી! દાદાનું સંબોધન..! પ્રથમ ક્ષમાયાચના. તેની માએ તે બન્નેને કોલકતા બોલાવ્યાં હતાં. પરિવાર ભોજ રાખ્યો હતો. જામાતાનો સત્કાર કરવાના હતા. તે ખુશ હતી.

દાદા, તમે સાચું કહેતા હતા પણ હું, અભાગી ના સમજી શકી. કેટલી ક્ષમા માગું? તમે તો ઈશ્વર છો. આ નઠારી છોકરીને માફ કરજો.' હું ખુશખુશાલ હતો. તેને અનુભવતો હતો.

---

*પ્રશાંતિ નિલયમ, માધવનગર,*
*સુરેન્દ્રનગર. મો. ૬૩૫૩૯ ૬૯૧૩૯*



# ફરજ

- કલ્પેશ પટેલ

દિનુનો વોટ્સએપ કૉલ પત્યા પછી ધનજી ઢીલો ઘેંશ થઈને બેઠો હતો એ જોઈને પત્નીએ કહ્યું," ચ્યમ આમ લાતરાઈ જ્યા છો? શરીર તો નરવું છં નં? "ધનજી થોડી વાર તો હતો એમ જ રહ્યો પછી જરા સળવળીને બોલ્યો, "શરીરને તો કોંય પોંણાય નથી પડ્યા..." આગળનું વાક્ય એ ચાવી ગયો અને ઊભો થયો. પાણિયારે જઈને પાણી પીધું અને પાછો આવીને ખાટલામાં ધરબાયો.

"શું કે'તા'તા દિનુભાઈ?" પત્નીનું ધ્યાન તો લસણ ફોલવામાં હતું, પણ ધનજીને લાગ્યું કે કંઈ શંકાબંકા પડી હશે કે શું? ...એણે જવાબ આપ્યો," ખાસ કંઈ નઈ! ગોંમના હાલચાલ પૂછતા'તા! "બોલીને ધનજી પાછો મૂંગોમંતર થઈ ગયો. પોતે અહીં જ બેઠેલો રહેશે તો પત્ની એનો એ વિષય છેડશે ને નાહક મારો જીવ બળ્યા કરશે, એના કરતાં અહીંથી ટળું એમ વિચારતો એ ઊભો થઈને ચંપલ પહેરવા વળ્યો. પત્ની પૂછે એ પહેલાં કહી પણ દીધું," આવું છું, ભાગોળમાં જઈને! કોંય કોંમબોંમ તો નથી ને!"

"કોંમ કૂટવાનું તો અમે કરમમાં લખાઈને નથી આયાં? તમતમારે ભાગોળે અડિંગા લગાઈને હા - હા હી - હી કરો! ને ટેમ થાય એકઅ આઈ જજો ખાવા! ભાઈબંધ હતો તે ડૉલર કમાવા દેશાવર જતો ર્યો! ને પોતે રહ્યા ધોયેલા મૂળા જેવા! બીજો કોક આય તો ભાઈબંધીનો લાભ લે.. પણ આંયાને આવડ્યું હોય તો શું જોઈતુંતું! ઊલટાનું ત્યાં બેઠા બેઠા એ હુકમ કરે એટલે અહીં આપણે એના ગોલાપા કરવાના! "

"સારું હવે! મેલ ને છાલ! વગર ફોગટની ભોડાકૂટ ના કરતી હોય તો!" બોલીને ધનજી રસ્તે પડ્યો. વિચારો તો એના એ ચાલતા હતા. આ લાભની ને નાલાભની કરે છે પણ એને ક્યાં ખબર છે કે.... "પોતે એકલો એકલો વિચારતો હતો તો પણ આટલેથી અટકી જતો હતો. સાલું.. હજુ પણ માન્યામાં આવતું નથી! રોંમજોંણે..."

સમા રસ્તા પર પણ ધનજી પડતાં બચ્યો એ જોઈને સામે આવતા પરશોતમદા બોલ્યા, "ચ્યમ ભાઈ! તબિયત તો હારી છંનં ભા?" બીજો વખત હોત તો ધનજી કેટલીય ચોવટ કરવા ઊભો રહેત પણ અત્યારે તો નિસાસો નાખીને એટલું જ બોલ્યો, "બધું બરોબર છં કાકા! આ તો જરાક..." ને આગળ જ વધી ગયો. ને ભાગોળના એના નિત્યના ઓટલે જઈને બેસી પણ ગયો. ઓટલે રણછોડ વેલા ને બીજા બેચાર જણા બેઠા હતા અને ચૂંટણીનાં પરિણામોની આગવી સમીક્ષા કરી રહ્યા હતા. બીજો વખત હોત તો ધનજી એમાં પોતાનો સૂર પુરાવત પણ આજે તો એ એમ જ બેસી રહ્યો અને મોબાઈલ કાઢીને વોટ્સઅપ જોવા લાગ્યો. એમાં એણે દિનુનો નંબર કાઢીને પ્રોફાઇલ પિકચર મોટું કરીને જોયું. દિનુના હસતા ચહેરાએ ધનજીને નિરાશ કરી મૂક્યો. એક નિસાસા સાથે તેણે દિનુના ઘર તરફ જતા ફળિયા સામે જોઈ લીધું. દિનુના શબ્દો એને યાદ આવ્યા, "ભઈલા! તને તો ખબર છે કે વીરા તો બધા વેરવી થયા છં! મું દેશાવર મારે મેતે આવ્યો છું! કોઈએ અધેલીય ચ્યાં આલી છં? એક તારો આશરો હતો એટલે તો મેં આ આંધળિયું કર્યું' તું! નઈં તો રૂપાળું વતનનું સુખ મેલીને અહીં મજૂરી કૂટવા ઓછો આવતો! અને તને તો એય ખબર છે કે હજુ બે નંબરમાં છું! ધારું તોય રાતમાં પાછું અવાય ઈમ નથી! એ તો એ દંન લીલાએ વળી હિમ્મત આલીને કીધું કે તમારે ભાઈથીય અધિક ધનજીભાઈ ક્યાં નથી? ....એટલે મેં સાહસ કર્યું.. હવે તું જ ઊઠીને જો બધું વંછેરી મેલે તો મારે તો મધદરિયે ડૂબવાનું આવશે ભાઈ! રમીભાભીને એમ થતું હોય કે તું મારા ઘરની વધારાની જવાબદારીમાં તારા ઘરનું બગાડે છે તો એનોય કાંક રસ્તો કાઢીએ ભાઈ! અને તું મારા ખાતર આટલું બધું કરે તો મું કોંય જોઈ રહું એવો છું?"

"અરે.. એવી વાત નથી દિનુ! મારે વળી તારી શી આશા! આ તો મારી ફરજ મું નિભાવું છું... એમાં કોય લેવાનું



થોડું હોય... તુંય શું વાત કરે છે યાર!" ધનજીએ કહી દીધેલું.

"તે મું પણ એ જ કહું છું તો! કે તને તારી ફરજ લાગતી હોય તો નિભાવી જોંણ! મનેય ખબર છે કે તારે બે બાજુ દોડવાનું થતું હશે, પણ થોડાંક વરસોનો સવાલ છે, પછી તો લીલાને પણ હું ઓય જ તેડાવી લઈશ તો !"

"તે તને ઈમ લાગે છે કે મું મારી ફરજ નથી નિભાવતો? કે જે?"

"એવું મેં ક્યાં કીધું? મને તો ક્યાં કશી ખબર જ હતી? આ તો લીલાએ મને ફોનમાં કીધું કે તમારા ભાઈબંધને બે શબ્દો કે'જો! દસ દનથી પૂછવાય નથી આયા કે જીવતાં છીએ કે દેવ થઈ જ્યાં!"

ધનજીએ ઊંડો નિશ્વાસ નાખીને દિનુના ફળિયા સામે જોયું. નજર ફરતી ફરતી સામેના ઝાડ પર સંવનન કરી રહેલાં પંખીઓ પર સ્થિર થઈ ન થઈ ને વળી ફોનમાં આવીને અટકી. એણે વોટસએપ બંધ કરીને કોલ હિસ્ટરીમાં જોયું, લીલાભાભીના આજના જ આઠ મિસ્ડ કોલ હતા. એણે ફોન સાઈલેંટમાંથી નોર્મલ મોડ પર કર્યો અને સિસકારો ભરતાં લવી ઊઠ્યો, "આ લીલા... ભાભી જ ! મારા જ ભોગ લાગ્યા'તા તો !"

દિનુના ગયા પછી ધનજી દરરોજ લીલાને ફોન કરીને પૂછી લેતો. કંઈ જોઈતું- કારવતું હોય તો લાવી આપતો. એનાં લાઇટબિલ ને ગેસ બિલ ને એવાં બીજાં પરચૂરણ કામો એ સિફતથી કરી આપતો. એ જ્યારે જતો ત્યારે સ્કૂટર લઈને જતો અને છેક નેવાં આગળ ઊભું રાખીને ત્યાંથી જ ટહુકો કરતો, "ભાભી! લાવો બિલ ને પૈસા!" લીલા થોડીક વારમાં આવીને આપી જતી. ને કહેતી પણ ખરી, "જ્યારે આવો છો ત્યારે બસ રઘવાટમાં જ હો છો! માણસ ઘડીક પાણી પીએ, અરે, ચા પાશું તો અમે પાશું ! ...પણ આ તો..." ને નિસાસો નાખીને ઊભી રહેતી. ધનજી બીજી ક્ષણે જ સ્કૂટર દોડાવી મેલતો. એ પછી એકાદ વાર લીલાએ આગ્રહપૂર્વક કહેલું, "ભાઈબંધ શું ગયા કે અમે તો વેરવી થઈ જ્યાં, મ્યમ?" ને એ દિવસની રીસ જ એવી હતી કે ધનજીએ કહેવું પડેલું," "અમં કોય કોંમે આવું તાણે ચા પીશ, બસ?"

"તાણે તો તમારો ઉપકાર!" બે જ દિવસમાં લીલાને કામ પડ્યું, ફોન હતો કે મિકચર બગડ્યું છે ! આવીને જોઈ આલો તો તમારી ભલાઈ! " ધનજી જાય તો ક્યાં જાય? એને ઈલેક્ટ્રિકનું કામ ફાવે છે એ અડધા ગામને ખબર હતી, એમાંય દિનુના ઘરનું તો લાઈટ ફિટિંગ પણ એણે જ કરેલું! એને જવું પડેલું. પણ ચોપાડમાં જ ઊભા રહીને કહેલું, "લાવો ! જોઈ લઉં!" લીલાએ અંદરથી મિકચર લાવીને આપેલું. ધનજીએ બધું ફેરવીને જોઈ લીધેલું ને પછી કહેલું, "બગડ્યું તો નથી લાગતું!" કહીને બહારના પ્લગમાં ચેક કરી બતાવેલું! લીલા મીઠું મરકતાં બોલેલી, "મશીને મોણસ જેવાં થઈ જ્યાં છે તો!"

ધનજીને મૂંઝારા જેવું થવા લાગેલું એટલે ટેસ્ટર બુશશર્ટના ગજવે ભરાવીને બોલ્યો હતો, "મું જાઉં ભાભી!"

"એમ મ્યાં જશો? ચા મેલી છે, પી ને જાઓ!"

ધનજી ક્યાં જાય? ચોપાડમાં હતી એ ખુરશીમાં ઊભડક બેઠો. ચા તો એના સમયે જ આવી તોય ધનજીને લાગ્યું કે બહુ મોડું થયું. ભર્યા વાસમાં કોઈ આવે તો શું વિચારે! પણ.. આમને કોણ સમજાવે?.. ચા એને ગમતી હતી અને દિલથી બનાવેલી હતી તોય દવા પીતો હોય એમ પી લીધી હતી !

"એ જ્યા એ દનની આજે ચા બની!" લીલાએ કહેલું.

"મ્યમ? તમે નથી પીતાં?"

"ચા તો પીઉં છું, તમારી જ્યમ મને કડક ચા ફાવે, પણ એકલાં એકલાં હવે શું પીવી?" બોલ્યા પછીના નિઃશ્વાસે ધનજીને ખળભળાવી મૂકેલો. ભૂત જોયું હોય ને માણસ નાસે એમ એ ત્યાંથી ભાગેલો. સાંજે એના વોટ્સઅપમાં મેસેજ હતો, "ચા પીધી એ બદલ તમારી મેરબાની !"

ધનજીએ જવાબ લખીને આપ્યો નહોતો. ફોન કરીને કહેલું, "ભાભી આવાં મેણાં ના મારો ! તમારા હાથની ચા ઓછી પીધી છે કંઈ?"

"એટલે તો કહું છું કે ભાઈબંધ દેશાવર જ્યા છે પણ ચાની પાનારી તો છે ને! અને એક વાત કહું? એમને તો ગળી મધ ચા પીવા જોઈએ, પણ તમે ભેગા હો ત્યારે મું કડક જ ચા બનાવતી! એ ખબર છે તમને?" ધનજી ચોંકી ગયેલો. બીજી આડીઅવળી વાત કરીને તેણે ફોન મૂકી દીધેલો. આનો અર્થ તો એ થયો કે એ પહેલેથી.... ધનજીને યાદ આવેલું, દિનુ ઘણી વાર ફરિયાદ કરતો, "આવી કડૂચી ચા શું બનાવતી હોઈશ! મોઢામાં પણ પેસતી નથી! નહિ ધના?"

પોતે ત્યારે મરકીને જ રહી જતો, પણ આ રહસ્ય તો જતે દહાડે આજે ખૂલ્યું હતું..

આ દિવસ પછી ધનજી ત્યાં ચાલતો જતો. ખુરશી હવે ચોપાડને બદલે અંદરના રૂમમાં પથરાતી. અને ચાની ચુસકીઓ લેવાતી. ધનજીએ વિચારેલું, મારા પેટમાં પાપ નથી તો પછી શો ભય? ભાઈબંધને ફરજ નિભાવવાનું વચન આલ્યું છે એ પાળું એટલે સંતોખ!, બીજું શું?

પણ રામ જાણે ધનજીના પેટમાં પાપ હતું કે લીલાના કે પછી 'ટેમ' ભાગ ભજવી ગયો હોય કાં તો પછી ભૂંડો વરસાદ પણ...

"અલ્યા ધના! રોજ તો આખા ગોંમનાં પાડાં પૈણાવે છે ને આજે ચ્યમ મૂઢામાં મગ ઓર્યા છં.!" એક ડોસાએ ત્યારના ચૂપ ધનજીને જોઈને પૂછ્યું તો ધનજીએ ટૂંકમાં પતાવતાં કહ્યું "તમારા સરખા મોટા મોટા નેતાઓ વાતો કરતા હોય ઈમાં અમારું ઝેણા મનેખનું તે શું આવે?"

જોકે, ડોસો પણ ટાળ્યો ટળે એવો ક્યાં હતો? બોલ્યો, "માન ન માન ધના, પણ થોડા દંનથી તારા મોઢા પર નૂર નથી!"

ધનજી હલબલી ગયો. એણે ડોસા સામે જોયું. ડોસો તો એની રીતે જ બોલતો હશે પણ ધનજીને તો થયું કે....

તે દિવસે સમી સાંજે લીલાનો ફોન આવેલો કે નવેરીમાંથી એક ઝેરી જનાવર ઓરડામાં પેસી ગયું છે! તમે જલદી આવો! ધનજી કંઈ બોલે એ પહેલાં તો ફોન મુકાઈ ગયેલો. એ ત્યારે ખેતરમાં હતો. અંધારું પડવાને ઝાઝી વાર નહોતી.અને આકાશ ગોરંભાયેલું હતું. ...રામજાણે આમને ક્યાંથી જનાવર પેસી જાય છે! હાળો ત્રાસ છે ત્રાસ! આ તો હાળી લોથ વળગી છે! ...એમ ગણગણતો એ સ્કૂટર પર સવાર થઈને દિનુને ઘરે પહોંચ્યો હતો.

લીલા નેવાં આગળ ઊભી હતી. "ઝટ કરો હેંડો!" એણે અધિકારપૂર્વક કહ્યું હતું.

"નવેરીમાં જે ને તે અવોડ ભરી રાખાં પછી જનાવર જ પેંધેને!" ઠપકો કરતાં એણે કહ્યું ને ઉમેર્યું, "લાવો લાકડી !" કહીને પછી એણે પોતે જ ખૂણામાં ઊભો કરેલો પરોણો લઈને આગળ થતાં બોલ્યો "લ્યો હેંડો! ચ્યાં પેઠું છે બતાવો !"

"પણેકણ્યે!" લીલાએ આંગળી ચીંધીને દૂરથી જ બતાવ્યું. ધનજીએ લાઇટ કરી. ઓરડામાં થોડાક અનાજ ભરેલા કોથળા, ખેતીનાં નાનાંમોટાં ઓજારો, એકાદ - બે પીપ અને એવો બધો સામાન પડ્યો હતો. ધનજી આગળ ધપ્યો હતો અને એક પછી એક વસને આઘી કરતો જતો હતો.

"હાચવી ને હો!" લીલાના શ્વાસ ફૂલવા લાગ્યા હતા.

"ફિકર નંઈ!" એટલું બોલીને ધનજીએ પીપને જરા ખસેડ્યું. લીલા થોડેક આગળ આવતી તો વળી પાછળ જતી હતી. ધનજીની પીઠથી એ ઝાઝી દૂર નહોતી. અચાનક કશોક ખખડાટ થયો તો ધનજી જરા પાછો પડ્યો. એની પીઠને લીલાની ઘેઘૂર છાતીનો સ્પર્શ થયો. ધનજી જરા આગળની તરફ સર્યો. એણે કંઈક યાદ આવતાં કહ્યું, "હાથબત્તી હશે ?"

"લાવું!" લીલા તરત બેટરી લઈ આવી. "લો"

ધનજીએ બેટરી લઈને પીપની પાછળ શેરડો ફેંક્યો. "ભાઈસાહેબ અહીં સંતાયા છે!"

"શું?"

"હા!" ધનજીએ કહ્યું ને લાકડી ખટખટાવી એ સાથે જ એક કાળોતરો ભીંતે ભીંતે નવેરી તરફના બારણા તરફ સરકી રહ્યો. "જોયો ભાભી?"

પણ લીલાએ તો એને પહેલાં જોઈ લીધો હતો. ગભરાટની મારી એ એટલામાં તો ધનજીને વળગી પડી હતી. ને ધનજીએ પણ પછી તો એને બાથમાં લઈને.... લીલાના હાથની બેટરી નીચે પડી ગઈ હતી ને ધનજીએ પરોણો ક્યાંય ફગાવી દીધો હતો. જાણે એટલું ઓછું હોય એમ બહાર ગાજવીજ સાથે વરસાદ પડવો શરૂ થયો હતો.

મોડેથી ધનજી ત્યાંથી નીકળ્યો ત્યારે લીલાએ કહ્યું કે સ્કૂટર પડ્યું રહેવા દો અને છત્રી લઈને જાઓ! પણ ધનજી તો જાણે સાંભળ્યું જ ન હોય એમ વગર છત્રીએ ઊભા રસ્તે ધમધોકાર પલળતો જઈ રહ્યો હતો. જાણે એમ કરવાથી કોઈ પાપ ધોવાઈ જવાનાં ન હોય! બીજે દિવસે એ સવારે સ્કૂટર લેવા ગયો ત્યારે લીલાને કહેવા પણ ન રહ્યો કે લઈ જાઉં છું! એ પછી લીલાના બહુ ફોન આવ્યા પણ એણે ન તો રિસીવ કર્યા કે ન તો સામે કર્યા.

પણ એમ કરતાં કંઈ ઘાત થોડી ટળે ? આજે દિનુનો ફોન આવી ગયો! હવે એને કેમ કરીને સમજાવું કે ભાઈ... આ ફરજ નિભાવવી આકરી છે ! મન સાથે ધનજી આમ ઘડભાંજ કરી રહ્યો હતો, ઠીક એ જ વખતે લીલાનો ફોન આવ્યો. શો જવાબ આપવો એ વિચારમાં ને વિચારમાં એણે રિંગ વાગવા દીધી. તરત જ ફરીથી રિંગ વાગી. આ વખતે મન સાથે કંઈક નક્કી કર્યું હોય એમ ફોન ઉપાડીને બોલ્યો, "બોલ ને... લી...લા !"

---

*૨૨૭/ ૨, કિસાનનગર, સેક્ટર -૨૬,*
*ગાંધીનગર - ૩૮૨ ૦૨૮ મો. ૭૮૬૨૯૫૨૦૫૧*

# અંતમાં તો...

*- અવિનાશ પરીખ*

"આસોપાલવ" રસિકભાઈના બંગલાનું નામ હતું. ડેપ્યુટી જનરલ મેનેજરના હોદ્દા ઉપર, બેંકમાં કામ કરતા રસિકભાઈ આઠ મહિના બાદ નિવૃત્ત થવાના હતા. તેમના પત્ની રેખાબહેન તો બસ, પતિના નિવૃત્તિના દિવસની જ રાહ જોઈ રહ્યાં હતાં.

છેલ્લા એક દસકાથી પતિની વ્યસ્તતા એટલી વધી ગઈ હતી કે પત્ની તરીકે તે પતિના સહવાસથી ખૂબ દૂર થઈ ગયાં હતાં. પુત્ર રોમેશ અને તેની પત્ની રેશમા પોતાના સંયુક્ત બિઝનેસમાં ગળાડૂબ રહેતા હતા. તેમનો પૌત્ર બંટી દસ વર્ષનો હતો. તે પણ અકારણ વ્યસ્ત રહેવા માંડ્યો હતો. છતાં, પણ, દાદી માટે બંટી સમય અવશ્ય કાઢી લેતો હતો.

પોતાની નિવૃત્તિનો દિવસ જેમ જેમ નજીક આવી રહ્યો છતાં, રેખાબહેનના હૈયામાં હર્ષની હેલીઓ ઊભરાવા માંડી હતી. તેમણે તો પતિ સાથે કાશ્મીર જવાનો કાર્યક્રમ પણ મનોમન ઘડી નાંખ્યો હતો. પતિથી દસ વર્ષમાં જેટલા દૂર થયાં હતાં. કાશ્મીરના એક મહિનાના રોકાણમાં ભરપૂર નિકટ આવીને બધું સરભર કરી નાંખવા તે તત્પર બન્યાં હતાં.

દિવસો પસાર થઈ રહ્યા હતા. રસિકભાઈની નિવૃત્તિ આડે હવે પંદર દિવસ જ રહ્યા હતા. એક અપેક્ષિત ઉદાસીના ઘેરામાં રસિકભાઈ આવી ગયા હતા. નિવૃત્તિ પશ્ચાતના જીવન વિશે તે અવઢવમાં રહેતા હતા. બધું જ અસ્પષ્ટ હતું.

રેખાબહેનની મનોસ્થિતિ એક વિજેતા જેવી હતી. પંદર દિવસ બાદ તે પતિને જીતવાના હતાં. જીવન મધુરપના ઘૂંટડા પ્રદાન કરવાનું હતું. એકલતાના અજગરથી તે મુક્તિ પામવાના હતાં. રેખાબહેનના મુખ ઉપર તેજની આભા જાણે પથરાઈ ગઈ હતી.

હવે અઠવાડિયું જ બાકી રહ્યું હતું. રવિવારની તે સાંજે પતિ-પત્ની ઘરમાં એકલા જ હતાં. રોમેશ, રેશમા અને બંટી મૂવી જોવા માટે ગયા હતા. રાતના ડીનર લઈને જ તે ત્રણ જણ પરત આવવાના હતા. રસિકભાઈ કશુંક વિચારી રહ્યા હતા.

તેમણે પત્નીને કહ્યું, "ચાલ, બહાર ગાર્ડનમાં બેસીએ. થોડી અગત્યની વાતો કરવી છે."

બેઉ જણ બંગલાના લીલાછમ ઉદ્યાનમાં આવીને ગોઠવાયાં. મંદ ગતિએ વહેતો પવન વાતાવરણને આહ્લાદકતા અર્પી રહ્યો હતો. રેખાબહેન પ્રસન્ન થઈ ઊઠ્યાં. તે પતિને અનિમેષ નેત્રે તાકી રહ્યાં હતાં.

"અગત્યની વાતો શરૂ કરીએ?" રેખાબહેનના સુંદર મુખ ઉપર સ્મિત છલકાઈ ઊઠ્યું.

"આવતા રવિવારે તો હું નિવૃત્ત હોઈશ." રસિકભાઈના સ્વરમાં વેદના હતી.

"અને હું આવતા રવિવારથી વ્યસ્ત થઈ જઈશ." રેખાબહેનના સ્વરમાં નિરાંતનો ભાવ હતો.

"નિવૃત્તિ પછીના કેટલાક મુદ્દાઓ ઉપર મારે તારી સાથે વાત કરવી છે. વાતને હળવાશમાં ન લેતી." રસિકભાઈ ગંભીર હતા.

રેખાબહેન પતિને સાંભળવા સજ્જ થઈ ઊઠ્યાં. સાંજ ઢળી રહી હતી. વાતાવરણ મૈત્રીપૂર્ણ ભાસતું હતું. પતિ શું કહેશે તે જાણવાની ઉત્સુકતા રેખાબહેનના મનમાં જાગૃત થઈ ઊઠી હતી.

રસિકભાઈ બોલ્યા, "નિવૃત્તિ પછી પગાર ઘટી જશે. હું પેન્શનર બની જઈશ. બચત ન વપરાય તે વાતનું ધ્યાન રાખીને દર મહિને મળતા પેન્શનમાંથી ઘરના અને વ્યક્તિગત ખર્ચાઓ કરવાના રહેશે. બેંક દ્વારા પ્રાપ્ત થયેલી જાહોજલાલીના દિવસોનો અંત આવશે. તેથી...

વાતાવરણ ગંભીર બન્યું હતું."

"તેથી શું? તમે તેથી બોલીને અટકી કેમ બની ગયા?" રેખાબહેનની આંખોમાં ઉત્સુકતા હતી.

"તેથી એક મહત્ત્વનો નિર્ણય હું લેવાનો છું." રસિકભાઈએ શબ્દોનું ઉચ્ચારણ દઢતાપૂર્વક કર્યું.

રેખાબહેન મૂંઝવણમાં હતાં.

"રેખા, આ ચાલુ મહિના સુધી આખા ઘરનો ખર્ચો હું ઉઠાવતો હતો. રોમેશ પાસે મેં એક રૂપિયો માગ્યો નથી. આવતા મહિનાથી..."રસિકભાઈ અટકી ગયા.

"આગળ બોલો." રેખાબહેન ઉતાવળા બન્યાં.

"આવતા મહિનાથી ઘરખર્ચના અડધા પૈસા જ હું આપીશ. બાકીના અડધા રોમેશે આપવાના રહેશે. ખૂબ વાજબી વાત મેં કરી છે."

રેખાબહેને કોઈ પ્રતિભાવ ન આપ્યો.

"રેખા..."

"હં..."

"મારી વાત તને સ્વીકાર્ય છે ખરી?"

"વાત ખોટી નથી. પણ, રોમેશને આંચકો લાગશે. રોમેશને ધંધામાં એટલી મોટી આવક થતી નથી. ઘરખર્ચ પેટે આપવાની રકમ તેને માટે ભારરૂપ બની જશે." રેખાબહેન વ્યવહારુ ભાસતાં હતાં.

રસિકભાઈએ કહ્યું, "બીજી વાત પણ કરી લઉં."

બીજી જાહેરાત માટે રેખાબહેન તૈયાર હતાં.

"આવતા મહિનાથી ઘરખર્ચનો હિસાબ તું રેશમાને સોંપી દેજે. ઘર કઈ રીતે ચાલે છે તે વાતનો અંદાજ તેને આવશે. આ અત્યંત જરૂરી છે. તું સમજી ગઈને?" રસિકભાઈ ઉતાવળે બોલી ગયા.

રેખાબહેનની મુખાકૃતિ સૂચવી રહી હતી કે પતિની વાત તેમને ગમી નહોતી. ઘર અને કુટુંબ ચલાવવાનું સુખ તેમને એક મહારાણી જેવી લાગણી પ્રદાન કરતી હતી. પતિ તેમના સુખનો અંત કયા આશયથી લાવવા માંગતા હતા તે રેખાબહેનને સમજાઈ રહ્યું નહોતું. પણ, પતિની નિર્ણયશક્તિમાં તેમને પૂર્ણ વિશ્વાસ હતો. તેમણે પતિના પ્રસ્તાવનો સ્વીકાર કરી લીધો.

અને રસિકભાઈ નિવૃત્ત થઈ ગયા. નિવૃત્તિની રાતે જ રસિકભાઈએ ડ્રોઈંગરૂમમાં કૌટુંબિક આદાનપ્રદાન માટે સહુને એકઠા થવાની સૂચના આપી. બંટી સૂઈ ગયો હતો. આ મિલનસભામાં જે બનવાનું હતું તે રોમેશ અને રેશમાની કલ્પનાની બહારની બાબત બની રહેવાની હતી.

રસિકભાઈ પ્રસન્ન દેખાતા હતા. રેખાબહેન ભાર હેઠળ હતાં, પણ, તે હળવા દેખાવાનો પ્રયત્ન કરી રહ્યાં હતાં રોમેશ અને રેશમાના મુખ ઉપર મુસ્કુરાહટ હતી.

"રોમેશ, આવતીકાલે પહેલી તારીખ છે. તમે સહુ જાણો છો કે દર પહેલી તારીખે હું ઘરખર્ચની રકમ તારી મમ્મીના હાથમાં મૂકું છું. આવતીકાલે હું રકમ મૂકીશ પણ અડધી જ. અડધી રકમ તારે આપવાની રહેશે. મને મળનારું પેન્શન એટલું બધું પણ નહિ હોય કે આખા મહિનાનો ઘરખર્ચ હું એકલે હાથે ઉઠાવી શકું. મને તારા સહકારની જરૂર છે, રોમેશ. મારી બચતને હું કટોકટીકાળમાં જ વાપરીશ. નિવૃત્તિ એવી અવસ્થા છે જેમાં આર્થિક ઉપરાંત અનેક ફેરફાર કરવા પડતા હોય છે. મારી વાત વ્યવહારુ છે. મેં તેથી આજે જ આ વાત તને કરી છે." રસિકભાઈ સ્પષ્ટવક્તા બની ગયા હતા.

રોમેશનું મુખ પડી ગયું હતું. રેશમા આશ્ચર્ય અનુભવી રહી હતી. તે પતિની માફક નતમસ્તક હતી. રેખાબહેન પુત્ર અને પુત્રવધૂનું વારાફરતી અવલોકન કરી રહ્યાં હતાં. રસિકભાઈ પુત્રને સાંભળવા આતુર બન્યા હતા. દીવાલ ઉપરની ઘડિયાળ રાતના બારનો સમય બતાવી રહી હતી.

અંતે, રસિકભાઈ બોલ્યા, "રોમેશ, મૂંઝાવાની જરૂર નથી. તું તારો વિચાર નિર્ભીકપણે રજૂ કરી શકે છે."

"પપ્પા..." રોમેશ દબાયેલા સ્વરમાં બોલ્યો, "...તમે જાણો છો કે મારો બિઝનેસ જોઈએ એવો જામ્યો નથી. વળી, બંટીના ઉચ્ચ શિક્ષણ માટે હું સારી એવી બચત અત્યારથી કરી રહ્યો છું. આપણી ઘરખર્ચની રકમ પણ મોટી છે. મારા માટે આ રકમ ન પોસાનારી સાબિત થઈને રહેશે. છતાં પણ ...હું અડધી રકમ...આપીશ."

"શાબાશ...દીકરા....તારી પાસે આ જ અપેક્ષા હતી." રસિકભાઈ પુત્ર માટે સહાનુભૂતિ દાખવવાના પક્ષમાં નહોતા.

ખંડમાં મૌન પડઘાઈ રહ્યું હતું. વાતાવરણ સહેજ ભારેખમ બન્યું હતું. સહુ પોતપોતાના વિચારોમાં ખોવાયેલાં હતાં. રોમેશ અને રેશમા વિશેષ અસરગ્રસ્ત દેખાતા હતા.

રસિકભાઈ સ્વસ્થ સ્વરમાં બોલ્યા, "રેશમા, આવતીકાલથી તારા માથે નવી જવાબદારી નાખવામાં આવશે."

રેશમા અસ્વસ્થ બની ગઈ.

"ઘરનો હિસાબ કિતાબ આવતીકાલથી તારી જવાબદારી રહેશે. રેખા હવે આ હિસાબની ડાયરીમાંથી મુક્તિ મેળવે તેમ હું ઇચ્છું છું." રસિકભાઈ પુનઃ બેંકના ઉચ્ચ અધિકારી જાણે બની ગયા હતા.

"પપ્પા...." રેશમા થોથવાઈ ગઈ.

"કોઈ સમસ્યા છે?"

"મને સમય નથી મળતો...અને..."

"સમય કાઢતા શીખી લેવુ ંપડશે અને ક્યાં લાખો રૂપિયાના હિસાબો તારે લખવાના છે! યુ કેન મેનેજ ઇટ." રસિકભાઈએ જવાબદારી સોંપી જ દીધી.

રેશમા અસહાય ભાસતી હતી.

અને રસિકભાઈનો નિવૃત્તિકાળ આરંભાઈ ગયો. ઘર નવી વ્યવસ્થા અને અનુશાસનમાં ચાલવા માંડ્યું. અલબત્ત, રોમેશ અને રેશમા નાખુશ હતા. રેશમાએ પાઈપાઈનો હિસાબ રાખવો પડતો હતો જે તેને માટે અસહ્ય હતું. રેખાબહેન ઇચ્છતાં હતાં કે વહુ હિસાબની બાબતમાં તેમનું અનુસરણ કરે. તે પોતે હિસાબની બારીકાઈઓ પતિ પાસે જ શીખ્યાં હતાં.

એક રાતે રેખાબહેને પતિને કહ્યું, "રોમેશ અને રેશમા થોડાંક નારાજ નથી લાગતાં?"

"મને તેમ નથી લાગતું."

"તેને માથે વધારાનો આર્થિક ભાર આવી ગયો છે. તે ટેન્શનમાં રહે છે."

"જીવન પુષ્પશય્યા નથી, રેખા."

"તમે ફિલસૂફ ન બનો."

"રેખા..." રસિકભાઈ ઠંડે કલેજે બોલ્યા,..."...રોમેશ અને રેશમા પોતાના ખર્ચાઓમાં કાપ મૂકી શકે. દર વર્ષે ઉનાળામાં અચૂક ફરવા જાય છે અને એકાદ લાખનો ધુમાડો કરી આવે છે. છેલ્લાં બે વર્ષથી તો એ બંને વિદેશ ભ્રમણ પણ કરી આવ્યાં છે. આ બધાનો ભાર તે વહન કરે છે તો ઘરનો ખર્ચ પણ વહન કરતા શીખી લેવું જોઈએ."

"તમે વધુ કડક નથી બન્યા?"

"હું તેમ નથી માનતો."

"આ રીતે તો સંતાનો અને આપણી વચ્ચે અંતર વધી જશે."

"અંતર વધશે તો તેને માટે હું જવાબદાર નહિ હોઉં."

"તમે સાવ બદલાઈ ગયા છો." રેખાબહેન સહેજ ઊંચા અવાજે બોલ્યાં.

રસિકભાઈ હસી પડ્યા. "હું નિવૃત્ત છું. બદલાવ તો જોવા મળશે જ."

ક્ષણાર્ધ બાદ તે દર્દભર્યું મુસ્કુરાયાં. તેમણે કહ્યું, "અંતે મારી બચત, મિલકત રોમેશને તો મળવાની છે. પણ, મારે તેની અતિ ખર્ચાળ વૃત્તિ ઉપર નજર રાખીને તેને સમજદાર રોમેશ બનાવવો પડશે. હું જાણું છું કે રેશમા મધ્યમ વર્ગની કન્યા છે. તેનામાં પણ બચતની વૃત્તિનો અભાવ છે. સાચું કહું તો તે છકી ગઈ છે. તે હિસાબ લખતી થઈ ગઈ છે. તેને અનાજ અને શાકભાજીના ભાવ ખબર પડવા માંડ્યા હશે. પતિ-પત્નીમાં ડહાપણ આવી જશે તો તેમનું જીવન વધુ સુખી થશે. મારા નિવૃત્ત જીવનનો આ જ એજન્ડા છે સમજી?"

"રોમેશ એક વર્ષ પહેલા આ બંગલો વેચીને લક્ઝુરિયસ ફ્લેટમાં જવાની વાત કરી હતી. તે અંગે શું વિચાર્યું છે...?" રેખાબહેને ગંભીરતાથી પૂછ્યું.

રસિકભાઈ નિર્વિકારભાવે બોલ્યા, "આ બંગલો હું છોડવાનો નથી."

રેખાબહેન ઊભાં થઈને ત્યાંથી જતાં રહ્યાં.

જોતજોતામાં એક વર્ષ પસાર થઈ ગયું. રોમેશ તેના પિતા સાથે ખાસ વાત નહોતો કરતો. રેશમાના વર્તનમાં પણ પરિવર્તન આવી ગયું હતું. ઘર ચલાવવાની જવાબદારી તેની હતી. તેણે કેટલાક ખર્ચાઓ ઉપર કાપ મૂકી દીધો હતો. જેની સીધી અસર રસિકભાઈ ઉપર પડી હતી. રેખાબહેનને આ નહોતું ગમ્યું. પણ, તે પુત્રવધૂના કામમાં માથું મારવા ઇચ્છુક નહોતાં.

મોંઘવારી પણ વધી હતી. રેશમા મોંઘવારીના ઓથા હેઠળ કદાચ પોતાનો પ્રતિભાવ વાંકમાં આવ્યા વગર આપી રહી હતી...અને રસિકભાઈ સમજદારીનો પાલવ પકડીને મૌનના માર્ગ ઉપર અગ્રેસર થયા હતા.

તે દિવસે રેશમા પિયર ગઈ હતી. બપોરના ભોજનના ટેબલ ઉપર રસિકભાઈ અને રેખાબહેન એકલા હતાં. રસિકભાઈ મૌન અવસ્થામાં કોળિયા ગળે ઉતારી રહ્યા હતા.

"તબિયત તો સારી છે ને?" રેખાબહેને પતિને પૂછ્યું.

"તબિયત તો રેશમા અને રોમેશની બગડી છે." રસિકભાઈ મર્માળુ હસ્યા.

રેખાબહેન મુસ્કુરાયાં. "તેમની તબિયત તમે બગાડી છે."

"તારી વાત હું સ્વીકારી પણ લઉં તો, શું તેમના વર્તનને તું યોગ્ય લેખે છે ? અને રેશમા તો હવે સીમા ઓળંગવા માંડી છે." રસિકભાઈના સ્વરમાં રોષ હતો.

રેખાબહેને પાણીનો ઘૂંટ ભર્યો. "રેશમા પારકી છે તે સાબિત થઈ ગયું છે."

"સવારે નાસ્તા વખતે વર્ષોથી હું એક સફરજન ખાઉં છું. હવે સફરજન ઘરમાં આવતાં જ નથી કેમ કે મોંઘાં છે. દર રવિવારે ચાના ટેબલ ઉપર બ્રેડ-બટરનો રિવાજ હતો. આ રિવાજ અસર પામ્યો છે. દર બુધવારે ફણગાવેલા મગ હું મસ્તીથી ખાતો હતો. મગ આ ઘરમાંથી પગ કરી ગયા છે. મારા કપડાંને ઈસ્ત્રી હવે તું કરે છે. રોમેશ અને રેશમાનાં કપડાં ઈસ્ત્રીમાં બહાર જ જાય છે, પણ, તેનો ખર્ચ રેશમા પોતાની પર્સમાંથી કાઢી લે છે. ઘરમાં આ તે કેવી વ્યવસ્થા ઊભી થઈ ગઈ છે. હું બોલવા માંગતો નથી, પણ હું જે પગલું ભરીશ તેમાં તારે મને સાથ આપવાનો છે." રસિકભાઈના મુખ ઉપર મક્કમતા હતી.

બે અઠવાડિયાં બાદ, રવિવારની એક સવારે આખું કુટુંબ ચાના ટેબલ ઉપર બેઠું હતું. સામાન્ય વાતો ચાલી રહી હતી. રોમેશ અને રેશમા લંચ માટે બહાર જવાનાં હતાં.

રસિકભાઈ સહજ અંદાજમાં બોલ્યા, "તમને બંનેને મારે એક વાત કરવી છે, રોમેશ અને રેશમા."

રોમેશ અને રેશમા ચમક્યાં.

"નિવૃત્ત વ્યક્તિ સાથે, અને તે પણ એક પિતા સાથે તારો અને તારી પત્નીનો વ્યવહાર છાજે તેવો નહોતો. રોમેશ. જ્યાં સુધી બેંકમાં ઊંચા હોદ્દા ઉપર હતો ત્યાં સુધી ઘરમાં પૂજનીય હતો. નિવૃત્ત થતા જ ઘરની અડધી જવાબદારી મેં તમારા માથે નાખી જે તમને બંનેને ખૂંચ્યું. રેશમાએ તો મારા સફરજન, મારા મગની જ કતલ કરી નાખી. આ તો હું આર્થિક રીતે હજુ પણ પગભર છું. જોજો, તમારા સહારે જ હોત તો મારું અને રેખાનું શું થાત તેની કલ્પના થઈ શકે તેમ નથી." રસિકભાઈ અટક્યા.

થોડી ક્ષણો બાદ તે આગળ વધ્યા. "મેં નક્કી કર્યું છે કે આ બંગલો તારા નામે કરીને હું અને રેખા એક નવા બનેલા, અતિ આધુનિક "વિસામો" નામના વૃદ્ધાશ્રમમાં આજે જ જતાં રહીશું. તમારી સાથે રહેવાના દિવસો હવે પૂરા થયા છે. બંગલો વેચીને તું લક્ઝુરિયસ ફ્લેટમાં જઈ શકે છે. પૈસાની જરૂર હોય તો કહેજે. અંતમાં, તો, હું તારો બાપ છું. રોમેશ. કહેવાનું તો ઘણું છે. પણ, આટલું જ પૂરતું છે."

વાત પૂરી થતા જ રેખાબહેન પોતાના બેડરૂમમાં ગયાં. બે મિનિટમાં જ એક સુટકેસ લઈને બહાર આવી ગયાં. રસિકભાઈ ઊભા થયા અને પત્ની સાથે ધીમા ડગ ભરતા બંગલાની બહાર નીકળી ગયા.

*૨, "વૃંદાવન" સ્ટેટ બેંક સોસાયટી,*
*ભાવસાર હોસ્ટેલ પાસે, નવા વાડજ,*
*અમદાવાદ-૧૩ મો. ૯૮૨૫૯૧૨૩૧૭*



# નાનો કલકલિયો

યામિની ભટ્ટ
મો. ૯૯૨૪૮ ૨૨૭૮૮



# પગલાં વસંતનાં

વિક્રમ પગી
મો. ૯૪૨૬૪ ૦૮૨૨૫



# મનમોહિની...

જયેશ જાદવ
મો. ૯૮૨૫૬ ૬૯૭૪૨




**નૂતન વર્ષાભિનંદન**
શીતલ પી. સરવૈયા
મો. ૯૪૨૬૧ ૬૫૪૧૭

# પેટછૂટી વાત

*- માવજી મહેશ્વરી*

અરે વાહ! બહુ જ સુંદર કંકોતરી છે. કોની છે?

મનીષાની આજ તકલીફ છે. એક તો ધમધમાટ ભાગતી તુફાન મેલની જેમ આવે. એણે ક્યારેય ધીમેથી દરવાજો બંધ કર્યો હોય એવું યાદ નથી. ભૂરાટી થયેલી કોઈ ગાયની જેમ જ ધક્કો મારે. ખુરશી ઉપર સખણી બેસતાં શીખી જ નથી. એ ખુરશી ઉપર પગ ઉપર લઈને જ બેસે. એક હાથ હાથા ઉપર જ હોય અને કાં તો ઊઠીને ભાગવું હોય એમ બેસે. મેં ક્યારેય તેને ખુરશી ઉપર શાંતિથી બેઠેલી નથી જોઈ. કાં ટેબલ ઉપર પડેલા કાગળ આમતેમ કરે કે પછી કોઈ પેન ખોલીને પોતાની હથેળી ઉપર લખે. પછી પેન મૂકીને બીજું કંઈ ઉપાડે. વળી વાત કરતી હોય ત્યારેય તેનું વર્તન વિચિત્ર. એ ક્યારેય સામે જોઈને વાત ન કરે. કાં તો કબાટમાં ગોઠવેલા પુસ્તકોને જોતી હોય, કાં પછી ટેબલ ઉપર પડેલાં મૅગેઝિન ઉથલાવતી રહે. વાત કરે ત્યારે તેની મોટી આંખો ચકળવકળ ફર્યા કરે. વાતમાં ભલે કોઈ માલ ન હોય તોય આખું ગામ સાંભળે એમ જોર જોરથી હસે. પછી ઓચિંતી કહે, “આ સાડી ક્યારે લીધી? ક્યાંથી લીધી? કેટલામાં પડી? એક સાથે સવાલોનો ઢગલો કરી નાખે. એક છોકરાની મા થઈ તોય હજુ જાણે કોઈ નાની છોકરી હોય એવું એનું વર્તન. ખબર નથી એના ઘરવાળાની શું હાલત થતી હશે?

ઓયે ડોબી, તને પૂછું છું, આ કંકોતરી કોની છે? હું સમજું છું કે તું આ હાઈસ્કૂલની પ્રિન્સિપાલ છો. સમજું છું તારે શિસ્તમાં રહેવું જોઈએ. પણ એ માટે ચોવીસે કલાક મોં ગંભીર જ રાખવું જરૂરી નથી. મેં પૂછ્યું આ કંકોતરી કોની છે?

મને ખબર કે મનીષાને જવાબ આપવો જ પડશે. મેં એના સામે જોયા વગર જ કહી દીધું, “એ મિસ્ટર સોરીની કંકોતરી છે”

“વ્હોટ? મિસ્ટર સોરી? મેં તને બીજગણિતનો કોઈ દાખલો નથી પૂછ્યો. આ મહાનુભાવ કોણ છે જે મોટે ઉપાડે પરણવા નીકળ્યા છે. તું સીધા જવાબ આપીશ જ નહીં. લે ને હું જોઈ જ લઉ” એમ કહીને તે કંકોતરી ખોલીને વાંચવા લાગી. મને ખબર હતી કે તે વાંચ્યા પછી પણ તે સત્તર સવાલ કરશે. કંકોતરીને કવરમાં નાખીને ટેબલ ઉપર મૂકતાં તેણે કહ્યું, “આ પ્રકાશ કોણ છે?”

મેં તેની સામે જોયું. એની આંખો ચક્કર ચક્કર ફરતી હતી. મેં કહ્યું. “મૂક ને તું ઓળખીને શું કરીશ? તને કહીશ તોય તને શું ફેર પડશે?”

મારી વાત સાંભળીને તેને તો વિષય જ મળી ગયો, “લે હું એટલું પણ ન પૂછું? તને ન કહેવું હોય કે પછી કહેવા જેવું ન હોય તો ન કહે. પણ આ પ્રકાશને તું મિસ્ટર સોરી શા માટે કહે છે?” મનીષાએ બેઠા બેઠા ફરી કંકોતરી ઉપાડી અને આમતેમ ફેરવીને પ્રેસનું નામ ફોન નંબર સહિત બોલીને વાંચ્યું.

“મનીષા મૂક યાર. ચાલ કોમ્પ્યૂટરમાં તને કેટલાક મસ્ત ફોટો બતાવું” વાત બદલવા માટે જ મેં કહ્યું. પણ મને શંકા હતી કે એમ કરવાથી મનીષા વધુ જોશમાં આવી જશે. અને એવું જ થયું. તેણે અચાનક જ મારું કાંડુ પકડી લીધું. મારી આંખોમાં આંખ નાખીને કોઈ રહસ્ય જાણવા માગતી હોય તેમ બોલી, “એય લતાડી, મને કહે તો આ મિસ્ટર સોરીનું રહસ્ય શું છે? ક્યાંક અમારા બધાથી છાનું તારું કોઈ ચક્કર તો ચાલ્યું નથી ને? કૉલેજમાં ભેગા હતા? અરે કૉલેજમાં તો હું પણ હતી. હા, બીએડમાં ભેગાં હશો. પરણી ન શક્યાં હો અને મનની મનમાં જ રહી ગઈ હોય. તું બોલ તો આ પ્રકાશકુમાર બી.ઈ. સિવિલ છે કોણ? મને તો યાદ નથી કે કોઈ પ્રકાશ નામનો છોકરો આપણા ભેગો ભણ્યો હોય. તારી આંખો કહે છે કે આ કંકોતરી સાથે તારા કોઈ તાર



જોડાયેલા છે.

એમ કે? તું આંખો વાંચતાં ક્યારથી શીખી ગઈ મનીષા?

જો લતા. તું વાત ઉડાવ નહીં. જે હોય એ, મને ન કહેવું હોય તો ન કહે. પરંતુ તારા મનમાં કંઈક તો છે જ. કંઈક જરૂર છે. મેં આ કંકોતરી ઉપાડીને તારા મોં ઉપર જે ભાવ આવ્યા એ મેં જોયા. મેં આ કંકોતરી આખી વાંચી એ પણ કદાચ તને ગમ્યું નથી. ઓયે યાર, મોંઘી થયા વગર કહી દે ને કે વાત શું છે? અને આ મિસ્ટર સોરીનું રહસ્ય તો મારે જાણવું જ છે.

સાલ્લી આ મનીષાને ઈમોશનલ થતાં પણ વાર ન લાગે. એ મોં લટકાવીને બેસી ગઈ. એના મોં ઉપર કૃત્રિમ નારાજી દેખાતી હતી. એ નારાજ થાય ત્યારે નાની છોકરી જેવી લાગે. બાથ ભરીને આખી ઉપાડી લેવાનું મન થાય એવી મીઠડી છોકરી. જોકે વાતમાં કંઈ માલ જ નહોતો. એવું કોઈ રહસ્ય પણ નહોતું. મનીષાએ જેવું ધાર્યું હતું એવું તો બિલકુલ નહીં. મેં એના મોં સામે જોયું. મનીષા જેવી હતી પણ મારી જિગરજાન મિત્ર હતી. કૉલેજ ફ્રેન્ડ હતી. એ આમ તો રાહ જ જોતી હતી કે મારા હોઠ ખૂલે.

મનીષા આમ જોઈએ તો હું એને ઓળખતી પણ નથી......

અચ્છા? એ કોઈ ઓળખાણ વગર જ પોતાના લગ્નની કંકોતરી આપી ગયો એમ? મનીષાએ મને પૂરું બોલવા જ ન દીધી અને વચ્ચે જ ટપકી.

અરે! તું પહેલા પૂરું સાંભળી તો લે. હું સાચે આને ઓળખતી નથી. થોડા દિવસ પહેલાં મારી શાળામાં એક



કાર્યક્રમ હતો. સંસ્થા દ્વારા જે લોકો આવ્યા હતા એમાં આ પણ હતો. કાર્યક્રમ ચાલુ હતો ત્યારે મને લાગ્યું કે કોઈ મને ધારીને જોઈ રહ્યું છે. મને કોઈ તાકીને જોઈ રહે તેનાથી મને કોઈ ફરક પડતો નથી. આ પહેલાં પણ એવા અનુભવ થયા છે. એકાદ વાર મેં એની સામે જોયું તો એણે નજર ફેરવી લીધી. કાર્યક્રમ એક કલાકનો હતો. છેલ્લે બધા મારી ઑફિસમાં બેઠા હતા ત્યારે પણ તક મળે એ મને જોઈ લેતો હતો એવું મને લાગ્યું. જોકે મને ગમ્યું નહોતું. પણ એ બધા જતા હતા ત્યારે એણે ઝડપથી પાછા આવીને  મને કહ્યું, “મૅડમ આઇ એમ વેરી સોરી”મને નવાઈ લાગી કે જેને હું ઓળખતી પણ નથી એવો આ યુવાન મને સોરી શા માટે કહી રહ્યો છે. મેં હસીને કહ્યું, “અરે ભાઈ પણ સોરી શા માટે?”મારી સાથે નજર મેળવ્યા વગર જ જતાં જતાં તેણે કહ્યું, “અત્યારે કોઈ વાત થાય એમ નથી. તમને વાંધો ન હોય તો તમે તમારા નંબર આપી શકો?”તને તો ખબર છે આવી બાબતોમાં હું સ્પષ્ટ છું. ઝાઝા વિચાર ન કરું. મેં મારી નિશાળના નંબર આપી દીધા. હું તો એ વાત જ ભૂલી ગઈ હતી કે કોઈ કારણ વગર મને સોરી કહી ગયું અને નંબર પણ લઈ ગયું છે.

મને નવાઈ લાગી કે મનીષા આટલી વાર ચૂપ કેમ બેસી રહી હતી. તે મને એકધારું તાકી રહી હતી. એના હોઠ કોઈ રહસ્ય જાણી ગઈ હોય એમ ગોળ ગોળ થયા. એણે માથું હલાવતાં કહ્યું, “અરે વાહ, મતલબ કે તારી લાઇફમાં કંઈક બન્યું છે એમને?”

અરે અથરી જરા સાંભળ તો ખરી. તું વિચારે છે એવું કશું નથી બન્યું. આ તો ઘણાં વર્ષ પહેલાંની વાત છે. હું ત્યારે બારમાં ધોરણમાં હતી અને મારી મમ્મીની બદલી થઈ. બારમાં ધોરણના ચાર જ મહિના બાકી હતા. બારમા ધોરણમાં નિશાળ તો બદલી ન શકાય. એટલે મેં ચાર મહિના બસમાં અપ-ડાઉન કરવાનું નક્કી કર્યું. રોજ બસમાં બેસીને જાઉં અને બસમાં પાછી આવું. એક દિવસ એક છોકરો બસમાં ચઢ્યો અને મારી બાજુમાં બેઠો. મારી ટેવ કે બસમાં બેસીને કશુંક ને કશુંક વાંચતી હોઉં. બસ આગળ ચાલી એટલે મેં ચોપડી કાઢીને વાંચવા માંડ્યું. મારી બાજુમાં બેઠેલો છોકરો વાંચતો હતો કે ફક્ત પાનાં ઉથલાવતો હતો એની મને ખબર ન હતી. બસ ધીરે ધીરે આગળ ચાલતી રહી. વચ્ચે એક ગામ આવ્યું ત્યારે એ છોકરો મારી બસમાંથી ઊતરી ગયો. મારે હજુ ત્રીસ કિલોમીટર બાકી હતા. પછી મેં જોયું કે એ મારી

જ બસમાં અપ-ડાઉન કરતો હતો. એ મારી આજુબાજુ જ ઊભો હોય અથવા બેઠો હોય. મને એની સાથે વાત કરવાનું કોઈ કારણ નહોતું. એક દિવસ ફરી તે મારી બાજુમાં બેઠો. હું એની સામે જરા હસી. એ છોકરો આખો હસી પડ્યો. એ પછી એવું બનતું કે એ મારા માટે સીટ રોકતો, મારી બાજુમાં બેસતો. જાત જાતની વાતો કરતો. પણ ન તો મેં એનું નામ પૂછ્યું કે ન એણે મારું. ક્યારેક હું એની વાતો અટકાવીને વાંચવા લાગતી તો એ બારી બહાર જોઈ રહેતો. એક દિવસ આમ જ મારી બાજુમાં બેઠો હતો. એ દિવસે એણે કોઈ વાત ન કરી પણ ઊતરતી વખતે મને એક પુસ્તક આપ્યું. એ જાણીતી નોવેલ હતી. મેં એની સામે જોયું તો મારા કાન પાસે મોં લાવી સાવ ધીમેથી બોલ્યો, “આઈ લવ યુ”


એટલું બોલીને એ ઝડપથી ઊતરી ગયો. મારા મનમાં ઝાળ લાગી ગઈ. મેં બારીની બહાર જોયું તો એ મને જોઈ રહ્યો હતો. મને એટલો ગુસ્સો આવ્યો કે મેં એના દેખતા તેણે આપેલાં પુસ્તકનો બારીની બહાર ઘા કર્યો. બસ ધીમે ધીમે આગળ સરી. એ પછી બીજા દિવસથી નક્કી કર્યું હતું કે હવે જો એ બસમાં ચઢ્યો તો એને મારવો જ છે. પણ એ દિવસ પછી મેં એ છોકરાને જોયો નહીં. ન તો બસમાં કે ન બીજે ક્યાંય. પછી તો એ વાત ભુલાઈ ગઈ. મારી મમ્મીની બદલી થતી રહી. મને યાદ પણ નહોતું કે આવું કશું બન્યું હતું. મને તો એનો ચહેરો પણ યાદ રહ્યો નહોતો. એ વાતને દસ વર્ષ નીકળી ગયા. પણ ત્રણ દિવસ પહેલાં જ મને એક ફોન આવ્યો. “મેડમ મને લાગે છે કે તમે મને ઓળખ્યો નથી. હું પણ તમારી જેમ બારમાં ધોરણમાં જ ભણતો હતો. હું એ વખતે નાદાન હતો. મેં જે ભૂલ કરી હતી તે માટે ખરા દિલથી માફી માગું છું. મને સોરી કહેવું હતું પણ ક્યારે હિંમત જ ન થઈ. તમને સોરી કહેવાનો વખત ચાલ્યો ગયો. મને ખબર નહોતી કે તમે એ સ્કૂલના પ્રિન્સિપાલ હશો. સાવ સાચું કહું તો તમને ત્યાં જોઈને મારા તો પગ જ ઠરી ગયા હતા. મહેરબાની કરીને નાદાનીમાં થયેલી મારી ભૂલ માટે મને માફ કરશો. તમે તો કદાચ એ વાત ભૂલી ગયા હશો પણ, હું હજુ ભૂલી શક્યો નથી. બસ એક વાર મને તમારા મોઢે મને માફ કરી દીધો છે એ સાંભળવું છે. બસ મને એક વાર માફ કરી દ્યો. મનીષા મને એની માફી માગવાની રીત ગમી ગઈ. મેં પણ હસતાં હસતાં કહી દીધું, એ વાત ઉપર તો દસ વર્ષનાં પાણી ફરી વળ્યાં છે ભાઈ. હવે આવો ત્યારે મારી ઑફિસમાં આવીને ચા પીજો. ત્યારે રૂબરૂમાં માફી આપીશ બસ?

“પછી ચા પીવા આવ્યો કે નહીં?” મનીષા મારી વાતમાં જાણે ખોવાઈ જ ગઈ હતી.

ના યાર ક્યારે પણ નહીં. એ વાતને પણ ચાર મહિના વીતી ગયા છે. કાલ હું બૅન્કમાં ગઈ હતી. પાછી આવી ત્યારે મારા ક્લાર્કે મને કહ્યું કે, “લતાબેન એક ભાઈ આવ્યા હતા. આ કંકોતરી આપી ગયા છે. એમણે ભારપૂર્વક કહ્યું છે કે હું મૅડમને ફોન કરી દઈશ પણ તમે કહેજો બહેન મારા રિસેપ્શનમાં જરૂર આવે. હા એમને એ જરૂર કહેજો કે મિસ્ટર સોરી આવ્યા હતા. ક્લાર્કે મને કંકોતરી આપી ત્યારે એ હસી હસીને બેવડો વળી ગયો. થોડી વાર તો મને પણ સમજ ન પડી કે મિસ્ટર સોરી એટલે કોણ?

મનીષા એની ટેવ પ્રમાણે જોરથી હસી પડી, પછી મને વિચિત્ર રીતે જોઈ રહી. મને બરાબર ખબર છે કે મનીષા ભલે આમ બેધ્યાન લાગે પણ એ માણસનું મન વાંચી જવામાં ઉસ્તાદ છે. જો હું એને પૂછીશ કે મનીષા તું હસતી કેમ હતી? તું મારી આંખોમાં શું જોઈ રહી હતી? તો એ મારું મન ખોલી નાખશે. પ્રકાશે મને કંકોતરી વિશે હજુ ફોન કર્યો નથી. મને ખબર નહોતી કે એના ફોન પછી મને મિસ્ટર સોરી શા માટે યાદ આવતો હતો? રસ્તા ઉપર જતી હોઉં તો થાય કે એ મને ક્યાંક મળી જાય. પણ એવું બન્યું જ નહીં. એ આવ્યો ત્યારે સીધો પોતાના લગ્નની કંકોતરી લઈને. મનીષાને તો કહેવાય નહીં કે...

*૧૯૯/૬ મહાદેવનગર,*
*અંજાર-કચ્છ, - ૩૭૦ ૧૧૦*
*ફોન ૯૦૫૪૦૧૨૯૫૭*



# ઉપાલંભ

- ડૉ. સુરમ્યા જોષી


ઘર આગળ કાર ઊભી રહી. તેનો અવાજ સાંભળીને ઝંખના બહાર ગઈ, પુનિતને દોડીને રસ્તાની સામી તરફ જતા જોયો એટલે એને અંદાજ તો આવી જ ગયો કે કયા પ્રકારની વાત હશે! તે છતાં એ, જોવા માટે થોડી વાર ઓટલા પર થાંભલીની આડશે ઊભી રહી.

રસ્તા પરનું ઘર, અને વર્ષોથી એ અહીં જ રહેલો એટલે પુનિતને આસપાસ બધાં ઓળખે. લગ્નનાં શરૂઆતના દિવસો મહિનાઓમાં ઝંખનાને જે વાતની ખાસ ખબર નહોતી તે, આસપાસનાં ઘરો અને દુકાનવાળા જાણે, હવે તો જોકે આટલાં બધાં વર્ષોથી ઝંખનાને પણ ખબર, અને એ વાતનો એને આનંદ અને અભિમાનેય ખરું.

વરસાદમાં પોતાના ઘરના ઓટલે છાપરી નીચે ઊભેલાં, ઘણુ ખરું વડીલો જ હોય, તેમને સહુને ઘરમાંથી ગરમ ભજિયાય ખવડાવે. આવતા-જતા ફેરિયા વગેરે રાહદારીઓ માટે પાણીનાં ત્રણ માટલાં અને પ્યાલા કાયમ, બારેય માસ ઘરની બહાર મૂકેલાં હોય જ. રસ્તે જતાં-આવતાં કોઈને કંઈ નાની-મોટી તકલીફમાં જુએ તો તરત જ દોડીને મદદે પહોંચી જાય.

આજે પણ વાત કંઈક એવી જ હતી. ઑફિસેથી આવીને હજી તો કાર પાર્ક કરીને ઊતર્યો અને સીધો જ કોટ કાઢીને ઓટલે મૂકેલી ખૂરશી ઉપર ફેંકીને પુનિત રોડ ઉપર દોડ્યો. કારમાં બેઠા બેઠા જ એણે દૃશ્ય જોઈ લીધેલું.

દોડીને જઈને એણે નીચે પડી ગયેલી સાઇકલ અને એની સાથે પડી ગયેલા છોકરાનો ઊભો કર્યો. સ્હેજ આગળ જઈને પોતાની સાઇકલ ધીમે ધીમે ચલાવતા, ઊભી રાખતા, પાછળ જોઈ રહેલા બીજા છોકરાને પણ એણે જોયો. પેલા, પહેલા છોકરાને પુનિતે કેરિયર પર દફતર મૂકી આપ્યું. છોકરો ધીમું ધીમું રડતો હતો.



"તને વાગ્યું છે કશે?" પુનિતે પૂછ્યું. છોકરાએ નકારમાં ડોકું હલાવ્યું.

"મેં જોયું, એણે તારી સાઇકલના ટાયર પર પગ માર્યો હતો તે." પુનિતનું વાક્ય સાંભળીને છોકરાએ હકારમાં ડોકું હલાવ્યું.

"પણ દોસ્તાર છે તારો?"

છોકરાએ ફરીથી હકારમાં ડોકું હલાવ્યું.

"શું નામ તારું ?"

"અજય."

"હ... અજય! તેં એને આજે હેરાન કરેલો કે!"

અજય વધારે રડી પડ્યો, "મેં ? ના...મેં...ક્યાંથી?"

પુનિતે થોડીવાર એને જોયા કર્યો. પછી પેલા બીજા છોકરાને ઈશારાથી પાસે બોલાવ્યો. પેલાએ સાઇકલ આમતેમ કરી. માંડ માંડ ધીરો ધીરો એ આવી રહ્યો હતો. તે દરમ્યાન પુનિતે અજયને કહ્યું, "તો પછી એ તારો દોસ્તાર શાનો? જો, બહાદુર થઈ જા. એમ શેનો એ તને પાડી દે? નાઉ, નો ક્રાઇન્ગ. ચીયર અપ. એને કહી દેજે. મારા અંકલ છે. તને જોઈ લેશે." કહેતાં એણે, વાંકી-ચૂંકી સાઇકલ કરતાં કરતાં ધીમે ધીમે નજીક આવી ગયેલા પેલા બીજા છોકરા સામે આંખો તગતગાવી.

ઓહ! આવું? ના-ના આવું તદ્દન જ તો નહોતું બન્યું. કારણ કે ઉપાલંભની આવી રીત પુનિત ક્યારેય શીખ્યો જ નથી. અને એને આવી રીત મંજૂર પણ નથી.

-પેલા બીજા છોકરાને પુનિતે ઈશારાથી પાસે બોલાવ્યો અને એ ધીરો ધીરો આવ્યો, ત્યાં સુધીનું બધું જેવું આપણે ક્રમશઃ જાણ્યું તેવું જ, પરંતુ એનાં પછીનું, સાવ જુદું...

થોડો ડરતો, થોડો બનાવટી અકડાઈ દેખાડતો પેલો બીજો છોકરો ત્યાં આવ્યો. અજયે પોતાના શર્ટના બંને ખભા વડે પોતાનાં બંને ગાલનાં આંસુ લૂછી નાંખ્યાં.

"થાય, થાય આવું, હેન્ડલનું બેલેન્સ જાય, ત્યારે આમ અથડા-અથડી થઈ જાય. લાવ તારી સાઇકલનું હેન્ડલ જોઉ. શું નામ તારું?" પુનિતનાં આ અણધાર્યાં વાક્યોથી પેલો

છોકરો ડઘાઈ ગયો.

"ઉમંગ"

"વાહ ! અજય અને ઉમંગ. કેવી સરસ જોડી છે?" સ્કૂલેથી ઘેર જતા'તા? આજે મોડા છૂટ્યા!

"ના, ફૂટબૉલની પ્રૅક્ટિસ હતી," જવાબ અજયે આપ્યો.

"એક જ ટીમમાં છો કે?" પુનિતે મુદ્દાનો પ્રશ્ન કર્યો.

"હા," બંનેએ એક સાથે કહ્યું.

"વેરી ગુડ. તો તો તમારી ટીમ નક્કી જીતવાની. જ્યાં ઉમંગ શબ્દ હોય ત્યાં અજય શબ્દ હોય, અને જ્યાં અજય શબ્દ હોય ત્યાં ઉમંગ શબ્દ હોય જ."

બંને છોકરાઓ આ વાક્ય સમજાય કે નહીં તેની પુનિતને પરવા નહોતી. ભવિષ્યમાં પોતાના નામના અર્થનું મહત્ત્વ સમજશે ત્યારે આ વાક્ય પણ સમજાઈ જશે, તેની એને ખાતરી હતી.

"લાવ, અજય. તારી સાઈકલ જોઈ આપું." કહેતાં પુનિતે એની સાઈકલ ચેક કરી. હેન્ડલ સીધું કર્યું, પછી બંનેને હસતાં હસતાં કહ્યું, "જાઓ... સીધા ઘેર જજો. અને હા... એક્ઝામના આગલા દિવસે મને મળવા આવવું પડશે. અરે! મેચનાં આગલા દિવસે પણ આ અંકલનાં બેસ્ટ વિશિઝ લેવા બરાબર ને! ચાલો," બોલતાં બોલતાં બંનેની સાઈકલની વચ્ચે ધીમે ધીમે દોડતો એ, ગલીનાં વળાંક સુધી ગયો. ત્યાંથી વળતી વખતે બંને છોકરાઓએ એને હાથ હલાવીને સસ્મિત 'આવજો' કહ્યું.

પોતાનાં કપડાં પર હાથ ખંખેરતાં ખંખેરતાં પુનિત ચાલતો ચાલતો પાછો ઘેર આવ્યો.

આમ બની હતી આખીય ઘટના. ઓહ! આખી નહીં, કંઈક રહ્યું....

જ્યારે પુનિતે ઘર પાસે કાર પાર્ક કરીને ઓટલે કોટ ફેંકીને દોટ મૂકી તે, જાણે કે એને જાણતા લોકો માટે નવું નહોતું પણ, આમ એને રોડ પર દોટ મૂકતાં આજે, એની કારની પાછળ થોડે દૂર આવી રહેલી એક ચમચમાતી કારની પાછલી સીટ ઉપર બેઠેલા કોક એક જણે પહેલી વાર જોયો. કોર્નર પરનું એનું ઘર. પેલી કાર એના ઘરથી ડાબે વળી ગઈ, પુનિત જમણે હાથે રોડ ઉપર દોડેલો. એણે પેલી કાર નહોતી જોઈ.

પોતાના શર્ટ પર હાથ લૂછતાં લૂછતાં ઘર પાસે આવીને પુનિતે ઓટલાની નીચે, નળ પાસે હાથ-પગ ધોયા. ઘરમાં જઈને આગળની જાળી અડકાડીને આગલા રૂમમાં, પોતાની ખાસ, નેતરની ખૂરશીમાં બેઠો. સામેની મોટી ટિપોય ઉપર બંને પગ લંબાવ્યા અને માથું ડાબી બાજુ ઝૂકાવીને ખભા પર ટેકવીને તરત જ ઊંઘી ગયો.


થાંભલીની આડશે ઊભેલી ઝંખનાએ પુનિતને સાઈકલ ઊભી કરતા જોયો પછી ખુરશીમાંથી એનો કોટ લઈને એ તો ક્યારની ઘરમાં જતી રહી'તી. આગલી રૂમમાં ખખડાટ થયો એટલે એણે રસોડાના બારણામાંથી ડોકિયું કર્યું. પુનિતને ખુરશીમાં બેઠા બેઠા ઊંઘી ગયેલો જોયો તે પછી જ એણે એને માટે કૉફી બનાવવાની શરૂઆત કરી. આ એનો નિત્યક્રમ.

એક ટ્રેમાં, ફીણવાળી ગરમ ગરમ કૉફીનો મગ મૂકીને, પુનિતની નેતરની ખુરશીની બાજુમાંની નાની ટીપોય ઉપર મૂકીને એ પાછી રસોડામાં પોતાનાં કામે વળગી. પણ ઝંખનાના હાથની કૉફીની આ સુગંધ, સોડમ, અરોમા અને પુનિતને જગાડવામાં કદી નિષ્ફળ ના જાય.

'આ...હા...'ની મુદ્રામાં એણે આંખો મીંચીને કૉફીનો સ્વાદ માણ્યો. આ દશ્ય દરરોજની જેમ જ, ઝંખનાએ રસોડાના બારણામાં ઊભા ઊભા પ્રસન્નતાથી જોયું અને જાણ્યું.

પેલી ચમચમાતી કારની પાછલી સીટ પરની વ્યક્તિએ કારની આગલના કાચમાંથી પુનિતને જોયો'તો ને! એ છે કે.પી. એટલે કે જુગલ કિશોર પ્રસાદ પોતાને કે.પી. કહેવડાવે છે.

"સો..ડીસ્ગસ્ટિંગ!" પોતાની ઠં...ડી એસી કેબિનમાં રિવોલ્વિંગ ચેર અર્ધવર્તુળાકારે ફેરવતા ફેરવતા, પોતાની સામે બેઠેલા પાંચ જણ સામે કે.પી.એ આ ઉદ્ગાર કાઢ્યા. આદત મુજબ કે.પી. ઉપલા શબ્દો, પોતાના હાથમાંની મોંઘીદાટ બોલપેન ગોળ ગોળ ફેરવતા ફેરવતા જ બોલ્યા. હવે એમણે પેલા પાંચ જણની સામે જોયું અને એ 'ખાસ' માણસોને પોતે વાતમાં ખેંચી લીધા છે તેની ખાતરી થઈ



એટલે એમણે વાત આગળ વધારી.

"ધીસ દેસાઈ! યુ નો!કોઈ સોફિસ્ટીકેશન જ નથી નોટ ઈવન અ ડ્રાઈવર વીથ હીમ! અને..રહે છે ક્યાં! ઓહ મોય ગોડ! આઈ કેન નેવર ઈમેજીન વોટ આઇ સો યસ્ટરડે ઈવનિંગ!"

જોકે આ અધૂરી માહિતીવાળી વાતમાં કંઈ ખાસ રસપ્રદ પેલા પાંચ જણને લાગ્યું નહીં અને એમણે કંઈ પૂછ્યું પણ નહીં. છતાં, જેને હજૂરિયા કહી શકાય તેવા કોઈને તે દરેકે પ્રતિભાવમાં પોતપોતાનાં મોં બગાડીને હકારમાં ડોકાં ધુણાવ્યાં.

મૂળ મુદ્દે, "વસ્ત્ર ટેકસ્ટાઇલ મિલ"માં વર્ષોથી, ફાઈનાન્સ એડવાઈઝર કમ પ્રોડક્ટ મેનેજર, પુનિત દેસાઈનો ડંકો વાગતો, અને કે.પી.થી એ ખમાતું નહીં. પ્રત્યેક વર્ષારંભે, પુનિત, ખર્ચાનો મસમોટો એસ્ટિમેટ મૂકતો, અને વર્ષાંતે જે ટર્નઓવર થતું તે અધધધ રહેતું, કારણ કે, ટેક્સ્ટાઇલની ક્વૉલિટીમાં એ ક્યારેય કોઈ જ કોમ્પ્રોમાઇઝ ચલાવી લેતો નહીં. આ ઉપરાંત, પુનિતની માર્કેટિંગની સૂઝ પણ ગજબની હતી. એ સૂઝબૂઝને કારણે જ, આજથી બે વર્ષ પહેલાં એણે મિલના અંતરંગ વર્તુળમાં એક નવીન પ્રસ્તાવ મૂકેલો કે, "આપણા જ મટિરિયલમાંથી રેડીમેઇડ શર્ટ અને થ્રી પીસ ફોર્મલ સૂટ ફોર મેન્સની નવી શ્રેણી તૈયાર કરાવીને બહાર પાડીએ. એ બ્રાન્ડનું સુપર માર્કેટિંગ કરીને સીધા જ ટોપ મોસ્ટની હરોળમાં મૂકી દેવી. તેને માટે પુનિતે સ્ટીચિંગથી પૅકેજિંગ સુધીની બધી જ જરૂરીયાત, ઈન્ફ્રાસ્ટ્રકચરથી માંડીને મેનપાવર સહિત, માટેનું પૂરેપૂરું બજેટ પણ પ્રસ્તાવ સાથે મૂકેલું. જોકે તે વખતે કે.પી.નું ડોકું નકારમાં હાલી રહ્યું હતું. અને એ જોઈને એમનાં બે-ચાર સાથીદારોનું પણ. પરંતુ જ્યારે આખીય રજૂઆતને અંતે, મિલના માલિક શ્રી વિષ્ણુપ્રસાદ, ઉર્ફે વી.પી.એ ટેબલ ઉપર હાથ થપથપાવીને અને પછી તાળીઓ વડે પ્રસ્તાવ વધાવી લીધો, ત્યારે કે.પી. એ ચૂપ રહેવું પડેલું.

તે દિવસ પછી આખાય નવીન પ્રોજેક્ટ પર કામકાજ શરૂ થઈ ગયેલું. ટેક્સ્ટાઈલ મેકિંગની સાથે સાથે, વાઇડ રેન્જ ઓફ કલર્સ એન્ડ ક્લોથવાળા, "રેડીમેડ સૂટ્સ ફોર મેન" પણ તૈયાર થવા માંડ્યા. બે વર્ષને અંતે જ્યારે પ્રોડક્ટને માર્કેટમાં મૂકવાની વાત આવી ત્યારે પહેલો પ્રેફરન્સ તો 'વસ્ત્ર ટેક્સ્ટાઇલ્સ'નાં કાયમના ડીલર, ચેન્નાઈ સ્થિત 'ચન્દ્રા ચેઇન ઓફ સ્ટોર્સ'ને જ આપવાનો સહુનો મત હતો.

આ વખતે પણ, નવા સૂટ્સ અને શર્ટસની ડીલરશિપ માટે 'ધ સ્ટાઇલ મેન્સ સૂટ્સ', નામ હેઠળ બ્રાન્ડને લોન્ચ કરવા માટે કે.પી.એ જવાનું હતું પણ નવો પ્રોજેક્ટ એટલે પ્રેઝન્ટેશન માટે અન્યને પણ કે.પી.એ સંમતિ દર્શાવી પણ છેલ્લી ઘડીએ ખબર પડી કે પ્લેનમાં એક જ ટિકિટ મળી છે અને ત્યાં આ મિટિંગ હમણાં જ થાય, પછી રિશિડ્યુલ કરાય તેમ નથી. તેથી તેઓ એકલા જ જશે.

થોડા દિવસ પછી જ્યારે પુનિત અને અન્ય સહુએ જાણ્યું કે 'ધ સ્ટાઇલ...'ની ડીલરશિપ 'ચન્દ્રા ચેઇન ઓફ સ્ટોર્સ' એ મંજૂર નથી કરી. ત્યારે આ તો જબરો મોટો આઘાત અને એથીય મોટું, આશ્ચર્ય હતું. વાત તરત જ શ્રી વિષ્ણુપ્રસાદ, વી.પી.ને જણાવવામાં આવી.

...આજે સવારથી કે.પી. મૂંઝવણમાં હતાં. એમની શાનદાર એ.સી. કેબિનમાં બેસવા માટે આજે એમના પાંચમાંના બે જણની ગેરહાજરી હતી, એક, મુખ્ય એકાઉન્ટન્ટ, અને બીજા, પ્રોગ્રામ પ્લાનર. અડધો દિવસ નીકળી ગયો. આખરે, કંટાળીને અને બે-ત્રણ વાર ચ્હા-નાસ્તાને ન્યાય આપ્યા પછી કેબિનની બહાર નીકળવાનો વિચાર કરી જ રહ્યા હતા. ત્યાંજ બારણે ટકોરા પડ્યા. "યેસ, કમ ઈન." કહીને, પોતાનાં પ્રિય હજૂરિયાઓની ઉપસ્થિતિની આશામાં કે.પી.એ, ખૂલેલા બારણા તરફ જોયું, પણ એ તો એમનો પ્યૂન હતો.

"ક્યાં છે બધા?" કે.પી.એ પેલા બંનેની કાયમની ખુરશી તરફ હાથનો પંજો બે-ચાર વાર હલાવતાં પૂછ્યું.

"સાહેબ! પ્યૂનના અવાજમાં ભારોભાર આશ્ચર્ય હતું."

"સાહેબ! વી.પી. સર અને મોટા મૅડમ આવ્યાં છે ને!"

"વોટ!" કે.પી.ના આશ્ચર્યએ માઝા મૂકી. બે વર્ષથી, એમની તબિયત, ઉપરાંત એમનાં બિઝી શિડયૂલને કારણે વી.પી. સર અહીં આવી નહોતા શક્યા.

"જી સાહેબ. હવે તો પાછા પણ નીકળી ગયા."

પ્યૂનના આ જવાબે તો કે.પી.ને આંચકો જ આપ્યો. પોતાને ખબર પણ ના પડી? બોલાવ્યો પણ નહીં? જેવા મનોભાવ ચહેરા પરના આવવા દેવાનો નિષ્ફળ પ્રયત્ન કરીને એમણે "ઓ.કે. ઓ.કે. ગો," કહીને પ્યૂનને ત્યાંથી વિદાય કર્યો. હજી તો આ બાબતની કળ વળે તે પહેલાં જ કે.પી.ને એમના પ્રોગ્રામ પ્લાનરે ફોનથી જણાવ્યું કે એમણે આવતીકાલે સવારે, ચેન્નાઈ જવા રવાના થવાનું છે. ત્યાં પેલું 'ધ સ્ટાઇલ....'નું પ્રેઝન્ટેશન ફરીથી આપવાનું છે અને

આવતીકાલે રાત્રે જ પાછા ફરવાનું છે. ટિકિટ થઈ ગઈ છે.

કે.પી.ને કપાળે પરસેવો વળી ગયો. તરત જ મુખ્ય એકાઉન્ટન્ટને ફોન કર્યો, જે બંધ આવ્યો. પ્રેઝન્ટેશન તો પેલી વખતે ચેન્નાઈમાં એમણે ઉપરછલ્લું જ કર્યું હતું. એ તો અત્યારે ક્યાં પડ્યું છે તેય ખબર નહોતી. વી.પી. સરની તબિયત નાંદુરસ્ત હોઈને તેઓ પાછા જતા રહ્યા છે, તેવું પણ જાણવા મળ્યું.

કે.પી. ખુરશીમાં ફસડાઈ પડ્યા.

આ આખીય પરિસ્થિતિનું મૂળ શું હતું? આમ હતું.

જ્યારે ‘ચન્દ્રા ચેઈન ઓફ સ્ટોર્સ’ તરફથી મળેલો જવાબ જાણ્યો ત્યારે વી.પી.સર અને મોટાં મેડમ (સરનાં પત્ની), તાબડતોબ અહીં આવ્યાં. વી.પી. સરે પ્રેઝન્ટેશન વિશેની વાત જાણી. કે.પી. એકલા જ ગયેલા તે જાણ્યું. મુખ્ય એકાઉન્ટન્ટ અને પ્રોગ્રામ મેનેજર પાસે પાછલાં વર્ષોની તમામ વિગત કઢાવી. કે.પી. સાહેબ, ચેન્નાઈ ખાતેના ત્રણ કલાકના કામ અંગે જઈને ખર્ચાળ હોટેલમાં બે રાત્રી-બે દિવસનો મુકામ કરે છે, અને તેનું મોટું બિલ મુકાય છે. ત્યાંની એમની બાકીના સમયની પ્રવૃત્તિઓ અંગે કોઈને કંઈ જ જાણકારી નથી, આ સઘળું જાણવા મળ્યું.

પ્રેઝન્ટેશનની બીજી, એટલે કે ઓરિજિનલ કોપી વિ.પી. સરે ભાવિનભાઈ પાસેથી લઈ લીધી.

...સવારે સાડા અગિયારે પ્લેનમાંથી ઉતરીને કે.પી.એ સીધા જ ‘ચન્દ્રા સ્ટોર’વાળાની મેઈન ઑફિસે પહોંચવાનું હતું. પ્રેઝન્ટેશનની સી.ડી. તો એમણે રાતોરાત પોતાની વસ્તુઓ ફંફોસીને શોધી કાઢી હતી. પણ હવે શું? ‘કંઈ નહીં. જે થશે તે જોયું જશે,’ એવી નફિકરાઈ સાથે એમણે ઍરપોર્ટ પરથી એમની ચેન્નાઈ ખાતેની ઈત્તર પ્રવૃત્તિને ફોન કર્યો પણ આ ઓચિંતા બનેલા પ્રોગ્રામને કારણે ત્યાં કોઈ જવાબ ના મળ્યો. આખરે, હતાશ થઈ ગયેલા કે.પી., ‘ચન્દ્રા સ્ટોર્સ’ની ઑફિસે તો પહોંચ્યા.

મોટા ગોળ ટેબલ-ખુરશી વાળી, સુસજ્જ, સુશોભિત ચેમ્બરમાંથી વી.પી. સર અને મોટાં મૅડમ એમને ‘ચન્દ્રા...’ના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ સાથે બારણામાંથી પ્રસન્નવદને બહાર નીકળી રહેલા જોયાં.

“ઓહ, જુગલ કિશોર!” કહીને, એમને જોતાં જ વી.પી. સરે ‘ચન્દ્રા...’ના માલિક સાથે ઔપચારિક ઓળખાણ કરાવ્યું. કે.પી. કંઈ બોલી શકવાની પરિસ્થિતિમાં જ નહોતા.

“ઓકે ધેન! થેન્કસ ઓલ ઓફ યુ” કહેતાં વિદાય લઈને વી.પી. સર, અને મોટાં મૅડમ સાથે લિફ્ટ તરફ ચાલ્યાં. પાછળ પાછળ કે.પી. પણ ચાલ્યા.

લિફ્ટમાં પ્રવેશતાં જ વી.પી. સરે કહ્યું, “હીયર, વર્ક ઈઝ ડન. જુગલ કિશોર, આપણે બધાં હમણાં સાથે જ, સાંજની ફ્લાઈટમાં પાછા જઈએ છીએ.”

...જી હા. બરાબર સમજ્યા આપ સહુ. આ હતી વી.પી. સરની, ‘ઉપાલંભ’ની રીત એમને આ જ રીત ગમતી, અને ફાવતી પણ.

...રવિવારે સવારે બે સાઈકલ પુનિતના ઓટલે ટેકવીને બે છોકરા ઊભેલા હતા. પુનિતને જોતાં જ બંનેએ આગળ આવીને પ્રણામ કર્યા.

“કાલથી એકઝામ છે અંકલ.”

“બેસ્ટ લક ટુ માય ડિયર અજય એન્ડ ઉમંગ,” કહેતાં પુનિતે બંનેને એક એક સરસ મઝાની બોલપેન આપી અને ખભા થપથપાવ્યા.

“ડુ વેલ. શાંતિથી, કોન્ફિડન્સથી. બરાબર!”

“યસ અંકલ,” બોલતાં બંને છોકરાઓએ ખુશખુશાલ ચહેરે નવી પેન ખિસ્સામાં મૂકતાં સાઈકલ દોડાવી મૂકી.

બંનેને જતા જોઈને પુનિતના મનમાં એનું પેલું ખાસ વાક્ય આવી ગયું, ‘કુમળા છોડ, વાળો તેમ વળે.’ જોકે વી.પી. સરનું આવું વાક્ય થોડું જુદું જ રહ્યું છે. જમાનો જોયેલા, અનુભવી વિષ્ણુપ્રસાદનું વાક્ય છે, ‘કુમળા છોડ, વાળો તેમ વળે, બાકીના... વાળો ‘તો’ વળે.’

*૫૩, સી, સાંઈશરણ, હસ્તિનાપુર કોલોની,*
*કારેલીબાગ, વડોદરા-૩૯૦ ૦૧૮*
*મો. ૯૪૦૯૨૭૯૨૯૭*

# લવ-વૉક

## (સ્નેહસૃષ્ટિમાં સ્વપ્નસુંદરીની શોધ...)

*- પરીક્ષિત જોશી*

સવારના 6.30. મેં ઘડિયાળનો સમય મેળવ્યો. રોજ સવારે એ ચાલવા નીકળતી ત્યારે પહેલા એને જોતો અને પછી ઘડિયાળ. કોઈ પણ ઋતુ હોય એનો સમય નિશ્ચિત રહેતો. રૂટ પણ. મહિલા છાત્રાલયથી નીકળી, સીધા રસ્તે કોમર્સ છ રસ્તા, યુનિવર્સિટી પોલીસ ચોકી, એલ.ડી. ક્રિકેટ ગ્રાઉન્ડ, સેપ્ટ, લાયબ્રેરી વટાવી એ છેક સિંગલ ટ્રેક સુધી જતી અને એ જ રસ્તે પરત ફરતી.

મહિલા છાત્રાલયની સામેની ગલીમાં અમારી બોયઝ હોસ્ટેલ. મકાનમાલિક નીચે ભોંયતળિયે રહેતા. પણ એ ભલા ને એમનું કામ ભલું. મહિને એક વાર એ યાદ રાખીને મળતા.

હું બેએક વર્ષથી અહીં રહેતો છતાં આજે પહેલીવાર જ એ જોવા મળી. આજે અચાનક ઊંઘ વહેલી ઊડી ગઈ અને જાગ્યો. 'જાગીને જોઉં તો અવનવું જગત દીસે', મારે તો એવો ઘાટ થયો. મહિલા છાત્રાલયની સામે જ અમારી હોસ્ટેલ હોવા છતાં રેંકડી પર ચા પીવા જઈએ ત્યારે જ એ બાજુ નજર ઉઠાવીને જોવાનું થતું. એમાં ને એમાં જ આ મનોરમ્ય કલાકૃતિ ધ્યાન બહાર રહી ગઈ હશે...

'કલાકેક તો વૉક લેતી જ હશે.' મનોમન ગણતરી કરી, મેં. પણ ના, એ બરાબર કલાક જ વૉક લેતી. શાર્પ ૭.૩૦ના ટકોરે એ છાત્રાલયમાં પહોંચી જ જતી. એનો આ નિત્યક્રમ નક્કી જ હતો. એની સાથે મારો પણ આટલો નિત્યક્રમ તો હવે નક્કી થઈ ગયો હતો.

આમ તો મારો દિવસ સૂર્યાસ્ત પછી, મોડી રાત્રે શરૂ થતો. પણ આ ઘટના પછી હવે સૂરજ દાદાની સવારી આવે એ પહેલાં જ જાગી જતો. હોસ્ટેલમાં મિત્રોને જરાક આશ્ચર્ય થયું, ન થયું અને નિયમિત મોર્નિંગ વૉક લેતો જોઈ, સ્વાસ્થ્યના મુદ્દે સઘળા સવાલો શાંત થઈ ગયા.

પણ મારા મનમાં જબરજસ્ત ઉથલપાથલ જામી હતી. એને પહેલી નજરે જોઈ અને એવા વાઇબ્સ મળ્યા કે જાણે આ જ મારી જનમોજનમની સાથી, એને પામવા માટે જ હું શહેરમાં આવ્યો છું. એની સાથે હથેવાળો થઈ જાય તો આ જન્મારો સુધરી જાય. છેલ્લા ૭૩૦ દિવસથી હું અહીં જ હતો, આ જ વિસ્તારમાં, બરાબર એના નિવાસની સામે, છતાં પણ સાવ અજાણ રહ્યો. હે પ્રભુ...

***

સ્વપ્નસુંદરી હજુ મળી, એને હજુ અલપઝલપ નિરખી હતી ત્યાં તો વૅકેશન પડ્યું. એનાં પદચિહ્નો પર કોમર્સ છ રસ્તાથી સિંગલ ટ્રેક સુધી અને ત્યાંથી પરત, એમ ઘણા દિવસો ચાલ્યો હોઈશ. પણ એની સાથે સાત પગલાં, વાતચીત કરતાં કરતાં, પાડવાની મહેચ્છા તો મનમાં જ રહી ગઈ. એ તો ઠીક, એને તો કદાચ નવા સત્રમાં મળી લઈશું પણ વૅકેશનની સાથે મારે એક નવી સમસ્યા શરૂ થઈ. વિજ્ઞાન પ્રવાહમાં ભણવાને લીધે શાળા કૉલેજ ક્યારેય સવારના રહ્યા નહોતા. એટલે ભગવાન સૂર્યનારાયણની સવારીના સ્વાગત કે દર્શનનો લહાવો તો કોઈ સવારે પ્રાપ્ત થયો જ નહતો. વૅકેશનમાં જ્યારે ગામડે જવાનું થયું, ત્યાં પણ માંડમાંડ સવારે વહેલા જાગી જવાની નવી-નવાઈની ટેવ પડેલી એ જળવાઈ. બસ પછી તો પૂછવું જ શું? ઘરના સહુ સભ્યોને તો એ ભારે નવાઈની વાત બની રહી.

દાદીએ તો પૂછીય પાડ્યું... 'કાં ભાઈ, હવે સવાર વહેલી પડે છે ને? સૂરજદાદાની પધરામણી થાય ત્યારે પથારી છોડી દીધી હોય છે ને કાંઈ...'

'અરે, દાદી એ તો હોસ્ટેલમાં ટેવ પડી વહેલા ઊઠવાની, એટલે.' મેં વાતનો ગોટો વાળ્યો. પણ દાદી જેનું નામ. કહે, 'અચ્છા, આ નવું જાણ્યું... હોસ્ટેલમાંથી એક સારી ટેવ પાડીને આવ્યો.'

'પણ, રાત્રે હજુય મોડે સુધી વાંચવાનું ચાલતું જ હશે ને... તને તો એમ જ ફાવતું. કે પછી એ આદત છૂટી ગઈ...હેં.'

માંડ માંડ દાદીને વાત સમજાવી ત્યાં બટકબોલી બકુલા ટપકી પડી. આમ સવાર સવારમાં અચાનક બકુને જોઈ સારું લાગ્યું અને નવાઈ પણ. ઘણા સમય પછી મળતા હોવા છતાં એની ખબર પૂછવી તો બાજુએ રહી અને મેં એને ચૂપ રહેવા ઈશારો કર્યો. દાદીની હાજરીમાં બીજું કશું બોલી શકાય એમ હતું નહિ અને દાદી પણ કાંઈ બોલ્યાં નહિ. મારે ચોખવટ કરવી હતી પણ મૌન જ રહ્યો. બકુલાએ એની ભૂમિકા સુપેરે ભજવી દીધી હતી.આવનારા તોફાનનાં એંધાણ મને વર્તાઈ રહ્યાં હતાં.

બકુલા પાડોશમાં જ રહે છે. એનો ભાઈ જગદીશ મારો પાક્કો ભાઈબંધ. નાનપણથી સાથે ને સાથે. અત્યારે શહેરની હોસ્ટેલમાં પણ સાથે. કૉલેજમાં વૅકેશન પડ્યું એટલે આજે સાથે જ ગામડે આવેલા.

'હમમ, એટલે બકુને ખબર પડી કે હું પણ ઘરે આવ્યો છું, વૅકેશનમાં. ખબર પડીને મળવા આવી એ તો ઠીક, આ સવાલ - સળી શું કામ કરી? સુધરતી જ નથી.'

વાડની પેલી બાજુ, બકુલા દેખાઈ. હું જરાક ઉતાવળે એની બાજુ ગયો. એ રોજિંદા કામમાં વ્યસ્ત હતી કે પછી એવું દર્શાવતી હતી, હું નક્કી ન કરી શક્યો. થોડી વધુ નજીક આવી

એટલે હું તાડૂક્યો...

'સવારના પહોરમાં મારી ચા બગાડી તેં. શું કામ વગર વિચારે ભરડ્યા કરે છે, હે? સુધરી નહિ હજુ..'

એકીશ્વાસે મેં મનમાં હતું એ ઠાલવી દીધું. એણે અણિયાળી આંખથી મારી સામે જોયું અને કાયમની જેમ હસી પડી. હું છોભીલો પડ્યો.

એ બોલી, 'શું ખોટું કીધું કે'તો. કોઈ દિવસ સવારે વહેલો જાગ્યો છે ખરો?.'

હું અનિમેષ નજરે તાકતો, શાંતિથી સાંભળતો રહ્યો. એ અસ્ખલિત બોલ્યે જતી હતી.

'રાત્રે મોડે સુધી વાંચું છું એટલે સવારે વહેલા જાગી શકતો નથી, તારું એ કાયમનું બહાનું. આજે આમ જાગીને બેઠેલો જોયો એટલે પૂછ્યું. એમાં આટલો બધો ગર્જે છે શાનો? કોઈ દુખતી નસ દબાઈ ગઈ, અજાણતા કે શું?'એમ બોલીને મારી મજાક ઉડાવતી ફરી ખડખડાટ હસી.

એણે ગમ્મત કરી હશે પણ મારી હાલત તો કાપો તો લોહી ન નીકળે એવી થઈ ગઈ. બોલવું ઘણું હતું પણ બકુએ મને રંગે હાથ પકડી પાડયો હોય એવું લાગ્યું.

મને મનોમન મૂંઝાતો જોઈ બકુને મજા પડી. એ બોલી, 'લાંબા સમય પછી મળ્યો તોય ઝઘડા સિવાય તને કંઈ સૂઝ્યું નહિ. સુધર્યો નહિ શહેરમાં જઈને પણ...'

આ સાંભળી મને હાશ થઈ. બકુ હજુ એ બકુ જ છે. એણે અંધારામાં જ તીર છોડેલું અને હું શુંનું શું સમજી બેઠેલો. મને એની એ વાત પર તો વિશ્વાસ બેઠો કે શહેરમાં જઈને હજુય હું સુધર્યો નથી...કે લગીરેય બગડ્યો નથી એવું કહેવું છે એનું?

'હે, હા, મારી મા, માફ કરી દે, ભૂલ થઈ. તારાથી કોઈ જીત્યું છે તે હું જીતવાનો?'

આ વખતે એ કંઈ બોલી નહીં, માત્ર એનું સિગ્નેચર સ્માઈલ આપ્યું. મને વધુ ગૂંચવવા એટલું પૂરતું હતું. છતાં વાતને જરા હળવી કરવા મેં સહજ સવાલ પૂછ્યો, 'કેવું ચાલે છે તારે? ગામડે તો તારે મૌજેમૌજ...'

અણધાર્યા જવાબથી એણે મને આશ્ચર્યચકિત કરી દીધો.

એ બોલી, 'હુંય હવે શહેરમાં જ છું. છાત્રાલયમાં રહીને ભણું છું. તું કહે તારે કેવું ચાલે છે ભણવાનું? ખાસ તો રાત્રે વાંચવાનું...' કહી, આંખ મિચકારતી હસી પડી.

મારો ગંભીર ચહેરો જોઈને પણ એ વાતની ગંભીરતા સમજતી ન હતી. મનમાં અઢળક સવાલો પરપોટાની માફક આવીને ફટાફટ ફૂટવા માંડ્યા હતા. જાણવું ઘણું હતું પણ જીભ જાણે સિવાઈ ગઈ હતી. છતાં જવાબ તો આપ્યે જ છૂટકો.

હું બોલ્યો, 'ચાલે છે ઠીકઠાક. રાત્રે મોડે સુધી પરીક્ષા સિવાય હવે વાંચતો નથી. એટલે સવારે વહેલો જાગી જાઉં છું. સવારની ચોખ્ખી હવામાં થોડુંક ચાલવા જાઉં.'

'અરે વાહ, એ તો ઘણું સારું, સ્વાસ્થ્ય માટે. સૂર્યોદય પહેલાં જાગો તો ચાંદ જોવા મળે.'

'એટલે. હું સમજ્યો નહીં.'

જવાબ આપ્યા વિના એ એના કામમાં પરોવાઈ ગઈ. બકુ કંઈ જાણે છે કે એ બોલે એમાં યોગાનુયોગ એવા અર્થ નીકળે છે. મારા મનનો વહેમ જ છે, કદાચ...પણ જગાએ કેમ કહ્યું નહિ કે બકુ પણ હવે શહેરમાં છે...

***

'અરે, એ ભુલાઈ ગયું હશે.' જગદીશે વાતને સહજતાથી લીધી.

'શું ભુલાઈ ગયું હશે, જગા. ભાઈબંધ છું કે... ઝીણી ઝીણી અંગત વાતો એ વહેંચીએ છીએ અને આ વાત...તે છુપાવી.' મારો આક્રોશ જરા જુદી રીતે વ્યક્ત થઈ રહ્યો હતો.

'અલ્યા, સાવ એવું નથી. એ શહેરમાં આવી ત્યારે તને સાથે આવવા કહેલું પણ તારે કંઈક પરીક્ષા હતી. એટલે પછી હું એકલો જ ગયેલો. યાદ છે કે નહીં, તને.'

'અરે હા, યાદ આવ્યું પરીક્ષા હતી, સાથે આવી શકું એમ ન હતો.'

'કેન્દ્રીય વ્યવસ્થા કરી એમાં પ્રક્રિયા જરા લાંબી થઈ અને મોડો પ્રવેશ મળ્યો, સત્ર શરૂ થયું, ન થયું અને વૅકેશન પડ્યું. એકાદ દિવસ પહેલા જ બકુ પણ શહેરથી આવી. મળી તને કે...'

'હા મળી. એટલે તો ખબર પડી કે એ પણ શહેરમાં છે હવે.'

મને મનોમન થયું કે બકુ મળી એની જ તો મોકાણ છે... પણ બહેનના ભાઈ એવા મારા ભાઈબંધને એ કેમનું કહેવું?

***

બકુલા સાથે એટલો સંબંધ હતો કે એને મોઢામોઢ પૂછી શકાય... પણ એમાં બધાં જ પત્તાં ખુલ્લાં પડી જવાનો ડર હતો. 'જાતને કહો કરે શરસંધાન, હવે તો પૃચ્છા એ જ કલ્યાણ' એવું વિચારીને બકુને પૂછી લેવાનું મનોમન ઠરાવી દીધું.

સવારે વૉક લેવાની આદત ફળી રહી હતી. મેં મનોમન સવાલ પૂછી જોયો, થોડી હિંમત ભેગી કરી અને જળકમળવત્ રહીને જાણકારી મેળવવાનો પ્રયત્ન શરૂ કરું, ત્યાં તો સામેથી આવીને બકુએ જ પૂછ્યું,'બોલ, શું પૂછવું છે?'

'હેં, હા, શું, કશું નહીં.'

'આમ ગેંગેં ફેંફેં શું કરે છે. તારા મનમાં જે વિચારે છે એના પડઘા એટલા જોરથી પડે છે કે મને સ્પષ્ટ સંભળાય છે. પૂછ, પૂછ, શરમાઈશ નહીં.'

સવાલોના ધોધ વચ્ચે મારી રટેલી બધી જ તૈયારીઓ અસ્તવ્યસ્ત થઈ ગઈ. આ બકુ...હું કંઈક પૂછવાનો છું, એ પૂછું એ પહેલાં તો...

'કંઈ નહીં. તું કેટલીક વાર જે અગડમ્ બગડમ્ બોલે છે એમાં મને જરાય ખબર પડતી નથી કે તારો સંદર્ભ શું છે એ વાતમાં.' મેં પૂછી નાંખ્યું.

'પડે, બધીય ખબર પડે જો આપણે મનથીય ચોખ્ખા હોઈએ તો...' જવાબમાં વળી એક ભેદી વાક્ય. આ બકુનું તે શું કરવું?

'પાછી એવી જ વાત કરે છે, તું. પેલું વાક્ય હજુ મને સમજાયું નથી કે 'સૂર્યોદય પહેલાં જાગો તો ચાંદ જોવા મળે' ...એટલે તું કહેવા શું માગે છે.'

'અલ્યા, સાદા સીધા વાક્યને ચોળી ચોળીને વધુ ચીકણું શું કામ કરે છે. કે પછી એ વાક્યમાં તારું કોઈ રહસ્ય છુપાયેલું છે, હેં?'

'એટલે? ...શેનું રહસ્ય? શું રહસ્ય?'

'રહસ્ય શબ્દથી આટલો બધો કેમ ભડકે છે? જોકે તારો વાંક નથી. સવારે વહેલા ઊઠીને સૂર્યોદય પહેલાં આકાશ ભણી ઊંચે જોયું હોય તો કુદરતનું રહસ્ય ખબર પડે ને કે સૂરજદાદા પણ ચાંદામામાને કેવી વિદાય આપે છે...'

હું મૂઢમતિ મનુષ્યની માફક એના મુખમંડળને તાકી રહ્યો. ખરેખર આ નિર્દોષ વાત કરે છે કે એમાં કંઈ રહસ્ય છે એ પામવું સાચે જ મારા જેવા પામર જીવ માટે સંભવ ન હતું. બકુલા આમ તો મારા જેટલી જ ઉંમરની. પણ સ્ત્રી જન્મે ત્યારથી જાણે કંઈ કેટલાય સંસ્કાર, સમજસૂઝ લઈને જન્મે છે એ વાતનું ઉત્તમ ઉદાહરણ. મારે તો બાળપણથી એની સામે હંમેશાં શસ્ત્રો મ્યાન જ કરવાના થતા. હવે એ વાતનો કોઈ હરખશોક પણ ન હતો. મને આવી ક્ષણોમાં કાયમ મુકુલ ચોક્સીની પંક્તિઓ યાદ આવતી...

**કિસ્સો કેવો સરસ મજાનો છે,**
**બેઉ વ્યક્તિ સુખી થયાનો છે,**
**પલ્લું તારી તરફ નમ્યાનો તને,**
**મુજને આનંદ ઊંચે ગયાનો છે.**

'એય, દાદી આગળ ખોટી વાતો કેમ કરતો હતો? વહેલા ઊઠવાનું સાચું કારણ જણાવી દે ને એમને તો માનું.'

'કીધું તો ખરું. રાત્રે વાંચવાનું બંધ કર્યું એટલે. પૂછી જો જગદીશને, એને બધી ખબર છે.'

'જાગવાની વાતમાં જગાભાઈને વચ્ચે ન લાવ. એમને નથી ખબર એવી વાત તો જરા જણાવ.'

'તું વાતમાં મોણ નાખવાનું બંધ કર. તું જાણતી હો એવું કંઈ તો જણાવ, મનેય ખબર પડે.'

'ગામડે વૅકેશન ગાળવા આવ્યો છું તો લીલાલહેર કર. બાકી તો પછી શહેરમાં જઈને ઘડિયાળના કાંટા જ મિલાવવાના છે. ચાલ, મળું પછી, નિરાંતે.'

ઓહ નો, શહેર, ઘડિયાળના કાંટા, અરે અરે, તો શું એને ખબર હશે એ વાતની...મારી ચિંતાના બેરોમીટરનો પારો આગળને આગળ વધ્યે જતો હતો.

***

બકુલાને એકાંતમાં ન મળ્યો હોત, લાંબી વાતચીત ન કરી હોત તો મારો વૅકેશનનો સમય સુખદ નીવડતો એવું મને લાગ્યું. એ વાતચીત પછી મનોમન અવનવા સવાલો ઊભા થયા અને એમાંના એકેયનો જવાબ મારી પાસે ન હતો. બકુને સમસ્યા અને કદાચ એનું સમાધાન પણ ખબર હતાં. જોકે એને હવે પૂછવાનું જોખમ ખેડવા જેવું મને લાગ્યું નહીં.

ત્યાં જ જગદીશ મળવા આવ્યો. નિત્યક્રમ મુજબ અમે ફરવા નીકળ્યા. વાતવાતમાં બકુની વાત નીકળી. જગાએ જે વાત કહી એ સાંભળી મારા પગ નીચેથી ધરતી ખસી ગઈ. બકુ અમારી હોસ્ટેલની સામેના મહિલા છાત્રાલયમાં જ રહીને અભ્યાસ કરતી હતી.

ધત્ તેરી કી...તો તો મારી શંકા સાચી છે. બકુ હવામાં ગોળીબાર કરતી નથી. ચોક્કસ એની પાસે માહિતી છે અને...

'પણ તો મેં તમને કેમ ન જોયા? મને કેમ આ વાતની જાણ ન થઈ?'

'અરે ભાઈ, હજુ થોડા દિવસ પહેલા જ તો કૉલેજમાં પ્રવેશ મળ્યો, એને. સવારની કૉલેજ હોય છે. પહેલાં તું વહેલો જાગતો ન હતો અને હવે તું વહેલી સવારે મોર્નિંગ વૉક પર નીકળી ગયો હોય છે. તો ક્યાંથી જાણ થાય?' બહેનની માફક ભાઈએ પણ મને જવાબને બદલે સવાલ પૂછીને ચૂપ કરાવી દીધો. પણ મારું મન માનતું નહતું...

તો તો પછી બકુ ચોક્કસ પેલી સુંદરીને પણ ઓળખતી જ હોવી જોઈએ. પણ હજુ મારા માટે એક પછી એક વધુ રહસ્ય ખૂલ જા સિમસિમના પટારામાંથી નીકળવાના હતા.

***

વૅકેશનના પહેલા ત્રણ દિવસમાં તો એટલા બધા વળાંક આવ્યા કે મારું માથું ચકરાઈ રહ્યું હતું. અત્યારે એકેય વાતના તર્કનો તાળો મળતો ન હતો. ફ્રેન્ડ એવી બકુએ એની ફિલસૂફીના વમળમાં એવો તો ફેરવ્યો કે હવે એના માર્ગદર્શન સિવાય બીજો કોઈ આરો દેખાતો ન હતો.

ભાઈબહેનને મળવા એમના ઘર તરફ જઈ રહ્યો હતો ત્યાં મેં જે જોયું, એને સગી આંખે જોયાનું હું માની શક્તો ન હતો. આંખો ચોળીને, એક ઝીણી ચૂંટલી પણ ખણી લીધી જાતે. મનમાં સતત આવતા વિચારોને લીધે તો આવું દૃશ્ય નથી જોઈ રહ્યો એની ખાતરી પણ કરી લીધી.

પણ ના, એ હકીકત જ હતી. સવારે ૬.૩૦ના સુમારે મહિલા છાત્રાલયથી પગપાળા પ્રવાસ આદરતી એ મારી સ્વપ્નસુંદરી ફરી એક વાર મારી નજર સામે હતી, વૅકેશનમાં પણ. મારા અહોભાગ્ય. કદાચ, બકુની બહેનપણી બની ગઈ

હશે એટલે આવી હશે, મેં મનોમન તર્કના તુક્કા બેસાડવા માંડ્યા. હું જે સ્વપ્નસુંદરીને સ્નેહસૃષ્ટિમાં શોધી રહ્યો હતો એ મારી સામે મૂર્ત સ્વરૂપે પ્રત્યક્ષ હતી. તારી લીલા અપરંપાર પ્રભુ...અપરંપાર. મારા મનમાં હરખ સમાતો ન હતો, પણ એ પ્રગટ કરી શકાય એમ ન હતો એટલે હવે દ્વિધા મીઠી મીઠી લાગવા માંડી હતી. હું બસ એને નીરખતો જ રહ્યો અને એ નીખરતી રહી, જાણે...

***

જગદીશ મારા ઘરે આવ્યો, સાથે એ પણ હતી. ઘરના બધાં જોડે પરિચય કરાવ્યો. છેલ્લે મારો વારો આવ્યો.

'આ મારી મિત્ર. સાથે એક જ વર્ગમાં છીએ. એનું છાત્રાલય આપણી હોસ્ટેલ પાસે જ છે. પાછી એ બકુની રૂમમેટ છે.'જગદીશે એનો પરિચય આપ્યો. હું તો સાક્ષાત્ દર્શન કરીને ભાનસાન ગુમાવી બેઠો હતો. જગાએ વળતો મારો પરિચય પણ કરાવ્યો. 'આ મારો રૂમમેટ. બાળપણથી સાથે જ રમ્યા, ભણ્યા.'

મને બીજું કશુંય યાદ ન રહ્યું. 'રૂમમેટ'...બસ. એટલું જ યાદ રહ્યું.

માત્ર બકુની રૂમમેટ હોવાને લીધે એ અહીં આવી હોય એવું લાગતું ન હતું. મન સમજાવતું હતું પણ હૃદય માની શક્તું ન હતું. ઊંડે ઊંડે લાગતું હતું કે મારા દરેક સવાલનો જવાબ માત્ર બકુ પાસે જ છે. પણ આપશે ખરી મને એ જવાબ..?

***

'હા, તું સાચું સમજ્યો આ વખતે. છાત્રાલયમાં મેં પ્રવેશ લીધો પછી એનો પરિચય થયો એવું નથી. એકાદ વર્ષ પહેલા એનો પરિચય થયો, પછી એ મિત્ર બની. મારે જ્યારે શહેરમાં જ ભણવું છે એ જાણ્યું ત્યારથી જગાભાઈએ એની સાથે વાત કરી રાખી હતી, એના રૂમમેટ તરીકેની વ્યવસ્થા ગોઠવવાની.' આજે હું બકુનું એકદમ અલગ સ્વરૂપ જોઈ રહ્યો હતો. જોકે એ કહી રહી હતી અને હું કાયમની જેમ સાંભળી રહ્યો હતો.

ઓહ, ઓહ...હું આ શું સાંભળી રહ્યો છું. બ્રુટસ્ યુ ટૂ...મારા બાળગોઠિયાએ મને અંધારામાં રાખ્યો. છેલ્લા ઘણા સમયથી એનો પરિચય હતો મારી સ્વપ્નસુંદરી સાથે..ઓહ... મારું હૃદય જાણે બેસી રહ્યું હતું...

'એ ખરેખર મારી નહીં, પણ જગાભાઈની મિત્ર. બેય સાથે એક જ વિષય ભણે, એક જ કૉલેજમાં. બેયના રસરુચિના વિષયો સરખા. દિવસનો મોટોભાગ સાથે ગાળે. એમની પ્રગાઢ મિત્રતાનો લાભ મને મળ્યો. મારે છાત્રાલયમાં કે કૉલેજમાં કશીય ચિંતા કરવાની નહીં. જ્યાં જગાભાઈ હાજર ન હોય ત્યાં એ હાજર હોય. બધી કાળજી રાખે.' બકુની નિર્દોષ વાણીના શબ્દેશબ્દે મને હૃદયમાં જાણે શૂળ ભોંકાવાની વેદના થઈ રહી હતી.

'તને ખબર છે, જગાભાઈને એ બહુ ગમે. બેય વચ્ચે લાગણીનો સંબંધ પણ રચાઈ રહ્યો છે. ભાઈનું છેલ્લું વર્ષ હતું એટલે આ વૅકેશનમાં બધું નક્કી કરવાનું થશે. એટલે જ, આજે પહેલી વાર એ ગામડે આવી છે. જોકે બા-બાપુ મારા કૉલેજના પ્રવેશ વખતે શહેર આવેલાં ત્યારે એને મળેલાં. ઘર-કુટુંબમાં સહુને આ સંબંધ પસંદ છે. તને કેવીક લાગે છે આ જોડી, કહે તો. તું તો જગાભાઈનો લંગોટિયો છે.'

બસ, આટલું જ બાકી હતું. મારી પસંદ વિશે, મારા મિત્ર માટે, મારો મત જણાવવાનું. ઓહ ઈશ્વર, ચાર દિવસમાં તો ચાર ભવ યાદ કરાવી દીધા.

'એઈ...પાછો ક્યાં ખોવાઈ ગયો. સુધર્યો નહીં. મહત્ત્વની વાત કરતી હોઉં ત્યારે જ તું ખોવાઈ જાય છે.'

'હેં, હા..બોલ, હું સાંભળું જ છું. તને તો કાયમ સાંભળું જ છું.' સાવ નિર્લેપભાવે મારાથી બોલી જવાયું.

બકુએ એનો શો અર્થ કાઢ્યો ખબર નહીં પણ એ જે બોલી એમાં મને મારું ભવિષ્ય દેખાયું.

'જો જગાભાઈનું બધું ગોઠવાઈ જાય એટલે તું ઇચ્છે તો આપણે પણ...'


***

આજે એ જ જગ્યાએ અમે ફરી આવી ઊભા છીએ, જ્યાંથી શરૂઆત થઈ હતી. વીતેલા સમયને ફરી જીવી લેવા અમે એ સમય સાચવી લીધો છે. આજેય એને અનિમેષ નજરે જોઈ રહ્યો છું ત્યારે અચાનક કવિ બાપુભાઈ ગઢવીની પંક્તિઓ યાદ આવી રહી છે...

**તમને સમય નથી અને મારો સમય નથી,**
**કોણે કહ્યું કે આપણી વચ્ચે પ્રણય નથી...**
**વીસરી જવું એ વાત મારા હાથ બહાર છે,**
**ને યાદ રાખવું એ તમારો વિષય નથી...**

સવારના ૬.૩૦ મેં યંત્રવત્ ઘડિયાળનો સમય મેળવ્યો. અને પગપાળા પ્રવાસ શરૂ થયો અને સાથે મારું લવ-વૉકનું સપનું પણ.

*બંગલા નં.-૬, તપસ્વી જલારામ સોસાયટી,*
*જ્ઞાનદા બસસ્ટેન્ડ પાસે, જીવરાજપાર્ક માર્ગ,*
*વેજલપુર, અમદાવાદ-૩૮૦ ૦૫૧.*
*મો. ૯૦૯૯૦૧૬૨૬૧*



# ઘર ઘર ગાંધી

- *પ્રવીણ ગઢવી*

'એ સાંભળો, સાંભળો... નેક નામદાર હજૂરનો ગામે ઉતારો છે. કોઈને કોઈ ખતલખાણનું કાંઈ કામકાજ હોય તો ગામચોરે પહોંચવું...'

ઢોલી ઢોલને દાંડી દેતો સાદ પાડતો ખાખરેચી ગામની શેરીમાંથી નીકળ્યો.

'અમારું કપાળ !' વીરજી પટેલે માથું કૂટ્યું. 'તલાટીના ચોપડે વારસાઈ કરવી હોય તોય તેય દરબારની જેમ લાગો લીધા વિના તો એન્ટ્રી કરતો નથ ને દરબાર લોકને હાંભળવા આવે. હવે ત્રણ મણ દૂધ અને દરબારના ઘોડા માટે પચી પૂળા કડબ પોંચાડવું પડશે, તમે દરબાર જ અમારા માથે દુઃખનો પ્હાડ છો, તો કોની આગળ દખડાં ગાવાં?'

ત્યાં સામેની ખડકી ખૂલવાનો અવાજ આવ્યો. રામજી અને હીરજી આવ્યા.

'સાંભળ્યું ? દરબાર આવવાના છે તે ?'

'હોવ. હાંભળ્યું. આજ રાતે છોરાંને વાળુમાં દૂધ નૈં મળે.'

'ઈ તો ઠીક, પણ આપણી ભેંસુંય કડબ વગર ભૂખી રેશે.'

'આ દરબારનો તરાસ કુને કહેવો? ભગવાંનય કાંય હાંભળતો નથી.'

વીરજીએ ચલમ ઝેગવી, ફૂંક મારી હીરજીને આપી ને તે સૌ વાતોએ વળગ્યા.

'મીં હાંભળ્યું સે કે આફ્રિકાથી માતમા ગાંધી આંય આયો સે, ઈનાથી લાટસાહેબય ધરુજે સે, તો ઈમને રાવ કરીએ ?'

'માતમા ગાંધીનો અમદાવાદમાં આશ્રમ છે. ઈમાં આપણા મગનલાલ શેઠ રહીને આયા છે. હેંડો, કાંક તો કરવું પડશે. ક્યાં સુધી આ તરાસ સહન કરવો ? ગયે વર્ષે દરબારે માળિયાના તળાવ વચ્ચે હવેલી બંધાવી, તો ગાડામાં પાણા ભરી ભરીને ફેરા કરવા પડ્યા અને કાંય મજૂરી ની આલી.'

'ઈને કેવાય ઠનઠન ગોપાલ.'

'વેઠનો તો પાર જ નૈં દરબારના રાજમાં.'

'એટલે લોક ઈ હવેલીને રગતની હવેલી ક્યે સે ને ?'

'હાસ્તો, ખેડુનાં લોઈ અને પરસેવાથી તો તળાવ ભરાયું સે.'

'તો આજ સાંજુકના મગનલાલ શેઠના ડેલે જઈએ, નક્કી ?' વીરજીએ પાકું કરવા કહ્યું.

'હોવ હોવ. કાંક તો નિવેડો લાવવો જ પડશે.' બોલી ચલમ ખંખેરી રામજી, હીરજી ઊઠ્યા.

* * *

સાંજે ઘેંસ-છાસનું વાળુ કરી, ચલમની બે ફૂંક મારી, કોગળો કરી, મોઢું સાફ કરી વીરજી અને બીજા બધા મગનલાલ શેઠની હવેલીએ પહોંચ્યા.

શેઠ હીંચકા પર બેઠા સોપારી કાતરતા હતા અને ફાકતા હતા. માથે ટાલ થવા લાગી હતી. થોભિયા ધોળા થવા લાગ્યા હતા.

'આવો, આવો, વીરજી પટેલ, તમે ક્યાંથી ભૂલા પડ્યા ?'

'ભૂલા તો શેઠ અમે ભવાટવિમાં પડ્યા છીએ.' કહી વીરજી પટેલે પાઘડી ઉતારી શેઠના પગમાં મૂકી.

'અરે, અરે, આ શું કરો છો, પટેલ ?' મગનલાલે પગ ખેંચી લીધા અને પૂછ્યું, 'કેમ આવવું થયું ?'

'અમે હાંભળ્યું સે કે તમે માતમા ગાંધીના આશરમમાં પહેલા સો. તમે માતમા ગાંધીના અંશાવતાર સો.' વીરજીએ હાથ જોડ્યા.

'અરે, અરે, ગાંધીજીના તો ચરણની રજ થવુંય કાઠું છે, ભૈ. એ તો વિરાટ પુરુષ છે, પણ તેનું શું ?' મગનલાલે ફાનસની વાટ ઊંચી કરી અજવાળું વધાર્યું.

'માતમા ગાંધીએ તો મોટા મોટા અંગરેજ લાટસાહેબોને નમાવ્યા છે, શેઠ. તમે તો તેમનું તેજ લીધું છે. તો અમને દરબારના તરાસમાંથી છોડાવો, બાપા.' વીરજી ગળગળા થઈ ગયા.

'માંડીને વાત કરો પટેલ.'

'વાત ઈમ છે કે દરબારના રાજમાં લાગા-લેતરી પાર વગરના છે. વેઠનો પાર નથી. કુંવર જન્મે ત્યારે કુંવર પછેડીનો વેરો, પૈણે ત્યારે પરણવેરો, ઘરમાં બારી મૂકીએ તો હવાવેરો, ખળું વાપરીએ તો ખળાવેરો, દરબારનો ઉતારો થાય ત્યારે બે-ત્રણ મણ દૂધ વગર ફદિયે આલવાનું. દરબારી ઘોડા માટે વરસે પોણો લાખ કડબના પૂળા આપવા પડે. અમારામાં કેવત સે કે 'ઘોડું દરબારી, કડબ પરબારી.' દરબારની હવેલી બને તો ગાડાંય મફત ને પાણાય મફત આપવા પડે.' વીરજી એક શ્વાસે બોલી ગયા.

'હં', મગનલાલે હીંચકાને હળવો ઠેલો આપ્યો.

'ને શેઠ, જમીં અમે રાતદ પસીનો પાડી ખેડીએ પણ

જમીં અમારી નૈં. અમે તો ભાડૂત ગણોતિયા. ગમે ત્યારે રાજ કાઢી મેલે. શાસ્ત્રો ક્યે સે ધરતીમાતા છે પણ અમે તો મા-બાપ વગરના સાવ અનાથ નોંધારું લોક.' હીરજીએ ઉમેર્યું.

'વિઘોટીય ક્યે સે અંગરેજના રાજથી દોઢી. ખળાનાંય ભાગ. અમે તો બળદ જેવા. બે ટંકના રોટલા ને ઘેંસ ખાવા મળે. બળદની જ્યમ ખાલી જીવતા રૈએ.' આંબાએ હાથ જોડ્યા.

'વેઠની ના પાડીએ કે વિઘોટી ના ભરી હકીએ તો હેડમાં પૂરે. દરબારી સપૈઈ બરડો ભાંગી નાંખે.'

'દકાળ પડે તોય વિઘોટી માફ નોં કરે દરબાર.'

'ઈ તો ઠીક, આનાવારી ઊંસી આંકી વધારે વિઘોટી લે. પડ્યા ઉપર પાટું.'

એક પછી એક પટેલ બોલવા લાગ્યા. જાણે મૂંગાને વાચા ફૂટી.

'એ તો ખરું, પણ દરબાર રાજની આવકનો અડધો ભાગ પોતાના ખજાને રંગ-રાગ ને રાણીયું પાછળ ખરચવા જમા લે, મગનલાલ શેઠ. ઈયાંને ક્યાં ખેતરમાં પરસેવા પાડવા સે શેઠ ?

'સારું થયું તમે આવ્યા. આશ્રમથી બાપુએ ઘરસંસાર સંભાળવા મોકલ્યો, ત્યારનો વિચારતો હતો કે દરબારના જુલમ સામે લોક કેમ કાંય બોલતું નથી ? વળી તમને ખબર છે દરબારે કપાસ, મગફળી અને એરંડી-શેરડી પર વિઘોટી બમણી કરી ?' મગનલાલને કપાસનો વેપાર હતો. નાનું જિન હતું.

'શેઠ, ઈ તો અમને ખબર જ નથી. વિઘોટી ઉઘરાવવા તલાટી ચોરે બેહે તિયારે ખબર પડે ને અમુને ?' ગોબર પટેલ હસી પડ્યા.

'તો સાંભળો, તમારે ગાંધીને રસ્તે લડવું છે ?'

'હોવે બાપા.'

'ગાંધીની લડાઈ એટલે માર ખાવાનો પણ મારવાનું નૈં, હાથ ઉપાડવાનો નૈં.'

'વો તો કૈસે હોગા શેઠ ? મૈં તો ખંજર સાથમેં હી રખતા હું.' હુસેનમિયાં ઊભા થઈ ગયા.

'ગાંધીની લડાઈ ખંજરથી નહિ, તકલીથી લડવાની.'

'હેં ! કહેતા ભી દીવાના, સુનતા ભી દીવાના?' હુસેનમિયાંએ માથું ખંજવાળ્યું.

'માલમિલકત, ઢોર જપ્ત થશે, હરાજ થશે, માર ખાવો પડશે, હાડકાં ભાંગવાં પડશે. હદપારી થશે, ગામ છોડવું પડશે, જેલના સળિયા ગણવા પડશે પરંતુ ઊંહ કે ઓંહ કરવાનું નહિ, કબૂલ છે ગાંધીના સિપાઈ થવાનું?' મગનલાલે વેધક પ્રશ્ન કર્યો.

'કબૂલ બાપા, કબૂલ. આંમ બળદની જેમ મૂંગામૂંગા માર જ ખૈએ સીએ.' વીરજીએ ઊભા થઈ પાછી પાઘડી ઉતારી.

'આવું જીવવું તે કરતાં તો વખ ઘોળવું સારું. દરબાર મારી નાંખશે તોય ચૂં કે ચાં નૈં કરીએં.' હીરજી ઊભો થયો, સાથે સૌ ઊભા થયા.

'તો કરો કેસરિયાં. કાલે ગામ ભેળું કરો.'

* * *

આખું ખાખરેચી ગામ ગોંદરે ભેગું થયું. મગનલાલ હનુમાનજીની દેરીના ઓટલે ચઢ્યા અને બોલ્યા, 'સાંભળો ભાઈઓ, વેઠવારાના ત્રાસથી બચવું હોય તો ગાંધીના રસ્તે આવો. હું લઈ જાઉં. આવતીકાલથી જ વિઘોટી ભરવી બંધ, વેઠ બંધ. દૂધ, કડબ બંધ, છાણાં બંધ. કબૂલ ?'

'હા, કબૂલ.' સૌએ હાથ ઊંચા કર્યા.

'સાંભળો, ગાંધીનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું એ કામ. દરબાર માલમિલકત, ઢોર જપ્ત કરશે, હરાજ કરશે, માર ખાવો પડશે. પણ હાથ ઉપાડવાનો નહિ, હાડકાં ભાંગશે પણ ઊંહ કરવાની નહિ. હદપારી થશે, જેલના સળિયા ગણવા પડશે. બોલો કબૂલ મંજૂર ?'

'હાં, કબૂલ, મંજૂર, મર જાઉંગા લેકિન ખંજર નહિ નિકાલુંગા. યે દેખો, ખંજર છોડા.' હુસેનમિયાં ભાવાવેશમાં આવી ગયા અને ખંજર ફેંકી દીધું.

'સાંભળો, ગાંધીજીની પદ્ધતિ છે, પહેલાં દુશ્મનને સમજાવવો, સાવધ કરવો અને પછી ન માને તો સત્યાગ્રહ કરવો. સત્યાગ્રહ સહેલો નથી ભાઈઓ, ખાંડાની ધારે ચાલવા જેવો મારગ છે, ગાંધીનો.' મગનલાલની આંખમાં આંસુ ઊભરાયાં.

* * *

ગામના પટેલો વીરજી, હીરજી, રામજી, હુસેનમિયાં, અમરશી બેચર અને ગુલાબસિંહ ગઢવીને લઈ મગનલાલ પહોંચ્યા માળિયે. દરબાર કચેરીમાં બેઠા હતા. દરવાનને જાણ કરી. દરબારે બોલાવ્યા.

દરબાર ઊંચે ઓટલે ગોઠવેલા કોતરણીવાળા સિંહાસન ઉપર બેઠા હતા. માથે સાફો ઝળકતો હતો. કલગી આમતેમ ડોલતી હતી. મોટા થોભિયા હતા. કાનમાં રત્નજડિત વાળી ઝૂલતી હતી. વાઘ જેવી મૂછો હતી.

'બોલો, મગનલાલ શેઠ, કેમ આવવું થયું ?'

'અમે આવેદન આપવા અને વિનંતી કરવા આવ્યા છીએ. અમારી પરના વેઠ-વેરા બંધ કરો. ગાડાં, કડબ, દૂધ, છાણાં મફતમાં લેવાનું બંધ કરો. વિઘોટી વાજબી કરો.

રોકડિયા પાક પર સેસ ઓછો કરો. દુકાળમાં વિઘોટી માફ કરો કે મુલતવી રાખો.' મગનલાલે આવેદનપત્ર દીવાનને આપ્યું. દીવાને આવેદનપત્ર દરબારને આપ્યું. 'આમાં શું વાંચવાનું ?' કહી દરબારે આવેદનપત્રના લીરેલીરા કરી ફંગોળ્યા.

'ભલે, આપની મરજી. અમે કાલથી સત્યાગ્રહ કરશું. વેઠ-વારા-વિઘોટી બંધ કરશું, દરબાર.' મગનલાલ દૃઢતાથી બોલ્યા.

'મગનલાલ, મને ખબર છે તું ગાંધીના રવાડે ચઢ્યો છું. પણ આ મારું રાજ છે. અંગરેજનું નથી. અંગરેજ ગાંધીથી ડરે, હું નહિ. તારી ગાંધીગીરી અહીં નહિ ચાલે. મારી દાદાગીરી અહીં ચાલશે, સમજ્યો વાણિયા? ખાદી પે'રીને રાજ લેવા હાલી નીકળ્યા છો તમે વાણિયા-બામણ.' દરબાર ગુસ્સે થઈ ઊભા થઈ ગયા.

'ભલે, આપની મરજી દરબાર સાહેબ. અમે માથાં વધેરાવીશું, પણ નમીશું નહિ.'

ફરી ગામ ભેગું થયું. મગનલાલે ધોળી ગાંધીટોપી પહેરી હતી. 'ભાઈઓ, આપણે આપણી ફરજ પૂરી કરી. ઠાકોરસાહેબને ચેતવ્યા પણ એ ન માન્યા. તો હવે તો હથિયાર વિનાની લડાઈ આપણે લડવાની છે. આજથી તમામ વેઠ-વેરા, લાગા, લેતરી, દૂધ, ગડબ, છાણાં... બધુંય બંધ. રાજના સિપાઈ આવશે, મિયાણા આવશે, મારઝૂડ કરશે, બધું જપ્ત કરશે, ખળાં પર ચોકીપહેરો બેસાડશે, હદપારી થશે, જેલમાં જવું પડશે. બોલો, તૈયાર છો?'

'હા', સૌએ હાથ ઊંચા કર્યા. અઢારે વરણ ત્યાં હાજર હતી.

'આપણા અંત્યજ ભાઈઓ પણ સભામાં આવ્યા છે. એમને તો જમીન નથી ને વિઘોટીય નથી. પણ વેઠ-વારા તો છે જ. આજથી આપણે આભડછેટને ગામમાંથી ભગાડી મૂકીશું.'

'હોવ.' સૌએ સાથ પૂરાવ્યો.

મગનલાલ નીચે બેઠા પછી ગુલાબસિંહ ગઢવી જુસ્સો ચઢાવવા ઊભા થયા.

'હરિનો માગ છે શૂરાનો,
નહિ કાયરનું કામ જોને....'

'ગુલાબસિંહ, હરિનો નહિ, સત્ય-ન્યાયનો કહો.' મગનલાલે સુધારો સૂચવ્યો.

'સત ન્યાયનો મારગ છે શૂરાનો,
નહિ કાયરનું એ કામ જોને...'

બીજે દિવસે તો માળિયાથી સિપાઈનું ધાડું ખાખરેચી ઊતરી આવ્યું.

પહેલાં વીરજીનું ઘર શોધ્યું. 'ક્યાં ગયો વીરજી? લે હાલ, ગાડું કાઢ્ય. વેઠે આવવાનું છે.' જમાદારે રાડ પાડી.

'વેઠ શાની ને વાત શાની?' વીરજીએ નન્નો ભણ્યો. તરત પીઠ પર દંડો પડ્યો. વીરજી કાળઝાળ. 'ધારું તો ટોટો પીસી નાખું જમાદારનો. પણ માતમા ગાંધી...' પછી તો ધડાધડ દંડા. છેલ્લો માથા પર. વીરજી ઢળી પડ્યો.

પછી તો સિપાઈઓએ આખા ગામમાં કાળો કેર વર્તાવ્યો. ગામના કોઈનું પણ માથું સાજું રહ્યું નહિ. નાળિયેર ફૂટે એમ માથાં ફૂટ્યાં.

'ક્યાં ગયો મગન ? મોટો માતમા ગાંધી થવા હાલી નીકળ્યો સે.' મગનલાલને પકડ્યા. દોરડેથી હાથ બાંધ્યા અને ગાડે ચઢાવ્યા. દરબાર સમક્ષ હાજર કર્યા.

'મગનલાલ, કૂતરાના મોતે મરશો. આ ગાંધીનાં ધતિંગ રહેવા દો.'

'ઠાકોરસાહેબ, મોતનો ડર હોત તો ગાંધીની ટોળીમાં ન ભળ્યો હોત.'

'હેડમાં પૂરો શેઠને. ચરબી ઉતારો શેઠની.' દરબારે સર ફોજદારને હુકમ કર્યો.

મગનલાલ માળિયાની જેલમાં બંધ. બે-ત્રણ સિપાઈઓ દંડા લઈને ફરી વળ્યા. ચૂં કે ચાં ન કરી મગનલાલે.

'બસ રહેવા દો અલ્યા, વાણિયો મરી જશે.'

* * *

ત્રણ દિવસ સુધી ન પાણી આપ્યું, ન ખાવાનું.

ખાખરેચી પર થયેલા જુલ્મની વાત વનવગડાની આગની જેમ રાજનાં બાર ગામોમાં પહોંચી. સઘળાં ગામોએ ખાખરેચીની જેમ જ વેઠ-વારાનો બહિષ્કાર કરવા સભાઓ ભરી, ઠરાવો કર્યા. અઢારે વરણે એમાં સાથ આપ્યો.

દરબારે ગામેગામ સિપાઈઓ અને મિયાણા મોકલ્યા અને ઘેર ઘેર મારઝૂડ કરાવી. કોઈનાં માથાં ફૂટ્યાં, કોઈના બરડા તૂટ્યા, કોઈના હાથ-પગ ભાંગ્યા. ખેડૂઓને ઘરમાં પૂરી સાંકળો ચઢાવી દીધી. 'અલ્યા, પહેલા ચોર છાપરું ફાડી અંદર આવતા, હવે આપણે છાપરું ફાડી ઘર બહાર નીકળવાનું?' એમ ઠાકોરની હાંસી કરતા સૌ બહાર નીકળી જતા.

ગામે ગામ ખળાં પર દરબારે જપ્તી બેસાડી. એમાં માવઠું થયું. પાંચસો ગાડાં ભરાય તેટલો બાજરો પલળી ગયો. ખેડૂતોને તો નુકસાન થયું જ, પણ રાજનેય થયું.

મગનલાલ જેલમાં પણ ગામે ગામ મગનલાલ ઊભા થયા, ઘેર ઘેર ગાંધી જન્મ્યા. વેઠ-વારા, ગાડાં, કડબ, દૂધ બધુંય બંધ થઈ ગયું. લોકોએ માર ખાધો પણ સામે હરફ ન ઉચ્ચાર્યો.

દસ દિવસ હેડમાં રાખી દરબારે ઉમિયાશંકર દીવાનની

સમજાવટથી મગનલાલને છોડ્યા.

જે ગામમાંથી દોરડે બાંધી સિપાઈઓ લઈ ગયા હતા, તે જ ખાખરેચીમાં મગનલાલનો ભવ્ય વરઘોડો નીકળ્યો. 'મગનલાલની જે, માતમાગાંધીની જે.'

ભાષણ કરતાં મગનલાલે કહ્યું હતું, 'મેં કહ્યું હતું ને કે ગાંધીની લડાઈમાં માર ખાવાનો છે, મારવાનું નથી. મેં પણ માર ખાધો, વીરજી, હીરજી, આંબાભાઈ, બેચરભાઈ, હુસેનમિયાં, ગુલાબસિંહ તમે સૌએ અસહ્ય માર ખાધો પણ આપણે ડરવાનું નથી, ડગવાનું નથી. વેઠ-વેરા કરવાના નથી, નથી ને નથી, ભલે કાલ મોત આવતું હોય તો આજ આવે. ડગલું ભર્યું કે ના ડગવું.'

ઠકરાતનાં બાર ગામોમાં મગનલાલ ગયા અને સરઘસ કાઢ્યાં, સભાઓ કરી. રાયસંગપરમાં ભાષણ કરતા હતા ત્યાં સર ફોજદાર આવ્યા અને પાછા મગનલાલને પકડી ગયા. હેડમાં પૂરી દીધા.

મહિનો વીતી ગયો. પણ લોક ન ડગ્યું, ન દરબાર. ગામેગામ પ્રભાતફેરીઓ, સભાઓ થતી. ગુલાબસિંહ, વીરજી, ગોબર, બેચર ત્યાં પહોંચી જતા અને કહેતા, 'વેઠ-વેરા બંધ ન થાય ત્યાં સુધી હઠ છોડવાની નથી. ભલે દરબાર ઢોર-ઢાંખર લઈ જતા. ભલે ઘરોને તાળાં મારે. ભલે ખળાં પર જપ્તી બેસાડે. ભલે જાર-બાજરો ને જમીનોય જપ્ત કરે. વેઠ કરવાની નથી. વિઘોટી ભરવાની નથી.'

ગુલાબસિંહ લલકારે -

**'અમે ડરતા નથી કે જુલમથી રે**
**ભલેને કાયાના કટકા થાય.'**

તો વળી કાનજી બારડોલીનું ગીત ગાય -

**'શૂરા જાગજો રે, કાયર ભાગજો રે...**

ભાઈઓ, બારડોલીમાં આપણે અંગરેજ સામે જીત્યા તો આવડા શા ઠાકોરની શી વિસાત ?' બેચર ઉમેરે -

**'જાન જાયે તો જાયે પર માન ન જાયે.'**

હુસેનમિંયા પણ ઓટલે ચઢી જતા.

* * *

દીવાન ઉમિયાશંકરે દરબારના કાને વાત નાખી, 'આમ દંડાબાજી, જપ્તીથી લોક નહિ માને. આખા રાજમાં બિનહથિયારી બળવો થયો છે. આ તો ગાંધીના નામે હથિયાર લેતા નથી પરંતુ જુલમની હદ વટશે ને જો હથિયાર ઉપાડશે તો દરબારસાહેબ, આપણી પાસે એટલી સેના નથી, સમાધાન માટે ખેડૂત આગેવાનોને બોલાવીએ.'

દરબાર માન્યા. સંદેશો મોકલ્યો.

'મગનલાલ વગર વાત નહિ.' કોઈ તૈયાર ન થયું.

બે મહિના થવા આવ્યા, ત્યાં મોરબીના ઠાકોરનો સંદેશો આવ્યો.

'ઠાકોર, કાંઈક રસ્તો કાઢો નહિતર આ ગાંધીની આંધી બધાં રજવાડાંમાં આવશે તો તણખલાંની જેમ ઊડી જઈશું.'

પણ ઠાકોર ટસના મસ ન થયા. સિપાઈઓને જંગલી કૂતરાઓની જેમ અને મિયાણાઓને દીપડાની જેમ ગામલોકો પર છોડી મૂક્યા.

સઘળા સત્યાગ્રહીઓને માળિયાની જેલમાં પુરાયા. જેલો ભરાઈ ગઈ, એટલે સત્યાગ્રહીઓને હદપાર કર્યા. આખા કાઠિયાવાડમાંથી સત્યાગ્રહીઓ આવવા લાગ્યા. પોલીસે નાકાબંધી કરી, પણ કેટલી થાય ? ગામોમાં જુવાળ ઊઠ્યો. મારીમારીને સિપાહીઓનાં બાવડાં દુખ્યાં.


'બાપુ, પડોશી રાજના લશ્કર સામે લડવું સહેલું છે, પણ આપણા લોકોથી લડવું મુશ્કેલ છે ને તેય હથિયાર વગરના. મારીમારી બરડા તોડી નાખીએ છીએ, તોય ચૂં કે ચાં કરતા નથી, ટસના મસ થતા નથી, હાથ ઉઠાવતા નથી. આ લોકની સામે લડતાં મતિ મૂંઝાઈ જાય છે. હવે તો આપણા સિપાહી પણ દયા ખાવા લાગ્યા છે !' સર ફોજદારે હથિયાર હેઠાં મૂકી દીધાં.

રાજકોટ એજન્સીના હેડ ક્વાર્ટરમાં રોજ રોજના રિપોર્ટ પહોંચતા હતા. એજન્ટ ટુ ધી ગવર્નર જનરલ એડવર્ડ કિલીને લાગ્યું કે પરિસ્થિતિ વણસી રહી છે. તેમણે તરત જ દરબારને પદચ્યુત કરી યુવરાજને ગાદીએ બેસાડવા હુકમો છોડ્યા.

યુવરાજે ગાદીનશીન થતાં જ મગનલાલને છોડ્યા અને તમામ વેઠ-વેરા-લાગા એ સઘળું બંધ કરવાનું જાહેર કર્યું.

મગનલાલનો ખાખરેચીમાં વાજતેગાજતે વરઘોડો નીકળ્યો. અંતે સભા મળી. મગનલાલે કહ્યું, 'આવી રીતે ઘેર ઘેર ગાંધી પેદા કરશું તો આ દરબારો અને અંગરેજોનાં રાજ, જાર-બાજરાની ફોતરીની જેમ ઊડી જશે. બોલો માતમા ગાંધીનો જય !'

'આસવલોક', ૪૬૬/૨, સેકટર - ૧,
ગાંધીનગર. મો. ૯૯૭૯૮ ૯૩૯૯૦



# સંજીવની

*- રેખાબા સરવૈયા*

ઘરમાં દિવાળીના કામની ધમાલ તો હતી જ સાથે-સાથે દિવાળી પછીના તરતના દિવસોમાં નણંદનાં લગ્ન પણ તો હતાં જ વળી...! બંને પ્રસંગોને ધ્યાને લઈને કામનું ભારણ તો ગણાય જ! કેટલાંક કામ ફાવે એવાં હોય તો વળી કેટલાંક સાવ નવાં જ! પણ શિવાની પહોંચી વળતી હતી. કહો કે... નવાં કામમાં ન સમજણ પડે તો સસરાની સલાહ લઈને પણ મચી પડતી.

આમ જોવા જઈએ તો... મકાન... (ઘર)ને રંગરોગાન કરાવવા જેવાં કામ શિવાનીના ભાગે, આ અગાઉ તો આવ્યા જ નહોતાં. પણ હવે નણંદનાં લગ્ન જેવો પ્રસંગ આવતો હતો અને એની પહેલાં દિવાળી !

– એટલે જૂના લાગતાં, ઊખડી ગયેલા પ્લાસ્ટરવાળા ઘરની મરમ્મત કરીને એને નવા કલેવર તો જાણે કે ચડાવવાનાં થાય જ, શિવાનીને જ આ વિચાર આવેલો અલબત્ત અને એણે જ સસરાને આ કામ કરાવવા માટે આગ્રહ પણ કર્યો જ.

વૃદ્ધ સસરાની આંખોમાં એ સાંભળીને ઝબકેલો દીવાની કો ઝીણી જ્યોત જેવો આછો-આછો ઉજાસ જોયો હતો શિવાનીએ. કદાચ આ પ્રસ્તાવ મૂકતી શિવાનીની આંખોમાં એવા જ કોઈ ઉજાસનું પ્રતિબિંબ સસરાએ પણ જોયું હોય – એવુંય બની જ શકે ને !

- હા... એવું જ બનેલું.

પોતાની જાતમાં રસ લેવાનું લગભગ ભૂલી ચૂકેલી શિવાની જો ઘરના સમારકામમાં કે પછી એના દેખાવમાં– સુંદરતામાં વધારો કરવા રંગરોગાનનો વિચાર કરવા જેટલી



રુચિ ફરીથી પોતાની અંદર જગાવી શકી હોય તો એ વૃદ્ધ સસરા માટે ખરેખર આનંદ પામવા જેવી જ વાત લેખાય.

અને એટલે જ તો જ્યારે શિવાનીએ કહ્યું કે: "પપ્પા, આપણું ઘર છે તો સરસ જ પણ શું છે કે... થોડું-થોડું પ્લાસ્ટર ઊખડી ગયું છે, કલર કરાવ્યો હશે એને પછી તો કેટલો સમય વીતી ગયો હશે હેં ને પપ્પા! –વચ્ચે જ સસરા બોલી ઊઠ્યા: 'હા... બેટા... શિવાંશુનાં લગ્ન પહેલાં... આઈ મીન... તમારાં... લગ્ન લીધાં એની પહેલાં..."

બોલી લીધા પછી એ શિવાનીના મોં સામે તાકી રહ્યા. જાણે કે એના ચહેરામાં કોઈ બીજી વ્યક્તિનો ચહેરો શોધતા હોય એ રીતે. શિવાનીના સ્વરથી એમનો ધ્યાનભંગ થયો.

પપ્પા, મકાન હોય કે માણસ... કાળની થપાટ અને સમયનો માર તો એને લાગવાનો જ. પણ... આપણે પ્રયાસ એટલો કરવાનો કે ટકી શકીએ. અને એ પણ સરસ રીતે... હોં...'–સસરા આ વાતનો મર્મ બરાબર સમજી ગયા અને એ જ અર્થમાં એમણે શિવાનીનો ખભો થપથપાવીને ડોકું ધુણાવ્યું. શિવાની પણ આ સંદર્ભને સમજી જ ગઈ. આશ્વાસન આપવાની રીતો માણસે- માણસે નિરાળી હોવાની. યુવાન દીકરાના મૃત્યુને પચાવીને બેઠેલા બાપ માટે એથીય વધુ કપરું હતું... પતંગિયા જેવી ચંચળ પુત્રવધૂના સ્થગિત થઈ ગયેલા જીવનપ્રવાહને થંભી જતો, શોષાઈ જતો જોઈ રહેવું– નિઃસહાય ભાવે...

પણ... જ્યારથી શિવાની કૈલાસ માનસરોવરની યાત્રાએથી પરત આવી હતી એના વર્તનમાં આવેલા સૂક્ષ્મ પરિવર્તનની નોંધ સસરા લઈ રહ્યા હતા. શિવાનીના વ્યક્તિત્વમાંથી સકારાત્મક ઊર્જાનાં આછાં-આછાં કિરણો ઝીણો–ઝીણો પ્રકાશ વિખેરીને એક જ્યોતિર્મય વાતાવરણ ખડું કરતાં હતાં જાણે...!

ઉદાસીનતાનાં કસ્તરને ખેરવવાના પ્રયાસરૂપે જ ઘરનું કામ ઉપાડ્યું હોય એમ એ ઝીણી-ઝીણી બાબતોમાં રસ લેતી થઈ ગઈ. કયા રૂમમાં કેવા રંગનો શેડ રાખવો? છતમાં કેવો રંગ શોભશે? વરંડામાં કેવો રંગ કરાય? આવી આવી બાબતોમાં એ સસરા પાસે ચર્ચા કરતી. તો વળી નણંદને પણ ક્યારેક ચર્ચામાં તો ક્યારેક એની લગ્નની ખરીદીના લિસ્ટમાં સામેલ કરી લેતી. નણંદ પણ પોતાનો સંકોચ

છોડીને ભાભી સાથે ભળવાની બનતી કોશિશ તો કરતી જ. અંદરથી એને પણ ભાભીનો ઉત્સાહ સ્પર્શી રહ્યો હતો... અને કેમ નહીં...! ભાઈના અકાળ અવસાનથી સ્તબ્ધ થઈ ગયેલી ભાભી પોતાની મેળે જ જીવનમાં ફરીથી ગોઠવાતી જતી જોઈને એને આનંદ તો થાય જ સાથોસાથ હૈયાને ઠારક પણ વળે કે પોતાની વિદાય પછી એને પપ્પાની અને ભાભીની ચિંતા ઓછી થશે.

ઘરમાં પથારાનો પાર ન હોય, રંગારાઓને સૂચનાઓ આપતાં-આપતાં નણંદના શૉપિંગની વસ્તુઓના ઢગલા વચ્ચે બેસીને, બહારની દીવાલો પર થઈ રહેલા રંગના અસ્તર પર નજર નાખવાના બહાને, ફળિયાના હીંચકે બેસીને, સસરાના હળદરવાળા દૂધના ઊભરાને ગૅસ પર ઊકળતો જોતાં- જોતાં કિચનમાં કે એવા જ બીજા કોઈ પણ કામમાંથી સમય ચોરીને પછી શિવાની પોતાના મોબાઇલમાં બહુ જ રસથી. કહો કે તીવ્રતાથી ટેક્સ્ટ મૅસેજ તો કરી જ લેતી હતી...

"દુર્ગમ લાગતી યાત્રાઓ હંમેશાં વ્યક્તિને અંદર–બહાર બદલી નાખનારી હોય છે... અને જો એવી યાત્રાઓ પછી પણ જો વ્યક્તિ પરિવર્તનનો અનુભવ ન કરે તો એણે કરેલી યાત્રા યાત્રા નહીં પણ માત્ર મુસાફરી જ કહેવાય...." કોના હતા આ શબ્દો?

થોડા મહિનાઓ પહેલાં પૂર્ણ કરેલી કૈલાસ માનસરોવરની યાત્રાના પૂર્ણ થવાના આગલા દિવસે આ શબ્દો માત્ર શિવાનીને જ કહેવાયા હતા.

અને તપ્ત ધરામાં જળની ધારા શોષાય એમ એના અશાંત–વ્યાકુળ મનની ભૂમિમાં એ ઊતરી ગયા હતા.

કૈલાસની યાત્રા એ શિવાનીના જીવનની પીઠિકાનો પાયો હતી એમ કહો તોપણ ખોટું નહીં કહેવાય, કારણ કે... પ્રથમથી ભગવાન શ્રી આશુતોષ શિવને સમર્પિત આ છોકરી બીબાઢાળ જીવનપ્રવાહમાં કાયમ સામા પૂરે તરનારી હતી... વિચાર-ચિંતન-મનનથી પક્વ થયેલું મન સાધારણ બાબતોમાં ઝટ દઈને ઠરે નહીં તો ચોંટે તો ક્યાંથી? નોખા જીવન ધ્યેયને વરેલી શિવાની અદમ્ય ઉત્સાહ અને અપૂર્વ સાહસ સાથે પ્રથમવાર કૈલાસ માનસરોવર ગઈ ત્યારે રાજ્યની ખૂણે-ખાંચરેથી આવેલી ગણીને બાર વ્યક્તિઓની જ ટુકડીમાં શિવાંશુ પણ હતો.

અને -

"જગતે માંડ્યો ખોવાઈ જવાનો ખેલ, મેં તો આદરી જિંદગી જડી જાય એવી રમત! – બીજી વખતની કૈલાસયાત્રાના આરંભે પહાડોનો ઢાળ ચડતી બસમાં બેઠાબેઠા શિવાની શિવાંશુની ડાયરી ખોલીને વાંચી રહી હતી.

ન પરણવાનું નક્કી કરી બેઠેલી શિવાનીએ પ્રથમ કૈલાસ માનસરોવરની યાત્રાનાં સહયાત્રીને જીવનયાત્રાનો પણ સહયાત્રી બનાવી લીધેલો. સમાન ધ્યેય, સમાન વિચારનો સરવાળો એટલે અદ્ભુત સહજીવન.....!! પરંતુ વિધાતાની યોજના તો અકલ્પનીય હોય છે ને...! જિંદગી જડી જાય એવી રમત રમતાં- રમતાં એક દિવસે શિવાંશુ શિવાનીનો જાણે કે થપ્પો કરવા બહાર જ ન આવ્યો અને સંતાઈ ગયો હંમેશ માટે..

ચરરરર...રરરરર... એક જોરદાર આંચકા સાથે બસ ઊભી રહી, કેમકે આગળ ભૂસ્ખલન થયું હતું... અને શિવાનીની મનમાં સ્મૃતિઓનું સ્ખલન...

બેઉ જણનું સહિયારું સપનું હતું–જીવતેજીવ સજોડે હજુ એક વાર કૈલાસયાત્રા કરવી, પરંતુ અત્યારે તો શિવાની એકલી જ હતી... હા... હૈયાના કુંભમાં શિવાંશુનાં સ્મૃતિપુષ્પો સાથે...

સાથીની વિદાયથી મન ઉપર જાણે કે હિમ પડ્યું હોય એમ એ સ્તબ્ધ હતી છાતી અતિ ભારે હતી. કેટલુંક હતું ભીતરમાં? ક્યાં કહે? કોને કહે? આ જામી ગયાની – થીજી ગયાની તીવ્ર અનુભૂતિ લઈને એ ફરી એક વાર કૈલાસને ખોળે આવી હતી. શિખરો ઉપર ચોંટેલા બરફ જેવી.. કો' સૂર્યકિરણની પ્રતીક્ષામાં અણજાપણે મગ્ન શિવાની... પ્રકાશની ઉષ્માથી પીગળવાની ઉમ્મીદ લઈને આ ફરીથી ઊતરી હતી માનસરોવરનાં પારદર્શી શીતળ જળમાં, નાનકડી પોટલીની રાખને હવામાં ઉડાડીને એ શૂન્ય આંખે તાકી રહી હતી... ઘણીય વાર એમ જ ઊભા રહીને પછી ધીરેથી હથેળીના સંપુટમાં જળ ભરી, આકાશ તરફ નજર કરી, આંખ મીંચીને એક અંજલિ હળવેથી ઉછાળી ત્યારે એની આંખમાંથી પણ બે ખારાં બુંદ માનસરોવરનાં મીઠા જળમાં ભળી ગયાં. અને એ વખતે આકાશના નેપથ્યમાંથી



આવતો હોય એવો કો' ધીર-ગંભીર-દૃઢ-ઘટ્ટ પુરુષ સ્વર એના કાનમાં થઈને હૃદયમાં ઊતરી રહ્યો 'સમયની રાખ હોય, જળ હોય કે કો' પ્રિયજનની સ્મૃતિનાં ફૂલ, આપણે ચાહવા છતાંય એને પકડી રાખી શકતાં નથી. બધું જ વહી જવા માટે જ હોય છે. સરી જવા માટે જ હોય છે. આપણે તો પસાર થઈ જવાનું છે...બસ. ઊભા રહી જઈશું તો... તો માયા અને મમતાની કેટકેટલીય કણીઓ આપણા મનમાં ખૂંચી જશે. એ કણીઓને ટપી-ટપીને આપણે બસ ચાલવાનું શીખી જવાનું હોય છે.'

– ઓ...હ... શબ્દને બ્રહ્મ શા માટે કહેવાયો હશે! એનો અર્થ શિવાનીને સાક્ષાત્ થયો જાણે.

બીજી વારની કૈલાસ માનસરોવરની યાત્રામાં એની ટીમમાં બધાં જ બબ્બે જણ હતાં ફક્ત બે જણને બાદ કરતાં...! એક શિવાની પોતે અને બીજી વ્યક્તિ એટલે આખીય યાત્રામાં મૌન રહીને સતત શિવાનીને 'ઓબ્ઝર્વ' કરનાર, અત્યંત તાત્ત્વિક, દાર્શનિક, વિચારશીલ અને તેમ છતાંય અત્યંત ભાવસભર, અગમને તાકતી આ બે આંખોનો માલિક ડૉ. શિવમ્ સુબ્રમણ્યમ.

માનસરોવરના જળમાંથી બહાર આવીને શિવાની ડૉ. શિવમ્ સાથે ક્યારે વાતો કરવા લાગી એ એને પોતાનેય ક્યાં સરત રહી હતી...–અને બાકીના દિવસોમાં શિવાંશુ–સંસાર–આધ્યાત્મ–તત્ત્વજ્ઞાન–દર્શનશાસ્ત્ર, ઈશ્વર, આત્મા અને આવું તો ન જાણે કેટકેટલું બંને તરફથી વહી ચાલ્યું... જાણે કે શિખર પર ચમકતા સૂર્યની હૂંફાળી ગરમી ઝીલીને પીગળતો બરફ... નદીની ધારા બનીને વહી નીકળ્યો ન હોય !!!

શિવાનીએ યાત્રાનો એક માર્મિક અર્થ પામ્યો, ડૉ. શિવમ્ પાસેથી. બેઉના સંવાદથી જાણે કે અંદરની તરફ પણ એક યાત્રાનો આરંભ થયો હતો... ભીતરનાં મન-સરોવરની યાત્રા!

મન અને આત્માને અવાક કરી મૂકતા આ સંવાદની સંવેદના શબ્દોમાં સમાય એવી સ્થૂળ ક્યાં હતી? બસ, આ કૈલાસની ઊંચાઈ, ગહેરાઈ અને પારદર્શિતાનું પ્રતિબિંબ એમાં બેઉ જણને દેખાતું હતું!

જીવનની સાર્થકતા સમી યાત્રા પૂર્ણ કરીને દિલ્હી ઍરપોર્ટ પરથી છૂટા પડતી વખતે બેઉ જણે પોતપોતાનાં સંપર્ક સૂત્રોની આપ-લે કરી. આજ લગી બેઉ જણની વાકધારા એટલું તો વહી હતી કે વિદાયની ઘડીમાં બેઉના અંતરમૌન...

નાનપણમાં મા-બાપ ગુમાવીને આજ સુધી લગભગ સંન્યાસી જેવું નિઃસંગ જીવન જીવેલા ડૉ. શિવમ્ અચાનક જ શિવાનીનું ડૉ. શિવમ્‌ના ચરણોમાં ઝૂકવું, શિવમ્‌ને લાગ્યું કે કૈલાસની કોઈ શુભ્રધારા જાણે કે એનાં તપ્ત ચરણોને શીતળતાનો અર્ધ્ય અર્પી રહી છે. એણે શિવાનીને અધવચ્ચેથી હાથ વડે અટકાવી દઈ..... પોતાના પગ જરાક પાછળ ખેંચી... અનન્ય વહાલછાયી નજરોથી શિવાનીને નીરખીને એના મસ્તક ઉપર સહજ રીતે જ પોતાનો હાથ સ્થાપી દીધો.....

શિવાનીની ભીનાશની વાછંટ શિવમની આંખોમાં ત્રબકી ગઈ..... ઍરપોર્ટની એ ઔપચારિક ભીડની વચ્ચે ઘટેલી આ ઘટના જાણે કે સહજયોગ ! ઉભયપક્ષની સંબોધિ ક્ષણ! –

બીજા દિવસની પરોઢથી જ.....

ધ્યાનમાંથી ઊભા થવાની સાથે જ ડૉ. શિવમ્ અગમ્ય અધીરતાથી પોતાના મોબાઇલના ઇનબોક્સમાં શિવાનીના મેસેજીસ વાંચતા અને...

માનસરોવરના જળની પારદર્શિતાથી પ્રત્યુત્તર આપતા...

જૂના ખંડેરમાં કોઈ પક્ષીના ટહુકાઓ વેરાય ને ખંડેર જીવંત ભાસે એવો જ કંઈક અહેસાસ શિવાનીના અંતરમાં થતો અને એમાંના ટહુકાઓ ખાલી ડૉ. શિવમ્‌ના મોબાઇલ સુધી જ સીમિત ન રહેતા; પરંતુ વૃદ્ધ સસરા–નણંદ અને શિવાંશુની વિદાયથી વેરાન થઈ ગયેલા ઘરમાં પણ ચહેકાટ વેરી મૂકતા.

બંને જણના મોબાઇલ કોન્ટેક્ટમાં જઈને કોઈ જુએ તો બંને જણાએ એકબીજાનાં નંબર્સ 'સંજીવની' નામથી 'સેવ્ડ' કરેલ હતા.... પણ આની ખબર બેમાંથી કોઈનેય નહોતી...

*એડી. કલેક્ટર અને ડાઇરેક્ટર,*
*DRDA 1st ફ્લોર, જિલ્લા પંચાયતભવન,*
*બસસ્ટેન્ડ પાસે, પોરબંદર. મો. ૯૯૨૫૦ ૧૭૫૮૪*



# મિસ મંજુ... મંજુલા... મંજરી

*- દર્શના ભગલાણી*

"મિસ મંજુ તમને વારંવાર કહેવામાં આવે છે છતાં તમે કોઈ કામને સિરિયસલી લેતાં જ નથી. તમને ન તો સમયનું ભાન છે, ન કામની ગંભીરતા ઉપરથી આપના લીધે આખી ઓફિસનું વાતાવરણ બગડે છે પણ આપ તો બિલકુલ બિનદાસ્ત... કામ કંઈ કરવું નથી અને રોજ નિતનવી સમસ્યાઓ ઊભી કરવી' મુંજાલના ચહેરા ઉપર ભારોભાર અણગમો અને ક્રોધ છલકાઈ રહ્યા હતાં. મુંજાલ ઊંચા અવાજે ગુસ્સામાં મિસ મંજુને તતડાવી રહ્યો હતો. થોડાં મહિનાથી ઑફિસ જોઈન કરેલ મિસ મંજુ પણ તેનાં વાણીવિલાસ અને વર્તનથી તેના બોસને તેની તરફ ચીડ ઊપજે તે માટેની પૂરતી તક આપતી રહેતી. ભાગ્યે જ ગુસ્સે થતાં મુંજાલને પણ કોણ જાણે કેમ મિસ મંજુ ઉપર નાની નાની વાતમાં ગુસ્સો આવી જતો. જયારે આજે તો મિસ મંજુએ બેદરકારી દાખવવાનું અદમ્ય સાહસ ખેડી નાખ્યું હતું અને પરિણામ તેની સામે હતું.

એરકન્ડિશન્ડ ચેમ્બરમાં મુંજાલનો અવાજ ચારેતરફ ગુંજી રહ્યો હતો. છૂટીછવાઈ લાઇટ ડાર્ક શેડની મોરપીંછ કલરની ફ્લાવર પ્રિન્ટની સાડીમાં મનમોહક લાગતી મિસ મંજુ પોતાના બોસની સામે નજર નીચે ઢાળી ઊભી હતી. ઊંચી, રૂપાળી, ખુશખુશાલ મસ્તીભર્યો નટખટ લંબગોળ ચહેરો અને મન મોહી લેતા હાસ્યની મલ્લિકા-એ-હુર, મિસ મંજુ કમર સુધી પહોંચતા વાળના જથ્થાને મોટાભાગે તો વાળીને પોનીટેઇલમાં ઝૂલાવતી. પરંતુ આજે સાડી પહેરેલ હોવાથી મિસ મંજુએ સાડી સાથે શોભે એ રીતે વાળને છુટ્ટા મૂકેલ જે સાડીમાં અટવાતા ગૂંચવાતા તેની પીઠ પર પથરાઈને પીઠને ઢાંકી રહ્યા હતા.

વારંવાર ખભેથી સરી જતી સાડીને સરખી કરવામાં વ્યસ્ત મિસ મંજુને જોઈ મુંજાલ ક્ષણિક કિંકર્તવ્યમૂઢની અવસ્થામાં મુકાઈ ગયો. મુંજાલ કંઈ મિસ મંજુ ઉપર ઓળઘોળ ન હતો એટલે પોતાના ગુસ્સાને કાબૂમાં લેવામાં તેને ખાસ્સી મહેનત પડી રહી હતી. બીજી તરફ મિસ મંજુને તો જાણે બોસની સામે જોવાનીય ફુરસદ ન હોઇ એમ બેપરવાઈથી પોતાનામાં જ મસ્ત હતી. મુંજાલે ધૂંધવાઈને મિસ મંજુ સામે નીચેથી લઈને ઉપર સુધી એક અછડતી નજર નાંખી;

"મિસ મંજુ... હું તમને શું કહી રહ્યો છું એ સંભળાય છે કે?' મુંજાલ મહેતાએ મંજરીના ચહેરા ઉપર નજર સ્થિર કરતાં ધીમા પરંતુ ધારદાર અવાજે ભારપૂર્વક પૂછ્યું.

"જી, જી હા સર... સર, એક રિક્વેસ્ટ. મને મિસ મંજુ, મિસ મંજુ કહીને ન બોલાવો, યુ નો આઇ ડોન્ટ લાઇક ઇટ. મારા ફઈબાએ ઘણું સમજી વિચારીને મારું નામ મંજુલા રાખેલ છે. આઇ હેટ શોર્ટ નેઇમ ઓર પેટ નેઇમ યુ નો... આપ મને મંજુલા કહી ને બોલાવશો તો મને વધુ ગમશે. આપ મને મિસ મંજુ, મિસ મંજુ કહીને બોલાવો છો ને ત્યારે સતત મને હું મિંગલ નથી સિંગલ છું તેનું ભાન થાયે રાખે છે. યુ નો સર, જોડી તો સ્વર્ગમાં બંને...' મિસ મંજુએ ઉપરની તરફ નજર કરી પણ ત્યાં સ્વર્ગ કેવું? હા, નર્ક અહીં જ હતું એ પ્રતીતિ મુંજાલ તેને કરાવવા મથી રહ્યો હતો પણ મિસ મંજુ.......મંજુલાને તો જાણે કંઈ પડી જ નહોતી.

"મિસ મંજુ... ઊહું... મંજુલા... આપ સિંગલ છો કે મિંગલ તેની સાથે મને કંઈ લાગતું વળગતું નથી. પ્લીઝ... સો વાતની એક વાત... મને એ કહો કે મેં આપને અત્યારે અને આ ઘડીએ શું પૂછ્યું?' મુંજાલના ચહેરા પર ક્રોધ મિશ્રિત કંટાળાનો ભાવ છવાયેલ હતો. મિસ મંજુ નીચું મોઢું કરી સાડીના પાલવના છેડાને તેની કોમળ આંગળીઓથી વળ આપી રહી હતી.

'મિસ મંજુ આપને મારી વાત બરાબર સંભળાય છે ને? હું એકદમ સીધોસાદો સવાલ આપને પૂછી રહ્યો છું અને આપ છો તે લંડનના વેક્સ મ્યુઝિયમમાં રાખવામાં આવેલ મીણના પુતળાની માફક ઊભા છો... ગ્રેટ' મુંજાલ મહેતાની અકળામણ સતત વધી રહી હતી.

મિસ મંજુના ચહેરાની નિર્દોષ મોહકતાની મુંજાલ મહેતા ઉપર જરા પણ અસર થઈ રહી નહોતી. મુંજાલનું ચાલ્યું



હોત તો તેણે મિસ મંજુની ગળચી દબાવી દીધી હોત એટલું ખુન્નસ તેને અત્યારે આ ઘડીએ ચડી રહ્યું હતું. અસહાયતા અનુભવતા મુંજાલ મહેતાએ કાચ પર જોરથી તેનાં હાથમાં રહેલ ટેન્ડરના કાગળો પછાડયા. તેના ચહેરા ઉપરનો ક્રોધ પરસેવા રૂપે રેલાઈ રહ્યો હતો.

આઠ માળની લકઝરી કોર્પોરેટ બિલ્ડિંગના ટોપ ફ્લોર પર આવેલ ઑફિસની ચેમ્બરમાં રિવોલ્વિંગ ચેર પર બેઠેલ મુંજાલ મહેતા પોતે હજુ માંડ પચીસેક વર્ષનો હશે. એકદમ હેન્ડસમ, પાતળું નાક, ગૌરવર્ણ અને કાળા,ઘેઘૂર વાળ ધરાવતા આ નવયુવાનને જોનાર દરેકને પરાણે તેના ઉપર વ્હાલ ઊપજે એ ચોક્કસ. મુંજાલને જોઈને કોઈ પણ કળી શકે કે તે નિયમિત જિમમાં જતો હશે. તેના ચહેરાની નમણાશ અને કુમાશ સાથે સુરેખ કસાયેલું શરીર તે ભરપૂર એક્સરસાઈઝ કરતો હશે એની ચાડી ખાતાં હતાં. મુંજાલ મહેતાની ઑફિસમાં કામ કરતા તમામ કર્મચારીઓને તેના માટે ભારોભાર સ્નેહ અને આદર હતો. મોટાભાગે સ્ટાફનાં મહિલા કર્મચારીઓ તો ઠીક પુરુષવર્ગ પણ મુંજાલ મહેતાનો નમણો સુંદર ચહેરો જોઈ મંત્રમુગ્ધ થઈ જતા. ઘણા ખરા તો મુંજાલ મહેતા સામે જોવામાં જ એટલા મશરૂફ બની જતાં કે મૂળ વાત કહેવા સાંભળવાની જ ભૂલી જતા.

મુંજાલ મહેતાએ મહામહેનતે પોતાની જાત પર અંકુશ મેળવ્યો. ગળા નીચે થૂંક ઉતારી ટેબલ પર પડેલ પાણીની બોટલ ઉઠાવી અને ગ્લાસમાં પાણી ઠાલવ્યું અને પાણીનો ગ્લાસ મોઢે માંડયો.આમ તો મુંજાલ સાદું પાણી પીવાના બદલે મોટાભાગે લીંબુ પાણી પીવાનું પસંદ કરતો અને આજે પણ ટેબલ પર પડેલ લીંબુ પાણીની બોટલ ઘરેથી સુશીલાભાભુએ કાળજીથી ગાડીમાં મુકાવી દીધેલ. લીંબુ પાણીના બે ઘૂંટ ગળા નીચે ઊતરતા મુંજાલનું મન શાંત પડવા લાગ્યું. ઘડીક પાણીની બોટલ સામે તો ઘડીક ટેબલના કાચ પર પ્રતિબિંબિત મિસ મંજુ



સામે જોઈ રહેતા મુંજાલને સવાર સવારમાં સુશીલાભાભુએ કહેલ વેણ યાદ આવી ગયા; 'મારે તો દીકરા વહુના ગળેથી પાણી ઊતરતું હોય ઈ દેખાય એવી રૂડી રૂપાળી અપ્સરા જેવી વહુ મારા દીકરા માટે જોઈએ.' મુંજાલને એ વાત અચાનક અત્યારે યાદ આવી ગઈ. સુશીલાભાભુને આ મંજુલાદેવીનો પનારો પડે તો ખબર પડે કે રૂડી રૂપાળી રાધાનું મગજ જ ખાલી હોય તો આખી જિંદગી માથે ઓઢીને રોવાનો વારો આવે.

મુંજાલને માટે સુશીલાભાભુ તેનું સર્વસ્વ હતાં. મમ્મી-પપ્પા, જાનકી અને વીરેન મહેતા તો ધંધાર્થે અમેરિકા ગયાં તે ત્યાં જ સેટલ થઈ ગયેલ. મોટાભાઈ, અમૂલખભાઈએ વીરેનના આગ્રહ છતાં દેશમાં જ રહેવાનું પસંદ કરેલ. નછોરવા ભાઈ-ભાભીનું મન ભર્યું ભર્યું રહે એમ વિચારી જાનકી અને વીરેને નાનકડા મુંજાલને સુશીલાભાભુ અને અમૂલખભાઈનાં ખોળામાં રમતો મૂકી દઈને પતિ-પત્નીએ પોતાનું મન વાળી લીધેલ.

આમ પણ મુંજાલ માટે તો આ ધરા પર જન્મીને આંખ ખોલી ત્યારથી મા એટલે સુશીલાભાભુ અને સુશીલાભાભુએ પણ મુંજાલનો ઉછેર ઘણા ઉમંગ ઓચ્છવથી કર્યો હતો. બંને પતિ-પત્નીને મન મુંજાલ એટલે જાણે સાક્ષાત્ નંદગોપાળ. મુંજાલની આગળ પાછળ ફરતાં સુશીલાભાભુ પોતાના તમામ હેતપ્રેમ મુંજાલ પર ઠાલવી દેતાં અને અછોવાનાં કરતાં ધન્યતા અનુભવતાં. ત્રણેક વર્ષે પહેલાં અમૂલખભાઈ દેવલોક પામ્યા ત્યારે અમેરિકાથી જાનકી અને વીરેન આવેલ તે અમૂલખભાઈની ઉત્તરક્રિયા પતાવી તુરત અમેરિકા જવા નીકળી ગયેલ. મુંજાલ જુવાન થઈ ગયો હતો અને તેણે અમુલખભાઈની હયાતીમાં ઘણોખરો વેપાર ધંધો સંભાળી લીધેલ અને બાપ દાદાની જૂની પેઢીને વાણિજ્યિક કંપનીમાં પરિવર્તિત કરી દીધી હતી. આમ, વીરેનને દેશમાં ભાભી કે મુંજાલ માટે કંઈ ચિંતા કરવા જેવું હતું નહીં એટલે દેશમાં તેઓનું બિનજરૂરી રોકાણ લંબાવવાનો પ્રશ્ન ન હતો.

જે રીતે અમૂલખભાઈની અંતિમવિધિ સહિત પાછળની તમામ લૌકિક ક્રિયાઓ મુંજાલે આટોપી તે જોઈને પોતાનું કર્યું કારવ્યું એળે નથી ગયું તે બદલ સુશીલાભાભુય મનોમન ઠાકોરજીનો આભાર માનતાં. સુશીલાભાભુ ઈચ્છતા અને એવો પ્રયત્ન કરતાં રહેતા કે વીરેન-જાનકી સાથે મુંજાલનો વધુમાં વધુ સમય વ્યતીત થાય અને એટલે જાણીબૂઝીને પોતે એવું લાગે ત્યારે થોડાક આઘાપાછા થઈ જતાં. આવે સમયે મુંજાલને રીતસર અકળામણ થઈ આવતી અને તુરત સુશીલાભાભુના નામનો સાદ પડ્યો જ હોય અને સુશીલાભાભુ સાત કામ

પડતાં મૂકીનેય મુંજાલ પાસે દોડી આવે. સુશીલાભાભુ પોતાની દેરાણી સામે આ વાતે મનોમન ભોઠંપ અનુભવે પણ જાનકી કે વીરેનને લગીરેકે ય ઓછું આવતું ન હતું.

હજુ તો છએક માસ જેવું થયું હશે એ વાતને જયારે સુશીલાભાભુએ વીરેન અને જાનકીને અમેરિકા ફોન કરી મુંજાલનાં લગ્નની વાત કાઢેલ. આમ તો ફોન ઉપર સમયાંતરે દિયર-ભોજાઈ કે દેરાણી-જેઠાણી એકબીજાની ખબર અંતર પૂછતાં કે સામાજિક-વ્યવહારિક બાબતે વાતો કરતાં રહેતાં પરંતુ તેમાં મુંજાલનો ઉલ્લેખ કરવાનું મોટાભાગે જાનકી અને વીરેનના પક્ષે ટાળવામાં આવતું. મુંજાલને પણ કદાચિત્ જાનકી કે વીરેન સાથે સીધી વાત કરવાનો પ્રસંગ ઉદ્ભવે ત્યારે તેઓનું વલણ હંમેશાં ટૂંકમાં જ વાત પૂરી કરવાનું રહેતું. મુંજાલને મન વીરેન અને જાનકી એટલે સુશીલાભાભુનાં દિયર-દેરાણી બસ એથી વિશેષ કંઈ નહી, અને એટલે જ જયારે એક રાત્રે સુશીલાભાભુ અમેરિકા ફોન જોડી જાનકી અને વીરેન સાથે મુંજાલના લગ્ન બાબતે વાત કરી રહ્યા હતાં ત્યારે ઑફિસેથી ઘરમાં પ્રવેશેલ મુંજાલના કાનમાં એ વાતચીતના થોડાઘણા અંશ ગયેલ.

'મુંજાલનાં લગ્ન હવે ઉકેલાઈ જાય તો સારું. મુંજાલ માટે આપણા કુટુંબને ધ્યાને લઈને કોઈ દીકરી તમારી નજરમાં હોય તો આપણે જોઈ લઈએ. સુશીલાભાભુ દિયરને પોતાના મનની વાત કહી રહ્યાં હતાં.

'ભાભી, મુંજાલનાં લગ્ન માટે તમારે અમને કંઈ પૂછવાપણું થોડું હોય!!! આપ જે નિર્ણય કરશો તે મુંજાલ માટે યોગ્ય જ હશે. આમાં તો તમે જાણો ને તમારો દીકરો જાણે.' ભાભીની વિમાસણને હળવી કરતાં સામે છેડેથી વીરેન કહી રહ્યો હતો.

"તમે મુંજાલના માવતર છો ગમે તેમ તોય અને મારે તમને પૂછવું જોઈએ ખાસ કરીને જાનકી ને.......' સુશીલાભાભુના ગળે ડૂમો ભરાઈ આવેલ. સ્પીકર પર રાખેલ મોબાઇલમાં ચાલતી વાત સાંભળી રહેલ જાનકીએ તુરત જ જેઠાણીની વાત અધવચ્ચે અટકાવતાં કહી રહી હતી;'ભાભી આ માવતર વાળી વાત તમે ભલે અમારા મોઢે કહી પણ આ વાત ભૂલેચૂકેય મુંજાલને મોઢે ન કહેતાં. તમે જાણો છો કે મુંજાલને મન મા એટલે તેના સુશીલાભાભુ. અને તમે અમારા માવતર ઠેકાણે નહીં ? અને એ ન્યાયે પણ સુશીલાભાભી તમે જ મુંજાલની મા... મુંજાલ તમને જ મા જાણે અને માને છે બાકી તો ઝાઝી વાતે ગાડાં ભરાય. રહી વાત મુંજાલના લગ્નની તો તમારું વેણ એ નહી ઉથાપે તે આપણે જાણીએ છીએ એટલે હવે તો ભાભી ઝટ તમે તમારા દીકરાનાં લગન લ્યો એટલે અમે લગ્નમાં મહાલવા દેશમાં આવીએ.' જાનકીએ વાતને અને સુશીલાભાભુને સાવ હળવી કરી દીધા.પછી તો બંને છેડે બીજી ઘણી વાતો થઈ તેમાં સુશીલાભાભુએ વીરેન અને જાનકીને અમેરિકામાં ભણવા આવેલ પોતાના દૂરના કાકા ઓતમચંદનાં દીકરા, અવિનાશની દીકરી મંજરીને જોઈ લેવાની ભલામણ કરેલ. સુશીલાભાભુએ દેરાણીને તાકીદ કરતાં કહેલ કે ખાનદાન કુટુંબ અને દીકરી સારું ભણેલ ગણેલ અને દેખાવડી છે એવું સાંભળ્યું છે. દીકરીનું આવતા મહિને ભણવાનું પૂરું થાય છે તે મુંબઈ આવી જશે. આ તો અત્યારે અમેરિકામાં છે તો તમે બંને જોઈ લ્યો પછી મને કહો તો વાત આગળ વધારવી કે કેમ તેની મને ખબર પડે.

એ પછી એકાદ અઠવાડિયામાં તો વીરેન-જાનકીનો સામેથી ફોન આવી ગયેલ કે દીકરી ગુણિયલ અને બધી વાતે બરોબર છે અને આ ઠેકાણું ભૂલવા જેવું નથી અને સગપણ થાય તો સગુંવહાલું જૂનું ને જાણીતું. પછી તો સુશીલાભાભુ જાણે આ વાત સાવ ભૂલી જ ગયાં હોય તેમ છેલ્લા ચાર મહિનામાં તેમના મોઢેથી એક પણ વખત મુંજાલનાં લગ્નની વાત નીકળી નહોતી. તે આજે સવારે અચાનક જ સુશીલાભાભુએ મુંજાલને ઓતમચંદકાકાના, અવિનાશની દીકરી મંજરીની વાત કરતાં સાંજે વહેલાં ઘરે આવવાનો આમ તો હુકમ જ કરેલ.

મુંજાલ પોતાના વેવિશાળની ચાલી રહેલ વાતચીત અને મંજરી બાબતે અરધુંપરધું જાણતો હતો એટલે તેને આ વાતમાં કંઈ કહેવાનું હતું નહી અથવા એમ કહીએ તો પણ ચાલે કે તેને આ વાતની નવાઈ નહોતી. પણ મુંજાલને એ વાતનું આશ્ચર્ય જરૂર થતું કે સુશીલાભાભુ પોતે આટલા વ્યવહાર ડાહ્યા હોવા છતાં અને રંગરૂપ નહી પણ ગુણમાં દીકરી સોળે સોળા હોવી જોઈએ તેવું માનતા હોવા છતાં છતાં મુંજાલ માટે જયારે ને ત્યારે બસ રૂપાળી કન્યારત્નની શોધખોળની જ વાતો કેમ કરી રહ્યા હતાં !

મુંજાલને કાચમાં પડતાં મિસ મંજુ... મંજુલાના પ્રતિબિંબને જોઈને અચાનક મનમાં ને મનમાં ક્ષણિક વિચાર આવી ગયો કે સુશીલાભાભુ આ મિસ મંજુ નામક બલાને જુએ તો આ મિસ મંજુ...મંજુલાનું રૂપ લાવણ્ય જોઈ ઓળઘોળ થઈ જાય ખરા. આટલી વિપરીત પરિસ્થિતિમાં પણ મુંજાલના ચહેરા ઉપર સ્મિત ફરી વળ્યું. તેની કંપનીનું ટેન્ડર પાસ ન થાય તો મુંજાલને અંદાજે દોઢેક કરોડનું નુકસાન જાય જે મુંજાલ માટે એવી કોઈ મોટી નુકસાની ન હતી પણ તેનો ગુસ્સો મંજુલાદેવીએ કામ તરફે દાખવેલ બેદરકારી બાબતે હતો.

આમ તો મુંજાલની ઑફિસમાં નાના મોટા તમામ મળીને પાંત્રીસેક લોકોનો સ્ટાફ હશે જેમાં મહિલાઓનો

પણ સમાવેશ થઈ જાય જે મોટાભાગે તો મિત્રવર્તુળ અથવા સ્ટાફમાંથી કોઈને કોઈ ભલામણ આવી હોય અને રાખવામાં આવી હોય. મિસ મંજુ... મંજુલા પણ તેમાંની એક અને તેની ભલામણ તો દિનકરકાકાએ કરેલ.

દિનકરકાકા વાસ્તવમાં તો સુશીલાભાભુના દૂરના સગામાં કાકા થાય અને અમૂલખભાઈ સાથે ધંધામાં શરૂઆતથી જોડાયેલ તે મહેતા કુટુંબ સાથે પહેલેથી ઘરોબો અને મુંજાલ પણ દિનકરકાકાનું એટલું જ માન જાળવે અને ધંધામાં પણ જ્યાં જરૂર પડે ત્યાં તેમના સલાહ સૂચનોને અનુસરે. દિનકરકાકાએ જયારે મુંજાલને મિસ મંજુને નોકરીએ રાખવાની વાત કરેલ ત્યારે મુંજાલને સહજ આશ્ચર્ય થયેલ કેમકે જયારે પણ મુંજાલ કોઈ ભલામણ આવી હોય અને કોઈ સ્ત્રી પાત્રને પોતાની કંપનીમાં નોકરીએ રાખવાની વાત કરે ત્યારે દિનકરકાકાની હંમેશાં ચોખ્ખીચણાક ના જ હોય.અને એવે વખતે દિનકરકાકા ભભડે ય ખરા કે ચાર ચોટલા ભેગા મળે ત્યારે કામ ધર્યુંનું ધર્યું રહી જાય અને નાહક ઠઠ્ઠામશ્કરી વધે. મિસ મંજુ માટે દિનકરકાકાની ભલામણ હતી એટલે મુંજાલને મિસ મંજુ... મંજુલા બાબતે બીજી પડપૂછમાં પાડવા જેવું લાગ્યું નહોતું. પરંતુ આજે મિસ મંજુનો બુદ્ધિ આંક જે રીતે દક્ષિણ ધ્રુવ તરફ ગતિ કરતો જોવા મળ્યો તે જોઈને મુંજાલને દિનકરકાકાની ઉપર ચીડ ઊપજી આવી. ફરી મિસ મંજુ... મંજુલા તરફ નજર નાંખતા મુંજાલથી ભભડી જવાયું; 'સુશીલાભાભુ તો ઠીક દિનકરકાકાની બુદ્ધિ પણ સાઠે નાઠી કે શું? અક્કલ કંઈ ઉધાર ન મળે તે આનું નામ.' મુંજાલ વિચાર કરતો ફરી સામે ઊભેલી અભિસારિકાને નિહાળી રહ્યો.

'મિસ મંજુ... આપે જે ટેન્ડર ભરીને સાઈટ ઉપર અપલોડ કરેલ તેને અપલોડ કરતાં પહેલાં જાતે જોઈ જવાની તસ્દી લીધેલ? મેં તમામ ડિટેઈલ્સ ચેક કરીને જે ડોક્યુમેન્ટ સબમિટ કરવા જણાવેલ તે તમામ ડોક્યુમેન્ટ્સ આપે ફાઈલ સાથે એટેચ કર્યા હતા ? લુક, આજે ટેક્નિકલ ઈવેલ્યુએશન છે અને માત્ર ને માત્ર તમારી ભૂલના કારણે આપણે આ તબક્કે જ રિજેક્ટ થઈ જઈશું. યુ નો ધેટ? આઇ હેવ નેવર એક્સ્પેક્ટેડ ઇટ, સ્ટુપીડ ગર્લ...'

'સર આપ મને મિસ મંજુના બદલે મંજુલા કહેશો તો મને ખૂબ ગમશે. આપ મંજુલા કહો છો ત્યારે આપના મોઢે કેટલું શોભે છે. અરે હાં, આપે જે ચેક કરીને ડોક્યુમેન્ટ્સ આપેલ તે તો પર્સમાં જ રહી ગયેલ.' મિસ મંજુલા હોંશથી કહી રહ્યાં હતાં અને સામે મુંજાલનો ચહેરો ગુસ્સાથી તમતમી રહ્યો હતો.

'મિસ મંજુલા તમને શું ગમે છે કે શું નહીં, ઇટ્સ નન ઓફ માય બિઝનેસ... દિનકરકાકા... દિનકરકાકા...' મુંજાલે ઊંચા અવાજે દિનકરકાકાના નામની બૂમ પાડી. ઑફિસમાં ક્યારેય કોઈએ મુંજાલને લેશમાત્ર ઊંચા અવાજે બોલતા સાંભળેલ ન હોય આથી મુંજાલનો આટલો ઊંચો અવાજ સાંભળી સોપો પડી ગયો.'પ્લીઝ દિનકરકાકા, હું હાથ જોડું, આ મંજુલાદેવીને મારી નજર સામેથી હટાવો નહીં તો આઇ વિલ કિલ હર... તમે પણ ક્યાંથી આને શોધી લાવ્યા છો ઠાકોરજી જાણે!!! મુંજાલનો ક્રોધ પારખી દિનકરકાકાએ આંખના ઈશારાથી મંજુલાને બહાર નીકળી જવા સૂચવ્યું.

'ભાઈ, આજે તમારે વહેલા ઘેર પહોંચવાનું છે હો...' દિનકરકાકા હજુ વાક્ય પૂરું કરે તે પહેલાં જ મુંજાલે ગુસ્સામાં માથું ધુણાવ્યું.

હે... હાઆઆઓઆ... આજે ઘરે વહેલું જવાનું છે... ભાભુને પણ ઝટ વહુ લાવવાની ઉતાવળ છે અને એ પણ બ્રેઈનલેસ બ્યૂટિ... જેમ કે બીજી મિસ મંજુ... ઊહું મંજુલા...' મુંજાલ અકળામણ ઠાલવી રહ્યો હતો. મુંજાલના મોઢામાંથી મંજુલા થોડું જોરથી નીકળી ગયું અને ચેમ્બરની બહાર નીકળવા જતી મિસ મંજુએ દરવાજાને પુશ કરવા હેન્ડલ પર રાખેલ હાથ ત્યાં જ રોકીને મોઢું મુંજાલ તરફ ફેરવ્યું. કમર પાસેથી અર્ધ ગોળાકાર વળાંક લઈને અંગ મરોડ સાથે સસ્મિત ઝળુંબી રહેલ એ રમણીય મૂર્તિ પૂછી રહી હતી; 'સર આપે મને કંઈ કહ્યું?'મુંજાલ ક્ષણિક બઘવાઈ ગયો અને ફરી બંને હાથ જોડી માથું નકારમાં ધુણાવીને મિસ મંજુને બહાર નીકળી જવા ઈશારો કર્યો.

જેવી મિસ મંજુ બહાર નીકળી કે મુંજાલે જોરથી ઊંડો શ્વાસ લીધો અને પછી મિસ મંજુ ચેમ્બરની કાચની દીવાલોમાંથી દેખાતી બંધ ન થઈ ત્યાં સુધી શ્વાસ છોડતા તાકી રહ્યો. દિનકરકાકા સ્થિતપ્રજ્ઞ ભાવે મુંજાલના ગૌર ચહેરા ઉપર પથરાયેલ અકળામણના ભાવને જોઈ રહ્યાં હતા.

'કાકા, આજે મારે ઘરે વહેલા જવાનું છે તેની આપને કેમ ખબર? આઇ મીન...' મુંજાલે થોડા હળવા થઈને ટેબલ ઉપર પડેલ ટેન્ડર કોપીના વેરવિખેર પેઈજ ભેગા કરીને પેપર વેઈટ નીચે દબાવતા દિનકરકાકાને પૂછી નાખ્યું; 'દિનકરકાકાને આ સવાલની અપેક્ષા ન હતી અથવા તો પોતે મુંજાલને વહેલું ઘરે જવાની વાત યાદ કરાવવામાં કંઈ થાપ ખાઈ ગયા હોય તેમ થોડું ખચકાઈને સાવ સહજતાથી કંઈક યાદ આવી ગયું હોય તેમ જવાબ વાળ્યો; 'એ તો સુશીલાબેનનો સવારે હું ઑફિસે જેવો આવ્યો કે તુરત જ ફોન હતો કે સાંજે મારે આપને વહેલા છૂટા કરવા. ભાઈ, તું તો જાણો જ છે કે સુશીલાબેનનો હુકમ હોય તો તે પાળવો જ રહ્યો.' દિનકરકાકાએ બધો

ભાર સુશીલાબેન પર ભરી દીધો. દિનકરકાકાનાં જવાબ સામે મુંજાલ માટે પ્રતિ પ્રશ્ન કરવા જેવું કંઈ રહ્યું નહી એટલે સંમતિ સૂચક માથું ધુણાવી મૌન રહેવાનું મુનાસિબ માન્યું અને એ જોઈને દિનકરકાકાએ હળવાશ અનુભવી.

‘મુંજાલ. સારું થયું ટાઈમસર આવી ગયો ભાઈ... આ મારા ઓતમચંદકાકા હું એના ખોળામાં જ રમીને મોટી થઈ... અને આ તેમનો મોટો દીકરો અવિનાશ... મારાથી થોડો બે-એક વર્ષ નાનો ખરો કાં અવિનાશ...’સુશીલાભાભુ કહી રહ્યા હતાં અને મુંજાલે ઓતમચંદકાકાને પગે લાગી આશીર્વાદ લીધા. જેવો અવિનાશ તરફ પગે લાગવા આગળ વધ્યો તે સાથે જ અવિનાશે ઊભા થઈને મુંજાલને પગે લાગતા અટકાવી હાથ મિલાવ્યા અને પીઠ થાબડી બેસવા ઈશારો કર્યો.

‘મુંજાલ તને મેં કહ્યું હતું ને કે ઓતમચંદકાકાના અવિનાશની છોડી, મંજરી મને પસંદ છે. તે મેં કાકાને વાત તો કે દીની કરી રાખેલ, તે આજે મેળ ખાધો ભેગા થવાનો. મેં કાકાને કહ્યું હતું કે મંજરીનેય ભેગા તેડતા આવજો. છોકરીય ઘર ને વર હંધુય જોવે તો ખરી બાપડો. જમાના હારેય પાછું હાલવું તો ખરું ને... મંજરીનેય લેતાં આવ્યા છે ભાઈ. મેં તો અત્યારથી છોડીને કહી દીધું કે તારું ઘર છે ભઈસાબ... તું જ રસોડામાં જા અને અમને ચા-પાણી પિવડાવ...’ સુશીલાભાભુએ મુંજાલને કહેવા જેવું કહીને ફરી ત્રણેય વડીલો વાતે વળગ્યા.

મુંજાલને સુશીલાભાભુ ઉપર ભારે ચીડ ચડી કેમ કે એ તો એ દિવસે તેણે સુશીલાભાભુને અમેરિકા વાત કરતાં સાંભળી લીધેલ અને એટલે મંજરી નામે રૂપાળી કન્યાની આછી પાતળી વાતની પોતાને ખબર હતી. મુંજાલ વિચારી રહ્યો હતો કે ભાભુ ઊઠીને આમ એ કન્યારત્નને સીધો જ રસોડાનો હવાલો આપી દેશે તેવી કલ્પના ન હતી. સુશીલાભાભુ નાની અમસ્તી વાતમાંય મુંજાલનો મત લેવાનું ચૂકતા નહીં તે આવડી મોટી વાત અને એ પણ પોતાના લગ્નની વાત હોય અને સુશીલાભાભુ આમ છેક છેલ્લે પાટલે બેસી જશે કે આવી રોન કાઢશે તેવી તો મુંજાલને મુદલેય કલ્પના ન હતી.

મુંજાલના હાથમાં પહેરેલ સ્માર્ટ વોચમાં રિંગ આવી રહી હતી.’ મિ. મુંજાલ, આજે તમામ ટેન્ડરની ટૅકનિકલ ઈવેલ્યુએશનની પ્રોસેસ પૂરી થઈ ગઈ છે અને ફાઈનાન્શિયલ બીડ ઓપન કરવા માટે હવે ત્રણ કંપની રહે છે. અને એ ત્રણ પૈકી એક આપની કંપની છે...’’ સામા છેડેથી કહેવાયેલ વાત સાંભળી અને મોબાઈલ હાથમાં રમાડતાં મુંજાલના મોઢામાંથી નીકળી ગયું;’ ધેટ સ્ટુપીડ ગર્લ... મિસ મંજુ... મંજુલાદેવી... યુ ડન ઈટ...’ મુંજાલની નજર સમક્ષ મિસ મંજુ તરવરી ગઈ.એ પાતળી રૂપાળી, કમનીય કાયા ધરાવતી રમણી, થોડી મૂર્ખ, થોડી અબૂધ જાણે મધુર સ્મિત રેલાવતી સામે જ ઊભી હતી!!!

‘મુંજાલ, ભાઈ... મંજુલા નહીં... મંજરી... મંજરી છે.... અવિનાશની છોડી.મેં હમણાં જ તને વાત કરી એ મંજરી’ સુશીલાભાભુએ મુંજાલની ભૂલ સુધારતાં ભારપૂર્વક મંજરીના નામનું ઉચ્ચારણ કર્યું.

મુંજાલે તેની સામે લંબાવેલ ચાનો કપ અને તે કપ જેણે ધર્યો હતો તે રૂપાળી રાધા સામે જોયું અને જોતો જ રહી ગયો. અરે, મિસ મંજુ... મંજુલા...

સુશીલાભાભુ કહી રહ્યા હતાં;’ મંજુલા નહી... મંજરી છે... મંજરી...’ અને તે સાંભળી સામે ઊભેલ કન્યારત્ન મુંજાલ સામે જોઈને ખિલખિલાટ હસી રહ્યું હતું.

‘સુશીલાબેન ત્યારે હવે લગન કે’દી લેવા છે?’ દિનકરકાકા હસતાં હસતાં બેઠક ખંડમાં પ્રવેશ કરતાં પૂછી રહ્યા હતા.

‘અમારી આ આલિયા ભટ્ટ, હા કહે તેટલી વાર... હું તો ચોઘડિયું જોવાય નહીં રહું’ સુશીલાભાભુએ મંજરીને પડખામાં ખેંચતાં કહ્યું અને બધાં વડીલોનું ખડખડાટ હાસ્ય એકસાથે હૉલમાં ગુંજી ઊઠયું.

મિસ મંજુ... મંજુલા... મંજરી સુશીલાભાભુને વળગીને તેની સાડીના છેડામાં મોઢું સંતાડી રહી હતી.મુંજાલને જાણે બત્રીસેય કોઠે દીવા થયા હોય તેમ પ્રસન્નતાસભર ચહેરે સુશીલાભાભુ સામે જોઈ રહ્યો. બંને મા-દીકરાની નજર મળી અને સુશીલાભાભુની મનની વાત જાણે મુંજાલ ઝીલી રહ્યો હતો; ‘મા છું તારી, સો ગયણે ગાળીને પાણી પીવું એવી ત્યારે આ તો વહુ લાવવી છે એય પાછી રૂડી રૂપાળી...’

---

*મુ. માળીયા હાટીના,*
*શ્રી, ૮/૦ ડૉ.ચિન્મય જયેશભાઈ મહેતા,*
*રણછોડનગર, જિ.જુનાગઢ - ૩૬૨૨૪૫*
*મો. ૯૮૨૫૩૩૬૮૦૮*

# આફ્ટર શોક

*- પ્રફુલ્લ કાનાબાર*

'યાર અભિજીત. તું તો સિવિલ એન્જિનિયર છો. તને તો ખબર જ છે કે કોઈ પણ ફ્લેટમાં જ્યારે કાર્પેટ એરિયાની ગણતરી કરવામાં આવે છે ત્યારે દીવાલ ગણતરીમાં નથી લેવાતી.'

મુંબઈની ગિરગાંવ ચોપાટીના દરિયાકિનારે બે મિત્રો અભિજીત અને પ્રિયંક ચર્ચા કરવામાં મશગુલ હતા.

'એટલે ?'

'એટલે એમ કે, અભિજીત. તારા મનમાં ઊભી થયેલી દીવાલોને ક્યાં સુધી પકડીને બેસી રહીશ ?'

'પ્રિયંક. તારી વાત સાચી છે. પરંતુ સગો બાપ જ મિલકતની વહેંચણીમાં અન્યાય કરે તે મારા જેવા લાગણીશીલ માણસથી કઈ રીતે સહન થાય ?'

'અભિજીત. પોઝિટિવ થીંકિંગ કરીને એક વાર અન્યાયને સ્વીકારી લે.'

'મતલબ ?'

'મતલબ એમ કે તું મોટું મન રાખીને એમ વિચારી જો કે તારા ભાગનો હિસ્સો આખરે તો તારા નાનાભાઈ કલ્પેશને જ મળ્યો છે ને ? કોઈ ત્રાહિતને તો અંકલ નથી આપી ગયા ને ?'

'પ્રિયંક, માની લે કે તારી સલાહ પ્રમાણે કદાચ હું સ્વીકારી પણ લઉં પરંતુ અલકાનું શું ? તે શા માટે આવો અન્યાય સ્વીકારે ? દુનિયાની કઈ જેઠાણી તેના ભાગનો હિસ્સો દેરાણીના ભાગે જવા દેવા માટે તૈયાર થાય?'

અલકાનું નામ સાંભળીને પ્રિયંક ચૂપ થઈ ગયો. પ્રિયંક જાણતો હતો કે અલકાભાભીનો સ્વભાવ હદ બહારનો અસંતોષી અને વિચિત્ર હતો. જ્યારે જ્યારે પત્નીના સ્વભાવના ત્રાસથી અભિજીત અકળાતો ત્યારે તેનું દુઃખ હંમેશાં પ્રિયંક સમક્ષ જ રડતો. પ્રિયંક અને અભિજીત લંગોટિયા યાર હતા. પ્રિયંક સી.એ. હતો જ્યારે અભિજીત સિવિલ એન્જિનિયર. અભિજીતની આંખમાં કન્સ્ટ્રક્શન લાઇનમાં પ્રગતિ કરીને ખૂબ મોટા બિલ્ડર બનવાનું સ્વપ્ન હતું. પપ્પાજીની મિલકતમાંથી જો અભિજીતને અડધો ભાગ મળ્યો હોત તો પાંચેક કરોડ તેના હાથમાં આરામથી આવત અને તે મૂડીને આધારે ધંધામાં વધારે પ્રગતિ કરી શકવાનું તેનું સ્વપ્ન સાકાર થઈ શક્યું હોત!

પપ્પાજીના વિલનાં કારણે અભિજીતની નજર સામે તેણે જોયેલાં સ્વપ્નોનો મહેલ કડડભૂસ થઈ ગયો હતો. અભિજીતના ફૅમિલી બ્રેકગ્રાઉન્ડથી પ્રિયંક સારી રીતે માહિતગાર હતો. અભિજીતનાં લગ્ન બાદ સાસુ વહુના પ્રોબ્લેમને કારણે અભિજીતને અલગ રહેવા જવું પડયું હતું. અભિજીતથી પાંચેક વર્ષ નાનો ભાઈ કલ્પેશ ડૉક્ટર હતો. તેની પત્ની મેઘા પણ ડૉક્ટર હતી. એક જ બંગલામાં સાથે રહેવાને કારણે સ્વાભાવિક રીતે જ મમ્મી-પપ્પાને નાના દીકરા કલ્પેશ પ્રત્યે વધારે લગાવ હતો. એકાદ મહિના પહેલાં જ અભિજીતના પપ્પાનું સિવિયર હાર્ટએટેકને કારણે અચાનક અવસાન થયું હતું. દસેક દિવસ પહેલાં જ તેમનું વિલ જ્યારે વકીલે વાંચી સંભળાવ્યું ત્યારે જ અભિજીતને ખ્યાલ આવ્યો હતો કે લગભગ દસેક કરોડની સંપત્તિ પપ્પાજી નાનાભાઈ કલ્પેશને આપતા ગયા છે.

આ દશ દિવસમાં અલકાએ પણ અભિજીતને સંભળાવવામાં કાંઈ જ બાકી નહોતું રાખ્યું. જીવનમાં નાની મોટી કોઈ પણ સમસ્યા આવે ત્યારે અભિજીત ચોપાટીના આ જ ઘુઘવતા સાગરની સાક્ષીએ પ્રિયંક પાસે રજૂઆત કરતો અને પ્રિયંકની સલાહ પ્રમાણે જ વર્તતો. પ્રિયંકની સલાહ હંમેશા વહેવારુ જ રહેતી. આમ પ્રિયંક અભિજીતનો ફ્રેન્ડ, ફિલોસોફર એન્ડ ગાઈડ હતો.

'પ્રિયંક, અમે એક વાર મમ્મી સમક્ષ આ અન્યાય બાબતે રજૂઆત કરીએ તો કેવું રહેશે ?'

'અભિજીત. કોઈ અર્થ નથી તેમ છતાં અલકાભાભીનો દુરાગ્રહ હોય તો એકાદ વાર ટ્રાય કરી જો. હા... એટલું ધ્યાન રાખજે કે મમ્મી અને કલ્પેશ સાથેના તમારા સંબંધમાં કડવાશ ન આવે... મારી દૃષ્ટીએ તો નેરોમાઈન્ડેડ માણસો જ પૈસાને પ્રાધાન્ય આપીને અંગત સંબંધોમાં આગ લગાડી દેતા હોય છે!'

બંને મિત્રો છૂટા પડ્યા ત્યારે ક્ષિતિજ પર સૂર્યાસ્ત થઈ રહ્યો હતો. રાત્રે અભિજીત ઘરે આવ્યો ત્યારે રાબેતા મુજબ અલકાનો મૂડ ડાઉન જ હતો. છેલ્લા દસ દિવસથી પપ્પાજીના વિલ બાબતે જાણ્યા બાદ તો અલકાએ આખું ઘર માથે લીધું હતું. અભિજીતના માથે માછલાં ધોવાનું જ બાકી રાખ્યું હતું. આપત્તિના સમયે કોઈપણ પત્ની સાથ આપવાને બદલે પીડા આપે ત્યારે તેના પતિની દશા દયાજનક બની જતી હોય છે. અભિજીતની સ્થિતિ પણ અત્યારે દયનીય હતી.

'અભિજીત, આપણે ક્યાં સુધી મનમાં ભારેલા અગ્નિ સાથે જીવીશું ?' અલકાએ છણકો કર્યો.'

'મતલબ ?'

'મતલબ એમ કે આપણે અત્યારે જ મમ્મીજી સમક્ષ પપ્પાજીએ કરેલા હળાહળ અન્યાય બાબતે ઉગ્ર રજૂઆત કરવા માટે જવું જોઈએ.

'હા... આજે મારે પ્રિયંક સાથે પણ આ જ વાત થઈ.' અભિજીતથી અનાયાસે જ બોલાઈ ગયું. પ્રિયંકનું નામ સાંભળીને અલકાનો મૂડ વધારે બગડયો.

'તમને તો એ તમારા ભાઈબંધને પૂછયા વગર પાણી પણ ક્યાં ગળે ઊતરે છે?'

લગ્નજીવનનાં આ દોઢ દાયકામાં અભિજીત ધીમેધીમે અલકાના વિચિત્ર સ્વભાવથી ટેવાઈ ગયો હતો તેથી તે મૌન

થઈ ગયો. જો અત્યારે તે પ્રિયંકનો પક્ષ લેવા જાય તો પણ અલકાને ઝઘડો કરવાનું બહાનું મળી જાય. જીવનમાં માનસિક શાંતિને પૈસા કરતાં પણ વધારે પ્રાયોરિટી આપવી જોઈએ તેવું અભિજીત પ્રિયંક પાસેથી જ શીખ્યો હતો !

અભિજીત મનમાં જ વિચારી રહ્યો... આ આખી વાતમાં પ્રિયંક તો પિકચરમાં જ નહોતો પરંતુ અલકાને અત્યારે તેની સામે પણ વાંધો હતો... જે વાત તેના વિચિત્ર સ્વભાવની ચાડી ખાતી હતી. જોકે પપ્પાજીના વિલમાં તેમને થયેલા અન્યાય બાબતે અલકાની વાત સાવ સાચી હતી. જમી લીધા બાદ બંને પપ્પાજીના બંગલે જવા નીકળી જ રહ્યા હતા ત્યાં જ ડોરબેલ વાગી.

અલકાએ દરવાજો ખોલ્યો તો સામે તેનાં પપ્પા મંગળદાસ ઊભા હતા. મિડલક્લાસના મંગળદાસ નખશિખ સજ્જન પુરુષ હતા. સફેદ લેંઘો, ઝભ્ભો અને બ્લેક કોટીમાં તેમનું વ્યક્તિત્વ વધારે ખીલી ઊઠયું હતું.

'અભિજીતકુમાર, કેમ ટેન્શનમાં લાગો છો?' મંગળદાસના અવાજમાં લાગણીનો લહેકો હતો.

'પપ્પા. મને અન્યાય થયો છે. પપ્પાજીએ વિલ કરીને તેમની તમામ સંપતિ કલ્પેશને આપી દીધી છે.'

'અભિજીતકુમાર. ખોટું ન લગાડશો. તમે હકારત્મક વલણ દાખવો.'

'મતલબ ?'

'મતલબ કે શેઠ તમામ ભાગ કોઈ ત્રાહિત વ્યક્તિને નથી આપી ગયા બલ્કે તમારા જ નાના ભાઈ કલ્પેશને આપી ગયા છે ને ?' અભિજીતને તરત પ્રિયંકે કરેલી પોઝિટિવ થીંકિંગ વાળી વાત યાદ આવી ગઈ પરંતુ તેણે તરત જ તે વાત મનમાંથી ખંખેરીને કહ્યું.

'પપ્પા, મને આટલો મોટો અન્યાય થયો હોય ત્યારે તમારે તો મને સપોર્ટ કરવો જોઈએ... અલકાની જેમ.'

મંગળદાસની અનુભવી આંખે તરત માપી લીધું કે દીકરી અલકાએ આ બાબતે જમાઈ સાથે મોટી બબાલ કરી છે. અચાનક મંગળદાસે એક પણ શબ્દ બોલ્યા વગર ચૂપચાપ ઝભ્ભાના ખિસ્સામાંથી એક કવર કાઢીને અભિજીતના હાથમાં મૂકી દીધું.

'અરે. આ કવર ઉપર તો પપ્પાજીના અક્ષર છે' અભિજીતની આંખમાં વિસ્મયનો દરિયો હતો.

'હા. અભિજીતકુમાર તમારાં લગ્ન પહેલાં અમે ગામડે રહેતા હતા તે સમયે શેઠે મને આ પત્ર લખ્યો હતો.

અભિજીતે તરત જ અંદરથી કાગળ કાઢીને વાંચ્યો. તેના ચહેરા પર ઝડપથી હાવભાવ બદલાવા લાગ્યા.. 'ઓહ.... નો... હું તો દત્તક લીધેલો પુત્ર છું.' અભિજીતના પગ નીચેથી જાણે કે ધરતી ખસી રહી હતી.

'હા... અભિજીતકુમાર, વેવાઈએ આ વાત ગુપ્ત રાખવાનું મારી પાસે વચન માગ્યું હતું તેથી મેં આ વાત અલકાથી પણ છુપાવી હતી.' મંગળદાસે ઘટસ્ફોટ કર્યો.

અભિજીતની આંખમાંથી અશ્રુધારા વહી રહી હતી. થોડી વાર બાદ સ્વસ્થ થઈને તે માંડ માંડ બોલ્યો 'પપ્પાજીના અહેસાનનો ભાર તો હું જીવનભર નહીં ઉતારી શકું...'

શ્વસુરજીના ગયા બાદ અભિજીત અલકાને લઈને મમ્મીજીને મળવા બંગલે પહોંચી ગયો. કલ્પેશ અને મેઘા પણ હાજર હતાં. વિશાળ ડ્રોઈંગ હૉલની દીવાલ પર લગાવેલ સોનેરી ફ્રેમમાં સજાવેલ પપ્પાજીના ફોટાને અભિજીતે દિલથી પ્રણામ કર્યા અને મમ્મીજીને પગે લાગીને કલ્પેશને ભેટી પડયો. આજે એક ધનવાન કુટુંબનો પેચીદો પ્રશ્ન હલ થઈ ગયો હતો.

બીજે દિવસે અભિજીત બહારથી ઘરે આવ્યો ત્યારે અંદરના રૂમમાંથી મંગળદાસનો અવાજ સાંભળીને ચમક્યો. અભિજીતના પગ ત્યાં જ થંભી ગયા. શ્વસુરજી તેમની દીકરીને કહી રહ્યા હતા... 'અલકા. તને તો સાચી વાતની ખબર હતી છતાં તે કુમાર પાસે મિલકતમાં ભાગ માંગવાનો દુરાગ્રહ શા માટે રાખ્યો ?'

'પણ પપ્પા. આટલી મોટી રકમ જવા કઈ રીતે દેવાય?'

'દીકરી જે પૈસા પર તમારો હક્ક જ નથી તે મંગાય જ કઈ રીતે ? તારા અંતરાત્માએ તને રોકી કેમ નહીં ?"

બંને વચ્ચે થોડી ક્ષણો માટે મૌન પથરાઈ ગયું. મંગળદાસ વ્યથિત હૃદયે બોલ્યા... 'મારી પરવરિશમાં જ કાંઈક ખામી રહી ગઈ છે. અલકા તું અસ્સલ તારી મા ઉપર જ ગઈ છો. 'લેઉકર' બાપ દીકરીનો સંવાદ સાંભળીને અભિજીત ધીમા પગલે ત્યાંથી બહાર નીકળી ગયો.

અભિજીતે સેલફોન પરથી પ્રિયંકને ફોન લગાવ્યો અને તેને કાયમી સ્થળે એટલે કે ગિરગાંવ ચોપાટીના દરિયાકિનારે મળવા માટે બોલાવ્યો. કલાક બાદ બંને મિત્રો ઘૂઘવતા સાગરની સાક્ષીએ ચર્ચા કરી રહ્યા હતા. અભિજીતે આખી વાત પૂરી કર્યા બાદ ગળગળા થઈને કહ્યું....

'પ્રિયંક. લગ્નજીવનના દોઢ દાયકા સુધી આ વાત અલકાએ મારાથી છુપાવી તે વાતના દુઃખ કરતા પણ મને વધારે આંચકો એ વાતનો લાગ્યો છે કે સાચી વાતનો ખ્યાલ હોવા છતાં અલકાએ પપ્પાજીની મિલકતમાં ભાગ માગવા માટે ઉધામા કર્યા... મને સતત માનસિક ત્રાસ આપ્યો.'

'અભિજીત. અન્કલે તને વર્ષો પહેલાં અનાથ આશ્રમમાંથી દત્તક લીધો હતો તે વાત જાણ્યા પછી તને આંચકો લાગ્યો... ત્યાં સુધી તારી વાત બરોબર છે. પરંતુ અલકાભાભીના વર્તન બાબતે તને આંચકો ન લાગવો જોઈએ. કારણકે લગ્નજીવનનાં આટલાં વર્ષોમાં સામેના પાત્રને ઓળખી લીધા બાદ તેના વર્તનને તો તારે ધરતીકંપનાં મોટા આંચકાની બદલે 'આફટર શૉક' માનીને હળવાશથી જ લેવો જોઈએ.'

પ્રિયંકની તદન દીવા જેવી સ્પષ્ટ વાત સાંભળીને અભિજીત ગળગળો થઈને તેને ભેટી પડયો. અભિજીતને આજે 'આંચકો' અને 'આફટર શૉક' વચ્ચેનો તફાવત સમજાઈ ગયો હતો.

---

*ઈ-૪૦૨, ઈન્દ્રપ્રસ્થ ગ્રીન્સ*
*શિખર ટાવર સામે, રેડિયો મિર્ચી રોડ પાસે*
*સેટેલાઈટ, અમદાવાદ ૩૮૦ ૦૧૫ મો. ૯૯૨૫૬૬૫૬૦૫*

# તડ

*- પ્રેમજી પટેલ*

કોશા કો...શા- સાદ કરવાનું મન થયું. પરંતુ એ વાંચતી હશે તો ડિસ્ટર્બ કરવા જેવું થાય. કૉલેજથી એ આવી ત્યારે સેન્ડલ જે રીતે કાઢ્યાં એમાં મને એનો વિચિત્ર ભાવ દેખાયેલો. જમીને જા. પણ મમ્મી, નાસ્તો કર્યો છે તો ભૂખ નથી. ત્રણ વાગ્યા છતાં નીચે આવી જ નથી. રોજ કરતાં કૉલેજથી વહેલી આવી ગયેલી. બહાર લીમડા પર લલેડાં તેં તેં તેં તેતે...નીચે કશું આવ્યું હશે- બહાર આવી તો બિલાડી દબાતે પગે ચાલતી. પણ લેલાંરવે ખિસકોલી સટાક લઈ દડો ઉછાળીએ ને ઊંચે જાય એમ...બચી ગઈ.

ખખડાટ થાય એમ પગથિયાં ચડતી ગઈ. કોશાને ખ્યાલ આવે કે મમ્મી ઉપર આવી રહી છે. નિસરણી લાકડાની તે ધબ ધબ ધબડાય-ચૂપ રહે જ નહીં. 'બેટા...' એની રૂમમાં પંખો ફરતો હતો. એ તો 'હા, મમ્મી.... આવું કહેતી બાથરૂમમાં ગઈ. એટલી વાર લીમડા નીચેથી બિલાડી ક્યાં ગઈ તે જોવા કઠેરા પાસે ઊભી રહી, શોધતી રહી. ક્યાંય દેખાઈ નહીં. ત્યાં જમણી તરફ વાડ પાસે તેં તેંની ઝરમર ચાલુ હતી.'

બેટા...સૂઈ ગઈ'તી એમ પૂછવાનું મનમાં દબાવી દીધું. એની આંખોમાં આછો લાલ રંગ-રડ્યાની, વધારે રોયાની સાક્ષી પૂરતો હતો- કેમ આમ? સીધું પૂછીએ તો મરચું ઊડ્યા જેવું લાગે- નવી પેઢીને...



'તારી બેનપણી મનીષા દેખાતી નથી તે ક્યાંય બહાર ગઈ છે કે? એણે કશો પ્રતિભાવ ના આપ્યો. ફરી એ સવાલ બીજા છેડેથી પૂછ્યો - એ છતાં મૌન રહી ચોપડીઓ થપ્પીમાં ગોઠવતી રહી. થોડી ક્ષણો જવા દીધી, પછી એમ થયું કે ...'કેમ કંઈ મળતી નથી કે શું...?' છેવટે પૂછ્યું - 'એની સાથે કંઈ અણબનાવ ...જેવું?''

વધારે બોલવાની જરૂર ના પડી. એની આંખો ચૂવા માંડી. વાતાવરણમાં ગંભીરતા પ્રસરી- 'કેમ, શું થયું બેટા...?' એકદમ રડવા લાગી. 'કશું નથી. મમ્મી? એકદમ રડવા લાગી. 'કશું નથી..મમ્મી પણ એના ચક્ષુ કશુંક અજુગતું બન્યાની ચાડી ખાતાં હતાં. એનો આંસુનો રેલો મનેય ભીંજવી રહ્યો. કોઈ પેક વસ્તુ ક્યાંથી ખોલવી તે ન સમજાય એવું મને થયું. કશું બોલે તો છેડો ઉકેલાય.' 'કંઈક બન્યું છે કોશા...પણ તું મગનું નામ મરી પાડે તો જ ઉકેલાય...' એટલું બોલી થોડી વાર અટકી.

'જો દીકરા, કૉલેજથી આવી છો ત્યારથી તું મૂંઝવણમાં હોય તેમ, ભલે ના કહેવું હોય તો ના કહે પણ બોલીશ તો જ સ્પષ્ટ થાય...અને તો જ રસ્તો થાય. જો ગમે તેટલી બળતરા હોય છતાં...'અધૂરું છોડી અટકી. બીજી વાતો કરવાનો વિચાર આવ્યો.'

'તમારે કોઈ પ્રોફેસર ના આવ્યા હોય તો તેના બદલે બીજા આવે ખરા?'

'એ ફ્રી લેકચર, થોડી સ્કૂલ છે...' એણે ઉચ્ચાર્યું પણ તેના ગળામાં કંઈક ભરાયેલું હોય એમ ઊંઘી જ નથી એવું લાગ્યું. બારી પરથી પૂંઠું પડી ગયું ત્યારે બહાર વધી રહેલી પવનની ગતિ તરફ ધ્યાન ગયું. 'કોશા...માને કે ન માને... તારું મન ભારે થઈ ગયું છે. કંઈ શરીરે અસુખ જેવું...? તો દવા-'

'ના મમ્મી...એવું નથી.'

'તો ..? તારે જે કહેવું હોય તે કહી દે, ગભરાવાની જરૂર નથી. જો અહીં તારા મારા સિવાય-'

એની પાંપણોના ખૂણા ભીના થયા. મારી શંકા પાકી થઈ ગઈ. એક મા તરીકે ઘડીભર ચિંતા થઈ.



'હું તારી બેનપણી છું- એમ માની- જે...તારા પપ્પાને પણ જણાવીશ નહીં...' એનો ઝાંખો ચહેરો થોડો તેજ થયો. હોઠ બોલું બોલું થવા લાગ્યા. છાતીમાંથી ડૂમો બહાર કાઢે તો હળવી થાય. બોલી કાઢે એ જ સારું-વિચારતી રહી.

'જો મમ્મી...' એટલું બોલી ફસડાઈ પડી.

'બેટા, પેટછૂટી વાત કર, ચિંતા કર્યા વગર...કોઈ ઠપકો...આપીશ નહીં, ડુંગર જેવડી ભૂલ હોય તો પણ-'

એ હજી...'જો...તારી સખી મનીષા...' વચ્ચેથી મને અટકાવતાં પડઘો પાડ્યો-

'તું એનું નામ મૂક..નફરત થઈ ગઈ છે મમ્મી, એના તરફ...હવે તો...'

રગ પકડાતી લાગી.

'કારણમાં ના ઊતરે-'

'નફરત થવાનું બેટા...કંઈક તો મૂળ...?'

'એણે જ મારા ફ્રેન્ડને.. જૂઠું કહીને- અમારી વચ્ચે તડ..પાડી છે.'

એના આટલા ઉદ્‌ગારથી સમસ્યા સમજાઈ.

'બસ, એટલી જ વાતમાં...! એ તો સારું...!

'સારું?' અસંમજસમાં પ્રશ્ન કર્યો. બહાર તેં તેં તેં બહારના કઠેરા પરથી વેરાતો હોય એમ લાગ્યું.

'જો કોશા..અમારા એક ટીચર કહેતા કે નદીનો પ્રવાહ સાવ પાતળો થઈ જાય એ કરતાં સુકાઈ જાય તો ઉકેલ પડે....'!

બોલતાં બોલતાં એના ચહેરાને વાંચવા મથતી રહી.

'તાણીતૂસીને સંબંધ ઢસડવો એ કરતાં...મટી જાય એ ઉત્તમ...'

'ના મમ્મી આવી હશે એવું-'

'તારું સારું થવાનું લખ્યું હશે- ભલે, તને ના ગમે!'

ફરી આગળ વધી-

'એમાં ઈશ્વરનો કોઈ અકળ સંકેત- જો આમ ભલે દીકરી છે, પણ મારી જ વાત કહું....'

એ જોઈ રહી, સાંભળવા ઉત્સુક દેખાઈ- મારી વાતમાં કાન ધર્યા જાણે-

'કોશા, આજથી પચ્ચીસ વરસ પહેલાં મારી સગાઈ એક મ્યુનિસિપલ ડિરેક્ટરના દીકરા જોડે થયેલી. બધાં જ કહેતાં હતાં કે નસીબદાર છે, તારે કશી વાતે ખોટ નહીં પડે. આઠ મહિના પછી કોઈકે મંથરા-કર્મ કર્યું. એણે સગાઈ તોડી તો મારાં સાતે વહાણ ડૂબી ગયાં હોય એવું લાગેલું... પણ આજે એ જોઉં છું તો જે થયું તે સારું થયું-'

'હં. ' બોલી લાઈટ જતાં પંખો અટકી જાય એમ અટકી ગઈ. 'ચાર મહિના પહેલાં જાણ્યું કે ક્યારનો એ કેન્સરથી ગયો જાણી... એમ લાગ્યું કે કુદરતની અકળ ગતિ ક્યાં સમજાય છે'! બેળે બેળે સંબંધો..રાખવા એનાથી કટ થઈ જાય તો...! મેં મોઘમ વાત કરી- જે થાય છે તે સારા માટે...મોં ધોઈ લે..ચા બનાવું છું, તું આવ નીચે-સાથે.


એનામાં હળવાશ પ્રગટી હોય એમ એ થોડી ફ્રેશ થયેલી જણાઈ. મારી વાતો એના માટે સફળ બની- એમ માનતી સીડીએ પહોંચી. મનોમન થયું કે સાચું તો ક્યાં કહેવાયું, દીકરીને કહેવાય ! બધી પાળ ઓળંગી ગયા પછી એણે દગો દીધેલો..તારી વાત તો સારી છે..કે...

બહાર લલેડાંનું તેં તેં વરસતું હતું. ઓચિંતા થયું કે કોશાએ પણ...અડધું જ કહ્યું હશે તો..!

હમણાં એને સંભાળી લેવાનો તંત મને છોડતો નહોતો-

---

*મુ. પો. ખેરોલ, ઠે. મહાદેવ વાસ,*
*તા. તલોદ, જિ. સાબરકાંઠા પીન નં. ૩૮૩૨૧૫*
*મો. ૯૪૨૬૩૬૫૮૦૨*



# સથવારો

- અન્નપૂર્ણા મેકવાન

ટ્રેન સ્ટેશન પર આવીને ઊભી રહી. ઊતરવામાં ગણ્યા ગાંઠયા પેસેંજર હતાં. હજુ તો રાત્રિના સાડા દશ વાગ્યા હતા પરંતુ જાણે કે છેલ્લો પહોર ચાલતો હોય તેવો સન્નાટો સ્ટેશન પર છવાયેલો હતો. સ્ટેશન પરના વીજળીના ગોળા માંદા માણસની હાંફની જેમ આછું અજવાળું પાથરતા હતા જેનો પ્રકાશ તેની નીચે જ સમેટાઈ જતો હતો, જેથી અંધારું વધારે ગાઢ લાગતું હતું. પોષ મહિનાના પાછલા દિવસો હતા એટલે સ્વાભાવિક રીતે જ હવામાં ઠંડક વધારે હતી અને તેમાય આ તો ખેતરવાળો ઈલાકો એટલે ઠંડી વધારે વાતી હતી. ત્યાં તો એન્જિને તીણી ચીસ પાડી ને બરફના ચોસલા જેવી ઠંડીને ચીરતો તેની વ્હીસલનો અવાજ તથા જે થોડા પેસેન્જર ઊતર્યા હતા તેમનો બોલચાલનો અવાજ વાતાવરણમાં પથરાયો ના પથરાયો અને પાછો સૂનકાર છવાયો.

ઊતરનાર પેસેંજરમાં રૂપલ પણ હતી. આજે ખાસ્સું મોડું થયું હતું તેથી હોય કે પછી બીક સમાણી શરીરમાં ઠંડીની સાથે હવે ધ્રુજારી પણ ભળી હતી. એટલે ઊતરતાંવેંત તેણે સ્વેટરને શરીર સાથે થોડું વધારે ભીસ્યું. દુપટ્ટાને પણ ગળે માથે વીંટાળ્યો ને પછી શરીરમાં થાક હોવા છતાં અન્ય પેસેંજરની માફક દાદર ચઢવાની ઝડપ વધારી તો સાથો સાથ મનોમન ઈશ્વરને પ્રાર્થતી પણ રહી પરંતુ જેવી તે દાદર ઊતરીને બહાર આવી તેવી જ તેની નજર રોજની જેમ સામે ગઈ અને તેના હૈયે હાશ... અનુભવી. ઈશ્વરે તેની પ્રાર્થના સાંભળી હતી.



તે તેની રોજની જગ્યાએ બેઠો હતો, પણ જાણે કે ઉચ્ચક જીવે !

બંનેની નજર એક થઈ. રૂપલના પગમાં જોર આવ્યું તે ઝડપથી પોતાના રોજના રસ્તે ચાલવા લાગી. પેલાના શરીરમાં પણ એકાએક જાણે કે ઊર્જાનો સંચાર થયો હોય તેમ તેણે શરીરને ખંખેર્યુ જાણે કે ઠંડીને ઉડાડતો હોય તેમ અને પછી રૂપલને અનુસર્યો. સાથે અપડાઉન કરનાર બહેન તો તરત જ તેને લેવા આવનાર પતિની સાથે બાઈક ઉપર બેસીને સામેના ગામના રસ્તે નીકળી પડી. એટલે બીજા એક બે ઊતરનાર પેસેન્જરોની સાથે રૂપલ ચાલવા લાગી. જો કે થોડી થોડી વારે તે જોઈ તો લેતી કે પેલો પાછળ આવે છે ને !? જતો તો નથી રહ્યો ને !! પણ ના, આગળ પાછળ થતો સલામત અંતર રાખતો તે બરોબર રૂપલને રોજની જેમ કંપની આપી રહ્યો હતો ! થોડે આગળ જતાં પેલા પેસેન્જર અંદરના રસ્તેથી વળી ગયા. હવે ઊતરનાર પેસેંજરમાં રૂપલ અને પેલો બંને એકલા જ રહ્યાં.

“ગાડી મોડી પડી ત્યારની ઉચાટમાં હતી કે ઘરે કેમની જઈશ ! માને તો રાત્રે દેખાતું નથી અને બાપુ કાખઘોડીના સહારે આ ઠંડીમાં કેવી રીતે આવત ? ગામ આખાને ખબર છે કે હું બીકણ છું. દિવસ હોય તો થોડી હિંમત પણ કરું પણ આ તો રાત્રીનો સમય અને એમાંય પાછી આજે તો અમાસ, કાળી ડિબાંગ રાત. તારલિયાનું અજવાળુંય ખાસ ના મળે અને ગામની લાઈટો તો મારા નસીબ જેવી, ક્યારેય ચમકવાનું નામ જ ના દે. રહી તારી વાત તો ગાડી મોડા પડવાની તને થોડી ખબર હતી એટલે તું તો તારા ટાઈમે આવીને જતો રહ્યો હોઈશ. તને આમ મારી રાહ જોતો વિચાર્યું ના હતું. પણ તું તો વફાદાર સાથીની જેમ રાહ જોતો ઊભો હતો. સાચું કહું.. તને જોયો અને મારો થાક ચાલ્યો ગયો અને હવે તો ઠંડીય ઊડી ગઈ છે. જોકે આજે તો ઠંડી વધારે છે મને ખબર છે તનેય ઠંડી લાગતી જ હશે. આજે તો માને કહીને તારા માટે ઓઢવાની વ્યવસ્થા કરાવું. સાંભળ આજે તું ઘરે ના જઈશ. મારા ઘરે જ સૂઈ જજે. બાપુને તો વાંધો નથી. ખાલી માને મનાવવી પડશે. સામે તારે આ ઠંડીમાં પણ નાહીધોઈને ચોખ્ખા થવું પડશે. થઈશ ને ચોખ્ખો ! “

અને પછી તો " સોનલ મેમે આમ કર્યું. માલતી આજે ભરેલા રીંગણનું સરસ શાક બનાવી લાવી હતી., મામા આજે મળવા આયા તા... " રોજની જેમ જ રૂપલ દિવસ ભરની વાતો કરતી રહી અને પેલો રોજની જેમ જ "હા.. હું..." કરતો સાંભળતો રહ્યો. ઠંડીમાં ગામ જંપી ગયું હતું. લોકોની સાથે ગામના કૂતરાં પણ જ્યાં હૂંફ મળે ત્યાં માથું શરીરમાં નાખીને ટૂંટિયું વાળી ગયા હતાં જેથી કરીને રસ્તા સૂનકાર હતા. તેથી રૂપલ આખા રસ્તે બિનદાસ્ત બનીને પેલાની સાથે વાતો કરતી રહી. કોઈ કોઈ વાર પેલો સામે હોંકારો પણ ભરતો રહ્યો. તે પાછળ રહી જતો તો રૂપલ તેને "ચલ જલદી કર, મા રાહ જોતી હશે" ટોકતી રહી. અને આમ રસ્તો ટૂંકો થતો રહ્યો.

"આજે બઉ મોડું થયું નય? તુંય અંદર આય બા'ર બૌ ટાઢ છ. "

પગરવ સાથે દરવાજો ખૂલ્યો હતો. રૂપલની મા રાહ જોઈને જ બેઠી જ હતી. પેલાને તો આમંત્રણની જરૂર પણ ક્યાં હતી ! રૂપલની પહેલાં તે અંદર આવી ગયો હતો.

"હા મા, ગાડી અધવચ્ચે બગડી તે પછી બીજી ગાડી આ'યન તેમાં અમારો સમાવેશ કર્યો" પણ એ તો એના રૂટ પ્રમાણે ફરતી ફરતી આવે એટલે મોડું થયું. "રૂપલે હાથ-મ્હોં ધોતાં જવાબ આપ્યો. ત્યાં સુધીમાં માએ ખાવાની થાળી તૈયાર કરી દીધી. રૂપલે થાળીઓ જોઈ."

"મા, તેં અને બાપુએ ખાધું નથી ?"

"તારી ચંત્યામાં કોળિયો ગળે ઊતરતો હશે?" બાપુ બોલ્યા.

પેલો ખાઈ રહ્યો હતો. બાપુ તેને અમી ઝરતી નજરે જોઈ રહ્યા હતા અને તેનો બરડો પસવારી રહ્યા હતા. રૂપલની આંખો હસી ઊઠી.

"મા ઠંડી આજ વધારે છે એને અહીં હુવડાવીએ તો ?"

હજુ મા હા, ના, નો જવાબ આપે તે પહેલાં તો જમવાનું પૂરું કરીને પરિચિત બનેલા મિત્રો ભેગા થવા તેણે રીતસરની હડી કાઢી.

"આજે આ ના હોત તો હું ચ્યમની ઘેર આવત એ જ મને તો હમજાતું નથ" રૂપલ દરવાજાને સાંકળ ચઢાવતા બોલી.

"હું ને તારા બાપુ ચંત્યાં કરતાં હતાં પણ આની પર ભરોષો હતો કે ટેશને તને લેવા આયા વગર રહેશે નંય."

"પણ મા ચેટલું મોડું થયું આજ તો ! તે તો એના રોજના ટાઈમે જ ટેશને આયો હશે. ભૂખ્યો તરસ્યો ત્યારનો બેસી રહ્યો હશે !"

"એવું જ હશે ને તારે. હું કંઈ એમ ને એમ તેને તારો પરભવનો પ્રેમી થોડો કઉ છું ?"

તેને માંના શબ્દો સાંભર્યા "પરભવનો પ્રેમી" ને તેના ચહેરા ઉપર હાસ્ય છવાયું.

માની વાત સાચી તો હતી, ગયા જન્મનો પ્રેમી જ તો હતો એ ! તેની સાબિતી હતી ઠંડી, ગરમી, વરસાદ, વાવાઝોડું, વહેલું, મોડું કોઈ પણ પરિસ્થિતિ હોય પણ તે રૂપલને સ્ટેશને લેવા -મૂકવા માટે હંમેશાં હાજર રહેતો.

રૂપલના બાપુ નજીકના શહેરની શર્ટ બનાવવાની ફૅક્ટરીમાં કામ કરતા હતા. ટ્રેનમાં અપ ડાઉન કરતાં એક દિવસ ભીડમાં ચઢવા જતાં પાછળથી કોઈનો ધક્કો વાગતા પડી ગયા હતા. સદ્‌નસીબે બચી તો ગયા હતા પરંતુ બંને પગ કપાઈ જતાં જીવનથી હારી ગયા હતા.

"આમ હાથ પર હાથ ધરીને બેહી રહ્યે દા'ડા ચ્યમના જશે ? ઘરમાં કોઈ કમાનાર રહ્યું નથ. એક ટંક ખાવાય જોઈશે ને, તે માટેય પૈસા તો જોઈશે ન, ચ્યાંથી લાવશો?" રૂપલના મામા કહી રહ્યા હતા. પહેલા પણ બે-ત્રણ વખત આવેલા ત્યારે આ જ વાત કરેલી. વાત તો તેમની સાચી પણ હતી.

શહેરમાં રોટલો તો મળી રહેવાનો, પણ ઓટલો...! મામા રહેતાં હતાં તે ઝૂંપડપટ્ટીમાં રહેવું રૂપલીનાં મા-બાપુને પસંદ ન હતું. અને તેમાંય પાછી રૂપલીની માની શ્વાસની બીમારી પહેલાની જેમ શહેરમાં જઈને વકરે તો !? પ્રશ્ન અનેક હતા. જેનો જવાબ ઉપરવાળા સિવાય કોઈની પાસે હતો નહીં.

"રૂપલીની મા તારા ભઈની વાત તો હાચી છે. શહેરમાં કામ તો મળી રહેશે. હું કરવું છ ? "રૂપલીના મામાના ગયા પછી પતિ-પત્ની વાતો કરતાં હતાં.



પણ આપદાઓ એમ વલોપાત કર્યે જતી નતી રહેવાની. બે-ત્રણ દિવસ વિચારવામાં પસાર કર્યા હતા પણ છેલ્લે પહેલાની જેમ જ શહેરમાં જવાનો વિચાર માંડી વળાયો હતો.

પણ મામા કહેતા'તા એમ કામ રૂપલીની મા અને બાપુની રાહ જોઈને થોડા બેઠાં'તાં ! પણ પડોશીઓની મદદથી તેમનું ગાડું ગબડતું હતું. માએ ખેતરમાં જવાનું ચાલુ કર્યું હતું. રૂપલ તો આમ પણ સહેજ વાર માટેય એની માનો કેડો મૂકતી નહીં એટલે એ પણ એનાં મા-બાપુની લાખ મનાઈ કરવા છતાં ખેતરમાં જવા લાગી હતી. ખેતરનું કામ આકરી મહેનતનું કામ હતું વળી ધૂળ અને માટીને કારણે રૂપલ અને તેની મા બીમાર થયા હતા. એટલે પછી તે કામ પણ છૂટી ગયું હતું. હવે આગળ શું ? નામનો અજગર મ્હો ફાડીને ત્રણેયને ગળી જવા જાણે કે ટાંપીને બેઠો હતો.

"જો બુન, મન ખબર છ કે અય ગામમાં ખેતરના કામ સિવાય બીજું કામ મળશે નહીં અને તે તારાથી કે ભાણીથી થશે નહીં. બનેવીથી હવે કશું કામ થાય તેવું છ નહીં. ઉધારીય ખાસ્સી થઈ ગઈ છ જતે દા'ડે તેય બંધ થઈ જશે. મારુ માનો તો શહેરમાં આવતા રો. બધી છોડીઓ જ ત્યાં કામ કરે છે એટલે ચંત્યા જેવું નથી. વળી વધારે કામ કરશે તો વધારે પૈસાય મળશે ને જો ત્યાં ના રહેવું હોય તો... " મામા કહી રહ્યા હતા.

નોકરી મળતા મુશ્કેલીઓથી ઘણે અંશે છુટકારો તો થવાનો હતો. ત્રણેયના ચહેરા ખુશીથી ચમકી ઊઠ્યા, પણ... નોકરી માટે શહેરમાં રહેવું પડે અને ઘરની આર્થિક પરિસ્થિતિ પ્રમાણે તો નાનું સરખું ઘર પણ પરવડે તેમ ન હતું. વિકલ્પ એક જ હતો ઝૂંપડપટ્ટીમાં રહેવાનો ! વીજળીના લસરકાની જેમ વિચાર ચમકી ગયો અને પળ વારમાં ત્રણેયના ચહેરા ઉપર સ્યાહી ફરી વળી. પરંતુ બીજો વિકલ્પ હતો ખરો અને આશાનો તંતુ થોડો લંબાયો.

મામાએ કહેલ બીજો વિકલ્પ હતો અપ-ડાઉનનો. અને તે રૂપલ માટે સાનુકૂળ પણ હતુ કારણ તેની નોકરીનું સ્થળ સ્ટેશનથી પંદર મિનિટના રસ્તે હતું. જોકે તેના અને સામેના ગામની વચ્ચે સ્ટેશન આવેલ હતું પણ ગામ નાનું હોવાથી સ્ટેશન નાનું હતું. એટલે બહુ બધી ગાડીઓ ઊભી રહેતી નહીં. મેમુ કે લોકલ ગાડીઓના ટાઈમ પણ ઓછા હતા. એટલે રૂપલે સવારના સાત વાગે શહેરમાં જતી મેમુમાં જવાનું અને સાંજે સાત વાગે ગામમાં આવતી લોકલમાં પાછું આવવાનું થાય.

રૂપલ નાનપણથી જ ખૂબ બીકણ. પવન જોરથી વાય તો પણ ફફડી ઊઠે. માનો પાલવ પકડી રાખે. ના'વા કે લોટે જવાય માની ભેળી જ હોય. આટલી મોટી થઈ તોય આજના દાડેય માને બાથ ભીડીને જ સૂવા જોઈએ. એવું નહોતું કે તેની માએ તેની બીક ભગાડવા કશું કર્યું ન હતું. દોરા-ધાગાથી માંડી વ્રત-ઉપવાસ બધું કર્યું હતું. પણ રૂપલની બીક ગઈ ન હતી. સે'જવાર માને ના જુએ તો ચીસાચીસ કરી મૂકે. ને પછી શરીર ધગવા લાગે. તે બે દા'ડે તાવ ઊતરી રે. શરૂઆતમાં તો પડોશીઓ પણ તેની ચીસથી ગભરાતા 'કે છોકરીન કશું થયું તો નથી ને !'

"રૂપલી એની મા વગર એક ડગલુંય હેંડતી નથ અન તમે તેની હાતર નોકરી હોધી લાયા સો." મામાની વાત સાંભળતાં પડોશમાંથી કોઈ બોલ્યું.

"હું હંધુય જાણું સું. પણ હું કરું કો'તો ! બેન-બનેવીથી તો કામ થાય ઈમ નથ. બાકી બચી આ ભાણી. અન ચેટલા દાડા માનો પાલવ પકડે રાખશે."

"જો ભાણી બુન અવે તમ નાના નથ રૈ કે ઘરની પરસ્થિતિ ના હમજો. કાલ હાહરે જવાનું આવશે આવું બીયે ચ્યમનું ચાલસે. કાળિયા ઠાકરનું નામ લો અન હેમત રાખો. "મામીએ પણ પતિના સાથમાં સાથ પુરાવ્યો હતો.

'તારા મામા-મામી હાચું કે'સ, આવી બીક રાખ્યે ચ્યમનું ચાલસે, તારી હાથેન્યુની છોડીઓ પૈણીને જવા માંડી ને તું હજી તારી માનો છેડો છોડતી નથ્ય. થોડુંક વેવારમાં રે'તી થા. ને તમેય શું કાશી બુન રૂપલીની હામાં હા કરો શો ? ત્યાં રે'વા જતા રો "પડોશના બૈરાંએ મામા-મામીને સાથ આપ્યો.

વાત તો બધાંની સાચી હતી. અનેક તકલીફો હતી જેનું નિવારણ આ નોકરીથી આવવાનું હતું. રૂપલ આ બધું સમજતી હતી. તે કાંઈ એટલી નાની ન હતી કે આ બધું સમજે નહીં. તેને તો બાપુ માટે વ્હીલચેર લાવવી હતી. સ્વપ્નાં તો અનેક હતાં પણ તે પોતાના જ મન સામે જાણે કે લાચાર હતી. સથવારા વગર તેને સહેજ પણ ચાલતું નહીં. તે એકલી રહી શકતી નહીં. એક અજાણી બીક તેના મન-મસ્તિષ્ક ઉપર હાવી થઈ જતી અને તે બેબાકળી બની જતી. કોઈનો પણ અરે રસ્તાના કૂતરાનો પણ મન સહારો ઈચ્છતું. જોકે તેને પણ પોતાની આ નબળાઈ સ્વીકાર્ય હતી નહીં. તે પોતે પણ આમાંથી નીકળવાના પ્રયત્નો કરતી તો હતી. રમીલાકાકીની વાત સાચી હતી. પોતાની સાથેની

છોકરીઓ ઘર વસાવીને બેઠી હતી જ્યારે પોતે...

એટલે પછી રૂપલે હિંમત કરી હતી ને અપડાઉન ચાલુ કર્યું હતું. જોકે શરૂઆતમાં તો રૂપલની મા નોકરીમાં તેની સાથે આવતી પણ પછી સામેના ગામમાથી સંગાથ મળતા રૂપલ એકલી જવા લાગી હતી. પરંતુ સ્ટેશને લેવા મૂકવા માટે તો મા કા તો બાપુએ જ આવવું પડતું.

તેમાં એક દિવસ અણધાર્યું બન્યું હતું.

ચોમાસું વિદાય લેવાના તથા ઠંડીના આગમનની તૈયારીના દિવસો હતા. આજે બાપુને શરીરમાં ઠીક ના હતું એટલે તેની મા લેવા માટે આવી હતી. તે બંને દિવસભરની વાતો કરતાં ચાલી રહ્યા હતા. સ્મશાનવાળો રસ્તો આવતા ઝડપ વધારી હતી અને ત્યાં તો તેમને ખ્યાલ આવ્યો કે એક ઓળો તેમની પાછળ આવી રહ્યો છે. શરૂઆતમાં તો મા-દીકરીનું ધ્યાન ગયું ન હતું પણ પછી ગામમાં જતાં કૂતરાઓએ તેને ઘેરી લેતાં તેમનું ધ્યાન ગયું હતું તેમણે ગામનાં કૂતરાને તો ભગાડ્યા હતા સાથોસાથ તેને પણ ભગાડયો હતો. તે ભાગ્યો તો હતો પણ તે સમય પૂરતો. બીજા દિવસે તે હાજર થઈ ગયો હતો અને ગઈ કાલની જેમ મા-દીકરીને અનુસરવાનું ચાલુ કર્યું હતું. આજે તો તે બંનેનું ધ્યાન તરત જ તેની ઉપર ગયું હતું એટલે વિનાવિલંબે તેને ભગાડયો હતો અને તે જતો પણ રહ્યો હતો પણ સાંજે રૂપલ અને તેની મા જેવા સ્ટેશન બહાર નીકળીને ચાલવા લાગ્યાં કે ખબર નહી, તે ક્યાંથી આવી ગયો હતો અને તેમની પાછળ ચાલવા લાગ્યો હતો. થોડા દિવસ આ ચાલ્યું હતું. બંને તેને જતો રહેવાનું કહેતા તો થોડો સમય તે આઘોપાછો થઈ જતો પણ પછી પાછળ આવી જતો.

આમ તો તે કશું નુકસાન કરતો નહીં. બસ તેમની-પાછળ ચાલ્યા કરતો. આશ્ચર્ય એ હતું કે ગામના બીજા કોઈની પાછળ નહીં પણ ફક્ત રૂપલની પાછળ પાછળ તે આવ્યા કરતો. થોડા દિવસ પછી તો તેની હિંમત ખૂલી હતી અને સવારે પણ તે પીછો કરવા લાગ્યો હતો. એક સવારે રૂપલે જેવો ઘરનો દરવાજો ખોલ્યો કે સીધા તેનાં જ દર્શન થયાં તે જાણે કે રાહ જોઈને ઊભો હતો અને પછી મા-દીકરીને જતાં જોઈને તેમની પાછળ ચાલવા લાગ્યો હતો. તે સ્ટેશનના દાદર આગળ આવીને ખૂણામાં ઊભો રહી ગયો હતો. રૂપલને મૂકીને તેની મા જેવી પાછી આવી તેવો તે છૂમંતર થઈ ગયો તે સાંજે ગાડીના ટાઇમે પાછો માની સાથે રૂપલને લેવા સ્ટેશને હાજર થઈ ગયો હતો. પછી તો તેનો આ નિત્યક્રમ બની ગયો હતો. ગમે તેવા સંજોગો હોય તે ન આવ્યો હોય તેવું આજ સુધી બન્યું ન હતું!


જોકે પછી તો રોજરોજની તેની આ હાજરીથી રૂપલ અને તેનાં મા-બાપુને પણ તેની આદત પડી ગઈ હતી. વણ બોલ્યે પોતાની દીકરીને સથવારો પૂરો પાડતા તેનું રક્ષણ કરતા આ અજનબીથી તેઓ શાતા અનુભવતા અને પછી તો તેની ઉપરના અપાર વિશ્વાસે રૂપલીની માએ દીકરીને સ્ટેશને લેવા-મૂકવા જવાનું બંધ કર્યું હતું. સામે રૂપલની નજર પણ ઘરની બહાર નીકળતાં સૌ પ્રથમ પેલાને શોધતી અને પછી તેને જોતાં જ એક ન સમજાય તેવી હાશ તેના મનમાં છવાતી, આવી જ હાશ નોકરી પરથી પાછા વળતાં સ્ટેશને તેને જોતાં તે અનુભવવા લાગી હતી જ. તે દિવસે પેલાના સાથથી રૂપલની બીક તો ક્યાય છૂમંતર થઈ ગઈ હતી અને એક હાશકારો વ્યાપ્યો હતો.

ગામ આખામાં આ વાત ફેલાઈ ગઈ હતી. શરૂઆતમાં ગામ લોકો "તે ક્યાંથી આવ્યો એ ? "શું કરવા આવ્યો એ ? તે હેં રૂપલ તારો ગયા જનમનો પ્રેમી તો નથી ને ?" પૂછતા રહેતા અને ઠઠ્ઠામશ્કરી કરતા રહેતા. પણ હવે તો તેઓને પણ રૂપલની સાથે તેના આ પરભવના પ્રેમીને જોતાં કશું અસ્વાભાવિક લાગતું નહીં. અરે ગામના કૂતરા પણ હવે તો તેને આવકારવા લાગ્યા હતા. તેની સાથે દોસ્તી કરવા લાગ્યા હતા. આમ, ગામ આખાનો એ પ્રિય પાત્ર બની બેઠો હતો.

સવાર પડી હતી રૂપલ ઝટપટ તૈયાર થઈને બહાર આવી અને સામે જ પેલાને બેઠેલો જોતાં તે હસી પડી. 'આજે તો ઝડપથી ચાલવું પડશે, મોડું જો થયું છે.' ચંપલમાં પગ નાખતા બોલી ને ઝડપથી ચાલવા લાગી. તેની સાથે પેલાએ પણ પૂંછડી ઊંચી કરીને પછી રૂપલની આગળ દોડવા લાગ્યો.

---

*'સ્વર્ગમ્' ૪૭૩/૨, સેક્ટર ૨-બી,*
*ગાંધીનગર-૩૮૨ ૦૦૨.*
*મો. ૯૯૧૩૨૪૪૧૫૦*



# ઓચ્છવચંદનો ટીંબો

- ડૉ. અનિલ ચૌહાણ

જીભે સરસ્વતી ન હોય એવા, યાને કે મોઢાના મીઠડા ન હોય તેવા વાણિયા ભાગ્યે જ જોવા મળે. કેટલીક વખત તો એવી અદ્ભુત વાકચાતુરી યાને કે શબ્દોની કલા બતાવતા હોય કે, તમને પોતાને પણ ખબર હોય કે તમે થોડું ઘણું છેતરાઈ રહ્યા છો તોય તેમના દ્વારા તમે છેતરાવું પણ પસંદ કરો. જોકે, અમિત અમીચંદ મારો વર્ષો પુરાણો મિત્ર, એટલે મારી સાથે આવું કશું તો ના કરે પણ તોય કારણ વગરના ખોટા–ખોટા મસકા મારી-મારીને મને ગૉળ-ગૉળ કરી નાખે એટલું તો ચોક્કસ.

અમિત અમીચંદ એના દીકરાના લગ્નની કંકોત્રી આપવા આવેલો.


'પધારજે ચોક્કસ, ભાભીને લઈને... ભૂલ ના થાય, અઠ્યાવીસમી તારીખ, ને યાદ રાખજે... ના આવ્યો તો...? ઘરેથી જાન જ નહીં જોડું... મારો પોરિયો કુંવારો રહી જશે... એની જવાબદારી પછી તારી...'

અમિત અમીચંદ મારો લંગોટિયો મિત્ર, એના પિતાનું નામ અમીચંદ, હૉસ્ટેલમાં સાથે ભણતા ત્યારે એને કોઈકે અમિત અમીચંદ કીધેલું, ને તે ખિજાયેલો, ને મારવા દોડેલો, બસ ત્યારથી તેનું નામ અમિત અમીચંદ પડી ગયેલું.

'અરે, એવું તે કંઈ હોય, આવીશું ને ચોક્કસ આવીશું.'

'ગામમાં ક્યાં આવ્યું તારું ઘર?" મેં કંકોત્રીમાં લખેલા સરનામા તરફ નજર ફેરવતાં-ફેરવતાં પૂછ્યું, 'મળશે તો ખરું ને...?!'

'ગામડામાં તે વળી ઘર ના મળે તેવું બનતું હશે? આ તો કંઈ તારા મુંબઈ જેવું સિટી થોડું છે! ઉનાઈ એટલે ગામડું... થોડું મોટું ગામડું... ઘર ના કેમ મળે?..., જોકે, એ સાચું કે



અઠ્યાવીસમીએ ઉનાઈમાં ચાર જગ્યાએ લગ્ન છે. એમાં પણ બે ઘર તો અમીચંદનાં છે, જોકે બીજા અમીચંદના ઘરના જમણવારમાં જમી આવીશ તોપણ ચાલશે, એય આપણા સંબંધમાં જ થાય છે, જોકે ચાંદલા માટે તો પાછો મને જ યાદ રાખજે...' કહેતાં એ ખડખડાટ હસ્યો.

'બે અમીચંદોના ઘર...?! આ તો પાછી તકલીફ...'

મારી મોટી નબળાઈ એ છે કે મને ભાગ્યે જ સરનામા પરથી ઘર મળે, આડા-અવળા રસ્તાઓમાં હું હંમેશાં ગૂંચવાઈ જાઉં છું. જોકે, અમિત અમીચંદને આ વાતની ખબર હતી.

'અરે... એમાં તકલીફ શાની, સીધા હાઈવે પર ડાબી બાજુએ એરો મારેલું ઉનાઈનું પાટિયું આવશે ત્યાં સુધી તો આવી શકીશ ને...'

'હા.'

'બસ ત્યાંથી ડાબી બાજુએ વળી જવાનું, સીધા અડધો કિલોમીટર એટલે ઉનાઈ ગામ. ત્યાં આવીને પૂછવાનું અમીચંદ શાહ પેલા ઓચ્છવચંદના ટીંબાની પાછળની બાજુ રહે છે એ... નાનું છોકરુંય બતાવશે...'

'ઓચ્છવચંદનો ટીંબો? આગ્રામાં હું ગઈ સાલ સુધી તાજમહાલની નજીક આવેલી કૉલોનીમાં રહેતો. તાજમહાલમાં મુમતાઝમહાલની કબર નજીક શાહજહાંની કબર છે. જેને શાહજહાં ટોમ્બ કહેવાય છે. આ તારો ઓચ્છવચંદ પણ શાહજહાંની માફક ઐતિહાસિક પાત્ર લાગે છે.'મેં મજાક કરી.

'ઉનાઈમાં તારા શાહજહાંને કોઈ ના ઓળખે,ને ચૌદ છોકરાંવની મા મુમતાઝને પણ નહીં. ઓચ્છવચંદના ટીંબાનું નામ બોલો એટલે કોઈ પણ બતાવે. ઉનાઈમાં તો ઠીક આજુબાજુના દસ ગામડાંમાં કોઈ પણને પૂછો... 'ઓચ્છવચંદનો ટીંબો' તો ખબર જ હોય.'

'એટલે ખરેખર, આ ઓચ્છવચંદનો ટીંબો છે શું?' મેં અધીરા બની પૂછ્યું.

'ઓચ્છવચંદ એક વિખ્યાત પાત્ર છે ઉનાઈનું, અત્યારે તો ખાલી ટીંબો છે ટીંબો... જુનવાણી ઈંટોનાં રોડાં અને માટીનો ટેકરો, ઉનાઈની એ ઐતિહાસિક ઈંટના કાટમાળ નીચે ઓચ્છવચંદનો ભૂતકાળ ધરબાયેલો પડ્યો છે. ઉનાઈના ઓચ્છવચંદ આગળ તારા શાહજહાંની તો કાંઈ જ વિસાત જ નથી સમજ્યો.?!!'

'એમ!! એવું?' ક્યારની શાંત બનીને સાંભળતી મારી

પત્ની બોલી.

'અરે ભાભી, ખાલી એટલું જ નહીં, ત્રણ–ત્રણ પેઢી પછી પણ આજે ગામમાં ધણી-ધણિયાણી વચ્ચે ઝઘડા થાય તો છેલ્લા શસ્ત્ર તરીકે પત્નીઓ કહી નાખતી હોય છે... 'દર્શન કરી આવો એક વખત ઓચ્છવચંદના ટીંબાના... પછી ઝઘડજો મારી જોડે...!!!'

'તો પછી, બોલી જ નાખ અત્યારે' મારી જિજ્ઞાસા વધતી જતી હતી.

'કહીશ... કોઈક દિવસ નિરાંતે... આજે તો...'

'એમાં શું, પાંચ મિનિટ આમ કે તેમ!!'

'મૂકો ને લપ... તમારે તો ઠીક છે... નવરા છો, પણ અમિતભાઈને હજી આખા શહેરમાં ઘણે ઠેકાણે કંકોત્રીઓ વહેંચવા જવાનું હશે!! તમે પણ શું ક્યારના ઓચ્છવચંદ... ઓચ્છવચંદ લઈને માંડ્યા છો?!!' મારાં પત્નીએ રાબેતા મુજબ પાછળથી વડચકું કર્યું.

અમિત અમીચંદ વિદાય થતાં–થતાં મારા મગજમાં ઓચ્છવચંદ મૂકતો ગયો, પછી તો અમે લગ્નમાં પણ જતા આવ્યા, ઓચ્છવચંદનો ટીંબો જોયો પણ ખરો, પરંતુ અમિત અમીચંદની પાસે આખી વાત સાંભળવાનો કંઈ જોગ જ ના થયો.

હજુ આ ઓચ્છવચંદના ઈંટ-માટીના ટીંબાનું કુતૂહલ મારા મનમાં બરકરાર હતું.

કોણ હશે આ ઓચ્છવચંદ અને કેવી હશે એની વાર્તા...!! જેની આગળ શાહજહાંની વાર્તાની પણ કંઈ વિસાત નથી, એવી તે કેવી વાત?!!

પછી પણ બે-એક પ્રસંગોએ અમિત પણ મળ્યો.

'નિરાંતે કહીશ...' ઓચ્છવચંદના ટીંબા વિશે જ્યારે પણ પૂછતો ત્યારે તેનો આ એક જ જવાબ.

એક દિવસ મારે અને અમિત અમીચંદને ટ્રેનમાં સાથે જવાનું થયું ને એને અને મને, જોઈતી નિરાંત મળી ગઈ...

*

આ સમય હતો, આઝાદી પહેલાંનો, અંગ્રેજનું રાજ. ગાંધીજીના રંગે આખો દેશ રંગાયેલો. જોકે, ઉનાઈને, અને ગાંધીજી કે આઝાદીને ઝાઝી નિસબત નહોતી. રાષ્ટ્રીય કે રાજ્યના સમાચારો પણ સામાન્ય લોકોમાં ઝાઝો ચર્ચાનો વિષય બનતા જ નહીં. આજનું છાપું છેક, બીજા દિવસે આવે. ઉનાઈમાં સમ ખાવા એક જ નકલ પડે, એ પડે હરખચંદની પેઢી પર. સવારમાં દર્શન કરી પાછા ફરતાં શ્રેષ્ઠીઓ, રસ્તે ચાલતા વચ્ચે આવતી હરખચંદની પેઢીએ, થોડી વાર બેસે. ઈસ્કૂલના મહેતાજી ગંગાધરદાસ મોટાં ડાબલા જેવા કાળી ફ્રેમનાં ચશ્માં પહેરીને, ધીરેધીરે છાપાના સમાચાર ચાર-પાંચ શ્રોતાઓને સંભળાવતા જાય.

ગામમાં વાણિયાઓનાં કુટુંબો ઘણાં, એમાં હરખચંદ સૌથી જાણીતો, ટાવર પાસે નાની દુકાન અને ચોરા નજીક મોટી હવેલી.

કહેવાય છે કે આ હવેલી જૂની રાજાશાહી વખતે હરખચંદના દાદાને ભેટમાં મળેલી. હરખચંદ પોતે જરૂર પડ્યે અડધી રાત્રે ઊભો થઈ જાય પણ વ્યાજના વ્યવહારમાં પાકો. પોતે રૂપિયા ધીરે, બદલામાં માણસ અને જનાવર સિવાય કોઈ પણ ચીજ ગીરો રાખી લે, જમીન, સોનું, ચાંદી કે પછી છેવટે વાસણો.

મોટા ભાગની પ્રજા શ્રમજીવી ને અતિ સામાન્ય પરિસ્થિતિની, એકાદ વરસ કપરું જાય તોય વાંધો ન આવે તેવો મધ્યમવર્ગ ને ખરેખર શ્રીમંત કહી શકાય તેવા તો, ગામમાં તો ઠીક પણ આખા પ્રદેશમાં આંગળીને વેઢે ગણી શકાય એટલા જ. પ્રસંગોપાત્ત દરેકને રૂપિયાની જરૂર પડે. અડધી રાત્રે લોકોના કામ નીકળી જાય એટલે, હરખચંદ પાક્કો વાણિયો હોવા છતાં એટલા પંથકમાં લોકો માન આપતા.

ગામમાં જૈન મંદિર બાંધવા માટે દાન આપ્યું એના બીજા જ વરસે જોગાનુજોગ થયું હોય કે પછી કુદરતી એમ જ થવાનું હોય...., ગમે તેમ પણ હરખચંદના ઘરે ઘણી મોટી ઉંમરે પારણું બંધાયું. હરખચંદ એવો તો હરખ-પદુડો થઈ ગયો કે સવા મહિને ગામ આખાને ભેગા કરી મોટો ઉત્સવ અને જમણવાર કરાવેલો.

સવા મહિને નામ પાડવા આવેલાં ફોઈએ પણ આ રંગે-ચંગે ઉજવાતો ઉત્સવ જોઈને નાના કીકલાનું નામ પાડી દીધું ઓચ્છવચંદ.

કહેવાય છે કે ઓચ્છવચંદ જન્મતી વખતે ખડખડાટ હસેલો, પછી તો સોનાના ઘૂઘરા સાથે મોટા થતા ઓચ્છવની નજીક દુ:ખ કદીય ફરક્યું જ નહીં.

નિશાળમાં ગામના જ માસ્તરને પાટી મારીને નાસી આવેલો ઓચ્છવચંદ માટે, હરખચંદે થોડું આમ–તેમ કરીને, પાછું એ જ માસ્તરનું પોતાના ઘરે જ ઓચ્છવ માટે ટ્યૂશન રખાવ્યું. ઓચ્છવે પણ હા-ના કરતાં-કરતાં ધીરધારમાં ખપ પડે તેટલું ગણિત પણ શીખી નાખ્યું. ધીરે-ધીરે પેઢીએ પણ બેસતો થયો. હરખચંદે થોડા સમયમાં ઓચ્છવચંદના હાથ પીળા કરીને, ઘરમાં રૂમઝૂમ કરતી, થોડુંઘણું ભણેલી, વહુને પણ લાવી બેસાડી દીધી.

આગલા વરસે આ પંથકમાં મરકીનો રોગ પેઠો. ઓચ્છવચંદનાં મા અને બાપ બંનેને આ મરકી ભરખી ગઈ.

આખો વેપાર અને કારોબાર ઓચ્છવચંદના હાથમાં આવ્યો. તેની પત્ની સાવિત્રી વ્યવહારમાં કુશળ હતી, પણ ઓચ્છવચંદ ક્યારેય કોઈ પણ કામકાજમાં તેની સલાહ કે મદદ લેવાનો વિચાર સુધ્ધાં કરતો નહીં.

કોઈક દિવસ ગામના કોઈ વડીલ કહેતા પણ ખરા...

'આ હિસાબોમાં થોડું ઘણું આડુંઅવળું થાય છે એના કરતાં સાવિત્રીની મદદ લેતો હોય તો...'

'એ અક્કલ વગરની સવલી, શું ખબર પડે એને? એ તો ડોબું છે ડોબું...!!!'

તમે સાવિત્રીને જોઈ ના હોય તો આ અત્યારના જમાના પ્રમાણે, સ્ત્રી જાતિમાં આવો પણ અવતાર પેદા થતો હશે તેવી તો કલ્પના પણ ના કરી શકો.

આ જમાનો એટલે? સ્ત્રીઓએ બીજાઓની હાજરીમાં પોતાના પતિ સામે પણ જોવાય નહીં અને પતિની પણ જાહેરમાં લાજ કાઢવી એ જ સાચી મર્યાદા ગણાય એવા મિથ્યા વિચારોવાળો આ જમાનો...

બંનેને સાથે ચાલવાનું સામાન્ય રીતે તો ભાગ્યે જ આવે પણ આવો પ્રસંગ જો આવે તો, પહેલા પતિ ચાલે અને આશરે દશ–પંદર ફૂટ દૂર પાછળ પત્ની ચાલે, તેવો આ જમાનો...

સામાજિક વ્યવહારોમાં, સામાજિક પંચાયતોમાં અને અર્થવ્યવહારમાં સ્ત્રીઓની મહદંશે બાદબાકી કરી નંખાયેલો આ જમાનો...

પોતાની સ્ત્રીને ફટકારવાનો પોતાને પતિદેવ તરીકે અબાધિત અધિકાર મળેલો છે એમ માનવાવાળો અને સ્ત્રીઓના બરડા પર પડેલા સોટીઓના સૉળ, જો તેના પતિદેવ દ્વારા થયેલા હોય તો બિલકુલ સમાચાર જ ન બને તેવો આ જમાનો...

ગામમાં એક જ મોટો રસ્તો, મંદિરેથી ઓચ્છવચંદની પેઢીએથી લંબાતો- લંબાતો આગળ જાય, રસ્તામાં આગળ



જતાં ઓચ્છવચંદનું ઘર પણ આવી જાય. સવાર-સવારમાં ગામના શ્રેષ્ઠીઓ મંદિરમાં જઈ, દર્શન કરી, ઓચ્છવચંદના ઘર સામેના રસ્તેથી પાછા ફરતા હોય ત્યારે લગભગ દરરોજ, સુભગ દૃશ્ય જોવા મળતું... ઓચ્છવચંદનાં પત્ની સાવિત્રીદેવી તુલસીના ક્યારાની આરતી ઉતારતાં દેખાય કે પછી નઘરોળની માફક અડધું-પડધું ધોતિયું ફગફગતું રાખીને ચોપાડમાં જ પોણો પલંગ રોકી સૂતેલા, ઓચ્છવચંદની આરતી ઉતારતાં દેખાય.

પણ જો ભોગજોગે મંદિરથી પાછા ફરવામાં થોડું મોડું થયું હોય અને ઓચ્છવચંદની આંખ હમણાં જ ખૂલી હોય તો, 'નમો અરિહંતાણં... નમો સિદ્ધાણં...' સાંભળીને હમણાં જ મંદિરેથી પવિત્ર થઈને પાછા આવી રહેલાઓના કાનમાં ઓચ્છવચંદના તેમની પત્નીને સંબોધીને મોટેથી ઉચ્ચારાયેલા કર્કશ ઉચ્ચારણો, કાંટાની માફક ખૂંપી જાય... 'સવી... ઓ સવલી, ક્યાં... ક્યાં મરી ગઈ...?' આ સમયે સવી ઉર્ફે સવલી ઉર્ફે સાવિત્રી ઉર્ફે સાવિત્રીદેવી નજર સામે દાતણ પાણી લઈને ઊભી જ હોય.

તો વળી બીજા કોઈ વખત...

'સવી... ઓ સવલી ક્યાં મરી ગઈ... આ નાહવાનું પાણી આટલું ગરમ... તારી માએ આવું શિખવાડીને મોકલી છે...?'ને પછી અપશબ્દોની ઝડી વરસતી સંભળાય.

ને તરત, હજાર કામ પડતાં મૂકીને સવી ઉર્ફે સાવિત્રી નાહવાની ડોલમાં બે લોટા ઠંડું પાણી રેડી, પાણી માપસરનું કરી આપતી જોવા મળે.

ગામમાં ભલભલાની આ બાબતમાં બોલવાની હિંમત ના ચાલે તો... બિચારી સાવિત્રી તો ઓચ્છવચંદની સામે હરફ ઉચ્ચારવાનો વિચાર સુધ્ધાં કઈ રીતે કરી શકે?

'નસીબનો ખેલ છે ભાઈ બીજું શું...?'

'કાગડો દહીંથરું લઈ ગયો... બાકી આવા અડબંગ ઓચ્છવને સતી જેવી સાવિત્રી થોડી મળે?'

ઘર આગળથી આ તમાશો જોતાં-જોતાં પસાર થતા લોકો અંદરો-અંદર ચર્ચા કરતા...

'ઓચ્છવનું નસીબ ગણો તો નસીબ અને સાવિત્રીનું કમનસીબ ગણો તો કમનસીબ.'

'આ બાઈ પણ ખરી કહેવાય, રોજ આ નપાવટ પાટું મેલે છે ને તોય પાછી એ જ પાટુંને માથે અડાડી પૂજા કરે છે.'

'હશે ભાઈ હશે... પરભવની લેણદેણ... બીજું શું?!!'

સાચ્ચે જ, પરભવની લેણદેણ તો ખરી જ... ના કેમ કહેવાય... નાનપણથી સોનાના ઘૂઘરા સાથે જન્મેલો ઓચ્છવચંદ જ્યારે નિશાળમાં એના જ માસ્તરને પાટી મારીને

ઘરે નાસી આવેલો અને આ પરાક્રમ બદલ તેને ધમકાવવાના બદલે પૈસાના જોરે એના બાપ હરખચંદે, એના એ જ માસ્તરને ઘરે બોલાવી ઓચ્છવનું ટ્યૂશન આપવા મજબૂર કર્યા ત્યારથી, ઓચ્છવે જિંદગીનો એક મોટો પાઠ શીખી લીધો હતો... ને એ, એ કે - પૈસાના જોરે કંઈ પણ કરી શકાય !

અને સાવિત્રીમાંથી સાવિત્રીદેવી બની આ ઘરમાં પગલાં પાડનાર સવી ઉર્ફે સવલીને પણ એ વાતનો ગળા સુધી વિશ્વાસ હતો કે ઓચ્છવચંદ પૈસાના જોરે કંઈ પણ કરી શકે છે. સાવિત્રી કદાચ કાંઈ અજ્ઞાત ભય હોય કે પછી નાનપણમાં મળેલા 'પતિ દેવો ભવ'ના સંસ્કાર પ્રમાણે આવી પ્રકૃતિ સહજ હોય... જે હોય તે... સાવિત્રીની દિવસ ઊગતાંની સાથે દિનચર્યા પણ કંઈક આવી રહેતી.

સવારના પહોરમાં ચાર વાગ્યે ઊઠતાંવેંત સૌથી પહેલું કામ મોટે ભાગે સૂતેલા પતિના જમણા પગના અંગૂઠે માથું અડાડી પછી પાયલાગણ કરવાનું... ત્યાર બાદ નાહી-ધોઈ દીવા-બત્તી કરવાની, સાથે તુલસીની પૂજા કરવાની, ભગવાનની આરતી કરવાની પછી પતિની આરતી ઉતારવાની, પછી ઘરના બીજા કામોની સાથે-સાથે ઓચ્છવચંદ માટે નાહવાની ચોકડીમાં પાણી મૂકવાનું, ઠંડું–ગરમ કરી પ્રમાણસરનું કરી આપવાનું, ઊજળા બાસ્તા જેવા ઇસ્ત્રીબંધ કપડાં તૈયાર રાખવાનાં, છેલ્લે ઓચ્છવચંદ દુકાને જાય તે પહેલાં તેમને આગ્રહ કરી જમાડવાના, એ જમી રહ્યા હોય ત્યારે હાથમાં વીંઝણો લઈ પવન નાખવાનો ને પછી જે વધ્યું-ઘટ્યું હોય તે ખાઈ નાંખવાનું...

પતિ સાથે ગાળેલા આ સમયમાં પતિ કંઈ માગે તો એને સદ્નસીબ ગણીને હૃદયથી મલકાતાં-મલકાતાં આપવાનું, આ તમામ સેવા શુશ્રૂષા કરવા છતાંય આવા પતિ તરફથી સદ્વર્તનની આશા રાખવી એ તો ચોક્કસપણે વધુ પડતું ગણાય પણ ગુસ્સે ના થાય, મારઝૂડ ના કરે એ જ અહોભાગ્ય...

અને સામે ઓચ્છવચંદની દિનચર્યા સાવ ઊલટી રહેતી. સવારમાં ઊઠતાંવેંત જ એની કડવી જીભેથી આકરાં વેણ ફૂટતાં...

'સવી... ઓ સવલી ક્યાં મરી ગઈ?!!!'

એમાંય સાવિત્રીના કામમાં જરા પણ ભૂલ થઈ તો–તો આવી જ બન્યું સમજો.

નેમીચંદ, ઓચ્છવચંદનો મિત્ર. ક્યારેક ઓચ્છવચંદની પેઢીએ જઈને ટપારતો. 'આવું તો કાંઈ કરાય... બૈરાં પર હાથ ઉપાડે છે વાણિયાનો દીકરો થઈને!!!'

'એ તો એમ જ કરાય'ઓચ્છવચંદ દૃઢતાથી મહાજ્ઞાનીની માફક જવાબ આપતો..!!!'

નેમીચંદ મોં પહોળું કરીને દિઙમૂઢ બની તાકી રહેતો.

'એમ જ કરાય, શાસ્ત્રમાં લખ્યું છે ને... કે બૈરું તો બૂધે જ પાંસરું' ધીરધારની દુકાને જાડી તળાઈમાં પલાંઠી મારી બેઠેલો ઓચ્છવચંદ તેની આગળ પડેલા નાનકડા મેજ પર થપાટ મારતો.

'ક્યા શાસ્ત્રમાં આમ લખ્યું છે?!!!' નેમીચંદ સામી દલીલ કરતો.

'કેમ, ભૂલી ગયો... પેલો મૂળશંકર બામણ કથામાં નહોતો કે'તો કે તુલસીદાસ કહી ગયા હતા.

ઢોલ, ગમાર, પશુ ઓર નારી

યે સબ તાડન કે હૈ અધિકારી...

એમને ના ફટકારો તો કામ કરે જ નહીં..

'તને તો કેમ કરીને પહોંચવું!!!'

આ તરફ સાવિત્રીદેવીએ પણ 'ધણી છે તો મારેય ખરા...'નો સિદ્ધાંત પચાવેલો, એટલે મારઝૂડ, ત્રાસ અને અપશબ્દો સતત સહન કરવાં છતાંય એ પતિના સુખ માટે સતત ઈશ્વરસ્મરણ કર્યા કરતી.

આજે પણ જેમ ભગવાન રોજેરોજ દુઃખ આપ્યા કરતા હોય તોય ઘણા ભક્તો રાજીરાજી થઈને 'પ્રભુ તો મારી કસોટી કરી રહ્યા છે' એમ કહેતા બમણા જોશથી ભક્તિ કરતા રહે છે, બસ આ જ રીતે સાવિત્રીદેવી સંપૂર્ણ સમર્પિતભાવે પતિભક્તિ કર્યે જ જતી.

*

વિધાતાનો લેખ ગણો કે કુદરતનો કરિશ્મા, પણ હસતાં–હસતાં જન્મેલો ઓચ્છવ, આજદિન સુધી હસતો જ રહેલો, કદીય એની આંખમાંથી આંસુ ખર્યું નહોતું. વિધાતા દુઃખની ટપાલ મોકલવાના સરનામાઓની યાદીમાં, ઓચ્છવચંદનું નામ લખવાનું જાણે ભૂલી જ ગયેલા.

સુખને મુઠ્ઠીમાં લઈને પેદા થયેલા ઓચ્છવચંદને આજ સુધી કદીયે ઓછું આવ્યું જ નહોતું. અરે, એનાં મા–બાપ મરી ગયાં ત્યારે પણ નહીં... એ તો સહુને કહેતો, 'સારું થયું, પેઢીમાં હવે બાપાનો ટક-ટકારો, ને ઘરમાં માનો... બેઉ એક સાથે બંધ થયા...!!!'

*

એક દિવસ સાવિત્રી અચાનક મૃત્યુ પામી. અચાનક એવું તો અત્યારે આપણને લાગે, પણ લાંબા સમયથી કોઈ દર્દ કે રોગથી પીડાઈ રહી હોય તોય કોણ જાણે!! ઓચ્છવચંદની સેવામાં પોતાનું દુઃખ જ ભૂલી ગઈ હોય કે પછી પોતાનું શારીરિક દર્દ કહેવાની ઓચ્છવચંદ આગળ પોતાની હિંમત જ ન ચાલી હોય અથવા તો જે સૌથી નજીકનું સત્ય લાગે છે

એ...., એ હોઈ શકે એણે પોતાનું દુઃખ શબ્દો અથવા વર્તન દ્વારા વ્યક્ત કદાચ કર્યું પણ હોય, પણ ઓચ્છવચંદે ગણકાર્યું જ ન હોય.

જે હોય તે... પણ સાવિત્રીદેવી ઉર્ફે સવી ઉર્ફે સવલી ઉર્ફે ઓચ્છવચંદના મુખેથી નીકળેલા હજારો અપશબ્દોના પર્યાય સમી સાવિત્રી, ગઈ એ ગઈ.

પાડોશીનો છોકરો હડી કાઢી, દોડતો ઓચ્છવચંદને દુકાને લેવા ગયો. ખાસી વાર પછી ઓચ્છવચંદ ઘરે આવ્યો. આવતાં વેંત ઓચ્છવચંદે સાવિત્રીની લાશ પ્રત્યે દૃષ્ટિ પણ ન કરી ને અંતિમ ક્રિયાકાંડ કરવા આવેલા બ્રાહ્મણને સંબોધીને બોલ્યો, 'મહારાજ, ચાલો હું આવી ગયો છું... ચાલો, ફટાફટ વિધિ ચાલુ કરો...'

ઘરની વચ્ચોવચ્ચ સફેદ કાપડ ઓઢાડેલી લાશ ચત્તી પડી હતી. ('લાશ પરનું સફેદ કાપડ આશરે ચારેક મીટર હશે બાકી આમ સવલીની લંબાઈ જોતાં અઢી મીટર લાવ્યા હોય તોય ચાલત... છેલ્લે તો આનાય પૈસા, વહેલામોડા તો મારે જ ચૂકવવાનાને !!!...' આજુ બાજુ પરિચિતોના ટોળા વચ્ચે બેઠેલા ઓચ્છવચંદને આવો વિચાર આવ્યો હોય તોય કોને ખબર?!!)

લોકો આવા પ્રસંગે શોકાતુર, રડમસ ચહેરો કરીને નીચે બેસી ગયા હતા.

એક કઠોર અવાજે તેમને હલબલાવી દીધા.

'હવે... બહુ થયું... રડવાનું બંધ કરો, જે થવાનું એ થઈ ગયું, ગયેલું માણસ પાછું થોડું આવવાનું છે?!! ચાલો, ફટાફટ કામ પતાવો... લોકો તો ચાલુ વેપારધંધા ઊભા મૂકીને આવેલા છે...'સહુએ આશ્ચર્યથી ને અણગમાથી આ અવાજ ભણી જોયું. આ અવાજ ખુદ ઓચ્છવચંદનો હતો !

ઓચ્છવચંદની નફ્ફટાઈ કોઈને ના રુચી. બધાંનાં મનમાં એક જ વાત હતી....'એને જ ન પડી હોય તો આપણે શું?!! આ તો ઠીક છે સામાજિક ફરજ સમજીને આવીએ.... બાકી, આવાને ત્યાં તો આવેય કોણ...?!!!'

ઓચ્છવચંદ સ્મશાને ગયો. એ સળગતી સાવિત્રીની લાશને જોઈ રહ્યો, પણ આંખમાંથી આંસુનું એકાદ બુંદ પણ ટપક્યું નહીં, જાણે પેઢીનો કોઈ ગુમાસ્તો છૂટો થયો હોય તેમ.

આછા દુઃખની છાયા તેના પર, કદાચ આવી પણ હોય તોય, આવીને એવી રીતે જાણે અલોપ થઈ ગઈ કે જોનારાનેય શંકા થાય કે થોડી ઘણીય વિષાદની છાયા ઓચ્છવચંદ પાસે આવી હશે કે કેમ?

આવા માથાફરેલના ઘરે પાછા જઈને અંતિમક્રિયા બાદના અન્ય ક્રિયાકાંડોનો તો અર્થ જ નહોતો...., છેલ્લે સહુ વીખરાયા, રાત પડે ઓચ્છવચંદ... સાવ એકલો ઓચ્છવચંદ, આખી હવેલીમાં બચ્યો.

*

'સવી, ઓ સવલી ક્યાં મરી...!' વહેલી સવારે રાબેતા મુજબ બરાડો પાડતા તો પાડી દીધો, પછી... પછી... ઘડીક ખમચાયો... આગળ કશું બોલ્યો નહીં, બોલી જ ના શક્યો. ઊઠયો, પગમાં વજન લાગ્યું તોય, ધીમા ડગલે જઈ પાણી જાતે લઈ લીધું.

આજે દાતણ કરવા માટેનું પાણી, ગરમ કે ઠંડું એ તો એક બાજુ રહ્યું... મુદ્દે પાણી જ નહોતું. પહેરણમાં ઈસ્ત્રી નહોતી. ટોપી આમ તો ખીંટીએ જ ટીંગાયેલી હતી પણ આજે ત્યાં નહોતી. નવું ધોતિયું ચોપાડના ખાટલાની નીચે ધૂળમાં રગદોળાયેલું મળી આવ્યું.

'સવી... ઓ સવલી... હાથમાં આવે તો ટોટો પીસી નાખું.'

ઓચ્છવચંદે દાંત કચકચાવ્યા, પછી પોતાના ખાલી હાથ સામું જોયું. નાવણિયાના જે લાંબા-પહોળા પથ્થર પર તે રોજ નાહવા બેસતો હતો ત્યાં પગ પડતાં જ પગ લપસ્યો... 'સવી... ઓ સવલી ક્યાં મરી ગઈ... ? આટલી લીલ આ નાવણિયા પર, તારી માએ સફાઈ જેવું કશું શિખવાડ્યું છે કે પછી ભેંસની માફક ખાતા જ આવડ્યું છે.?' સંજોગો સામાન્ય હોત તો ઓચ્છવચંદ આમ બરાડી બેસત પણ, આજે સંજોગો સામાન્ય નહોતા. ગળામાંથી અવાજ જ ના નીકળ્યો. તે ધૂંધવાઈને બેસી રહ્યો.

ઘણી વારે જેમતેમ કરીને ઓચ્છવચંદ દુકાને ગયો. બપોર સુધીમાં બે-એક ઘરાકો આવ્યા. બંનેને ધમકાવી કાઢી મૂક્યા. પોતાના ગુમાસ્તા રઘુને પણ કારણ વગર આડે હાથે લીધો.

બપોર થઈ, ઓચ્છવચંદના કોઈ ભલા સંબંધીએ વિચારીને જમવાની ગોઠવણ કરી રાખી હશે એટલે 'રામવિલાસ હોટલ'માંથી ઓચ્છવચંદ માટે જમવાની થાળી આવી. યંત્રવત્ કોળિયો મોંમાં મૂકવા જાય છે ત્યાં તો... ખારુંદવ.

'સવલી, તારો બાપ ખારાપાટમાં અવતર્યો હતો તે આટલું નમક...' બોલતાં-બોલતાં સામે જોયું. તે અટકી ગયો, સામે સવલી નહોતી. તેના બદલે રામવિલાસ હોટલનો કૂબડો ભદ્દો, પરસેવે રેબઝેબ નોકર, કાળિયો હતો.

કાળિયો, થાળી ઝડપથી ખાલી થાય તો હોટલથી દુકાન સુધી બે-બે ફેરા ના કરવા પડે તેની ફિરાકમાં ઊભો હતો.

તે મૂઢ જેવી આંખે કાળિયાને જોઈ રહ્યો.

ઓચ્છવચંદ સાંજે મોડે સુધી દુકાને જ રોકાયો. કદાચ ઘરે જવાની અણગમતી ક્ષણો તે ટાળવા માંગતો હતો. સૂરજ ડૂબી ગયો. થોડું અંધારું થઈ ગયું. ગુમાસ્તો રઘુ તો ક્યારનોય નીકળી ગયો હતો. તેને લાગ્યું, હવે તો ઘેર જવું જ પડશે.

તેણે દુકાન બંધ કરી. ધોતિયાની પાટલીમાં ચાવી ભરાવી આજુબાજુ જોયા વગર સીધો જ ઘર તરફ ચાલી નીકળ્યો.

ઘરે ગયો, ડેલો ખોલ્યો, અંદર ગયો, ઘરનું કમાડ ખોલ્યું. સતત ખુલ્લું રહેતું કમાડ આજે બંધ થઈને ખૂલ્યું હતું. એટલે 'કિચૂડ...' એમ કર્કશ અવાજ આવ્યો. આ અવાજ તેને ના ગમ્યો. કમાડ ખોલવાની સાથે ઘરમાંથી કાળુંધબ્બ અંધારું ધસી આવ્યું... ઘડીક અચકાયો પછી ઘરમાં અંદર પેઠો... અંદરનો ભેદી સન્નાટો... તે થોડો ડરી ગયો, આ ભેદી સન્નાટો જાણે હમણાં જ પોતાને ભરખી જશે તેને લાગ્યું. તે જ્યાં હતો ત્યાં જ... ફસડાઈને બેસી ગયો.

આ ગુસ્સાનાં છે કે દુ:ખનાં, એ નક્કી ના કરી શક્યો પણ... પણ...... ઓચ્છવચંદની આંખમાંથી જિંદગીમાં પહેલી વાર... પહેલી વાર... આંસુ નીકળ્યાં.

*

વહેલી પરોઢે સામેવાળા ડેલામાં ખાટલો ઢાળી સૂતેલા બંને પગે લકવાગ્રસ્ત ગંગાડોશીએ એવી વાત કરી ઓચ્છવ તો ગાંડો થઈ ગયો છે. ગઈકાલે રાત્રે કમાડ સાથે માથા પછાડતો હતો. 'સવી, ઓ સવલી તું કેમ મરી ગઈ...'એમ બોલતાં-બોલતાં પોકેપોકે રડતો હતો, ત્યારે ઓચ્છવચંદને વર્ષોથી ઓળખતો, ગંગાડોશીનો પરિવાર, કોઈ પણ રીતે આ વાત માનવા તૈયાર જ નહોતો. જોકે ઓચ્છવના ઘરની અંદર જઈ સાચું જાણવાની હિંમત તો કોઈની ના થઈ, પણ છેલ્લે જ્યારે ગુમાસ્તો રઘુ, દુકાનની ચાવી લેવા છેક ઘરે આવ્યો, ત્યારે...

'શેઠ... શેઠ...' રઘુએ ઘણી બૂમો પાડી. પાડોશીઓ ભેગા થઈ ગયા, 'ઓચ્છવચંદ... શેઠ...' એમ બૂમો પાડતાં, થોડા સંબંધીઓ ઘરની અંદર ગયા, ખૂણેખૂણો શોધી વળ્યા પણ ઓચ્છવચંદ ક્યાંય કહેતા ક્યાંય ના મળ્યો. આકાશ ગળી ગયું કે ધરતીમાં સમાઈ ગયો એની કોઈનેય ખબર ના પડી... શોધાય ત્યાં શોધ્યો... પુછાય એને પૂછ્યું. પણ ઓચ્છવચંદ ક્યાંય કહેતા ક્યાંય ના મળ્યો.

સમય વીતતો ગયો. અરે, શહેરમાં રહેતા કેશવકાકાએ તો મોટી મેન્ટલ હૉસ્પિટલમાં પત્ર લખીને પણ જાણ કરી દીધી. 'સવી... ઓ સવલી કેમ મરી ગઈ... એમ બોલતો કોઈ સવા પાંચ ફૂટનો... રંગે ઘઉંવર્ણો... આશરે ચાલીસ-પિસ્તાલીસ વરસનો... મળે તો...'

*

પછી તો ઓચ્છવચંદ ના મળ્યો તે ના જ મળ્યો... તે આજદિન સુધી ના મળ્યો.

પછી ઓચ્છવચંદની પેઢીય બંધ થઈ ગઈ. ગુમાસ્તો રઘુ, દુકાનમાંથી તમામ મત્તા લઈ નાસી છૂટ્યો. ને દૂરના ગામડામાં જઈ દુકાન ખોલી રઘુનાથ શેઠ બની બેઠો. થોડાક દિવસોમાં નધણિયાતી ઓચ્છવચંદની હવેલીય સાવ લૂંટાઈ ગઈ... ધીરધારમાં ધીરેલા રૂપિયા, એવું તો કોણ ગાંડું હોય તે પાછા આપવા આવે? ને આવે તોય આપે કોને? રૂપિયા ડૂબી ગયા. લોકોની જમીનો લખાવી લીધેલી એ ચોપડાઓ કેટલાક ચોરાઈ ગયા બાકીના ચોપડા, એના પર ચડેલી ઊધઈએ કોતરી ખાધા.

*

પંદર વરસના ગાળામાં તો હવેલીનો સામાન, ઈમારતી લાકડા તો શું પણ હવેલીની જૂની,મજબૂત ઈંટો સુધ્ધાં ઉખાડી-ઉખાડીને પોતાના નવા મકાન બાંધકામ માટે, લોકો લઈ ગયા.

આજે પણ જૂની હવેલીની જગ્યાએ એ જ હવેલીના ઈંટોનાં રોડાં અને માટીનો, મોટો ટીંબો ઉનાઈ વચ્ચોવચ્ચ ઊભો છે. આમ જુઓ તો એ કશું નથી, પણ આમ, છેલ્લી રાતના ડેલીએ માથાં પછાડતાં ઓચ્છવચંદનો ચહેરો જોયો હોય તો મુમતાઝના મૃત્યુ પાછળ તાજમહાલ બનાવવાવાળા શાહજહાંનો શોક પણ તમને ફિક્કો લાગે.

આમ ભલે... ખાલી નકામો ઈંટ-માટીનો ટેકરો, પણ આમ જુઓ તો આખા ઉનાઈમાં જો કોઈ જોવા જેવું હોય તો એ એક જ... "ઓચ્છવચંદનો ટીંબો."

---

*૫૧૮, પીળા પટ્ટા, સેક્ટર-૨૪, ગાંધીનગર.*
*મો. ૯૯૨૫૦૩૧૦૯૨*

# રામ રામ

*- મનીષા રાઠોડ*

"બાપુ, ન્યા કોઈ અધમૂવો પઈડો'સે. તમી ઝટ હાલો." માટીના ઘડાનો ઘા કરીને કેસર એના બાપુનો હાથ પકડીને ચાલી નીકળી.

"નેહડા માથે અટાણે કોણ ગુડાણો?" બાપુ માથેથી ફાળિયું ઉતારી પરસેવો લૂછતાં બોલ્યા.

"નોખો માણહ લાગે સે! મન તો ઈન જોઇન પેટમાં ફાળ પઈડી. આખો સેહરો લોઈ લવાણ થઈ ગ્યો'સે બાપુ. મન તો લાગશ ઈવડા ઈ યે દીપડા હાઈરે બથોડા લીધા'સ."

"દીપડો માળો કોઈનો હગો નૈ!"

"હા બાપુ. હું પણ ઈ જ કહું'સુ."

બાપ દીકરી મોટી ફલાંગો ભરીને એ અધમૂવા માણસ પાસે જઇ રહ્યા હતા.

"બાપુ, ઉ હું કઉ સું? ઈન હાવજે તો."

"ઈમ બોઈલ મા, મારી દીકરી. હાવજની ખાનદાની નોખી હોય. ઈ આમ માણહને નો મારે.."

"ઈય હાચું સે બાપુ!"

"પણ તી ઈવડા ઈ ન ન્યા કીમનો ભાઈડો?"

"બાપુ, જોરુભાની ઝૂંપડીએ દૂધ દેવા ગઈ'તી. ઈ વેળાએ ઈવડા ઈ ન હુક્કા પાંદડાની પથારી માથે ભાઈડો. ઈ ન ભાળી ન મારી આઇખ્યું ફાટી ગઈ. ઝટ દોડીને તમારી વાહે પૂગી ગઈ."

"હાલ, પગ ઉપાઈડ... એક ઝીવ બચાવવાનો સે..."

આછા બદામી રંગનું જંગલ ભરબપોરે ભયાનક ભાસતું હતું. ચારેતરફ સૂનકાર વ્યાપેલો... રાતના રાજા ઘુવડ પણ ઝાડની બખોલમાં પુરાઈને પોઢી ગયા હતા. ધોળે દિવસે પણ પગ રાખતા બીક લાગે એવું બિહામણું જંગલ તેમનું ઘર હતું.



પણ ડર સાથે જેને દૂર દૂર સુધી કોઈ સગપણ નથી એવા બાપ દીકરી હાથમાં ડાંગ પકડીને ચાલી રહ્યાં હતાં. નાનકડી કેસરને નવી નવી યુવાની ફૂટી હતી. તેનામાં સાહસ અને સહાનુભૂતિનું સાયુજ્ય હતું. જંગલના તમામ બીમાર પ્રાણી કેસરનો સ્પર્શ પામીને સ્વસ્થ થઈ જતાં. જાણે ઈશ્વરે તેના હાથમાં સંજીવની જડીબુટ્ટી મઢી હતી.

"ઈ ઝુવો બાપુ... ઈવડો ઈ ન્યાં પડ્યો સે!"

બાપ દીકરી તેની પાસે આવ્યા અને તેના ધૂળથી રગદોળાયેલા ચહેરાને ધ્યાનથી જોવા લાગ્યા. તેના વાંસામાથી રક્ત વહી રહ્યું હતું. જમણી સાથળ પર ઉઝરડા હતા. તેના લાંબા ભૂખરા વાળ જમીન પર વિખરાયેલા હતા. તેનાથી થોડે દૂર એક કાળા રંગનું મોટું પાકીટ પડ્યું હતું અને તેના ગળામાં પણ કાળા રંગનો પટ્ટો હતો.

"બાપુ... ન્યાં ઝૂવો." કેસરે દૂર પડેલું પાકીટ બતાવ્યું.

"ન્યાં કાઇ નથ જોવું. આ માણહને ઝટ આપણાં ઘેઈરે લઈ ઝાંવો પડશે. ઈના વાંહા માથે દીપડાનાં નોર સે. ઝેર આખા ડિલમાં ઘોળાઈ જાહે તો ઈવડો ઈ મરી જાહે.. તું નેહડા માથે જઇને વિરૂભા-વીજુભાને હાઈક નાખ.. ઉ ન્યાં લગણ આની હાઈરે સુ."

થોડી વારમાં લાકડી ઉલાળતા વીજુભા અને વિરૂભા આવી પહોચ્યા.

"એ હું થ્યુ બાપુ? કોણ સે આ?"

"માણહ સે બાપા... ઈનો ઝીવ જાયસે..."

"ઈ હાલો હાલો... બાપા... હાથ દ્યો... ઈન નેહડા માથે પુગાડી દઈએ." ચાર હાથોના સ્ટ્રેચર પર તેને સાચવીને ઘર સુધી પહોંચાડવામાં આવ્યો.

કેસરે કાથીનો ખાટલો ઢાળ્યો. એના પર હાથથી સિવેલી ગાભાની ગોદડી પાથરી. પાસે ગરમ પાણી અને ઓઢણીનો કટકો રાખ્યો.

"બાપુ, ઈ ન ખાટલા માથે હુંવરાવી દ્યો. હું આ ગરમ પાણીથી ઈના ઘા લૂસી નાખું."

"ઈ ભલે બેટા.."

કેસર પોતાની ઓઢણીના કટકાથી એના ચહેરાને લૂછી રહી હતી. એક પછી એક માટીના પડ ખરતા ગયા અને વાદળ પાછળ છુપાયેલા ચંદ્રમા જેવો સ્પષ્ટ ચહેરો દેખાયો. નમણું નાક અને ગોરો વાન. દેખાવે તે કોઈ યુરોપિયન

પ્રિન્સ જેવો લાગતો હતો. બેભાન અવસ્થામાં પડેલા અજાણ્યા યુવાનના ફક્ત શ્વાસ ચાલી રહ્યા હતા. તેનું છ ફૂટ લાંબું શરીર સાવ નિશ્ચેતન પડ્યું હતું.

"આ ઓહડિયું ઘા માથે લગાવી દે દીકરી." માટીના વાસણમાં વનસ્પતિનો લેપ બનાવીને બાપે દીકરીના હાથમાં ધર્યો.

"ઇ હા બાપુ." પોતાના નાજુક હાથથી ધીરે ધીરે યુવાનના દૂઝતા ઘા પર તેણે લેપ કર્યો.

બે દિવસ પસાર થયા. પણ પેલો અજાણ્યો યુવાન હજુ પણ ભાનમાં નહોતો આવ્યો. કેસર તેની માવજતમાં જ વ્યસ્ત રહેતી. તેના ઘા પર લેપ લગાડતી, નાડીના ધબકારા માપતી, ચહેરાને પાણીથી સાફ કરતી અને તેના વિખરાયેલા વાળને સ્વચ્છ કરતી.

"બાપુ, આ જીવતો થાહે ને? બે દી થ્યા પણ હહળવાનું નામ નથ લેતો." કેસરની આંખોમાં ચિંતાનું કાજળ અંજાયેલું હતું.

"થાહે.. તું ધીરજ રાઈખ. મારી માવડી રાજી થાહે."

"પણ બાપુ ઈ મરી ગ્યો તો!"

"ઈમ બોઈલ મા.. ઈના હવાહ હાલે સી. ઈમ નો મરે.

કેસર એકધારી ચાકરી કરતી રહી. સવારનો સૂરજ ઊગે અને આથમે ત્યાં સુધી તેની આસપાસ તેનો દિવસ પૂરો થતો.

"માવડી, આ માણહ અમારા આંગણેથી હાલીને પાસો ઝાય ઈમ કરજે. ત્રણ દી થ્યા તોયે આખ્યું ઉસી નથ કરી." કેસરના હૃદયમાં આજીજી અને આંખમાં આંસુ હતાં.

"કાં બાપુ, પેલું મડદું બેઠું થ્યુ? માળો હો કિલાના ભારા જેવો સે. અમારા ખભા રઈ ગ્યાં'તા એ દી.." વીજુભાએ ખભા પર ભરાવેલી ડાંગ પર હાથ ફેલાવીને કેસરના બાપુને પૂછ્યું.

"એના હવાહ હાલે સી.. હજુ હહડયો નથ. પણ મારી માવડી હૌ હારાં વાનાં કરશે."

"બાપુ, ઝટ આવો. મડદું હહળ્યું. આંખોનાં પાટિયાં ઉઘાડયા ઈવડા ઇ એ.." કેસર બાવરી બનીને રાડારાડ કરવા લાગી. તેની સેવાનું ફળ તેની સામે હતું. એક મડદામાં જાણે પ્રાણ પાછા આવ્યા.

"મારી માવડીને ઘણી ખમ્મા.માડીએ લાઝ રાઈખી." બાપુની આંખમાં પણ હરખનાં આંસુ ઊભરાઈ આવ્યાં. બાપની ખાનદાની દીકરીની નસોમાં દોડી રહી હતી.

"એ હાલો બાપુ.. અમી જઈએ સે.. રામ રામ.." વીજુભા અને વિરૂભાએ વિદાય લીધી.

"તારું નામ શું સે? ક્યાંથી આઈવો સે?" કેસરે તેની આંખોમાં આંખો પરોવી પ્રશ્ન પૂછ્યો.

"રામ રામ."

"એ 'રામ રામ' મારા બાપ." કેસરે તેને બે હાથ જોડ્યા. તેણે પણ કેટલાય દિવસથી જડ બની ગયેલા હાથ જોડવાનો પ્રયત્ન કર્યો. પણ તેના શરીરમાં ફક્ત ચેતના પાછી વળી હતી. તેના માંસલ દેહનું જોમ નબડું પડી ગયું હતું.

"તું આરામ કર. હું તારી હાટુ મારી રંભાનું તાઝું દૂધ લઈ આવું સું."

કેસરે તેના માથાને ટેકો આપીને તેને ગરમ હૂંફાળું દૂધ પાયું. તેના જીવમાં જીવ આવ્યો. તેની નાનકડી ભૂખરા રંગની આંખોમાં આભાર અને અહોભાવ ઊભરાઈ આવ્યા. પણ વ્યક્ત થવા માટે વાચા નહોતી. તે ધીરે ધીરે આખો વાડકો દૂધ ગટગટાવી ગયો.

"ઝાઝું નો પીવાય. તું હાજો નરવો થાય પસી ઝાઝું પી જે." કેસર ઓઢણીથી તેના હોઠના છેડે બાઝેલી દૂધની રેખા ભૂંસતાં બોલી.

તે મુગ્ધ નજરે કેસરની આંખોમાં જોતો રહ્યો.

"રામ રામ." તેના ગળામાંથી ધીમો અવાજ નીકળ્યો.

"તારું નામ શું સે? તારી માવડી તને હું કઈને બોલાવશ?" કેસરે તેની નજરમાં નજર પરોવી વ્હાલથી પૂછ્યું.

"રામ રામ." તે ફરીથી ધીમા સાદે એ જ શબ્દોનું ઉચ્ચારણ કરી રહ્યો.

"ઇ 'રામ રામ' પણ તારું નામ હું સે?" કેસરે સ્વર ઊંચો કર્યો પછી દોડીને તેના બાપુ પાસે ગઈ.

"બાપુ, ઈવડો ઈ ફકત 'રામ રામ' બોઈલા કરશ. ઈન કાંઇ પણ પુસીએ તો 'રામ રામ' જ બોલશ."

"ઈના વેહ પરથી ઇ નોખા મલકનો માણહ વર્તાઈસે."

"ઈની ભાષા ને મલક જી હોય ઇ....ઇ આપણો મે'માન સે. ઈની સેવા આપણો ધરમ. અને ધરમમાં મારી દીકરી મોળી નો પડે." બાપુએ દીકરીના માથા પર હાથ ફેરવીને આશીર્વાદ આપ્યા.

"જા ઇન કાઇ ખવરાવ. હું ભેંસ્યું સરાવા જાઉ સું."

કેસરે સાંજના વાળુંની તૈયારી કરી. લાકડા ગોઠવીને ચૂલો પેટાવ્યો. ચૂલામાંથી ઊઠતો ધુમાડો બહાર સુધી ફેલાયો.

"રામ રામ."

"ઇ આવું સુ. રોટલા ઘૈડવા દે. બાપુ તને ખવરાવવાનું કઈને ગ્યાસે."

છ દિવસ પછી તેણે પોતાની છ ફૂટ લાંબી કાયા ઊંચકીને બેઠા થવાનો પ્રયત્ન કર્યો. તેના દૂઝતા ઘા ધીરે ધીરે રુઝાઈ રહ્યા હતા. તે હળવે હળવે ઊભો થયો. જંગલની મધ્યમાં પાંચ દસ ઝૂંપડાંની વસ્તી હતી. જાણે એ કોઈ આદિમાનવના

યુગમાં આવી પહોચ્યો હતો. પ્રકૃતિ સાથે સો ટકા સાયુજ્ય કેળવીને જીવતા આ ભલા માણસોની પશુ એ જ સંપત્તિ હતી. તે ધીરેથી ઊભો થયો પણ કળતરથી ચીસ પાડી ઊઠ્યો. કેસર દોડીને બહાર આવી.

"તું હુઈ રે ને! હજી તારા હાંજા હાઝાં નથ થ્યા. ટાંટિયામાં ઝોર આવે નૈ ઊભો થાઝે. અટાણે હુઈ જા મારા બાપ."

કેસરની ધીરજ રંગ લાવી. તે બે દિવસમાં ઊભો થઈને ફરવા લાગ્યો. ધીરે ધીરે મગજની સુસુપ્ત ઇન્દ્રિયો પણ જાગ્રત થઈ. તે શું કરવા આ પ્રાંતમાં આવ્યો હતો એ યાદ આવ્યું. તેણે પોતાનો કેમેરો શોધવાનો પ્રયત્ન કર્યો. તેની દેહભાષા કેસર સમજી રહી હતી.

"ઇ રામ રામ, લે આ તારું પાકીટ. તું મરેલો પઈડો તો ન્યાંથી હોધી લાઈવી."

કેમેરો જોઈને તેની આંખો ચમકી.

"થેન્ક્યૂ સો મચ." તેણે આંખોમાં આભારનો ભાવ ભરી કેસર સામે જોયું. બદલામાં કેસરે તેને ગીરની ગાયના દૂધ જેવુ મીઠું મધુરું સ્મિત આપ્યું.

તેની છૂંદણાવાળી સુરાહી જેવી ડોક, સહેજ ઘઉંવર્ણી પણ લીસ્સી ત્વચા અને પાતળો સપ્રમાણ દેહ આભલાં ભરેલાં પરંપરાગત વસ્ત્રોમાં શોભી રહ્યો હતો. તેની નમણી આંખોમાં ઊર્મિઓના ઘોડાપૂર છલકાતાં હતાં. કાળી ઓઢણીથી ઢંકાયેલા એના કોમળ વાંસામાં પણ ઘાટા લીલા રંગનાં છૂંદણાં હતાં. કામ કરતાં સરકી જતી ઓઢણી તેના સૌંદર્યને અનાવૃત કરી દેતી.

"તું ક્યાથી આઈવો સે?"

તેની દસેય આંગળીઓમાં ગોળ વીંટી હતી. એમાંથી એક વીંટી કેસર સામે ધરી તેણે કંઈક બતાવવાની કોશિશ કરી. પણ કેસર કાંઈ સમજી નહીં.

"આ લાંબા ભૂંગળાની માલી કોર હું ઝોયા કરસ. ની આ હું મંડાણો સે મારી વાહે વાહે ચીક ચીક કરવા."

તે કેસરની એક એક અદાને કેમેરામાં કેદ કરી લેતો. પોતે વાઇલ્ડ લાઇફ ફોટોગ્રાફર હતો. પણ અત્યારે તે કેસરનો શિકાર હતો. કેસર તેનાથી ઘણી નાની હતી. પોતે ઇટલીથી ગીર આવ્યો હતો એક મિશન સાથે. પણ ઝાડ પર લપાઈને બેઠેલા દીપડાનો શિકાર બની ગયો. જો કેસર તેની મદદે ન આવતી તો કદાચ તે ફરી ક્યારેય હાથમાં કેમેરો ન ઉપાડી શકતો. તે મનોમન તેનો અને તેના પિતાનો આભારી હતો.

નેસની સાવ સાદી જિંદગી અને કોઈ પણ પ્રકારની સવલત વિનાનું જીવન તેને ગમી ગયું. થોડા દિવસ એ ભોળા માણસો સાથે વિતાવી, તેમના જીવનને કેમેરામાં પૂરી પોતાના વતન પાછા જવાની તૈયારી કરવા લાગ્યો.

"હેય હની, આઈ વિલ ગો નાવ."

"હું?"

"આઈ વિલ ગો બેક ટુ માય કન્ટ્રી."

"રામ રામ." કેસર તેની ભાષા ન સમજી શકી.

"ઓહ યંગ લેડી. રામ રામ." તેણે હેતથી ઊભરાતું સ્નેહાળ સ્મિત આપ્યું. અને બે દિવસ બાદ ચાલી નીકળ્યો.

કેસર અને તેના પિતા તેને વિદાય આપતાં ગળગળાં થઈ ગયાં. તે પણ લાગણીની ભાષા સમજી રહ્યો હતો.

"ઝા, મારી માવડી હઉ હારા વાના કરશી!" બાપુએ તેના માથા પર હાથ ફેરવી આશીર્વાદ આપ્યાં.

"રામ રામ." તેણે બે હાથ જોડીને તેમની વિદાય લીધી.

તેની આંખોમાં કેસરનું પ્રતિબિંબ હતું. તેણે બે હાથ ઝુકાવી તેનો આભાર વ્યક્ત કર્યો અને ચાલી નીકળ્યો.

કેસર તેને જતાં જોઈ રહી. જેમ જેમ અંતર વધતું ગયું તેમ તેમ તેની ભીતર કંઈક વલોવાતું ગયું. તે આંખોથી અદૃશ્ય થયો ત્યારે તેના મનમાં વીજળી પડી. તેને કંઈક સૂઝ્યું અને તે હાથમાં ડાંગ લઈને તેની પાછળ દોડવા લાગી.

"એ ઊભો રે..કઉ સું. ઊભો રે.."

કેસરનો અવાજ સાંભળી તેણે પાછળ જોયું.

તે દોડતી તેની તરફ આવી રહી હતી.

"હેય યંગ લેડી." કેસર તેની લગોલગ આવીને ઊભી રહી. તેના શ્વાસ રાજધાનીની ઝડપ આંબી રહ્યા હતા. તેની આંખોમાં આંખ પરોવી તેને કંઈક કહેવું હતું પણ બોલી ન શકી.

"લે આ ડાંગ લીતો ઝા. રસ્તામાં કોઈ જનાવર ડોળા ફાડે તો આ ડાંગ બતાવજી. તારો કેડો મેલી દેહે."

વિદેશી કંઈ સમજ્યો નહીં. પણ લાકડી હાથમાં લીધી. વગડામાં મંદ મંદ પવન વાઈ રહ્યો હતો. હવાથી ફરફરતા પાંદડાં સિવાય આસપાસ બીજો કોઈ અવાજ નહોતો. ગીચ જંગલના આછા અંધકારમાં કેસર અને આ વિદેશી એકલા ઊભા હતા. વિદેશી તેની આંખો વાંચી રહ્યો હતો.

"હાલ, હું જાઉ સું. ફરી આ જંગલ માથે ભૂલો પડે તો મને ભૂલતો નંઈ."

કેસર ત્યાથી પાછી વળી. વિદેશીની આંખોમાં લાગણી છલકાઈ. તેણે પાછી જતી કેસરનો હાથ પોતાના હાથમાં લીધો. જાણે વીજળીનો પ્રવાહ એક તારમાંથી બીજા તાર તરફ વહેવા લાગ્યો. તેના શ્વાસોની ગતિ તીવ્ર બની. આવી અનુભૂતિ તેને પહેલા ક્યારેય નહોતી થઈ. બંનેની આંખો મળી અને કશુક વ્યક્ત થયું. જેની કોઈ ભાષા નહોતી. ફક્ત અહેસાસ હતો.

"રામ રામ." તેણે રાડ પાડીને દોડતી કેસરને છેલ્લા શબ્દો કહ્યા. કેસરે પાછળ વળીને જોયું.

"રામ રામ." તેની પાંપણોમાંથી પ્રેમ ઢોળાઈ રહ્યો હતો. તે એક ક્ષણ અટકીને આગળ વધી.

દિવસો વહેતા રહ્યા અને કેસરની યુવાની સોળે કળાએ ખીલવા લાગી. તેના બાપુ પાસે તેનો હાથ માંગવા કેટલાય યુવાનો આવતા. પણ કેસર કોઈની સામે આંખ ઊંચી કરીને પણ ન જોતી. એનું મન પરદેશી સાથે ઊડી ગયું હતું. 'ઈના સિવાય બીજો કોઈ નૈ.'

"વખત રે'તા કોક હારા દીકરા હાઈરે ઘર માંડી લે મારી દીકરી. નકણ નેહડા માથે લોકો વાત્યું કરશે કે મા વિનાની દીકરીનું ઈના બાપુએ ધ્યાન નો દીધું."

"બાપુ, પૈણ્યા વના નો હાલે? માર તમને સોડીને ક્યાય નથ ઝાવું. હું તો તમારી ભેળા રઈશ. મારે તમારી સાકરી કરવી સે બાપુ."

"ઝવાન દીકરીને ભરખી ઝવા બાઈરે દીપડાની ફોઝ્યું મંડાણી સે. તારો હાથ કોઈ હારો મુરતિયો જોઈ દઈ દઉં તંઈ મારા હૈયે ટાઢક થાય."

"પણ મારે કોઈનું ઘર નથ માંડવું." કેસર રિસાઈને ખૂણામાં બેસી ગઈ.

"ખા મારા હમ."

"હાચું કઉં બાપુ. માર નથ પૈણવું."

કેસર તેના નિર્ણયમાં મક્કમ રહી. વર્ષો વીતતાં ગયાં. બાપુની તબિયત કથળવા લાગી. અને જોતજોતામાં તેમની આંખોના દીવા હોલવાઈ ગયા. ચારે તરફ એકલતાનો અંધકાર વ્યાપી ગયો હતો.

એક દિવસ બાપુની ડાંગ હાથમાં લઈ ડચકારા બોલાવતી તે ગાયો ચરાવતી હતી અને અચાનક ઝાડની ડાળીઓમાં છુપાયેલા દીપડાએ છલાંગ મારી. હાથની લાકડી દૂર ફંગોળાઈ ગઈ. તે જમીન પર પટકાઈ અને આંખો સામે ધુમ્મસ ફેલાઈ ગયું.

"રામ રામ."

ત્રણ દિવસ પછી તેણે આંખો ઉઘાડી અને તેના કાન પર આ પરિચિત શબ્દો અથડાયા.

'રામ રામ' આ ઉચ્ચારણ પહેલા પણ સાંભળેલું છે. તે આંખો ઉઘાડીને આસપાસ જોવા લાગી. પણ કોઈ ના દેખાયું.

"મન હઝુય ઈના ભણકારા વાગે સે.. ઈને મારો હાથ ઝાઈલો એ દીથી મે બીજા કોઈનો હાથ નથ ઝાઈલો.પણ ઈ સે ક્યાં?"

તે આંખ બંધ કરીને બધુ ભૂલવાની કોશિશ કરવા લાગી.

"રામ રામ." ફરીથી પેલો ધ્વનિ તેને સંભળાયો.

તેણે જોયું તો સામે એક વૃદ્ધ વિદેશી ઊભો હતો. તેના ચહેરા પર કરચલીઓનું વન,વાળ સાવ ટૂંકા અને આંખો પર જાડાં ચશ્માં. તેણે ચશ્મા ઉતારી કેસરની નજરથી નજર પરોવી. તેની પાસે આવીને હળવેથી તેનો હાથ પોતાના હાથમાં લીધો. વીજળીનો પ્રવાહ એક તારમાંથી બીજા તાર તરફ વહેવા લાગ્યો. બંનેની આંખોમાં લાગણીનો દરિયો ઊભરાયો. સરકારી હૉસ્પિટલ જંગલની નીરવતામાં પલટાયું. બંનેના હૃદયમાં વર્ષોના વિરહની પીડા અને મિલનનો આનંદ ચરમસીમા પર હતા.

"તું ઇ જ સે ને!"

"હા, કેસર." તેણે વિદેશી ઉચ્ચારણમાં દેશી જવાબ આપ્યો.

"આ ભાઇડાએ તારો ઝીવ બચાઈવો સે, દીકરી. ત્રણ દી થ્યા તારી પથારી વાહેથી ઊભો નથ થ્યો. હાવજનાં ફોટા પાડવા આઈવો તો બસારો. ઈમાં તન ભાળી ગ્યો." હૉસ્પિટલમાં કામ કરતાં કાકા બોલ્યા અને તેમની વાત સાંભળીને કેસરની આંખોમાંથી આંસુઓની ધાર વહેવા લાગી.

"રામ રામ." તેણે કેસરનો હાથ પોતાના હાથમાં લીધો.

વર્ષો પહેલાં ગળામાં અટકી ગયેલા શબ્દો, થીજી ગયેલી ઊર્મિઓ અને ધોધમાર લાગણીનો પ્રવાહ વહેવા લાગ્યો.

"તું મારી હારે આવીશ, કેસર?" વિદેશીના ભીના ગળામાંથી રૂંધાયેલા શબ્દો બહાર આવ્યા.

કેસરે પાંપણો ઢાળીને સમ્મતિ આપી.

"દીકરી, તું આને હાઈરે જાય તો આ ડાંગ ભેળી રાખજે બાપા. દીપડા બહુ વહમાં થ્યાસે."

"એ વહમાં દીપડાએ જ અમને ભેળા કઈરા સે." કેસરના હોઠો પર પ્રેમાળ હાસ્ય ઊભરાયું.

"એ હાલો રામ રામ બાપુ." વિદેશીએ કાકાને બે હાથ જોડ્યા.

"એ રામ રામ મારા વ્હાલા. અમારી દીકરીને સુખી રાખજે, બાપા."

*બી-૨, શિલ્પગણેશ ટેનામેંટ,*
*અક્ષરફાર્મ સામે, આણંદ.*
*મો. ૯૯૦૪૨૩૭૮૪૭*




# દગો

*- રાજેશ વણકર*

"ઘણા દિવસથી મગજ ધમધમતું હતું. આજે વિચાર થયો કે આ ધણધણાટી મિટાવી જ દઉં. લાવ ઓકી નાખું કલમ વાટે.....રાત દિવસ ખાતાં, પીતાં અને ન્હાતાં.... એ મારો પીછો છોડતું નહોતું. એ પાત્ર જ્યાં જાઉં ત્યાં આગળ ને આગળ. ' મને વ્યક્ત કરો... મને વ્યક્ત થવા દો.. ' માત્ર તમારી કલમનો સહારો આપો. તમારું શું જવાનું છે? ખોટું લખીને સહીં-કાગળ બગાડો છો તેનાથી તો આ ધરમનું કામ કરો. મને વ્યક્ત થવા દો નવરાધૂપ બેસી રહો છો, પડી રહો છો, ઊંઘો છો વાતો કરો છો, મોટી મોટી. એનાથી આ કામ સરળ છે આ કામ કરવામાં થોડો સમય આપો....પ્લીઝ મને વ્યક્ત કરો.' સંડાસમાં ને બાથરૂમમાં, ઓફિસમાં ને ઘરમાં, પાત્ર સામે આવીને બેઠું જ હોય એટલે મેં એને તક આપી. ને વ્યક્ત કર્યું, બોલો સાહેબ, એમાં મારો કોઈ વાંકગુનો ખરો? "

આખા ચિક્કાર રૂમમાં શોરબકોર થઈ રહ્યો. જજે જોરથી ટેબલ ઠોકી ઓર્ડર ઓર્ડર..... એવું કશુંક કહ્યું. બધા પોતાના માનીતા લેખક સામે જોઈ રહ્યા. જે લેખકને રોજ વાંચ્યા કરતા, એની કોલમમાં આવતી વાર્તા, નવલકથા લેખ વગેરેની કાગડોળે રાહ જોતા, એના વિશે ચર્ચાઓ કરતા એ લેખકને શું સજા ફરમાવાય છે એ સાંભળવા બધા આતુર હતા. ત્યાં જજે ફરમાન કર્યું...પાત્રનો જે બાબતે આરોપ છે એ લખાણ અહીં વાંચવામાં આવે



એમના જ મુખે. મને આનંદ થયો કે આટલા બધા મારા ભાવકો વચ્ચે વાર્તા વાંચવાનો મને સરસ મોકો મળ્યો છે. પરંતુ મેં વિચાર્યું કે....આમ મઝા નહિ આવે. એટલે મેં જજને પૂછ્યું કે એમને જ્યાં વાંધા છે એટલો જ વાર્તાનો ભાગ હું વાંચું તો ચાલશે? જજને પણ જાણે કોર્ટનો સમય બચાવવો હોય એમ હા પાડી. એટલે મેં બીજો દાવ માર્યો 'તો મારે મારી વાર્તામાંથી કેટલું વાંચવું એ નક્કી કરવું પડશે તથા તેમણે તેમની ફરી ફરિયાદોની સંપૂર્ણ નકલ આપવી પડશે' જજ પોતે ફસાયા એવો ખેલ ઊભો થયો. મેં મારી વાત મંજૂર રખાય ત્યાં બંને વકીલો ને જરૂરી સૂચનો આપીને બીજી મુદત પાડવામાં આવી. પણ ખરી વાત તો એ હતી કે હું ઘરે ગયો, મારા પરના વાર્તા વિશેના આરોપોનો અભ્યાસ કર્યો અને ફાઈલમાંથી એ વાર્તા કાઢીને વાંચવા માંડી ત્યારે મારા વિસ્મય વચ્ચે માત્ર શબ્દો જ હાથમાં આવતા હતા. માત્ર શબ્દો જ ઉકલતા હતા કોઈ અર્થ પકડાતો જ નહોતો. મેં અનેકવાર ચા પીધી, ડોક્ટરને પણ મળ્યો, મારા સાયકોલોજીસ્ટ મિત્રને મળ્યો, નોર્મલ રિપોર્ટ આવ્યો, પછી બાગ બગીચામાં ફર્યો, એકાદ સારી ફિલ્મ જોઈ નાખી, ગીતો સાંભળ્યાં, પછી વાંચવા બેઠો તોય એનું એ સાલું, બીજું બધું વાંચું તો અર્થ સમજાય, ભાવ પકડાય, પણ આમાં જ આવું થતું હતું.

આખરે કોર્ટની મુદતનો દિવસ આવી ગયો... કોર્ટમાં મને આખા શરીરે પરસેવો રેલાવા લાગ્યો, સામે કશું જ ના દેખાય, દરવાજાની જગ્યાએ હું બારી બાજુ જવા લાગ્યો, મારા વકીલ મને આશ્વાસન આપી રહ્યા હતા, પરંતુ મને તેમના શબ્દો પણ સંભળાતા નહોતા, આખી કોર્ટ ચોમેર ફરતી હોય એવું મને લાગવા માંડ્યું, ઉપર ગોખલામાં બેઠેલું કબૂતર કાગડા જેવું લાગ્યું, ખુરશીઓ ગોળ લાગી, કોઈ પાસે પાણી હોય એ અપેક્ષાએ ચારે બાજુ જોયું તો બધા માણસો ગાયબ માત્ર બધાની આંખ દેખાતી હતી જે મારા પર મંડાયેલી હતી. ત્યાં જ ક્યાંક ભૂગર્ભમાંથી આવતો હોય એવો પેલા ગોલ્ડ મેડાલિસ્ટ

વકીલનો અવાજ આવ્યો.....

"મારા અસીલ સાચું જ કહે છે....આ પૂર્વે સાહિત્યમાં આધુનિકતામાં સ્વતંત્રતાની વાત હતી.... અનુઆધુનિકતામાં સમાજ આવ્યો, ફરી પરંપરાની વાત આવે છે, બધું બદલાયું છે, આપણો સમાજ પણ બદલાયો છે જુઓ પહેલાં નવરાત્રીમાં એકસાથે બધા ગોળ ફરતા, હવે તો કેટકેટલાં કુંડાળાં હોય છે. આ રીતે યુગ બદલાય છે....

"અરે, તમે તમારો મુદ્દો મૂકો, ઉદાહરણોની જરૂર નથી"

આસમાનમાંથી આવતો હોય એવો જજસાહેબનો અવાજ આવ્યો અચાનક મારાથી હાથ જોડાઈ ગયા, હું ધ્રુજી રહ્યો હતો.

હા, સર, મારો અસીલ પાત્ર પેલી આધુનિકતા અને આજની અનુઆધુનિકતા બેમાંથી ક્યાંયનો નથી રહ્યો, આ લેખક ક્રૂર છે, કોઈને આત્મહત્યા કરવા મજબૂર કરવા બદલ આ લેખક ગુનેગાર છે.... એમને ઉમ્ર કેદ આપો. જેથી આવા મિજાજી લેખકો ફાટી ન નીકળે...... પેલો કાળા કોટવાળો માણસ....સોરી વકીલ વચ્ચે વચ્ચે આંકડાઓ પણ બોલી રહ્યો હતો..મને એ બધું સંભળાતું નહોતું...

ચારે બાજુથી હકારાત્મક અવાજો આવતા હતા, જજ સાહેબે બધું શાંત થયા પછી અચાનક એમના શબ્દો વાતાવરણમાં રેડયા, પૂર્યા, મને પૃથ્વીના પેટાળમાંથી લબકારા મારતા દાવાનળ જેવા શબ્દો અથડાયા, "બંનેની વાત સાંભળીને ફરમાન કરવામાં આવે છે કે લેખક મિસ્ટર મકવાણા ને છ વર્ષની જેલની સજા કરવામાં આવે મને હાથકડી પહેરાવીને પબ્લિક વચ્ચેથી લઈ જવામાં આવ્યો. મારા પર પત્રકારો તૂટી પડ્યા, તેથી વિશેષ મારા વ્હાલા વાચકો મારા પર જે હાથમાં આવ્યું એ ફેકતા હતા. કોની સાથે શું વાત કરવી એનો પણ મને હોશ ન હતો મને શું પૂછાય છે? સંભળાય છે? મારે શું કહેવાનું છે? હું શું કામ આવ્યો છું? એ પણ એ સમયે યાદ ન આવ્યું,

હું અચાનક સભાન થયો, કોઈ મને પાણીની બોટલ આપી રહ્યું હતું, હું પગથિયાં ચડી રહ્યો હતો...

થોડી ક્ષણો વીતી હશે ત્યાં જ અચાનક પરિચિત અવાજ સંભળાયો,

"જજ સાહેબ, હું કહેતો હતો ને, આ માણસ આઝાદી વિરોધી છે. આ માણસ પરતંત્રતામાં માને છે, આ માણસે મને બંદી બનાવી રાખ્યો છે. એમની વાર્તામાં મને બળાત્કારી પાત્ર તરીકે સ્થાન આપીને મારી પાસે પ્રાકૃતિક સ્થાનોમાં વિહાર કરાવ્યો. મારી પાસે પ્રેમ કરાવ્યો, મને ગમતી છોકરીઓ સાથે મારે અનેક પ્રકારના રોમાન્સ કરવા પડ્યા. મારી હાલત ન હોય તોય ન ગમતાં કામો કરીને, મજૂરી કરીને, મારે રૂપિયા લાવવા પડ્યા. એ છોકરી પાછળ પાછળ ફરવું પડ્યું. કોર્ટમાં ખોટા લગ્ન કરાવી મારી એને મારી પત્ની બનાવવી પડી, મારા પરિવારજનો જ્યાં લગ્ન કરાવવા માગતા હતા ત્યાં હું પરણી ન શક્યો, આ લેખકે મને ખોટી છોકરી સાથે પરણાવ્યો, એની પાછળ એનો સ્વાર્થ હતો, પ્રસિદ્ધિનો. પૈસાનો. અત્યારે મારી પ્રેમિકાએ મારી સામે કેસ મૂક્યો છે. મને આ માણસ આત્મહત્યા કરાવતો હતો, ત્યાં અમે તમારી સામે મારી વાત મૂકી અને કોર્ટમાં ફરિયાદ કરી. મને ન્યાય આપો સાહેબ, આ માણસને સજા કરો, હું સમાજ, પરિવાર, દેશ, પ્રેમ, મિત્રો કશાનો નથી રહ્યો. મને ન્યાય આપો."

મારા કાનમાં સીસાની જેમ રેડાતા આ શબ્દો સાંભળી મેં કઠેડો પકડી લીધો. ચારે તરફથી અવાજો આવવા લાગ્યા થોડી ક્ષણો પછી એ અવાજો મને સંભળાતા નહોતા. હું ક્યાં છું શુ કરું છું મને કોઈ ભાન નહોતું.

*રામપુરા જોડકા, તા. ગોધરા,*
*જિલ્લો. પંચમહાલ - ૩૮૯-૩૪૦*
*મો. ૯૯૦૯૪૫૭૦૬૪*



# સફારી !

*- સંજય થોરાત 'સ્વજન'*

સફારીમાં નટવરલાલ એકદમ ટનાટન લાગતા હતા. નટવરલાલે અરીસા સામે નજર કરી અને પોતાનું પ્રતિબિંબ જોયું અને પોતાની જાતને જ સ્માઈલ આપી. સફારીમાં એમનો વટ પડતો હતો. સફારી એમની ઉંમરને એકદમ શોભાયમાન કરતો હતો. એમણે ખુશ થઈને જરા ડોક હલાવી પોતાનું જ સન્માન કરી લીધું. "આ સફારીનું પણ સાવ તમાકુ જેવું હોય છે. તમાકુ જેમ લગ્નના મંડપમાં હોઠમાં ભરાવીને જઈ શકાય અને માણસ મરી જાય તો સ્મશાનમાં પણ હોઠમાં ભરાવીને જઈ શકાય, કોઈ પ્રતિબંધ કે આભડછેટ નડતી નથી. એવું જ સફારીનું હોય છે. સફારી ઑફિસમાં પણ પહેરાય, જાનમાં પણ પહેરાય અને કોઈના બેસણામાં પણ પહેરાય, તમે ક્યાંય પણ જઈ શકો અને એમાં આપણો વટ જ પડે." નટવરલાલ 'કારીગરી' કરવા નીકળતાં પહેલાં આ વાત યાદ રાખીને સફારી પહેરતા. નટવરલાલનું કામનું પ્રમાણ જરા વ્યસ્ત જ રહેતું. ઘણી વખત સફારી કબાટમાં મૂકી લેંઘો-ઝભ્ભો ચડાવવાની ઈચ્છા થતી પરંતુ પેટની આગ એમને આ 'કારીગરી' કરવા માટે બળજબરી કરતી. ૫૦ વર્ષે પણ નટવરલાલ એકદમ ફીટ હતા. જો એમની પત્ની હોત તો ઘરનાં કચરાપોતાં, વાસણ અને રસોઈનું કામ કરીને એમના માટે ખાવાપીવાની વ્યવસ્થા કરતી હોત !

પત્ની નથી એમનો એમને ખાસ અફસોસ નહોતો. એમની 'કામગીરી'ની એક્સપર્ટિના કારણે એમના લગ્નનાં બારણા બંધ થઈ ગયાં હતાં. 'નસીબ આડે પાંદડું...' જેવી કહેવત મનમાં યાદ કરતા તેઓ મનોમન બોલતા, "ચોરને કન્યા કોણ આપે? કોને ચોરની પત્ની થવાનું ગમે?" પણ હવે એમને હવે આ વાતનું દુઃખ પણ નહોતું લાગતું. ઘર પરિવાર, પત્ની, બાળકો સંસાર આ બધાથી હવે નટવરલાલ પર થઈ ગયા હતા અને એમાં એ રાજી પણ હતા. કોઈ માથાકૂટ નહીં, કોઈ કકળાટ નહીં, પોતાની મરજીના માલિક, એટલે આમ એમની જિંદગી મજાની હતી.

શહેરની અંદર કોઈ નેતા આઠ દીકરીઓના સમૂહલગ્ન કરાવવાના હતા અને એ બહાને પોતાની પ્રસિદ્ધિ કરી લેવાના હતા એ તો આખા શહેરની અંદર એમના લાગેલા હોર્ડિંગ્ઝ પરથી જ ખબર પડી ગઈ હતી. નટવરલાલને એમાં પોતાનો ધંધો દેખાતો હતો અને નટવરલાલ તો આવો મસ્ત ચાન્સ છોડવા માગતા જ નહોતા. એમને ખબર હતી કે સમૂહલગ્નમાં થોડોઘણો માલ મળી જશે અને પાછું મિષ્ટાન્ન ભોજન મળશે એ બોનસમાં...

શહેરના પોશ વિસ્તારમાં ભવ્ય મંડપ બાંધવામાં આવ્યો હતો. મુખ્ય પ્રવેશદ્વાર પર માથે ગાંધી ટોપી પહેરીને હાથ જોડેલા સ્મિત રેલાવતા નેતાનો ૧૨ ફૂટનો કટઆઉટ બધાંના સ્વાગત માટે ઊભું કરવામાં આવ્યો હતો. ધ્રૂજી રહેલા સ્પિકર સાથે ડીજેનો ધમધમાટ વચ્ચે લોકો આડોઅવળો ડાન્સ કરીને જલસા કરતા હતા. સામાન્ય રીતે બીજા બધાં લગ્નમાં હોય એવું બધું અહીં જોવા મળતું હતું. બહારની બાજુ રમકડાં, આઇસક્રીમ, કુલ્ફીની લારીવાળા પણ હતા. ઢોલ વગાડીને રૂપિયા માંગવાવાળા પણ હતા. લગ્નમાં વધેલું ભોજન લઈ જવાવાળા પણ ત્યાં સુગંધ લેતા ઊભા હતા, જમણવાર પતે એટલે ભેગું કરીને ભાગીએ... ત્યાં લાલચુ માણસોની ભીડ પણ હતી. આયોજક નેતાને મળવા, એની સાથે ફોટો લેવા પણ લોકો લાળ ટપકાવતા ઊભા હતા. નેતાની કૃપા દૃષ્ટિ મળશે અને મફતમાં જમવા મળશે એવા ભાવ સાથે એ નાનાં મોટાં કામ કરીને નજરમાં આવવા માગતા હતા.

સ્વાગત કક્ષની બાજુમાં જ સાફા બાંધવાવાળા પણ હતા. એક પછી એક બધાને તેઓ સાફા બાંધી આપતા હતા. નટવરલાલે જોયું તો એક અઢાર વર્ષનો યુવાન સાફો બાંધવા ઊભો હતો. નટવરલાલ હળવેકથી ખુરશી ખેંચીને એ યુવાન સામે બેસી ગયા.

"કોણ?" સાફાવાળાએ પૂછ્યું.

"મામા!"

"એટલે કોના મામા?"

"ગૌરી"ના. બહાર લાગેલા બોર્ડ ઉપર આઠેય જોડીનાં નામ હતાં. એમને એ પૈકી એક નામ યાદ આવી ગયું. સાફાવાળાએ ધડ દઈને કાપડ કાઢ્યું. ફટાફટ નટવરલાલના માથા પર લપેટવાનું શરૂ કર્યું. એ કામમાં એકદમ ઝડપી હતો, કારણ કે એમને તો અડધો કલાકમાં ૫૧ સાફા બાંધવાના હોય. લગ્નનો શરૂઆતનો સમય એમનો પિક ટાઇમ કહેવાય. સફારી પર ગુલાબી સાફો પહેર્યા પછી નટવરલાલ એકદમ જક્કાસ લાગતા હતા.

એક વખત આ સાફો માથે બંધાઈ જાય એટલે માણસ પછી વીઆઇપી જેવો લાગવા માંડે અને બધે છાતી ટટ્ટાર કરીને ફરવા લાગે એ નટવરલાલને ખબર હતી. એમણે

સૌથી પહેલા એક આંટો રસોડા બાજુ માર્યો. ત્યાં મોટા જર્મન સિલ્વરના વાસણોમાં રસોઈ તૈયાર થઈ રહી હતી. રસ ઝરતી જલેબી અને સ્વાદિષ્ટ ઊંધિયાની સુગંધ ત્યાં રેલાઈ રહી હતી. ત્યાં હૈદરાબાદી પુલાવની સોડમ તેમના નાકમાં ભરાઈ ગઈ, અને નટવરલાલ આ સોડમને કારણે ત્યાં થોડી વાર આકર્ષાઈને ઊભા રહ્યા. એમને થયું કે લાવ ને ચાખવાને બહાને પણ થોડો પુલાવ ખાઈ લઉ. પરંતુ મુખ્ય કામ યાદ આવતા જમવાની લાલચ પડતી મૂકી કામમાં મન પરોવ્યું.

રસોડાની બાજુમાં જ એક રૂમ બહેનો માટે ફાળવેલો હતો. એ બંધ બારી-બારણાં પરથી લાગ્યું, પણ એમણે ઝીણી નજર કરી, બારીની તિરાડમાંથી અંદરનું અવલોકન કર્યું. એમને એક મોટી એલ્યુમિનિયમની પેટી દેખાઈ. એમાં શું હશે? એ વિચારે તે પહેલાં ત્યાં કોઈએ આવી એમના ખભા ઉપર હાથ મૂક્યો. એ જરા ગભરાઈ ગયા, અને મનમાં બોલ્યા પણ ખરા કે, “સાલું કશું કર્યા વગર જ પકડાઈ ગયા કે શું?”

“કાકા, તમને ઐશ્વર્યા અહીં ક્યાંય દેખાઈ કે?” એમના ખભા પર હાથ મૂકનારી એ બાર વરસની છોકરીએ પ્રશ્ન પૂછ્યો.

“ઐશ્વર્યા? હેં, હા હા હમણાં જ એને મેં રસોડા તરફ જતાં જોઈ હતી.”

એ છોકરી તો કૂદકા મારતી રસોડા બાજુ જતી રહી. હજુ માંડ શ્વાસ હેઠો બેઠો હતો ત્યાં તો એક મજબૂત બાંધાનો એક માણસ આવ્યો. એના શરીર પર ‘દૂધ સી સફેદી નિરમા સે આયે...’ જેવા સફેદ કપડાં શોભાયમાન હતાં. એ કદાચ આ કાર્યક્રમમાં નેતાનો કોઈ નજીકનો કાર્યકર્તા હશે એવું નટવરલાલને લાગ્યું.

“અરે મહેમાન! અહીં શું કરો છો? મંડપમાં તો મંગળફેરાની તૈયારીની શહેનાઈ વાગી અને તમે અહીંયાં ફરો છો?”

“અરે સાહેબ!,અહીંયાં પણ કોઈ જોઈએ ને? બધાં જ જો લગ્નમાં જશે તો પછી આ સામાનનું ધ્યાન કોણ રાખશે?”

“અરે! હા હા એ વાત પણ ખરી હો, એ તો હું ભૂલી જ ગયો કે આવી પબ્લિક પ્લેસ પર આમ પણ હાથ સફાઈ કરનાર ચોર લોકો ઘૂસી જતા હોય છે. તમે જરા સામાનનું ધ્યાન રાખજો, હું તો મંડપની વ્યવસ્થા જોઉ છું.” અને એ કરડાકીભર્યો કાર્યકર નટવરલાલને ત્યાં મૂકીને ગયો, નટવરલાલના જીવમાં માંડ જીવ આવ્યો. એનું ગળું સુકાઈ ગયું હતું, ત્યાં મહિલાઓના રૂમનું બારણું ખૂલ્યું. બહેનો ફટાફટ મંડપ તરફ જવા લાગી હતી. નટવરલાલે તક ઝડપી લીધી. ત્યાં પડેલી અધૂરી પાણીની બોટલ એક ઘૂંટડે ગળા નીચે ઉતારી દીધી. નટવરલાલે રૂમમાં એની અનુભવી નજર ફેરવી લીધી. એ પેલી એલ્યુમિનિયમ પેટી પાસે જઈને થોભ્યા. આજુબાજુ નજર ફેરવી, વાતાવરણ અનુકૂળ લાગતા જ એલ્યુમિનિયમની પેટીને મારેલા તાળાને ખોલી નાખતાં નટવરલાલને બહુ તકલીફ પડી નહીં. પેટીની અંદર જોયું તો સાડીની નીચે ચાર સોનાની બંગડીઓ, કાનની બે બુટ્ટી, ચાર પાંચ વીંટીઓ હાથ લાગી. હાથમાં રહેલી સોનાની વસ્તુઓ અંદાજે ૧૫-૧૬ તોલાની હશે એટલે “હવે બસ થયું. હજુ કેટલું જોઈએ? બહુ લોભ કરવાનો મતલબ નથી. આ જગ્યા પર કોઈને કોઈની આવનજાવન રહેશે. અને જો કોઈ આપણને પકડી પાડશે તો? એના કરતાં અહીંથી છટકી જવું સારું.” એમ સ્વગત બોલીને નટવરલાલ ત્યાંથી મંડપમાં જ્યાં લગ્ન વિધિ ચાલુ હતી ત્યાં પહોંચી ગયા. એક જ લાઈનમાં પ્રભુતામાં પગલાં માંડતી આઠ જોડીઓ હવનકુંડ સમક્ષ બેઠી હતી. ત્યાં માઈકમાં મુખ્ય ગોર મહારાજ જે કહે એ પ્રમાણે અન્ય ગોર મહારાજ એ જોડી પાસે હવનકુંડમાં આહુતિ અપાવતા હતા. નટવરલાલ એક કપલ પાસે થોભ્યા. એમની નજર નીચે આસન તરફ ગઈ, ત્યાં ઊભેલી સ્ત્રીના પગ પાસે એકદમ નવા રૂમાલની અંદરના દાગીના દેખાયા. જે બહેન એ સંભાળતા હતાં એ નટવરલાલને ડફોળ જ લાગી. કારણ કે દાગીના પાછળ રાખીને એનું મોઢું બીજી દિશામાં હતું. એ પોતાનો પતિ કેવો નાલાયક છે? એની વાતો એની બહેનપણીને કહેતી હતી. “આ તો એકદમ સરસ તક લાગે છે, એટલે આવી તક તો જતી ન જ કરાય.’ એવું વિચારી નટવરલાલે થોડું આમતેમ જોઈ પોતાનો હાથરૂમાલ નીચે ફેંકી હાથ સફાઈ કરી લીધી. ઉપાડેલા દાગીના સફારીના ડાબા ખિસ્સામાં મૂકી દીધાં. એક ક્ષણ માટે એમના હૃદયમાં થડકારો થયો.!

“આ દીકરીનું કન્યાદાન કોણ કરશે?” ગોર મહારાજે બૂમ પાડી અને એટલામાં આજુબાજુમાં ચર્ચા થવા લાગી પણ કોઈ આગળ આવવા તૈયાર નહોતું. કદાચ એ દીકરીને બાપ નહીં હોય. ત્યાં બેઠેલા એક વડીલ વ્યક્તિની નજર સફારી પહેરેલા સજ્જન પર ગઈ.

“આ શું રહ્યા, ઓ સફારીવાળા ભાઈ! આમ આગળ આવો. કન્યાદાન કરવાનું પુણ્ય મફતમાં કમાઈ લો.”બધાની નજર નટવરલાલ તરફ ગઈ અને એમની ઇચ્છા ન હોવા છતાં પણ ચોરી કરવા અગ્રેસર રહેતા નટવરલાલ કન્યાદાન કરવા માટે ચોરીમાં આગળ આવીને ઊભા રહ્યા.

દીકરીના હાથ ઉપર પાણી મૂકતી વખતે જ એમનો અંતરાત્મા હલી ગયો. “જો રશ્મિના મામા આડા ન આવ્યા

હોત તો કદાચ મારા પણ લગ્ન થઈ ગયા હોત અને આજે મારે પણ પોતાની દીકરી હોત. જે એમની નજર સમક્ષ ઊભેલી કન્યાની ઉંમરની હોત અને આવી જ રીતે હું એનું કન્યાદાન પણ કરતો હોત. પોતાના શરીર પર રમતાં બાળકો જોતજોતામાં મોટાં થઈ જાય છે, અને દીકરી મોટી થાય ત્યારે કન્યાદાન પણ કરવું પડે છે."એમ વિચાર કરતા એમની આંખો ભરાઈ આવી. અને એ ભરાયેલી આંખોથી કન્યાદાન કરી રહ્યા હતા.

"કન્યા માટે લાવેલું મંગળસૂત્ર લાવો."ગોરે સૂચના આપી. ત્યાં ઊભેલી એની મમ્મીએ નીચે રૂમાલમાં રહેલા મંગળસૂત્ર લેવા નીચે નમ્યાં અને ચીસ નીકળી ગઈ. "ગૌરીઈઈઈ, તારું મંગળસૂત્ર ક્યાં છે?" ગૌરીના મમ્મી કન્યાદાન કરી રહેલા નટવરલાલ સામે આંખો ફાડીને સફારીના ઉપરના ખિસ્સા તરફ જોવા લાગ્યાં. નટવરલાલ નીચી મૂંડી કરીને પોતાના ખિસ્સા તરફ જોઈ રહ્યા. કારણ કે હમણાં થોડી વાર પહેલાં જ નીચે પડેલા સામાનમાંથી એણે એ દાગીના લઈ લીધા હતા, અને એ મંગળસૂત્ર થોડુંક સફારીના ખિસ્સાની બહાર રહી ગયું હતું. અને એ લટકી રહેલું મંગળસૂત્ર દેખાઈ રહ્યું હતું. એ ઉતાવળમાં ખિસ્સાનું બટન બંધ કરવાનું ભૂલી ગયા હતા. એક જ સેકન્ડમાં આ બધી ગરબડ થઈ ગઈ. લોકોએ "ચોર... ચોર... ચોર..." એમ બૂમાબૂમ કરી મૂકી. ભેગા થયેલા લોકો નટવરલાલ પર તૂટી પડ્યા. સ્ત્રી-પુરુષ અને યુવાનોએ ફેંટો લાતો મારી, જેને જેવો મેળ પડ્યો બધાએ પોતપોતાનો હાથ સાફ કરી લીધો. સારી એવી ધોલાઈ થયા બાદ કન્યા બોલી, "ઊભા રહો, જરા રોકાઈ જાવ હવે. બચારાને મારી નાખશો કે શું? અને બધાં એકદમ પૂતળાની જેમ ઊભા રહી ગયાં. "કોઈ જલદીથી હવે પોલીસને બોલાવી એને સોંપી દો."

"આવા ચોરને તો પોલીસને આપવાના બદલે આપણે જ મારી મારીને ઠેકાણે કરી દેવો જોઈએ." પબ્લિકમાંથી કોઈ બોલ્યું.

"અરે! કાયદો હાથમાં લેશો નહીં. હું કહું છું એટલું જ કરો." આટલી વાત થતી હતી એટલામાં તો પોલીસ પણ આવી પહોંચી. પોલીસે નટવરલાલને પોતાની કસ્ટડીમાં લઈ લીધો. એના માથા પરનો ગુલાબી સાફો વિખરાઈને નીચે પડેલો હતો. સફારીના લીરેલીરા ઊડી ગયા હતા અને અંદરથી એની કાણાવાળું બનિયન ડોકાઈ રહ્યું હતું. નટવરલાલ નીચી મૂંડીએ શરમથી ઊભા હતા. પોલીસે એની જડતી લીધી અને બધાં દાગીના એમને મળી ગયા હતા.

"આ બધા દાગીના તમારા જ છે?" એમણે ગૌરીને પૂછ્યું. ગૌરીએ એક વખત શાંતિથી દાગીના તરફ જઈને કહ્યું, "હા, આ મારા જ દાગીના છે."

"તમારી લગ્ન વિધિ પતી જાય એટલે સાંજે પોલીસ ચોકી પર આવીને આ ચોરની વિરુદ્ધમાં તમે ફરિયાદ નોંધાવો એટલે આગળની કાર્યવાહી હાથ ધરીશું. ત્યાં સુધી અમે આને અમારી સાથે કસ્ટડીમાં લઈ જઈએ છીએ. તમે શાંતિથી લગ્ન કરો, મેથીપાકનો ચાંદલો અમે આને પોલીસચોકીમાં જઈને આપીશું."

"એની હવે કોઈ જરૂર નથી. મારી આમની સામે કોઈ ફરિયાદ નથી. એમને છોડી મૂકો." ગૌરીએ એકદમ મજબૂત અવાજે કહ્યું. નટવરલાલ સહિત બધાં જ લોકોને આશ્ચર્ય થયું. કેમ કંઈ ફરિયાદ નથી? મુદ્દામાલ આમની પાસેથી જ તો મળ્યો છે.

"હવે જો તમને કોઈ રાવ ફરિયાદ ન હોય તો તો પછી અમારે એમને છોડી જ મૂકવો પડે. પણ એટલું યાદ રાખજો કે આવા લોકોને છોડી મૂકવાથી ચોરોની હિંમત વધી જાય છે." આવું કહીને પોલીસ ત્યાંથી નીકળી ગઈ. થોડીકવાર તો મંડપમાં એકદમ શાંતિ થઈ ગઈ. "પણ, તે મને બચાવ્યો શું કામ? આવો પ્રશ્ન અનેકના મનમાં હતો એ નટવરલાલે ગૌરીને પૂછી લીધો.

"પપ્પા હું તો એક અનાથ દીકરી છું. પપ્પા નહોતા એટલે તો હું આ સમૂહ લગ્નમાં લગ્ન કરવા આવી છું. કોઈ મારું કન્યાદાન કરવા તૈયાર નહોતું ત્યારે તમે મારું કન્યાદાન કર્યું. એ ક્ષણે તમારી આંખમાં જે આંસુ હતાં એમાં સતત મારા પપ્પા દેખાતા હતા. તો મારા પપ્પાની એટલી કાળજી થોડી મિનિટ પૂરતી મારે ન લેવી જોઈએ? એ એટલી મિનિટ માટે તમારી આંખમાં એક સાચો બાપ મને દેખાયો હતો. થોડી વાર માટે તો હું તમારી દીકરી બની ગઈ હતી. તમે મારો હાથ હાથમાં લઈને કન્યાદાન કર્યું હતું. તો એનો ઉપકાર તો મારે પરત કરવો જોઈએ ને! એક દીકરી તરીકે એ મારું કર્તવ્ય હતું અને એ મેં કર્યું છે. એમાં કંઈ મોટું કામ કર્યું નથી. હવે તમે જાવ, તમારે જ્યાં જવું હોય ત્યાં નીકળી શકો છો."અને નટવરલાલ નીચી મૂંડીએ ચાલવા લાગ્યા. બે-ચાર ડગલાં ચાલ્યા ન ચાલ્યા ત્યાં તો એ તરત પાછું વળીને બોલ્યા, "બેટા, દીવાળી આવે છે તો જમાઈને લઈને ઘરે આવજે બાપને નારાજ ન કરતી." એમ કહીને ચબરખીમાં નંબર લખી એના હાથમાં મૂકી, માથે વહાલથી હાથ ફેરવી સડસડાટ ત્યાંથી નીકળી ગયા. ઘરે જતા રસ્તામાં એના કાયમી ટેલરને, "દીકરી દિવાળી કરવા ઘરે આવવાની છે." એમ કહી નવા સફારીનું માપ આપતા ગયા.!

*પ્લોટ નંબર : ૬૩૫/૨, સેક્ટર-૮ બી,*
*ગાંધીનગર. મો. ૯૪૨૬૮૮૦૪૦૦*

# દીકરો

- *જ્યોતીન સી. પંડ્યા*

દિવાળીના દિવસો હતા. તહેવારોનો માહોલ રસ્તા પર, ગલીઓમાં, શેરીઓમાં જોવા મળતો હતો. દિવાળી એટલે તો જાણે તહેવારોનો મેળાવડો. રાત્રિના ૮.૩૦ વાગે ગાડીમાં રસ્તા પરથી ધીમે ધીમે પસાર થતા મારા મિત્રના ઘરે બેસવા માટે જતા હતા. રસ્તા પર જતા ઘરની, દુકાનની અને સર્કલોની સજાવટ જોતા જોતા જતા હતા. ચોમેર જાણે આનંદ અને હર્ષોલ્લાસ સાથે પ્રકાશ પર્વ ઉજવાઈ રહ્યું હોય તેવી અનુભૂતિ થતી હતી. ઘર આવ્યું. ગાડી પરથી ઊતરીને હું અને મારી પત્ની અમે બંને વાતો કરતાં કરતાં અંદર જવા માટે દરવાજો ખોલ્યો. દરવાજો ખૂલવાના અવાજ સાથે દીવાનખંડમાં થોડી ભાગદોડ મચી ગઈ હોય તેવું લાગ્યું. ખોટા સમયે અવાઈ ગયું હોય તેવો અહેસાસ થયો. ઘરનું વાતાવરણ થોડું ગમગીન જણાયું.

દીવાનખંડના મુખ્ય દરવાજાને અઢેલીને સિત્તેરેક વર્ષના બા ઘરની શોભા વધારતાં ખુરશીમાં બેઠાં હતાં. પગથિયું ચડતાં ચડતાં બાને હાથ જોડીને જય શ્રી કૃષ્ણ કર્યા. બાએ સાડલાના છેડે મોઢું લૂછતાં હોય એવો ડોળ કરીને છાનાંમાનાં પોતાનાં આંસુ લૂંછી નાખ્યાં. હસતા મોઢે મીઠો આવકાર મળ્યો. પણ આંખોમાં ભીનાશ વર્તાતી હતી. રસોડામાંથી બહેન મીઠો આવકાર આપી પાણીના બે ગ્લાસ અને બનાવટી સ્મિત સાથે દીવાનખંડમાં પ્રવેશ્યાં. સોફા ઉપર બેસવા માટેનો આગ્રહ કર્યો. અમે બંનેએ બેઠક લીધી. ચા બનાવું. એટલું કહી તે રસોડાની અંદર જતા રહ્યા. બહેનની દીકરી મહેક બાના પલંગ પર બેસેલી. ઉંમરથી લગભગ પંદરેક વર્ષની પણ ઉંમર કરતાં વર્તનમાં થોડી નાની. એમ કહી શકાય કે માનસિક રોગી. પણ હા પ્રેમાળ એટલી કે વાત જ ના પૂછો. દરેક વખતે તેની કાલીઘેલી ભાષામાં સદાય હસતી અને મીઠા આવકાર સાથે આવો ને, આવો ને, કહેતી. દિવાળીના તહેવારો હોવાના કારણે ચારેકોર પ્રસન્ન વાતાવરણ પણ આ ઘરને બાદ કરતા! રસોડામાંથી થોડી વાતો ચાલી. પૂરી, ઘૂઘરા, ફાફડા, મઠિયાં, જાત જાતની વાનગીઓની બનાવટની. સાથે સાથે ચા ઊકળવાની સુગંધ પણ દીવાનખંડમાં છવાઈ રહી હતી. ટ્રેમાં ત્રણ કપ ચા સાથે બહેન બહાર આવ્યાં.

અમે ચાના કપ લીધા અને બહેને અમારી સામેની ખુરશીમાં ચાના કપ સાથે બેઠક લીધી. થોડી વાતો ચાલી પણ બાનું વારંવાર અમારી સાથે વાતોમાં તાદામ્ય જણાતું ન હતું. ફરી વાર તેઓ સાડલાનો છેડો લઈ મોં સાફ કરવા લાગ્યા. માત્ર એવો ડોળ કરતા હતા, પણ ખરેખર એ આંસુ લૂછતા હતા. અમારું ફરી વાર ધ્યાન જતા બહેનને પૂછ્યું, તો બહેનની આંખોમાં પણ ભીનાશ છલકાણી. ઉંમર કરતાં નાની લાગતી એ છોકરી મહેકની આંખોમાં પણ આંસુ ઊભરી આવ્યાં. ચાના કપ હાથમાં રહી ગયા. અચાનક આવા સરસ તહેવારના માહોલમાંથી વાતાવરણમાં એકદમ પલટો આવ્યો. અમે બંને તો ઘડીભર અવાક રહી ગયા. ઘરમાં નીરવ શાંતિ. બાએ ફરી આટલા જ શબ્દો બોલી શક્યા, “મારા દીકરાને મને પાછો આપી દીધો હોત તો”? અને આંખોમાંથી અશ્રુઓની ધારાઓ વહેતી ચાલી. લગભગ એક મિનિટ સુધી બા રડતા રહ્યા. બહેને ઊભા થઈને આંખો લૂછતાં લૂછતાં બાને સંભાળ્યા. બાના ખભા પર હાથ મૂક્યો. બે મિનિટનું મૌન પથરાયું. શું બન્યું એની કાંઈ ખબર ન પડી પણ ચાના કપ ટીપોઇ પર મૂકી ઊભા થયા ત્યાં જ હવે બાએ થોડીક સ્વસ્થતા સાથે કહ્યું, બેસો, કોઈ તકલીફ નથી. ફરી સાડલાના છેડાથી મોં લૂછી સ્વસ્થ થયાં. કહ્યું ‘મને મારા દીકરાની યાદ આવી ગઈ.”

હવે મેં બહેનને સહજ ભાવથી પૂછી નાખ્યું. તમારે કોઈ ભાઈ પણ હતો?

બેને કીધું, હા. ત્યાં જ બા બોલી ઊઠ્યાં, બહુ જ સમજુ હતો. અમારું ખૂબ જ ધ્યાન રાખતો હતો. પણ હવે શું? ઈશ્વર ઇચ્છા. શું ભાઈ બીમાર હતા? મારાથી પૂછી જવાયું.

ના બિલકુલ નહીં. નખમાંય રોગ નહીં. તો આ કેમ બન્યું? જાણવાની ઉત્તેજના સાથે પૂછ્યું. હવે બાએ વાતનો દોર હાથમાં લીધો. અમને પહેલું સંતાન મહેશ. હજી મહેશ દોઢેક વર્ષનો ત્યાં બીજુ સંતાન અંજના. ત્રીજું સંતાન રોહિત. અંજના અને મહેશનું સ્વાસ્થ્ય ખૂબ જ સારું, પણ રોહિત વારંવાર બીમાર રહેતો. રોહિત નાનપણથી જ બીમારીમાં ઘેરાયેલો. મહેશ લગભગ બારેક વર્ષનો, હતો ત્યાં અચાનક હૃદયરોગના હુમલાના કારણે તમારા કાકાનું અવસાન થયું. બસ ત્યારથી અમારા ખરાબ દિવસો શરૂ થયા. એના ધંધામાં મને ખબર ન પડે અને મહેશ હજી ખૂબ નાનો. દુકાન વેચી પૈસા બેંકમાં મૂક્યા. ઘરનું ગુજરાન કેમ ચાલશે તેની વિશે વિચારતાં વિચારતાં આજુબાજુના ઘરે રસોઈ કામ કરવાનું શરૂ કર્યું. આ પરિસ્થિતિમાં ફરી પાછી રોહિતની દવા. મહેશ ભણવામાં ખૂબ હોશિયાર પણ નસીબે એની પાસેથી આ હક

છીનવી લીધો. મને મદદ કરવા માટે મહેશ અને અંજના નિશાળે જવાનું બહાનું કાઢી કોલસાની બોરી ભરવા ચાલ્યા જતા. એ તો હિંમતલાલ માસ્તર તમારા કાકાના ઓળખીતા. એટલે એણે કીધું કે મહેશ અને અંજના કેમ નિશાળે નથી આવતાં? ત્યારે ખબર પડી. અને મનમાં વિચાર પણ આવ્યો કે આટલા સમયથી બંને ખોટું કેમ બોલે છે? બંને ક્યાં જતાં હશે? નિશાળનું બહાનું કાઢીને. સાંજે બંનેને લાકડીથી લમધાર્યા પણ બેમાંથી એકેયે કંઈ જ ન કહ્યું. તરત જ રોહિત બહેનની આડો ઊભો રહી ગયો. રોહિતે કહ્યું મા, બસ. એમની વાત તો સાંભળ? ચુપચાપ નીચે મોં કરીને બંને ઊભાં રહ્યાં. મને વળગી પડ્યાં અને ધ્રુસકે ને ધ્રુસકે રડવા લાગ્યા. રોતાં રોતાં બંનેએ હથેળી ખોલી. આંસુની ભીનાશની સાથે દસ દસની નોટોનું નાનકડું બંડલ મારી સામે ધર્યું. આ શું મેં પૂછ્યું? મહેશે જવાબ આપ્યો, મા તમે આખો દિવસ કામ કરો છો તો અમારે પણ તમને મદદ કરવી જોઈએ ને? પપ્પાની ગેરહાજરીમાં. ઘરનો મોટો દીકરો હોવાના કારણે મારે ધ્યાન રાખવું પડશે ને? રોહિતના માથા પર હાથ ફેરવીને કહ્યું મારે મારા ભાઈનું પણ ધ્યાન રાખવાનું છે અને વહાલી બેનનું પણ. “તમે બંને હજી નાના છો. તમારે આગળ ભણવાનું છે. ઘર કેમ ચલાવવું તે મારે જોવાનું છે.” બાએ બંનેને થોડી બડકમદારીથી કહ્યું. મહેશ બોલ્યો પણ બા ઘરના કામકાજ માટે અમે મદદ કરીએ ને. બાએ બંનેના વાંહા પર હાથ ફેરવતાં કહ્યું, બેટા તારે ભણીને મદદ કરવાની. અત્યારે આપણી પરિસ્થિતિ પ્રમાણે તમારા બંનેનું શિક્ષણ જરૂરી છે. ભણતાં ભણતાં મને જે થાય તે મદદ કરજો. ભાઈ, બેન બંને ગેલમાં આવી ગયાં. બાએ બંનેને ભણતાં ભણતાં મદદ કરવાની છૂટ આપી. સવારે બંને જણ નિશાળે ભણવા જાય અને બપોરે આવી જમીને કોલસાની બોરીઓ ભરવા જાય. બા પણ સવારે રસોઈ



કરવા જાય અને સાંજે ઘરે રહી રોહિતની સંભાળ લે. આમ દિવસો પસાર થતા ગયા. મહેશ અને અંજના ધીમે ધીમે બાને આર્થિક ટેકો કરવા લાગ્યા. સમય જતા પરિસ્થિતિ બદલાતી જણાઈ. મહેશ હવે કોલસાની બોરીઓ ભરવાનું બંધ કરી, મકાન બનતું હોય ત્યાં માલ-સામાનની દેખરેખ માટે કામે રહી ગયો. અંજનાએ હજી કોલસાની બોરીઓ ભરવાનું શરૂ રાખ્યું. મહેશ ધીમે ધીમે કરતા પોતાના કામ પ્રત્યેની લગન અને આર્થિક પરિસ્થિતિમાંથી બહાર નીકળવાની ધગશના કારણે પોતાના કામમાં આગળ વધતો ગયો. ધીમે ધીમે કરતાં હવે તે લલિતભાઈનો વિશ્વાસુ માણસ બની ગયો. લલિતભાઈ જે ઘણા વર્ષોથી કન્સ્ટ્રક્શન (મકાન બાંધકામના) વ્યવસાય સાથે સંકળાયેલા હતા. તેને મહેશ જેવો માણસ મળવાથી તેણે ધંધામાં ખૂબ પ્રગતિ કરી. તેણે પોતાની નવી નવી સાઇટો શરૂ કરી અને મહેશને કામ સોંપી દીધા. લલિતભાઈ ખૂબ જ પ્રેમાળ અને સહાયકારક વ્યક્તિ હતા. મહેશની પરિસ્થિતિ જાણીને જ તેને પોતાની સાથે કામે રાખ્યો હતો. ધીમે ધીમે મહેશની આર્થિક પરિસ્થિતિ સુધરવા લાગી. લલિતભાઈ પોતાના વિશ્વાસુ અને દીકરા સમાન મહેશને બધો જ કાર્યભાર આપી પોતાનો નવો ધંધો શરૂ કરવા માટે બેંગ્લોર ચાલ્યા ગયા. મહેશ પોતાને સોંપાયેલ કાર્યભારને બખૂબી નિભાવી સમયાંતરે પોતાના મિત્ર, માર્ગદર્શક અને વડીલ સમાન લલિતભાઈને હિસાબો પૂરા પાડતો. મહેશે સમયાંતરે ખૂબ જ આકર્ષક સ્કીમો મૂકી અને હવે લલિતભાઈનો કન્સ્ટ્રક્શનમાં બિઝનેસ ખૂબ જ સારી રીતે ચાલવા લાગ્યો. એમ કહીએ કે દોડવા લાગ્યો.

મહેશના ઘરની આર્થિક સધ્ધરતા ધીમે ધીમે વધુ સારી થતી જતી હતી. હવે બા માટે સારા દિવસોનો અણસાર શરૂ થયો હતો. પણ હવે બાને મહેશ અને અંજનાના લગ્નની ચિંતા સતાવતી હતી. મહેશ બાને વારંવાર કહેતો કે પહેલા અંજનાના લગ્ન કરી અને પછી જ હું લગ્ન કરીશ. હજી તો બા તારાં અધૂરાં સ્વપ્નો પણ પૂરાં કરવાનાં છે. કાકાએ તને સોનાની માળા બનાવી આપવાનું વચન આપેલું પણ એ એમના મૃત્યુના કારણે અધૂરું રહી ગયેલું એ વચનને હું પૂર્ણ કરીશ. હવે ફરી આપણે આપણાં અધૂરાં સ્વપ્નોને પૂરાં કરશું. ભાઈ રોહિતનો ઇલાજ અમદાવાદની સારી એવી હૉસ્પિટલમાં કરાવવો છે. એક સુંદર અને આલીશાન મહેલ જેવું ઘર બનાવવું છે.

માએ અધવચ્ચે જ મહેશને અટકાવ્યો અને હસતાં હસતાં અંતરના આશીર્વાદ આપતાં કહ્યું કે, ઈશ્વર તારાં બધાં સમણાઓને પૂર્ણ કરે.

અંજનાને અમારી જ જ્ઞાતિનો એક સુંદર સુશીલ અને

લગ્ન યોગ્ય મુરતિયો અજય મળી ગયો. જે અંજનાને પણ ગમતો હતો. અંજનાની આંખો હવે પોતાના કઠોર જીવનના અંતના અને સુવર્ણ દિવસોનાં કોડભર્યા સ્વપ્નો સેવતી હોય તેમ જણાતી હતી. અંજનાને લગ્ન તો કરવા હતા પણ આ ઘર છોડીને જવું ન હતું. પણ અંતે દીકરી તો સાસરે જ હોય. એટલે તે લગ્ન માટે તૈયાર થઈ. અંજનાના દૂર જવાની વાતથી મહેશ ખૂબ જ ગમગીન થઈ ગયો. અંજનાની આંખોમાં પણ ઝાકળ બાઝવા માંડ્યું. અહીંયાં લગ્નની સંપૂર્ણ તૈયારી સાથે લગ્નની વિધિ પૂર્ણ થઈ અને અંજનાનો વિદાય સમય આવ્યો. બંને ભાઈ બહેન એકબીજાને ગળે મળીને ખૂબ જ રડ્યાં.

લગ્નની શરૂઆતનો સમય અંજના માટે ખૂબ જ સારો વીત્યો. પૂર્ણ સમયે અંજનાએ એક સુંદર કન્યાને જન્મ આપ્યો. તેનું નામ મહેક રાખ્યું. બા હવે નાની અને મહેશ અને રોહિત હવે મામા બની ચૂક્યા હતા. બા માટે આ દિવસો ખૂબ જ સારા હતા.

એક સમયે રાત્રે રોહિત અને મહેશ બંને વાતો કરતા હતા અને જૂના સમયની યાદ કરતા હતા. રોહિત મહેશની વાતમાં હોંકારો ભણી જતો હતો. અચાનક હોંકારો બંધ થતા મહેશને લાગ્યું કે રોહિત સૂઈ ગયો હશે. તે ઊભો થયો અને રોહિતને ચાદર ઓઢાડી. પણ રોહિત તરફથી કોઈ પ્રતિસાદ ન મળતાં અને શરીરનું હલનચલન ન થતાં તેણે નજીકથી રોહિતના શ્વાસને સાંભળવાનો પ્રયત્ન કર્યો. પણ કોઈ જ પ્રતિક્રિયા નહીં. રોહિતના શરીરને ઢંઢોળ્યું પણ કોઈ જ પ્રતિસાદ ન મળતાં તેને ખ્યાલ આવી ગયો કે રોહિતનું પ્રાણ પંખેરું ઊડી ગયું છે. બા અંદરના રૂમમાં સૂતાં હતાં. તરત જ મહેશ વ્યાકુળ અવસ્થામાં બાના રૂમમાં જઈ તેના હાથ પકડીને ધ્રુસકે ધ્રુસકે રડી પડ્યો. બાના એ વયોવૃદ્ધ ચહેરા ઉપર ફરી ઘેરી ગમગીની છવાઈ ગઈ. મહેશે પકડેલા બાના હાથ અને મહેશના હાથ પર હૂંફાળાં અશ્રુઓ ઢોળાતાં હતાં. મહેશને હતું કે, બા આ વખતે ભાંગી પડશે. પણ બાની મક્કમતા અને સ્થિરતાને જોઈને એવું લાગતું હતું કે કદાચ બા આ ઘટના માટે પહેલેથી જ તૈયાર હતાં. તેને ખબર જ હતી કે પોતાના કુખેથી જ જન્મ લીધેલો આ રોહિત પહેલેથી જ માંદો હોવાથી જિંદગીનાં વર્ષોના ચઢાણમાં તે લાંબા સમય સુધી સફળતા મેળવી શકશે નહીં. બા જાણે મહેશને હિંમત આપતાં હોય તેમ તેને ઊભો કર્યો અને પોતાના સગાં-વહાલાં મિત્રોને આ દુખદ સમાચાર આપવા તૈયાર કર્યો.

અંજનાનું લગ્ન જીવન લાંબા સમય સુધી સુખમય ચાલ્યું નહીં. અંજનાના રંગીન મિજાજી પતિ અજયને બીજી એક છોકરી સ્મિતા સાથે પ્રેમ થયો. હવે અજય અંજનાને મહત્ત્વ આપતો બંધ થયો. અને તેનું મન ઘરની બહાર જ ભટકતું હોય તેમ ઘરમાં દરેક વ્યક્તિની તે ખૂબ જ ઓછી દરકાર કરતો. ફૂલ જેવી નાનકડી મહેકને પણ તે ખૂબ જ ઓછી બોલાવતો. શરૂઆતમાં અંજનાને એવું લાગ્યું કે મહેકની બીમારીના કારણે આવું થતું હશે. પછી જ્યારે હકીકત જાણવા મળી ત્યારે તેણે તરત જ નિર્ણય લીધો અને મહેકને લઈને પોતાના પિયરમાં આવી ગઈ. તેણે સંપૂર્ણ વાત પોતાના ભાઈ મહેશને કરી. મહેશ પણ તેને આ પરિસ્થિતિમાં ત્યાં મોકલવા માગતો ન હતો. અંજના મહેશ પર આધારિત રહેવા નહોતી માગતી માટે તેણે એક સંસ્થામાં નોકરી શોધી લીધી જે તેને અનુકૂળ હતી.

આમ ને આમ થોડો સમય ચાલ્યું. મહેશ લલિતભાઈના ફર્મમાં કન્સ્ટ્રક્શન સાઈટ પર સવારના સમયે બેઠો બેઠો ચા પીતો હતો. સાઈટ પર મકાન જોવા આવેલ અભિષેકભાઈ અને પ્રેમલતાબહેનને સાઈટ જોવા માટે લઈ ગયો. સાથે તેની પુત્રી અમિષા હતી. અભિષેકભાઈએ પોતાની અને પોતાની પત્નીની તથા તેની દીકરીની ઓળખાણ કરાવી. અમિષા અને મહેશની આંખો એક થઈ અને પહેલી વાર મહેશને કોઈ છોકરી પહેલી નજરમાં ગમી ગઈ હોય તેવું તેના દિલમાં લાગ્યું. અભિષેકભાઈ અને પ્રેમલતાબહેને મકાન જોઈ ગમતાની સાથે જ ટોકન ફી આપી દીધી બુક કરાવ્યું. ઘરે સાંજે મહેશના ચહેરા પરની મંદ મુસ્કાન મા અને બહેનથી છૂપી ન રહી.

બાએ તરત જ નક્કી કર્યું કે હું જ તે અભિષેકભાઈના ઘરે જઈ તારી માટે લગ્નનો પ્રસ્તાવ મૂકીશ. અને તેઓ અંજનાની સાથે બીજે જ દિવસે અભિષેકભાઈના ઘરે ગયા. તેઓના કુટુંબ પરિવારને મળ્યા અને તેઓને ઘરે પધારવા આમંત્રણ આપ્યું. અભિષેકભાઈ પ્રેમલતાબેન અને દીકરી અમિષા સાથે મહેશના ઘરે આવી તેમની પરિસ્થિતિ જોઈ પોતાની દીકરીની ઇચ્છા પ્રમાણે બંનેના લગ્ન નક્કી કર્યાં. ખૂબ જ ધામધૂમથી મહેશનાં લગ્ન પૂર્ણ થયાં.

બન્યું પણ એવું કે બંનેના લગ્ન પછી થોડા મહિનાઓ પછી મહેશના ઘરે નવા મહેમાનની પધરામણીનો હરખ થયો. અમિષાએ એક સુંદર પુત્રને જન્મ આપ્યો. જેનું નામ વત્સલ રાખ્યું હતું. આ સુખ લાંબુ ચાલ્યું નહીં. બા અને અમિષા વચ્ચે હંમેશાં ઝીણી મોટી તકરારો ચાલ્યા કરતી. એમાં ઘણી વાર તો અંજનાની સૂડી વચ્ચે સોપારી થતી. ન તે બાની તરફેણમાં બોલી શકે કે ન તો ભાભીની તરફેણમાં. ઘરનું વાતાવરણ થોડું તંગ રહેવા લાગ્યું. મહેશ હવે ધીરે ધીરે ઘરની બહાર કોઈપણ કારણોસર રહેવા લાગ્યો. આ બધું જ થતું હતું માત્ર ને માત્ર મહેશની આવકના કારણે. મહેશને આવક ખૂબ જ સારી હતી

અને અમિષા તે બધી જ આવક પોતે મેળવવા માગતી હતી. અંતે ઘણી બધી ચર્ચાઓ પછી બંનેએ હિંમતપૂર્વક બા પાસે અલગ રહેવાની પરવાનગી માગી. બા પોતાની આ ઉંમરે પોતાના ઘરને બે હિસ્સામાં વહેંચાતું જોઈ શકતાં હતાં. પણ પુત્ર અને પૌત્ર માટે અને શાંતિ માટે આ જરૂરી હતું. મને કમને આમ આઠેક વર્ષ નીકળ્યાં.

મહેશ એકલો બાના ઘરે આવે તે અમિષાને કોઈ દિવસ ગમતું નહીં. તે હંમેશાં અમિષાને લઈને જ બાના ઘેર આવતો એવું અમિષાને દર્શાવતો. એ પહેલા ચોથી તારીખે તે હંમેશાં બાને ફોન કરીને જાણ કરતો કે ઘરમાં શું લાવવાનું છે? દરેક મહિનાની પાંચમી તારીખે મહેશ ચોક્કસ સાંજે ઘરે આવતો. ઘરમાં એક મહિના દરમિયાન જોઈતી તમામ પ્રકારની ઘરવખરી સાથે દરેક મહિને ૨૦ હજાર રૂપિયા લઈ આવતો. બાને અંજનાને અને મહેકને મળી તેની સાથે દોઢ બે કલાકનો સમય ગાળતો હતો. સાંજે ચા પીને પછી પોતાના ઘરે જવા માટે રવાના થતો. આ તેનો એક મહિનાની પાંચમી તારીખનો નિત્યક્રમ હતો. આમ મહેશ પોતાની જવાબદારી એક જવાબદાર પુત્ર તરીકે હંમેશાં કોઈ પણ પ્રકારની અપેક્ષા વગર નિભાવતો હતો.

એક સમયે એવું થયું કે અમિષા અને વત્સલ સાંજના સમયે બહાર નાસ્તો કરવા ગયા હતા. બરાબર એ જ સમયે અમિષાએ મહેશને જોયો. મહેશનું ધ્યાન ન હતું. અમિષાએ તેનો પીછો કર્યો. મહેશ મહેકના ૧૪મા જન્મદિવસ પ્રસંગે તેના જૂના ઘરે આવ્યો હતો. મહેક માટે ઘણાં બધાં રમકડાં, સરસ મજાની મોટી કેક, સરસ મજાના ફ્રોક અને જિન્સ-ટોપ સાથે, ગિફ્ટ અને ઘણી ચૉકલેટ સાથે ઘરમાં દાખલ થયો. મામા, મામા કહેતી કાલીઘેલી બોલીમાં મહેક દોડતી આવી અને મહેશને વળગી પડી. મહેશને મહેક ખૂબ જ વહાલી હતી. જ્યારે જ્યારે પણ તે ઘરે આવતો ત્યારે મહેક માટે અચૂક ૮થી ૧૦ ચૉકલેટ લેતો આવતો. મહેશ માટે મહેકનો પડ્યો બોલ ઝીલતો. મામાને ફોન કરીને કંઈ પણ કહે એટલે મામા એ વસ્તુ તુરત જ એ દિવસે હાજર કરી દેતા.

પોતાની ભાણકીનો બર્થ ડે સેલિબ્રેટ કરી આજે બનેલી ઘટનાઓને યાદ કરતો કરતો તે ઘરની વાટ તરફ આગળ વધતો હતો. તેને ખબર ન હતી કે ઘરે એક મોટું તોફાન તેની રાહ જોઈ રહ્યું છે. એ તો રાત્રે ૧૨:૩૦ના ટકોરે ઘરે પહોંચ્યો. દરરોજની માફક ગાડી લોક કરી ઘરના બારણાની ચાવી હંમેશાં તેની પાસે રહેતી અને જ્યારે પણ મોડું થાય ત્યારે અમિષા અને વત્સલ સૂઈ જતાં. પણ આજે એવું ન હતું. સામે સોફા પર અમિષા બેઠી હતી. બસ ત્યારથી જ મહેશને અંદાજ હતો કે અમિષાને આજની ખબર પડી ચૂકી છે અને હવે તે ઝઘડો કર્યા વગર રહેશે નહીં. અને બરાબર એમ જ બન્યું. ઘરમાં ખૂબ જ ઝઘડો ચાલ્યો. ત્યાર પછી વહેલી સવારે મહેશ સૂવા માટે ગયો.

એવું થયું કે આ ઘટના પછી સવારે જ્યારે મહેશ સૂતો હતો ત્યારે અમિષાએ અને વત્સલે એક સંપ કરીને વત્સલનું બેટ પૂરું જોર લગાવીને મહેશના માથા પર ફટકાર્યું. રાતનો અમિષાનો ગુસ્સો તેને તેના પુત્રની સાથે સવારે પૂર્ણ કર્યો. પરંતુ આ ગુસ્સામાં અને ગુસ્સામાં અમિષાને એટલો પણ ખ્યાલ ન આવ્યો કે આ એક ફટકારેલું બેટ મહેશના પ્રાણ પણ લઈ શકે છે. અને ખરેખર મહેશનું પ્રાણપંખેરું ઊડી ગયું. જ્યારે અમિષાને અને વત્સલને સહેજ પણ પસ્તાવો ન હતો. આ ઘટના પછી તરતજ આડોશી પાડોશીને જાણ થતાં પોલીસ બોલાવી. અને અમિષાએ ગુનો કબૂલ કર્યો. પણ એને આ કામ કર્યા બદલ સહેજ પણ ખેદ ન હતો.

આ તરફ બા, અંજના અને મહેક પોતાની જિંદગીનું ગાડું જેમતેમ ગબડાવે છે. પોતાને થયેલા આ અન્યાય સામે ઈશ્વર સિવાય બાના શબ્દો કોઈ સાંભળી શકતું નથી. બાનો લાડકવાયો પુત્ર જે હંમેશાં આજ્ઞાકારી પુત્રની જેમ દરેક સમયે ઊભો હતો તે ક્યાંય નજરે જડતો નથી. ખુરશી પર બેઠેલી અંજનાની આંખો મિચાયેલી હતી અને આંસુઓની ધારા તેના હાથ પર પડતી હતી. અમારી સામે પ્રદર્શિત કરતા પણ તેના અંતરમાંથી ડૂસકાંઓ બહાર શોર મચાવી મચાવીને તેનો ભાઈ પ્રત્યેનો પ્રેમ દર્શાવતા હતા. નાનકડી અમથી મહેક તો બિચારી બની આંખોમાંથી આંસુ સરતા કંઈ જ બોલતી ન હતી. પણ એની આંસુવાળી આંખો અમને એવો પ્રશ્ન કરતી હતી કે મારા મામાનો શું વાંક હતો ? જાજરમાન વ્યક્તિત્વ ધરાવતાં બા ફરી ચોધાર રડતી આંખોએ અમારી સામે જોઈને એક જ પ્રશ્ન કર્યો કે, “મને મારા દીકરો આપી દીધો હોત તો ?”

---

*સી-૮૩, “મારુતિ કૃપા”, કાળિયાબીડ, રામનગર,*
*ભાવનગર-૩૬૪ ૦૦૨ મો. ૯૦૩૩૭૭૮૮૨૦*



# ગુરુજી પધાર્યા

- મહેન્દ્ર જે. પરમાર

પી. ટી. સી. પ્રવેશનો ઓર્ડર હાથમાં આવતાં જ ભરતના આનંદનો પાર નથી. પ્રવેશની ખુશી સાથે માદરે વતન આવે છે. વીરમગામ, માંડલ અને દસાડાની ત્રિભેટે આવેલું રામગઢ તેનું ગામ. માત્ર ૧૭૦૦ની વસ્તી ધરાવતું અત્યંત પછાત ગામ. શિક્ષણમાં પણ ઘણું પાછળ. રામગઢ ગામમાં પી. ટી. સી. પ્રવેશનો ઓર્ડર મેળવનાર ભરત પ્રથમ હતો. પોતાના દીકરાને પી. ટી. સી.માં પ્રવેશ મળ્યાનું જાણી ઘરડાં મા-બાપ હરખઘેલાં બન્યાં. ભરતને ભેટી પડ્યાં.

બેટા! અમે તો રહ્યાં સાવ અભણ. કારમી ગરીબાઈમાં અમારા ભાગ્યમાં ક્યાંથી ભણવાનું હોય? પણ તેં આજે અમારી કૂખ ઉજાળી છે. પી. ટી. સી. પાસ થતાં જ શિક્ષકની નોકરી મળતાં ગરીબાઈમાંથી અમારો છૂટકારો થશે, એવી અમને આશા છે. “હવે અમે ઘરડાં થયાં છીએ! કામ થતું નથી. પેટનો ખાડો પૂરવા જે થાય તેટલી મજૂરી કરી ગુજરાન ચલાવીએ છીએ. દીકરા તું તો ઘરનો કુલદીપક છે. ભણવાની સાથે અમને પણ મજૂરીકામમાં મદદ કરતો રહ્યો છે. તારા જેવો પુત્ર પામીને અમે તો ધન્ય ધન્ય થઈ ગયા છીએ.”

રામગઢ ગામના છેવાડે ઊંચા ટેકરા ઉપર વાલ્મીકિ સમાજનાં ૧૫ થી ૨૦ કાચી માટીનાં ખોરડાં. તેમાં છેલ્લે ભરતનું ખોરડું. ખાસ રાચરચીલું નહિ. જરૂરિયાત પૂરતાં ત્રણ-ચાર વાસણો, તે પણ માટીનાં. માટીનો ચૂલો, વીજળી નહિ, કેરોસીનનો ટમટમતો એક દીવડો. ઓઢવા-પાથરવાના ફાટ્યાં તૂટયાં ચાદર અને ગોદડી. ખોરડામાં રહેતા ગરીબ શ્રમજીવીઓ મજૂરીકામ તો ક્યાંક સફાઈકામ કરી પેટિયું રળે.

આવા સામાજિક પરિવેશમાં ભરત મોટો થતો ગયો. ભણવાની ઉંમર થતાં ગામની શાળામાં મૂક્યો. ભણવામાં ખૂબ હોશિયાર, બોલવા-ચાલવામાં પણ ખૂબ વિનમ્ર. એક પણ દિવસ શાળામાં ગેરહાજર રહે નહિ. નિયમિત ગૃહકાર્ય કરી ગુરુજીને બતાવતાં તેઓ ખૂબ રાજી થાય. એક ગુણિયલ સંસ્કારી વિદ્યાર્થી તરીકે છાપ ઊભી થતાં શાળાના બધા જ ગુરુજનો તેને વહાલ કરતા. અન્ય વિદ્યાર્થીઓ તેની ઈર્ષ્યા કરે, દૂર રાખે, ઘૃણા કરે, દૂર હડસેલી અપમાનિત કરે. પણ ભરતને કોઈ કચવાટ નહિ. ફરીયાદ નહિ. પૂરા આદર સાથે પ્રેમથી બધાંની સાથે વર્તતો. ધીરે ધીરે વિદ્યાર્થીઓના વલણમાં ફેરફાર થતાં આગળ જતાં સૌનો લાડીલો બન્યો.

બોર્ડની પરીક્ષામાં ૭૫% સાથે સ્કૂલમાં પ્રથમ સ્થાન મેળવી શાળાનું નામ રોશન કર્યું.

ધોરણ ૧૧, ૧૨ના અભ્યાસમાં પણ એ જ લગનથી આગળ વધતો રહ્યો. ધો.૧૨ ની બોર્ડની પરીક્ષા ૮૨% સાથે સામાન્ય પ્રવાહમાં ઉત્તીર્ણ કરી. નાનપણથી જ શિક્ષક થવાનું સોનેરી સ્વપ્ન ભરતે સેવેલું. તે જમાનામાં પી. ટી. સી.ની બોલબાલા પી. ટી. સી.થવું એ ખૂબ મોભાદાર ગણાતું. M.B.B.S. કરતાં પણ તેની પ્રતિષ્ઠા વધુ. પી. ટી. સી.પાસ થતાં માત્ર ૬ કે ૧૨ મહિનાની અંદર પૂરા પગાર સાથેની શિક્ષકની કાયમી નોકરી મળી જતી.

નામાંકિત પી. ટી. સી. કૉલેજમાં હાજર થવાનો દિવસ આવી પહોંચ્યો. પિતા મોહનભાઈએ ખૂબ કરકસર કરી બચાવેલા રૂ.૯૭૨ ભરતના હાથમાં મૂકતાં ગળગળા થઈ ગયા. બેટા આમાંથી કૉલેજની ફી ભરી દેજે. બાકીનો ખર્ચો શિષ્યવૃત્તિની રકમમાંથી કાઢજે. માતા-પિતાના આશીર્વાદ સાથે ભરતે વીરમગામથી વલસાડ જતી લોકલ ટ્રેનમાં બેઠો. ઘરડા મા-બાપ ક્યાંય સુધી જતી ટ્રેન તરફ જોઈ રહ્યાં.

બેટા! તું ઘણી અગવડો વચ્ચે ભણ્યો છે. શ્રવણની જેમ અમારો આજ્ઞાંકિત દીકરો બનીને અમારી ઘણી સેવા કરી છે. ઘરના નાનાં-મોટાં કામમાં હંમેશાં મદદરૂપ બન્યો છે. આંગણામાં તુલસીક્યારે પાણી રેડે છે. આંગણું વાળી ઝૂડીને ચોખ્ખુંચણાક કરે છે. કૂવેથી પાણી લાવવામાં પણ તેં નાનમ અનુભવી નથી. બેટા! ભગવાન તને સો વર્ષનો કરે. બે વર્ષ સારી રીતે ભણજે. કરકસર કરીને અભ્યાસનો ખર્ચ કાઢજે. ક્યાંક ચીજવસ્તુની ખોટ જણાય તો ચલાવી લેજે. ટ્રેનની મુસાફરી દરમ્યાન મા-બાપે આપેલી શિખામણ ક્યાંય સુધી



વાગોળતો રહ્યો. ત્યાં તો આણંદ સ્ટેશન આવતાં ઊતરી કૉલેજમાં પહોંચ્યો. આચાર્ય અને ગૃહપતિ એ સસ્મિત મીઠો આવકાર આપ્યો.

છાત્રાલયના રૂમ નંબર ૫ માં ભરતને પ્રવેશ અપાયો. અહીંયા તેને ગજબનો અનુભવ થયો. છાત્રાલયના દરેક રૂમમાં તમામ જાતિ-ધર્મના એકએક વિદ્યાર્થી ગોઠવવામાં આવ્યા. અહીંથી જ ભ્રાતૃભાવ, કોમી એકતા, સર્વધર્મ સમભાવ, સમાનતાની કેળવણીનો પ્રત્યક્ષ પ્રયોગ શરૂ થયો. સંસ્થામાં ખાદીનો ગણવેશ ફરજિયાત હોવાથી પિતા મોહનલાલે આપેલા પૈસામાંથી ખાદીનો લેંઘો અને ઝભ્ભો તૈયાર કરાવ્યો.

છાત્રાલય જીવનની દિનચર્યા સાથેની રહેણાક વ્યવસ્થાની ભરતના જીવન પર ઘેરી અસર ઊભી કરે છે. છાત્રવાસના નવા વાતાવરણમાં ભરત ઝડપથી ગોઠવાતો ગયો. પ્રેમાળ ગૃહપતિ શંકરલાલ પટેલના માયાળુ પ્રેમાળ સ્વભાવના કારણે તેને ઘણી ઓથ મળી. સવારના ૫-૩૦ થી શરૂ થઈ સાંજના ૧૦-૩૦ સુધીની દિનચર્યા. તેમાં ક્યાંય છૂટછાટ નહિ. નિયમિત ચોગાન સફાઈ, કૉલેજ સફાઈ, રસોડાકામમાં શાકભાજી સમારવી. રોટલી વણવી, પીરસણ વગેરે કામો ક્રમાનુસાર છાત્રાલયના રૂમો પ્રમાણે ફાળવાતા જાય અને દર મહિને બદલાય તેવું સુંદર આયોજન. જેથી બધા પ્રકારની તાલીમ પ્રત્યેક છાત્રને મળી રહે.

ભરતને આ નવું વાતાવરણ ખૂબ માફક આવ્યું. ભણવામાં ખૂબ મઝા આવવા લાગી. સાથી છાત્રો સાથે દૂધમાં સાકર ભળે તેમ ભળતો ગયો. ભરતના જીવનમાં એક નવી વસંત ખીલી હોય તેવું અનુભવવા લાગ્યો.

કૉલેજની પ્રાર્થનામાં પણ તેનો ડંકો વાગતો. સુમધુર કંઠે ગાંધીજીનું પ્રિય ભજન "વૈષ્ણવજન તો તેને રે કહીએ જે પીડ પરાઈ જાણે રે..." ગવડાવતાં પ્રાર્થનાસભાનો આખો માહોલ બદલાઈ જતો. ભરત હવે છાત્રાલય અને કૉલેજમાં સર્વનો પ્યારો બન્યો.



છાત્રાલય-જીવનનો એક સુખદ અનુભવ ભરતને થયો. સૌના સુખ-દુ:ખમાં સહભાગી બનવાનું વલણ કેળવાયું. છાત્રાલય જીવનની દિનચર્યા દ્વારા ઉત્તમ ટેવ ઘડતર થયું. સવારે વહેલા ઊઠવાની એક ઉત્તમ સુટેવ પડી. વિવિધ જાતિ, ધર્મ, સંપ્રદાય અને અસંખ્ય જાતિ-પેટાજાતિઓમાં વહેંચાયેલા ભારત દેશમાં શિક્ષક બધાં જ બાળકોને ચાહે, સમાન વર્તન કરે તે અતિ આવશ્યક છે. એટલે જ જૂના જમાનાના બુનિયાદી અધ્યાપન મંદિરોમાં શિક્ષક તાલીમ છાત્રવાસ સાથેની ફરજિયાત હતી.

બે વર્ષની શિક્ષક તાલીમ દ્વારા ભરત ઘડાયો, કસાયો, ફૂલ્યો-ફાલ્યો. દરેક પ્રવૃત્તિમાં તેની સક્રિય ભાગીદારી હોય. સ્વચ્છતા, નિયમિતતા, પ્રામાણિકતા, કર્તવ્યનિષ્ઠા જેવા ઊડીને આંખે વળગે તેવા સદ્ગુણોનો વિકાસ થયો.

છાત્રાલય જીવનના અનુભવો અવારનવાર માતા-પિતાને પોસ્ટકાર્ડ દ્વારા જણાવતો. ઘરડાં મા-બાપ કોઈ ભણેલા યુવાન પાસે વંચાવી ટાઢક અનુભવતાં.

માર્ચ માસમાં બીજા વર્ષની પરીક્ષા આપી અન્ય સાથી મિત્રો સાથે ભરત પણ માદરે વતન રામગઢ આવે છે. સફેદ ખાદીના ગણવેશમાં સજ્જ, છલકાતો આત્મવિશ્વાસ અને એક નવા જ પરિવેશમાં દીકરાને જોતાં જ પિતા મોહનભાઈ અને માતા ગંગાબાની આંખમાંથી હર્ષનાં આંસુ છલકાય છે. બેટા! પેપર તો સારાં ગયાં છે ને ? "મારા પર વિશ્વાસ રાખો. ખૂબ મહેનત કરીને પરીક્ષા આપી છે. ભરતે ઉત્તર વાળ્યો.

સાંજે માતા-પિતા સાથે વાળુ કરવા ભરત બેઠો. જમતાં જમતાં કહ્યું કે, બાપા! મારા પ્રિય ગુરુ આચાર્ય દિલીપરાય ત્રિવેદીસાહેબે આપણા ઘરે પધારવાનું મને વચન આપ્યું છે. મારી ભણવાની ધગશ જોઈ તેમણે મને ખૂબ મદદ કરી છે. મારો ખાદીનો ગણવેશ જે હું પહેરીને આવ્યો છું. એ તેમણે જ લઈ આપ્યો હતો. તેઓ અમારી પ્રાર્થનાસભામાં કહેતા: 'આપણે એક જ ધરતીમાતાનાં સંતાનો છીએ. કોણ ઉચ્ચ અને કોણ નીચ ?'

આચાર્ય દિલીપરાય ત્રિવેદી ગાંધી મૂલ્યોને વરેલા, ખાદી પ્રચાર, કોમી એકતા, સ્ત્રી શિક્ષણ, વ્યસનનાબૂદી, પર્યાવરણ જાળવણી, વૃક્ષારોપણ, સ્વચ્છતા અભિયાન એ તેમના પ્રિય વિષયો. વૅકેશનના ગાળામાં નવયુવાનોની ટીમ દ્વારા આ વિષયો પર લગાતાર કામ કરે. ભરત પ્રત્યે તેમને ખૂબ માન. તેના અભ્યાસ અંગે વિશેષ કાળજી રાખી પ્રોત્સાહિત કરે. નાની-મોટી જરૂરિયાતો પૂર્ણ કરવામાં મદદ કરે. ક્યારેક ખૂટતી ફી પણ ડાબા હાથને ખબર ન પડે તે રીતે ભરી દેતા.

ઉનાળાનો સમય, મે મહિનો, સપ્તાહનો પ્રથમ ગુરુવાર.

બપોરના બે વાગ્યા છે. પોસ્ટમેન ભીખાજી ઠાકોર બૂમ પાડે છે. ભરતકુમાર મોહનલાલ સોલંકી. પોતાના નામની બૂમ સાંભળતાં જ ભરત ખોરડામાં બહાર દોડી આવે છે. બાપા ! જુઓ, જુઓ, હું તમને નહોતો કહેતો. મારા ગુરુજી દિલીપરાય ત્રિવેદીનો લખેલો આ પોસ્ટકાર્ડ છે. આપણા વિસ્તારમાં પદયાત્રાએ નીકળવાના છે. માર્ગમાં આપણું ગામ આવે છે. આવતા બુધવારે આપણા ઘરે પધારવાના છે. 'બા' એમાં લખ્યું છે કે, બપોરનું એકટાણાનું ભોજન આપણા ગરીબના ખોરડે કરવાના છે.

ભરતની વાત સાંભળી ઘરડા મા-બાપની આંખોમાંથી અશ્રુધારા વહે છે. બેટા! આપણા અહોભાગ્ય. વાસમાં પણ વાયુવેગે સમાચાર પ્રસરતાં જાણે સાક્ષાત ભગવાન પધારવાના હોય એવી આનંદની હેલી ચઢી. આખોય વાસ ભરતના ખોરડે ભેગો થયો. ભરતની પીઠ થાબડતાં કહે છે: 'બેટા! તેં તો આપણા વાસને ચાર ચાંદ લગાવી દીધા. તે ગામ આખાની ઈજ્જત વધારી છે. ઘણું જીવો મારા બાપ !'

ક્યારે બુધવાર આવે તેનો સૌ ઈન્તજાર કરી રહ્યા હતા. બે દિવસ બાકી રહ્યા. બુધવારના આગળના મંગળવારના દિવસે આખાય વાસમાં ચહલપહલ વધી ગઈ. જાણે કોઈ મોટો મહોત્સવ ઊજવવાનો હોય તેની તડામાર તૈયારીઓ શરૂ થઈ. આખોય વાસ શણગાર્યો.

બુધવારની વહેલી પરોઢ, સૂર્યનારાયણ ભગવાનનું પૃથ્વી પર ધીરે ધીરે અવતરણ થઈ રહ્યું છે. સવારના ૯ વાગ્યા છે. આચાર્ય દિલીપરાય ત્રિવેદી સફેદ ખાદીના પોષાકમાં સજ્જ રામગઢના પાદરમાં ડગ માંડે છે. કપાળ પર કુમકુમ તિલક લગાવેલું છે. ખભે ખાદીનો થેલો ભરાવેલો છે. વાયુવેગે વાલ્મીકિ વાસમાં ખબર પહોંચતા જ આખોય વાસ ઢોલનગારાં સાથે ગુરુજીને લેવા પાદરમાં આવી પહોંચે છે. ભરત ગુરુજીના પગમાં પડી ચરણસ્પર્શ કરે છે. પિતા મોહનભાઈ અને માતા ગંગાબા બે હાથ જોડી અભિવાદન કરે છે.

સામાજિક ક્રાંતિની આ એક નવી મિસાલે સામાજિક સમરસતાનો, સમાનતાનો જબરજસ્ત પવન ફૂંકાતાં ગામમાં સામાજિક પરિવર્તનની એક લહેર ઊભી થઈ. નાત-જાતના ભેદ ભૂંસાયા.


આંગણામાં ખાટલા ઢાળ્યા છે. તેના પર સુંદર સ્વચ્છ ચાદર બિછાવવામાં આવી છે. ગુરુજીએ ખાટલા પર સ્થાન ગ્રહણ કર્યું છે. ગુરુજી પ્રેમથી જલપાન કરે છે. આખોય વાસ ઊમટી પડ્યો છે. ગ્રામજનો પણ પધાર્યા છે. વાતચીતનો દોર શરૂ કરતાં ગુરુજી કહે છે: તમારા ખોરડે તમારા સુખ દુ:ખમાં ભાગીદાર બનવાનો મને જે અવસર સાંપડ્યો છે તે બદલ મારી જાતને ધન્ય ગણું છું. બધાં સંપીને રહેજો. વ્યસનોથી દૂર રહેજો. મહેનતનો રોટલો રળજો. કોઈ પણ કામ કરતાં વિચાર કરજો કે ઈશ્વર બધું જ જુએ છે, સાંભળે છે અને અંતે પરિણામ આપે છે. ઊંચ-નીચના ખ્યાલો તો આપણે જ ઊભા કર્યા છે. આપણે સૌ એક જ ઈશ્વરનાં સંતાનો છીએ.

સ્વામી વિવેકાનંદે સાચું જ કહ્યું છે, "ગરીબોનાં આંસુ લૂછવા એ જ સાચી પ્રભુ સેવા છે. તમારા ગામમાં હવે ભરત જેવો એક ગુણિયલ સેવાભાવી નવયુવાન શિક્ષકની તાલીમ મેળવી શિક્ષક બનવા જઈ રહ્યો છે. તે તમને માર્ગદર્શનરૂપ બનશે. ગુરુજીની આ આપ્તવાણી રામગઢવાસીઓમાં ચમત્કારિક અસર ઊભી કરતી ગઈ. ગામમાં જાણે એક નવો જ સામાજિક પરિવર્તનનો સૂર્ય ઊગ્યો હોય અને તેનો ઉજાસ ગામને અજવાળી રહ્યો હોય તેવું સૌ અનુભવવા લાગ્યા.

સૌના આશ્ચર્ય વચ્ચે આચાર્ય દિલીપરાય ત્રિવેદી ભરતના ખોરડે બપોરનું ભોજન લેવા પધારે છે. આસન પર ગુરુજી બેઠા છે. પાટલા પર મુકાયેલ થાળીમાં બાજરીના ગરમા-ગરમ રોટલા, કારેલાનું શાક, તાજા દહીં-છાસ, મગની ખીચડી અને કઢી પીરસાય છે. મહેમાનગતિમાં ક્યાંય કચાશ રહી ન જાય તેની કાળજી ભરતે રાખી છે. મન ભરીને ભાવતાં ભોજન આરોગી વધુ પ્રસન્નતા અનુભવે છે. ગ્રામીણ પ્રદેશનો આહાર અને ઊજળી સેવા ચાકરીનું આ દૃશ્ય ગુરુજીના દિલ-દિમાગમાં ઘણું સ્પર્શી ગયું. ભરતને ઉદ્દેશીને કહે છે: ભરત તારી ગુરુભક્તિથી ઘણો પ્રસન્ન થયો છું.

આખાય ગામે વાજતે ગાજતે આચાર્ય દિલીપરાય ત્રિવેદીને ભાવભીની વિદાય આપી. એક પવિત્ર અને પુણ્યશાળી કાર્ય થયાના પરમ સંતોષ સાથે તેમણે વિદાય લીધી.

*બી/૧૦૧ સ્વાગત સિટી,અડાલજ*
*જિ. ગાંધીનગર - ૩૮૨ ૪૨૧*
*મો. ૭૨૨૬૦ ૭૮૪૪૧*



# કેસૂડાં

*- દેવેન્દ્ર પટેલ*

ગઈકાલનો અધૂરો રહેલો પત્ર ગોપાલે આજે આગળ ચલાવ્યો :

...અને હા, ભાભી, આ વખતે હોળીના આગલા દિવસે જ મારી યુનિવર્સિટીની પરીક્ષા પૂરી થઈ જાય છે. તેથી હોળીના દિવસે તો હું અવશ્ય ઘેર આવી શકીશ. સવારે મારી રાહ જોજો.. પણ ભાભી ! આ હોસ્ટેલના રસોડાની રોટલી અને બાફેલું શાક ખાઈને હું કંટાળી ગયો છું. તમારા હાથે બનાવેલી તીખી તમતમતી કઢી અને વેડમી ખાવા મારું મન તલસી રહ્યું છે. આઈ હોપ યુ વીલ સેટિસ્ફાય મી..! આઈ એમ સૉરી, ભાભી. આ કૉલેજના વાતાવરણના લીધે વચ્ચે અંગ્રેજી આવી જાય છે... પણ સદ્‌નસીબે તમને તો અંગ્રેજી ભણવા મળ્યું છે... ગુસ્સે ન થાવ તો એક વાત કહું ! જુઓ ભાભી, મારા ભાઈ આર્ટ્સ ગ્રેજ્યુએટ થયા તો હું સાયન્સનો વિદ્યાર્થી. ભગવાન કરે અને તમારા આશીર્વાદ ફળે તો હું ડૉક્ટર થઈશ. તેથી તમારા આ એકમાત્ર દિયરનો વટ ઝાંખો ના પડે એવી દેરાણી શોધજો. ઓહ! આઈ એમ અગેઈન સોરી, ભાભી, મેં ઘણું લખી નાખ્યું... જુઓ કૉલેજનો બેલ રણકી રહ્યો છે... મારે તમને એક ખૂબ જ મહત્ત્વની વાત કહેવી છે. પણ હવે રૂબરૂમાં... પણ જોજો. આ પત્ર ભાઈને વંચાવશો નહીં. અલબત્ત ! ભાઈને મારા પ્રણામ.

- ગોપાલના સ્નેહવંદન.

પત્ર પરબીડિયામાં બીડી ગોપાલ ટેબલ પરથી બે-ચાર પુસ્તકોને બગલમાં મારી કૉલેજ તરફ દોડ્યો. પરીક્ષા પૂરી થતાં જ ગોપાલે હોસ્ટેલમાંથી બિસ્તરા- પોટલાં એક દોસ્તને ત્યાં રવાના કર્યાં અને વહેલી સવારે ઊપડતી બસ પકડી લીધી.

માથા ઉપરથી પરીક્ષાનો બોજ ઊતરી જતાં ગોપાલ આજે ખૂબ ખુશ હતો. સડસડાટ દોડી રહેલી બસની બારીમાંથી આવી રહેલા ઠંડા પવનની લહેરો ગોપાલની ઉજાગરાથી થાકેલી આંખોમાં ઠંડક પ્રસરાવી ભીંજવી નાખતી હતી. થોડી થોડી વારે એની આંખો ઘેરાઈ જતી અને ઝોકું આવી જતું. તંદ્રાવસ્થામાં પણ ઘર અને ગામ એની નજર સમક્ષ તરવરી રહ્યું. તે હસવા લાગ્યો અને બંધ આંખે સ્મિત કરી રહેલું એનું કપાળ સામેની સીટ સાથે અથડાતાં તે સભાન થઈ ગયો. તેને પોતાની જાત ઉપર વધારે હસવું આવ્યું.

એ વખતે બસ હળવા આંચકા સાથે એક નાનકડા સ્ટેશને ઊભી રહી.

“ઓહ ! નવલપુર આવી ગયું. હવે આગલા સ્ટેશને જ ઊતરવાનું છે.” ગોપાલ મનોમન બબડ્યો અને સીટ નીચે મૂકેલી સૂટકેસ બહાર ખેંચી કાઢી. થોડીક વાર બાદ નવલપુર પછીનું સ્ટેશન પણ આવી ગયું અને ગોપાલ સૂટકેસ લઈને નીચે ઊતરી ગયો. નીચે ઊતરતાંની સાથે જ તેને એ ભૂમિ સાથેનાં આત્મીય સંસ્મરણો તાજાં થયાં. આજુબાજુનાં ઝાડ-પાન, ટેકરાઓ, હવા, પાણી બધું જ પોતાનું હોય એમ લાગ્યું. શહેરની એ બોઝિલ જિંદગી પ્રત્યે ઘડીક એને નફરત થઈ આવી. પાકા ડામરના રસ્તા પરના આ સ્ટેશનથી ગોપાલનું ગામ હજુ ત્રણેક ગાઉ છેટું હતું. છેક ગામ સુધી બસ જતી નહોતી. તેથી આ રોડ સાથે સાંકળવામાં આવેલા કાચા એપ્રોચ રોડ પર થઈ ગામ જવું પડતું.

ગોપાલે આજુબાજુ નજર કરી પણ આજે કોઈનુંયે ગાડું ગામ તરફ જતું હોય તેમ જણાયું નહીં. દૂર દૂર પેલા ખેતરમાં કોઈ એકલદોકલ ખેડૂત સુકાયેલા કપાસના છોડવા ઉપાડી રહ્યો હતો. સિઝન પતી ગઈ હોવાથી બધું વેરાન વેરાન ભાસતું હતું. તેણે ચાલી જ નાખવાનો નિર્ધાર કર્યો. ઝીણી કાંકરીવાળા કાચા પણ કઠણ રસ્તા પર એના બૂટના કચ. કચ.. થતા અવાજથી ચારેકોર વહી રહેલા કુદરતના સંગીતમાં એક નવો જ ધ્વનિ ઉમેરાઈ રહ્યો. અચાનક ગોપાલ થંભી ગયો. તેની નજર રસ્તાની બાજુ પર ખાખરાના એક વૃક્ષ પર જઈ અટકી. સુક્કા ભઠ્ઠ દેખાતા ખાખરાના એ ઝાડ પર કેસૂડાંનો જાણે કે લચકો બાઝ્યો હતો. તે થોડુંક હસ્યો. સૂટકેસને બાજુ પર મૂકી તેણે થોડાંક કેસૂડાનાં ફૂલ તોડી લીધાં અને ખિસ્સામાંથી રૂમાલ કાઢી બાંધી લીધાં. તે આગળ ચાલ્યો. અડધો રસ્તો કપાઈ ગયો હતો. હવે ગામ માત્ર દોઢેક ગાઉ જ છેટું હતું. એટલામાં બાજુના એક ખેતરમાંથી એક ગાડું રસ્તા પર વળ્યું. ગોપાલે સહેજ પગ દબાવ્યો અને ગાડા સુધી પહોંચી ગયો. એ ગાડામાં બેસવા માગતો હતો.

“નહીં સાહેબ નહીં, કો’ક જુએ તો અમને ઠપકો આલે... આપ મોટા ઘરના પૈસાદાર અને અમે ગરીબ...” ગાડું હાંકનારે આજીજી કરી. “કોઈ ગમે તે કહે... ભઈ, મારા ટાંટિયા હવે કહ્યું કરતા નથી. યુ ડૉન્ટ વરી.” ગોપાલ તો બોલતો બોલતો જ ગાડામાં ચડી ગયો. દિવસ માથે આવે તે પહેલાં ગોપાલ ઘેર પહોંચી ગયો. “હલ્લો ભાભી, હાઉ આર યુ? ક્યાં ગયા મોટાભાઈ?” વરંડામાં પ્રવેશતાં જ બૂમ મારી.

“અરે ગોપાલભાઈ ! તમારી પરીક્ષા પૂરી થઈ ગઈ?” ગોપાલના હાથમાંથી સૂટકેસ લઈ લેતાં ભાભીએ પૂછ્યું. ડોન્ટ ટોક અબાઉટ ધેટ એક્ઝામિનેશન..!... પણ તમને મેં લેટરમાં તો લખ્યું છે કે આજે હું આવું છું. ગોપાલે કેસૂડાં બાંધેલા રૂમાલની પોટલી પાછળ સંતાડતાં કહ્યું.

“લેટર ! મને કોઈ જ લેટર મળ્યો નથી. ક્યારે લખ્યો હતો ?”

"આ ટપાલખાતું પણ કેવું છે ?... એક અઠવાડિયું થયું એ લેટર લખ્યે. પણ હજુ... અચ્છા ભાભી, પણ... આજે જમવાનું શું બનાવ્યું છે?!"

"અત્યારે જે બનાવ્યું હોય તે છાનામાના ખાઈ લો. સાંજે વેડમી બનાવીશ... તમને ખૂબ ભાવે છે ને !"

"એક્સલન્ટ ! મારા ટેસ્ટની તમને બરાબર... ખબર છે... પણ લ્યો ભાભી, આ તમારા માટે હું બ્લાઉઝ પીસ લાવ્યો છું... ખિસ્સાખર્ચમાંથી ખાસ બચત કરીને. ભાઈને કહેશો નહીં. અરે, પણ, મારા મોટા ભાઈ ક્યાં ગયા છે?" ગોપાલે સૂટકેસમાંથી બ્લાઉઝ પીસ કાઢતાં પૂછ્યું.

"એ તો ગઈકાલના બહારગામ ગયા છે. પણ હવે મારી મંજૂરી વિના કદીયે કોઈ ચીજ મારા માટે લાવશો નહીં... તમને મારા સમ છે... ગોપાલના માથાના વાળ પકડી નાટકીય ગુસ્સો કરતાં ભાભીએ કહ્યું."

અને બંને જણ હસી પડ્યાં. ત્યાં જ ગોપાલના મોટાભાઈ ઘરમાં પ્રવશ્યા. તેમને જોઈને ગોપાલ ભાભી પાસેથી છટકીને સામે દોડ્યો.

"કેમ ગોપાલ, આવી ગયો !"

"હા, હમણાં જ આવ્યો. મે લેટર લખ્યો હતો કે આજે હું આવવાનો છું. પણ ભાભી કહે છે કે હજુ તો લેટર મળ્યો જ નથી... કાલે જ મારી પરીક્ષા પૂરી થઈ.."

"પેપરો કેવાં ગયાં ?!"

"ફર્સ્ટ ક્લાસ"

"રજાઓ કેટલી છે?"

"પૂરેપૂરો દોઢ મહિનો... બસ આ દોઢ મહિના સુધી ભાભીના હાથનું ખાઈને તબિયત બનાવવી છે...' ગોપાલે હસતાં હસતાં કહ્યુંઃ "તો ચાલો. આજથી જ શરૂ કરી દો. જમવાનું તેયાર છે." રસોડામાંથી ભાભીની બૂમ સંભળાઈ. ગોપાલ હાથ-પગ ધોવા ગયો.

"હોળીનાં દર્શન કરવા રાત્રે આવશો ને ભાભી?" ગોપાલે પૂછ્યું.

"હાસ્તો... પણ તમારે ઘેરૈયા નથી થવું ? જાવ ને લાકડાં ઉઘરાવવા ?'' "ઓહ! એ દિવસો હવે ગયા. હજુયે મન થઈ જાય છે, પણ ભાઈની બીક...

"બસ ! આટલી જ હિંમત! ઘેરૈયા નહીં તો ઘેરૈયાઓના "લીડર' બની જાવ... તો જ હું માનું કે તમે ખરા બહાદુર !"

"એમ છે? જોઈ લો ત્યારે આજે ગોપાલનો વટ. ચાલો કાઢો વરંડામાંથી પેલા મહુડાનાં લાકડાં."

"અરે પણ આપણા ઘેરથી ? હોળીનાં લાકડાં તો આપણે નથી ઉઘરાવતાં..."

"હું કંઈ જાણું નહી. ચાલો હું મારી જાતે જ લઈ લઉં."

અને એમ કહેતાં કહેતાં સાથે જ ગોપાલે વરંડામાંથી એક મોટું લાકડું ખેચી કાઢ્યું અને નાના છોકરાઓને બોલાવી હોળી ચકલે મોકલી આપવા જણાવ્યું. સાંજે બધાએ વાળુ કરી લીધું અને ગોપાલે બધાંથી વહેલા હોળી ચકલે જવાની તેયારી કરી.

"ગોપાલ ! મારે તારું કામ છે હમણાં જતો નહીં.' મોટાભાઈએ હુકમ ક્યો." "ઓહ! મારે મોડું થાય છે, જે કામ હોય તે અત્યારે કહી દો ને!" જરાક અકળાતાં ગોપાલે કહ્યું.

પણ એનો કોઈ જ જવાબ મળ્યો નહીં. રાત પડી ચૂકી હતી. ગામમાં દીવાબત્તી થઈ ગયાં હતાં. લોકો ધીમેધીમે હોળી ચકલે વળી રહ્યાં હતાં. ગોપાલનાં ભાભી પડોશના ઘેર બેસવા ગયાં હતાં અને બે ભાઈઓ બંધબારણે કશીક ગુસપુસ કરી રહ્યા.

થોડીક વાર બાદ પાછા આવી તપાસ કરી તો ગોપાલ ઊંઘી ગયો હતો. "હોળીનાં દર્શન માટે એ જ મને કહેતા હતા તે... ઊંઘી પણ ગયા.' મનોમન બબડતાં ગોપાલનાં ભાભી પણ હોળી ચકલા તરફ વળ્યાં. મોડી રાત્રે ઘેર આવી બધાં સૂઈ ગયાં.

પણ બીજા દિવસે સવારે ભાભીએ બૂમ મારી "ચાલો ઊઠો ગોપાલભાઈ, ચા તૈયાર છે.'

ચા તૈયાર થઈ ગઈ. પણ ગોપાલ ન આવતાં તે જાતે ગોપાલના ઓરડામાં ગયાં. ગોપાલ પથારીમાં નહોતો. પથારીમાં એક પોટલી પડી હતી અને એ રૂમાલમાં બાંધેલા કેસૂડાંના ફૂલની વચ્ચે એક ચિઠ્ઠી હતી.

ચિઠ્ઠીમાં લખ્યું હતું :

"પૂજ્ય ભાભી,

અરમાન તો હતાં કે, આજે ધૂળેટીના દિવસે આ કેસૂડાંથી તમને રંગી નાખું પણ એમ કરવા માટે હું રોકાઈ શકતો નથી. કેમકે મોટાભાઈની નજરમાં હું તમારો દિયર કહેવડાવવાને લાયક નથી અને એ વહેમનાં વમળો વધુ ને વધુ વળતાં જાય એ પહેલાં હું એમાંથી બહાર નીકળી જવા માગું છું. પણ ભાભી, તમે મારા મન માત્ર ભાભી નથી... તેથીયે વધુ તમે મારે મન માતા વિશેષ છો... મા વિહોણા દીકરાને તમે મમતા આપી છે. અને હા, જે પત્ર મેં અહીં આવતાં પહેલાં લખ્યો હતો તે પણ મોટાભાઈ પાસે જ છે. તેમાં મેં લખ્યું હતું કે મારે એક ખૂબ જ મહત્ત્વની વાત તમને રૂબરૂમાં કહેવાની છે.

પણ તે સદ્‌ભાગ્ય સાંપડી શક્યું નથી... ભાભી, તમારું જ પ્રતિબિંબ ધરાવતી મારી કૉલેજની એક છોકરી સાથે મારું મન મળ્યું છે. મને આશીર્વાદ આપજો કે ભાભી જેવી જ દેરાણી થાય. અલબત્ત! કંકોતરી હું જરૂર લખીશ. મારી રાહ કદી ન જોશો. મને મારા ભાગ્યના ભરોસે છોડી દેજો. - ગોપાલના સ્નેહવંદન.

ચિઠ્ઠી ભીંજાઈ રહી હતી... જાણે કે પ્રત્યેક બિંદુ આશીર્વાદ વરસાવી રહ્યું હતું.

*એ-૧૦૧, અભિલેખ વિલા,*
*શીલજ રેલવે ઓવરબ્રિજ પાસે, શીલજ,*
*અમદાવાદ-૩૮૦૦૫૯. મો. ૯૮૭૯૨૦૭૧૦૨*

# સંક્રાંત

- *કિરણ વી. મહેતા*

સંક્રાંત મકાનની પરસાળમાં ઊભો ઊભો જોઈ રહ્યો હતો. પરસાળ ઊતરતાં ઝીણી ધૂળવાળી જમીન હતી, કાળની થપાટો ખાઈને અખંડ અસ્તિત્વ કણ કણ બનીને વેરાઈ ગયું હોય એવી. તેના ફરતે શુષ્ક કાંટાળી વાડ, લીલોછમ્મ વૈભવ ગુમાવી દીધાના અફસોસમાં ડૂબેલી હોય એવી. તેને અડીને બહારની બાજુએ ઊંચો જમીનનો ટુકડો. એમાં તુવેરના ત્રણ-ચાર ફૂટ ઊંચા છોડવાઓ જાણે ઊંઘવાની તૈયારીમાં હોય એમ સ્થિર હતા. ખેતરની પાસે પર્વતમાળા વિસ્તરેલી હતી. પવન પર્વતો ઉપરથી ઊતરીને આવ્યો હોવાથી થાક્યો હોય, એમ આરામ ફરમાવતો હતો. અજવાળું ધીમાં ડગલાં માંડતું સૂરજ પાછળ દોરાતું દૂર દરિયા પાર રહેલા પોતાના ઘર તરફ જઈ રહ્યું હતું. શ્યામ ખડક પર એક સફેદ પક્ષી બેઠું હતું. તે કોઈની પ્રતીક્ષામાં હોય, એમ એક જ દિશામાં જોઈ રહ્યું હતું. ભૂમિનો આ નાનકો ખંડ અજવાસ અને અંધકારની નદીઓના સંગમ જળ પર હિમશીલાની જેમ અવાક્પણે તરી રહ્યો હતો.

સંક્રાંતે સાંજ થતાં જ જમી લીધું હતું, કારણ કે, ભોજન લાવનારો ગામનો માણસ કહેતો હતો કે, રાત્રે લાઈટનું કશું ઠેકાણુ હોતું નથી. લાઈટ જતી રહેશે તો પછી છેક સવારે આવશે. મકાઈના રોટલાનો સોનેરી રંગ, ભાજીના શાકનો હરિત રંગ, મરચાંની ચટણીનો લાલ રંગ અને ખાટી છાશનો શ્વેત રંગ..... રંગોની આ દુનિયા સંક્રાંતને પંદર-વીસ વર્ષ પછી મળી હતી. મુંબઈથી ત્રણસો કિલોમીટરનું અંતર કાપીને એ આ તરફ આવ્યો હતો. એ મુંબઈની એક ચૌદમા માળની ઑફિસનો કર્મચારી હતો.



અંતરિયાળ વિસ્તારના લોકોમાં સ્વાસ્થ્ય અને સ્વચ્છતા બાબતે સભાનતાનો સર્વે કરવા એને પંદર દિવસ અહીં મૂકવામાં આવ્યો હતો. એને તો આટલે દૂર આવવું રસપ્રદ લાગ્યું હતું, કારણ કે જીવનનો એક તબક્કો આ વિસ્તારમાંથી પસાર થયો હતો. એનું વતન અહીંથી એંસી કિલોમીટરના અંતરે હતું, તેમ છતાં, હવામાંથી એને વતનની પરિચિત સુગંધ આવી રહી હતી. ફેફસાંઓમાં પ્રવેશી રહેલી હવા શરીરમાં નવો રોમાંચ પેદા કરતી હતી. મુસાફરીના એક જ ઝાટકે જાણે શહેર મસ્તિષ્ક પરથી દૂર ફેંકાઈ ગયું હતું અને નિબિડ વનરાજીએ મગજને પોતાના પ્રભુત્વ હેઠળ લઈ લીધું હતું.

“સાહેબ, ખાટલો ઓરડામાં પાથરી દીધો છે. ઇચ્છા થાય ત્યારે સૂઈ જજો, પણ અંદરથી બારણું બંધ કરજો. જંગલી પ્રાણી રાતે આવીને બારણે મોઢું ઘસતું હોય કે પછી દારૂડિયો આવીને બારણું ખખડાવે, એવું અહીં કોઈકવાર બને છે, એટલે પહેલેથી જ ચેતીને રહેવું સારું. તમે સવાર પડે ત્યાં લગી ઓરડાનો દરવાજો ખોલતા જ નહિ. દરવાજો ભલે જૂના વખતનો લાગતો હોય, અસલ સાગનો મજબૂત દરવાજો છે, એટલે વાંધો નહીં આવે.....” સંક્રાંતને જમાડીને ઘરે જવા નીકળેલા માણસે કહ્યું.

“તમારે અત્યારે જ જવું છે ?”- સંક્રાંતે પૂછ્યું.

“હા સાહેબ, મારું ઘર દૂર છે અને ઘરે પહોંચતાં રસ્તામાં જ અંધારું થઈ જાય તો જોખમ રહે, એટલે હું જાઉ છું. સવારે ચા-નાસ્તો લેતો આવીશ. અભણ લોકો બહુ ચિંતા ના કરે, પણ હું કૉલેજ ભણેલો છું, એટલે ચિંતા વધારે કરું છું.....”

થોડીક જ વારમાં એ માણસ વનરાજીમાં અદશ્ય થઈ ગયો.

રાતે ખાટલામાં પડતાં જ સંક્રાંત ઊંઘમાં ઝબોળાઈ ગયો. ક્યાંકથી સરી આવતા વન્ય પ્રાણીઓના રડ્યાખડ્યા અવાજો સાંભળવા માટે મન જાગવા ઇચ્છતું હતું, પણ ઊંઘ આગળ મન હારી ગયું. આંખો ઊઘડી ત્યારે આજુબાજુ આછું આછું જોઈ શકાતું હતું. હવામાં જંગલની ઠંડી ખુશ્બૂ તરતી હતી. સંક્રાંતે મોબાઇલનું બટન દબાવ્યું ને ઓરડામાં ઉજાસ ઊગ્યો. સવારના છ થવા આવ્યા હતા.

ટક..... ટક..... ટક..... ત્રણ વખત બારણા પર ટકોરા પડ્યા. સંક્રાંત ચમક્યો. એક સેકંડમાં ભયની ધ્રુજારી ફરી વળી શરીરમાં, પણ બીજી જ સેકંડે એ ઓળખી ગયો અવાજને. પિતાજી મોડી રાતે કે પરોઢે ઘરે આવતા, ત્યારે બંધ બારણા પર આંગળીથી ત્રણ ટકોરા મારતા. મા બારણું ઉઘાડતી. સંક્રાંત મોટો થયો પછી તો માને બદલે એ જ બારણું ખોલતો. પિતાજી શિક્ષક હતા, ગુજરાતી ઉપરાંત સંસ્કૃતના પણ સારા જાણકાર, પણ નોકરી છોડી દીધેલી. સંક્રાંતનો જન્મ મકરસંક્રાંતિના દિવસે થયેલો, આથી, પિતાજીએ એનું નામ સંક્રાંત રાખેલું, એવું એને પિતાજીએ એકવાર કહેલું. સ્વભાવે એ બહુ હાયવોય કરે એવા નહીં, બેફિકર જેવા, અલગારી સ્વભાવના. એ ક્યારેક વનમાં ઊંડે પુરાણા મંદિરિયા તરફ ફરવા જતા રહેતા કે કોઈ જડીબુટ્ટીની શોધમાં દૂર નીકળી જતા. ઘરે પાછા ફરવામાં એમને મોડું થઈ જતું. સમયની બહુ ચિંતા ન કરતા. મા ટેવાઈ ગઈ હતી પિતાજીની જીવનશૈલીથી, પણ એમના વગર સંક્રાંતને ચેન ન પડતું. પિતાજીના ખાલી ખાટલાને જોઈને સંક્રાંતની આંખોમાં નિદ્રા પ્રવેશતી જ નહીં. પિતાજી ઘરે આવે ત્યારે બારણું ઉઘાડતાં જ હાશકારાની છાલકથી એની આંખોના છોડ ખીલી ઊઠતા. પિતાજી આવી રીતે બહારથી આવતા, ત્યારે તાજું મધ, ખાટાંમીઠાં ફળો કે રૂપાળાં ફૂલો જંગલમાંથી લેતા આવતા. સંક્રાંત જેકપોટ હાથમાં આવ્યો હોય, એમ ફળ-ફૂલ મેળવીને ખુશ થઈ જતો. મા તો એને વહાલી હતી જ, પણ પિતાજી એને વધુ વહાલા લાગતા. મા તો ક્યારેક એના પર છણકોય કરતી, પણ પિતાજી ક્યારેય લાડકા દીકરાને વઢતા જ નહીં. "પિતાજી આવ્યા !" અત્યારે પણ ઉદ્ગાર એના હૈયેથી સરી પડ્યો. એણે તરત જ બારણું ખોલી નાખ્યું.

ઝાંખા અજવાળાના આવરણમાં એણે પાઘડી જોઈ. ચહેરો પણ કળાયો.

"પિતાજી તમે ! અહીં આગળ ?"

પથ્થર પરથી સરી રહેલા પાણી જેવી સહજતાથી એના ઉદ્ગારો વહી નીકળ્યા.

"હા દીકરા, કેટલાંયે... વર્ષો થઈ ગયાં, તને મેં જગાડ્યો હોય, એવું બન્યાને... આજે થયું મારા સંકુને જગાડતો જઉં..."

પિતાજી સંક્રાંતને લાડમાં 'સંકુ' કહેતા. સંક્રાંત આ ક્ષણોને ખોવા નહોતો માગતો. એણે અધીરાઈથી સમયને મુઠ્ઠીમાં પકડવા પ્રયાસ કર્યો,

"જઉં એટલે ક્યાં ? ક્યાં જશો તમે ? હવે તો વતનમાં એ વગડા જેવું મોટું ઘર પણ નથી, માના મૃત્યુ બાદ મેં મુંબઈમાં ફ્લેટ ખરીદ્યો હતો, એ ખર્ચને પહોંચી વળવા વતનનું એ ઘર મારે વેચી દેવું પડ્યું... તમને ખબર છે કે મારે દીકરો છે ? વિસ્મય, આર્કિટેકચરનું ભણે છે..."

સામેની બે આંખોમાંથી ડબ... ડબ... કરતાં આંસું પડ્યાં. સંક્રાંતે આંસુડાં લૂછવા હાથ લંબાવ્યો, પણ હાથ કોઈ આકારને સ્પર્શ્યો નહીં. પરસાળનાં પગથિયાં પરથી પિતાજી જઈ રહ્યા હતા. એ પાછળ દોડવા ગયો ને જોયું તો બધું રિક્ત હતું... સામેનાં ઝાડવાંઓમાંથી એક આકૃતિ આ તરફ આવતી હતી. હાથમાં બેટરી, લાકડી અને ચાનું થર્મોસ. આ તો ગઈ સાંજે આવેલ માણસ... પણ પિતાજી ક્યાં ? પ્રશ્નાર્થના દાતરડાની ધારથી ઘસાયેલા વાતાવરણને લોહીના ટશિયા ફૂટી આવ્યા.

સંક્રાંત ગામમાં સર્વે કરવા નીકળ્યો. ગામનાં મકાનો મોટેભાગે કાચાં અને ઝૂંપડાં જેવાં, વનરાજી વચ્ચે ઊગેલા બિલાડીના ટોપ જેવાં. કાગળોમાં માહિતી ભરીને એ આગળ વધતો. કોઈક જગ્યાએ મોબાઇલમાં ટાવર પકડાતો, એટલે એ ઘરે વાત કરી લેતો. કામ રઝળપાટનું અને થકવી દે તેવું હતું. એક ટેકરી પર રહેલા મોટા પથ્થર પર એ થોડીવાર વિસામો ખાવા બેઠો. એને કેટલાયે સમયથી સતત એવું લાગ્યા કરતું હતું કે, મગજમાં કરોળિયાનાં જાળાંની જેમ કશુંક બાઝી ગયું છે. શું કરવું ? એનો કોઈ ઉપાય મળતો નથી. દિવસે ને દિવસે એ જાળું મોટું ને મોટું થતું જાય છે. આ જાળાની વાતે ચડી જવું, એ તો અંત વગરના દૃષ્ટિહીન બોગદામાં પ્રવેશવા જેવું છે. એક તો ઘોર તિમિર ને પાછો પ્રાણવાયુ પણ ઓછો, રૂંધામણનો પાર રહેતો નથી. જવા દો એ દુખી થવાય એવી વાતને. એણે આસપાસ જોયા કર્યું. પવનની લહેરખીઓ



આવતી હતી અને પાસેના ઝાડનાં પાંદડાં પવનની દિશામાં ખેંચાતાં હતાં. પવન એમને તાણતો હોય એવું નહોતું લાગતું, પણ એ પોતે જ પવન સાથે ભાગી જવા ઉત્સુક હોય એમ લાગતું હતું. ઊંચા પર્વત પરનાં ઝાડવાં નાના નાના છોડવાઓ જેવડાં દેખાતાં હતાં. એવામાં ઊંચે એક આકૃતિ દેખાઈ. એ જોઈને ચિત્તમાં ચક્રવાત ઊઠ્યો. એ નીચેથી જોતો હતો ને દૃશ્ય ઘણું ઊંચે અને દૂર હતું, આથી, આકૃતિની આછી આછી રેખાઓ પરખાતી હતી. એ જ પાઘડી પહેરેલો માનવદેહ અને આસપાસ ચરી રહેલી ધોળી, રાતી, કાબરી અને કાળી એવી ચાર ગાયો. એ ગાયોને લઈને પિતાજી ક્યારેક ચરાવવા જતા. ક્યારેક ગાયો સાથે પર્વત પણ ચડતા. અત્યારે જે દેખાય છે, તે પિતાજી જ છે... પેલા અર્ધવર્તુળાકાર ઘટાવાળા ઝાડ નીચે. એ જાણે પાવો વગાડતા ઊભા છે. સંક્રાંતના કાનમાં પાવાના એ સૂર રેલાયા. એણે દૃશ્યને બારીકાઈથી જોવા દૂરબીન લગાવ્યું... ઝાડ દૂરબીનની પકડમાં આવ્યું. ગાયો દેખાઈ, પણ પિતાજી ના દેખાયા ! હૃદય જાણે ધબકારો ચૂકી ગયું. પછી ગમગીનીનું બગલું હૃદયના લોચાને ચાંચો મારવા માંડ્યું.

સર્વેનું કામકાજ આટોપીને સંક્રાંત પાછો મુંબઈ આવી ગયો હતો. વિસ્મયને અને પત્ની સૌમ્યાને પ્રવાસ વિશે ખાસ કશું કહેવામાં એને રસ પડ્યો નહીં. એને લાગ્યું કે, એણે ફોન પર જે વાતો કરી હતી અને વોટ્સએપ પર એના અને જંગલના ફોટાઓ મોકલ્યા હતા, એમાં બધું આવી જતું હતું, એટલે એકની એક વાતો ફરી કરવાનો કશો અર્થ નથી. વિસ્મય પર એની પરીક્ષાનું ભારણ હતું. સૌમ્યા પતિની બધી બાબતોમાં માથાકૂટ કરવાની ટેવ ધરાવતી ન હતી અને સંક્રાંત ઓછાબોલો હતો, આથી, ઘરમાં સંવાદોનાં સૈન્યોની લાંબી કૂચકદમ થતી જ નહીં. જરૂર પૂરતું જ બોલવાનું, બાકી, સહુ સહુની માયાજાળમાં લપેટાયેલાં, પોતપોતાના અખરોટના કોચલામાં પુરાયેલાં.

રવિવારની નિરાંતવી સવારે સંક્રાંત પૂજા કરવા બેઠો હતો ને એને યાદ આવ્યું કે, એ સર્વે માટે ગયો, ત્યાંથી સોપારી જેવડા નાના નાના પથ્થરો નદીમાંથી વીણી લાવ્યો હતો. એ હજુ બેગમાં જ પડ્યા છે. એ ઊભો થયો, પથ્થરોને ધોઈને એક સારા રૂપાળા પથ્થરને પૂજામાં મૂકવાની ઇચ્છા થઈ. ભૂખરા, કાળા અને સફેદ પથ્થરો ચોખ્ખા હતા, પણ પૂજામાં લેવાના હોવાથી તરભાણીમાં પાણી ભરીને એમાં ધોવા માટે મૂક્યા. અત્યારે પાણીમાં ડૂબેલા પથ્થરો સરિતામાં તળિયે પડ્યા હતા, એવા જ દેખાયા. ઊંડે ઊંડેથી અંતરની ગુફામાંથી એક દૃશ્ય પાંખો ફફડાવીને બહાર આવ્યું અને તરભાણીના જળમા ઊડવા માંડ્યું. પથરાઓ જાણે ગાયો હતા અને જળને વીંધતા આગળ વધતા હતા. પિતાજી ગાયોને લઈને નદીનાં નિર્મળ જળને કાપતા ચાલ્યા જાય છે... ચાલ્યા જાય છે... ચાલ્યા જાય છે... જાય છે... જાય છે... સંક્રાંત ત્વરિત ઊભો થઇને એમની પાછળ દોડ્યો. ત્રણ-ચાર ડગલાંમાં જ કપાળ અધખુલ્લા બારણે અથડાયું. કપાળ પર વાગ્યાની વેદનાને ગણકાર્યા વગર એ પાસેના રૂમમાં ગયો. ત્યાં કબાટમાં વર્ષો પહેલાંની પિતાજીની એક પાઘડી એણે બહુ જતનથી જાળવી રાખી હતી.

સંક્રાંત રૂમની બહાર આવ્યો, ત્યારે વિસ્મયે એને જોયો. વિસ્મયે નવાઈ પામીને રસોડામાંથી સૌમ્યાને બૂમ પાડીને બોલાવી, “મમ્મી, જલદી આવ !” સૌમ્યા દોડતી આવી.

“મમ્મી, જોતો દાદાજી આવ્યા છે !”


સૌમ્યા પાઘડી પહેરેલા સંક્રાંતને તાકી રહી.

સંક્રાંતના પિતાજી તો સંક્રાંત કહેતો હતો એમ કે વર્ષો અગાઉ એક વાર ગાયો લઈને ચરાવવા જંગલમાં ગયા હતા, ત્યારના એ પાછા આવ્યા જ નહોતા. ખૂબ દોડધામને અંતે દિવસો પછી પિતાજીની પાઘડી જંગલમાંથી મળી આવી હતી... ન ગાયો પછી કોઈ દિવસ જોવા મળી કે ન પિતાજી...

સૌમ્યાએ જોયું કે, સંક્રાંતના ચહેરા પર ગરમાળાનાં ફૂલો જેવી આભા ફેલાયેલી હતી ને આંખોમાં તેજસ્વી સવારે પર્ણની ધારે લટકતા જલબિંદુ જેવી અપૂર્વ ચમક હતી.

“હું ગાયો ચરાવવા જાઉં છું !” સંક્રાંત બોલ્યો !

*‘સરસ્વતી કૃપા’, ભાગ્યોદય સોસાયટી,*
*માનસરોવર રોડ, પાલનપુર-૩૮૫ ૦૦૧. જિલ્લો બનાસકાંઠા.*
*મો. ૯૫૧૨૪૦૫૧૬૬*



# સફરજન

*- અલતાફ પટેલ*

રોજની જેમ ચારે મિત્રો ગોપાલભાઈ, નાયર સાહેબ, હુસેનભાઈ, દયાનંદ હસતાં હસતાં ઘરે જવા રવાના થયા. તડકો ભારે હતો. સૂરજ દેવતા બરાબર તપ્યા. દયાનંદ ધીરે ધીરે પગલાં ભરતા આગળ વધ્યા. રોજ કરતાં આજે તેમને ખૂબ જ ભૂખ લાગી હતી. સવારે રોજ વહુ નાસ્તો આપતી પણ લોટ નહિ હોવાથી માત્ર ચાથી ચલાવી લેવું પડ્યું. ઘરે પહોચતાં દયાનંદ પરસેવે રેબઝેબ થઈ ગયા.

હાશ કરીને સોફા પર બેઠા ને અચાનક એમની નજર ડાઈનિંગ ટેબલ પર પડેલા નાનકડા સફરજન પર ગઈ. હર્ષ સાથે ઊભા થઈને તેમણે સફરજન ખાવા માંડ્યું. છેલ્લો ભાગ બાકી જ હતો ને ગુડ્ડી દોડતી આવી. દાદાના હાથમાં સફરજન જોઈ તેણે રડારોળ કરી મૂકી. વહુ દોડતી આવી પણ શું થયું બેટા શાની ચીસાચીસ છે. દાદા મારું સફરજન ખાઈ ગયા..

પાપા તમે નાનાં બાળકોની વસ્તુઓ પણ ખાઈ જાવ છો, તમારાથી તોબા. ઘરમાં શાંતિ તમને જાણે ગમતી જ નથી. એટલામાં રાજુનો ફોન આવ્યો. શાની રડારોળ માંડી છે. અરે બાપુજીએ તો હદ કરી છે. ગુડ્ડીનું સફરજન ખાઈ ગયા.

બાપુજીને ફોન આપ.

હજુ દયાનંદ હાથમાં ફોન લે તે પહેલાં રાજુ તાડૂક્યો.

બાપુજી તમને શરમ જેવું છે કે નહિ... ઘરે બાળકોને રડાવો છો... જાવ જલદીથી બહાર જઈને સફરજન લઈ આવો.

ઊભા થતાં એટલું બોલી શક્યા: હા બેટા હમણાં જ જાઉં છું...

ઘરની બહાર નીકળ્યા તો તાપ જોઈ દયાનંદની આંખે ઝળઝળિયાં આવી ગયાં. ક્યાં જવું વિચારવા લાગ્યા... અચાનક મને ખાનસાહેબ સાંભરી આવ્યા. ત્યાંથી દસેક મિનિટનો જ રસ્તો હતો. ચાલતાં ચાલતાં અનેક વાતો ઘુમરાવા માંડી... નિવૃત્તિ પછી મળેલી બધીજ રકમ રાજુના હાથમાં મૂકી દીધી જેથી મકાનના બાકી હપ્તા ચૂકવાઈ જાય. એક સમય હતો ઓફિસેથી આવતા સફરજનના બોક્સ, કેરીના બોક્સ ઘરે લઈ આવતા. આજે એ હાલત છે ખિસ્સામાં ફદિયુંય નથી. વિચારતા વિચારતાં ખાનસાહેબનો બંગલો આવી ગયો. દૂરથી જોતાં જ ખાનસાહેબ દોડતા બહાર આવ્યા.

અરે દયાનંદ આજ ગરીબના આંગણે?

હાથ પકડીને દયાનંદને ઘરમાં લઈ આવ્યા. આખો ડ્રોઈન્ગરૂમ એસીની ઠંડકથી મહેકી રહ્યો હતો. દીવાલ પર કાબા શરીફના, મદીના શરીફની ફ્રેમો ખૂબ સુંદર લાગતી હતી... જેમનું મન સાફ હોય ત્યાં સઘળું સુંદર હોવાનું, દયાનંદ વિચારી રહ્યા.

કામમાં તો ન હતા ને? દયાનંદે હળવેકથી પૂછી લીધું.

કોઈ જ કામ નથી. ક્યારનો સફરજન ખાતો હતો. બેગમ માર્કેટ ગઈ છે આવતી જ હશે. કહીને ગઈ છે કે આખું સફરજન પૂરું કરજો તમે આજકાલ બરાબર ખાતા નથી... ચાલો તમારા માટે લીંબુનું શરબત લઈ આવું, કહેતા ખાનસાબ કિચન તરફ દોડ્યા.

દયાનંદે જોયું તો સામે ટેબલ પર કેળાં, સફરજન, દ્રાક્ષ પડ્યાં હતાં. દયાનંદે ઝડપથી ઊભા થઈ એક સફરજન લઈ ખિસ્સામાં સેરવી લીધું. જિંદગીમાં ક્યારેય ચોરી કરી ન હતી. દયાનંદનું દિલ ખૂબ દુભાયું.

એટલામાં બેગમ આવી ગયાં.

અરે તમે કેટલા દિવસે આવ્યા? તમારા માટે નાસ્તો લઈ આવું. 'ના... ના હવે હું જાઉ...'

એમ ના જવાય. તમે વાતો કરો અબઘડી નાસ્તો લઈ આવું. અમારા ઘરેથી કોઈ ખાલી ન જાય. અલ્લાહ નારાજ થઈ જાય.

છેવટે બેગમે ફૂલ નાસ્તો કરાવીને કેડો લીધો.

હવે હું ઉતાવળો ઊભો થયો. બહાર ઝાંપાની નીકળ્યો જ હતો ને ખાનસાબ દોડી આવ્યા. એમ કઈ ચાલતા જવાય તડકામાં... ચાલો મારી જીપમાં બેસી જાવ...

ખાનસાબ મને ઘરે મૂકવા આવ્યા ને સાથે થેલી ભરીને સફરજન આગ્રહ કરીને આપ્યા. દાદાને જોતાં જ ગુડ્ડી દોડતી આવી. વહુનો અંદરથી અવાજ સંભળાયો.

દાદા ખાલી હાથે જ આવ્યા હશે બેટા. રડતી ના... પણ ગુડ્ડી થેલી લઈને મમ્મી પાસે હરખભેર દોડી ગઈ. મમ્મી જોતો કેટલાં બધાં સફરજન દાદા લઈ આવ્યાં... દાદા કેટલા સારા છે.

વહુનો ચહેરો ખીલી ઊઠ્યો. સાંજે રાજુ આવ્યો તે પણ પ્રસન્ન થઈ ગયો. બધાં દયાનંદની આજુબાજુ બેસી ગયા. રાજુ ગળગળા સાદે કહે : બાપુજી અમને માફ કરી દ્યો... તમારા ઘરમાં તમારું જ અમે ખૂબ અપમાન કર્યું. ખરેખર અમે નાલાયકો છીએ... ઈશ્વરના ગુનેગાર. ના બેટા એવું ના બોલ. તમે લોકો ખૂબ સારાં મારાં વહાલાં બાળકો છો.

એટલામાં ડોરબેલ રણકી. જોયું તો એક ભાઈએ મોટી થેલી ને એક પત્ર આપ્યો. નાયર સાહેબે મોકલ્યો છે.

બેટા વાંચ પત્રમાં શું લખ્યું છે.

પૂજ્ય દયાનંદ સાહેબ... પ્રણામ. આપે મને ઑફિસમાં હતા ત્યારે ખૂબ જ સુંદર માર્ગદર્શન આપ્યું હતું. જેને પ્રતાપે હું કલાસવનમાં સફળ થયો. પ્રમોશન મળ્યું. મારી વાડીનાં સફરજન સ્વીકારશો. બાપુજી આજ તો કમાલ કહેવાય. સફરજનનો તો વરસાદ.

ગુડ્ડી બોલી ઊઠી... દાદા એપલ મેજિક. બધા હસી પડ્યા. દયાનંદનો ચહેરો મલકાઈ ઊઠ્યો. ઉદાસીનતા ઘડીકમાં ટળી ગઈ.

*૬૫૮/૧, સેક્ટર ૨૯, મસીહા અસરા, ગાંધીનગર.*
*મો. ૭૩૮૩ ૬૪૦૬૧૦*

# હળવુંફૂલ

*- ડૉ. અશ્વિન વસાવડા*

નવાબી સમયનો મોતીબાગ એ અમારા જૂનાગઢ શહેરનું ઘરેણું છે. 'મોર્નિંગ વૉક'માં લોકો આવે, 'ઇવનિંગ વોક'માં લોકો આવે, કુટુંબ સાથે ઉજાણી કરવા લોકો આવે, આ ભવ્ય બગીચો સવારસાંજ લોકોથી ઊભરાતો જ હોય.

સવારમાં કોઈ જોગિંગ કરતા હોય, પ્રૌઢો, વૃદ્ધો વૉક કરી બાંકડાઓ ઉપર બેસી ગપસપ કરતા હોય, કેટલાંક સ્ત્રી-પુરુષો, યુવક-યુવતીઓ યોગ કરતાં હોય કે કસરત કરતાં હોય. વળી મેદાનના એક ખૂણામાં 'લાફિંગ ક્લબ' ચાલતી હોય.

થોડા સમયથી એક વડીલ નિયમિત રીતે આવે ત્યારે તેની કારમાં કોઈને 'લિફ્ટ' આપી લાવ્યા જ હોય, જાય ત્યારે કોઈ વડીલને બૂમ મારી કહે વડીલ આવી જાવ જ્યાં કહેશો ત્યાં ઉતારી દઈશ. તેનું વર્તન સૌનું ધ્યાન ખેંચે છે. મને તેઓશ્રીનું વર્તન બહુ ગમી ગયું છે. સામે મળતા યુવાનોને 'ગુડમોર્નિંગ' કહે, પ્રૌઢો, વૃદ્ધોને નમસ્કાર કહે કોઈને 'જય ભૂતનાથ' કહે. યુવાનો સાથે ક્રિકેટની વાતો કરે, છાપાના સમાચારની વાતો કરે તો કોઈ સાથે રામાયણ, મહાભારતની વાત કરતા પણ સાંભળ્યા છે.

મેં તેને એક દિવસ પૂછેલું : 'આપ સામે મળતા બધાંને કેમ 'ગુડમોર્નિંગ', 'નમસ્કાર', 'જય ભૂતનાથ', કહો છે?' તેઓશ્રી એ ગંભીર બની કહેલું, 'દોસ્ત આપણે કોઈને 'વિશ' કરીએ એટલે સામે એ વ્યક્તિ ચહેરા ઉપર સ્મિત લાવી સામો જવાબ આપવાનો. સવારમાં કોઈના ચહેરા ઉપર દિવસનું પહેલું સ્મિત લાવવું તે એક પ્રકારનો મોટો પરોપકાર છે. એ પ્રસન્ન 'થાય છે કે મને 'વિશ' કર્યું આપણને પણ આનંદ થાય છે.' મને તેઓશ્રીની વાત ગમી પછી મેં પણ તેઓશ્રીનું અનુકરણ કરવું શરૂ કરી દીધું.

પછી તેઓશ્રી 'લાફિંગક્લબ'માં જોડાયા. થોડા દિવસોમાં અમે સૌએ તેઓશ્રીને 'લાફિંગક્લબ'ના સંચાલક બનાવી દીધા.

તેઓશ્રીએ પહેલે દિવસે જ કહ્યું : 'માત્ર અહીં જ હસવાનું નથી, દિવસભર મનને હસતું રાખવાનું, ચિંતામુક્ત રહેવાનું છે.'

તેઓશ્રીએ એક નિયમ બનાવ્યો. અઠવાડિયામાં એક દિવસ આપણે એવો રાખશું કે કોઈએ કંઈ સારું વાંચેલું હોય તે અહીં કહેવાનું, સામાજિક કે ધાર્મિક વાત કરવાની, કોઈ સારું ગાતું હોય તેમણે ગીત ગાવાનું, કોઈ હેન્ડી વાજિંત્ર લાવી વગાડવાનું, કોઈને કંઈ સમસ્યા હોય તો તે વિના સંકોચે કહેવાની, શક્ય છે કે તેનું કંઈ નિરાકરણ થઈ શકે અને મુશ્કેલી દૂર થઈ જાય.

આજે મેં તેઓશ્રીને હસીને કહ્યું : 'અમારામાંથી ઘણાએ તેનો પરિચય આપી કંઈને કંઈ કહ્યું. આજે તો આપ જ આપનો પરિચય આપી કંઈ કહો.'

તેઓશ્રીએ કહ્યું : 'હું ગુજરાત હાઈકોર્ટનો નિવૃત્ત ન્યાયાધીશ છું.'

એક ભાઈએ કહ્યું : 'શું કહો છો આપ ગુજરાત હાઈકોર્ટના નિવૃત્ત ન્યાયાધિશ છો?...એવું લાગતું તો નથી.'

તેઓશ્રીએ હસીને કહ્યું : 'કેમ, એટલે મારે કપાળ ઉપર લેબલ લગાડી ફરવાનું ?

"ના પણ આટલી મોટી પોસ્ટ ઉપર હતા છતાં આપનું અમારા સૌ સાથેનું વર્તન આટલું હળવુંફૂલ એટલે નવાઈ લાગે છે."

તેઓશ્રીએ કહ્યું : "જો ભાઈ હું નિવૃત્ત થયો તે દિવસે ચેમ્બરની બહાર આવ્યો ત્યારે મારો હોદ્દો એ ચેમ્બરની ખુરશીમાં મૂકીને ઘેર આવ્યો છું. મને ઇન્ટરવ્યૂમાં પૂછેલું "તમને રસોઈ બનાવતાં આવડે છે?" મને મનમાં થયેલું શું હું રસોયાની પોસ્ટનો ઇન્ટરવ્યૂ આપું છું. ...ઇન્ટરવ્યૂ લેનારે તરત ખુલાસો કરેલો "ના આ તો તમારાં પત્ની પિયર જાય ત્યારે ડાઇનિંગહૉલમાં જમવા જાવ કે ઘેર રસોઈ કરવા કોઈને બોલાવો તે કરતાં તમે પોતે બનાવી લો તો સારું. કોઈ સાથે સંબંધ ન બંધાય. મેં કહેલું "રોટલી વાટકાની મદદથી ગોળ કરી લઈશ, બાકીનું આવડે છે." શક્ય ત્યાં સુધી હજામત કરાવવા એક જ સલૂનમાં નહીં જવાનું. સંબંધ બંધાઈ જાય, જુદાં જુદાં સલૂન બદલ્યાં કરવાં. કોઈ સાથે બહુ હળવું મળવું નહીં, ઓછું બોલવું અને ઓછો સમય ત્યાં રહેવું. આવા બધા પ્રોટોકોલમાં હું રહ્યો છું." એક બહેને પૂછ્યું : "આપ હોદ્દા વિનાના બની ગયા તેથી આપને વસમું નથી લાગતું ?"

તેઓશ્રીએ હસીને કહ્યુંઃ "અરે મારી બહેન મગજમાં હોદ્દાનો જે ભાર હતો તે ઊતરી જતા હળવાફૂલ બની જવાયું છે."

"- પણ સાહેબ ઘણા લોકો તો હોદ્દા ઉપરથી ઊતરી ગયા પછી પણ હોદ્દા ઉપર હોય તેમ જીવે છે." એક યુવતીએ પૂછ્યું.

"જો બહેન પહેલાં તો મને સાહેબ સંબોધન નહીં કરવાનું ભાઈ કહેવાનું. તારી વાત સાચી છે સરકારના મોટા હોદ્દા ઉપરથી નિવૃત્ત થયેલા અધિકારીઓ ઘર, કુટુંબ, પડોશ, સમાજમાં હોદ્દાને મગજમાં રાખી જીવતા મેં જોયા છે. એક નિવૃત્ત ડી.એસ. પી. સાહેબ તો ઘરમાં પણ ઠાવકાઈથી જીવતા મેં જાણ્યા છે. બિચારાં તેના બાળકો પણ ઘરમાં તેનાથી ડરી ડરી તે રહે છે. શ્રી રજનીશજીએ સરસ વાત કહી છે" "તમે જે નથી હવે નથી તે જાળવી રાખવા અહમ્‌થી જીવો છો."

બાકી હોદ્દો છોડ્યા પછી આ મારું વતન છે, અહીં ભણ્યો તો એ શાળા, કૉલેજ, આ શહેરનાં મંદિરો, બગીચા, શેરીઓ અને રસ્તાઓ જોઈ જીવવાની મજા પડે છે. બસ હવે હળવુંફૂલ જીવવું છે. અમે સૌએ લાંબા સમય સુધી તાળીઓ પાડ્યા કરી.

*એ-૭૦૧, અર્જુન પેરેડાઇઝ, સ્વનિક આર્કેડની બાજુમાં,*
*એચ.ડી.એફ.સી.બેન્ક પાસે, સ્પોર્ટ સંકુલ રોડ,*
*નારણપુરા, પ્રગતિનગર, અમદાવાદ. મો. ૯૮૨૪૦૦૦૭૩૯*

# મોટી બહેન

*- સ્નેહલ નિમાવત કુબાવત*

અમદાવાદના વૈભવી વિસ્તાર રાજપથ ક્લબ પાછળ આવેલ વંદન બંગલો પર ડિસેમ્બરની ઠંડી હવા પથરાઈ રહી હતી. એ બંગલામાં એક વિશાળ ખંડ સન્નાટાથી ઘેરાયેલો હતો.

કપિલા બેઠકરૂમના સોફા ઉપર બેઠી હતી અને તેની નજર વિમલરાય દાદાના રૂમ તરફ મંડાયેલી હતી. તે રૂમ વિમલરાયનો શયનકક્ષ હતો. આજે તેમની ખુરશી ખાલી હતી. પલંગ ખાલી હતો અને તે શયનકક્ષનો ખૂણે ખૂણો ખાલી હતો. કેમકે દાદા વિમલરાય હવે રહ્યા ન હતા. કપિલા પોતાના અતીતમાં ઊતરી ગઈ. દશેક વર્ષ પહેલાની આ વાત છે. કપિલા તેના પતિ પ્રતાપ સાથે આ શહેરમાં મજૂરી કામ કરવા આવી હતી. સાથે તેમની દશ વર્ષની દીકરી પણ હતી. પ્રતાપને એ વિસ્તારની એક કંસ્ટ્રક્શન સાઇટ પર કામ મળી ગયું હતું, પરંતુ તેની એક આદત ખરાબ હતી. સાંજ પડે તેને દારૂનો ગ્લાસ જોઈતો હતો. કપિલા પતિને સમજાવતી કે આપણે અજાણ્યા શહેરમાં રોજી રોટી માટે આવ્યા છીએ, અને આપણે આપણી દીકરીનું ભવિષ્ય પણ ઉજજ્વળ કરવા માંગીએ છીએ. જો તમે આવી રીતે પૈસા વેડફશો તો દીકરીને ભણાવીશું કેવી રીતે?

પછી તો બન્યું એવું કે બાંધકામની સાઇટ પર પતિ સાથે કપિલા પણ મજૂરીએ ચડી ગઈ. બંધાઇ રહેલી એ સોસાયટીમાં બિલ્ડર કપિલાને એક કોટડી પણ આપી હતી અને તેમાં શાક રોટલી બનાવી ત્રણ  જણાં પેટ ભરી લેતાં. કપિલા ઘણી વખત વિચારતી કે આમ જિંદગી કેવી રીતે પસાર થશે. પ્રતાપ તો દારૂમાં જ ડૂબેલો રહેતો હતો. કપિલા કામ કરવા માંડી હોવાથી પ્રતાપ હવે કામ ઓછું કરતો અને છેક સાંજના ભાગે કોટડીએ આવીને તૂટમૂટ ખાટલીમાં લાંબો થઈ જતો. તેની આ દશા જોઈને કપિલા રડી જતી. એ વિસ્તારની એક સ્કૂલમાં કપિલાએ તેની દીકરીએ ભણવા મૂકી હતી. એટલો સંતોષ તો તેના હૈયે હતો પણ બધા જ દિવસો સરખા નથી હોતા. પ્રતાપને ક્ષય થયો. કપિલા બધી બાજુથી મૂંઝાયેલી હતી. શું કરવું? કેમ કરવું? જિંદગી કેમ જીવાશે?

પહેલા દારૂમાં પૈસા જતા હવે પ્રતાપની બીમારી પાછળ પૈસા ખર્ચાવા લાગ્યા. છ મહિના જેવો સમયગાળો પસાર થઈ ગયો અને પ્રતાપ આ ફાની દુનિયાને છોડીને વિદાય થઈ ગયો. કપિલા અને તેની દીકરી ચંપા બહુ રડ્યાં. બિલ્ડરને કપિલાની દયા આવી. તેમણે કપિલાને કહ્યુ કે તું સારી રસોઈ કરી શકે છે તો તને આ વિસ્તારની વંદન બંગલોઝ સોસાયટીમાં વિમલરાયના ત્યાં કામ અપાવી દઉં. કપિલાને તો ભાવતું'તું ને વૈદે કીધું. એણે હા પાડી અને પછીના અઠવાડિયામાં કપિલા વિમલરાયના બંગલાના રસોડે કામે લાગી ગઈ. ખૂબ પ્રામાણિકતાથી કપિલાએ રસોડુ સંભાળી લીધું. આ બંગલો એ વિમલરાયનો નહોતો, આ બંગલો વિમલરાયના જમાઈનો બંગલો હતો. દીકરીએ તેના પિતા વિમલરાયને ટેકો આપવાનું ચાલુ કરી દીધું હતું. વિમલરાય કોઈ સમયે સરકારી સેવામાંથી સેવા નિવૃત્ત થયેલા. તેમને સારું એવું પેન્શન પણ મળતું હતું. એક દિવસ વિમલરાયે કપિલાને કહ્યું દીકરી તું મારી દીકરી જેવી જ છે. હવે આ ઘર તારું જ છે અને તું અહીં રહીને અમને રોટલો ખવડાવ તારી ચંપાને ભણાવવાની અને પગભર કરવાની તમામ જવાબદારી અમે લઈ લઇશું.....

સમય વહેતો ગયો. હવે તો કપિલાની દીકરી મોટી થઈ ગઈ હતી. તે બારમા ધોરણમાં હતી અને બહુ હોંશિયાર હતી.

વિચારોમાં ડૂબેલી કપિલાને એકાએક વિમલરાયની દીકરીએ ઢંઢોળી. કપિલા ચમકી ગઈ અને જૂની યાદોમાંથી બહાર આવી ગઈ. તે વિમલરાયની દીકરીને ભેટીને રડવા લાગી. ચંપા પણ હાજર હતી. ચંપા પણ રડી ગઈ. વિમલરાયની દીકરીએ કહ્યું, તું રડે છે શું કરવા. તું રડીશ તો તારી ચંપા પણ રડશે. અમે સમજીએ છીએ કે, દાદાની વિદાયનો તને આઘાત લાગ્યો છે, પણ ઈશ્વરને ગમ્યું તે ખરુ. કપિલા કહે દાદાની હૂંફ અમને ઘણી મળી, જીવનના અંતભાગે દુઃખના દિવસો જોવાના આવે તે કેટલું વસમું લાગે. - આરંભે પતિને ગુમાવવાની પીડા થઈ પડી. હવે દાદાની છત્રછાયા ગુમાવવાનો વખત આવ્યો, એટલે હવે અમારું શું થશે? ક્યાં જઇશું? શું કરીશું? વિમલરાયની દીકરીએ કહ્યું કે કપિલા, દાદા ભલે ગયા, દુઃખ તો થાય પણ હજી તારી મોટી બહેન બેઠી છે. આ ઘર તમારું જ છે. તમારે ક્યાંય હવે જવાનું નથી. તમે મા દીકરી અહીંયાં જ રહેશો અને તમારું પોષણ અમે કરીશું.

કપિલા નવેસરથી વિમલરાયની દીકરીને ભેટીને રડી પડી. આ એક માનવતાનું જીવંત ચિત્ર બની રહ્યું. કડવું છે પણ સત્ય છે.

માનવતાથી આપણું જીવન ખીલી ઊઠે છે. આપણા વ્યક્તિત્વમાં નવી ખુશ્બૂ ઉમેરાય છે જે આપણને હંમેશાં મહેકાવે છે...

*૧૬, આકાર સોસાયટી, જોધપુર ચાર રસ્તા,*
*સમાન કોમ્પલેક્સ પાસે, સેટેલાઇટ, અમદાવાદ-૩૮૦ ૦૧૫*
*મો. ૯૪૨૯૬૦૫૯૨૪*

# ભારેલો અગ્નિ

*- ડૉ. નીલેશ રાણા*

અર્ચનાના મનમાં વિચારોનું તાંડવ... અચાનક આમ થશે, એનો પોતાના પર અણગમતો પ્રભાવ પડશે. જે માટે પોતે તૈયાર પણ ન હતી. આ નવી વાસ્તવિકતાને પોતે બળજબરીપૂર્વક અનુરૂપ થવું પડશે. પોતાના મૂળભૂત વિચારોને બદલવા પડશે. પોતાને ભોગ આપતા સમાજને માટે જીવન જીવવું પડશે.

કેતન કદાચ સાવ જ બુદ્ધુ છે અથવા અત્યંત ચાલાક. પોતે સમજી શકી ન હતી. પોતાની સાથે મેરેજ કરવાનું કારણ ? એ એક મધ્યમવર્ગના એક બેડરૂમમાં રહેતાં પેરન્ટ્સનો છોકરો અને પોતે સમાજમાં મોભેદાર અને ધનવાન પેરેન્ટસની એકની એક દીકરી.

એ મળવા આવ્યો એ પહેલાં મમ્મીએ તાકીદ કરી હતી કે, ખબરદાર જો મોં ખોલ્યું છે તો, આ સંબંધમાં તારી હા છે એમ અમે માની લીધું છે. સમજી !

મેરેજ થયા પહેલાંની મુલાકાત યાદ હતી. બંને અગાશીમાં ભેગા થયા હતા. કેતન લગ્નની ના પાડે એ માટે પોતે એને સમજાવ્યો હતો. પોતે એમ પણ કહ્યું હતું કે એક બેડરૂમના ફ્લેટમાં રહેવાનું નહીં ફાવે. તો એણે ફટ દઈને જવાબ આપ્યો હતો કે એક મહિનામાં અમેરિકા જવાનું નક્કી છે. છેવટે પોતાને જે નહોતું કહેવું એ કહેવું જ પડ્યું કે મારી કોઈ પણ પુરુષની સાથે રહેવાની ઈચ્છા નથી.

ત્યારે એ ગાંડાની માફક હસી પડ્યો. પછી ગંભીર મુખે ડ્રોઈંગરૂમમાં બેઠેલા વડીલો સામે આવીને બેસતા બોલ્યો "મને અર્ચના પસંદ છે! પોતાને લાગ્યું હતું કે પોતે સાંભળવામાં ભૂલ તો નથી કરી ને ? પણ મીઠાઈથી મોં મીઠું કરાવતા ભ્રમ ભાંગી પડ્યો હતો. ત્યારે પોતાને કેતનનું ગળું દાબી "મારે અર્ચના સાથે મેરેજ નથી કરવા' શબ્દો બોલાવવા હતા પણ...



કેતનની વિદાય બાદ પોતે ધમપછાડા કર્યા હતા, ગુસ્સો કર્યો હતો, રડી પણ હતી.

પણ મમ્મી ધમકાવતાં બોલી હતી "તેં ત્રણ મુરતિયાને જોયા વગર જ ના પાડી દીધી - આ તો આપણા સારા નસીબ છે કે કેતને લગ્ન કરવા હા પાડી. અમને પણ કેતન ગમ્યો છે.'

પોતે દલીલ કરી હતી "તમારા પૈસા પર એની નજર છે.

'તો શું થયું? આમ પણ અમે પૈસા ગળે બાંધીને નથી લઈ જવાના. અમારા પછી એ તમારા જ થશે ને!'

'તમે કદાચ એને પૈસાની લાલચ આપીને મારો સોદો કર્યો લાગે છે.'

'શરમ નથી આવતી આવું બોલતાં, અમે શું તારા દુશ્મન છીએ ?'

"મારી પસંદ તમે જાણો છો.'

વેવલી થા મા.'

'તમે બે જિંદગી બગાડશો.'

"પરણ્યા પછી બધુ ઠીક થઈ રે'શે સમજી !'

"અને એમ ન થયું તો?'

'જો સમાજમાં અમારે નાક જાળવવાનું છે. જોતું હવે કશુંક આડુઅવળું કરશે તો અમારા મર્યા મુખ જોશે.'

ત્યાંજ વચ્ચે ડેડી ટપકી પડ્યા. "કાલે ઊઠીને અમે સમાજને શું મોં દેખાડશું? અમારી આબરૂની તને ચિંતા છે ખરી? હવે તું વિચારી લે કે તારે અમને સ્મશાન ભેગા કરવા છે કે પછી....'

રામબાણ... ધમકી અસર કરી ગઈ. મન થયું હતું કે પોતે ઘર છોડીને ભાગી જાય. પણ માતાપિતાની આબરૂનો સવાલ હતો. પોતાની એમના પ્રત્યેની ફરજ પણ કહી શકાય.

હવે જીવનભર અકથ્ય વેદનાના ભાર નીચે જીવવું પડશે ન તો ખુશ રહી શકશે, ન તો કેતનને ખુશ રાખી શકશે. પણ કેતને મેરેજ માટે હા શા માટે પાડી? ધનનો લાલચી હશે, હા એટલા માટે જ એ તૈયાર થયો છે. હવે શું? એ કિનારો છોડીને સાગરના પાણીમાં પગ મૂકી ચૂકી છે. ડૂબવું કે તરવું પોતે જ નક્કી કરવું પડશે. પણ પેરેન્ટસની સંપત્તિ મળતાજ કેતનનું વર્તન બદલાય ગયું તો? પોતાને ઘરમાંથી કાઢી પણ મૂકે તો? પોતાએ કોમ્પ્રોમાઈઝ કરવું જોઈએ? એમ કરવું ઠીક ગણાશે? જો પોતાની લાગણીની કોઈને પરવા નથી તો પોતે શા માટે... પોતાની બલિ ચઢી ચૂકી છે.

પણ અમેરિકા આવવાનું કારણ શું? પપ્પાએ કેતનને ભારતમાં નવી ફૅક્ટરી બાંધવાની ઓફર પણ આપી હતી.

ત્યારે કેતનને કહ્યું હતું, "અમેરિકા જઈને થોડો અનુભવ લીધા બાદ.'

પોતે પણ ફોર્સ કર્યો હતો કે એ પપ્પાની વાત માની લે.

ત્યારે એ હસતા બોલ્યો હતો "ઉતાવળ શું છે?' અને પછી મમ્મીને કહ્યું હતું, "તમે અર્ચનાની ચિંતા જરાય ન કરતા, એ હંમેશાં ખુશ રહેશે એની હું ખાતરી આપું છું.'

ત્યારે મમ્મી ખુશી ખુશી બોલ્યાં હતાં તમે તો અમારા દીકરા સમાન છો, અમને શાની ચિંતા.'

લુચ્ચો, એનું હસવાનું. પોતાની ખુશીને લાગેલું ગ્રહણ, કોણ બોલશે "દે દાન... છૂટે ગ્રહણ...

પ્રથમ રાતે પણ એનું વર્તન - જાણે કે જેન્ટલમેન, ન પતિ તરીકેનો હક્ક જતાવ્યો, બસ પડખુ ફરીને સૂઈ ગયો. ત્યારે પોતે આશ્ચર્ય સાથે હાશ અનુભવી હતી કદાચ હું પહેલ કરું એવું એનું માનવું હશે. પોતે એમ શા માટે કરે? કેતન પ્રત્યેનો પોતાનો ગુસ્સો કે નિરાશાની સરહદ ઓળંગવા પોતે તૈયાર નહતી. કેતનનો ઈરાદો સ્પષ્ટ ન સમજાતા પોતે બેચેન થઈ રહી હતી. પોતાની મુંઝવણ, વ્યથા કોની સામે વ્યક્ત કરે.

અમેરિકાના સ્વતંત્ર વાતાવરણમાં પોતે હજુય બંદી જ હતી. આવ્યાને હજુ તો અઠવાડિયું થયું હતું. માંડ માંડ જાગવા - ઊંઘવાની પ્રક્રિયા બદલાવા લાગી હતી. અહીં સવાર તો ભારતમાં રાત. પણ પોતાનાં જીવનમાં છવાયેલું અંધારું. ન જાણે હવે શું થશે? પોતાની જાતને બદલી શકશે ખરી. એક વિડંબણા. ભીતી, અસ્થિરતા... મનમાં ભારેલો અગ્નિ.... ક્યાં લગી ચૂપ બેસી રહેવું?

રવિવારની સવારની ગુલાબી ઠંડી પણ મનમાં ઉકળાટ, કેતનના સ્વભાવમાં ન કોઈ બદલાવ, ન કોઈ માંગણી, ન તકરાર, વધતી જતી મુંઝવણ મન પર વધતો જતો ભાર થયું કે આ ભાર હવે પોતે વધુ લાંબો સમય સહન નહીં કરી શકે. હવે પોતે જ પહેલ કરવી પડશે, આ પાર કે પેલે પાર, પછી જે થવાનું હોય તે થાય. આમ ગૂંગળાતાં રહેવાથી પરિસ્થિતિનો હલ નહીં આવે. પણ વાત કેમ ચાલુ કરવી? કરવી કે નહીં. જાણે અજગરની ભીંસ.

અર્ચનાએ ગરમ કૉફીનો મગ કેતનની સામે ગોઠવી, પોતાનો મગ લઈ એની સામે બેઠી.

કૉફીની ચુસ્કી લેતાં, કેતન સ્મિત ફરકાવતાં અર્ચનાની સામે જોવા લાગ્યો.

'કેમ કૉફી ઠીક નથી બની?'

"તને શું લાગે છે.'

કદાચ, તમને નહીં ભાવી હોય?'

'ના...ના એવું નથી.'

'તો પછી...'

"અરે એ તારા જેવી જ મીઠી છે.'

'મારી મશ્કરી કરવાના મૂડમાં લાગો છો.'

"તને એમ કેમ લાગે છે?'

"મને એમ કેમ લાગે છે! જવા દો, તમને સમજવા એ મારી સમજણની બહાર છે.'

'એમ.. વન્ડરફૂલ, પણ એમાં ગુસ્સો શું કરવાનો.'

'ગુસ્સો નથી કરતી. પણ...'

'તારા મનમાં શું ચાલી રહ્યું છે?'

'મારી ના છતાંય મારી સાથે મેરેજ કરવાની તમારી ચાલને હું હજુ સુધી સમજી શકી નથી.' હૈયે હતું એ તરત જ આજે હોઠ પર આવી ગયું.

'તને આ મારી ચાલ લાગે છે.'

'હાસ્તો, બીજું શું?' સ્વરમાં રોષની ઝલક.

'જરા ગુસ્સો થૂંકી દે.'

'તો શું દિવાળી મનાવું?' અર્ચનાનો સ્વર ઊંચો થયો.

"દિવાળીના અંધકારમાં તેં દીવાઓ ઝળહળતા જોયા હશે...'

'હા. તમારો મારા પપ્પા મમ્મી પર કરેલો ઉપકાર!'

"ઓહ! તને એમ લાગે છે કે મેં તારાં પેરેન્ટ્સ પર ઉપકાર કર્યો છે?'

કૉફીનો મગ સહેજ દૂર ખસેડતાં "મને તો એમ જ લાગે છે.'

'મારું એમ કરવાનું કારણ?' ગંભીર સ્વર.

'શા માટે મારા મોઢે બોલાવો છો?'

"આપણા બે સિવાય અહીં કોઈ ત્રીજું નથી. નથી આપણા સંબંધીઓ આસપાસ, મનમાં જે હોય તે બેધડક કહી દેવાનું.



'તમે સાંભળી શકશો?'

હું તો રાહ જોતો હતો. હું સાંભળવા તૈયાર છું. મનની વાત મનમાં જ રાખશે તો બળતરા થશે.'

"તમે જ કહો ને તમે મારી સાથે મેરેજ શા માટે કર્યા?'

"એનું કારણ હું તને જણાવીશ. જરૂર જણાવીશ. પણ તને જે કારણ લાગતું હોય, આઇ મીન સાચું લાગતું હોય એ જરાય સંકોચ રાખ્યા વગર આજે કહી દે.

કેતન કોઈ ચાલ તો નથી રમી રહ્યોને એ વિચારતાં, સહેજ આશંકા સાથે બોલી, 'તમે ગુસ્સો કરશો તો?'

'પ્રોમિસ, નહીં કરું હું કારણ જાણવા આતુર છું.' કૉફીના મગને બે હાથ વચ્ચે દબાવતાં કેતન બોલ્યો.

'મારા ડેડીના પૈસા માટે. 'શબ્દો હોઠમાંથી છૂટી ગયા. હૃદય એક ધડકન ચૂકી ગયું. મનમાં થયું હું આમ ન બોલી હોત તો સારું થાત.

'વાહ! મારું અનુમાન સાચું પડ્યું. મને પણ એમ જ હતું કે તારી ધારણા એજ હશે.'

'કેમ મેં ખોટું કહ્યું?'

'ના...ના... તારી સમજણ પ્રમાણે તારું એમ ધારવું યોગ્ય છે.'

હું જાણતી હતી.' અર્ચનાએ હાશ અનુભવી.

'પણ...પણ... મારા મત પ્રમાણે તારી આ ધારણા સાવ જ ખોટી છે.'

'તો પછી સાચું શું છે જણાવશો' અર્ચના ભવો ચઢાવતી તુરત જ પૂછી બેઠી.

'રિલેક્સ, શાંત થા. મારી વાત સાંભળ. હું આજ ક્ષણની રાહ જોઈ રહ્યો હતો, કે તું મને આ સવાલ કરે. મેં ધનની લાલચમાં તારી સાથે મેરેજ નથી કર્યા. પણ તારી સાથે મેરેજ કરવામાં મારો પણ... સ્વાર્થ હતો.' કેતન બોલતાં અટક્યો.

વાતને ગોળ ગોળ ફેરવવામાં કેતન માહિર લાગે છે. મારાં પેરેન્ટ્સને પણ આવી મીઠી વાતો કરી ભરમાવ્યા હશે. એમ અર્ચના મનમાં વિચારવા લાગી.

"પણ આનો લાભ તને પણ મળશે.'

'મ...મને...' અર્ચનાના હોઠ ખુલ્લા રહી ગયા.

'તેં મને સાફ જ જણાવ્યું હતું કે તું કોઈ પણ પુરુષ સાથે જીવન વિતાવવા રાજી નથી.'

"કહો તો ફરીથી કહું?' અર્ચના ભવાં ચઢાવતી બોલી.

"એટલે તેં તારા પેરેન્ટ્સના દબાણને કારણે મેરેજ કર્યા ખરું ને?'

શું કહેવું ન સમજાતાં અર્ચના ચૂપ રહી.

"જે પરિસ્થિતિનો ફાંસો તારા ગળામાં હતો હું પણ એવી જ પરિસ્થિતિમાં કેદ હતો. લાચારી અને મજબૂરીના બંધનમાં... હું મુંઝવણમાં હતો, હિંમત ન હતી, ત્યાં તું મને મળી ગઈ. '

"એટલે તમે પણ...'

'હવે સાચું કારણ સમજાયું?'

"પણ હવે શું?'

'જો ભારતમાં હજુય સમાજ સકુંચિત માનસ ધરાવે છે. ત્યાં રહીને બળવો કરવાથી વાત વણસી જશે. ત્યાંના હજુય પૂર્વગ્રહ, દબાણ, ઈમોશનલ બ્લેકમેઈલ, તું આમ કરશે તો અમારું મર્યું મોં જોશે - અમોઘશસ્ત્ર. તારા વિશે મને થોડી જાણકારી હતી. જો તેં ખુલ્લા મને મને વાત ન કરી હોત તો હું મેરેજ માટે ના જ પાડવાનો હતો. પણ તેં કમાલ કરી દીધી.

'પણ અહીં આવવાનું પ્રયોજન?'

"પ્રયોજન એ જ કે અહીં આવીને આપણે રાહતના થોડા શ્વાસ લઈ શકીએ. હવે શું કરવું એ આપણા હાથમાં છે. થોડી ધીરજ રાખવી પડશે. શાંતિથી આગળનો પ્લાન વિચારીએ.'

"પણ આપણને ગમતી વ્યક્તિઓને આપણે ભારતમાં છોડી આવ્યા છીએ.'

અર્ચના અધીરાઈપૂર્વક બોલી.

"થોડો સમય જોઈશે, વ્યવસ્થા થઈ જશે.'

"અને આપણા વડીલો?"

"એમને પણ સમજવું પડશે, છૂટકો નથી. છે તારી પાસે બીજો કોઈ ઉપાય?' 'અરે તમારી કૉફી ઠંડી પડી ગઈ લાગે છે, લાવો હું ફરી ગરમ કરી આપું.'

અર્ચના હસતાં બોલી.

---

*C/o. દિલીપ પટેલ, મારુતિ બાગ,*
*એન.પી. ઠક્કર રોડ, વિલે પાર્લે (ઈસ્ટ),*
*મુંબઈ-૪૦૦ ૦૫૭, મહારાષ્ટ્ર.*



મનમોહક કચ્છીકલા

પ્રીતેષ એન. પટેલ
મો. ૯૯૨૪૨ ૬૬૧૦૮



જય શ્રીરામ
શોભના દવે
મો. ૯૪૦૯૧ ૯૧૬૬૪

# વિનોદિકા સંપુટ

રતિલાલ બોરીસાગર

શાહબુદ્દીન રાઠોડ

પ્રવીણ દરજી

હર્ષદ પંડ્યા 'શબ્દપ્રીત'

ડૉ. નલિની ગણાત્રા

અધીર અમદાવાદી

જિતેન્દ્ર ઠક્કર

નગીન દવે

કિશોર અંધારિયા

અશોક દવે

રમેશ પટેલ 'ક્ષ'

સુષમા શેઠ

દિલીપ આર શાહ (રસીલા)

હરદ્વાર ગોસ્વામી

વિનય દવે



વનરાજ

જસ્મીન દવે
મો. ૯૯૦૯૯ ૫૫૧૧૭

# સુદામે દીઠી દ્વારામતી!

- રતિલાલ બોરીસાગર

(૧)

૨૬, જુલાઈ ૨૦૧૭; સવારના નવની આસપાસનો સમય. નાહીને બાથરૂમમાંથી બહાર આવ્યો. નાહીને લોકો માળા હાથમાં લેતા હોય છે; હું નાહીને તુરત મોબાઇલ હાથમાં લઉં છું - કોઈના મિસ્ડ કૉલ નોંધાયા હોય તો જોવા. તે દિવસે મેં જોયું કે એક જ નંબર પરથી બે-ત્રણ મિસ્ડ કૉલ નોંધાયા હતા. મેં વળતો ફોન જોડ્યો.

"હું રતિલાલ બોરીસાગર; આપનો ફોન..." "હું ખેતશીભાઈ બોલું છુ. મોરારીબાપુ તમને લંડનની રામકથા માટે નિમંત્રણ આપે છે. બાપુ કહે છે કે સ્વાસ્થ્ય સારું હોય તો જરૂર આવો.'

એક અર્વાચીન સુદામાને સોનાની દ્વારામતીના દર્શન માટેનું રોમાંચક નિમંત્રણ હતું. મેં કહ્યું, "હું સાંજે અથવા આવતીકાલે મારો નિર્ણય જણાવું તો ચાલે?"

"ચાલે; પણ સમય બહુ ઓછો છે. વિઝા-ટિકિટ વગેરે બધી કાર્યવાહી ટૂંકા સમયમાં કરવાની છે. એટલે બને એટલો જલદી નિર્ણય કરજો."

થોડાં વરસ પહેલાં આ જ રીતે હરિશ્ચંદ્રભાઈ (હરિશ્ચંદ્ર જોશી)નો ફોન આવ્યો હતો 'થાઇલૅન્ડમાં બાપુની કથા છે. ઘણા સાહિત્યકારો આવવાના છે. તમને બાપુએ નિમંત્રણ પાઠવ્યું છે. બે દિવસ પછી વિઝા માટે દિલ્હી જવાનું છે. પાસપોર્ટ તૈયાર રાખજો."

"પણ મારી પાસે પાસપોર્ટ નથી' મેં ઢીલા અવાજે કહ્યું હતું. બે દિવસમાં પાસપોર્ટ મળે એ શક્ય જ નહોતું. એટલે વિદેશગમનની પહેલી તક ખોઈ હતી. મિત્રો–સ્વજનો મને કેટલાય વખતથી પાસપોર્ટ કઢાવી લેવાનું કહેતા હતા. એ વખતે હું એમને એક જોક કહેતો હતો : "એક માણસને ઘોડાની નાળ જડી. એ માણસે વિચાર્યું, "હવે ત્રણ નાળ ને એક ઘોડો મળી જાય એટલે આપણું કામ પૂરું.' માણસના આશાવાદના અતિરેકની આ મજાક છે. પણ એ દિવસે મને લાગ્યું કે જેને એક નાળ મળે એને કોઈક દિવસ ત્રણ નાળ ને એક ઘોડો મળી પણ જાય! આ વખતે તો પાસપોર્ટ તૈયાર હતો. મેં એ જ દિવસે બપોર પછી ખેતશીભાઈને ફોન કરીને હા પાડી દીધી.

ટિકિટ અને વિઝા માટે બહુ ઓછો સમય હતો; જોકે, લંડનના વિઝા માટે મુંબઈ જવાનું નહોતું - અહીં અમદાવાદમાં જ લંડનનો પરવાનો સુલભ હતો. અલબત્ત, એ માટેના ડોક્યુમેન્ટ્સ લંડનથી રાજકોટ અને રાજકોટથી અહીં આવવાના હતા. રાજકોટથી અમીતભાઈનો મૅસેજ આવ્યો. WhatsApp હું નવું નવું વાપરતો થયો હતો. WhatsApp પર માગેલી મારા વિશેની તમામ વિગતો તુરત ભરીને ઇ-મેલથી ધર્મેશભાઈને મોકલવાની હતી.

મારું ઇ-મેલ એડ્રેસ નહોતું ત્યારે બધા આશ્ચર્યથી પૂછતા, "તમે ઇ-મેલ નથી વાપરતા? નવાઈ કહેવાય." અલ્પપરિચિતોના વિવેચનની ભાષા આવી સૌમ્ય હતી. પણ નિકટના મિત્રો મૈત્રીવિવેચનની પરિભાષા છોડી કડક વિવેચન કરતા : "કયા યુગમાં જીવો છો તમે ? નરસિંહ મહેતાના સમકાલીન ગણાવ તમે!" આવી તુલનામાં નરસિંહ મહેતાને થતા અન્યાય તરફ હું મિત્રોનું ધ્યાન દોરતો, પણ એનાથી મિત્રોને વધુ શૂરાતન ચડતું: 'અમે સર્જકતાની દૃષ્ટિએ તારી તુલના નરસિંહ મહેતા સાથે નથી કરતા એટલે નરસિંહ મહેતાને અન્યાય થવાનો પ્રશ્ન જ નથી. માત્ર તું પંદરમી સદીમાં જીવી રહ્યો છે એટલું જ અમારું કહેવું છે.'

આ પછી મેં ઇ-મેલ એડ્રેસ તો ધારણ કર્યું. પણ આવી ઇમર્જન્સીમાં એ કામનું નહોતું. એટલે "સર્વ ધર્માન્ પરિત્યજ્ય' મેં મારાં પુસ્તકોના કોમ્પ્યૂટીકરણનું કામ કરતા મિત્ર મનીષ (મનીષ પારેખ)નું શરણું શોધ્યું. એના ઇ-મેલ ઍડ્રેસ પર બધું મોકલવાની ધર્મેશભાઈને વિનંતી કરી.

બધું કામ વીજળીવેગે ચાલ્યું. મનીષે બધું કામ ઝડપથી કરી આપ્યું. ફૉર્મમાં મારી મિલકતના પુરાવા પણ જોડવાના હતા. મિલકતમાં એક 'સુદામાકુટીર' (અમદાવાદના નારણપુરા વિસ્તારની મારા જ નામવાળી સોસાયટી 'રતિલાલ પાર્ક'નો એફ-૬૭ નંબરનો એક ફ્લેટ) અને નિવૃત્તિ વખતે મળેલી આજે તો સાવ મામૂલી ગણાય એટલા રૂપિયાની ડિપોઝિટની રસીદો હતી! "સુદામાકુટીર" એ

માટે કે આ જન્મજાત સુદામાનો ફલેટ શ્રીકૃષ્ણ સરખા અનેક મિત્રોની કૃપાથી થયો હતો! આમ છતાં, આવી મામૂલી મિલકતનાં ડૉક્યુમેન્ટ્સ પણ મેં તાતા-બિરલા કે અંબાણી બંધુઓની અદાથી રજૂ કર્યા.

બધા ડૉક્યુમેન્ટ્સ પહોંચ્યા એના બીજા જ દિવસે વિઝા માટેની તમામ સામગ્રી મળી ગઈ. ભાઈ મનીષે બધાંનાં પ્રિન્ટઆઉટ્સ કાઢી આપ્યાં. આ પછીના એકાદ દિવસે જ બપોરે ફોન આવ્યો પણ બપોરે સૂવાના સમયે આવ્યો હશે એટલે મારાથી લઈ શકાયો નહીં. કહે છે ને "સૂતેલાનું નસીબ સૂતું રહે છે" એવું જ થયું. મેં વળતો ફોન કર્યો ત્યારે લંડન વિઝા માટે નેહાબહેનનો ફોન હતો. એમણે કહ્યું, "તમારે માટે પહેલી ઑગસ્ટ, મંગળવારની ઍપોઇન્ટમેન્ટ હતી, પણ તમે મળ્યા નહીં એટલે હવે બીજી તારીખે અગિયાર વાગ્યે બધા ડૉક્યુમેન્ટ્સ લઈ તમારે લંડનની અમદાવાદની વિઝા ઑફિસે જવાનું છે. મહાકવિ પ્રેમાનંદ વિશે એવું કહેવાય છે કે કવિત્વશક્તિના વરદાન માટે ગુરુએ બોલાવ્યા ત્યારે એક દિવસ મોડા પડ્યા. ('કવિઓ નિરંકુશ હોય છે' એમ કહેવાય છે. પ્રેમાનંદે કવિ થતાં પહેલાં આ ગુણ સિદ્ધ કર્યો હતો.) એટલે ગુરુએ કહ્યું, "કાલે આવ્યો હોત તો સંસ્કૃતનો મહાકવિ થાત પણ એક દિવસ મોડો આવ્યો એટલે પ્રાકૃતનો મહાકવિ થઈશ.' હું વિઝાની ઍપોઇન્ટમેન્ટ લેવામાં એક કલાક મોડો પડ્યો તો મારી ઍપોઇન્ટમેન્ટ એક દિવસ પાછળ ગઈ. માધવ રામાનુજ ને રઘુવીર ચૌધરીનો આગળના દિવસે વારો આવ્યો.

"પરિમલ ગાર્ડન' ચાર રસ્તા પાસે લંડનની વિઝા ઑફિસ આવેલી છે એ મને રઘુવીરભાઈએ દિશાઓનાં નામ સાથે વીગતે સમજાવ્યું હતું, જે હું રાબેતા મુજબ સમજી શક્યો નહોતો. સામે સૂરજ દેખાતો હોય તો જ એ પૂર્વદિશા હોય એટલું ચોક્કસ કહી શકું, ને એના આધારે બીજી દિશાઓ નક્કી કરી શકું પણ એ સિવાય સર્વ દિશાઓ મારા માટે સરખી! રિક્ષાવાળા બંધુ મને પરિમલ ચાર રસ્તા પાસે લઈ ગયા અને પૂછ્યું, 'હવે કઈ બાજુ જવાનું, સાહેબ?"

'મારે લંડન જવાનું છે" મેં કહ્યું.

રિક્ષાવાળા બંધુ રમૂજી હતા. એણે કહ્યું, "સાહેબ, મારી રિક્ષા લંડન સુધી નથી જતી!" હું હસી પડ્યો. મેં કહ્યું, 'મારે વિઝા માટે લંડનની વિઝા ઑફિસે જવાનું છે. એમ કરો પહેલાં ડાબી બાજુએ લઈ લો.' 'બધી દિશાએથી મને શુભવિચારો પ્રાપ્ત થાઓ' એવો ઋગ્વેદનો મંત્ર યાદ કરી, વારાફરતી ચારેય દિશા અજમાવવાનો મેં નિર્ણય કર્યો.

ડાબી તરફ છેક પાલડીના રસ્તા સુધી પહોંચી ગયો. 'કૌન બનેગા કરોડપતિ'ના સ્પર્ધક મૂંઝાઈને 'ફોન અ ફ્રેન્ડ'ની લાઈફલાઈન ઈસ્તમાલ કરે છે તેમ મેં રાધાની ઉત્કટતાથી માધવ (માધવ રામાનુજ)ને ફોન કર્યો. માધવે પહેલાં મને સમજાવવાનો નિષ્ફળ પ્રયત્ન કર્યો પછી રિક્ષાવાળાને ફોન આપવા કહ્યું, રિક્ષાવાળા બંધુ તુરત સમજી ગયા ને રિક્ષા વિઝાની ઑફિસની પાસે ઊભી રાખી.

દરવાજા પરના સિક્યૉરિટી ગાર્ડને મેં વિઝા માટેનો ઍપોઇન્ટમેન્ટ લેટર બતાવ્યો. 'દસ મિનિટ કે બાદ'– એમણે કહ્યું. ઊભા–ઊભા જ પ્રતીક્ષા કરવાની હતી. લંડન સુધી જવા તૈયાર થયેલી વ્યક્તિના પગના મજબૂતપણાની કસોટી કરવાની આ અનૌપચારિક વ્યવસ્થા હશે એમ મેં માન્યું.

પંદરેક મિનિટ પછી પ્રવેશ મળ્યો. કાઉન્ટર પર એક બહેન બેઠાં હતાં. એમને મેં વિઝાનો ઍપોઇન્ટમેન્ટ લેટર બતાવ્યો. મેં એમની સાથે ગુજરાતીમાં વાત શરૂ કરી હતી એટલે એમણે પણ ગુજરાતીમાં જ વાત કરી, પણ લંડન જઈ રહ્યો છું એટલે ફૉર્મ ભરવા જેટલું અંગ્રેજી તો મને આવડતું જ હશે એમ માની ફૉર્મ આપ્યું, છતાં, મારા મોઢા પરનો ગભરાટ પારખી જઈ એ ભલી બહેને કહ્યું, 'કંઈ ન સમજાય તો મને પૂછજો–કહેશો તો આખું ફૉર્મ પણ ભરી આપીશ." બાલિકાના સૌજન્યથી હું ગદ્ગદિત થઈ ગયો. મારું કામ જાતે કરવા કરતાં બીજાં પાસે કરાવવામાં મને અદ્ભુત આનંદ આવે છે, પણ હવે જીવનના ઉત્તરાર્ધમાં હું થોડો સુધર્યો છું. એટલે મેં જાતે જ ફૉર્મ ભરવા માંડ્યું. એટલામાં બાલિકાએ મને બોલાવ્યો ને પૂછ્યું, "તમારે ફાસ્ટ ટ્રૅકમાં વિઝા જોઈએ છે? 'ફાસ્ટ' ને 'ટ્રૅક' બંને શબ્દોના છૂટાછૂટા અર્થ મને આવડતા હતા, પણ બંને શબ્દો મળીને બનેલા 'સંયુક્ત શબ્દ' - 'ફાસ્ટ ટ્રૅક'નો ટેક્નિકલ અર્થ શો થાય એની મને સમજ ન પડી. એટલે મેં પૂછ્યું, "ફાસ્ટ ટ્રૅક" એટલે ?

'તમારે અર્જન્ટ વિઝા જોઈએ છે કે પંદર–વીસ દિવસે રૂટિન કોર્સમાં વિઝા મળે તો ચાલે?"

લંડન જવા આડે માંડ દસ દિવસ રહ્યા હતા. વિઝા મળે પછી જ ટિકિટની વ્યવસ્થા થઈ શકે એમ મને કહેવામાં

આવ્યું હતું. એટલે મેં કહ્યું, "અર્જન્ટ-એકદમ અર્જન્ટ !" "તો તેની પંદર હજાર રૂપિયા ફી ભરી દો."

પંદર હજાર રૂપિયાની વાત સાંભળી હું એકદમ આકાશમાંથી ધરતી પર આવી ગયો ! મારા ખિસ્સામાં માંડ હજાર રૂપિયા હતા. અને ઘરે પણ એટલી કેશ નહોતી. એટીએમ કાર્ડ પણ મારી પાસે નહોતું. બૅંકમાંથી કેશ લેવા જાઉ તો આજની એપોઇન્ટમેન્ટ કેન્સલ થઈ જાય! હું એકદમ મૂંઝાઈ ગયો. ફરી મેં સન્મિત્ર માધવનું મોબાઈલિક સ્મરણ કર્યું! પહેલાં વિઝા ઑફિસની શોધ માટે માધવને ફોન કર્યો ત્યારે રાધાની ઉત્કટતાથી ફોન કર્યો હતો, પણ અત્યારે દ્રૌપદીની આર્દ્રતાથી ફોન કર્યો હતો!

"તમે બધા ડૉક્યુમેન્ટ્સ લાવ્યા છો ને? હું વિઝા લેવા ગયો ત્યારે ફાઇલ ઘેર ભૂલી ગયો હતો એટલે ફાઇલ લેવા પાછાં જવું પડ્યું હતું!" આવી કટોકટીમાં પણ હું હસી પડ્યો. મને થયું: ભુલકણાપણામાં હું પ્રથમ વર્ગમાં આવું– પણ આપણી ભાષાના એક મોટા કવિ સર્જકતામાં મારાથી આગળ છે એમ ભુલકણાપણામાં પણ મારાથી આગળ છે!

"ડૉક્યુમેન્ટ્સમાં ફાસ્ટ ટ્રૅક માટેની ફી ભર્યાની પહોંચ છે, જુઓ!" માધવભાઈએ કહ્યું. હું તરત જ પેલી બાલિકાને શરણે ગયો ને કહ્યું, 'આમાં ફાસ્ટ ટ્રેક માટેની ફી ભર્યાની પહોંચ છે!' બાલિકાએ પહોંચ તરત શોધી કાઢી ને કહ્યું, 'Ok!"

ફૉર્મ ભરીને, મેં રજૂ કર્યું. એ બારી પર પણ એક ભગિની જ વિરાજમાન હતાં. એમણે જરૂરી નોંધ કરી, બીજી એક બારીએ જવાનો નિર્દેશ કર્યો. એ બારી પર બેઠેલી બહેને મારાં આંગળાંની છાપ લીધી—પાસપોર્ટની છાપ સાથે મેચ કરવા માટે. પણ આંગળાંની છાપ ઊઠી જ નહીં! પણ પેલી બહેને સંનિષ્ઠ પ્રયત્ન કર્યો—આંગળા પર પ્રવાહી લગાડાવ્યું

આખરે આંગળાંની છાપ ઊપસી તો ખરી.

આ પછી મૂળ બારી પર પાછા જવાનો નિર્દેશ મળ્યો. બહેને પૂછ્યું, "રૂબરૂમાં આવીને વિઝા લઈ જશો કે કુરિયર દ્વારા મેળવવાનું પસંદ કરશો?"

આવા સહેલા લાગતા પ્રશ્નોના ઉત્તર દેવાનું મારા માટે ક્યારેય સહેલું નથી હોતું. એટલે સામાન્ય રીતે હું પ્રશ્નકર્તા પર જ ઉત્તરની જવાબદારી નાખી દઉ છું. મેં કહ્યું, "તમારી શી સલાહ છે? તમે મને માર્ગદર્શન આપો."

'કુરિયરથી જલદી મળી જશે, પણ એની ફી ૬૦૦ રૂપિયા ભરવી પડશે. મેં ફી ભરી દીધી... ને ત્રીજે કે ચોથે દિવસે ઘરે બેઠાં વિઝા મળી ગયા.

(૨)

લંડનના સમય પ્રમાણે બારમી ઑગસ્ટે સવારે અગિયાર-સાડા અગિયાર વાગ્યે લંડનના હીથ્રો ઍરપોર્ટ પર અમે (અહીં 'અમે' મારા માટે માનાર્થે બહુવચન નથી. અમે એટલે અમદાવાદના વીસ-બાવીસ સાહિત્યકારો) ઉતરાણ કર્યું. સુપ્રસિદ્ધ ગઝલકાર જલન માતરી અને એમના પુત્ર અમારી સાથે હતા. જલનભાઈએ પુત્રને મારી ભલામણ કરતાં કહ્યું હતું, 'બોરીસાગર મારા ખાસ ભાઈબંધ છે. મારી જેટલું જ એમનું ધ્યાન રાખજે." અને એ આજ્ઞાંકિત પુત્રે આખી સફર દરમિયાન મારી બહુ સંભાળ લીધી હતી.

લંડન પહોંચ્યા પછી પહેલું કામ ઇમિગ્રેશન કાઉન્ટર પર પહોંચવાનું હતું. ઇમિગ્રેશનની લાઇન એટલી બધી લાંબી હતી કે એમાં ઊભાં રહેવાની તપશ્ચર્યા કરવાનું ખરે જ મુશ્કેલ હતું. મેં લાઇનની વ્યવસ્થા સંભાળનાર બંધુને વિનંતી કરી કે "હે બંધુ, અમે 'દો બેચારે, બિના સહારે એવા સિનિયર સિટીઝન છીએ. અમને લાઇનમાં ઊભાં રહેવામાંથી મુક્તિ આપો!! (મેં એ અધિકારીને ભાંગ્યાતૂટ્યા અંગ્રેજીમાં જે વિનંતી કરી એનો આ મુક્ત ગુજરાતી અનુવાદ છે!)

પેલાએ અમારી સામે જોયું. એંશીના આરે પહોંચેલો હું અને મારાથી ચાર વર્ષ મોટા જલનભાઈ! પેલાને લાગ્યું કે આ બંને આટલી મોટી લાઇનમાં ઊભા રહેશે તો ઍરપોર્ટ પર જ ઢળી પડશે! એટલે એ બહુ નમ્રતાથી અમને એક કાઉન્ટર પર દોરી ગયા. કાઉન્ટર પર બીજું કોઈ હતું નહીં. કાઉન્ટર પરના અધિકારીએ હસીને અમને ઉમળકાભર્યો આવકાર આપ્યો. અમે અમારા પાસપોર્ટ એમના કરકમળમાં મૂક્યા. એમણે અમારાં ફિંગરપ્રિન્ટ્સ લીધાં... અને અધિકારીશ્રી ગંભીર થઈ ગયા. એમણે અંગ્રેજીમાં જે કહ્યું તે પૂરું તો હું સમજ્યો નહીં, પણ અમારાં બંનેનાં ફિંગરપ્રિન્ટ્સ ઊઠતાં નથી એટલું તો હું સમજ્યો જ!" વર્ષો પહેલાં મેં એક પ્રસંગ વાંચ્યો હતો કે એક મહાત્માના શિષ્યો મહાત્માનો ફોટો પાડવા માગતા હતા. પણ મહાત્માની ફોટો પડાવવાની ઇચ્છા નહોતી. એમણે ઘણી ના કહી પણ શિષ્યો માન્યા નહીં એટલે મહાત્મા કૅમેરા સામે ઊભા રહ્યા - કૅમેરામેને કેટલોય પ્રયત્ન કર્યો, પણ મહાત્માનો

ફોટો પડ્યો જ નહીં. અહીં આ અલ્પાત્માઓ હૃદયપૂર્વક ઈચ્છતા હતા કે ફિંગરપ્રિન્ટ પડે પણ પડ્યા જ નહીં! આમાં કશો ચમત્કાર નહોતો. કેવળ બઢતી ગયેલી ઉમરિયાંનો જ પ્રભાવ હતો !

અધિકારી ઘણા ભલા હતા. (હસમુખા માણસો હંમેશાં ભલા હોય છે એવો એક મત છે.) એમણે અમારાં ફિંગરપ્રિન્ટ્સ લેવા જાતજાતના પ્રયોગો કર્યા. અમારા તરફની એમની સહાનુભૂતિ સ્પષ્ટ અનુભવાતી હતી. પણ ફિંગરપ્રિન્ટ્સ મૅચ ન થાય ત્યાં સુધી એ અમને લંડનમાં પ્રવેશ આપી શકે તેમ નહોતા. એમણે કહ્યું, "આટઆટલા પ્રયત્નો પછી પણ તમારાં ફિંગરપ્રિન્ટ્સ ઊઠતાં જ નથી! એટલે..." એમના અધૂરા વાક્યનો અર્થ એ થતો હતો કે તમને લંડનમાં પ્રવેશ આપવાનું શક્ય નથી! અમે ગભરાયા. મેં ફરી આર્જવભર્યા સ્વરે કહ્યું, "અમે લંડનમાં રામકથા સાંભળવા આવ્યા છીએ. અમે માત્ર નવ દિવસ જ રોકાવાના છીએ. અમારી પાસે રિટર્ન ટિકિટ પણ છે."

'રામકથા' શબ્દે ચમત્કાર સર્જ્યો. એમણે પૂછ્યું, "રામકથા બાઈબલ જેવો પવિત્ર ગ્રંથ છે?" મેં કહ્યું, "હા" અને એ અંદર ગયા. એમના સિનિયર અધિકારી સાથે મસલત કરી પાછા આવ્યા—ને અમારા પાસપોર્ટ પાછા આપી કહ્યું, "વેલકમ!" "વેલકમ" શબ્દ સાંભળી અમારા જીવમાં જીવ આવ્યો. મેં આભારવશ બની "થેંક્યુ વેરી મચ' કહ્યું. પાંચ હજાર વરસ પહેલાં રામના નામે પથરા તર્યા હતા. આટલાં વરસ પછી રામના નામે બે સિનિયર સિટીઝનો તરી ગયા!

ઍરપોર્ટની બહાર આવ્યા કે સ્વયંસેવકોએ 'જય સિયારામ' દ્વારા અમારું ઉષ્માભર્યું સ્વાગત કર્યું. સિનિયર સિટીઝનોની પૂરતી કાળજી લેવાઈ. અમને હોટેલ "હૉલી ડે-ઇનમાં લઈ જવા માટે ખાસ બસો તૈયાર હતી. લંડનના માર્ગો પરથી અમારી શાહી સવારી નીકળી. કલાકેકમાં અમે હોટેલ પર પહોંચ્યા. લંડનની કથાના નિમંત્રણમાં અમારું 'હોટેલ હીલ્ટન'માં રિઝર્વેશન થયાનું જણાવવામાં આવ્યું હતું. "હોટેલ હીલ્ટન" દુનિયાની જાણીતી હોટેલોમાંની એક છે. આવી હોટેલમાં નવ દિવસ નિવાસ કરવાના ખ્યાલે હું ઘણો રોમાંચિત થયો હતો. પણ પછી કોઈ અનિવાર્ય કારણસર આ રિઝર્વેશન રદ થયું હતું. (જોકે 'ભગવાન કરે તે સારા માટે' એ અમારા કિસ્સામાં સાચું પડ્યું. કથા દરમિયાન એક રાત્રે "હોટેલ હીલ્ટન'માં કંઈક ધડાકો થયો, લાઇટ જતી રહી, લિફ્ટ બંધ થઈ ગઈ. સૌને અંધારામાં ધડાધડ ઊતરવાનું થયું. આ વાત કથા દરમિયાન બાપુએ કરી ત્યારે હું ઘડીભર સ્તબ્ધ થઈ ગયો હતો. ઘોર અંધારામાં અજાણી જગ્યાએ પાંચમા—છઠ્ઠા માળેથી ઊતરવાનું થયું હોત તો મારું શું થયું હોત? ઉતાવળમાં દાદરાની મદદ વગર પગથિયાં ઊતરી ગયો હોત તો અત્યારે મલ્ટિ ફ્રેક્ચર સાથે કોઈ હૉસ્પિટલમાં પગ લટકાવીને પડ્યો હોત! જોકે કથારસને કારણે આવો વિચાર ઝાઝો ટક્યો નહીં) 'હોલીડે—ઇન' સગવડવાળી સરસ હોટેલ છે. કથાનું સ્થળ ચાલીને જઈ-આવી શકાય એટલું નજીક હતું. કથામાં જવા માટે બસની સરસ સુવિધા હતી, પણ હું કોઈ ને કોઈ સાથે મોટે ભાગે ચાલીને જ જતો—આવતો. 'કોઈ ને કોઈ સાથે' એટલા માટે કે કથા કોઈ મોટા સ્ટેડિયમમાં હતી. એ જગ્યા એટલી વિશાળ છે કે કોઈ સાથે ન હોય તો હું ચોક્કસ અટવાઈ જાઉં!

રામકથાના નવ દિવસ દરમિયાન પલાણસાહેબ (નરોત્તમ પલાણ) સાથે એક રૂમમાં રહેવાનું થયું તેને હું કથાનો એક વધારાનો લાભ ગણું છું. ૧૯૬૬-૬૭માં ભાવનગરની શામળદાસ કૉલેજમાં એમ.એ.ના વર્ગોમાં અમે સાથે હતા —એ વખતે જ અમારા પ્રાધ્યાપક સ્વ. ઈશ્વરલાલ દવેના વર્ગમાં અભ્યાસપૂર્ણ ચર્ચા કરવામાં પલાણસાહેબ મોખરે રહેતા. પછી તો વિદ્વત્તાનાં ઊંચાં શિખરો એ સર કરતા ગયા. મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય, લોકસાહિત્ય, ઇતિહાસ, શિલ્પ-સ્થાપત્ય - આ સૌમાં એમની તેજ ગતિ! આ બધાં ક્ષેત્રોમાં પલાણસાહેબ પૂછવા-ઠેકાણું. આવા વિદ્વાનની સાથે એક અવિદ્વાનને નવ દિવસ રહેવા મળ્યું. અલબત, સામાન્ય કામકાજમાં અમે બંને સરખા પહેલે દિવસે જ પલાણસાહેબે કહી દીધું - "મને ચા બનાવવાનું કે બીજું કશું કામ ફાવતું નથી.' હું તો સુપર અણઘડ! પણ ચા બનાવતાં આવડે - જોકે પહેલે દિવસે રૂમમાંની ઇલેક્ટ્રિક કીટલીનું વીજળીજોડાણ ચાલુ કરતાં જ ન આવડ્યું એટલે પહેલા દિવસે પહેલી ચા વગરના રહ્યા. પણ બીજા દિવસથી હું બરાબર શીખી ગયો -ને બધા દિવસ સરસ ચા બનાવીને પલાણસાહેબને પાઈ. ત્યાં પહોંચ્યા પછીના બીજા દિવસે સવારે પલાણસાહેબે નાહવા માટેના ગરમ-ઠંડા પાણીના નળની ટૅક્નિક જાણી લીધી -

નાહી લીધા પછી એમણે મને સરળ રીત બતાવી : એક જ ધ્યાન રાખવાનું આ નીચેના નળને નહીં અડવાનું—એ છે એમ જ બંધ રાખવાનો પણ ઋષિએ રાજાને કહેલું કે ‘હે રાજા! આમ-આમ ન કરતો પણ નિયતિએ રાજા પાસે ઋષિએ જેની મનાઈ કરી હતી તે બધું જ કરાવ્યું—ને રાજા શાપ પામ્યો – એ રીતે ઋષિ જેવા પલાણસાહેબે જે નળને અડવાની પણ મનાઈ કરી હતી તે નળ મેં ભૂલથી ચાલુ કરી દીધો -ને પાણીનો ધોધ છૂટ્યો-અસલ ચાર્લી ચૅપ્લિનની ફિલ્મ જેવું! મેં એ નળને બંધ થવા જાતજાતની વિનંતી કરી જોઈ પણ એણે જલાભિષેક ચાલુ રાખ્યો ઉતાવળે ઉતાવળે ટુવાલ વીંટી અર્ધા વસ્ત્રે હું બહાર ધસી આવ્યો ને પલાણસાહેબને સહાય માટે વિનંતી કરી. પલાણસાહેબે ભારે મથામણ કરી નળ બંધ તો કર્યો પણ ત્યાં સુધીમાં બાથરૂમમાં પાણી-પાણી થઈ ગયું હતું!

કથાના યજમાન રમેશભાઈ - પ્રતિમાબહેન - ઋષિભાઈનાં સૌજન્ય - સ્નેહ-સરળતા આ બધાંની અમીટ છાપ મારા મન પર પડી છે. રમેશભાઈનાં સૌ સાથીદારો પણ એકદમ પ્રેમાળ! કથાના સ્વયંસેવકો સૌના સ્વાગત માટે - સૌની સહાય માટે એકદમ તત્પર! ‘સિયારામમઈ સબ જગ જાનિ—બધું જ જાણે સિયારામમય હતું!

કથાની વ્યવસ્થા અદ્ભુત હતી—એમાંય અમે સાહિત્યકારો તો લાડકા અતિથિઓ! ડગલે ને પગલે અમારી સંભાળ લેવાતી રહી -મુખ્ય યજમાન રમેશભાઈના પરિવારથી માંડી - નાનામાં નાના સ્વયંસેવકો સુધી સૌમાં જે ઉત્સાહ જોયો—સૌના ઉષ્માસભર સૌજન્યનો જે અનુભવ થયો - તે અવિસ્મરણીય છે. સતત અનુભવાયેલાં આ સંવેદનો કાગળ પર યથાતથ ઉતારવાનું શક્ય નથી.

લંડનની રામકથા માટે નિમંત્રણ મળ્યું ત્યારે જ મેં નક્કી કરી લીધું હતું કે કથાશ્રવણ જ મારી પ્રાથમિકતા હશે; લંડન-દર્શન જ્યારે જેટલું શક્ય અને તે પ્રમાણે...

બે વાર લંડન-દર્શનનો સુયોગ સાંપડ્યો “બકિંગહામ પેલેસ” અંદર ફરીને જોયો. પેલેસની ભવ્યતાનો પૂરો ખ્યાલ તો નજરે જોયા પછી જ આવે! નેવું વર્ષનાં મહારાણીની પહેલી વરસગાંઠથી નેવુંમી વરસગાંઠ સુધી મળેલી ભેટોનો અદ્ભુત સંગ્રહ જોયો.

વિશ્વની લોકશાહીનાં પારણાં હીંચોળનારી યુ.કે.ની પાર્લામેન્ટનાં ગૃહો ને ખાસ તો પાર્લામેન્ટના પ્રાંગણમાં સ્થાપેલી ગાંધીજીની પ્રતિમાનાં દર્શન કરવા હું ઉત્સુક હતો. ઘણું જોવાનું બાકી રહી ગયું, પણ પાર્લામેન્ટ હાઉસના પ્રાંગણમાં મુકાયેલી ગાંધીજીની પ્રતિમા જોઈ બધું જોવાઈ ગયાનો સંતોષ થયો. જે વ્યક્તિને કારણે ઈંગ્લૅન્ડનો સૂર્ય ભારતમાં આથમી ગયો એ વ્યક્તિની પ્રતિમા પાર્લામેન્ટ હાઉસના પ્રાંગણમાં સ્થાપનારી અંગ્રેજ પ્રજાની ઉદારતા જોઈ ગદ્ગદિત થઈ ગયો. આ ઉદારતાનો જોટો જડે એમ નથી. શેમાંથી આવી હશે આ ઉદારતા? આ લખું છું ત્યારે બિલકુલ ‘વીશફુલ થિંકિંગ’ કહેવાય એવો વિચાર મનમાં ઝબકી જાય છે - અંગ્રેજ પ્રજા એની સેન્સ ઓફ હ્યુમર’ માટે જાણીતી છે. આ હાસ્યવૃત્તિએ જ પ્રજાને આટલી ઉદાર બનાવી હશે એવું માનવાનું મન થાય - ભલે કોઈને આ કેવળ મારા મનનો તરંગ લાગે!


શાસ્ત્રીય સંગીતના કાર્યક્રમોમાં એક કાર્યક્રમ ઉત્તમ તબલાંવાદક ઝાકીરહુસેનનો હતો. તબલાંવાદન દરમિયાન પરાકાષ્ઠાની ક્ષણોમાં ઝાકીરહુસેનજીની આંગળીમાંથી લોહી વહેવા માંડ્યું - મોટા સ્ક્રીનમાં આ સ્પષ્ટ દેખાતું હતું પણ ઝાકીરહુસેનજી તો જાણે સમાધિસ્થ હતા - કલાના ઉપાસકનું એ સમયનું દર્શન ખરે જ ધન્ય બનાવી દે તેવું હતું.

ઝાકીરહુસેનજીની સાલસતા ને નમ્રતાનાં પણ એ દિવસે દર્શન થયાં. કાર્યક્રમ શરૂ થવાના સમયે ઝાકીરહુસેનજી આવ્યા. શ્રોતાઓ સાથે બેઠેલા બાપુ પાસે જઈ વંદન કર્યાં ને પછી બિલકુલ પાછા પગે સ્ટેજ સુધી ગયા એ જ રીતે કાર્યક્રમ પૂરો થયા પછી પાછા બાપુને વંદન કરવા ગયા ને એ જ રીતે પાછા પગે ચાલીને બહાર નીકળ્યા. કલા કલાકારના ચિત્તને કેટલું નિર્મળ બનાવી દે છે!

લંડનનો પ્રવાસ ને સાદ્યંત કથાશ્રવણ મારા જીવનની અવિસ્મરણીય ઘટના છે!

---

*એફ-૬૭, રતિલાલ પાર્ક,*
*એસ.આર. રોડ, અમદાવાદ-૧૪*
*મો. ૯૯૨૫૧ ૧૧૩૦૧*



# આત્માનું સંગીત-હાસ્ય

- *શાહબુદ્દીન રાઠોડ*

ગાંધીનગર ટાઉનહૉલમાં મેં મુખ્ય મંત્રીશ્રી, મંત્રીમંડળના મંત્રીશ્રીઓ અને વિધાન સભ્યો સમક્ષ અનેક કાર્યક્રમો આપ્યા છે.

મેં રાજકારણીઓની મજાકો પણ એટલી જ કરી છે અને એમણે પણ આ રમૂજો ઉદારતાથી માણી છે.

આવા રમૂજી પ્રસંગો હું મારા કાર્યક્રમોમાં રજૂ કરી ચૂક્યો છું. કિસાન સભામાં કૃષિ મંત્રીશ્રી એક વાર પ્રવચન કરવા ઊભા થયા. તેમણે બુલંદ અવાજે જાહેર કર્યુ કે, 'કિસાન ભાઈઓ જો જમીન ફળદ્રુપ હશે, ખેડૂતો નિષ્ણાત હશે, બિયારણ પણ ઉત્તમ પ્રકારનું હશે, ખાતર પણ ઉમદા પ્રકારનું નાખવામાં આવ્યું હશે અને વરસાદ સમયસર પૂરેપૂરો વરસસે તો સરકારશ્રી વતી આપ સૌને હું ખાતરી આપવા માંગું છું કે પાક મબલખ ઊતરશે.

મારે પણ મંત્રીશ્રીઓ સાથે થોડા સંબંધો છે, તેમના બંગલે હું રોકાયો છું સાથે ભોજન પણ કર્યું છે.

મારા અનન્ય સ્નેહી એક મંત્રીશ્રીના બંગલે અન્ય મહેમાનો સાથે હું ભોજન કરતો હતો. બધા લહેરથી મજાક મશ્કરીઓ કરતા હતા, એમાં મેં એક રમૂજી પ્રસંગ રજૂ કર્યો.

હું એક પટેલ પરિવારને ત્યાં મહેમાન હતો. તેમણે પ્રથમ મને પ્રેમથી આગ્રહ કરી કરીને ખૂબ ખવરાવ્યું અને પછી કહ્યું કે 'તમે કહેવાવ માસ્તર, પણ લોકવરણ જેટલું ખાઈ ગયા, હવે એમ કરો બે ત્રણ તાંસળી ભેગાભેગ દૂધ પી જાવ.'

મેં કહ્યું, 'હું ધરાઈ ગયો છું. હવે હું દૂધ પી શકું તેમ નથી. ઘરધણીએ મને આગ્રહ કરતાં કહ્યું. 'પી જાવઃ ને ભલા માણસ અમે એમ માનશું કે ભેંશને પાડો ધાવી ગ્યો'તો.'

મારી વાત સાંભળી સૌ ખડખડાટ હસી પડ્યા. મને મંત્રીશ્રીએ કહ્યું 'અહીં તમને આવું કોઈ નહિ કહે તમે લહેરથી ભોજન કરો.'

ભોજન કર્યા પછી અમે દીવાન ખંડમાં બેઠા. ફરી મને કોઈ પ્રસંગ રજૂ કરવા જણાવવામાં આવ્યું. મેં કહ્યું, 'એક મંત્રીશ્રી તો ઝભ્ભાના ખિસ્સામાં જ કાતર રાખતા, તેમનું માનવું એવું હતું કે, 'અચાનક ક્યાંક ઉદ્ઘાટન કરવું પડે અને એ લોકો પાસે કાતર ન હોય તો?'

મોટા ભાગે મંત્રીશ્રીઓ વ્યસ્ત અને અતિ વ્યસ્ત બે જ અવસ્થામાં જીવતા હોય છે.

મારા મિત્ર મંત્રીશ્રી વિધાનસભાની કાર્યવાહી પૂરી કરી પછી ઑફિસમાં, એક ઉદ્ઘાટનમાં ત્યાંથી સીધા ઉઠમણામાં પહોંચી ગયા આવાં બધાં કાર્યો પૂરાં કરી એક સંબંધીની સુપુત્રીના લગ્નમાં હાજરી આપવા રવાના થયા. સતત પરિશ્રમથી એ થાકેલા તો હતા જ. લગ્ન-મંડપમાં પહોંચી, સોફામાં ગોઠવાઈ સૌ સ્નેહીજનોને મળી તેમણે થોડી રાહત અનુભવી. પાસે મૂકેલા પંખામાંથી ઠંડી હવા આવી મંત્રીશ્રીએ જાગૃત રહેવા પ્રયાસ કર્યો છતાં થાકને હિસાબે તેમને ઝોકું આવી ગયું અને નિંદ્રાધીન થઈ ગયા.

લગ્નવિધિ સમયસર પૂરી થઈ. વરઘોડીયા નવદંપતી એક પછી એક વડીલોના આશીર્વચન લેતાં લેતાં આ મંત્રી મહોદય પાસે આવી પહોંચ્યાં.

મંત્રીશ્રી અચાનક જાગી ગયા અને એમને ગમે તે યાદ આવ્યું પણ ખિસ્સામાંથી તેમણે કાતર કાઢી અને સૌના આશ્ચર્ય વચ્ચે છેડાછેડી કાપી નાખી. સૌ હસી પડ્યા. અમુકે તો એમના રમૂજી સ્વભાવની પ્રશંસા પણ કરી.

રાજકારણીઓની મોટા ભાગે ટીકા થતી હોય છે. પરંતુ તેમના અમુક સદ્ગુણો વખાણવા લાયક હોય છે. એક તો તેઓ થાકતા નથી. સતત કાર્યરત રહ્યા કરે છે, અને એમાં પણ જે અનુભવીઓ હોય છે તેઓ ગમે તેવા સંજોગોમાં પણ મગજ ગુમાવતા નથી. શાંત રહે છે. અને બુદ્ધિમાન હોવા સાથે રમૂજી પણ હોય છે.

અમેરિકાના પ્રેસિડેન્ટ અબ્રાહમ લિંકન તેમના સેક્રેટરીને એક નોટ તૈયાર કરાવતા હતા. તેમાં એક સ્ત્રી વચ્ચે કાંઈક ને કાંઈક બોલ્યા કરે. અવનવાં સૂચનો કર્યા કરે. આ હરકતથી સેક્રેટરીને કંટાળો આવ્યો તેણે લિંકનને કહ્યું. 'સાહેબ આ કર્કશા સ્ત્રી છે કોણ?' લિંકને શાંતિથી કહ્યું, 'કે મારાં પત્ની છે મેરી ટોડ લિંકન. આ સાંભળી સેક્રેટરી મોળો પડી ગયો. તેણે નમ્રતાથી કહ્યું, 'માફ કરજો સાહેબ, મારી ભૂલ થઈ છે.' લિંકન કહે, નહિ નહિ, ભૂલ મારી થઈ છે તમે કેમ માફી માંગો છો?

લિંકન જ્યારે અમેરિકાના પ્રેસિડન્ટ બન્યા ત્યારે તેમના ગામના અમુક લોકો લિંકન પાસે પહોંચી ગયા અને લિંકનને

જાતજાતની સલાહ આપવા માંડ્યા. ગૃહખાતું આને સોંપો, વિદેશ પ્રધાન આને બનાવો... આવાં સૂચનો શાંતિથી સાંભળી, લિંકને કહ્યું, 'It reminds me a Story, મને એક વાર્તા યાદ આવે છે.

એક રાજા તેના દરબારીઓ સાથે શિકારે નીકળ્યો. ગામ પૂરું થતાં કુંભારવાડો આવ્યો ત્યાં એક કુંભારે રાજાને કહ્યું. 'નામદાર આપ ક્યાં પધારો છો?' રાજાએ કહ્યું, 'હું શિકાર કરવા માટે નીકળ્યો છું.' રાજાની વાત સાંભળી કુંભારે રહ્યું 'હજુર, આજે તો અનરાધાર વરસાદ વરસવાનો છે.'

રાજા કહે, 'હું મૂર્ખ નથી. રાજાના જોષી પાસે આજના દિવસ વિશે જાણીને નીકળ્યો છું જોષીએ કહ્યું છે, 'વરસાદ નહીં આવે, આપ શિકારે જઈ શકો છો. રાજા તો કાફલા સાથે રવાના થયો અને જંગલમાં પહોંચતાં જ અનરાધાર વરસાદ શરૂ થયો. રાજા અને સેવકો હેરાન હેરાન થતા પાછા ફર્યા. બીજા દિવસે રાજાએ હુકમ કર્યો કે રાજાના જોષીને બરતરફ કરવામાં આવે છે અને તેની જગ્યાએ વરસાદની આગાહી કરનાર કુંભારની રાજાના જોષી તરીકે નિમણૂક કરવામાં આવે છે.'



નિમણૂકનો હુકમ લઈ અમલદાર પહોંચ્યા કુંભાર પાસે અને તમામ વિગત જણાવી ત્યારે કુંભારની ચિંતાનો પાર ન રહ્યો. કુંભાર તરત જ રાજ-દરબારમાં હાજર થયો અને રાજાને આજીજી કરી, 'નામદાર મને જ્યોતિષનું જરા પણ જ્ઞાન નથી. આ તો અમારા વાડામાં ગધેડાં ભોમકા મંડે ખડતાલવા ત્યારે અમે સમજી જઈએ કે હવે વરસાદ આવશે. રાજાએ કુંભારની વાત સાંભળી બીજો હુકમ કર્યો કે 'કુંભારને બદલે ગધેડાની નિમણૂક કરો.'

'કુંભાર કરતાં ગધેડા ડાહ્યા' આ કહેવત ત્યારથી પ્રચલિત થઈ.

લિંકનની વાત સાંભળ્યા પછી સૌ ગ્રામજનોએ કાંઈ બોલ્યા વિના વિદાય લીધી.

વિન્સટર્ન ચર્ચિલ ઈંગ્લેંડના વડા પ્રધાન હતા ત્યારે જ્યોર્જ બનાર્ડ શૉનું એક નાટક લંડનમાં રજૂ થયું. બનાર્ડ શૉ વિશ્વપ્રસિદ્ધ નાટ્ય લેખક, ચિંતક, અને પ્રખર સેટાયરિસ્ટ - કટાક્ષકાર હતા.

શૉએ તેમના નાટકનાં બે આમંત્રણ કાર્ડ વિન્સટર્ન ચર્ચિલને મોકલ્યાં, અને સાથે પત્રમાં એવી નોંધ કરી કે 'હું બે આમંત્રણ કાર્ડ આપને મોકલું છું. એક આપના માટે અને એક આપના મિત્ર માટે (જો કોઈ હોય તો) શૉએ સાથે આવી નોંધ કરી. ચર્ચિલે પ્રત્યુતર આપતાં લખ્યું કે હાલ તો હું બીઝી હોવાથી નાટક જોવા માટે સમય ફાળવી શકું તેમ નથી. પરંતુ બે ચાર દિવસ પછી જરૂર વિચારીશ (જો નાટક ચાલશે તો). શૉને બરાબર જવાબ મળી ગયો.

એક વાર બનાર્ડ શૉ એક સાંકડા પુલ પરથી પસાર થતા હતા એ જ વખતે તેમનો સખત વિરોધી સામે મળ્યો. શૉએ વિનમ્રતાથી કહ્યું. 'પ્લીઝ મને રસ્તો આપો.'

શૉના વિરોધીએ ગુસ્સામાં કહ્યું, 'હું ગધેડાને રસ્તો નથી આપતો.' આટલું સાંભળતાં જ શૉ તરત જ ખસી ગયા અને કહ્યું. 'હું આપું છું.'

હોલીવુડની પ્રસિદ્ધ અભિનેત્રી ઈસા ડોરા ડંકને બનાર્ડ શૉ સમક્ષ પ્રસ્તાવ રજૂ કર્યો કે,

'સાહેબ, આપણે લગ્ન કરી લઈએ, આપણું બાળક જે જન્મશે તેમાં મારું સૌંદર્ય અને આપની બુદ્ધિ હશે.

આપની બુદ્ધિ અને મારા સૌંદયમા સમન્વય રૂપે અવતરેલું બાળક મહાન બનશે, વિશ્વમાં પ્રસિદ્ધિ પામશે.

બનાર્ડ શૉએ પ્રસ્તાવના પ્રત્યુતરમાં જણાવ્યું કે 'તમારા પ્રસ્તાવ બદલ આભાર. પરંતુ આપણું બાળક તમારી બુદ્ધિ અને મારા સૌંદર્ય સાથે જન્મ લેશે તો? તો શું થશે?

પ્રસ્તાવની પૂર્ણાહુતિ ત્યાં જ થઈ ગઈ.

હસો, હાસ્ય એ આત્માનું સંગીત છે.

*આશિયાના, મંગલદીપ સોસાયટી,*
*થાનગઢ, સુરેન્દ્રનગર*
*પિન : ૩૬૩ ૫૩૦*
*મો. ૯૬૮૭૬ ૨૦૮૮૫*


# લાઇન-ફાઇન

*- પ્રવીણ દરજી*

અમે આજે ખુશ છીએ. ખુશ એટલે વિક્રમ સંવત બે હજાર એક્યાશીના આષાઢની પૂર્ણિમાના ચંદ્રની જેમ ફુલ્લ દલે ખુશ છીએ. કહો - પૂછો, અરે, કેમ ભઈલા ? તો અમારો સીધો લાકડી જેવો ઉત્તર છે કે અમોને આજે એકદમ નવોનકોર વિષય લખવા મળી ગયો છે. અદ્ભુત, અનન્ય અને અપૂર્વ એવો એ વિષય છે. હું જાણું છું કે આ સાંભળીને તમારી જિજ્ઞાસા વિષય સંદર્ભે ઓર વધી ગઈ હશે. લો, તમારી ધીરજનો અંત આવે તે માટે કહી જ દઉં કે એ વિષયનું નામ છે. લાઇન. અરે, લાઇન એટલે લાઇન. અત્યારે તમે જ્યાં જ્યાં નજર નાખો છો અને તમોને રળિયાત કરી મૂકે છે એ લાઇન. જ્યાં તમારાં એટીએમ છે, જ્યાં બૅંકો છે. બસ, લાઇન, લાઇન. તમોને થશે કે આ તો નવો વિષય ક્યાં છે? બાપલા, ધીરજ ધરો. નવો નહીં, નવોનકોર વિષય છે. એમ હું આ બીજી વાર કહું છું. તમે શ્રેણી શબ્દ સાંભળ્યો હશે, કતાર, પંક્તિ કે હરોળ શબ્દ પણ જાણતા હશો. હાર, લીટી જેવા શબ્દો પણ વાંચ્યા હશે. એ સઘળું આ લાઇનમાં આવી જાય. અને ખાનગીમાં કોશમાં આપેલા બીજા થોડાક અર્થ કહું? ઓછાં પ્રચલિત પણ જાણવા જેવો એનો અર્થ 'હુકમ પાળવો', કાબૂમાં રહેવું કે 'ઊભા રહેવું' એવો પણ થાય છે. ભઈલા, ગંભીર ના થઈ જઈશ, આવા તેવા અર્થો તો દૂધમાંથી પોરા કાઢવા ટેવાયેલાઓ માટે છે. આપણે તો લાઇન એટલે ભઈલા, લાઇન જ સમજવાનું.

માળું, અમારા સમયમાં તો લાઇનનો અર્થ જ જુદો થતો. માતા - પિતા ગુસ્સે થાય કે કોઈ વડીલ ગુસ્સે થાય તો ઠપકો આપતાં કહે 'બહુ વકર્યા છો કેમ? જરા, લાઇનમાં રહો લાઇનમાં' અને અમે સમજી જતા કે હવે થોડા ઠીકઠાક રહેવું પડશે. લાઇન તોડાય નહીં. લાઇનમાં રહેવું પડશે. પણ મિત્ર, સાથે આ એક બીજો સંદર્ભ પણ નોંધું છું. સરખેસરખા મિત્રો મળે, ઠઠ્ઠા-મશ્કરીનો દોર ચાલે, નિરાંતે વાતોનો દોર ચાલતો હોય અને ભૂલેચૂકેય કોઈ સુકન્યા ત્યાંથી પસાર થતી હોય તો એકાદો મિત્ર ત્યાં તરત બોલી ઊઠવાનો 'યાર! લાઇન મારવા જેવી છે!' હા, ત્યારે વોટ્સએપ નહીં, મોબાઇલ નહીં, ચીટચેટિંગ નહીં, એટલે 'લાઇન મારવાની' વાત ત્યાં 'આંખ મચકારવા'ના અર્થમાં થાય. કોઈક વળી કોઈકની ઉપર ઓળઘોળ હોય તો મસ્તીમાં કહે પણ ખરું 'દોસ્ત! લાઇન મારવાનું છોડ હવે', 'મારો લાઇન તો તબિયત ફાઇન' એવું નાટક છે. રે, રે! એ દિવસો હવે ગયા. લાઇનનો એ રોમેન્ટિક અર્થ હવે લુપ્ત થઈ ગયો છે. આજના જુવાનિયાઓને માટે એ હવે 'આઉટ ઓફ ડેટ' શબ્દ થઈ ગયો છે. 'ડેટ'ના બદલે 'ડેડ' કહું તો પણ ચાલે.

પણ એનું સાટું હવે આજના આ 'લાઇન' શબ્દે પૂરેપૂરું વાળી આપ્યું છે. 'લાઇન'માં ઊભા રહેવા જેવું બીજું ક્યું મોટું સદ્ભાગ્ય છે કહો જોઈએ? અમે તો એમ માનીએ છીએ કે મોટા ભાગ્યવાળાને જ લાઇનમાં ઊભા રહેવાની સોનેરી તક પ્રાપ્ત થાય. ખરા, સમાજવાદની આવી લાઇનોમાં જ પ્રતીતિ થતી હોય છે. લાઇનમાં ઊભેલો માણસ વધુમાં વધુ નિખાલસ હોય છે. એક જ આશય હોવાને કારણે દરેક જણ અહીં દિલ ખોલીને વાત કરે છે. દરેકની સરખી મુશ્કેલીઓ હોય છે. તેથી દરેક જણ પરસ્પરને ધ્યાનથી સાંભળે છે. ખરું પૂછો તો સહૃદયતા બરાબર ક્યાંય કોળી ઊઠતી હોય તો આવી લાઇનોમાં જ કોળી ઊઠે છે. કોઈક કોઈક લવિંગ, ચૉકલેટની આપ-લે કરે છે વળી પોતે ક્યા મહોલ્લામાં, ગામ ઘરમાં રહે છે તે પણ જાણી - જણાવી દે છે. કહો કે પરસ્પરના સંબંધોનું એક નવું રૂપેરી



પ્રકરણ આ લાઈનમાં જ શરૂ થતું હોય છે. ક્યારેક ક્યારેક તો કોક કોઈક એક જ જ્ઞાતિના નીકળતાં, સગાનો સગો, પોતાનોય સગો છે, ગોત્ર કુળ એક છે એમ જાણતાં વિઝિટિંગ કાર્ડની પણ આપ-લે થાય. પુત્ર-પુત્રીઓના ભણતર કે ઉંમર વિશેની પૃચ્છા થાય છે. જોગ-સંજોગ ઊભા થતાં ચોકઠાં ફીટ પણ થઈ જતાં હોય છે. બોલો, લાઇન ફાઇન છે કે નહીં ?

અને હા, વહેલી પરોઢથી મોડી રાત સુધી આવી લાઇનોમાં ઊભા રહેનારાઓની દયા ખાનારાઓને શું કહેવાનું? મૂર્ખાઓ ! આપ મૂઆ વિના સ્વર્ગે ન જવાય એ સમજો જરા. ઘરના અંધારિયા ખૂણામાંથી બહાર નીકળી આવી લાઇનોમાં ઊભા રહો તો ખબર પડે કે લાઇન એ લાઇન નથી. તમારા અનેક પ્રકારના ઊર્ધ્વગમનની એ સાઇન છે. ત્યાં તમે ક્યારેય ધાર્યુ ન હોય કે વિચાર્યું નહીં હોય તેવા માણસો પાણીનાં પાઉચ લઈને તમારી તૃષા છિપાવે છે. કોઈક કોઈક બિસ્કિટનાં પડીકાં લઈને તમોને ભેટ આપશે. તમારી બુભુક્ષાને શાંત પડશે. કોઈક કોઈક સજ્જન વડીલ જો કતારમાં સાથે થઈ ગયા હશે તો તેમની જિંદગીના અનુભવોનો નિચોડ તમોને નિઃશુલ્ક આપશે. અને હા, રસ્તે જતી રિક્ષાઓ, બસો, ટ્રામ, પગથી ચાલનારા માણસો તમોને ટીકી ટીકીને નિહાળશે. ક્યારેક દયાર્દ્ર ચહેરે તે સહાનુભૂતિ પ્રકટ કરશે. તમોને ત્યારે લાગશે કે તમે એકાકી નથી, તમે અટૂલા નથી. તમારો પણ એક મોટો ચાહક વર્ગ છે. તમે જેઓને નથી જાણ્યા-જોયા તેવાઓનાં હૃદયમાં પણ તમારા માટે પ્રેમ ધબકી રહ્યો છે. અરે, ક્યારેય આમ તો આપણા ચાડાનો કોઈ ફોટો ખેંચતું નથી. પણ લાઇનમાં ઊભા હો ત્યારે ટીવી વાળા, જુદી જુદી ચેનલો કે મીડિયા-છાપાવાળા લાઇનનો ફોટાગ્રાફ લેવા દોડાદોડી કરતા હોય છે. તમે ક્યારેક તેમાં સુંદર રીતે ઝડપાઈ જતા હો છો. તમે ત્યારે છો તેના કરતાં વધુ ગંભીર કે કદાચ વધુ હળવા પણ લાગો. તમારાં સંતાનો કે પત્ની લાઇનમાં ઊભેલા તમોને ટીવી કે છાપાના પહેલા પાને જોઈને મલકી જશે, અભિનંદન પણ આપશે. લાઇન-વાઇનના પ્રાસમાં અમોને રસ નથી પણ એટલું જરૂર કહીશું કે લાઇનમાં ઊભા રહેવું એક નશો છે, નશો. અને સામે છેડે એમ પણ કહું કે આમ ઊભા રહેવું એ તપ પણ છે ને દોસ્ત! લાઇન ફાઇન એ એપિસોડ બનાવી દે છે.

---

*'વાગીશા', ફુવારા પાસે, પેલેસ રોડ,*
*લુણાવાડા જિ. પંચમહાલ - ૩૮૯ ૨૩૦*
*મો. ૯૮૨૫૩૫૬૫૫૧*



# ટેન્શન ન હોવું, એ પણ એક ટેન્શન

- હર્ષદ પંડયા 'શબ્દપ્રીત'

થોડા સમય પહેલાં એક અંગ્રેજી ન્યૂઝપેપરમાં એવા સમાચાર હતા કે માત્ર અમેરિકામાં જ નહીં, દુનિયાના મોટા ભાગના દેશોમાં માનસિક તણાવનું પ્રમાણ વધવા માંડ્યું છે. ભારતની જનતાએ પણ આ બાબતે હરણફાળ સ્પર્ધાત્મક પ્રગતિ કરવા માંડી છે.

દુનિયામાં એક પણ માણસ એવો નહીં મળે, જે કોઈ ને કોઈ ટૅન્શન લઈને જીવતો ન હોય. હવે તો જોકે 'ટૅન્શન હોવું' એ જ જાણે કે હયાત હોવાનું પ્રમાણપત્ર બની ગયું છે. 'લે, તમને કોઈ ટૅન્શન જ નથી?' આવું બોલનારાને મન, 'ટૅન્શન હોવું' એ પણ એક પ્રકારની ઉપલબ્ધિ હોય એ રીતે ટૅન્શનનાં ગુણગાન ગાતા હોય છે.

'ટૅન્શન લેને કા નહીં, દેને કા... ક્યા...' આવું બોલીને પોતે જાણે ટૅન્શનમુક્ત હોય એવો દેખાવ બાબુ બૉસ કરતો રહે છે, પણ ખરેખર તો આવું એ લોકો જ રટણ કરતા રહે છે જેઓ પોતે જ ટૅન્શનમાં રહેતા હોય!

'ટૅન્શન'ને અતિથિ કહેવાય કે નહીં?" બાબુ બૉસે મને પ્રશ્ન પૂછ્યો, ત્યારે મને થયું કે સાલું, આ બાબુ ક્યારેક ઈન્ટેલિજન્ટ વાત પણ કરે છે ખરો! એની વાત પણ સાચી કે ટૅન્શન બિચારું ફોન કે email કરીને થોડું આવે છે?!

આખા દેશનું ટૅન્શન માથે લઈને ફરવાનો એકમાત્ર રાજકીય શોખ હોવાને કારણે થોડા સમય પહેલાં મારી તબિયત બગડી. હૃદયના ધબકારા અચાનક વધવા માંડ્યા. ધબકારાની રેન્જ જાણ્યા પછી ખબર પડી કે મારે પણ હૃદય તો છે. બાકી, એવા કેટલાય માણસો ભટકાતા હોય છે કે એમના સતત સહવાસને કારણે એ જ ભૂલી જવાય છે કે આપણી પાસે એકાદ હૃદય જેવું પણ કંઈક છે...

સ્વભાવ જ એવો ટૅન્શનિયો થઈ ગયો છે ને કે મારું પોતાનું ટૅન્શન ન હોય તો પારકાનું ટૅન્શન ઉપાડીને હું ફરતો રહું છું. 'આનંદ' ફિલ્મનું પેલું ગીત છે ને કે 'અપના ન હોતે સહે, દરદ પરાયે... દરદ પરાયે.. કહીં દૂર... જબ દિન ઢલ જાએ...' જોકે પારકાનું એવું કોઈ ટૅન્શન હું નથી રાખતો, પણ એક જ ટૅન્શન.. કે એ લોકોને કેમ કોઈ ટૅન્શન જ નથી? અથવા તો કોઈને ટૅન્શન હોય તોય આટલા બધા સુખી કેમ રહી શકતા હશે? બસ આ જ એક ટૅન્શન! ટૅન્શન પ્રત્યે મારું ઍટૅન્શન જબરું! એક તો આવું ટૅન્શન અને ઉપરથી પૉલ્યુશન... ગમે તેટલો બૉડી-બિલ્ડર હોય તોય એની તબિયત ભૂકંપગ્રસ્ત ઈમારત જેવી થઈ જ જાય.

ઍટેક તો હૃદય હોય એને જ આવે ને ભાઈ! હૃદય વગરના નિર્દયને થોડો કંઈ આવે? ઍટેક પણ હૃદયની સજાવટ જોઈને આવતો હોય છે. જેને અત્યાર સુધીમાં એક પણ ઍટેક ન આવ્યો હોય એણે એટલું તો સમજી જ લેવાનું કે હૃદય ક્યાંક આડુંઅવળું મુકાઈ ગયું હોવું જોઈએ. બાકી હૃદય હોય અને ઍટેક ન આવે એ શક્ય જ નથી. એટલે જ મને પણ મારા હૃદય વિશે થોડી શંકા રહ્યા કરે છે કે મારું બેટું હશે તો ખરું ને?

પણ થોડા દિવસ પહેલાં ધબકારા વધવા માંડ્યા. એટલે બાજુમાં જ હાર્ટ સ્પેશિયાલિસ્ટ એક ડૉક્ટર હૃદયનાથ એટેકરના દવાખાને ગયો.

"બોલો કેમ આવવું પડ્યું?" ડૉક્ટરે પુછ્યું.

"બસ, એકાદ આંટો મારવા." મેં કહ્યું.

"વ્હૉટ?" ડૉક્ટર તાડૂક્યા, "મજાક કરો છો?"

"અરે ડૉક્ટરસાહેબ, માણસ દવાખાને કેમ આવતો હોય?"

"બીમારી થઈ હોય એટલે." ડૉક્ટરે કહ્યું.

"તો પછી કેમ આવ્યા છો' એમ પૂછાય ?"

"પણ તમે તો તંદુરસ્ત લાગો છો."

"એ જ મોટો પ્રૉબ્લેમ છે ને સાહેબ !"

"આજની બીમારી પણ રાજકારણી જેવી થઈ ગઈ છે, હોય તોય દેખાય નહીં."

"બોલો શી તકલીફ છે?" ડૉક્ટરે સ્ટેથોસ્કોપ રમાડતાં પૂછ્યું.

"ધબકારા વધી જાય છે."

"ઓછા ઝઘડા કરો ને... વાઈફને એટલે કે દર્દીને લઈને આવ્યા છો?" ડૉક્ટરે બારણા તરફ નજર કરતાં પૂછ્યું.

"હું મારા ધબકારાની વાત કરું છું સાહેબ..."

"શું વાત કરો છો? તમારા ધબકારા વધી જાય છે?"

"કેમ? હું માણસ નથી?" મેં સહેજ અકળાઈને કહ્યું.

"મારાથી ના તો કેમ પડાય... પણ તમને તો..." સહેજ અટકીને ડૉક્ટરે કહ્યું, "આ પહેલાં ક્યારેય આવું થયેલું?"

"ના સાહેબ... આજે પહેલી જ વાર..."

પછી સ્ટેથોસ્કોપની સાક્ષીએ છાતી પર, પીઠ પર, કપાળ પર થોડી રમત કર્યા પછી ડૉક્ટરે કહ્યું, "તમારી કેશવાહિનીઓ રૂંધાઈ ગઈ હોય તેમ લાગે છે."

"સાચી વાત છે સાહેબ, મારી CASH વાહિનીઓ તો ક્યારનીય રૂંધાઈ ગઈ છે."

"તો વેળાસર ચૅક કેમ નથી કરાવતા?"

"સાહેબ 'કેશ'નું ઠેકાણું ન હોય ત્યાં 'ચૅક' ક્યાંથી કરાવીએ?"

"તમે રમૂજી સ્વભાવ ધરાવો છો, હોં!" ડૉક્ટરે ગંભીર થઈને કહ્યું.

"એ સિવાય આ બ્રાહ્મણ પાસે બીજું કંઈ ધરાવવા જેવું છે પણ નહીં."

"ઓ.કે., ઓ.કે. બીજું શું શું થાય છે?"

"આ ધબકારા વધી જાય છે એ તમને હજુ ઓછા લાગે છે?"

"નહીં, નહીં. મારો પૂછવાનો મતલબ એ છે કે ધબકારા ખાસ કરીને ક્યારે વધવા માંડે છે?"

"ભાવાવેશમાં!"

"આવી બીમારી તો સાવ કૉમન કહેવાય. ભાવ વધે એટલે ભલભલા આવેશમાં આવી જાય અને પરિણામે ધબકારા વધવા માંડે."

"એવું નથી સાહેબ. મારા માટે કોઈનેય ભાવ નથી, કોઈનેય લાગણી નથી." બોલતાં બોલતાં હું અત્યંત ભાવુક થઈ ગયો. "અરે ભાઈ... હું એવા હૃદયના ભાવની કે લાગણીના ભાવની વાત નથી કરતો. હું તો મોંઘવારીની વાત કરું છું. શાકભાજી અને ચીજવસ્તુઓના ભાવ કેટલા બધા વધતા જાય છે, નહીં?"

"તો એમ ફોડ પાડો ને સાહેબ..."

"બીજી શી તકલીફ છે?"

"ટૅન્શન બહુ છે."

"શેનું ટૅન્શન રાખો છો? નોકરીનું, બાળકોનું, પરિવારનું?"

"એવું કોઈ જ ટૅન્શન નથી સાહેબ."

"તો શેનું ટૅન્શન છે?"

"તમારી ફીનું."

"મને લાગે છે કે તમારું એ ટૅન્શન તમે ધીરેધીરે મારા માથે ટ્રાન્સફર કરી રહ્યા છો, પણ ડૉન્ટ વરી. હૃદયની બીમારીવાળા માટે મેં હપતાપદ્ધતિ રાખી છે, બસ?"

"તો શું... તમે પણ હપતા ઉઘરાવવા માંડ્યા?"

આજુબાજુ જોઈને ડૉક્ટરે મને ધમકાવતાં કહ્યું, "એઈ, મિસ્ટર, ધીમે બોલો... બોલવાનું કંઈ ભાન છે કે નહીં?"

"પણ તમે તો હમણાં કહ્યું કે 'હપતા'..."

"હા, પણ તમે સમજો છો એ અર્થમાં નહીં. મારી ફીના પૈસા તમારી સગવડ થતી રહે તેમ ટુકડે-ટુકડે આપતા રહેવાના... સમજ્યા?"

"પણ સગવડ ન થઈ તો?"

"તો ધબકારા વધવા માંડશે. બીજું નવું કશું નહીં થાય..."

"કેમ સાહેબ દાઢમાંથી બોલતા હો એમ બોલો છો?"

"તો શું... વહાલમાં બોલું? બોલો, ટ્રીટમેન્ટ કરવાની છે?"

"હાસ્તો... ટ્રીટમેન્ટ માટે તો આવ્યો છું, પણ સહેજ VIP ટ્રીટમેન્ટ કરજો સાહેબ."

"VIP ટ્રીટમેન્ટ?" ડૉક્ટર ખુરશીમાંથી અડધા ઊભા થઈ ગયા.

"હા સાહેબ, ઘણાંને મેં એવું બોલતાં સાંભળ્યાં છે કે અમને ફલાણાએ કે ઢીંકણાએ VIP ટ્રીટમેન્ટ આપી. તો અત્યારે મને યાદ આવ્યું કે અહીં આવ્યો છું, તો મારે પણ VIP ટ્રીટમેન્ટ લઈ લેવી."

બેલ વગાડીને ડૉક્ટરે નર્સને બોલાવી. અંગ્રેજીમાં થોડી વાતો કરીને ડૉક્ટરે નર્સને કહ્યું, "પેશન્ટને ક્યુરેટિંગ માટે લઈ જાવ."

"ક્યુરેટિંગ?" હું ચમક્યો.

"ઓહ નો!" નર્સે મારી સામે જોઈ આશ્વાસન આપતાં (આશ્વાસન મને આપતાં કે ડૉક્ટરને આપતાં–એ હું નક્કી ન કરી શક્યો, પણ) કહ્યું, "ડૉક્ટરસાહેબ ગભરાઈ ગયા છે. સાહેબ એમ કહેવા માંગે છે કે તમારે સોનોગ્રાફી કરાવવી પડશે." નર્સે મલકાઈને કહ્યું. .





"સોનોગ્રાફી?" મેં દુખદ આશ્ચર્યથી પૂછ્યું

"હા." ડૉક્ટરે ડાયરીમાં કશુંક લખતાં લખતાં કહ્યું, "બ્લડનો ટેસ્ટ પણ કરવો પડશે."

"રાત્રે મચ્છરો ઓછો ટેસ્ટ કરે છે કે હવે તમારે કરવો છે?"

આવું મારે કહેવું'તું, પણ હું મૌન રહ્યો. ડૉક્ટરે નર્સના હાથમાં ફાઈલ મૂકતાં કહ્યું, "કાર્ડિયોગ્રામ અને પ્રેશર પણ ચેક કરી લેજો." "ડૉક્ટરસાહેબ.... બધું જ જો નર્સ કરશે... તો તમે કશું જ નહીં કરો?" મેં ચિંતાથી પૂછ્યું.

"મારે બીજા દર્દીઓ ચેક કરવાના હોય ને.. અને તમે ચિંતા ન કરો, નર્સનો ભલે આજે પહેલો જ દિવસ હોય, પણ હોશિયાર છે!"

થોડી વારે કાર્ડિયોગ્રામ અને પ્રેશર મપાઈ ગયા પછી નર્સે ડૉક્ટરને કહ્યું, "પ્રેશર થોડું લો છે અને કાર્ડિયોગ્રામ સહેજ નૉર્મલ લાગે છે."

"ચિંતા કરવા જેવું નથી." ડૉક્ટરે સ્મિત કરીને મને કહ્યું, "પ્રેશર થોડું લો છે એટલે તમારાં પત્નીને થોડા દિવસ પિયર મોકલી દો."

"પણ ડૉક્ટરસાહેબ.. એ તો જન્મી ત્યારથી જ પિયર છે.."

"વ્હૉટ?" ડૉક્ટરે અને નર્સે એકસાથે પૂછ્યું.

"હા, હું કુંવારો છું."

"તમારાં લગ્ન થયાં નથી, તોય પ્રેશર લૉ થઈ જાય છે અને ધબકારા વધી જાય છે? નવાઈની વાત છે!" પછી ડૉક્ટરે નર્સની સામે જોઈને પૂછ્યું. "આ બધા રિપોર્ટ્સ તો આ ભાઈના જ છે ને?"

"યસ સર... લગભગ તો એમના જ છે." નર્સે ત્રણ—ચાર ફાઈલો ફંફોસતાં કહ્યું. બીજા દિવસે સોનોગ્રાફીનો રિપોર્ટ સમજાવતાં ડૉક્ટરે મને કહ્યું, "ચરબી વધી ગઈ છે."

હું ચૂપ રહ્યો ને વિચારવા લાગ્યો કે ડૉક્ટરને મારા અળવીતરા સ્વભાવની કેવી રીતે ખબર પડી?

"હું તમને કહું છું મિસ્ટર પંડ્યા, ચરબી વધી ગઈ છે." ડૉક્ટરે કહ્યું.

"ના સાહેબ, મારી પાસે એવું કશું નથી કે જેથી કરીને હું ચરબી કરતો ફરું..." મેં મારો બચાવ કરતાં કહ્યું.

"અરે યાર... હું એ ચરબીની વાત નથી કરતો.... લોહીમાં ચરબીનું પ્રમાણ, આઈ મીન ફેટનું પ્રમાણ વધી ગયું છે, એની વાત કરું છું..." "ઓહ, એમ કહો ને ત્યારે... એ ચરબી તો ઉતારતાં મને આવડે છે. ફી કેટલી આપવાની?"

"જે વ્યક્તિને સમયે સમયસર ઓળખી લીધા હોય અને સંસારમાં રહીને જ સાધુ સમાન જીવન જીવી રહ્યા હોય એની ફી હું નથી લેતો."

"મતલબ?"

"હું વાંઢા લોકોની ફી નથી લેતો." ડૉક્ટરે કહ્યું.

"થેન્ક્યૂ! ડૉક્ટર!" કહીને હું દવાખાનાની બહાર નીકળ્યો. જિંદગીમાં કુંવારા રહ્યાનો આજે પહેલી વાર મને આનંદ થયો.

*બી-૧૦, દેવસિટી બંગલોઝ, નિર્માણ ટાવરની સામે,*
*ઘાટલોડિયા, અમદાવાદ-૩૮૦ ૦૬૧*
*મો. નં. ૯૭૨૪૫ ૦૧૯૮૭*

# ઇષ્ટદેવની અસીમ કૃપાથી

*- ડૉ. નલિની ગણાત્રા*

બધાએ પોતપોતાના જીવનમાં કોઈકના ને કોઈકના લગ્નની કંકોત્રી જોઈ-વાંચી હશે. કુંવારાઓએ દુખી દિલે અને રડતા હૃદયે વાંચી હશે અને પરણેલાઓએ પણ દુખી દિલે અને રડતા હૃદયે જ વાંચી હશે. કુંવારા અને પરણેલાઓના ભાવાવેશ અલબત્ત અલગ રહ્યા હશે. કિન્તુ જેણે કંકોત્રી વાંચી હશે એ કંકોત્રીના જાણભેદુઓ આ લેખના સમૃદ્ધ શીર્ષકથી અજાણ નહીં જ હોય. અરે તમે ઉછીની લીધેલી કંકોત્રી વાંચશો તો એમાંય 'પહેલી લીટી ના વારસદાર'ની જેમ પહેલી લીટીમાં 'અમારા ઈષ્ટદેવની અસીમ કૃપાથી...' એવું લખ્યું જ હશે. જેમ પૈસાદાર લોકો પાસે ભલે બીજું કશું ન હોય પણ પૈસા તો હોય જ, એમ કંકોત્રીમાં ભલે અગત્યની માહિતી મિસિંગ હોય પણ 'ઈષ્ટદેવની અસીમ કૃપાથી....' તો હોય જ હોય. અરે વર-કન્યાનું નામ લખવાનું પણ ભૂલાઈ ગયું હોય, પણ દાંત હોય ત્યાં પેઢાં હોય જ, એમ કંકોત્રીમાં ઈષ્ટદેવની કૃપા અવશ્યમેવ હોય. તમારા સમ, હું તો અસીમ કૃપા વગરની કંકોત્રીની કલ્પના સુધ્ધાં કરી શકતી નથી.

હવે ભગવાને સૌને આગવા ઈષ્ટદેવ આપ્યા છે, એટલે આમાં કોઈ મારા ઈષ્ટદેવ પર તો તરાપ મારતું નથી. એટલે એમના ઈષ્ટદેવથી મારી કોઈ જ પ્રકારની લાગણી દુભાતી નથી, અને 'કૃપા' તો ક્યાંય પણ થવા કે જવા સ્વતંત્ર છે એટલે એની સામે મને કોઈ વાંધો-વચકો નથી. કિન્તુ કંકોત્રીમાં છૂટથી વપરાતા 'અસીમ' શબ્દ સામે જ મને અવળું પડ્યું છે.

'લક્ષ્મી' સાથે જેના લવમેરેજ થયેલા છે અને જે 'અનંત-આકાશ'ને આંબેલા છે એવા અંબાણી, એમની કંકોત્રીમાં 'ઈષ્ટદેવની અસીમ કૃપાથી...' લખે તો આપણે નાછૂટકે રાજીખુશીથી ચલાવી લઈએ. કારણ કે એમના ઉપર અડ્ડો જમાવીને બેઠેલી અસીમ કૃપા આપણે નરી આંખે જોઈ શકીએ છીએ. એમની પાસે અઢળક કરતાંય વધારે સંપત્તિ છે એટલે તેઓ તો 'અસીમોસીમ કૃપા' લખે તોય કૃપાને ઓછું આવી જાય કે, બસ હું આટલી છું?! અરે, એ તો કંકોત્રીમાં બીજી કશી જ વિગત ન લખે અને ઈષ્ટદેવની અસીમ કૃપાથી... ઈષ્ટદેવની અસીમ કૃપાથી.... એવું લખીને આખી કંકોત્રી ભરી મૂકે તોય આપણે પૂરા માર્ક્સ આપવા પડે! અંબાણી, અદાણી, અઝીઝ પ્રેમજી... આ લોકોની રાશિ જ અસીમને મળતી આવે છે એટલે એમને રાશિફળ તો ભોગવવા મળે જ અને સાથે સાથે આપણા જેવા ગ્રાહકોની પણ અસીમ કૃપા એમના પર વરસતી રહે છે. વેપારીઓ ખુદ ગ્રાહકને ભગવાન માને છે એટલે એમણે કંકોત્રીમાં આપણી કૃપાનોય ઉલ્લેખ કરવો જોઈએ. પણ હશે હવે, એમની આગળ આપણે નાના ગણાઈએ અને નાના માણસોએ મન મારીને પણ મોટું મન રાખવું જ રહ્યું!

જે સીમિત લોકો પર ઈશ્વરની અસીમ કૃપા છે એ કંકોત્રીમાં શું કામ આધારકાર્ડ, રેશનકાર્ડ, પોસ્ટકાર્ડ કે પાસબુક, ચેકબુકમાં પણ ઈષ્ટદેવની અસીમ કૃપાથી 'લખે' તોય એ 'ભૂસવાનો' આપણને અધિકાર નથી. કારણ કે "સમરથ કો નહીં દોષ ગોસાઈ...!' કિન્તુ જેને સીમિત કૃપાનાં પણ ફાંફાં હોય એવા ફાંફાંશંકરો કંકોત્રીમાં અસીમ કૃપાથી... લખે એ વાંચીને આંખોમાં આસીમ બળતરા ઊપડે, અને દિલ એ બાબતે દુભાય કે કહેવાતા શુભ લગ્નની કંકોત્રીમાં શું કામ જૂઠું બોલતા હશે? જુઠું બોલવા માટે આપણી પાસે બીજાં અસીમ સ્થળો છે. છતાં કેમ જાણે અસીમ કૃપાથી... લખ્યા વગરની કંકોત્રી સમાજમાં માન્ય ન ગણાતી હોય એમ ધનકુબેરો સાથે કંગાળ કુબેરો પણ અસીમ કૃપાથી.... અચૂક લખે. આ જ તો ઈશ્વર પ્રત્યેની એમની આસ્થા અને પ્રેમનો પુરાવો છે.

હું જેમને નજીકથી ઓળખું છું એવા મારા એક દૂરના સગાની મને હમણાં જ કંકોત્રી મળી. એમનું મૂળ નામ તો 'મૂળચંદ' છે પણ સત્યઘટનામાં નામ બદલવાનો શાશ્વત રિવાજ હોવાથી અત્રે હું એમને 'ધૂળચંદ' કહીશ. આ તો ધૂળચંદના બાપા એને વારસામાં દીર્ઘાયુ દેવું આપી ગયેલા, અને કાબેલિયતથી પાછું એને પોતાનું આગવું દેવું પણ ઊભું કરેલું! એમની સ્થિતિ એવી કે, ડુંગળી-બટાકા તો જાણે એ રોકડે લઈ ખાતા. પણ લીલાં શાકભાજી માટે લોન લેવી પડતી. પોતે પહેલી તારીખના અભાવથી પીડાતા હોવાથી છેલ્લા દીકરાને 'ભીખલો' કરેલો. આ સુદામાના સાતમા ભાઈને કોઈ સગાં-વહાલાં તો ઠેકાણાં બતાવે નહીં, એટલે એણે દસ ઈષ્ટદેવ બદલ્યા ત્યારે એની દીકરીને ઠેકાણા વગરનું ઠેકાણું મળેલું. ટૂંકમાં ઝાંખી લીટી જેવી એની પર્સનાલિટી જોતા જ ભણેલા ગણેલા માણસોનેય ખબર પડી જાય કે ધૂળચંદ 'ભીખલા' નો જ બાપ છે. હા લેણિયાતો બાબતે એ સમૃદ્ધ ખરો!

આ ધૂળચંદની બીજી દીકરીનાં લગ્નની મને કંકોત્રી મળી અને એમાં અસીમ કૃપાથી... વાંચીને હું ભડકી! મને આ અસીમ કૃપાથી...

લખવાની સાઈડ ઈફેક્ટ દેખાઈ. ધૂળચંદ ભલે પરિસ્થિતિનો મોળો હતો પણ સ્વભાવનો ભોળો હતો. એ જૂઠું બોલવાની હરીફાઈમાં પણ જૂઠું ન બોલે એવો સત્યવાદી હતો. મને મારાથી વિરુદ્ધ સ્વભાવના માણસો ગમે તેથી મને એના માટે સદ્ભાવ હતો. એટલે મને દેખાયેલી સાઈડ ઈફેક્ટથી ચેતવવા હું જે લિફ્ટ મળી એમાં બેસીને એના ઘરે પહોંચી. મેં એને શાંતિથી ધમકાવ્યો કે, ભલા માણસ તને કંઈ ભાન છે? 'અસીમ કૃપા...' વાંચીને 'અમારા પૈસા લાય લાય" કરતા લેણિયાતો આવીને તને એવો ઘેરી લેશે કે, એ ઘેરાવામાંથી તું કન્યાદાન કરવાય બહાર નહીં નીકળી શકે. તારી પહેલી દીકરીના લગ્નમાં જે સગાં-વહાલાંઓએ સહાનુભૂતિથી રોકડિયા પાક જેવો ચાંદલો કરેલો એ લોકો અસીમ કૃપા વાંચીને ચાંદલામાં રોકડો કાપ મૂકી દેશે, અને ત્રેખડ જેવી ત્રીજી સાઈડ ઈફેક્ટ એ થશે કે વેવાઈ ચીનની દીવાલ જેટલું લાંબુ ચપણિયું લઈને આવશે અને હે ધૂળચંદ, જૂઠું લખતાં તું પૃથ્વીવલ્લભની જેમ ખંચાયો કેમ નહીં?!

તળિયા વગરનો મારો ઉત્પાત જોઈને ધૂળચંદે મને ફાયરબ્રિગેડની અદાથી શાંત પાડતાં કીધું કે, હે - નલિનીબેન, હું તમારી લાગણી સમજું છું. પણ મને એવું લાગે છે કે નિવૃત્ત થયા પછી તમને ઝીણું ઝીણું વાંચીને જાડું વિચારવાની વણજોઈતી આદત પડી ગઈ છે. બાકી તમને કહું તો કંકોત્રીમાં જમવાનું સ્થળ અને સમય સિવાયની વિગત કોઈ 'ધ્યાનથી' વાંચતું જ નથી!! પછી સાઈડ ઈફેક્ટ શેની થાય? સિમ્પલ! અને મેં જરાય જૂઠું નથી લખ્યું ખરેખર જ અસીમ કૃપા થઈ છે. એની કથા તમને 'સંભળાવી" દઉં.

અમારી સોસાયટીના નાકે એક પાણીપૂરીવાળો ઊભો રહે છે અલબત્ત લારી લઈને! દાંતના દર્દીઓની સેવાર્થે એ હવાઈ ગયેલી પાણીપૂરી જ રાખે છે. એક દિવસ મને દાંત દુખતા એટલે એની પાણીપૂરી ખાવા ગયો! એ ભૈયાજીના ચહેરા પરના સ્થિર હાવભાવ જોઈને મને લાગ્યું કે એ ક્યાંક ભાડે રહેતો હશે, અને એનું ભાડું પણ મકાનમાલિક જ ભરતો હશે. કિન્તુ વાતચીત કરતાં મને જાણવા મળ્યું કે એ તો આંબાવાડીમાં એક રૂમના બે મકાન, બાપુનગરમાં બે રૂમના ત્રણ મકાન અને ટાટાનગરમાં ત્રણ રૂમનાં ચાર મકાન ધરાવે છે! અને મને આશ્ચર્યચકિત થતાંય ન ફાવ્યું પછી શું...? માંડ માંડ ફવડાવ્યું મારી આંખો આઠ દિવસ સુધી પહોળી એ વાતે રહી ગઈ કે હવાઈ ગયેલી પાણીપૂરીમાં આટલી કમાણી કરે છે તો કડક પાણીપૂરીમાં તો કેટલું બધું કમાવાય? અને મેં વીજળીના ચમકારે મોતી પરોવી લીધું પાનબાઈ, સોરી, નલિનીબેન લગોલગ જ એક નવો લેણિયાત ઊભો કરી મેં પાણીપૂરીની લારી ઊભી કરી દીધી અને વરસમાં તો ક્વિક્લી માલામાલ થઈ ગયો. મારી મોટી દીકરીનેય ઠેકાણા (સરનામા)વાળું ઠેકાણું (ઘર) અપાવી દીધું. 'ભીખલા'ની બાધા પણ પંદરમા દિવસે જ પાછી ખેંચી લીધી. લીલાં શાકભાજી હવે તો ફ્રીઝમાં દોઢાદોઢ પડ્યા હોય છે. ધીમે ધીમે કરતા ઈષ્ટદેવ પણ દસમાંથી બે જ કરી નાખ્યા છે! લેણિયાતોને તો હું વ્યાજ સાથે ચૂકવી શકું એમ છું પણ લેણિયાતોની અવરજવરને કારણે મારું આંગણું રાત- દિવસ ભર્યુંભર્યું લાગે છે, એટલે લેણદારો તો જેમના તેમ જ રહેવા દીધા છે, હરખના!!

મિત્રો, `સત્ય'નારાયણ ધૂળચંદની કથા સાંભળીને હું ધરખમ ધન્ય થઈ ગઈ. આ ઉપરાંત પણ મને બીજી સત્યકથાઓ સાંભળવા મળી છે એનો પ્રસાદ પણ ચાલો હું તમને વહેંચું. એક ભાઈ અમદાવાદમાં જ એક સેન્ટર પર રોજ ફક્ત બે કલાક ઈડલી અને ચટણી લઈને ઊભા રહે છે. મોંઘવારી ભથ્થાની કસમ, એ ભાઈ ક્લાસવન ઑફિસર કરતાં પણ વધુ કમાય છે. ગામડા ગામમાં એક દાબેલીવાળો રોજના ૧૦,૦૦૦ રૂપિયા કમાય છે. એ ગામના ડૉક્ટરનીયે એટલી આવક નથી. આ અમારા વેવાઈનો આંખે દેખ્યો અહેવાલ છે. ડૉક્ટર હોવાના નાતે મને પણ લાગી તો આવ્યું જ પણ મેં ફગાવી નાખ્યું. એમબીએ ચાયવાલાનું નામ પણ સહુએ સાંભળ્યું હશે. સત્યનારાયણની કથાનો પ્રસાદ પડિયામાં સમાય એટલો જ આપી શકું. એટલે વધુ દાખલા નથી આપતી.

અનુભવે કરીને કહેવા એટલું જ માગું છું કે અત્યારે નાના ધંધામાં જ મોટી કમાણી છે. "ઓછું રોકાણ અને અદકી આવક, આવકવેરામાંથી સંપૂર્ણ રાહત..." ફક્ત અહમ્ અને શરમ છોડવાની જ હિંમત કરવાની છે. 'હિંમતે મરદ તો મદદે મહાદેવ! તો ઊઠો, ઊભા થાવ, અસીમ કૃપા ખડી હૈ આગે! ક્યાં સુધી નોકરીની રાહ જોશો? નાનો તોય પોતાનો ધંધો !

"ખુદી કો કર બુલંદ ઈતના કી હર તકદીર સે પહેલે
ખુદા બંદે સે પૂછે કિ, બતા તેરી રઝા ક્યા હૈ? "

અંતે, સહુ વાચકમિત્રોને શુભેચ્છા પાઠવું છું કે, તમારા પર તમારા જ નહીં, પણ તમારા પડોશીઓના ઈષ્ટદેવની પણ અસીમ કૃપા બની રહે, મને ખસ-ખૂજલી રોગની ખણ જેવી ખાતરી છે કે હવે પછી તમે લગ્નની સિઝનમાં કે સિઝન વગરનાં લગ્નમાં કોઈ પણ કંકોત્રીમાં અસીમ કૃપા વાંચશો તો મને અચૂક યાદ કરશો. કરશો ને?

છમ્મવડું : "...અસીમ કૃપા" કંકોત્રીનો કાળજાકેરો કટકો છે!!

*જે-૭૦૧, શિલ્પશાલીગ્રામા પાસે, વસ્ત્રાપુર, અમદાવાદ*
*મો. ૯૪૨૮૩ ૫૧૧૨૦*

# મરજી મુજબની મજા !

- *અધીર અમદાવાદી*

ટહુકો મોરનો, ચતુરાઈ કાગડાની, શિકાર બાજનો, ત્રાડ સિંહની, ઠસ્સો વાઘનો, ઝડપ ચિત્તાની, ઊંચાઈ જિરાફની, ઠંડક ભેંસની, લુચ્ચાઈ શિયાળની, બચકું કૂતરાનું અને મસ્તી તો બાપુ વાંદરાની જ હો ! એટલે જ વાંદરો સિંહને લાફો મારી જાય એવી જોક બને છે. જોક જ નહીં, સોશિયલ મીડિયા પર વાઘ-સિંહને સળી કરતા વાંદરાના વીડિયો પણ જોવા મળશે. ડાર્વિનના ઉત્ક્રાંતિવાદ પ્રમાણે આપણે વાંદરામાંથી ઊતરી આવ્યા છીએ. કદાચ એટલે જ આપણા પૈકી ઘણાં ઉત્ક્રાંતિવાદની રિટર્ન ટ્રિપ પર જતા હોય એમ વર્તે છે. જોકે ઝેરોક્સ કોપી ઓરિજિનલ જેવી ન જ હોય, એમ વાંદરામાંથી માણસ બનતા અમુક ઘુવડ જેવા ગંભીર બની જાય છે. આવા માણસોને જોક કહ્યા પછી ચોક-ડસ્ટર લઈને સમજાવવા જવું પડે છે. એટલું કર્યા પછી પણ જો હસે તો જાણે એમના હસવાથી આઈસલેન્ડ ભારત પર હુમલો કરી દેવાનું હોય એમ ખાલી ખભા ઉલાળે છે!

કોને શું ગમશે એ વ્યક્તિની અંગત પસંદગી-નાપસંદગી અને જે તે વ્યક્તિની આસપાસના વાતાવરણ પર આધારિત છે. જેમકે ગૌરીવ્રતના જવેરા પર કુમારિકાએ કંકુનાં છાંટણાં કર્યાં હોય એવી હેરસ્ટાઈલવાળા છોકરાઓ ઉપર અમેરિકન છોકરીઓ મરતી હોય છે. જ્યારે આપણે ત્યાં એવી હેરસ્ટાઈલ રાખનારને મરે ત્યાં સુધી કન્યા નથી મળતી. કેટલાક લોકોને દાઢી કરતી વખતે કારીગર ફુવારો મારે એમાં જેટલી મજા પડતી હોય છે કે એટલી મજા એમને શાસ્ત્રીય ખયાલ ગાયકીમાં નથી આવતી. આ એમની આગવી મજા છે જે આપણે ખૂંચવી શકતા નથી. એમાં કોઈ ખાસ હેતુ પણ હોતો નથી. ફક્ત પોતાના આનંદ માટે જ આવી પ્રવૃત્તિ કરવામાં આવતી હોય છે. આનંદ મારો હોય, તમારો હોય, પેલાંનો હોય, બીજાનો હોય, કામનો હોય કે રજાનો હોય, આનંદ એ આનંદ છે. ધોતિયું કે લુંગી પહેરવાથી મળતો આનંદ પણ એક આનંદ છે! આ તો ભારતમાં આવા અમેરિકા જેવાં ભેજાગેપ સંશોધનો નથી થતાં. બાકી લેંઘો પહેરનાર જિન્સ પહેરનાર કરતાં ૩૭.૮૯% વધુ ખુશ રહે છે તેવું સંશોધન આપણે ત્યાં ચોક્કસ થયું હોત !

બીજો એક 'આનંદ' હૃષીકેશ મુખર્જીનો હતો. હૃષીકેશ મુખર્જીની ફિલ્મ 'આનંદ'માં રાજેશ ખન્ના 'છોટી છોટી ખુશીયાં'નું મહત્ત્વ સમજાવે છે. અમે એક વખત રસ્તે જતાં એક બાળકને ગધેડા સાથે ગમ્મત કરતા જોયો. નાના સાંઠીકડાથી એ ગધેડાની હાલતી પૂંછડી સ્થિર રાખવાની કોશિશ કરતો હતો. થોડીવાર પછી એ બાળકને શું સૂઝ્યું કે એણે ઊંધા ફરીને ગધેડાને લાત મારી! ગધેડું માણસને લાત મારે તો એ સમાચાર નથી, પરંતુ માણસ ગધેડાને લાત મારે તો એ સમાચાર બને છે. પરંતુ અમારી પાસે કૅમેરા નહોતો, નહિતર અમે જોયેલ નિજાનંદનું એ શ્રેષ્ઠ દૃશ્ય હતું ! આ તો છોકરાંની વાત થઈ, પણ ગધેડું ખુદ ધૂળમાં આળોટતું હોય એ પણ નિજાનંદનું શ્રેષ્ઠ ઉદાહરણ નથી? આપણને વિચાર આવે કે આળોટવામાં શું હવાદ આવતો હશે? ફિલ્મ સ્ટાર્સને ધૂળ અને કાદવમાં આળોટવાના રૂપિયા મળતા હોય છે એ આખી જુદી વાત છે. જો તમે અકારણ અને અહેતુક આવી મજાઓ લઈ શકતા હોવ તો તમે યોગીની કક્ષામાં આવો.

કવિ નાઝીર દેખૈયા કહે છે કે:

હું હાથને મારા ફેલાવું તો તારી ખુદાઈ દૂર નથી,
હું માંગું ને તું આપી દે એ વાત મને મંજૂર નથી.

તો મરીઝ કહી ગયા છે કે:

પૂરતો નથી નસીબનો આનંદ ઓ ખુદા,
મરજી મુજબની થોડી મજા હોવી જોઈએ .

એટલે જ નસીબમાં હોય ને મળે તો ધૂળ પડી એ વસ્તુ કે વ્યક્તિમાં. એ જ તો, આટલાં વર્ષોથી એરેન્જડ મેરેજમાં પડ્યું પાનું નિભાવવાની સલાહ અપાય છે. પહેલાં તો લગન પણ વડીલો નક્કી કરી આવતા. અસલી મજા જાતે ભૂલ કરવામાં છે. લવમૅરેજ કરવામાં છે. કુંવારાપણું છોડી પરણવામાં છે. મહાકવિ બનો કે નહીં, પરંતુ જે ડાળી પર બેઠા હોવ એ ડાળી કુહાડીથી જાતે કાપવામાં છે. આજકાલ સોશિયલ મીડિયા પર પણ એવી જ રીલ જોવા મળે છે. લોકો એ હોંશે હોંશે જુએ છે અને ફૉર્વર્ડ કરે છે. આવા લોકોને વેબકૂફ કહેવામાં આવે છે. સોશિયલ મીડિયામાં તો રાતોરાત પ્રસિદ્ધિ મળે છે અને જતી પણ રહે છે. તમે મૂર્ખામી કરીને આનંદમાં રાચી શકો છો, તમારી એ મૂર્ખામીને સોશિયલ મીડિયા પર વાઈરલ કરીને! પરંતુ મૂર્ખને પોતે મૂર્ખ છે એ ખબર નથી હોતી, અને ધારો કે

હોય તો પણ એના વર્તનમાં કોઈ ફેર પડતો નથી.

એક જાહેરાતમાં કોઈએ કહ્યું છે 'અસલી મજા સબ કે સાથ હૈ'. આ જાહેરાત લખનારે ભીડમાં ધક્કા ખાધા નહીં હોય. એણે ઘરમાં કેરી કે ફટાકડા માટે બાળકોમાં થતી ઝૂંટાઝૂંટ જોઈ નહીં હોય. એસ્ટીમેટ કરતાં દોઢા લોકો આવી ગયા હોય એવા લગ્નના જમણવારમાં ગરમાગરમ પૂરીના તબકડામાંથી પૂરીઓ નીચે પડે એ પહેલાં ઝીલી લેતા હાથોની ચીલઝડપ નહીં જોઈ હોય. એણે અમદાવાદના થિયેટરની લાઈનની ધક્કામુક્કીમાં લાલાના હાથના દંડા નહીં ખાધા હોય. અસલી મજા તો શરાબી ફિલ્મના વિકીબાબુની જેમ આખા ઑડિટોરિયમમાં એકલા બેસીને પ્રોગ્રામ માણવામાં છે.

દરેક માણસમાં એક બાળક છુપાયેલો હોય છે. એટલે જ જે નાનપણમાં કોઈના વાળમાં ચ્યુંઈંગમ ચોંટાડી આનંદ લેતો હતો તે મોટો થઈને લોકોનું કરી નાખી, એ રૂપિયાથી વિદેશ પ્રવાસ કરી આનંદ મેળવે છે. જે નાનપણમાં સ્કૂલની નોટમાં ટીચરના નિર્દોષ કાર્ટૂન બનાવતો હતો તે હવે આખા ગામના લોકોને બનાવે છે. જોકે કાગડાના હસવામાં દેડકાનો જીવ જતો હોય છે. કોમેડિયનો અને કૉમેડી શોમાં સેલિબ્રિટી રોસ્ટની પ્રથા શરૂ થઈ છે. આમાં સેલિબ્રિટીઝ જાતે બલિનો બકરો બનવા આવે છે. સ્ક્રિપ્ટ પ્રમાણે ડાયલૉગ બોલનાર મોટાભાગના સેલિબ્રિટીઝ સિઝન્ડ કોમેડિયનના હાથે પોતાની બલિ ચઢતી હોય ત્યારે બકરાની જેમ બેં બેં થી વધારે અવાજ કરી શકતા નથી.

બકરાથી શિક્ષકો યાદ આવ્યા. શિક્ષકો એટલા સંતોષી જીવ હોય છે કે ચાલુ કલાસે ફૂટપટ્ટીથી બરડો ખણવા મળે એટલામાં ખુશ રહે છે. સેન્ટ્રલ એસેસમેન્ટમાં ઢગલાબંધ પેપર ચેક કરવાનું હોય એવામાં કોઈ શિક્ષકને સોંપાયેલ પેપરનું બંડલ પૂરું કરે ત્યારે જાણે પીઓકેમાં ઘૂસીને કોઈ ટેરરિસ્ટ કૅમ્પ સાફ કરી આવ્યા હોય એવો ભાવ આમના ચહેરા પર જોવા મળે. એક જ દિવસમાં ૨૫૦ પતાવી દીધા ! જબરજસ્ત !

માણસ રૂપિયા ઉછીના લે એ દિવસે એ મસ્તીમાં અને જે દિવસે પાછા આપવાના હોય એ દિવસે જેના લીધા હોય એ વ્યક્તિ ટેન્શનમાં હોય છે. અને માણસ મસ્તીમાં હોય ત્યારે તમે જોજો એ ગીત ગાય છે, ટેન્શનમાં હોય ત્યારે નહીં. પરણેલા સહિત ઘણા એવા હોય કે જે બહાર મળે તો મોઢું ફુલાઈને ફરતા જોવા મળે, પરંતુ જ્યાં બાથરૂમમાં ઘૂસે એટલે ગણગણવાથી માંડીને ખુલીને ફૂલ પીચમાં ગીત ગાવા લાગે. બાથરૂમ આમેય બંધિયાર જગ્યા હોવાથી ત્યાં ગાવ તો તમારો અવાજ થોડો ઘેરો લાગે. બાથરૂમમાં માણસ ખુલીને ગાઈ શકે છે કારણ કે ત્યાં ગાવામાં સુરક્ષા છે. તમારા ગાવાથી કોઈની લાગણી દુભાય તો વધારેમાં વધારે બહારથી સ્ટોપર મારી દે. એમ કોઈ તમારા ઉપર સડેલાં ટામેટાં કે ઈંડાં ન ફેંકી શકે. હૉસ્ટેલના બાથરૂમની વાત અલગ છે. હૉસ્ટેલના બાથરૂમ ઉપરથી અને તેના દરવાજા નીચેથી ખુલ્લા હોય છે. ત્યાં આવું જોખમ ના લેવાય. પણ સામાન્ય રીતે બાથરૂમમાં તમે ગાતા હોવ તો તમને કોઈ ટોકતું નથી. તમારા મોં પર હાથ મૂકવા નથી આવતું. અરે, લિરિક્સ ખોટા છે તેમ કહી કોઈ સુધારતું પણ નથી. તમે ગીત ગાતા હોવ અને આ ગીતના ગીતકાર કોણ હતા, કે ફિલ્મના ડાઈરેક્ટર કોણ હતા, એ ફિલ્મ વડીલે ક્યાં, ક્યારે અને કોની સાથે જોઈ હતી તે અંગે લેક્ચર આપીને તમારો ગીત ગાવાનો મૂડ ખરાબ કરી દેતું નથી. બાથરૂમમાં સ્વતંત્રતા છે, એટલે જ એમાં મોજ છે. સ્ત્રીઓ એમનેમ થોડો બાથરૂમમાં વધારે સમય વ્યતીત કરે છે?

જેક્સન બ્રાઉન નામના લેખકે 'લાઈફસ લીટલ ઈન્સ્ટ્રક્શન બુક'માં જીવન જીવવા માટે નાની નાની સલાહો આપી છે. એમાંની એક સલાહ શાવરમાં ગાવાની છે. જોકે અમેરિકામાં વસ્તી અને ક્ષેત્રફળના હિસાબે બે ઘર વચ્ચે સારું એવું અંતર હોય છે. એટલે તમે શાવરમાં ગાવ તો આજુબાજુ વાળાને ખલેલ નથી પહોંચતી. આપણે ત્યાં તો શાવરમાં ગાવ તો પડોશમાં રહેતા માજી ઘેર ફરિયાદ કરવા આવે! આ જેક્સન બ્રાઉને એવું પણ કહ્યું છે કે ખુશ હોવ ત્યારે સીટી વગાડો. ગાવાથી કે સીટી વગાડવાથી બ્લડપ્રેશર કન્ટ્રોલમાં રહે છે. અમારા એક મિત્રને વ્હિસલ વગાડવાની ટેવ હતી. એકવાર અમે બેઉ લેડીઝ હોસ્ટેલ પાસેથી પસાર થતા હતા ત્યારે અંદર લેડીઝ હોસ્ટેલમાં રૂપાળી છોકરીઓ રહેતી હશે એવો વિચાર કરી ખુશીનો માર્યો એ વ્હિસલ વગાડવા લાગ્યો. જોગાનુજોગ એ જ વખતે ત્યાંથી એન્ટિ-રોમિયો સ્કવૉડ પસાર થતી હતી. એમાં વ્હિસલ સીટી ગણાઈ ગઈ. પાછું અમને તો વ્હિસલ કે સીટી એકેય બરોબર વગાડતા નહોતું આવડતું તોયે અમે સહઆરોપી બન્યા. ત્યારથી અમે નક્કી કર્યું કે વિદેશી લેખકોની સલાહો વિદેશ પૂરતી બરોબર છે. આપણે તો દેશી લેખકો સારા.

મઝા લેનારા સિંગચણાના પડીકામાંથી શોધીને સારા હોય એવા દાણા ઉછાળીને ખાવાની દેશી પદ્ધતિમાં મઝા લે છે. સુરતમાં જો પેટ્રોલના ભાવમાં પચ્ચીસ પૈસાનો ઘટાડો થાય તો એ ઊજવવા છેક દમણ હુધી ડ્રાઇવ કરીને પહોંચી જાય એવા

ઉત્સાહીઓ પડ્યા છે. મજા કોઈ શરતોને આધીન ન હોવી જોઈએ. ઘણાને આમ થાય તો મજા આવે. તેમ થાય તો મજા આવે. આપણે ત્યાં પરીક્ષામાં ૯૦% લાવનાર રડતા હોય છે. જોકે સામે મહારાષ્ટ્ર બિડ વિસ્તારના ક્રિષ્ના નામદેવ મુંડે જેવા ઝૂઝારુ યુવાન પણ હોય છે જે એસએસસી અગિયારમા ટ્રાયલે પાસ થાય તોયે એના ઢોલ-નગારાં સાથે વિજય સરઘસ નીકળે. એ પણ સરઘસ એના ઉત્સાહી બાપ કાઢતા હોય. નામદેવ મુંડેનું નામ સહિષ્ણુ બાપ તરીકે અમર થઈ જશે.

આખા ભારતમાં સૌ એમ માને છે છે કે આપણે ગુજ્જેશો સવારમાં ઊઠી ઢોકળાના ખીરામાં બોળીને બ્રશ કરતા હોઈશું. કાઠિયાવાડમાં લોકો દંતમંજનને બદલે ગાંઠિયાનો ભૂકો વાપરતા હશે અને સુરતીઓનાં ફ્રીઝમાં ઘારીની થપ્પીઓ પડી હશે એવું અમારા જેવા ઘણા માનતા હશે. પણ એવું નથી. ઢોકળાં, ગાંઠિયા અને ઘારી સિવાય ઘણું બધું છે. અને હવે તો બધે બધું મળે છે. આવું લંડન અને ન્યૂ જર્સીથી આવેલા, સેવખમણી ઝાપટતાં ઝાપટતાં આપણને જ્ઞાન આપે છે. આપણા કમનસીબે આ 'બધે બધું મળે છે'માં હવે વિદેશી પંખીડાં જે ચૉકલેટો અને ટી-શર્ટો લાવતાં હતાં એ પણ બંધ થઈ ગયાં છે.

એક અમદાવાદી બચારો સંતોષી છે, એ કટિંગ ચા અને પીળા મસ્કાબનમાં ખુશ રહે છે. એને વિદેશનું અનુકરણ કરી ખૂલેલી કૉફીશોપ્સની લોટો ભરાય એટલી કૉફી પીવામાં મઝા નથી આવતી. કૉફીશોપ્સ પર તો એ સોશિયલ મીડિયા પર માત્ર સ્ટેટ્સ અપડેટ કરવા જાય છે. ઑફિસ વગર ચાલતા ધંધાની મિટિંગો કરવા જાય છે. ૭૦ અને ૮૦ના દાયકામાં મિલોના કાપડના શો રૂમમાં જેમ લોકો જતા હતા એમ હવે મૉલ અને કૉફીશોપ્સમાં જાય છે. કૉફીશોપ એ જગ્યા છે જ્યાં જઇ કરોડોની વાતો કરવાની અને પાંચસો રૂપિયાનું બિલ આપવાનું આવે ત્યારે ફોન જોવામાં મશગૂલ થઈ જવાનું! કેવી મજ્જાની લાઇફ?

એવું મનાય છે કે જીવનમાં ત્રણ જરૂરિયાતો પૂરી થાય તો માણસ ખુશ રહે. આ ત્રણ વસ્તુઓ એટલે રોટી, કપડાં, અને મકાન એવું જો તમે માનતા હોવ તો તમે ભૂલો છો. હવે રોટી નહીં તંદૂરી રોટી કહેવું પડે. ઘરના તો રોટલા કહેવાય. શાક નહીં સબ્જી બને તો ટેસ્ટ આવે. કપડાં નહિ ડ્રેસ, એ પણ ડિઝાઇનર હોવા જોઈએ, બે પર ત્રણ ફ્રી સ્કીમમાં કે ઓનલાઇન બીગ ડિસ્કાઉન્ટ સેલમાંથી ખરીદેલાં નહિ. અને મકાન નહિ, ફ્લૅટ હોવો જોઈએ, એ પણ રિવર કે સી ફેસિંગ અને સર્વન્ટ ક્વાર્ટર સાથેનો. સમજ્યા મિ. મિડલ ક્લાસ?

કપડાંથી યાદ આવ્યું કે જે જમાનામાં અમદાવાદ ભારતનું માન્ચેસ્ટર ગણાતું તે સમયમાં અમદાવાદમાં આશ્રમ કરનાર ગાંધીજી ટૂંકી પોતડી પહેરતા હતા. વિન્સ્ટન ચર્ચિલે એમને 'હાફ નેકેડ ફકીર' કહ્યા હતા. ગાંધીજીએ ચર્ચિલને જવાબમાં કહ્યું હતું કે 'ચીલ ચર્ચિલ, હાફ નેકેડ અને ધેટ ટુ ફકીર હોવું ઇટ્સ કુલ ડ્યુડ'. જોકે સ્વાભાવિક છે કે બાપુએ કંઈ આ શબ્દો નહોતા વાપર્યા, પણ મતલબ એવો જ હતો કે ફકીર હોવું અને હાફ નેકેડ હોવું સહેલું નથી. અત્યારે તો ગાંધીજી પાસેથી પ્રેરણા મેળવ્યા વગર જિમમાં જઈ બનાવેલ પેટીપૅક છ-આઠ-દસ પેકધારી ફિલ્મ-સ્ટાર્સ ટોપલેસ ફરે છે. ગાંધીજીએ વિદેશી વસ્ત્રોની હોળી કરાવી હતી. અત્યારે મૉડેલો એટલા ટૂંકા કપડા પહેરે છે કે એ કપડાંની હોળી કરો તો એનાથી એક કપ ચા પણ ના બને. ફેશનમાં દેખાદેખી પણ ઘણી છે. એવું મનાય છે કે પૅરિસમાં વરસાદ પડે તો મુંબઈ છીંકો ખાય છે, અને સુરત અને રાજકોટ નાક લૂછે છે.

મુંબઈ હોય કે રાજકોટ, શહેર વધે એટલે વીઘામાંથી ભાવ સ્ક્વેરફૂટમાં બોલાતાં થઈ જાય છે. એક જમાનામાં અમારા નવનીતકાકા મુંબઈમાં પ્રમાણમાં સારી કહી શકાય એવી ઝૂંપડપટ્ટીમાં ટેસથી રહેતા હતા. એમની ખોલીને એમણે બકિંગહામ પેલેસ નામ આપ્યું હતું. એમના કહેવા પ્રમાણે એમનો પેલેસ એરકન્ડિશન્ડ હતો. બહાર જેવી એરની કન્ડિશન, તેવી અંદર. બહાર ગરમી તો અંદર ગરમી. બહાર વરસાદ પડતો હોય તો અંદર પણ પાણી ટપકતું હોય. પણ મઝા લેવી હોય તો ઝૂંપડા અને મહેલમાં, બંનેમાં લઈ શકાય છે. મહેલમાં રહેનારનાં ડાચાં ક્યારેક ઝૂંપડામાં રહેનાર કરતાં વધારે દિવેલિયાં જોવા મળે છે. અરે હા, અરીસામાં જરા તમારું થોબડું ઉર્ફે ડાચું જોઈ લેજો. આટલું વાંચીને પણ મરકવા જેટલુંય હસવું ના આવ્યું હોય તો શહેરમાં ઘણા સારા ડૉક્ટરો છે જ! ફિકર નોટ !

*બી-૭૦૪ લા ગ્રેસિયા રેસિડેન્શિયલ, વિવેકાનંદ ચોક,*
*મેમનગર, અમદાવાદ - ૩૮૦ ૦૫૨*
*મો: ૯૯૦૯૯૫૬૬૬૧*

# વક્કથા : 'અરવિંદિયાના એક્ટિંગ ક્લાસ'

- *જિતેન્દ્ર ઠક્કર*

વિનિયો ફેંકા મારી રહ્યો હતો, 'બોસ આ ગુજરાતી ફિલ્મોમાં કંઈ લેવાનું નથી... લાખના બાર હજારનો ધંધો છે.'

પદિયો બગડ્યો, 'મૂરખ, તારા બાપા કોકોનટવાળા એમને એમ ફિલ્મો બનાવે છે? 'જીવી લે જિંદગી' વરસોથી ચાલે છે. 'ઝમકુડી' બ્લોકબસ્ટર હીટ છે. અને હજી તો કેટલીય રજૂ થવાની છે...' હિતિયાથી ના રહેવાયું એણે શરૂ કર્યું, 'અલ્યા પચ્ચીસ ફિલ્મો આવી, એમાંથી એક ચાલી... એમાં શું લેવાનું ? પચ્ચા લાખ અને એક કરોડ નાંખીને ફિલ્મ બનાવનારા તો ડૂબ્યા ને!' પદિયો ફરી બગડ્યો, 'મામા, માસીનાં છોકરાં-છોકરીને લઈને ફિલ્મ બનાવો, તો ડૂબો જ ને ?'

હિતિયાએ ફરી શરૂ કર્યું, 'જો ભઈ ફિલ્મમાં કોઈ લોજિક ચાલતું નથી. કોઈનું પહેલું જ ટિફિન લાગી જાય છે. અને કોઈનું '૨૧મું ટિફિન પણ લોકોને ભાવી જાય છે.' ત્રણેય નવરીબજારોએ ઉધારીમાં ત્રણત્રણ અડધી ચાઓ ખેંચી નાખી, છતાંય વાતનો નિવેડો આવ્યો નહીં. એટલામાં અરવિંદિયો ટપક્યો. 'શું બોસ ચા-બા તો પિવડાવો. કેટલા દા'ડે મળ્યા' પદિયાએ અરવિંદિયાને ખખડાવવા માંડ્યું, 'કેમ ભઈ, તું કંઈ મોટી પિપૂડી છે! આવે એટલે વગાડવા જ માંડવાની? એક તો છ મહિને દેખાયો છે, અને ચા પિવડાવવાના બદલે અમારી ચા પીવા હડકાયો થયો છે?' અરવિંદિયાએ બચાવ કર્યો.' બોસ, મોટા પ્રોજેક્ટમાં બીઝી હતો. કાલે જ બધું ટાઈ-અપ થયું એટલે થયું કે, લાવ દોસ્તારોને મળી આવું... વિનિયાથી ના રહેવાયું. તેણે પૂછી જ કાઢ્યું, 'અલ્યા અરવિંદિયા, તું અને બીઝી? તું મુગલે આઝમ પાર્ટ-ટુ બનાવે છે?' અરવિંદિયાએ જવાબ આપ્યો, 'બોસ. એક્ટિંગ ક્લાસ શરૂ કરીએ છીએ. ન્યૂ જનરેશન એક્ટિંગ ક્લાસ...' હિતિયાએ ગંદી ગાળ આપીને શરૂ કર્યું, 'એ... તને એક્ટિંગ આવડતી નથી, અને તું શીખવીશ?' અરવિંદિયાએ તરત જવાબ આપ્યો, 'એઈ. તને ખબર નથી. જજ હોય, એ કોઈ દિવસ વકીલાત ના કરે સમજ્યો! મુંબઈમાં કિશોર નમીત કપુરના કલાસ જોરદાર ચાલે છે. એણે તૈયાર કરેલા કેટલાંય છોકરા-છોકરીઓ સફળ હીરો હીરોઇન થઈ ગયાં છે. કિશોર નમીત કપુરને કોઈ દિવસ એક્ટિંગ કરતાં જોયા છે? આપણે કિંગમેકર છીએ. સમજી ગયો ને! આપણે ચકલાં ચૂંથતા નથી.' બધા સ્તબ્ધ થઈ ગયા. અરવિંદિયો રાતોરાત કલાગુરુ થઈ ગયો!

અરવિંદિયો એટલે મૂળ બેકસ્ટેજનો કલાકાર. તક મળે ત્યારે નાના નાના રોલ કરી ખાય. ક્યારેય મોટા કે નોંધપાત્ર રોલ મળેલા નહીં. આર્ટ ડિરેક્ટર કે પ્રોડકશન મેનેજરના સહાયક



તરીકે ધક્કાધુક્કી ખાય. એના મનમાં વિચાર આવ્યો કે, લોકો એક્ટર થવા માટે શુંનું શું કરી નાખે છે. એક ભાઈએ તો હીરો થવા માટે પોતાની જમીન વેચી નાખેલી. હીરોના બદલે બાપડો ઝીરો થઈ ગયેલો. અરવિંદિયાને થયું કે, સારા નિષ્ણાતો રોકીને નવોદિતોને તૈયાર કરીએ, રૂપિયા અને નામ બંને મળશે. આમ અરવિંદિયાએ પોતાના કુવિચારને અમલમાં મૂક્યો. ક્લાસનું નામ રાખ્યું. 'બચ્ચન એક્ટિંગ ક્લાસ.' પાટિયું લગાડ્યું એજ દિવસે કોઈ કાળા અક્ષરે બચ્ચનની જગ્યાએ બચપન લખી ગયું. બચપન એક્ટિંગ ક્લાસ સુધારી નાખ્યું. છાપામાં જાહેરાત આપી. ત્રીસ વર્ષનો અભિનયનો અનુભવ ધરાવનાર કલાકારોના અભિનયનો નિચોડ એટલે બચ્ચન એક્ટિંગ ક્લાસ. ઈન્કવાયરી પણ ઘણી આવી. પણ અરવિંદિયાનું નામ સાંભળીને બધા ભાગી જતા બધા સમજ્યા કે અમિતાભ બચ્ચનના કલાસ હશે ! અરવિંદિયામાં કોણ આવે ? તેમ છતાંય બાવળા, ડાંગ, કડી અને ડીસાથી ચાર-પાંચ યુવાનોએ ક્લાસમાં ઍડ્મિશન લીધું. બાર મહિનાની ફી બાર હજાર હતી. કોઈએ પણ બાર મહિનાની ફી ભરી નહીં. પાંચેય જણાએ ટ્રાયેલ બેઈઝ ઉપર એક એક મહિનાની ફી ભરી. ગામના તમામ તજજ્ઞોને અરવિંદિયો મળી આવ્યો. એ તમામ તજજ્ઞોએ વિનાવેતને માનદ્ સેવાઓ આપવાની ઘસીને ના પાડી દીધી. જૂની રંગભૂમિના નિષ્ફળ ક્લાકાર રણછોડ ભૂખ્ખડ તૈયાર થયા.



મૂળ રણછોડ નાયક. પણ એમણે એક નાટકમાં ભૂખ્ખડની ભૂમિકા જોરદાર કરી હતી, એટલે વીસનગર તાલુકામાં એ રણછોડ ભૂખ્ખડના નામે પ્રખ્યાત હતા. છેવટે અરવિંદિયાએ અને રણછોડ ભૂખ્ખડે ક્લાસ લેવાનું શરૂ કર્યું.

રણછોડ ભૂખ્ખડ ૮૬ વર્ષના હતા. મોઢામાં એક પણ દાંત હતો નહીં. નાણાંના અભાવે ચોકઠું પણ બનાવ્યું ન હતું. મોઢું ખેલે ત્યારે. કચ્છનું સફેદ રણ સ્પષ્ટ દેખાતું હતું. પ્રથમ ગ્રાસે મક્ષિકા જેવો ઘાટ થયો. રણછોડ ભૂખ્ખડે ગણપતિ દુંદાળાના શ્લોક સાથે પહેલો પિરિયડ શરૂ કર્યો. આગળ બેઠેલા તમામ વિદ્યાર્થીઓને રણછોડ ભૂખ્ખડના થૂંકનો અવિરત લાભ મળતો હતો. તમામને નાયગ્રાના ધોધ પાસે બેઠા હોય તેવો ભાસ થતો હતો. માંડ માંડ કલાક ચાલ્યું. બધાએ બહાર નીકળીને અરવિંદિયાને ફરિયાદ કરી. 'સર, અમે ગુરુજીના મુખામૃતથી ત્રાસી ગયા છીએ. આવી ખબર હોત તો. રેઈનકોટ લઈને આવત... એક્ટિંગ ગઈ ખાડામાં, તમે રણછોડલાલના ખાડા પૂરાવો, નહિતર અમે કાલથી નહીં આવીએ... કોઇ દાંતવાળી ટીચરને બોલાવો...' અરવિંદિયાએ બધાંને સમજાવ્યા. કાલથી મેડમ આવશે બસ! બત્રીસે દાંતવાળા, બત્રીસલક્ષણાં કલાકાર બીનાબેન બુચ આવશે. બધું ગોઠવાઈ ગયું છે. ખુશ!' માંડ માંડ બધા બીના બુચની લાલચે પાછા વળ્યા.

બીજા દિવસે બધા બીના બુચની રાહ જોઈને બેઠા હતા. ત્યાં રીક્ષામાંથી માત્ર સફેદ રંગનો પંજાબી ડ્રેસ ઊતર્યો. એ ડ્રેસ નજીક આવ્યો ત્યારે, એના ઉપર કાળા કલરનું માથું પણ દેખાયું.

આવનાર બેને સ્માઈલ આપ્યું ત્યારે બધાને ખ્યાલ આવ્યો કે, આ બહેનને તો બત્રીસે દાંત પણ છે. સફેદ કલરના ડ્રેસ ઉપર સફેદ દાંત મુગટ સમાન લાગતા હતા. બીનાબેને સૌને કલાસમાં આવવા વિનંતી કરી. નબળા મનના નવીનિયાને તો, આ બેનને જોઈને લૂઝ મોશન શરૂ થઈ ગયાં હતા. તે ફાસ્ટ ફોરવર્ડમાં લેટ્રીન તરફ ભાગ્યો. બાકીના ચાર શિષ્યો ભારે હૈયે ક્લાસમાં ગોઠવાયા. બીનાબેને પહેલા દિવસે હોરર ફિલ્મોની ટેકનિક વિશે સમજાવવાની શરૂઆત કરી. વિદ્યાર્થીઓ ખૂબ સરળતાથી એ વાત સમજી ગયા. નબળો નવીનિયો સંડાસમાંથી પરવારીને સીધો ઘેર ભાગી ગયો. બીજા દિવસે એક પણ વિદ્યાર્થીએ વર્ગમાં આવવાની હિંમત કરી નહીં 'સ્ત્રી તુ કલ આના' જેવું વાતાવરણ થયું. બીનાબેન બુચે વાસ્તવમાં અરવિંદિયાના કલાસને બૂચ મારી દીધું હતું.

અરવિંદિયો રિક્ષા કરીને સીધો ચાની કીટલીએ બેસણા માટે ગયો. ત્યાં આવીને હિતિયા, પદિયા અને વિનિયાને જાણ કરી... 'ભવિષ્યમાં ક્યારેય એક્ટિંગના ક્લાસ ખોલવા નહીં, એના કરતાં લૉ બજેટની ફિલ્મોમાં નાના નાના રોલ કરી ખાવા.' ત્રણેય નવરી બજારોએ અરવિંદિયાની વાતને વધાવી લીધી.

*૩, સંજયપાર્ક, સુંદરવન પાછળ, ઈસરો પાસે,*
*સેટેલાઈટ રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૧૫*
*મો. ૯૮૨૫૩૬૫૪૪૪*

# વાનપ્રસ્થાશ્રમની વાટે

- નગીન દવે

જ્ઞાન વૈરાગ્ય સાથે અનેક શૃંગારનાં પદોનાં રચયિતા નરસિંહ મહેતાએ ગાયું છેઃ ઘડપણ કોણે મોકલ્યું ?- જાણ્યું જોબન રહે સૌ કાળ. તો શંકરાચાર્ય મહારાજે ચર્પટ પંજરિકા સ્તોત્રના ૧૬ શ્લોકોમાં વૃદ્ધાવસ્થામાં ગોવિંદ ભજવાનું કહ્યું છે. ચર્પટ પંજરિકાનો અર્થ થાય છે. 'પાણીના પરપોટા જેવી કાયા'. આ સ્તોત્રનો આ શ્લોક ખૂબ જ પ્રસિદ્ધ છે :

અગં ગલિતં પલિતં મુડં, દશન વિહિનં જાતં તુંડમ્,
વૃદ્ધો યાતિ ગૃહિત્વાં દંડં, તદપિન મુંચત્યાશાપિંડમ્.

મનુ સ્મૃતિમાં કહ્યું છે, માથાના વાળ સફેદ થવા માંડે, ચામડી ઢીલી થવા માંડે અને પુત્રના ઘેર પારણું બંધાય એટલે પત્નીને પુત્રને સોંપી વાનપ્રસ્થાશ્રમની વાટે નીકળી પડવું જોઈએ.

વયનાં ૭૦ વર્ષ પાર કર્યા પછી હું વિચારું છું કે મારે શું કરવું જોઈએ ? કુદરતે એનો પ્રભાવ મારા દેહ પર પાડવા માંડયો છે પણ આપણે તો માણસ જાત, આફતને અવસરમાં ફેરવી નાખીએ. જુવાન દેખાવા આપણે કટિબદ્ધ. દર માસે હું 'હેર એન્ડ કેર'માં પહોંચી જાઉ છું. તે મારા માથાને કાળુંભમ્મર બનાવી દે છે. સાથે આઈબ્રો અને ફેસિયલ. ચહેરો મોરો લાગે દમામદાર, ડૉ. દંતકર્ણીએ બોખલા મોઢામાં - નવીનક્કોર બત્રીસી ઈમ્પ્લાન્ટ કરી દીધી છે. ડૉ. નજરવાલાએ બંને નેત્રોમાંથી મોતિયાબિંદુ ઉખાડીને નેત્રમણિ બેસાડી દીધા છે. જેથી અખિયાં સર્વ દર્શન કી પ્યાસી બની ગઈ છે. ઘડપણને હંફાવવા હું સૂટેડ-બૂટેડ થઈને ફરું છું. મોંઘા ગોગલ્સ પહેરું છું. રુદ્રાક્ષના ઝીણા પારાની સોનામાં ગૂંથેલી માળા ધારણ કરું છું. ટનાટન સ્કૂટી પર ફરું છું. 'અસાંજો માભો કુરો !' મેઘાણીની આ પંકિતઓ મને સતત યાદ આવ્યા કરે છે : ઘટમાં ઘોડા થનગને, આતમ વીંઝે પાંખ, અણદીઠેલી ભોમ પર યૌવન માંડે આંખ, બુઢાપાને દેહવટો દેવાના અનેક ઉપાયો ચાલુ છે. આયુર્વેદ-યુનાની નુસખા પણ.



અમારા મિત્ર ભોગેન્દ્ર પણ કહેવું પડે હો. વટનો કટકો ! ઉમરમાં અમારા જેવડા, પણ સદાબહાર ફૂલફટાક પાક્કા વરણાગી. અમારી સાથે મંદિરના ઓટલે બેસી કયારેય તેમણે મોંઘવારી વધારા, એરિયર્સ અને રિવાઈઝડ પેન્શનની વાતો કરી નથી. પરંતુ થોડા દિવસથી તેમનામાં પરિવર્તન આવ્યું છે. તેઓ ઉપદેશ કથાઓ સાંભળવા જાય છે. પહેલા જતા હતા તે માત્ર પ્રતિષ્ઠાના પ્રતીક તરીકે ને પ્રસાદ રૂપે મળતા ભોજનનો લહાવો લૂંટવા પરંતુ હવે ઉપદેશ કથાઓમાંથી ઝીણી નજરે અધ્યાત્મ શોધી લે છે, કથા પછી થતા રાત્રિના મનોરંજન કાર્યક્રમોમાંથી પણ તેમને હવે જીવન જીવવાની જડીબુટ્ટી હાથ લાગી રહી છે. આ વરણાગી ભોગેન્દ્રે એક વખત કહ્યું કે હવે આપણે હિમાલયમાં કે ગિરનારની ગુફામાં જતું રહેવું છે. અલબત્ત તેમને કોઈ નિર્વેદ થયો હોય એવું એમનાં દેખાવ પરથી લાગતું નહોતું. પહેલાના જમાનામાં પાપનું પ્રાયશ્ચિત કરવા કે તપ કરવા માટે અને મોક્ષ-પ્રાપ્તિ માટે હેમાળે હાડ ગાળવા જતા હતા. પરંતુ ભોગેન્દ્ર તો ભોગેન્દ્ર ! તેમના માટે આવો સવાલ જ નહોતો. આવી જાહેરાત પછી પંદરેક દિવસ ભોગેન્દ્ર દેખાયા નહીં. તેમનો મોબાઈલ સ્વીચ્ડ ઑફ આવતો હતો. થોડા દિવસ પછી તે અચાનક પ્રગટ થયા. એ જ ઠાઠમાઠ અને એ જ અંદાજમાં, બા મુલાહિજા હોશિયાર ! એક મિત્રે પૂછતાં; તેમણે ખંધુ હસતાં હસતાં કહ્યું કે, હું દિલ્હીની હોટલ હિમાલયમાં અને સુરતમાં હોટલ ગિરનારમાં જલસા કરી આવ્યો અને એ પણ એક મિત્રના પૈસે.

ભટ્ટ પ્રેમાનંદ રચિત ઓખાહરણમાં ઓખાને અનિરુદ્ધ સાથે તેનાં લગ્ન થયાનું સપનું આવે છે અને તે તેની સહિયર ચિત્રલેખાને કહે છે, ત્યારે ચિત્રલેખા કહે છે કે સપનું સાચું ન હોય સૈયર મોરી, સપનું સાચું ન હોય રે! અમને એક વહેલી પરોઢે સપનું આવે છે, એમાં અમે ઉપદેશ-કથા

સાંભળીએ છીએ. ઉપદેશ કથા શ્રવણ અમને ગમતું. ઘણી વખત તો મનોરંજનની મહેફિલ લાગતી. વખતોવખત અખા ભગતના એ છપ્પા પણ યાદ આવી જતા :

**કથા સુણી સુણી ફૂટયા કાન.**
**અખા ન તોય આવ્યું બ્રહ્મજ્ઞાન.**
**કીધું કાંઈ ને સાંભળ્યું કશું,**
**આંખનું કાજળ ગાલે ઘસ્યું.**

પરંતુ આ અભૂતપૂર્વ સપનામાં ઉપદેશકથા અમે ધ્યાનથી સાંભળીએ છીએ. કથાકારે જીવનના ચાર આશ્રમની વાત વિગતે સમજાવી. છેવટે કહ્યું કે, ગૃહસ્થાશ્રમ ભોગવ્યા પછી પ્રકૃતિની સાથે રહેવા નિશ્ચિતપણે વાનપ્રસ્થાશ્રમ સ્વીકારી લેવો જોઈએ. એના સમર્થનમાં તેમણે ભર્તૃહરિકૃત વૈરાગ્ય શતકના ચાર પાંચ શ્લોકો પણ કહ્યા. કવિ કાલિદાસે ભલે ધન્ય ગૃહસ્થાશ્રમ કહ્યો હોય પરંતુ વાનપ્રસ્થાશ્રમ અતિ ધન્ય છે. આંખ ખૂલી ગઈ. જાણે બ્રહ્મ પાસે બ્રહ્મ લટકાં કરવા માંડયું. સઘળે હવે અમને વાનપ્રસ્થાશ્રમ જ ભાસવા માંડયો. રાજા દશરથે અરીસામાં માથાનો એક વાળ સફેદ જોતાં જ પુત્રને રાજગાદી સોંપવાનો નિર્ણય કરી લીધો હતો. રાજપાટ તો ઠીક અમારી પાસે પેન્શનબુક અને પેન્શન જમા થતું તે પાસબુક સિવાય કાંઈ નહોતું. આપણા રામને એમ થવા માંડયું કે હવે બને એટલો જલદી વાનપ્રસ્થાશ્રમ સ્વીકારી લેવો જોઈએ અને વન-ગમન કરવું જોઈએ.



ગુજરાતમાં વાનપ્રસ્થાશ્રમ ગાળવા કયું વન અનુકૂળ રહે તે શોધવા ગુગલનો સહારો લીધો. ગુજરાતના કુલ વિસ્તારના પોણા દશ ટકા જ જંગલ વિસ્તાર છે એમાં જ રાષ્ટ્રીય ઉદ્યાનો અને ૨૨ અભયારણ્યો આવેલાં છે. આ અભ્યારણ્યો જુદાં- જુદાં વન્ય પ્રાણીઓ માટે જ છે. તેથી ત્યાં માણસને રહેવાની મનાઇ છે. ત્યાં વનખાતાના કર્મચારીઓ પણ રહેતા નથી તો આપણાંથી તો કેમ રહેવાય ? વન જ મળવું મુશ્કેલ ત્યાં પ્રસ્થાન કેમ કરવું? પણ આપણે તો કવિ નર્મદની વીર હાક પ્રમાણે નકકી કરી લીધેલું કે ડગલું ભર્યું કે ના હઠવું ના હઠવું !

આ પ્રસ્તાવ ગૃહમાં મૂકવો જોઈએ. સંસદમાં પ્રસ્તાવ મૂકવો સહેલો છે પરંતુ નિજગૃહમાં પ્રસ્તાવ મૂકવો અતિ કઠિન છે. સ્પીકર જે ગૃહ ચલાવે છે તેનાં કરતાં ઘણી વિશિષ્ટ રીતે ગૃહિણી ગૃહ ચલાવે છે. મેં ગૃહસભામાં પ્રસ્તાવ મૂકી દીધો કે ઘણાં વર્ષોથી નોકરીમાંથી નિવૃત્તિ મળી ગઈ છે, તો હવે આ ગૃહસ્થાશ્રમમાંથી પણ નિવૃત્તિ લઈને વાનપ્રસ્થાશ્રમ ધારણ કરી આ ગૃહમાંથી વિદાય લેવી એવો મેં નિર્ણય કરી લીધો છે. એમ કહી મેં પત્ની સામે જોયું... પત્નીનો મનોભાવ એવો જણાયો કે જાઓ તોયે સારું ન જાઓ તોયે સારું, તમારું સ્મરણ છે તમારાથી પ્યારું. પત્ની મૌન રહી મને તાકી રહી હતી કે કદાચ ભૂતકાળ જેવી આ રમૂજ હશે.

વન પ્રસ્થાનની બ્લૂ પ્રિન્ટ મનોમન તૈયાર કરવા માંડી. મનુસ્મૃતિ પ્રમાણે પહેર્યે કપડે જ જવાનું છે અને કુદરતદત્ત વસ્તુઓ પર નિર્વાહ કરવાનો છે. આપણે બત્રીસ જાતનાં ભોજન ને તેંત્રીસ પ્રકારનાં શાક અને છપ્પન ભોગ આરોગવા ટેવાયેલા છીએ. હવે તો અનેક નવાં નવાં વ્યંજનો નીકળ્યાં છે જે રવિવારે કે વાર તહેવારે ડિનરમાં આપણે માણીએ છીએ. સામે કાચું ખાવાનો પણ મહિમા વધ્યો છે. ભલે આપણે પુણ્ય માટે ગાયને રોટલી ખવડાવીએ છીએ પરંતુ તેનો મૂળ ખોરાક ઘાસ કપાસિયા ખોળ વગેરે રાંધ્યા વગરના જ પદાર્થો છે. મનુષ્ય માટે પણ ‘કાચું ખાવ, ઝાઝું જીવો’ એવાં સૂત્રો આવવા માંડયાં છે. કાચું ખાવાની ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. તેની શિબિરો થાય છે અને તેમાં કાચા વ્યંજનોની સમજ આપી તેનું ભોજન પણ પીરસવામાં આવે છે. અદ્ભુત શોધ છે આ. વાનપ્રસ્થાશ્રમ ધારણ કરનારે નિવાર એટલે કે સામો અને ફળફૂલ જ ખાવાનાં છે. લૂલીને લાડ લડાવવાનાં હવે બંધ. ભલે રક્ષિત વન અભયારણ્યોમાં રહેવાની છૂટ ન મળે પણ આપણે નિર્જન વિસ્તારમાં સીમમાં ઝૂંપડી બાંધી આસન જમાવી દેવું. હાઇવે પર ખુલ્લી જમીનો પર ઘણી જગ્યાએ દેવસ્થાનો આશ્રમો જોવા મળે છે પરંતુ ત્યાં વનમાં કરતાં હોટલમાં હોઈએ એવું લાગે છે. એટલે જયાં આવળ, બાવળ, કેર, બોરડી, આકડા, કુવાડિયો ઊગી નીકળ્યાં હોય ત્યાં ધૂણી ધખાવી દેવી. કોઈ રડયું ખડયું બાપજી માનીને પગે પડવા આવે તો આપણે તેના પગે પડવું અને યથાશક્તિ સેવા કરવી. કોઈ પણની સેવા કોઈ પણ સ્વરૂપમાં લેવી નહીં. જે જમણા હાથમાં સદા ખુલ્લંખુલ્લા મોબાઇલ ઝૂલતો તેની જગ્યાએ હાથમાં માળા રાખી ઉપર ગમછો વીંટાળી દેવો. કેટવોક કરતી રૂપ સુંદરીઓની જેમ કાષ્ઠની ચાખડીઓ પહેરી

ચાલવાની ટેવ પાડવી.

પહેલાં કહેવાતું કે પુસ્તક સાચો મિત્ર છે. પરંતુ હવે એમ કહેવાય છે કે સ્માર્ટફોન સાચો મિત્ર છે. હવે આ મોબાઇલ વાનપ્રસ્થાશ્રમમાં સાથે રાખવો કે કેમ તે મોટો પ્રશ્ન મુંઝવી દે તેવો હતો. કદાચ ટાવર મળે તો પણ બેટરી ચાર્જીંગનો પ્રશ્ન થાય. એની પળોજણમાં પડીએ તો ગાડી રિવર્સમાં લઈ ગૃહસ્થાશ્રમમાં પાછું ફરવું પડે. મારા ખંડમાં એકાંતમાં આ બધી પળોજણ ચાલતી હતી ત્યાં મોબાઇલ રણક્યો.



'હલ્લો... જય સીયારામ. હું ધનરાજ, વૃદ્ધાશ્રમથી બોલું છું... સાહેબ.. ગત પિતૃમાસમાં ચૈત્રમાં અમે તમને અહીં મુલાકાત લેવાનું આમંત્રણ આપેલું... પરંતુ પછી મુલાકાત થઈ નહીં... પરંતુ હવે આ ભાદરવો પિતૃ મહિનો બેસી ગયો છે. એક વાર પધારો સાહેબ...'

કહેવત છે કે ભીંતને પણ કાન હોય છે, પરંતુ ગમે ત્યાં હોય પત્નીના કાન હંમેશાં પતિના ફોન પાસે હોય છે. વૃદ્ધાશ્રમ સંચાલક સાથે વાર્તાલાપ ચાલુ હતો ત્યાં પત્ની આવી. ભાવુક થઈને કહેવા લાગી, 'આ વૃદ્ધાશ્રમવાળા વારંવાર આગ્રહ કરે છે તો જઈ આવો ને... અને હા... થોડીવાર જાળવજો હું થોડીવારમાં આ આવી.'

અડધા કલાક બાદ પત્ની એક બગલથેલો લઈને આવી. તેમાં બે ત્રણ જોડી કપડાં, ટુવાલ, ટૂથબ્રશ, ચાર્જર અને ત્રણ ચાર ધાર્મિક પુસ્તકો મૂકેલાં હતાં. કહ્યું, 'જુઓ આમ તો આમાં તમારી બધી વસ્તુ આવી ગઈ છે. થોડા દિવસ રોકાશો તો તમને કાંઈ તકલીફ નહીં પડે અને હાં... જો જો પાકીટમાં ૫૦-૧૦૦ રૂપિયાથી વધુ રાખશો નહીં. કારણ કે હમણાં હમણાં તમે બહુ ભુલકણા થઈ ગયા છો. અમારી કાંઈ ચિંતા કરતા નહીં. હું બાર વરસની બેઠી છું. તમતમારે પ્રભુભજન સાથે લીલા લહેર કરજો. તમારું એટીએમ કાર્ડ તો મારી પાસે સલામત છે અને હા... મોબાઇલનો ઉપયોગ વિવેકપૂર્ણ કરજો..."

'પણ...પણ... હું તો વાનપ્રસ્થાશ્રમની વાટે જવા ગંભીરતાપૂર્વક વિચારી રહ્યો છું અને તું... ?'

'હવે વાનપ્રસ્થાશ્રમ અને વૃદ્ધાશ્રમ બધું એક જ કહેવાય... વૃદ્ધાશ્રમવાળા બહુ સારા હોય છે, ત્યાં ટેવ પાડશો તો પછી ફાવી જશે. એને જ વાનપ્રસ્થાશ્રમ માની લેજો... માટે કરો કંકુના... વૃદ્ધાશ્રમ તરફ કરો પ્રયાણ... શુભસ્ય શીઘ્રમ્ !'

જો કે હું વનપ્રસ્થાન માટે અડગ છું.

# વજન વધારવાની આહારસંહિતાની આચારસંહિતા આવી હોય!

*- કિશોર અંધારિયા*



વર્તમાન સમયમાં તો ડાયેટિંગની ડાહી ડાહી વાતોની બોલબાલા છે. ફેસબુક ખોલો કે બીજી કોઈ બુક, જ્યાં ને ત્યાં વજન ઉતારવાના નુસખાઓ નજરે પડે છે. ઈન્સ્ટાગ્રામમાં પણ ગ્રામમાં નહીં, કિલોગ્રામમાં વજન કેમ ઉતારવું એની રીલ ઉતારી લોકો અપલોડ કર્યા કરે છે. એટલે શરીરનું વજન કેમ ઉતારવું એ ચવાઈ ગયેલો વિષય ફરી નહીં ચાવતા, અર્થાત્ ફરી નહીં લખતાં આજે વાત વજન વધારવાના ઉપાયો વિશે કરીએ.

એક રસપ્રદ સમાચાર છે. ૧૨૪ કિલોગ્રામ વજનધારી સ્વીડનના ગુથનબર્ગની રહેવાસી નતાશા ક્રાઉન વીસ વર્ષથી પોતાના આવા પ્રમાણમાં હળવાફૂલ ફિગરને હેવી બનાવવામાં પડી છે. હજુ તેને ઓછામાં ઓછું ૨૪ કિલો વજન વધારવાનો અભરખો છે. નતાશાના આ વજનવૃદ્ધિ વિષયક સમાચાર જાણી હતાશામાં સરી પડેલી વિપાશા સડસડાટ તેમાંથી બહાર નીકળી ગઈ. તેના રોમેરોમમાં વજન વધારવાનું જોમ આવી ગયું. નતાશા જો પોતાના દળમાં બળપૂર્વક અભિવૃદ્ધિ કરી શકે તો પોતાને તો માત્ર વૃદ્ધિ જ કરવાની હતી.

'ત્યાં કોઈ ઊભું છે?'

કોઈ નથી દેખાતું...તમારો વહેમ છે.'

'હું વહેમ નથી, વિપાશા છું!' વિપાશાએ એ વખતે કહેવું પડતું કારણ કૃશકાય એવી એની કાયાની રૂપરેખા દૂરથી દશ્યમાન જ નહોતી થતી. આ સમયે એ ખરેખર છે કે નથી એવો એના અસ્તિત્વનો પ્રશ્ન થતો.

વિપાશાએ પોતાની હતાશા ખંખેરી પોતાનું વજન વધારવાના પ્રયોગો શરૂ કર્યા. કદાવર કદધારી કોઈ પ્રાંતીય ભાષાની હીરોઈન જયારે વિપાશાને એના ઝીરો ફિગર વિશે ટીપ્સ માંગવા આવતી ત્યારે એ ક્રોધિત થઈ જવાબ ન દેતી.'આ તો બહુ અભિમાની છે!' એવું મનમાં બોલી પેલી હીરોઈન ચાલી જતી. વજન નહીં વધવા માટે બીજાઓ (અને બીજીઓ) તેને ઈર્ષ્યાભાવે જોતાં ત્યારે તેને પોતાના શરીરસૌષ્ઠવ પર ગુસ્સો આવતો. આખરે વજન વધારવા માટે તેણે શું શું નહોતું કરી જોયું?

ટોચના સ્થાને તેણે ભોજન શ્રૃંખલા બનાવી હતી. તેણે એ ખાસ ધ્યાન રાખ્યું હતું કે ભૂલથી પણ ખાનપાનમાં કોઈ ધ્યાન રખાઈ ન જાય.ખાનપાનમાં વ્યવસ્થિત રહેનારનું બોડીવેઈટ કાબૂમાં રહી જાય છે એ બાબતથી તે પૂરેપૂરી વાકેફ હતી, અને એટલે જ ખાવાપીવામાં એ બેફામ થઈ શકી હતી. પથ્ય આહારને તે ધિક્કારતી હતી. પીઝા,પાસ્તા,નુડલ્સ જેવા જંક ફૂડને તેણે રેગ્યુલર ફૂડમાં સન્માનભર્યું સ્થાન આપ્યું હતું. ડાયેટ પ્લાન વગરનો ડાયેટ એનું કંઈ બગાડી મતલબ સુધારી નહોતો શક્યો. ગમે તેવું અને ગમ્મે તેવું ખાવા છતાં ગ્રામમાં પણ વજન વધારો નોંધાયો નહોતો. ક્યાંક તેણે વાંચ્યું કે ઊંઘણશી લોકોના વજન વધારે હોય છે ત્યારથી તેણે ઊંઘવાના કલાકો વધારી દીધા હતા. નહિતર તો એ ચોવીસ કલાકમાંથી માંડ દસેક કલાક સૂતી.

લાંબા સમય પછી તેની કોઈક ફ્રેન્ડ

મળતી તો પૂછતી,'મને તારા ડાયેટિંગની ફોર્મ્યુલા જણાવીશ ખરી?'

'કેમ આવો સવાલ કરે છે?' વિપાશા ન સમજતાં પૂછતી.

'વાત ઉડાડી નહીં દેતી વિપાશા,પ્લીઝ! તું કઈ રીતે ડાયેટિંગ કરે છે એ છુપાવ્યા વગર કહે ને...તેં શરીર કેટલું રિડ્યુસ રાખ્યું છે! અને અમને જો...બધી દિશામાંથી વધ્યે જ જઈએ છીએ... વેઇટ લોસ માટેની પરેજી અઘરી હોય છે એ ખબર છે. એ કંઈ ડાબા હાથનો ખેલ નથી એ પણ હું સમજુ છું.'

અને એક વિપાશા જ જાણતી હતી કે જમણા હાથે શું કે ડાબા હાથે શું? એટલે કે બંને હાથે એ ખાવા લાગે તોપણ એનું શરીર એના કહ્યામાં નહોતું અર્થાત્ કહ્યા પ્રમાણે વધતું નહોતું.

વિપાશા જેવા અંડરવેઇટથી પીડાતા બીજા પણ હોય છે પરંતુ હેવી વેઇટ ધરાવનારાઓની હેવી સંખ્યાની સરખામણીએ તેઓ વજન અને સંખ્યા બંને બાબતે વામણા પુરવાર થાય છે.

વિરાટનું પણ એવું. નામ એવા ગુણ નહીં. કદ, કાઠી અને વજન બધાનો પનો ટૂંકો. સ્કૂલમાંથી એના તોફાની, ભારાડી નાનાભાઈની ફરિયાદ આવી એટલે પિતાએ કહ્યું: 'એક વાર ભઈલાની નિશાળે જઈ આવજે...'

વિરાટ કૉલેજથી સીધો એની સ્કૂલે ગયો. રિસેસ હતી તેથી છોકરાઓનો ઘોંઘાટ અને ધમાચકડી ક્લાસરૂમની બહાર હતી. તેઓની અડફેટે આવી જવાની બીકે તે દીવાલને અડકી નાનાભાઈના ક્લાસ પાસે ઊભો રહ્યો. રિસેસ પૂરી થયાનો બેલ વાગતા ટીચર્સ ક્લાસરૂમ તરફ આવતા દેખાયા.. એવામાં ટિપિકલ ટીચર લાગતા એક શિક્ષકે વિરાટ પાસે આવી તેનો ખભો પકડી કહ્યું,'દોસ્ત, રિસેસ પૂરી થયાનો બેલ સંભળાયો ને?'

'હા' તેણે જવાબ આપ્યો,'હમણાં જ સાંભળ્યો.'

'તો શું એ શોખનો વગાડવામાં આવે છે?' શિક્ષકે કહ્યું.



'કેમ મને આવું પૂછો છો સર?' વિરાટે ન સમજાતાં સવાલ કર્યો.

'...અને તું કેમ મને સામો સવાલ કરે છે? તારી આટલી હિંમત? ચાલ પ્રિન્સિપાલની ઑફિસમાં!'

પછી વિરાટનું ત્રણ વખતનું 'પણ,સર...' વાક્ય પણ પૂર્ણ કરવા દીધા વગર હાથ પકડી એ આચાર્ય પાસે ઢસડી ગયા. એ તો ઠીક છે કે સ્કૂલમાં ભણતો એનો નાનો ભાઈ આવી ગયો અને એમ કહી છોડાવી ગયો કે,'... એનો કોઈ વાંક નથી સર. અને એ આ સ્કૂલમાં ક્યાં ભણે છે? મારો મોટોભાઈ છે...એ તો કૉલેજમાં છે! ટીચરે મારાં પેરેન્ટ્સને બોલાવ્યા હતા એના બદલે તે આવ્યો છે!'

આ રીતે નાનાભાઈએ તેને છોડાવવો પડ્યો એ બનાવ પછી વિરાટને પોતાના નાના કદનું મોટું દુઃખ થવા લાગ્યું. આખરે પોતે જ પોતાનો દુઃખભંજક બન્યો. ચરબી ઉતારવા બધા જે જિમમાં જતા હતા ત્યાં તેણે ચરબી ચડાવવા જવાનું શરૂ કર્યું. પહેલાજ દિવસે કસાયેલા સ્નાયુબદ્ધ શરીરધારી ઈન્સ્ટ્રક્ટરે વેઇટ લિફ્ટિંગની ટ્રેનિંગના ભાગરૂપે તેને ડમ્બેલ્સ તરફ અંગુલીનિર્દેશ કરતાં કહ્યું,'આ વજન ઉપાડો.'

'હું કંઈ વજન ઉપાડવા નહીં, મારું વજન વધારવા માટે અહીં આવ્યો છું.' તેણે કહી દીધું.

'વજન વધારવું હશે તો આ ડમ્બેલ્સ ઉપાડવા પડશે.' પેલાએ ફરી કહ્યું.

'એ ઉપાડવા માટે તો અહીં પહેલવાનો આવતા જ હશે ને? મને શું કામ કહો છો?' વિરાટે દલીલ કરી અને પછી દલીલોરૂપી વધુ કસરતો કરી તેણે જિમનો પહેલો દિવસ છેલ્લો દિવસ સાબિત કરી દીધો.

હજુ કૉલેજિયન જેવા લાગતા એની કૉલેજના એક લેકચરરને વિરાટ માટે વિશેષ સહાનુભૂતિ હતી. તેણે તેને એક જાણીતા નાડીવૈદ્ય પાસે મોકલ્યો. એ વૈદ્યે વિરાટની નાડી નહીં, બોડી જોઈ કહી દીધું, 'મિત્ર, સાચું કહું? તારે દવાની

નહીં,ખાવાની જરૂર છે!'

જોકે દરેક વખતે 'વધુ આહાર,વધુ વજન'નું સમીકરણ બંધબેસતું નથી હોતું. આવું ઉદાહરણ ધનસુખનું છે. ધનસુખમાં નામ એવા ગુણ ખરા. બેઠા બેઠા ખવાય એટલું ધન એના પરદાદા તેના માટે મૂકતા ગયા હતા. કમાવા માટે ખાસ કંઈ કરવાનું ન હોવાથી ખરા અર્થમાં જ એ બેઠા બેઠા ખાતો હતો. પણ હરામ બરાબર કોઈ એને જોઈ એવું માની પણ શકે કે એ ( બેઠા બેઠા કે ઊભા ઊભા ) કંઈક ખાતો પણ હશે!

ધનસુખ વિધિના વિરોધાભાસનો જીવંત દાખલો હતો. વિધિ એની પત્નીનું નામ હતું. વિધિ સાથેનો વિરોધાભાસ એ રીતે કે ઉપવાસ-એકટાણાને જીવન-મંત્ર બનાવનાર વિધિ પોતે તો વજનદાર. જાણે ખાય ધનસુખ ને એ પહોંચે એની વધૂ વિધિને! 'એક જાન હૈ હમ' જેવો દાખલો. ધનસુખને બધી વાતનું સુખ પરંતુ આ હળવા વજનનું ભારે દુઃખ.વાવાઝોડાની આગાહી હોય ત્યારે ભાઈબંધના ફોન આવે,'ધ્યાન રાખજે ધનસુખ. હમણાં બહાર ન નીકળતો...ભારે પવન ફૂંકાવાનો છે!'

તેને થતું આ સૌને કેમ સમજાવવું? બહાર નીકળવાનું થાય ત્યારે એનો હાથ વિધિએ પકડ્યો જ હોય છે! હવે એક વાવાઝોડું બીજા વાવાઝોડાને કઈ રીતે નુકસાન કરી શકે?

ધનસુખ જમવા બેસે એ દૃશ્ય પણ જોવા જેવું હોય છે. થાળી,વાડકા ઉપરાંત દાળ, શાક, રોટલી વગેરેનાં વાસણોની ભરમાર દેખાય પણ એક ધનસુખ ન દેખાય. જમતી વખતે એ 'મિસ્ટર ઈન્ડિયા' એટલે કે અદૃશ્ય થઈ જતો હોય એવી વાત નથી, પરંતુ જે વિશાળ જથ્થામાં એ આહારનું આહરણ કરી શકતો એના પ્રમાણમાં તેનું કદ ટચૂકડું હતું. ચકલી નાની ને ફડકો મોટો એવું! એક બાબતમાં એ મોટા મોટા પહેલવાનને પણ હરાવી શકે. કોઈક પહેલવાનના ખોરાક જેટલો આહાર ગ્રહણ કરે પછી તો ધનસુખની ભૂખ કંઈક ઊઘડે! તેણે લીધેલ જથ્થાબંધ ખોરાક તેના પેટના સંકુચિત પટવિસ્તારમાં ક્યાં અને કઈ રીતે સમાતો હશે એ એક કોયડો હતો.

એવા જ એક કિસ્સામાં 'શરીરનું વજન વધારવું' એવા લક્ષ્ય સાથે જીવનાર સુકલકડી જિતેન્દ્રે સ્વાદેન્દ્રિય પર પણ જીત હાંસલ કરી લીધી હતી. જયારે એનું વજન એના કંટ્રોલમાં નહોતું અર્થાત્ એના કંટ્રોલમાં રહી ધાર્યું વધતું નહોતું ત્યારે તેણે ખાવા-પીવા પરથી તેનો કંટ્રોલ હટાવી લીધો હતો. તેણે રચેલી આહારસંહિતામાં ક્વૉલિટીને નહીં પરંતુ ક્વૉન્ટિટીને પ્રાધાન્ય આપ્યું હતું. જમવાનું કે નાસ્તાનું ટાઇમ-ટેબલ બનાવવાને બદલે ઊંઘમાં ખાવાનું ન ફાવતાં, માત્ર એ સમયને બાદ કરતાં ગમે ત્યારે ગમે તે ખાતા રહેવાની હેબિટ કેળવી હતી. કસરત બાબતમાં તેણે ઘણી દ્વિધા અનુભવી હતી. કોઈકે કહ્યું હતું કે એક્સરસાઈઝ કરવાથી ભૂખ ઊઘડે. ખોરાક વધે અને તેથી વજન વધે. જયારે અન્ય એક નિષ્ણાતે એટલે કે સલાહ આપવામાં નિષ્ણાતે સૂચના આપી હતી કે શ્રમ કરવાથી કેલેરી બળે. વજન ઉતારવા ઈચ્છુકે જ કસરત કરવાની ચેષ્ટા કરાય. આમ વજન વધારવાના અભિયાનમાં જીત મેળવવા જીતેન્દ્રએ કસરત કે શ્રમને વર્જ્ય ગણ્યો હતો.કેટલોક શ્રમ જોકે એ ટાળી નહોતો શક્યો. જેમકે ભલે એની જીવનશૈલી તેણે 'ખાટલેથી પાટલે' કહેવત જેમ વિકસાવી હતી પરંતુ એમાં પણ સુધારો કરી ખાટલેથી ખાટલે જ રહેવાનો પ્રયત્ન કરતો. મોટા ભાગે જમવાનું પણ પલંગ પર જ પતાવી દેતો. આમાં બે-ત્રણ જગ્યાએ થતો શ્રમ એ નિવારી શકતો નહીં. જેમકે કોળિયા ભરવા માટે પોતાના હાથને અને ચાવવા માટે દાંતને શ્રમ આપવો અનિવાર્ય હતો.

આમ, વિપાશા, વિરાટ, ધનસુખ કે પછી આ જીતેન્દ્ર જેવા કેટલાકય વજન વધારવાના વજનદાર ઉધામા કરતા રહેતા હોય છે. જોકે એમના નસીબમાં હળવાફૂલ રહેવાનું જ લખ્યું હોય છે.

*એ/૨૦૧, સિદ્ધેશ્વર પેરેડાઇઝ,*
*બ્રાઈટ સ્કૂલની બાજુમાં,*
*હરણી-સમા લિંક રોડ,*
*વડોદરા ૩૯૦ ૦૨૨*
*મો. ૯૪૨૮૧ ૮૨૭૪૭*




# ચલો કાશ્મિર

*- અશોક દવે*

દિવાળી વૅકેશન આવે એટલે અમારું આખું ઘર કોઈ હિલ સ્ટેશને જવાની 'વાતો' કરવા માંડે. વાતો ખૂબ સ્ફૂર્તિલી હોય ને એ વાતોમાં અમે અનેક વાર કાશ્મિર ફાશ્મિર તો ઠીક, ઈંગ્લૅન્ડ ઑસ્ટ્રેલિયાય જઈ આવ્યા છીએ. ત્યાંથી પાછા એટલે નથી આવતા કે, ગયા હોઈએ તો પાછા અવાય ને? આનો મોટો ફાયદો એ હોય છે કે, ટૂરના પ્લાનિંગો કરવાનો કોઈ ખર્ચો આવતો નથી. પણ પ્લાનો બનાવવામાં ઉત્સાહો ખૂબ આવે છે ને એકાદ વાર તો દાર્જીલિંગ જવા માટે નીકળ્યા પણ હતા, ફ્લૅટના ભોંયતળિયેથી પાછા આવ્યા હતા. દાર્જીલિંગ બહુ દૂર પડી જાય, એના કરતાં માઉન્ટ આબુ સારું, એની ચર્ચામાં અમે ફ્લેટના પાર્કિંગથી આગળ વધ્યા નહોતા. જોકે, એક વાર ફ્લેટમાં પાછા જવાનો ખર્ચો તોતિંગ આવ્યો હતો. ગ્રાઉન્ડ-ફ્લૉર પર લિફ્ટમાં હકીનો પગ ફસાઈ ગયો, એમાં બહાર તો વગર ખર્ચે નીકળી ગયો પણ ઉપર લઈ ગયા પછી એને જમીનદોસ્ત કરવા...આઈ મીન, જમીન પર આપણી જેમ એ ચાલી શકે, એ અવસ્થા લાવવાનો ખર્ચો ૪૫-હજાર આવ્યો હતો. આટલા ખર્ચામાં અમે ઍટ લીસ્ટ, માઉન્ટ આબુથી ચોક્કસ પાછા આવી શક્યા હોત!

જોકે, આ વખતે અમે સિરિયસ હતા કે, હવે તો કોઈ હિલ સ્ટેશન જવું જ છે. જગતભરનાં ૪૦-૫૦ હિલ સ્ટેશનોને કેન્સલ કર્યા પછી અમે ઈંડિયા પાછા આવ્યા, અર્થાત્ પ્લાનિંગમાં પાછા આવ્યા. પેલું ઘણું મોંઘુ પડે, એટલે દેશમાં જ કોઈ હિલને મહત્ત્વ આપવું, એ નિર્ણય સર્વસ્વીકાર્ય બન્યો. સાપુતારા ગુજરાતનું કહેવાય ને માઉન્ટ આબુ રાજસ્થાનનું, છતાં એ તો ચાર રસ્તે આંટો મારવા જઈ આવ્યા હોય એટલું ઢૂંકડું લાગે. જવું તો ક્યાંક દૂર જવું, જેમાં કાશ્મિર બધાંને પસંદ પડી ગયું. કાશ્મિર તો બધાંએ ફિલ્મોમાં જ જોયું હતું અને ચારેકોર આટલો બધો બરફ ઢોળાયો હોય, એ માનવામાં નહોતું આવતું. ઘરના સહુ 'ઍક્સાઈટેડ' હતા કે કાશ્મિર જવાનું છે!

ફ્લાઇટનું બુકિંગ કરાવી લીધું, એમાં તો આટલી ગરમીમાં અમદાવાદમાં જ બરફ પડતો હોય એવા ખુશ હતા! સામાન તૈયાર કરવામાં ચાર દિવસ તો જોઈએ. અમે છ દિવસ લીધા પણ સામાન પરફેક્ટ પૅક કર્યો. નાનામાં નાની ચીજનું લિસ્ટ બનાવેલું હતું, એટલે ભૂલમાંય કાંઈ ભૂલાઈ ન જાય, એની તકેદારી રાખી હતી. અમે બધાં મળીને છ જણા હતા અમારા ફૅમિલીના! ગણવાના મારે હતા, પણ દર વખતે એકની



ભૂલ આવે. પછી ખબર પડી કે, હું સાથે જતો હોઉં તો મારી ગણતરીય કરવી જોઈએ. એ કરી એટલે હિસાબ બરોબર થઈ ગયો. અમારા જામનગરની ભાષામાં સામાનને 'વાનાં' કહે છે કે બધું મળીને કેટલાં વાનાં થયાં. એય બરોબર નીકળ્યું.

ઍરપૉર્ટના કાયદા મુજબ, મિનિમમ બે કલાક વહેલું પહોંચવું પડે એટલે એકબીજાને જે શીક્રષ્ણ કહીને ટૅક્સીમાં ઊપડ્યા. ટાઈમસર ઍરપૉર્ટ પહોંચી ગયા. અમે ફ્લાઈટ પકડવા નહિ, ઍરપૉર્ટ ખરીદવા આવ્યા હોઈએ એમ હકીએ એનાં નિરીક્ષણો કહેવા માંડ્યા, "આવાં તી ઍરપૉટું હોતા હઈશે? હારી હારી એર હોસ્ટેસુંને બદલે બંદૂકોવારા પોલીસું આપણી ટિકિટું તપાસે છે!" મેં એનો ઓપિનયન સુધાર્યો કે, "આ ફરિયાદ મારે કરવાની હોય... તારે નહિ!" છોકરાઓ આઇસક્રીમ અને પૉપકૉર્ન લેવા ગયા. હું રાબેતા મુજબ 'પુરુષો માટે'ના મંગળ દ્વારમાં ગયો પણ દીકરો અને વહુ દેખાયા નહિ. પાછા આવીને જોઉં તો હકી ચિંતામાં. "અસોક....સમ્રાટ ને શીતલ દેખાતા નથ્થી...જરા જોવો કિયાં ગીયાં છે?"



થોડી પ્રતીક્ષા પછી એ બન્ને દૂરથી આવતાં તો દેખાયાં પણ બન્ને ફૂલ-ટૅન્શનમાં હતા. નજીક આવે તો કાંઈ પૂછાય એટલે એ લોકો નજીક આવ્યાય ખરા અને અમે પૂછ્યુંય ખરું, "શું થયું?"

"પાપા....ગજબ થઈ ગયો! પૈસાનું પાઉચ ઘેર રહી ગયું. કાશ્મિરમાં ખર્ચવા માટે એક રૂપિયોય નથી. બધા પૈસા પાઉચમાં હતા....!' (એ જમાનામાં 'ગુગલ પે' જેવી કોઈ વ્યવસ્થા નહોતી.) એ તો બધું ઠીક. હવે કરવું શું? પૈસા વિના સાસરે જવાય પણ કાશ્મિર ક્યાંથી જવાય? ફ્લાઈટ ઊપડવાનો બાકી ટાઈમ ફક્ત ૮૫-મિનિટનો હતો. ઘેર જઇને પાછા આવવામાં તો ફ્લાઈટ ઊપડી જાય! મેં તાબડતોબ નિર્ણય લઈ લીધો. દોડતા ઍરપૉર્ટની બહાર જઈને ટૅક્સી પકડી. ટૅક્સીવાળાને અલ્ટિમૅટમ આપી દીધું કે, 'આજે ભલે તું નહિ કે તારી ટૅક્સી નહિ...મને ૪૦-મિનિટમાં ઍરપૉર્ટ પાછો લાવવા ભલે તારે જાનફેસાની કરવી પડે તો કરજે (હું બીજી ટૅક્સી પકડી લઈશ!) પણ મારો ટાઈમ બગડે નહિ, એનું ધ્યાન રાખજે. હું રેગ્યુલર ભાડાના દસ રૂપિયા વધારે આપીશ!' સ્વાભાવિક છે, મારો જીવ લમણે હતો... (તાળવા કરતાં લમણું ઊંચુ હોય!) મેં ડ્રાઈવરનેય એનો જીવ લમણે લઈ જવા વિનંતી કરી, "બસ ભાઈ. મને ટાઈમસર ઍરપૉર્ટ પાછો મૂકી દેજે. પરમાત્મા તારું ભલું કરશે!" ઓહ.....આટલી ઝડપે ઘેર તો પહોંચી ગયો પણ દરવાજો ખોલવા જતા છાતી બેસી ગઈ.. ઘરની ચાવી હકી પાસે રહી ગઈ હતી! મારા ગળામાં ટૅબલ-ટૅનિસનો બૉલ ભરાઈ ગયો હોય એવો હૈડિયો ઊપસી આવ્યો. મારી જગ્યાએ બીજો કોઈ પણ હોય તે રડી પડે, પણ હું ન રડ્યો. મારી પાસે ડુપ્લિકેટ ચાવી હતી.

તાબડતોબ પૈસાવાળું પાકીટ લઈને કાચી સેકંડમાં પાછો આવી ને ટૅક્સીવાળાને ચઢેલા શ્વાસે કહ્યું, "ચલો..જલદી ચલો!" વાંદરું સોસાયટીની પાળી ઉપરથી કૂદકો મારીને સામેના બાંકડે લૅન્ડ થાય, એમ મેં આખું શરીર ઉલાળીને ટૅક્સીમાં ફેંક્યું. "ચલો...જલદી ચલો!" મારો બીજો હુકમ.

એણે ટૅક્સી લાઈફમાં જેટલી સ્પીડથી ચલાવી ન હોય એટલી સ્પીડે ભગાવી. રસ્તામાં ટ્રાફિક-સિગ્નલ્સ આવે તો એની પરવાહ નહિ કરવાની મેં સૂચનાય આપી. "ચિંતા ના કરીશ. મારે ટ્રાફિક પોલીસમાં ઘણી ઓળખાણો છે." નસીબજોગે, અમને એકેય સિગ્નલ નડ્યું જ નહિ ને અર્જુનના રથની જેમ સડસડાટ કરતી ટૅક્સી ભગાવી. ઘરથી ઍરપૉર્ટ કોઈ દસ-બાર કિ.મી. દૂર છે અને ફૂલ સ્પીડમાં રસ્તો કપાતો હતો. હું ટૅક્સીવાળાની બાજુમાં બેઠો બેઠો 'બક-અપ...બક-અપ' કર્યે જતો હતો ને દર ત્રીજી સેકંડે ટાઈમ જોયા કરતો હતો. "ઓહ માય ગૉડ....આઠ મિનિટમાં પહોંચવું પડશે. કમ ઑન... બક-અપ." થૅન્ક ગૉડ.....ઍરપૉર્ટ પહોંચી ગયો. ટૅક્સીવાળાને આપેલા વચન મુજબ, એની ટોટલ ફી ઉપરાંત રૂ.દસ વધારે આપીને પાછું 'થૅન્ક્સ' પણ કીધું. પણ ટેક્સીમાંથી ઊતરતાં જ હવા નીકળી ગઈ. મારું ફૅમિલી ઍરપૉર્ટની બહાર ફૂટપાથ પર મોંઢાં વકાસીને બેઠું હતું. "અસોક....ફ્લાઈટ વઈ ગઈ...!!' હું પંદર મિનિટ મોડો પહોંચ્યો હતો.

*ભૂમિદીપ ફ્લેટ, નારણપુરા ચારરસ્તા*
*અમદાવાદ - ૩૮૦ ૦૧૩*

# કંઈ કામકાજ હોય તો કહેજો !

- રમેશ પટેલ 'ક્ષ'

કોઈ પણ વ્યકિતને ત્યાં સારે-નરસે પ્રસંગે, પ્રસંગ ટાણે કે પ્રસંગ પહેલાં જઈ ચડીએ છીએ ત્યારે આપણે ઉમળકાભેર બોલી ઉઠીએ છીએ– 'કંઈ કામકાજ હોય તો કહેજો !' જવાબમાં આપણી ઉમદા દરખાસ્તનો સ્વીકાર કરતાં તે વ્યકિત પણ આપણી સામે જોઈને મોનાલિસા જેવું હસે છે, આપણી સાથે હસ્તધૂનન કરે છે અને હકારમાં ડોકી હલાવે છે!

મનુષ્યરૂપે સામાજિક પ્રાણી તરીકેના આપણા પારંપરિત વ્યવહારની નોંધપાત્ર ખાસિયત એ છે, કે આપણે જે કંઈ બોલીએ છીએ તે વાસ્તવમાં કરવાનું કે કરી બતાવવાનું હોતું નથી. આપણે જે કંઈ બોલીએ છીએ તે કેવળ બોલવા ખાતર જ બોલવાનું હોય છે તે પરમ જ્ઞાનથી આપણે સદૈવ સમૃદ્ધ હોઈએ છીએ. આથી કથનથી અને કેવળ કથનથી પણ આપણે કંઈ ન કરવા છતાં આપણે ઘણું બધું કરી આપ્યાનો સંતોષ પ્રતિપક્ષને આપી શકવા શક્તિમાન હોઈએ છીએ !

અંગત રીતે જણાવું તો મારી જિંદગીનાં પાછલાં વર્ષોમાં, કંઈ કામકાજ હોય તો તેઓને નિ:સંકોચ જણાવવાનું કહેતા મહાનુભાવોએ, કયારેય પણ મારા 'કામ' પરત્વે સક્રિયતા દાખવી હોય તેવું મારા સ્મરણમાં નથી. એટલું જ નહિ, પરંતુ તેમના સેવાભાવી વચન કે કથનને કારણે મેં ઊભાં કરેલાં કામકાજ તે પછી અન્ય રીતે પણ પૂરાં થયાં કે નહિ તેની કાળજી લેવાની પણ દરકાર આ મહાનુભાવોએ કરી નથી ! જીવનની આવી ધન્ય ક્ષણોમાં આવા મહાનુભાવો પ્રત્યે મારો આદર હંમેશાં રાત-દિવસ વધતો રહ્યો છે અને હું મનોમન અચૂક ઉચ્ચારી બેઠો છું કે આ મહાનુભાવો ખરેખર મહાન છે અને મહાન થવા સર્જાયા છે !

જોકે અનુભવને અંતે (કદાચ મહાન બનવાના એક માત્ર આશયને કારણે જ) મેં પણ મહાનુભાવોની એ બિન-ખર્ચાળ અને કષ્ટવિહીન યોજનાને આચરણમાં મૂકી છે. આથી હું પણ હવે કોઈ પણ પરિચિત-અપરિચિત કે સગા-સંબંધીને ત્યાં માંગલિક કે અમાંગલિક પ્રસંગે, પ્રસંગના શુભારંભ પહેલાં અચૂક પહોંચી જઈને ભાવવિભોર થઈને બોલી ઊઠું છું : 'કંઈ કામકાજ હોય તો કહેજો !' અને એટલું બોલ્યા પછી કશું જ કર્યા વિના પણ સંબંધકર્તા વ્યક્તિનો અહોભાવ અને આદર પામીને હું મારા નિવાસસ્થાન તરફ પ્રસ્થાન કરી, શાંત ચિત્તે સુકોમળ શય્યા પર સ્થાન ગ્રહણ કરું છું !

વિચારશીલ વ્યકિત તરીકે મારી આ સરળ યોજના વિવિધ તબક્કે જીવનમાં વિવિધ ક્ષેત્રે હું નમ્રભાવે પ્રસ્તુત કરું છું. પરંતુ આટલી સરળ યોજનાની સરળતા ન સમજનાર એક નાનકડો બુદ્ધિહીન વર્ગ આપણે ત્યાં એવો પણ છે કે જે આવું કંઈ બોલવાને બદલે સંબંધકર્તા વ્યક્તિને ત્યાં જઈને સાચા અર્થમાં કામે લાગી જાય છે. આવી વ્યકિતઓ આખરે તો કદરને પાત્ર થવાને બદલે તેમના 'કામકાજ' અંગે થતી નકારાત્મક સમીક્ષાઓ જોતાં મોટેભાગે નિંદાપાત્ર થતી હોય છે.

એ સનાતન સત્ય છે કે 'યસ' કહીને જે સકળ કર્મ કરવા સજ્જ થાય છે તેના જીવનમાં કયારેય 'યશ' હોતો નથી ! જે મનુષ્ય કોઈ પણ કામ કરવાની તત્પરતા દર્શાવ્યા બાદ, સિફતપૂર્વક તેને ટાળી શકતો નથી અથવા કામ કરવાની માત્ર શાબ્દિક તૈયારી બતાવીને અટકી જઈને છટકી જતો નથી તે સાચે જ પામર જીવ માત્ર છે. કોઈપણને કામકાજ હોય તો આપણને જણાવે તેવું કહેવું તે અવશ્ય સારી બાબત છે, પરંતુ તેના જણાવવાથી કે સ્વેચ્છાપૂર્વક તેના કામકાજમાં મહાત્માજીના અનુયાયીની અદાથી લાગી જવું તે હાથે કરીને બલા ગળે વળગાડવા જેવું અનિષ્ટકારી છે તે સમજી લેવાની ખાસ જરૂર છે !

આપણામાં અકાળે જન્મતો આ પ્રકારનો 'દુર્ભાવ' તો આપણને આધ્યાત્મિકતાથી પણ દૂર ઢસડી જઈને નાસ્તિક બનાવે છે. ઉમદા દરખાસ્ત મૂકીએ તે જુદી વાત છે, બાકી કોઈ પણનું કોઈ પણ કામ કરનાર આપણે વળી કોણ ? એ કામ તો હજાર હાથવાળો પરમાત્મા કરે છે ! આ સનાતન સત્ય (આપણને અન્ય કોઈનું કામ હોય તે કિસ્સા સિવાય) આપણે આપણા અલ્પજ્ઞાની અંતરાત્માને ભારપૂર્વક ઠસાવી દેવું જોઈએ! આ જ્ઞાનપ્રાપ્તિ બાદ જયારે આપણે કોઈને કામકાજ હોય તો આપણને જણાવવા કહીશું ત્યારે આપણા અંતરમાં બિરાજમાન પરમાત્મા પણ તે સાંભળીને, આપણી શિશુસહજ મુગ્ધતાને ઠપકારતાં અવશ્ય પૂછશે : 'કોઈ પણ કામ કરવા કે ન કરવા હું બેઠો છું ત્યાં એને કરી આપનાર તું વળી કોણ ?'

મારા જેવો ભાવુક જીવ આ અંતરનાદ કે આર્તનાદ સાંભળતાં 'કામકાજ' અંગે સરતચૂકથી દરખાસ્ત મૂકી ચૂકયો હોય તો પણ, તે પરમકૃપાળુ પરમાત્માની ક્ષમાયાચના સાથે પ્રતિપક્ષને જાણ ન થાય એ રીતે પાછી ખેંચી લેશે તે સ્વાભાવિક છે. પરંતુ દીર્ઘદૃષ્ટિયુક્ત આ ગહન ચિંતન પૃથ્વી પરની તમામ વ્યકિતઓએ સ્વીકારી લેવાનો સમય હવે પાકી ગયો છે.

કેટલીકવાર કોઈ વ્યકિતને 'કામકાજ' હોય તો પોતાને અડધી રાતે પણ મળવાનું જણાવતા મહાનુભાવની વાણીની મધુરતા અને ઉદારતા મને આકર્ષી જાય છે ત્યારે ધન્ય થઈ જાઉ છું. પરંતુ, અડધી રાતે તો ઠીક, પણ ભરબપોરે પણ તે મહાનુભાવ તે વ્યકિતનું કામ કરવા ઉત્સુક નથી તેવી તેમની આંતર્ભાવના જાણ્યા પછી તો હું અતીવ ધન્ય થઈ જાઉ છું ! કારણ કે, આની પાછળ આપણે અગાઉ ઉલ્લેખી તે આધ્યાત્મિક વિચારસરણી કામ કરતી હોય છે ! આ હળાહળ કળિયુગમાં પણ ઈશ્વરકૃપાથી આ પ્રકારની ધન્યતા સદૈવ પામી શકાય તેવા સંજોગો ઉપસ્થિત થતા રહે છે તે પણ કંઈ નાનીસૂની બાબત નથી !

આધુનિક ચિકિત્સા પદ્ધતિમાં જેમ શ્વાસોચ્છવાસની મુશ્કેલી અનુભવતા દર્દીને કૃત્રિમ પ્રાણવાયુ પૂરો પાડવામાં આવે છે, તે જ રીતે સારે-નરસે પ્રસંગે પોતાના પર આવી પડેલા અસહ્ય કાર્યભારથી ગૂંગળામણ અનુભવતી વ્યક્તિને પણ 'કંઈ કામકાજ હોય તો કહેજો'-વિધાન તેની શ્વસન પ્રક્રિયામાં રાહત આપી શકવા સમર્થ બની શકે છે અને તે રીતે જોતાં, અન્ય કોઈ પરિણામ કે નક્કર કશું જ નહિ આપી શકતાં આવા વિધાન પણ જો શ્વસન પ્રક્રિયા સરળ બનાવીને જે તે વ્યકિતને સરળ જીવનનું પ્રદાન કરી શકતાં હોય તો તેનું મૂલ્ય કોઈ પણ સંજોગોમાં ઓછું ન આંકવું જોઈએ..

બાય ધ વે, આ લેખ વાંચી લીધા પછી તમારે પણ કંઈ કામકાજ હોય તો કહેજો !

*૨૪, વ્યાપાર ભવન, ન્યાય મંદિર પાસે,*
*હિંમતનગર-૩૮૩૦૦૧*
*મો. ૯૮૨૫૩૪૦૨૩૯*



# પુસ્તક વાંચી પંડિત થયા


- *સુષમા શેઠ*

રમેશભાઈને પુસ્તકો વાંચવાનો જબરો શોખ. પસ્તીવાળાને ત્યાંથી પસ્તાયા વગર જાતજાતના પુસ્તકો ઉપાડી લાવે. “આને ક્યાં રાખું, મારા માથે? ઘરમાં રાખવાની જગ્યા નથી ને તમે...” મીનાબેન તેને ફરી પસ્તીમાં પધરાવે તેમાં ઝઘડો થાય પણ એમ કાંઈ ઘરવાળી આગળ કોઈનું કંઈ ચાલ્યું છે કે રમેશભાઈનું ચાલે?

ચાલતાં ચાલતાં રમેશભાઈના હાથમાં એક મસ્ત જાડું થોથું આવી ચડયું. આદતવશ ખોલીને અંદર નજર કરી તો જાતજાતના રોગોના ભાતભાતના ઈલાજ. અધધ નુસખા.

“વાહ! આ તો બહુ કામનું ઉપયોગી પુસ્તક.” વિચારી રમેશભાઈ તેને બગલમાં દબાવી ઘરે લાવ્યા. મીનાબેનને બતાવે તો તો માથે પસ્તાળ પડે એટલે તેને ક્યાં સંતાડીને રાખવું તે મોટો પ્રશ્ન થઈ પડ્યો. ઘરમાં એવી એકેય જગ્યા કે ખૂણો નહીં જ્યાં ચબરાક મીનાબેનની બાજનજર ન પહોંચે. છેવટે એક ઉપાય જડ્યો. બહાર બગીચામાં મૂકેલ કૂંડામાં મોટા પાંદડાઓ હેઠળ એ અનાથ પુસ્તકના નાથને તેનું આશ્રયસ્થાન મળ્યું.

મીનાબેન લીલાં શાકપાન લેવા બજાર ખાતે સિધાવ્યા ત્યારે રમેશભાઈ એ કૂંડા પાસે પ્રગટ થયા. સૂકાં પાન હટાવી પુસ્તકને કરકમળોમાં લઈ ઉઘાડ્યું અને પૃષ્ઠો પર અમીનજર કરી. જેમ જેમ વાંચતા ગયા તેમ તેમ આશ્ચર્યમાં ડૂબતા ગયા. સાલું! તેમાં લખ્યું હતું તેવું રોગનું દરેક લક્ષણ પોતે અનુભવતા હતા. મીનાબેનના ઘરમાં વળતાં પગલાં થાય તે પહેલાં તેમણે, ‘હમમમ બરાબર.’ બોલતાં બોલતાં બે-ત્રણ રોગ અંગે એકસામટું વાંચી નાખ્યું. નાનકડા મગજમાં મોટી ભેળસેળ થઈ ગઈ. જુદા જુદા ત્રણ રોગ એકબીજામાં ભળી ગયા. ત્રણ ભારેખમ નામ યાદ રાખવા તે કરતાં મગજમાં રજિસ્ટર્ડ રોગોનું એક નામ અંતે નક્કી કરાયું, “હિમોફિલિયા સાઇકો કોન્ડ્રીઆ પેરાલિસીસ ઑફ બટ્ટોક્સ” રોગોનાં વિવિધ લક્ષણો વિસ્તારપૂર્વક વર્ણવાયાં હતાં:



ઊંઘમાં બબડાટ કરવો. પત્નીને જોતાં જ ક્યાંક ભાગી છૂટવાનું મન થવું. પત્નીના હાથે રાંધેલી રસોઈ જોઈને ભૂખ મરી જવી. પાડોશણને ઘેર તળાતાં ભજિયાં ખાવાની તલપ લાગવી. દાઢી કરતાં કરતાં કોઈકના વિચારે ચઢી જવાથી ગાલ છોલાઈને લોહીનું ટપટપ ટપકવું. પત્નીના પ્રશ્નો સાંભળતાં, કાને બહેરાશ આવવી. પત્ની ઊલટતપાસ લે ત્યારે ધ્રૂજારી ઊપડવી. કામની વસ્તુઓ ક્યાં રાખી છે તે ભૂલી જવું. પત્ની અમુક ધનરાશીની માંગણી કરે ત્યારે ટાઢિયો તાવ આવે, શરીરનાં બધાં અંગ હલે પરંતુ જીભ ઝલાઈ જાય અને...

પત્નીનું મગજ છટકે ત્યારે મગજમારી કરતાં પહેલાં માથું દુખે વગેરે વગેરે.”

‘સાલું મને આવું જ બધું થાય છે.’ રમેશભાઈ ઢગરા વલૂરતાં સ્વગત બોલ્યા. પછી તેમણે ઉપાયો વાંચવા માંડ્યા. એટલી વારમાં મીનાબેન આવતાં દેખાયાં એટલે એ વાંચવાનું મોકૂફ રાખી, તેમણે પુસ્તક યથાસ્થાને ગોઠવી અર્થાત્ છુપાવી દીધું.

“આવા ભરતડકામાં અહીં કેમ ઊભા છો? શું કરતા હતા?” શંકાશીલ પત્નીધર્મ સુપેરે બજાવતાં મીનાબેને આવતાંવેંત પતિદેવનો ઉધડો લીધો.

“મને હેમોનું સાયકો પેરાલિસીસ ઈન બુટ્ટોક્સ થયું છે.” હૈયાના સંકેત હોઠ સુધી આવે તે પહેલાં રમેશભાઈની આડી જીભે અવળે ફંટાઈ જઈ લોચા વાળ્યા.

“ખબર છે. ખબર છે. ઓલી નખરાળી હેમાડી તમને નહીં છોડે. બુટ્ટીઓ લઈને જ જંપશે. તમે રહ્યા ભોળા. મેં મારી નવી બુટ્ટી બતાવી તો કહે, રમેશભાઈને કહું છું મનેય ડીટ્ટો આવી જ કરાવી આપો. લો બોલો. રમેશભાઈ બિચારા પરગજુ તે કામધંધા છોડીને તારા માટે બુટ્ટીઓ કરાવવા દોડે?”

“ના. ના. મીના તું સમજી નહીં. આમાં બચાડી હેમાને વચ્ચે ન લાવ. હું...

હું...”

“એમ? હેમાડી બિચારી? અને હું વચ્ચે આડી આવનારી નહીં?”

“અરે મને ભયંકર રોગ લાગુ પડ્યો છે. હેમો હેમો ઇન બુટ્ટો એવું કંઈક. મારું શું થશે?”

“હેં? એટલે હવે તમે... હેમા! માતાજી.” મીનાબેને દયા ઈસ્ટાઇલ હાયકારો કાઢી ઉપર આકાશ તરફ આંગળી ચીંધી હવામાં હાથ હલાવ્યો, “ઓલી હેમાડી આમાં વચ્ચે ન નડે તો સારું. ખબરદાર જો જતાં જતાં એને બુટ્ટી કરાવી આપી તો.” મીનાબેને સાડીનો છેડો મોઢે દબાવીને ડૂસકું મૂક્યું. “ડૉક્ટરને બતાવીએ?”

“તું આમ ઢીલી ન પડ. હું બચવાના ઉપાયો વાંચી જઈશ. ડૉક્ટરની ફીનો ખર્ચ નહીં કરવો પડે.”

“વાંચીને તે ઉપાય થતા હશે? એમ કાંઈ હું તમને ગમે તે પુસ્તક વાંચવા ન દઉં. ઉપાય કારગત નીવડે તો? પણ તમે વાંચશો? શું? હેં? વળી પાછી રસ્તા પરથી સસ્તી પસ્તી ઉપાડી લાવ્યા?” મીનાબેનનો અણધાર્યો અઘટિત સવાલ રમેશભાઈને સંભળાયો નહીં. વાંચ્યા મુજબ જ રોગના લક્ષણે દેખા દીધી.

“કેમ કાંઈ બોલ્યા નહીં?” સવાલ સામે જવાબમાં રમેશભાઈનો માથાનો દુખાવો વધવા માંડ્યો. તેમણે બે હાથે લમણાં દબાવ્યાં. મીનાબેન રસોડામાં રવાના થયાં એટલે રમેશભાઈને આગળ વાંચવાની ચટપટી ઊપડી. પડોશમાં ભજિયાં તળાઈ રહ્યાં હોવાની અનુભૂતિ નાસિકા વાટે છેક ભીતર સુધી પહોંચી. એમના પગ આપોઆપ એ દિશા તરફ ફંટાયા.

તેઓ ઝટ બહાર નીકળ્યા. કૂંડામાંથી પર્ણોચ્છાદિત પુસ્તક કાઢી બે પાનાં વાંચ્યાં ત્યાં રસોડામાંથી રાડ પડી, “કહું છું, આ ટીવી, પંખો, લાઇટ બધું ચાલુ મૂકીને ક્યાં દોડ્યા? લાઇટબિલ ઓછા કરવાના નુસખાની ચોપડી મેં પસ્તીમાં નથી જવા દીધી. ઈ ગોખી નાખો જોઉં.”

રમેશભાઈ કચવાતા મને પાછા ફર્યા, “મીના ઊંઘી જાય ત્યારે વાત.” જોકે તેમને એક ઉપાય યાદ રહી ગયો, “દરરોજ ચાર ચપટી હળદર ફાકીને બે ચમચી એરંડિયું પીવું.”

પછી તો રમેશભાઈનો ગુપચુપ બહાર જઈ પુસ્તક વાંચવાનો ક્રમ ચાલુ રહ્યો તેમાં રમેશભાઈ હેમા સાથે ચાલુ પડી ગયા છે તેવી મીનાબેનની આશંકા દૃઢ થઈ.

રમેશભાઈએ એ લખ્યા મુજબનો ઇલાજ તો અજમાવ્યો પણ પછી શું? મીનાબેન બપોરે આડે પડખે થાય ત્યારે રમેશભાઈ પડખું ફેરવી ઊભા થાય. ચોરપગલે બહાર નીકળે.

આજેય તેમણે ઉઘાડેલા પુસ્તકમાં જે પાનું ખૂલ્યું તે વાંચી લીધું. ફરી એ જ રામાયણ. લખેલું હતું તેવું બધું જ થતું હતું. “આ મને બીજો નવો રોગ વળગ્યો?” રોગનું નામ હતું, “ડાયેરિયા” લક્ષણો : પેટ પકડી વારંવાર જાજરું તરફ દોડવું, અંદર ટાઇમપાસ કરવા ભરાઈ રહેવું, આંખમાં પાણી આવવાં, ગળુ સુકાવું, તરસ લાગવી, પત્ની ઊંઘતી હોય ત્યારે જાગી જવું અને એ જાગતી હોય ત્યારે ઊંઘ આવવી. એરંડિયું, હળદર જેવા રેચક પદાર્થોથી દૂર રહેવું. રમેશભાઈ ગૂંચવાયા. ‘આમાં કયા રોગને પ્રાયોરિટી આપવી?’ બાજુના પાને ડાયાબિટીસનું વિશદ જ્ઞાન પિરસાયેલ હતું.

“મને ડાયેરિયા ઑફ ડાયાબિટીસ થયો છે.” રમેશભાઈએ હવે તેના ઇલાજ પર ઝટઝટ નજર ફેરવી. તેમાં નરણે કોઠે ગોળ જોડે જીરું ફાકી, બ્લેક કૉફી પીવાનું સૂચન કરાયેલું.

સવારના પહોરમાં ગોળ-જીરું ફાકતા રમેશભાઈએ પત્ની સમક્ષ પેટના ખુલાસાનો ખુલાસો કર્યો, “મને ડાયેરિયા ઑફ ડાયાબિટીસનો ભયંકર રોગ થયો છે.”

“રોગબોગ કશું નહીં. ઓલી પાડોશણ હેમાની મારા સુખી ઘરસંસાર પર નજર લાગી. એક અમથી બુટ્ટી માટે તમને પકડે છે. વારેઘડીએ એને મળવા જાઓ છો ને પાછા ક્યો છો કે હું તો ડાયો રીયો છું? અબ્બી હાલ ચાલો ડૉક્ટર ડાયાભાઈ માંકડ પાસે.” સાંભળીને રમેશભાઈની આંખે પાણી આવ્યાં, ગળું સુકાવા માંડ્યું, તરસ લાગી અને વળી ઊંઘ આવવા માંડી. પુસ્તક લેખે નહીં લાગે તેનો અફસોસ થવા માંડ્યો. શ્રદ્ધાપૂર્વક વાંચીને ગોખેલા ઇલાજો પર પાણી ફરી વળતું દેખાયું.

‘રોગે જોર પકડ્યું. એનાં જ લક્ષણો દેખાય છે. પણ આ મીના ઉપચાર કરવા દે તો ને? બ્લેક કૉફી પીવા હેમાબેનને ત્યાં જ જવું પડશે.’ રમેશભાઈ સુપ્રભાતે ઊગેલા સુવિચારને અમલમાં મૂકે તે પહેલાં મીનાબેને તેમનો હાથ ખેંચી રિક્ષામાં બેસાડ્યા.

“આવા જાતજાતના મિક્સ રોગ થયા છે તે હૉસ્પિટલમાં દાખલ થઈ જાવ. મને ઘરમાં શાંતિ. પછી ઉપર-નીચે, આડા-અવળા, આગળ-પાછળ જ્યાં જવું હોય ત્યાં જજો.”

રમેશભાઈનું, “તતત પપપ...” મીનાબેનની દમદાટી હેઠળ દબાઈ ગયું.

“શું તકલીફ છે?” ડૉક્ટર માંકડે ચશ્માં નાક સુધી ખેંચી આંખોના ડોળા ઊંચે ચડાવી રમેશભાઈને તાકતાં પૂછ્યું.

“મને હોમોફિલિયા સાઇકો કોન્ડ્રીઆ ઇન બુટ્ટોક્સ થયું છે

અને સાથે ડાયેરિયા ઑફ ડાયાબિટીસ પણ." રમેશભાઈએ ગંભીર મુખમુદ્રા ધારણ કરી, "મને કંઈ થશે તો નહીં ને? પ્લીઝ બચાવી લ્યો ડૉક્ટર. ગોળ અને જીરુ લઉ તો? મારા ઘરમાં મને બ્લેક કૉફી નહીં મળે."

"હમમમ. ડૉક્ટર હું છું કે તમે? ચાલો કપડાં કાઢી પાટ પર સૂઈ જાવ."

રમેશભાઈ ઢગરા વલૂર્યા બાદ લાંબા થયા. ડૉક્ટરે આંખો ખેંચીને તપાસી, જીભ બહાર કઢાવી આઆઆ કરાવ્યું, પેટ પર ટકોરા માર્યા, ઊંડા શ્વાસ લેવડાવ્યા, પીઠ પર ધબ્બા માર્યા. કાનમાં ભરાવેલ સ્ટેથોસ્કોપની નળીઓ કાઢી પછી ડોકું હલાવી મોટા અવાજે કહ્યું, "કેન્સલ."

"હેં? એટલે કેન્સર પણ છે?" જિંદગીમાં પહેલી વાર રમેશભાઈ અને મીનાબેન એકસાદે એકસાથે આવું પંચાક્ષરી એક વાક્ય બોલ્યા.

"કેન્સર નહીં, કેન્સલ. એટલે કે તમે કહ્યા તે બધા રોગ કેન્સલ. તમને ઈમેજિનરી સાઈકોલોજિકલ એબનોર્મલ ડિઝીઝ ઓફ અનનેસેસરી હ્યુમન બિહેવિયર ઈન્વેન્ટેડ બાય ઑન સેલ્ફ અગેઈન્સ્ટ મેડિકલ પ્રેક્ટિશનર્સ છે."

"હેં આટલો લાંબો રોગ?"

"હા. તમને તપાસ્યા બાદ મેં હમણાં જ શોધ્યો છે."

"આનો ઈલાજ ચોપડીમાં મળશે? લાંબી ટ્રીટમેન્ટ ટૂંકા ખર્ચમાં થઈ જાય તો..." રમેશભાઈએ બેઠા બેઠા આડા થઈ એક કૂલો ઊંચો કરી વલૂરવા માંડ્યું.

"ચોપડી?" ડૉક્ટરે માથું ખંજવાળ્યું.

"મને ખબર છે આ રોગનો ઈલાજ." મીનાબેને ડૉક્ટરને આગળ પ્રશ્નો પૂછતા અટકાવ્યા. આનો ઈલાજ છે, "ચોપડી ઈન ચૂલા સળગાવી દેવા સો મગજ ઠેકાણે એન્ડ નો રોગ ઊભા થવા."

"હેં?" ડૉક્ટરે ચશ્માં નાક નીચે ખેંચી ડોળા ઉપર ચડાવ્યા. તેમની ભ્રમર વાંકીચૂંકી થઈ.

"ચાલો ઊભા થાવ હવે." મીનાબેન રમેશભાઈને જેમ લાવ્યા હતા તેમજ બહાર ઢસડી ગયા, "એવો કાઢો બનાવી પિવડાવું કે નવાજૂના બધા રોગ કેન્સલ થઈ જાય પણ ઓલી હેમાડીને બુટ્ટી ન કરાવી દેતા. હવે તો હું પહેરીને એને વટથી બતાવીશ."

"પણ મને કંઈ થશે તો નહીં ને? કદાચ વાંચવામાં મારી ભૂલ ન થતી હોય તો ફલ્યૂનાંય લક્ષણો જણાય છે. જો નાક લાલ થઈ ગયું. શરીર ગરમ લાગે છે." રિક્ષામાં રમેશભાઈ



બબડ્યા. ઢગરાને વલૂર્યો.

"તમને વારેઘડીએ કીડી કેમની ચટકા ભરે છે? નવો રોગ થવાનો છે?" મીનાબેને પૂછ્યું તેવામાં ફૂટપાથ પર ફેરિયાઓએ પાથરેલી ચોપડીઓ પર રમેશભાઈની નજર પડી, "એલા ભાઈ, રિક્ષા ઊભી રાખ. બીજી ચોપડીમાંથી સેકન્ડ ઑપિનિયન તો વાંચવો જ પડે."

તેમની સામે આંખો લાલ કરી મીનાબેને તપી જઈને મસ મોટી ચીસ પાડી, "ખબરદાર જો ઊભી રાખી તો હું બીમાર પડી જઈશ, ચોપડી વાંચ્યા વગર જ હોં. કાન ખોલીને મારો ફર્સ્ટ એન્ડ ફાઈનલ ઓપિનિયન સાંભળી લ્યો, ઉપર પહોંચી જઈશ પણ હેમા માટે હેમની બુટ્ટી તો નહીં જ બનાવડાવવા દઉ. તમારે મને હેમખેમ જોવી છે ને?"

સાંભળીને રમેશભાઈને કાનમાં સિસોટીઓ સંભળાતી હોય તેવું લાગવા માંડ્યું, "મીના, એકાદ પુસ્તક લેવું જ પડશે. મને કાનમાં ઝીણી ઝીણી સીટી વાગતી હોય તેવા અવાજો આવે છે."

"રહેવા દો હવે, તમને કોઈ બીમારી નથી. એ તો હેમાનો વર મને જોઈને વગાડે છે."

*પ્રકૃતિ ટાવર્સ ૮૦૧, ૮મા માળે,*
*આઈનોક્સ મલ્ટિપ્લેક્સ સામે,*
*રેસકોર્સ સર્કલ વડોદરા- ૩૯૦ ૦૦૭.*
*મોબાઈલ નં: ૯૮૨૪૫૨૨૨૪૩.*


ભેરુ સંગાથે મોજ
ધાપા હર્ષદભાઈ ગોરધનભાઈ
મો. ૯૫૭૪૯ ૭૬૫૧૯



સંગમનીય મણિ
કૌશિક પટેલ
મો. ૯૮૨૫૨ ૯૨૯૩૬



શિવને રામદર્શન
પ્રશાંત એમ. પટેલ
મો. ૯૪૨૭૫ ૫૪૧૪૬



તરણેતરનો મેળો...
ચિંતન પંચાલ
મો. ૮૦૦૦૧ ૯૫૫૫૬


# સ્પીચ થેરપી

*- દિલીપ આર શાહ (રસીલા)*

કેલેન્ડરના શુભ ચોઘડિયાની શુભેચ્છા, પત્નીના જમણા હાથે ચમચીમાં દહીંનું આચમન અને માતુશ્રીએ કપાળમાં તિલક કરી નવી નોકરી માટે છેક ઘરના આંગણાના પગથિયાં સુધી આવી મને વિદાય કર્યો. જાણે ઈતિહાસમાં કેસરિયાં કરી યુદ્ધે લડવા જતો હોય કોઈ યોદ્ધો!

પાટનગરથી જતી બસની બારી પાસે બેઠક. પસાર થતાં વાહનોની ભીડ, સહપ્રવાસીઓમાં આજના છાપાનાં સમાચારોનું પોસ્ટમોર્ટમ રાજકારણ, ક્રિકેટ, શેરબજાર, શાકભાજી ભાવ... ઑફિસની નવી ટાઈપિસ્ટના નખરાં, પટાવાળાઓનાં પરાક્રમો મારી પોણા કલાકની યાત્રામાં સુખદ સંસ્મરણો રોજ બની જશે એ વિચારોથી હોઠ પર મીની સાઈઝનું સ્મિત હવાફેર માટે આંટો મારી ગયું.

વેલકમ મિ. શાહ, આવો, રોજ આ મસ્ટરમાં સહી કરવાની. દસ પહેલા રોજ આવી જવું સારું. મોટા સાહેબના મૂડ માટે હવામાન ખાતું પણ ગોથાં ખઈ જાય છે! કોઈની સાથે ખોટી પંચાતમાં ના પડતા. અહીં સી.સી.ટી.વી. કરતાં વધારે ખાનગી રડાર દરેક કર્મચારીનાં છે. એટલે સ્કૂલ શાળામાં ચાડી ખાતા ચાડિયોઓની અહીં આખી ગેંગ છે. કૅન્ટીનમાં ડાયરી રખાવશો નહીં... નહીં તો ભૂલેચૂકે બે ત્રણ પટાવાળાઓ અને એક બે ખંધા ક્લાર્કબંધુઓ તમે જે દિવસ ગેરહાજર હશો તોય તમારી ડાયરીમાં ચા-નાસ્તા લખાવાની જૂની પરંપરા છે.



ભૂલેચૂકે કોઈને ઉધાર તો આપશો જ નહીં. ઉધાર પૈસા આપ્યા તો ચક્રવ્યૂહમાં ફસાઈ જ જશો. એક ઉઘરાણીવાળો બીજી વ્યાજ ગણનારાઓની એક 'લીમડા-ગેંગ' (રોજ લીમડાના ઝાડ નીચે એમનો અડ્ડો છે) તમારી મેથી મારશે. શાહભાઈ, તમે નવા નવા એટલે જરૂરી કામનું સમજાવી દીધું. હવે તમારે રોજિંદા કામમાં જુદા જુદા સચિવ કે મંત્રી સાહેબના ઉદ્‌ઘાટન વિધિ પતી જાય પછીના કાર્યક્રમ માટેની અસરકારક 'સ્પીચ' લખી આપવાની છે. તમારી આ પોસ્ટ એસ.એસ.ની છે (સ્પીચ સેક્રેટરી)ની તમે પાછા ગુજરાતી વિષયમાં ઉચ્ચ ગુણવત્તા સાથે મેરિટ લિસ્ટમાં આગળ હતા એટલે તમારી પસંદગી થઈ છે. લો શાહભાઈ, આજની બોણીમાં તમારે સ્પીચ આરોગ્ય ખાતાના સાહેબની લખવાની છે. તેઓ નજીકના ઉવારસદ ગામ પાસે એક આંતરરાષ્ટ્રીયકક્ષાના 'વોશરૂમ'નું ઉદ્ઘાટન કરવાના છે તો તમે ૧૦થી ૧૫ મિનિટ ચાલે એવી સ્પીચ મને સાંજ સુધીમાં મારા ટેબલ પર પહોંચાડી દેજો. ઓકે શુભેચ્છાઓ.

જિંદગીમાં ભલે મને વોશરૂમના સંડાસ, મુતરડીમાં કાયમ ગહન ચિંતન કરી ઊંડા વિચારો એકધારા આવતા હતા પણ આજે એ જ એપી સેન્ટર પરથી 'સ્પીચ' લખવાની ને એય પાછી આજની પ્રથમ બોણી? છી... છી... ઉપર અત્તર સ્પ્રે કરી શબ્દોને આંજીને ઊજળા કરવાના? ઘેરથી ભલે હું શુભ ચોઘડિયામાં નીકળ્યો હતો પણ અહીં કાળ-ઉદ્વેગ ચોઘડિયાં ફિલ્ડિંગમાં હશે એનો કલમને ખ્યાલ ન રહ્યો. ગાદીવાળી ખુરશી પર બેસી હવે કમોડ, નળ, વોશબેઝીન, ફુવારા... ને એય પાછા આંતરરાષ્ટ્રીય કક્ષાના વિચારવાના?

આધુનિક શૌચાલય વોશરૂમમાં તો ફોરેન ટ્રિપમાં રેસ્ટ-રૂમમાં બે-ત્રણ મિનિટ એન્ટ્રી-એક્ઝિટ પતી જાય એટલે ત્યાંનો ગહન અભ્યાસ તો ક્યાંથી હોય? છતાંય 'કલમને ખોળે' પહેલી તારીખે પગાર ખાતામાં જમા થાય એ સુખદ ઘડીએ ઉદીપક બનાવી મેં સરસ મરોડદાર અક્ષરો, શબ્દો વિચારો અને ફકરાઓને 'બેસ્ટ ઓફ લક' કહીં સ્પીચ ઘસડી નાંખી.

"સૌ પ્રથમ તો હું ગામના સરપંચશ્રીનો આભાર માનુ છું કે જેમણે આજે તમારા ગામનાં રહેવાસીઓ માટે ઉત્તમ કક્ષાનાં રેસ્ટ-રૂમ, વોશરૂમ, મૉડર્ન ટૉઇલેટ અને યુરિનલ માટે ગામની મોકાની જમીન બજારકિંમત કરતા પણ મામૂલી ટોકન લઈને આ સુવિધા માટે અમને જમીન આપી છે. તો સૌ પ્રથમ આપણે એમને સતત બે મિનિટ તાળીઓના ગડગડાટથી વધાવી લઈએ. હવે ગામવાસીઓએ લોટા... ડબલાં.... છાપાં લઈ દૂ...ર ચાલીને ઝાડી-ઝાંખરામાં સંતાકૂકડી રમવાની પ્રૅક્ટિસ નહીં કરવી પડે ! વળી નક્કી કરેલા જે સ્થળે પહોંચતાં ઘણી વાર તમારે ફાંફાં-ડાફોળિયા મારવા પડતાં હતાં અને ડોકીઓ રહી જતી એ બધાં પર હવે મારી દો ચોકડી. કેડીમાં કાંટા, પથ્થર વાગતા એ પણ હવે નહીં જ ! અરે ડબલાં કાણાં હોય ટપક ટપકનું હવે નો ટેન્શન ! અને યાદ કરો પેલા રખડતાં કૂતરાં ભૂંડનો ત્રાસ. શાંતિથી અહીં બેસવા આવેલા માણસો વિચારો ક્યાં સુધી હટ્ હટ્ કરે? એનીવે લિમિટ હોય ! ઘણી વાર તો કૂતરાથી બીને દૂર ભાગી જતા કેટલાક વડીલોની સ્લીપર, જોડે ત્યાં મૂકીને આવવું પડતું એનું ય અમને દુઃખ હતું. વળી જો સમય રાતનો હોય અને પાછી જે ચૌદસ પછીની અમાસ હોય તો ગામમાં ઘણાને આ ઉકરડા તરફ જતા ભૂત-ચુડેલની બીક લાગતી. તાવ ચડી જતો. ગામના ભુવા ભૂરાકાકા બિચારા એકલા કેટલાને ધૂણવામાં પહોંચી વળે? (અરે એક વાર તો એ પોતે પણ બી ગયેલા !) તો ગ્રામવાસીઓ હવે આવી માનતા-અંધશ્રદ્ધાનો કોઈ ચાન્સ જ નથી. પ્રધાનમંત્રીની આ ઘર-ઘર શાંતિકેન્દ્રની સહાયક યોજના હેઠળ તમારા ગામને જિલ્લા-તાલુકા કક્ષાએ પ્રથમ પસંદ કર્યું છે એ પાછળ તમારા વડીલો, બાપદાદાઓની ધીરજ, સહનશીલતા અને મક્કમ મનોબળનો મોટો ફાળો છે એ પૂર્વજોની યાદમાં તાળીઓ!

આ નવું ભવન હવેથી 'તન-મન શુદ્ધિકેન્દ્ર' તરીકે ઓળખાશે. તમે નજીવા દરથી ફોરેન ફુવારા, સાથે મધુર સંગીત (દેશી-વેસ્ટર્ન) પણ માણી શકશો. જેથી તમે જાણે શાહી મહેલમાં મોજમાં 'સ્નાન-પર્વ' ઉજવતા હોય એમ લાગશે! અમને તો ખાતરી છે કદાચ તમે હવે સવાર, બપોર, સાંજ એમ ત્રણ વાર આવી અહીં 'હેટ્રિક' ફટકારશો તો સરકારનું આ અભિયાન લેખે લાગશે.

આ ઉપરાંત મહિલાઓ માટે પણ ખાસ વિશિષ્ટ સુવિધાઓ પણ હશે. બાળોતિયાં ડાઇપર ત્યાં શુદ્ધ હાઇજીનવાળાં પણ હશે. ખાદી-ગ્રામોદ્યોગ તરફથી. એટલે માતાઓ બહેનોને વિનંતી કે તેઓ આ સુવિધાનો લાભ લે નજીવા દરથી.

હવે કામની વાત. રોજે રોજ એની 'સફાઈ' રહે એ માટે 'સફાઈ સમિતિ' નીમાશે એટલે વારાફરતી રાઉન્ડ લઈ... રોજે રોજનો હિસાબ પાટનગરની હિસાબ કચેરીએ જમા



કરાવવો પડશે. સફાઈ કામદારને યુનિફોર્મ તેમજ લેટેસ્ટ ઝાડુ... પોતાં, ડિટર્જન્ટ અપાશે. ડ્યૂટી પતી જાય પછી એને ગોડાઉનમાં જમા કરાવવાં પડશે. ભૂલેચૂકે એ ઉપકરણો ક્ષતિગ્રસ્ત થશે તો કર્મચારીઓના પગારમાંથી જરૂરી કપાત થઈ જશે. આ વખતે આ નવા નિયમનું કડક પાલન કરાવવા છેક ઉપરથી દબાણ છે. માટે તમને અગાઉથી ચેતાવવા સારા. તમારા ભલા માટે છે.

આજે આ સુવિધા કેન્દ્ર ખુલ્લું મુકાય છે તે ખુશીના પ્રસંગે ફક્ત આજના દિવસ પૂરતું જ આગવું આકર્ષણ.

* સિનિયર (૭૦ ઉપરના) વડીલો માટે શૌચાલય સુવિધા (જૂની બેઠકવાળી) એકદમ ફ્રી. સ્નાન માટે ડોલ દીઠ ફક્ત રૂપિયો. પાણી સાધારણ ગરમ મળશે. સાબુની ગોટી સ્નાન પછી જમા કરાવવાની રહેશે (આજે જીએસટી નહીં.)

* બહેનોએ વાળ ધોવા નહીં. ફક્ત સ્નાન જ કરવું. (મહેરબાની કરીને સેલ્ફી લેવી નહીં!)

* શૌચાલયમાં ૧૦ મિનિટથી વધારે સમય થશે તો કમોડની સામે પ્રથમ રેડ લાઈટ થશે. પછી વોર્નિંગ બેલ વાગશે. (નહીં તો પછી મિનિટ દીઠ એક્સ્ટ્રા ચાર્જ લાગશે.)

(ઝાડાવાળા કેસમાં ડૉક્ટરનું સર્ટિફિકેટ જરૂરી.)

તો હે સુજ્ઞ ગામવાસીઓ! આજથી આ કેન્દ્ર ખુલ્લું મૂકવામાં આવે છે. તો પૂરો લાભ લો. જરૂરી પડે તો બીજું આવું જ કેન્દ્ર પણ ચૂંટણી પહેલાં ખોલી આપવાનું આપવાનું હું પ્રોમીસ આપું છું. જય સુવિધા! જય હિન્દ.!

તાળીઓના ગડગડાટ સાથે સાહેબનું પ્રવચન પૂરું થયું. મને પણ સંતોષ હતો હાશ! ગાડી પ્લેટફોર્મમાંથી બહાર તો નીકળી. ગામવાસીઓ ૧૦-૧૫ મિનિટ અંદરનો રજવાડી માહોલ જોઈ આવ્યા. એના પછી પ્રશ્નોત્તરીનો વિભાગ હતો જેમાં સહાયક તરીકે સાહેબની બાજુમાં મને બેસાડ્યો હતો.

પશાકાકા : સાહેબ, તમે અમારા જેવા જૂના વડીલો માટે નીચી બેઠકવાળું ટૉઈલેટ બનાવ્યું તે માટે અભિનંદન. પણ સાહેબ ડબલોને બદલે જો લોટો રાખો તો અસલ જૂનો ‘ભાવ’ આવે. સાહેબ આ તો એક દરખાસ્ત છે.

સાહેબ : જુઓ પશાભાઈ, અમે ગયા વર્ષે બિહાર, યુપીમાં લોટા મૂક્યા હતા પણ રોજે રોજ ચોરાઈ જતા... એટલે સાંકળવાળા ડબલાં ટ્રેનની જેમ મૂક્યા છે. સરકારી સંપત્તિનું જતન પણ જરૂરી છે.

વીજીબા : તો મોટા સાહેબ અમારા મહિલા વિભાગમાં સ્નાનાગૃહમાં ડિસ્કોનાં ગીતો વાગે છે. એના બદલે જો ભજન મૂકવામાં આવે તો શ્રાવણનું પુણ્યય મળે સાહેબ... મીરાં, નરસિંહ મહેતાનાં !

સાહેબ વતી મેં ખુલાસો કર્યો...

“બા , ચોક્કસ નવા ગૃહમાં આ સગવડ સાચવી લઈશું.”

રણછોડ : સાહેબ મિરર હાફ જ છે. એટલે અડધું જ દેખાય છે. ફૂલ મિરર મૂકાવજો. એટલે ફૂલ ફિગર દેખાય. જરા વટ પડે. રિલ બનાવવામાં મુશ્કેલી ન પડે.

સાહેબ : બેલ્જિયમ ગ્લાસના મિરરનો ઓર્ડર આપેલ છે. દિવાળી પછી લાગી જશે ઓ.કે.

ત્યાં તો કેરટેકર શંભુ દોડતો દોડતો આવી ફરિયાદ કરવા માંડ્યો...

સાહેબ... સાહેબ... ગઈકાલ રાત સુધીમાં તો અમારી ટીમે કડક ચેકિંગ કર્યું હતું પણ મહિલાઓના બાથરૂમમાં વોશબેઝિન તૂટેલું છે. ત્રણ નંબરના વોશરૂમમાંથી મિરર ગુમ છે. ચાર ટૉઈલેટમાં પાણી જ આવતું નથી. સાબુની ગોટીઓની બ્રાન્ડ અસલ છે જ નહીં . એવી કમ્પ્લેઈન પેલા પંચાતિયા પરભુડાએ કરી છે. સાત ડોલમાંથી બે ડોલ કાણી છે સાહેબ!

અચાનક એકદમ ધડાકો થયો. ઓવરહેડ ટાંકી તૂટી પડી. ચારે બાજુ ભાગમભાગ અને રાડો પડવા માંડી હો... હા... થઈ ગઈ... સાહેબ સાથે કારમાં ઝટ બેસીને હુંય વિદાય થયો.

શાહ ભાઈ તમારી ‘તન મન શુદ્ધિ કેન્દ્ર’ની સ્પીચ સાહેબે ખૂબ વખાણી! એમને આ કાળી ચૌદસે સીટીનું ‘સુપર-સ્મશાન’ ખુલ્લું મૂકવાનું છે. બસ એની સ્પીચ લખવાની છે. લો આ એ સ્મશાનના ફોટા સુવિધાઓ સાથે. કિપ ઈટ રેડી.

*એમ-૫, ૨-૧૨, શાસ્ત્રીનગર,*
*neo હૉસ્પિટલની પાસે,*
*નારણપુરા, અમદાવાદ - ૬૩*
*મો. ૯૯૭૯૯ ૪૬૧૪૨*



# સળીશાસ્ત્ર અને શસ્ત્ર

- હરદ્વાર ગોસ્વામી

વિદ્યાર્થીએ પૂછ્યું કે 'સળીમાં અંતે હ્રસ્વ ઇ આવે કે દીર્ઘ ઈ આવે'.

ત્યારે શિક્ષકે કહ્યું કે 'સળી લખાય નહીં, કરાય'.

સાર્થ જોડણી કોશ પ્રમાણે સળીનો અર્થ થાય છે ઘાસનો, લાકડાનો કે ધાતુનો લાંબો,પાતળો, નાનો કકડો. સળી એ ઉશ્કેરાટ અને અટકચાળાની જન્મદાતા છે. સળીના સત્તર હજાર સાતસો સત્તર પ્રકાર છે. જેની બહુવિધ યુક્તિ પ્રયુક્તિ છે. ગાંધીજીએ લખ્યું છે ; 'હવે પછી કોઈને સ્વેચ્છાએ જોડણી કરવાનો અધિકાર નથી' પણ એ જ કોશમાં ભરચક ભૂલો રહી ગઈ છે. શેખાદમ આબુવાલા કહે છે...

જીવતા જો હોત, લીડર હોત ગાંધીજી ?<br>
નવજીવનમાં પ્રૂફરીડર હોત ગાંધીજી.

આ સળીસત્ય કોને સમજાવવું ! સળીસર્જકોને સો સો સલામ...! ઘણી મશ્કરીમાં તલવારો નીકળી હોય એવા દાખલાઓ છે. આવી ઘટનાઓમાં મોટાભાગે અંગત મજાક હોય છે, એટલે જ કહું છું કે 'હવે પછી કોઈને સ્વેચ્છાએ સળી કરવાનો અધિકાર નથી'

સળીસર્જકો દ્વારા સર્જાયેલું સાહિત્ય ગ્રંથસ્થ નથી થયું પણ કંઠસ્થ છે. વર્ષોથી કંઠોપકંઠ વહે છે. ધૂપસળી સુગંધ આપે છે અને સંચાસળી દુર્ગંધ ફેલાવે છે. કેટલાક સળીસર્જકનું નાક કાપો તો ફરી ઊગી જતું હોય છે ! સળીસળી ભેગી કરીએ તો માળો થાય અને વધુ સળી ભેગી કરો તો સ્વચ્છતા અભિયાનનો સૂત્રધાર સાવરણો થાય છે. કોઈ માણસની બહુ બધી સળી થાય તો ગાળ કે ગુસ્સો પુરસ્કારમાં મળે છે. આ પૃથ્વી પર કેટલાક 'પુણાત્મા' અસ્તિત્વ ધરાવે છે કે જે સળીબાજો છે. રોજ કોઈની સળી ન કરે તો રાત્રે ઊંઘ આવતી નથી. જેનું કાર્ય માત્ર અને માત્ર સળી કરવાનું જ છે. ગાંધીવાદી જેમ સળીવાદી પણ હોય છે. જેનો સળીસત્યાગ્રહ સૂર્ય ઊગે ત્યારથી શરૂ થાય અને સૂર્યાસ્ત સાથે ઢળી જાય છે. જોકે કેટલાકની તો સપનાંમાં પણ સળી શરૂ હોય છે ! આ નાક વગરના નરબંકાઓને ગમે તેટલા ટોકો પણ એમને કંઈ ફરક પડતો નથી. જોકે કેટલીક સળીઓ નિર્દોષ પણ હોય છે, જેમાં માત્ર હાસ્ય કેન્દ્ર સ્થાને હોય છે. અમેરિકન ફિલ્મ નિર્માતા ગોલ્ડવિનના સેક્રેટરીએ



તેમને પૂછ્યું કે 'ફાઈલો બહુ વધી ગઈ છે, વાંધો ન હોય તો અગાઉનાં વર્ષોની ફાઈલો બાળી નખાવું ?'

જવાબ મળ્યો 'ચોક્કસ એમ કરો, પણ એ પહેલાં એની નકલ કરાવી રાખજો'

યુવા અવસ્થામાં મસ્તી માટે સળી થતી હોય છે. મિત્રના પાકીટમાંથી પૈસા ચોરી પછી એના જ પૈસે એને જમાડીએ. હોસ્ટેલલાઈફમાં આવી ટોળટીખળ ટોળી હોય છે. કોરોનાકાળમાં થોડા મહિના હેબિટેટ બંધ રહ્યા હતાં જેથી જીવસૃષ્ટિમાં માનવ ખલેલ ઓછું થયું અને પક્ષીઓના બિહેવિયરમાં પણ બદલાવ જોવા મળ્યો. પ્રકૃતિએ પણ આ કાળમાં નિરાંતનો દમ લીધો.

વાંદરાને પણ અટકચાળો કરે તેવા લોકો કાન ખોતરવાની સળી લઈ લોકોનું મગજ ખોતરતા હોય છે. સોશિયલ મીડિયામાં આવા સળીરત્નો બહુ પડ્યા છે. તમારી અનેક સારી પોસ્ટમાં કદી કમેન્ટ ન કરે પણ કોઈ નાની એવી ભૂલ દેખાય એટલે તૂટી પડે, આવા લોકો ભૂલ થવાની રાહ જોઈને જ બેઠા હોય છે, ફૂલ થવાની રાહ જોઈને બેઠા હોત તો કેવું સારું થાત ! જગતના હાલ બેહાલ થયા છે એમાં નકારાત્મક માણસનો ફાળો બહુ મોટો છે. નેગેટિવ કરતા પોઝિટિવ માણસ કામ વધુ સારી રીતે કરી શકે છે. ફેસબુકના 'Poke'નો લાક્ષણિક અર્થ સળી જ થાય છે. અલ કેપે કહ્યું છે કે 'The Public is like a piano, You just have to know

what keys to poke' બે દિલ મળે ત્યારે દુનિયાને એની ગોસીપમાં બહુ રસ પડતો હોય છે. એક નાળિયેરમાં બે પોલી સળી (સ્ટ્રો) નાખી પીતાં હોય તો સમજવું કે કુંવારાં છે ! બે સળીથી અલગ અલગ દિશામાં જોતા પીતાં હોય તો સમજવું કે પરણેલાં છે ! સ્ટ્રોથી લોકોનું લોહી પી શકાતું હોત તો એની માંગ બજારમાં જબરી હોત....! ફેસબુકમાં ગમે તેવી કમેન્ટ લખી પછી સળીસજ્જનો ટ્રોલિંગનો ટેસડો મનાવતા હોય છે. તેઓ પાછા વૉટ્સએપના વોકળાથી સળી સંદેશાઓનો ધોધ વહાવતા હોય છે. મોટી મોટી વાતો કરતા સળીશહેનશાહો જયારે મોતિયો ઉતરાવાનો હોય ત્યારે પણ એમના મોતિયા મરી જતા હોય છે.

ગામડાંમાં સવિશેષ પ્રકારના સળીવીરો જોવા મળે છે. એમને ટીખળનો તરખાટ મચાવવો ગમતો હોય છે. અભાવો વચ્ચે જીવતી પ્રજા માટે આ રોજિંદી રમૂજ મનોરંજનનો એક માત્ર આશરો બની જાય છે. એટલે જ તળના માનવીમાં નૈસર્ગિક હાસ્ય જોવા મળે છે. ગામડાના એક યુવાનને હાથમાં લોહી નીકળ્યું તો કહે કે 'તગારું કરડી ગયું' એની સાદી સરળ વાતમાં પણ મજાકના મરીમસાલા હોય છે, જેમાં નૂતન અભિવ્યક્તિનું નગારું વાગે છે. જ્યોતીન્દ્ર દવેના એક હાસ્યલેખમાં એક પાત્ર સતત સવાલસળી જ કર્યા કરે. 'ભદ્રંભદ્ર'માં તો કેવાં અદ્ભુત ઉદાહરણો જોવા મળે છે ! કેટલીક સળીમાં તલવાર છુપાયેલી હોય છે.

કવિસંમેલનમાં કોઈ એક કવિને બહુ દાદ મળે તો કેટલાક કવિ 'ઈર્શાદ ઈર્શાદ'ને બદલે 'ઈર્ષા ઈર્ષા' બોલે છે. અનિલ જોશીએ કહ્યું છે કે 'માળામાં ગોઠવેલી સળી હું નથી, મને વીજળીની બીક ના બતાવો'. કમોસમી વરસાદ એ કુદરતની સળી છે. પેન્સિલમાં ગ્રેફાઈટની સળી છે એમ કેટલાકમાં અવળચંડાઈની સળી છે.



પહેલાના સમયમાં દૂધપાક વચ્ચે સળી ઊભી રહે તો એ ઉત્તમ કહેવાતો હતો. આજે તો સળી વચ્ચે દૂધપાક ઊભો છે ! શ્રાદ્ધના સમયે દૂધપાકનો દોર શરૂ થતો. બિચારા કાગડાને ખવડાવી ખવડાવી થકવી નાખે. કાગડા રૂપી દાદા કહે, 'જીવતો હોત ત્યારે આટલા પ્રેમથી ખીર ખવડાવી હોત તો હું કાગડો નહીં પણ ગરુડ હોત ! પણ ત્યારે મારું કાંકાં સાંભળ્યું નહીં અને આવું કાં થાય ?' એક કાગડો તો થોડીવાર પછી બાજુની અગાસી પર જતા રહે ત્યારે કાકી કહેતાં કે, 'તારા કાકા હજુ જો ચંપાની અગાસી પર જાય છે ! હજુ લખણ સુધર્યા નથી !' આંધીમાં વૃક્ષ પડી જાય પરંતુ સળીને કશું થતું નથી. સળીસોપારીની મજા ખાવા કરતા જોવામાં વધુ છે. સોનીએ બનાવેલ સોનાની સળીનું સૌંદર્ય મુગ્ધાની આંખોમાં જોઈએ તો જ સમજાય છે. દાંત ખોતરવાની સળી ક્યારેક ચોક્કસ જગ્યાએ થાય ત્યારે ભલભલો માણસ ઊભો થઈ જાય છે. એને ગ્રાંડસળી કહેવાય છે ! કાંકરીચાળો કરતા સળીચાળો વધુ વમળો સર્જી શકે છે. કેટલાક લોકો ખાય છે ઓછું અને સમ વધુ ખાય છે.

સંજય લીલા ભણસાળી પર આળ આવ્યું કે 'ક્રિએટિવ ફ્રીડમના નામે તેઓ ઇતિહાસ સાથે સળી કરે છે. કનૈયાલાલ મુન્શીએ પણ એમની નવલકથાઓમાં ઇતિહાસ સાથે બાંધછોડ કરી છે. ગાયક દેવાંગ પટેલની 'ગ્રાંડ સળી' નામની ફિલ્મ ગ્રાન્ડ ફ્લોપ ગઈ હતી. ત્રણ પૂતળીની કથામાં આવતી ત્રીજી પૂતળીના પેટમાં સળી ઊતરી ગઈ એટલે એ ઉત્તમ સંગ્રાહક છે. આપણે આપણી સળી કરી, આપણી અંદરની ત્રીજી પૂતળીની શોધ કરવા જેવી ખરી. અંકુર શ્રીમાળીના શબ્દો સાથે સળીશાસ્ત્રને વિરામ આપીએ..એક પંખી ઉપાડીને સળી, રોજ કરે છે માળો, ને એક માણસ કરીને સળી, રોજ પીંખે છે માળો...

*૪૧૨, ડ્રીમ સ્કવેઅર, નિર્ણયનગર ગરનાળા,*
*અખબારનગર, અમદાવાદ-૩૮૦ ૦૧૩*
*મો. ૯૮૭૯૨ ૪૮૪૮૪*

# ફોટાની ફટાફટી

- વિનય દવે

(રાજુ ઘરમાં સ્પોટ જોગિંગ - કસરત કરી રહ્યો છે. ત્યાં બાજુમાં ટેબલ પર મૂકેલા લેન્ડલાઇન ફોનમાં રિંગ વાગે. રાજુ પરસેવો લૂછતાં ફોન ઉપાડે. રાજુના પપ્પાનો ફોન છે.)

રાજુ : હલો.. કોણ?

પપ્પા : તારો બાપ

રાજુ : અલ્યા એય.. કોણ બોલે છે તું?

પપ્પા : તું તારી ના કર રાજુ.. હું તારો બાપ એટલે કે તારા પપ્પા બોલું છું...

રાજુ : ઓહ.. હા.. હા.. બોલો પપ્પા.. (રાજુ કસરતના કારણે હાંફી રહ્યો છે)

પપ્પા : અરે રાજુ.. બેટા, શું થયું? કેમ હાંફી રહ્યો છે તું ?

રાજુ : હું દોડતો હતો એટલે..

પપ્પા : રાજુ, કાનૂનથી બચવા ક્યાં સુધી દોડ્યા કરીશ તું..? કાનૂનના હાથ ખૂબ લાંબા હોય છે બેટા...

રાજુ : પપ્પા, ફિલ્મી ડાયલોગ મારવાના બંધ કરો.. હું ઘરમાં જોગિંગ કરી રહ્યો હતો..

પપ્પા : ઓહ તો ઠીક છે.. સાંભળ, મેં તને એક ખાસ કામ માટે ફોન કર્યો છે. વાત એમ છે કે મોબાઇલમાં મારા કેટલાક "ખાસ" ફોટા મળતા નથી..

રાજુ : "ખાસ" ફોટા? એટલે કેવા "ખાસ" ફોટા?

પપ્પા : ગાયના ફોટા.. મને ગાયના ફોટા મળતા નથી.. (ત્યાં જ રાજુના મોબાઇલમાં રિંગ વાગે. રાજુ મોબાઇલમાં જુએ)

રાજુ : પપ્પા, મારા બોસનો ફોન આવી રહ્યો છે મોબાઇલમાં..

પપ્પા : બૉસ એટલે તારી વાઇફનો ફોન આવે છે એમ બોલ ને?

રાજુ : પપ્પા, મારી ઑફિસના બૉસનો ફોન આવે છે. હું મૂકું છું. (રાજુ લેન્ડલાઇન ફોન મૂકે. મોબાઇલ ઉપાડે.)

રાજુ : યસ બૉસ.. બોલો..

બૉસ : મેં તને કેટલી વાર કહ્યું છે કે એક જ રિંગમાં મારો ફોન ઉપાડી લેવાનો..?

રાજુ : સોરી બૉસ.. હું.. હું..ટોઇલેટમાં હતો..

બૉસ : તને ટોઇલેટમાં પણ ફોન લઈને જવાનું કહ્યું છે ને મેં?

રાજુ : ઓકે બૉસ.. હવે આવી ભૂલ નહીં થાય. હવેથી હું ટોઇલેટમાં પણ ફોન લઈને જઈશ.

બૉસ : ગુડ બોય .. હવે સાંભળ.. પરમદિવસે મારા ઘરે મારી વાઇફની બર્થડે પાર્ટી હતી એમાં તું આવ્યો હતો. ત્યારે તેં તારા મોબાઇલમાં મારી વાઇફના ફોટા પાડ્યા હતા.. યાદ છે?

રાજુ : યસ બૉસ.. પાક્કું યાદ છે..

બૉસ : બસ.. તો એ ફોટા મને વૉટસએપ પર અર્જન્ટલી મોકલ..

રાજુ : યસ બૉસ.. મોકલું.

બૉસ : અરે ડોબા, તરત જ મોકલ.. ફટાફટ..

રાજુ : યસ બૉસ.. ફટાફટ ફોટા મોકલું છું

બૉસ : ગુડ બોય.. (બૉસ ફોન કટ કરે. રાજુ મોબાઇલ મૂકે.) (ત્યાં જ લેન્ડલાઇનમાં રિંગ વાગે)

રાજુ : (લેન્ડલાઇન ઉપાડે છે) હેલો..

પપ્પા : રાજુબેટા, પપ્પા બોલું છું.. તારા બૉસનો ફોન પત્યો?

રાજુ : હા... પત્યો.. બોલો પપ્પા તમે શું કહેતા હતા?

પપ્પા : થોડા દિવસ પહેલાં આપણા કંપાઉન્ડમાં એક લાલ ગાય ઘૂસી ગયેલી. મેં અગાસીમાં જઈ મોબાઇલથી એ લાલ ગાયના ફોટા પાડ્યા હતા. પણ હવે એ ગાયબ છે. ક્યાં હશે એ?

રાજુ : લાલ ગાય તો જ્યાંથી આવી હશે ત્યાં પાછી જતી રહી હશે. એ ગાયના ગોવાળને પૂછી જુઓ..

પપ્પા : એ બુદ્ધિના બળદિયા, હું ગાયનું નથી પૂછતો. હું ગાયના ફોટાનું પૂછું છું. એ ફોટા ક્યાં હશે?

રાજુ : એ તો ગૅલેરીમાં હશે..

પપ્પા : એમ? તું ચાલુ રાખ.. હું ગૅલેરીમાં જોઈ લઉં.. (રાજુ કંટાળીને ફોન ચાલુ રાખે. પપ્પા થોડીવાર પછી ફરી વાત ચાલુ કરે)

પપ્પા : બેટા મેં ઘરની બંને ગૅલેરી ચેક કરી લીધી.. આગળની, પાછળની બંને ગૅલેરીઓમાં ફોટા નથી..

રાજુ : હેં..? એટલે પપ્પા તમે ઘરની ગૅલેરીઓમાં જોઈ આવ્યા?

પપ્પા : હાસ્તો.. તેં જ તો કહ્યું કે ફોટા ગૅલેરીમાં હશે? પણ રાજુ, મેં તો એ ફોટા અગાસીમાંથી લીધા હતા. તો પછી એ ગૅલેરીમાં કેવી રીતે પહોંચી ગયા હશે?

રાજુ : અરે પપ્પા.. હું ઘરની ગૅલેરીની વાત નથી કરતો.. હું મોબાઇલ ફોનની ગૅલેરીની વાત કરું છું.

પપ્પા : એમ? મોબાઇલ ફોનમાં પણ ગૅલેરી હોય?

(પપ્પા મોબાઈલ ઉપાડીને જુએ)

પપ્પા : રાજુ.. મેં આખો ફોન ઉપર નીચે, આગળ પાછળ, ગોળ ગોળ ફેરવીને જોયો. પણ એમાં તો મને ગૅલેરી ક્યાંય નથી દેખાતી.

રાજુ : પપ્પા એ ફોનની અંદર હોય છે. તમે ફોનનું મેનુ ખોલો..

પપ્પા : બેટા, મેનુ તો હોટલમાં હોય, અને હું તો અત્યારે ઘરમાં છું

રાજુ : પપ્પા, મોબાઈલની બધી ઍપ્લિકેશન જ્યાં દેખાતી હોય એને પણ મેનુ જ કહેવાય..

પપ્પા : એમ? તો એ મેનુથી ખાવાનું મંગાવી શકાય? મારે ભરેલાં કારેલાં મંગાવવાં છે.

રાજુ : પપ્પા, ભરેલાં કારેલાં પછી મંગાવજો. પહેલાં મોબાઈલ સ્ક્રીન પર સૌથી આગળ લાલ ટપકું છે એ દબાવી ફોનનું મેનુ ખોલો.

પપ્પા : સારું.. સારું.. આ લે મેં લાલ ટપકું દબાવી ફોનનું મેનુ ખોલ્યું. (પપ્પા મોબાઈલનું મેનુ ખોલે) હવે..? હવે શું કરું?

રાજુ : હવે ગૅલેરી લખ્યું છે ત્યાં આંગળી અડાડી અને ગૅલેરી ખોલો..

પપ્પા : ગૅલેરી ખોલીશ તો કંઈ થશે તો નહીં ને?

રાજુ : ગૅલેરી ખોલવાથી શું થાય?

પપ્પા : ગયે અઠવાડિયે આપણાં ઘરની ગૅલેરીમાં ગયો ત્યારે એક બિલાડી મારા પર કૂદી હતી અને મને નખોરિયાં ભરી લીધાં હતાં.

રાજુ : (અકળાઈને) પપ્પા, ફોનની ગૅલેરીમાં બિલાડી ફિલાડી ના હોય.. તમે ગૅલેરી ખોલો પ્લીઝ..

પપ્પા : ખોલું છું.. એમાં અકળાવાની જરૂર નથી (મોબાઈલ ટચ કરી ગૅલેરી ખોલે છે) આ લે, મેં ગૅલેરી ખોલી. હવે?

રાજુ : હવે જોઈને કહો એમાં શું છે?

પપ્પા : કશું નથી..

રાજુ : હેં?

પપ્પા : અલ્યા બહેરાની જેમ "હેં.. હેં.." શું કરે છે? કહ્યું તો ખરું કે ગૅલેરીમાં કશું નથી.. ગૅલેરી ખાલીખમ છે..

રાજુ : એવું કેવી રીતે બને? ફોટા ક્યાં ગયા?

પપ્પા : એ જ તો હું તને ક્યારનો પૂછું છું કે ફોટા ક્યાં ગયા?

રાજુ : તમે ડિલિટ કરી નાખ્યા હશે..

પપ્પા : આમાં મારો ભાઈ દિલીપ ક્યાંથી વચ્ચે આવ્યો?

રાજુ : અરે દિલીપ નહીં.. ડિલિટ કહું છું.. તમે ફોટા ઉડાડી દીધા હશે..

પપ્પા : જો રાજુ, હું ક્યારેય પાંચ રૂપિયા પણ ઉડાડતો નથી.. તો ફોટા શું કામ ઉડાડું?

રાજુ : એ સિવાય તો ફોટા ક્યાંય જાય નહીં. તમે નક્કી ડિલિટ જ કરી દીધા હશે.

પપ્પા : અરે મને એવું કશું આવડતું નથી.. તું મારા પર આવું ખોટું આળ ના મૂક..

રાજુ : આળ નથી મૂકતો.. હું પોસિબિલિટી કહું છું.. કદાચ એવું બન્યું હશે કે તમે સેવ કરવાનું ભૂલી ગયા હશો..

પપ્પા : પણ સેવ તો તારી મમ્મી કરે છે..

રાજુ : હેં? મમ્મી સેવ કરે છે?

પપ્પા : હા.. જાડી સેવ, તીખી સેવ, ઝીણી સેવ બધા પ્રકારની સેવ તારી મમ્મી જ કરે છે..

રાજુ : પપ્પા હું ખાવાની સેવની વાત નથી કરતો.. હું ઈંગ્લિશમાં સેવ કરવાની વાત કરું છું. એટલે એમ કહું છું કે તમે ફોટા સાચવીને નહીં રાખ્યા હોય..

પપ્પા : બેટા હું મારી બધી વસ્તુઓ સાચવીને જ રાખું છું. મારું ક્યારેય કશું ખોવાતું નથી. તું મારા પર બેદરકાર હોવાનો આક્ષેપ કરે છે?

રાજુ : અરે પપ્પા તમે વાતને ક્યાંથી ક્યાં લઈ જાઓ છો? હું તમને એમ સમજાવવા માંગુ છું કે તમે જેમ બૅંકમાં પૈસા સેવ કરો છો એમ ફોનમાં ફોટા સેવ કરવા પડે.

પપ્પા : હેં ? બૅંકના પૈસાની જેમ ફોટા સેવ કરવાના? એના પર વ્યાજ કેટલું મળે? ફોટાનું મિનિમમ બેલેન્સ કેટલું રાખવું પડે?

રાજુ : હે ભગવાન.. પપ્પા તમને કઈ ભાષામાં સમજાવું...?

પપ્પા : મને ગુજરાતી, હિન્દી, અંગ્રેજી ત્રણ ભાષા તો આવડે જ છે.. અને મરાઠી પણ સમજાય છે.. તું આમાંથી કોઈ પણ ભાષામાં સમજાવ કે મારા મોબાઈલમાંથી ગાયના ફોટા ક્યાં ગયા?

રાજુ : પપ્પા મને લાગે છે તમારે સેટિંગ કરતાં શીખવું પડશે...

પપ્પા : એક પ્રામાણિક નિવૃત્ત ઑફિસર સાથે તું સેટિંગ કરવાની વાત કરે છે? મેં મારી લાઇફમાં ક્યારેય કોઈ સાથે સેટિંગ નથી કર્યું અને તું સગો દીકરો થઈ મને સેટિંગ કરવાનું કહે છે?

રાજુ : અરે પપ્પા હું તમને લાઇફમાં સેટિંગ કરવાનું નથી કહેતો હું તમને ફોનમાં સેટિંગ કરવાનું કહું છું.. એ શીખી લેશો એટલે તમારા ફોટા ગાયબ નહીં થાય..

પપ્પા : અચ્છા તો તું ફોનનું સેટિંગ કરતાં શિખવાડે છે એમ ને? સરસ.. સરસ..જલદી શિખવાડ..

રાજુ : પપ્પા... મારે મારા બોસનું એક ખાસ કામ પતાવવાનું છે. તો આ ફોનનું સેટિંગ હું સાંજે સમજાવીશ..

પપ્પા : અરે બેટા.. પણ મારે એ લાલ ગાયના ફોટા અત્યારે જ જોઈએ છે. કેમકે તારી મમ્મીએ લાલ ગાયનાં દર્શન કર્યા પછી જ જમવાનું વ્રત લીધું છે.

રાજુ : ઓહ એવું છે..? તો તમે ઇન્ટરનેટ પરથી લાલ ગાયનો ફોટો શોધી મમ્મીને બતાડી દો ને!

પપ્પા : મને એવું બધું નથી આવડતું.. તું જ લાલ ગાયનો ફોટો શોધી અને જલદી મોકલી આપ બેટા નહિતર તારી મમ્મી ભૂખી રહી જશે.. (ત્યાં જ રાજુના મોબાઇલમાં રિંગ વાગે. રાજુ મોબાઇલ જુએ છે. એના બૉસનો ફોન છે.)

રાજુ : પપ્પા, મારા બૉસનો ફરીથી ફોન આવી રહ્યો છે.. તમે ફોન મૂકો..

પપ્પા : પણ લાલ ગાયનો ફોટો?

રાજુ : એ હું નેટ પરથી શોધી તમને તરત મોકલી આપું છું. હું ફોન મૂકું છું.. (રાજુ લેન્ડલાઇન ફોન મૂકે અને મોબાઇલ ફોન ઉપાડે)

રાજુ : યસ બૉસ.. બોલો બૉસ..

બૉસ : તેં મારો ફોન ફરી એકવાર પહેલી રિંગે કેમ ના ઉપાડ્યો..?

રાજુ : એ તો.. એ તો.. એ તો હું ટોઇલેટમાં હતો બૉસ..

બૉસ : ફરીથી ? હમણાં થોડીવાર પહેલાં તો તું ટોઇલેટ ગયો હતો..!

રાજુ : બૉસ.. આજે મારા પેટમાં થોડી ગડબડ છે..

બૉસ : અહીંયાં મારા ઘરમાં ગડબડ શરૂ થઈ છે.. તેં મારી વાઈફના ફોટા હજી કેમ મોકલ્યા નથી? મારી વાઈફ અકળાઈ રહી છે..

રાજુ : સોરી બૉસ.. આ પેટના પ્રોબ્લેમના કારણે થોડી વાર થઈ ગઈ.. હમણાં જ મોકલું છું.. એકદમ..ફટાફટ

બૉસ : ગુડ બોય.. (મોબાઇલ ફોન કટ થાય. રાજુ ફોન મૂકે)

રાજુ : (સ્વગત બોલે) - પપ્પાને લાલ ગાયનો ફોટો જોઈએ છે.. ફટાફટ.. અને બૉસને એમની વાઈફના ફોટા જોઈએ છે, એ પણ ફટાફટ.. આ ફોટાની ફટાફટીમાં મારું દિમાગ ફાટી રહ્યું છે.. જલદી બંનેને ફોટા મોકલી દઉં એટલે મારો જાન છૂટે.. (રાજુ પોતાના મોબાઇલમાં સર્ચ કરે)

રાજુ : હા.. આ રહ્યા બૉસની જાડીપાડી વાઈફના ફોટા... હવે આ ફોટા બૉસને વૉટ્સએપ પર સેન્ડ કરી દઉં.. (ફોટા વૉટ્સએપ પર મોકલી દે)

રાજુ : હાશ.. બૉસને એની વાઈફના ફોટા મોકલી દીધા.. હવે લાલ ગાયના ફોટા શોધીને એ પપ્પાને મોકલી દઉં..(નેટ પર લાલ ગાયના ફોટા શોધે)

રાજુ : હા.. આ રહ્યા લાલ ગાયના ફોટા.. હવે આ લાલ ગાયના ફોટા પપ્પાને મોકલી દઉં.. (રાજુ વૉટ્સએપ પર ફોટા મોકલે)

રાજુ : બસ.. પપ્પાને પણ લાલ ગાયના ફોટા મોકલી દીધા.. હાશ.. મોટું કામ પત્યું... ઓહ.. કેવો ફાલતુ દિવસ છે આજનો તો... (રાજુ પરસેવો લૂછતો સોફામાં બેસે) (ત્યાં જ લેન્ડલાઇનમાં રિંગ વાગે) (રાજુ ફોન ઉપાડે, પપ્પાનો ફોન છે)

પપ્પા : હેલો રાજુ.. પપ્પા બોલું છું.. તેં આ શું મોકલ્યું છે મારા મોબાઇલમાં?

રાજુ : લાલ ગાયના ફોટા..

પપ્પા : એ બળદ, તેં લાલ ગાયના ફોટા નથી મોકલ્યા તેં લાલ ડ્રેસવાળી કોઈ જાડી બાઈના ફોટા મોકલ્યા છે..

રાજુ : હેં..? શું વાત કરો છો તમે..? (ત્યાં જ મોબાઇલમાં રિંગ વાગે. એના બૉસનો આ વખતે રાજુ પહેલી રિંગમાં જ મોબાઇલ ઉપાડી લે) (રાજુના એક કાન પર લેન્ડલાઇનનું રિસીવર છે, બીજા કાન પર મોબાઇલ છે)

બૉસ : (ગુસ્સામાં, તાડૂકીને) - રાજુ, મેં તને મારી વાઈફના ફોટા મોકલવા કહ્યું હતું અને તેં મને ગાયના ફોટા મોકલ્યા..? મારી મશ્કરી કરે છે રાજિયા ઇડિયટ...?

રાજુ : સોરી... સોરી.. મેં ભૂલથી તમને ગાયના ફોટા મોકલી દીધા હતા..

પપ્પા : અરે તેં મને ગાયના નહીં જાડી બાઈના ફોટા મોકલ્યા છે ડફોળ..

રાજુ : પપ્પા મેં તમને જે જાડી બાઈના ફોટા મોકલ્યા છે એ જાડી બાઈ મારા બૉસની વાઈફ છે..

બૉસ : તું મારી વાઈફને જાડી બાઈ કહે છે..? તને અત્યારેને અત્યારે જ હું નોકરીમાંથી કાઢી મૂકું છું..

રાજુ : અરે અરે.. તમે ખોટું સમજો છો..

પપ્પા : હું બધું સમજું છું.. મને લાગે છે તારું આ લાલ ડ્રેસવાળી સાથે કંઈક ચક્કર ચાલે છે. હમણાં જ તારી વહુને ફોન કરી તારો ભાંડો ફોડું છું..

રાજુ : ના.. ના.. ના..ના..

બૉસ : યુ આર ફાયર્ડ ફ્રોમ ધ જોબ

પપ્પા : તારી ઘરવાળીને તારા લફરાની જાણ કરું છું..

રાજુ : ના.. પ્લીઝ એવું ના કરતા..

બૉસ : એવું જ કરીશ..

પપ્પા : હું એવું જ કરીશ..

(રાજુ બંને ફોન પોતાના માથા પર મારવા માંડે છે.)

*૨૦, મોતીનગર સોસાયટી, ઈશ્વરભુવન રોડ,*
*નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૯*
*ફોન - ૯૮૨૪૦ ૮૮૧૮૯*



શ્રદ્ધાના સહપ્રવાસે
ભૂમિકા ભાવસાર
મો. ૯૮૨૪૦ ૮૯૬૭૭



# ફૂલોની રંગત

ફાલ્ગુની આર. પારેખ
મો. ૯૮૨૪૧૬૮૩૮૩

# નાટિકા સંપુટ

પ્રકાશ લાલા

વિનોદ સી. દવે

રવીન્દ્ર પારેખ

ડૉ. શૈલેષ ટેવાણી

દુર્ગેશ ઓઝા

નિરંજન રાજ્યગુરુ

નમન મુનશી

યામિની વ્યાસ

ગિરિમા ઘારેખાન



દ્વારિકાની સાંજ
હેતલ દવે
મો. ૯૮૨૫૫ ૯૯૧૪૯

# આવ ભાઈ હરખા...!

- પ્રકાશ લાલા

**પાત્રો**

૧. બિહારીભાઈ (વય ૭૫-૭૭ વર્ષ)

૨. દીનાનાથ (વય ૭૨-૭૫ વર્ષ)

૩. કૃપા (બિહારીભાઈની પુત્રવધૂ)

સ્થળ : રેસિડિન્શિયલ હાઉસિંગ સોસાયટીમાં કોર્નરના ટેનામેન્ટનો ઓટલો.

સમય : સપ્તાહના ચાલુ કોઈ દિવસની ઢળતી બપોરનો.

(પડદો ઊપડે ત્યારે ટેનામેન્ટનો ઓટલો અને તેની પાછળ ઘરનું ખુલ્લું મેઈન ડોર અને બંધ બારી દૃશ્યમાન થાય છે. ઓટલા ઉપર સાઈડમાં એક હીંચકો છે, એની સામે એક ટિપોઈ અને બે ખુરશીઓ છે. દૃશ્યના પ્રારંભે વડીલ બિહારીભાઈ હીંચકે ઝૂલી રહ્યા છે. એ ઘડીક બાજુમાં પડેલ રેડિયો પરથી પ્રસારિત ગીતો સાંભળી, સાથે તાલ મિલાવી ગાય છે. ઘડીક અખબાર કે કોઈ મૅગેઝિન ટીપોઈ પરથી લઈ પાનાં ફેરવે...એવી વિવિધ પ્રવૃત્તિ કરતા રહે છે. ત્યાં અન્ય વયસ્ક વ્યક્તિ દીનાનાથ પ્રવેશે ઓટલાના પગથિયા પાસે આવીને બિહારીભાઈને જુએ... અવઢવ અનુભવે. પછી)

દીનાનાથ : (બિહારીભાઈને ઉદ્દેશીને) નમસ્તે. આવું?

બિહારીભાઈ : (પોતાની પ્રવૃત્તિઓમાંથી નજર ફેરવી, દીનાનાથને જોઈને...) ના, ના જવું શું કામ છે? હમણાં તો આવ્યા ને? આવો, આવો ઉપર આવો.

દીનાનાથ : (પગથિયાં ચઢી, ઓટલા ઉપર આવે....)

બિહારીભાઈ : (હીંચકે જગ્યા કરતાં)

બિહારીભાઈ : આવો, બેસો...

દીનાનાથ : થૅન્ક્યૂ.

બિહારીભાઈ : શું કહ્યું? મેં કંઈ નથી કહ્યું.

દીનાનાથ : (બિહારીભાઈની નબળી શ્રવણક્તિનો ખ્યાલ આવી જતા. થોડું મોટેથી બોલે છે.) થૅન્ક્યુ, આભાર...

બિહારીભાઈ : ભાર? હા... હીંચકો મજબૂત છે. તમારો ભાર ખમશે... તમે ક્યાં જાડા છો! ટેન્શન કર્યા વિના જમાવો.

દીનાનાથ : નમસ્તે.

બિહારીભાઈ : ટેન્શન લાગતું હોય તો આ ખુરશી પર બેસો, ઓ.કે?

દીનાનાથ : હા, હા... (ખુરશી પર ગોઠવાય)

બિહારીભાઈ : તમને આ તરફ પહેલીવાર જોયા. તમે?

દિનાનાથ : હું દીનાનાથ.

બિહારીભાઈ : એકનાથ? સરસ નામ છે એકનાથ તો સંત થઈ ગયા.

દીનાનાથ : એકનાથ નહીં, દીનાનાથ!

બિહારીભાઈ : હા... હા.... દીનાનાથ આ પણ સારું નામ છે. આપ?

બિહારીભાઈ : હું બિહારીભાઈ બંસીભાઈ દલાલ... બીબીડી(હસે) સારું છે ને?

દીનાનાથ : (શું પ્રતિસાદ આપવો તે ન સમજાતાં) હા...

બિહારીભાઈ : તમે દીનાનાથ કેવા?

દીનાનાથ : (મોટેથી) દીનાનાથ ભોળાનાથ દેસાઈ....

બિહારીભાઈ : વાહ... ડીબીડી, રાઈટ? હું બીબીડી ને તમે ડીબીડી (પાછા હસે... દીનાનાથ પણ હસે)

દીનાનાથ : બિહારીભાઈ, અહીં કોઈ મકાન ભાડે...?

બિહારીભાઈ : ના, આ ભાડાનું નથી. આ અમારું પોતાનું મકાન છે. મારી માલિકીનું....

દીનાનાથ : બહુ સરસ... પણ હું એમ પૂછતો હતો કે આસપાસમાં કોઈ ટેનામેન્ટ ભાડે આપવાનું છે ખરું? તમને ખ્યાલ હોય તો....

બિહારીભાઈ : ખ્યાલ છે, ખ્યાલ છે, ડીબીડી, તમે કઈ બાજુના?

દીનાનાથ : પાલનપુરનો.

બિહારીભાઈ : અચ્છા, કોલ્હાપુરના? કોલ્હાપુર તો...

દીનાનાથ : કોલ્હાપુર નહીં. પાલનપુર

બિહારીભાઈ : કોલ્હાપુરના તો ચંપલ વખણાય છે ને? કોલ્હાપુરી ચંપલ, ખરું ને?

દીનાનાથ : હા... ખરું પણ મારુ વતન કોલ્હાપુર નહીં (મોટેથી) હું પાલનપુરનો છું.

બિહારીભાઈ : હા.... હા... સાંભળ્યું મેં. પાલનપુર પાલનપુર તો ભાઈ નવાબી શહેર. પાલનપુરનાં અત્તર

વખણાતાં હતાં ને કવિ શૂન્ય પાલનપુરી પણ ખરા, હોં...

દીનાનાથ : હા...જી, બરાબર. કોઈ મકાન ભાડે આપવાનું આટલામાં ખરું? તમે જાણતા હો તો...

બિહારીભાઈ : હં.... મેં ભણતાં ભણતાં નોકરી કરેલી. પછી તો બેંકમાં લાગ્યો ને પ્રમોશન મેળવતો છેક મૅનેજર સુધી જઈને રિટાયર્ડ થયેલો.. પણ ડીબીડી, તમને કેવી રીતે ખબર પડી કે ભણતાં ભણતાં મેં...

દીનાનાથ : (અકળાય... પછી સંમતિ દાખવી) સરસ. યુવાનોએ તમારામાંથી પ્રેરણા લેવી જોઈએ.

બિહારીભાઈ : કરુણા ને? હા, માણસમાં કરુણા, દયા - પ્રેમભાવ હોવાં જ જોઈએ. પણ આજે એ ભાવોના ભાવ ગગડતા જાય છે. અરે, હુંય ખરો છું ને? કરુણાની વાત કરું છું પણ તમને પાણી આપવાનું ભૂલી ગયો. હું લઈ આવું.

દીનાનાથ : જરૂર નથી. તમે તકલીફ ના લેશો.

બિહારીભાઈ : તકલીફ? ના, રે દીનાનાથજી, મને પગની તકલીફ નથી.

દીનાનાથ : (સ્વગત) પગની ભલે ના હોય, સાહેબ, કાનની તકલીફ સોલિડ લાગે છો! મશીન લગાડ્યું છે તોય સાંભળતા નથી. (બિહારીભાઈ હીંચકેથી ઊભા થાય. સહેજ પગ ડગમગે. દીનાનાથ એમને પકડી લે.) સંભાળીને, ધીરેથી.

બિહારીભાઈ : પગ તો મજબૂત છે. આ તો હમણાં થોડી વિકનેસ આવી ગઈ છે એટલે.

દીનાનાથ : હોય.... ઉંમર થાય એટલે શરીરમાં નાની મોટી તકલીફ આવે ને જાય. ઉંમર ઉંમરનું કામ કરવાની.

બિહારીભાઈ : ઉંમર? મારી ઉંમર કેટલી ધારો છો તમે? (દીનાનાથ વિચારે) ચોક્કસ નહીં તો અંદાજે કહો. કેટલી એજ મારી લાગે છે?

દીનાનાથ : સેવન્ટી ફાઈવ પ્લસ હશે.

બિહારીભાઈ : બોલો, બોલો...

દીનાનાથ : બોલ્યો તો ખરો (પછી મોટેથી પંચોતેર - છોંતેર?)

બિહારીભાઈ : કરેક્ટ સેવન્ટી સેવન રનિંગ. તોય લાગતો નથી ને? રેગ્યુલર લાઇફ, ડીબીડી... રેગ્યુલર લાઇફનો પ્રતાપ છે, હો.

દીનાનાથ : હા, યસ...

બિહારીભાઈ : અરે, પાછો મૂળ કામ ભૂલીને વાતોએ વળગ્યો. તમારા માટે પાણી લઈ આવું.

દીનાનાથ : ઘરમાં બીજું કોઈ નથી?

બિહારીભાઈ : કંઈ કહ્યું? સોરી, મશીન પહેર્યું છે પણ ચાલુ કરવાનું જ રહી ગયું.

દીનાનાથ : (ધીરેથી) અત્યાર સુધી મને ખોટું પેટ્રોલ બળાવ્યું ને નાહક ફિલ્ડિંગ ભરાવડાવીને?

બિહારીભાઈ : શું પૂછ્યું? હું મારું હિયરિંગ એઇડ ચાલુ કરું. (ચાલુ કરે...) હં, હવે બોલો.

દીનાનાથ : ઘરમાં બીજું કોઈ નથી?

બિહારીભાઈ : છે મારો દીકરો, પુત્રવધૂ ને પૌત્ર, પણ અત્યારે તે લોકો ન હોય ને!

દીનાનાથ : કેમ?

બિહારીભાઈ : દીકરો ને વહુ એમની જોબ પર ગયાં હોય કે નહીં? પૌત્ર સ્કૂલેથી છૂટીને ક્રિકેટ ક્લાસ પતાવીને આવે.

દીનાનાથ : મતલબ આખો દિવસ તમે ઘરમાં એકલા જ! મારી માફક જ!!

બિહારીભાઈ : હા... પણ મને કોઈ અગવડ પડતી નથી, હોં. સવારે ચા-નાસ્તો બધાં સાથે કરીએ પછી એ બધાં પોતાનાં લંચબોક્સ લઈને ઊપડી જાય. મારા માટે લંચ બનેલું હોય એ ટાઇમ થાય એટલે જમી લઉં... બપોરે થોડું સૂઈ જવાનું પછી ઊઠીને અહીં અડિંગો જમાવવાનો વાંચવાનું, રેડિયો સાંભળું, કોઈ આવી જાય તો વાતો થાય, એટલે કોઈ અગવડ નથી, શું કહો છો ડીબીડી? અરે, પાછો વાતોનાં વડાં તળવા માંડ્યાં મેં. એક મિનિટ, હું આવું (પાણી લેવા અંદર જાય...)

દીનાનાથ : હં, ને અગવડ પડે તોય બીજો ઉપાય શો છે! શરૂમાં અગવડ લાગે, પછી ટેવાઈ જવાય. મારી જેમ, માણસે સંજોગો મુજબ જીવતાં શીખી લેવું પડે છે. કહો ને કે સંજોગો શિખવાડી દેતાં હોય છે! (ત્યાં બિહારીભાઈ પાણીનો ગ્લાસ લઈને આવે)

બિહારીભાઈ : લો (ગ્લાસ આપે), સાદું જ લાવ્યો છું... ફ્રીઝનું નથી લાવ્યો.

દીનાનાથ : કેમ, ફ્રીઝ નથી ચાલુ?

બિહારીભાઈ : ચાલુ જ હોય ને... પણ બહુ ઠંડુ પાણી હેલ્થ માટે સારું નહીં એટલે...

દીનાનાથ : સાચી વાત છે. સાદું પાણી લાવ્યા તો સારું કર્યું, બીબીડી! (હસે પાણી પીએ...) હા, પણ હું પૂછતો હતો કે તમારી જાણમાં કોઈ મકાન ભાડે આપવાનું હોય તો કહો...

બિહારીભાઈ : કોને જોઈએ છે?

દીનાનાથ : અમારા માટે જ પૂછું છું.

બિહારીભાઈ : હં... હમણાં ક્યાં રહો છો?

દીનાનાથ : પાછળની સોસાયટીમાં ભાડે.

બિહારીભાઈ : તો પછી.

દીનાનાથ : હા, પણ મકાન માલિકને એક મહિનામાં ખાલી કરી આપવાનું છે એટલે નવું મકાન ભાડે શોધીએ છીએ.

બિહારીભાઈ : સમજી ગયો તમારા ફૅમિલીમાં કોણ કોણ છે?

દીનાનાથ : તમારી જેમ જ. ચાર જણ.

બિહારીભાઈ : સાત જણ?

દીનાનાથ : (મોટેથી) સાત નહીં ચાર... ચાર... (આંગળીથી સમજાવે) ફોર.તમારી જેમ.

બિહારીભાઈ : સમજી ગયો. સોરી, કાનના મશીનમાં પાછી કંઈક ગરબડ થઈ લાગે છે. ચાર જણ કોણ કોણ?

દીનાનાથ : તમારી જેમ જ. ફક્ત તમારે પૌત્ર છે, મારે પૌત્રી.

બિહારીભાઈ : સરસ, અમારી જેમ જ નાનું કુટુંબ, સુખી કુટુંબ.

દીનાનાથ : હા. કોઈ મકાન...

બિહારીભાઈ : (વચ્ચે જ) તમારો દીકરો શું કરે છે?

દીનાનાથ : બેંકમાં જોબ છે. હમણાં એક વર્ષથી એની અહીં ટ્રાન્સફર થઈ છે. એટલે મહેસાણાથી અહીં આવવું પડ્યું છે?

બિહારીભાઈ : અને ડૉટર-ઇન-લો?

દીનાનાથ : એય પ્રાઈવેટમાં નોકરી કરે છે.

બિહારીભાઈ : તમારા વાઈફ?

દીનાનાથ : ત્રણેક વર્ષ પહેલા ભગવાને એને બોલાવી લીધી છે.

બિહારીભાઈ : ઓહ સોરી!!
અરે, હા... તમે ભાડાના મકાન બાબત પૃચ્છા કરતા હતા, રાઈટ?

દીનાનાથ : રાઈટ, છે કોઈ જાણમાં?

બિહારીભાઈ : ચા પીશો ને?

દીનાનાથ : ના, ના...

બિહારીભાઈ : કેમ, ચા નથી પીતા? કૉફી તો પીવો છો ને?

દીનાનાથ : ચા પીઉ છું. પણ નકામી તમને તકલીફ પડશે.

બિહારીભાઈ : તકલીફ શાની, હેં?

દીનાનાથ : તમારે બનાવવી પડશે.

બિહારીભાઈ : તે ઘરમાં કોઈ ના હોય તો મારે જ બનાવવી પડે ને મારેય પીવાની છે. મૂકું ચા, બંને પીએ, રાઈટ? (અંદર ગયા)

દીનાનાથ : ભલે....

બિહારીભાઈ : (ઊભા રહી જાય) મકાન ભાડે લેવા કરતાં પોતાનું ખરીદી લેવું સારું. મારી સલાહ છે.

દીનાનાથ : સલાહ સાચી છે. પણ દીકરાની જોબ ટ્રાન્સફરેબલ છે. એટલે...

બિહારીભાઈ : હા. અહીં ખરીદીને શું કામનું?

દીનાનાથ : એ જ તો.

બિહારીભાઈ : વતનમાં તો ઘરનું ખરું ને?

દીનાનાથ : હોય જ ને મોટું મકાન છે પાલનપુરમાં. અહીં ભાડા પર કોઈ ઘર...

બિહારીભાઈ : (દીનાનાથની વાત સાંભળ્યા વિના) સરસ. માણસનું પોતાનું એક ઘરનું ઘર તો જોઈએ જ.

દીનાનાથ : જોઈએ જ. અમારે છે પણ અહીં ભાડે મળે એવું કોઈ મકાન ખ્યાલમાં છે તમારા?

બિહારીભાઈ : હું ચા બનાવી લાવું, બેસજો (અંદર જવાં જાય ત્યાં બિહારીભાઈની પુત્રવધૂ કૃપા આવે... પગથિયાં ચઢતાં દીનાનાથને જુએ. પાસે આવીને)

કૃપા : પપ્પાજી...

બિહારીભાઈ : આવી ગયાં કૃપાલી બેટા?

કૃપા : હા, પપ્પાજી, નમસ્તે અંકલ.

દીનાનાથ : જી, નમસ્તે.

કૃપા : પપ્પાજીના ફ્રેન્ડ છો, અંકલ? પહેલી વાર જોયા એટલે પૂછું છું.

દીનાનાથ : ના, હું તો...

બિહારીભાઈ : બાજુની સોસાયટીમાં રહે છે.

દીનાનાથ : હા, મારું નામ દીનાનાથ, ભાડાના મકાન માટે

તપાસ કરવા માટે આ તરફ નીકળ્યો હતો. અને...

કૃપા : અને અમારા પપ્પાજીએ તમને 'બોર' કર્યા લાગે છે!

દીનાનાથ : એવું નથી પણ એમનું હિયરિંગ એઇડ વારે વારે રિસાઈ જાય છે. એટલે વાત કરવામાં થોડી તકલીફ પડે.

કૃપા : (ધીરેથી) એમાં એવું છે કે અંકલ, પપ્પાજીને મશીન બહુ સેટ થતું નથી એટલે કાં તો સ્વીચ ઓફ રાખી દે છે. કાં તો સરખું ચાર્જ ન કર્યું હોય એટલે બરાબર કામ ના આપે એવું ઘણી વાર બનતું હોય છે.

દીનાનાથ : હં... હં... સમજી ગયો.

કૃપા : સોરી, પણ શું છે કે પપ્પાજી આખો દિવસ ઘરમાં એકલા હોય છે. એમને ઉંમરના લીધે હવે ઓછું સંભળાય ને શરીરમાં વીકનેસ રહેતી હોવાથી અમે પપ્પાજીને એકલા બહાર જવા દેતાં નથી.

દીનાનાથ : એમની સલામતી માટે જ છે ને

કૃપા : હા તેથી થાય છે એવું કે ક્યારેક કોઈ વાત કરનારું મળી જાય તો છોડે નહીં ઝટ. અંકલ, સોરી, આજે તમને આ લાભ મળ્યો. (હસે)

દીનાનાથ : (હસે) ના, ના... ઍવું કંઈ નથી.

કૃપા : તમારો ટાઈમ બગાડ્યો. પપ્પાજી વતી હું આપની માફી માગું છું.

દીનાનાથ : ના, ના... એવું ના કહો. મારો ટાઈમ જરાય બગડ્યો નથી, બેન વાત એમ છે કે મારુંય બીબીડી જેવું જ છે...

(કૃપા આશ્ચર્યથી જોઈ રહે... પછી હસી પડે...)

કૃપા : બીબીડી, મતલબ બહુ વાતો કરી નાખી છે. અમારા પપ્પાજી બિહારીભાઈ બંસીધર દલાલે.

દીનાનાથ : હા... પણ આ ડીબીડી યાને કે દીનાનાથ ભોળાભાઈ દેસાઈની દશા પણ એમના જેવી જ હોય છે! આખો દિવસ ઘરમાં એકલો જ હોઉં એટલે વાતચીત કરવાવાળું કોઈ ના મળે મન મૂંઝાય ત્યારે આમ મકાન શોધવાના બહાને નીકળી પડું કોઈ મળી જાય તો થોડી વાતો કરી લઉં!

કૃપા : (હસી પડતાં) તો તો આને ટાઈમ બગડ્યો નહીં સુધર્યો કહેવાય... તમારા બંને માટે રાઈટ અંકલ?

દીનાનાથ : યસ, રાઈટ... ગુડ ટાઈમ પાસ.

કૃપા : એવું છે? તો આવતા રહેજો અહીં પપ્પાજીને કંપની આપવા. બાકી થાય છે એવું કે કોઈ વ્યક્તિ પકડાઈ જાય તો પપ્પાજી પોતાના ટાઈમપાસ કરવા એની જોડે એટલી બધી વાતો કરવા માંડે છે કે એ માંડ માંડ છટકી શકે છે. અને બીજી વાર તો ભૂલથીય આ તરફ ફરકતી જ નથી... પણ તમારેય ટાઈમપાસ કરવાનો પ્રશ્ન હોય તો આવતા રહેવું, અંકલ, પપ્પાજીને કંપની આપવા.

દીનાનાથ : હેં ? હા, હા....

કૃપા : પપ્પાજી, તમે તમારા ફ્રેન્ડ જોડે વાતો જ કરી કે (મોટેથી) ચા પાણી કરાવ્યાં?

બિહારીભાઈ : પાણી આપ્યું હતું. ચાની ઓફર ક્યારની કરેલી પણ એ એક મિનિટ હું બિહારીભાઈ તમે?

દીનાનાથ : દીનાનાથ.

બિહારીભાઈ : હા... હા... બેટા, દીનાનાથજી ક્યારના ના, ના જ કર્યા કરતા હતા એટલે ચા...

દીનાનાથ : નકામી બિહારીભાઈને તકલીફ પડે એટલે હું ચાની ના પાડું છું.

કૃપા : પણ હવે હું આવી ગઈ છું એટલે પપ્પાજીને તકલીફ નહીં લેવી પડે, હવે બોલો, અંકલ, શું ફાવશે? ચા કે કૉફી?

દીનાનાથ : જે મળે તે. અમારે તો ટાઈમપાસ જ છે !! શું કહો છો, બીબીડી ?

બિહારીભાઈ : હાસ્તો, ચા કે કૉફી, નહીં તો અમારે બંને એ તો ટાઈમ જ પાસ કરવાનો છે ખરું ને ડીબીડી?

(બંને હસે... કૃપા પણ હસતી હસતી અંદર જાય... બંને વડીલો કંઈક વાત કરવા લાગે... ફેડ આઉટ થાય)

*'વ્રજ' પ્લોટ નં. ૧૫૨૮/૨ સેક્ટર ૨-સી,*
*ગાંધીનગર -૩૮૨ ૦૦૭*
*મો. ૯૪૨૬૦૮૪૬૩૨*

# કાચી માટીનો કુંભ

*- વિનોદ સી. દવે*

**પાત્રો**

૧. સવિતા : (મા) બા
૨. અમૃત : (મોટો પુત્ર) (વેપારી)
૩. હિંમત : (નાનો પુત્ર)
૪. જમના : (પુત્રવધૂ)
૫. મંજુ : (પુત્રવધૂ)
૬. મેહુલ : (પૌત્ર)
૭. રમેશ : (નોકર)
૮. નરોત્તમ : (મિત્ર)

(ગીત, સંગીત, લાઈટ, સ્ટેજ, ડેકોરેશન, લોકેશન, એક્સ્ટ્રા કલાકાર, સમય સંજોગો, અને જરૂરિયાત પ્રમાણે અને ઉંમર, પાત્રોનો મેકઅપ વેશભૂષા તેમજ સ્ટેજ ઉપર દશ્યો પોસ્ટર વગેરે અને ડાઘુઓના રૂપમાં એક્સ્ટ્રા કલાકાર રાખવા)

**(પ્રવેશ પહેલો)**

સ્થળ : (મધ્યમવર્ગના નાના ગામમાં ડેલીબંધ મકાનના ડ્રોઈંગરૂમમાં સવારનો સમય...)

સવિતા : પૂજા કરીને હાથમાં થાળી લઈ ભગવાનના ફોટાને ધૂપ-અગરબત્તી કરી માથે નમન કરી આરતી લેતાં... મેહુલ... બેટા... મેહુલ... અહીં આવ તો...

જમના : બા એ તો ગામમાં ગયો છે રમવા તેના મિત્ર સાથે આવશે ત્યારે... કહીશ મારે કામ છે.

સવિતા : મારે આ છોકરાને શું કહેવું? કોઈ ધ્યાન દેતું નથી.

જમના : તમે બા ચિંતા કરો મા, તેના પપ્પા બધું સંભાળી લે છે. તેની ચિંતા મૂકો.

સવિતા : (તાડૂકતાં) ધૂળ... પડી એના બાપમાં. ઘરનો મોટો દીકરો છે પણ ભણ્યો જ નહીં? એનો બાપ એને ભણીગણીને સારો ઑફિસર કે વેપારી બનાવવા માંગતો હતો. પણ... હિંમતને પણ નો ભણવા દીધો...? નિશાળમાંથી ઉઠાડી દીધો...

મંજુ : બા, નસીબમાં હોય તો અભ્યાસ થાય છે. બાકી આપણા વડવાઓ તો વગર ભણ્યે (આ જમાનામાં નો ચાલે) બાએ વાત કાપતાં કહ્યું.

અમૃત : શું છે બા સવાર... સવારમાં શાંતિ રાખો, મારો ચા-નાસ્તો તૈયાર છે?

સવિતા : પૂછ તારી જમનાને! તમને આટલાં વર્ષથી મોટા કર્યા તોય બા-બા કર્યા કરો છો !

હિંમત : બા... બા... મારાં કપડાં ક્યાં રાખ્યાં છે? ગઈ કાલે મેં ધોવા નાખ્યાં હતાં.

સવિતા : મંજુને પૂછ... ! હવે હું ધીરે ધીરે ઘરનું કામ છોડવાની છું. ક્યાં સુધી આ ઉપાધિ કરવી. ઘરમાં બબ્બે વહુઓ છે તોય જાણે કેમ મેં આ ઘરમાં બધાની જવાબદારી લીધી હોય...! હે ભગવાન...!

અમૃત : બા એવું નથી. જ્યારથી આપણો કોરોનાકાળ ગયો અને મુંબઈ છોડી આપણા ગામ- વતનમાં પાછા આવ્યા ત્યારથી તમારી ચિંતા વધી ગઈ છે. અમે બે ભાઈઓ બેઠા છીએ ને... સંભાળી લઈશું.

હિંમત : બા સાચું કહું... જ્યારથી આપણે આ ગામમાં રહેવા આવ્યા છીએ ત્યારથી મારું મન ભમી રહ્યું છે...? શું કરીશું એ જ વિચાર મનમાં રમે છે.

અમૃત : જો ભાઈ આ આપણા બાપદાદાનું ગામ છે. દાદાએ બે દરવાજાવાળી એક દુકાન લઈ રાખી છે, જે વર્ષોથી બંધ પડી છે. આપણે તેને પ્રોવિઝન સ્ટોર તરીકે ચાલુ કરી દઈએ. એવો મારો વિચાર છે. તું તો જાણે જ છે કે કોરોનામાં પપ્પાને આપણે ખોયા. મુંબઈ નાછૂટકે મૂકવું પડ્યું. ભાડાનું મકાન ખાલી કર્યું. પૈસા હતા નહીં. કોઈ નવું કામ-કાજ કરવું હોય કે સમાજમાં ટકી રહેવા માટે પૈસા તો જોઈએ ને કોણ મદદ કરે ?

હિંમત : પૈસા, પૈસા, પૈસા બસ એ જ વાત છે. પૈસાની દુનિયા છે. પરંતુ ભાઈ તેં જોયું ને કે આ વખતે કોરોનાએ ભલભલા લોકોની પથારી ફેરવી નાખી છે.

અમૃત : હા સાચી વાત છે, પપ્પાની પાછળ પણ ખર્ચ દવા-દારૂનો થયો છે. છેલ્લે વીમો હતો.

સવિતા : તારા પપ્પાને કાંઈ નહોતું પેઢીમાં નામું લખવા ગયા તે ગયા... જ્યારે ફોન આવ્યો ત્યારે ખબર પડી કે તે દવાખાનામાં છે. તારા પપ્પાનો કોરોના કોળિયો હડપ કરી ગયો. તમારી જિંદગી હજુ શરૂ થાય છે. પરંતુ

તારા પપ્પાએ પાઈ પાઈ ભેગી કરી મહેનતથી થોડીક મૂડી બચાવી છે. કોણ કોને સહારો આપે છે. ઈશ્વરે ધાર્યું હોય તેમ થાય છે.

અમૃત : બા ચિંતા કરો મા. કોઈ નવું કામકાજ હિંમતને મળી જશે. તેણે બારમું પાસ કર્યું છે અને હું દુકાનમાં કામ કરતો, તેથી કરિયાણા પ્રોવિઝન સ્ટોરનો અનુભવ છે અને આ ગામમાં હું મોટો થયો છું. બધા દાદા અને પપ્પાને સારી રીતે ઓળખે છે. ધીરે ધીરે સમય જતાં ગાડી બધાંની પાટે ચડી જશે.

મંજુ : લો બા, બધાં માટે ચા-નાસ્તો તૈયાર છે ચાલો... ચાલો...

સવિતા : અમૃત, હિંમત-મેહુલ આવ્યો જો તો...

જમના : બા, એના મિત્રના ઘરે ગયો છે આવશે ત્યારે કહીશ. તમે ચા નાસ્તો કરવા આવો.

સવિતા : મારે ક્યાં નોકરી-ધંધે જવાનું છે તમે પહેલાં આ છોકરાઓને આપો અને હિંમતને પૂછતાં... તારા દાદાજીની પેલી બે દરવાજાવાળી દુકાન તે સાફ કરાવી છે ?

હિંમત : બા વરસોથી દુકાન બંધ હાલતમાં છે. માથે નળિયાં છે ચોમાસામાં પાણી પડે છે બારી-બારણાં તૂટી ગયાં છે. હજુ મને એકાદ વીક દુકાન ચાલુ કરતાં થશે ! તારી પાસે બા કેટલા રૂપિયા બચ્યા છે ?

સવિતા : મારી પાસે હવે ઝાઝી મૂડી નથી રહી, ઘરખર્ચ ચાલે એટલી મૂડી છે.

હિંમત : પપ્પાએ તમારા નામની એફડી. કરાવીતી તે હતી ને એવું મને યાદ છે.

અમૃત : કદાચ એફડી. માંથી ત્રણ-ચાર લાખ જેવી રકમ મળી જાય તો હું આસાનીથી પ્રોવિઝન સ્ટોર ચાલુ કરી શકીશ. કારણ કે દુકાનનું રિપૅરિંગ અને કલરકામ કરતાં અંદાજે ૫૦,૦૦૦ રૂપિયા ખર્ચ થઈ જશે.

હિંમત : બા, સાચું કહું, દાદાજીએ જે દુકાન લીધી છે ને એ સાવ ગામના છેવાડે છે, જ્યાં આખા ગામમાંથી રસ્તો નીકળીને સ્મશાન ઘાટ અને કબ્રસ્તાન તરફ જાય છે.

અમૃત : હા બા, ત્યારે નાનપણમાં ખબર જ ન હતી કે આ વિસ્તારમાં દુકાન ન લેવાય. કદાચ પપ્પાને પણ કાંઈ ખ્યાલ ના રહ્યો હોય.

જમના : બાજુવાળા બહેન કહેતાં હતાં કે એ તરફ હરિજનવાસ છે. ઝૂંપડપટ્ટી અને કબ્રસ્તાન તેમજ સ્મશાન તરફ રસ્તો જાય છે અને ત્યાંથી સીમ-વગડામાં જાય છે.

સવિતા : જે હોય તે, હવે તમારે ધંધો કરવાનો છે. જે છે તે છે. હું આ ગામમાં તારા પપ્પાને પરણીને આવી ત્યારે ગામમાં જમાનો હતો. અને તારા દાદાજીએ જે દુકાન લીધી હતી તે વખતે મેં જોયેલી છે અને તે તરફ ગામમાં બીજા લોકોની પણ દુકાનો આવેલી છે, અને હવે ગામમાં સુધારો થઈ ગયો હશે! આખું ગામ મને, તારા પપ્પાને અને દાદાજીને ઓળખે છે.

હિંમત : બા, હું પણ મોટાભાઈ અમૃતને ધંધામાં મદદ કરીશ અને બંને થઈને આ ઘરમાં ફરીથી રોનક લાવીશું. પપ્પાની ઈચ્છા પૂરી કરીશું.

જમના : મંજુને કહેતા... હું જ્યારે પહેલી વાર આ ગામમાં આવી ત્યારે બધા મને પાડોશીઓ અને ગામનાં બૈરાંઓ જોવા, મળવા આવતાં અને મુંબઈ આવી ત્યારથી જ નવી જિંદગી શરૂ થઈ ગઈ હતી પરંતુ....

મંજુ : આ કોરોના ક્યાંથી આવ્યો! દુનિયા આખાની પથારી ફેરવી નાખી છે. હિંમતને માંડ નોકરી મળે એમ હતું ને અચાનક કરફ્યૂ લાગ્યો. બધું બંધ થવા લાગ્યું અને નોકરી પણ ગઈ.

સવિતા : હવે બધાં વાતો બંધ કરો અને ઊભા થાવ અને સૌ પોતપોતાના કામધંધે લાગો.

મંજુ : બા, રસોઈ શું બનાવું? જમનાને પૂછ - તે દરરોજ બનાવે છે. જે કાંઈ બજારમાંથી લાવવું હોય તો અમૃત કે હિંમતને કે, લઈ આવશે. અને હા મેહુલ આવે તો મારા રૂમમાં મોકલજે. હું જરા તપાસ કરી લઉં કે મારી પાસે બેંકના કાગળો ક્યાં પડ્યા છે. પાસબુક પૈસા વગેરે.

અમૃત : (બાને પગે લાગી ડેલી બહાર ગામમાં જતાં)

હિંમત : બા, હું પણ હમણાં આવું છું. મારે ભાઈને દુકાને મદદ કરાવવાની છે તો તેની સાથે જાઉં છું.

સવિતા : બેટા, સાચવીને જજો. કાંઈ તકલીફ હોય તો સરપંચને મળી લેજો. તે કારીગરની વ્યવસ્થા કરી આપશે. ચાવી લેતો જજે.

અમૃત : (જતાં-જતાં) બા ચિંતા કરો મા.

## (પ્રવેશ બીજો)

(બે દરવાજાવાળી માથે નળિયા અને તૂટી ગયેલી બારીઓવાળી મેઈન રોડ ઉપરની બાજુની ગલીમાં સ્મશાન તરફ જતા રસ્તે

આવેલી અવાવરું બંધ દુકાન

**(ચાવીનો ઝૂડો હિંમતને આપતા)**

અમૃત : હિંમત તાળું ખોલતો (ખિસ્સામાંથી ચાવીનો ઝૂડો કાઢી તાળું ખોલતાં) (કિચુડ-કિચુડ થતો અવાજ... ભયંકર અંધકાર-બારીનો દરવાજો ખોલતાં અચાનક અંદરથી ગરોળીનું નીકળવું. બારીનો બીજો દરવાજો ખોલતાં ઉપરથી નળિયાનું નીચે પડવું. ધડામ - અંદર અવાવરું થયેલી હાલતમાં પડેલી બંધ દુકાન) હિંમત... ધીરેથી અંદર પ્રવેશ કરતા... ચકલીનું માળામાંથી ઊડવું.

અમૃત : ભાઈ જરા ઉપર જોઈને ચાલજે. માથે કાંઈ પડે નહીં.

હિંમત : ભાઈ તમે નીચે જોઈને ચાલજો, પગમાં પણ તમને કાંઈ વાગે નહીં.

અમૃત : હિંમત તું કોઈ રામુને બોલાવવા જવાનો હતો તે શું થયું?

હિંમત : હમણાં ઝાડુને સામાન લઈ આવે છે. ભાઈ મને તો લાગે છે કે આ દુકાનમાં મરમ્મત સાફ-સફાઈ કરાવતાં આઠ-દસ દિવસ થઈ જશે. તું એક કામ કર. જે જે વસ્તુઓ લાવવાની હોય તેનું લિસ્ટ બનાવી લે.

અમૃત : મને યાદ છે, મારા તાલુકામાં જે એજન્સીઓ આવેલી છે. ત્યાં જવું પડશે, પણ પહેલાં આ દુકાન તો તૈયાર થઈ જાય. માલસામાનની પછી વ્યવસ્થા કરીએ.

હિંમત : ઠીક છે, પણ તું એક કામ કરજે, રામુ આવે તો ગામના કડિયા, મિસ્ત્રી, કલરકામ, વાયરમેનવાળાને બોલાવી જે કાંઈ લાવવું હોય તો તે લાવી રાખજે. પૈસા બા પાસેથી માંગી લેજે, મારી પાસે છે તે હું ખર્ચ કરું છું.

અમૃત : હા ભાઈ ઠીક છે, જો તો કોણ આવ્યું છે (દુકાનની બહાર) હિંમતને કહ્યું - (તે તરફ જોતાં) અરે રામુ, આવ આવ.

હિંમત : ભાઈ અમૃત આ રામુ છે, તેના પપ્પાને હું ઓળખું છું.

અમૃત : રામુ આ બધું સાફ-સફાઈ કરી દેજે. જે કાંઈ તારે લાવવું હોય તે મને કહેજે. હું તને ગામની બજારમાંથી લાવી આપીશ અને હા પહેલા દરવાજા બારી કે રિપેરિંગ માટે કાંઈ જરૂર પડે તો મિસ્ત્રીને કહેજે હિંમત સાથે આવશે.

હિંમત : (ભાઈ, દસ મિનિટ બેસ) પેલા રામુને પચાસ સો રૂપિયા આપ. તેને ચા-પાણી-નાસ્તો કરાવ. પછી કામકાજ શરૂ કરીએ.

અમૃત : (રામુને સો રૂપિયાની નોટ આપતાં) (રામુ ચા લેવા જતાં) (બંને ભાઈઓ દુકાનનું નિરીક્ષણ કરતાં)

હિંમત : મને લાગે છે કે આ દુકાન ભલે ચાલુ કરીએ પરંતુ ધંધો જામતા લાંબો સમય લાગશે. કાંઈ ખાસ વળે એવું લાગતું નથી.

અમૃત : કારણ કે આ વિસ્તારમાં લોકોનો આવરોજાવરો બહુ ઓછો રહે છે તેમજ આજુબાજુમાં ઝૂંપડપટ્ટી તેમજ ગરીબોની વસ્તી છે.

હિંમત : અત્યારે આપણી પાસે જે કાંઈ મિલકત ગણો તે આપણા બા-બાપુજી-દાદાની કૃપાથી રહેવા માટે ઘર આશરો અને ધંધા માટે દુકાન તો છે.

અમૃત : જેની પાસે બધું હતું તે સૌ નિર્ધન થઈ ગયા છે. નોકરી-ધંધા, કારોબાર બધું બંધ હોય તો માણસો પરિવારનું કેમ ગુજરાન ચલાવે?

હિંમત : સમાજ છે, પરંતુ સગાંવહાલાં પણ સૌ મુસીબતમાં હોય તો કોણ કોને મદદ કરે? ભગવાનની દયા છે કે આજે આપણે સૌ સલામત છીએ.

અમૃત : જો ભાઈ, સુખ દુ:ખ આવે તે જાય. હિંમત નહીં હારવાની. જેવા પડશે એવા દેવાશે. આ દુનિયામાં હજારો માણસો ધરતી પર રહેશે. કીડીને કણ અને હાથીને મણ. ઈશ્વર વ્યવસ્થા કરી જ આપે છે. વાત રહી તેની મહેનત, પુરુષાર્થની, જેના વગર બધુંજ નકામું છે.

હિંમત : સાચી વાત છે. (લો-રામુ કરાવો ચા નાસ્તો લઈને આવી ગયો.) આ સાથે કોણ છે ? આ રમેશ છે મારો મિત્ર છે તમને મદદરૂપ થશે મારો સાથી છે.

અમૃત : રામુ આ રોડ કઈ તરફ જાય છે ત્યાં શું શું છે?

રામુ : આ રોડ સીધો વનવગડામાં જાય છે. થોડે દૂર સ્મશાન આવેલું છે અને ત્યાંથી તમે આગળ જાવ તો મોટું મેદાન છે, ત્યાં કબ્રસ્તાન આવેલું છે.

રમેશ : અને હા, હિંમત આગળ જશો તો તે પહેલા ગરીબ લોકોનો ઝૂંપડપટ્ટી વિસ્તાર છે અને ગામના છેવાડે જતા હરિજન વાસ તેમજ નાના નાના મજૂરી કરવાવાળા લોકોનાં કાચાં પાકાં ઘર છે. ગામની વસ્તી કોરોના પછી ઘટી ગઈ છે. માંડ ત્રણેક હજાર લોકો રહે જ રહેતા હોય તો!

રામુ : મોટાભાગના લોકો મજૂરી કરવા આજુબાજુનાં વાડી

ખેતરોમાં જાય છે તેમજ નાની-છૂટક મજૂરી કરી સાંજે પરત આવી જાય છે.

અમૃત : ગામમાં લોકો રહેતા જ નથી ? ખરીદી કરવા માટે તાલુકા મથકે જાય છે?

રામુ : ના ના એવું નથી.

રમેશ : રોજે રોજનું કમાઈને રોજે રોજ ખરીદી કરવાવાળા મજૂરો છે અને ગામમાં વાહન વ્યવહાર ઓછો છે એટલે તાલુકા મથકે જાય ત્યારે જરૂરી કરિયાણું ખરીદી લે.

હિંમત : ઠીક છે, હવે આપણે રમેશ, રામુ આ દુકાન રિપૅરિંગ કરી તૈયાર કરવા માટે તમે કારીગર શોધો. તમે સાફ-સફાઈ કરાવી દો. હું તમને અત્યારે એડવાન્સ રૂપિયા ૫૦૦૦ આપું છું, જે લાવવું હોય તે લઈ આવો. તમે હવે કામ ફટાફટ ચાલુ કરી દો.

અમૃત : હિંમત તું રોકાજે. હું બજારમાં તપાસ કરી થોડી વારમાં આવું છું તારે કોઈ કામકાજ હોય તો મને બપોરે કહેજે. (ભલે રામુ)

રામુ : આજુબાજુનાં ત્રણ ચાર નાનાં ગામ વચ્ચે સ્મશાન-કબ્રસ્તાન આ તરફ હોઈ અવરજવર રહે છે. પરંતુ ધંધા માટે આ તરફ દુકાન નથી એટલે તમારો ધંધો ચાલશે તો ખરો.

હિંમત : રામુને પૂછતાં... આ તરફ લોકોનો ટ્રાફિક વધારે નહીં રહેતો હોય?

રમેશ : ના ના એવું નથી. ઘણાં વર્ષો પહેલાં અહીં એક કરિયાણાની દુકાન હતી તેના માલિકનું અવસાન થયું પછી તેના છોકરાઓ દુકાન વેચીને શહેરોમાં જતા રહ્યા.

રામુ : મારા બાપા કહેતા હતા કે આ ગામનો એક સમય હતો. આજુબાજુના લોકો દરરોજ ખરીદી કરવા આવતા. દરેક નાના માણસને પણ મજૂરી કામ મળી રહેતું હતું. ગામમાં, ખાસ કરીને મધ્યમ કક્ષાના લોકો રહેતા હતા. યુવાનો મજૂરી કરી ગુજરાત ચલાવતા. વધારે તો બાળકો અને વૃદ્ધો, મહિલાઓ ઘરે હોય છે. સમય પ્રમાણે બધું બદલાતું હોય છે. જોકે હવે ગામમાં લોકો બે પાંદડે થયા છે. કોઈ માથાકૂટ કે ઝઘડો કે ખૂન-ખરાબા નથી થતા.

રમેશ : રામુ-બીડી કાઢતો... ખિસ્સામાંથી...

રામુ : બીડી સળગાવતા... કસ ખેંચતા...

હિંમત : કોરોનામાં આ ગામમાં કેટલા લોકો ગુજરી ગયા?

રમેશ : સાચું કહું કોરોનાની આ ગામમાં અસર બહુ નહોતી. કારણ કે સરકારી માણસો આવતા. દવા, માસ્ક વગેરે આપતા. લોકોને સરપંચે કહ્યું હતું કે જુઓ, કામ વગર બહાર નીકળ્યા તો પોલીસ પકડીને લઈ જશે તમને જેલમાં. છોડાવા કોઈ નહીં આવે.

રામુ : બીમાર પડ્યા હતા, પરંતુ ખાસ એવું નુકસાન નથી થયું. હા, પેલો સલીમ, મુસ્લિમવાસમાં રહેતો હતો તે હજ કરવા ગયો હતો તે નાની ઉંમરમાં ગુજરી ગયેલો.

રમેશ : તે ગામમાં પાછો જ નહોતો આવ્યો. કારણ કે જતી વખતે હજ કરવા માટે આખા ગામે અભિનંદન આપ્યા હતા પરંતુ તે કોરોનામાં ફસાઈ ગયો.

### (પ્રવેશ ત્રીજો)

અમૃત : બા... ઓ... બા... જમવા મેહુલ ઘરે આવી ગયો...?

જમના : હા, તમે ગયા પછી એકાદ કલાકમાં તે ઘરે પરત આવી ગયો.

સવિતા : અમૃત શું થયું? કેમ બૂમો પાડે છે.

અમૃત : કાંઈ નહીં, મેહુલની વાત પૂછવી હતી તે ઘરે આવી ગયો કે નહીં?

સવિતા : એ ઉપર બેઠો બેઠો લેસન કરે છે. તમે તો કોઈ ભણ્યા નથી પણ તેને શાંતિથી ભણવા દો.

જમના : બા, તમારે જમવા બેસવું છે? હિંમતની રાહ જોઈએ.

અમૃત : બા, દુકાનની ખૂબ ખરાબ હાલત છે. તેને રિપૅરિંગ કરાવતા હજુ આઠ-દસ દિવસ થશે. આજથી કામ શરૂ કરાવી દીધું છે. અને બે જણ ત્યાં હિંમત સાથે દુકાને વ્યવસ્થામાં છે.

મંજુ : અમૃતભાઈ, તમારા ભાઈ આવે પછી જમવા થાળી તૈયાર કરું છું.

અમૃત : મેહુલે જમી લીધું છે?

જમના : હા, તેણે જમી લીધું છે. ઉપર રૂમમાં લેસન કરે છે.

હિંમત : (ઘરમાં પ્રવેશતાં) બા....ઓ...બા...

સવિતા : બૂમો પાડ મા. જમવા માટે બધાં તારી રાહ જોઈ રહ્યા છીએ.

હિંમત : દુકાનનું કામકાજ શરૂ થઈ ગયું છે. મેં પાંચ હજાર એડવાન્સ પેટે રિપૅરિંગ - લાઈટ - નળિયાં લાવવા માટે રામુને આપ્યા છે.

સવિતા : રામુ કોણ છે?

અમૃત : પેલા સરપંચની સામે ડેલીમાં રહેતા હતા બાવાજી - મા'રાજનો રમાકાન્ત જે મારી સાથે બાલમંદિરમાં ભણતો રામુ.

સવિતા : હા...હા... યાદ આવ્યું રમુડો...

જમના : ચાલો, બધાં હાથ પગ ધોઈ જમવા પધારો થાળી પીરસી દીધી છે.

(બધા જમવા બેસે છે.)

અમૃત : બા, મારો વિચાર છે કે દુકાન પર તારું નામ રાખવું છે. (બે હાથે એક્શન કરતાં...)'સવિતા પ્રોવિઝન સ્ટોર'

હિંમત : હા બા સાચી વાત છે.

જમના : (હા, બા ટાપશી પુરાવતા)

મંજુ : બા, આપણા કુળદેવીનું નામ રાખ્યું હોય તો....?

સવિતા : બસ, બસ, બસ, બધાં રહેવા દો પહેલાં દુકાન ચાલુ તો થવા દો. શું નામ રાખવું તે હું તમને જણાવીશ.

મેહુલ : હા, બા સાચી વાત છે તમારી.

(હાથ પકડી મેહુલને બા પોતાની પાસે ખેંચીને વ્હાલ કરતાં.)

સવિતા : જો અમૃત, મેં તપાસ કરી તો મારી પાસે વધુ પૈસા નહીં નીકળે. પણ એફ.ડી જરૂર પડે તો બૅંકમાંથી તોડાવી લેજે.

હિંમત : ના, ના, બા. એવી જરૂર ઊભી નહીં થાય અમે ગમે તેમ કરીને ક્યાંક વ્યવસ્થા કરીશું.

અમૃત : બા, એક વાત કહું, તારા પૈસા જરૂર પડે તો ઉપયોગમાં લઈશું પણ આ દુકાન દાદાજીની છે તે પપ્પાના નામની કરાવી પછી તારા નામે બૅંકમાંથી 'લોન' લઈએ એવું વિચારું છું.

હિંમત : જો- બા, કહે તેમ કરો-મારી સહમતી છે પરંતુ...

અમૃત : શું પરંતુ? બૅંક લોનના હપતા નિયમિત ભરી શકશો? (હિંમતે પૂછ્યું)

સવિતા : હા, સાચી વાત છે બેટા, હિંમતથી ધંધો કાંઈ તરત જ નહીં ચાલે. તેમાં ખૂબ મહેનત કરવી પડે છે.

જમના : તો - તો પછી પપ્પા મુંબઈ શા માટે ગયા? તેમણે જ આ દુકાન નો કરી હોત?

સવિતા : તેમનો મિત્ર હતો. આ ગામના શેઠ-રમણીકલાલ, જે તેને મુંબઈ લઈ ગયેલો ફરવા. ત્યારે ગામમાં સ્થિતિ સારી હતી. આપણું કુટુંબ ખાધેપીધે સુખી હતું.

મંજુ : દાદાજી શું કરતા?

સવિતા : જમીનદાર હતા.

જમના : બા, તો તો ક્યાંક જમીન પડી હશે ને?

સવિતા : ના, નથી. તો પછી અમૃતના પપ્પા અને હું મુંબઈ શું કામે આવત-

હિંમત : બા, તો પછી આપણી જમીન ક્યાં ગઈ?

સવિતા : ગણોતધારો લાગુ પડ્યો તેમાં જમીન જતી રહી...?

અમૃત : મતલબ કે ૧૯૪૮માં વિનોબા ભાવેએ ગણોતધારો બહાર પાડ્યો હતો. સરકાર દ્વારા કે ખેડે તેની જમીન હા- હા, કદાચ તેમાં જતી રહી હશે?

સવિતા : હા-હા, જેને જમીન ખેડવા આપી હતી તેને જ સરકારે જમીન આપી. ગણોતધારો લાગુ પડ્યો હતો. એ વખતો થોડા ઘણા પૈસા પેલાએ આપ્યા હતા. તેમાં આ મકાન તારા દાદાજીએ ખરીદ્યું હતું - અને એક બે બારણાંવાળી દુકાન પણ તારા પપ્પા માટે લીધી હતી.

અમૃત : જે થવાનું હતું તે થઈ ગયું હવે - બા, હું દુકાને જાઉ છું જલદી - ધંધો શરૂ કરવો છે. હિંમત, તેં જમી લીધું હોય તો પછી બપોરે તું એ તરફ આવજે.

સવિતા : અમૃત, તું નાનો હતો ને ત્યારે આ ગામના કુંભાર રણછોડના ઘરે રમાડવા લઈ જતી અને ચાકડા ઉપર ઉતરતા માટીનાં કૂંડાં, વાસણો રમકડાં અને તાવડી વગેર જોઈને તું ખૂબ જ રાજી થઈ જતો.

અમૃત : (હા, હા, યાદ આવ્યું બા) તેનો એક દિકરો હતો નરોત્તમ, જે મારી સાથે બાલમંદિર કે પ્રાથમિક શાળામાં ભણતો તને યાદ છે? કદાચ ભૂલી ગઈ હોઈશ.

સવિતા : તું તોફાની હતો. તાજાં બનાવેલાં રમકડાં, વાસણોને પકડવા દોડી દોડીને જતો ત્યારે મને યાદ છે કે રણછોડ બાપા કહેતા કે સવિતાબેન આ કાચી માટીનો કુંભ છે? જરા સાચવજો !

અમૃત : નરોત્તમ ક્યાં છે? રણછોડબાપા પણ ગુજરી ગયા હશે. તેનું ઘરવાડો સાવ ખાલી ખાલી પડ્યાં છે? કેટલું બધું બદલાઈ ગયું છે.

સવિતા : હવે તમે બધાં તમારા કામે જાઓ. હું મારા રૂમમાં જાઉ છું અને હા, જમના અને મંજુ, તમે બંને વાસણ - કપડાં જે કાંઈ કામકાજ બાકી હોય તે પૂરું કરી દેજો. (હા, બા તમે નિરાંતે જાઓ) બંનેએ ટાપશી પુરાવી)

(અમૃત દુકાને જતાં...)

જમના : મંજુ લાવ, વાસણ હું ધોઈ નાખું છું. તું કપડાં ધોવા જા. પછી હું નવરી પડું તો તને મદદ કરાવવા માટે આવીશ.

મંજુ : ના ભાભી, હું સંભાળી લઈશ, એક વાત પૂછું ભાભી?

જમના : પૂછ ને? શું પૂછવું છે? બાજુવાળાં માસી કહેતાં હતાં કે તમારા દાદાજી હતાં ને ત્યારે જાહોજલાલી હતી - ખૂબ પૈસાવાળા ગણાતા હતા, ગામમાં નામ હતું તેમનું.

જમના : હવે મને પણ જાણવા મળ્યું હતું. પરંત મે કોઈ દિવસ બાને પૂછ્યું નથી.

મંજુ : મને તો કોઈ જાણ નથી. પરંતુ સાંભળ્યું એટલે પૂછ્યું.

જમના : પહેલાં હું પરણીને આવી ત્યારે મને બધા કહેતા હતા. નસીબદાર છો તમે. બહુ સારું ખાનદાન મળ્યું છે. ત્યારે પપ્પાનો પણ જમાનો હતો. પરંતુ કોઈ કારણસર દેવું થઈ ગયું હશે કે પૈસા કમાવા માટે મુંબઈમાં એકાઉન્ટ લખવા માટે કોઈ પેઢીમાં જોડાઈ ગયા, ગામ છોડ્યાને ઘણાં વરસો થયાં ત્યારે તો મેહુલનો જનમ પણ થયો નહોતો.

મંજુ : સમય ક્યારે બદલાઈ જાય છે. માણસને કોઈ જાણતું નથી. રાજા હોય તો રંક બની જાય છે અને રંક હોય તો રાજા બની જાય છે.

જમના : આપણે માટા શહેરમાં રહ્યા છીએ એટલે ગામમાં મજા નહીં આવે પરંતુ આપણા વડવાઓ ગામમાં જ રહેતા હતા. જોઈએ હવે - કાંઈક ગાડી પાટે ચડે બંને ભાઈઓની તો પછી ખબર પડે! અત્યારે તો અહીં નીરવ શાંતિ જ છે. ચાલ હવે કામકાજ કરીએ, મોડું થાય છે.

## (પ્રવેશ ચોથો)

(દસ પંદર દિવસ પછી)

અમૃત : બા, મંજુ - જમના ક્યાં ગયાં બધાં ?

સવિતા : શું થયું છે?

અમૃત : બા, દાદાજીવાળી બે બારણાંવાળી દુકાન તૈયાર થઈ ગઈ છે.

હિંમત : બા, તાલુકા મથકેથી બધો પ્રોવિઝન સ્ટોરનો સરસામાન આવી ગયો છે.

સવિતા : ત્યાં દુકાને કોણ છે?

અમૃત : પેલો રામુ અને રમેશ બધો સામાન ગોઠવે છે.

અમૃત : બા, હવે દુકાનનું બોર્ડ બનાવવાનું બાકી છે. તેં કહ્યું હતું કે દુકાન ચાલુ કરો ત્યારે કહેજો-

સવિતા : સાચું કહું - બેટા, આ દુકાન તારે જ ચલાવવાની છે. મહેનત પણ તારે જ કરવાની છે. તારા પપ્પાની પણ ઈચ્છા હતી કે મારો દીકરો વેપારી બને. તો પછી મારી ઈચ્છા છે કે આવતા અઠવાડિયે તારો જન્મ દિવસ આવે છે અને આ દુકાનનું નામ અમૃત પ્રોવિઝન સ્ટોર રાખી દે.

જમના : ના, ના, બા તમારી યાદી રહેશે.

હિંમત : હા, બા તમારું નામ રાખીએ. (મંજુએ પણ હા કહી સહકાર આપ્યો.)

સવિતા : બેટા, હું 'કાચી માટીનો કુંભ' છું. ક્યારે શું થાય તે નક્કી નથી. મારી તબિયત હવે ધીરે ધીરે સાજી-માંદી થતી જાય છે. મારી ઈચ્છા છે કે તમે બંને ભાઈ, વહુઓ સાથે રહીને શાંતિથી જીવો, સુખી રહો, જીવનમાં આગળ વધો. (આંખમાં ઝળઝળિયાં...)

મંજુ : બા, તમે છો તો અમારા ઉપર વડીલોના, તમારા આશીર્વાદ રહેલા છે.

જમના : તમારી શક્તિથી અમને હિંમત-જુસ્સો મળે છે. પપ્પા વગર ઘર ખાલી લાગે છે. પરંતુ-એકબીજાના સહારે જિંદગીનું ગાડું ચાલ્યા કરે છે.

હિંમત : બા, તમારે દુકાનનું ઉદ્‌ઘાટન કરવા આવવાનું છે. ગામમાં બોર્ડ લગાવી દીધાં છે.

અમૃત : બા, તમે આવશો ને?

સવિતા : 'અમૃત પ્રોવિઝન સ્ટોર' નામનું બોર્ડ બનાવજે તો જ હું આવીશ!

હિંમત : બા, તમે તો બધાંને ધમકી આપો છો!

મંજુ : જેવી બાની ઈચ્છા.

જમના : મારી ઈચ્છા હતી કે મારા મેહુલનું નામ લખાય!

સવિતા : બીજી દુકાન બનાવે ત્યારે મેહુલનું નામ લખજે.

હિંમત : બા, આવતા અઠવાડિયે મોટાભાઈના જન્મદિવસે દુકાનનું ઓપનિંગ કરીએ. શું કહેવું છે?

અમૃત : બા, મારા જન્મદિવસે દુકાનનું ઉદ્ઘાટન તારા હસ્તે નક્કી. જમના - મંજુ - મેહુલ, સૌ તૈયાર રહેજો.

સવિતા : ગામમાં કાર્ડ-આમંત્રણ પત્રિકા વહેંચી છે?

હિંમત : હા, બધાંને ખબર પડી ગઈ છે ગામમાં.

અમૃત : બધી તૈયારી પૂરજોશમાં ચાલુ છે. ઓકે.

હિંમત : બા, મંડપવાળાને કીધું છે નાનો મંડપ દુકાને નાખી

જશે. ગોર મહારાજ - નદી કાંઠેના પૂજારીને પણ કહ્યું છે.

સવિતા : સારું. ઈશ્વર સૌનું ભલું કરશે. સૌ સારાવાના થશે!

હિંમત : બા, સવારે દુકાને ભાઈ બેસશે. બપોર પછી હું સંભાળી લઈશ, આજુબાજુનાં ગામના લોકોનો સંપર્ક કરી વેચાણ કરીશું.

રામુ : અમૃતભાઈ બધી તૈયારી થઈ ગઈ છે. કાલે સવારે દુકાન શરૂ કરી દઈએ - બરોબર છે ને?

અમૃત : ભલે કાલે સવારે મળીએ. બોર્ડ લાગી ગયું છે. (અમૃત પ્રોવિઝન સ્ટોર)

હિંમત : બધી તૈયારી જોઈ-ઘરમાં સવારે દુકાને આવવાની સૂચના આપી.

સવિતા : અમૃત જમના પૂજામાં બેસે છે. હિંમત અને મંજુ કથામાં બેસે છે બરોબર છે?

અમૃત : તમે કહો તે બા, બધું જ રેડી છે. સવારે બધાં પહોંચી જઈશું-

(અમૃત પ્રોવિઝન સ્ટોર)

(બહાર નાનો મંડપ શણગાર્યો છે. રમેશ - રામુ- હિંમત - ગોર મહારાજ હાજર છે. દુકાનનું મંત્રોચ્ચાર સાથે શુભ ઉદ્‌ઘાટન - સવિતાબેનના કર-કમલો દ્વારા કરવામાં આવ્યું આમંત્રિતોને નાસ્તો ચા-પાણી વગેરે તૈયારી. ઘરના સૌ પરિવારજનો દુકાનમાં બેઠા છે.)

(અચાનક રોડ ઉપર અવાજ આવે છે. રામ બોલો ભાઈ રામ, રામ બોલો ભાઈ રામ... કોઈ ગુજરી ગયું લાગે છે?) નનામી લઈ દસ-બાર માણસો નીકળે છે.

(અમૃત, હિંમત, સવિતા, જમના, મંજુ આમંત્રિતો મહેમાન થોડી વાર માટે સ્તબ્ધ થઈ જાય છે.) ગોર મહારાજ થોડી વાર થોભી, પૂજન, વિધિ કરાવે છે. દુકાન શરૂ!

રમેશે કહ્યું આ રોડ સ્મશાન તરફ જાય છે. તેથી મહિને દાડે એકાદ બે અર્થી તો નીકળે જ છે. (ચિંતા કરવા જેવું નથી.)

સવિતા : અમૃત, ધંધામાં ધ્યાન રાખજે.

હિંમત : બા, ચિંતા કરો મા, સૌ સારું થશે.

જમના : આપણી દુકાનના ઉદ્ઘાટનના દિવસે જ કોઈ ગુજરી ગયું?

મંજુ : આ તો અપશુકન કહેવાય. મારી બા કહેતાં હતાં કે ધંધામાં શુકન હોય તો લાભ થાય.

જમના : તો શું આ ધંધામાં આપણને નુકસાન થશે?

સવિતા : ખોટી ચિંતા કરો ના શાંતિથી સૂઈ જાઓ. જે થવાનું હશે તે થશે.

અમૃત : (દુકાને બેઠો હોય છે. ધીરે ધીરે દુકાન ચાલે છે. આજુબાજુના લોકો નાની-મોટી ખરીદી કરવા આવે છે.)

(એકાદ મહિનો રહીને...)

(સવારમાં જ દુકાન શરૂ કરી દીવો-અગરબત્તી કરતાં જ અમૃતના કાને અવાજ પડ્યો)

રામ બોલો ભાઈ રામ- રામ બોલો ભાઈ રામ નનામી ચાલી આવે છે. દસ બાર ડાઘુઓ સાથે છે.

હિંમત : (હાથ જોડી ઈશ્વરને પ્રાર્થના કરતાં)
અમૃત ને સંબોધતા...ભાઈ રોડ ઉપર આ તકલીફ રહેવાની. કારણ કે મહિને દાડે કોઈ (ગામમાં ગુજરી જતું હોય છે. મારું મગજ અપસેટ થઈ જાય છે.)
સવાર-સવારમાં કોઈનું દુઃખ જોઈ દિવસ આખો મન કામમાં લાગતું નથી. મારું મન વ્યાકુળ થઈ જાય છે. કામકાજ કરવાનું જરાય મન થતું નથી...!

અમૃત : જો ભાઈ હવે આટલું રોકાણ કરીને ધંધો બીજે ક્યાંય બદલી શકાય નહીં. પહેલેથી ખબર હતી તો ધંધો ચાલુ નો કરત, પરંતુ બાની ઈચ્છા હતી અને દાદાજીએ દુકાન લીધી હતી. અને આપણી પાસે અત્યારે બીજો કોઈ વિકલ્પ ન હતો, આત્મનિર્ભર બનવા સિવાય!

હિંમત : ઠીક છે. આજુબાજુની ઝૂંપડપટ્ટી, હરિજન વાસ તેમજ દૈનિક મજૂરી કામ કરતા લોકો નાનું-મોટું કરિયાણું લેવા આવે છે. બીડી, બાકસ, તેલ, ખાંડ, ચા, જીવન જરૂરિયાતની દૈનિક વસ્તુઓ લઈ જાય છે. હું બાને ઘરે બધી વાત કરી જાણ કરીશ જેથી તે ચિંતા કરે નહીં.

અમૃત : ઠીક છે, હું અને રમેશ તથા રામુ- ધીરે ધીરે આ દુકાન ઉપર, ધ્યાન કેન્દ્રિત કરીએ. તું બહારના ઓર્ડર લેવાનું વિચારજે...!

અમૃત : સવારે દુકાન ખોલી સાફ સફાઈ કરતો હોય છે.

હિંમત : (અગરબત્તી-દીવો કરી પૂજા કરવાની તૈયારીમાં)

ગ્રાહક : ભાઈ, તમારી દુકાને કફન મળશે?

હિંમત : મગજ છટકાવતાં... તને કાંઈ નહીં ને અમારી જ દુકાન મળી? અને તે પણ સવાર સવારમાં હજુ બોણી નથી થઈ!
ગ્રાહક બાજુના ગામમાં મારા ચાચા જન્નતનશીન થયા છે. મને એમ કે કદાચ મળી જશે તેથી પૂછ્યું.

અમૃત : ભાઈ હિંમત, ગ્રાહક છે તે આપણો ભગવાન કહેવાય. તેની સાથે આવું વર્તન નો કરાય! તેને શું ખબર હોય તે આ કરિયાણાવાળાની દુકાન છે? ઈ તો ગમે તે માગે. આપણી પાસે હોય તો 'હા' કહેવાની નહિતર 'ના' કહેવાની...

(હિંમત ગરમ થતાં... મિજાજ ગુમાવતા) હું ઘરે જાઉ છું.

અમૃત : ઠીક છે. બપોરે આવજે...

હિંમત : આ તો કાંઈ ધંધો છે? આના કરતાં બીજી કોઈ દુકાન કરી હોત તો ? (સવાર સવારમાં મૂડ ખરાબ થઈ જાય છે. (જતાં... જતાં...)

અમૃત : રામુ પેલી બાઈને શું જોઈએ છે પૂછતો?

ગ્રાહક : મને અગરબત્તી અને બાકસ જોઈએ છે

રામુ : અમૃતભાઈ બાકસ છે અગરબત્તી ખલાસ થઈ ગઈ છે. માલ ઓછો આવ્યો છે.

અમૃત : જે હોય તે હાજરમાં આપી દે, બાકી કાલે મળી જશે એવી હૈયાધારણ આપ. અરે, રામુ-રમેશ કેમ નથી આવતો...?

રામુ : તે બીમાર છે. તેને રાત્રે બિહામણાં સપનાં આવે છે. કારણ કે કોઈ ને કોઈની મૃત્યુની નનામી જુએ એટલે છાતીના ધબકારા વધી જાય છે. તે ખૂબ ઢીલો છે. એટલે નથી આવતો.

(એકાદ વર્ષ પછી)

(સાંજે ઘરે પરત ફરતાં)

સવિતા : બેટા અમૃત, તારી દુકાન કેમ ચાલે છે? આશરે એકાદ વર્ષ થવા આવશે તારી દુકાન ચાલુ કર્યાને) સારું છે ને?

અમૃત : હા બા, સમય જતાં ક્યાં વાર લાગે છે. હિંમત - હમણાં દુકાને નથી આવતો. તેને ત્યાં કામ કરવાની ઈચ્છા નથી?

સવિતા : તે બીજા કામની શોધમાં છે. મુંબઈ મૂક્યું ત્યારથી તેને ગામમાં જરાય ગમતું નથી? કંટાળી ગયો છે.

લાઈટના ધાંધિયા, પાણી ન હોય...

ક્યારેક તો પૈસા ન હોય તેમજ પૈસાની ખેંચને કારણે અને તેના સસરા ગુજરી જવાથી મંજુ ત્યાં માવતરે રોકાણી છે. બીમારીમાં ક્યારે શું થાય તે નક્કી નથી. તેમજ તારી દુકાનના રોડ ઉપર સ્મશાન હોઈ રાત્રે સપનામાં કાંઈ દેખાય કે ઊંઘ નથી આવતી એવું રટ્યા કરે છે. મનમાં અજંપો હોય એવું કહ્યા કરે છે. વ્યથિત છે.

## (પ્રવેશ પાંચમો)

સવિતા : બેટા - અમૃત, તારો દીકરો મામાને ઘરે ભણવા ગયો છે. અને હિંમતને તેના સસરા ગુજરી જવાથી તેના સાળાએ કહ્યું છે કે ધંધામાં જોડાઈ જાઓ. મારી ઈચ્છા એવી છે કે તું અને જમના આ મકાનમાં રહો હું હિમત સાથે રહીશ.

જમના : ના... ના.... બા... હું એકલી થઈ જઈશ.

સવિતા : તમે ઈચ્છા થાય ત્યારે ત્યાં આવજો. હિંમતને પણ તેની કારકિર્દી માટે કાંઈક વિચારવું પડશે ને આ દુકાનમાં ખાસ તો એક પરિવારનું ભરણ-પોષણ થઈ શકે. સંયુક્ત પરિવારમાં ખેંચ પડી શકે છે !

અમૃત : બા, આપણે બે રોટલી ઓછી ખાઈશું. તમે છો તો મને શક્તિ મળે છે. સથવારો મળે છે. પપ્પાની ગેરહાજરીમાં તમારી હાજરી હોય તો જમનાને સારું લાગે છે.

જમના : હા, બા, તમે અહીં જ રહો.

હિંમત : શું વાત કરો છો. (ઘરમાં પ્રવેશતાં...)

સવિતા : તારી જ વાત ચાલે છે. તારા સાસુની તબિયત કેમ છે? મંજુની તબિયત? ઘરે બધાં મઝામાં હશે. તારી વાત મેં અમૃતને કરી છે.

અમૃત : બા, અમારે જુદા નથી થવું. ભેગા રહેવું છે!

સવિતા : બેટા, ધંધો જુદો સારો. કારણ કે કાલ મંજુને ઘરે પારણું બંધાશે, તારો મેહુલ મોટો થઈ ગયો છે. મારી ઈચ્છા છે કે તું અને જમના, આ મકાનમાં રહો હું હિંમત સાથે શહેરમાં રહીશ.

અમૃત : ઠીક છે બા, જેવી તારી ઈચ્છા.

હિંમત : ભાઈ, ચિંતા નો કરીશ. હું બાને કાંઈ નહીં થવા દઉ. તું ને ભાભી અહીં સાચવી - સુખેથી રહેજો. કામ હોય તો હું આવી જઈશ...

(સવિતા, જમના અને હિંમત) ઘરમાંથી બસ-સ્ટેશન તરફ સામાન સાથે જવા નીકળતાં...

જમના : બા, આશીર્વાદ આપો. સાચવીને રહેશો તમારા વગર મને આ ઘર ખાલી ખાલી લાગશે. મેહુલ પણ બહાર છે.

સવિતા : બેટા, ચિંતા ના કરીશ. સૌનું ભલું થશે અને અમૃતને સાચવજે. ખૂબ મહેનતુ છે. અમૃત જરૂર પડે તો મને ફોન કરજો મૂંઝાશો નહીં. (આંખમાં ઝળઝળિયાં સાથે)

(બીજા દિવસની સવાર)

જમના : ઊઠો, તમારે દુકાન નથી જવાનું?

અમૃત : (હા હા વિચારોમાં ખોવાઈ ગયો હતો. જલદી તૈયાર થતાં...)

જમના : લો, ચા-નાસ્તો કરી દુકાને જાવ. બપોરે સમયસર આવી જજો. આપણે સાથે જમીશું.

અમૃત : (ફટાફટ તૈયાર થઈ દુકાને નીકળતાં...)

અમૃત : (દુકાન ખોલતાં જ)

ગ્રાહક : તમારી પાસે નનામીનો સામાન છે? એક મરણ થયું છે!

અમૃત : (બે હાથ જોડીને ના ના...)

રામુ : (શેઠ ચા લઈ આવું.)

અમૃત : હા, ઠીક છે પણ ધંધામાં ધ્યાન રાખ. ગ્રાહક પાછો તો ના જ જવો જોઈએ. (રામુ ચા લઈ આવતાં...)

અમૃત : શું જુએ છે રામુ આ ભરબજારમાં શું છે? ગલીમાં જોતા...
રામ બોલો ભાઈ રામ
રામ બોલો ભાઈ રામ નનામી નીકળી હતી. માથે લાલ કપડું હતું. ડાઘુ સ્મશાને લઈ જતા હતા.

અમૃત : હે ભગવાન. ચા ભરીને રાખી દે. સવાર સવારમાં... ચા નથી પીવી.

રામુ : આ પેલી બાઈ છે જે બે દિવસ પહેલાં આપણી દુકાને અગરબત્તી લેવા આવી હતી.

અમૃત : હેં, શું વાત કરે છે ?

રામુ : મને ચા લેવા ગયો ત્યારે ખબર પડી કે કોઈ ગુજરી ગયું છે.

અમૃત : શું થયું હતું તેને?

રામુ : ડિલિવરીમાં ગુજરી ગઈ. દવાખાને સમયસર ઈલાજ કરાવવા નો પહોંચી શકી.

અમૃત : બાપ....રે, નાની ઉંમર હતી, હે ભગવાન... (ઘરે આવીને અમૃતે આ વાત જમનાને કરી)

જમના : તમે રોજ આવી વાતો કરો છો મને પણ રાત્રે ઊંઘ નથી આવતી.

અમૃત : દુકાન તો ચાલે છે, પણ મજા નથી આવતી... જાઉ તો ક્યાં જાઉ...! જમના તારી વાત તો સાચી છે...!
(બપોરે જમીને દુકાને જતા.)

અમૃત : (દુકાનમાં આવેલા માલનું લિસ્ટ જોતાં...)
અલ્લાહ ઓ અકબર અલ્લાહ ઓ અકબર (રામુએ કહ્યું) કોઈ જન્નતનશીન થયું છે. જનાજો નીકળ્યો છે.

અમૃત : કોણ છે ગુજરી જનાર પેલા, ઈબ્રાહીમ ચાચા, જે બે દિવસ પહેલા આ દુકાને મારી પાસેથી તમાકુ - પાનની સોપારી લઈ ગયેલા...!

અમૃત : બે ઘડી અવાચક... (આજે ગામમાં બે જણનાં મરણ થયાં)

રામુ : ભગવાનને પણ કાંઈ કામધંધો નથી લાગતો. લોકોને મારવા સિવાય....

અમૃત : આ ઈબ્રાહીમ ચાચાએ મારી સાથે વાત કરી હતી કે આ દેહનો શો ભરોસો.. એ તો બેટા કાચી માટીનો કુંભ કહેવાય . કુંભારનું કામ કરતા.
(સાંજે ઘરે જમનાને વાત કરતા)

જમના : વાત તો સાચી છે.
આપણાં બા પણ કહેતાં હતાં... પરંતુ તમને આજે શું થયું છે ? અમૃતનો હાથ પકડતાં તાવ આવ્યો છે એવું લાગે છે.

અમૃત : જમના, મારા હૃદયના ધબકારા વધી ગયા છે. શરીર તૂટે છે. ખાવાની ઈચ્છા નથી. તું જમી લે.

જમના : હું ડૉક્ટરને બોલાવું છું, ના...ના... હું જાતે જ દવાખાને જઈ આવીશ સવારે...
(સવારનો સમય)

અમૃત : (દવાખાનેથી ઘરે પરત ફરતાં...)

જમના : શુ કહ્યું ડૉક્ટરે ? મને જણાવો.

અમૃત : મેં ડૉક્ટરને બધી વાત જણાવી. તેણે મને કહ્યું કે જેમ કોઈની જન્મતિથિ હોય ને તેમ કોઈની મરણતિથિ પણ હોય... તમને રાત્રે એટેક આવતા આવતા રહી ગયો છે. હવે કોઈ ખોટા વિચારો કે ચિંતા કરો મા. ઘરે આરામ કરો... રાત્રે તમને પૂરતી ઊંઘ પણ આવતી નથી) તેથી દવા લેજો નહિતર તમે પણ એટેકનો ભોગ બનશો.

જમના : દુકાને જવાનું બંધ !
પેલા રામુને ચાવી દઈ દેજો. ઘરે આરામ કરો આખો દિવસ પૈસા પૈસા, દુકાનની ચિંતા કરો છો. કોના માટે?

અમૃત : જમના તારા અને મેહુલ માટે... બા માટે...

જમના : મારું માનો હવે દુકાન બંધ કરી શહેરમાં ચલો, ત્યાં ધંધો કરીશું. આપણા પૂરતું મળી રહે એટલે ઘણું. શું કરવા છે. પૈસા પૈસા પૈસાને ?

અમૃત : ફોન...કોણ છે ?

હિંમત...બોલ હિંમત...
ભાઈ તારી તબિયત સારી છે ને ? મને ગામના લોકોએ કહ્યું અમૃતભાઈ બીમાર છે. તું ચિંતા નો કર તો સારું છે. બા પણ ચિંતા કરે છે. તેની તબિયત પણ નરમગરમ છે. વચ્ચે દવાખાને લઈ ગયો હતો...
(બપોર પછીનો સમય)

જમના : અમૃતનો ફોન ઉપાડતાં... હલ્લો કોણ હિંમત....? હું મંજુ બોલું છું. અમૃતભાઈની તબિયત સારી છે ને? મંજુ તારી તબિયત કેમ છે ? ઠીક છે બધાં સાચવજો. અનુકૂળતાએ આવી જઈશું.

અમૃત : જમના, આજે મને સારું છે. હું દુકાન જાઉ છું.

જમના : આરામ કરો. નથી જાવું.

અમૃત : (દુકાને સવારે પહોંચતાં...)

રામુ : (મારી ગેરહાજરીમાં દુકાન બરોબર ચલાવી...) હા શેઠજી કાંઈ નવીન નથી. તમારી તબિયત કેમ છે?

અમૃત : સારું છે. થાક લાગે છે.

રામુ : કાંઈ માલ વધઘટ હોય ને લાવવો હોય તો મને કહેજે. રામ બોલો ભાઈ રામ રામ બોલો ભાઈ... ફરી ડાઘુઓ સાથે એક નનામી નીકળી ગામના ઘણા લોકો જોડાયા હતા...

અમૃત : હે ભગવાન... શું થયું છે આ ગામને !

ગ્રાહક : અગરબત્તી - બાક્સ લેવા આવતા શું- કોણ ગુજરી ગયું છે ? (રામુએ પૂછ્યું)

ગ્રાહક : પેલા રણછોડ કુંભારના દીકરાનો દીકરો અઢાર વરહનો હતો. બાઈક ઉપરથી સ્લિપ થઈ જતા બ્રેન હેમરેજ થઈ ગયું. તાલુકેથી વાહન આવ્યું છે. ઓહ ! ડૉક્ટર ના બચાવી શક્યા...
(રણછોડ કુંભારનું નામ સાંભળતાં જ અમૃત સફાળો ઊભો થઈ ગયો) હેં પેલા નરોત્તમ કુંભારનો દિકરો...?

ગ્રાહક : હા કદાચ એ જ છે.

અમૃત : (ધોળે દિવસે અંધારાં દેખાવા લાગ્યાં) તેનો બાળપણનો મિત્ર નરોત્તમ, તેનો યુવાન પુત્ર જે મેહુલ જેવડો જ હશે! ફટાફટ સ્મશાનયાત્રામાં સામેલ થવા દુકાનેથી નીચે ઊતર્યો.... રામુ, તું સંભાળજે હું આવું છું. તેનું શરીર ધ્રુજારી અનુભવી ગયું.

રામુ : હા, શેઠજી પણ તમે...

અમૃત : સ્મશાનમાં નરોત્તમને મળતાં બંને મિત્રો ભેટી રડી પડે છે... એક બાજુ ચિતા સળગી રહી છે. મને તારા બાપાના શબ્દો યાદ આવે છે. આ કાચી માટીનો કુંભ છે. ક્યારેય ભરોસો કરવો નહીં... મારી બા પણ આ જ શબ્દો કહેતાં.. (ઘરે આવી જમનાને વાત કરી) તે રડતી હતી.

જમના : હું તમને ક્યારની ફોન કરતી હતી...

અમૃત : તું શા માટે રડે છે, ગાંડી મને કહે તો ખરી...

જમના : હિંમતભાઈ તમને ક્યારના ફોન કરે છે. તમારો ફોન બંધ આવે છે.

અમૃત : શું કામ હતું....?

જમના : બા...બા....ને હાર્ટ-એટેક આવ્યો છે. બા આ દુનિયામાં નથી રહ્યા...

અમૃત : એકદમ ઢીલોઢસ રડતાં રડતાં ઊભો થઈ જમનાને વાગોળતા તેં મને અત્યારે જાણ કરી ચાલ તૈયાર થઈ જા... હું ટેક્સી કરી આવું છું સરપંચની ગાડી છે, આપણે હિંમતના ઘરે જાઈએ... સતત બાના આ વિચારોમાં... રોતાં રોતાં... બાના રૂમનો દરવાજો બંધ કરવા જતા અવાજ સંભળાય છે. એવા ભણકારા. અમૃત બેટા, આ શરીર છે ને કાચી માટીનો કુંભ છે..
દેહનો ક્યારેય ભરોસો કરવો નહીં. અચાનક છાતીમાં દુખાવો થયો હોવાનો અહેસાસ...
જમના દોડતી પાણીનો ગ્લાસ લઈ આવી અમૃતને આપતાં...
તમે ઠીક છો ને...?
પાણી પી લો. (સ્વસ્થ થતા) જમનાનો હાથ પકડી ઊભા થતા... જો જમના, બા - કહેતાં હતાં ને કે આ શરીર કાચી માટીનો કુંભ છે... તેનો શું ભરોસો...? ચોધાર આંસુએ રડી પડે છે. મૂકી જતાં રહ્યાં. બા... બા... જમનાને ભેટી પડે છે..
(રડતાં... રડતાં...)
પડદો પડે છે.

*પ્લોટ નં. ૧૩૨/૪, વોર્ડ ૪-એ,*
*આદિપુર (કચ્છ)*
*મો. ૯૯૨૪૭૭૨૩૪૮*

# સત્ય એક અને એકનું જ નહીં !

- રવીન્દ્ર પારેખ

**પાત્રો : રશ્મિ, નિખિલ, મમ્મી**

(પડદો ઊપડે ત્યારે અંધકાર. સ્વિચથી થઈ હોય તેમ જમણી બાજુએ લાઇટ ઝબકે. બેડ પર ઓઢીને બે જણ સૂતાં હોય તેમ રશ્મિ ઓઢવાનું ખસેડીને ઊંઘરેટી ઊઠે. ઊંઘ બગડી હોય તેમ માથું કાઢીને નિખિલ જુએ અને પડખું ફરીને ફરી ઊંઘવા મથે. રશ્મિ જરા વાર ઊભી ઊભી જ ઊંઘે. બગાસું ખાય)

નિખિલ : અરે, યાર ! લાઇટ બંધ કરને ! ઊંઘતી નથી અને ઊંઘવાય દેતી નથી.

રશ્મિ : મને પણ જાગવાનો શોખ નથી, સમજ્યો !

નિખિલ : અત્યારે શું વેપલો કરવા ઊઠી !

રશ્મિ : વૉશરૂમ જવું છે, જાઉ?

નિખિલ : તારે બદલે હું થોડો જ જવાનો હતો? જા ને !

રશ્મિ : આભાર, પતિદેવ !

નિખિલ : વૉશરૂમ જવાનું તેમાં લાઇટ કરવાની શી જરૂર? વૉશરૂમ જોયો નથી?
(રશ્મિ પાસે પડેલું ઓશીકું નિખિલને મારે. એ હડબડીને બેઠો થઈ જાય)

નિખિલ : વૉશરૂમ જતાં પહેલાં હસબંડને ફટકારવો એવું ક્યાંય લખેલું છે?

રશ્મિ : તારી સાથે જીભાજોડી કોણ કરે? (વૉશરૂમમાં જાય. નિખિલ વળી લંબાવે. ઓશીકું આંખો પર મૂકે. એકાએક મોબાઇલ રણકે. ઓશીકું ખસેડે)

નિખિલ : હેલો ! (ફરી) હેલો ! (જરા વાર સાંભળી રહે) નૉનસેન્સ ! રાતના એક વાગે ક્રેડિટ-કાર્ડ માટે ફોન કરો છો? (ફોન ખીજવાઈને બાજુમાં મૂકે. રશ્મિ બહાર આવે. બેડ તરફ આવતાં તેની નજર સાઇડ પરના અરીસા પર પડે. અરીસાનો પાછલો ભાગ પ્રેક્ષકો તરફ હોય. નજર ખસે ને એટલી જ ઝડપથી ફરી ડોક લંબાવી અરીસામાં જુએ ને ચીસ પાડે. નિખિલ સફાળો બેઠો થઈ જાય. રશ્મિ ધ્રૂજતી દેખાય) સૂઈ જા ને, રશ્મિ ! સવાર સુધી ત્યાં જ ઊભી રહેવાની છે? (રશ્મિ રડે) શું થયું? કેમ રડે છે? (રશ્મિ બેડ તરફ આવે. આંખો લૂછતી)

રશ્મિ : સૂવું નથી? સવારે મોડો પડશે તો ટ્રેન ચૂકી જશે.

નિખિલ : રડી કેમ?

રશ્મિ : કૈં નથી? (સંતાડતી હોય તેમ ખોટું હસતાં) કૈં થયું નથી.

નિખિલ : તો રડી કેમ?

રશ્મિ : હસી પણ ખરી ને !

નિખિલ : તો હસી કેમ, તે કહે.

રશ્મિ : હસાય પણ નહીં?

નિખિલ : મતલબ કે તું નથી કહેવાની, ખરું?

રશ્મિ : સવારે વાત. લોકલ ચૂકીશ તો... તું જ ખીજવાશે.

નિખિલ : હું જઈશ ત્યારે તું ઊંઘતી હશે, એટલે હમણાં જ કહે.

રશ્મિ : વાત એમ છે કે-
(અંધકાર. પ્રકાશ થાય ત્યારે સવાર. પંખીનો અવાજ. રશ્મિ બ્રશ કરતી અરીસા સામે જાય. અરીસામાં જોતાં એકાએક થંભી જાય. અરીસાને ખોતરતી હોય તેમ હાથ ફેરવે. ઉતાવળે બ્રશ કરતી રડે. મોઢું ધોઈને ડાબી બાજુમાં કિચન તરફ જાય. આંખો લૂછતી રહે. સ્વગત) કેમ આવું થાય છે? રાતના તો હતું કે બરાબર જોવાયું નહીં હોય, પણ અત્યારે, અત્યારે તો- (રડી પડે) આખી રાત એ જ વિચારતી રહી કે આવું તો થાય જ કેવી રીતે? (એકાએક ચપટી વગાડે) આઇડિયા ! ડ્રેસિંગટેબલ પાસે જાઉ તો ફેર પડે કદાચ. (વિચારે) પણ ન પડે તો? તો... ત્યાં ઊભાં જ કેમ રહેવાય? ના, ના, ત્યાં નહીં- (રિમોટથી ટીવી ચાલુ કરે. 'અથશ્રી મહાભારત કથા....' સંભળાય. મોબાઇલની રિંગ વાગે. ડોરબેલ રણકે. રશ્મિ બારણું ખોલે) આવ, મમ્મી, આમ સવાર સવારમાં?

મમ્મી : શાકભાજી લેવા નીકળી હતી, તો થયું કે તને

મળતી જાઉ.
રશ્મિ : આવી તો સારું થયું. ચા પીશે?
મમ્મી : ના, હું તો તારું શાક પણ લેતી આવી છું. લે, ફ્રીઝમાં મૂકી દે ! (રશ્મિ બેગ ફ્રીઝમાં મૂકતાં)
રશ્મિ : મારે ચા પીવાની બાકી જ છે. બેસ ! (ગેસ પર તપેલી મૂકે) પપ્પાની તબિયત કેમ છે?
મમ્મી : સારું છે. નિખિલ ગયો?
રશ્મિ : એ તો હું ઊઠી ત્યારે જ નીકળી ગયેલો.
મમ્મી : મહાભારત ચાલે છે?
રશ્મિ : થોભ, ટીવી જ બંધ કરું. (રિમોટથી બંધ કરે. અવાજ આવતો બંધ થાય. ડાબી બાજુમાં રસોડા તરફ જાય. કપમાં ચા રેડે)
મમ્મી : ગુરુ દ્રોણ રાજકુમારોની પરીક્ષા લે એ કદાચ આજે બતાવે પણ ખરા.
રશ્મિ : હા, આજકાલમાં બતાવશે.
મમ્મી : તું નથી જોતી?
રશ્મિ : નજર પડે તો જોઈ લઉ.
મમ્મી : હું તો જોઉ. મને ગમે છે. હું તો સોશિયલ મીડિયામાં પણ ઍક્ટિવ...
રશ્મિ : તુંય ખરી છે. સોશિયલ મીડિયાના ચક્કરમાં તું ક્યાં પડી?
મમ્મી : (હરખાતાં) અલી, એટલી લાઇક્સ મળે કે-
રશ્મિ : હવે અભણ જ અંગૂઠા નથી મારતા, ભણેલા પણ અંગૂઠાછાપ જ છે. ઠેર ઠેર અંગૂઠા મારતા રહે છે. (બંને ચા પીતાં)
મમ્મી : મજા આવે.
રશ્મિ : સારું, તુંય માર અંગૂઠા, બીજું શું?
મમ્મી : નિખિલ જાય ત્યારે એની ચા તું નથી મૂકતી?
રશ્મિ : એ તો જાય ત્યારે મારી પણ મૂકતો જાય. આજે મોડી ઊઠી તે ન પીધી.
મમ્મી : આળસુની પીર છે. કમ સે કમ એની ચા તો મૂકવી જોઈએ ને તારે !
રશ્મિ : આળસુ નથી, પણ મોડી ઊઠું તો એની ચા ક્યાં મૂકું? આ તો તું આવી તો તારી પણ મૂકી. ઘણી વાર તો હું ચા જ નથી પીતી. એટલો કંટાળો આવે કે-
મમ્મી : આ સારું નથી. નિખિલને તો તારે ચા બનાવી જ આપવી જોઈએ.
રશ્મિ : છોડ ને ! એક કામ કર. જમીને જા.
મમ્મી : જમીને? તું બનાવે તો લંચ ડિનરને ટાઇમે મળે. (બંને હસે)
રશ્મિ : નહીં વાર લાગે, મમ્મી !
મમ્મી : ખાવાનું તારે જે કરવું હોય તે કર. હું તો જાઉ છું.
રશ્મિ : ના, જમતી. પણ બેસ તો ખરી.
મમ્મી : ના, ઘરે કહ્યા વગર આવી છું. તારા પપ્પા નહીં જુએ તો ઘર માથે લેશે. (બેગ ઉપાડતાં) આવજે.
રશ્મિ : ઓકે. મમ્મી એક વાત પૂછું?
મમ્મી : બોલ !
રશ્મિ : તું ચાંદલો અરીસામાં જોઈને કરે છે કે એમ જ, અંદાજે?
મમ્મી : અરીસામાં જોઈને, કેમ?
રશ્મિ : અરે ! અમસ્તું જ પૂછું છું. હું પણ અરીસામાં જોઈને જ કરું છું, પણ હવે અંદાજે-(ખોટું હસે)
મમ્મી : કૈં થયું છે?
રશ્મિ : કૈં નથી થયું.
મમ્મી : સાચું કહે છે?
રશ્મિ : હા. કૈં નથી.
મમ્મી : સાંજે, જમવા આવવાનું છે તે યાદ છે ને ?
રશ્મિ : નિખિલને કહી જોઈશ. બીજો કોઈ પ્રોગ્રામ નહીં હોય તો આવીશું.
મમ્મી : ચાલ, આવજે.
રશ્મિ : આવજે. (મમ્મી જાય. કિચનમાં અંધકાર. પ્રકાશ આયોજન બદલાય. સમય પસાર થતો હોય તેવું સંગીત. બેડરૂમમાં લાઇટ. ડોરબેલ વાગે. રશ્મિ બારણું ખોલે. નિખિલ પ્રવેશે)
નિખિલ : શું કરે છે?
રશ્મિ : ભાતનું આંધણ મૂકું છું.
નિખિલ : ના મૂકતી.
રશ્મિ : બપોરે પણ કૈં નથી બનાવ્યું.
નિખિલ : અત્યારે પણ ન બનાવ.
રશ્મિ : કેમ?
નિખિલ : મારાં પરમ પૂજ્ય સાસુજીનો આદેશ છે કે એમની એકની એક દીકરીને લઈને મારે એમને

ત્યાં જવું ને હોજરી ત્યાં જ ભરવી.

રશ્મિ : મમ્મીનો ફોન આવેલો?

નિખિલ : હા. તું જલદી તૈયાર થઈ જા.

રશ્મિ : આજે તો હું નાહી પણ નથી.

નિખિલ : નવડાવવા માટે હું છું, પછી તું શું કામ નહાય?

રશ્મિ : તું ફ્રેશ થઈ જા, ત્યાં સુધીમાં હું નાહી લઉં.

નિખિલ : મારું તો તું માનવાની નથી, તો ભલે, નાહી લે, પણ એ કહે કે ખાધું કેમ નથી? ડાચું ઊતરેલું છે, સાચું કહે, કાલ રાતનું શું થયું છે?

રશ્મિ : નાહીને આવું પછી. (બોલતી વૉશરૂમ તરફ જાય. નિખિલ વૉશબેઝિન તરફ જાય. મોઢું ધુએ. અરીસામાં જોઈને વાળ ઓળે. સમય પસાર થતું સંગીત. લાઇટ ઝાંખી થાય. નિખિલ એકાદ ફિલ્મી ગીત ગણગણે. પૂર્ણ પ્રકાશ. રશ્મિ તૈયાર થઈને બહાર આવે)

નિખિલ : જલદી કર.

રશ્મિ : બે મિનિટ. (વાળ ઓળતી અરીસા સામે જાય. (અરીસા સામે જોતાં જ એનાથી ચીસ પડી જાય) નો ! (દોડતી નિખિલને વળગી પડતાં રડે)

નિખિલ : શું થયું? કેમ રડે છે? (રશ્મિને માથે હાથ ફેરવે, તેમ તેમ ડૂસકે ચડી જાય) કેમ રડે છે આટલું? શું થયું છે? (રશ્મિને બેડ પર બેસાડે. તેનો ચહેરો ઊંચો કરી) શું થયું છે, બોલ ને ! (પાણી આપે. પાણી પીતાં ચહેરો લૂછે) કાલનું કૈં થયું છે, પણ બોલતી નથી.

રશ્મિ : બોલું છું, પણ તું મારી વાત માનવાનો નથી, તે જાણું છું.

નિખિલ : બોલ તો ખરી !

રશ્મિ : હું મને દેખાતી નથી. (તીવ્ર સંગીત)

નિખિલ : રબિશ ! તૈયાર થા, મોડું થાય છે.

રશ્મિ : નથી માનતો ને !

નિખિલ : તૈયાર થાય છે કે એકલો જ જાઉં સાસરે?'

રશ્મિ : મને મૂકીને મારે ઘરે જઈશ?

નિખિલ : તો ઊઠ ને !

રશ્મિ : બિલીવ મી, નિખિલ ! અરીસામાં હું મને દેખાતી નથી ! (રડે)

નિખિલ : શું બોલે છે?

રશ્મિ : સાચું કહું છું, કાલ રાતથી હું મને દેખાતી નથી.

નિખિલ : અરે, મારી ગાંડી ! એવું ન હોય.

રશ્મિ : એવું જ છે, ડિયર !

નિખિલ : (રશ્મિને બાવડેથી ઊભી કરી અરીસા સામે લાવતાં) બતાવ મને કે શું નથી દેખાતી? (રશ્મિ આંખે હથેળી દાબી દે. નિખિલ તેની હથેળી ખસેડતાં) જો, સામે ! દેખાય છે?

રશ્મિ : (બીતાં બીતાં આંખ ખોલે) પણ હું અત્યારે વાળ ઓળવા આવી ત્યારે ન દેખાઈ.

નિખિલ : અત્યારે દેખાય છે?

રશ્મિ : હા, પણ બે મિનિટ પહેલાં ન દેખાઈ.

નિખિલ : (હસતાં) તું ભીંત સામે ઊભી હશે. જોઈ લે બરાબર, તું જ છે ને?'

રશ્મિ : (હસી દેતાં) હા, હું જ છું.

(અંધકાર. સંગીત. પ્રકાશ થાય ત્યારે રશ્મિ અને નિખિલ બહારથી આવ્યાં હોય તેમ થાકીને બેડ પર પડે)

નિખિલ : એવું કેમ છે કે ખોટાં આંસુ પણ ખરી આંખમાંથી જ ખરે છે?

રશ્મિ : સંભળાવે છે?

નિખિલ : ના.

રશ્મિ : તારું કહેવું એમ છે કે હું મગરનાં, નહીં, મગરીનાં આંસુ વહાવું છું?

નિખિલ : અરે મેં તો અમસ્તું જ પૂછ્યું છે. (બગાસું) સૂઈ જઈએ?

રશ્મિ : ના. તને એમ જ છે કે હું ખોટું રડું છું.

નિખિલ : લલ્લુ, તું રડે છે જ ક્યારે કે ખરું-ખોટું કરવું પડે ! આ તો કાલ રાત્રે જરા ઝરપી, બાકી...

રશ્મિ : સાચું કહું છું, હું ખરેખર જ નથી દેખાતી.

નિખિલ : નોટ અગેન, પ્લીઝ ! મમ્મીને ત્યાં જવાં નીકળ્યાં ત્યારે દેખાઈ હતી ને?

રશ્મિ : હા, પણ કાલે નો'તી દેખાઈ.

નિખિલ : (અરીસા સામે ઊભી કરી દેતાં-) એ કાલની વાત હતી ને આ આજની વાત છે. છે ને? (રશ્મિ હકારમાં ડોકું ધુણાવે) તો હવે સાડી તું બદલે છે કે હું બદલાવું?

રશ્મિ : મને બદલતાં આવડે છે.

નિખિલ : તો જલદી આવ.

રશ્મિ : આવી... (ડ્રોઅરમાં બંગડી, ઘડિયાળ... મૂકે. નાઈટી લઈને ડ્રેસિંગ-ટેબલ તરફ મોં ફેરવે. ચમકે. ખીજવાઈને અરીસા પર થપાટો મારે, નહોર મારે. પોતાનો ચહેરો ફંફોસે. ચીસ) નિખિલ !

નિખિલ : (દોડીને પાસે આવે) શું થયું?

રશ્મિ : (અરીસો બતાવતાં) નથી દેખાતી.

નિખિલ : તેમાં અરીસો ખોતરે છે, કેમ? એમ ખોતરવાથી પ્રતિબિંબ બહાર નહીં આવે. (તેની પાસે ઊભો રહેતાં) આ શું દેખાય તો છે.

રશ્મિ : હા, હવે દેખાઉ છું.

નિખિલ : બકવાસ ન કર. હવે ને પછી, દેખાય જ છે.

રશ્મિ : હું ખરેખર જ નથી દેખાતી, નિખિલ !

નિખિલ : તો અત્યારે કેમ દેખાય છે?

રશ્મિ : તે નથી ખબર, પણ હું નથી જ દેખાતી. ટ્રસ્ટ, મી !

નિખિલ : કેવી રીતે ટ્રસ્ટ કરું, રશ્મિ? તું કહે છે કે નથી દેખાતી, તો અત્યારે કેમ દેખાય છે?

રશ્મિ : હું જૂઠું નથી કહેતી, નિખુ...

નિખિલ : એક કામ કરીએ. તું અરીસા સામે જ ઊભી રહે. હું ખસી જાઉ છું. (ખસે) હવે દખાય છે?

રશ્મિ : (ચીસ જેવા અવાજે) ના !

નિખિલ : ત્યાં જ થોભ ! (બોલતો તે રશ્મિની અડોઅડ ઊભો રહે) હવે?

રશ્મિ : (ઉમંગથી) દેખાઉ છું.

નિખિલ : એનો અર્થ એ થયો, લલ્લુ, કે મને અવગણીશ તો તું તને નહીં જ દેખાય.

રશ્મિ : (ધબ્બો મારતાં) એમ ભાવ ના ખા. (હસે)

નિખિલ : મને સાથે ને સાથે રાખ, નહિતર તારું પડીકું વળી જશે. જરા ખસીશ તો...

રશ્મિ : મશ્કરી કરે છે?

નિખિલ : તું જ જો ને ! હું છું તો દેખાય છે, બાકી, તો તારો કોઈ ક્લાસ જ નથી ! (હસે)

રશ્મિ : (ખસતાં) હું ખસું છું તો તું દેખાય છે?

નિખિલ : હું તો દેખાઉ જ છું. પ્રોબ્લેમ તારો છે, તું નથી દેખાતી.

રશ્મિ : (રડતાં) કેમ નથી દેખાતી? હું જ કેમ..?

નિખિલ : (અત્યંત ભાવથી તેને ચહેરે હાથ ફેરવતાં) ગાંડી તને વહેમ ભરાઈ પેઠો છે. બાકી, મારી સાથે હોય તો દેખાય ને એકલી હોય ત્યારે ન દેખાય એવું બને કઈ રીતે?

રશ્મિ : આ વહેમ નથી, નિખિલ !

નિખિલ : કાલે ડૉ. ભણસાળીને બતાવી આવીએ.

રશ્મિ : મતલબ કે હું ગાંડી થઈ ગઈ છું?

નિખિલ : બકવાસ ના કર. સાઈકિયાટ્રિસ્ટને બતાવીએ એમાં ગાંડી થઈ જાય? જરા તો મગજ ચલાવ.

રશ્મિ : મતલબ કે મારું મગજ નથી ચાલતું, એમ જ ને?

નિખિલ : (બે હાથ જોડતાં) દયા કર. મગજ મારું નથી ચાલતું, પછી છે કૈં? હમણાં સૂઈ જા. કાલે વાત !

(અંધકાર. પ્રકાશ થાય ત્યારે સવાર. ડોરબેલ વાગે. આળસ મરડતી રશ્મિ પથારીમાંથી બેઠી થઈને બારણું ખોલે)

રશ્મિ : (બગાસું ખાતાં) આવ, મમ્મી ! સવાર સવારમાં જ !

મમ્મી : શું સવાર સવારમાં? અગિયાર વાગવાના.

રશ્મિ : એમ? મતલબ કે હું બહુ ઊંઘી !

મમ્મી : (રશ્મિને સામે બેસાડતાં) મને એ કહે કે થયું છે શું?

રશ્મિ : કૈં થયું નથી, શું તું પણ !

મમ્મી : ઓકે. નિખિલનો ફોન હતો કે તું અરીસામાં-

રશ્મિ : એણે તને કહેવાની જરૂર ન હતી.

મમ્મી : કહ્યું એણે, હવે શું કરીશ?

રશ્મિ : હા. એવું છે. હું મને નથી દેખાતી, અરીસામાં.

મમ્મી : એ તો થોડો વખત એવું લાગશે, પછી ઠેકાણે આવી જશે. એવી ભ્રાંતિ થતી હોય છે, ક્યારેક !

રશ્મિ : હવે કેવી રીતે કહું કે એ મારો ભ્રમ નથી. હું ખરેખર જ અરીસામાં-

મમ્મી : નથી દેખાતી, પણ એ સાચું નથી.

રશ્મિ : એમ માન. અરીસામાં રોજ જોતી હોઉ ને એકાએક ન દેખાઉ તો ગૂંગળામણ થાય...

મમ્મી : ત્યારે કેવું ફીલ થાય છે?

રશ્મિ : કોઈએ મોઢે પ્લાસ્ટિક વીંટી દીધું હોય ને શ્વાસ લેવાની તકલીફ પડતી હોય એવું લાગે.

મમ્મી : કોઈ ડૉક્ટરને બતાવવું છે?

રશ્મિ : (બારી ખોલે) કોઈને નથી બતાવવું.

મમ્મી : અરીસામાં શું દેખાય છે તને? અંધારું કે...? આઈ મીન...

રશ્મિ : સાવ એવું નથી. અરીસામાં હું જ નથી દેખાતી, બાકી બધું દેખાય છે.

મમ્મી : બધું એટલે?

રશ્મિ : સામેનું આકાશ અરીસામાં પડઘાય છે. પીઓપીની છત દેખાય છે. પાછળના કબાટનો ટુકડો પણ દેખાય છે. મારા હોવાને લઈને કબાટનો જેટલો ટુકડો ન દેખાવો જોઈએ, તે પણ દેખાય છે. (રડમસ) મમ્મી, હું તો પારદર્શી થઈ ગઈ ! (આંખો લૂછે) આકાશ અને અરીસા વચ્ચે છું, એટલી જ નથી દેખાતી.

મમ્મી : સારું થઈ જશે. ચિંતા ન કર.

રશ્મિ : કોઈ ચિંતા નથી કરતી ! થોડો વખત ડરી, પણ પછી થયું કે અરીસામાં નથી, બહાર તો છું ને ! એને તો અરીસો પણ ભૂંસી શકે એમ નથી. સારું મમ્મી, હું જરા ફ્રેશ થઈ જાઉં. (ટીવી ઓન કરે) પછી વાત. (વૉશબેઝિનમાં મોઢું ધુએ. નૅપ્કિનથી ચહેરો લૂંછે. ટીવી પર ન્યૂઝ આવે) આજથી વડાપ્રધાન બે દિવસના રશિયાના પ્રવાસ પર. જીએસટી કલેક્શનમાં સરકારને- (રિમોટથી ચેનલ બદલે)

રશ્મિ : જીવન સિવાય બધું જ મોંઘું થયું છે. (રિમોટથી ચેનલ બદલે)

દ્રોણ : બતાઓ યુધિષ્ઠિર ! કયા દિખતા હૈ?

મમ્મી : રહેવા દે. મહાભારત છે.

યુધિષ્ઠિર : મુઝે આકાશ, વૃક્ષ, પંખી... સબ દિખતા હૈ.

દ્રોણ : રહને દો. (અર્જુનને) અર્જુન, ઈધર આઓ. તુમ બતાઓ, તુમ કો કયા દિખતા હૈ?

અર્જુન : મેરા પ્રણામ સ્વીકાર કરેં, ગુરુજી.

દ્રોણ : બતાઓ, કયા દેખતે હો?

અર્જુન : ગુરુજી, મુઝે પક્ષી... નહીં, પક્ષી કી કેવલ આંખ હી દિખતી હૈ !

રશ્મિ : મૂરખ છે. આકાશ છે તે નથી દેખાતું? ઝાડ છે તે નથી દેખાતું ને પક્ષીની આંખ જ દેખાય છે? અને મને જો, (રડમસ) હું અરીસામાં જ નથી દેખાતી, બાકી બધે જ દેખાઉં છું.

દ્રોણ : પક્ષી કી આંખકા નિશાન લો, ઔર...

અર્જુન : જો આજ્ઞા, ગુરુજી.

મમ્મી : શાબાશ, અર્જુન ! શાબાશ ! પક્ષીની આંખ વીંધી નાખી. વાહ ! તું એક જ એવો હતો, જે બધું હોવા છતાં, પક્ષીની આંખ જ જોતો હતો... (ઘડિયાળ જોતાં) ચાલ નીકળું.

રશ્મિ : જવાય છે હવે, બેસ ને !

મમ્મી : ના, મોડું થશે. (ઊભી થતાં) આવજે.

રશ્મિ : સારું. આવજે ! (મમ્મી જાય)
(થોડી વાર 'અથશ્રી મહાભારત કથા.' ગવાય. ડોરબેલ રણકે. રશ્મિ સાઉન્ડ મ્યુટ કરે. ઊઠીને બારણું ખોલે. નિખિલ આવે)

રશ્મિ : મમ્મી હમણાં જ ગઈ.

નિખિલ : હા, નીચે મળી.

રશ્મિ : હું દેખાતી નથી તે મમ્મીને કહેવાનું ન હતું.

નિખિલ : કહેવા જેવું હતું, તે કહ્યું. શું કરતી હતી?

રશ્મિ : ટીવી પર મહાભારત જોતી હતી. અર્જુને પક્ષીની આંખ વીંધી નાખી.

નિખિલ : સારું, ડૉક્ટર પાસે જવું છે ને?

રશ્મિ : (ચીસ જેવા અવાજે) ના !

નિખિલ : સાઈકિયાટ્રિસ્ટને બતાવવામાં નુકસાન તો કૈં નથી ને?

રશ્મિ : લાભ પણ નથી, નિખિલ !

નિખિલ : તારે માટે મેં આજે રજા લીધી છે.

રશ્મિ : મેં ના પાડેલી.

નિખિલ : ના, પાડેલી, તો પણ આવ્યો. આવ્યો જ છું તો ચાલ ને બતાવી આવીએ.

રશ્મિ : નથી જવું, પ્લીઝ !

નિખિલ : સારું.

રશ્મિ : જમવાનું બનાવ્યું નથી.

નિખિલ : રહેવા દે, ઓનલાઈન ઓર્ડર આપી દઉં છું. (મોબાઈલ પર ઓર્ડર પ્લેસ કરે)

રશ્મિ : ઓકે.

નિખિલ : (રશ્મિનો હાથ હાથમાં લેતાં) નારાજ છે?

રશ્મિ : ના.

નિખિલ : અરીસો જોયા કરે છે ને, મારી ગેરહાજરીમાં?

રશ્મિ : ના.

નિખિલ : બહુ જો, જો ના કરતી.

રશ્મિ : દેખાતી જ નથી તો શું જોઉ?

નિખિલ : હોય તો, તો દેખાય જ ને !

રશ્મિ : એ જ ! હોઉ તો, તો દેખાઉ જ ને ! પણ નથી દેખાતી એનો અર્થ એ કે...

નિખિલ : (બાથ ભરતાં) નિરાશ ન થા, પ્લીઝ ! (રડમસ અવાજે) તને કેવી રીતે આશ્વસ્ત કરું એ નથી સમજાતું. સાચું કહું તો હું પોતે થથરી ગયો છું. આયેમ સ્કેર્ડ ! (અરીસા સામે લાવતાં) દેખાય છે?

રશ્મિ : (નિખિલને ચહેરે હાથ ફેરવતા) તું હોય છે, ત્યારે જ દેખાઉ છું.

નિખિલ : હું છું જ ને ! ક્યાં જવાનો હતો?

રશ્મિ : (રડી દેતાં) તું નથી હોતો ત્યારે સાવ એકલી હોઉ છું.

નિખિલ : (એની આંખો લૂછતાં) એકલી હોય ત્યારે નથી દેખાતી. છોડ ને એ વાત જ ! નથી દેખાતી તો શું કાચું ખાય છે? આ મારી સામે આટલી બધી છે. રૂમમાં છે, બહાર છે, હોટેલમાં છે, પાર્ટીમાં છે. બધે જ તો છે.

રશ્મિ : નથી તો અરીસામાં ! (નિસાસો મૂકે)

નિખિલ : અરીસામાંય છે જ ! આ અત્યારે દેખાય જ છે ને ! સાચું કહું, તો તને વહેમ ભરાઈ પેઠો છે કે નથી દેખાતી, બાકી એવું કશું નથી.

રશ્મિ : એમ હશે.

નિખિલ : એમ હથિયાર હેઠાં ન મૂકી દે ! (રશ્મિનો ચહેરો ઊંચો કરીને) મારી સામે જો. દેખાય છે, મારી આંખોમાં? મારી આંખો પણ અરીસો જ છે. દેખાય છે?

રશ્મિ : એમાં તો દેખાઉ જ ને ! તું સાથે ને સામે હોય તો દેખાઉ તો ખરી જ ને !

નિખિલ : થોભ હું જરા ફ્રેશ થઈ આવું (વૉશરૂમ તરફ જાય)

(રશ્મિ ખૂબ થાકી હોય તેમ સોફા પર માથું ટેકવી દે) તને કેમ સમજાવું, નિખિલ કે એકલી હોઉ ત્યારે અરીસામાં નથી જ દેખાતી. એવું સત્ય જે વ્યક્તિ એકલી જ જાણતી હોય ને તે બતાવી શકાય એમ ન હોય તો પુરવાર કરવાનું અઘરું છે... (આંખો લૂછે) અર્જુન પાસે એ તીર હતું, જે સાબિત કરી શક્યું કે બધું હોવા છતાં તેને આંખ જ દેખાતી હતી, પણ તીર ન હોય ને આંખ જ દેખાતી હોય તો કેમ સાબિત કરવું કે આંખ જ... ખરેખર એક જણનું સત્ય સાબિત કરવાનું બહુ મુશ્કેલ...(રડે. કરુણ સંગીત) પડદો પડે છે...

*૧, યુનિયનધારા, સર્જન સોસાયટી પાછળ,*
*મોદી-બંગલા, અઠવા લાઈન્સ, સુરત - ૩૯૫ ૦૦૭*
*મો. ૯૩૭૭૯ ૩૯૧૨૩*



# એ ક્યાં જતા રહ્યા ?

*- ડૉ. શૈલેષ ટેવાણી*

(મંચની બરાબર વચ્ચે, પાછળ ઊંડાણમાં એક ઊંચી બારી દેખાય છે. બારીમાં વૃદ્ધ છાપું લઈને બેઠો છે. થોડી વારે એ બહારની બાજુ એટલે કે મંચની વચ્ચે, જમણે, ડાબી તરફનાં દશ્યો જુએ છે. પાર્શ્વ સંગીતમાં કોઈ ગીત કે ગઝલ વાગે છે. દિગ્દર્શક ત્યાં કોઈ સંગીતની ધૂન પણ મૂકી શકે. વૃદ્ધની વિચિત્ર દશા તરફ કોઈનું ધ્યાન નથી. અહીં દશ્યો એમ ભજવાતાં રહે છે.)

પૃથા : કહ્યું'તું, કહ્યું'તું મેં કે જવા દો, એમ કોઈ ધંધો ન થાય. ઊલટાના ઊલમાંથી ચૂલમાં પડશું. ઘરના પૈસા ખોવાનો વારો આવશે. (પૃથા પાંત્રીસેકની, ગૌર, એકવડો બાંધો, થોડી આક્રમક)

ધવલ : (કેલ્ક્યુલેટર પર ગણતરી કરતાં)
પાંચ હજાર,
બાદ કર્યા પચ્ચીસસો,
ઉમેર્યાં તેરસો,
બાદ કર્યા ચારસો.
ઓહ, આમાં તો કંઈ વધતું જ નથી માથે પડ્યું બધું.

પૃથા : શું કરશો? છોકરાંવની ફી, એ.સી.નો હપતો, દવાનું બિલ, એને છે કંઈ ચિંતા? એ મજાના છાપું વાંચે. સંગીત સાંભળે. (વૃદ્ધ જોયા કરે છે બારીમાંથી તેનો ચહેરો ફ્લેટ)

ધવલ : તો શું કરવું? અત્યાર સુધી એમણે તો આપણને સાચવ્યા છે. બધું કર્યું. ભણાવ્યા, લગ્ન, સુવાવડો, મકાનના હપતા, બધું જ ક્લિયર કર્યું. હવે એનો જીવ લેશું?

પૃથા : એમ આકળા ન થાવ. મેં કંઈ એમને કહ્યું નથી. માત્ર તમારી પાસે વાત કરી. બગીચાનો નાનો પ્લોટ વેચીને આપણને આપી શકે.

ધવલ : હા, એટલે આપણે પૈસા ઉડાડી નવરા થઈ જઈએ. બીજું છે શું આપણી પાસે? (અચાનક વિપાશા અને મંદાર દોડતાં આવે. મંદારની સાઇકલ એક સ્કૂટર સાથે અથડાઈ તૂટી ગઈ છે. મંદારનાં ગોઠણ ભાંગ્યા છે (વૃદ્ધ બારીમાંથી જુએ છે.)

વિપાશા : મમ્મી, મમ્મી, ભાઈને વાગ્યું છે સાઇકલ તૂટી ગઈ. (વિપાશા આઠ-દસ વર્ષની છે)

મંદાર : પપ્પા! ઓહ! બહુ દુખે છે. (રડે) મારી સાઇકલ તૂટી ગઈ ને પગમાં લોહી ઓ... ઓ... ઓ.... (મંદાર સાતથી નવ વર્ષનો છે.)

પૃથા : કર્યું ને? ધાર્યું કર્યું ને? ના પાડી હતી. શેરીની બહાર ટ્રાફિકમાં જવાની ના પાડી હતી. સ્કૂટર ભટકાયું કે રિક્ષા?

બિપાશા : સ્કૂટર મમ્મી ! સ્કૂટર! આમ જતો'તો ને તો એ બાજુથી છુમ્મ ભટકાયું બોલો. ભાઈ તો ઊંધો પડ્યો હતો. હકુમાસીએ ઊભો કર્યો. સ્કૂટરવાળાનેય ધૂંબો માર્યો બો...લો.

ધવલ : બતાવ, ક્યાં વાગ્યું ? ચાલો, હું આવું પંડ્યાજીના દવાખાને. પાટો બંધાવીએ, માથામાં કંઈ વાગ્યું નથી ને?

મંદાર : ના ઍં ગોઠણિયામાં, હાથમાં ને આં... ગળામાં (રડે)

પૃથા : ઊપડો, પૈસા બગાડો ને જીવ બાળો.

ધવલ : શાંતિ રાખ ને, બાળક છે. થાય ક્યારેક ચાલો.
(બધાં ઘર ખુલ્લું મૂકીને નીકળી જાય. વૃદ્ધ છાપું સમેટે અને બારીમાંથી ઊભા થઈ જુએ છે)
(વૃદ્ધ ડાબી તરફ દાદરથી નીચે ઊતરે છે ઘરની વચ્ચે આવે. સ્વર્ગસ્થ પત્નીના ફોટોગ્રાફ તરફ જઈ ઊભા રહે. પ્રેક્ષક

તરફ તેની પીઠ દેખાય છે મંચ પર પ્રકાશ ઝાંખો. ગીતની એકાદ કડી પાર્શ્વસંગીતની અસરે સંભળાય.)

કહાં આવાઝ દે તુમકો... કહાં હો?
અકેલે હૈં, ચલે આઓ....

(પ્રેક્ષક તરફ આવી, મંચની જમણે સ્ટુલ પર બેસે. આત્મ સંવાદ.)

બધું જ ગયું ઝંખના ગઈ અને આખું આભ આમ તૂટી પડ્યું. ક્યારેક અહીંથી, ક્યારે ત્યાંથી, જીવનની કરચો વીણું છું, હસું, બોલું, રડું, તેની તસવીર સામે. ધવલ વ્યસ્ત, પૃથા કર્કશા, બાળકો તેની દુનિયામાં. આ છાપું ને પેલું ટેપરેકૉર્ડર.

વૃદ્ધ : અહીં આમ પડ્યા રહેવું નિર્જીવ પશુની જેમ. વાતચીતમાં જમવાનું એ પણ થાળી ઉપર આવે. ન કોઈને સલાહ. ન કોઈ પૂછે કેમ છો? આ ભીડની નિર્જનતા એણે ન જોવી પડી પ્રભુ.

(બંને બાળકો ધડામ્ કરતાં દરવાજો ખોલી અંદર ઘૂસી જાય. ગીતો ગાય )

ચકલી ચકલી ધડામ્
કાગડો કાગડો ધડામ્
સાઇકલ સાઇકલ ધડામ્
દફતર દફતર ધડામ્
મમ્મી... મમ્મી...
પપ્પા... પપ્પા...

મંદાર : એ...ય ગાડી ! પપ્પા મમ્મી `ધડામ્' ન કહેવાય.

વિપાશા : હા, હા, દાદાનેય 'ધડામ્' ન કહેવાય.
(નજર પડતાં)
દાદા? તમે કેમ નીચે આવ્યા?
દાદા? તમને સારું નથી? તમે ઉપર જઈને બેસો. હમણાં મમ્મી આવશે ને તો તમને સંભળાવશે. ગુસ્સો કરશે.

વૃદ્ધ : હા, બેટા! ઉપર જ જાઉં છું. તમે બહાર ગયાં ને તો આ દરવાજો ખુલ્લો હતો. એટલે નીચે આવ્યો. મંદારને વાગ્યું હતું? હવે સારું છે?

મંદાર : હા દાદા! પંડ્યા અંકલે પાટો બાંધી દીધો, હવે દુખતું નથી. આ જુઓ, તમે... તમે...

વૃદ્ધ : જાઉં છું. સારું હો બેટા? ઉપર જાઉં છું પપ્પા-મમ્મીને ન કહીશ કે હું નીચે આવ્યો હતો... જાઉં છું (તેના અવાજમાં ધીમું રુદન છે)

(પૃથા પ્રવેશે. ગુસ્સામાં છે. ટાર્ગેટ દાદા છે)

પૃથા : છોકરાંવ પડે-આખડે, લાગે, ડૉક્ટર પાસે જઈએ તેને કંઈ છે? છાપું વાંચશે. ગીતો સાંભળશે અને તૈયાર થાળી જમશે.

ધવલ : શું થયું છે તને? પપ્પાની પાછળ કેમ પડી છો? છોકરાંવ એ શેરીમાં સાઇકલ ચલાવે. કોઈ ભટકાઈ જાય. તો તેમાં પપ્પા શું કરે ?

પૃથા : પૂછ્યું ? પૂછ્યું ખરું કે ક્યાં ગયા હતા? શું થયું ? કોઈને વાગ્યું ? કંઈ ફરજ નથી ?

ધવલ : આપણે ઘર ખુલ્લું મૂકીને જતા રહ્યા. તને કહ્યું એમણે કંઈ ?

મંદાર : મમ્મી, દાદા નીચે હતા. ઘર સાચવતા હતા.

વિપાશા : મંદારે મને પૂછ્યું શું થયું? સારું છે?

પૃથા : ભગવાનનો પાડ, તમારા દાદાનો ઉપકાર પૂછ્યું. તો આભારી છીએ. જાવ અહીંથી બહાર રમો.

ધવલ : શું પૃથા? પૂછ્યું તો તોય વાંધો ? મંદાર બેટા હવે સાઇકલ લઈને બહાર ન જશો.

(બંને છોકરાઓ બહાર જાય. વૃદ્ધ બારીમાંથી જુએ. તેની હતાશ આંખો કંઈ યાદ કરે છે)

(ફ્લેશબેક)

ઝંખના : આ ધવલના એડમિશનના પૈસા.

વૃદ્ધ ત્યારે યુવાન : આ ધવલની સાઇકલના પૈસા.

ઝંખના : આ ધવલના કપડાના અને આ તેનાં રમકડાના.

વૃદ્ધ યુવાન : મોસમ મોસમ લવલી મોસમ.

કસક અનજાની, મધ્ધમ મધ્ધમ (ગાય)

ઝંખના : ગાયે રાખ્યો તમતમારે માં..ડ આટલું ભેગું થયું. હજુ તો લગ્નના ખર્ચા, ઈન્ટરવ્યૂના ખર્ચા, નોકરી બહાર મળશે તો ભાડાના... જમવાના....

યુવાન : અરે! ગાંડી! એક જ તો દીકરો છે. નોકરી મળ્યા પહેલાં ભાડાનાં... જમવાનાં... લગ્નના ખર્ચાની શું ચિંતા કરે છે?

બંને : (ધવલને ખભે ઊંચકી)
ઠંડે ઠંડે પાનીસે નાહના ચાહિયે...
અરે, ગાના આયે યા ના આયે ગાના ચાહિએ...
(ઘર આખામાં નૃત્ય કરે)
(ફ્લેશબેક પૂર્ણ)
(ફ્લેશબેક-૨)

ધવલ : પૃથા! પપ્પાએ લગ્ન પછી આપણને મુશ્કેલી ન પડે એટલે મારા નામે એફડી કરી.

પૃથા : હાઉ નાઈસ! તારા પપ્પા કેવા સારા છે? અમેઝિંગ.

ધવલ : માય ફાધર ઈસ બેસ્ટ ડેડ!

પૃથા : એન્ડ યોર મોમ ઈસ સો લવલી!

ધવલ : હા આપણે પણ એમની એવી જ સેવા કરીશું.

પૃથા : મને એક વાર ઘરમાં આવવા દે. મોમ ડેડ ને ખુશ કરી દઈશ.
(વૃદ્ધ જાણે આ ફ્લેશબેકમાં જીવે છે. બારીમાં ઊભા રહે, ટહેલે ગીત વાગે છે
અકેલે હૈ ચલે આઓ જહાં હો...
કહાં આવાઝ દે તુમકો, કહાં હો...

**(દૃશ્ય)**

(બહાર બૂમાબૂમ. પડોશના કેટલાક જણ ઘરમાં ઘૂસી ગયા છે. પૃથા ધવલ બધાને સમજાવે છે. વિપાશા, મંદાર આમથી તેમ રડતાં ફરે છે)

પૃથા : પપ્પા! પપ્પા! તમે નીચે આવો તો!

ધવલ : પપ્પા! પ્લીસ જરા નીચે આવશો?

પડોશીઓ : હા, બોલાવો, બોલાવો, પૂછો એમને. એમને બધું સમજાવીને મોકલ્યા હતા. હવે શું કરીએ?

ધવલ : આંટી તમે શાંત થાઓ. હું પૂછું છું ને? પપ્પા! સાંભળો છો?

વૃદ્ધ : (પહેલાં બારીમાં દેખાય અને પછી ધીમે ધીમે દાદર ઊતરી આવે)
સૌને, નમસ્તે ! શું થયું ભાઈ? (મૃદુતાથી)

પાડોશીઓ : તમને કહ્યું હતું ને બહાર જઈએ છીએ? ઘરનું અને છોકરાઓનું ધ્યાન રાખજો?

વૃદ્ધ : હા... હા... શું થયું?

પાડોશીઓ : શું થયું? તાળાં તૂટ્યાં છે.
- છોકરાઓને માર્યા છે.
- ઘર લૂંટાયાં છે
- તમને ખબર નથી વડીલ થઈને આવું કર્યું?
- કાળજી ન રાખી? ધોળામાં ધૂળ પડી તમારા.

વૃદ્ધ : પણ હું કશું જાણતો નથી. હું તો ત્યાં જ હતો. ચશ્માં નહોતા પહેર્યાં. અંધારું હતું. મેં કોઈને જોયા નથી. મને માફ કરશો.

પડોશીઓ : - બસ? આવી ગયું? માફી માંગી લીધી?
- અરે, પોલીસને જાણ કરીએ.
- તમારે જુબાની આપવી પડશે.
- તમે છટકી નહીં શકો
- આ વિશ્વાસઘાત છે

વૃદ્ધ : હું તો વિશ્વાસઘાતમાં પણ જીવું છું ભાઈ! પહેલા ઝંખનાએ વિશ્વાસઘાત કર્યો. મારી પહેલાં એ ચાલી ગઈ. પછી ઈશ્વરે વિશ્વાસઘાત કર્યો. પછી આ છોકરાઓએ. બસ, ઉપરના રૂમમાં પડ્યો રહું છું. થાકું તો વાંચું છું. સાંભળું છું. તમને બધાંને મદદ કરું છું. મેં શું કર્યું ભાઈ ?'

પડોશીઓ : એ બધું પોલીસને કહેજો.

પૃથા : જોયું ને ધવલ? હવે આપણે પણ મુશ્કેલીમાં આ..ને બચાવવા પડશે. આપણા પર પણ બધાં શંકા કરશે. ઉપરાંણું તો બાપાનું.
(ફ્લેશબેક)

અંધારું, સસ્પેન્સ, મ્યુઝિક સંભળાય છે. એક ઓળો માથે કાળો કંબલ ઓઢી શેરીમાંથી પસાર થાય છે. બાજુના ઘરમાં પ્રવેશે છે. બે બાળકો રમતાં રમતાં જોઈ જાય છે. બૂમ પાડે છે. ઓળાની સાથે પાઘડી-માસ્કવાળા બે જણ છે. બાળકોને મારે છે. બહાર કાઢી મૂકે છે. ઘરનાં દરવાજે ઉભા રહે છે. પહેલા ઓળો ઘરમાંથી એક મોટો જુનવાણી કળશ અને નાની પેટી લઈ બહાર આવે છે. એમાં પૈસા અને ઘરેણાં હશે? ખબર નથી.

(ઓળો ઝડપથી ધવલના ઘરે આવી, ઉપર જઈ દાદાના રૂમમાં બધું મૂકી આવે છે.)

**દૃશ્ય**

પોલીસ : દાદા તમે તો તમારા છોકરા માટે આ નથી કર્યું ને?

વૃદ્ધ : સાહેબ! ૫૦ વર્ષની નોકરી અને ૩૦ વર્ષનું રિટાયરમેન્ટ! પહેલી નોકરી સરકારી, ૩૦ વર્ષ બીજી ખાનગી, ૨૦ વર્ષ મને કોઈએ આવું કહ્યું નથી. જીવનભર પ્રમાણિક રહ્યો ને તમે.... તમે આવું પૂછો છો?

પોલીસ : માફ કરજો વડીલ, પણ ઘરની અને તમારા ઓરડાની તલાસી લેવી પડશે.

વૃદ્ધ : (સ્ફૂર્તિથી અને ધીમા અવાજે) ઘરની શું કામ ? મારા ઓરડાની જ પહેલા લો. ઈશ્વર સત્યની સાથે જ હોય છે.

પૃથા : (ધવલ પાસે ગણગણે) આ હરિશ્ચંદ્રને રોકો.

ધવલ : તું મૂંગી રહે.

પોલીસ : (તેના સહાયકોને) ચાલો, ઉપર જાય એક (એક જ જૂનો કળશ અને પેટી લઈને નીચે આવે) (સસ્પેન્સ મ્યુઝિક હજુ એમ જ સંભળાય છે)

પોલીસ : (કળશ ખોલી ઘરેણાનો ઢગલો કરે.)

બીજો પોલીસ : (પેટી ખોલી નોટોનો વરસાદ કરે)

પડોશીઓ : જોયું? જોયું? બીજું કોણ હોય?
- ધોળામાં ધૂળ નાખી.
માવતર માન્યા હતા.
કેવા પ્રમાણિક?
મીંઢા કહો, મીંઢા... આ ઉંમરે...

પૃથા : (ધવલને) હાય રામ, આ શું હવે આપણે પણ જેલમાં? આ બાપાને શું કહેવું? (પોલીસને) સાહેબ, તમને ખાતરી હોય કે પપ્પાએ આ કર્યું છે? તો કાયદેસર કરો. તેને લઈ જાઓ, અમને વાંધો નથી.

ધવલ : પૃથા?

વિપાશા-મંદાર : નો નો, દાદા આવું ક્યારેય ન કરે. દા... દા...

(વૃદ્ધને હાથકડી. ધીમે ધીમે દોરવાય. ગઝલ વાગે. મુઝકો અહેસાસ દિલા દો કે મેં જિંદા હું અભી)

(પડોશમાંથી ધીરજલાલ દોડતા આવે. ઉંમર ૬૫ વર્ષ છે એમના હાથમાં સીસીટીવી ફૂટેજની પેનડ્રાઇવ છે)

ધીરજલાલ : ઊભા રહો ઇન્સ્પેક્ટર. એમ કોઈના રૂમમાંથી કંઈ મળે એટલે એમને ઢસડી ન જવાય. આમ થાણે લઈ જશો ત્યાં આ વૃદ્ધની બદનામી થઈ જશે. મારા છોકરાઓએ શેરીના સી.સી.ટી.વી. ફૂટેજ કાઢ્યા છે. એમાં આ કોઈ ઓળો માથે ઓઢીને ચોરી કરી આ ઘરમાં પ્રવેશે છે.

જમાદાર : (ઝીણવટથી જુએ) અરે... આ તો કોઈ સ્ત્રી છે.

પૃથા : એટલે તમે કહેવા શું માંગો છો? કોઈ સ્ત્રી આવું કરી શકે?

જમાદાર : (લેડી કોન્સ્ટેબલને) આ બહેન ઘરનાં એક માત્ર સ્ત્રી છે. એમને થાણે લઈ જાઓ. એમની સરભરા કરો. સાચું બહાર આવશે.

ધવલ : અરે, આ મારી પત્ની છે. ઘરમાં બધો જ વ્યવહાર તેના હાથમાં જ છે. મારે નાનાં બાળકો છે સાહેબ! મારી પત્ની આવું ન કરી શકે.

પૃથા : જોયું ને? જોયું ને તમે ? મરતાં મરતાં ઘરની આબરૂ લૂંટી અને હવે મને ફસાવે છે તમારા આ પ્રમાણિક બાપા.

જમાદાર અને ઈન્સ્પેક્ટર : બહેન! તમારે કશું નક્કી કરવાનું નથી. દૂધનું દૂધ અને પાણીનું પાણી બધું બહાર આવશે. ચાલો (પૃથા આનાકાની કરે. લેડી કોન્સ્ટેબલનો હાથ છોડાવે, રડે.)

પૃથા : ઊભા રહો. થાણે નથી જવું મારે. બધું કહું છું. બધું જ કહું છું. મારી વાત સાંભળશો કોઈ ?

ઈન્સ્પેક્ટર : બોલો જલદી.

પૃથા : ઘર પર બોજો હતો. છોકરાઓની ફી, ધંધાની ખોટ, ઘર ચલાવવાનો ખર્ચ. દાદા બગીચાની જમીન વેચતા નહોતા. દાદાને પડોશીઓએ કહ્યું કે જોખમ છે. ઘરનું ધ્યાન રાખજો. જાણીતા રિક્ષાવાળા ભાઈ સાથે ભાગ નક્કી કર્યો. અમે ત્રણે આ ઘરેણાં અને પૈસા ઉઠાવી લાવ્યા. તેને આબરૂનું શું? આમેય કેટલું જીવવાના! એટલે એમના ઓરડામાં જ બધું મૂકયું.

ધવલ : પૃથા, તેં આ શું કર્યું?

દાદા : (દાદર પર ફસડાઈ પડે) વહુ; આટલી નફરત? બગીચાની જમીન તો તમારા નામે જ છે. પણ તમારા ભવિષ્ય માટે વેચવાની ના કહેતો'તો... હે... રામ ઈન્સ્પેક્ટર! મને જ લઈ જાવ. એ બિચારીનાં છોકરાં નાનાં છે. મારી દીકરી છે. વહુ મેં માન્યા જ નથી. મહેરબાની કરીને-

ઈન્સ્પેક્ટર : માફ કરશો વડીલ. ગુનો કરે તે જ સજા ભોગવે. આપ મહેરબાની કરીને હટી જાવ.

વિપાશા-મંદાર : (હાથકડી પહેરાવતી મમ્મીને જોઈ) મમ્મી મમ્મી તું ક્યાં જાય છે?

પૃથા : બાપુજી માફ કરો. ધવલ મને માફ કરો. (ધવલ મોઢું ફેરવી જાય. પોલીસની ટીમ પૃથાને લઈ જાય. વૃદ્ધ રુદન કરે. દાદર પર ફસડાઈ પડે. પડોશી દુખી થાય. કોઈ વૃદ્ધની નજીક જાય અને પછી ધીમે ધીમે વિખેરાઈ જાય.)

**દૃશ્ય**

જેલમાં પૃથા કંઈ લખે છે તેનો અવાજ, તે ડાયરીમાં શું લખે છે? તે બધું નેપથ્યમાં પડઘાય છે.

દાદા મારા પિતા સમાન હતા. પણ મેં શત્રુ માન્યા. આવા વૃદ્ધની સેવા કરવાની હતી. પરંતુ, મેં એમને દુઃખ જ આપ્યું. આજે જોઉં છું કે હું ધવલની, બાળકોની, દાદાની સૌની ગુનેગાર છું. નથી પૈસા, નથી આબરૂ, નથી બાળકોની, નથી ઘર, અત્યારે બધાં શું કરતાં હશે?

(ધવલ જેલરની પરમિશનથી મળવા આવે છે)

પૃથા : કેમ છે, વિષુવ? કેમ છે, મંદાર? દાદા કેમ છે?

ધવલ : હવે કંઈ બચ્યું નથી પૃથા, બાળકોએ દાદા ગુમાવ્યા, મેં પિતા.

પૃથા : હેં ? શું કહો છો?

ધવલ : હા, તે જે પણ કર્યું તેનો આઘાત એ સહી ન શક્યા. ચાર દિવસે કાલે રાત્રે જ હાર્ટએટેક આવ્યો. જતા રહ્યા.

પૃથા : (જેલના સળિયા સાથે માથું પટકતાં) ધવલ...

(પડદો)

*'પ્રેમ મંગલ', બી-૧૮૬*
*શાસ્ત્રીનગર (અજમેરા) નાના મવા રોડ,*
*રાજકોટ - ૩૬૦ ૦૦૫*
*મો. ૯૮૨૫૬ ૩૧૩૦૪*



# કેશલેસ ક્રાંતિ

*- દુર્ગેશ ઓઝા*

**પાત્રો**

કાંતિભાઈ (ઉ.વર્ષ:૫૨) સરલા: કાંતિભાઈનાં પત્ની. (ઉ. વર્ષ:૪૮) પ્રકાશ: કાંતિ-સરલાનો યુવાન પુત્ર. રિયા : કાંતિ - સરલાની યુવા ભત્રીજી. કવિતા, વિદિશા, અદિતિ અને ઈશાન: પ્રકાશનાં મિત્રો. આ સૌની (ઉ.વર્ષ:૨૦). રામુ: ઘરનો નોકર, (ઉ.વર્ષ:૨૪) ડૉ.બાટલીવાલા: (ઉ.વર્ષ:૪૨)

(લાઇટનું બિલ ભરવા માણસોની લાંબી લાઇનને હૉસ્પિટલના દૃશ્યમાં નર્સ, વોર્ડબોય વ. બતાવી શકાય)

**સ્થળ :** રેલવે સ્ટેશન. (અહીં ટ્રેન આવીને ઊભી રહે એ અવાજ રેકૉર્ડ કરી મૂકવો) (બપોરના ૧૨ વાગ્યાનો સમય)

રિયા : (સૂટકેસ નીચે મૂકી પ્લેટફૉર્મ પર ઊભે, પહેલાં ચોતરફ ને પછી ઘડિયાળ સામે જુએ, થોડી વ્યગ્ર. ફોનમાં વાત કરે) આ પ્રકાશ કેમ હજી દેખાયો નહીં! થોડી વાર રાહ જોઈ લઉ, બાકી ગૂગલ મેપ જોઈ ઘરે પહોંચી જઈશ. (થોડીવાર પછી પ્રકાશ આવે છે) (પ્રકાશને) તને આવતાં કેમ વાર લાગી? ટ્રેન તો ક્યારની આવી ગઈ,

પ્રકાશ : અરે વાત જવા દે રિયા. લાઇટનું બિલ ભરવા ગયો હતો. મને એમ કે વારો આવી જશે, પણ આમાં તો મારો વારો નીકળી ગયો. લાંબી લાંબી લાઇન એટલે બિલ ભરવાનું માંડી વાળી તને સ્ટેશને તેડવા આવ્યો, તો ત્યાંય મોડો પડ્યો.

રિયા : સાચું બોલ. બિલ ભરવાનું હતું કે કોઈને દિલ દેવાનું હતું?(ટીંગ કોમેડી)

પ્રકાશ : આવતાવેંત મારી ફીરકી લેવા માંડી ને! ઘરે પહોંચવા દે. તારી ખબર લઉ છું. જો કે હું તને લેવા મોડો પહોંચ્યો એટલે ખબર તો ઘરમાં મારી.. (રિયા હસે છે).

રિયા : જોવા દે તો તારું ઇવડું ઈ લાઇટ બિલ! (બિલ જુએ છે) તું વીજળીનું બિલ ભરવા છેક એની ઑફિસે લાં...બો થવા ગયો? ને લાઇનમાં ઊભો રહ્યો? શું કામ?

પ્રકાશ : એ બધું પછી. તું હવે ઊભી રે મા. એક તો ઓલરેડી મોડું થઈ ગ્યું છે. જો વધુ મોડું થશે તો મમ્મી-પપ્પા બેય મારી..! ચાલ. (રિયા પાસેથી સૂટકેસ લઈ લે. રિયા મોબાઇલમાં કશુંક કામ કરે છે) અરે ચાલ હવે, મોબાઇલને મૂક તડકે. ને બેસ જલદી સ્કૂટર ઉપર. (સ્કૂટર ચાલુ કર્યાનો અવાજ. બેય ઘેર પહોંચે. મ્યુઝિક.)

સ્થળ : (કાંતિ સરલાનું ઘર. બેઠકરૂમ. બધાં સોફા પર બેઠાં છે. રિયા ઘરમાં આવી કાકા-કાકીને પગે લાગી આશીર્વાદ મેળવે છે. રિયા-પ્રકાશ સોફા પર બેસે છે)

સરલા : બેટા રિયા. મુસાફરીમાં કાંઈ તકલીફ તો નથી પડી ને?

રિયા : કાકી, મને તો નહીં, પણ આ પ્રકાશને પડી. હીરો ઘોઘે જઈ આવ્યો. બાવાના બેય બગડ્યા. ન ભરાયું બિલ, ન ટાઇમસર સ્ટેશને આવ્યો. (હસે છે. પ્રકાશ મુક્કી ઉગામવાનો ડોળ કરે. સ્ટેશને મોડો કેમ પડ્યો એ માબાપને કહે છે. સંગીત વાગે)

કાંતિ : અરે પ્રકાશ, બહેનને આમ રાહ જોવરાવાય? સંબંધની પાટી પર સ્નેહનો કક્કો ઘૂંટાય, ને એ પણ જલદી. પાટી ઝાઝો સમય કોરી ન રખાય. ને બેમાંથી વધુ અગત્યનું શું છે એનીય તને..

રિયા : કાકા, છોડો. એ બહુ મોડોય નહોતો પડ્યો. ને એણે મને કીધું'તુંય ખરું.

રામુ : (રિયાને પાણીનો પ્યાલો આપે) આવો આવો રિયાબુન. (ગાય છે) અભી ન જાઓ છોડકર, કે દિલ અભી ભરા નહીં. (ગીત વાગે. બધાં કાન બંધ કરે)

કાંતિ : (હાથના ઈશારાથી અટકાવે) બસ રામુ બસ. તું કાયમ કમોસમી એટલે કે ઊંધું જ ગાય છે. તે ગાયું 'અભી ન જાઓ.' હવે રિયા ક્યાં જાય છે? એ તો આવી છે! તે દી' ભરઉનાળે પેલા પશાકાકા પરસેવે રેબઝેબ. તો તે પેલું કયું ગીત ગાયું'તું?

રામુ : મુજકો ઠંડ લગ રહી હૈ, મુજસે દૂર તું ન જા. ન

જા, ન જા. (મૂળ ગીત વાગે)

કાંતિ : જા. તું રસોડામાં જા.(બધાં હસી પડે છે) રિયા, આ રામુ દિલનો ને કામનો ચોખ્ખો. અમે એને ઘરના માણસની જેમ જ રાખીએ છીએ હો! આ તો મેં જરીક (હાથથી ચપટીકની નિશાની) મજાક કરી. તું થાકી ગઈ હોઈશ. જા થોડો આરામ કર.

રિયા : કાકા જરાય થાક નથી લાગ્યો. હા, પહેલાં નાહી લઉ એટલે ફ્રેશ થઈ જવાશે.

પ્રકાશ : હા રિયા, એ બરાબર! (ડોકું હલાવતાં) અઠવાડિયામાં એક વાર તો નાહવું જ જોઈએ. તારી આ વર્ષો જૂની ટેવ બહુ સારી છે. આઈ લાઈક ઇટ. વેરી ગુડ.વે..રી ગુડ. (નાક દબાવી દુર્ગંધ આવતી હોય એમ મોં બગાડે છે) વેરી બેડ.

રિયા : એટલે? હું રોજ નથી નાહતી એમ તારું કહેવું છે? ઊભો રે પકલા! (પ્રકાશની પાછળ દોડે. બેય કાંતિભાઈને હલબલાવતાં જાય, સોફાની આજુબાજુ ફરે. મ્યુઝિક.)

પ્રકાશ : અરે ભૂલ થઈ ગઈ. રે'વા દે. તું તો મારી વહાલી બેનબા. જા જલદી નાહવા જા, વરના બાથરૂમ બુરા માન જાયેંગા. ('ફૂલો કા તારો કા સબ કા કહેના હૈ..એક હજારો મેં મેરી બહેના હૈ..' ગીત વાગે. કાંતિભાઈ બેલેન્સ જાળવે ને ખુશ થાય)

કાંતિ : અરે તમે ભાઈબહેન બેય ક્યાંક મને પાડી દેશો એમ મેરા કહેના હૈ.

સરલા : તમને એ શું કામ પાડી દે? તમારે પાડીનું શું કામ છે?

કાંતિ : અરે સરલા, આ બેય મને નીચે પાડી દેશે એમ કહું છું. તુંય શું સમજ્યા વિના..? સાવ પાડી છો તેમાં. (કોમેડી 'ટોઉઉઉ' મ્યુઝિક)

સરલા : શું બોલ્યા તમે? હું ને પાડી..!

કાંતિ : મેં એની ક્યાં ના પાડી? મ..મ..મારું કહેવું એમ છે કે તું.તું.તું., હુંતુંતું..તું તો મારી પ્રેમરાણી છો, રાતરાણી છો. પાડી, ભૂલ્યો ગોળપાપડી છો. હા.. ઠીક યાદ આવ્યું. મારી રિયા દીકરીને ગોળપાપડી દેવાનું ન ભૂલતી. એને એ બહુ ભાવે છે.

સરલા : હા, (લટકો કરે) એ તો ખાલી તમારી જ દીકરી છે ને? મારી તો જાણે કંઈ જ નહીં! અરે મેં એની નાસ્તાની ડિશ ક્યારની તૈયાર કરી દીધી છે. એમાં ગોળપાપડીના બે કટકા મૂકી જ દીધા છે. (રિયા નાહવા જાય છે)

પ્રકાશ : વાહ મમ્મી! ગોળપાપડીના ચોરસ કટકા. આમ ગોળ ને આમ ચોરસ. ક્યા બાત હૈ! (મ્યુઝિક વાગે. દૃશ્ય બદલે. થોડી વાર પછી ડોરબેલ વાગે છે. સરલા બારણું ખોલે છે. કવિતા ઘરમાં પ્રવેશે છે. એના હાથમાં ઢાંકેલી ડિશ)

સરલા : અરે આવ આવ બેટા કવિતા! (ડિશ ઉઘાડે) અરે વાહ ગરમાગરમ ઉપમા! શું વાત છે! (રિયા નાહીને આવે છે. સરલા રસોડામાં ઉપમા મૂકવા જાય ને પાછી આવે છે) જો રિયા, આ કવિતા છે; આપણાં નવાં પડોશી સવિતાબેનની દીકરી. પ્રકાશની સાથે જ કૉલેજમાં ભણે છે. ને કવિતા, આ રિયા, મારી સગી ભત્રીજી. (કવિતા જવા જાય) અરે એમ ક્યાં જાય છે? થોડી વાર બેસ. રિયાનેય ગમશે. (કવિતા બેસે છે)

રિયા : ચાલો, મસ્ત સ્નાન થઈ ગ્યું. (બેય બાપ-દીકરો થોડા ટેન્શનમાં) અરે કાંતિકાકા, તમે બધાં આમ ચિંતામાં કેમ છો? એની પ્રોબ્લેમ?

કાંતિ : આ જો ને તારો પર્ટીક્યુલર ભાઈ! મેં એને ૪ દી અગાઉ જ કીધું હતું કે બિલ ભરી આવ, પણ ભાઈ બહુ બીઝી ખરા ને! લાઈટનું બિલ ભરવામાં મોડો પડ્યો.

પ્રકાશ : ઓ રિયા, તું સ્ટેશને મને પૂછતી હતી ને કે તું બિલ ભરવા લાંબી લાઇનમાં ઊભો કેમ રહ્યો? તો સાંભળ. આજ બિલ પે કરવાનો છેલ્લો દિવસ. ઊભવું જ પડે એમ હતું, નહિતર કનેક્શન કપાઈ જાય.

રિયા : ધોબીનો કૂતરો, ન ઘરનો, ન ઘાટનો.

કાંતિભાઈ : સાવ સાચું. એને કેટલીય વાર સમજાવ્યું તોયે..! ગધેડો સો વાર ગંગામાં ન્હાય, તોય ઘોડો ન થાય.

સરલા : હા, એ જ ને? ગમે તેટલું કહો તોય ભેંસ આગળ ભાગવત..

પ્રકાશ : એક મિનિટ, તમે બધાં પહેલાં એ નક્કી કરી લ્યો કે હું ગધેડો છું, કૂતરો છું કે ભેંસ.. કે પછી માણસ??

કાંતિભાઈ : બેટા પ્રકાશ, બીજાની તો ખબર નથી, પણ એટલું

તો પાકું કે તું ભેંસ તો નથી જ. (સરલા સામે જુએ છે) એક ઘરમાં બે ભેંસ ન પોસાય હો. ('મેરી ભેંસ કો દંડા ક્યું મારા?' ગીત વાગે છે. સરલા નાસ્તો લાવી બધાંને આપે. બધાં નાસ્તો કરે છે)

સરલા : (હસીને) રહેવા દ્યો, ન કહો મને ભેંસ. જો હું શબ્દોનું શીંગડું ઉગામીશ ને તો થઈ જશો તમે નરમઘેંસ. જલદી લગ્ન કરવામાં વધુ ઉતાવળું કોણ થતું'તું, બોલો?

પ્રકાશ : બેય..! હવે ભેંસને મૂકો તડકે. આ બિલનું કંઈક વિચારો ને? આ લાઇટનું બિલ તો ફાઇટ કરાવશે. હવે શું થશે? ચાલ, પાછો ત્યાં જઈ લાઇનમાં ઊભો રહું...!

રિયા : પોઝિશન ટાઇટ છે, રાઇટ? હવે કાંઈ નહીં થાય. ટાઇમ ઇઝ ઓવર. પ્રકાશના ઘરમાં અંધારું.(ટીંગ- કોમેડી મ્યુઝિક) કનેક્શન કટ. (ટીંગ-) પ્રકાશની પતંગ ચટ (ટીંગ) અરે, હવે જરાક હસો. એવું કાંઈ નહીં થાય. બિલ તો ક્યારનું ભરાઈ ગ્યું. 'ઓનલાઇન.' (મોબાઇલ ઊંચો કરી બતાવે છે) આનાથી..

પ્રકાશ : શું વાત કરે છે! અચ્છા! તેં સ્ટેશને મારી પાસે બિલ જોવા માંગ્યું ત્યારે જ..

રિયા : હા પ્રકાશ, ત્યાં ને ત્યાં જ, બે જ મિનિટમાં બિલ ચૂકતે. તમેય ગજબ છો હો! બિલ ભરવા લાઇનમાં ઊભા રહેવાય? એક તો લાંબી લાંબી લાઇન. કંટાળો આવે, ગુસ્સો ચડે, સમય બગડે. ને જો ધક્કામુક્કી થાય તો ઝઘડાની રેકર્ડ વગડે. આ બધી તકલીફ વિના બિલ ચૂકવી શકાતું હોય તો શા માટે હાથે કરીને હેરાન થવાનું?

કાંતિ : એક મિનિટ રિયા, તું પેલી કેશલેસની વાત તો નથી કરતી ને? હમણાં તો ચારેબાજુ બસ એની જ વાત સંભળાય છે. કેશલેસ કેશલેસ. (રિયા ઇશારાથી હા કહે)

સરલા : (પતિને) શું કહ્યું નેકલેસ? (રિયાને) હવે આ તારા કાકાએ એક નાનકડો કંદોરો પણ નથી અપાવ્યો, ને એ મને સોનાનો નેકલેસ અપાવે? રામરામ ભજો.

કાંતિ : (કપાળે હાથ મૂકી) અરે નેકલેસ નહીં, કેશલેસ કેશલેસ, બરાબર ને?

રિયા : હા કાંતિકાકા, કેશલેસના કેટકેટલા ફાયદા છે? એક તો તમે હમણાં જ જોયો ને? આમ કેવું ચપટીમાં લાઇટનું બિલ લાઇટ મૂડમાં ભરાઈ ગ્યું?

પ્રકાશ : એક મિનિટ. રિયા..તારી વાતમાં દમ છે. પણ બધાને આ થોડું આવડે? અભણ શું કરે? હાથમાં રોકડ હોય તો ફેર પડે, બાકી ક્યારેક તકલીફમાં મુકાવું પડે.

કવિતા : થોડા રોકડ વ્યવહારની ક્યાં ના છે? વળી જેને આવડે એ તો આ કરી શકે ને? ધારો કે તમારે કોઈને બે લાખ દેવાના છે. તમે બૅંકમાંથી ઉપાડીને આપવા જાવ તો એ માટે બૅંકમાં જવું, ચેક લખવો, રાહ જોવી. પછી પૈસા હાથમાં આવે ત્યારે સંભાળીને લઈ જવા, પછી પાર્ટીને દેવા જવા. લેણદારને ચેક આપો તો એનેય આ બધું કરવું પડે. આમાં પૈસાની અસલામતીની બીક. ચોરીની કે પડી જવાની શક્યતા. એને બદલે કેશલેસ કરો તો આમાંની એકેય ઝંઝટ કે ચિંતા નહીં. નાણાં, સમય, શક્તિની બચત. આ બધા ફાયદા જોઈ, ન આવડે એ પણ શીખવા માંડશે. ચેક, આર.ટી. જી.એસ., કે એનઈએફટી દ્વારા પેમેન્ટ. ઇન્ટરનેટ કે મોબાઇલ બૅંકિંગથી પણ આ થાય.

પ્રકાશ : વાહ કવિતા વાહ! પણ રિયા, આર. ટી. જી. એસ. ને નેફ્ટ એટલે શું?

રિયા : એટલે એમ કે તમે તમારું જે બૅંકમાં ખાતું હોય ત્યાં જઈ તમારા ખાતામાંથી બીજી કોઈ પણ બૅંકમાં બીજા કોઈના ખાતામાં રૂપિયા જમા કરાવી શકો. તમારા ખાતાની થોડી વિગતો, સામેવાળી પાર્ટીનું ને એની બૅંકનું નામ, એનો ખાતા નંબર ને એનો આઈ.એફ.એસ.સી.કોડ ફોર્મમાં લખી ચેક આપી દ્યો એટલે કામ પૂરું. એ પણ ઝડપી ને સલામત ટ્રાન્સફર.

કાંતિ : પણ રિયા, ધારો કે બૅંકમાં જવું જ ન હોય તો? કોઈ બહારગામ ભણતું હોય ને એનો મોડી રાતે ફોન આવે કે 'મારે પૈસાની જરૂર છે, મારા ખાતામાં જમા કરાવી દ્યો એટલે એ.ટી.એમ.થી ઉપાડી લઉં.' તો? બોલ, હવે આનો કોઈ ઉકેલ?

રિયા : અપનકે પાસ હર સમસ્યા કા ઉકેલ હૈ ક્યાં સમજે! આ શું છે મારા હાથમાં?

પ્રકાશ : હાથમાં રેખા છે, મગજની રેખા જ નથી એમાં. ચાર આંગળી છે, ને એક અંગૂઠો, જે તું ઘણાને બતાવે છે.

કાંતિ : પ્રકાશ, તું એને વચ્ચે ટોક મા ને! મને સમજવા દે બરાબર.

રિયા : ના ના કાંતિકાકા, જો આ પકલોચકલો મને આમ ખીજવે નહીં ને તો મારો દિવસ જ ન ઊગે, ('મેરે ભૈયા, મેરે ચંદા, મેરે અનમોલ રતન, તેરે બદલે મેં ઝમાનેકી કોઈ ચીઝ નહીં' ગીતનું મુખડું વાગે) શું સમજ્યા?

કાંતિ : સમજી ગયો. ને તે એ કે તમારી ભાઈ-બહેનની વાતમાં મારે વચ્ચે ન જ પડાય. ગમે તે કરો, બેય એકબીજાની જ ભેર તાણશે. (હરખનાં આંસુ લૂછે.)

કવિતા : (રજા લે) કાકી હવે હું જાઉં. આવજો. સૌને જય શ્રીકૃષ્ણ. (જાય છે)

રિયા : કાકા, હવે તમારા સવાલનો જવાબ આપી દઉં. જે કામ બૅંકમાં જઈ કર્યું, એ જ કામ ઘેરબેઠા મોબાઈલ સ્ક્રીન પર કરવાનું, સિમ્પલ! લેણદારના ખાતામાં રૂપિયા ક્રેડિટ ને દેનારના ખાતામાં ડેબિટ થઈ જાય. ઘેરબેઠા, આંગળીના ટેરવે ને એ પણ થોડી જ વારમાં. આ છે કેશલેસ ક્રાંતિ. ભીમ પે, ભારત પે, ગૂગલ પે, Paytm, એમેઝોન.. આ બધા વિશે તમે કાંઈ જાણો છો?

સરલા : હા, ટી.વી.માં એની જાહેરાતો પણ આવે છે. પ્રકાશે એનો મોબાઈલ પણ ઈવડા ઈ એમેઝોનમાંથી જ મંગાવ્યો હતો. મારું હાળું આ તો ભારે કૌતુક. હાથમાં રોકડા ન હોય તોય મનગમતી વસ્તુઓ ગમે તેટલા દૂરથી ઘેરબેઠા પહોંચી જાય, કોઈના ખાતામાં પૈસા જમા થઈ જાય; ઓનલાઈન!

પ્રકાશ : એ બધું સાચું મમ્મી, પણ આમાં જોખમ છે, એનું શું? સાઈટ કે પાસવર્ડ હેક થઈ જાય, ચોરાઈ કે ભુલાઈ જાય.(આ દરમિયાન કાંતિભાઈ છાપું હાથમાં લઈ વાંચે)

સરલા : જોખમ ક્યાં નથી? આ માણસ કે જીવનનોય ક્યાં કાંઈ ભરોસો છે! આ પેલા જીવનભાઈ ફટાકડાવાળા નહીં? એને ઓચિંતો હાર્ટએટેક આવ્યો ને એનો ફટાકડો ફૂટી ગયો. મરણને શરણ! રિયા, એને નખમાંય રોગ નહોતો. એયને મજાના ખુરશીમાં બેઠાબેઠા લહેરથી છાપું વાંચતા હતા; અસલ આ તારા કાકાની જેમ..!(ટીંગ-મ્યુઝિક) (કાંતિભાઈ ચમકે. ઊભા થઈ જાય, છાતી પર હાથ રાખે.) હવે એમ ઊભા થઈ જાવ મા. તમને કાંઈ નહીં થાય. હું બાર વરસની બેઠી છું ને?

કાંતિ : અરે સરલા, બાર નહીં, બાર ગુણ્યા ચાર.. ઉડતાલીસ વર્ષની.

સરલા : એ જે હોય તે, પણ રિયા, હવે તો મનેય ઈવડું ઈ કેશલેસ શિખવાડજે. (કાંતિભાઈ સામે જોઈને) હુંય ઓનલાઇન સાડીઓ, જ્વેલરી વગેરે મંગાવીશ. કેશલેસ. એમાં કેટલા બધા ટકા ડિસ્કાઉન્ટ મળતું હોય છે, નહીં?

કાંતિ : તો તો હું કેશલેસ થઈ જઈશ.(માથે વાળ પર હાથ ફેરવે છે. (કોમેડી ટોન) કેશલેસ ક્રાંતિ ને કેશલેસ કાંતિ! ઝાઝા ટકા વળતર લેવામાં મારો ટકો થઈ જશે.

રિયા : ને હા પકલાચકલા, તું કહેતો'તો ને કે પાસવર્ડ વગેરેનું જોખમ? તો એનાય રસ્તા છે. અમુકઅમુક સમયે પાસવર્ડ બદલતાં રહેવું ને એ કોઈને આપવો નહીં. આજકાલ ફોન પર ખૂબ ચીટિંગ થાય છે. (પ્રકાશ રિયાની પાછળ ઊભી એના ચાળા પાડે) 'હું ફલાણો અધિકારી બોલું છું. તમારું એ.ટી.એમ. કાર્ડ બ્લોક થઈ ગ્યું છે. તમારો કાર્ડ નંબર ને પિન નંબર આપો. એક ઓ.ટી.પી. આવશે એ આપજો.' એમ જો કોઈ કહે તો એને એવી એક પણ વિગત દેવાની નહીં, અજાણી લિંક પણ ન ખોલાય, નહિતર આપણા ખાતામાંથી પૈસા ઊપડી જાય. બને તો પોલીસને જાણ કરવી એટલે ઠગ પકડાઈ જાય; આમ.. (રિયાનું પ્રકાશ પર ધ્યાન જતાં એ એને સોફા પર બેસાડી દે છે) ડેબિટ કાર્ડ કે નેટ બૅંકિંગ દ્વારા ટેલિફોન, એલ.આઈ.સી., લાઈટનું કે બીજું કોઈ પણ બિલ

ચૂકતે. બૅંકમાં કે બીજી ઑફિસમાં જવાની જરૂર જ નહીં ને? રેલવે-બસ-પ્લેનની કે સિનેમાની ટિકિટ ઓનલાઈન મળી જાય. તમારો ને સામેવાળાનો સમય બચે, જોખમ ટળે. કોઈ ભૂલી જાય કે આડો ચાલીને એમ કહે કે 'તમે પૈસા આપ્યા જ નથી' તો સજ્જડ ડોક્યુમેન્ટરી પ્રૂફ. બેયનાં ખાતાંમાં એન્ટ્રી બોલે, (અચાનક બારણે ત્રણ-ચાર વાર ડોરબેલ વાગે. સરલા બારણું ખોલે છે)

વિદિશા : પ્રકાશ ઘરમાં છે કે? (એની સાથે બીજાં મિત્રો: ઈશાન- અદિતિ)

રિયા : (પ્રકાશ સામે હાથેથી ઈશારો કરી ધીમેથી કહે છે) આ એ જ ને? પેલી બિલને બદલે દિલવાળી? (પ્રકાશ રિયા સામે ખોટેખોટી આંખો કાઢે છે.)

વિદિશા : પ્રકાશ, તું બધું મૂકીને જલદી અમારી સાથે હૉસ્પિટલે ચાલ. મારા પિતાજીને.. (ગળે ડૂમો ભરાય છે, પ્રકાશ સાંત્વના આપે છે. હૉસ્પિટલ જવા દોડે છે)

કાંતિભાઈ : (અંદરના રૂમમાં જઈ રૂપિયા લાવે છે ને પ્રકાશને આપતાં કહે છે) લે આ દસ હજાર રૂપિયા રાખ. કામ લાગશે. (બાપ-દીકરા પરસ્પર હેતભરી નજરે જુએ છે.)

રિયા : ઊભો રહે. હુંય આવું છું. એક કરતાં બે ભલા. ઝાઝા હાથ રળિયામણા.

સ્થળ : હૉસ્પિટલનું સ્વાગત-કાઉન્ટર. એની પાસે વિદિશાનાં મિત્રો ઊભાં છે.

ડૉ.બાટલીવાલા : જુઓ, પેશન્ટની હાલત નાજુક છે. તાત્કાલિક ઓપરેશન કરવું પડે એમ છે. બટ, યુ નો. આપણે હૉસ્પિટલના રૂલ ફોલો કરવા જ પડે. પ્લીઝ ડિપોઝિટ રૂપિઝ ફોર્ટી થાઉઝન્ડ કેશ. જલદી કરો એટલે અમે ટ્રીટમેન્ટ શરૂ કરી શકીએ.

રિયા : ડૉ.માટલીવાળા..

ડૉક્ટર : ડૉ. માટલીવાળા નહીં, ડૉ. બાટલીવાલા.(વિદિશાને નજીક બોલાવી બીજાથી દૂર જઈ એને કશીક સૂચના આપી પાછા આવે. વિદિશા વોર્ડમાં જાય) બોલો.

અદિતિ : સાહેબ, પૈસા અમે મોબાઈલથી હમણાં જ તમારા ખાતામાં ટ્રાન્સફર...

ડૉક્ટર : સોરી મેમ, આઇ વોન્ટ કેશ.

અદિતિ : રોકડાનો જ આગ્રહ શું કામ? ઓનલાઇન પેમેન્ટ સ્વીકારવામાં શું વાંધો?

ડૉક્ટર : તમે સમજો. તો મારે એ રકમ મારી આવક તરીકે ચોપડે બતાવવી પડે.

રિયા : તો ડૉક્ટર એમાં ખોટું શું છે? અમે આપીએ છીએ ને તમે લ્યો છો એ જાહેર કરવામાં શું વાંધો? તમે આ રીતે ના ન કહી શકો.

ડૉક્ટર : સોરી મેમ. દલીલ કરવાનો કોઈ અર્થ નથી. આઇ ડોન્ટ હેવ ટાઇમ.

ઈશાન : ડૉક્ટર, ટ્રીટમેન્ટ તો અહીં જ થશે ને એ પણ કેશલેસ, અન્ડરસ્ટેન્ડ? (બધા ઈશાનના સૂરમાં સૂર પુરાવે) હા, હા, બરાબર છે. યુ આર રાઇટ ઈશાન.

અદિતિ : ડૉક્ટર ખાટલીવાલા...(ટીંગ કોમેડી મ્યુઝિક)

ડૉક્ટર : નો ખાટલીવાલા, આઇ એમ ડૉ. બાટલીવાલા.

પ્રકાશ : ખાટલી હોય, બાટલી હોય કે પાટલી, અમે પાટલી નહીં બદલીએ. (ઊંચા અવાજે) હા, ડૉ.બાટલીવાલા, તમે અમને બાટલીમાં પૂરવા માંગો છો એમ? જો મોડું થવાથી દર્દીને કંઈ પણ નુકસાન થયું તો એ માટે જવાબદાર તમે જ હશો.

ડૉક્ટર : (હસીને હાથ ઊંચો કરે) ઓ.કે.તમે હૉસ્પિટલના એકાઉન્ટમાં પૈસા ઓનલાઇન જમા કરી શકો છો ને એ પણ માત્ર દશ હજાર જ. હા, આ ટ્રસ્ટની હૉસ્પિટલ છે એટલે એટલો જ ખર્ચ થશે. (બધા વિજયી મુદ્રામાં અંગૂઠો ઊંચો કરે) ને તમારી જાણ ખાતર કે ટ્રીટમેન્ટ તો ક્યારની શરૂ પણ થઈ ગઈ છે, હું તો તમને બધાંને ચેક કરતો હતો કે તમે તમારી વાત પર અડગ રહો છો કે નહીં? વેલ ડન ફ્રેન્ડસ. હવે તો ઘણી હૉસ્પિટલોમાં કેશલેસ ટ્રીટમેન્ટ થાય છે. અમે તબીબો હંમેશાં એની સાથે છીએ ને હશું. ચાલો, હવે આ ઑપરેશન કરવાનો સમય થઈ ગયો છે.

નાઉ બી રિલેક્સ એન્ડ એન્જોય.(સૌ તાળી પાડે. સંગીત વાગે. થોડો સમય જાય)

વિદિશા (વોર્ડની બહાર આવે) 'પ્રકાશ, પિતાજીને ભાન આવી ગયું. કાલે તો એમને રજા પણ આપી

દેશે. તમારો સૌનો આભાર. તમે બધાંએ મને..' (હરખનાં આંસુ. પ્રકાશ વિદિશાના ખભે હાથ મૂકે, સૌને ચીયર અપ કરવાનું કહે. સૌ તાળી પાડે)

રિયા : જોયું? ડૉક્ટર, વકીલ, જમીન-મકાનના માલિક, કોન્ટ્રાક્ટર, વેપારી વગેરે સૌ રોકડેથી નહીં, પણ ચેક કે મોબાઇલ વગેરે દ્વારા રકમ ટ્રાન્સફર કરે તો બ્લેક મનીનો સફાયો. સફેદ નાણાં ને ટેક્સની આવક વધશે, જે રાષ્ટ્રના હિતમાં વાપરી શકાય. ચાલ, વિદિશા, હવે રાતે મળીએ. (બધાં હૉસ્પિટલની બહાર જાય. દૃશ્ય બદલાય છે)

સ્થળ : કાંતિભાઈ-સરલાબેનના ઘરનો દીવાનખંડ. સમય સાંજના પાંચ.

રિયા : (મોબાઇલમાં મેસેજનો ટોન વાગે. મેસેજ વાંચી ચમકે છે) અરે, આ મારા ખાતામાં પૈસા કોણે જમા કર્યા? મારા મોબાઇલમાં મેસેજ આવ્યો!

કાંતિ : રિયા, તું ભૂલી ગઈ? તેં તારા મોબાઇલ દ્વારા અમારું લાઇટનું બિલ નહોતું ભર્યું? એ પૈસા મારે તને પાછા તો દેવાના કે નહીં?

રિયા : એટલે તમે મને એ પૈસા કેશલેસના માધ્યમથી આપ્યા? તમને આવડી ગ્યું? વાહ કાકા, હવે તમે કેશલેસ સાચા.(કાકાને તાળી દે, પછી વિચારે ચડે) અરે પણ મેં તો બિલના ૧૨૦૦ રૂપિયા જ ભરેલા! આમાં તો ૧૭૦૦ જમા થયા છે! તમે ભૂલ કરી.

સરલા : ના, તારા કાકા બહુ પાકા છે. એણે ભૂલ નથી કરી. દીકરી, એણે જાણીજોઈને તને વધારે પૈસા આપ્યા છે. તું એની વહાલી ભત્રીજી ખરી ને?

કાંતિ : ના હો. હું એને ભત્રીજી ગણતો જ નથી, હ! (હસીને) અરે, હું તો એને સગી દીકરી જ ગણું છું. મારે તને બિલના પૈસા જ આપવાના, એમ? દીકરીને આપો એટલું ઓછું. આપણા કુટુંબમાં તું એક જ દીકરી છો. પ્રકાશની પણ તું એકમાત્ર બહેન, એટલે તો તને આટલું બધું વહાલ કરે છે તારો આ પકલોચકલો. ને તું પણ..!
(ભાઈબહેન હસીને સામસામી તાળીઓ આપે છે)

પ્રકાશ : હવે તો હું પણ કેશલેસ અપનાવીશ. આ કેશલેસ નહીં, પણ લાઇનલેસ વ્યવહાર છે. લાંબો સમય લાંબી લાઇનમાં ઊભા રહેવાના કપરા દિવસો હવે ગયા.

સરલા : કેશલેસ ક્રાંતિ સારી, પણ બાહ્ય વિકાસ પાછળની આંધળી દોટ પણ નકામી. પેમેન્ટ ઓનલાઇન ભલે થાય, સંબંધો નહીં. હું અનાજ વગેરે ચીજવસ્તુઓ રૂબરૂ જઈ સ્થાનિક લોકો પાસેથી ખરીદું છું. એનેય બે પૈસા મળે ને જીવતા માણસો સાથે સંપર્ક પણ રહે. કોઈ સગું કે જાણીતું જો મૃત્યુ પામે તો હું મોબાઇલમાં 'ૐ શાંતિ' એટલું જ લખીને વાત પતાવતી નથી. દિલાસો રૂબરૂ દેવા જવાનો હોય. આપણા દેશની ભવ્ય સંસ્કૃતિને માણસની અંદરના સદ્ગુણો વિસરાય નહીં એ પણ જોવાનું જ હો!

કાંતિ : સરુ, તેં ઘણી સારી વાત કરી. નવી ટૅકનોલૉજીનું સ્વાગત છે, પણ એનો અતિરેક નકામો. મોબાઇલમાં દેખાતાં ફૂલથી સુગંધ ને તાજગી ન મળે. એ માટે તો સાચુકલાં ફૂલ પાસે જવું જ પડે. થોડી રોકડ ને જરૂરી અક્કલ પણ સાથે રાખવી સારી. હા, બાકી કેશલેસ સુવિધા છે તો સારી ને કામની હો! તો બોલો કેશલેસ ક્રાંતિની ને માથે કેશવાળા કાંતિની.. (બધાં જય બોલાવે છે)

રિયા : કાંતિકાકા, જૂનું -નવું..બેયમાં જે કાંઈ સારું છે એનો સમન્વય થાય, જો વધુ લોકો આમ ભલા ને પ્રામાણિક બને તો બહુ મજાનું, બરાબર ને મારા ચકલાપકલા? તો તો આપણા ભારત દેશના મહાન પાર્શ્વગાયક મોહમ્મદ રફીસાહેબે જે ગીત ગાયું છે તે ખરા અર્થમાં સાર્થક થશે. તે ગીત છે.. (મોબાઇલમાં 'જહાં ડાલડાલ પર સોને કી ચીડિયા કરતી હૈ બસેરા, વો ભારત દેશ હૈ મેરા..' ગીત વગાડે છે. બધાં પાત્રો સ્ટેજ પર સૌ આ ગીત સાથે ગાય છે. પડદો પડે છે.)

*૧, જલારામનગર, નરસંગ ટેકરી,*
*હીરો શોરૂમ પાછળ, ડૉ. ગઢવીસાહેબના*
*મકાન પાસે, પોરબંદર. ૩૬૦૫૭૫.*
*મો. ૯૪૨૬૧૬૪૯૮૮.*

# ચતુર હોય ઈ ચેતી જાજો...

*- નિરંજન રાજયગુરુ*

(રાજા-મહારાજાઓ-બાદશાહોના જૂના સમયમાં પ્રજાની વેદનાઓ ભવાઈના કલાકારો દ્વારા ભજવાતા વેશો દ્વારા વ્યક્ત થતી. એમાં તત્કાલીન સમયના પ્રશ્નોને વાચા આપવામાં આવતી અને રાજકર્તાઓ કે અધિકારીઓ પણ કોઈ પણ જાતનું ખોટું લગાડયા વિના એમની કલાને માણતા, પછી પોતાનો રાજવહીવટ સુધારવાના પ્રયાસો પણ કરતા. સાંપ્રત સમયની સામાન્ય લોકસમુદાયની અપરંપાર-અનેકવિધ સમસ્યાઓમાંથી એકાદ બે સમસ્યાઓને અહીં વાચા આપવામાં આવી છે. અહીં કોઈ ચોક્કસ વર્ગ, ધર્મ પંથ સંપ્રદાય, જ્ઞાતિ- જાતિ-વિચારધારા ઉપર કટાક્ષ નથી પણ સાર્વત્રિક ફેલાઈ રહેલા કળિયુગી વાયરાને ઉજાગર કરવાનો પ્રયાસ છે.

**પાત્રો :** રંગલો, રંગલી, ગુરુજી, સેવક-૧, સેવક-૨, સેવક-૩, યુવતી, પશાબાપા, રવલો, ચંદુ, બૂઢો અરજદાર, પ્યૂન. )

**પ્રવેશ : ૧**

(મુખ્ય પડદો બંધ છે, પડદો ઊંચો કરીને રંગલો સ્ટેજની આગળ બહાર આવે અને બોલવાનું શરૂ કરે.)

રંગલો : હીપ હીપ હૂર્ર....રે..... જોવાવાળા, સાંભળવાવાળા, દેખીને દાઝવાવાળા, સૌને સલામ... ઊભી સલામ.. બેઠી સલામ... આડી સલામ... ઊભી સલામ... ત્રાંસી સલામ.. સૂતી સલામ..... અમીર કું સલામ.... ગરીબ કું સલામ...

સાંભળજો...... આ સાદ સાંભળજો... ભાઈઓ... ભાભીઓ. બહેનો... બનેવીઓ... સાળાઓ. સાળીઓ કચ્ચાં-બચ્ચાં... બૂઢિયા જવાન... સહુ સાંભળજો...

રંગલી : (પડદા પાછળથી બહાર આવીને) એ રંગલા ! આ શેનાં ફિતૂર આદર્યાં છે ? તને ખબર્ય નથી ?? અટાણે તો શહેરમાં એકસો ને ચુમ્માલીની કલમ લાગી ગઈ છે? કરફ્યૂ લાગીને દેખો ન્યાં ઠારનો હુકમ છે ! ઈ ટાણે તું આ ટોળું ભેગું કરીને ચોક વચાળે ઊભો છો?... હમણે પોલીસ આવી જાશે તો તને.

રંગલો : પોલીસ! પોલીસેય બિચારી બંદોબસ્ત કરી કરીને થાકી ગઈ છે.... બે પાંચ માથાભારે આદમી આગેવાન થઈને નીકળે ને અબૂઝ બિચારા ઘેટાં એની વાંહે વાંહે માથાં ભંગાવે...

રંગલી : પણ જોજે હો!. ક્યાંક ઊંધું વેતરાય નહીં....

રંગલો : અરે! આખા સમાજને વેતરી નાંખ્યો છે... કોતરી નાંખ્યો છે...અટલે તો જગાડું છઉ આ સઉ સૂતેલાં મડદાંમાંથી કોક જાગે તો....

રંગલી : તયેં થઈ જાય તારો ખેલ.... પણ સાંચવજે હો!... અટાણે તો કેને કઈ વાતનું ખોટું લાગી જાય એની ખબર્ય નથી પડતી..

રંગલો : હા....ઈ......સાચું હો! રંગલી!....કોકને ધરમ-પંથનું ખોટું લાગી જાય..... કોકને નાત-જાતની લાગણી દુભાઈ જાય... ને ટોળેટોળાં ચડી બેસે બોલવાવાળાની માથે..

રંગલી : રંગલા !..... રંગલા !.. તયેં એનું કરવું શું ?...

રંગલો : જો તને ખાનગીમાં કઉ છું... સાચું બોલવું પણ સાંચવી સાંચવીને... શાસ્તર પુરાણમાં લખેલી વાતું કરવી હોય તોય બીતાં... બીતાં... કોને ખબર્ય કઈ વાતે, કિયા શબદે, કિયા અરથે કોકને ખોટું લાગી જાશે તો?....

રંગલી : રંગલા! જોજે હો... હમણે તો એવું કાંઈક ભૂલથીય બોલવાવાળાની જીભડી કાપવાનાં ઈનામેય જાહેર થાવા મંડયાં છે...

રંગલો : રંગલી! તું તો દી'માં દસવાર મને ખોટું લાગે એવું....

રંગલી : અટલે મારી જીભડી કાપવાનું ઈનામ તારે જાહેર કરવું છે ??

રંગલો : ના..ના..ના...... રંગલી! તું ગમ્મે એવું બોલે તોય મને કોઈ દી' ખોટું લાગ્યું ?..

રંગલી : ઠીક... ઠીક.. હવે બોવ વેવલીનો થામા... તે આ શેનો ખેલ માંડ્યો છે એની વાત

કર્ય ને !...

રંગલો : **નવો રંગ ને નવો રાગ, નવો વેશ ને નવો કેસ,**
**નવો ભરમ ને નવો મરમ... તાક્ થૈયા થૈયા તાક્ થૈ.....**

રંગલી : હવે ભાષણ દેતો બંધ થા... ને તારો આ પડદો ઉઘાડ્ય... જોઈ લંઈ તારા નવા ખેલ...

રંગલો : ખેલ ! અરે આ ખેલ જ છે ને જિંદગી ?... તને ખબર્ય છે?... ધરમમાં વેપાર ઘરી ગ્યો.. શિક્ષણમાંય વેપાર..... ન્યાયની તો દુકાનું મંડાઈ ગઈ ! ને આરોગ્યમાં..? દવાયું ને ઈન્જેકશને ય બનાવટી!

રંગલી : રંગલા ! તેં ઓલ્યા ટીવીમાં સાંભળ્યું ? દાકતરેય બનાવટી.... પોલીસ બનાવટી... અધિકારી ને ઓફિસુંય બનાવટી !.. બિચારી સરકાર કેટલાકને પોગે?... હવે તો પરજા જાગે તો મેળ પડે.. પણ હંધાયને જોઈ છી સત્તા ને સંપત્તિ...

રંગલો-રંગલી : (નાચતાં નાચતાં ગાય છે..)
**જો જો રે તમે આ જગ માં ય....**
**ગાંધીબાપુના રામરાજમાંય...**
**તરસ્યાં ને કોઈ નો પાણી રે પાય... અને**
**ભૂંગળ વિનાની ભજવે ભવાઈ....**
**તાક્ થૈયા થૈયા તાક થૈ..**

(પડદા પાછળ જાય....)

## પ્રવેશ : ૨

(પડદો ખૂલે.એક સિંહાસન પર ગુરુજી બેઠા છે. બે ચેલકા પંખાથી હવા નાંખે છે, એક ચેલકો ઝૂલાને હીંચાવે છે, પડખે બે સ્ટેનગન લઈને અંગરક્ષકો ઊભા છે... સામે પાંચ-દશ યુવાન-યુવતીઓ બેઠાં છે.)

સેવક-૧ : પછી ગુરુજી! ઓલાનું પતાવી નાખ્યું હો!...

ગુરુજી : શેનું? કોનું પતાવ્યું ? કાંઈ બે પાંચ હોય તો મને યાદ આવે...

સેવક-૧ : તે દી' ઓલ્યા કવિએ નો'તું જોડકણું ગાયું?..

ગુરુજી : કવિ...? આયાં તો કવિયુંના ઢગલા આવે છે..

સેવક-૨ : ગુરુજી ! ઓલ્યાને નો'તો લબડાવ્યો? જેને મોટું કવર ને સનમાન જોતું' તું?

ગુરુજી : હા.... થઈ જાય... કર્યેક ઉતાવળ થઈ જાય. બાળક તો બોલે. ઈ માળો થોડોક વધારે અથરો થઈ ગ્યો'તો.. પછી કેમ પતાવ્યું એનું ..?

સેવક-૧ : ગુરુજી ! રાજી કરી દીધો.... ને કીધું કે આવતા વરસે એકાદ એવોર્ડનું ફરફરિયું તારાય હાથમાં હશે... તું ગુરુ માત્યમનાં ભજન લખવા મંડય...

ગુરુજી : ઠીક...ઠીક... એવા હોય એને સાંચવી લેવા...

સેવક-૩ : પણ ગુરુજી! ઓલ્યા મહંતબાપુ હમણાં બોવ આડા હાલે છે હો! જયેં ને તયેં આપણું આડુંઅવળું બોલ્યા કરે...

ગુરુજી : એમ ! ઈ કાછડીછૂટનું સ્ટિંગ કરાવી નાંખો. મિસ... ને સોંપી ધ્યો ઈ કેસ.. મહિના દી'માં ફેંસલો. ને ઢીલી ઘેંસ જેવો...

સેવક-૨ : ગુરુજી! આવતે મહિને ગુરુપૂન્યમ આવે છે. દસેક લાખ માણસો આવશે.. આ ફેરે એમ કરીએ, ખાલી મંડપ ભાડેથી મંગાવીએ.. ખુરશી, પંખા, પાટલા, ખાટલા, ગાદલાં, તકિયા, ચાદર ઈ બધુંય જથ્થાબંધ કારખાનેથી લોટના ભાવમાં લઈ લેશું.. ઉજવણી પૂરી થાય અટલે પરસાદીના કહીને બજારભાવથી દોઢી કિંમતમાં....

ગુરુજી : અરે ! મારા ચેલકાંવ તો હોંશે હોંશે પતરાંની ડોલું ને પિલાસ્ટિકના ડબલાંય લઈ જાશે.. આ તને ઠીક સાંભર્યું હો...!

સેવક -૧ : ગુરુજી ! ઈ ટાણે જુદાં જુદાં ગામનાં સેવક-સેવિકાઓને તૈયાર કરવાં પડશે. ટ્રેનિંગેય દેવી પડશે. નક્કી કરી કરીને પરચા પાકા કરાવવા પડશે...

ગુરુજી : ઈ તો ઓલ્યા પ્રોફેસર ને પત્રકારો બધુંય ગોઠવી દેશે..

સેવક -૨ : ગુરુજી! આપણા યજ્ઞકુંડમાં ભસ્મ ખલાસ થઈ ગઈ છે.. ઈ ટાણે ભક્તજનોને પ્રસાદીનાં પડીકાં કેમ દેશું?

ગુરુજી : સામેના સ્મશાનમાંથી રાતે રાખના કોથળા...

સેવક-૧ : પણ ન્યાં ચોકીદાર !..

ગુરુજી : એલા તું તો સાવ ડફોળ જ રયો.... ચોકીદારને કે'વું કે અમારા બગીચામાં આંબાના ખામણામાં રાખ નાંખવાનું વન વિભાગના અધિકારીએ કીધું છે...

સેવક-૨ : પણ એમાં તો હાડકાંની કણીયું હોય ???

ગુરુજી : અરે ! ઈ રાખ ચાળી નાંખવાની... આ આશ્રમની બાયું શું કામની છે ? ઈ પેકેટ તૈયાર કરી દ્યે પછી ઉપર સ્ટિકર મારી દેવાનાં.....

સેવક-૧ : જો સાંભળ્ય.... ઓલ્યા કોમ્પ્યૂટરવાળાને કે'જે...કલર પ્રિન્ટમાં... 'પૂજ્ય ગુરુદેવના વૈદિક મહાકાલ તંત્રયજ્ઞની પવિત્ર ભસ્મ. તમામ પ્રકારની શારીરિક-માનસિક આધિ, વ્યાધિ, ઉપાધિ માટે અકસીર ઇલાજ..' એટલું લખીને સ્ટિકર છાપી નાંખે...

ગુરુજી : (એક યુવતી સામું જોઈને.) લતા! નવા મહિલામંડળના શું હાલચાલ છે ?

યુવતી-૧ : ગુરુજી! નવા મહિલામંડળમાં પાંચસો છોકરીયું જોડાઈ ગઈ છે. એને મહિને બે હજારનો પગાર નક્કી કર્યો છે.. ગામડે ગામડે ફરીને ઈ આપણા પંથની શાખાઓ ખોલીને પ્રચાર કરશે..મંદિરો બંધાવવા ફાળો ઉઘરાવશે... ઈ સારું નવા સાહિત્ય, નવી વ્રતકથાઓની બે લાખ નકલ છપાવી નાંખી છે.

ગુરુજી : જૂનાં બૂટ-ચંપલ, જૂનાં વાસણ-કુસણ, જૂના કપડાંલત્તાં, જૂનાં ચોપડા ને છાપાંની પસ્તીય ઉઘરાવવાનું કહી દેવાનું...

(પડદો પડે)

## પ્રવેશઃ ૩

**રંગલો આવ્યો રમતો ભમતો, હાથમાં લઈને થાળી,**
**સમજણહારા સમજી જાજો, ભેદ અગમના ભાળી..**
**આવ્યા હૈ સો જાયેગા, રાજા રંક ફકીર,**
**કો સિંહાસન ચડ ચલે, કો બાંધે જંજીર...**
**તાક્ થૈયા થૈયા તાક્ થૈ......**
**બાહિર સંત કહાવત સજ્જન, ભીતર મન દૂજો બતલાવે,**
**ગુણ ન દોષ લિયે સંગ ડોલત, છાંડિ આરાધ, વિરોધ કમાવે,**
**કોઈ કો નિંદત, કોઈ કો વંદત, થાપ ઉથાપ ભૂલે ભરમાવે,**
**આતમ બ્રહ્મ ચિન્યા બિન મૂરખ, ધનીકો છોડકે ધક્કા ખાવે,**
**'લાલ' કહે સતનામ સહી કર, આપમેં ખોજતે આપમેં પાવે..**

રંગલો : જોયું રંગલી! કળજગ કેવો આંટો મારી ગ્યો છે! ધર્મ ગુરુઓય એકબીજાની હરીફાઈમાં ને સંપત્તિની લાહ્યમાં સમાજને અવળે મારગે દોરી જાય છે !

રંગલી : રંગલા! રંગલા ! એમાં એનો વાંક નથી. ખાવાનાં ખોટાં... આહાર એવો ઓડકાર.... પેટમાં પડેલાં ઝેર તો એવાં કામાં જ કરાવે ને?...

રંગલો : રંગલી ! ઓલ્યા પશાબાપા કેદુના વાડીએ આવજે. વાડીએ આવજે .. એમ કે'તા' તા.. હાલ્ય ને આંટો મારી લઈ..

(પડદા પાછળ જાય....)

## પ્રવેશ : ૪

(પડદો ખૂલે. સ્ટેજ પર વાડીનું દશ્ય.. એક ખાટલા ઉપર પશાબાપા બેઠા છે. એક હાથમાં મોબાઈલ લઈને ગોગલ્સ પહેરેલો ફેશનેબલ યુવાન આંટા મારે છે..)

પશાબાપા : એલા રવલા ! આ યુરિયા ખાતર ક્યાંય મળતું નથી, પાંચ-દશ થેલી ગોતી કાઢય ને! ઓણ ખેતરમાં નાંખશું શું? ભલે કાળાબજારના ભાવ દેવા પડે.. ગોત્ય.... ગોત્ય...

રવલો : બાપા ! તમને ખબર્ય છે ? યુરિયાની થેલીયું ક્યાં જાય છે ?... ઈ ખેતરની ખેડયમાં નહીં, માણાનાં પેટમાં જાય છે....

પશાબાપા : એલા ટાઢા પો'રના રે'વા દે... માણાં કાંઈ ખાતર થોડા ખાઈ જાય ?..

રવલો : બાપા! તમને ઈમાં ખબર્ય નો પડે... ખાતરની થેલીયું જાય દૂધને કારખાને.. યુરિયાના પાણીમાંથી તો દૂધની કોથળીયું ભરાય છે..

પશાબાપા : દૂધનું કારખાનું !....

રવલો : બાપા! આ તમે માવાના પેડા.. ને બરફી... ને ગુલાબજાંબુ... ને શિખંડ. ને આઇસક્રીમ ખાવ છો ઈ શું ગાય-ભેંસના દૂધમાંથી થાય છે? .. રામ રામ ભજો.. કોકદી' છાપાં વાંચો...

પશાબાપા : પણ કાંઈ હંધાય ખાતરનું દૂધ નહીં બનાવતા હોય !

રવલો : બાપા ! સવાર સવારમાં તમને ગાંઠિયાનો ચહુડકો છે ને !.. આ ગાંઠિયા - ભજિયાંવાળા યુરિયાની થેલીયુંની થેલીયું ઉપાડે છે ઈ શેના હારું..?

(ચંદુનું આગમન)

પશાબાપા : આવ્ય.. આવ્ય.. ચંદુડા..એલા ચંદુડા! આ રવલો શું કહે છે... દૂધનું કારખાનું ?...

ચંદુ : બાપા! દૂધનું જ નહીં... ગાયના દેશી ઘીનાંય કારખાનાં ઊભા થ્યાં છે... અટલે તો આપણા ખેતરમાં રંજાડ કરતા ભૂંડણાય ઓછાં થઈ ગ્યાં...!

પશાબાપા : એલા કારખાનું તો વેજિટેબલ ઘીનું હોય... શું ભૂંડણાને દોવા મંડયા...?

રવલો : ના, બાપા... ના... ઈ ભૂંડણાંની ચરબીમાંથી બને ગાયનું ઘી. તમે મોટે ઉપાડે મંદિરેથી પરસાદીની સુખડી લયાવ્યા'તા ને..? ખબર્ય છે?.. કાયમ દસ ડબા ઘીની સુખડી મંદિરેથી વેચાય છે.. ઈ ઘી તો આવે છે કારખાનામાંથી....

પશાબાપા : રામ...રામ...રામ. તયેં ઈને પોલીસ પકડે નહીં..?

ચંદુ : બાપા ! પકડે તો ખરા... કારખાનાને સીલ લાગી જાય.. પણ ચોથે દી' ત્રીજી શેરીમાં પાછું કારખાનું ધમધમતું હોય..

રવલો : બાપા ! રામ..રામ..રામ... બોલો મા. રામ બોલો ભાઈ રામ.. બોલો..

ચંદુ : બાપા! તમારો ભેરુબંધ છે ને છગન આતો ! લહણ-ડુંગળી તો નો ખાય પણ પાણીય કૂવામાંથી હાથે સીંચીને પીવે... એના છોકરાયે વાડીયે કૂકડા કેન્દ્ર કર્યુ છે.. અઠવાડિયે અઠવાડિયે ન્યાં નાચ-ગાન-જલસાની ને કૈંક નોખી ભાતની મે'ફિલું થાય છે... સમજ્યાં કાંઈ..?...

પશાબાપા : ના... ના... મારે નથી સમજવું.. અરે! ઠાકર! આવો કળજગ..?

(પડદો પડે)

## પ્રવેશ : ૫

રંગલો : રંગલી ! જોયું ને... ખેતરના ખાતરેય માણાં ખાઈ જાય... ખબર્યેય નો પડે એમ માણાં અખાજી થાતા જાય છે...!

રંગલી : બસ... બસ... રંગલા! હવે નથી જોવાતી તારી આ ભવાઈ..! ધોળા ધરમેય નથી જોવા તારા ખેલ... તું જોયા કર્ય... મારે તો આંખ્યે પાટા બાંધી દેવા છે..

રંગલો : અરે હજી કયાં આ ભવાઈ પૂરી થાય એમ છે ..? આંખ્યે પાટા ..? ખબર્ય છે ? આંખ્યે પાટા બાંધીને તો મહાભારતનો કાળો કેર કરાવ્યો 'તો..

**બંદા બાજી જૂઠ હે, મત સાચી કર માન,**
**કહાં બીરબલ ગંગ હે, કહાં હે અકબર ખાન,**
**કહાં હે અકબર ખાન, ભલાકી રહે ભલાઈ,**
**કહે દીન દરવેશ, સૂન બે ગાફીલ ગંદા,**
**મત સાંચી કર માન, જૂઠ હે બાજી બંદા..**
**તાક્ થૈયા થૈયા તાક્ થૈ......**

## પ્રવેશ : ૬

(પડદો ઊઘડે)

(સ્ટેજ પર સરકારી ઑફિસનો દરવાજો, દરવાજા પાસે સ્ટૂલ ઉપર ટોપી પહેરીને પ્યૂન બેઠો બેઠો તમાકુ ચોળે છે. એક અદ્યતન વસ્ત્રોવાળી યુવતી પ્રવેશ કરે, પ્યૂન સલામ ભરીને દરવાજો ખોલે, યુવતી અંદર જાય..)

બૂઢો અરજદાર : (પ્યૂન સામે સલામ ભરીને) સલામ સાહેબ! મોટા સાહેબને મળવું છે..

પ્યૂન : કેમ ? શું કામ છે ?.. સાહેબ તો અત્યારે અગત્યની મિટિંગમાં છે.. કાલ્ય આવજો...

બૂઢો અરજદાર : પણ.. બાપુ..! મારાં કાચાં ખોરડાં માથે દેશી નળિયાં ફૂટી ગ્યાં છે ઈ પચા નળિયાં બદલાવવાં છે.. એની મંજૂરીનો કાગળ જોઈ છીં.. મારી મજૂરીની દાડી ખોટી કરીને આવ્યો છઉં.. સાહેબ! કાંક કરો ને..

પ્યૂન : અરજી લયાવ્યા છો ? જાવ દરવાજા બ્હાર ટેબલ નાંખીને વકીલો બેઠા છે. એની પાંહે

થી અરજી લખાવી આવો...

બૂઢો અરજદાર : પણ... ઈ તો... અરજી લખી દેવાના સો રૂપિયા માગે છે..!

પ્યૂન : માંગે જ ને?.. સરકારી મંજૂરી કાંઈ એમ ને એમ થોડી મળી જાય..?

બૂઢો અરજદાર : પણ સાહેબ ! હું ગરીબ માણસ....!

પ્યૂન : ગરીબ હોય કે સાવકાર.. કાયદો તો સહુને લાગુ પડે... ખિસ્સામાં જોર છે ને ? અરજી લયાવો, ઑફિસમાં અંદર જાવાના પચા મને દેવાના... ને સાહેબ માગે ઈ નોખા... જાવ... સગવડ કરીને આવજો...

બૂઢો અરજદાર : પણ સાહેબ!... પોણોસોના તો મેં જૂનાં કોકનાં ઊતરેલાં નળિયાં લીધાં.. હજી મારી એક બીજી દાડી ખોટી કરીને ચળામણની મજૂરી કરીશ તયેં મારા ઝૂંપડામાં પડતી મે'ની ધારાવાડી બંધ થાશે.. કાંક દયા કરો ને ?...

પ્યૂન : દયા....! બાપા!... કાયમ આયાં તો તમારા જેવાની લાઈનું છે... કોકને કુપન કઢાવવાં છે.. કોકને આવકનો દાખલો જોઈ છીં... એમ દયા કરવા બેસીં તો તો...

(પડદો પડે)

## પ્રવેશ : ૭

રંગલો : રંગલી....રંગલી..બોલ્ય હવે જોવું છે કાંઈ?... કીધું છે ને!

**બંદા બહોત ન ફૂલીએ, ખુદા ખમેગા નાંહી,**
**જોર જુલમ કીજે નહીં, મરત લોકકે માંહીં,**
**મરત લોકકે માંહી, તુજરબા તુરત દીખાવે,**
**જો નર કરે ગુમાન, સો નર ખત્તા ખાવે,**
**કહે દીન દરવેશ, ભૂલ મત ગાફલ ગંદા,**
**ખુદા ખમેગા નાંહી, બહોત મત ફૂલો બંદા..**
**તાક્ થૈયા થૈયા તાક્ થૈ.....**
**ના ધન નહીં યૌવન રહે, ન રહે ગામ કે ધામ,**
**તુલસી જમામેં જશ રહે, કરો કિસિ કા કામ... તાક્ થૈયા થૈયા તાક્ થૈ.....**

રંગલી : ના ..ના.. રંગલા !.. બસ કર્ય હવે. કોઈ તારા ખેલ જોઈને કે વાત સાંભળીને જાગી જાવાનું નથી.. મૂઈ ભેંસને દોવાનું રે'વા દે..

રંગલો : રંગલી..! બે પાંચની નીંદર ઊડે ને તોય ભયો ભયો... સાંભળ્ય :

**માખી કરે મધ ભેરો સદા તે તો, આન અચાનક ઓર હિ ખાવે,**
**કીડી કરે કણકું જિમ સંચિત, તાહુ કે કારણ પ્રાણ ગુમાવે,**
**લાખ કરોર કું જોર અરે નર, કાહે કું મૂરખ સૂમ કહાવે,**
**ધર્યો હિ રહેગો ઈહાં કે ઈહાં સહુ, અંત સમે કછુ સાથ ન આવે..**

રંગલી... રંગલી!..ભાવનગરના રાજકવિ રાજકવિ પિંગળશીબાપુ નરેલાએ લખ્યું છે?

**કરનેકી કરસેં કર પર ઘરસે, પાક નજરસેં ધર પ્રીતિ;**
**જપનામ જીગરસેં બાલ ઉમર સે ; જસ લે જર સે મન જીતી;**
**ગંભીર સાગરસેં રહે સબર સેં, મિલે ઉધર સે પરવાના ;**
**ચિત્ત ચેત સિંહાના ફિર ના આના, જગમેં આખર મરજાના....**
**મદનાં કર મનમેં મિથ્યા ધનમેં, જોર બદનમેં જોબન મેં**
**સુખ હે ન સ્વપનમેં જીવન જનમેં, ચપલા ધનમેં છન છન મેં**
**તજ વૈર વતનમેં દ્વેશ ધરન મેં, નાહક ઈનમેં તરસાના...**
**ચિત્ત ચેત સિંહાના ફિર નહીં આના, જગમેં આખર મરજાના...**

---

*આનંદ આશ્રમ ઘોઘાવદર,*
*તા. ગોંડલ, જિ. રાજકોટ, ૩૬૦ ૩૧૧*
*મો. ૯૮૨૪૩ ૭૧૯૦૪*

# માનવીય મનના આટાપાટા

# "હાથનાં કરેલાં લમણે વાગ્યાં"

- નમન મુનશી

**પાત્રો**

મધ્યમવર્ગીય કોઠારી પરિવારના પાંચ મેમ્બર, વડીલ ગોપાલદાસ કોઠારી (૭૦) તેનો દીકરો પ્રવીણ (૫૧), પ્રવીણની પત્ની રાધિકા (૪૮), પ્રવીણનો દીકરો વિરલ (૨૧) અને દીકરી સેતુ (૧૮).

પડદો ખૂલે છે. ગોપાલદાસ ખુરશીમાં બેઠા ચોપડી વાંચી રહ્યા છે... પ્રવીણ રૂમમાં આંટા મારે છે....

ગોપાલદાસ: તું આંટા મારે છે...ને ટાંટિયા મારા દુઃખે છે...

રાધિકા : જ્યાં સુધી લોટરીનું રિઝલ્ટ નહિ જોઈ લે... ત્યાં સુધી ઉકળાટ રહેશે...

પ્રવીણ : એ તો હવે દુખે...તમને રહ્યાં કેટલાં...? હું કાંઈ ચાલવામાં તમારા પગ વાપરું છું? નક્કી... પેપર પેલી સામેવાળી ડોશી લઈ ગઈ હશે... એને પૂછ્યા વગર લઈ જવાની આદત છે...

ગોપાલદાસ: હજી તો સવિતાનું બારણું પણ નથી ખૂલ્યું....

પ્રવીણ : તમે ત્યાં જ દૂરબીન સેટ કરીને બેઠા લાગો છો....

રાધિકા : બાપુજી સવિતા આંટીને અને બાપુજીનો બેટો મધુ ને... રૂપ કા પૂજારી...

પ્રવીણ : જો રાધિકા તને કહી દઉ છું...મધુનું નામ વચ્ચે ન લાવીશ...

રાધિકા : હજી ત્રણ દિવસ પહેલાં જ તેની થેલી ઊંચકીને આવતો હતો પ્યારેલાલ! મેં મારી આંખે જોયું છે

પ્રવીણ : હું તો પાડોશી ધર્મ નિભાવતો હતો...એ બિચારી બે કિલો ચોખા ઊંચકીને આવતી હતી.... છે...ક....ગલીના નાકેથી...

રાધિકા : ઓહો...બે કિલો ચોખામાં એના નાજુક કોમળ હાથ...તૂટી જતા હતા....મારે માટે તો આવી લાગણી ક્યારેય નથી દેખાડી...

પ્રવીણ : લાગણી નહિ....લાગણીનો ભારો દેખાડ્યો હતો... ત્રણ મણની ગાંસડી... ઉપાડી હતી... તારા બાપાને ત્યાંથી...એ તો છૂટી ગયો... હું ભરાઈ પડ્યો...

ગોપાલદાસ: પ્રવીણ...નાલાયક....જો વહુને તું ગાંસડી કહે તો મારે તારી મા ને શું કહેવું....

રાધિકા : આખું ખાનદાન જ કુલી લાગે છે... (સેતુ પ્રવેશે છે)

સેતુ : ગુડ મોર્નિંગ...

પ્રવીણ : ગુડ મોર્નિંગ સેતુ...

ગોપાલદાસ: અહા...અવાજ આવ્યો....

પ્રવીણ : (ખુશ થતાં) કોનો...મણિલાલનો...

ગોપાલદાસ: દરવાજો ખૂલવાનો....

રાધિકા : કોણ આવ્યું દરવાજે...? તમારા વાળી કે પ્રવીણ વાળી...?

ગોપાલદાસ: (ઉદાસ) પ્રિયાંક આવ્યો...

સેતુ : વાવ...પ્રિયાંક.... (દોડીને દરવાજા તરફ જાય છે) હાય...પ્રિય...ગુડ...મોર્નિંગ...

રાધિકા : લો...હું તો સામે સામાન્ય દુકાન સમજતી હતી...પણ આ તો મૉલ નીકળ્યો... (વિરલ પ્રવેશે છે)

પ્રવીણ : ગુડ મોર્નિંગ વિરલ. તેં આજનાં પેપર લીધાં છે?

વિરલ : હું સવારે સાડા પાંચ વાગ્યે જિમમાં ગયો હતો. પાંચ વાગ્યામાં પેપર આવતાં નથી.

રાધિકા : વિરલ બીજી વાત પછી...પહેલા અહીં મારી પાસે આવ. મને એક સવાલનો જવાબ આપ...તેં પણ સામે-વાળા મૉલમાં રોકાણ કર્યું છે?

વિરલ : સામે...મૉલ....? કયો મોલ? ખબર નહિ... ત્રણ ત્રણ છાપાં શું કામ મંગાવતા હશે...

સેતુ : પાછા ત્રણેમાં ચેક કરે...

પ્રવીણ : તો એક છાપાવાળાએ ભૂલ કરી હોય તો...?

સેતુ : બીજાએ ભૂલ કરી હોય તો?

પ્રવીણ : તો ત્રીજું છે....ને...

વિરલ : જો ત્રણે એ ભૂલ કરી હોય તો...?

રાધિકા : તો ભોગ...આપણા...બીજું શું... પંદર વરસથી દર મહિને લોટરીની ટિકિટ ખરીદે છે, હરામ બરાબર જો પંદર હજાર રૂપિયા પણ લાગ્યા હોય તો (પેપરનું બંડલ પડે છે, પ્રવીણ જલદી જલદી એક પછી એક ત્રણ પેપરમાં નંબર ચેક કરે છે.

ગોપાલદાસ: લોટરી પાકી?

પ્રવીણ : લોટરી પાકી હોય તો પહેલા આપણને ખબર પડે પછી મીડિયાવાળાને ખબર પડે...

વિરલ : ગયા રૂપિયા પાણીમાં...

પ્રવીણ : તારા ગયા છે નાલાયક? હું કમાઉ છું અને મારા રૂપિયા પાણીમાં જાય, પેટ્રોલમાં જાય કે દારૂમાં જાય તને શો ફરક પડે છે.

વિરલ : ફરક પડે છે... બહુ મોટો ફરક પડે છે. તમારી ગરીબીને લીધે મારી લવ-લાઇન અટકી જાય છે. તમને તો બસ લોટરીમાં રૂપિયા વેડફવા છે. (વિરલ ચાલ્યો જાય છે.)

સેતુ : પપ્પા વિરલની વાત તો વિચારવા જેવી છે. માન્યું કે તમે કમાઓ છો, પણ તમારા રૂપિયા પાણીમાં જાય, પેટ્રોલમાં જાય કે દારૂમાં જાય, અમને ફરક પડે છે. (સેતુ પણ ચાલી જાય છે.)

ગોપાલદાસ: તું પણ જાણે છે એક લાખે...એક વ્યક્તિને લોટરી લાગે છે...તો શું કામ તારી મહેનતના પૈસા આવા કાગળનાં ફરફરિયાં પાછળ બગાડે છે?

પ્રવીણ : બાપુજી...આ કાગળનાં ફરફરિયાં માત્ર બદનામ થાય છે...બાકી માણસ હર પલ, જીવનભર લોટરી જ તો લે છે. લગ્ન એ એક લોટરી છે ને! ઘોડે ચડવાનો જુસ્સો ઓસરે, ફટાકડા, વરઘોડાનો ઘોંઘાટ ઘટે, મેકઅપ ધોવાય ત્યારે ખબર પડે કે...

રાધિકા : મેં તો લાખ રૂપિયાનો માણસ ધારેલો... નીકળ્યો ફૂટી કોડીનો....

પ્રવીણ : એ જ...એ જ...રાધિકા. છોકરાઓ માટે દર વર્ષે સ્કૂલ ફી, ટ્યૂશન ફી, બસ-રીક્ષાનાં ભાડાં....એ બધું લોટરીની ટિકિટ જ તો છે...૨૧ વર્ષે આવા પાકે તો...

રાધિકા : આવા એટલે કેવા....?

પ્રવીણ : આવા....એટલે તારા વિરલ જેવા.

ગોપાલદાસ: એમ તો અમારી પણ લોટરી બેકાર જ ગઈ છે...

પ્રવીણ : હા...હા...હું એ જ તો કહું છું લોટરી બધા જ રમે છે, કોઈની પાકે છે તો કોઈની પસ્તી બને છે. લગભગ દર રવિવારે હું આમ જ ક્યારેક મજાક મશ્કરીનું તો ક્યારેક મહેણાં ટોણાનું સાધન બનું છું. પણ તમે, રાધિકા કે છોકરાઓએ ક્યારેય જાણવાનો પ્રયત્ન કર્યો છે કે હું લોટરી શું કામ લઉ છું? મનેય દુઃખ થાય છે અને ઘણી વાર વિચાર આવે છે કે લોટરી ખરીદવાનું બંધ કરી દઉ...

ગોપાલદાસ: તો બંધ કરી દે ને! તનેય મજાક મશ્કરીનું કે મહેણાં ટોણાનું સાધન બનવામાંથી છૂટકારો મળશે.

પ્રવીણ : બાપુજી...તમે તમારું આખું જીવન....આદર્શો સાથે ટૂંકી આવકમાં પણ સારી રીતે પસાર કરી દીધું. અમને ત્રણ ભાઈઓને ભણાવી ગણાવી પગભર કરી દીધા. કેમકે...તમારા સમયમાં માણસની જિંદગીમાં ત્રણ જ પ્રાથમિકતા હતી...રોટી, કપડા ઔર મકાન!

હકીકતમાં તો ત્રણ નહિ...માત્ર એક રોટી...જ જરૂરી હતી જીવવા માટે... બે કે ત્રણ જોડી કપડાં બસ થઈ જતાં...પાંચ જોડીવાળો તો પૈસાવાળો કહેવાતો. તમારા સમયમાં રહેવા મકાન નાનું હોય કે ન હોય, ચાલી જતું. કોઈને કોઈ સગાંવહાલાં દિલ મોટું રાખી સમાવી લેતાં...

જયારે આજે...ટીવી, મોબાઇલ કે પોતાના જ ઘર વગર તો સેતુ કે વિરલના લગ્ન વિશે વિચાર પણ ન કરી શકાય...સેતુ પાસે જો

માત્ર પાંચ ડ્રેસ હોય ને તો તેની બહેનપણી તેને ભિખારી કહે...ભિખારી... વિરલ...પાસે બાઈક ન હોત તો?
આ રાધિકાના મહિલા મંડળમાં મહિલાઓ... દર કીટી પાર્ટીમાં નવી સાડીમાં જ નજરે પડે છે...દર છ-આઠ મહિને નવો મોબાઈલ શોખ નહિ...છાકો પાડી દેવાની મજબૂરી હોય છે... આ ફ્લેટ, સેતુ-વિરલ-રાધિકાના મોબાઈલ... અને હા...લેટેસ્ટ મોબાઈલ...મારું સ્કૂટર... વિરલનું બાઈક...સેતુનું સ્કૂટી લોન વગર શક્ય છે ખરું...? કોઈ પણ વ્યક્તિ માટે અશક્ય છે...
ઉપરાંત મેડિકલ ખર્ચ...ના...હું તમારો ખર્ચ નથી ગણાવતો...એક માત્ર ઉલ્લેખ કરું છું... તેમજ સ્કૂલ-કૉલેજની ફી...
હજી તો મારી સેતુ કે મારા વિરલની ઊગતી જવાની છે, મારી આવકના અભાવે કચડાતાં સ્વપ્નો, રઝળતી તકો, લથડતી પ્રેમગાથા... મને બધો જ ખ્યાલ છે. મારા પગારમાંથી આ બધું બાદ કરતાં માંડ પાંચ હજાર બચે છે... જેમાંથી હું બે-ત્રણ હજારની લોટરી એક જ આશામાં લઉ છું બાપુજી...રાધિકા.

રાધિકા : કઈ આશામાં...?

પ્રવીણ : હું જ નહિ બાપુજી, મારા જેવા કેટલાય લોટરી આશિક એક જ વિચારે લોટરી ટિકિટ ખરીદતા હોય છે કે ક્યારેક જો ભાગ્યે સાથ આપ્યો...અને મોટી રકમની લોટરી લાગી તો. તો જીવનની ઢળતી ઉંમરે, હપતા ભરી ભરીને, હપતે હપતે તૂટતાં તન અને ખૂટતા ખમીર સાથે સંતાનો પર બોજ ન થવું પડે.
પણ આ ઉપરવાળો...જયારે મારી પ્રાર્થના સાંભળવાનો વારો આવે છે ત્યારે જ કાનમાં પૂમડાં નાખીને બેસી જાય છે...
(રાધિકા ઊભી થાય છે...પ્રવીણનો હાથ પકડે છે. ગોપાલદાસ પાછળ આવી તેના ખભા પર હાથ મૂકે છે.)

***

વિરલ અને સેતુ કૉલેજ જવા તૈયાર થઇ બહાર આવે છે.

સેતુ : લોટરીબાજની હવા ફુસ્સ થઈ ગઈ, મેં પણ એમને સંભળાવી દીધું હતું.

વિરલ : તો શું કેટલા રૂપિયા ઉડાવે છે દર મહિને? (ગોપાલદાસ પ્રવેશે છે.)

ગોપાલદાસ: તારી વાત સાચી છે વિરલ, તારો બાપ કેટલા રૂપિયા ઉડાવે છે લોટરી પાછળ.
મારા ગામમાં ગુલાબ રહેતો, સ્થિતિ એની નબળી. તેના બે ભાઈઓની સ્થિતિ ગુલાબ કરતા થોડી સારી. બાપદાદાની જમીન પર ત્રણ પ્લોટ પાડીને ઘર બંધાવવાનું નક્કી કર્યું. બંને ભાઈઓએ ગુલાબને વચ્ચેનો પ્લોટ રાખવાનું કહ્યું. બંને ભાઈઓ જાણતા હતા કે ગુલાબની સ્થિતિ નબળી છે. જેથી મકાન બનાવતી વખતે બંનેના મકાનની દીવાલ અને મોભનો ટેકો ગુલાબના મકાનને મળે અને તેનો ખર્ચો બચી જાય.
આપણે આપણી દૃષ્ટિએ બીજાને સમજવાની ભૂલ કરતા હોઈએ છીએ. આપણે બધાએ જ પ્રવીણને આપણી સમજથી મૂલવવાની ભૂલ કરી છે. મારે મંદિર જવાનું મોડું થાય છે હું જાઉ છું. (ગોપાલદાસ બહાર જાય છે.)
(પ્રવીણ ઑફિસ જવા તૈયાર થઈને બહાર આવે છે.)

પ્રવીણ : હજી તમે કૉલેજ ગયા નથી?

વિરલ : ડેડ બસ જઈએ છીએ.

સેતુ : બાય !

રાધિકા : (પ્રવેશતાં) બાય બેટા ! બંનેએ ધ્યાનથી બધું લીધું ને? પ્રવીણ તારી બેગ?

પ્રવીણ : અરે મારી બેગ તો ભૂલી જ ગયો... (પ્રવીણ બેગ લેવા રૂમમાં જાય છે.)

સેતુ : મોમ એક વાત કહું? મેં ક્યાંક વાંચ્યું...પત્ની પતિને લોટરી ખરીદવાના પૈસા આપે તો લોટરી લાગે...યુ નૉ! લેડી લક! (સેતુ-વિરલ નીકળી જાય છે, પ્રવીણ બેગ લઈ બહાર આવે છે.)

રાધિકા : બે મિનિટ ઊભો રહે, મારે કામ છે. (રાધિકા રૂમમાં જાય છે)

પ્રવીણ : (પાછળ બબડે છે) આને કાયમ જતી વખતે જ કામ યાદ આવે... રૂપિયા અને થેલી પકડાવશે કહેશે લોટ લેતો આવજે.

રાધિકા : (રાધિકા ફરી પ્રવેશે) આ લો...ત્રણ હજાર રૂપિયા...

પ્રવીણ : (ચમકીને) ત્રણ હજ્જાર રૂપિયાનો લોટ લાવવાનો છે વ્હાલી ?

રાધિકા : લોટરી...ખરીદવાની છે.

પ્રવીણ : (કાન સાફ કરે છે) શું કહ્યું?

રાધિકા : આ ત્રણ હજાર રૂપિયાની લોટરી ખરીદવાની છે. પ્રયત્ન કરવામાં શું જાય છે...? મેં હમણાં સાંભળ્યું... પત્ની પતિને લોટરી ખરીદવાના પૈસા આપે તો લોટરી લાગે...યુ નૉ! લેડી લક!

પ્રવીણ : ગાંડી થઈ છે? હું તારા પૈસા કાંઈ લોટરી પાછળ નહિ બગાડું! હું એટલો નસીબદાર નથી. ડૂબી જ જશે...તેં જેમતેમ કરીને ઘર ખર્ચમાંથી બચાવીને ભેગા કર્યા હશે...

રાધિકા : પ્રવીણ તારા પર ભરોસો છે...એક દિવસ તું સફળ થશે જ! શું ખબર...ભગવાન મારી પણ પરીક્ષા લઈ રહ્યો હોય...

***

ગોપાલદાસ: આજે તો તમારા બાપાએ પેપરને હાથ પણ નથી લગાવ્યો. ત્યાં જુઓ ત્રણે છાપાં એમનાં એમ પડેલાં છે.

પ્રવીણ : મેં ટિકિટ જોવાનું બંધ કરી દીધું છે... હું જાણું છું કે હું જીતીશ નહિ...હું ક્યારેય જીવનમાં જીત્યો નથી...અને હા કાલથી એક જ છાપું આવશે...મેં મણિલાલને કહી દીધું છે...

વિરલ : તમને ખાતરી છે કે આજની કોઈ ટિકિટ નથી?

સેતુ : લાવો વોલેટ લાવો...જોઈએ તો ખરા...

ગોપાલદાસ: એક વાર જોઈ તો લે...

સેતુ : યુ આર અવર રિયલ હીરો..વી લવ યુ. અમને ખબર છે...કે તમે લોટરીમાં ક્યારેય જીત્યા નથી.

વિરલ : અને કદાચ આજે પણ નહિ જ જીતો...પરંતુ જીવનના મેદાનમાં તો તમે બાજી મારી જ છે. વી આર પ્રાઉડ ઓફ યુ.

(પ્રવીણ ચોપડી વાંચવા માંડે છે. સેતુ રૂમમાં જઈ ટિકિટ લઈને બહાર આવે છે.)

સેતુ : વિરલ...લે આ ટિકિટ...નંબર વાંચ હું...ચેક કરું છું...

વિરલ : CAA નાઇન...ફોર.. થ્રિ...સેવન....

સેતુ : ધીરે બોલ...C...A ...A ...નાઇન...ફોર... થ્રિ...સેવન...એઇટ...ટુ...ફાઇવ...?

વિરલ : વેઇટ...વેઇટ...CAA ૯૪૩૭૮૨૫ ઓહ... માય ગોડ....ઇટ ઇસ...ઇટ ઇસ...સેતુ વી હેવ વૉન....

સેતુ : સી એ એ નાઇન ફોર થ્રિ સેવન એઇટ ટુ ફાઈવ....પપ્પા...જલદી આવો

ગોપાલદાસ: લાગી...? લોટરી લાગી...?

વિરલ : પપ્પા...તમારી લોટરી...લાગી છે....

સેતુ : પપ્પા... સાચે જ તમારી લોટરી લાગી છે....

પ્રવીણ : હા...હા...હજાર રૂપિયાની લાગી હશે...

વિરલ, સેતુ: પપ્પા...મમ્મી....દાદા....પૂરા પાંચ કરોડ.... (પ્રવીણ સોફા પર ગબડી પડે છે...રાધિકાના હાથમાંથી ડિશ પડી જાય છે....ગોપાલદાસ... આશ્ચર્યચકિત થઈ જાય છે...)

ગોપાલદાસ: વાહ...પ્રવીણ વાહ....દેનેવાલા જબ ભી દેતા, દેતા પેપર ફાડ કે (બધાં જ આ ગીત જોરજોરથી ગાવાનું શરૂ કરે છે...પ્રવીણ હજી... ટેંશનમાં જ છે...અવાચક)

રાધિકા : હું શું કહું છું....પ્રવીણ...આપણે થ્રિ બી એચ કે નો મોટો ફ્લેટ...લઈ લઈએ... આપણો આ ફ્લેટ બહુ જૂનો થઇ ગયો...છે...ફર્નિચર પણ આઉટ ઓફ ડેટ થઇ ગયું છે...અને નાનો પણ પડે છે... આપણે પાંચ જણાં છીએ...સેતુ અને વિરલ માટે પણ અલગ રૂમ હોવો જોઈએ...

સેતુ : યસ પપ્પા, દાદા માટે પણ એક રૂમ....એટલે ફોર બી એચ કે નો લઈ લો....

પ્રવીણ : રાધિકા, સેતુ બહુ બહુ તો પાંચ વરસ...અને બાપુજી...

ગોપાલદાસ: તો પાંચ વરસ પણ નથી...બોલ...બોલ...

વિરલ : ફોર બી એચ કે નો એક ફલેટ લેવાને બદલે... ટુ બી એચ કે ના બે ફલેટ લઈ લો...

રાધિકા : વિરલ તું શું બોલે છે તેનું ભાન છે...? તું જુદો થવા માંગે છે...?

વિરલ : મમ્મી...હું ભવિષ્યનો વિચાર કરું છું....હું એમ નથી કહેતો કે બીજા બિલ્ડિંગમાં....એક જ બિલ્ડિંગમાં જુદા જુદા ફલેટ્સ.... તમે રહ્યા...જૂના જમાનાના...અને તારિકા એકદમ મૉડર્ન...

રાધિકા : તારિકા...? તેં તારી જાતે જ છોકરી પસંદ કરી લીધી? હું...એને કોઈ કાળે ઘરમાં નહિ ઘાલું...

વિરલ : બસ...એટલે જ મેં કહ્યું ને...આપણને નહિ ફાવે...અને મને વીસ લાખ રૂપિયા જોઈશે...

સેતુ : મને પચ્ચીસ લાખ...જોઈશે...

પ્રવીણ : બોલો...આને વીસ લાખ જોઈએ છે અને આ સીધા પચ્ચીસ લાખ પર જ પહોંચી ગઈ... વીસ લાખનું શું કરીશ...?

વિરલ : વેલ...પપ્પા...સાચું કહું તો મારી પાસે એક ઓફર આવી છે....જેમાં મને સારી કમાણીની શક્યતા નજર આવે છે...

પ્રવીણ : મારી ઢીંગલી...સેતુ...પચ્ચીસ લાખ લઈને શું કરશે...?

સેતુ : પ્રિયાંકને રેસ્ટોરન્ટ ખોલવી છે...રેસ્ટોરન્ટનું સ્વપ્ન મને પણ છે....એક ભવ્ય...રેસ્ટોરન્ટ મારી હોય....

વિરલ : સેતુ....એક સારી રેસ્ટોરન્ટ બહુ બહુ તો દસેક લાખમાં થઈ જાય...

ગોપાલદાસ: મારુ પણ એક સ્વપ્ન છે... ચારધામની જાત્રા કરવી છે.

પ્રવીણ : (ભાવુક) બાપુજી...! તમે આજ સુધી કહ્યું કેમ નહિ...? એને માટે કાંઈ મારે લોટરી જીતવી જરૂરી નથી.... સૌથી પહેલું કામ તમારું.... લોટરી પાકે કે નહિ પાકે

ગોપાલદાસ: બસ...તારે તો મને ઘરમાંથી કાઢવો જ છે... હું શું આંધળો છું...? હું જોતો નથી કે તું કેમ કેમ કરીને ઘર ચલાવે છે...

રાધિકા : પ્રવીણ આપણે ચાર બંગડીવાળી ગાડી પણ લઈશું....

વિરલ : પપ્પા...મમ્મીએ તો પૂરું પ્લાનિંગ કરી નાખ્યું છે...

પ્રવીણ : બધું જ પૂરું કરી નાખવાનું પ્લાનિંગ કરી નાખ્યું છે...એમ કહે! હજી આપણા હાથમાં કાંઈ આવ્યું તો છે નહિ...તે પહેલાં તો...ફલેટ... ગાડી...બેંગકોક

જેમ મેં કહ્યું હતું તેમ જ...મારે પહેલા બધી લોન ચૂકવવી છે...પછી જે બચે છે...તે માટે વિચારશું...

***

પ્રવીણના મોબાઈલ પર મૅસેજ આવે છે

પ્રવીણ ગોપાલદાસ કોઠારી...તમારી લોટરીના રૂપિયા ત્રણ કરોડ પિસ્તાલીસ લાખ તમારા ખાતાનંબર XXXXXX૮૪૦ માં જમા કરી દેવામાં આવ્યા છે...તમારી બૅંકમાં તપાસ કરવી

પ્રવીણ : ઓહો....હો...ઓહો...હો...આવી ગયો.... આવી ગયો....મૅસેજ આવી ગયો....

વિરલ : શું આવ્યો મૅસેજ...

પ્રવીણ : લે...તું જ વાંચ...હું તો વાંચી પણ નથી શકતો

સેતુ : લાવો...મને આપો....(સેતુ પ્રવીણનો મોબાઈલ લે છે...મોટેથી વાંચી સંભળાવે છે.) પ્રવીણ ગોપાલદાસ કોઠારી...તમારી લોટરીના રૂપિયા ત્રણ કરોડ પિસ્તાલીસ લાખ તમારા ખાતા નંબર xxxxxxxx૮૪૦ માં જમા કરી દેવામાં આવ્યા છે...તમારી બૅંકમાં તપાસ કરવી

ગોપાલદાસ: વહુ...હવે તો લાપસી...મૂકી જ દો...

રાધિકા : હા...બાપુજી...હવે તો મૂકવી જ પડશે... (વિરલ મોબાઈલ પર સમાચાર જુએ છે.)

વિરલ : આ જુઓ....સમાચાર...

રાધિકા : શું છે...આપણી લોટરીના સમાચાર છે?

વિરલ : ના...બરાબર જુઓ...

સમાચાર વાચક: બ્રેકિંગ ન્યૂઝ - તગડી બૅંક નબળી પડી છે. આરબીઆઇ દ્વારા તગડી બૅંક પર અંકુશો

મૂકતાં ખળભળાટ મચી જવા પામ્યો છે. પ્રતિ માસ પ્રત્યેક વ્યક્તિ ખાતામાંથી ફક્ત રૂપિયા ૫૦,૦૦૦ સુધીની જ રકમ ઉપાડી શકે તેવું નિયંત્રણ મૂક્યું છે. ખાતેદારોના ધસારાના કારણે એટીએમ પર રોકડ ખૂટી પડી છે. આ નિયંત્રણો બૅંકિંગ રેગ્યુલેશન એક્ટ, ૧૯૪૯ હેઠળ મૂકવામાં આવ્યા છે.

સેતુ : ઓહ....માય ગોડ... હરામખોરો....

વિરલ : લૂંટો...લૂંટો...બૅંક છે...લોકોના પૈસા લૂંટો...

ગોપાલદાસ: શું થયું...? જરા મને પણ કહેશો...

પ્રવીણ : ખાળે ડૂચા અને દરવાજા મોકળા...ડિરેક્ટરો.... મન ફાવે તેમ લોન આપે...પેઇન્ટિંગ ખરીદે.... ભ્રષ્ટાચાર કરે અને મરે કોણ....? સામાન્ય માણસ જ....

રાધિકા : હે...ભગવાન....

પ્રવીણ : બસ...બસ....રાધિકા...હવે આ ભગવાન... ભગવાન કરવાનું પણ બંધ કરી દે...તારા આ ભગવાને જ મારી સાથે આવી વાહિયાત મજાક કરી છે....એક તરફ લોટરીની રકમ ખાતામાં જમા કરાવી અને બીજી તરફ બૅંક જ ઉઠાડી દીધી. મારું નસીબ ઊઠી ગયું...મેં કહ્યું હતું ને....મારા નસીબમાં...

રાધિકા : તને મેં પહેલા જ કહ્યું હતું કે આ તગડી બૅંકનો નંબર ન આપ, પણ તેં માત્ર ત્રણ ટકાની લાલચમાં...

પ્રવીણ : શું...કહ્યું....? માત્ર ત્રણ ટકાની લાલચ...! મેં ખોટું શું કર્યું? બૅંકે કહ્યું અને મેં માની લીધું... શું બૅંકની અને તેના સ્ટાફની કોઈ જવાબદારી નથી? ના...હું જ ખોટો છું...મારું નસીબ જ ખોટું છે...

(પ્રવીણ એકદમ આઘાત સાથે ખૂણામાં જઈ ઊભો રહી જાય છે...સન્નાટો પ્રસરી જાય છે... બે મિનિટ પછી)

સેતુ : પપ્પા...મારે કાંઈ નથી જોઈતું...મારે કોઈ રેસ્ટોરન્ટ નથી ખોલવી...

વિરલ : મારે પણ કોઈ ડીલરશિપ નથી લેવી...ને તારિકા જેવી તો બીજી બહુ આવશે.

રાધિકા : મને આ ફ્લેટ બહુ જ ગમે છે...અને ગાડી.... નથી તો શું ફરક પડે? તમારું સ્કૂટર સારું જ છે.

ગોપાલદાસ: માની લીધું કે બૅંક ડૂબી, આપણા લોટરીના જીતેલા રૂપિયા ડૂબી ગયા...તેનાથી કોઈ ફરક પડ્યો? આપણે તો જેવા કાલે હતા તેવા જ આજે છીએ...એક રકમ આવી અને ગઈ. આપણે નસીબદાર છીએ કે સ્વપ્ન જોવાની સ્થિતિમાં તો છીએ....દુનિયામાં અબજો લોકો...છે...તે સ્વપ્ન જોવાનું કલ્પી સુધ્ધાં નથી શકતા...

સેતુ : કરેક્ટ! આપણે એ વાતને વળગીને દુખી થઈ રહ્યા છીએ, જે થઇ જ નથી. ઓ માય ડિયર ફ્રેન્ડ પ્રવીણ ગોપાલદાસ કોઠારી...રિલેક્સ... એન્ડ ફરગેટ...ભૂલી જા...

ગોપાલદાસ: આ બે દિવસમાં આપણે સાથે મળીને વીતેલી આનંદની ક્ષણો જ સાચી લોટરી છે...

રાધિકા : આપણી તો રકમ માત્ર એકાઉન્ટમાં જ આવી છે. વિચાર તો ખરા એ લોકોનું શું થતું હશે જેમની જીવન મૂડી ધુમાડો થઈ જતી હશે!

ગોપાલદાસ: આપણાં સ્વપ્ન...આપણાં જ છે...આપણે જોતાં રહીશું...આજે નહિ તો કાલે પૂરાં થશે...બૅંક ઊઠી છે આપણે નહિ...

પ્રવીણ....બે ચાર રાઉન્ડ મારે છે....બધા જ એકીટશે તેની તરફ જુએ છે....

પ્રવીણ : આ લોટરી પાકી તેની ખુશીમાં... એક્સાઇટ્મેન્ટમાં (પાકીટમાંથી ટિકિટ કાઢતાં) આજના પેપરમાં પરિણામ જોવાનું તો રહી જ ગયું...

બધાં સાથે બોલે છે...પ્રવીણ ફરી...!

*બી ૨/૭૦૨, સૂર્યમ રેસીડન્સી*
*ટીજીબી રેસ્ટોરન્ટની પાછળ,*
*પાલ-અડાજણ, સુરત-૩૯૫૦૦૯*
*મો. ૯૫૧૦૧૯૫૬૨૨*

# આવશે

- *યામિની વ્યાસ*

**પાત્રો**

મુરલીધર (વૃદ્ધ પતિ)

સંતોષી : (વૃદ્ધ પત્ની)

અનિલ (ભાડૂત- ૧)

ભરત (ભાડૂત- ૨)

(સ્થળ : જૂના સમયનું ગામનું ઘર - વીજવિહોણું - ઓછું રાચરચીલું, દીવાનખંડ, ઉપલી મેડી અને ઘરના ઉંબર બહારનો માર્ગ)

**દૃશ્ય : પહેલું**

મુરલી : (બારીની બહાર જોતાં) સંતોષી, તને યાદ છે? આપણે આ ઘરમાં રહેવા આવેલાં ત્યારે આ રસ્તા પર પંચાયતનો માણસ જાતે આવીને ઘાસતેલનો દીવો કરી જતો. આજે તો જાતે જ બત્તી થઈ જાય છે. દુનિયા નવી થતી ગઈ અને આપણે જૂનાં થતાં ગયાં. આપણે પણ ઘરડાં થયાં અને આપણું ઘર પણ. (સંતોષીને નહીં જોતાં..) સંતોષી, અરે ઓ સંતોષી, તને પણ પગે તકલીફ છે. જરા જંપીને બેસ ને...

સંતોષી : (ઝાડુ લઈને પ્રવેશે) અરે ભાઈસાબ, માળ પર કચરો વાળવા ગઈ હતી. (બેસી જતાં) હવે તો દાદર ચડતાં થાકી જવાય છે. છઠ્ઠે પગથિયે બેસી જવું પડે છે.

મુરલી : તો મૂક ને પંચાત સફાઈની ! તું ઉપર ધબધબ ચાલે છે ને તે ક્યારેક લાગે છે કે મેડીની છત લઈને નીચે આવશે.

સંતોષી : કેવી વાત કરો છો, વૅકેશનમાં આપણા દીકરા રહેવા નહીં આવે? એ લોકો આવે તે પહેલાં આ રસ્તા જેવી બત્તી પણ ઘરમાં નંખાવી દેજો. આપણને આ ફાનસ ચાલી રહે, પણ ભણેલા ગણેલા દીકરાને તો વાંચવા માટે લાઇટ જોઈશે ને?

મુરલી : હાસ્તો, વળી માળિયાનો માલસામાન પણ ખસેડવો પડશે, એને આવું નહિ ગમે. છત પણ સાફ કરાવવી પડશે. જરાય પાણી ગળે તે નમનને નહિ ગમે.

સંતોષી : ભાઈસાહેબ, તમે તો ભારે ભૂલકણાં, હજી ગયે વર્ષે છાપરું ચળાવીને નવાં નળિયાં નહીં નંખાવ્યાં? પણ યાદ રાખજો, વૅકેશન સુધી કોઈને ઉપલી મેડી ભાડે આપવી નથી. વૅકેશન પડશે અને મારો દીકરો નમન રહેવા આવશે.

મુરલી : હા, હો.. વૅકેશન અને કેરીગાળો સાથે જ આવે છે. આપણે આ વખતે હાફૂસ કેરી મંગાવીશું દીકરા માટે.. ગયા વર્ષે તો મલગુબ્બાથી ચલાવી લીધું.

સંતોષી : કંઈ ખરાબ નહોતી મલગુબ્બા કેરી.. મારા દીકરાને રસ કાઢીને કેવો ખવડાવેલો? એને કાપેલી કેરી નથી ગમતી..

મુરલી : એમ કહે ને કે રસનો તને ચટકો છે, ને નામ દીકરાનું લે છે, બાકી હાફૂસ એટલે કેરીનો રાજા. વળી તું થાકેલા હાથે કેરી ક્યાં ઘોળવા બેસશે?

સંતોષી : થાકેલા હાથ શેના? મારો દીકરો ઘરમાં હોય એટલે ક્યાંથી જોમ આવે તેની ખબરેય નહિ પડે હો...

મુરલી : હા, ખરી વાત છે, યાદ છે, ત્રીજે વર્ષે દીકરો વૅકેશનમાં ઘરે નહોતો આવ્યો તે? આપણે કેરી લઈને રાહ જોતાં રહ્યાં, તે ન આવ્યો તે ન જ આવ્યો અને આપણે અઢી મણ કેરી એમ ને એમ ફેંકી દીધી હતી...

સંતોષી : હા, પણ આ વર્ષે તે જરૂર આવશે. તમતમારે કેરી મંગાવી જ લેજો. અને ઘર ભાડે આપવું હોય તો હમણાં ભાડૂત શોધો, અને શરત કરજો કે વૅકેશન પડે તે પહેલાં ખાલી કરવું પડશે.

મુરલી : હા, એ બોલી પહેલેથી જ કરી લેવાની. સાચું કહું? મને એની બહુ યાદ આવે છે.

સંતોષી : હા, હું મંદિરે જાઉં તો તેની ધજામાં પણ મને ધવલ દેખાય છે.

મુરલી : તેં શું નામ કહ્યું? ધવલ? એટલે સફેદ? પણ હમણાં તો તું નમન કહેતી હતી!

સંતોષી : ભાઈસાહેબ, તમે એને ક્યારેક તપન કહો, તો ક્યારેક નમન કહો. તો હું એને ધવલ ન કહી

શકું? એને માટેનું બહુ હેત એટલે કોઈ પણ નામ હોઠે આવી જાય છે .

મુરલી : પણ સંતોષી, એક વાત છે, આપણે આપણા છોકરાઓ માટે વધુ સંપત્તિ ભેગી ન કરી શક્યાં.

સંતોષી : ભાઈસાહેબ, સંતોષીના છોકરાઓ પણ સંતોષી જ છે. જાણો છો? નાના દીવે દિવાળી અને મોટે દીવે હોળી હોય છે. વધુ સંપત્તિ ભેગી કરીને મારે તેમને લડાવવા નથી .

મુરલી : વાહ, સમજદારીની વાત કરી તેં. ચાલ રાત થઈ ગઈ.(બગાસું ખાય) દેવના ગોખલામાં દીવો પ્રગટાવ. હાથ જોડીને ઊંઘી જઈએ તે વહેલી પડે સવાર. જીવતરનો એક દી ઓછો.

સંતોષી : (દીવો પ્રગટાવતાં) જીવતર ઓછું થશે ને તો કોઈ વાંધો નહીં, પણ આપણી એકધારી આખા જીવનની વાતચીત ખૂટી પડશે ને તો રહેશે માત્ર ખાંસીનો ઠસકો અને 'હે રામ' સાથે પડખું ફેરવવાનું.

મુરલી : ચાલ હવે, પગે લાગી લે. (ઘંટડી વગાડે - પગે લાગે - સંતોષી પણ છેડો માથે ઓઢીને પગે લાગે.)

સંતોષી : ચાલો.. (મુરલી એનો હાથ પકડીને લઈ જાય.)

### દૃશ્ય : બીજું

(સવારનું સંગીત વાગે)

મુરલી : (કોટ પહેરતાં પ્રવેશે) સંતોષી પંચાંગ ક્યાં મૂક્યું? તું અગિયારસનું પૂછતી હતી ને, તે લાવ, જોઈ આપું. ક્યાં ગઈ તું? ચાલ પછી જરા બજાર જઈ આવું. પોસ્ટઓફિસ પણ જવું છે. પહેલાં જરા ચા આપી દે. કાલે તું ખાંડનું પૂછતી હતી ને, ઊભી રહે, રેશનકાર્ડ ઉપર પેટીમાં છે. તે લઈ આવું. રેશનિંગની દુકાને પૂછતો આવીશ કે માથાદીઠ કેટલી ખાંડ મળશે.. (જાય)

સંતોષી : (બીજી બાજુથી પ્રવેશે) આ પ્રાઈમસનો ભડકોય કેવો પીળો થઈ ગયો છે. વાસણ કાળાં થઈ જાય છે. તમે બજાર જાવ તો પ્રાઈમસની પિન લેતા આવજો. વાસણ સાફ કરતા દમ નીકળે છે. ઠીક છે, હમણાં ઓછાં વાસણ થાય છે, પણ વૅકેશનમાં છોકરાઓ હશે તો કેટલાં વાસણ થશે? ખાંડ પણ વધારે જોઈશે. લો, ચા પી લો. (મૂકે) હું તમારે માટે થોડી ચોખાની પાપડી તળી લઉં. (અંદર જાય)

મુરલી : લે સંતોષી, પંચાગ લઈ આવ્યો. તારી અગિયારસ જોઈ લઉં. હવે આ ચા મૂકીને ક્યાં ચાલી ગઈ? લે ચા પરથી યાદ આવ્યું, હું તો ખાંડ માટે રેશનિંગ કાર્ડ લેવા ગયો હતો. અને લઈ આવ્યો પંચાંગ.

સંતોષી : (પ્રવેશતાં) એ તો ઉંમર થાય એટલે એવું થાય.

મુરલી : પણ સંતોષી માતા. તમે તો કડધડે છો.

સંતોષી : લે, તો મારે તો રહેવું જ પડે ને જાજરમાન ! ત્રણ ત્રણ જુવાનજોધ દીકરાઓની મા છું ને...

મુરલી : હા ભાઈ હા. માનવું પડે. (કોટના ખિસ્સામાં હાથ નાંખતાં) આ કોટના ખિસ્સાને જરા થીગડું દઈ દેજે.

સંતોષી : કાલે જ તો સાંધી દીધું હતું. પાછું ફાડી નાંખ્યું?

મુરલી : હેં? (તપાસે) ખરી છે તું પણ, જે ફાટયું છે તે જ ખિસ્સું તે સાંધ્યું નથી. હું પરચૂરણ આ ખિસ્સામાં રાખું છું ને?

સંતોષી : વારુ, હમણાં તો મારે બહુ કામ છે. સોય પરોવી રાખજો. પછી સાંધી દઈશ. હું શું વાત કરવા આવેલી? હા, આ પાપડીના પીપનું ઢાંકણ કટાઈ ગયું છે, ખૂલતું નથી મારાથી, જરા ખોલી આપજો.

મુરલી : વારુ, પણ જો સોય તો પરોવી જ રાખી છે. (ખિસ્સામાંથી કાઢતાં) લે સાથે જ રાખી છે.

સંતોષી : તમે તો જબરા ભાઈ. લાવો, સાંધી દઉં.. (સીવવા માંડે - મુરલી પંચાંગ જોયા કરે) સાંભળો છો?

મુરલી : હં

સંતોષી : મેડી પરની દળવાની ઘંટી પર ધૂળ જામી ગઈ છે, જરા જોજો.

મુરલી : હં

સંતોષી : ને વળગણીની દોરી તૂટું તૂટું થવા આવી છે, જરા જોજો.

મુરલી : હં

સંતોષી : પીંજારાને ત્યાંથી નવું રૂ લાવીને ઓશીકામાં ભરવાનું છે. સાવ બેસી ગયું છે.

મુરલી : હં

સંતોષી : શું હં, હં, કર્યા કરો છો? મારી કોઈ વાત સાંભળતા નથી, લો સિવાઈ ગયું તમારું ખિસ્સું.

મુરલી : ના, સંતોષી, તને જ સાંભળતો હતો, અને વિચારતો

હતો કે મારું જીવન પણ કંતાઈ જાય, ફાટવા માંડે તો આમ જ થીગડું મારી આપજે.

સંતોષી : હાય હાય, એ શું બોલ્યા? તમારાથી પહેલી તો હું ઉપર જઈશ સૌભાગ્યવતી.

મુરલી : ના સંતોષી, એવું ન બોલ, તારા વિના હું એકલો કોને સહારે જીવીશ?

સંતોષી : કેમ દીકરા નથી ત્રણ ત્રણ? અને તમારું આ વહાલું ઘર નથી?

મુરલી : ઘર પણ હવે મારા જેવું ઘરડું થઈ ગયું છે. દીકરાઓ ઉપર ચાલશે ને, તો અહીં કાંકરી ખરવા માંડશે.

સંતોષી : તો સમારકામ કરાવો ને ભાઈસાબ. પૈસાની જરૂર પડે તો કોઈ ભાડૂત શોધી કાઢો.

મુરલી : એને માટે બધાને કહી રાખ્યું છે, ફરી વાત કરવી પડશે. ભાડૂત કંઈ ટકોરા મારતો થોડો આવશે ? (બારણે ટકોરા પડે છે) એ કોણ હશે અત્યારે?

સંતોષી : ભાડૂત.. એને કહી દેજો કે...

મુરલી : વૅકેશન પહેલાં ખાલી કરવું પડશે, એ જ ને? વારુ કહી દઈશ.

સંતોષી : (બારણું ખોલવા જતાં) તમે તો ભારે મજાકિયા. અરે આ તો બાજુવાળાં તાપીબેન હશે. તુલસીનાં પાન લેવા આવ્યાં હશે. બીજું કોણ આપણે ઘરે આવવાનું? (મુરલી પંચાંગમાં મશગુલ)

અનિલ : (પ્રવેશી) નમસ્તે, હું અનિલ, તમારે ત્યાં ઘર ભાડે આપવાનું છે?

મુરલી : (પંચાંગમાં જ જોતાં) આ તાપીબેનનો અવાજ તાપીદાસ જેવો કેમ થઈ ગયો? (બારણા તરફ જાય)

સંતોષી : આ એમના બાપુજી.

અનિલ : એમના? કોના?

સંતોષી : ન .ત.... (યાદ આવતાં) હા, ધવલ, ધવલના..

અનિલ : ધવલ?

મુરલી : હા, બોલો ભાઈ, કેમ આવવું થયું?

અનિલ : જી. હું અનિલ, આ ગામમાં મારી બદલી થઈ છે. મને ખબર પડી કે તમારે ઘર ભાડે આપવાનું છે. તમારું ઘર નાનું છે, પણ હું એકલો છું, કપડાં બહાર ધોવડાવીશ અને જમવાનું પણ બહાર.

મુરલી : પણ ભાઈ?

અનિલ : હું એક માસનું ભાડું પહેલાં જ આપવા તૈયાર છું. મારી ઑફિસ બીજી સગવડ કરે ત્યાં સુધીની જ મારે જરૂર છે.

સંતોષી : પણ અમારી વાત તો સાંભળો.. અમારી એક જ શરત છે..

અનિલ : હું એકાદ માસમાં જ ઘર ખાલી કરીને ચાલ્યો જઈશ, બસ?

સંતોષી : પણ તમને કોણ આટલું જલદી જવાનું કહે છે, દીકરા?

અનિલ : દીકરા?

મુરલી : હા ભાઈ, તારા કપડાં, થેલો, બુશકોટના ખિસ્સામાંથી દેખાતી પેન..

સંતોષી : ચહેરા પરની વિહવળતા, થાકેલું મોઢું એટલે એકદમ નમન જેવાં જ...

મુરલી : ના સંતોષી, તપન જેવા..

સંતોષી : ના, ધ-ધ-ધ, નામ પણ યાદ નથી આવતું..

અનિલ : નમન કરું છું. માની જાવ ને હું તમારે શરણે જ આવ્યો છું .

મુરલી : બસ એક જ શરત છે તમારે ચૈતર વૈશાખ પહેલાં ખાલી કરવું પડશે.

અનિલ : ચૈતર વૈશાખ એટલે ?

મુરલી : વૅકેશન પહેલાં.. આ ભણેલાઓની આ જ તકલીફ છે. હિન્દુ મહિનાઓનાં નામ જ નથી આવડતાં. અદલ ધવલ જ જોઈ લો .

અનિલ : હેં?

સંતોષી : ચાલ દીકરા હાથ-મોં ધોઈ લે. થોડું ખાઈ લે. (રસોડા તરફ જાય)

મુરલી : ચાલ, તને ઉપલા માળનો તારો ઓરડો બતાવી દઉં... (અનિલને લઈ ઉપર જાય )

## દૃશ્ય : ત્રીજું

અનિલ : (પત્નીને પત્ર લખે છે) પ્રિય આરતી, તારાથી દૂર થઈને આ ઘરમાં રહેતા મને ચાર મહિના થયા. આજે જ તારો પત્ર મળ્યો. મુરલીકાકા સવારે જ પોસ્ટઑફિસ જઈ લઈ આવ્યા. હવે એમને પણ ખબર પડે છે કે આજે તારો પત્ર આવશે જ. આ લોકો મને તેમનો દીકરો જ માને છે. સંતોષીબા આગ્રહપૂર્વક જમાડે છે. મને આપણી બાની ખોટ

નથી સાલતી. બંને જણાં, ધીમે ધીમે કામ કરતાં રહીને મારી બધી જ સગવડો સાચવે છે. હું તેમને તક્લીફ આપતો હોઉ એવું પ્રામાણિકતાથી કહું તો એ બધું અવગણીને મારી સાથે તેમના દીકરાઓની વાત કરવા આવી જ પહોંચે છે.. તેમના અંતરની લાગણી કોના પર વરસાવે?

મુરલી : શું કરે છે બેટા? તને ખબર છે, અમારો નમન નાનો હતો ત્યારે આ બારીમાંથી ભૂસકો મારતો, એટલો તોફાની હતો. હવે તો મોટો અફસર બની ગયો છે.

સંતોષી : અફસર એટલે લડાઈનો નહીં, મોટો સાહેબ બની ગયો છે. મોટા શહેરમાં રહે છે અને મોટેથી બોલે છે.

અનિલ : તમારે એક જ દીકરો કે?

સંતોષી : ના

મુરલી : હા

બંને : હા - હા.

અનિલ : નમન? તપન ? કે ધવલ? (બંને ખેં ખેં હસે, પછી ગંભીર થઈ જાય.) કાકા, હું પત્નીનો પત્ર પૂરો કરું? મને મોડું થાય છે.

સંતોષી : હા-હા

મુરલી : હા-હા. તું લખી લે એટલે મને આપ હું પોસ્ટ ઑફિસમાં નાંખી આવીશ ભાઈ.

અનિલ : (પત્ર લખતાં) આરતી, હવે આપણું મળવાનું દૂર નથી. કંપનીનું મકાન તૈયાર થવા આવ્યું છે. પણ મને આ વડીલોને છોડીને જવાનું ગમતું નથી. એમને કહેવાનો પણ જીવ ચાલતો નથી. એમના કદાચ ત્રણ દીકરા હતા. ના, કદાચ એક જ હતો.. કાં તો એ આ જગતમાં નથી, અથવા આ ઘરે બોલાવવા છતાં, આવતો નથી.. અથવા તો કદાચ.. જવા દે, આપણે મળીશું ત્યારે જ તને કહીશ.. મારે તેમની સાથે વાત કરતાં ખૂબ સાચવવું પડે છે, તેમના અંતર પર અજાણતાથી કોઈ ઘા ન થઈ જાય તે માટે.. આ ઘર છોડતાં પહેલાં હું જ તેમને એકાદ યોગ્ય ભાડૂત શોધી આપીશ. જેથી તેમને મારા જવાનું દુ:ખ ભલે રહે, આર્થિક તંગી ન રહે. ચાલ ત્યારે, હવે પત્રથી નહીં, રૂબરૂ જ મળીશું. જય શ્રીકૃષ્ણ.. (પત્ર બંધ કરે - ઊભો થાય.)

મુરલી : લખાઈ ગયો પત્ર? લાવ બેટા. હું ટપાલપેટીમાં નાંખી આવું.

અનિલ : કાકા, હું બહાર જાઉ જ છું. નાંખી દઈશ. તમને નાહકની તકલીફ..

સંતોષી : જરા સાચવીને જજે દીકરા. અંધરાયું છે. (અનિલ નીકળી જાય.)

મુરલી : અરે દીકરા છત્રી તો લેતો જા... (ગાજવીજ અને વરસાદનો અવાજ)

સંતોષી : એ નહીં માને, અદ્દલ ધવલ જેવો જ છે.

મુરલી : હોય, આ ઉંમરે છોકરાઓ આવા જ હોય.. તું શું વિચારે ચડી ગઈ?

સંતોષી : આ ગયો, હવે સમય કેવી રીતે પસાર કરીશું? સમય સાથે શું કરી શકાય?

મુરલી : ઘણી વાર સમયને પણ ખબર નથી પડતી કે આપણી સાથે શું કરવું?

(સમય પસાર થાય તે દર્શાવતું સંગીત - બારણે ટકોરા)

સંતોષી : જુઓ તો, આટલા વરસાદમાં કોણ હશે?

મુરલી : ના, વરસાદ તો અટકી ગયો છે. અરે, ભાઈ ભીનો થઈ ગયો ને? હું છત્રી લઈને પાછળ દોડ્યો, પણ તેં ન સાંભળ્યું.

સંતોષી : બહાર જ ઊભો રહેજે દીકરા, પગ ધોવડાવું.. નમન ઘરમાં આમ જ આવી જતો, અને પગલાં પાડતો... હવે મારામાં સફાઈ કરવાની તાકાત નથી રહી.. એક વાર તો તપન વરસાદમાં ભીંજાયો તે ટાઈફોઈડ થઈ ગયો.

મુરલી : ના ટાઈફૉઇડ નહિ, નમનને ન્યુમોનિયા થયો હતો.

અનિલ : કોને? કોને ન્યુમોનિયા થયો હતો? તપનને કે નમનને? (બંને એકબીજાની સામે છોભીલા પડીને જુએ) કે પછી ધવલને ?-

સંતોષી : (મુરલીને) કમાલ છો, તમે? આપણા દીકરાનું નામ ભૂલી ગયા? (અનિલને બતાવી) આ તો આપણો ધવલ છે.

અનિલ : બા, હું ધવલ નહીં, અનિલ છું.

મુરલી : (છોભીલા પડી) હેં. હા. ખરી ભૂલકણી છે તું, અરે આ તો આપણો અનિલ છે..

સંતોષી : (છોભીલા પડી) હું તારે માટે ચા મૂકું દીકરા, ભીનો થઈને આવ્યો છે.

અનિલ : ના, ઊભા રહો, અહીં બેસો બંને.. (બેસાડે) જુઓ, હું ભીનો નથી થયો, મારે ચા નથી પીવી, મારે તમને એક મહત્ત્વની વાત કરવી છે, માટે પાછો આવ્યો છું. મારી ઑફિસ તરફથી ઘરની વ્યવસ્થા થઈ ગઈ છે. પણ તમે ચિંતા નહીં કરતા, મેં તમારે માટે નવો ભાડૂત શોધી કાઢયો છે. મારાથી થોડું વધુ ભાડું પણ આપશે. માણસ સારો છે. મારો પરિચિત છે. (બંને એકબીજાની સામે ન સમજાય તેમ જોતાં રહે) ચિંતા નહીં કરતાં, તે વૅકેશન પહેલાં ખાલી કરી જશે, બસ? મારી જવાબદારી. ભરત આવતો જ હશે.

ભરત : (બહારથી જ) હું પહોંચી ગયો છું, (પ્રવેશે) અનિલ ભાઈ, ઘોડાગાડીવાળા સાથે નક્કી જ કર્યું છે, મારો સામાન અંદર લઈ લો. અને તમારો સામાન ગાડીમાં મૂકી દઈએ..

મુરલી : (અનિલને) અરે પણ દીકરા, તું માંદો થઈને ઊઠયો છે, વજન ન ઊંચકતો. ગાડીવાળાને બોલાવી લે. તે સામાન લઈ જશે.

અનિલ : ચિંતા ન કરો વડીલ, માંદો હું નહિ, ધવલ પડયો હતો. વળી મારો સામાન કેટલો? તરત લઈ આવું છું. (ભરતને) આવ ભરત.
ભાઈ, તને ઓરડો બતાવી દઉં. (બંને ઉપર જાય)

સંતોષી : (મુરલીને) એનો સ્વભાવ જરા ચીડિયો થઈ ગયો છે, પણ જતી વખતે ક્લેશ ન કરતા, નોકરી એટલે નોકરી, જવું તો પડે જ.

મુરલી : હા, પણ દીકરાને આપણે માટે કેટલી લાગણી છે? નવો ભાડૂત પણ જાતે શોધી લાવ્યો, અદ્દલ ધવલ જ છે. (અનિલ અને ભરત ઉપરથી નીચે આવી પ્રવેશે)

સંતોષી : (અનિલને) દીકરા, ટિફિનમાં જીરા-મીઠાની પૂરી છે, કીડી ચડી ન જાય માટે મુરબ્બો નથી મૂક્યો. ચા સાથે ખાજે. અને દરેક સ્ટેશને ગાડીમાંથી બહાર નહીં નીકળતો...

મુરલી : વૅકેશનમાં પાછો જરૂર આવજે દીકરા, કેરીગાળો કરવા. અમારી એકલતા ભાંગી જશે.

(અનિલ બંનેને પગે લાગી બહાર જાય - બંને ભરત સાથે વાતે વળગે..)

સંતોષી : દીકરા! તારે માટે ચા મૂકું? થાકીને આવ્યો હશે, આજે દૂધવાળો નહોતો આવ્યો. તને કાળી ચા ફાવશે?

મુરલી : અમારા ધવલને કાળી જ ચા ફાવે. હવે તો મોટો અફસર થઈ ગયો છે, મોટો માણસ બની ગયો છે, શહેરમાં..
( ભરતને કંઈ ન સમજાતાં બહાર જાય જ્યાં અનિલ ઊભો જ છે)

ભરત : તમે આ લોકો સાથે કઈ રીતે રહેતા હતા? આ લોકો તો ખરેખર..

અનિલ : બહુ પ્રેમાળ છે. આ ભાડું જ એમની આજીવિકા છે, પ્લીઝ ના ન પાડતો દોસ્ત.

ભરત : એમ નહીં. મને પણ એમને માટે ફિલિંગ્સ છે. એમના દીકરા છે ક્યાં ? મને લાગે છે, શહેરમાં જઈને તેમને કોઈ સાઇકિયાટ્રીસ્ટને બતાવીએ તો કેવું?

અનિલ : ના દોસ્ત, એવી ભૂલ પણ ન કરતો. આ જ એમનું જીવન છે. સાચું કહું? એમને કોઈ દીકરા છે જ નહીં. છતાં ત્રણ દીકરા હોવાના ભ્રમમાં તેઓ જીવે છે. તેમની આ ભ્રમની સૃષ્ટિ ભાંગીશ નહીં મારા ભાઈ, તેઓ ભાંગી પડશે, તૂટી પડશે. એમને માટે તો આ મૃગજળ એ જ સત્ય છે. નિયતિએ તેમને નિયમ રહિત બનાવ્યાં છે.

સંતોષી : (ઘરમાં) આ નમન ગયો, તો હવે તપન તો સમયસર આવશે ને?

મુરલી : હા કેમ નહીં, ધવલ જરૂર આવશે. (બંને સ્થિર થાય)

અનિલ : (બહાર ભરતને) આ 'આવશે' એ જ એમનું જીવન.

(સમાપ્ત)

(શ્રી સરોજ પાઠક લિખિત વાર્તા 'નિયતિકૃત નિયમરહિતા' આધારિત)

*ઈ-૬-બી, પાલમ એવન્યુ, નંદનવન-૨ની બાજૂમાં વ્હાઈટ હાઉસ સામે, વીઆઈપી રોડ, વેસુ, સુરત ૩૯૫ ૦૦૭*
*મો. ૯૯૨૫૧૯૫૨૩૯*

# ટ્રાયલ એન્ડ એરર

*- ગિરિમા ઘારેખાન*

## પાત્રો

- તાન્યા [ઉંમર ૨૪ વર્ષ] [flash backમાં ૯ વર્ષ ]
- રજત [૨૬ વર્ષ ]
- રજની- રજતની માતા [૫૨ વર્ષ]
- નંદિની -તાન્યાની માતા [૩૩ વર્ષ [flash back માં]અને અત્યારે ૪૮ વર્ષ ]
- શૈલેશ - તાન્યાના પિતા - [૩૪ વર્ષ]
- હિરલ - [૨૨ વર્ષ]
- પરિણીત સ્ત્રી અને પરિણીત પુરુષ [૩૫થી ૪૦ વર્ષના]

### દૃશ્ય -૧

સ્થળ - નાનકડું કૉફી હાઉસ

બે ત્રણ ટેબલ છે અને ટેબલની સામે ખુરશીઓ ગોઠવેલી છે. પડદો ખૂલે છે ત્યારે રજત અને તાન્યા એક ટેબલ ઉપર સામસામે બેઠેલાં છે. બંનેના એક હાથમાં કૉફીનો મગ છે અને બીજો હાથ ટેબલ ઉપર મૂકીને એકબીજામાં પરોવેલો છે. બાજુના ટેબલ ઉપર એક પરિણીત લાગતું યુગલ બેઠેલું છે. એ લોકોની નજર આ બંને ઉપર જ છે. રજત તાન્યાને જ જોયા કરે છે.

તાન્યા : [લાડથી] શું જોયા કરે છે?

રજત : ઓફકોર્સ તને. તું મારી સામે હોય પછી બીજું કંઈ જોવાનું મન થાય ?

તાન્યા : બોલવામાં તો તું એટલો હોશિયાર છે ને! આવું આવું બોલીને જ મને પટાવી છે.

રજત : અરે, હું કંઈ ખોટું કહું છું? તાન્યા, બે વર્ષ પહેલાં તેં ઑફિસ જોઈન કરી એ દિવસથી જ મને તો તારી સાથે લવ એટ ફર્સ્ટ સાઈટ જેવું થઇ ગયું હતું. આ બંદા તો તને પહેલીવાર જોઈને જ [ગળા ઉપર હાથ ફેરવવાની એક્શન કરે છે] શહીદ થઈ ગયા હતા.

તાન્યા : મને ખબર છે. ઑફિસની છોકરીઓ મને એ માટે ચીડવતી પણ હતી કે આ રજત તો તારો પાક્કો આશિક બની ગયો છે.

રજત : તને એ સાંભળીને મારી ઉપર ગુસ્સો ન'તો આવતો ?

તાન્યા : સાચું કહું ? મને સરે પહેલી વાર કંઈક શીખવા માટે તારી પાસે મોકલી અને મારી બાજુમાં બેસીને તેં જે રીતે શીખવાડવા માંડ્યું ને, ત્યારથી જ હું પણ તારી ઉપર ઓળઘોળ થઈ ગઈ હતી. મને એ વખતે જ લાગ્યું હતું કે આ માણસ બીજાઓ કરતાં કંઈક અલગ છે- સો ઈન્ટેલીજન્ટ એન્ડ સો હમ્બલ !

રજત : સેમ હિઅર. મને પણ એવું જ લાગેલું કે આ બ્યુટી વિથ બ્રેઈન છે. તું માનીશ? મેં તો નક્કી કરેલું જ મારી સામે સુંદર અને બુદ્ધિશાળી - બે છોકરીઓ આવશે તો હું બુદ્ધિશાળી છોકરીને પસંદ કરીશ. તારી પાસે તો બંને છે, માય મિસ ઈન્ડિયા !

તાન્યા : બસ બસ, આ થોડું વધારે થઈ રહ્યું છે, હોં !

રજત : [માર્મિક સ્મિત કરતાં] વધારે તો હવે થવાનું છે.

તાન્યા : એટલે ?

[રજત ખીસામાંથી એક નાની ડબ્બી કાઢીને ટેબલ ઉપર મૂકે છે અને એમાંથી વીંટી કાઢીને તાન્યા સામે ધરે છે.]

રજત : તાન્યા, મને લાગે છે કે આ બે વર્ષમાં આપણે એકબીજાને બરાબર ઓળખી લીધાં છે. મને આખી જિંદગી તારી સાથે જીવવાનું ગમશે. વિલ યુ મેરી મી ?

[તાન્યા ડઘાઈ ગઈ હોય એમ જોયા કરે છે.]

[આ લોકો સામે જોઈ રહેલી બાજુના ટેબલ ઉપર બેઠેલી સ્ત્રી એકદમ મોટેથી બોલવા માંડે છે]

સ્ત્રી : જુઓ, જુઓ, હજી તો લગન પણ નથી થયાં અને હીરાની વીંટીઓ અપાય છે. તમે કોઈ દિવસ મારે માટે સાડીનું એક ચીંથરુંય લાવ્યા છો ?



પુરુષ : પણ તું પોતે જ તારે માટે આટલી સાડીઓ લાવે છે કે મારે લાવવાની જરૂર જ નથી રહેતી.

સ્ત્રી : એ તો તમે નથી લાવતા તે મારે તો લાવવી જ પડે ને ! સગાઈ થઈ ત્યારે તો બધું ઘણુંય મીઠું મીઠું બોલતા'તા - તારે માટે આમ કરીશ ને તેમ કરીશ. પણ લગ્ન વખતે અગ્નિની આજુબાજુ ફરતાં ફરતાં એ બધાં વચનો પણ આગમાં જ નાખી દીધા. હેં ને ?

પુરુષ : તે તું પણ એની એ રહી છે? તેં એ અગ્નિમાં શું શું નાખી દીધું છે એ યાદ કર.

સ્ત્રી : જવા દો ને, મારે તમારી સાથે વાત જ નથી કરવી. વરસના વચલા દિવસે વળી કૉફી પીવા લઈ આવ્યા અને અહીં આવીને ઝઘડો ? પીઓ તમે તમારી કૉફી. હું તો જાઉ છું ઘેર. [ચાલવા માંડે છે ]

પુરુષ : [એની પાછળ જતાં જતાં] ઝઘડો શરૂ તેં કર્યો અને હવે મારે ---

[બંને બહાર નીકળી જાય છે. એ બંનેને જોયાં કરતાં રજત અને તાન્યા એકબીજાની સામે જુએ છે. તાન્યા હજી પણ ક્યાંક ખોવાયેલી હોય એવી જ લાગે છે.]

રજત : આટલું બધું શું વિચારે છે, તાન્યા? યુ વોન્ટ મી ઓન માય નીઝ ? તો આ બેઠો, લે. [ઘૂંટણ પર બેસીને ] વીલ યુ મેરી મી ?

તાન્યા : [હાથ પકડીને એને ઊભો કરતાં ] હેં રજત, બધા પુરુષો આમ લગ્ન પછી બદલાઈ જાય ?

રજત : વોટ નોનસેન્સ ! આવા એક કપલને જોઈને તું આવું વિચારવા માંડી ? પેલાએ એની વાઈફને શું કહ્યું એ તેં ન'તું સાંભળ્યું? અને હું તો માનું છું કે અત્યારે એ બધું ભૂલીને એ બે જણ ક્યાંક બેસીને એકબીજાને આઈસક્રીમ ખવડાવતાં હશે. પતિ-પત્નીના ઝઘડાનું આયુષ્ય કેટલું હોય? એમનું જોઈને તું તારો મૂડ શું કામ ખરાબ કરે છે ?

તાન્યા : [ગંભીરતાથી ] ના રજત, એમનું જોઈને નહીં, મેં તને પહેલાં પણ એ વાત કરેલી છે. પતિ-પત્નીના ઝઘડાનું આયુષ્ય જિંદગીભરનું હોઈ શકે. મારાં મમ્મી-પપ્પાના પણ પ્રેમલગ્ન હતા. પણ એમના રોજ રોજ થતા ઝઘડાઓ જોતાં જ મારું બાળપણ વીત્યું છે. અત્યારે પણ એ દૃશ્યો મને નજર સામે દેખાય છે.

**દૃશ્ય -૨**

[૧૫ વર્ષ પહેલાંની આ ઘટના બતાવવા માટે

રજત અને તાન્યા બેઠાં છે એ ખૂણામાં અંધારું કરીને સ્ટેજના બીજા ભાગમાં આ દૃશ્ય બતાવી શકાય. અથવા તો નવું જ દૃશ્ય જ બનાવી શકાય.]

સ્થળ : નવ વર્ષની તાન્યાના ઘરનું દીવાનખાનું. વચ્ચે સોફા મૂકેલો છે. એની સામે એક ટીપોઈ છે. ટીપોઈ ઉપર પોતાની નોટબુક રાખીને, નીચે બેસીને તાન્યા પોતાનું હોમવર્ક કરી રહી છે. એની મમ્મી નંદિની બેચેનીથી આંટા મારી રહી છે. બેલ વાગે છે. નંદિની બારણું ખોલે છે. શૈલેશ ઘરમાં પ્રવેશે છે. નંદિની એના હાથમાંથી બેગ લે છે.

નંદિની: [ગુસ્સાથી] શૈલેશ, આ તે કંઈ ઑફિસથી આવવાનો ટાઈમ છે ? કેટલાય દિવસોથી તો રોજ તું દસ વગાડે છે. તારી રાહ જોઈ જોઈને તાન્યા પણ હજી જમી નથી.

શૈલેશ : [સોફા પર બેસીને શૂઝ ઉતારતાં]તે ખોટું કરે છે. એ તાન્યા, મેં તને કીધું છે મારી રાહ જોવાનું? નહીં ને ? [નંદિનીને] તારે પણ રાહ નહીં જોવાની. સૂઈ જવાનું. મોડું તો થશે. દસ શું બાર પણ વાગશે. કચકચ નહીં કરવાની, શું ?

નંદિની: એટલે ? તું મન ફાવે ત્યારે ઘેર આવી શકે ? ઘર માટે તારી કોઈ જવાબદારી જ નહીં ? હું નોકરી કરું, ઘર સંભાળું, તાન્યાને સાચવું, બધું મારે એકલીએ જ કરવાનું ?

[તાન્યા નોટબુક બંધ કરીને બંનેની સામે વારાફરતી જોયા કરે છે.]

શૈલેશ : તે બધાં બૈરાં આ બધું કરતાં જ હોય છે. શું ? તું કંઈ નવાઈ નથી કરતી. શું ?

નંદિની: તો લગન પહેલાં તું જે કહેતો હતો એ બધું શું હતું ? - [ચાળા પાડતી હોય એમ] “નંદિની, આપણે બંને સાચા અર્થમાં લાઈફ પાર્ટનર્સ બની રહીશું. હું તને કોઈ તકલીફ નહીં પડવા દઉં. આમ કરીશ, તેમ કરીશ, ઘરનું અડધોઅડધ કામ કરીશ.” બધું જૂઠું હતું ?

શૈલેશ : હા, એ બધું જૂઠું જ હતું, હું તો આવો જ છું. તારાથી થાય એ કરી લે. મને ઊંઘ આવે છે.

[અંદરની રૂમમાં જાય છે. નંદિની પણ પાછળ પાછળ જાય છે. અંદરથી બંનેના ઝઘડવાના અવાજો સંભળાયા કરે છે. તાન્યા કાન ઉપર હાથ મૂકીને બેસી રહે છે અને ડૂસકાં ભરી ભરીને રડતી રહે છે.]

[થોડી વાર પછી અંદરથી તમાચાનો અવાજ સંભળાય છે. નંદિની રડતી રડતી અંદરથી પર્સ લઈને આવે છે અને તાન્યાનો હાથ પકડીને એને ઊભી કરે છે.]

નંદિની: ચલ બેટા, હવે આપણે આ ઘરમાં નથી રહેવું.

તાન્યા : પણ પપ્પા - -

[નંદિની એને ખેંચીને ઘરની બહાર નીકળી જાય છે]

## દૃશ્ય- ૩

સ્થળ : ફરીથી એ કૉફી હાઉસ જ્યાં તાન્યા અને રજત બેઠેલાં છે.

રજત : તાન્યા, તાન્યા, તું આમ વારંવાર ક્યાં ખોવાઈ જાય છે? આપણે એકબીજાને પ્રેમ કરીએ છીએ, મેં તને લગ્નનું પૂછ્યું છે, અને તું આમ મોરચા ઉપર જવાનું હોય એમ ગંભીર કેમ થઈ ગઈ છે?

તાન્યા : [સ્થિર થઈ ગયેલી આંખો પટપટાવીને ] કારણ કે મેં લગ્નજીવનને રણમેદાન બની જતું જોયું છે. પુરુષોને બદલાઈ જતા જોયા છે. એ બધામાં બાળકોએ કેટલું સહન કરવું પડે છે એ અનુભવ્યું છે. એટલે જ મને વિચાર આવે છે કે - -

રજત : કયો વિચાર ? મને ના પડવાનું ના વિચારતી., પ્લીઝ !

તાન્યા : [હાથ આગળ કરીને ] અરે ! લે, પહેરાવી દે વીંટી. પણ એ પહેલાં મારી એક શરત સાંભળી લે.

રજત : [આશ્ચર્યથી] શરત ? શી શરત ?

તાન્યા : એ જ કે લગ્ન પહેલાં આપણે એનો ટ્રાયલ લઈશું. આઈ મીન, લગ્ન કરતાં પહેલાં થોડો વખત એમનેમ સાથે રહીશું.

રજત : [ખુરશીમાંથી ઊભો થતાં] એટલે, એટલે શું તું - -

તાન્યા : [એનો હાથ પકડીને બેસાડતાં] હવે તું એવું રિએક્ટ ના કર જાણે તારી ઉપર બોમ્બ પડ્યો હોય. ટેક ઈટ ઈઝી. લીવ-ઈનમાં રહેવું એ કંઈ નવી વાત નથી. આજકાલ તો કેટલાં બધાં કપલ એવી રીતે રહેતાં હોય છે. મેં ઘણા પાસેથી એવું સાંભળ્યું છે કે એક ઘરમાં સાથે રહેવા માંડો પછી જ સામી વ્યક્તિને બરાબર ઓળખી શકો. એટલે - -

રજત : [ખુરશીમાંથી ઊભો થતાં] એટલે શું તને એવું લાગે છે કે હજી આપણે એકબીજાને બરાબર ઓળખતાં નથી ?

તાન્યા : પણ આ લગ્ન પહેલાની ઓળખાણ છે, ડિયર. [રજત ઢગલો થઈને ખુરશીમાં ફસડાઈ પડે છે અને મનાતું ન હોય એમ તાન્યા સામે જોઈ રહે છે.]

રજત : તેં આન્ટીને આ વાત કરી છે ? હું નથી માનતો કે એ તને આમાં સંમતિ આપે.

તાન્યા : [ટટ્ટાર થઈને] હવે ૨૪-૨૫ વર્ષે મારી જિંદગીના બધા નિર્ણયો હું જ લઉં છું અને મમ્મી પણ એ જાણે છે. મને ખબર છે કે મમ્મી તને ઘણી વાર મળેલી છે અને એ તને જમાઈ તરીકે જ જોવા માંડી છે. એટલે એ કદાચ મને સમજાવવા પ્રયત્ન કરશે. પણ મારા નિર્ણયોની મક્કમતા પણ એને ખબર હોય છે. આખરે દીકરી તો એની જ છું ને !

રજત : આર યુ સ્યોર અબાઉટ યોર ડિસિઝન ?

તાન્યા : [રજતનો હાથ પકડીને ] રજત, તું કેમ સમજતો નથી ? આપણે કપડાં લેવા જઈએ ત્યારે કપડું ગમે તેટલું ગમી જાય તો પણ ટ્રાયલ રૂમમાં જઈને એનો ટ્રાયલ નથી લેતાં ? તો પછી આ તો આપણી જિંદગીનો સવાલ છે. હું તો માત્ર મારો જ નહીં, આપણા બંનેનો વિચાર કરું છું. બની શકે કે પત્ની બન્યા પછી હું તારી અપેક્ષાઓમાં ઊણી ઊતરું. અને આપણે ક્યાં કાયમ માટે આવી રીતે રહેવું છે ? જ્યારે આપણને લાગે કે બધી રીતે આપણી કોમ્પેટીબિલિટી બરાબર છે ત્યારે આપણે લગ્ન કરી લઈશું.

[રજત હાથમાં વીંટીને રમાડતો ભીંત સામે જોતો બેસી રહે છે.]

તાન્યા : શું વિચારે છે ?

રજત : [વીંટી ડબ્બીમાં મૂકતાં] મારે મારા ઘેર પણ વાત તો કરવી પડશે ને ? ઈનફેક્ટ મારા ઘરમાં પણ બધાં જ તને આવનારી પુત્રવધૂ તરીકે જોવા માંડ્યાં છે, એટલે -- [કંઈક વિચારતો ઊભો રહે છે.]

તાન્યા : [સ્વગત] ઓ માય ગોડ ! મેં આવું કહીને કંઈ ભૂલ તો નથી કરી ને? એવું તો નહીં થાય કે હું રજતને ગુમાવી બેસું ? હું એના વિના રહી શકીશ ?

રજત : આપણે કાલે આજ સ્થળે પાછાં મળીએ ? તું પણ તારા નિર્ણય અંગે આન્ટી સાથે વાત તો કરજે ! હું પણ વિચારી લઈશ. હું મારાં પેરેન્ટ્સનો દીકરો પણ છું એ પણ મારે યાદ રાખવાનું છે.

[બંને નીકળી જાય છે ]

**દૃશ્ય -૪**

સ્થળ : તાન્યાના ઘરનું દીવાનખાનું. મધ્યમ વર્ગના ઘરોમાં હોય એવું રાચરચીલું.

[નંદિની સોફામાં બેસીને ચોપડી વાંચતી હોય છે ત્યાં તાન્યા પ્રવેશે છે અને આવીને સોફા ઉપર પછડાઈ પડે છે.]

નંદિની: [પુસ્તક બાજુએ મૂકીને] શું થયું બેટા ? કેમ આમ ઢીલી લાગે છે ?

તાન્યા : મમ્મી, આજે મને રજતે પ્રપોઝ કર્યું.

નંદિની: [એકદમ ખુશ થઈને] અરે વાહ! હું તો ક્યારની આ દિવસની રાહ જોતી હતી. ચાલ, એ વાત પર આઈસક્રીમ ખાઈએ. પછી તું બધું મને વિગતથી કહેજે. [રસોડામાં જાય છે.]

તાન્યા : પ્રપોઝ કર્યું સાંભળીને જ મમ્મી કેટલી ખુશ થઈ ગઈ! હવે એને કઈ રીતે જણાવું? પણ કહેવું તો પડશે જ ને ? અને હું બિલકુલ ખોટી નથી. એને પણ પપ્પા સાથેના અનુભવો યાદ તો હશે જ ને?

[નંદિની આઈસક્રીમના બાઉલ લઈને આવે છે

અને ટીપોઈ ઉપર મૂકે છે.]

નંદિની: [તાન્યાનો હાથ હાથમાં લઈને] તારી રિંગ તો બતાવ !
[રિંગ ન જોતાં તાન્યા સામે પ્રશ્નાર્થ નજરે જોઈ રહે છે]

તાન્યા : મમ્મી, મેં રિંગ પહેરતાં પહેલાં એની સામે એક શરત રાખી છે.

નંદિની: શરત ? કેવી શરત ?
[તાન્યા બધી વાત કરતી હોય એવો અભિનય કરે છે. બેકગ્રાઉન્ડમાં ધીમું મ્યુઝિક વાગતું રહે છે. નંદિનીના હાવભાવ બદલાતા રહે છે. વાત પૂરી થઈ ગયા પછી કરંટ લાગ્યો હોય એવી રીતે નંદિની ઊભી થઈ જાય છે.]

નંદિની: હેવ યુ ગોન ક્રેઝી ? તેં આ શું કર્યું છોકરી ? આપણે આટલા વખતથી રજતને અને એના પરિવારને ઓળખીએ છીએ ને ? તને લાગે છે કે એ લોકો તારી આ ગાંડા જેવી શરત મંજૂર રાખશે ?

તાન્યા : હા, રાખશે. આઈ નો ધેટ રજત લવ્ઝ મી એ લોટ.

નંદિની: પણ લગ્ન માટે પ્રેમ ઉપરાંત પરિવારનો પણ વિચાર કરવાનો હોય એ તું કેમ સમજતી નથી?

તાન્યા : મમ્મી, તું અને પપ્પા છૂટાં પડ્યાં ત્યારે હું થોડું ઘણું તો સમજતી હતી. તમારા બેડરૂમના ઝઘડાઓ હજી મારા કાનમાં પડઘાય છે. એ વર્ષોની એક એક પળ મારા હૃદયમાં ઊંડે સુધી કોતરાઈ ગઈ છે. તું જ તો કહેતી હતી ને કે પપ્પા લગ્ન પહેલાં બહુ સારા હતા અને પછી બદલાઈ ગયા !

નંદિની: બેટા, મેં લગ્ન કર્યાં ત્યારે હું માત્ર ઓગણીસ વર્ષની હતી. માણસને ઓળખવામાં થાપ ખાઈ ગઈ હતી. પણ અત્યારે અડધી સદીએ પહોંચવા આવી છું ત્યારે મને માણસોને ઓળખતાં આવડે છે. રજત જેવો છોકરો તને ક્યાંય નહીં મળે. અને યાદ રાખ, ગમે તેટલું મજબૂત બંધન પણ બહુ ખેંચીએ તો તૂટી જાય. જિંદગી આ આઈસક્રીમની જેમ પીગળી જાય અને પછી એમાં કોઈ મજા ન રહે.

તાન્યા : પણ મેં લગ્નની ના પાડી જ નથી. માત્ર એ પહેલાં એક ટ્રાયલ લેવા માંગું છું, જેથી ક્યાંય એરર થતી હોય તો ખબર પડે.

નંદિની: [ગુસ્સાથી ઊભા થતાં ] ભગવાનને કહેજે કે આવતાં જન્મે તને મા-બાપનો પણ ટ્રાયલ આપે.

તાન્યા : [એટલા જ ગુસ્સાથી] જો એવો ટ્રાયલ મળતો હોત તો મારું બાળપણ ફાધર વિના ના ગયું હોત.
[માની ન શકાતી હોય એમ નંદિની ધ્રૂજતી ધ્રૂજતી એની સામે જોઈ રહે છે. પછી અંદરની રૂમમાં જઈને બારણું પછાડીને બંધ કરી દે છે.]

તાન્યા : [પાછળ જઈને ] ઓહ! આ હું શું બોલી ગઈ ! આઇ એમ સોરી મમ્મી, આઇ ડીડન્ટ મીન ઈટ.
[બારણું ખખડાવ્યા કરે છે.]

## દૃશ્ય -૫

સ્થળ : આગલા દિવસવાળું કૉફી-હાઉસ
[તાન્યા ત્યાં પહોંચીને ઘડિયાળ જોયા કરે છે. પછી મોબાઈલ કાઢીને ફોન લગાવે છે. રિંગ વાગીને કટ થઈ જાય છે.]

તાન્યા : [અકળાઈને ] રજતે મારો ફોન કટ કરી નાખ્યો? મમ્મીની વાત સાચી પડશે ? ફરીથી લગાવી જોઉં.
[ફોન લગાવતી હોય છે ત્યાં પાછળથી આવીને રજત એના ખભા ઉપર હાથ મૂકે છે.]

તાન્યા : હાશ ! તું આવી ગયો !

રજત : તને એમ હતું કે હું નહીં આવું ?

તાન્યા : થોડો ડર લાગતો હતો, રજત. જો, હજી મારા ધબકારા વધેલા છે.

રજત : નાઉ ચીયર અપ બેબી, મમ્મી-પપ્પાએ તારી શરત મંજૂર રાખી છે.

તાન્યા : થેંક ગોડ. મને એ વાતનો જ ડર હતો. એ લોકો થોડા ટ્રેડિશનલ વિચારોના –

રજત : હા, એ તો છે જ. પણ એક તો તું એમને બહુ જ ગમે છે અને બીજું, એમને એ પણ ખબર છે કે મને તું જ ગમે છે. એટલે --.પાછી મેં એમને

તારા ભૂતકાળની, લગ્ન વિશેના તારા માનસિક ડરની, બધી વાત કરી એટલે એ લોકોએ હા પાડી દીધી.

તાન્યા : ચલ, તો મારી આંગળી તો ક્યારની તારી વીંટીની રાહ જુએ છે. [હાથ લંબાવે છે]

રજત : [વીંટી હાથમાં લઈને] પણ આ પહેરાવતાં પહેલાં મારી પણ એક શરત છે.

તાન્યા : [થોડું ગભરાઈને] શી ?

રજત : એ જ કે આપણે તું કહે છે એવી રીતે માત્ર એક વર્ષ સાથે રહીશું. પછી તરત લગ્ન કરી લેવાના. મને લાગે છે કે મને પતિ તરીકે ઓળખવા માટે તારે માટે એટલો સમય પૂરતો છે. બરાબર ને ? માણસ એટલો લાંબો સમય તો મહોરું પહેરીને ન ફરી શકે ને ? બોલ, તને આ શરત મંજૂર છે?

તાન્યા : [થોડું વિચારીને] એક વર્ષ ને ? બાર મહિના. ઓ કે. સાથે રહેવા માંડ્યા પછી બરાબર એક વર્ષ પછી આપણે પતિ-પત્ની બની જઈશું. ડન. [આંગળી લંબાવે છે.]

રજત : [વીંટી પહેરાવતાં] તો પછી કાલથી ભાડાનો ફ્લેટ શોધવા માંડીએ ને?

તાન્યા : [વીંટીને કિસ કરતાં ] ચલ, અત્યારે તો કોઈ સરસ જગ્યાએ સેલિબ્રેટ કરવા જઈએ.
[બંને હાથમાં હાથ નાખીને જાય છે ]

**દૃશ્ય -૬**

સ્થળ : રજત અને તાન્યાના ઘરનું દીવાનખાનું. જરૂર જેટલું રાચરચીલું છે. રજત સોફા ઉપર બેસીને મોબાઈલ જોઈ રહ્યો છે. ડોરબેલ વાગે છે. તાન્યા પ્રવેશે છે.

તાન્યા : [ઊંડો શ્વાસ લઈને ] વાહ! ફ્લાવરના શાકની મસ્ત સુગંધ આવે છે. મને હતું જ કે તેં રસોઈ ચાલુ કરી દીધી હશે. આજે તો ટ્રાફિક જામમાં સખત ફસાઈ ગઈ હતી. થોડી વાર બેસું. થાકી ગઈ યાર.
[રજત કંઈ બોલ્યા વિના રસોડાના બારણા સામે જોઈ રહે છે. ત્યાં તાન્યાની નજર ખૂણામાં પડેલી બેગ ઉપર પડે છે.]

તાન્યા : અરે ! આ બેગ કોની છે ?

હિરલ : [રસોડામાંથી પાણીની ટ્રે સાથે પ્રવેશીને પાણી તાન્યાને આપતાં] એ બેગ મારી છે, દીદી.

તાન્યા : [આશ્ચર્યથી] દીદી ! [પાણીનો ગ્લાસ ઉપાડીને હિરલની સામે જોઈ રહે છે. પછી આંખો ઉલાળીને રજતને 'આ કોણ છે' એમ પૂછે છે.]

રજત : ઓહ! તને કહેવાનું તો ભૂલી જ ગયો હતો. આ હિરલ છે. હવે એ આપણી સાથે રહેશે, [બંધ રહેતા બીજા બેડરૂમ તરફ ઈશારો કરતાં ] પેલી રૂમમાં.

તાન્યા : [ઊભી થઈ જતાં] વોટ ? આપણી સાથે રહેશે! એટલે ? કોણ છે આ હિરલ ? હુ ઇઝ શી ?
[હિરલ પાણીના ગ્લાસ લઈને સ્મિત કરતી કરતી રસોડામાં જતી રહે છે.]

રજત : કુલ-ડાઉન ડિયર. લેટ મી એક્સ્પ્લેઇન. તેં જોબ બદલી એના બે ચાર મહિના પછી આ હિરલ તારી જગ્યાએ અપોઈન્ટ થઈ છે. મારી સારી, બહુ - [લંબાવીને] સારી ફ્રેન્ડ બની ગઈ છે. [નફ્ફટાઈથી હસતાં] એની સાથે પણ હું લીવ ઈન રિલેશનશિપની ટ્રાયલ- -

તાન્યા : [ઊભી થઈ જતાં ] એની સાથે પણ ! વોટ નોનસેન્સ ! મજાક કરે છે ને ? [રજતને ડોકી ધુણાવતો જોઈને] આ તું શું બોલે છે? રજત ! તું !

રજત : કુલ ડાઉન ડિયર. તારે આવી રીતે રિએક્ટ ના કરવું જોઈએ. મેં કંઈ તારી ઉપર બોમ્બ નથી ફેંક્યો. તેં પેલા કપડાના ટ્રાયલની વાત કરી'તી ને? તો ટ્રાયલ રૂમમાં આપણે બે- ત્રણ કપડાં સાથે લઈને નથી જતાં? ચશ્માંની ફ્રેમ લેવા જઈએ ત્યારે અરીસામાં જોતાં જોતાં કેટલી બધી ફ્રેમ ટ્રાય કરીએ છીએ ? અને દાગીના માટે ? ઓહોહો ! કેટલી બધી દુકાનો ! તો આ તો પૂરી જિંદગીનો સવાલ છે. એકથી વધારેનો ટ્રાય કરીએ તો જ વધારે સારાની પસંદગી થઈ શકે ને ?
[સૂધબૂધ ગુમાવી દીધી હોય એમ તાન્યા આંખો ફાડીને એની સામે જોયા કરે છે. રજત વિજેતા

જેવું સ્મિત કરતો એની સામે જોઈ રહે છે.]

હિરલ : [રસોડામાંથી રજતની નજીક આવીને ] રજત, તારું ભાવતું શાક તૈયાર છે. ગરમાગરમ રોટલી ખવડાવું. ચલ, જમવા બેસી જા.

રજત : [એનો હાથ પકડીને પોતાની બાજુમાં બેસાડતાં] મારે કંઈ ગરમ રોટલી ખાવી નથી. તાન્યા ફ્રેશ થઈ જાય પછી તમે બંને સાથે મળીને રોટલી બનાવી નાખજો. ત્રણેય સાથે જ જમીશું. અમે રોજ એવું જ કરીએ છીએ. હેં ને તાન્યા ?
[કંઈક નિર્ણય લઈ લીધો હોય એમ તાન્યા ઊભી થઈ જાય છે.]


તાન્યા : રજત, સાથે રહેવાનું કમીટમેન્ટ ગમે તે પ્રકારનું હોય, પણ દરેક સંબંધમાં એક વણલખ્યો કરાર હોય છે - વફાદારીનો. આજે તેં એ કરાર તોડ્યો છે એટલે હું પણ સાથે રહેવાનો કરાર તોડીને જાઉં છું - મમ્મી પાસે પાછી.

રજત : [ઊભો થતાં] તું વફાદારીની વાત કરે છે, પણ સંબંધોમાં વિશ્વાસનું શું?

તાન્યા : વિશ્વાસ?

રજત : હા, એ વિશ્વાસ જેના આધારે આજે પણ મોટા ભાગની ભારતીય છોકરીઓ લગભગ અજાણ્યા એક પુરુષ સાથે જિંદગી વિતાવવા તૈયાર થઈ જાય છે, એક પરિવાર ઉપરનો એ વિશ્વાસ જેના આધારે મા બાપ પોતાના હૃદયના ટુકડા જેવી દીકરીને બીજા પરિવાર સાથે રહેવા મોકલી આપે છે, એ વિશ્વાસ જે પત્નીની આંખોમાં જોઈને પતિ એના ગર્ભમાંના બાળકને પોતાનું નામ આપે છે, અરે એ વિશ્વાસ જે પિતાના હાથમાં જોઈને એક વર્ષનું બાળક પણ હવામાં ફંગોળાતા આનંદ અનુભવે છે. એક વર્ષ સાથે રહ્યા પછી પણ હું પતિ તરીકે કેવો નીવડીશ એવી શંકા તારા મનમાં છે, તો તું મારી પાસે વફાદારીની આશા કેવી રીતે રાખી શકે? બાય ધ વે, આ ટ્રાયલ લેવાનો આખો આઈડિયા તો તારો જ છે ને?
[તાન્યા સ્તબ્ધ થઈને ઊભી રહે છે. એના કાનમાં એની મમ્મીના શબ્દો પડઘાય છે- "ગમે તેવા મજબૂત સંબંધો પણ બહુ ખેંચીએ તો તૂટી જાય." રડવા માંડે છે.]

તાન્યા : [રડતાં રડતાં] આજે મને લાગે છે કે કદાચ તું



સાચો હતો રજત, ના, કદાચ નહીં, તું સાચો જ હતો. ભૂતકાળની પાછળ ભાગતાં ભાગતાં મેં વર્તમાન સામે જોયું જ નહીં, અને હવે ભવિષ્ય પણ ગુમાવી દીધું છે. હું કબૂલું છું કે ટ્રાયલ આઇડિયા વોઝ એન એરર બાય મી. પણ હવે તો આ હિરલ આપણી વચ્ચે આવી ગઈ છે. એટલે હવે હું અહીં નહીં જ રહી શકું. હિરલ આવી વ્યવસ્થા સ્વીકારવા જેટલી મૉડર્ન હશે, પણ આઇ એમ સોરી, હું એટલી મોર્ડન નથી રજત. આઇ વિશ એ વેરી હેપી લાઇફ ટુ યુ બોથ. અને હા, હિરલ, લગ્ન કરીને જ સાથે રહેજો. રજત જેવો હસબંડ તને ક્યાંય નહીં મળે.

[તાન્યા બહાર નીકળવા જાય છે ત્યાં હિરલ આવીને લગ્નની સ્ટાઇલમાં એનો રસ્તો રોકીને ઊભી રહી જાય છે.]

હિરલ : જાઓ તો છો પણ તમારા વિના અમારા રજતની શું હાલત થશે એ તમે વિચાર્યું છે ? તમે પણ એના વિના રહી શકશો, ભાભી ?

[તાન્યાના હાથમાંથી પર્સ પડી જાય છે.]

તાન્યા : ભાભી ! યુ સેઇડ ભાભી ! રજત, આ શું કહે છે?

રજત : [તાન્યાનો હાથ પકડીને] હા જાન, તું એની ભાભી જ છે. આપણે ૧૪ મહિનાથી સાથે રહેતાં હતાં, બધી રીતે ખુશ હતાં, પણ લગ્ન કરવાનું તું ટાળ્યા કરતી હતી. તારા ભૂતકાળના અનુભવને લીધે થયેલા આ ફોબિયાને દૂર કરવા તને થોડી શોક ટ્રીટમેન્ટ આપવી જરૂરી હતી. એટલે અમે બધાંએ ભેગાં થઈને આ પ્લાન વિચાર્યો.

[બીજા બેડરૂમમાંથી નંદિની અને રજતની મમ્મી બહાર આવે છે ]

બંને મમ્મીઓ- કેમ બેટા, જોર કા ઝટકા ધીરે સે લગા? [હસે છે.]

તાન્યા : ઓ માય ગોડ ! તમે બંને મમ્મીઓ પણ આમાં સામેલ છો ? [પાસે જઈને સાસુને પગે લાગે છે.]

પણ આ ઝટકો તો ધીરે સે નહીં, બહુ જોરથી વાગ્યો.

[બધાં હસે છે ]

તાન્યા : પણ હવે મને એ તો કહો કે મને પહેલા દીદી અને પછી ભાભી કહીને ફિલ્મી સ્ટાઇલમાં એન્ટ્રી મારવાવાળી આ મીઠડી, સુંદર છોકરી છે કોણ? કારણ કે રજતની બધી કઝીન્સને તો હું ઓળખું જ છું. આટલા વખતમાં આને તો મળી જ નથી.

રજત : આ હિરલનું ફૅમિલી બહુ વર્ષો સુધી અમારી બાજુમાં રહેતું હતું, અમારે એકબીજા સાથે ઘર જેવો સંબંધ હતો. થોડાં વર્ષો પહેલાં એ લોકો સિડની શિફ્ટ થઈ ગયાં. અત્યારે એક લગ્નમાં હાજરી આપવા અહીં આવ્યા છે. હિરલ મને ઑફિસમાં મળવા આવી અને અમારે બધી વાત થઈ. એણે ત્યાં સાયકોલોજીમાં માસ્ટર્સ કર્યું છે. મને કહે કે ભાભીને થોડો માનસિક શોક આપીએ તો ટ્રાયલનું ભૂત નીકળી જશે અને બધી એરર સમજાઈ જશે. હવે તું મને ક્હે, એ અહીં આપણી સાથે થોડા દિવસ રહી શકે ને ?

હિરલ : ના ભાઈ ના. હું અહીં રહીશ તો તમારા લગ્નની તૈયારીઓ કોણ કરશે ? મારે તો મહિનામાં પાછું જવાનું છે. મારા જતાં પહેલાં લગન-બગન થઈ જવા જોઈએ. અને ભાભી, તમે જાઓ હવે તમારા મમ્મી સાથે અને રજત જશે એના મમ્મી સાથે. જુઓ, જાનના સ્વાગતની બરાબર તૈયારીઓ કરજો. અને પછી સાચા હનીમૂન માટે આવજો ઓસ્ટ્રેલિયા.

તાન્યા : [હિરલનો ગાલ ખેંચતા] તેં તો મને લીવ-ઇન રિલેશનશિપમાંથી લીવ ફોર રિલેશન્સમાં લાવી દીધી.

હિરલ : ચાલો, એ વાત ઉપર આજના દિવસની યાદમાં એક સેલ્ફી થઈ જાય. આવી જાઓ બધાં એક લાઇનમાં. સ્માઇલ પ્લીઝ ! લૂક ફની-- !

[જુદી જુદી રીતે ફોટા પાડે છે. પડદો પડે છે.]

*૧૦, ઈશાન બંગલોઝ સુરધારા- સતાધાર રોડ,*
*મેપલ ટ્રી કોમ્પ્લેક્સની સામે, થલતેજ*
*અમદાવાદ- ૩૮૦ ૦૫૪*
*ફોન -૯૯૮૦૨૦૫૯૦૯*

## સાડા છ કરોડથી વધારે ગુજરાતીઓનું માનીતું પાક્ષિક એટલે...



મીડિયાની સકારાત્મક ભૂમિકા ભજવતું
ગુજરાત પાક્ષિક, પ્રતિ પખવાડિયે
આપના દ્વારે લઈને આવે છે...

**નીવડેલી કલમ, નવી દિશા, નવા વિચારો**

ગુજરાત

- રાજ્ય સરકારની વિવિધ કલ્યાણકારી યોજના
- અધિકૃત માહિતી
- સાતત્યપૂર્ણ વિકાસલક્ષી જાણકારી
- લોકકલ્યાણની વાત
- રાજ્ય સરકારના નિર્ણયો
- લોકોની અપેક્ષાઓ અને સંવેદનાઓ
- સફળ લોકોની વાતો
- અતિથિની કલમે
- વિદ્વાનોના વિચારો
- વાંચકોની વાત
- વરિષ્ઠ પત્રકારોના અભિપ્રાય
- પ્રાસંગિક લેખો, જન સમસ્યા અને સમાધાન ઉપરાંત ઘણું બધું...

લવાજમ માટે આપના જિલ્લાની માહિતી કચેરીનો આજે જ સંપર્ક કરો અને ગુજરાત પાક્ષિક પરિવારના સભ્ય બનો.

**વાર્ષિક લવાજમ માત્ર ₹50/-**

માહિતી ખાતા દ્વારા પ્રતિ બુધવારે પ્રસિદ્ધ થતું રોજગારલક્ષી માહિતી આપતું સાપ્તાહિક

ગુજરાત રોજગાર સમાચાર સાપ્તાહિકની PDF gujaratinformation.gujarat.gov.in લીંક પરથી ડાઉનલોડ કરી શકાશે.




## ગુજરાત રોજગાર સમાચાર સાપ્તાહિક

શહેરી વિસ્તારો તેમજ રાજ્યના અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારોમાં રોજગાર અને ભરતી વિષયક જાહેરાતોની અધિકૃત માહિતી પહોંચાડતું અસરકારક માધ્યમ.

રાજ્યભરમાં ૨૦૦૦૦થી વધુ ગ્રાહકોનું વિશ્વસનીય સાપ્તાહિક

રોજગાર-સ્વરોજગાર વિષયક વિપુલ માહિતીનો ભંડાર

▪ રાજ્ય સરકારના વિવિધ વિભાગો ▪ સ્થાનિક સ્વરાજની સંસ્થાઓ ▪ ગુજરાત જાહેર સેવા આયોગ ▪ ગૌણ સેવા પસંદગી મંડળ ▪ પંચાયત સેવા પસંદગી બોર્ડ ▪ કેન્દ્ર સરકારના વિવિધ નિગમો ▪ જાહેર સાહસો ▪ બેંક, રેલવે રિક્રુટમેન્ટ બોર્ડ ▪ સંરક્ષણ દળોમાં ભરતી વિષયક જાહેરાતોનું સંકલન

લવાજમ માટે આપના જિલ્લાની માહિતી કચેરીનો આજે જ સંપર્ક કરો અને ગુજરાત રોજગાર સમાચાર સાપ્તાહિક પરિવારના સભ્ય બનો.

**વાર્ષિક લવાજમ માત્ર ₹30/-**



# સૂપડું સવા લાખનું

નટુ મિસ્ત્રી
મો. ૯૮૨૫૨ ૯૪૮૬૬



લય અને તાલ...

દર્શન શાહ
મો. ૯૪૨૭૪ ૨૧૨૩૪

# કાવ્ય સંપુટ

રઘુવીર ચૌધરી
ચંદ્રકાન્ત શેઠ
રાજેન્દ્ર શુક્લ
માધવ રામાનુજ
વિનોદ જોશી
મનોહર ત્રિવેદી
રાજેશ વ્યાસ મિસ્કીન
હરીશ મીનાશ્રુ
દલપત પઢિયાર
મણિલાલ હ. પટેલ
ધીરેન્દ્ર મહેતા
નીતિન વડગામા
યોગેશ જોષી
રમણીક સોમેશ્વર
મુસાફિર પાલનપુરી
શિવજી રૂખડા
બકુલેશ દેસાઈ
સંજુ વાળા
કૃષ્ણ દવે
હર્ષ બ્રહ્મભટ્ટ
ભાગ્યેશ જહા
હર્ષદ ત્રિવેદી
અંકિત ત્રિવેદી
દિલીપ જોશી
ગોવિંદ દરજી 'દેવાંશુ'

રઈશ મનીઆર
અઝીઝ ટંકારવી
ડૉ. ઉર્વીશ વસાવડા
એસ. એસ. રાહી
અનંત પટેલ
કિશોર જિકાદરા
અનિલ ચાવડા
ભાવેશ ભટ્ટ
ચંદ્રેશ મકવાણા (નારાજ)
અશોક ચાવડા 'બેદિલ'
સ્નેહી પરમાર
પ્રશાંત કેદાર જાદવ
મનીષ પરમાર
રમેશ ઠક્કર
મનીષ પાઠક 'શ્વેત'
સતીન દેસાઈ 'પરવેઝ'
ભાનુપ્રસાદ પુરાણી
ડૉ. પ્રદીપ રાવલ
ભસ્માંગ માંકડ (સમ્રાટ)
નટવર આહલપરા
પ્રફુલ્લ રાવલ
રમેશ પટેલ
મનહર ઠાકર
રક્ષા શુક્લ
વિવેક મનહર ટેલર

ચંદ્રશેખર પંડ્યા
નીરવ વ્યાસ
ડૉ. પ્રદીપ આઝાદ 'ઈશત્'
હર્ષિદા દીપક ત્રિવેદી
દીપક ત્રિવેદી
પ્રજ્ઞા પટેલ
ભાવિન ગોપાણી
તેજસ દવે
રમણ વાઘેલા
દર્શક આચાર્ય
ડૉ. મુકેશ જોષી
જયંતિ ધોકાઈ
ડૉ. ધૈવત શુક્લ "આનંદ"
પારસ એસ. હેમાણી
દિનેશ દેસાઈ
પ્રશાંત સોમાણી
શૈલેષ પંડ્યા 'ભીનાશ'
રેણુકા દવે
ભૂપેન્દ્ર ત્રિવેદી 'સ્વયંભૂ'
વિનોદ ગાંધી
વિનુ બામણિયા
વિપુલ માંગરોલિયા-વેદાંત
પ્રતાપસિંહ ડાભી 'હાકલ'
જીગર ઠક્કર 'ગઝલનાથ'
કિરણસિંહ ચૌહાણ

મધુસૂદન પટેલ 'મધુ'
લલિત ત્રિવેદી
ઉમેશ જોષી
અમીચંદભાઈ શા. પટેલ (અ)
ડૉ. પ્રણવ ઠાકર 'પાગલ'
જિગર જોષી 'પ્રેમ'
લતા હિરાણી
હરીશ ધોબી
નયના જાની
જિતેન્દ્ર પ્રજાપતિ
મહેશ દેસાઈ
વિજયસિંહ ચાવડા
હાર્દિક વ્યાસ
ભરત વિંઝુડા
યોગેશ પંડ્યા
કુમાર જૈમિનિ શાસ્ત્રી
રવજી ગાબાણી
પુષ્કરરાય જોષી
કેતન પી. જોષી
હરજીવન દાફડા
મંગળ રાવળ 'સ્નેહાતુર'



## હટાણું

જયદીપ એન. ઠાકર
મો. ૯૪૨૬૮ ૫૧૦૯૭

# મને શીદ જગાડ્યો ?

- રઘુવીર ચૌધરી

અખંડ મંડલાકાર
ગુરુના અંગૂઠાના સ્પર્શે
નરેન્દ્રનું અસ્તિત્વ
અંતર્મુખ થતું.
અજવાળું ન ઘટતું, વધતું
સ્મૃતિમાં સ્વર્ગ જીવતું.
શિખરનું આકાશ વિસ્તરતું -
અખંડ મંડલાકાર...

નીલગ્લાન અંતર્મુખ થતું
વિવેકાનંદને અપૂર્વ સમાધિસુખ મળતું -
આઠમા પ્રહરે ફરી અંગૂઠાનો સ્પર્શ.
જાગતાં જાગતાં ગુરુને કહ્યું:
'મને શીદ જગાડ્યો?
હું અપૂર્વ સુખમાં હતો,
નિજાનંદમાં -'

'અલ્યા સ્વાર્થી,
આટલાં બધાં લોકો ઘોર તમસમાં છે
ને તને એકલવાયું સુખ ભોગવતાં
શરમ નથી આવતી ?
તારું સમાધિસુખ હવે તાળાકૂંચીમાં,
એ ઊઘડશે હવે યાત્રાને અંતે.'

- ગંગાની લહરે પણ સાંભળ્યું.
'કબીરા સોઈ પીર હૈ જો જાને પરપીર'
વિવેકાનંદે ઈશ્વરને કહ્યા દરિદ્રનારાયણ
પછી શાંતિનિકેતન અને સાબરમતી -
ગુરુદેવ અને ગાંધી મહારાજ :
તપ-સૌંદર્ય-સત્ય
સહુ પોતે જ પ્રમાણ પોતાના -
ઈશ્વરની જેમ સ્વયંસિદ્ધ સંવિધાન,
સર્વવ્યાપ્ત પ્રેમ એ જ જ્ઞાન.

સી-૧૦, પૂર્ણેશ્વર, ગુલબાઈ ટેકરા,
અમદાવાદ-૩૮૦ ૦૧૫ મો. ૯૪૨૮૫૧૦૪૩૮

# સૌને હળવું મળવું

- ચંદ્રકાન્ત શેઠ

ખારા જલની માછલડી હું નથી,
મીઠા જળમાં હરવું, ફરવું, તરવું.

મૃગજળ થઈને નથી લ્હેરવું રણમાં,
પ્હાડ મહીં થઈ ઝરણ મુક્ત કલકલવું.

ગંદા જળમાં મત્સ્યભોગી બગ થઉ ના,
હંસ થઈને માનસસરે વિહરવું.

તરસી તપ્ત હવામાં નહીં કરમાવું,
હરિયાળીમાં હસી હસી વિસ્તરવું.

કાંટાળો થઈ નથી કોઈને નડવું,
ફૂલપગલિયે સૌને હળવું મળવું.

સી-૧૨, પૂર્ણેશ્વર ફ્લેટ્સ એન્ડ ટેનામેન્ટ્સ,
ગુલબાઈ ટેકરા, અમદાવાદ-૩૮૦ ૦૧૫.
ફોન : ૯૪૨૮૧૦૧૭૯૭




**- રાજેન્દ્ર શુક્લ**

અસ્તિત્વની વ્યક્ત
ગતિશિલતાના
ચાલુ યાને ચડી ગયા.

ક્યાંય સુધી તો
શ્વાસનો સળિયો પકડી
માંડ માંડ
લટક્યાં કર્યું

જરીક ઊભા
થોડુંક બેઠા
ઘડીક જેવું સૂતા
કશું બોલ્યા
કશુંક ગાયું

અને ચાલુ યાને જ
અધવચ
ઊતરી ગયા પુનઃ
અસ્તિત્વની અ-ગતિમાં
સમ્યક્ સ્થિતિમાં

*ઈશાન-૩-બી, ૭૪ રિવેરા હાઈટ્સ સામે,*
*આનંદનગર, પ્રહ્લાદનગર, અમદાવાદ-૧૫*
*મો. ૯૪૦૮૭૩૯૨૨૧*




**- માધવ રામાનુજ**

ઊઠ હો, ભારતબાળ,
ભાઈ રે, આ તે શયનનો નહિ કાળ...
ભાવિના ભણકારે વાગે ઘોર ગોરંભ્યાં ગાન,
વિશ્વ વિનાશને પાથરણે આજ પોઢ્યું છે નાદાન,
ભાઈ, હવે નથી દૂર જણાતો ભાવિનો ભયકાળ...
ઊઠ હો ભારતબાળ!

પ્રાણે પ્રાણે ચેતન કેરા જાગે શ્વાસોચ્છ્વાસ,
એકબીજાના ઉરમાં ઊગે અણખૂટ્યો વિશ્વાસ,
વેર અંધાર શમે ને પ્રગટે હૈયે પ્રેમજુવાળ...
ઊઠ હો ભારતબાળ!

માનવતાનાં મોતી પાકે એવી બની જાજે છીપ,
સૂતેલાંને સોણલે પેસી પેટવજે આત્મદીપ,
ગોરંભ્યો ઘનઘોરમાં ઝબકી તોડજે તિમિરજાળ...
ઊઠ હો ભારતબાળ!
ભાઈ રે, આ તે શયનનો નહિ કાળ....

*જે-૧૧, વિક્રમ એપાર્ટમેન્ટ,*
*શ્રેયસ ક્રોસિંગ પાસે, આંબાવાડી-ભૂદરપુરા,*
*અમદાવાદ-૩૮૦ ૦૧૫.*
*મો. ૯૮૭૯૭૬૭૦૦૯*

# મૂકી દે તંત હવે...

*- વિનોદ જોશી*

મૂકી દે તંત, હવે મૂકી દે ફંદ;
એમ તળિયાને તાગવા જવાય નહીં,
પડછાયો પકડીને ચાલવાથી ઠેબું વાગે જ,
એમાં બીજું કંઇ થાય નહીં...

નેવાથી મોભારે ખિસકોલી જાય,
નથી ચડતાં ભાળ્યાં કદીય પાણી,
ટહુકે છે કંઠ એ જ સાચુકલાં વેણ,
નથી વ્યંજનમાં ગોઠવાતી વાણી;

માછલીની આંખ હોય બંધ એવા ટાણે
કંઈ માપ તારા બાણનું કઢાય નહીં...

કીડી જો કૂંપળને ધક્કો મારે તો
છેક મૂળિયાંને નીકળે સબાકો,
પંખી તો ઊડી જાય આઘાં પણ
ડાળીએથી પાંદડાનો તૂટે નહીં ટાંકો;

કહેવાતાં હોય જેને આંસુનાં પૂર
એને ધોધમાર ટીપાં કહેવાય નહીં...

*પ્રયાગ, ૩૨ શ્વેતકમલ સોસાયટી,*
*વિદ્યાનગર, ભાવનગર-૩૬૪ ૦૦૧*
*મો. ૯૮૨૫૯ ૮૯૭૩૭*

# હશે ને?

*- મનોહર ત્રિવેદી*

સ્તબ્ધ
ઊ
ભો
મ્હેલ
આગાખાન
જ્યાં
નિશ્ચેત બાનો દેહ,
ને
બાપુ! તમે
નિ:શબ્દ

સ્હેજ અમથું
આંખને ખૂણે જરી અટક્યું
વહ્યું
તે એક ટીપું
ગાલ પર આવી ઠર્યું

નિર્મમ
અને કોરું
હંમેશાં હોય છે
જેનું હૃદય
તે મૃત્યુ પણ ક્ષણભર હશે ને?
કાંક તો ભીનું થયું!

*ડી-૧૨૭, ગ્લોરિનાવેલી, કનકપુર હાઉસિંગ રોડ,*
*સચિન, જિ. સૂરત-૩૯૪ ૨૩૦*
*મો. ૯૩૨૭૭૩૯૦૬૮*




- રાજેશ વ્યાસ મિસ્કીન

ઘણા રાની પશુઓ દેહમાં છુટ્ટા ફરે ભીતર,
પ્રવાસી શ્વાસના દિવસેય -પગ મૂકતા ડરે ભીતર.

સતત રેતી સમી આયુષ્યની હરપળ ખરે ભીતર,
સતત મૃત્યુ તરફ આ કોણ થઈ જર્જર સરે ભીતર.

અને બાળક સમો કેવળ કુતૂહલવશ રહું જોતો,
હજારો માછલીઓ રંગબેરંગી તરે ભીતર.

ગજબ મૂંઝાઈ જઈને બ્હાર આવી જાઉં છું હું તો,
બધા આ આંખ મીંચી ધ્યાનમાં જઈ શું કરે ભીતર.

હવે ઘડપણમાં આવે યાદ બચપણ ને યુવાની પણ,
મઝાનાં એ જ ચોમાસાં, બધું લઈ ઝરમરે ભીતર.

કરી છે જાતરાઓ, જ્યાં લગી આ હાથપગ ચાલ્યા,
ધજાઓ સામટી એ સૌ શિખરની ફરફરે ભીતર.

થયા કરતું ખરેખર કોણ કોની ઓથ લઈ ઊભું,
નિરંતર કોણ મિસ્કીન દેહ થઈ જન્મે-મરે ભીતર.

૧, સરસ્વતી સોસાયટી,
પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
મો. ૯૪૨૬૫૯૪૯૩૯



## ગઝલ

(પુણ્યસ્મરણ: પ્રિયકાંત મણિયાર)

- હરીશ મીનાશ્રુ

અરે હું ફૂલ પી એવાં ગયો છું ગટગટાવી,
વસંતો જઈ નથી શકતી કદી મુજને વટાવી.

અકળ મન સાથે ઈચ્છા દઈ તને બાળકની માફક,
ફરીથી આ વખત પણ ઈશ્વરે દીધો પટાવી.

હું જેને ખોઈ બેઠો છું ઘણાં વર્ષો પહેલાં,
હજીયે ખાઉં છું એ નામના સિક્કા વટાવી.

અમારા શબ્દ તો ઠીક, મૌનની પણ એ દશા છે,
મનસ્વી રીતથી લે છે જગત અર્થો ઘટાવી.

બધા હાંકે ને હડસેલે વળી હડધૂત કરે પણ,
કદી પરછાંઈની પેઠે નથી શકતા હટાવી.

ચણી દીવાલ પરથમ ને પછીથી દ્વાર દોર્યું,
હવે હું ક્યારનો એને રહ્યો છું ખટખટાવી.

સુખનવર, આજ મકતામાં તખલ્લુસ તુંય તારું,
અહીં જીવતે જીવત દેજે ચણાવી કે દટાવી.

*૯/એ ,'સુમિરન, સૌરમ્ય બંગલા, વિનુકાકા માર્ગ,*
*બાકરોલ ૩૮૮ ૩૧૫ મો. ૯૮૨૪૫ ૧૧૯૬૧*




*- દલપત પઢિયાર*

સવારે
છાપાવાળો
ચાલુ સાઈકલે જ, બહારથી
અખબારોના વીંટાનો છૂટ્ટો ઘા કરીને
રમરમાટ જતો રહ્યો...!
આ એનો રોજનો ક્રમ છે;
એને, બીજાની સવાર બગડે
અને પોતાનો દા'ડો બગડે એ થોડું પાલવે ?!

અમે
હાથમાં ચાની રકાબી લઈ
ટીપોઈ ઉપર કપ ઠેરવી
ગઈ કાલના છાપા ઉપર
આજની ચુસ્કીઓ ભરતા
આવતી કાલનાં ચકરડાં ચીતરતા બેઠા હતા!
આ અમારો, એકંદર, રોજનો ઉપક્રમ છે
અને અમારે,
સવારે છાપું આવે તો જ સૂરજ ઊગે એવું નથી!
સાથે,
અમારે ઘુવડ સાથે સંધિ છે એવું પણ નથી!

અમે અમારાં રોજનાં છાપાં બાંધેલા છે!
છાપાવાળો પણ બાંધેલો છે!
વાંચવા ન વાંચવાની વાત જવા દો;
એક રોકાણકાર તરીકે અમે
દા'ડાને છેડે અમારા
બાંધ્યા મુજબનાં છાપા આવ્યાં છે કે નથી આવ્યાં?
તેના પાનાં, પૂર્તિઓ બધું પર્યાપ્ત છે કે નહીં
એવા રોજ-મેળ સાથેની, મહિનાભરની મતા
સંગ્રહિત કરી સાચવી રાખીએ છીએ...!
અમે કયે મોઢે કહીએ ?
આ અમારો રોજનો પરિશ્રમ છે ?!

કહે છે કે
આજનું છાપું આવતી કાલે પસ્તી થઈ જાય છે!
અમને ક્યારે સમજાશે કે
આ ક્ષણે અંદર લીધેલો શ્વાસ
બીજી ક્ષણે બહાર નીકળી 'વસતી' કરી જાય છે!
ગોરખ જાતિનો :
'હરદમ હીરા લાલ હૈઃ
ગીન ગીન ગુરુકો સોંપ...'
- આદેશ અમને ક્યારે સંભળાશે ?
'જોતાં રે જોતાં દિન વહ્યા જશે, પાનબાઈ,
એકવીસ હજાર છસેંને કાળ ખાશે...!'
ગંગાસતીનો આ સાદ એમના પાનબાઈ માટેનો કહેવાય!
આપણાં સાનબાઈ માટેનો થોડો ગણાય ?!

*૯૨૩, ગુજરાત હાઉસિંગ બોર્ડ, સેક્ટર-૨૭, ગાંધીનગર-૨૭*
*મો. ૯૮૯૮૦૬૦૮૫૨*

## રસ્તાઓ

*- મણિલાલ હ. પટેલ*

બાહુઓ ફેલાવી બાથ ભરતા મિત્રો જેવા
આ રસ્તાઓ ગમે છે મને
પાકા રસ્તાઓ વધારે પાક્કા હોય છે
આપણને ડાબે મૂકીને એ મારા વ્હાલા
જમણે ફંટાઈ જાય છે ડાઉન ટાઉન તરફ...
બૂટેડ સૂટેડ રમત રમતા -
સફેદ ને પીળા પટ્ટાઓ પ્હેરીને !
રસ્તાઓ જનમાં હોય કે વનમાં
પોતે અદબ વાળીને ઊભા રહે છે
ને આપણને નાહકના દોડાવે
મેળવે ભેળવે ભૂલોકની ભૂગોળમાં
નબળી ક્ષણે છૂટા પાડી દે પોતાનાથી -
પોતાનાંથી પણ...!
ચોરાહા પર છાનામાના
કઠોર થઈને ક્રોસે ચઢાવે
જઈ જઈને જેરુસલેમ
પાછા આવે છેક બારણે
પુનઃ બોલાવવા - બાપડા!
આપણા વિના
એમનું કોણ છે આ જગતમાં?!
રસ્તાઓ મને બહુ બહુ -
બહુ ગમે છે મને રસ્તાઓ!

*સહજ બંગલો, શાસ્ત્રીમાર્ગ, શાંતાબા બગીચા પાસે,*
*વલ્લભ વિદ્યાનગર, જિ. આણંદ - ૩૮૦ ૧૨૦. મો. ૯૪૨૬૮૬૧૭૫૭*

# અપરિચય

- ધીરેન્દ્ર મહેતા

એણે પ્રથમ તોડી નાખી સમયની સીમાઓ
અને
ઉલ્લંઘી ગયો સ્થળની સરહદો
દિવસ કે રાત
એની નથી નોખી ભાત
ના ઓળખની કંઈ સાન
તો કાબૂ કેવો,
ક્યાંથી એનું ભાન?
ઝબૂકતું હતું જે દૂર-સુદૂર
એ પણ ગયું હોલાઈ હવે,
(સહસા નિ:સંગ કરી દઈ એને)
મોડેમોડે સાથમાં આવી મળતું
કોણ હતું એ?

શબ્દ?
શબ્દમાંથી નીપજે અવાજ.
અવાજ કે કૈં બીજું?
અવાજ.
- તો એ છે શું?
એને કૌતુકકોરી આંખો જોયા કરીએ?
શબ્દ
અતાગ કૂપ?
શબ્દ
ઉલેચી ઉલેચી ભરેલું પાત્ર?
તળિયાઝાટક
પણ ક્યાં છે તૃષા, ક્યાં છે સુધા?
વૃત્તિઓ વિરોધી અટકળના આલંબને
થતી આ ક્રિયા
ન પામે કશી પ્રતિક્રિયા,
ન કશો યોગ-સહયોગ :
બની રહેવું વસ્તુમાત્ર
હવે - છેવટે
એ આયનામાં જોઈ રહ્યો છે
ટીકીટીકી
ટગરટગર...
એના ઉજ્જડ ચહેરે
તગતગે છે કીકીઓ...
સામે અપરિચયનો અગાધ ઉદધિ..
એમાં ડૂબક ડૂબક
ભરતો રહે ડૂબકાં...


જીવનછાયા, હૉસ્પિટલ રોડ,
ભુજ(કચ્છ) ૩૭૦ ૦૦૧. મો. ૯૮૮૦૦૧૧૦૨૫

# પ્રસાદી ધરવી છે

- નીતિન વડગામા

સાવ સરળ ભાષામાં મારે મનની વાતો કરવી છે.
બે'ક વિચારોની વૈતરણી તરણું લઈને તરવી છે.
ફૂલ સમાં મઘમઘ થાતાં એ પાવન પગલાં સાચવવા,
મનના મારગમાં મારે રૂડી જાજમ પાથરવી છે.
યાદ કરું તો પડછાયો થઈ રોજ કરે છે પીછો એ,
ભૂલી જઈ એ પીડાની પગલીઓને પરહરવી છે.
રામરટણનો એક ખજાનો હાથ મને કંઈ લાગ્યો છે.
મોંઘી એ મૂડી આજે છાને ખૂણે સંઘરવી છે.
એક ભરોસો રાખ્યો છે ને મોલ ભજનનો પાક્યો છે,
ધ્યાન-ધરમના દાણાથી જીવતરની કોઠી ભરવી છે.
ઢળતી સાંજે ઝાંખી આંખે સ્હેજ કિનારો દેખાયો,
એ જ સલામત કિનારે જઈને હોડી નાંગરવી છે.
ગમતું કેવળ એનું થાણું ને ગમતું એનું ગાણું,
એને ચરણે શબ્દોની ચપટીક પ્રસાદી ધરવી છે.

'તાંદુલ' ૨, સ્વાતિ સોસાયટી, આત્મીય કૉલેજ પાછળ,
કાલાવડ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૫
મો. ૮૦૦૦૦૦૦૨૦૭




*- યોગેશ જોષી*

નદી તો છે યુગોથી
પણ,
છેલ્લાં કેટલાંય વર્ષોથી
ક્યાં છે એમાં
એક ટીપુંય પાણી?
ખળખળ વહ્યા કરે છે
કેવળ ખાલીપણું...
          ખળખળ...ખળખળ....
          બળબળ...બળબળ...
હવે તો
પ્રલયના ગાંડાતૂર પૂરની જેમ
ભયજનક સપાટી ઓળંગી,
પુલોના થાંભલાઓ ભાંગી,
બેય કાંઠા તોડીને,
ધસમસવા લાગ્યું
          કાળ-વિકરાળ ખાલીપણું-
          કાંઠાનાં ગામોમાં, નગરોમાં,
          ઝૂંપડાઓમાં, ફ્લેટોમાં, બંગલાઓમાં,
          મહાલયોમાં, દેવાલયોમાં, ગર્ભગૃહોમાં...
તે છતાં
કેમ મૂંગી છે હજીયે
રેડ-એલર્ટની સાયરન?

*બી-૩૦૩, અર્જુન ગ્રીન્સ, મેનારવ હૉલ પાસે,*
*ઘાટલોડિયા, અમદાવાદ-૩૮૦ ૦૬૧*
*મો. ૯૦૫૪૯૬૮૦૫૭*




*- રમણીક સોમેશ્વર*

સીંચણિયું હોય ભલે લાંબું
          પણ કૂવાના તૂટેલા તળિયાનું શું?

પંખી પણ હોય, એને ઊડવું પણ હોય
          અરે, સૂરજને પાણીમાં બૂડવું પણ હોય
અને ચંદરવા જેમ આમ બાંધેલા આભને
          ધીમે રહી ચારે પા ખૂલવું પણ હોય
હોય ભીંત ઉપર ચીતરેલું ભરચક બધુંય
          છતાં સૂના આ ફળિયાનું શું ?

હોય હણહણતા ઘોડાની ઝુઝારુ ફાળ
          હોય ઊછળતાં પાણી ને સરવરની પાળ
હોય સૂસવાટા મારતા મરુતોની સામે
          ઝઝૂમીને ઝૂમતી કો' પાતલડી ડાળ
તોય, ધારણાના ખેતરમાં સાચમાચ વેરેલા
          બીજ અને ઠળિયાનું શું ?

*C/O ડૉ. દર્શના ધોળકિયા,*
*ન્યૂ મિન્ટ રોડ, પેરિસ બેકરી પાસે,*
*ભુજ - કચ્છ -૩૭૦૦૦૧ મો. ૯૪૨૯૩૪૨૧૦૦*

# અજંપો નથી રહ્યો

- મુસાફિર પાલનપુરી

સંબંધ ક્યાં કહું છું કે 'મીઠો નથી રહ્યો',
પહેલાં સમાન એમાં ઉમળકો નથી રહ્યો.

એવા અભાગીઓની દયા ખાજે ઓ ખુદા!
સૂરજ કદીયે જેમનો ચડતો નથી રહ્યો.

ખાબોચિયાની જેમ એ વર્તે છે આજકાલ
દરિયો અસલ મિજાજનો દરિયો નથી રહ્યો.

મનગમતું કોઈ આપના જેવું મળ્યું જ નહીં-
હું આપનો દીવાનો અમસ્તો નથી રહ્યો.

માન્યું બધી જ બાબતે ઉન્નત છે માનવી-
આલેખ માણસાઈનો ઊંચો નથી રહ્યો.

એવા જગતમાં શી રીતે જિવાય ઓ ખુદા!
જ્યાં કોઈને કોઈનો ભરોસો નથી રહ્યો.

વરસી છે ધોધમાર મુસાફિર નવાજશો-
જીવનમાં અંશમાત્ર અજંપો નથી રહ્યો.

*જૂના ડાયરા સલેમપુરા પાસે,*
*પાલનપુર-૩૮૫ ૦૦૧, જિ. બનાસકાંઠા.*
*મો. ૮૮૬૬૨૩૬૪૨૧*

# રાજીપો છે

- શિવજી રૂખડા

દર્દો સાંભળનારા હો તો ચારેબાજુ રાજીપો છે,
હોંકારો દેનારા હો તો ચારે બાજુ રાજીપો છે.

આવો, આવો એમ કહીને ઉમળકાથી દોડી આવે,
એવા જ્યાં ઉતારા હો તો ચારેબાજુ રાજીપો છે.

બોજ બીજાનો ઉપાડીને રાજી થઈ પોતાનો સમજે,
એવા પણ સધિયારા હો તો ચારેબાજુ રાજીપો છે.

પાડોશીનું સુખ જોઈને બાજુવાળા સૌ હરખાતાં,
સુખો જ્યાં મજિયારા હો તો ચારેબાજુ રાજીપો છે.

પાંપણથી હો નીતરતાં ને કોમળતાનો હો સરવાળો,
વ્હાલપના ફુવારા હો તો ચારેબાજુ રાજીપો છે.

*આંખની હૉસ્પિટલ પાસે,*
*અમરપરા, બગસરા, અમરેલી-૩૬૫ ૪૪૦*
*મો. ૯૪૨૬૧૨૬૬૭૮*


મારગ વચાળે...
ગૌરાંગ પીઠડિયા
મો.૯૦૩૩૯ ૭૦૩૫૫




ચલ મેરે ઘોડે...
અમુલ પરમાર
મો. ૯૮૨૪૩ ૯૦૫૯૫



ઘમ્મરવલોણું...
પશાભાઈ મકવાણા
મો. ૭૬૦૦૨ ૫૩૩૭૫



**અનુભવ આયખાનો...**

વિપુલ લહેરી
મો. ૯૮૨૪૧ ૭૩૦૩૦

# હૈયાભિષેક

*- બકુલેશ દેસાઈ*

સ્વાગત કરવા 'રામ-રામ' ને વળાવવા પણ 'રામ' જ !
'રામ...રામ' તો શ્વાસ-સહજ છે..સૂનું નથી કો' ધામ જ!

રામ-રમકડે રમતાં લાગી રામનામની તાળી.
સાતમી તાળી દઈને ભાગ્યો, હું તો ભાયગશાળી.

અયોધ્યા તો દૂર પડે પણ રામ-રતન છે હઈયે.
મ્હેલ, કુટીર કે સમર-ભૂમિમાં રામ-સ્મરણમાં રઈએ!

સરયૂ કે યમુનાનો તટ હો..યા  કરતો વિશ્રામ.
તીર છૂટે કે ત્રણ  ગોળી..હોઠે હો રામનું નામ!
... સ્વાગત કરવા

*૩૦૧, મહર્ષિ ફ્લેટ્સ, ભરૂચા સોસા.,*
*નવી વેસ્ટ ઝોન મ્યુનિ ઑફિસ સામે,*
*નવયુગ કૉલેજ  પાછળ, ન્યૂ રાંદેર રોડ,*
*સુરત-૩૯૫ ૦૦૯. મો. ૯૮૨૫૧ ૫૨૯૨૩*

# તું ગમે ?

*- સંજુ વાળા*

કહે, તને કયા કારણથી તું ગમે ?
કોઈ જરા તાકીને નમણું
નીરખે તો કાં સાંજ સુધી સમસમે !
કહે, તને કયા કારણથી તું ગમે ?

મોસંબી સમ ખટ્ટમધુરો મળ્યો માંહ્યલો ભાવ,
વણજાણ્યે કોઈ ચાખી લે તો ચડે કારમો તાવ
તારા મોઘમ વેણની મીઠી
રણઝણ સામે, રવ એક્કે ના રમે !
કહે, તને એ કારણથી તું ગમે ?

હોય ઝાપટું ચીતરવું એ, લે તારો સંદર્ભ
ઉપરથી છો સખ્ખત, ભીતર રસાળ ફળનો ગર્ભ
સંવેદનશીલ છોડ સ્હેજ કોઈ
અડતાં પગથી માથા લગ કમકમે !
કહે, તને કોઈ કારણથી તું ગમે ?

*એ-૭૭  આલાપ એવન્યુ,*
*યુનિવર્સિટી રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૫*
*મો. ૯૮૨૫૫૫૨૭૮૧*




- કૃષ્ણ દવે

ખૂંખાર વિસ્ફોટકો અને શસ્ત્રોની ખીચોખીચ ભરાયેલી
સભામાં એક નાનકડી બંદૂકની ગોળી પર આરોપ
લગાવવામાં આવ્યો હતો કે...

એણે એના લક્ષ્યને વીંધવામાં બેકાળજી દાખવી હતી.
તોપના ગોળાએ કહ્યું, શું આ વાત સાચી છે ?
બંદૂકની ગોળીએ ધ્રૂજતાં ધ્રૂજતાં કહ્યું,
જી હા, આ વાત સાચી છે.
લોડેડ મિસાઈલ બરાડી ઊઠી,
“આજના જમાનામાં લક્ષ્ય ચુકાય જ કેવી રીતે ?”
ગંભીર અવાજે એક ટૅન્કે કહ્યું, ખરેખર એ દિવસે શું થયેલું ?
એ વિગતવાર આ સભાને જણાવો.

અને બંદૂકની ગોળીએ કહ્યું,
મને બરાબર યાદ છે,
એ નાનકડું ઘર,
એ નાનકડો બગીચો,
એમાં રમતી નાની-નાની પગલીઓ,
અમને જોઈ હવામાં ફરફરતી નાની-નાની હથેળીઓ.

મને બરાબર યાદ છે,
સ્હેજ ધ્રૂજી ઊઠી હતી ટ્રિગર પર મુકાયેલી એ આંગળી,
પરંતુ આદેશ સામે એય લાચાર.
અને હુંય સનનન્ કરતી વછૂટી હતી મારા લક્ષ પર.

એ નાનકડા મસ્તકને તો જરૂર વીંધી નાખત પણ...
નાનકડી મુસ્કાનને વીંધતા વીંધતા છેલ્લી ઘડીએ હું જ ફસડાઈ
પડી અને વિખેરાઈ ગઈ પારિજાતનાં ફૂલ બનીને એના માસૂમ
ચહેરા પર.

આટલું સાંભળીને શસ્ત્રોની આખી સભામાં હો હા મચી ગઈ.
છેવટે ખોંખારો ખાઈને સૌથી વડીલ અણુબૉમ્બે કહ્યું...
મિત્રો, આ નાનકડી બંદૂકની ગોળી આપણને ઘણું શીખવી ગઈ...
આપણા સૌના નસીબમાં ફૂટવાનું તો લખાયેલું જ છે
તો પછી આપણે આટલું તો જરૂર કરી શકીએ ને?
ફૂટતી વખતે ફૂલ બનીને વરસી પડીએ આ સુંદર ધરતી પર...
રંગો અને સુગંધોથી ભરી દઈએ એના પર જિવાઈ રહેલા
જીવનને...

એ-૨૦, આદર્શનગર, નારાયણકૃપા બંગલો સામે,
પાવન કોમ્પલેક્સ પાછળ, બોપલ-ઘુમા રોડ, ઘુમા
અમદાવાદ-૫૮. મો. ૯૪૨૬૫૬૩૩૮૮



# થાક્યા નથી ?

- હર્ષ બ્રહ્મભટ્ટ

હવે ઝંપલાવો, કિનારાથી થાક્યા નથી ?
ફગાવો સહારા, વિવશતાથી થાક્યા નથી ?

નથી રમવી હોવાપણાની આ કુસ્તી હવે,
આ ચોમેર દંભી અખાડાથી થાક્યા નથી ?

નવી આ સરળતાને આંકો ન નીચા સ્તરે,
તમે શ્વેતકેશી ઉખાણાંથી થાક્યા નથી ?

તમે કોક દી કૈંક એના ઉપર છોડી દો,
લગાતાર લોહીઉકાળાથી થાક્યા નથી ?

જે સક્ષમ નથી ખુદને લઈ જાય તટ પર કદી,
હજી એ નમાલા તરાપાથી થાક્યા નથી ?

‘પ્રસાદ’, ૭૪/૯, જગાભાઈ પાર્ક,
રામબાગ ચાર રસ્તા પાસે,
મણીનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮ મો. ૯૮૨૫૦ ૦૦૬૨૦

# બકા, તકલીફ તો રહેવાની...

*- ભાગ્યેશ જહા*

જન્મોથી કહેવાતી, સહેવાતી વારતા,
ફરી ફરી જુદી રીતે કહેવાની,
બકા, તકલીફ તો રહેવાની...

કૉલેજની કૅન્ટીનમાં છોકરીના નાસ્તાનું,
ચૂકવેલું જે દિવસે બિલ,
વ્હોટસ-અપના વ્હેળામાં નદી ફૂટી'તી એક,
મોબાઈલને ઊગ્યો'તો ખીલ,

વ્હોટસ-અપમાં વહેવાની, ફેસબુકમાં ફરવાની,
મગજમારી મીડિયામાં સહેવાની,
બકા, તકલીફ તો રહેવાની..

પવનની કેડે ચૂંટલી ખણી તો, હારો !
દોડ્યો ને બની ગયો બારી,
બારીમાં સૂકવ્યા છે કાચા ઉજાગરા,
ને શબ્દોની વાછટ છે ન્યારી...

દુઃખસુખનાં હોય નહીં સરનામાં કાયમી,
આવે જે પળ તે તો વહેવાની,

બકા, તકલીફ તો રહેવાની...

*બી-૧૦૧, ઝેડ પ્લસ, સિદ્ધરાજ,*
*સરગાસણ, ગાંધીનગર.*
*મો. ૯૯૭૪૮૦૭૬૦૧*

# જુદેરી હોવાની

*- હર્ષદ ત્રિવેદી*

આપણી ઝંખના જુદેરી હોવાની,
એમની ચાલના જુદેરી હોવાની.

પાઠ-પોથી બધાં સમાન હો તો પણ,
વાક્છટા-વાચના જુદેરી હોવાની.

તાલ-નર્તન અને કમાલ ઠુમકામાં,
સર્વ નૃત્યાંગના જુદેરી હોવાની.

દૂબળો તો નથી, વહાલ દેનારો,
વ્હાલની વાંછના જુદેરી હોવાની.

પ્રેમનો મામલો લગાર જુદો છે,
હર મના, હર ફના જુદેરી હોવાની.

એકસરખાં શિખર, ધજાય દૂજી નહીં,
ભીતરી ભાવના, જુદેરી હોવાની.

એ જ 'હર્ષદ', હવે લિબાસ જર્જર છે,
તાજગી-તાડના જુદેરી હોવાની.

*'સુરતા', એ/૧૧, નેમીશ્વરપાર્ક, તપોવન સર્કલ,*
*અમીયાપુર, ગાંધીનગર-૩૮૨ ૪૨૪.*
*મો. ૯૭૨૩૫૫૫૯૯૪*

# કવિતા

*- અંકિત ત્રિવેદી*



રેતીને અડકું તો લાગે ભીનાશ
તને દરિયો ભીંજવવાની ટેવ...
પાંપણ મીંચાય તો આવે ને ઊંઘ!
તને સપનામાં આવવાની ટેવ...

વરસે જો આભ તો છાંટાને ભેટીને
ભીંજવી તું નાંખે વરસાદ
લીલું ઉગાડીને ધરતીના પાલવ પર
ચીતરે તું મઘમઘતો સાદ

રૂપ તારું જોઈ છીપે તરસ...
તને ઝરણું સંતાડવાની ટેવ...

માછલીઓ પાણીમાં તરતી જોઉં ને થાય
મળવાનું સરનામું ક્યારે?
રખડુ સુગંધને ફૂલ મળી જાય
એમ તારામાં ઊગવાનું મારે?

સૂરજની સામે દર્પણ ધરીને...
તને પડછાયો ઢાંકવાની ટેવ...

*૭૦૫, સાંઈનિધિ ફ્લેટ, જી.બી. શાહ કોલેજ સામે,*
*વાસણા બસ સ્ટેન્ડ પાસે, વાસણા, અમદાવાદ-૩૮૦ ૦૦૭*
*મો. ૯૯૧૩૧૯૬૯૬૯*



# પરોઢ

*- દિલીપ જોશી*

બારીએથી ઢોળાતું આભ મારી આખ્યુંમાં
 પાવન પરોઢ થઈ આવતું!
ઝાકળ ઝાકળ ધરી આખ્ખાયે ઓરડાને
 સોનેરી સ્મિતે વધાવતું!..
ભાયગમાં હોય એને અભરે મળે છે રે
 ઉજમાળા અવસરનું મોતી!
બાકી તો જન્મોના જન્મો વીતે તોયે
 હાંફી જવાય એને ગોતી!
ઓચ્છવ બનીને આવ્યું અજવાળું એકધારું
 સૃષ્ટિમાં સુખડાં વહાવતું!
કેવો આ ખેલ, કેવી નટખટ છે ચાલ એની
 અંધારું ચપટીમાં ચોળ્યું!
એક એક પલકારે કેટલાય યુગોનું
 અજવાળું રસ્તામાં ઢોળ્યું!
સજીવું સજીવું સ્પર્શી રહ્યું છે આજ
 સપનુંયે ભીતર ભીંજાવતું!
ચહેકારે, ગહેકારે, હોંકારે, ખોંખારે,
 ખંખોળ્યું ખાધું તળાવે,
પૂર્વેથી છલછલતી હેલ ભરી પનિહારી
 પ્રાગડનું ગીત લઈ આવે!
સોનામહોર જેવું બારીનું મૂલ મને
 દુનિયાનું દર્શન કરાવતું!

*૨, સૌ.યુ.કર્મચારી સોસાયટી, 'દિનકર'*
*ફોરેન્સિક સાયન્સ લેબ પાછળ, યુનિવર્સિટી રોડ,*
*રાજકોટ-૫, ૩૬૦ ૦૦૫ મો. ૯૪૨૮૨૦૦૨૦૨*

# વૈભવી વર્ષો

*- ગોવિંદ દરજી 'દેવાંશુ'*

(મંદાક્રાન્તા)


વર્ષો વીત્યે ઘરવતનનું કીધ જાણે અનોખું
હોંશે હોંશે હળીમળી કર્યું ભાઈચારો અનેરો!
આખ્ખેઆખ્ખું ઝગઝગ થયું સૌ થયા રાજી રાજી
ને ત્યાં ફૂટે અમર સ્મરણો જન્મથી કેં જડેલાં

હા, વાગોળું અતીત પળની સ્વર્ણ શી સ્મૃતિઓને,
તૂટી-ફૂટી સ્મરણ ચડતી ખાટલી જીર્ણ બાની,
પિતાનાંયે ભજન મધુરાં આજ કાનેય ગુંજે!
દાદા જાણે રસિક મઢેલી વારતાનો ખજાનો!
દાદી ખોળે લઈ લઈ અહો! વ્હાલમાં એ ડુબાડે!
જોને રોઉં રહરહ અરે! ઓગળે પીડા-પ્હાડો!
ઊગ્યાં જાણે વનવન અરે! વેદનાનાં રડાવે
જાણે આજે વતનઘરનું દાહ ઉરે જ દેતું.

લોકો કે'તા, 'વતનઘરનો મોહ મૂકી જ દે ને'
ક્યાંથી છૂટે જીરણ ઘરનાં વૈભવી વર્ષો મોંઘાં?'

*સી-૫, તુલસીકુંજ સોસાયટી, વૈભવ હૉલ પાછળ,*
*ઘોડાસર, અમદાવાદ-૩૮૦ ૦૫૦*
*મો. ૯૪૨૮૧૧૮૦૦૭*





# ગઝલ

*- રઈશ મનીઆર*

કેમ બેઠો છે સ્થાન પકડીને,
રસ્તો પૂછે છે કાન પકડીને.

પગ ધરા પર નથી રહી શકતા,
બહુ થયું, આસમાન પકડીને.

એને શ્રદ્ધા છે ફૂટશે કૂંપળ,
વૃક્ષ બેસે ન પાન પકડીને.

સઘળું છૂટી ગયું છે ધીમેધીમે,
અંતે બેઠા સ્વમાન પકડીને.

ઉત્તમોત્તમ નશા છે મહેફિલમાં,
હું જ બેઠો છું ભાન પકડીને.

*૬- બી રત્નસાગર એપાર્ટમેંટ*
*ચાંદની ચોક પાસે, પીપલોદ,*
*સુરત-૩૯૫ ૦૦૭. મો. ૯૮૨૫૧૩૭૦૭૭*

# પ્રવાસી અજાણ્યા દેશનો

*- અઝીઝ ટંકારવી*

કોણ છે ઈશ્વર ને પથ્થર કોણ છે?
છે અમર એ કોણ? નશ્વર કોણ છે?

હું પ્રવાસી છું અજાણ્યા દેશનો
લૂંટનારા કોણ? રેહબર કોણ છે?

પ્યાસ છે મુજને ફક્ત એક બુંદની
કોણ અહીં મૃગજળ ને સાગર કોણ છે?

હું કસોટીને નથી લાયક ખુદા
ના નથી, તારા બરાબર કોણ છે?

*ગ્રીનપાર્ક, આંબાવાડી બસ સ્ટેન્ડ પાસે,*
*ટંકારીઆ, તા. જિ. ભરૂચ.*
*મો. ૯૯૭૪૦૮૬૨૨૫*





# એક રચના

*- ડૉ. ઉર્વીશ વસાવડા*

હોય એથી સો ગણું દેખાય છે.
દૃશ્ય તો યે વામણું દેખાય છે.

સ્વપ્નમાં આવી સૂરજ કહે છે મને
જાગજે મોં સૂઝણું દેખાય છે.

મારા શૈશવના સ્મરણના પૃષ્ઠ પર
દોસ્ત તારું આંગણું દેખાય છે.

આયના ઘરમાં ઊભી શોધ્યા કરું
ક્યાંય કોઈ આપણું દેખાય છે?

પથ્થરોને પણ પ્રસવ પીડા થતી
જે ઘડીએ ટાંકણું દેખાય છે.

*૧૦૮, રાઈજી નગર,*
*પાંચમી ગલી, મોતીબાગ નજીક,*
*જૂનાગઢ, પીન-૩૬૨ ૦૦૧ મો. ૮૮૨૪૨૯૫૨૫૯*

## ગઝલ

*- એસ. એસ. રાહી*

મીણબત્તી બુઝાય તો સારું
ને તમસ ગાઢ થાય તો સારું

એટલે બેય પગ ચલાવું છું
માર્ગ તારો કપાય તો સારું

હુંય ઊભો છું સીનો તાણીને
પાળિયો થૈ જવાય તો સારું

જોશમાં હું ચડી ગયો પર્વત
ત્યાંથી પાછા વળાય તો સારું

તો જ ભાંગે ભરમ સમંદરનો
કોઈ હોડી ફસાય તો સારું

મારું મન ક્યારનુંયે બેબસ છે
દિલ ફરીથી ઘવાય તો સારું

હું તો 'રાહી' બધુંયે હાર્યો પણ
પ્રેમબાજી જિતાય તો સારું

*મૌલાઈ કાઝીખાન સોસાયટી,*
*પ્લોટ નં. ૩૮, મોરબી રોડ, હળવદ-૩૬૩ ૩૩૦*
*જિ. મોરબી. મો. ૯૭૭૩૧૩૭૯૫૨*





## ઘડાયો છું

*- અનંત પટેલ*

જખમ મારા ભલે દેખાય ના પણ હું ઘવાયો છું,
રહો છો જ્યાં તમે પાયા મહીં હું પણ દબાયો છું;

સદા સાથે રહ્યો છું હું તમારા દુ:ખ કે સુખમાં,
છતાં લીધું તમે માની તમારાથી પરાયો છું;

તમારા રૂપ પાછળ હું બનેલો એક પાગલ છું.
નથી લૈલા તમે પણ હું બની મજનૂ ભરાયો છું;

વખાણે લોક તેથી હું રહ્યો ઊડતો ગગન માંહે;
કરી છે ઠેકડી સૌએ ખબર પામી કપાયો છું;

પ્રભુનું નામ છે સાચું હવે શીખી ગયો પાકું,
ઘણીયે ઠોકરો વેઠી ફૂલોની હું ઘડાયો છું.

*૨૨૧/૧/એ. આનંદવાટિકા સોસાયટી,*
*સેક્ટર - ૨૨, ગાંધીનગર*
*મો- ૯૮૯૮૪૦૯૦૫૩*

# બહુ થયું

*- કિશોર જિકાદરા*

માપમાં છું, આટલી ઊંચાઈ રે' તો બહુ થયું,
એક માણસ પાંચમાં પુછાઈ રે' તો બહુ થયું.

રક્તકણ થોડાઘણા ઓછા હશે તો ચાલશે,
ખાનદાની રક્તમાં જળવાઈ રે' તો બહુ થયું.

શું કરું આ ઉંમરે તબિયત હવે હું સાચવી?
ખોરડાની આબરૂ સચવાઈ રે' તો બહુ થયું.

અશ્રુઓની હદ અમે નક્કી કરી છે ત્યાં સુધી,
પાંપણે આવી અને રોકાઈ રે' તો બહુ થયું.

જેટલાં કાઢ્યાં વરસ, ક્યાં એટલાં છે કાઢવાં,
કાળજે, બસ એટલી નરવાઈ રે' તો બહુ થયું.

ગમ નથી મનમેળ ના રાખી શક્યો હું કોઈથી,
શ્વાસની હારે હવે સરખાઈ રે' તો બહુ થયું.

સાથ છોડી દે સગાં તો ફર્ક બહુ પડતો નથી,
હાથ ઈશ્વરનો સદા પકડાઈ રે' તો બહુ થયું.

*૧૪૨, સર્વોદયનગર*
*સેક્ટર-૩૦, ગાંધીનગર-૩૮૨ ૦૨૧*
*મો. ૯૮૭૯૪૭૫૧૩૦*



# ગઝલ

*- અનિલ ચાવડા*

ચિંતા અપાર છે ને બહુ બોજમાં રહું છું,
તો પણ પ્રભુની કૃપા કે મોજમાં રહું છું.

જો ભવ્યતા છૂટી તો ભાંગી નથી પડ્યો કંઈ,
સાગરમાં હોઉં એમ જ હું હોજમાં રહું છું.

મિત્રો કહે કરીશું તું હોય તો જ મહેફિલ,
ગૌરવ એ વાતનું છે કે 'તો જ'માં રહું છું!

તહેવાર જેમ મારું એકાંત ઊજવું છું,
યાદોની મસ્ત મોટી એક ફોજમાં રહું છું.

રહેતું'તું વ્યગ્ર જે મન એ મગ્ન થઈ ગયું છે,
ખણખોદ છૂટી ગઈ ને ખોજમાં રહું છું.

*સી-૩૦૩, અર્જુનવિલા, કૃષ્ણા બંગ્લોઝ પાછળ,*
*આનંદ પાર્ટી પ્લોટ નજીક, જી.એસ.ટી. ક્રોસિંગ*
*ન્યૂ રાણીપ, અમદાવાદ-૩૮૨ ૪૮૦*
*મો. ૯૯૨૫૬૦૪૬૧૩*

# ગઝલ

- ભાવેશ ભટ્ટ

અમીરો તો હરખને કોઈ પણ રીતે પચાવે છે,
ખુશીનાં આંસુ નાના માણસોને ખાસ આવે છે.

બહાનાં રોજ પાણીને મળી રહેવાનાં મનગમતાં
અમુક વસ્તુને રોકે છે, અમુક વસ્તુ વહાવે છે.

વચન તોડ્યું નથી એ વાતથી ગદ્ગદ થતાં પહેલાં
જરા જો કે નિભાવે છે તો કઈ રીતે નિભાવે છે.


પછી પટકાય તો બોલે કે 'છે અણઆવડત એની'
ભલા શું કામ તું પાંખો વગરનાને ઉડાવે છે.

થવાનું કામ તો દુનિયાનું કાયમ બેઉ સ્થિતિમાં
ફસ્યો ના જાળમાં તો જાળ મારામાં ફસાવે છે.

કપાયેલા પતંગો લૂંટી વેચી પેટ ભરવાનો
જુઓ એની નજરથી તો બધા રોટી ચગાવે છે

નઝમ છૂટા પડીને સાંભળી ગુલઝારની એણે
હવે માંગ્યા વિના સામાન પાછો મોકલાવે છે.

એચ-૫૦૩, સ્વામિનારાયણ કેસલ-૧, અર્જુન-આશ્રમની પાછળ,
ગ્રીનસિટી રોડ, નિર્ણયનગર, અમદાવાદ-૩૮૨ ૪૮૧
મો. ૯૮૨૫૧૫૦૨૪૪





# ગઝલ

- ચંદ્રેશ મકવાણા (નારાજ)

નારાજ એમાં સહેજે સ્વસ્થ હોઈ ના શકે,
તારા વગરનું સ્વર્ગ સ્વર્ગ હોઈ ના શકે.

ઊંચકી શકે ના ફોન, ના મેસેજ પણ કરે,
નારાજ એટલો તો વ્યસ્ત હોઈ ના શકે.

છે શક્ય કે હો ઘરના દરવાજા બંધ પણ,
હૈયાનાં બારણાં તો બંધ હોઈ ના શકે.

એ વાત સાવ ખોટી છે, ખોટી છે, ખોટી છે,
કે પ્રેમની પીડા અનંત હોઈ ના શકે.

દરવાજે હો ટકોરા અને ઊંઘ ના ઊડે,
નારાજ એટલો તો ત્રસ્ત હોઈ ના શકે.

૨૦૨, મહાદેવ કોમ્પલેક્ષ
શાકમાર્કેટ, નવાવાડજ, અમદાવાદ.
મો. ૭૮૭૪૮૮૫૦૧૫

# પીઠી

*- અશોક ચાવડા 'બેદિલ'*

એ ઢીંગલીનાં લગન, છીપલાં, જરી, પીઠી;
રમત-રમતમાં મને તેં કરી નરી પીઠી.

ચઢી શકી છે ક્યાં પીઠી ઉપર ફરી પીઠી?
કદી ન જોઈ શક્યું કોઈ ભીતરી પીઠી.

તળાવ આખું ભરી લીધું આખરી શ્વાસે,
શરીર સાથ વહી માત્ર આખરી પીઠી.

કરી શકાય નહીં હાથ દરવખત પીળા,
સ્મશાનમાં જ તને એટલે કરી પીઠી.

'અશોક' એમ દુખી ને ઉદાસ 'બેદિલ' છે,
ઉતારવી'તી છતાં ના જ ઊતરી પીઠી.

*૧૦, 'પીતાંબર નિવાસ', સૂર્યનગર સોસાયટી,*
*ગાંધી આશ્રમ પાસે, અમદાવાદ-૩૮૦૦૨૭*
*મો. ૯૪૨૬૬૮૦૬૩૩*





# છાતીએ જડત

*- સ્નેહી પરમાર*

મારી ઉપર છે કંઈ તો એ છે મારા ઘરની છત
છતની ઉપર છે એ તો છે, ભ્રમની ભૂરી માવજત

એક માથું મેં ઝુકાવ્યું ને મને શરણે લીધો
દસ હતાં માથાં દશાનન! સીધો છાતીએ જડત

તું ઈલેક્ટ્રિક પંખાથી વિશેષ બીજું કંઈ નથી
હોત તો શીખી ગયો ન હોત તું ફરવું પરત

કોઈ ચાબૂક, શંખ, નોબત, ગ્રંથ, ગોબા નહિ કરે
મારો નિર્ણય કોઈ કરશે તો એ કરશે મારી ગત

તોય એને વાત કરવાની સ્વતંત્રતા તો છે
હું ભલે ને એની સાથે હોઉં ના હોઉં સંમત

બાકી સઘળાં ખુરશીએ આવ્યાં ને ખુરશીથી ગયાં
ગાદીએ આવ્યો'તો કેવળ કૈકયી, તારો ભરત

*'હરિનામ', બગસરા*
*મો. ૯૪૨૭૨૮૩૩૮૧*

# હિમાળો

*- પ્રશાંત કેદાર જાદવ*

અહો ! મુજ દૃષ્ટિમાં સૃષ્ટિ બધીયે,
ક્ષણમાત્રમાં વિસ્તરતી રહી એ.
પીધું સિંધુ જળ ને શીતળ કિનારો,
રહ્યાં ચમકી કિરણો હિમાળો મિનારો.

અડાબીડ તરુવર ઘટાટોપ છાંયો,
ભલે નભ મહી શૃંગ વાદળછાયો.
ઝીણો વીંજણો ઢોળે વાયુ જુઓ ને,
હશે કોની લીલા જરી એ કહો ને.

રવ નીર તણા ને વૃક્ષોના સ્પર્શે,
બાજે વાદ્ય સઘળાં યુગોયુગ સ્મર્શે.
આઘેથી કોકિલ તણા સૂર આવે,
સકળ નાદ ને બ્રહ્મ ઝૂલે ઝુલાવે.

અહીં આભ ઓરું ઘણું ઓરું ભાસે,
હશે લાગતું એ શંકર નિવાસે.
કીધા તપ પૂર્વે અહીં જે બિરાજી,
વદે સાખ એની ધરા વનરાજી.

સૌંદર્ય નીરખી ધરાતું ન મન આ,
થતું મ્લાન હૈયું જોઈ મુજ તન આ.
પ્રકૃતિ ખીલી અહીં મન મૂકી,
સંવાદ પર્ણો કરે ઝૂકી ઝૂકી.

કીધાં તપ ભગીરથ પૂર્વજે આંહીં,
હતી પૂર્ણ શ્રદ્ધા એ કુળ ઉર માંહી.
સ્વર્ગેથી શિવે ઝીલી કેશે ગંગા,
હશે ધ્રૂજયા કૈલાસ કાંચનજંગા.

કરે લાડ કન્યા પિયુ ઘર જાતાં,
ત્યમ ઝરણાં કૂદતા જતાં રાગ ગાતાં.
વહે જ્યારે પ્રગલ્ભા સરખી સરિતા,
ભળી ભેળાં ઝરણાં રચતા કવિતા.

ફરી નૈ શકે પાછી સૂતા કો’ દી એ,
ગળે તાત પર્વત ખટક જે રહી એ.
પછી વેગવંતી જતી કાપ્યે પંથ,
ગતિ દ્રુત ક્યારે પૂગું પામું કંથ.

સરલ રીઝનારા પ્રભુનું આ આસન,
થતું સ્થિર ચિત્ત થતું પળમાં પાવન.
શૃંગો તો ગણ-શીશ સરખાં જ ભાસે,
ચહે તાત ખોળે રમવાની આશે.

પાંડવ અસ્થિ ગળ્યાં ગળી હસ્તી,
હશે ત્યારે વેળા રોઈ ભૂલી મસ્તી.
હશે દ્વાર ખૂલતું અહીંથી સરગનું,
બીજી દિશ વિશ્વ હશે ત્યાં નરકનું.

અહો ! શ્વેત ચાદર ઓઢી હિમાળે,
વરસે જે શાતા હું ને ઓગાળે.
દીધો લ્હાવ “જાદવ” એ સર્જનહારા,
ખૂલ્યાં દ્વાર યુગોથી વાસેલાં મારાં.

*બી-૪૦૨, મણીભદ્ર એપાર્ટમેન્ટ,
સોમેશ્વર પાર્ક-૩ પાસે, ગુલાબ ટાવર, થલતેજ,
અમદાવાદ-૩૮૦ ૦૫૪ મો. ૯૮૨૫૪૦૯૦૨૭*



# થયો

*- મનીષ પરમાર*

કેમ ના બદલાવ એનાયે વિચારોમાં થયો?
ફેરફાર શું કોઈ ઇચ્છાના પ્રકારોમાં થયો?

પૂછતું હોતું નથી પણ કોઈ મઘમઘ ફૂલને,
મ્હેક માદક લૈ પવન વ્હેતો બહારોમાં થયો.

બે ઘડી ઝબકી ખરી જાણે પડ્યા નભથી જુઓ,
એમનો ઉલ્લેખ જાણે કે સિતારોમાં થયો.

જિંદગીભરના ઉજાસો ક્યાં ગયા કોને ખબર?
અસ્ત સૂરજ પાંપણોના અંધકારોમાં થયો.

પણ પ્રતીક્ષાની તમે તો હદ વટાવી હોય છે,
ભરદિવસ આખો તમારા ઈંતેજારોમાં થયો.

*મુ. વાવડી(ગઢ), પો. ધરોઈ કોલોની,
જિ. મહેસાણા -૩૮૪ ૩૬૦.
મો. ૯૭૧૨૫૬૪૨૯૪*

# જીવતરની ઝૂલ

- *રમેશ ઠક્કર*


મારી કવિતાનું મૂળ,મારી ધૂળ..
એની ડમરીમાં એક આખું કૂળ !
આજનું આકાશ અને અષાઢી હેલ..
જાણે વગડાઉ બાવળની શૂળ..!


કામલપુર ગામના ગરણે ગળાય,
આખી વહેતી બનાસનાં પૂર..
કાંટાળી વાડ ઉપર લથબથતા વેલા..
એનાં કેમ કરી થઈ શકે મૂલ ?
મારી કવિતાનું...

ખુલ્લા ખેતર વચ્ચે પડઘાતી પગદંડી ને,
ઊતરતા ઉનાળે ઊમટતો તમરાંનો તાલ..
લ્હેરાતા વગડાને વળગેલાં ફરફરતા બાવળનાં ફૂલ..
મારી કવિતાનું...

શેઢાથી શરમાતું નમણું એ ઘાસ
અને,ચાસ ઉપર ચોંટેલું ખેતર..
ખેતરના ખોળામાં વિસ્તરતી પગદંડી..
એ જ મારા જીવતરની ઝૂલ..
મારી કવિતાનું...

*૧૦, પારિજાત હોમ્સ, શાન્તમ પાર્ટી પ્લોટ સામે,*
*'ખ' રોડ, સરગાસણ ચોકડી, ગાંધીનગર-૩૮૨ ૪૨૧*
*મો. ૯૮૭૯૫૨૪૬૨૩*





# થઈને

- *મનીષ પાઠક 'શ્વેત'*

ફૂલ તમે આપ્યું તો સાચ્ચે રાજી થઈ ને ?
ને તમારા દિલમાં આતશબાજી થઈ ને ?

માંદલો ચ્હેરો કદી સારો ન લાગે,
એવું જાણ્યા બાદ,તબિયત સાજી થઈ ને ?

આંખને ઝીણી કરીને સ્મિત આપ્યું,
પગ નીચે,ધરતી ઉપર,વનરાજી થઈ ને ?

તું જતું કરતી અને કરતો જતું હું,
ચાર આંખે તોય બાઝમબાજી થઈ ને ?

*૧૩, નરોત્તમ પાર્ક, અગ્રવાલ ટાવરની પાછળ, ભૂયંગદેવ ચાર રસ્તા,સોલા*
*રોડ, ઘાટલોડિયા, અમદાવાદ-૩૮૦ ૦૬૧*
*મો : ૯૮૨૫૦૪૬૬૮૪*

# ધોશે ગંગા

*- સતીન દેસાઈ 'પરવેઝ' દીપ્તિ ગુરુ*

એ જ તારે બાંધું તમને,
ક્યાં સમજથી સાંધું તમને!
શું ભજન ગાઉં કે ગઝલો,
કંઈ લગનથી આંબું તમને!
ક્યાંક હસ્તાક્ષર કરો તો,
આપું વસિયતનામું તમને!
બસ નકારી તમને દેજો,
જે પળે હું માંગું તમને!
હું તમારું નામ રટતો,
લાગે ઘેલું-ગાંડું તમને!
એ જ કૌશલ્ય દો અમોને,
શ્વાસ-શ્વાસે રાંધું તમને!
એ રીતે સાંધી દો પર્વત,
જે રીતે હું ભાંગું તમને!
એ પળે આવે સદીઓ,
જે પળે છલ્લાંગું તમને!
આપ આવી ધોશે ગંગા,
મેલું ઘેલું ટાંગું તમને!

*૫૦૩-અક્ષર રીવાઈવલ-૨,*
*માથેરાન સોસાયટી, ભગવાનનગર ટેકરી,*
*પાલડી, અમદાવાદ-૭*
*મો. ૯૪૨૮૯૦૭૭૭૫*



# ફોગટ ફૂલે

*- ભાનુપ્રસાદ પુરાણી*

ફુગ્ગો ફોગટ ફૂલીને ફૂલે,
ભીતર તો કંઈ મળે નહીં,
એ તો વાયરે ઊંચે ચગે!
ફુગ્ગો ફોગટ...

જરાક જેટલું જલબિંદુ,
એ પરપોટો થઈ ફૂલે!
સાગરનાં મોજાં સંગાથે,
પાણીમાં જઈ ભળે!
એની જોવા જેવી વલે!
ફુગ્ગો ફોગટ....

નાની અમથી ચિનગારી,
એ દવ થઈ ભડકે બળે,
મુશળધારા જળની એને-
વરસી શીતલ કરે,
પછી એ ટાઢી થૈને ઠરે!
ફુગ્ગો ફોગટ....

*પ્લોટ નં. ૧૦૩-૨, સેક્ટર-૨-એ,*
*ગાંધીનગર-૩૮૨ ૦૦૭*
*મો. ૯૯૦૪૨૫૬૧૧૪*

# અશુભ પત્તું

- ડૉ. પ્રદીપ રાવલ


આવ્યું ટપાલી જેમ સુખ મારે ઘરે,
ચાલ્યું ગયું દઈને, અશુભ પત્તું કરે!

આંખો, અજન્તા ને ઈલોરાની ગુફા,
જ્યાં રંગ બારેબાર આવ્યા ખરખરે!

ચબરાક ખિસ્સાકાતરુની સિફતથી,
આયુષ્યનું ગજવું, મરણ હળવું કરે!

સંબંધનું તાવીજ બાંધી બાવડે,
મ્હોરું ફરી માણસ થવાને કરગરે!!

'મા', મંગલમૂર્તિ ટેનામેન્ટ,
બ્લોક નં-૫, ૩, સૂર્યોદય સોસાયટી,
સેંટ મેરી સ્કૂલની સામે, કાલાવડ રોડ, રાજકોટ.
મો. ૯૪૨૮૩૪૫૯૦૮





# યાદો

- ભસ્માંગ માંકડ (સમ્રાટ)

જિંદગીની યાદો સફાળી પ્રકટ થાય છે,
સ્મિત સાથે આંખોના ખૂણા ભીના થાય છે.

બાળપણની કરેલી ધીંગામસ્તી અને શૂરાતન,
ફરી બાળક બનવાની લાલસા ઊભી થાય છે.

શાળામાં ભણેલા સમાજવિદ્યા અને ગણિત,
મિત્રો સાથેની યાદગાર ક્ષણો ક્યાં ભુલાય છે.

કૉલેજની કરી હતી આશાભરી શરૂઆત,
"દિવસ"ની ઉજવણીમાં વર્ષો જલ્દી વહી જાય છે.

મા-બાપનાં લાડકોડ અને કરેલાં જતન,
નવી પેઢીના ઉછેરમાં સાચી કિંમત સમજાય છે.

પ્રેમનું પ્રથમ પગથિયું અને મનમેળાપ,
પ્રિયની આંખોમાં જ આખું વિશ્વ દેખાય છે.

સાત જન્મના સાથનો થતો હસ્તમેળાપ,
સાથે વિતાવેલી ક્ષણેક્ષણ જ જીવંત જણાય છે.

સ્વઅંશના આગમનની ખુશીના એ ખબર,
નાની આંગળી પકડવામાં પૂર્ણતાનો અહેસાસ થાય છે.

ચાલતી રહેશે યાદોની આ સફર,
"સમ્રાટ"ની ચાલક ગતિ ઉર્જિત થતી જાય છે.

જિંદગીની યાદો સફાળી પ્રકટ થાય છે,
સ્મિત સાથે આંખોના ખૂણા ભીના થાય છે.

પ્લોટ નં. ૨૫૫-૨, શ્યામલ-૧, જૈન દેરાસરની પાછળ,
સેક્ટર-૨૨, ગાંધીનગર-૩૮૨ ૦૨૧. મો. ૯૮૨૫૭૨૧૯૨૮

# ચોપાટ

*- નટવર આહલપરા*

ચોપાટ ખેલવામાં હારજીત હોય છે,
જીવનમાં જીતહાર તો નિશ્ચિત હોય છે.

અંગૂઠો આપી એકલવ્ય ઈતિહાસ થૈ ગયો,
ગુરુને દક્ષિણાય માગવાની શું રીત હોય છે.

જીતી ગયો બાણાવાળી અંતે દ્રૌપદીને,
કર્ણ જેવો કર્ણ કાં ભયભીત હોય છે!

કેવળ સખા માણી શકે તાંદુલના સ્વાદને,
નાની શી પોટલીમાં હેતની સખાવત હોય છે.

સાચી જ ભાવના છે હૈયાની ભીતરે,
ઉદ્ધવને કેવળ કૃષ્ણથી પ્રીત હોય છે.

*'શ્રી પવનતય' ૧૦૧, એસ્ટર ફ્લેટ્સ, શ્યામલ સ્કાય લાઈફ એપા. સામે,
આર્યલેન્ડની નજીક, સ્પીડવેલ પાર્ટીપ્લોટની પાછળ,
અંબિકા ટાઉનશિપ, મવડી એરિયા, નાના મવા રોડ,
રાજકોટ-૩૬૦ ૦૦૫. મો. ૯૯૭૪૦૦૯૦૪૨*





# મને શોધતો

*- પ્રફુલ્લ રાવલ*

ના, ઈનોમી ના
હવે સૂરજ નહીં ઊગે ક્યારેય
હું વ્યર્થ પૂર્વ ભણી મોં કરીને બેઠો છું આ દરિયાકાંઠે
વગર હલેસે મારે હંકારવાની છે મારી આ હોડી
પહોંચીશ, ક્યારેક તો ક્યાંક
જોઉં છું ઊછળતાં મોજાં સાથે ઊછળતી માછલીને
પાછી એ પટકાય છે જળમાં
જ્યાં એનું જીવન છે
પણ હું નથી ઊછળતો, નથી પટકાતો
છું એકલો
બસ એમ જ આંખમાં પ્રતીક્ષાનું કાજળ આંજીને બેઠો છું.
બેઠો છું, બસ બેઠો છું,
મારામાં મને શોધતો.

*બી-૧૨, માધવ એપાર્ટમેન્ટ,
મ્યુનિ. ગાર્ડનની સામે, વાસણા,
અમદાવાદ-૩૦૦ ૦૦૭
મો. ૯૮૭૯૦૧૩૧૭૦*

# દરિયો

*- રમેશ પટેલ*

દુવા; સૌની કરતો દરિયો,
આથી અમને ગમતો દરિયો.
અમૃતમંથન કરતો દરિયો ,
શંકર શંકર ભજતો દરિયો!
ખારું જળ પણ મીઠો દરિયો,
નૌકા ખાલી ભરતો દરિયો .
મરજીવાને મોતી દેતો,
મનમાં કેવો હસતો દરિયો?!
રેતી મ્હેલો તોડીને પણ,
બાળક જોડે રમતો દરિયો.
લાશ કિનારે સોંપે દરિયો,
નૌકા ડૂબી રડતો દરિયો.
ભેટ ધરે છે કોડી- શંખો,
બાળકને ખૂબ ગમતો દરિયો.
ક્ષણભર થોભી જુઓ દરિયો,
જળમાં કેવું તરતો દરિયો!
સૌને ડાહ્યો લાગે દરિયો,
તો પણ ગાંડો બનતો દરિયો.
શોધે છે દરિયો દરિયાને,
ઊંડે ઊંડે સરતો દરિયો.
લીલો પીળો રાતો દરિયો,
મોજે મોજે ભમતો દરિયો.
રાતે જાગી જોયા કરતો,
રાતે તારા ગણતો દરિયો!
નામ પ્રિયાનું ભૂંસે દરિયો,
પ્રેમીને ના ગમતો દરિયો!!

*‘ પ્રાંજલ’, 30, આનંદ વાટિકા સોસાયટી,*
*સરદાર પૂલ પાસે, અડાજણ રોડ,*
*સુરત-૩૯૫ ૦૦૯ મો. ૯૮૨૫૧૦૦૨૫૫*





# ચડતી અને પડતી

*- મનહર ઠાકર*

ભરતી પછીની ઓટથી સાગર ઘણો પછડાય છે,
ચડતી પછી પડતી હવે એ વાત ત્યાં પડઘાય છે.

મોજાં ઉપર મોજાં ચડે આંધી ઉપર આંધી ઘણી,
મઝધાર પણ અટકી પડે ને સ્હેજમાં અથડાય છે.

કુદરત તણો જે ક્રમ હંમેશાં હોય છે સચરાચરે,
પામી શકે ના માનવી તો આખરે અટવાય છે.

દોડે જુઓ ને કેટલું ધસમસ થતી એ પહાડથી,
નદીયું હવે દરિયો થવાને સામટી ઠલવાય છે.

સરતી જતી આ જિંદગીનો શો ભરોસો છે ભલા ?
જ્યાં જ્યાં ચડે ત્યાં ત્યાં પડે એવી દશા સર્જાય છે.

*૪૦, શ્રીનાથજીનગર-૩ ભરતનગર પાછળ,*
*ભાવનગર-૩૬૪ ૦૦૨*
*મો. ૯૪૨૬૮૫૧૨૯૦*


લીલ્યો તાહિ મધુર ફલ જાનુ
અવની ઘનશ્યામભાઇ દવે
મો. ૯૩૨૭૪ ૨૮૫૦૦


સંધ્યાની સાક્ષીએ
પ્રવીન દેવાણી
મો. ૯૮૨૩૫ ૩૦૫૦૧



મંગલમૂર્તિ મોરયા...
વિમલ હેમાણી
મો. ૯૪૦૮૧ ૮૭૬૮૭



રૂપાળી ઢીંગલી
ડૉ. તેજસ દોશી
મો. ૯૪૨૬૪ ૫૪૧૦૦

# તડકાને તાળી

*- રક્ષા શુક્લ*

બળબળતો બપ્પોર ઘડીમાં ખૂટી થાતો ટૂંકો,
ઘડિયાળે વ્હેતી ટકટકને હળવે હાથે ફૂંકો.


અમે કાંખમાં સૂરજ તેડી ચાંદ હળુથી પીધો,
તડકાને તાળી દઈ લેલૂમ લીમડે થપ્પો દીધો.
ટહુકા ગૂંથી તરણાંએ ઝરણાંનો રસ્તો લીધો,
પીળા પાંદડે, પીળી હવાએ દેકીરો બહુ કીધો.


ગમતા ગરમાળે જઈ તીખી બારખડીને મૂકો.
બળબળતો બપ્પોર ઘડીમાં ખૂટી થાતો ટૂંકો.

વાદળ ઓથે સંતાયો સૂરજ ને ખાધો પોરો,
તડકાએ છાયાને મારી આંખ ને લીધો ઓરો.
દરિયે આંબ્યા આભ, ફૂટ્યો છે જળની મૂછે દોરો,
પિયુ બીડે પરબીડિયું, અક્ષર એક રહે ના કોરો.

કાળઝાળ સૂરજની સામે ચોમાસાનો કૂકો.
બળબળતો બપ્પોર ઘડીમાં ખૂટી થાતો ટૂંકો.

*૧૫. નંદન, શાસ્ત્રીનગર,*
*તળાજા-૩૬૪ ૧૪૦ જિ. ભાવનગર*
*મો. ૯૯૭૯૨૪૪૮૮૪*





*- વિવેક મનહર ટેલર*

તમે જ અમારા બાવન અક્ષર, તમે જ બાવન બા'રા,

કલમ તમે છો, તમે જ કાગળ, તમે જ ફકત લખાયા,
તમે અમારી કવિતાઓમાં ભાવ થઈ પથરાયા;
'તમે મળો'ની કુંજગલીમાં અમે પૂરણ ભૂંસાયા,
તમે અમારી એક જ મંજિલ, તમે હરએક ઉતારા.

તમે અકળ છો, તમે સકળ છો, તમે છૂપા પરગટમાં,
તમે અમારી એક એક ઘટના, તમે અમારા ઘટમાં
તવ સાગરમાં ડૂબકી દઈને અમે જે પામ્યા ઝટમાં,
ભવસાગરમાં એ મોતી ના પામે કોઈ મછવારા..

*આયુષ્ય મેડિકેર હૉસ્પિટલ,*
*૪૭, સ્વીટી સોસાયટી, ભટાર રોડ*
*સુરત-૩૯૫ ૦૦૧*
*મો. ૯૮૨૪૧૨૫૩૫૫*

# કવિતા

***- ચંદ્રશેખર પંડ્યા***

હું રંગેચંગે હાલી
દઈ જાણે શેણે મેં પાડી એક જ હાથે તાલી!


એક મૂઓ તરવરિયો મેળે, ટાંપીટાંપી નીરખે,
બંગડીયું લેવાને બા'ને, પાંહે ને પાંહે સરકે,
દઈ જાણે શા કારણથી, બસ હું લાગી ગઈ વ્હાલી!
હું રંગેચંગે હાલી.

દરવાજે બાપુનો લાગ્યો, જડબેસલાક પહેરો
અલબેલાને શેં ભૂલું, જાણે વાહરની લહેરો!
દઈ જાણે શા કારણથી, મેં બારી વાખી ઠાલી!
હું રંગેચંગે હાલી.

વ્હાલો વરસે ધોધમાર, તરબતર બનું હું ઘેલી,
સાંવરિયા ભેગી પલળું, છો ફોરાં હો કે હેલી,
દઈ જાણે શા કારણથી, હું સરવડીયે પણ મ્હાલી!
હું રંગેચંગે હાલી.

*૧, વાસ્તવ એવન્યુ, મંગલમ ફ્લેટ્સ સામે,*
*વિદ્યાવિહાર સ્કૂલ પાછળ, સુભાનપુરા,*
*વડોદરા-૩૯૦ ૦૨૩ મો. ૯૮૨૫૦ ૩૦૬૯૮*





# કાફિયા ગઝલ

***- નીરવ વ્યાસ***

લોહી ભરેલી લાશો લાદી,
જમવા બેઠાં છે, મરજાદી.

હત્યા શહેર વચોવચ થઈ'તી,
શું કે' છે અખબારી યાદી?

સાંકળ થોડી ઢીલી બાંધો,
મેં ક્યાં માંગી છે આઝાદી?

નમવાનું ધોરણ ના પૂછો,
જેની-જેવી ઊંચી ગાદી.

તારા જેવી-તારી વાતો,
કામ વગરની સીધી સાદી.

*ઈ-૨૦૪, ગવર્નમેન્ટ કોલોની, જજીસ બંગલો,*
*લાઈબ્રેરીની બાજુમાં, વસ્ત્રાપુર, અમદાવાદ*
*મો. ૯૦૯૯૪૯૧૦૮૪*

# ક્ષિતિજ હીંચે

*- ડૉ. પ્રદીપ આઝાદ 'ઈશત્'*

જિંદગી હું ક્યાં સુધી દોડ્યા કરું
દોડ લાંબી છ ફૂટે જોડ્યા કરું

છે ખબર મનને છતાં મોડ્યા કરું
હાથ ના લાગે કશું દોડ્યા કરું

કેમ તૂટી જાય સંબંધો છતાં
સ્મિત ચહેરે મીઠડું ચોડ્યા કરું

રાહ કોની જોઈને ઊભો હતો
જિંદગીને પળ મહીં ખોળ્યા કરું

કુદરતી ઝૂલે સમય જીવન બની
ક્ષિતિજ હીંચે રંગમાં ઝૂલ્યા કરું

*પ્લોટ નં. ૧૨૪૮-૧, સેક્ટર-૭-ડી,*
*ગાંધીનગર-૩૮૨ ૦૦૭*
*મો. ૯૮૨૪૦૦૩૧૪૦*





# ઘમ્મર ઝાંઝરી રે...

*- હર્ષિદા દીપક ત્રિવેદી*

અતલસનો કમખો ને નવકલિયો ઘાઘરો, નેફે ટાંગી છે ઘમ્મર ઝાંઝરી રે....

કેડ્યે સોને મઢેલ ઝૂલે કૂંચી રે બાઈજી...
ઉગમણી દશમાં વેરુ ઊડી ને હું તો ચાંદલિયો ચોડવાને હાલી,
નખરાળા આંજણને આંજ્યું ન આંજ્યું ત્યાં પગલામાં ચડી ગઈ ખાલી.
ધબકારે ધબકારે વાલમિયો ઘૂમતો ને બથમાં લેવાને હું તો નીસરી રે...
કેડ્યે સોને મઢેલ ઝૂલે કૂંચી રે બાઈજી...

વીખરેલા વાળમાં કંઈ મોગરાના ફૂલડાએ હળવેથી કીધો સંવાદ,
આંબાની મંજરીથી વ્હાલમના બોલ થઈ પંચમનો આવ્યો પરસાદ,
સળ પડ્યા સોળ ધોળી રજાઈએ રેશમી એ જોઈને ઝીણેરું ઝરમરી રે...
કેડ્યે સોને મઢેલ ઝૂલે કૂંચી રે બાઈજી...

*૧- નંદનવન પાર્ક, ૯-સદ્‌ગુરુ બંગલો, ગોલ્ડન માર્કેટ પાછળ,*
*સાધુ વાસવાણી રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૫*
*મો. ૯૭૨૭૭૭૪૭૪૩*

# કંકુના કાગળ

- દીપક ત્રિવેદી

કંકુના કાગળ આવ્યા...!
ઝળહળ દીવા રે પ્રગટાવ્યા...!

ઝૂલી હથેળી ઝૂલી લસરક...ગલગોટાને બાંધી...!
ખૂલી આંખ અધખુલ્લી રે..તડકામાં આવી આંધી..!


શ્રાવણ ઝરમરિયા વરસાવ્યા...!
કંકુના કાગળ આવ્યા...!

દરિયે અધવચ્ચ મૂકો રે...અંધારાં હાંફળ-ફાંફળ...!
મેઘધનુનો ભુક્કો રે...કંકુના વાદળ આગળ...!

ચંદરવે રંગ ઊછળ્યા...!
કંકુના કાગળ આવ્યા...!

૧, નંદનવન પાર્ક, ૯-સદ્ગુરુ બંગલો, ગોલ્ડન માર્કેટ પાછળ,
સાધુ વાસવાણી રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૫
મો. ૯૭૨૭૭૭૪૭૪૨





# દરિયાદેવને...

- પ્રજ્ઞા પટેલ

વાત ને વાતમાં માછલીએ દરિયાના કાનમાં કંઈ દીધું
ને દરિયો થયો છે ગાંડોતૂર,
કાંઠાઓ બન્યા બેબાકળા, મૂંઝારાના કીધા કંઈ ધૂપ
થાકેલાં મોજાંએ છેડ્યા વિનવણીના સૂર
હવે ખમૈયા કરો ને દરિયાદેવ.

દેરી ને ધજા ને દીવડોય થથરીને ઊભાં
જોઈ રહ્યા છે જટાધારી તારી લીલા
ટટળી ટટળીને ટીટોડીનાં ગીત થયાં ભીનાં
પવનની થપાટે વૃક્ષોનાય પગ પડ્યા ઢીલા
હવે ખમૈયા કરો ને દરિયાદેવ.

તારી દિલેરીનાં ગીત ગૂંજે છે આભ ને પાતાળમાં,
જો ને કેવાં થાક્યાં છે ખારવો ને ખારવણ !
હીબકે ચઢેલી હોડીના સઢ, ચિંતા એની ગામમાં
કંઈ ઝૂરે ઝૂરે છે હવે જાળ પણ
હવે ખમૈયા કરો ને દરિયાદેવ.

તું તો ધરતીનો રાજા, મનનો મહારાજ,
તને ના કશાની ખોટ, શાને મૂકતો છુટ્ટી દોટ?
ભરતી ને ઓટ એ તારો સ્વભાવ
મેરામણ માજા ન મૂકીએ, સંભાળ તારા લોઢ
હવે ખમૈયા કરો ને દરિયાદેવ.

આઘે ઊભેલી પેલી દીવાદાંડી તને દે છે દુહાઈ
કોઈના ચાલે ચડવું નંઈ માછલીની વાતમાં આવવું નંઈ..
તું સાંભળ મારા ભઈ,
હવે ખમૈયા કરો ને દરિયાદેવ.

'આત્મન', પ્લોટ નં ૧૬૮૭-૧, સેક્ટર-૨ ડી,
ગાંધીનગર-૩૮૨ ૦૦૭ મો. ૯૮૨૫૪૩૮૩૯૪

# ગઝલ

*- ભાવિન ગોપાણી*

આભ-ધરતી બેઉની સંગત હતી,
છાપરામાં છિદ્રની સવલત હતી !

આંસુની સાચી ગણતરી થઈ શકી,
અર્થ એનો એ જ કે  રાહત હતી.

થઈ ગઈ ગાયબ સહજતા બેઉની,
ભેટવા ભેગી કરી હિંમત હતી.

આપ ફટકારી ભલે રાજી થયા,
એમના માટે સજા ગમ્મત હતી.

કામ કાળાં ના કરે તો શું કરે?
છેકથી અંધારની સોબત હતી.

આપણું ભાણું ભલે સરખું હતું,
ભાગ્યમાં મારા જુદી પંગત હતી.


શું તને સ્હેજે નથી અપરાધભાવ?
તુંય એ અપરાધમાં સહમત હતી.

કઈ રીતે ગણના કરી છે રંકમાં !
સ્મિત જેવી માતબર મિલકત હતી.

કેમ આપે રોશનીમાં ભાગ એ ?
એમની તો આગ પણ અંગત હતી.

થાકના લીધે જ કંઈ સૂતો નથી !
છાંયડાની પણ ઘણી મહેનત હતી.

૨૦. મહાવીર કૃપા, ગંગાધર સોસાયટી,
મણિનગર, અમદાવાદ-૩૮૦ ૦૦૮
મો. ૯૮૨૫૬૯૮૬૨૮





# કવિતા

*- તેજસ દવે*

મર્યા પછી પણ દાન કરી છે,
કાયા પણ સુલ્તાન કરી છે.

રાખી એણે કેવી દૂરી?
ખુદને પાકિસ્તાન કરી છે.

પંખીઓનો સોદાગર છે ,
તેં ત્યાં કન્યાદાન કરી છે !

આંસુનું પર્ફ્યુમ વેચવા,
આંખોની દુકાન કરી છે.

ખાદીમાંથી ધીમેધીમે,
જાત અમે કંતાન કરી છે.

*૩૦૧, કબીર એન્કલેવ, સાંઈનાથ હોમિયોપેથિક
હૉસ્પિટલ સામે, ઘુમા રોડ, બોપલ, અમદાવાદ
મો. ૯૯૦૪૩૮૪૭૬૯*

# ભજવાતા નાટકના ચલિતાર્થ

*- રમણ વાઘેલા*

નાટક શરૂ થતાં પહેલાં
ક્યારેક ક્યારેક એવું લાગે છે
કે પડદો ઊપડે છે
કે પડદો પડે છે?

ક્યારેક ક્યારેક એવું પણ લાગે છે
કે ગ્રીનરૂમમાં ઘોંઘાટ ઝઘડે છે
કે પછી રહસ્યમય ચુપકીદી છવાઈ ગઈ છે !

ક્યારેક ક્યારેક એવું લાગે છે
કે નાટકનાં પાત્રો સંવાદ રચે છે
કે વિસંવાદ?

ક્યારેક ક્યારેક એવું લાગે છે
કે પ્રેક્ષકો નાટક ભજવતાં પાત્રોને જોઈ
સ્વયંને પ્રશ્ન કરે છે
કે પછી પાત્રોને?

ક્યારેક ક્યારેક એવું લાગે છે
કે નાટકના નિર્માતા
પાત્રોના મુખેથી બોલાતા સંવાદ
સાંભળતાં સાંભળતાં
એકાદી
ઘસઘસાટ ઊંઘ ખેંચી લે છે
કે પછી કોલ્ડ -કોફીના બે-ચાર મગ
ગટગટાવી જાય છે?

અને અંતે
નાટક ભજવનાર સહુ પાત્રો
ગ્રૂપફોટોમાં એકબીજાને ઓળખવા
વૃથા પ્રયત્નો કરતાં હોય છે
કાં તો બોધતાં-પ્રબોધતાં હોય છે ખુદને
નાટકની સફળતા- નિષ્ફળતાના ગુબ્બારા વચ્ચે !

પ્લોટ નં. ૬૫૨/૨, સિદ્ધાર્થ પાર્ક,
સેક્ટર નં. ૮, ગાંધીનગર-૩૮૨ ૦૦૭
મો. ૬૩૫૮૭ ૪૦૬૧૬



# ધૂળને ખંખેરવી હતી

*- દર્શક આચાર્ય*

દર્પણ ઉપરની ધૂળને ખંખેરવી હતી,
જૂની સફરની ધૂળને ખંખેરવી હતી.

મારા સ્મરણના ગામમાં પહોંચી ગયા પછી,
તારા નગરની ધૂળને ખંખેરવી હતી.

તારા પ્રભાવમાંથી જરા નીકળી જવા,
તારી નજરની ધૂળને ખંખેરવી હતી.

સૂરજ સમા સ્મરણથી ફરી ઘર સજાવવા,
બારી ઉપરની ધૂળને ખંખેરવી હતી.

ચીલો બધાથી સાવ અલગ ચાતરી જવા,
તારી અસરની ધૂળને ખંખેરવી હતી.

*"કવિતા", ૧૦, અંકુર સોસાયટી,
નવા જંક્શન રોડ, સુરેન્દ્રનગર
મો. ૭૬૦૦૩૬૫૨૧૦*

# આ તહેવારમાં !

- ડૉ. મુકેશ જોષી

આપણે પ્રેમે મળીશું, આવ આ તહેવારમાં;
ગીત ગરવા ગણગણીશું, ચાલ આ તહેવારમાં.

છો રહ્યા પડકાર જૂના, ને મુસીબત એ જ પણ;
આપણે પાછાં ભરીશું બાથ આ તહેવારમાં!

થઈ તરોતાજા અને આ જિંદગીના માર્ગમાં -
આપણે ઊંડા લઈશું શ્વાસ આ તહેવારમાં.

ભીતરેથી એક દીવો રોજ પ્રગટાવી અને;
આપણે ખુદ ઝળહળીશું આમ આ તહેવારમાં.

ઈશ તો લંબાવતો બસ હોય છે ચારે તરફ;
આપણે પકડી લઈશું હાથ આ તહેવારમાં.

જિંદગીમાં શું ફરક પડશે ભલા? ના પૂછશો;
આપણે હૈયે ભરીશું હામ આ તહેવારમાં!

કાળના નિર્દય પ્રહારોની સમક્ષ હસતાં રહી;
આપણે સામે ધરીશું ઢાલ આ તહેવારમાં.

આ તમસના કાટથી બુઠ્ઠી થયેલી જાતની;
આપણે કાઢી લઈશું ધાર આ તહેવારમાં.

રામના અવતારને આખો કરીશું યાદ તો;
આપણે સમજી શકીશું સાર આ તહેવારમાં.

"શિવ સદન"
પ્લોટ નં. ૭૬૨/૨, જાગૃતિ પાર્ક સોસાયટી
સેક્ટર નં. ૩૦, ગાંધીનગર-૩૮૨૦૩૦
મો. ૯૯૨૫૦૦૨૪૩૫





# મને તો...

- જયંતિ ધોકાઈ

કરે લોક મંછા મહેમાન થવાની
મને તો મજાનું એ આતિથ્ય ગમે છે.

જીવનને ઉજાળે અને કો' ઉછાળે
મને તો પ્રસિદ્ધ એ સાહિત્ય ગમે છે.

ભલે એ ઊગે સવારે, આથમે છો સાંજે,
મને તો એ પૂરો આદિત્ય ગમે છે.

કરો રોજ પૂજા અને પ્રાર્થના પણ
મને તો પરસ્પરનું એ સામીપ્ય ગમે છે.

અહીં રોજ લોકો હળે છે- મળે છે.
મને તો બસ એટલું આલિંગ્ય ગમે છે.

જવાહર રોડ,
ઓખા (જિ. દેવભૂમિ, દ્વારકા)
મો. ૮૧૨૮૭૪૩૨૯૩

# ગઝલ

*ડૉ. ધૈવત શુક્લ ''આનંદ''*

લાગણીના, એક ટેકે, આ ગઝલ છે,
આયખામાં પૂર પેઠે, આ ગઝલ છે.

મોત પોતે જાત લેવા, રોજ આવે,
જિંદગી લઈ વેંત છેટે, આ ગઝલ છે.


એ ઊગે છે, આંખમાં થઈ, એક સપનું,
રૂપ સાથે રંગ નામે, આ ગઝલ છે.

બ્હાર લીલું, વન મળે છે, યાદ જેવું,
ભીતરે તો દર્દ સાથે, આ ગઝલ છે.

શું તલાશીમાં મળે છે, જોઈ લેજો,
સાથમાં ''આનંદ'' વાટે, આ ગઝલ છે.

*એફ-૩૦૩, શિવાલય પરિસર,*
*કુડાસણ-ગાંધીનગર*
*મો. ૯૭૧૨૯૯૭૪૦૩*





# પ્રવાસો કરીને

*- પારસ એસ. હેમાણી*

સમંદર તરીને કિનારો લખું છું,
ખરેખર ઠરીને કિનારો લખું છું.

બધું આંતરીને કિનારો લખું છું,
હૃદયમાં ફરીને કિનારો લખું છું.

પછી કોઈથી ભય જગતમાં શું લાગે?
પ્રભુથી ડરીને કિનારો લખું છું.

ફરું છું ભીતરમાં મુસાફર બનીને,
પ્રવાસો કરીને કિનારો લખું છું.

કસોટી ભલે ને સતત થાય "પારસ",
ગહનમાં સરીને કિનારો લખું છું.

*હેમાણી હૉસ્પિટલ, કાન્તા વિકાસગૃહ નજીક,*
*ભક્તિનગર સોસાયટી, રાજકોટ.*
*મો. ૯૯૦૪૯૦૦૦૫૯*



સાહેલીઓની સવારી
બિપિન ઉપાધ્યાય
મો. ૮૦૦૦૫ ૬૬૨૩૦



મહિષાસુરમર્દિની
વૈશાલી એસ. ભાવસાર
મો. ૯૪૨૬૮ ૬૧૮૩૨




જિજ્ઞેશ ઠાકર
મો. ૯૯૨૫૧ ૨૫૨૮૫


નંદ ઘેર આનંદ ભયો
જગદીશ મેવા
મો. ૯૪૨૬૭ ૬૬૩૭૭

# ગઝલ

*- દિનેશ દેસાઈ*

રાખ જેવો છું, આગ જેવો છું.
બાગ જેવો છું, ફાગ જેવો છું.

કર્ણ જેવો છું, કૃષ્ણ જેવો છું
સાખ જેવો છું, માગ જેવો છું.

આંગણે આવું ને ઊડી જાઉં,
લાગ જેવો છું, કાગ જેવો છું.

ને મટે પણ મીટે નહીં, એવો-
દાગ જેવો છું, રાગ જેવો છું.

સંઘરી રાખો, સાચવી રાખો,
સાપ જેવો છું, સાગ જેવો છું.

*બી/૧૦૪, શાયપ્રમ, સફલ પરિસર રોડ,*
*સાઉથ બોપલ, અમદાવાદ-૩૮૦ ૦૫૭*
*મો. ૮૩૨૦૪૧૯૦૭૭*





# મહિમા

*- પ્રશાંત સોમાણી*

બધે જોવાય ના બસ જ્ઞાનનો મહિમા,
ઘણી વેળા ચડે તોફાનનો મહિમા.

નડે તલવાર પોતાની જ પોતાને,
પછી સમજાય જાશે મ્યાનનો મહિમા.

બધા સામે તમે ઢંઢેરો ના પીટો,
નહીં જળવાય સાચા દાનનો મહિમા.

કહું સાચું તો ખોટું લાગશે તમને,
અરે તમને નડ્યો છે માનનો મહિમા.

બને તો સાવ ઓછો રાખજો સાથે,
સફરમાં છોડજો સામાનનો મહિમા.

*આઈ - ૧૩૩, અભિનંદન પેલેસ, શિલ્પાપાર્ક સોસાયટી*
*રંગ અવધૂત સોસાયટી પાસે, માતાવાડી,*
*લંબે હનુમાન રોડ, સુરત-૩૯૫ ૦૦૬*
*મો. ૭૪૦૫૧૩૭૦૦૧*

## ગઝલ

*- શૈલેષ પંડ્યા 'ભીનાશ'*

હૃદય તો ઊભું છે સહન પણ ફટાફટ કરે છે.
સ્વજન પણ બિચારા જનમથી બનાવટ કરે છે.

નથી એવું કે તીક્ષ્ણ કરવત નિરંતર ચલાવે,
તિલક ભૂંસીને પાઘડી પર જમાવટ કરે છે.


અહીં ભોળપણની સદીને વળાવી ઊભા સૌ,
જુઓ શ્વાસ પણ આપમેળે ખટાખટ કરે છે.

તમે સાવ ભૂખ્યા રહી રાતભર જાગતા ને
તમારી અસલ એષણાઓ ઘટાઘટ કરે છે.

અમે તોય "ભીનાશ" કાયમ સરળતાથી જીવ્યા,
અને આપણા પર સમય પણ બનાવટ કરે છે.

*૪, આદિત્ય નગર, ઘનશ્યામનગરની બાજુમાં*
*ઓ.એન.જી.સી. રોડ, માર્કેટ યાર્ડ કલોલ*
*જિ. ગાંધીનગર-૩૮૨ ૭૨૧ મો. ૯૩૨૮૨૪૬૨૦૭*





## ઝાડ

*- રેણુકા દવે*

ઝાડ મારી આંખોથી થાય નહીં દૂર,
સખી, એના ચોપાસે પથરાયાં નૂર,
ઝાડ મારી આંખોથી થાય નહીં દૂર.

રસ્તાની બેઉ કોર ઊભાં છે હારબંધ લીલેરો પહેરી ગણવેશ,
ટગલી ડાળેથી છેક કરતાં સલામ, કહે, આવો, પધારો મારે દેશ..!
સખી, જાણે આલિંગન કરવા આતુર..
ઝાડ મારી આંખોથી થાય નહીં દૂર.

લહેરાતી ઓઢણીમાં મ્હોરે જોબન એનું, ફોરે સુગંધ કેવી મીઠી,
શ્વાસોમાં નામ એનું ઘૂંટીને બેઠા સૌ, વહેતી કો મોહિની અદીઠી.
સખી, એણે સૃષ્ટિને કીધી ચકચૂર ..
ઝાડ મારી આંખોથી થાય નહીં દૂર

ખરબચડાં થડ એનાં સંતાડી બેઠાં છે વરસોનાં તપ કેવાં આકરાં,
કરવતનાં કામ લોક કરતાં ફરે ને પછી કરતાં રે કેટલીયે જાતરા !
સખી, તોયે ઓઢાડે છાયા ઘેઘૂર..
ઝાડ મારી આંખોથી થાય નહીં દૂર

સઘળાયે ધર્મોનો એવો છે સાર તમે ઝાડ સમું જીવનને જીવો,
કર્મ ને પ્રેમ અને કરુણા ને દાન કરો, પરમાર્થે ચેતાવો દીવો.
સખી, એનો સંવાદી બજતો રહે સૂર..
ઝાડ મારી આંખોથી થાય નહીં દૂર.

*જે - ૨૦૧, કનકકલા - વિભાગ -૨*
*સીમા હૉલની સામે, મા આનંદમયી માર્ગ, સેટેલાઇટ,*
*અમદાવાદ -૩૮૦ ૦૧૫ મો. ૯૮૭૯૨૪૫૯૫૪*

# અપરંપાર

*- ભૂપેન્દ્ર ત્રિવેદી 'સ્વયંભૂ'*

હરિવર ! તારી  લીલા છે અપરંપાર,
મુજ રંકને તો સદા ભજનનો વેપાર.
રાધાની યાદને તમે અંતરના ખૂણે કેમ ઢબૂરી ?
મીરાંના તંબૂરથી ટપકતી ચાહતને આપી સબૂરી.

નરસૈંયાની હૂંડીનો પ્રભાવ છે ધારદાર,
હરિવર ! તારી  લીલા  છે  અપરંપાર.
સુદામાના તાંદુલે સખાની મિત્રતા ઘણી નિભાવી,
સત્યની ટેકે હરિશ્ચંદ્રની ત્યાગની ભાવના વધાવી.

પ્રભુનાં દર્શનનો  ધ્રુવનો છે નિર્ધાર,
હરિવર ! તારી લીલા છે અપરંપાર.
અધર્મ સામે લડવા પ્રહ્લાદની અતિ કસોટી કરી,
સાધુને ભાવથી જમાડી, સગાળશાની ભક્તિ વરી.

સુરદાસનાં પદોમાં છે ભાવનો રણકાર,
હરિવર ! તારી લીલા છે અપરંપાર.

*"અંતરિક્ષ" પ્લોટ નંબર : ૩૯૩/૨,*
*સેક્ટર : ૩/બી, ગાંધીનગર. ૩૮૨ ૦૦૬.*
*મો. ૯૮૯૮૪ ૫૩૧૭૨*





# આવડે એટલું ઉકેલવું

*- વિનોદ ગાંધી*

આપણને આવડે એટલું ઉકેલવું ને બાકીનું ભાઈ! રહેવા દેવું,
આપણી આ મૂઠીમાં જેટલું સમાય ભાઈ, એટલું જ આપણે તો લેવું!

બાથો ભરીશું તો બ્રહ્માંડો આવશે,
પણ કઈ રીતે એને સંભાળશું?
ચપટી સુગંધ અલ્યા! આપણને જોઈએ,
એ માટે થઈ ચંદનવન બાળશું?

મૂંગા રહી બોલાતું હોય તો શાને ભૈ! ભાષાના પોટલાને ખોલવું?
આપણી આ મૂઠીમાં જેટલું સમાય, ભાઈ! એટલું જ આપણે તો લેવું!

નાના નખ જેટલી પતંગિયાની જાત,
એને ડુંગરનો ભાર શાને દઈએ?
આખું આ આભ અલ્યા, માથે લઈ લઈએ
પછી પૃથ્વી પર ક્યાં જઈને રહીએ?

આપણે ગરુડ નથી બનવું ઓ ભાઈ મારા! આપણે તો રહેવું પારેવું,
આપણને આવડે એટલું ઉકેલવું ને બાકીનું ભાઈ, રહેવા દેવું!

*૮૩, સુવિધાનગર, ભુરાવાવ, ગોધરા-૩૮૯ ૦૦૧*
*મો. ૯૭૨૬૧૬૬૦૩૧*

# એકલતા

*- વિનુ બામણિયા*

ક્યારેક
એકલવાયું લાગે છે
બધું હોવા છતાં
બધાં હોવા છતાં.

એકલતા એક રૂપજીવિની છે
એ રાહ જોવે છે સદીઓથી
તક મળે, તક ઝડપી લે છે.

એકલતા ખંડેર જેવી પણ હોય
ક્યારેક એ ડરાવે ક્યારેક બળ આપે
લડી લેવા ઉત્તેજિત કરે.

એકલતા
નાજુક  નમણી પરી જેવી
વિહાર કરાવે ગમે ત્યાં ગમે ત્યારે.

એકલતા છેવટે દીકરી જેવી
બની જતી હોય છે.
લાડ કરે લાડ લડાવે
ત્યારે
એકલતા એકલતા નથી રહેતી
આખું વિશ્વ એનામાં
મિશ્ર થઈ જાય છે
સ્નિગ્ધ થઈ જાય છે

એકલતા એવી પણ હોય છે
અને એટલે હું જીવું છું
માત્ર એકલતાના સહારે સહારે.

*એ-૪, ગુજરાત હાઉસિંગ બોર્ડ, આકાશવાણી રોડ,*
*ગોધરા, જિલ્લો પંચમહાલ-૩૮૯ ૦૦૧*
*મો. ૯૭૨૭૪૫૦૭૫૪*





# કવિતા

*- વિપુલ માંગરોલિયા-વેદાંત*

એ ભલે માથે ચડી છે,
પાઘડી તો પા ઘડી છે.

એટલે છે આંખ કોરી,
ખૂબ જાડી ચામડી છે.

આગમન હો કે ગમન હો,
બેય વખતે મા રડી છે.

જીવ ને શિવના મિલનમાં,
એક બસ કાયા નડી છે.

વાસ છે ઈશ્વરનો ખુદમાં,
પણ ખબર મોડી પડી છે.

આશરો આશાને આપ્યો,
એ અપેક્ષા થઈ નડી છે.

જાતમાં વિશ્વાસ જાગ્યો,
પીઠ બાપે થાબડી છે.

*૫૭, હેપી બંગ્લોઝ, હેપી પેલેસની બાજુમાં,*
*ત્રિકમનગર, લંબે હનુમાન રોડ,*
*સુરત-૩૯૫ ૦૦૬ મો. ૯૮૨૫૧૩૨૬૧૦*

# હરભમજીની ગોળીએ વલોવાવાનું ગીત

*- પ્રતાપસિંહ ડાભી 'હાકલ'*

જઈને વલોવાવું ગોળીની મહીં ,
રોકો ના કોઈ હાથ આડા દઈ,
ઊભા હરભમજી નેતરાં લઈ.

હળવે રે હાથે રે તાણે છે નેતરાં,
વળમાં લઈ જાત કરે જાતથી જ વેગળાં,
પછી ભુલાય મારી નાત છે કઈ,
ઘૂમું વમળ જેમ ઘુમ્મરીઓ ખઈ,
ઊભા હરભમજી નેતરાં લઈ.

પિંડ વ્હેરાઈ નવો પિંડ રે બંધાતો,
હરખે ચડીને હેતહિલોળે ગાતો.
હવે જૂની જાતમાં જાવું જ નંઈ,
છાંડીને થાણું બસ રે'વું અંઈ,
ઊભા હરભમજી નેતરાં લઈ.

કાઠા બહુ પડવાના છેલ્લા રે ઝાટકા,
જાણે કે ઝીંકાતા વીજ કેરા  કાટકા!
ખમી ગયા જો સામી છાતીએ લઈ,
પાર બધો પામી લ્યો નવનીત થઈ,
ઊભા હરભમજી નેતરાં લઈ.

*૨૬, બાલાજીવિલા પાર્ટ-૧, ટીપીનં.-૪૪*
*ચાંદખેડા, અમદાવાદ-૩૮૨ ૪૨૪*
*મો. ૯૮૯૮૧૦૦૫૫૧*





# ગઝલ

*- જિગર ઠક્કર 'ગઝલનાથ'*

તારા ગુલાબી ગાલ પર જો લટ પડે,
મારી ગઝલનો એ દિવસથી વટ પડે,

પાંપણ જરા નીચી કરો અમથી તમે,
તો શ્વાસને ધબકારમાં પણ ઘટ પડે.

પગલાં તમે પાડો અગર જો રેતમાં,
તો ભાન ભૂલી પ્રેમમાં એ તટ પડે.

એવું બને તું ગણગણે મારી ગઝલ,
વરસાદ વિના શબ્દ પર વાછટ પડે.

રસપાન તારા રૂપનું એવું લખું,
દરિયો નદી ને પ્રેમમાં પનઘટ પડે.

*૩, સેવન હેવન એપાર્ટમેન્ટ નારાયણનગર રોડ,*
*પાલડી અમદાવાદ -૩૮૦ ૦૦૭*
*મો. ૭૫૭૪૦૦૧૦૦૮*

# અત્તર જેવા

**- કિરણસિંહ ચૌહાણ**

પથ્થર જેવા છે તદ્દન પથ્થર જેવા,
એની સાથે પણ સંબંધો ઘર જેવા.

ઈશ્વર સાથે મૈત્રી રાખી એનો લાભ,
હું પામ્યો છું મિત્રો પણ ઈશ્વર જેવા.

સહેજ અડે તો મહેકી ઊઠે છે તન-મન,
હોય ઘણાયે સ્પર્શ અહીં અત્તર જેવા.

નોટ જોઈ દીકરાની, બહુ આનંદ થયો,
એના અક્ષર પણ તારા અક્ષર જેવા.

નક્કામા વિચારોને ભૂંસી નાખે,
તારાં સ્મરણો પણ કેવાં? ડસ્ટર જેવાં!

*૧૦૦, શાંતિકુંજ સોસાયટી,*
*પાલનપુર જકાતનાકા, સુરત-૯*
*મો. ૮૧૪૧૦ ૩૩૩૧૦*





# ગઝલ

***- મધુસૂદન પટેલ 'મધુ'***

અરીસાને ડહોળીને ઊભાં કર્યાં છે,
વલય- અંગ બોળીને ઊભાં કર્યાં છે.

ફકત એક જણથી હતું થોડું અંતર,
નવાં ભસ્મ ચોળીને ઊભાં કર્યાં છે.

સહાનુભૂતિની અપેક્ષાએ દુઃખને,
ચમર ઢોળીઢોળીને ઊભાં કર્યાં છે.

કુહાડા ને હાથાની વાતે ન ડરશે,
કે જોખમ તો કોળીને ઊભાં કર્યાં છે.

હતું સાફસૂથરું 'મધુ' દશ્ય એક જ,
બીજાં આંખ ચોળીને ઊભાં કર્યાં છે.

*સી-૧૨૦૪, કવિશા સેલેબ્રેશન્સ,*
*આરોહી ક્લબની સામે, આમંત્રણ બંગ્લોઝ પાસે,*
*સાઉથ બોપલ, અમદાવાદ-૩૮૦ ૦૫૮*
*મો. ૯૨૨૭૫૧૦૮૭૨*

# આ ફેરે

*- લલિત ત્રિવેદી*

જોગી ! મા મોકલજે કે'ણ
આ ફેરે નહીં ઊતરે દેણ!

સૂન કરી દીધા લાખેણ
એવી તે કોની રે દેણ!

પાછાં વળી ગયાં રે ધેણ
રસિયા! તારી વસમી વેણ!

એક પેણને ચડી રે ઝેણ
સમિધ થાવા લીધું વેણ!

ધ્રાપી ધ્રાપી જોયા કરત
પણ આડાં ઊતરે છે નેણ!

થૈ ગ્યા રે ખડિયાના ખેલ
જોગી! કેવાં ઊચર્યાં વેણ!

શું રે બેડલું, શું રે બૂડવું
થીર થઈ બેઠા મધવ્હેણ!

એને શું મૂરત, હે ભગત
જેણે સાધી લીધાં નેણ!

કિયા જનમનાં વનરાવન,
કિયા વ્હાણલે વગડી વેણ?

ઈ બેઠા છે પરબ-છાંયડે
એક ઘૂંટડે પી ગ્યા મેણ!

ઘો સમદરિયા ને ઘો ખડિયા
આ તો ઝળઝળિયાંનાં લેણ!

પીધાં સખદખડાં ને વખડાં
સફેદ, તું નીકળ્યો જીવલેણ!

આમ જુઓ તો સામોસામ
આમ જુઓ તો વચમાં ફેણ!

જામોકામી રાવણહથ્થો
જામોકામી જામી રેણ!

*'શિવકૃપા', ૧, વૈશાલી નગર, રૈયા રોડ,*
*રાજકોટ-૩૬૦ ૦૦૭. મો. ૯૮૭૯૭૫૦૪૫૦*



# ખીલો તમે

*- ઉમેશ જોષી*

ધારણાની ડાળ પર ખીલો તમે,
ને સમયની ધારને ઝીલો તમે.

ઓરતાને રોકવા છે આંખમાં!
તો ચણી લ્યો આંસુનો કિલ્લો તમે.

પાનખર પણ આંગણે આવી જશે,
સાચવો ને રંગ તો લીલો તમે.

લાગણી પણ આવશે એથી ફરી,
જો હશે પાડેલ ત્યાં ચીલો તમે.

આંબવા નભને હવે મૂકો જરા,
શ્વાસના એ દોરને ઢીલો તમે.

*૫, બ્રહ્મેશ્વરનગર, બ્રાહ્મણ સોસાયટી,*
*અમરેલી-૩૬૫ ૬૦૧*
*મો. ૯૮૭૯૫૬૬૫૯૦*

# આપણી સહકારી સંસ્કૃતિ

*- અમીચંદભાઈ શા. પટેલ (અ)*

તારા ગામને કુટુંબ કરી માનજે હો બંધુ,
તારા દેશને કુટુંબ કરી માનજે હો બંધુ,
તારા દિલડાના દેવને જગાડજે હો બંધુ.

આ...રે...કુટુંબમાં કોઈ ભૂખ્યું સૂએ છે?
દુઃખે જાગે છે સારી રાત જે,
એ....રે...જોવાનું ના ભૂલતો હો બંધુ,
એને ઉજાગરે જાગજે હો બંધુ.

તારા ગામને..
તારા દેશને..
તારા દિલડાના દેવને જગાડજે હો બંધુ.

*૨૫, માતૃછાયા સોસાયટી, ભૂમિપૂજા પાસે,*
*મહાવીરનગર, હિંમતનગર-૩૮૩ ૦૦૧*
*મો. ૭૪૮૫૯૯૩૨૨૭*





# સરળ ક્યાં છે?

*- ડૉ. પ્રણવ ઠાકર 'પાગલ'*

ભૂલીને ભાન ફક્ત ચાહવું સરળ ક્યાં છે?
કશું ન માંગી બધું આપવું સરળ ક્યાં છે!

બને કે હોય ત્રણે કાળની ખબર તમને,
ધરીને મૌન દરદ માણવું સરળ ક્યાં છે?

ભલે ને જિંદગી આખી રહો સતત સાથે,
વસે છે કોણ હૃદય જાણવું સરળ ક્યાં છે?

દઝાડે લૂ અને ચારે-તરફ અગનજ્વાળા,
ફકીર મસ્ત બની નાચવું સરળ ક્યાં છે?

ધરમ ને ધ્યાનની વાતો સુગમ ભલે ભાસે,
'પ્રણવ'ને માર્ગ સહજ ચાલવું સરળ ક્યાં છે!

*ફ્લેટ નં. ૩૦૩- (સી ૩૦૩)*
*સી. વિંગ, શિવ ઓર્કિડ ગોકુલ હોટલ પાસે,*
*વિમલનાથ સોસાયટી પાછળ, સુરેન્દ્રનગર ૩૬૩૦૦૧.*
*મો. ૯૮૭૯૬ ૮૪૯૦૬*

## ગઝલ

*- જિગર જોષી 'પ્રેમ'*

છતાંય જોનારો દંગ રહેતો : નહીં તો પાણીને રંગ કેવો !
છો ખોળિયું સાવ સીધું સાદું; રચી શકે છે પ્રપંચ કેવો

સૂરજ ખભા પર ઊંચકતો ચાલે ને ચાંદ રાતે મૂકી દે માથે
નીકળવું, નીકળી જ પડવું જેને; એ શું વિચારે કે પંથ કેવો

પછી તો આંખોનું કામ શું છે ? વિશેષ આથી ઇનામ શું છે ?
બીજું કશું જે ન ભાળતો હો તમે કહો કે એ અંધ કેવો


તમામ વાતોને સ્પષ્ટ રદિયો; ન કોઈ ખટપટ ન કોઈ કજિયો
અજન્મા હો એને મૃત્યુ કેવું; અનાદિ હો એને અંત કેવો

'જિગર' ખરેખર ન કંઈ જ કહેવું; નર્યો પ્રણય છે નિહાળી લેવું
શું એમાં પડવું; શું એનું કરવું; એ રૂપ કેવું એ રંગ કેવો

---

*૫૯, ગંગોત્રી પાર્ક, 'પ્રેમ',*
*સવાણી કિડની હૉસ્પિટલની સામેનો વિસ્તાર,*
*સૌરાષ્ટ્ર યુનિવર્સિટી રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૫*
*મો. ૯૯૨૫૧૫૭૪૭૫*





## તારો એ પદચાપ

*- લતા હિરાણી*

નીરવ રાતે સાંભળતી હું તારો એ પદચાપ,
વણગાયાં ગીતોનો ઊઠતો હૈયામાં આલાપ,
તારો એ પદચાપ...

ઝીણો ઝીણો દીવો બળતો, અજવાળાનાં મોતી,
ઝરમર ઝરમર ચહેરો તારો, વાદળમાં હું જોતી,
ઝળમળતા અંધારા વચ્ચે, ઊગતો આપોઆપ,
તારો એ પદચાપ...

નાવ થઈને તરતી રહું હું, અવકાશોના જળમાં,
ભળવું હળવે હળવે, ગાતી લહેરો ને ખળખળમાં,
ખીલતા ને ખૂલતા શ્વાસોમાં રણઝણ થાતા જાપ,
તારો એ પદચાપ...

છતમાંથી નીતરતાં ચાંદરણાં ઓઢીને આવ,
કૂંચી કારણની ફેંકીને, રોમ ફરકતાં લાવ,
પારિજાત પાલવમાં સંતાઈ કરશે આલાપ,
તારો એ પદચાપ...

---

*એ-૮૩, ગોયલ પાર્ક એપાર્ટમેન્ટ,*
*લાડ સોસાયટી પાસે, સંદેશ પ્રેસ રોડ,*
*અમદાવાદ-૩૮૦ ૦૧૫. મો. ૯૯૭૮૪૮૮૮૫૫*

## ગઝલ

*- હરીશ ધોબી*

ચૂપ બેઠા છે કશું કહેતા નથી,
નામ ક્યાંયે કોઈનું લેતા નથી.

એ રીતે મૂકી દીધી નિસ્બત બધી
જાણે કે ઘરમાં કદી રે'તા નથી.

ઉગ્ર ચર્ચાના બધા શબ્દો હવે
થૈ રૂપાંતર ગાળમાં વ્હેતા નથી.


અર્થ સીમિત ક્યાં છે મારા પ્રેમનો
પ્રેમ મારો સ્વીટુ કે શ્વેતા નથી

હર ઈસમ જે ક્યાંક તો હાર્યો હશે
આમ કોઈ વિશ્વવિજેતા નથી.

કામ ક્યાં સોપ્યું હરીશને આ તમે?
કામમાં એના જરા વેતા નથી.

*ગાયત્રીનગર સોસાયટી, કેનરા બૅંકની બાજુમાં,*
*ડેરોલ સ્ટેશન રોડ, મુ.પો.તા. કાલોલ-૩૮૯ ૩૩૦,*
*જિ. પંચમહાલ. મો. ૯૯૨૪૪૭૨૩૮૫*





## છેક જઈ પાછા વહી આવ્યા...

*- નયના જાની*

દરવાજે દસ્તક દઈ આવ્યા,
છેક જઈ પાછા વહી આવ્યા.

છેલ્લી ક્ષણ ને પૂરી વારતા,
ફરી નવી વાતો લઈ આવ્યા.

સંકેલી સંબંધ અહીંના,
એના ધામ સુધી જઈ આવ્યા.

અંધકારના, નહિ ભયંકર,
અજવાળામાં ક્ષણ રહી આવ્યા.

છોડીને મૃત્યુની ભૂમિ,
અમરતનું ટીપું લઈ આવ્યા.

વાત અમારી ચોરે-ચૌટે
કેવા છેક સુધી જઈ આવ્યા.

બે ક્ષણ દેશ અજાયબ જોયો,
અદ્ભુતના ખોળે રહી આવ્યા.

ફરી, તું જ લઈ આવે અહીંયાં,
એને કાન મહીં કહી આવ્યા.

*ઈશાન-૩-બી, ૭૪ રિવેરા હાઈટ્સ સામે,*
*આનંદનગર, પ્રહ્લાદનગર, અમદાવાદ-૧૫*
*મો. ૯૪૦૮૭૩૯૨૨૧*

# પંખી

- *જિતેન્દ્ર પ્રજાપતિ*

પછી કહેવાયું એ ઘડિયાળનું પંખી,
ઊડ્યા કરતું અહીં જે કાળનું પંખી.

નવી દુનિયા, નવી કોઈ ભાળનું પંખી,
હતું જાદુભર્યું વેતાળનું પંખી.

તરત એ દીકરીને લઈ ગયું રમવા,
હરખથી આવીને મોસાળનું પંખી.

નવી કોઈ વાત લઈને આવ્યું છે આજે,
ઘણા વખતે તમારી ડાળનું પંખી.

અમારા પર અમીદૃષ્ટિ જરા કરજો,
અમે તો છીએ અંતરિયાળનું પંખી.

*મુ.પો. -બગદાણા, વાયા-ઠળિયા,*
*જિ. ભાવનગર-૩૬૪ ૧૪૫*
*મો. ૯૬૨૪૬૫૭૩૫૪*



# કીડી કાવ્યો

- *મહેશ દેસાઈ*

૧.
કીડી દરમાં રહે, જીવે
ક્યારેક ભીંત પર ફરતી
બાવરી બનેલ કીડી
હવા થઈને પડે,
જીવે ને મરે.
કીડી ક્ષણમાં જીવે ને ક્ષણમાં મરે,
કીડી એટલે કીડી!

૨.
કીડી સંપથી રહે
સંપથી જીવે-આમતેમ ફરે
ને મૃત વાંદાના સહારે જીવે
ક્યારેક વાંદાના ભારથી
ફસડાય મરી પણ જાય-
મોતને હાથમાં લઈ ફરનારી
કીડી, બિચારી ભલી!

૩.
કણ, કીડીને ક્ષણ
એકમેકમાં ઓતપ્રોત થઈ
જીવ્યા કરે, ને માણસના
હાથમાંથી સતત સરક્યા કરે...
તે આ સરકતી કીડી...કણ...ક્ષણ!

૪.
તીવ્ર ઘ્રાણેંદ્રિય છતાં
કીડી હજી આ માણસને
ઓળખી ના શકી.
માણસજાતની નજીવી હરકતથી
રોજની કોણ જાણે
કેટલી કીડી મરતી હશે?

*એ-૫, મીરા રો-હાઉસ, સુરભિ ડેરીની બાજુમાં,*
*હની પાર્ક ચાર રસ્તા પાસે, પટેલ પ્રગતિ મંડળીની વાડી સામે,*
*અડાજણ, સુરત-૩૯૫ ૦૦૮ મો. ૮૨૩૮૫૭૪૪૫૦*

# ખુલ્લા કમાડ હોય

- *વિજયસિંહ ચાવડા*

મીટ માંડી હંમેશ જોઈ રહું એવું
એમના સ્મિતનું પણ એક ઝાડ હોય.

પથ્થર પીગળી એમની મૂર્તિ બને
એવા ઠેર-ઠેર ડુંગર ને પ્હાડ હોય.

આભલામાં એ મધુરા નામને કંડારવું
વાયરામાં વેદનાની રાડ હોય.

પગલાં જ પાંપણનો પંથ બને એવું
જંગલ અહીંયાં જ એક ગાઢ હોય.

યુગોથી લઈ અબોલા ઊભા પર્વત
મૌનનોયે ફળિયા નજદીક માઢ હોય.

રાહ જોતા રાત-દિન મારી જ માટે
કોઈ ઘરનાં હંમેશ ખુલ્લાં કમાડ હોય.

*૨૩૬-૬, ચિન્મય એપાર્ટમેન્ટ, આનંદવાટિકા,*
*સેક્ટર-૨૨, ગાંધીનગર.*
*મો. ૯૪૨૬૦૪૮૪૪૭*





# તમારું કદ મજાનું છે

- *હાર્દિક વ્યાસ*

સમેટાઈ ગયું આ રણ તમારું કદ મજાનું છે.
નથી ફાટ્યું હજી પહેરણ, તમારું કદ મજાનું છે.

ઘણાં વર્ષો પછી આજે ભવનમાં રામ આવ્યા છે,
મૂકોને લાપસી-આંધણ- તમારું કદ મજાનું છે.

તમે ઝૂકી જશો તો આભ પણ ઝૂકી જવાનું છે,
બનાવો આભને આંગણ, તમારું કદ મજાનું છે!

પ્રવાસો કૈંક ખેડ્યા ને જીતી ચારે દિશાઓને,
જીતો ભીતરનું સમરાંગણ, તમારું કદ મજાનું છે!

સતત મથતા જ રહેવાથી મળી આવે નવું નવનીત,
પછી ઊગે નવી સમજણ, તમારું કદ મજાનું છે!

તમારા નામ પર તો રોજ લાખ્ખો યુદ્ધ ખેલાતાં,
તમારી શાખ છે જોગણ, તમારું કદ મજાનું છે!

તમારા કદ ઉપર તો સેંકડો મંદિર બંધાયાં,
થયા ઈશ્વર હવે વેરણ, તમારું કદ મજાનું છે!

તમે જીતી જશો તો કોઈ તમને પૂછશે નહીં, પણ
તમે હારી જશો તોપણ, તમારું કદ મજાનું છે.!

*વૃંદાવન પાર્ક-૩, એસટી.ડિવિઝન સામે,*
*રામેશ્વર મહાદેવ મંદિરવાળી શેરી,*
*લાઠી રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧*
*મો. ૯૮૨૫૪૧૫૬૯૫*

# હતાશા થાય છે

*- ભરત વિંઝુડા*

આ હજી શરૂઆત છે એના તમાશા થાય છે,
વારતાના અંતમાં તો સારા વાના થાય છે.

કામ લાગું એવો ખુદ પોતે જ લાગું છું મને,
જોઉં છું સામેનો માણસ ને હતાશા થાય છે.

દૂર કોઈ એક દીવો જોઉં છું બળતો અને,
સૌ હતાશાઓની વચ્ચે એક આશા થાય છે.

તું કહે છે ને આજનું સાચું ને ખોટું કાલનું,
સાચવી રાખેલા પત્રો ક્યાં પુરાવા થાય છે.

દુશ્મનોનું ટોળું નજદીક આવી પહોંચે એ પ્રથમ,
હોય છે સાથે હંમેશાં એ જ સામા થાય છે.

આપણે પહેલી વખતે આજે મળ્યાં તો પણ મને,
જે અનુભવ થઈ ગયેલા એ જ પાછા થાય છે.

*રામકૃપા, ખાદી કાર્યાલય પાસે,*
*સાવરકુંડલા, જિ. અમરેલી - ૩૬૪૫૧૫*
*મો. - ૯૪૨૬૪૫૬૯૩૪*





# અડધી રાતને ટાણે

***- યોગેશ પંડ્યા***

અડધી રાતે ગામને પાદર સાવ છેવાડે ઘરની સાંકળ સાવ
ધીરેથી ખૂલતી પછી,
સાવ દબાતાં પગલાં પડે ભોંય પરે ને ઘોર અંધારે
ઓગળી જાતું કોઈ અડાબીડ રાતને ટાણે,
ખડકી ઊભી, સાવ નિમાણી નજર્યું જુએ નેજવું કરી
જોઈ લે ડાબે-જમણે કોઈ હોય તો જાણે.
ખાતરી કરી ખડકી વાસી પગલાં પાછાં ઘરમાં ગરે, ખડકી
એકલ ઝૂરતી પછી.
રાતનો થપ્પો પડતા ભેગું પડખું ફરે ગામનું પાદર,
નર ને નારી ગોઠડી માંડે ઓરડે ભીની,
તડથી તરી આવતા રમણ રવ દબાતા ઘડીએ ઘડી બોલકી
થાતી ઝાંઝરી ઝીણી,
પરહરીને દીવડો થાતો 'રામ...!' ને ત્યાં તો, જાળિયે ઢૂંકે
અડધો ચાંદો રાત આથમણે ઝૂલતી પછી!

*બ્લોક નં.૧૪૧, શિવનગર, તળાજા રોડ,*
*ભાવનગર-૩૬૪ ૦૦૨*
*મો. ૯૨૬૫૦૬૮૫૨૭*

# ગઝલ

*-કુમાર જૈમિનિ શાસ્ત્રી*

યુધિષ્ઠિરના રથનું પતન થઈ ગયું છે,
પછી સત અસતનું ફ્યુઝન થઈ ગયું છે.

કદી જામ હોઠે લગાડ્યો નથી પણ,
નયનથી જરા આચમન થઈ ગયું છે.

ઘણો ભાર મનના હવાલે કર્યો છે,
હવે આંખ સુધી વજન થઈ ગયું છે.

તમે શાંત જળમાં તરંગો જગાડ્યા,
તરંગિત પાણી પવન થઈ ગયું છે.

મને ભીંજવીને સુકાયેલું ઝાકળ,
સવારે સવારે શુકન થઈ ગયું છે.

અમે તો અમારા ગજાનું લખ્યું છે,
તમારા પ્રતાપે સ્તવન થઈ ગયું છે.

*૧૪, સમ્રાટનગર, બામરોલી રોડ,*
*ગોધરા-૩૮૯ ૦૦૧, જિ. પંચમહાલ.*
*મો. ૯૪૨૮૫૫૦૫૪૩*





# દીકરી દેશાવરિયે ચાલી

*- રવજી ગાબાણી*

દાદાજીની લાડકડીને દાદીમાની વ્હાલી,
ઘરનું આંગણ છોડી દીકરી દેશાવરિયે ચાલી.

ગોખે લપાઈ પાંચીકા સાવ મૂંગું મૂંગું જોવે,
ટોડલિયાના કળા કરેલા મોરલિયાઓ રોવે;
સૂનકારમાં ડૂબી ગ્યાં છે ગાગર, ગોળો, પ્યાલી,
ઘરનું આંગણ છોડી દીકરી દેશાવરિયે ચાલી.

પાદરની આ શાળા એના ટહુકાઓને ઝંખે,
શેરી, ફળિયું, વાડીને પણ મીઠી યાદો ડંખે;
કીડિયારું કોણ પૂરે હવે ડબ્બો છે આ ખાલી!
ઘરનું આંગણ છોડી દીકરી દેશાવરિયે ચાલી.

ભાઈને વાગે, ખમ્મા કે'તી, બાને દેતી તાલી,
બા-બાપુનો રતનદીવડો, ઘરની ગઈ ખુશાલી;
હીબકાં ભરે ઘરનાં તોરણ ભીંતો ઝાલી ઝાલી,
ઘરનું આંગણ છોડી દીકરી દેશાવરિયે ચાલી.

*૯, સંકલ્પ બંગ્લોઝ, ઉજ્જવલ હોમ્સ પાસે, નાના ચિલોડા સર્કલ પાસે,*
*એસ.પી. રિંગ રોડ, અમદાવાદ-૩૮૨૩૩૦.*
*મો. ૯૮૯૮૪૪૧૩૭૫*

# જગનો રૂડો માળો


*- પુષ્કરરાય જોષી*

જગનો રૂડો માળો,
ખોટેખોટા લડીવઢીને
નાહક જીવ ન બાળો...

સૌ પ્રાણીને અબોલ રાખી,
ઈશે આપી વાણી,
મહિમા ક્યાં જાણ્યો છે તેનો,
શક્તિ હજીય અજાણી,
પંખી પાસે ટહુકા શીખી,
ઘમંડ બધો ઓગાળો...

કુદરતને ખોળે બેસીને,
ખોલો દિલનાં દ્વાર,
એક પળમાં ઊતરી જાશે,
સઘળો શિરનો ભાર,
આંખો સામે મળશે સાચો,
જીવનભરનો તાળો...

*૪૭૯, ગુજરાત હાઉસિંગ બોર્ડ,*
*કણકોટ પાટિયા, કાલાવડ રોડ,*
*રાજકોટ-૩૬૦ ૦૦૫. મો. ૯૯૨૫૧૬૫૧૬૪*



# ગીત

*- કેતન પી. જોષી*

પાણીમાં પાણીથી પાણી લખાય કદી, બોલો?
લાગણીને આમતેમ અમથી ન ઢોળો.

સૂરજનો પડછાયો શોધવાની લ્હાયમાં
શીતળતા ચાંદાની ખોઈ,
ફૂલોની ફોરમને ગજવે મૂકીને તમે
રાહ પેલા તારલાની જોઈ,
આમ ત્રાજવે કાં લાગણીને તોલો?

પ્રેમનો ઈતિહાસ, પ્રેમની ભૂગોળ ને
પ્રેમનું ગણિત છે ઊંડું,
ઝાડવાં ઉછેરવા વાડી જોઈએ તમે
શોધો છો નાનકડું કૂંડું,
રાખ્યાં છે ખુલ્લાં કમાડ, તોય ખોલો.

મેં તો વાવ્યાં'તાં સામેની ક્યારીમાં
કોરા આંસુ ને ભીની આહ,
કાંટાને મરકમરક હસતાં ભાળીને પછી
ફૂલો પણ બોલ્યાં લે વાહ!
પરપોટા સ્હેજ પણ ના ભીતરથી છોલો.

*બ્લોક નંબર-૫૦, અવધ રેસિડેન્સી,*
*ચીતલ રોડ, અમરેલી-૩૬૬ ૫૦૧.*
*મો. ૮૧૬૦૩૦૪૮૪૪*

# સાંકળી દીધો મને

*- હરજીવન દાફડા*

ઘર અને ઘરબહાર વચ્ચે સાંકળી દીધો મને,
તેં ફરજ ને પ્યાર વચ્ચે સાંકળી દીધો મને.

બાજુઓ આનંદ ને અફસોસની અડતી રહી,
તેજ ને અંધાર વચ્ચે સાંકળી દીધો મને.

હાથમાં નિજ નામ - સરનામું લખી આપ્યું અને,
વ્યસ્ત કારોબાર વચ્ચે સાંકળી દીધો મને.

મખમલી સંવેદનોથી તરબતર દઈને હૃદય,
પાશવી વ્યવહાર વચ્ચે સાંકળી દીધો મને.

ડોલવું છે પણ હીબકવું સાથમાં કેવી રીતે,
ગીત ને ચિત્કાર વચ્ચે સાંકળી દીધો મને.

*"સાહેબ" ૭, દ્વારકેશ નગર,*
*વેસ્ટર્ન પાર્ક પાસે, ચિતલ રોડ, અમરેલી - ૩૬૫ ૬૦૧*
*મો. ૯૯૭૯૦૫૧૨૭૩*





# વિચારે

*- મંગળ રાવળ 'સ્નેહાતુર'*

દૃષ્ટિને બદલ તુજના વિચારે,
આવ ! આવકારું છું ધરારે !

શું થશે હવે ના બાંધ ગાંઠે,
પાઠ પૂછવા બેઠા પનારે !

જીવવા શરત શું મૂકવાની ?
ના કશુંવ ને આપે વધારે !

ઘેન ઉંઘતું ના કદિ અરથનું,
મૌન એટલે તડપે તિખારે !

દિવ્ય પારખીને પૂછ ભેદો,
કેમ લેખ ના જાગે લગારે !

લક્ષ્ય વેધવા 'મંગળ' લગોલગ,
દંભ ના ઝપટ આંખે અઢારે !

*સિકોતર સેવાંશ, રમ્ય રોચક પંચવટી,*
*અયોધ્યાનગર અંબાલા, મુ.પો. અંબાલા,*
*તા. બહુચરાજી, જિ. મહેસાણા-૩૮૪૪૧૫*
*મો. ૯૭૨૭૫૮૭૭૧૦*


ઉત્સવ પ્રિયા...
બિપિન દવે
મો. ૯૪૨૬૯ ૦૮૪૬૮



પ્રકાશક : માહિતી નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
પ્રોસેસિંગ અને મુદ્રણ : સરકારી ફોટો લીથો પ્રેસ, અમદાવાદ.

Read Online